Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates




Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates

ॐ

श्री सीमंधरस्देवाय नमः

श्री निज शुद्धात्मने नम

# સમયસાર સિદ્ધિ

## ભાગ-૧૨

અધ્યાત્મયુગપુરુષ

**પ. પૂ. ગુરુદેવશ્રી કાનજી સ્વામીના**

સમયસારજી શાસ્ત્ર ઉપરના ૧૯૭૭ની સાલના શિબિર ઉપર થયેલા શક્તિના ૪૨ મંગલમયી પ્રવચનો

: પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન :

શ્રી સીમંધર કુંદકુંદ કહાન આધ્યાત્મિક ટ્રસ્ટ

યોગીનિકેતન પ્લોટ 'સ્વરુચિ' સવાણી હોલની શેરીમાં,

નિર્મલા કોન્વેન્ટ રોડ, રાજકોટ–૩૬૦૦૦૭.

ટેલી નં. ૦૯૩૭૪૧૦૦૫૦૮ / (૦૨૮૧) ૨૪૭૭૭૨૮ / ૨૪૭૭૭૨૯

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



| કહાન સંવત | વીર સંવત | વિક્રમ સંવત | ઈ. સ. |
|---|---|---|---|
| ૩૧ | ૨૫૩૭ | ૨૦૬૭ | ૨૦૧૧ |

**પ્રકાશન**

**પર્વાધિરાજ પર્યુષણ પ્રસંગે ભાદરવા સુદ-૫ તા.૨-૯-૧૧ના**
**મંગલમય ઉત્તમ ક્ષમાધર્મ દિન નિમિત્તે**

પ્રથમ આવૃત્તિ – ૧૫૦૦ પડતર કિંમત – રૂ. ૧૬૦/- મૂલ્ય - રૂ. ૬૦/-

**પ્રાપ્તિ સ્થાન**

રાજકોટ : **શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ**
૫, પંચનાથ પ્લોટ, શ્રી કાનજી સ્વામી માર્ગ, રાજકોટ–૩૬૦૦૦૧. ટેલી. નં. ૨૨૩૧૦૭૩
**શ્રી સીમંધર કુંદકુંદ કહાન આધ્યાત્મિક ટ્રસ્ટ**
યોગીનિકેતન પ્લોટ 'સ્વરુચિ' સવાણી હોલની શેરીમાં, નિર્મલા કોન્વેન્ટ રોડ,
રાજકોટ - ૩૬૦૦૦૭. ટેલી. નં. ૦૯૩૭૪૧૦૦૫૦૮ / (૦૨૮૧) ૨૪૭૭૭૨૮

મુંબઈ : **(૧) શ્રી શાંતિભાઈ ઝવેરી**
૮૧, નિલામ્બર, ૩૭, પેડર રોડ, મુંબઈ-૪૦૦૦૨૬ ટેલી. નં. ૨૩૫૧૬૬૩૬/૨૩૫૨૪૨૮૨
**(૨) શ્રી મહેન્દ્રભાઈ મહેતા**
'સાકેત' સાગર કોમ્પ્લેક્ષ, સાંઈબાબા નગર, જે.બી. ખોટ સ્કૂલ પાસે, બોરીવલી (વે.),
મુંબઈ-૪૦૦૦૯૨ ટેલી. નં. ૨૮૦૫૪૦૬૬/૦૯૮૨૦૩૨૦૧૫૯
**(૩) શ્રી ભરતભાઈ સી. શાહ**
૯૦૫/૯૦૬ યોગી રેસીડેન્સી, એક્સર રોડ, યોગીનગર, બોરીવલી (વે.) મુંબઈ-૯૨
ટેલી. નં. ૨૮૩૩૦૩૪૫/૦૯૩૨૨૨૮૨૧૬૬
**(૪) શ્રી વિજયભાઈ મગનલાલ બોટાદરા**
બી-૨૭, 'મહાવીર પ્રકાશ' ૨ જે માળે, વલ્લભબાગ (એક્ષટેન્શન લેન) ઘાટકોપર (ઇસ્ટ), મુંબઈ
ટેલી. ૦૨૨-૨૫૦૬૮૭૯૦

કલકત્તા : **શ્રી પ્રકાશભાઈ શાહ**
૨૩/૧, બી. જસ્ટીસ દ્વારકાનાથ રોડ, ખાલસા સ્કૂલ સામે, ભવાનીપુર, કલકત્તા-૨૦.
ટેલી. નં. ૦૩૩–૨૪૮૬૮૫૧૮/૦૯૮૩૦૩૩૧૦૧૦

સુરેન્દ્રનગર : **ડૉ. દેવેન્દ્રભાઈ એમ. દોશી**
જૂના ટ્રોલી સ્ટેશન સામે, દર્શન મેડીકલ સ્ટોર સામે, સુરેન્દ્રનગર. ટેલી. નં. ૨૩૧૫૬૦


| લેસર ટાઈપ સેટિંગ | મુદ્રક | જેકેટ અને મલ્ટીકલર ફોટા |
|---|---|---|
| **પૂજા ઇમ્પ્રેશન્સ** | **શાર્પ ઑફસેટ પ્રિન્ટર્સ** | **ડોટ એડ** |
| પ્લોટ નં. ૧૯૨૪/બી<br>૬, શાંતિનાથ બંગલોઝ<br>શશીપ્રભુ માર્ગ, રૂપાણી સર્કલ<br>પાસે, ભાવનગર-૩૬૪૦૦૧<br>ફોન નં. ૯૭૨૫૨૫૧૧૩૧ | ૩૧૨, હિરાપન્ના કોમ્પ્લેક્ષ,<br>ડૉ. યાજ્ઞિક રોડ,<br>રાજકોટ-૩૬૦૦૦૧<br>ફોન નં. ૯૮૨૫૦૭૫૦૬૧ | ૨૩૪, રાજ ચેમ્બર્સ,<br>માલવિયા પેટ્રોલ પંપ સામે,<br>ગોંડલ રોડ, રાજકોટ<br>ફોન નં. ૬૬૨૬૦૭૩ |


Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# Thanks & our Request

Shree Samaysaar Siddhi Part 12 has been kindly donated by Shree Simandhar Kundkund Kahan Aadhyatmik Trust – Rajkot who have paid for it to be "electronised" and made available on the internet.

Our request to you:

1) Great care has been taken to ensure this electronic version of **Samaysaar Siddhi Part – 12** is a faithful copy of the paper version. However if you find any errors please inform us on rajesh@AtmaDharma.com so that we can make this beautiful work even more accurate.

2) Keep checking the version number of the on-line shastra so that if corrections have been made you can replace your copy with the corrected one.

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


# પ્રસ્તાવના

**मंगलं भगवान् वीरो मंगलं गौतमो गणी।**
**मंगलं कुन्दकुन्दार्यो जैनधर्मोऽस्तु मंगलम्।।**

મહાવિદેહક્ષેત્રમાં સદેહે વિહરમાન ત્રિલોકનાથ વીતરાગ સર્વજ્ઞ પરમદેવાધિદેવ શ્રી સીમંધર ભગવાનની દિવ્ય દેશનાનો અપૂર્વ સંચય કરી ભરતક્ષેત્રમાં લાવનાર સીમંધર લઘુનંદન, જ્ઞાન સામ્રાજ્યના સમ્રાટ, ભરતક્ષેત્રના કળિકાળ સર્વજ્ઞ એટલે કે શુદ્ધાત્મામાં નિરંતર કેલિ કરનાર હાલતાં ચાલતાં સિદ્ધ આચાર્ય શ્રી કુંદકુંદદેવ થયા. જેઓ સંવત ૪૯ માં સદેહે મહાવિદેહક્ષેત્રમાં ૮ દિવસ ગયા હતા. મહાવિદેહક્ષેત્રમાં ત્રિલોકનાથ સર્વજ્ઞદેવના શ્રીમુખેથી વહેતી શ્રુતામૃતરૂપી જ્ઞાનસરિતાનો તથા શ્રુતકેવળીઓ સાથે થયેલી આધ્યાત્મિક સૂક્ષ્મ ચર્ચાનો અમૂલ્ય ભંડાર સંઘરીને ભરતક્ષેત્રમાં આવી પંચપરમાગમ આદિ આધ્યાત્મિક શાસ્ત્રોની રચના કરી. તેમાંનું એક શ્રી સમયસારજી દ્વિતીય શ્રુતસ્કંધનું સર્વોત્કૃષ્ટ અધ્યાત્મ શાસ્ત્ર છે. જેમાં શ્રી કુંદકુંદાચાર્યે ૪૧૫ માર્મિક ગાથાઓની રચના કરી છે. આ શાસ્ત્ર સૂક્ષ્મ દૃષ્ટિપ્રધાન ગ્રંથાધિરાજ છે.

શ્રી કુંદકુંદાચાર્ય બાદ એક હજાર વર્ષ પછી અધ્યાત્મના અનાહત પ્રવાહની પરિપાટીમાં આ અધ્યાત્મના અમૂલ્ય ખજાનાના ઊંડા હાર્દને સ્વાનુભવગમ્ય કરી શ્રી કુંદકુંદદેવના જ્ઞાનહૃદયને ખોલનાર સિદ્ધપદ સાધક મુનિવર સંપદાને આત્મસાત કરી નિજ સ્વરૂપ સાધનાના અલૌકિક અનુભવથી પંચપરમાગમાદિનું સિદ્ધાંત શિરોમણિ શાસ્ત્ર સમયસારજી છે તેની ૪૧૫ ગાથાની ટીકા કરવાનું સૌભાગ્ય તથા તેમાં રહેલા સૂક્ષ્મ ને ગૂઢ રહસ્ય ને તેનો મર્મ અપૂર્વ શૈલીથી આચાર્ય શ્રી અમૃતચંદ્રદેવે 'આત્મખ્યાતિ' નામક ટીકા કરી ખોલ્યો ને તેના ઉપર ૨૭૮ માર્મિક મંગળ કળશો તથા પરિશિષ્ટની રચના કરી.

આ શાસ્ત્રનો ભાવાર્થ જયપુર સ્થિત સૂક્ષ્મજ્ઞાન ઉપયોગી પંડિત શ્રી જયચંદજીએ કરેલો છે.

વર્તમાન આ કાળમાં મોક્ષમાર્ગ પ્રાયે; લોપ થયો હતો. મિથ્યાત્વનો ઘોર અંધકાર છવાયેલો હતો. જૈન દર્શનના મૂળભૂત સિદ્ધાંતો મૃતપ્રાયઃ થયા હતા. પરમાગમો મોજૂદ હોવા છતાં તેના ગૂઢ રહસ્યોને સમજાવનાર કોઈ ન હતું. તેવામાં જૈનશાસનના નભોમંડળમાં એક મહાપ્રતાપી વીરપુરુષ અધ્યાત્મમૂર્તિ, અધ્યાત્મસૃષ્ટા, આત્મજ્ઞસંત, અધ્યાત્મ યુગપુરુષ, નિષ્કારણ કરુણાશીલ, ભવોદધિ તારણહાર, ભાવિ તીર્થાધિરાજ પરમ પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો ઉદય થયો.

જેમણે આ આચાર્યોના જ્ઞાનહૃદયમાં સંચિત ગૂઢ રહસ્યોને પોતાના જ્ઞાનવૈભવ દ્વારા શ્રુતામૃત રસપાન કરી આચાર્યોની મહામહિમ ગાથાઓમાં ભરેલા અર્થગાંભીર્યને સ્વયંની જ્ઞાનપ્રભા દ્વારા સરળ સુગમ ભાષામાં ચરમસીમાએ મૂર્તિમંત કર્યા.

મિથ્યાદર્શન મિથ્યાજ્ઞાનના ઘોર તિમિરને નષ્ટ કરવા એક તેજોમય અધ્યાત્મ દીપકનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

સુવર્ણમય ઉદય થયો. જેમણે પોતાની દિવ્યામૃત ચૈતન્યરસીલી વાણી દ્વારા શુદ્ધાત્મસિંધુના અસ્ખલિત સાતિશય શુદ્ધ પ્રવાહને વહેતો કર્યો. તેઓશ્રીએ જૈનધર્મના મૂળભૂત સિદ્ધાંતોને અતિ સ્પષ્ટપણે, અવિરુદ્ધતાપૂર્વક ભવ્યજીવોને ભવતાપવિનાશક પરમશાંતિ પ્રદાયક પ્રવચનગંગા દ્વારા તેઓશ્રી પોતાની સાતિશય વાણીથી રેલાવતા રહ્યા. વિરોધીઓના વિરોધનો પણ જંગલમાં ફરતા કેસરી સિંહની જેમ અધ્યાત્મના કેસરી સિંહ બની નિડરપણે છતાં નિષ્કારણ કરુણાવંત ભાવે સામનો કરી વિરોધીઓ પણ 'ભગવાનઆત્મા' છે તેવી દ્રષ્ટિથી જગતના જીવો સમક્ષ અધ્યાત્મના સૂક્ષ્મ ન્યાયોને પ્રકાશિત કર્યા.

શ્રી સમયસારજી શાસ્ત્ર પૂજ્ય ગુરુદેવશ્રીના હાથમાં સંવત ૧૯૭૮ ના ફાગણ માસમાં આવ્યું. આ સમયસારજી હાથમાં આવતાં જ ઝવેરીની પારખુ નજર સમયસારના સૂક્ષ્મ ભાવો ઉપર પડી અને તેમાં દ્રષ્ટિ પડતાં, સહજ જ અંતરના ઊંડાણમાંથી કરૂણાશીલ કોમળ હૃદય બોલી ઊઠ્યું. અરે! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે. અનાદિનો અપ્રતિબુદ્ધ જીવ પ્રતિબુદ્ધ કેમ થાય તેનું સંપૂર્ણ રહસ્ય ને શુદ્ધાત્માનો સંપૂર્ણ ખજાનો આ શાસ્ત્રમાં ભરેલો છે.

આ શાસ્ત્રનું રહસ્ય ખરેખર તો અધ્યાત્મ યુગપુરુષ પૂજ્ય કાનજીસ્વામીના હાથમાં આ શાસ્ત્ર આવ્યા બાદ જ ચરમસીમાએ પ્રકાશિત ને પ્રદર્શિત થયું. ૪૫-૪૫ વર્ષ સુધી સુવર્ણપૂરીમાં 'સોનગઢ' મુકામે અધ્યાત્મની હેલી નીતરતી ચાલી.

પૂજ્ય ગુરુદેવશ્રીએ ૧૯૭૮ થી ૧૯૯૧ (૧૩) વર્ષ સુધી ગુપ્તમંથન કરી જ્ઞાનવૈભવનો સંપૂર્ણ નિચોડ આ શાસ્ત્રમાંથી શોધી કાઢ્યો અને ફરમાવ્યું કે :–

❋ સમયસાર તો દ્વિતીય શ્રુતસ્કંધનું સર્વોત્કૃષ્ટ સર્વોચ્ચ આગમોનું પણ આગમ છે.

❋ સમયસાર તો સિદ્ધાંત શિરોમણિ–અદ્વિતીય અજોડ ચક્ષુ ને આંધળાની આંખ છે.

❋ સમયસાર તો સંસાર વિષવૃક્ષને છેદવાનું અમોઘ શાસ્ત્ર છે.

❋ સમયસાર તો કુંદકુંદાચાર્યથી કોઈ એવું શાસ્ત્ર બની ગયું. જગતના ભાગ્ય કે આવી ચીજ ભરતક્ષેત્રમાં રહી ગઈ. ધન્ય કાળ!

❋ સમયસારની એક એક ગાથા ને આત્મખ્યાતિ ટીકાએ આત્માને અંદરથી ડોલાવી નાખ્યો છે. સમયસારની આત્મખ્યાતિ જેવી ટીકા દિગંબરમાં પણ બીજા કોઈ શાસ્ત્રોમાં નથી. એના એક એક પદમાં કેટલી ગંભીરતા, ખોલતાં ખોલતાં પાર ન આવે એવી વાત અંદર છે.

❋ સમયસાર તો સત્યનું ઉદ્દ્ઘાટન છે. ભારતનું મહારત્ન છે.

❋ સમયસાર જેના થોડા શબ્દોમાં ભાવોની અદ્ભુત ને અગાધ ગંભીરતા ભરેલી છે.

❋ સમયસાર તો ભરતક્ષેત્રનો પ્રવચનનો સર્વોત્કૃષ્ટ બાદશાહ છે. આ સાર શાસ્ત્ર કહેવાય.

❋ સમયસાર તો જગતના ભાગ્ય, સમયસારરૂપી ભેટણું જગતને આપ્યું. સ્વીકાર નાથ! હવે સ્વીકાર! ભેટ પણ દે, એ પણ સ્વીકારે નહીં?

❋ સમયસાર તો વૈરાગ્યપ્રેરક પરમાર્થ સ્વરૂપને બનાવનાર વીતરાગી વીણા છે.

❋ સમયસારમાં તો અમૃતચંદ્રાચાર્યે એકલા અમૃત રેડ્યા છે અમૃત વહેવરાવ્યા છે.

❋ સમયસાર એકવાર સાંભળીને એમ ન માની લેવું કે આપણે સાંભળ્યું છે. એમ નથી બાપુ !

આ તો પ્ર... વચનસાર છે એટલે આત્મસાર છે વારંવાર સાંભળવું.

❋ સમયસાર ભરતક્ષેત્રની છેલ્લામાં છેલ્લી અને ઊંચામાં ઊંચી સત્તને પ્રસિદ્ધ કરનારી ચીજ છે. ભરતક્ષેત્રમાં સાક્ષાત કેવળજ્ઞાનનો સૂર્ય છે. સમયસારે કેવળીના વિરહ ભૂલાવ્યા છે.

❋ સમયસારની મૂળભૂત એક એક ગાથામાં ગજબ ગંભીરતા પાર ન પડે એવી ચીજ છે. એક એક ગાથામાં હીરામોતી ટાંકેલા છે.

❋ સમયસારમાં તો સિદ્ધના ભણકારા સંભળાય છે. શાશ્વત અસ્તિત્વની દૃષ્ટિ કરાવનારું પરમહિતાર્થ શાસ્ત્ર છે. સમયસાર એ તો સાક્ષાત પરમાત્માની દિવ્યધ્વનિ, ત્રણલોકના નાથની આ દિવ્યધ્વનિ છે.

આવા અપૂર્વ સમયસારમાંથી પૂજ્ય ગુરુદેવશ્રીએ પોતાના નિજ સમયસારરૂપી શુદ્ધાત્માને અનુભવીને ફરમાવ્યું કે આત્મા આનંદનો પહાડ છે. જ્ઞાયક તો મીઠો મહેરામણ આનંદનો ગંજ ને સુખનો સમુદ્ર છે. ન્યાયોનો ન્યાયાધીશ છે. ધર્મનો ધોધ એવો ધર્મી છે. ધ્રુવ પ્રવાહ છે. જ્ઞાનની ધારા છે. ત્રણ લોકનો નાથ ચૈતન્યવૃક્ષ અમૃતફળ છે. વાસ્તવિક વસ્તુ છે. સદાય વિકલ્પથી વિરામ જ એવો નિર્વિકલ્પ જેનો મહિમા છે એવો ધ્રુવધામ ધ્રુવની ધખતી ધગશ છે. ભગવાનઆત્મા ચિંતામણિ રત્ન, કલ્પવૃક્ષ ને કામધેનુ છે. ચૈતન્ય ચમત્કારી વસ્તુ છે. અનંતગુણોનું ગોદામ–શક્તિઓનું સંગ્રહાલય ને સ્વભાવનો સાગર છે.

સનાતન દિગંબર મુનિઓએ પરમાત્માની વાણીનો ધોધ ચલાવ્યો છે. જૈનધર્મ સંપ્રદાય વાડો ગચ્છ નથી વસ્તુના સ્વરૂપને જૈન કહે છે.

પૂજ્ય ગુરુદેવશ્રીએ શાસ્ત્રના અર્થ કરવાની જે પાંચ પ્રકારની પદ્ધતિ શબ્દાર્થ, મતાર્થ, આગમાર્થ, નયાર્થ ને ભાવાર્થ છે તે અપનાવીને ક્યાં કઈ અપેક્ષાએ કથન કરવામાં આવ્યું છે તેનું યથાર્થ જ્ઞાન આપણને મુમુક્ષુ સમુદાયને કરાવ્યું. આ પ્રવચનગંગામાં ઘણા આત્માર્થીઓ પોતાના નિજ સ્વરૂપને પામ્યા, ઘણા સ્વરૂપની નિકટ આવ્યા ને આ વાણીના ભાવો ગ્રહણ કરીને ઘણા આત્માર્થીઓ જરૂર આત્મદર્શન પામશે જ. તેની નિરંતર અમૃત ઝરતી વાણીમાં જ તેમની અસાધારણ પ્રતિભાનો ખ્યાલ આવે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી સમયસારમાં ફરમાવે છે કે સમયસાર બે જગ્યાએ છે એક પોતાનો શુદ્ધાત્મા છે તે સમયસાર છે ને ઉત્કૃષ્ટ નિમિત્તપણે સમયસારજી શાસ્ત્ર છે. આ શાસ્ત્રમાં પોતાનો નિજ સમયસારરૂપી શુદ્ધાત્મા બતાવવામાં આવ્યો છે. એક એક ગાથાના અર્થ કરતાં પૂજ્ય ગુરુદેવશ્રી એવા ભાવવિભોર થઈ જાય છે કે તેમાંથી તેને નીકળવું મુશ્કેલ પડે છે.

પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન વચનામૃતમાં પૂજ્ય ગુરુદેવશ્રી વિશે ફરમાવે છે કે પૂજ્ય ગુરુદેવશ્રીનું દ્રવ્ય તો અલૌકિક ને મંગળ છે. તેમનું શ્રુતજ્ઞાન ને વાણી આશ્ચર્યકારી છે. તેઓશ્રી મંગળમૂર્તિ, ભવોદધિ તારણહાર ને મહિમાવંત ગુણોથી ભરેલા છે. તેમણે ચારે બાજુથી મુક્તિનો માર્ગ પ્રકાશ્યો, તેમનો અપાર ઉપકાર છે તે કેમ ભૂલાય? પૂજ્ય ગુરુદેવશ્રીને તીર્થંકર જેવો ઉદય વર્તે છે. પૂજ્ય ગુરુદેવશ્રીએ અંતરથી માર્ગ પ્રાપ્ત કર્યો, બીજાને માર્ગ બતાવ્યો તેથી તેમનો મહિમા આજે તો ગવાય છે પરંતુ હજારો વર્ષો સુધી પણ ગવાશે.

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પૂજ્ય બેન શાંતાબેન ફરમાવે છે કે જેમ મહાવિદેહક્ષેત્રમાં તીર્થંકર પરમાત્માનો સાક્ષાત્ ઉપકાર છે તેવી જ રીતે ભરતક્ષેત્રમાં પૂજ્ય ગુરુદેવશ્રીનો એટલો જ ઉપકાર છે કારણ કે જે ભવનો અંત તીર્થંકરદેવની સમીપમાં ન આવ્યો તે ભવનો અંત જેમના પ્રતાપે થાય તે પરમકૃપાળુ સદ્‌ગુરુદેવને અત્યંત ભક્તિથી વારંવાર નમસ્કાર હો. નમસ્કાર હો.

પૂજ્ય નિહાલચંદ્રજી સોગાની કે જેઓને પૂજ્ય ગુરુદેવશ્રીનું એક જ પ્રવચન સાંભળતા ભવના અભાવરૂપ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ સોનગઢ સુવર્ણપૂરી મુકામે થઈ. તેઓ ફરમાવે છે કે પૂજ્ય ગુરુદેવના એક કલાકના પ્રવચનમાં પૂરેપૂરી વાત આવી જાય છે. બધી વાતનો ખુલાસો પૂજ્ય ગુરુદેવશ્રીએ તૈયાર કરી આપ્યો છે તેથી કોઈ વાત વિચારવી પડતી નથી. નહિં તો સાધક હોય તોપણ બધી તૈયારી કરવી પડે.

'શ્રી સીમંધર કુંદકુંદ કહાન આધ્યાત્મિક ટ્રસ્ટ' ની રચના સ્વ. ચંદુલાલ ખીમચંદ મહેતાના સ્મરણાર્થે બેન સરોજબેન ચંદુલાલ મહેતા પરિવાર રાજકોટ દ્વારા કરવામાં આવી છે. આ ટ્રસ્ટની પ્રવૃત્તિમાં પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો પ્રકાશિત કરવાનું કાર્ય કરવામાં આવશે.

આ પરિવારને આદરણીય પૂ. શ્રી લાલચંદભાઈ મોદી–રાજકોટ દ્વારા જ આધ્યાત્મિક માર્ગમાં પ્રવેશની પ્રેરણા તથા આધ્યાત્મિક મહામંત્રોનું રસપાન થયું હોય આ પરિવાર તેમનો અત્યંત ઋણી છે. પૂ. લાલચંદભાઈ હંમેશા આ પરિવારને કહેતા કે તમો બધા પૂજ્ય ગુરુદેવશ્રીના ભવભ્રમણનો થાક ઊતારનારા મૂળતત્ત્વને સાંભળી ને સમજો. તેઓશ્રી ફરમાવતા કે તને 'જાણનારો જણાય છે ખરેખર પર જણાતું નથી' તેમ અમે જાણીએ છીએ, હવે તો સ્વીકાર કરી લે. આવા આવા ઘણા મહામંત્રો જેમાં બાર અંગનો સાર ભરેલો છે તેવા મહામંત્રો તથા પૂ. ભાઈશ્રીની અધ્યાત્મની સૂક્ષ્મ સિદ્ધાંતિક સચોટ શૈલીથી જ આ પરિવાર અધ્યાત્મમાં ઓતપ્રોત થયો હોય તેઓશ્રીનો અત્યંત આભારી છે.

આવા અપૂર્વ અનુપમ શ્રી સમયસારજી શાસ્ત્રના પરિશિષ્ટ અધિકારમાં ૪૭ શક્તિઓ વર્ણવી છે તેની ઉપર ૧૯૭૭ની સાલમાં શિબિર સમયે થયેલા પૂજ્ય ગુરુદેવશ્રીના ૪૨ સળંગ પ્રવચનો સમયસાર સિદ્ધિ ભાગ-૧૨માં અક્ષરશઃ પ્રકાશિત કરવામાં આવ્યા છે. આ પ્રવચનો હિન્દીમાં થયા છે જેનું ગુજરાતીમાં ભાષાંતર કરી પ્રકાશિત કરવામાં આવ્યા છે. પૂજ્ય ગુરુદેવશ્રીએ શક્તિના પ્રવચનમાં ફરમાવેલ છે કે આ પ્રવચનો ખરેખર ૧૯મી વખત શક્તિ ચાલે છે અને ૧૯૮૦માં થયેલા પ્રવચનોમાં ફરમાવેલ છે કે આ શક્તિ ૨૦મી વખત ચાલે છે. પૂજ્ય ગુરુદેવશ્રીએ જાહેરસભામાં સમયસાર ૧૯ વખત વાંચ્યું અને ખાનગીમાં તો સેંકડો વખત વાંચ્યું છે. અને અંદરમાં તો... તેમને આમાં કેટલો માલ દેખાણો હશે. કોઈવાર દોઢ વર્ષ કોઈવાર બે વર્ષ કોઈવાર અઢી વર્ષ તેમ ૧૯ વખત ૪૫ વર્ષમાં જાહેરમાં વાંચ્યું છે. આ પ્રવચનો પૂજ્ય ગુરુદેવશ્રીની ૪૫ વર્ષની સોનગઢ સુવર્ણપુરીમાં થયેલી સાધનાના નિચોડરૂપ માખણ છે. જેમ જેમ જ્ઞાનીની જ્ઞાન સ્થિરતા વૃદ્ધિગત્ત થતી જાય છે તેમ તેમ એકને એક ગાથાના પ્રવચન પણ ફરી લેવામાં આવે તો નવા નવા ભાવો આવે છે. તેથી જ ૧૮મી વખતના પ્રવચનો સંકલિત થઈને પ્રકાશિત થયા હોવા છતાં આ અંતિમ પ્રવચનો પ્રકાશિત કરવાનો ભાવ આવેલ છે. પરિશિષ્ટની ૪૭

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

શક્તિ ઉપરના પ્રવચનો બારમા ભાગમાં પ્રકાશિત કરવામાં આવી રહ્યા છે. આ શક્તિ ઉપરના ખાસ પ્રવચનો છે જે પ્રકાશિત કરતાં અમોને અત્યંત હર્ષોલ્લાસ થાય છે.

પૂજ્ય ગુરુદેવશ્રી ફરમાવે છે કે પાંચમાં આરાના છેડા સુધી જે કોઈ જીવ સમ્યગ્દર્શન પામશે તેને આ વીતરાગની વાણી નિમિત્ત થશે. આ વાણી સીધી સીમંધર ભગવાનની વાણી છે. આમાં એક અક્ષર ફરે તો બધું ફરી જાય.

આ સમગ્ર પ્રવચનો પૂજ્ય ગુરુદેવશ્રીની સી. ડી. ઉપરથી અક્ષરશઃ ઊતારવામાં આવેલા છે. ત્યારબાદ જ્યાં જ્યાં જરૂર પડે ત્યાં કૌંસ કરી વાક્યો પૂરા કરેલાં છે. ટેઈપ ઉપરથી ઉતારવાનું કાર્ય શ્રી નિલેષભાઈ જૈન, ભાવનગર દ્વારા તથા સમગ્ર પ્રવચનોને ફરીથી સી.ડી. ઉપરથી સાંભળી ચેક કરી પ્રુફ રિડીંગનું કાર્ય શ્રી ચેતનભાઈ મહેતા, રાજકોટ દ્વારા પૂર્ણ થયેલ છે તે બદલ સંસ્થા સર્વેનો આભાર માને છે. આ પ્રવચનોનાં પ્રકાશનમાં કાંઈ ક્ષતિ ન રહે તે માટે અમોએ વારંવાર પ્રવચનો સાંભળી લખાણ શુદ્ધિ કરી છે છતાં કોઈપણ ક્ષતિ રહી હોય તો તે અમારો દોષ છે તે બદલ અમો ક્ષમા ચાહીએ છીએ.

'સમયસાર સિદ્ધિ' ભાગ-૧૨ ના પ્રવચનોનું સમગ્ર કૉમ્પ્યુટરાઈઝડ ટાઈપસેટિંગનું કાર્ય શ્રી નિલેષભાઈ જૈન, ભાવનગર દ્વારા તથા પુસ્તક પ્રિન્ટિંગ બાઈન્ડિંગનું સંપૂર્ણ કાર્ય શાર્પ ઓફસેટવાળા શ્રી ધર્મેશભાઈ શાહ-રાજકોટ દ્વારા તથા કલર પેઈજનું કામ ડોટ એડવાળા શ્રી કમલેશભાઈ સોમપુરા-રાજકોટ દ્વારા થયું હોય સંસ્થા તેમનો આભાર માને છે.

પૂજ્ય ગુરુદેવશ્રીએ આ પંચમકાળમાં અમૃત વરસાવ્યા છે. અધ્યાત્મની હેલી વરસાવી મોક્ષના માંડવા રોપ્યા છે. આવા અતિ અપૂર્વ માર્મિક શાસ્ત્રની ગાથાઓના ખૂબ જ સરળ ભાષામાં આચાર્યોના ગૂઢભાવોને રજૂ કરી મુમુક્ષુ સમાજ ઉપર અપૂર્વ ઉપકાર કર્યો છે. 'ભગવાનઆત્મા' કહીને પ્રત્યેક જીવને વીતરાગી કરુણાથી સંબોધન કરનાર પૂજ્ય ગુરુદેવશ્રી અમ બાળકોના અનંત અનંત ઉપકારી ધર્મપિતા છે. બસ તેમનો ઉપકાર તો આપણે સૌ તેમણે બતાવેલા શુદ્ધાત્માનું રસપાન કરીને જ વાળી શકીએ.

સમયસાર સિદ્ધિ ભાગ-૧૨ માટે એક મુમુક્ષુભાઈ તરફથી સહયોગ પ્રાપ્ત થયેલ છે તે બદલ ટ્રસ્ટ તેમનો આભાર માને છે.

આ પુસ્તક http://www.AtmaDharma.com પર મૂકેલ છે.

ટ્રસ્ટી
શ્રી સીમંધર કુંદકુંદ કહાન આધ્યાત્મિક ટ્રસ્ટ
રાજકોટ

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


# અનુક્રમણિકા


| પ્રવચન નં. | તારીખ | ગાથા/શ્લોક નં. | પેઈજ નં. |
|---|---|---|---|
| ૦૧ | ૧૧-૮-૭૭ | શક્તિ–૧ | ૦૦૧ |
| ૦૨ | ૧૨-૮-૭૭ | શક્તિ–૧ | ૦૧૪ |
| ૦૩ | ૧૩-૮-૭૭ | શક્તિ–૧-૨ | ૦૨૮ |
| ૦૪ | ૧૪-૮-૭૭ | શક્તિ–૩ | ૦૪૦ |
| ૦૫ | ૧૫-૮-૭૭ | શક્તિ–૩ થી ૫ | ૦૫૪ |
| ૦૬ | ૧૬-૮-૭૭ | શક્તિ–૫ થી ૬ | ૦૬૬ |
| ૦૭ | ૧૭-૮-૭૭ | શક્તિ–૬ | ૦૭૮ |
| ૦૮ | ૧૮-૮-૭૭ | શક્તિ–૬, ૭ | ૦૯૧ |
| ૦૯ | ૧૯-૮-૭૭ | શક્તિ–૭ | ૧૦૩ |
| ૧૦ | ૨૦-૮-૭૭ | શક્તિ–૮, ૯ | ૧૧૭ |
| ૧૧ | ૨૧-૮-૭૭ | શક્તિ–૯, ૧૦ | ૧૩૦ |
| ૧૨ | ૨૨-૮-૭૭ | શક્તિ–૧૦, ૧૧ | ૧૪૨ |
| ૧૩ | ૨૩-૮-૭૭ | શક્તિ–૧૧, ૧૨ | ૧૫૫ |
| ૧૪ | ૨૪-૮-૭૭ | શક્તિ–૧૨, ૧૩ | ૧૬૭ |
| ૧૫ | ૨૫-૮-૭૭ | શક્તિ–૧૪, ૧૫ | ૧૭૯ |
| ૧૬ | ૨૬-૮-૭૭ | શક્તિ–૧૫ થી ૧૭ | ૧૯૨ |
| ૧૭ | ૨૭-૮-૭૭ | શક્તિ–૧૬ થી ૧૮ | ૨૦૪ |
| ૧૮ | ૨૮-૮-૭૭ | શક્તિ–૧૮, ૧૯ | ૨૧૬ |
| ૧૯ | ૨૯-૮-૭૭ | શક્તિ–૧૯ થી ૨૧ | ૨૨૯ |
| ૨૦ | ૩૦-૮-૭૭ | શક્તિ–૨૧, ૨૨ | ૨૪૩ |
| ૨૧ | ૩૧-૮-૭૭ | શક્તિ–૨૩ | ૨૫૫ |
| ૨૨ | ૧-૦૯-૭૭ | શક્તિ–૨૪ | ૨૬૫ |


Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates




| પ્રવચન નં. | તારીખ | ગાથા/શ્લોક નં. | પેઈજ નં. |
|---|---|---|---|
| ૨૩ | ૨-૦૯-૭૭ | શક્તિ-૨૪ થી ૨૬ | ૨૭૮ |
| ૨૪ | ૩-૦૯-૭૭ | શક્તિ-૨૭, ૨૮ | ૨૯૧ |
| ૨૫ | ૪-૦૯-૭૭ | શક્તિ-૨૯ | ૩૦૫ |
| ૨૬ | ૫-૦૯-૭૭ | શક્તિ-૨૯, ૩૦ | ૩૧૭ |
| ૨૭ | ૬-૦૯-૭૭ | શક્તિ-૩૦ થી ૩૩ | ૩૩૧ |
| ૨૮ | ૭-૦૯-૭૭ | શક્તિ-૩૩ | ૩૪૩ |
| ૨૯ | ૮-૦૯-૭૭ | શક્તિ-૩૪, ૩૫ | ૩૫૬ |
| ૩૦ | ૯-૦૯-૭૭ | શક્તિ-૩૫, ૩૬ | ૩૬૮ |
| ૩૧ | ૧૦-૯-૭૭ | શક્તિ-૩૬ | ૩૮૦ |
| ૩૨ | ૧૧-૯-૭૭ | શક્તિ-૩૭ | ૩૯૩ |
| ૩૩ | ૧૨-૯-૭૭ | શક્તિ-૩૮ | ૪૦૬ |
| ૩૪ | ૧૩-૯-૭૭ | શક્તિ-૩૯, ૪૦ | ૪૧૯ |
| ૩૫ | ૧૪-૯-૭૭ | શક્તિ-૪૦, ૪૧ | ૪૩૧ |
| ૩૬ | ૧૫-૯-૭૭ | શક્તિ-૪૧ | ૪૪૪ |
| ૩૭ | ૧૬-૯-૭૭ | શક્તિ-૪૨, ૪૩ | ૪૫૭ |
| ૩૮ | ૧૭-૯-૭૭ | શક્તિ-૪૩ | ૪૬૯ |
| ૩૯ | ૧૮-૯-૭૭ | શક્તિ-૪૪ | ૪૮૨ |
| ૪૦ | ૧૯-૯-૭૭ | શક્તિ-૪૫ | ૪૯૩ |
| ૪૧ | ૨૦-૯-૭૭ | શક્તિ-૪૬ | ૫૦૬ |
| ૪૨ | ૨૧-૯-૭૭ | શક્તિ-૪૭ | ૫૧૭ |



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# શ્રી સમયસારજી સ્તુતિ

**(હરિગીત)**

સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર! તેં સંજીવની;
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.

**(અનુષ્ટુપ)**

કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,
ગ્રંથાધિરાજ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.

**(શિખરણી)**

અહો! વાણી તારી પ્રશમરસ-ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી ઊતરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

**(શાર્દૂલવિક્રીડિત)**

તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા;
તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;
સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવક્લાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.

**(વસંતતિલકા)**

સૂણ્યે તને રસનિબંધ શિથિલ થાય,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;
તું રુચતાં જગતની રુચિ આળસે સૌ,
તું રીઝતાં સકલજ્ઞાયકદેવ રીઝે.

**(અનુષ્ટુપ)**

બનાવું પત્ર કુંદનનાં, રત્નોના અક્ષરો લખી;
તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates

# પ્રથમ તું આત્માને જાણ



## ભગવત્ શ્રી કુંદકુંદાચાર્ય દેવ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# શ્રી સદ્‌ગુરુદેવ-સ્તુતિ

(હરિગીત)

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો! ગુરુ કહાન તું નાવિક મળ્યો.

(અનુષ્ટુપ)

અહો! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના!
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

(શિખરિણી)

સદા દ્રષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વહેવારો ચિદઘન વિષે કાંઈ ન મળે.

(શાર્દૂલવિક્રીડિત)

હૈયું 'સત સત, જ્ઞાન જ્ઞાન' ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે; પરદ્રવ્ય નાતો તૂટે;
- રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં - અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

(વસંતતિલકા)

નિત્યે સુધાઝરણ ચંદ્ર! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી! તને નમું હું.

(સ્ત્રગ્ધરા)

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ! તારી ઉર- અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું, - મનરથ મનનો; પૂરજો શક્તિશાળી!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates




પરમાગમ મંદિરમાં લગાડવા માટે તૈયાર થયેલ સમયસારના પ્રથમ પાટિયા ઉપર ૐકાર આલેખન કરી રહેલા પૂજ્ય ગુરુદેવ.

શ્રી કુંદકુંદાચાર્યદેવ જેવા વીતરાગી સંતના સ્વાનુભવની આનંદમય પ્રસાદીરૂપ આ સમયસાર શાસ્ત્ર છે; તેનો મહિમા અદ્દભુત, અચિંત્ય અન અલૌકિક છે. અહો ! આ સમયસાર તો અશરીરીભાવ બતાવનારું શાસ્ત્ર છે; તેના ભાવો સમજતાં અશરીરી સિદ્ધપદ પમાય છે. કુંદકુંદપ્રભુની તો શી વાત!

(પૂ. ગુરુદેવ)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates

ॐ

શ્રી પરમાત્મને નમઃ

શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવ પ્રણીત શ્રી સમયસાર

# સમયસાર સિદ્ધિ

(અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
શ્રી 'સમયસાર' ઉપર પ્રવચન)

(ભાગ–૧૨)

## પરિશિષ્ટ અધિકાર

પ્રવચન નં. ૧, શક્તિ–૧, ગુરુવાર, શ્રાવણ વદ ૧૨, તા. ૧૧-૦૮-૧૯૭૭

નોંધ :– શક્તિના આ ભાગમાં બધા જ પ્રવચનો હિન્દીમાં હોઈ તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.

आत्मद्रव्यहेतुभूतचैतन्यमात्रभावधारणलक्षणा जीवत्वशक्तिः १।

આત્મદ્રવ્યને કારણભૂત એવા ચૈતન્યમાત્ર ભાવનું ધારણ જેનું લક્ષણ અર્થાત્ સ્વરૂપ છે એવી જીવત્વશક્તિ. (આત્મદ્રવ્યને કારણભૂત એવા ચૈતન્યમાત્રભાવરૂપી ભાવપ્રાણનું ધારણ કરવું જેનું લક્ષણ છે એવી જીવત્વ નામની શક્તિ જ્ઞાનમાત્ર ભાવમાં-આત્મામાં-ઊછળે છે.) ૧.

'સમયસાર' પરિશિષ્ટ અધિકાર છે. સૂક્ષ્મ તત્ત્વ છે, અપૂર્વ વાત છે, ક્યારેય સાંભળી નથી. રુચિપૂર્વક સાંભળી નથી, એમ તો અનંત વાર સાંભળી છે. સમજાય છે કાંઈ? શું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કહે છે? કે જે આ આત્મવસ્તુ છે ને? આત્મવસ્તુ-પદાર્થ-દ્રવ્ય-તે તો શક્તિવાન છે. તેમાં શક્તિઓ-ગુણો છે તે અનંત છે.

ભગવાનઆત્મા શક્તિવાન-સ્વભાવવાન છે અને તેની શક્તિઓ-સ્વભાવ એ અનંત છે. તેમાંથી ૪૭ શક્તિનું વર્ણન ચાલશે. ૪૭. છે તો અનંત (શક્તિઓ). સૂક્ષ્મ છે, ભગવાન! આત્મદ્રવ્યની દૃષ્ટિ કરવી તે સમ્યગ્દર્શન છે તો એ કહે છે કે એ આત્મદ્રવ્ય છે કેવું?

આત્મદ્રવ્યમાં અનંતશક્તિ છે. જીવત્વશક્તિ, ચિતિશક્તિ, દશિ, જ્ઞાન, આનંદ, સુખ આદિ અનંતશક્તિઓ છે. સંખ્યાએ અનંત છે. વસ્તુ એક છે પણ શક્તિ અનંત છે. સમજાય છે કાંઈ? કેટલી શક્તિ છે? ભગવાન! પણ એ આત્માની ખબર નથી. આત્મા શું ચીજ છે? આ (શરીર) તો જડ, માટી-ધૂળ, રાગાદિ-પુણ્યાદિ તો પરવસ્તુ છે. જેને સમ્યગ્દર્શન પ્રગટ કરવું હોય તો આ આત્મદ્રવ્યને વિષય કર્યા વિના, ધ્યેય બનાવ્યા વિના સમ્યગ્દર્શન થતું નથી. ધર્મની પહેલી સીડી. 'છ ઢાળા'માં આવે છે ને? 'મોક્ષમહેલ કી પહલી સીઢી'. ઝીણી વાત છે, ભગવાન! એણે મુનિપણું અનંત વાર લીધું, પંચમહાવ્રત અનંત વાર પાળ્યા, અઠ્યાવીસ મૂળગુણ અનંત વાર પાળ્યા. એ તો બધી રાગની ક્રિયા છે, એ કોઈ આત્માની શક્તિ કે આત્માના ગુણની ક્રિયા નથી. આહાહા..!

કહે છે કે, આત્મદ્રવ્ય જે વસ્તુ છે એ અનંત અક્રમ ગુણથી ભરેલો છે. શું કહ્યું? એકસાથે અનંતશક્તિઓ અંદર અક્રમે છે અને એ શક્તિનું પરિણમન ક્રમવર્તી થાય છે. અહીંયા પરિણમન લેવું છે તે વિકારનું નથી લેવું. ભગવાનઆત્મા એકરૂપ વસ્તુના દરબારમાં અનંતશક્તિઓ છે. સંખ્યાએ અનંતશક્તિઓ છે. કેટલી? કે સૂક્ષ્મ પડે. આકાશના પ્રદેશ છે ને? જીવ જે છે, જીવ, એ જીવની જેટલી અનંત સંખ્યા છે તેનાથી અનંતગુણી સંખ્યા પરમાણુની છે. આ એક ચીજ નથી. એક એક પરમાણુ-પરમ અણુ-સૂક્ષ્મ અણુ(નો સ્કંધ છે). ટુકડા ટુકડા કરતાં કરતાં છેલ્લા ટુકડાને પરમાણુ કહે છે. એ પરમાણુની સંખ્યા, જગતમાં જીવની સંખ્યા અનંત છે, તેનાથી અનંતગુણા પરમાણુ છે. અને પરમાણુની સંખ્યા કરતાં ત્રણકાળના સમય અનંતગુણા છે. આહાહા..! એક 'ક' બોલવામાં અસંખ્ય સમય જાય છે. 'ક' (એટલું બોલવામાં) કાળના અસંખ્ય સમય (જાય છે). એના ખંડ પાડતા પાડતા છેલ્લો સમય રહે તે એક સમય, એવા અસંખ્ય સમય 'ક' બોલવામાં જાય છે. એ ત્રિકાળના જે સમય છે એ પરમાણુની સંખ્યા કરતાં અનંતગુણા છે. સૂક્ષ્મ છે, ભગવાન! તારી ચીજ અંદર મહાન છે. કદી (એની) ખબર નથી. એ ત્રણકાળના સમય કરતાં; આકાશ નામનો એક પદાર્થ છે, જગત-ચૌદ બ્રહ્માંડમાં તો છે પણ ખાલી ભાગ-અલોક છે ત્યાં પણ આકાશ છે, એ આકાશનો ક્યાંય અંત નથી. દરબાર! આપણે દરબારની ભાષા ઠીક છે, વૈદ્યરાજ કરતાં. દરબારને વૈદ્યરાજ બહુ કહેવા એ ઠીક નહિ. સમજાય છે કાંઈ? વૈદ્યરાજ છે.

અહીંયા કહે છે કે આકાશ નામનો એક અરૂપી પદાર્થ છે એ જગત લોક અને અલોક

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


બધામાં વ્યાપક એક પદાર્થ છે અને એ આકાશનો ક્યાંય અંત નથી. ગમે તે દિશા લઈ લ્યો તો અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... છે. આકાશનો ક્યાંય અંત નથી. જો અંત હોય તો પછી શું? લોજીકથી ન્યાય સમજવો જોઈએ ને? સમજાય છે કાંઈ? એ આકાશ નામનો જે પદાર્થ છે એ લોક–જગત–ચૌદ બ્રહ્માંડ અને ખાલી અલોક બધામાં વ્યાપક અનંત.. અનંત.. અનંત.. દશે દિશામાં ક્યાંય અંત નથી, એ આકાશના પદાર્થમાં, એક પરમાણુ જે પોઈન્ટ છે તે જેટલી જગ્યા રોકે તેટલાને પ્રદેશ કહેવામાં આવે છે. એવા આકાશના પ્રદેશ અનંત છે. કોનાથી અનંત છે? ત્રણકાળના સમય કરતાં આકાશના પ્રદેશ અનંતગુણા છે. 'નંદકુમારજી'! આ તો ભગવાનની વકીલાત છે. આહાહા..! એણે આત્મા શું ચીજ છે એ સમજવાનો કદી પ્રયત્ન જ કર્યો નથી. આમ કર્યું ને આમ કર્યું. એક તો સંસારમાં પાપ કર્યા. ધંધા-પાણી, બાયડી-સ્ત્રી, કુટુંબ-પરિવાર, ધંધા એકલા પાપના ધંધા અને ધર્મને નામે આવ્યો તો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા કરી, એ પુણ્યનો ધંધો છે, આત્માનો ધંધો નથી. આહાહા..!

કહે છે કે, આકાશ નામનો પદાર્થ અમાપ અમાપ (છે). એક પારસી હતા ને? ભાઈ! 'જામનગર'માં પારસી હતા. મહેરબાનજી પારસી, એનો દીકરો હતો. (સંવત) ૧૯૯૧માં ત્યાં એક ફેરી આવ્યો હતો. નાસ્તિક જેવા. પણ ભલે નાસ્તિક હોય, કીધું, એક વાર સાંભળ. આ પદાર્થ આમ આમ છે એ જગ્યા ક્યાં સુધી છે? અને આ વસ્તુ સંગ્રહાત્મક છ દ્રવ્ય છે. ખાલી ભાગ છે કે નહિ? કે ભરેલા છે? ભરેલા તો અસંખ્ય જોજનમાં છે. અનંત જીવ અને અનંત પરમાણુનું ક્ષેત્ર તો અસંખ્ય જોજનમાં છે પણ પછી શું છે? કીધું, આકાશ નામનો પદાર્થ છે તેનો અંત ક્યાં? પહેલા વિચાર કર. ભલે તું નાસ્તિક હો પણ તું પહેલા વિચાર કર. 'જામનગર'માં મહેરબાનજી પારસી હતા. બહુ નીતિવાળા, એ વખતે હજારનો પગાર હતો. આ તો સંવત ૧૯૯૧ ની સાલની વાત છે, હોં! રાજાએ ૨૦૦ રૂપિયા વધારી દીધા. એક હજારનો પગાર હતો, ૧૯૯૧ માં ૪૩ વર્ષ થયા, ૪૦+૩. એ પહેલા પણ એને મહિનાનો એક હજારનો પગાર હતો, દરબારે ૨૦૦ રૂપિયા વધારી દીધા. દરબારને કહ્યું, કોણે વધાર્યા? ૨૦૦ રૂપિયા કોણે વધાર્યા? દરબાર કહે, અમે વધાર્યા. (પારસી કહે), રાજના કામ આવે તો અમે બીજી રીતે કરીએ માટે? કાયદામાં રાજનું કોઈ કારણ આવે તો રાજને અનુકૂળ થાય એ રીતે કરીએ માટે ૨૦૦ રૂપિયા વધાર્યા છે? કાઢી નાખો. અમે તો જે નિયમ છે, કાયદો હશે એ પ્રમાણે કામ કરશું. રાજનું કામ હો કે વહીવટનું કામ હો. દરબાર! મહેરબાનજી પારસી હતા. વ્યાખ્યાનમાં આવ્યા હતા. વ્યાખ્યાનમાં આવતા હતા. અમારું નામ તો બહારમાં બહુ મોટું હતું એટલે બધા આવતા.

એનો એક દીકરો હતો. અમે વિહાર કરીને ત્યાં ગયા. શું કહેવાય એ? ધુવારણ. ત્યાં ગયા તો ત્યાં પારસીનો છોકરો નાસ્તિક હતો. કીધું, ભલે નાસ્તિક હો, સાંભળ, સાંભળ!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આ ચીજ છે એ ક્યાં સુધી છે? આ બધું અનંત અનંત અનંતમાં છે? એ અસંખ્ય ક્ષેત્રમાં છે, તેની તને ખબર નથી. પછી ખાલી ખાલી ભાગ, ખાલી ખાલી આકાશ કોઈ ચીજ છે તો એ ચીજ-આકાશનો અંત ક્યાં? દરબાર! છે અંત? એવી ચીજ તર્કથી સમજાતી નથી, સ્વભાવની દૃષ્ટિથી સમજાય છે. જે ક્ષેત્ર છે તે અંત વિનાનું છે અને તેના પ્રદેશ અનંત છે. તેનાથી અનંતગુણી તો એક જીવમાં અનંતીશક્તિ છે. વકીલ! અરે..! ભગવાન! તને ખબર નથી. તારી અંદર અનંતશક્તિઓ ભરી છે.

પરમાત્મા ત્રિલોકનાથ જિનેશ્વરદેવ દિવ્યધ્વનિ દ્વારા જગતને કહેતા હતા. એમને તો ઇચ્છા નથી, એ તો સર્વજ્ઞ વીતરાગ છે. ઇચ્છા વિના ૐ ધ્વનિ નીકળતી હતી અને વર્તમાન મહાવિદેહક્ષેત્રમાં નીકળે છે. એ દિવ્યધ્વનિમાં એમ આવ્યું, પ્રભુ! તું એકવાર સાંભળ તો ખરો! તું એક દ્રવ્ય-વસ્તુ છો પણ તારી શક્તિઓ જે જ્ઞાન, દર્શન, આનંદ એવી શક્તિઓ અનંત છે. કેટલી અનંત છે? આકાશના પ્રદેશનો અંત નથી, એ પ્રદેશથી પણ અનંતગુણી શક્તિઓ તારામાં છે. આહાહા..! દર્શન આદિ એના ગુણ છે. એ ગુણ અનંત છે. આહાહા..!

અહીં કહે છે કે આત્મદ્રવ્ય જે વસ્તુ છે તેમાં જે અનંત અક્રમીગુણ છે, અક્રમ એટલે? એકસાથે અનંતગુણ છે. જેમ સાકરમાં મીઠાશ, સફેદાઈ એકસાથે છે તેમ આત્મામાં જ્ઞાન, દર્શન, આનંદ આદિ શક્તિઓ અનંત છે, એકસાથે અનંત છે. તેથી તેને અક્રમ કહે છે. અક્રમ એટલે એક પછી એક નહિ પણ એકસાથે અનંતશક્તિઓ છે. આહાહા..! અને એની પર્યાય-અવસ્થા જે થાય છે તે ક્રમવર્તી છે. અનંતગુણની એક સમયમાં એક એક ગુણની એક એક પર્યાય-દશા-હાલત, એવી અનંતગુણની એક સમયમાં ક્રમે થવાવાળી અનંતી પર્યાય છે. આવું આકરું છે, બાપુ! એ..ય..! 'કાંતિભાઈ'! ક્યાંય સાંભળ્યું પણ ન હોય, જૈનમાં જન્મ્યા, જય નારાયણ! આહાહા..!

પરમેશ્વર જિનેશ્વર ત્રિલોકનાથ એમ ફરમાવે છે, પ્રભુ! એકવાર સાંભળ તો ખરો. તારા ઘરમાં શું છે? સમજાય છે કાંઈ? તારા ઘરમાં તો અનંતીશક્તિઓ છે. એક એક શક્તિ પણ અનંત સામર્થ્યવાળી છે અને એક એક શક્તિની પર્યાય છે તે અનંત છે. આહાહા..! પર્યાય સમજાય છે? ક્રમ, અવસ્થા-હાલત-દશા. જેમ સોનું છે સોનું-સુવર્ણ એ દ્રવ્ય છે અને એમાં પીળાશ, ચીકાશ, વજન છે તે તેની શક્તિ-ગુણ છે અને તેની વીંટી, કડા, કુંડળ થાય છે તે તેની અવસ્થા છે. સમજાય છે કાંઈ? એમ ભગવાનઆત્મા એક સમયમાં દ્રવ્ય છે તે સાંકળી છે. સાંકળી હોય છે ને? ચેઈન. એમાં હજાર મકોડા હોય છે ને? મકોડા હોય છે ને? મકોડા કહે છે કે શું કહે છે? કડી, હજાર કડી, હજાર કડી. હજાર કડીનો એક સમુદાય તેને સાંકળી કહે છે. એમ આત્મા અસંખ્ય પ્રદેશી તે આત્મા છે. એક પરમાણુ જેટલી જગ્યાને રોકે તેનું નામ પ્રદેશ છે. એવો અસંખ્ય પ્રદેશી ભગવાનઆત્મા છે, અસંખ્ય પ્રદેશ તેનો દેશ છે. આહાહા..! અરેરે...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એ અસંખ્ય પ્રદેશમાં એક એક(પ્રદેશ)માં અનંતગુણ સર્વવ્યાપક છે. સમજાય છે કાંઈ? શક્તિઓમાં પહેલી જીવત્વશક્તિ લેશે. 'રામજીભાઈ' એ કહ્યું હતું કે આ શિબિરમાં શક્તિનો અધિકાર લેવો. પહેલા વિચાર આવેલો. આવે એ સાંભળે તો ખરા. અરે...! તારી ચીજ શું છે તેની તને ખબર નથી, ભાઈ! અને ધર્મ થઈ જાય? પ્રભુ! ધર્મ–જૈનધર્મ કોઈ અલૌકિક ચીજ છે. સમજ્યા ને? આ સંપ્રદાય નથી, આ તો વસ્તુનું સ્વરૂપ છે.

કહે છે કે, આત્મદ્રવ્ય, જેમ સાંકળી છે ને? ચેઈન કહે છે? ચેઈન. આમ હજાર કડી હોય. એમ આત્મા, સાંકળી સમાન આત્મા અને કડી સમાન એમાં અસંખ્ય પ્રદેશ છે. એક કડીમાં જેમ સુંવાળપ, ચીકાશ આદિ છે તે તેના ગુણ છે અને તેમાં જે વીંટી આદિનું, કડાં આદિનું પરિવર્તન થાય છે તે પર્યાય છે. એમ ભગવાનઆત્મા અસંખ્ય પ્રદેશી છે. જૈન વીતરાગ સિવાય એ અસંખ્ય પ્રદેશ કોઈએ જોયા નથી. સર્વજ્ઞ પરમેશ્વર સિવાય, સિવાય કહે છે ને? અલાવા. એ તો થોડી થોડી ગુજરાતી ભાષા આવી જાય. સર્વજ્ઞ પરમેશ્વર જિનેશ્વરદેવે આત્માને અસંખ્ય પ્રદેશી જોયો છે. એટલે? અર્થાત્ અહીંયા જે અંશ (એક જગ્યાએ) છે તે અહીંયા (બીજી જગ્યાએ) નથી, અહીંયા છે તે અહીંયા નથી. અંદરમાં, હોં! આ તો જડ છે. પણ આત્મા અસંખ્ય પ્રદેશી છે. જેમ હજાર કડી છે તેમ અસંખ્ય પ્રદેશ છે. એ એનું ક્ષેત્ર છે. દ્રવ્ય–વસ્તુનું એ ક્ષેત્ર–ભૂમિ છે. આહાહા..! એમાં જ્ઞાનાદિગુણ છે તે શક્તિ કુટસ્થ છે. એ શક્તિઅનંત છે. એ અનંતશક્તિની સમયે સમયે પલટતી અવસ્થા થાય છે. કુટસ્થ નથી, પર્યાય પલટે છે. દ્રવ્ય-ગુણ કુટસ્થ છે. દ્રવ્ય અને શક્તિઓ કુટસ્થ છે, પર્યાય પલટે છે. પર્યાય પલટે છે તેને ક્રમવર્તી કહે છે. ક્રમે ક્રમે વર્તનારી દશાને ક્રમવર્તી કહે છે અને એકસાથે રહેનારા ગુણને અક્રમ કહે છે. એ અક્રમવર્તી અને ક્રમવર્તી ગુણ-પર્યાયના સમુદાયને આત્મા કહે છે. ભાઈ! ઝીણી વાત છે. સમજાય છે કાંઈ?

કહે છે કે ક્રમવર્તી અને અક્રમવર્તી જે દ્રવ્ય–વસ્તુ છે તેમાં એકસાથે રહેવાવાળી શક્તિઓ છે અને સમયે સમયે બદલતી દશા છે. જ્યારે આત્માનું ભાન નહોતું ત્યારે અજ્ઞાન હતું અને ભાન થયું તો જ્ઞાનદશા થઈ, એ અવસ્થા પલટી ગઈ. આત્માનું ભાન નહોતું ત્યારે દુઃખ દશા હતી અને આત્માનું ભાન થયું તો હું સચ્ચિદાનંદ પ્રભુ, પૂર્ણાનંદ પરમાત્મ સ્વરૂપ છું. આહાહા..! એવી દૃષ્ટિ જ્યારે થઈ તો દુઃખની દશા પલટીને આનંદની દશા થઈ. સમજાય છે કાંઈ? એ દશા પલટે છે તેને પર્યાય કહે છે. આહાહા..!

અહીંયા હવે એ કહે છે કે અક્રમવર્તી શક્તિ અને ક્રમવર્તી પર્યાય, તેનો સમુદાય તે આત્મા છે. ન્યાય સમજાય છે? ન્યાયમાં નિ ધાતુ છે. નિ. નિ નામ જ્ઞાનસ્વરૂપ જેવી ચીજ છે તે તરફ (જ્ઞાનને) લઈ જવું તેનું નામ ન્યાય. ન્યાયમાં નિ ધાતુ છે. તમારા વકીલાતના ન્યાય નહિ, હોં! આ તો ભગવાનના ઘરના (ન્યાય છે). જેવી ચીજ છે એ તરફ પોતાની નિ ધાતુ એટલે જ્ઞાનને એ બાજુ લઈ જવું તેનું નામ ન્યાય છે. અહીં ન્યાયથી એ વાત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સિદ્ધ કરે છે. ભગવાન! એકવાર તારી ચીજને તું સાંભળ તો ખરો! આહા..! એ ચીજની તને કદી દૃષ્ટિ થઈ નથી. કેમકે જાણ્યા વિના દૃષ્ટિ ક્યાંથી થાય? જે ચીજ કેવી છે તે જ્ઞાનમાં આવ્યા વિના દૃષ્ટિ ક્યાંથી થાય? સમજાય છે કાંઈ? એ ચીજમાં અક્રમવર્તી અને ક્રમવર્તી, પર્યાય ક્રમે ક્રમે થવાવાળી છે, શક્તિઓ એકસાથે રહેનારી છે. એ બેનો સમુદાય તે આત્મા છે. સમજાય છે કાંઈ? ભાષા તો સાદી છે, ભગવાન! ભાવ તો છે તે છે. આ તો ત્રણલોકના નાથની વાત છે. પહેલા એના જ્ઞાનમાં સત્યતાનો નિર્ણય તો કરવો પડશે કે નહિ? આહાહા..!

એ કહે છે, જુઓ! આત્મદ્રવ્ય. આ એટલી વ્યાખ્યા કરી. આત્મદ્રવ્ય. દ્રવ્ય શું? અનંતગુણ અને અનંતપર્યાયનો પિંડ તે દ્રવ્ય. સમજાય છે કાંઈ? છે? સૂક્ષ્મ વાત છે, ભગવાન! આ તો બહુ વાત. આહાહા..! એવી વાત છે. અરે..! આવું મનુષ્યપણું (મળ્યું) અને એમાં જૈનધર્મમાં અવતાર (થયા) અને આ ચીજને ન સમજે તો એના ભવના અંત નહિ આવે. આહાહા..! ચોરાશીના અવતાર કરી કરીને (મરી ગયો છે). પોતાની ચીજની મહત્તા અને કિંમત નહિ આંકીને પરચીજની કિંમત, રાગની કિંમત અને એક સમયની પર્યાયની કિંમત આંકીને મિથ્યાદૃષ્ટિ ચાર ગતિમાં રખડે છે. સમજાય છે કાંઈ? આહાહા..! સમજાય છે ને? ભાઈ! હિન્દીમાં થોડો ફેરફાર લાગે. તમારી જેવી હિન્દી નથી. આહાહા..!

આત્મદ્રવ્ય, પહેલી આ આત્મદ્રવ્યની વ્યાખ્યા કરી. આત્મદ્રવ્ય શબ્દ છે ને? આ ભગવાનઆત્મા એ દ્રવ્ય છે. દ્રવ્ય કેમ કહ્યું? જેમ જળમાં તરંગ ઉઠે છે, જળમાં, એમ ભગવાનઆત્મામાં દ્રવતિ-દ્રવતિ ઇતિ દ્રવ્યમ્. પર્યાય દ્રવતિ-પર્યાય અંદરથી નીકળે છે. 'કાંતિભાઈ'! આ વીતરાગનો માર્ગ હજી સાંભળ્યો નથી. વાડામાં પડ્યા ણમો અરિહંતાણં, ણમો અરિહંતાણં (કર્યા કરે). આહાહા..! બાપુ! એ વસ્તુ શું છે? અરિહંત કોણ છે? અને તેમણે તત્ત્વ કેવું જાણ્યું અને કેવું કહ્યું એ સમજ્યા વિના જૈનપણું નથી. જૈન કોઈ સંપ્રદાય નથી. જેવી ચીજ અનંતગુણ અને પર્યાયનો પિંડ છે, તેમ અંતરમાં દૃષ્ટિ કરવાથી મિથ્યાત્વનો નાશ થાય છે, મિથ્યાત્વનો નાશ થાય છે અને સમ્યગ્દર્શનની ઉત્પત્તિ થાય તેનું નામ જૈન કહેવામાં આવે છે. 'પોપટભાઈ'! સમજાય છે કાંઈ? આહાહા..!

આત્મદ્રવ્ય. આ એક શબ્દનો આટલો અર્થ થયો. ક્રમ-અક્રમ, ગુણ અને પર્યાયના પિંડને આત્મદ્રવ્ય કહે છે. સમજાય છે કાંઈ? વસ્તુ અંદર ભગવાનઆત્મા (છે). આ (શરીર) તો માટી-ધૂળ જડ છે. અંદર કર્મ પણ જડ છે અને અંદર પુણ્ય-પાપના ભાવ થાય છે એ કૃત્રિમ એક ક્ષણની અવસ્થા છે તે પણ પરમાર્થે તો અચેતન છે. એ ચૈતન્યની જાત નહિ. આહાહા..! અને ચૈતન્ય જે છે તે તો પુણ્ય-પાપના પરિણામથી રહિત, અનંતશક્તિનો સંગ્રહાલય છે. સંગ્રહાલય-અનંતશક્તિનું સંગ્રહ-આલય. સંગ્રહનું સ્થાન. આલય કહે છે ને? સ્થાન. આહાહા..! ભગવાનઆત્મા તો અનંતશક્તિઓનો સંગ્રહાલય છે. સમજાય છે કાંઈ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એક શક્તિ નથી. અનંતશક્તિ છે. પ્રભુ! એક એક શક્તિમાં પણ અનંત તાકાત છે. આહાહા..! એક એક શક્તિ-ગુણમાં અનંતગુણનું રૂપ છે. થોડી ઝીણી વાત આવી. શું કહ્યું?

જેમ આત્મા જ્ઞાનસ્વરૂપ છે, જ્ઞાન અને તેમાં એક અસ્તિત્વ નામનો, સત્તા-હોવાપણાનો એક ગુણ છે. અસ્તિત્વ. છે ને? છે ને? છે એવી એક શક્તિ છે અને એક જ્ઞાનશક્તિ છે. એવી અનંતશક્તિઓ છે. એક જ્ઞાનશક્તિ છે તેમાં અસ્તિત્વગુણ છે એ અસ્તિત્વગુણ એમાં (-જ્ઞાનમાં) નથી. એક શક્તિમાં બીજો ગુણ નથી પણ એક શક્તિમાં બીજી શક્તિનું રૂપ છે. અર્થાત્ ભગવાનઆત્મા જ્ઞાન છે. અહીંયા જીવત્વશક્તિ કહેશે. જીવત્વશક્તિમાં તો એ લેશે કે અનંતઆનંદ, અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતવીર્ય એવી આત્માની જે જીવત્વશક્તિ છે.. અરે...! આવી વ્યાખ્યા. એ શક્તિમાં.. બીજો એક અસ્તિત્વ નામનો ગુણ છે. એ ગુણ છે તે આનંદપ્રાણ, જ્ઞાનપ્રાણમાં એ ગુણ આવતો નથી પણ ગુણનું રૂપ આવે છે. અર્થાત્ આત્મા જ્ઞાન છે, આનંદ છે, આનંદ છે, જ્ઞાન છે એ છે નામની શક્તિનું રૂપ અંદર આવ્યું. સત્તાગુણ ભિન્ન રહ્યો. પોતાને કારણે છે, એ તો નિમિત્ત છે. એક ગુણમાં બીજો ગુણ તો નિમિત્ત છે. સૂક્ષ્મ વાત છે, ભગવાન! આ તો ત્રણલોકના નાથ જિનેશ્વરના પંથના માર્ગ છે, ભાઈ! આહાહા..! સમજાય છે કાંઈ?

કહે છે કે, એક જીવત્વશક્તિ કહેશે, જેમાં જ્ઞાન, દર્શન, આનંદ ને વીર્ય એ શક્તિથી જીવ જીવે છે. જીવનું ટકવું, રહેવું એ પોતાની જીવત્વશક્તિને કારણે છે. પહેલી આ શક્તિ કેમ ઉપાડી? બીજી ગાથામાં આવ્યું, **'जीवो चरित्तदंसणणाणठिदो'** જીવો ત્યાંથી ઉપાડ્યું છે, પહેલી જીવત્વશક્તિ ઉપાડી. બીજી ગાથા છે ને? 'સમયસાર'ની બીજી ગાથા. પહેલી ગાથા એ છે, **'वंदित्तु सव्वसिद्धे धुवमचलमणोवमं गदिं पत्ते। वोच्छामि समयपाहुडमिणमो'** 'કુંદકુંદાચાર્યદેવ' કહે છે, હું આત્માની વાત કહીશ. **'वोच्छामि समयपाहुडमिणमो सुदकेवलीभणिदं।।'** શ્રુતકેવળીઓ અને કેવળીઓએ કહેલી વાત અમે તને કહીશું. આહાહા..! જેને ત્રણકાળનું જ્ઞાન છે એવા ભગવાને આત્મા કેવો કહ્યો એ અમે તને કહીશું. અને એમ કહ્યું કે અમે પણ અમારી પર્યાયમાં પૂર્ણ સિદ્ધ ભગવાન જે અશરીરી થયા એ અનંતસિદ્ધને અમારી પર્યાયમાં સ્થાપીએ છીએ અને તમારી શ્રોતાની પર્યાયમાં પણ અનંતસિદ્ધોને સ્થાપીને હું સમયસાર કહીશ. આહાહા..! ઝીણી વાત છે, પ્રભુ! શું થાય? માર્ગ તો અત્યારે ગુમ થઈ ગયો અને ક્યાંકનું ક્યાંક મનાઈ ગયું છે. આહાહા..!

ભગવાનઆત્મા જે અંદર જીવત્વશક્તિ છે, આ કહે છે ને? જીવન એટલે ટકવું. કોનાથી? પોતાના જ્ઞાન પ્રાણ, આનંદ પ્રાણ, દર્શન પ્રાણ, વીર્ય પ્રાણ એ અંદર શક્તિઓ છે. એ શક્તિના પ્રાણથી તે જીવન જીવે છે. એ શરીરથી જીવે છે કે રાગથી જીવે છે એમ નથી. 'ધન્નાલાલજી'!

અહીંયા કહે છે કે, જીવત્વશક્તિમાં જે ચાર પ્રાણ-ભાવપ્રાણ છે, અંદરમાં જ્ઞાન પ્રાણ આવ્યા. જ્ઞાનમાં અસ્તિત્વગુણ છે તે ગુણ ન આવ્યો પણ જ્ઞાન છે એમ આવ્યું એવું અસ્તિત્વનું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



રૂપ એમાં છે. રૂપ એટલે પોતાની શક્તિનું સ્વરૂપ આવ્યું. અસ્તિત્વ નામનું જ્ઞાનમાં સ્વરૂપ છે. આહાહા..! 'દેવીલાલજી'! એક વાર સાંભળે તો ખરા, પ્રભુ! અરે...! આ વાત બાપુ! કાંઈ સાધારણ વાત નથી. આ વાત સાંભળવા મળતી નથી. આહાહા..!

ત્રણલોકના નાથ જિનેશ્વરદેવ આત્માને આવો ફરમાવે છે, એવો છે કે જેમાં અનંતશક્તિઓ છે. એક શક્તિ બીજી શક્તિરૂપે થતી નથી. નહિતર અનંત સંખ્યા રહી શકે નહિ. પણ એક શક્તિનું રૂપ દરેકમાં આવે છે. જીવત્વશક્તિ–જીવન, જીવન. જ્ઞાન, દર્શન, આનંદથી આત્માનું જીવન છે. દરબાર! આહાહા..! સમજાય છે કાંઈ? એનું ટકવું પોતાના જ્ઞાન, દર્શન, આનંદથી ટકી રહ્યો છે. આયુષ્યથી ટકી રહ્યો છે કે શરીરમાં રહ્યો છે તેની યોગ્યતાની ટકી રહ્યો છે, એમ નથી. આહાહા...! એ ટકી રહ્યો છે તે પોતાના જ્ઞાન, દર્શન, આનંદ, સત્તા, વીર્યથી એ ટકી રહ્યો છે. જીવત્વશક્તિ, જીવન, જીવની જીવત્વશક્તિ. જીવ છે એનો જીવન ગુણ–શક્તિ–સ્વભાવ. એ શક્તિમાં ચાર પ્રાણ આધાર છે. જ્ઞાન, દર્શન, આનંદ અને વીર્ય એના જીવનના પ્રાણ છે. એમાં જે એક જ્ઞાન પ્રાણ છે... માણસ કહે છે ને? દસ પ્રાણથી આત્મા જીવે છે. પાંચ ઇન્દ્રિય, મન-વચન-કાય, શ્વાસ (આયુ) એ તો જડના પ્રાણ છે. આ તો માટીના પ્રાણ છે, પ્રભુ! અને તારી અશુદ્ધ પર્યાયમાં દસ પ્રાણથી જીવન છે એ પણ તારું વાસ્તવિક જીવન નથી. પાંચ ઇન્દ્રિયની યોગ્યતાથી અને આયુષ્યમાં રહેવાની યોગ્યતાથી, શ્વાસની યોગ્યતાથી જે રહ્યા છે તે અશુદ્ધ પ્રાણની પર્યાય છે, એ તારી ચીજ નથી. આહાહા..! તારી ચીજમાં એ ગુણ પણ નથી અને તારી ચીજમાં એની પર્યાય પણ નથી. આહાહા..! 'રતનલાલજી'! આ તો વાળની ખાલ (ઉતારવાની વાત છે). અમારે 'રતનલાલજી' કહેતા હતા. વાત તો એવી છે, ભાઈ!

કહે છે, એકવાર સાંભળ તો ખરો, પ્રભુ! તું કેવો છો અને ક્યાં છો અને કેવા પ્રકારે છો? સમજાય છે કાંઈ? એમ જાણ્યા વિના એમાં દૃષ્ટિ થશે નહિ અને દૃષ્ટિ થયા વિના સમ્યગ્દર્શન–સત્યદર્શન, જેવી સત્ય વસ્તુ છે, જેવી સત્ય છે એવું દર્શન કદી થશે નહિ. સમજાય છે કાંઈ?

અહીં બીજું કહેવું છે કે, **'આત્મદ્રવ્યને કારણભૂત...'** આત્મદ્રવ્યને કારણભૂત. છે? **'એવા ચૈતન્યમાત્રભાવરૂપી ભાવપ્રાણનું ધારણ કરવું જેનું...'** ચૈતન્યમાત્ર, ચૈતન્ય, ચેતના.. ચેતના.. જાણવું-દેખવું એ ચૈતન્યમાત્ર. એવું જે પોતાના ભાવનું ધારણ કરવું છે. આહાહા..! આ તો ભાઈ! અધ્યાત્મ શબ્દ છે, આ કાંઈ કથા-વાર્તા નથી. આ તો એક એક શબ્દમાં કેટલી ગંભીરતા છે એની ખબર નથી. આહાહા..! કહે છે, કે આત્મદ્રવ્ય–વસ્તુ ભગવાન, તેના કારણભૂત, આત્મદ્રવ્યને ટકવાના, જીવતરના જીવનને કારણભૂત **'એવા ચૈતન્યમાત્રભાવરૂપી ભાવપ્રાણનું ધારણ...'** ચૈતન્ય જાણન-દેખન સ્વભાવ, એવા ભાવનું (ધારણ). આત્મા ભાવવાન છે અને ચૈતન્યમાત્ર તેનો ભાવ છે. સમજાય છે કાંઈ? આવી વાત છે, બાપુ! કદી સમજ્યો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નથી, સાંભળી નથી. આહા..! અરે..રે...! જીંદગી ચાલી જાય છે અને દેહ છૂટીને ક્યાંય ચાલ્યો જશે. ભવાબ્ધિ ચોરાશીના અવતારમાં ભાઈ! તારી દયા કરનારું કોઈ નથી. ન્યાં કોઈ પાંજરાપોળ નથી કે ચાલે. આહાહા..! તારી ચીજ શરણમાં છે એની તો તને ખબર નથી અને તારા શરણમાં નથી એવી ચીજનો તને બોધ થયો. સમજાય છે કાંઈ?

અહીં કહે છે, પ્રભુ! એકવાર સાંભળ તો ખરો. અહીંયા તો ભગવાન તરીકે જ બોલાવે છે. આચાર્ય મહારાજ દિગંબર સંત 'અમૃતચંદ્રાચાર્ય' ૭૨ ગાથામાં ભગવાનઆત્મા (કહીને બોલાવે છે). અરે..! એને કેમ બેસે? આહાહા..! પામરતામાં પડ્યા એને પ્રભુતા કહેતા એને પ્રભુતા કેમ બેસે? આહાહા..! એ આગળ આવશે. આત્મામાં પ્રભુત્વ નામની શક્તિ છે. પ્રભુત્વ નામની સાતમી શક્તિ છે. આ પહેલી શક્તિનું વર્ણન છે.

કહે છે કે, જીવત્વશક્તિથી આત્મા જીવે છે, ટકે છે. જીવત્વશક્તિનું, આત્મદ્રવ્યનું કારણ કોણ? ચૈતન્યમાત્રભાવ. આહાહા..! તેનું કારણ, ધારણ. ચૈતન્યમાત્ર આત્મદ્રવ્યનું કારણ, તેનું ધારણ. આ તો વીતરાગી વાતું છે, બાપા! આહાહા..! **'જેનું લક્ષણ છે...'** શું કહ્યું? આત્મદ્રવ્યના કારણભૂત ચૈતન્યમાત્ર જેનું લક્ષણ છે. ચૈતન્યમાત્ર ધારણ કરવું જેનું લક્ષણ છે. આહા..! સમજાય છે કાંઈ? આહાહા..! અરે..! આમ તો અનંતવાર અગિયાર અંગ ને નવ પૂર્વ શાસ્ત્ર ભણી લીધા, એમાં શું થયું? આહાહા..!

ભગવાનઆત્મા, આત્મદ્રવ્ય, વસ્તુ, તેનું ટકવાનું કારણ એવો જે ચૈતન્યમાત્રભાવ, તેનું ધારણ. આત્માએ ચૈતન્યમાત્રભાવને ધારણ કર્યો છે. આહાહા..! એણે કદી રાગ અને શરીરને ધારણ કર્યા જ નથી. સમજાય છે કાંઈ? સમજાય એટલું સમજવું, પ્રભુ! આ તો ભગવાન જિનેશ્વરદેવની વાત છે, આ વાત બીજે ક્યાંય નથી. જિનેશ્વર ત્રિલોકનાથ પરમાત્મા મહાવિદેહમાં તો બિરાજે છે. આહાહા..! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :– આ આત્મવિજ્ઞાન છે.

ઉત્તર :– આત્મવિજ્ઞાન છે, વિજ્ઞાનનું વિજ્ઞાન છે. લોકો આ વિજ્ઞાન કહે છે ને? આમ લઈ ગયા ને... એ બધા.. આ તો વિજ્ઞાનનું વિજ્ઞાન છે, પ્રભુ! તેં કદી કર્યું નથી, તને કદી ખ્યાલમાં આવ્યું નથી. ભગવાનઆત્મા અનંતશક્તિનો પિંડ તને ખ્યાલમાં આવ્યો નથી. તારી કિંમત તેં કરી નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

**'આત્મદ્રવ્યને કારણભૂત એવા ચૈતન્યમાત્રભાવ...'** જોકે ચિતિશક્તિ પછી કહેશે પણ એ જીવત્વશક્તિનું ચિતિશક્તિ લક્ષણ છે. એ પછી કહેશે, બીજી ચિતિ(શક્તિ છે). સમજાય છે કાંઈ? પરમાર્થે તો જ્ઞાન, દર્શન, આનંદ પ્રાણ જીવત્વશક્તિ છે. પ્રાણ એટલે એની શક્તિ જે છે, એના ટકવાના પ્રાણ, ત્રિકાળ ભગવાનઆત્મા જ્ઞાનથી, આનંદથી, દર્શનથી અને વીર્યથી (ટકી રહ્યો છે). વીર્ય એટલે આ શરીરની રેત નહિ. અંદર વીર્ય એટલે આત્મબળ–શક્તિ જે સ્વરૂપની રચના કરે એવું આત્મામાં બળ છે. એવા જ્ઞાન, દર્શન, આનંદ અને બળનું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ધારણ (કરવું). આત્મદ્રવ્યનું કારણ ચૈતન્યમાત્રભાવનું ધારણ (કરવું તે). આહાહા..! અરે..! પ્રભુ! આ વાત સાંભળવા મળે નહિ એ ક્યાં જાય અને ક્યાં રહેશે? દયા કરો ને વ્રત કરો ને અપવાસ કરો ને ભક્તિ કરો ને પૂજા કરો.. ભાઈ! એ તો બધી ક્રિયાઓ રાગની છે. આહાહા..! એ ધર્મ નહિ. ભગવાન તને ખબર નથી. આહાહા..!

આ ભગવાનઆત્મા તો ચૈતન્યમાત્રભાવનું ધારણ (કરવું) જેનું સ્વરૂપ (છે). લક્ષણનો અર્થ (સ્વરૂપ) કર્યો. આત્મપદાર્થ, તેનું કારણ, ચૈતન્યમાત્ર જેનું ધારણ, ચૈતન્યમાત્ર જેનું સ્વરૂપ છે તેને તેણે ધારણ કર્યું છે. સાધારણમાં ઉપદેશ ચાલે છે એ કરતાં આ જુદી વસ્તુ છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- જીવત્વશક્તિ જુદી વસ્તુ છે.

ઉત્તર :- આ જીવત્વશક્તિની વાત ચાલે છે. આહાહા..! અમને આ સમયસાર તો (સંવત) ૧૯૭૮ ની સાલથી મળ્યું છે. ૭૮. કેટલા વર્ષ થયા? ૫૫. પંચાવન વર્ષ થયા. અમારે તો નાની ઉંમરથી આ ધંધો હતો, બીજું કાંઈ હતું નહિ. દુકાન ઉપર પણ (વાંચન કરતા). પિતાજીની દુકાન હતી. ત્યાં પણ અમે તો શાસ્ત્ર વાંચતા હતા.

કહે છે કે તારા ઘરમાં શું છે? પ્રભુ! તારા ઘરમાં તો જીવત્વશક્તિ ભરી છે. સમજાય છે કાંઈ? એ શક્તિ કેવી છે? કે ચૈતન્યલક્ષણ ધારણ કરવું જેનું સ્વરૂપ છે એવી જીવત્વશક્તિ. જુઓ! આહાહા..! શક્તિવાન જે શક્તિને ધરનાર છે, આ એક શક્તિ છે એવી અનંતશક્તિને ધરનાર જે દ્રવ્ય-વસ્તુ છે, તેની ઉપર દૃષ્ટિ કરવાથી સમ્યગ્દર્શન થાય છે. શક્તિ ઉપર લક્ષ કરવાથી પણ નહિ. શક્તિ તો ગુણ છે. ગુણીના ગુણના ભેદદૃષ્ટિથી પણ સમ્યગ્દર્શન થતું નથી. આહાહા..! સમજાય છે કાંઈ? આવી વાત છે, ભાઈ! એ જીવત્વશક્તિ.

'**(આત્મદ્રવ્યને કારણભૂત એવા ચૈતન્યમાત્રભાવરૂપી...)**' એ ભાવ છે ને? વસ્તુ ભાવવાન છે અને શક્તિ ભાવ છે. સાકર ભાવવાન છે અને મીઠાશ અને સફેદાઈ છે તે તેનો ભાવ છે. એમ ભગવાનઆત્મા દ્રવ્ય છે તે ભાવવાન છે અને આ જીવત્વશક્તિ, જ્ઞાન, દર્શન પ્રાણ તેના ભાવ છે. આ પર્યાયની વાત નથી. આહાહા..! '**(આત્મદ્રવ્યને કારણભૂત એવા ચૈતન્યમાત્રભાવરૂપી ભાવપ્રાણનું ધારણ કરવું...)**' ભાષા જુઓ! ભાવપ્રાણ. જડ પાંચ ઇન્દ્રિય, મન, વચન ને કાયા, આયુષ્યને શ્વાસ એ દસ જડ (પ્રાણ). એ તો જડની દશા છે. પોતાની પર્યાયમાં પાંચ ઇન્દ્રિયના ક્ષયોપશમપણે થાય એ પણ અશુદ્ધ નિશ્ચયનયથી પર્યાયમાં છે. તેના દ્રવ્ય અને ગુણમાં એ નથી. આહાહા..! જીવત્વશક્તિ, ચૈતન્યભાવપ્રાણ, જ્ઞાન અને આનંદને ધરનાર, એવી શક્તિને ધરનાર ભગવાન ઉપર દૃષ્ટિ કરવાથી ચૈતન્યભાવપ્રાણની પરિણતિ ક્રમવર્તી દશા થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ?

ફરીથી, વસ્તુ જે ચેતનશક્તિવાન છે તેની ચૈતન્ય શક્તિ છે. ચેતન એ દ્રવ્ય છે અને તેની શક્તિ ચૈતન્ય, ચૈતન્ય શક્તિ ભાવ છે. એ ભાવને ધરનાર ભગવાન ઉપર દૃષ્ટિ કરવાથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પર્યાયમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય થાય છે તે ક્રમવર્તી થાય છે. એ પણ વાંધા. ક્રમવર્તીના વાંધા. આજે આવ્યું છે, ભાઈ! પેલું 'સન્મતિ સંદેશ' આવે છે ને? સન્મતિ સંદેશ નહિ, જ્ઞાનમતિ આર્જિકા છે ને? એમાં આવ્યું છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યનું નથી કરતું? શું છે? એ એકાંત છે. અરે..! ભગવાન!

મુમુક્ષુ :– બધું સ્પષ્ટ થઈ ગયું.

ઉત્તર :– એ તો પહેલેથી જ સ્પષ્ટ કરીએ છીએ. શું કર્મ વિના આત્મામાં વિકાર થાય છે? અને તમે ચાર ગતિમાં રખડો છો એ કર્મ વિના રખડો છો? અરે..! આહાહા..! પોતાની ભ્રાંતિ અને વિકારથી ચાર ગતિમાં રખડે છે. 'કર્મ બિચારે કૌન' એ તો જડ માટી ધૂળ પર છે. 'અપને કો આપ ભૂલ કે હૈરાન હો ગયા.' પોતાની વસ્તુ આનંદકંદ પ્રભુ સચ્ચિદાનંદ આનંદસ્વરૂપ છે, સત્ નામ શાશ્વત આનંદસ્વરૂપ, ચિદાનંદ–જ્ઞાન અને આનંદ (સ્વરૂપ છે). એવી ચીજના ભાન વિના, તેની કિંમત કર્યા વિના મિથ્યા ભ્રમમાં રાગાદિ મારા છે, શરીર મારું છે અને પર્યાય જેવડો હું છું, એમ માનીને ભ્રાંતિથી ચાર ગતિમાં રખડે છે. સમજાય છે કાંઈ?

કહે છે કે જ્ઞાનમાત્રભાવ આત્મામાં **'ભાવપ્રાણનું ધારણ કરવું...'** આહાહા..! જ્ઞાન–જાણવું, દર્શન–દેખવું, આનંદ–સુખરૂપ દશા, સુખરૂપ શક્તિ અને વીર્ય–બળશક્તિ, એ ભાવપ્રાણનું ધારણ કરવું એ જીવત્વશક્તિનું સ્વરૂપ છે. ધ્યાન રાખે તો સમજાય એવું છે, કાંઈ ન સમજાય એવું નથી, એવી કોઈ ચીજ નથી. આહાહા..! આ તો પરમેશ્વરનો વીતરાગ માર્ગ છે, બાપુ! આ તો ધૂળધાણી છે, શરીર ને વાણી ધૂળ ને ધાણી છે. આહાહા..! પૈસા ને બાયડી, છોકરા ને કુટુંબ બધા મસાણના ભપકા છે. મસાણના ભપકા. મસાણ સમજો છો? સ્મશાનમાં જે હાડકા હોય છે ને? હાડકા, એમાં ફાસફૂસ હોય છે તેનાથી ચમક ચમક થાય. અમે નાના હતા ત્યારે છોકરાઓ મસાણમાં જઈએ તો કહે, એ તો ભૂત લાગે છે. ભૂત નથી, હાડકામાં ફાસફૂસ હોય છે (તેની ચમક છે).

એમ આ જગતમાં આત્મા સિવાય જગતની આ બધી (વસ્તુઓ) ફાસફૂસ છે. સમજાય છે કાંઈ? આહાહા..! એ પૈસા ને મોટા બંગલા, મહેલ ને ચાલીસ લાખના બંગલા... છે ને આપણે? 'પોપટભાઈ' ગયા લાગે છે. 'ગોવા'માં એક સ્થાનકવાસી 'શાંતિલાલ ખુશાલ' છે. એના બેનની બે દીકરી આપણે ત્યાં બાળ બ્રહ્મચારી છે. અહીંયા ૬૪ બાળ બ્રહ્મચારી બહેનો છે ને? એમાં બે દીકરી એમના બેનની છે. એ દોઢ વર્ષ પહેલા ગુજરી ગયા પણ એની પાસે બે અબજ ચાલીસ કરોડ રૂપિયા. શું 'નંદકુમાર'? બે અબજ ચાલીસ કરોડ. બસો ચાલીસ કરોડ.

મુમુક્ષુ :– બહુ વૈભવ છે.

ઉત્તર :– ધૂળમાં વૈભવ છે, મારી નાખ્યા. એ દોઢ વર્ષ પહેલા મુંબઈ આવેલા. 'ગોવા'

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


માં છે, 'ગોવા'માં. ચાલીસ લાખનો તો રહેવાનો બંગલો છે અને દસ દસ લાખના બીજા બે બંગલા છે. સાંઈઠ લાખના બંગલા છે. આખી દુનિયામાં પૈસાવાળા છે એમાં ત્રીજા-ચોથા નંબરે એ પૈસાવાળા છે. એમની બેનની દીકરી અહીંયા બાળ બ્રહ્મચારી છે. એના બનેવી 'પોપટભાઈ' અહીં આવે છે. પાંચ મિનિટમાં (ગુજરી ગયા). એની સ્ત્રીને.. શું કહેવાય? હેમરેજ થયું હતું તો એ ગામ છોડીને 'મુંબઈ' આવેલા. બે-ચાર દિવસ થયા અને એકદમ રાત્રે દોઢ વાગે ઉઠ્યા અને કહ્યું, મને દુઃખે છે. એમ કહ્યું, ડૉક્ટરનો બોલાવો. ડૉક્ટર આવ્યા ત્યાં... રવાના બીજા ભવમાં. આહાહા..! ક્યાં ગઈ તારી ધૂળ? ચાલીસ લાખના ને સાંઈઠ લાખના બંગલા ને બે અબજ ચાલીસ કરોડ. 'પોપટભાઈ'! તમે એને જોયા હતા? જોયા હતા. અહીં એક ફેરી આવ્યા હતા. પૈસા બહુ નહોતા ત્યારે આવ્યા હતા. પછી આવવાનો ભાવ હતો પણ આવી શક્યા નહિ. દેહ છૂટી ગયો. આહાહા..! ધૂળમાં એ ચીજ ક્યાં તારી હતી? એની કિંમત કરે છે પણ પ્રભુ! આ અનંત લક્ષ્મીનો પિંડ પ્રભુ, અનંત અનંતશક્તિની લક્ષ્મીનો પિંડ પ્રભુ, એની તો પ્રતીતિ નથી, કિંમત નથી અને અજ્ઞાનીને આ ધૂળની કિંમત છે. આહા..! આ પૈસાવાળા છે ને આ શેઠ છે ને.. શેઠ છે કે હેઠ છે બધા? ધૂળમાં પણ શેઠ નથી, કોણ કહે છે શેઠ?

અહીં તો અનંતઆનંદનો નાથ, અનંતશક્તિનો ભંડાર તેની જેને પ્રતીત અને અનુભવ થાય તે શ્રેષ્ઠ અને શેઠ છે. દરબાર! અહીં તો આવી વાત છે, બાપુ! દુનિયાથી જુદી જાત છે. આ ઘણા માણસ બહારથી ક્યાંકથી આવ્યા છે, સેંકડો ગાઉથી આવ્યા છે તો સાંભળે તો ખરા. એટલી સગવડતા, અગવડતા અહીંયા હોય. એના ઘર જેવી બધી સગવડતા ક્યાંથી હોય? તોપણ બહારથી આવ્યા છે ને? તો સાંભળે તો ખરા કે પ્રભુ! તારી ચીજ શું છે? તેં કદી સાંભળ્યું નથી. તારી ચીજની કિંમત તને આવી નથી. આહા..! કેમકે એ ચીજને નજરમાં લીધી નહિ. વર્તમાન નજરમાં ઇન્દ્રિયના વિષયને લક્ષમાં લીધો. સમજાય છે કાંઈ? ભગવાન આદિ પરદ્રવ્ય છે તેમને લક્ષમાં લીધા તે પણ ઇન્દ્રિયનો વિષય છે.

'સમયસાર'ની ૩૧મી ગાથા છે એમાં એમ લીધું છે, **'जो इंदिये जिणित्ता'** વાત થોડી સૂક્ષ્મ છે. જે ઇન્દ્રિયને જીતે છે તે અનીન્દ્રિયની કિંમત કરે છે. અનીન્દ્રિય ભગવાનઆત્મા અનંતશક્તિનો પિંડ પ્રભુ (છે). ઇન્દ્રિયના ત્રણ પ્રકાર : આ જડ ઇન્દ્રિયો, અંદર ભાવ ઇન્દ્રિયો– જે જ્ઞાનથી પર જણાય છે તે ભાવઇન્દ્રિય–બે, અને એ જ્ઞાનમાં, ઇન્દ્રિયમાં ભગવાન કે સ્ત્રી, કુટુંબ જણાય છે તે બધું ઇન્દ્રિય છે. ત્રણ (પ્રકારની) ઇન્દ્રિયો. કેમકે ઇન્દ્રિયનો વિષય છે. ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા એ પણ ઇન્દ્રિયનો વિષય છે. પોતાનું સ્વરૂપ છે એ અનીન્દ્રિયનો વિષય છે. સમજાય છે કાંઈ? ૩૧મી ગાથામાં એમ કહ્યું કે, **'जो इंदिये जिणित्ता णाणसहावाधियं मुणदि आदं।'** જેણે દ્રવ્યઇન્દ્રિય, ભાવઇન્દ્રિય અને ઇન્દ્રિયના વિષય–ત્રણેનું લક્ષ છોડીને જ્ઞાનસ્વભાવથી અધિક–ભિન્ન ભરેલો છે, ભગવાનઆત્મા જ્ઞાનસ્વભાવથી પરથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અધિક–ભિન્ન છે તેનો અનુભવ કરે તેણે ઇન્દ્રિયોને જીતી અને તેનું નામ સમ્યગ્દષ્ટિ છે. આહાહા..!

અહીં એ કહે છે, જુઓ! છે? **'ભાવપ્રાણનું ધારણ કરવું જેનું લક્ષણ છે...'** જીવત્વશક્તિના ભાવ તો જ્ઞાન, દર્શન, આનંદ એ પ્રાણ છે, પ્રાણી આત્માના એ પ્રાણ છે. આહાહા..! ભગવાનઆત્મા પ્રાણી, તેના આનંદ, જ્ઞાન, દર્શન આદિ પ્રાણ છે. એ પ્રાણથી એનું જીવન છે. આહાહા..! એવા પ્રાણથી જીવ્યો છે, જીવે છે અને જીવતો રહેશે. આહાહા..! આવી વાતું છે. સમજાય છે કાંઈ?

જીવત્વશક્તિ છે એ અનંતશક્તિમાં વ્યાપક છે. ઇ શું કહ્યું? સમજ્યા? જેટલી અનંતશક્તિઓ–ગુણ છે, અનંતગુણ છે, શક્તિ કહો કે ગુણ કહો, સ્વભાવ કહો, ભાવ કહો, એક ભાવ સર્વમાં વ્યાપક છે, અનંતમાં વ્યાપક છે. આહાહા..!

બે દિવસ પહેલા એક પ્રશ્ન ચાલેલો. 'કેશુભાઈ' 'વઢવાણ'ના છે. ઘણું વાંચન છે. એને બીજાએ કહ્યું, તમે નિમિત્તથી કાંઈ થાતું નથી એમ માનો છો તો ત્યાં (સોનગઢ) કેમ જાઓ છો? તો આમણે જવાબ આપ્યો કે નિમિત્તથી થતું નથી એમ દઢ કરવા જઈએ છીએ. ભાઈ! 'કેશુભાઈ' 'વઢવાણ'ના છે, નહિ? છોકરાઓ છે. 'વજુભાઈ'ના વેવાઈ છે.

અહીં તો કહે છે, ભગવાનઆત્મા... આહાહા..! પ્રાપ્ત થાય છે તે નિમિત્તથી પ્રાપ્ત થતો નથી, એમ કહે છે. ભગવાનની વાણીથી પણ પ્રાપ્ત થતો નથી, એમ 'પરમાત્મ પ્રકાશ'માં છે. દિવ્યધ્વનિથી પણ પ્રાપ્ત થતો નથી. કારણ કે દિવ્યધ્વનિ પર છે. તેનું લક્ષ છોડીને પોતામાં લક્ષ કરે છે તો પ્રાપ્ત થાય છે. 'રમણીકલાલ'! આવી વાતું છે, બાપુ! આહાહા..! ભાગ્યવાનને તો કાને પડે એવી ચીજ છે. પૈસાવાળા ભાગ્યવાન એ તો બધા ઠીક છે, એ બધા તો ભાંગશાળી છે. ભાગ્યશાળી નહિ, ભાંગશાળી. આ (સાંભળે ઇ) ભાગ્યશાળી. આહાહા..! વીતરાગની વાત અંતરના તત્ત્વની ઝીણી સૂક્ષ્મ વાત કાને પડે એ ભાગ્યશાળી જીવ છે.

અહીં કહે છે કે **'(ભાવપ્રાણનું ધારણ કરવું જેનું લક્ષણ છે એવી જીવત્વ નામની શક્તિ જ્ઞાનમાત્ર ભાવમાં–'** એ શું કહે છે? પહેલેથી એમ કહેતા આવ્યા છે કે આત્મા જ્ઞાનમાત્ર છે, એમ કહેતા આવ્યા છે. કોઈ કહે કે, જ્ઞાનમાત્ર કહો તો એકાંત થઈ જશે. બીજી અનંતશક્તિ છે ને? સાંભળ તો ખરો, પ્રભુ! જ્ઞાનમાત્રની સાથે જીવ જ્ઞાનસ્વરૂપ છે એવી જ્યારે જ્ઞાનની પર્યાય થાય છે તો એ પર્યાયમાં અનંતશક્તિઓ સાથે ઉછળે છે. અનંતશક્તિની પર્યાય એમાં પરિણમે છે. આહાહા..! સમજાય છે કાંઈ? આવો માર્ગ છે, પ્રભુ!

**'ધારણ કરવું જેનું લક્ષણ છે એવી જીવત્વ નામની શક્તિ જ્ઞાનમાત્ર ભાવમાં–આત્મામાં–ઉછળે છે).'** જુઓ! ઇ શું કહ્યું? સૂક્ષ્મ છે. જીવત્વશક્તિ છે, જ્ઞાન, દર્શન, આનંદ પ્રાણ, બળ પ્રાણ છે એવી અનંતશક્તિઓ છે. જ્ઞાનમાત્ર આત્મા અમે કહ્યું તો આચાર્ય કહે છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કે જ્ઞાનમાત્ર એકલો નથી પણ જ્ઞાનમાત્રનું જ્યાં ભાન થયું તો જ્ઞાનની પરિણતિની સાથે પર્યાયમાં આનંદ આવ્યો. એ પર્યાયમાં–જ્ઞાનની પર્યાયમાં અનંતશક્તિની પર્યાય ઉછળે છે, અનંતશક્તિની પર્યાય સાથે ઉત્પન્ન થાય છે. સમજાય છે કાંઈ? સમજાય એટલું સમજો, પ્રભુ! આ તો... આહાહા..! 'સહેજે સમુદ્ર ઉલ્લસ્યો, જેમાં રતન તણાણા જાય, ભાગ્યવાન કર વાવરે એની મોતીએ મુઠ્ઠી ભરાય.' સમુદ્ર ઉલ્લસ્યો છે. ભગવાન! તારો દરિયો અંદર અનંતગુણથી ઉલ્લસ્યો છે.

અમે જ્ઞાનમાત્ર કહ્યું હતું તો જ્ઞાનમાત્ર કહેવામાં એકાંત થઈ જાય છે એમ જો તને લાગતું હોય તો એમ નથી. જ્ઞાનમાત્ર આત્મા છે એવી જ્યાં દૃષ્ટિ અનુભવ થયો તો પર્યાયમાં જ્ઞાનની પર્યાય સાથે અનંતગુણની પર્યાય ઉછળે છે. આહાહા..!

મુમુક્ષુ :– અનંતગુણની પર્યાય જાણવામાં આવે છે?

ઉત્તર :– જાણવામાં આવે છે અને પરિણમનમાં આવે છે. જણાય છે, પરિણમન છે એટલું છે. અનંતગુણની પર્યાય જ્ઞાનમાત્રની પર્યાય સાથે છે. સમજાય છે કાંઈ? મલિન (પર્યાયની વાત) અહીંયા નથી. આ તો શક્તિનું વર્ણન છે તો દ્રવ્યસ્વરૂપ એની શક્તિઓ નિર્મળપણે પરિણમે એ પર્યાય અહીંયા લેવી. મલિનપણે પરિણમે એ વાત અહીંયા નથી. શું કહ્યું?

શક્તિ છે એ શુદ્ધ છે અને ભગવાન પણ શુદ્ધતા ધરનાર શુદ્ધ છે તો એની દૃષ્ટિ કરવાથી પર્યાય પણ શુદ્ધ થાય છે. પવિત્ર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય, ક્રમવર્તી પર્યાયમાં લીધી છે. રાગ થાય છે તે તેની ક્રમવર્તી પર્યાયમાં ગણવામાં આવ્યો નથી. વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૨ શક્તિ–૧ શુક્રવાર, શ્રાવણ વદ ૧૩, તા. ૧૨-૦૮-૧૯૭૭

---

આ 'સમયસાર' ચાલે છે. એમાં શક્તિનો અધિકાર ચાલે છે. શક્તિનો અર્થ શું? જે આત્મા વસ્તુ છે એમાં ગુણ છે, ગુણ. આત્મપદાર્થ છે, જેમ સાકર પદાર્થ છે તો એમાં મીઠાશ, સફેદાઈ શક્તિ છે. તેમ આ આત્મદ્રવ્ય છે એ વસ્તુ છે અને એમાં આ જીવત્વશક્તિ આદિ શક્તિઓ ગુણ છે. પ્રશ્ન તો એ ચાલે છે કે અત્યાર સુધી એમ કહ્યું કે આત્મા જ્ઞાનમાત્ર છે એમ કહેતા આવ્યા છે. સમજાય છે કાંઈ? એ શરીર નહિ, વાણી નહિ, મન નહિ, પુણ્ય-પાપરૂપ પણ નથી અને એક સમયની પર્યાયમાત્ર પણ નથી. સૂક્ષ્મ વાત છે. સમજાય છે કાંઈ? ભગવાનઆત્મા, સર્વજ્ઞ જિનેશ્વરદેવે જેવો જોયો છે અને જેવો છે તેમ કહે છે. તો કહે છે કે જ્ઞાનમાત્ર આત્મા છે, એમ કહેતા આવ્યા છે તો એમાં એકાંત નથી થઈ જતું? શું કહ્યું?

તો બીજા ગુણ નથી એમ થઈ જાય. જ્ઞાનમાત્ર ભગવાનઆત્માની દૃષ્ટિ કરો તો તમને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આનંદ આવશે અને તેનું નામ ધર્મ છે એમ આપે કહ્યું. તો એમાં તો જ્ઞાનમાત્ર એક જ ગુણ આવ્યો. એક જ ગુણ આવ્યો એમાં અનંતગુણ તો આવ્યા નહિ. સમજાય છે કાંઈ? એમાં તો એકાંત થઈ જાય છે. અનેકાંતની ચર્ચા કરતાં આ શક્તિનું વર્ણન કરે છે. વાત તો એવી છે, ભગવાન! શું કરીએ? અત્યારે તો ફેરફાર થઈ ગયો તો સત્ય વાત કહીએ એમાં ચોર કોટવાળને દંડે, એવી વાત થઈ ગઈ છે. શું કરે? એને આ વસ્તુ હાથમાં આવી નથી. આહાહા..!

અહીંયા તો કહે છે, આવ્યું ને? **'આત્મદ્રવ્યને કારણભૂત એવા ચૈતન્યમાત્રભાવરૂપી ભાવપ્રાણનું ધારણ કરવું જેનું લક્ષણ છે એવી જીવત્વ નામની શક્તિ...'** આત્મામાં છે. આત્મામાં જીવત્વશક્તિ છે તો એમાં ચાર બોલ મુખ્યપણે લીધા. જ્ઞાન પ્રાણ, દર્શન પ્રાણ, આનંદ પ્રાણ, વીર્ય પ્રાણ ત્રિકાળી. એ ત્રિકાળી જીવત્વ શક્તિમાં ભાવપ્રાણ ધારણ કરવાની તેની શક્તિ છે. આહાહા..! સમજાય છે કાંઈ? પુણ્ય ને પાપને ધારણ કરવા એ એની શક્તિમાં નથી. આહાહા..! દયા, દાન, વ્રત, ભક્તિના શુભભાવ આદિ હો પણ એને ધારણ કરવા એ શક્તિનો સ્વભાવ નથી. આહાહા..! ઝીણી વાત, ભગવાન! આ તો પરમાત્મા જિનેશ્વરની વાણી છે.

કહે છે કે જ્ઞાનમાત્ર આત્મા અમે જે કહ્યો તો દ્રવ્યસ્વભાવમાં જ્ઞાનમાત્રને કારણે દૃષ્ટિ જ્ઞાન ઉપર ગઈ. વર્તમાન પર્યાય જે પરને દેખે છે તે તો વિપરીત દશા છે. એ જ્ઞાનની પર્યાય પોતાને જોવામાં જાય. આહાહા..! એ..ય...! 'ધન્નાલાલજી'! આહા..! ભગવાનઆત્મા દ્રવ્ય–વસ્તુ અને જીવત્વશક્તિ એ ગુણ વસ્તુ અને એ દ્રવ્યની દૃષ્ટિ જ્યારે થાય છે, દ્રવ્ય ઉપર દૃષ્ટિ પડે છે તો એ જીવત્વશક્તિનું પરિણમન પર્યાયમાં આવે છે. જીવત્વશક્તિ જે ત્રિકાળ છે, જ્ઞાન, દર્શન, આનંદ પ્રાણને ધારણ કરનારી શક્તિ એ ગુણ છે પણ એ દ્રવ્ય ત્રિકાળી છે તેની શક્તિ છે અને તે વર્તમાન પર્યાય જ્યારે ત્રિકાળ દ્રવ્યને પકડે છે, ત્યારે જીવત્વશક્તિના ત્રણ રૂપ થઈ જાય છે. ઝીણી વાત છે, ભગવાન! એ જીવત્વશક્તિ દ્રવ્યમાં પણ વ્યાપક છે, ગુણમાં પણ વ્યાપક છે અને પર્યાયમાં પણ વ્યાપક થઈ જાય છે. આહાહા..! ધીમેથી સમજવાની ચીજ છે, બાપુ! આ તો વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર જિનેશ્વરના કથન બહુ સૂક્ષ્મ છે અને અપૂર્વ વાત છે. એણે કદી કર્યું નથી.

જે જ્ઞાનની વર્તમાન દશા છે, જેની છે તેને જોતી નથી અને જે પર્યાય જેની નથી તેને જોવે છે. એ તો વિપરીત દૃષ્ટિ છે. સમજાય છે કાંઈ? તો કહે છે કે જ્ઞાનની પર્યાય–અવસ્થા જીવત્વશક્તિને ધારણ કરનાર જીવ–આત્મા ઉપર જ્યારે દૃષ્ટિ પડે છે ત્યારે જીવત્વશક્તિ ત્રણરૂપ પરિણમન કરે છે. સમજાણું કાંઈ? દ્રવ્યમાં રહે છે, ગુણમાં રહે છે અને પર્યાયમાં. ક્રમવર્તી અને અક્રમવર્તી ગુણ-પર્યાયનો પિંડ તે આત્મા એમ કહેવું છે. બધી વાત સૂક્ષ્મ છે, ભગવાન! 'નંદકિશોરજી'! કોઈ વખતે આવે છે ને એટલે યાદ ન રહે. આહાહા..!

કહે છે, આહાહા..! ભજનમાં આવે છે, નહિ? 'નંદન' આવે છે, ભૂલી ગયા. પહેલા તો ધારણા ઘણી હતી. દુકાન ઉપર પણ અમે તો (વાંચતા હતા). ૧૬-૧૭-૧૮ વર્ષની ઉંમરે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



'નંદલાલ નહિ રે આવું રે ઘરકામ છે' એવું અન્યમતિમાં આવે છે. એ આપણે ત્યાં 'આંકડિયા'માં ગાયું હતું. 'આંકડિયા' જ્યારે પ્રતિષ્ઠા થઈ ને? ત્યારે કણબી આદિ આખું ગામ પંચ કલ્યાણક પ્રતિષ્ઠામાં જોડાયા હતા. ત્યાં ગાયું હતું, 'નંદલાલ નહિ રે આવું રે ઘરકામ છે' 'શ્રીકૃષ્ણ'ને 'નંદલાલ' કહે છે અને જે સખી હતી એ એમ કહે છે, 'હે નંદલાલ નહિ રે આવું' તારી પાસે નહિ આવું, મારે ઘરે કામ છે. એમ આ 'નંદલાલ નહિ રે આવું ઘરકામ છે' પર્યાયમાં એવી માન્યતા અનાદિથી છે કે ઘરમાં નહિ જતાં પરમાં જાય છે. 'નંદકિશોરજી'! એ 'પંચસંગ્રહ'માં બહુ લીધું છે. 'પંચસંગ્રહ' છે ને? 'અધ્યાત્મપંચસંગ્રહ' 'દીપચંદજી'નું કરેલું. એમાં 'જ્ઞાનદર્પણ' છે એમાં આ વાત બહુ લીધી છે, બહુ લીધી છે. શક્તિનું વિશેષ વર્ણન જો કોઈએ કર્યું હોય તો એક 'દીપચંદજી'એ કર્યું છે. થોડું 'સમયસાર નાટક'માં પાછળ આવે છે પણ એમણે જે 'જ્ઞાનદર્પણ'માં, છેલ્લે 'સવૈયા' છે એમાં સ્પષ્ટ કર્યું છે. 'અધ્યાત્મ પંચસંગ્રહ' નામનો ગ્રંથ છે. આમાં પાંચ ગ્રંથ છે.

એમાં એમ લીધું છે, શક્તિનું વર્ણન બહુ કર્યું છે. બીજા કોઈએ એવું કર્યું નથી. એમાં એમ કહે છે, જીવત્વ નામની શક્તિનું વર્ણન પણ બહુ કર્યું છે. 'ચિદ્વિલાસ'માં અને 'પંચસંગ્રહ'માં. 'દીપચંદજી' સમકિતી હતા, આત્મજ્ઞાની હતા. એ એમ કહે છે, હું સાધર્મી છું. 'દીપચંદજી સાધર્મી કૃત' એમ હું કહું છું. ભગવાન! હું તો તમારો સાધર્મી છું. એમ કહે છે. તમારો દ્રવ્ય સ્વભાવ એ મારો સાધર્મી છે. પર્યાયમાં ભૂલ છે તેને એક કોર રાખો. તમારું દ્રવ્ય-વસ્તુ જે છે તે ભગવાન પરિપૂર્ણ આનંદ સ્વરૂપ છે તે અપેક્ષાએ તો હું પણ દ્રવ્ય છું અને તું પણ દ્રવ્ય છો તો તું મારો સાધર્મી છો. સમજાય છે કાંઈ?

એમાં જીવત્વશક્તિનું વર્ણન કરતાં એમ લીધું છે કે પહેલી જે જીવત્વશક્તિ છે તે આખા જગતને સ્પર્શ કરનારી છે. સમજાય છે કાંઈ? જીવત્વશક્તિ, જે જ્ઞાન, દર્શન, આનંદ, બળ પ્રાણને ધરનારી છે તે શક્તિ અને શક્તિવાન એવો ભેદ પણ છોડીને... આહાહા..! જીવત્વશક્તિ અને જીવદ્રવ્ય શક્તિવાન, એમ શક્તિ અને શક્તિવાનની ભેદદૃષ્ટિ પણ છોડીને. 'જ્ઞાનચંદજી'! ભગવાન પૂર્ણાનંદ જીવત્વશક્તિ આદિ અનંતશક્તિને ધરનારું એકરૂપ જ્ઞાયક છે એ જ્ઞાયક ઉપર દૃષ્ટિ દેવાથી, જ્ઞાનભાવની પરિણતિ જ્યારે થાય છે. એમ કહ્યું કે જ્ઞાનમાત્ર આત્મા છે, તો જ્ઞાનમાત્રની પર્યાય સમ્યગ્જ્ઞાન, આનંદ સહિત થઈ. એ જ્ઞાનની પર્યાયની ઉત્પત્તિમાં અનંતગુણની પર્યાય સાથે ઉછળે છે. અંદર છે, જુઓ!

**'આત્મદ્રવ્યને કારણભૂત એવા ચૈતન્યમાત્રભાવરૂપ ભાવપ્રાણનું ધારણ કરવું જેનું લક્ષણ છે...'** આ તો અધ્યાત્મની વાત છે, ભગવાન! આ કાંઈ કથા-વાર્તા નથી. વીતરાગી સંતો, મુનિ દિગંબર વીતરાગી મુનિઓ અતીન્દ્રિય આનંદના ઝુલે ઝુલનારા, એમને વિકલ્પ આવ્યો અને આ શાસ્ત્ર બની ગયું. આહાહા..! એમને દુનિયાની કાંઈ પડી નહોતી પણ એમને એમ આવ્યું કે, મને ટીકા કરવાનો વિકલ્પ વારંવાર આવે છે. 'નિયમસાર'માં 'પદ્મપ્રભમલધારીદેવ'

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કહે છે, મને વારંવાર વિકલ્પ આવે છે એટલે ટીકા થઈ ગઈ છે. મારા મનમાં એમ આવે છે કે આ 'નિયમસાર'ની સ્પષ્ટતા થાય, એવો વિકલ્પ આવે છે તો આ શાસ્ત્ર બની જાય છે. સમજાય છે કાંઈ? એ વિકલ્પના પણ સ્વામી નથી. વિકલ્પના પણ સ્વામી નથી. એ તો જીવત્વશક્તિને ધરનાર ભગવાન... આહાહા..! તેના ઉપર દૃષ્ટિ દેવાથી જીવત્વશક્તિનું પર્યાયમાં–ઉત્પાદ-વ્યયમાં જીવત્વશક્તિનું પરિણમન થાય છે. જ્ઞાન, આનંદ, શાંતિ, બળની પર્યાય જ્ઞાનમાત્ર પર્યાયની સાથે પરિણમનમાં એ પર્યાયો ઉછળે છે. ઉછળે છે એનો અર્થ તેમાં ઉત્પન્ન થાય છે. આ ઝીણી વાત છે. સમજાય છે કાંઈ? આહાહા..! આવી વાત છે.

એક શક્તિ દ્રવ્ય, ગુણ ને પર્યાય ત્રણેમાં વ્યાપે છે. કઈ રીતે? કે જે જીવત્વશક્તિ છે, જ્ઞાન, દર્શન, અતીન્દ્રિય આનંદ અને વીર્ય જેના પ્રાણ છે એવી શક્તિને ધરનાર આત્મા... આહાહા..! તેના ઉપર દૃષ્ટિ પડવાથી અને જ્ઞાનની પર્યાયમાં એ પોતાની ચીજને જ્ઞેય બનાવીને... આહાહા..! પર્યાયમાં જ્ઞાનની પર્યાયમાં (જ્ઞેય બનાવે). ભગવાન! માર્ગ બહુ સૂક્ષ્મ છે. પોતાની જ્ઞાનની વ્યક્ત–પ્રગટ પર્યાય છે.

ભગવાન 'સમયસાર' ૧૭-૧૮ ગાથામાં તો એમ કહે છે, નિશ્ચયથી તો એવો સ્વભાવ છે કે પર્યાયમાં દ્રવ્યનું જ જ્ઞાન થાય છે. પર્યાયનો સ્વભાવ સ્વપરપ્રકાશક છે. અજ્ઞાનીની પર્યાયમાં પણ સ્વપરપ્રકાશક સ્વભાવ છે તો પર્યાયમાં દ્રવ્યનું જ જ્ઞેયરૂપ જ્ઞાન થાય છે. આહાહા..! ઝીણી વાત છે, બાપુ! મારગડા બહુ જુદા, ભાઈ! એ ચોરાશીના અવતારમાંથી નીકળવું.. આહાહા..! બહારમાં તો દુઃખ.. દુઃખ.. દુઃખ છે. શરીરને જુઓ તો માટી–ધૂળ છે, પૈસા જુઓ તો માટી–ધૂળ છે. એને જોવા જાય છે તો સામાન્યરૂપે અશુદ્ધતા ઉત્પન્ન થાય છે અને પોતાને જોવા પોતાની પર્યાય જાય છે તો શુદ્ધતા ઉત્પન્ન થાય છે. સમજાય છે કાંઈ? વર્તમાનમાં તો બહુ ગડબડ થઈ ગઈ છે કે આવી આ વસ્તુ શું કહે છે? અરે..રે...! સમજાય છે કાંઈ? ભાઈ! માર્ગ તો એવો છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :– આપે નવો ધર્મ કાઢ્યો.

ઉત્તર :– નવો ધર્મ નથી, અનાદિનો આ છે. બિલાડીનું બચ્ચુ... બિલાડી હોય છે ને? એનું બચ્ચુ હોય ને? એ બચ્ચુ આજુબાજુના પરિચયમાં આવી જાય પછી બિલાડી સાત દિવસમાં બચ્ચાનું સ્થાન બદલી નાખે, બીજી જગ્યાએ લઈ જાય છે. હેતુ એ છે કે બીજાના પરિચયમાં વધારે આવે તો ગડબડ કરે એટલે સાત દિવસ પછી બીજે લઈ જાય. હજી આંખ ખુલી ન હોય. એમ સાત વાર સાત તરફની દિશા બદલે છે. પછી એની ખાંલ ખુલે છે. આંખ ખુલે પછી જુઓ કે આ! જગત છે? તું જ્યારે જોતો નહોતો ત્યારે પણ જગત તો હતું. આ બિલાડીનું નાની ઉંમરમાં જોયું છે, બધું જોયું છે. 'ઉમરાળા' ગામ નાનું, પાંચ હજારની વસ્તી. એમાં જન્મ થયો. તેર વર્ષ ત્યાં રહ્યા અને નવ વર્ષ દુકાન ઉપર રહ્યા. 'પાલેજ', 'ભરૂચ' અને 'વડોદરા' વચ્ચે છે ને? અમારે છે ને? આવ્યો છે ને ભાઈ? ક્યાં ગયો 'મનસુખ'. ફઈના દીકરા ભાગીદાર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


હતા એના દીકરા છે. એ દુકાન ચલાવે છે. 'કુંવરજીભાઈ' ફઈના દીકરા હતા એમના દીકરા છે. એ તો ગુજરી ગયા, અહીં તો ૮૮ વર્ષ થયા. ૬૪ વર્ષ તો દીક્ષા લીધા થયા. સાડી ત્રેવીસ વર્ષ તો ત્યાં રહ્યા અને દુકાન ઉપર નવ વર્ષ રહ્યા. મેં પાંચ વર્ષ દુકાન ચલાવી. 'પાલેજ'માં દુકાન ચાલે છે. ગૃહસ્થ છે, ત્રણ ભાઈઓ છે. લાખ-લાખની ઊપજ છે. મોટો દીકરો આવ્યો છે. એ બધી ધૂળધાણી. બધા પાપના ધંધા. આહાહા..!

અહીં તો પરમાત્મા એમ કહે છે, તારી વસ્તુમાં એક જીવત્વ નામની શક્તિ એટલે ગુણ એટલે સત્‌નું સત્ત્વ, સત્‌નું સત્ત્વ, સત્‌દ્રવ્યનું કસ છે. જીવત્વશક્તિ એ કસ છે. આહાહા..! તેની ઉપર જ્યારે તારી દૃષ્ટિ પડે, શક્તિ અને શક્તિવાનનો ભેદ પણ છોડીને શક્તિવાન જે આત્મા જ્ઞાયકભાવ ઉપર દૃષ્ટિ પડવાથી જીવત્વશક્તિ ત્રણમાં વ્યાપક થઈ જાય છે. દ્રવ્યમાં જીવત્વશક્તિ, ગુણમાં જીવત્વશક્તિ અને પર્યાયમાં જીવત્વશક્તિ પ્રાપ્ત થાય છે. એમાં શું પ્રાપ્ત થાય છે? આનંદ ને જ્ઞાન ને શાંતિ આદિ અનંતગુણની પર્યાયની પ્રાપ્તિ (થાય છે). જીવત્વશક્તિની પર્યાય સાથે અનંતગુણની પર્યાય સાથે ઉત્પન્ન થાય છે. સમજાય છે કાંઈ? ભાષા સાદી છે, ભગવાન! ભાષા એવી કોઈ આકરી નથી પણ ભાવ તો (ઊંડા છે).

વીતરાગ સિવાય આવી ચીજ બીજે ક્યાંય છે નહિ. જૈન પરમાત્મા સિવાય આવો માર્ગ ક્યાંય કોઈ ઠેકાણે નથી. આહાહા..! વેદાંત આદિએ ઉપનિષદમાં આત્માની ઘણી વાત કરી છે પણ આ નહિ, આ ચીજ નહિ. સમજાય છે કાંઈ? શ્વેતાંબરમાં વાત કરી છે પણ શ્વેતાંબરમાં પણ આ વસ્તુ નથી. એવી વાત છે, ભગવાન! અમે તો કરોડો શ્લોકો જોયા છે. શ્વેતાંબરમાં ૪૫ વર્ષ કાઢ્યા. ૪૩ વર્ષ આમાં થયા. ૪૫ એ અને ૪૩ આ, ૮૮ વર્ષ થયા. કરોડો શ્લોક જોયા છે પણ આ ચીજ નહિ. આ ચીજ તો દિગંબર સંતોએ જે કહી છે તે સિવાય ક્યાંય નથી. સમજાય છે કાંઈ?

અહીં કહે છે કે જીવત્વશક્તિને ધરનારો ભગવાન. અહીં તો ભગવાનઆત્માને જ કહીએ છીએ, હોં! કેમકે ભગ નામ લક્ષ્મી, જ્ઞાન અને આનંદની લક્ષ્મી, વાન નામ લક્ષ્મીનું સ્વરૂપ એનું છે. સમજાય છે કાંઈ? જીવત્વશક્તિ પણ લક્ષ્મી છે. આત્માનું એ સ્વરૂપ છે. આહાહા..! એ જીવત્વશક્તિનો ધરનારો ભગવાન ઉપર પર્યાયની દૃષ્ટિ જાય છે તો પર્યાયમાં આનંદ ને જ્ઞાન ને શાંતિની પર્યાય ઉત્પન્ન થાય છે અને એ જીવત્વશક્તિ દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેમાં વ્યાપી છે. આહાહા..!

એ જીવત્વશક્તિમાં ધ્રુવ ઉપાદાન અને ક્ષણિક ઉપાદાન બન્ને આવી જાય છે. ત્રિકાળી જીવત્વશક્તિ ધ્રુવ ઉપાદાન છે અને પર્યાયમાં પરિણમન થયું, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આદિની પર્યાય થઈ એ ક્ષણિક ઉપાદાન છે. એ ક્ષણિક ઉપાદાનનું પરિણમન, પોતામાં નિર્મળ પર્યાય થઈ તેમાં વ્યવહારનો અભાવ છે. આ અનેકાંત છે. શક્તિના પરિણમનમાં વ્યવહારનો ભાવ આવતો નથી. સૂક્ષ્મ છે, ભગવાન!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આત્માની જે શક્તિ છે, જીવત્વશક્તિ-ગુણ-સ્વભાવ-છે તેનું જ્યારે દ્રવ્ય ઉપર દૃષ્ટિ થવાથી પરિણમન થાય છે તો પર્યાયમાં નિર્મળ જ્ઞાન, નિર્મળ દર્શન, નિર્મળ આનંદ, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા એવા અનંતગુણની પર્યાયની નિર્મળતા પ્રગટ થાય છે. તેનું નામ ધર્મ અને તેનું નામ મોક્ષનો માર્ગ છે. એ માર્ગમાં વ્યવહારનો અભાવ છે તે અનેકાંત છે. શક્તિના પરિણમનમાં અશુદ્ધતા આવતી નથી. કેમકે શક્તિ છે તે પવિત્ર અને શુદ્ધ છે તો શક્તિનું પરિણમન શુદ્ધ થાય છે, અશુદ્ધ નહિ. અશુદ્ધતા તો પર્યાયદૃષ્ટિના લક્ષે અશુદ્ધતા થાય છે એ દૃષ્ટિ છૂટી ગઈ. આહાહા..! સમજાય છે કાંઈ? થોડું સમજો. આહાહા..! માર્ગ એવો છે.

વસ્તુ જ્ઞાયકભાવ જ્ઞાનમાત્ર ભાવ એમ આત્માને કહ્યો તો જ્ઞાનભાવની સાથે અનંતશક્તિ છે. એક જ જ્ઞાન છે એમ નથી. એનું નામ અનેકાંત છે. અને જ્યારે જીવત્વશક્તિની જ્ઞાન પરિણતિ થાય છે ત્યારે નિર્મળ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર આદિ અનંતગુણની નિર્મળ પર્યાય સાથે ઉત્પન્ન થાય છે. એમાં રાગનો અભાવ છે, એમાં વ્યવહારનો અભાવ છે તેનું નામ અનેકાંત છે. વ્યવહારથી નિશ્ચય થાય છે એ વાત તો ત્રણકાળમાં વસ્તુમાં નથી. આકરી વાત છે, ભગવાન! 'માંગીલાલજી'! આહાહા..! શું કહે છે?

પહેલા આ બોલ ઉતાર્યા હતા. પહેલા જ્યારે શક્તિ વાંચી હતી તો એમાં આ ઉતાર્યા હતા. એકવીસ બોલ ઉતાર્યા હતા. એક એક શક્તિ ઉપર એકવીસ બોલ! એક શક્તિ ઉપર એકવીસ બોલ! જોવા છે તમારે? જુઓ તો ખરા, પછી આપી દેજો. 'જ્ઞાનચંદજી'! છે? આ શક્તિ ઉપર એકવીસ બોલ ઉતાર્યા છે. પહેલી શક્તિ છે ને? અનેકાંતને હજુ વિશેષ ચર્ચે છે. છે? ઉપરથી.

ક્રમરૂપ અક્રમરૂપ અનંત ધર્મ સમૂહ જે કાંઈ જેટલો લક્ષિત થાય છે એ ખરેખર એક આત્મા છે. આહાહા..! આત્મામાં અનંતગુણ જે અક્રમ-એક સાથે રહેનારા છે અને પર્યાય ક્રમે ક્રમે થાય છે, એ ક્રમ અને અક્રમનો સમુદાય તે આત્મા છે. આમાં પહેલા આવ્યું છે. સમજાય છે કાંઈ? એ એક બોલ.

બીજો બોલ. જ્ઞાનમાત્ર એક ભાવમાં અંતઃપાતિની અનંતશક્તિઓ ઉછળે છે. જ્યાં આત્માનો જ્ઞાનમાત્ર એવો અનુભવ થયો, સમ્યગ્દર્શન થયું, ત્રિકાળી ઉપર દૃષ્ટિ કરવાથી સમ્યગ્દર્શન-જ્ઞાન જ્યાં થયું તો એની સાથે અનંતશક્તિની પર્યાય પણ પરિણમનમાં ઉછળે છે. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! છે? ભાઈ! 'જ્ઞાનચંદજી' ઉપદેશમાં અત્યારે મોટા છે. એની યોગ્યતા છે ને! છે બીજો બોલ? જ્ઞાનમાત્ર એક ભાવમાં અંતઃપાતિની. જ્ઞાનમાત્ર ભલે અમે કહ્યું પણ દ્રવ્ય ઉપર દૃષ્ટિ થવાથી જ્યાં જ્ઞાનમાત્રની પર્યાય થઈ તો તેમાં અનંતશક્તિ ઉછળે છે. અનંતશક્તિ એક સમયમાં પર્યાયમાં ઉત્પન્ન થાય છે.

ત્રીજો બોલ. ક્રમવર્તીરૂપ અને અક્રમવર્તીરૂપ વર્તન જેનું લક્ષણ છે. દ્રવ્યનું લક્ષણ એ છે. અક્રમવર્તીરૂપ અનંતગુણ અને ક્રમવર્તીરૂપ પર્યાય લક્ષણ છે.

એક એક શક્તિ અનંતમાં વ્યાપક છે. એક એક શક્તિ અનંતશક્તિમાં વ્યાપી છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એક શક્તિનું ક્ષેત્ર ભિન્ન છે, બીજી શક્તિનું ભિન્ન છે એમ નથી. આહાહા..! વ્યાપક છે એટલું કહેવું છે. પ્રસરી છે. રૂપ પછી આવશે.

એક શક્તિ અનંતમાં નિમિત્ત છે. એક એક શક્તિ બીજા ગુણને નિમિત્ત છે. બીજો ગુણ કારણ છે અને એક ગુણ કાર્ય છે એમ પણ કહેવામાં આવે છે. નિમિત્તથી કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? 'દીપચંદજી' એ બધો ખુલાસો કર્યો છે. ગુણ કારણ, બીજો ગુણ કાર્ય. અને એ જ ગુણ કારણ અને એ જ ગુણ કાર્ય. ઝીણી વાત છે, ભાઈ! વીતરાગનો માર્ગ બહુ સૂક્ષ્મ. લોકોને બાહ્ય ક્રિયાકાંડમાં રોક્યા અને મૂળ ચીજ રહી ગઈ. આહાહા..! પંચમહાવ્રત અને મુનિપણા અનંતવાર લીધા. પંચમહાવ્રત.. એમાં આવ્યું ને? 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો' એવી દ્રવ્યલિંગની ક્રિયા તો અનંતવાર કરી, એ તો પર ક્રિયા રાગની છે, એ ધર્મ-બર્મ નથી, આહાહા..! એ તો શુભભાવ છે. ધર્મથી વિરુદ્ધ ભાવ છે. મીઠી ભાષાએ કહીએ તો એ શુભભાવ અધર્મ છે.

જ્યારે એક શક્તિનું પરિણમન પોતામાં જ્યારે અનંતની સાથે થયું તો એમાં અનંતશક્તિ સાથે પરિણમે છે અને એક શક્તિ બીજામાં નિમિત્ત કહેવામાં આવે છે. નિમિત્તનો અર્થ એક સ્થિતિ છે. બીજો ગુણમાં બીજો ગુણ (નિમિત્ત છે), એક એક ગુણમાં બીજો ગુણ નિમિત્ત કહેવામાં આવે છે. ઉપાદાન તો પોતાનો ગુણ છે. સૂક્ષ્મ છે. છે? એક શક્તિ દ્રવ્ય-ગુણ-પર્યાયમાં વ્યાપે છે. અત્યારે કહ્યું તે.

એક શક્તિમાં ધ્રુવ ઉપાદાન અને ક્ષણિક ઉપાદાન છે. આહાહા..! આ તો દરિયો છે. આત્મામાં જીવત્વશક્તિ છે. ત્રિકાળી છે તે ધ્રુવ ઉપાદાન છે અને તેનું શુદ્ધ-શુદ્ધ પરિણમન થાય છે. દ્રવ્ય ઉપર દૃષ્ટિ થવાથી સમ્યગ્દર્શન આદિ પર્યાય ઉત્પન્ન થાય છે તે પર્યાય ક્ષણિક ઉપાદાન છે. રાગ વિકાર ક્ષણિક ઉપાદાન છે તે અહીંયા નથી. અહીં તો શક્તિ શુદ્ધ છે તેનું વર્ણન છે તો તેનું પરિણમન શુદ્ધ જ છે. આહાહા..!

'પ્રવચનસાર'માં ૪૭ નય ચાલી છે ત્યાં લીધું. કેમકે ત્યાં જ્ઞાનપ્રધાન કથન છે. આત્મામાં સમ્યગ્દર્શન-જ્ઞાનની પરિણતિ થઈ તેટલી તો શુદ્ધતા છે અને જેટલો રાગ રહ્યો અને રાગનું પરિણમન છે તેટલું ત્યાં કર્તાપણું છે. કરવાલાયક છે તે અપેક્ષાએ (કર્તાપણું) નહિ પણ રાગનું પરિણમન છે તો કર્તા છે એમ ૪૭ નયમાં લીધું છે. ગંભીર વાતું છે, બાપુ! અહીંયા તો કહે છે, આત્મા આનંદ સ્વરૂપ છે, જીવત્વશક્તિના આધારભૂત દ્રવ્યની દૃષ્ટિ જ્યારે થાય છે તો આનંદની પર્યાય ઉત્પન્ન થાય છે. એમાં દુ:ખની પર્યાય ઉત્પન્ન થાય છે એમ નથી. આહાહા..! આવી વાતું, ભાઈ!

મુમુક્ષુ :-

ઉત્તર :- કઈ અપેક્ષાએ? અહીં દૃષ્ટિનો વિષય લીધો છે. શક્તિ છે તે તો સ્વભાવ છે. સ્વભાવને ધરનાર સ્વભાવવાન છે. એ દૃષ્ટિની અપેક્ષાએ આ છે અને જ્ઞાનપ્રધાન કથનમાં,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


દૃષ્ટિની સાથે જ્ઞાન થયું તો પર્યાયમાં જેટલો રાગ છે તેનો કર્તા તે પર્યાય છે, ભોક્તા પણ પર્યાય છે એમ લીધું છે.

મુમુક્ષુ :– અમારે શું માનવું?

ઉત્તર :– બન્ને માનવું. આહાહા..! કેમ બન્ને માનવું? 'સમયસાર'માં શક્તિની પ્રધાનતાથી વર્ણન છે તો દ્રવ્યના ગુણની પ્રધાનતાથી વર્ણન છે. ગુણ છે તેનું પરિણમન થાય છે તે અશુદ્ધ થતું જ નથી. સમજાય છે કાંઈ? 'નંદકિશોરજી'! સૂક્ષ્મ વાત છે, ભાઈ! આહાહા..! પણ જ્યાં સુધી તેનામાં સાધક પરિણતિ છે ત્યાં સુધી બાધક રાગનું પરિણમન પણ છે, મુનિને પણ છે. એ જ્ઞાન જાણે છે. કેમકે જ્ઞાનનો સ્વપરપ્રકાશક સ્વભાવ છે અને દૃષ્ટિનો સ્વભાવ તો નિર્વિકલ્પ દૃષ્ટિ છે તો તેનો વિષય નિર્વિકલ્પ એક જ વસ્તુ છે. શું કહ્યું સમજાણું?

સમ્યગ્દર્શન છે તે નિર્વિકલ્પ વસ્તુ છે, એનો વિષય પણ અભેદ અને નિર્વિકલ્પ છે અને જ્ઞાનનો સ્વભાવ સ્વપરપ્રકાશક છે તો જેટલું રાગનું પરિણમન થાય છે તે મારાથી થયું, મારામાં થયું એમ જ્ઞાન જાણે છે. આહાહા..! આવું બધું શીખવા ક્યાં જાય? ઘણી વાતો છે, બાપા! અહીં તો સેંકડો વાર વાત થઈ ગઈ છે. આ 'સમયસાર'તો અઢારમી વાર ચાલે છે. સત્તર વાર તો અક્ષરે અક્ષરના અર્થ (થઈ ગયા છે). સત્તર સમજ્યા? દસ ને સાત. સભામાં વ્યાખ્યાન થઈ ગયા છે. આ અઢારમી વાર ચાલે છે. શક્તિનું તો ઓગણીસમી વાર ચાલે છે. આહાહા..! આ તો ભગવાનનો.. (માર્ગ છે). આહાહા..!

'શ્રીમદ્' કહે છે, 'શ્રીમદ્ રાજચંદ્ર' 'જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત, સમજાવ્યું તે પદ નમું, શ્રી સદ્‌ગુરુ ભગવંત રે.. ગુણવંતા રે જ્ઞાની અમૃત વરસ્યા રે પંચમ કાળમાં' આહાહા..! 'જે સ્વરૂપ સમજ્યા વિના' સમજ્યા વિના અનંતકાળ ગયો. જે સ્વરૂપ સમજ્યા વિના કાળ ગયો અનંત તે સ્વરૂપ સમજ્યો. આહાહા..! 'સમજાયું તે પદ નમું' એવી ચીજની અનુભવદૃષ્ટિ થઈ. 'ગુણવંતા રે જ્ઞાની, અમૃત વરસ્યા રે પંચમકાળમાં' આહાહા..! 'નંદકિશોર'! ભગવાન! અહીં તો વાત એવી છે. આખી દુનિયાને જાણીએ છીએ. અહીં તો અઢાર વર્ષની ઉંમરથી શાસ્ત્ર વાંચીએ છીએ. શાસ્ત્રનો ઘણો અભ્યાસ કર્યો છે. સીત્તેર વર્ષ પહેલાની વાત છે. આ તો ૮૮ થયા. દુકાન ઉપર ઘણા શાસ્ત્ર વાંચ્યા. બીજુ કોઈ કાંઈ કહે નહિ, મને ભગત કહેતા હતા. એ ભગત છે. એ.. 'મનસુખ'! તારો બાપ એમ કહેતો. અમારે '...ભાઈ' એમ કહેતા, એ તો ભગત છે, ભગત. ભગત શાસ્ત્ર લઈને બેસે. દુકાન ઉપર થડામાં બેસીએ. બીજા કોઈ થડે બેઠા હોય તો અમે બીજી બાજુ શાસ્ત્ર વાંચતા હતા. નાની ઉંમરથી, અઢાર વર્ષની ઉંમરથી શ્વેતાંબરના બધા શાસ્ત્ર જોયા છે. દસવૈકાલિક, ઉત્તરાધ્યયન, આચારાંગ, સૂયગડાંગ, અધ્યાત્મ કલ્પદ્રૂમ એવા બધા પુસ્તક પહેલેથી જોયા હતા પણ (સંવત) ૧૯૭૮ની સાલમાં જ્યાં આ 'સમયસાર' પુસ્તક હાથ આવ્યું અને પૂર્વના સંસ્કાર હતા. સમજાય છે કાંઈ? એમ થઈ ગયું અને બહારમાં એમ કહ્યું, ભગવંત! આ સમયસાર તો અશરીરી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



થવા માટેનું પુસ્તક છે. જેને સિદ્ધ થવું હોય તેને માટે આ પુસ્તક છે. બાકી ચાર ગતિમાં રખડવું, સ્વર્ગાદિ ભવ કરવા એ આમાં નથી. ભાઈ! સમજાય છે કાંઈ?

અહીં એ કહે છે, આવ્યું ને અહીં? ધ્રુવ ઉપાદાન. એક એક શક્તિમાં વ્યવહારનો અભાવ છે, આ અનેકાંત છે. આ શું કહે છે? બહુ ગંભીર. જીવત્વશક્તિને ધરનાર દ્રવ્ય વસ્તુની જ્યારે દૃષ્ટિ થઈ તો જીવત્વશક્તિનું પરિણમન થયું તે નિર્મળ થયું. તેમાં વ્યવહારનો મલિનતાનો અભાવ છે તે અનેકાંત છે. વ્યવહારથી નિશ્ચય પરિણતિ થઈ, એમ નથી. સમજાય છે કાંઈ? 'ગાંધી'! આવો આ વેપાર છે. આહાહા..! સૂંઠના ગાંગડે ગાંધી થવાય એવું અહીં નથી. આપણે નથી કહેતા? સૂંઠ હોય છે ને? સૂંઠ. સૂંઠ નથી હોતી? સોંઠ. એક હળદરનો ગાંઠીયો અને આ સૂંઠનો ગાંઠિયો લઈને ગાંધી થવાય? ગાંધીને તો ઘણી ચીજ જોઈએ. એમ કોઈ બે-પાંચ-પચીસ બોલ ધારી લીધા તો થઈ ગયો જ્ઞાની, એમ નથી એમ કહે છે. સમજાય છે કાંઈ? અહીં શું કહ્યું?

વ્યવહારનો અભાવ છે. જ્યાં જીવત્વશક્તિ, આનંદશક્તિ આદિ ભગવાનઆત્મામાં છે તો એ આનંદશક્તિનો ધરનારો ભગવાન છે, તેના ઉપર દૃષ્ટિ કરી દ્રવ્યનો સ્વીકાર કર્યો તો પર્યાયમાં નિર્મળ પરિણતિ થઈ તેમાં વ્યવહાર પરિણતિનો અભાવ છે તેનું નામ અનેકાંત છે. નિર્મળ પરિણતિ થઈ એ વ્યવહારથી થઈ એમ નથી. આહા..! અત્યારે આ મોટી ગડબડ ચાલે છે ને? વ્યવહાર કારણ છે, નિશ્ચય કાર્ય છે, વ્યવહારથી કાર્ય થાય છે. લસણ ખાતા ખાતા કસ્તૂરીના ઓડકાર આવે છે.

મુમુક્ષુ :- 'દૌલતરામજી'...

ઉત્તર :- 'દૌલતરામજી'એ યથાર્થ કહ્યું છે. સમજાય છે કાંઈ? પહેલાના પંડિતો પણ બહુ (વિચિક્ષણ). 'ટોડરમલ', 'બનારસીદાસ', 'ભાગચંદજી છાજડ', એની તો અલૌકિક વાત. ૨૦૦ વર્ષ પહેલાના પંડિતોની વાત પણ અલૌકિક હતી. આચાર્ય કહે છે તે જ અનુભવથી કહેતા હતા.

મુમુક્ષુ :-

ઉત્તર :- હેતુ તો કહ્યો ને? નિમિત્ત. નિમિત્તથી થયું નથી એમ એનો અર્થ છે. સમજાય છે કાંઈ? કેમકે નિશ્ચય આત્મા શુદ્ધ ચૈતન્ય ભગવાનનો સ્વીકાર થયો તો શુદ્ધ પરિણમન થયું તેમાં તે જ ક્ષણે રાગનો અભાવ છે. સમજાય છે કાંઈ? 'દ્રવ્યસંગ્રહ' ૪૭ ગાથામાં આવ્યું છે. ૪૭ સમજ્યા? ૪ અને ૭. '**दुविहं पि मोक्खहेउं झाणे पाउणदि जं मुणी णियमा।**' આ 'નેમિચંદ સિદ્ધાંતચક્રવર્તી'ની ગાથા છે. 'દ્રવ્ય સંગ્રહ'. '**दुविहं पि मोक्खहेउं झाणे पाउणदि जं मुणी णियमा।**' આ જ્ઞાયક સ્વરૂપ પૂર્ણાનંદની દૃષ્ટિ કરવામાં ધ્યાનમાં દૃષ્ટિ થાય છે. અંદર ધ્યાન લગાવે ત્યારે એ દૃષ્ટિ થાય છે. ધ્યાનમાં જ્યાં દ્રવ્યનું ધ્યાન થયું એટલી તો પર્યાય નિર્મળ થઈ, એટલો તો નિશ્ચય મોક્ષમાર્ગ થયો અને ધ્યાનમાં '**दुविहं पि मोक्खहेउं झाणे पाउणदि जं मुणी णियमा।**' એવો ૪૭ ગાથામાં પાઠ છે. ધ્યાનમાં નિશ્ચય અને વ્યવહાર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મોક્ષમાર્ગ સાથે છે. એનો અર્થ થયો કે જેટલો પોતાના સ્વભાવના આશ્રયે નિર્મળતા થઈ એ નિશ્ચય છે અને રાગ બાકી રહ્યો તેને આરોપ દઈને વ્યવહાર કહ્યો. આરોપ દઈને વ્યવહાર કહ્યો એ વ્યવહાર મોક્ષમાર્ગ છે જ નહિ, એ તો બંધનું કારણ છે. સમજાય છે કાંઈ? આરે..! આવી વાત છે. શું થાય?

અરે..! પ્રભુ! દુઃખી છે ને! તત્ત્વની સમજણ વિના દુઃખી છે. પૈસાવાળા બધા બિચારા દુઃખી છે, ભિખારા છે. શાસ્ત્રમાં વરાંકા શબ્દ વાપર્યો છે, વરાંકા. એય..! 'પોપટભાઈ'! આ બધા કરોડપતિઓ છે. વરાંકા સમજ્યા? શાસ્ત્રમાં વરાંકા શબ્દ છે, વરાંકા. ભિખારી છે. પોતાની વસ્તુની ખબર નથી અને પર લાવો, પર લાવો, પર લાવો. માંગણ, માંગણ મોટો ભિખારી છે. મુનિને ક્યાં કોઈને માખણ ચોપડવું હતું કે આ ખુશી થાય તો ઠીક. સમજાણું કાંઈ?

એ તો ત્યાં કહ્યું હતું ને? ન્યાં ભાવનગરના દરબાર આવ્યા હતા. એક વર્ષની કરોડની ઊપજ. વ્યાખ્યાનમાં બે વાર આવ્યા હતા. એક વાર તો કહ્યું, રાજન્! એક મહિનામાં એક લાખની પેદાશ માગે છે એ નાનો માગણ છે, પાંચ લાખની ઊપજ માગે છે એ મોટો માગણ છે અને કરોડની ઊપજ માંગે છે એ માગણનો માગણ ભિખારી છે. સાંભળતો હતો. અમારે ક્યાં એની પાસે પૈસા લેવા હતા. 'કૃષ્ણકુમાર' આવ્યા હતા. એના બે દિકરા છે એ પણ વ્યાખ્યાનમાં આવ્યા હતા. ભાવનગર આવે, ભાવનગર વ્યાખ્યાન હોય ત્યારે આવે. કરોડ માગે છે તો મોટો ભિખારી છે. લાવો, લાવો, લાવો... લાવા. જેમ અગ્નિનો લાવા હોય એમ લાવ, લાવ, લાવ (કરે છે). અંતર લક્ષ્મીની ખબર નથી કે હું આનંદનો નાથ છું. આહાહા..! મારી ખાણમાં તો એકલા આનંદ અને શાંતિ ભરેલા છે. એ ખાણ તરફ તો નજર નથી અને જેમાં જ્ઞાન, આનંદ નથી એવા રાગ અને પુણ્યના પરિણામ ઉપર નજર છે એ બધા ભિખારી, રાંકા છે. અહીં તો આ વાત છે, ભગવાન! આહાહા..! પંડિતજી! આહા..!

અનેકાંત સ્યાદ્વાદ છે? એ સ્યાદ્વાદ કહ્યું. પોતાનું સ્વરૂપ પોતાથી પ્રાપ્ત થાય છે અને તે પરિણતિમાં પણ... એ આવશે. શક્તિ પારિણામિક ભાવે છે. શું કહે છે? જીવત્વશક્તિ જે ત્રિકાળ છે, જે જ્ઞાન, દર્શન, આનંદના પ્રાણથી રહી છે તે શક્તિ પારિણામિક ભાવે છે. પારિણામિકનો અર્થ? ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક અને પારિણામિક પાંચ ભાવ છે. પર્યાયમાં ચાર ભાવ હોય છે. ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક. વસ્તુ છે તે પારિણામિક ભાવે સહજ ભાવે છે. શું કહે છે? સૂક્ષ્મ છે, ભાઈ! આ બધા બોલ કાઢ્યા હતા. એ શક્તિમાંથી કાઢ્યા.

ભગવાનઆત્મા અનંતઆનંદનો ખજાનો છે. એમ અનંતજ્ઞાનનો ખજાનો છે, મહા નિધાન છે. એવા નિધાનનો ધરનાર ભગવાન ઉપર દૃષ્ટિથી સ્વીકાર કરવાથી, આદર કરવાથી, રાગને હેય કરવાથી, સ્વભાવનો આદર કરવાથી પર્યાયમાં જે નિર્મળ દશા ઉત્પન્ન થાય છે તેમાં વ્યવહારનો તો અભાવ છે. એનું નામ અનેકાંત છે. આ અનેકાંતની ચર્ચા ચાલે છે. ઉપર લખ્યું છે ને? ઉપર લખ્યું છે. અનેકાંતને હજુ વિશેષ ચર્ચે છે. એમાં છે. આહાહા..! અરે..રે...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આવી વાત સાંભળવા મળે નહિ. એ ક્યારે સમજે ને ક્યારે રુચિ કરે? આહાહા..! બહુ દુર્લભ ચીજ થઈ ગઈ. સમજાય છે કાંઈ?

અનેકાંત અને સ્યાદ્‌વાદ.. જોયું? એ જ સ્યાદ્‌વાદ છે. પોતાની નિર્મળ પરિણતિ પોતાથી થઈ છે, વ્યવહારથી નહિ તેનું નામ સ્યાદ્‌વાદ છે. સ્યાદ્‌વાદનો અર્થ એમ નથી કે વ્યવહારથી પણ થાય છે અને નિશ્ચયથી પણ થાય છે. એ તો એકાંતવાદ છે. આહાહા..! શક્તિ પારિણામિક ભાવે છે.

કર્તા આદિ છ કારકો અભિન્ન છે, નિરપેક્ષ છે. શું કહે છે? જે વસ્તુ છે ચૈતન્ય ભગવાન, એમાં આ જીવત્વ આદિ શક્તિ જે છે એ એક એક શક્તિના પરિણમનમાં શક્તિ છે તેમાં ષટ્‌કારકનું રૂપ છે. ષટ્‌કારક પણ બીજી શક્તિ છે. આત્મા છે એમાં એક જીવત્વશક્તિ છે, આનંદશક્તિ છે કે કોઈપણ શક્તિ, એ શક્તિમાં ષટ્‌કારકની શક્તિ ભિન્ન છે. ષટ્‌કારકની શક્તિ-ગુણ ભિન્ન છે. એ ષટ્‌કારક ગુણ-શક્તિ એમાં નથી પણ ષટ્‌કારકનું એક એક શક્તિમાં રૂપ છે. અર્થાત્ જ્ઞાનમાં કર્તાનું રૂપ છે. કર્તાશક્તિ ભિન્ન છે પણ જ્ઞાન પોતાથી કર્તા છે તો શક્તિનું રૂપ એમાં છે. અને કર્મશક્તિ ભિન્ન છે. કર્મ નામ કાર્ય. પણ એમાં કર્મશક્તિનું રૂપ છે. જ્ઞાન કર્તા થઈને પોતાનું પરિણમન-કર્મ કરે છે તે તેનું રૂપ છે. ઝીણી વાત છે, ભાઈ! આહાહા..! સમજવું પડશે, ભાઈ! અનંતકાળમાં સત્ય સમજ્યો નથી. આહાહા..!

પરિણતિમાં શક્તિમાં ષટ્‌કારકનું રૂપ તો છે પણ પરિણતિમાં ષટ્‌કારકનું રૂપ પર્યાયમાં આવી ગયું, એમ કહે છે. જે જીવત્વશક્તિ છે તેનો ધરનારો ભગવાનઆત્મા છે. એની સાથે અનંતશક્તિ છે. જેમ જીવત્વશક્તિનું નિર્મળ પરિણમન થયું તેમ અનંતશક્તિનું નિર્મળ પરિણમન થયું. એ એક શક્તિમાં ષટ્‌કારકશક્તિ ભિન્ન છે છતાં એક એક શક્તિમાં ષટ્‌કારકનું રૂપ છે અને તેના પરિણમનમાં પણ ષટ્‌કારકની પર્યાય થઈ જાય છે. ધીમે ધીમે સમજવું, બાપુ! આ તો વીતરાગ માર્ગ છે. સર્વજ્ઞ પરમેશ્વર! આહા.! એ કોણ કહે?

લોકો ણમો અરિહંતાણં સાધારણ માને છે, બાપુ! એ પરમેશ્વર કોણ? આહાહા..! જેમની એક ગુણની એક સમયની એક પર્યાયમાં આખું દ્રવ્ય જણાય છે, બધા ગુણ જણાય છે, અનંતી પર્યાય જણાય છે અને ત્રિકાળના દ્રવ્ય-ગુણ-પર્યાય પરચીજો તે પણ જણાય છે. આહાહા..! પરમેશ્વર કોને કહે! બાપુ! આહાહા..! દેવાધિદેવ અરિહંત ઈશ્વર. આહાહા..! એમ ણમો અરિહંતાણં બોલી જાય, બાપુ! એ અરિહંતના પદને જાણીને નમસ્કાર કરવા એ કોઈ અલૌકિક ચીજ છે. સમજાય છે કાંઈ?

એ કહે છે, દ્રવ્યમાં અનંતશક્તિ છે. એક શક્તિમાં બીજી શક્તિ નથી પણ એક શક્તિનું બીજી શક્તિમાં રૂપ છે. અર્થાત્ જેમ જીવત્વશક્તિ છે તો જીવત્વશક્તિમાં કર્તાપણાનું રૂપ છે. જીવત્વશક્તિ પોતાથી કર્તા થઈને નિર્મળ પર્યાયનું કાર્ય કરે છે. એય...! આરે.. આરે...! આવું છે. કોઈક એમ કહેતું હતું કે આ જરી ઝીણું પડશે. 'રામજીભાઈ' કહે અત્યારે આ લ્યો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ને. ૪૩મું ચોમાસુ અહીં ચાલે છે. ચાલીસ અને ત્રણ. સમજે તો ખરા. જરી ઝીણું છે એમ ભલે માને પણ અંદર ખ્યાલમાં તો આવે કે કંઈક વાત હતી. આહાહા..!

કહે છે કે, જીવત્વશક્તિ જે દ્રવ્યમાં છે એ દ્રવ્યનો અનુભવ કરવાથી, શક્તિમાં પણ ષટ્કારકનું રૂપ છે અને પરિણમનમાં પણ ષટ્કારકની પર્યાયનું પરિણમન એક એક પર્યાયમાં છે. આવી વાત છે. શું કહ્યું એ? કે પોતામાં એક આનંદશક્તિ છે, લ્યો! આનંદ તો પછી આવશે. આનંદશક્તિ ગુણ છે, એનો ધરનારો ભગવાન ગુણી છે. એ દ્રવ્ય ઉપર દૃષ્ટિ થવાથી, પર્યાયમાં દ્રવ્યને જ્ઞેય બનાવીને પર્યાયમાં જ્યારે દ્રવ્ય જણાયું, પર્યાયમાં દ્રવ્ય જણાયું છતાં એ પર્યાયમાં દ્રવ્ય આવ્યું નહિ. શું કહ્યું? દ્રવ્ય તો ભિન્ન રહી ગયું. આહાહા..! એ પર્યાયમાં ષટ્કારક પરિણમન એક એક ગુણની પર્યાયનું છે. સમજાય છે કાંઈ?

એક આનંદની પર્યાય દ્રવ્ય સ્વભાવની દૃષ્ટિ કરવાથી ઉત્પન્ન થઈ, અતીન્દ્રિય આનંદનો અનુભવ થયો તો એ અતીન્દ્રિય આનંદની એક સમયની પર્યાયમાં ષટ્કારકનું પરિણમન છે. એ આનંદની પર્યાય કર્તા, આનંદની પર્યાય કર્મ–કાર્ય, આનંદની પર્યાય કરણ–સાધન, આનંદની પર્યાય અપાદાન–એનાથી થઈ છે, આનંદની પર્યાય સંપ્રદાન–પર્યાય કરીને પર્યાયે રાખી, આનંદની પર્યાયનું અધિકરણ આનંદની પર્યાય એમ ષટ્કારકનું પરિણમન એક પર્યાયમાં છે. આવો માર્ગ ક્યાં છે, બાપુ! આ તો સમજાય એવી વાત છે. ભાષા તો સાદી છે. બાપુ! માર્ગ તો આ છે, ભાઈ! લોકો ગમે તે કહે. સમજ્યા? નિશ્ચયાભાસ છે, વ્યવહારનો લોપ કરે છે. અરે..! પ્રભુ! સાંભળ તો ખરો, ભાઈ! આહાહા..!

એ તો અહીંયા કહે છે, નિર્મળ પર્યાય થઈ તેમાં વ્યવહારનો તો અભાવ છે. વ્યવહારથી થઈ? થઈ છે તો પોતાના દ્રવ્ય ઉપર લક્ષ દેવાથી અનંતગુણની નિર્મળ પર્યાય થઈ. નિર્મળ પર્યાય ત્યાંથી થઈ. રાગ સાથે બાકી છે, એ રાગનો એમાં અભાવ છે. **'दुविहं पि मोक्खहेउं झाणे पाउणदि जं मुणी णियमा।'** એમ ભગવાન 'નેમિચંદ સિદ્ધાંત ચક્રવર્તી'ની 'દ્રવ્યસંગ્રહ'ની ગાથા છે. આહાહા..! 'દ્રવ્ય સંગ્રહ' તો પાઠશાળામાં બહુ ચાલે પણ અર્થની ખબર નહિ. 'છ ઢાળા' પણ બહુ ચાલે છે પણ અર્થ શું છે? (તેની ખબર નહિ). આહા..! નિશ્ચય અને વ્યવહાર મોક્ષમાર્ગ એક સમયમાં એક સાથે છે. તેનો અર્થ શું? વ્યવહારથી નિશ્ચય થયો એમ આવ્યું? સાથે છે ને? આહાહા..!

'શ્રીમદ્દે' એમ કહ્યું, 'નય નિશ્ચય એકાંતથી આમાં નથી કહેલ, એકાંતે વ્યવહાર નહિ, બન્ને સાથ રહેલ' આ ગુજરાતી શબ્દ છે. નિશ્ચયનય એકાંતે એક જ નથી, વ્યવહારનય પણ સાથે છે પણ વ્યવહારમાં નિશ્ચય નથી અને નિશ્ચયમાં વ્યવહાર નથી. આહાહા..! 'કાંતિભાઈ'! કે દિ' રજા લીધી ને કે દિ' સાંભળવાનું થાય? આખો દિ' બેંકમાં, ઘરે બાયડી-છોકરાની બેંક અને પેલી પૈસાની બેંક. આહાહા..! અરે..! આવો મનુષ્ય ભવ મળ્યો એમાં પણ જૈન સંપ્રદાયમાં જન્મ થયો અને જૈન શું કહે છે એ સમજાય નહિ તો બધું નિરર્થક

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


થશે. સમજાય છે કાંઈ? આહાહા..! છે?

કર્તા આદિ છ કારકો અભિન્ન છે, નિરપેક્ષ છે. નિર્મળ પરિણતિ કર્તામાં રાગ કર્તા અને નિર્મળ પરિણતિ કાર્ય એમ સ્વરૂપમાં નથી. આહાહા..! છે? એક એક શક્તિમાં અનંતશક્તિનું રૂપ છે, એ આવી ગયું છે. રૂપ સમજ્યા? જ્ઞાન છે ને? જ્ઞાન અંદરમાં એમ એક અસ્તિત્વ ગુણ–સત્તા ગુણ પણ છે. એ અસ્તિત્વગુણ છે તે જ્ઞાન ગુણમાં નથી. ગુણાશ્રયા ગુણ નથી. એ આવે છે ને? 'ઉમાસ્વામી'! ગુણાશ્રયે ગુણ નહિ, દ્રવ્યાશ્રયા ગુણા. જે ગુણ છે તે બધા દ્રવ્યને આશ્રયે છે, ગુણને આશ્રયે ગુણ નથી. ત્યારે કોઈ કહે, એક શક્તિમાં બીજા ગુણનું રૂપ છે તો એ આશ્રય થયો ને? ના, ગુણ ભિન્ન રહી ગયો. પણ જ્ઞાન છે, છે, એવું અસ્તિત્વ પોતાના ગુણમાં પોતાથી છે. અસ્તિત્વગુણને કારણે જ્ઞાનનું અસ્તિત્વ છે એમ નથી. આહાહા..! આવું છે, ભાઈ! આહાહા..!

ગણધરો, સંતો શાસ્ત્ર રચતા હશે એ વાણી કેટલી ગંભીર હશે! એ વાણી સાંભળવા ઇન્દ્રો આવે છે. વર્તમાનમાં ભગવાન પાસે ઇન્દ્ર આવે છે. શક્રેન્દ્ર એક ભવતારી છે. મોક્ષ (જવાના છે). વર્તમાનમાં શક્રેન્દ્ર સુધર્મ દેવલોકના ઇન્દ્ર છે. બત્રીસ લાખ વિમાન છે. એક એક વિમાનમાં અસંખ્ય દેવ છે. તેનો તે સ્વામી છે એમ બહારથી કહેવામાં આવે છે. એ સ્વામી નથી. એ તો સમકિતના સ્વામી છે. એ સમકિતી છે અને તેની સ્ત્રી પટરાણી છે તે પણ સમકિતી છે. સિદ્ધાંતમાં બન્નેને એક ભવતારી કહ્યા છે. ત્યાંથી નીકળીને બન્ને મોક્ષ જવાના છે. મનુષ્ય થઈને મોક્ષ જવાના છે. આહાહા..! બત્રીસ લાખ વિમાન અને એક એક વિમાનમાં અસંખ્ય દેવ અને કરોડો અપ્સરાઓ, હું એ નહિ, હું નહિ, હું તો આનંદ સ્વરૂપ છું. મારી ચીજમાં તો એનો અભાવ છે. આહાહા..! ઇન્દ્ર.

'ભરત' ચક્રવર્તી સમકિતી આત્મજ્ઞાની હતા, અનુભવદૃષ્ટિ હતી. રાગ મારામાં નથી, હું રાગ નથી. જેનો હીરાનો પલંગ છે. પલંગ કહેવાય? શું કહેવાય? પલંગ. ઇન્દ્ર મિત્ર તરીકે આવીને બેસતા હતા. 'ભરત' ચક્રવર્તી, છન્નુ હજાર સ્ત્રી, છન્નુ કરોડ પાયદળ, અડતાલીસ હજાર નગર, બોંતેર હજાર પાટણનો સ્વામી એમ કહે છે કે, હું એ નહિ, હું એ નહિ. રાગ આવે છે તે પણ હું નહિ, હું તો આનંદ ને જ્ઞાનસ્વરૂપ છું. આહા..! ઇન્દ્ર સરીખા મિત્ર છે. તો કહે છે, ના, એ મિત્ર મારો નહિ. સમજાય છે કાંઈ? દૃષ્ટિનો વિષય અને દૃષ્ટિ કોઈ અલૌકિક ચીજ છે. સાધારણ લોકો માની બેસે કે, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, નવ તત્ત્વની શ્રદ્ધા એ સમકિત છે. બાપુ! એમ નથી, ભાઈ! આહાહા..! સર્વજ્ઞ પરમાત્મા, અનંતગુણનો પિંડ પ્રભુ, જેની પ્રતીતિમાં જ્ઞેય થઈને (જ્ઞાન થયું)... અજ્ઞાનીને પણ પર્યાયમાં દ્રવ્યનું જ્ઞાન થાય જ છે પણ એની દૃષ્ટિ એના ઉપર નથી, દૃષ્ટિ પર્યાય અને રાગ ઉપર છે. એટલે પર્યાયમાં દ્રવ્ય જણાય છે એ વાત એને પ્રતીતમાં આવી નહિ. ૧૭-૧૮ ગાથા.

જ્ઞાનની પર્યાયમાં જ્ઞેય આખું અખંડાનંદ પૂર્ણ સ્વરૂપનું જ પર્યાયમાં જ્ઞાન થાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અજ્ઞાનીને પણ! કેમકે જ્ઞાનની પર્યાય છે તે સ્વપરપ્રકાશક સામર્થ્યવાળી છે. અજ્ઞાનીની પર્યાયમાં પણ સ્વપરપ્રકાશકનું સામર્થ્ય છે. પર્યાયમાં સ્વનો પ્રકાશ તો છે પણ દૃષ્ટિ તેની ઉપર નથી, દૃષ્ટિ પર્યાય અને રાગ ઉપર છે તો તેને જણાતું નથી. આહાહા..! આવો માર્ગ, લોકો પછી એમ જ કહે ને, એ.. સોનગઢમાં એકાંત છે.

અરે..રે...! જુઓને! 'સમ્યગ્જ્ઞાન દીપિકા'ની વાત નહિ? 'ફલટન', 'લલિતપુર'માં ચલાવી હતી ને? 'સમ્યગ્જ્ઞાન દીપિકા'. અરે..! એ તો ક્ષુલ્લક બ્રહ્મચારીની વાત છે, ભગવાન! અહીંની વાત નથી. એના ઉપરથી એમ કહે છે, બધા ભ્રષ્ટ છે. અરે..! પ્રભુ! શું કરે છે? ભાઈ! તને નુકસાન થશે, નાથ! અને એના પરિણામમાં દુઃખનું વેદન થશે. બાપુ! આકરું પડશે, ભાઈ! એ તો ક્ષુલ્લકે તો એમ કહ્યું કે, જેને માથે પતિ છે એનાથી કદાચિત્ કોઈ દોષ લાગી જાય તો બહારમાં પ્રસિદ્ધિમાં આવતો નથી, એટલી વાત. એમ જેને માથે આત્મા છે એમાં કોઈ અશુભ રાગાદિ આવી ગયો તો બહારમાં પ્રસિદ્ધિમાં આવતો નથી. સમજ્યા? એથી કરીને ભોગનો ભાવ છે તે સુખરૂપ છે અને તે કરવાલાયક છે એમ એમાં છે? અરે..રે...! એક દયા, દાનનો વિકલ્પ પણ જ્યાં દુઃખરૂપ છે ત્યાં ભોગનો ભાવ, સ્વસ્ત્રી હો કે પર (સ્ત્રી) હો, મહા પાપ છે, પ્રભુ! આહાહા..! સમજાય છે કાંઈ? એણે લાંછન લગાડી લીધું. કોઈ પૂછતું નથી કે આ શું કરે છે ને શું છે?

અહીં કહે છે, એક એક શક્તિમાં અનંતશક્તિનું રૂપ છે. જન્મક્ષણ તે જ નાશ ક્ષણ છે. શું કહે છે? આત્મામાં જીવત્વશક્તિ છે તેનો સ્વીકાર કર્યો તો પર્યાયમાં આનંદ સહિત અનંત પર્યાય ઉત્પન્ન થઈ. એ પર્યાય ઉત્પન્ન થવાનો જન્મક્ષણ જ હતો, એ ઉત્પત્તિનો કાળ જ હતો. અને તે સમયે પૂર્વની પર્યાયનો નાશનો કાળ છે. જરી સૂક્ષ્મ છે, ભગવાન! પણ એ તારી ઋદ્ધિ તો જો! આહાહા..! આ બહારની ધૂળધાણી.. પૈસા ને કરોડો ને અબજો ને... આહાહા..! ધૂળમાં પણ કાંઈ નથી. આહાહા..! એ તો માટી ધૂળ છે. આહાહા..! આ શરીરની સુંદરતા મસાણના હાડકાના ફાસફૂસ છે. ભગવાન અંદર અનંત રૂપનો ધણી પ્રભુ આત્મા છે. આહાહા..! તેનું રૂપ જોવું કે આ રૂપ જોવું? તારું સ્વરૂપ તો પ્રભુ! જ્ઞાયક પરમાત્મ સ્વરૂપ જ અંદર છે. એ રૂપ જોવા લાયક છે કે આ બાહ્યના રૂપ? આ ધૂળ મસાણની રાખ ક્ષણમાં (વિણસી) જાય. રૂપાળું શરીર હોય ને હાથ ક્ષણમાં આમ થઈ જાય. આ તો માટી છે. આહાહા..!

બાપા! તારું રૂપ તો અંદર શાશ્વત છે. આહા..! જ્ઞાન, દર્શન, આનંદ આદિ તારું રૂપ શાશ્વત છે. જ્યારે દ્રવ્યની દૃષ્ટિ થઈ, શક્તિવાન અને શક્તિનો ભેદ કાઢી નાખીને દ્રવ્ય શક્તિવાન છે એની દૃષ્ટિ થઈ તો કહે છે કે, તે ક્ષણે નિર્વિકલ્પ દશા ઉત્પન્ન થવાનો કાળ હતો. જન્મક્ષણ છે અને પૂર્વની પર્યાયનો નાશ થવાનો કાળ હતો. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## પ્રવચન નં. ૩ શક્તિ-૧, ૨. શનિવાર, શ્રાવણ વદ ૧૪, તા. ૧૩-૦૮-૧૯૭૭

આ 'સમયસાર', શક્તિનો અધિકાર ચાલે છે. થોડું સૂક્ષ્મ છે, ધ્યાન રાખવું. અનંત કાળથી આત્મા આનંદ સ્વરૂપ અને અનંતશક્તિ સ્વરૂપ ભંડાર ભર્યો છે. એ સુખનો સાગર છે, આનંદનો સમુદ્ર છે. આહાહા..! એમાં અનંતશક્તિઓ છે. અહીંયા આપણે પહેલી જીવત્વશક્તિ ચાલે છે ને? 'ધીરૂભાઈ'! આ ઝીણી વાત છે, બહુ ઝીણું તત્ત્વ છે.

આ આત્મવસ્તુ જે છે, આત્મા, એ દ્રવ્ય છે, વસ્તુ છે, અસ્તિ પદાર્થ છે. એ અનાદિ અનંત ચીજ શાશ્વત ધામ છે. એ આત્મદ્રવ્યનું કારણ ચૈતન્યમાત્રભાવરૂપી.. છે? **'ચૈતન્યમાત્રભાવરૂપી ભાવપ્રાણનું ધારણ કરવું જેનું લક્ષણ છે...'** આહાહા..! જે જીવત્વશક્તિ છે... પહેલેથી 'જીવો' ઉપાડ્યું છે. બીજી ગાથા છે ને? **'જીવો ચરિત્તદંસણણાણઠિદો'** ત્યાંથી જીવની જીવત્વશક્તિ લીધી છે. 'અમૃતચંદ્રાચાર્ય'! આહાહા..! કહે છે કે ભગવાનઆત્મા,... શરીર, વાણી મન તો પર છે એ તો એમાં છે જ નહિ, પુણ્ય અને પાપના ભાવ, દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના ભાવ એ તો એમાં છે જ નહિ પણ એમાં એક સમયની પર્યાય જેટલી શક્તિ નથી. આહાહા..! જે શક્તિ ત્રિકાળ છે તે એક સમયની પર્યાય જેવડી નથી.

મુમુક્ષુ :- કંઈ સમજાણું નહીં.

ઉત્તર :- ન સમજાણું? વિશેષ કહીએ છીએ. જે આત્મદ્રવ્ય વસ્તુ છે એમાં આ જીવત્વ નામની શક્તિ છે એવી અનંતશક્તિઓ છે, એ શક્તિ છે તે ધ્રુવ છે. એ શક્તિ ધ્રુવમાં (છે), વર્તમાન પર્યાય પ્રગટ છે તે ધ્રુવમાં નથી. ઝીણી વાત છે, ભગવાન! માર્ગ વીતરાગનો બહુ સૂક્ષ્મ છે. અત્યારે વાત ઝઘડે ચડી ગઈ. વ્યવહાર કરો, વ્યવહાર કરો તેનાથી થશે. અરે..! ભગવાન! સાંભળ તો ખરો, પ્રભુ! વ્યવહાર તો શુભરાગ દયા, દાન, વ્રતાદિ હો, એ તો પુણ્યબંધનું કારણ છે. એ કોઈ આત્માની શક્તિ કે આત્માની નિર્મળ પર્યાય નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

અહીં તો પરમાત્મા સર્વજ્ઞદેવ જિનેશ્વરદેવ એમ કહે છે કે પ્રભુ! તું વસ્તુ છો કે નહિ? પદાર્થ છો કે નહિ? આહાહા..! તો પદાર્થનું કારણ જીવત્વશક્તિ છે, એમ કહે છે. આહાહા..! જીવત્વશક્તિ નામનો ગુણ-શક્તિ છે તે કારણે જીવ ટકી રહ્યો છે. જીવત્વશક્તિ નામનો એનામાં ગુણ છે. પહેલો બોલ એ ઉપાડ્યો છે. એ જીવત્વશક્તિ ચૈતન્યમાત્ર દ્રવ્ય જે વસ્તુ ભગવાન, તેના કારણભૂત છે. આહાહા..! દ્રવ્યના કારણભૂત. પુણ્ય ને પાપના ભાવ આત્મદ્રવ્યને કારણભૂત ચીજ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? સૂક્ષ્મ છે, ભગવાન!

આનંદ સ્વરૂપ, ભગવાન તો અતીન્દ્રિય આનંદ સ્વરૂપ એની જીવત્વશક્તિમાં છે. જીવત્વશક્તિમાં ચાર ભાવપ્રાણ લીધા. જ્ઞાન, આનંદ, દર્શન, બળ. મુખ્યપણે ચાર. અનંત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ચતુષ્ટય શક્તિરૂપ છે. જીવત્વશક્તિમાં ચાર ચતુષ્ટયની શક્તિ ભરી છે. આહાહા..! એ જીવત્વશક્તિ, આત્મદ્રવ્ય વસ્તુ જે છે તેનું તે કારણ છે. તેનું જીવન ટકવું એ જીવત્વશક્તિને કારણે છે. આહાહા..! સમજાય છે કાંઈ? માર્ગ બહુ સૂક્ષ્મ છે, ભગવાન! આહાહા..!

અમે દુકાન ઉપર વાંચતા હતા, (સંવત) ૧૯૬૫-૬૬ સાલ. એક શ્લોક આવ્યો હતો. આ તો ૧૯૬૫-૬૬ ની વાત છે, ઘણા વર્ષ થઈ ગયા. શ્વેતાંબરમાં ચાર સજ્ઝાયમાળા છે. એક એક સજ્ઝાયમાળામાં ૨૫૦-૨૫૦ સજ્ઝાય છે. એક એક સજ્ઝાયમાં ૧૦-૧૫-૨૦ શ્લોક છે. એવી ચાર સજ્ઝાયમાળા હતી. અમારે તો દુકાન ઉપર નિવૃત્તિ હતી. અમારા પિતાજીની ઘરની દુકાન હતી. .... એમાં એક એવું આવ્યું હતું, 'સહજાનંદી રે આત્મા' સહજ આનંદ સ્વરૂપ ભગવાન તું છો ને! આહાહા..! તારો આનંદ બહારમાં નથી અને તારો આનંદ અપૂર્ણ અને વિકૃત નથી. આહા..! 'સહજાનંદી રે આત્મા, સૂતો કાંઈ નિશ્ચિંત રે...' છે ગુજરાતી ભાષા. અરે..! તું નિશ્ચિંત કેમ સૂવે છે? રાગ અને પુણ્ય આદિના પરિણામ મારા એ ભાવમાં તેં જીવન ક્યાં ગાળ્યું? આહાહા..! સમજાય છે કાંઈ? 'સૂતો કાંઈ નિશ્ચિંત' ચિંતા નથી કે અંદર હું કોણ છું? આહાહા..! 'સૂતો કાંઈ નિશ્ચિંત, મોહ તણા રણિયા ભમે' અરે..! પ્રભુ! રાગ અને પુણ્યના પરિણામ મારા એ તો મહા મિથ્યાત્વનું દેણુ માથે છે. દેણુ સમજો છો? કર્જા. 'મોહ તણા રે રણિયા ભમે, જાગ જાગ રે મતિવંત રે, ચૈતન્ય આનંદના નાથ હવે તારી જાગૃતિનો કાળ...હવે જાગ રે જાગ, એ રાગ અને પુણ્યના પરિણામથી તારી ચીજ અંદરમાં ભિન્ન પડી છે, એ નિજ નિધાનને નજરમાં લે, આહાહા..! તારી નજરમાં પર ચીજ જાણવા-દેખવામાં આવે છે, પણ એ નજરની પર્યાય નજર નિધાનમાં નાખ આહાહા..! 'ધીરૂભાઈ'! અહીં તો વાતું બીજી છે તમારા 'મુંબઈ' કરતાં. આહા..! 'મોહ તણા રણિયા ભમે, જાગ જાગ રે મતિવંત રે, લૂંટે જગતના જંત રે' એ કુટુંબ ને કબીલા મારું રક્ષણ કરો, મારી સાથે લગ્ન કેમ કર્યા? એમ કરીને તને લૂંટે છે. 'લૂંટે જગતના જંત રે, નાખી વાંક અનંત રે' અમારી સાથે શું લગ્ન કર્યા? અમારા પુત્ર કેમ થયા? અમે તમારા પુત્ર કેમ થયા? એમ કરીને તારી ચીજ લૂંટી લે છે. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..!

'કોઈ વિરલા ઉગરંત રે' એ લુંટમાંથી કોઈ વિરલ ઉગરે છે. હું આનંદકંદ સચ્ચિદાનંદ પ્રભુ છું. આહાહા..! મારી ચીજ તો સુખસાગરથી ભરી છે આહાહા..! અને પુણ્ય ને પાપના ભાવ, વિકલ્પથી તો હું ખાલી છું. હું તો તેનાથી શૂન્ય છું. સપ્તભંગીમાં આવે છે ને? ભાઈ! 'પ્રવચનસાર' માં. સ્વથી અશૂન્ય છું, પરથી શૂન્ય છું. સપ્તભંગી આવે છે, 'પ્રવચનસાર'. શું કહ્યું? હું મારાથી અશૂન્ય છું. એટલે હું મારા ભાવથી પૂર્ણ ભરેલો છું અને રાગાદિ પરભાવથી હું શૂન્ય છું. સપ્તભંગી ચાલી છે. સ્વથી અસ્તિ, પરથી નાસ્તિ. એમ પહેલા કહીને પછી આ લીધું છું. હું અશૂન્ય છું એટલે શૂન્ય નથી. હું તો આનંદ અને જ્ઞાન સ્વભાવથી પરિપૂર્ણ ભરેલો હું પરમાત્મ સ્વરૂપ છું અને શરીર, વાણી, મન, કુટુંબ, પર અને પુણ્ય-પાપના ભાવ જે વિકલ્પ, રાગ છે તેનાથી હું શૂન્ય છું. આહાહા..! બાપુ! મારામાં એ ચીજ નથી, ભાઈ!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આહાહા..! સમજાય છે કાંઈ? આ તો સીત્તેર વર્ષ પહેલાની વાત છે. અમે દુકાન ઉપર વાંચતા હતા. આહાહા..!

પ્રભુ! તું કોણ છો? અત્યારે તો એમ કહે છે કે શુભભાવ દયા, દાન, વ્રતાદિ કર તો એનાથી તારું કલ્યાણ થશે અને એ કરતાં કરતાં તને ચૈતન્યનો અનુભવ થશે. બાપુ! એમ નથી, ભગવાન! એ પુણ્ય ને પાપના ભાવ પ્રભુ! એ તો દુઃખરૂપ છે અને તું તો આનંદ સ્વરૂપ સુખરૂપ છો. આહાહા..! એ સુખના સાગર પર નજર કરતાં એમાં એક જીવત્વ નામની શક્તિ છે, એ શક્તિને કારણે જીવ ટકી રહ્યો છે એમ કહે છે. એ શક્તિ અને શક્તિવાનની દૃષ્ટિ થવાથી એની પર્યાયમાં જીવત્વશક્તિનું પરિણમન થાય છે. આ ઝીણી વાત છે, ભાઈ! આવી વાત ક્યાંય નથી. એ.. 'ન્યાલભાઈ'! ઉપનિષદમાં ક્યાંય નથી, હોં! ન્યાં વળી પર્યાય ને ગુણ ને દ્રવ્ય ક્યાંય નથી. આહાહા..! આ તો અલૌકિક વાત છે, બાપુ!

કહે છે કે એ શક્તિ, જીવત્વશક્તિનો ભાવ શું? જ્ઞાન, દર્શન, આનંદ અને બળ એ એનો ધ્રુવ સ્વભાવ છે, તે જીવત્વશક્તિનું કારણ છે અને તે જીવત્વશક્તિ દ્રવ્યત્વનું કારણ છે. આહાહા..! સમજાય છે કાંઈ? બાપુ! માર્ગ ઝીણા, ભાઈ! સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ (એમ ફરમાવે છે), સર્વજ્ઞ સ્વરૂપ જ આત્મા છે. એ શું કહ્યું? બધા ભગવાન સર્વજ્ઞશક્તિથી ભરેલા છે. આહાહા..! દેહનું લક્ષ છોડી દે, વાણીનું લક્ષ છોડી દે, કર્મનું લક્ષ છોડી દે, પુણ્ય-પાપનું લક્ષ છોડી દે. એક સમયની પ્રગટ અવસ્થાનું પણ લક્ષ છોડી દે. આહાહા..!

ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદથી અને અતીન્દ્રિય શાંતિથી ભરેલો પદાર્થ છે. આહાહા..! તેની દૃષ્ટિ કરવાથી તને સમ્યગ્દર્શન થશે અને તેની દૃષ્ટિ કરવાથી તારી પર્યાયમાં જીવત્વશક્તિની જ્ઞાન, દર્શન, આનંદના પ્રાણની પર્યાયની ઉત્પત્તિ થશે. આ ઉછળે છે એનો પ્રશ્ન શેઠે કરેલો. ઉછળે છે એટલે શું? આત્મામાં ઉછળે છે. આહાહા..! દરિયામાં-સમુદ્રમાં જેમ ભરતી આવે છે, સમુદ્રને કાંઠે ભરતી આવે છે, એમ ભગવાનઆત્મા, જીવત્વશક્તિને ધરનારો આત્મા છે એમ અંતરમાં દૃષ્ટિ થવાથી વર્તમાન પર્યાયમાં પ્રગટ દશામાં આનંદની ભરતી આવે છે. આહાહા..! 'નંદકિશોરજી'! આખી દુનિયાથી આ જુદી વાત છે. આહાહા..! સમજાય છે કાંઈ? એમાં જીવત્વશક્તિ ઉછળે છે. ઉછળે છે એનો અર્થ ઉત્પાદપણે પરિણમે છે. જે ધ્રુવપણે છે અને એ ધ્રુવપણે રહેલી શક્તિ જે દ્રવ્યનું કારણ છે એવી દૃષ્ટિ જ્યારે થઈ તો જીવત્વશક્તિ પર્યાયમાં જ્ઞાન, દર્શન, આનંદની પર્યાયમાં ઉત્પાદ થાય છે. ઉછળે છે એનો આ અર્થ છે. આહાહા..! આવી વાતું હવે. કહો, બંડીજી!

**'આત્મદ્રવ્યને કારણભૂત એવા ચૈતન્યમાત્રભાવરૂપી ભાવપ્રાણનું ધારણ કરવું જેનું લક્ષણ છે એવી જીવત્વ નામની શક્તિ જ્ઞાનમાત્ર ભાવમાં-આત્મામાં-ઉછળે છે.'** આહા..! અને જ્યારે આ જ્ઞાનમાત્ર વસ્તુ છે એવી દૃષ્ટિ થઈ તો પર્યાયમાં જીવત્વશક્તિની નિર્મળ પર્યાય (ઉત્પન્ન થાય છે). એમાં આનંદની પર્યાય પ્રગટ થઈ. શાંતિ, સ્વચ્છતા, ચારિત્રની પર્યાય પ્રગટ થઈ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અને એમાં અકારણકાર્યશક્તિની પર્યાય પ્રગટ થઈ. એ શું કહ્યું? જીવત્વશક્તિ છે. ભગવાન! આ તો વીતરાગનો માર્ગ સૂક્ષ્મ છે, પ્રભુ! અત્યારે તો બહારમાં લોપ થઈ ગયો છે આહાહા..! અને સત્ય વાતને ગુમ કરી દીધી છે. આ નહિ, આ નહિ, આ નહિ... આ બધું કરો, આ કરો (એમ કહે છે). આહાહા..! ભગવાન! તારી ચીજમાં જ્યારે અનંતશક્તિ પડી છે તો એમાં એક અકાર્યકારણ નામની પણ શક્તિ છે. આ બધા ઝઘડા છે ને અત્યારે?

જેમ જીવત્વશક્તિ છે એની સાથે અવિનાભાવીપણે એક અકારણકાર્ય નામની શક્તિ છે. તો કહે છે કે જીવ જીવત્વશક્તિને ધરનાર ઉપર દૃષ્ટિ કરવાથી પર્યાયમાં જેમ જીવત્વશક્તિ, જ્ઞાન, દર્શન ઉછળે છે તેમ અકાર્યકારણશક્તિની પર્યાયની ઉત્પત્તિ ઉછળે છે. અર્થાત્ એ અકાર્યકારણશક્તિ પર્યાયમાં ઉત્પન્ન થાય છે, એ વ્યવહાર રત્નત્રયના રાગનું એ કાર્ય નથી અને એ રાગનું કારણ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? અત્યારે આ ઝઘડા બહુ ચાલે છે ને? રાગ, વ્યવહાર કરો, વ્યવહાર કરો, વ્રત કરો, તપ કરો, અપવાસ કરો... ભગવાન! એ હો, રાગ મંદ હો તો હો પણ એ કોઈ ચીજ નથી. એ વસ્તુનું દ્રવ્ય નથી, વસ્તુનો ગુણ નથી અને વસ્તુની પર્યાય નથી. સમજાય છે કાંઈ? બંડિજી! આવો માર્ગ છે, પ્રભુ!

અરે..! ભરતક્ષેત્રમાં પરમાત્માના વિરહ પડ્યા અને એમની વાત રહી ગઈ. ભગવાન 'કુંદકુંદાચાર્યદેવ' ત્યાં ગયા અને ત્યાંથી આ સંદેશ લાવ્યા. પ્રભુ! તું જીવત્વશક્તિથી ભરેલો છો ને! અને એ જીવત્વશક્તિમાં અકાર્યકારણ નામની બીજી શક્તિ છે, જીવત્વશક્તિમાં એ અકાર્યકારણશક્તિનું રૂપ છે. ભાષા સાદી છે, ભાવ ઝીણા છે. આહાહા..! આ તો ભગવાનના ઘરની વકીલાત છે. આહાહા..! શું કહે છે?

ભગવાનઆત્મા પુણ્ય-પાપ ને શરીરથી તો શૂન્ય છે અને પોતાની અનંતશક્તિથી અશૂન્ય નામ પૂર્ણ છે. એવા પૂર્ણાનંદના નાથ ઉપર દૃષ્ટિ કરવાથી દ્રવ્યની શ્રદ્ધા થઈ, ગુણની–શક્તિની શ્રદ્ધા થઈ અને એની પરિણતિ નિર્મળ થઈ, એમાં જીવત્વશક્તિની પર્યાય–પરિણતિ પણ આવી અને એમાં અકાર્યકારણશક્તિની પરિણતિ પણ આવી. જે પર્યાય એવી છે, અકાર્યકારણશક્તિની પર્યાય સાથે ઉછળે છે. આહાહા..! આવી વાત છે. એ અકાર્યકારણ નામની શક્તિ પણ, જ્યારે દ્રવ્ય ઉપર રુચિ થવાથી પર્યાયમાં જીવત્વશક્તિનું પરિણમન ઉત્પાદ-વ્યયપણે થયું એમ અકાર્યકારણશક્તિની પર્યાયનો પણ ઉત્પાદ થયો કે જે શક્તિ એવી છે કે રાગના કારણે નિર્મળ પર્યાય થાય છે એમ નથી. વ્યવહાર રત્નત્રયથી નિશ્ચય પર્યાય થાય છે એવી વાત છે નહીં. બંડીજી! આવું છે, ભગવાન! આહાહા..! તારી મહિમાનો પાર નથી, નાથ! તારી સાથે તો અંદર આનંદ આદિ છે ને! આહાહા..! પર્યાયપણે પરિણમન કરે છે તેને ઉછળે છે એમ કહેવામાં આવે છે. આવી વસ્તુ સર્વજ્ઞ સિવાય બીજે ક્યાંય નથી. દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણેમાં જીવત્વશક્તિ વ્યાપક છે. એ તો કાલે કહ્યું હતું. સમજાય છે કાંઈ? 'ધીરૂભાઈ'! આ બધા શબ્દો નવા છે, તમારી કંપનીમાં ગપેગપ બધા ચાલતા હોય.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આહાહા..! આવો પ્રભુનો માર્ગ તને ખબર નથી, પ્રભુ!

તારી શક્તિમાં પ્રભુતા ભરી છે. એ પ્રભુતાશક્તિ પણ, જીવત્વશક્તિના પરિણમનમાં પ્રભુત્વશક્તિના પરિણમનમાં, ઈશ્વરશક્તિના ઉત્પાદમાં ઈશ્વરતા આવે છે. આહાહા..! સમજાય છે કાંઈ? 'હીરાલાલજી'! આવી વાત છે. હીરો-ચૈતન્યહીરો આવો છે. હીરામાં જેમ પાસા હોય છે ને? પાસા.. શું કહે છે? હીરામાં પાસા હોય છે ને? પહેલ. એમ ભગવાનમાં અનંત પાસા, અનંતશક્તિ છે. અહીંયા તો કહે છે કે જ્યારે જીવત્વશક્તિનો ધરનાર ભગવાનઆત્મા, એ આત્માની જ્યારે નજર થઈ તો જીવત્વશક્તિના પરિણમનની સાથે અકાર્યકારણશક્તિનું પરિણમન પણ સાથે ઉછળે છે. 'કિરણભાઈ'! આ જુદી જાત છે. તમારા 'મુંબઈ'ના બધા.. આ બધા 'મુંબઈ'ના છે ને? આ ભાઈ 'મુંબઈ'ના નથી, આ ભાઈ 'સાગર'ના છે. કહો, સમજાણું કાંઈ? આહાહા..! શું કહે છે?

**'ચૈતન્યમાત્રભાવરૂપી ભાવપ્રાણનું ધારણ કરવું...'** એમાં આત્મામાં શક્તિ ઉછળે છે. આહાહા..! ભગવાનઆત્મા આનંદથી ભરેલો છે એ દ્રવ્ય સ્વભાવ ઉપર દૃષ્ટિ કરવાથી પર્યાયમાં-અવસ્થામાં-હાલતમાં આનંદ, જેમ દરિયામાં સમુદ્રના કાંઠે ભરતી આવે છે, તેમ પર્યાયમાં આનંદની ભરતી આવે છે. તેનું નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે. સમજાય છે કાંઈ? આહાહા..! અરે..! આ શરીર-બરીર તો માટી-ધૂળ છે. આહાહા..! એ તો એમાં છે જ નહિ તો એની ક્રિયા હું કરું છું, એ મિથ્યાત્વ ભાવ છે. આહાહા..!

અહીંયા તો પુણ્ય અને પાપના ભાવ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ ભાવથી પણ ભગવાન તો શૂન્ય છે. આહાહા..! પર્યાયમાં શૂન્ય છે. આહાહા..! પર્યાયમાં જીવત્વશક્તિનું પરિણમન જેમ થયું તો અકાર્યકારણ નામની શક્તિ સાથે છે તેનું પણ પરિણમન છે અને જીવત્વશક્તિમાં અકાર્યકારણશક્તિનું રૂપ છે તો તેમાં અકાર્યકારણનું પરિણમન થાય છે. આહાહા..! આવી વાતું હવે. અરે..! કોઈ વાર સાંભળે તો ખરા. માર્ગ તો આવો છે, ભાઈ! અરે..! મનુષ્યપણું મળ્યું, એમાં જૈન સંપ્રદાયમાં જન્મ થયો અને એની ચીજ જો ન સમજે તો જીવન ચાલ્યા જશે. આહાહા..! એ જીવનની કોઈ કિંમત નથી. સમજાય છે કાંઈ? પછી ભલે કરોડ, પાંચ કરોડ, દસ કરોડ, ધૂળ કરોડ એકઠી થઈ જાય, ધૂળ છે, મરીને નરકે ક્યાંય ચાલ્યો જઈશ. આહાહા..! એય...! 'ધીરૂભાઈ'! આવું છે, બાપા! અહીં તો.

અહીં એ કહ્યું, ઉછળે છે, આત્મામાં ઉછળે છે. શેઠે રાત્રે પ્રશ્ન કર્યો હતો. ઉછળે છે એટલે શું? ઉછળતી નામ ગુણની પરિણતિ થાય છે. જે દ્રવ્ય વસ્તુ છે એમાં જે અનંતશક્તિ છે, એમાં એક શક્તિરૂપ પરિણમન જ્યારે થાય છે તો અનંતશક્તિની પરિણતિ એકસાથે ઉત્પન્ન થાય છે તેનું નામ ઉછળે છે એમ કહેવામાં આવે છે. આહાહા..! આવો માર્ગ લોકોને બિચારાને એવું લાગે છે કે આ સોનગઢવાળાએ તો આમ કરી નાખ્યું. અરે..! બાપુ! આ સોનગઢની વાત છે? કે સ્વરૂપની વાત છે? આ ભાઈ છે એ 'મખ્ખનલાલજી'ને મળ્યા હતા.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



'નંદકિશોરજી'! 'મખ્ખનલાલજી' સાથે બે કલાક બેઠા ને ચર્ચા થઈ. 'મખ્ખનલાલજી'એ અહીંની વિરૂદ્ધનું પુસ્તક આપ્યું તો એણે ન લીધું. બાપુ! ભગવાન! તારા હિતની વાત છે, નાથ! તને અહિત લાગે છે. આહાહા..! શુભભાવ હો પણ એ તો પુણ્યતત્ત્વ છે, પુણ્યતત્ત્વ બંધનું કારણ છે, ભગવાનઆત્મા અબંધસ્વરૂપ છે. આહાહા..!

૧૫ મી ગાથામાં આવ્યું ને? ૧૫. જે કોઈ આત્માને અબદ્ધસ્પૃષ્ટ દેખે છે તે જૈનશાસનને દેખે છે. શું કહ્યું? ૧૫મી ગાથા.

**जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं अणण्णमविसेसं।**
**अपदेससंतमज्झं पस्सदि जिणसासणं सव्वं।।१५।।**

એમાં બે વાત છે. જૈનશાસનની વાણી જે દ્રવ્યસૂત્ર છે એમાં પણ એ કહ્યું છે, '**अपदेससंतमज्झं**' જેટલા જૈનના શાસ્ત્ર છે એ શાસ્ત્રમાં '**अपदेस**' એમાં ઉપદેશ આ ચાલ્યો છે કે આત્મા અબદ્ધ છે. સમજાય છે કાંઈ? આવ્યું ને? '**अपदेससंतमज्झं**' 'બાબુભાઈ'! '**अपदेससंतमज्झं**' કહ્યું ને? એનો અર્થ દ્રવ્યસૂત્ર છે. આહા..! દ્રવ્યસૂત્રમાં પણ ભગવાનની વાણીમાં–દ્રવ્યશાસ્ત્રમાં પણ આત્માને અબદ્ધ અને પુણ્ય-પાપના ભાવથી રહિત એવા આત્માને દેખે એણે જૈનશાસનને જોયું. પુણ્ય-પાપને જુએ એણે જૈનશાસન જોયું એમ કહ્યું નથી. આહાહા..!

મુમુક્ષુ :– અરિહંત, સિદ્ધ તો અબદ્ધ-સ્પૃષ્ટ જ છે.

ઉત્તર :– આ આત્મા અનાદિથી અબદ્ધ-સ્પૃષ્ટ છે. અરિહંત, સિદ્ધ તો પર્યાયમાં અબદ્ધ થઈ ગયા. આહાહા..!

ભગવાનઆત્મા... આ આત્મદ્રવ્ય જે કહ્યું ને? એ અબદ્ધસ્પૃષ્ટ છે. રાગાદિના સંબંધરૂપી બંધ છે જ નહિ. આહાહા..! ત્રિકાળી જ્ઞાયકમૂર્તિ પ્રભુમાં રાગનો સંબંધ–બંધ ક્યાંથી આવ્યો? ભગવાન તો અબંધસ્વરૂપ પ્રભુ છે. આહાહા..! અને જેણે ભગવાનઆત્મા અબદ્ધસ્વરૂપે જોયો, વિશેષપણું છોડીને સામાન્યપણે જોયો, વિશેષ કષાયના પુણ્ય-પાપના પરિણામને છોડીને નિર્વિકારીપણે જોયો તેણે જૈનશાસન જોયું. આહાહા..! આવી વાત છે હવે શું કરીએ? આ લોકો તો એમ કહે છે, વ્યવહાર કરતા કરતા થાય. વ્યવહાર એ જૈનશાસન છે જ નહિ. સમજાય છે કાંઈ? આહાહા..! 'ધીરૂભાઈ'! આવી અગમ્યગમ્યની વાતું છે. આહા..! અરે..! બાપુ! અનંતકાળથી પરિભ્રમણ કરે છે તેને નાશ કરવાનો ઉપાય તો કોઈ અપૂર્વ હોય ને! આહાહા..!

કહે છે, ઉછળે છે. એક સમયમાં આનંદની પર્યાય ઉછળે છે અને એક સમયમાં અકાર્યકારણશક્તિની પરિણતિ પણ ઉછળે છે કે જે પર્યાય છે તેને દ્રવ્યનું કોઈ કારણ નથી, ગુણનું કારણ નથી, પર્યાયનું કોઈ કારણ નથી. આહાહા..! રાગાદિ વ્યવહારાદિ વિકલ્પ કારણ અને નિર્મળ પર્યાય કાર્ય, એમ છે નહિ અને નિર્મળ પર્યાય કારણ અને રાગ એનું કાર્ય એમ નથી. આ પર્યાયમાં એમ નથી, એમ કહે છે. દ્રવ્ય-ગુણમાં તો છે જ નહિ. આહાહા..!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



માર્ગ તો એવો છે, ભગવાન! આહા..! અરે..! વાસ્તવિક તત્ત્વની વાત સાંભળવા મળે એ ભાગ્ય હોય તો મળે છે, એવી ચીજ છે. દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેમાં જીવત્વશક્તિ વ્યાપક છે. હજી તો પર્યાય કોને કહે છે? ગુણ દ્રવ્યની તો ખબર નથી. આહાહા..! સમજાય છે કાંઈ? આ એક શક્તિનું વર્ણન ચાલે છે, અઢી કલાક થયા. કાલે અને પરમ દિવસે બે દિવસથી ચાલે છે.

મુમુક્ષુ :– અમે શક્તિનું વર્ણન સાંભળવા નથી આવ્યા, અમે મોક્ષમાર્ગની વાત સાંભળવા આવ્યા છીએ.

ઉત્તર :– એ શક્તિ અને શક્તિવાનની પ્રતીતિ કરે છે તો પર્યાયમાં મોક્ષમાર્ગ ઉત્પન્ન થાય છે. શેઠ ખુલાસો કરાવે છે. શરાફ છે ને? શરાફ. આહાહા..! ભગવાન! આહાહા..!

અબદ્ધસ્પૃષ્ટ, જેમાં પર્યાયનું વિશેષ પણ નથી, આહાહા..! રાગનો તો ભાવ નથી. આવ્યું ને? અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, નિયત અને અવિશેષ. અવિશેષ એટલે વિશેષ જે પર્યાય તે પણ એમાં નથી. આહાહા..! ગજબ વાત છે. આહાહા..! સમજાય છે કાંઈ? સ્ત્રીનો દેહ ભિન્ન છે, સ્ત્રીનો દેહ, નપુંસકનો દેહ ન જુઓ, પ્રભુ! અંદર ભગવાનઆત્મા બિરાજે છે એ પરમાત્મ સ્વરૂપ છે તેને જુઓ. આ તો માટી છે તેને ન જુઓ કે આ પુરુષ છે ને આ સ્ત્રી છે ને આ તિર્યંચ છે ને આ મનુષ્ય છે. એ આત્મા જ નથી. આત્મા તો અંદર આનંદનો નાથ પ્રભુ... આહાહા..! જીવત્વશક્તિની સાથે અનંતશક્તિનું રૂપ એમાં છે એવા આત્માને જ્યારે જોયો તો અબદ્ધસ્પૃષ્ટ જ આત્મા જોયો. એ અબદ્ધસ્પૃષ્ટ આત્માને જોયો તો પર્યાયમાં પ્રતીતિ–સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર થયા. તેનું નામ મોક્ષમાર્ગ છે. આહાહા..! શેઠે એમ કહ્યું ને અમે તો મોક્ષમાર્ગ સાંભળવા આવ્યા છીએ. મોક્ષમાર્ગ આ. આહાહા..!

જુઓ! મોક્ષ એને કહેવામાં આવે છે એ તો એક દુઃખનો અભાવ અને વિકારનો અભાવસૂચક છે. મોક્ખ એમ છે ને? મોક્ષ. મોક્ષ–મુકાવું. એ તો નાસ્તિથી કથન છે. પણ મોક્ષની પર્યાય અસ્તિ છે એ તો આનંદરૂપ અને મુક્તરૂપ પર્યાય છે, એ અસ્તિરૂપે તેમ છે. દુઃખ અને વિકારની નાસ્તિ છે અને આનંદ અને પોતાની શાંતિના અસ્તિત્વથી અસ્તિ છે. લોજીકથી તો કહીએ છીએ પણ પકડવું, સમજવું તો એણે કરવાનું છે ને? આહા..! અહીં તો આજે અકાર્યકારણ ઉપર વિશેષ વાત કહી. લોકોની બહુ તકરાર છે ને? અરે..! ભગવાન! સાંભળ તો ખરો, પ્રભુ!

‘છઢાળા’ માં આવ્યું હતું, આ લોક અકૃત્રિમ છે. કોઈએ કરેલો નથી. આવ્યું હતું? ન ધરેકો. એનો અર્થ શું? એમાં જે દ્રવ્ય છે તે પણ કોઈનું કરેલું નથી. તેના ગુણ પણ કોઈએ કરેલા નથી, એની પર્યાય પણ કોઈએ કરેલી નથી. આહાહા..! એનો અર્થ એવો છે, હોં! આખા લોકનો કર્તા કોઈ નથી તો લોકનું એક દ્રવ્ય છે તેનો કોઈ કર્તા નથી. એ દ્રવ્યના ગુણ છે તેનો કોઈ કર્તા નથી. ગુણનો દ્રવ્યકર્તા કહો, પણ બીજો કોઈ કર્તા છે એમ નથી. આહાહા..! અને તેની પર્યાયનો કર્તા દ્રવ્ય-ગુણ કહો તો એ પણ વ્યવહાર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. નિશ્ચયથી તો પર્યાય કર્તા, પર્યાય કર્મ ને પર્યાયનું કારણ પર્યાયમાં પોતાને કારણે છે. પર્યાય પણ દ્રવ્ય-ગુણને કારણે નથી અને પરને કારણે તો નહિ, નહિ ને નહિ જ.

મુમુક્ષુ :- ત્રણ વખત નહિ, નહિ, નહિ કેમ કહ્યું?

ઉત્તર :- દર્શન, જ્ઞાન ને ચારિત્ર. આહાહા..! એક શક્તિ થઈ. હવે બીજી લઈએ.

**अजडत्वात्मिका चितिशक्तिः २।**

**અજડત્વસ્વરૂપ ચિતિશક્તિ. (અજડત્વ અર્થાત્ ચેતનત્વ જેનું સ્વરૂપ છે એવી ચિતિશક્તિ.) ૨.**

**'અજડત્વસ્વરૂપ ચિતિશક્તિ.'** ચિતિશક્તિનો અર્થ એવો છે કે જે જીવત્વશક્તિ છે તેનું ચિતિશક્તિ લક્ષણ છે. પણ ચિતિશક્તિ જુદી બતાવવાનું કારણ એ અજડત્વ છે. અર્થાત્ એમાં રાગ અને પુણ્ય-પાપ જડ છે તે તેમાં નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- અજડત્વ કોઈ ગાથામાં છે. ફરી ફરીને એજ વાત છે.

ઉત્તર :- ખતવશે બીજી. એમાં તો ફક્ત એટલું આવ્યું હતું કે અસ્તિપણે પરિણમન. હવે અહીં તો કહે છે કે એમાં ચિતિશક્તિ નામની એક શક્તિ ભિન્ન છે. એ ચિતિશક્તિનું રૂપ જીવત્વશક્તિમાં છે અથવા જીવત્વશક્તિનું લક્ષણ આ ચિતિશક્તિ છે. આહાહા..!

એ અજડત્વ ચિતિશક્તિ છે, જેમાં જડપણું નથી. સ્પષ્ટ કરીએ છીએ. આહાહા..! જડપણાનો અર્થ શરીર, વાણી, મન તો જડ છે, કર્મ જડ છે. એ તો ચિતિશક્તિમાં છે જ નહિ. કેમકે અજડત્વ ચિતિશક્તિ છે. જડ વિનાની ચિતિશક્તિ જ્ઞાનસ્વરૂપ ભગવાનમાં છે. ચિતિમાં બે લેવા છે-જ્ઞાન અને દર્શન. સમજાય છે કાંઈ? ચેતનશક્તિ, ચેતનશક્તિ. જીવત્વશક્તિથી ભિન્ન ચેતનશક્તિ. એવી એક દ્રવ્યમાં અનંતશક્તિઓ સંખ્યાએ છે. આહાહા..!

એ તો કહ્યું હતું ને? આકાશના પ્રદેશ છે એ આકાશના પ્રદેશનો અંત નથી. આ લોક છે એ તો અસંખ્ય જોજનમાં છે. જગત સંગ્રહાત્મક. છ દ્રવ્યનું સંગ્રહાત્મક સ્થાન તો અસંખ્ય જોજન છે. પછી ખાલી ભાગ અનંત.. અનંત.. અનંત.. અનંત.. અનંત છે. નજરને લંબાવો તો ક્યાં આકાશ નથી? આકાશ પછી શું? પછી શું? પછી શું? પણ પછી કાંઈ છે જ નહિ.

એકવાર કહ્યું હતું ને? મહેરબાનજી પારસી હતા. 'જામનગર'ના દિવાન. એનો દીકરો મારી પાસે આવ્યો હતો. જુવાન માણસ, નાસ્તિક ને પારસીના દીકરા. મેં કીધું, એકવાર સાંભળ. આ આકાશ ચીજ છે આમ આમ ચાલી જાય છે તો ક્યાં અંત આવશે? આ ચીજનો તો અંત આવશે પણ પછી કોઈ ક્ષેત્રનો અંત છે? ક્ષેત્રનો અંત નથી. તો ક્ષેત્રને જાણનાર ક્ષેત્રજ્ઞના ભાવનો અંત નથી. દિવાન હતા. (સંવત) ૧૯૯૧ની સાલની વાત છે. ૧૯૯૧. માગશર માસ. એય..! અહીં તો અમારે બહુ વીતી ગઈ છે ને! આહા..! તમે ગમે તે સ્થિતિ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એકવાર માનો પણ આ ચીજ આમ આમ (જાય છે), આ ક્ષેત્ર છે એ અસંખ્ય (જોજનમાં છે) એમ અનંત, અનંત અનંત અનંત જોજનમાં ચૌદ બ્રહ્માંડ નથી, પછી ખાલી જગ્યા છે એવી ખાલી જગ્યાને શું કહેવું? એ આકાશ છે. આકાશનો ક્યાં અંત? કે આકાશ પૂરું થઈ ગયું? 'ચીમનભાઈ'! આહા..!

ક્ષેત્રનો અંત નથી. ક્ષેત્રજ્ઞ ભગવાનઆત્મા છે. ક્ષેત્રનો જાણનાર છે એના જ્ઞાનનો, ભાવનો પણ અંત નથી. જેમ એ ક્ષેત્રનો અંત નથી એના અસ્તિત્વની જો તને પ્રતીતિ થાય તો એ ક્ષેત્રને જાણનાર જ્ઞાન પણ અપરિમિત અપાર અંદર ભર્યું છે. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ!

એ અહીં કહે છે, અજડત્વ ચિતિશક્તિ. ચિતિ એટલે ચેતના, દર્શન ને જ્ઞાન બન્ને સાથે લેવા. પછી ભિન્ન પાડશે. ચેતનાશક્તિ. જાણવું અને દેખવું એ બે રૂપ એક ચેતનશક્તિ, એ અજડત્વ છે. આહાહા..! જીવત્વશક્તિમાં પણ ચેતનશક્તિનું રૂપ છે. એમાં પણ અજડત્વ છે. જીવત્વશક્તિનું પરિણમન થયું તો એમાં આ પુણ્ય-પાપના જડપણાનો અભાવ છે. સમજાય છે કાંઈ? આહાહા..! 'હીરાલાલજી' આવી ઝીણી વાત છે. વાતું છે ઝીણી... લોકો નથી કહેતા? લોઢા કાપે ઝીણી. છીણી લોઢાની હોય એ છીણી લોઢાને કાપે. લાકડું કાપે? લોઢાને લાકડું કાપે? લોઢાની સૂક્ષ્મ છીણી હોય એ લોઢાના બે ભાગ કરી નાખે, ફડાક દઈને! એમ અહીંયા સૂક્ષ્મ જ્ઞાન છે તે રાગને ભિન્ન કરે છે, જેને પ્રજ્ઞાછીણી કહે છે. આવ્યું છે?

પ્રજ્ઞાછીણી. ભગવાન! એકવાર સાંભળ તો ખરો. આહાહા..! રાગ ને પુણ્ય-પાપના દયા, દાનના ભાવમાં તો ચૈતન્યનો અભાવ છે. ચૈતન્યના ભાવથી એ શૂન્ય છે. ભગવાનઆત્મા એ અચેતન ભાવથી શૂન્ય છે. આહાહા..! સમજાય છે કાંઈ? આવો માર્ગ છે. લોકોને ઝીણું પડે અને પેલું સ્થૂળપણે પકડાવી દીધું, આ કરો દયા ને વ્રત ને ભક્તિ ને પૂજા.. દાનમાં બે-પાંચ-દસ લાખ ખર્ચી નાખો, જાઓ ધર્મ થશે. અહીં કહે છે, ધૂળમાં પણ નહિ થાય. તારા કરોડ રૂપિયા આપી દે ને! કદાચિત્ રાગ મંદ કર્યો હશે તો પુણ્ય છે, ધર્મ નથી. એ પુણ્યભાવનો ચેતનશક્તિમાં અભાવ છે. 'જ્ઞાનચંદજી'!

મુમુક્ષુ :- આવું કહેશું તો બાબુભાઈને દાન કોણ આપશે?

ઉત્તર :- કોણ આપે છે? ને કોણ લે છે? આજે છાપામાં આવ્યું છે કે જ્યાં ... ત્યાં કાળા વાવટા બતાવ્યા. 'બાબુભાઈ' ચાલ્યા જાઓ, ચાલ્યા જાઓ. આજે આવ્યું છે. 'જૈનદર્શન' માં. આહાહા..! આ ચીજ નથી, ખબર નથી. એને સત્યનો આદર નથી. અસત્યનો આદર કરવાવાળો સત્યનો અનાદર જ કરે. એમાં કોઈ નવી વસ્તુ નથી. અહો..! મારગડા નાથ તારા જુદા, પ્રભુ! તું જ્યાં છે ત્યાં તો પુણ્ય-પાપ પણ નથી ને અને તું જ્યાં છો ત્યાં તો અપાર અપરિમિત શક્તિનો ભંડાર છે ને! આહાહા..! 'પોપટભાઈ'! આ તમારા કરોડ, બે કરોડની ગણતરી કાંઈ ગણતરી ન મળે. આહાહા..!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

આચાર્ય મહારાજે કામ કર્યા છે, આહા..! ગજબ કર્યા છે. 'અમૃતચંદ્રાચાર્યે' 'સમયસાર'માંથી ૪૭ શક્તિ કાઢી. અનંતશક્તિ છે પણ કથનમાં અનંત કહેવા જાય તો અનંત સમય જાય. વસ્તુ એવી છે. અને સમજાય એવી સાદી ભાષા છે. એવી કોઈ ચીજ નથી કે મોટા સંસ્કૃત ને વ્યાકરણ (ભણવા પડે). આહા..! આ તો સાદી ભાષા છે, સત્ય સાદુ છે. સત્ય સરળ છે, 'શ્રીમદ્' કહે છે. સત્ સરળ છે, સત્ સર્વત્ર છે, સત્‌ને પમાડનાર ગુરુ મળવા મહા દુર્લભ છે, એમ કહે છે. 'શ્રીમદ્દે' એક પત્રમાં લખ્યું છે. આહાહા..! ગુરુ મળ્યા ક્યારે કહેવાય? જ્યારે પોતાના આત્માનો અનુભવ કરે ત્યારે ગુરુ મળ્યા એમ કહેવામાં આવે છે. આહાહા..!

ભગવાનઆત્માના આનંદનો અનુભવ થાય તે ધર્મ છે. આહાહા..! 'અનુભવ રત્ન ચિંતામણિ, અનુભવ હૈ રસકૂપ, અનુભવ માર્ગ મોક્ષનો, અનુભવ મોક્ષસ્વરૂપ.' આનંદના નાથનો સ્વસન્મુખ થઈને અનુ નામ સ્વભાવને અનુસરીને ભવ નામ થવું, આનંદરૂપે થવું તે અનુભવ મોક્ષનો માર્ગ છે. બાકી વ્યવહાર રત્નત્રય આદિ બધા બંધના કારણ છે. સમજાય છે કાંઈ?

અજડત્વ. આહાહા..! ચિતિશક્તિ અકાર્યકારણથી ભરેલી છે. ચિતિશક્તિ સાથે ઉછળે છે. જીવત્વશક્તિની સાથે ચિતિશક્તિની પર્યાય ઉછળે છે, ઉત્પત્તિ થાય છે. એ ચિતિશક્તિની જે જ્ઞાન-દર્શનની એકરૂપ પર્યાય ઉત્પન્ન થાય છે તેમાં કોઈ રાગનું કારણ નથી અને ચિતિશક્તિની પર્યાય–પરિણતિ છે તે રાગનું કારણ નથી, રાગનું કારણ નથી અને રાગ કારણ ને ચિતિશક્તિની પર્યાય કાર્ય નથી. આહા..! આવી વાતું હવે. એક સમયની પર્યાય! પર્યાયની મુદત એક સમયની છે. ભગવાનઆત્મા દ્રવ્ય અને ગુણ ત્રિકાળ છે. દ્રવ્ય અને ગુણ ત્રિકાળ છે અને પર્યાયની એક સમયની મુદત છે. આહાહા..! બીજે સમયે બીજી, ત્રીજે સમયે ત્રીજી થાય. પર્યાયનો સમય તો એક સમય છે.

એક સમયની પર્યાયમાં ચિતિશક્તિ જ્યારે પરિણમે છે, ત્રિકાળી જ્ઞાયકભાવમાં ચિતિશક્તિ પડી છે, તો શક્તિ અને શક્તિવાનનો ભેદ પણ દૃષ્ટિમાં નહિ લેવાથી... આહાહા..! શક્તિ અને શક્તિવાનનો ભેદ નહિ પાડીને, શક્તિવાન જ્ઞાયક ઉપર દૃષ્ટિ કરવાથી (પર્યાય પરિણમે છે). કેમકે ચિતિશક્તિથી આખો જ્ઞાયકભાવ ભરેલો છે. એ પર્યાયમાં જ્યારે ચિતિશક્તિનું, શક્તિવાનનો જ્યાં આદર થયો અને વ્યવહારનો આદર છોડી દીધો... આહાહા..! અત્યારે તો એ જ કહે છે, પ્રરૂપણા એ કરે છે કે વ્યવહાર કરતા કરતા નિશ્ચય થશે. અરે..! એ તો શ્રદ્ધા જ મિથ્યાત્વ છે. આહા..! શું થાય? સમજાય છે કાંઈ?

ચિતિશક્તિની પર્યાય ઉછળે છે. એમાં અકાર્યકારણની પર્યાય પણ આવે છે. જ્ઞાન, દર્શનની જે પર્યાય ઉત્પન્ન થાય છે તેનું કારણ દ્રવ્ય-ગુણ વ્યવહારે કહેવામાં આવે છે અને પરિણમન થયું તેનું કારણ-કાર્ય પરિણમનમાં છે. આહાહા..! દ્રવ્ય-ગુણ પણ યથાર્થમાં કારણ નથી. એ આપણે 'કળશ ટીકા'માં આવી ગયું છે કે પોતાના પરિણામ–કાર્ય અને દ્રવ્ય-ગુણ કારણ એ ઉપચારમાત્રથી છે. ગજબ વાતું છે, ભાઈ! નિર્મળ પર્યાયનો અનુભવ થયો

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એ અનુભવમાં અનુભવરૂપી કાર્ય–કર્મ (થયું), કર્મ કહો, કાર્ય કહો, દશા કહો અને તેનું કારણ દ્રવ્ય-ગુણ છે તે પણ ઉપચારથી છે, વ્યવહારથી છે. આહાહા..! પરના કારણ-કાર્ય તો છે જ નહિ. એ વાત સવારે ચાલે છે ને? આજે તો સ્વાધ્યાય હતો ને? આઠ દિ'એ એક દિ' વિસામો મળે છે. અહીં તો કાયમ ચાલે છે. (સંવત) ૧૯૭૪ની સાલથી વ્યાખ્યાન ચાલે છે. ૫૯ વર્ષ થયા. હજારો માણસ (આવતા). સંપ્રદાયમાં પણ અમારી તો ઘણી પ્રતિષ્ઠા હતી ને! પુણ્ય દેખાય, શરીર પણ સુંદર દેખાય અને અમારી દુકાન પણ ત્યાં ચાલતી હતી. બહારમાં લોકો તો હજારો માણસો સાંભળવા આવતા. સમજાય છે કાંઈ?

એ વખતે પણ (સંવત) ૧૯૭૧ ની સાલમાં કહ્યું હતું, ૧૯૭૧ સાલ, કેટલા વર્ષ થયા? ૬૨. સભામાં કહ્યું. બપોરે એક કલાક (વ્યાખ્યાન) આપતા. આઠમના પોષા કરતા ને લોકો? એક કલાક કહે કાનજીસ્વામી વાંચો. સવારમાં ગુરુ વાંચતા હતા. બપોરે એક કલાક. એમાં કહ્યું, પોતાની પર્યાયમાં વિકાર જે થાય છે તે કર્મથી બિલકુલ થતો નથી. ગુરુ સાંભળતા હતા, ભદ્રિક હતા. પોતામાં જેટલો વિકાર થાય છે, મિથ્યાત્વ થાય કે રાગ-દ્વેષ થાય, એમાં નિમિત્ત કારણ કર્મથી થયો છે એમ બિલકુલ નથી. અને વિકારનો નાશ કરવામાં પરનું કોઈ કારણ નથી. પોતાના સ્વભાવનો પુરુષાર્થ કરે છે તો વિકારનો નાશ થઈ જાય છે. કર્મનો નાશ થાય તો વિકારનો નાશ થાય છે એવી ચીજ નથી. આ તો ૧૯૭૧ની સાલની વાત છે. કેટલાયના તો જન્મ પણ નહિ થયા હોય. ૬૨ વર્ષ. ખળભળાટ થઈ ગયો, સંપ્રદાયમાં ખળભળાટ થઈ ગયો. આ ક્યાંથી લાવ્યા? વગર દોરાની પરાઈ ઉડે છે, એ શેઠ કહેતા હતા. સાધુ નહોતા બોલ્યા. આ વગર દોરાની પરાઈ ઉડે છે. દોરા સમજ્યા? કેમકે અમારા ગુરુએ કહ્યું નથી અને અમે કદી સાંભળી નથી ને આ વાત ક્યાંથી કાઢી? માર્ગ તો એવો છે, ભાઈ!

એ જ વાત 'વર્ણીજી' સાથે થઈ. 'પંચાસ્તિકાય' ની ૬૨ ગાથા. પરમાણુમાં કર્મની જે પર્યાય થાય છે તે પણ જડના ષટ્કારક પરિણમનથી થાય છે અને આત્મામાં વિકાર થાય છે તે પણ પોતાના ષટ્કારકથી પર્યાયમાં થાય છે. દ્રવ્ય-ગુણથી નહિ, પરથી નહિ. પરને કારણે એમાં વિકાર થતો નથી. અત્યારે આ ગડબડ બધામાં ચાલે છે.

'જ્ઞાનમતિ' આર્જિકા 'દિલ્હી'માં છે ને? વિકાર કર્મથી ન થાય તો એકાંત થઈ જાય છે. નિશ્ચયનય એકાંત છે, વ્યવહારનયને માનવો પડશે. પણ વ્યવહારનયનો અર્થ શું? નિમિત્ત છે એટલો વ્યવહાર છે પણ એનાથી વિકાર થાય છે એમ નહિ. સમજાય છે કાંઈ? આવી વાત છે.

અજડત્વસ્વરૂપ. આહાહા..! જીવત્વશક્તિમાંથી બીજી શક્તિ કાઢી કઈ રીતે? ચિતિશક્તિ ખરેખર તો જીવત્વશક્તિનું જ લક્ષણ છે. લક્ષણ છે પણ ભિન્ન બતાવવા માટે અજડત્વ સ્વરૂપે ભિન્ન બતાવવા બીજી શક્તિ કહી. સમજાય છે કાંઈ? ભગવાનઆત્મામાં એ ચિતિશક્તિ દર્શન-જ્ઞાન સ્વરૂપ ચેતનાશક્તિ છે. એ શાશ્વત છે. દ્રવ્ય જેમ શાશ્વત છે તેમ ચિતિશક્તિ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



શાશ્વત છે. શાશ્વત શક્તિમાં અકાર્યકારણશક્તિ પણ સાથે પડી છે. ચિતિશક્તિની (પર્યાય) દ્રવ્ય સ્વભાવ ઉપર દૃષ્ટિ થવાથી જ્ઞાન, દર્શનની પર્યાય જેમ ઉત્પન્ન થાય છે, ઉછળે છે, ઉત્પત્તિ થાય છે તેની સાથે અકાર્યકારણની પર્યાય પણ, જે જ્ઞાનની પર્યાય થઈ તેનું કોઈ કારણ નથી અને જ્ઞાનની પર્યાય રાગનું કારણ નથી. આહાહા..! આવી વાતું. એક કલાકમાં યાદ કેટલી રાખવી? નવી જાતની વાત બધી. બૈરાં ન આવ્યા હોય ને પૂછે કે શું સાંભળી આવ્યા? કંઈક કહેતા હતા, આમ ને આમ ને આમ. એ.. 'પોપટભાઈ'! માર્ગ તો પ્રભુ! એવો છે, ભાઈ! આ તો અપૂર્વ માર્ગ છે, પૂર્વે કદી કર્યો નથી. અનંતકાળમાં રખડતા રખડતા.. આહાહા..!

ચિતિશક્તિ. એ ચિતિશક્તિ પણ દ્રવ્ય, ગુણ, પર્યાયમાં વ્યાપક થાય છે. ચિતિશક્તિ છે ગુણ, પણ દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરવાથી, શક્તિ અને શક્તિવાનનો ભેદ છોડીને શક્તિવાન આત્મા છે એમ દૃષ્ટિ કરવાથી ચિતિશક્તિનું પર્યાયમાં પરિણમન થાય છે. જ્ઞાન અને દર્શન, જાણવા-દેખવાની પર્યાય પોતાથી થાય છે. એ પર્યાયનું કારણ પર નથી. ભગવાનની વાણી સાંભળી તો એ પર્યાય થઈ, એમ નથી. સમજાય છે કાંઈ? આવું ઝીણું છે.

અજડત્વશક્તિ. એમાં અકાર્યકારણનું પરિણમન (સાથે છે). આહાહા..! જ્ઞાનની પર્યાય ઉત્પન્ન થાય છે કે દર્શનની પર્યાય ઉત્પન્ન થાય છે તો ભગવાનની વાણી સાંભળવાથી ઉત્પન્ન થતી નથી. અને અહીંયા જુઓ તો પહેલા આવું જ્ઞાન નહોતું અને સાંભળવા મળ્યું તો એ સાંભળવાથી અંદરમાં જ્ઞાન ઉત્પન્ન થાય છે કે નહિ? અહીં તો ના પાડે છે. એમ છે જ નહિ. 'પોપટભાઈ'! સંભળાય છે તો જ્ઞાનની પર્યાય થાય છે (એમ નથી). જ્ઞાનની પર્યાય પણ પોતાથી થાય છે અને સાંભળવાનું તો નિમિત્ત છે. નિમિત્તથી થતી નથી. એક વાત. અને જ્ઞાનની પર્યાય જે પોતાથી થઈ છે એ વાસ્તવિક જ્ઞાન નથી. દ્રવ્ય સ્વભાવ પર દૃષ્ટિ દેવાથી જે જ્ઞાન પર્યાય થાય તે વાસ્તવિક જ્ઞાન છે. એવી વાત છે. 'દેવીલાલજી'!

મુમુક્ષુ :– અંદર ઘણા ભેદ છે.

ઉત્તર :– અંદર એક જ ભેદ છે. 'ધર્મદાસ ક્ષુલ્લકે' લખ્યું છે કે આત્મા એક ને બાવીસ પરિષહ ક્યાંથી આવ્યા? આત્મા એક ને દસ પ્રકારના ધર્મ ક્યાંથી આવ્યા? એ તો ભેદથી કથન છે. વીતરાગ સ્વભાવ એ જ દસલક્ષણી પર્વમાં વીતરાગ સ્વભાવ એ જ ધર્મ છે, બસ! તેના દસ પ્રકારે કથન છે. 'ધર્મદાસ ક્ષુલ્લકે' 'સમ્યગ્જ્ઞાન દીપિકા'માં લખ્યું છે કે આત્મા એક અને બાર પ્રકારના તપ? બાવીસ પ્રકારના પરિષહ? આ ક્યાંથી આવ્યું? આવો માર્ગ છે, ભગવાન! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરનો પંથ, પ્રભુનો પંથ આ છે. બાકી બધા પામરના પંથ છે. સમજાણું કાંઈ? એમાં તો હજી પર્યાય કોણ એની ખબર–જ્ઞાન નથી ત્યાં ધર્મ ક્યાંથી આવ્યો? ધર્મ તો પર્યાય છે. ધર્મી અને ધર્મીનો ધર્મ એ ધ્રુવ છે. ધર્મ એટલે સ્વભાવ. ધર્મી દ્રવ્ય, જ્ઞાન-દર્શન તેનો ધર્મ–સ્વભાવ એ શાશ્વત છે પણ પરિણતિ–પર્યાય જે થઈ એ એક

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સમયની પર્યાય છે, ઇ શાશ્વત નથી. શાશ્વતને આશ્રયે થાય છે તે પર્યાય પણ અશાશ્વત છે. એ અનિત્યથી નિત્ય જણાય છે. ઇ વળી શું કહ્યું? પર્યાય અનિત્ય છે. એ અનિત્યથી નિત્ય જણાય છે. એ.. 'ધીરૂભાઈ'! આ તમારા ચોપડામાં ક્યાંય આવી વાતું ન મળે. આહાહા..!

શું કહ્યું? શું કહ્યું છેલ્લું? નિત્યથી નિત્ય જણાતું નથી. નિત્ય તો કૂટસ્થ ધ્રુવ છે અને કાર્ય થાય છે પર્યાયમાં, તો પર્યાયથી નિત્ય જણાય છે, અનિત્યથી નિત્ય જણાય છે. આહાહા..! 'નંદલાલજી'! આવી વાતું છે. અરે..! લોકો વિરોધ કરે. પ્રભુ! બાપુ! સત્યનો વિરોધ કરે તેને સત્યની ખબર નથી. આહાહા..!

સચ્ચિદાનંદ પ્રભુ અંદર (બિરાજે છે). સત્ નામ શાશ્વત દ્રવ્ય અને ગુણ અને પર્યાય અશાશ્વત-અનિત્ય. આહાહા..! એ નિત્યાનિત્ય સ્વરૂપ તે આત્મા છે. સમજાય છે કાંઈ? એકવાર રાજકોટમાં ૧૯૯૯ ની સાલમાં કહ્યું હતું ને? એક બાવો આવ્યો હતો. વેદાંતી સાધુ હતો. એને એમ કે જૈનમાં વળી અધ્યાત્મની વાત અને આત્માની વાત કરનારા આ સાધુ કોણ છે? લાવ સાંભળવા જાઉં. કારણ કે બહારમાં જૈન એટલે આ ક્રિયા કરે ને વ્યવહાર કરે ને પુણ્ય કરે, દયા પાળે એ જૈન. એવું અત્યારે બહારમાં ચાલ્યું છે. જૈનમાં વળી આત્મા ને.. એટલે આવ્યો સાંભળવા. ચર્ચામાં આવ્યો હતો. કીધું, આત્મા અનિત્ય છે. ભાગ્યો. હાય.. હાય..! આત્મા અનિત્ય? અરે..! સાંભળ તો ખરો, પ્રભુ! તને ખબર નથી. આત્મા છે એવો નિર્ણય કોણે કર્યો? ધ્રુવે કર્યો? ધ્રુવ તો કૂટસ્થ છે. કૂટસ્થ સમજ્યા? કૂટ હોય ને? શિખર. પર્યાય પલટે છે તેમાં કાર્ય થાય છે. આત્માની પર્યાય અનિત્ય છે અને નિત્ય ધ્રુવ દ્રવ્યે નિત્ય છે, પર્યાયે અનિત્ય છે. બે મળીને આત્મા છે. તો અનિત્યથી નિત્ય જણાય છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૪ શક્તિ-૩ રવિવાર, શ્રાવણ વદ ૧૫, તા. ૧૪-૦૮-૧૯૭૭

---

આ એક 'સમયસાર' પરિશિષ્ટ અધિકાર છે. શક્તિનો અધિકાર છે. થોડું સૂક્ષ્મ લાગે પણ વસ્તુની સ્થિતિ (એવી છે). શું ચાલે છે? કે અત્યાર સુધી એને એમ કહેવામાં આવ્યું કે આત્મા જ્ઞાનમાત્ર સ્વરૂપ છે. એમાં કોઈ શરીર, વાણી, કર્મ કે પુણ્ય-પાપના ભાવ નથી. તો શિષ્યે પ્રશ્ન કર્યો કે, જ્ઞાનમાત્ર ભાવ (આત્મા) છે તો એકાંત થઈ જાય છે. જ્ઞાનમાત્ર કહ્યું તો એકલું જ્ઞાન સ્વરૂપ કહેવાથી તો એકાંત થઈ જાય, એમાં અનંતગુણ તો ન આવ્યા. નહિતર છે તો અનંતગુણ, તો પ્રભુ! આવું આપે એકાંત કેમ કહ્યું?

આચાર્ય કહે છે કે એકવાર સાંભળ તો ખરો. જ્ઞાનમાત્ર પ્રભુનો અનુભવ કરવાથી એમાં જ્ઞાનની વર્તમાન પરિણતિ ઉછળે છે તો સાથે એમાં અનંતગુણની પર્યાય ઉત્પન્ન થાય છે એટલે ઉછળે છે. આહાહા..! આત્મા જ્ઞાનસ્વરૂપ છે એમ કહેતા આવ્યા છે તો શિષ્યને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એ પ્રશ્ન થયો કે આત્મા જ્ઞાનસ્વરૂપ છે એમ કહેવાથી તો એક જ ગુણ આવ્યો તો એકાંત થઈ ગયો, એમાં અનંતગુણ ન આવ્યા. ભાઈ! સાંભળ તો ખરો! પ્રભુ! આત્માનો જ્ઞાનગુણ છે એ આત્મા–ગુણીનો એ ગુણ છે. એમ ગુણી શબ્દે ભગવાનઆત્મા જ્ઞાયક પરમાત્માની જ્યાં દૃષ્ટિ થાય છે, એના સ્વભાવનો સ્વીકાર થયો તો પર્યાયમાં ઉત્પાદવ્યયપણે જ્ઞાનની પર્યાય ઉત્પન્ન થઈ તો તેની સાથે આનંદની પર્યાય પણ ઉત્પન્ન થાય છે. એની સાથે શ્રદ્ધાની પર્યાય ઉત્પન્ન થાય છે, ચારિત્રની પર્યાય, પોતાની સર્વ ઋદ્ધિને સેવે એવી ચારિત્રની પર્યાય પણ સાથે ઉત્પન્ન થાય છે. ઉછળે છે એવો શબ્દ છે ને? આહાહા..!

ભગવાન! જેમ સમુદ્રમાં ભરતી આવે છે અને કાંઠે પાણી ઉછળે છે એમ ભગવાનઆત્મા એક સમયમાં જ્ઞાનગુણમાત્ર કહ્યો તો જ્ઞાન છે, છે.. એવો અસ્તિત્વગુણ પણ સાથે આવ્યો. સમજાય છે કાંઈ? જ્ઞાન છે (એમ કહેવાથી) અસ્તિત્વગુણ પણ સાથે છે. છે તો બીજો અસ્તિત્વગુણ પણ સાથે આવ્યો. અસ્તિત્વ સમજો છો? છે. અસ્તિત્વગુણનું રૂપ પણ જ્ઞાન છે, જ્ઞાન છે તો જ્ઞાનમાં પણ છેપણું આવ્યું એ અસ્તિત્વગુણનું રૂપ એમાં છે. 'પ્રવીણભાઈ'! જરી ઝીણું છે થોડું પણ હવે.... આહાહા..! આવો માર્ગ (છે). પ્રભુ અંદર બિરાજે છે ને! નાથ! આહાહા..!

અનંત અનંતશક્તિ અને ગુણનો સંગ્રહાલય, અનંતગુણનું ગોદામ આત્મા છે. ગોદામમાંથી માલ કાઢે ને? એમ ભગવાનઆત્મા એક સમયમાં અનંતશક્તિ કહો કે ગુણ કહો કે સત્‌નું સત્ત્વ કહો કે ભાવવાનનો ભાવ કહો. સમજાય છે કાંઈ? અનંતગુણનો સમુદાય ગોદામ છે. આહાહા..! એમાં વિકારનું ગોદામ નથી. જે રાગ ને દયા, દાન ને વ્રતાદિનો વ્યવહાર છે એ તો કૃત્રિમ પર્યાયમાં પર્યાયદૃષ્ટિથી ઉત્પન્ન થાય છે. એ વસ્તુમાં નથી. 'ધીરૂભાઈ'! ઝીણી વાતું બહુ. તમારા શેઠ 'મુંબઈ'થી...

પર્યાયમાં પર્યાયઅંશ ઉપર દૃષ્ટિ લક્ષ જાય છે તો વિકૃત નિમિત્ત ઉપર લક્ષ જાય છે તો ત્યાં વિકાર ઉત્પન્ન થાય છે. સમજાય છે કાંઈ? ભગવાનઆત્મા એક સેકંડના અસંખ્યમાં ભાગમાં અનંતગુણ–શક્તિ શુદ્ધ ચૈતન્યનો પિંડ છે. આહાહા..! એ દ્રવ્ય ઉપર દૃષ્ટિ થવાથી, નિમિત્તનું લક્ષ છોડીને, શુભરાગાદિ થાય તેનું પણ લક્ષ છોડીને અને એ રાગ થવા કાળે રાગને જાણનારી જે વ્યક્ત–પ્રગટ પર્યાય છે તેનું પણ લક્ષ છોડીને. એ તો એક ક્ષણિક પર્યાય છે, રાગ વિકૃત છે, નિમિત્ત પર છે. ત્રણેનું લક્ષ છોડીને... આહાહા..! ભગવાનઆત્મા અનંતશક્તિનો સંગ્રહાલય છે, અનંતશક્તિનો સંગ્રહ-આલય, સંગ્રહનું એ સ્થાન છે. આહાહા..! અને અનંત સ્વભાવનો એ સાગર પ્રભુ છે. આહાહા..! શક્તિનો સંગ્રહાલય, ગુણનું ગોદામ, સ્વભાવનો સાગર. શેઠ! અમારા શેઠનું ગામ 'સાગર' છે ને?

મુમુક્ષુ :– આ સત્યનારાયણ પ્રભુની કથા છે.

ઉત્તર :– સત્યનારાયણપ્રભુની કથા છે. વાત સાચી. પેલા સત્યનારાયણ કરે છે એ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


નહિ. આ તો સત્યનારાયણ છે. આહાહા..! નરમાંથી નારાયણ થવાની એમાં લાયકાત છે, એમાં પરમાત્મા થવાની લાયકાત છે. આહાહા..!

એવી ચીજ અનંતગુણનું ગોદામ, અનંતશક્તિનો સંગ્રહાલય અને અનંત સ્વભાવનો સાગર એકરૂપ પ્રભુ.. આહાહા..! તેનો આશ્રય કરવાથી જેટલી અનંતશક્તિ છે તે બધી પર્યાયમાં ઉત્પાદ-ઉછળે છે. 'ચંદુભાઈ'! આરે..! આવી વાતું છે. ધર્મ આવો ભારે ભાઈ! સાધારણ માણસે બિચારાએ સાંભળ્યું પણ ન હોય.

અહીંયા આ શક્તિના વર્ણનમાં અનેકાંત આવ્યું. એક જ જ્ઞાનમાત્ર જે કહેવામાં આવ્યું હતું તો જ્ઞાન છે, જ્ઞાન વસ્તુત્વ છે, જ્ઞાન પ્રમેયત્વ છે એ જ્ઞાનમાં પણ અનંતગુણનું રૂપ છે અને અનંતગુણ ભિન્ન છે. આહાહા..! સમજાય છે કાંઈ? ભાઈ! આ તો વીતરાગ માર્ગ છે, બાપુ! સાધારણ માણસને પત્તો લાગી જાય એવી આ ચીજ નથી. એ તો મહાન પુરુષાર્થ છે. સ્વરૂપ તરફનો મહા (પુરુષાર્થ છે).

અનાદિથી જે પર્યાય ઉપરનું લક્ષ છે, સાધુ થયો, દિગંબર મુનિ થયો, પંચમહાવ્રત પાળ્યા, અઠ્ઠાવીસ મૂળગુણ પાળ્યા પણ દૃષ્ટિની રમત પર્યાય ઉપર રહી. એક સમયની જ્ઞાનની પર્યાય છે એમાં રમત છે. ભગવાન પર્યાય પાછળ આખો બાદશાહ-પરમાત્મા છે... આહાહા..! તેની દૃષ્ટિનો તો અભાવ છે. તેથી પંચમહાવ્રત આદિ શુભ ક્રિયાકાંડ કરે તો તેનાથી દેવાદિ ગતિ મળે, ભવનો અભાવ ન થાય. આહાહા..! ભવનો અભાવ તો ભગવાનઆત્મા જ્ઞાનસ્વરૂપ છે એવી અનંતશક્તિ સ્વરૂપ છે એમ અંતરદૃષ્ટિ કરવાથી, જે આનંદનો અનુભવ થાય છે અને શાંતિનો સ્વાદ આવે છે. શાંતિ શબ્દે ચારિત્ર છે, આનંદ શબ્દે સુખ છે. સમજાય છે કાંઈ? અને વીર્યગુણથી અનંતગુણની પર્યાયની વીર્ય રચના કરે છે. અંતર જે વીર્ય-આત્મબળ છે એ જ્ઞાનના પરિણમનની સાથે વીર્ય અનંતગુણની નિર્મળ પરિણતિની રચના કરે છે. રાગની રચના કરે એ વીર્યગુણ નહિ. આહાહા..! દયા, દાન, વ્રત, ભક્તિ, પુણ્યની રચના કરે એ નપુંસક છે, હિજડો છે. હિજડાને જેમ વીર્ય નથી તો પુત્ર નથી. ભાઈ! વાત તો એવી છે, ભગવાન! આહાહા..! એવા શુભભાવમાં નપુંસકતા છે તો એમાં ધર્મની પર્યાયની પ્રજા ઉત્પન્ન થાય એવી (તાકાત) શુભભાવમાં નથી. આહાહા...!

શુદ્ધ સ્વભાવની પર્યાયની ઉત્પત્તિ, મહારાજા ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા, આહાહા..! જે અનંતગુણમાં વીર્યગુણ પણ છે, એ ગુણના ધરનાર ભગવાનનો જ્યાં સ્વીકાર થયો, છે તો ખરો, પણ છે તેનો સ્વીકાર થાય તેને માટે એ છે. છે પણ તેને છે એવું ક્યાં આવ્યું? સમજાય છે કાંઈ? એ પ્રશ્ન (ચાલેલો).

મુમુક્ષુ :- બીજાને ભલે જેમ હોય તે પણ અમને તો સ્વીકાર છે.

ઉત્તર :- એમ સ્વીકાર નહિ, ભગવાન! ભગવાન સામું જોઈને સ્વીકાર થવો એ સ્વીકાર છે. એ દૃશિશક્તિમાં ચાલશે. બે શક્તિ ચાલી છે-જીવત્વશક્તિ, ચિતિશક્તિ. ચિતિશક્તિ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સાધારણ ચાલી છે પણ આજે હવે થોડી દશિશક્તિ લઈએ.

આત્મામાં અનાદિથી એક જીવત્વશક્તિ છે. એ દ્રવ્ય જે આત્મદ્રવ્ય છે તેના કારણરૂપ જીવત્વશક્તિ અને જીવત્વશક્તિરૂપ, જ્ઞાન, દર્શન, આનંદ ને બળરૂપ તે શક્તિના ભેદ છે. ભાવપ્રાણ તે શક્તિના ભેદ છે. એ ભાવપ્રાણથી ભગવાનઆત્મા અનાદિથી જીવ્યો છે, જીવે છે અને જીવશે. લોકો એમ કહે છે, અમે કહીએ છીએ અમારી ટીકા પણ થઈ છે. એ (લોકો) કહે છે કે જીવો ને જીવવા દ્યો એ ભગવાનની વાણી નહિ. એ બધા તો રથયાત્રા નીકળે એમાં એમ બોલે, મહાવીરનો સંદેશ, જીવો અને જીવવા દ્યો. એમ છે જ નહિ. એ જીવે ને જીવવા દ્યો ક્યાં છે? આ દસ પ્રાણથી જીવે એને જીવવા દ્યો? આ પાંચ ઇન્દ્રિયના પ્રાણ, શ્વાસ, આયુષ્ય, મન-વચન-કાય એમ દસ. એનાથી જીવે અને જીવવા દ્યો, એ ભગવાનની વાણી જ નથી, એ તો અંગ્રેજીની વાણી છે, એમ 'રામજીભાઈ' કહે છે. 'બાઈબલ'ની (વાણી) છે, લ્યો! એ 'બાઈબલ'ની અંગ્રેજીની વાણી છે.

અહીં તો જીવો-જીવત્વશક્તિ જે આનંદ ને જ્ઞાન ને દર્શન ને બળથી ભરી છે તે જીવનનું જીવન જીવો અને બીજાને જીવન જીવવા દ્યો. આહાહા..! અને આ પહેલી શક્તિ કાઢી ત્યારે કહ્યું હતું, 'जीवो' બીજી ગાથા છે ને? 'जीवो' શબ્દથી ઉપાડ્યું છે ને? પહેલી ગાથા તો 'वंदित्तु सव्व सिद्धे' કરીને કહી. બીજી ગાથા-'जीवो चरित्तदंसणणाण' કહ્યું. એ 'जीवो'માંથી પહેલી જીવત્વશક્તિ કાઢી, પહેલી જીવત્વશક્તિ કાઢી. આહાહા..! સમજાય છે કાંઈ? અને એ જીવત્વશક્તિમાં અનંતશક્તિનું રૂપ છે. ગુણને આશ્રયે ગુણ નથી. ગુણને આશ્રયે ગુણ નથી પણ એક ગુણમાં અનંતગુણનું રૂપ છે. અરેરે..! આવી વાત. સમજાય છે કાંઈ?

એવી જીવત્વશક્તિમાં જે ક્રમ-અક્રમરૂપ પ્રવૃત્તિ થાય, ક્રમે પર્યાય નિર્મળ થાય છે અને અક્રમે ગુણ છે, એ બધા ક્રમવર્તી અને અક્રમવર્તી ગુણ-પર્યાયના સમુદાયને આત્મા કહે છે. સમજાય છે કાંઈ? ધ્રુવને આત્મા કહે છે એ વાત અત્યારે નથી. 'સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર'માં આવે છે ને? ભાઈ! 'નિયમસાર' 'શુદ્ધભાવ અધિકાર'. ત્યાં તો આત્મા કોને કહે છે? કે પર્યાય વિનાની નિત્યાનંદ ધ્રુવ વસ્તુને આત્મા કહે છે. સમજાય છે કાંઈ? પણ આત્મા.. ત્યાં 'નિયમસાર' ૩૮ ગાથામાં લીધું છે. અહીંયા તો એમ લેવું છે કે આવો જે ગુણનું ધામ પ્રભુ,... ધ્રુવ શબ્દ આવ્યો છે ને? તેર 'ધ' નો બોલ છે ને? ધ્રુવધામ. આમાં આપણે હિન્દીમાં પણ આવ્યું છે. બાર બોલ આવ્યા છે.

'ધ્રુવધામના ધ્યેયના ધ્યાનની ધખતી ધૂણી...' અંદર છે. 'ધીરૂભાઈ'! તમારો શબ્દ આવશે આમાં. 'ધ્રુવધામના ધ્યેયના ધ્યાનની ધખતી ધૂણીને ધીરજથી ધખાવનાર..' આપણે ગુજરાતીમાં ધીરજથી ધખાવનાર છે. ધ્રુવધામ ભગવાનઆત્મા, જેનું સ્થળ ધ્રુવ છે, જેમાં શક્તિ અનંત અપાર છે તે ધ્રુવરૂપ છે. એ ધ્રુવધામના ધ્યેયના ધ્યાનની ધધખતી ધૂણી. શાંતિ ને આનંદથી ધધખતી. આમ આનંદ.. આનંદ.. આનંદ.. આહાહા..! સમ્યગ્દર્શનમાં અતીન્દ્રિય આનંદ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આદિની ધધખતી ધૂણી (પ્રગટે છે). ધીરજથી. 'ધીરૂભાઈ'! ધખાવવી એ અમારી ગુજરાતી ભાષા છે. આ શબ્દો તો હમણા ત્યાં 'હીરાલાલ'ના મકાનમાં બનાવેલા. આ 'હીરાલાલ'ના મકાનમાં ફાગણ માસમાં બનાવેલું. 'ધખાવનાર ધર્મનો ધારક...' બધા 'ધધા' છે. 'ધર્મી ધન્ય છે.' એ ધર્મી ધન્ય છે. આ હમણા હિન્દીમાં આવ્યું છે, પહેલા ગુજરાતીમાં આવેલું. આહાહા..!

અહીં કહે છે... એ જીવત્વશક્તિ બહુ ચાલી. બે-અઢી કલાક ચાલી હતી. પછી ચિતિશક્તિ થોડી લીધી. એ ચિતિશક્તિ જુદી શક્તિ કહી પણ નિશ્ચયથી તો એ જીવત્વશક્તિનું જ લક્ષણ છે. સમજાય છે કાંઈ? ભાઈ! બહુ ઝીણી વાતું, બાપુ! આ તો ભગવાનના દરબારના ખજાના ખોલવાની વાત છે. આહાહા..! જીવત્વશક્તિ-ગુણ છે એમાં ચિતિશક્તિને ભિન્ન ગણી પણ જીવત્વશક્તિનું લક્ષણ એ ચિતિશક્તિ છે. ચિતિમાં દર્શન અને જ્ઞાન બે આવ્યા. દર્શન, જ્ઞાન સાથે આવ્યા તો ચિતિશક્તિને ધરનાર દ્રવ્યને દૃષ્ટિમાં લેવાથી પર્યાયમાં ચિતિશક્તિ, દર્શન-જ્ઞાનનું પરિણમન, ચેતનાનું પરિણમન એકસાથે થાય છે તેની સાથે અનંતગુણની પર્યાય ઉછળે છે. સમજાય છે કાંઈ? હવે આજે તો આપણે ત્રીજી શક્તિ લઈએ. દશિ લઈએ, દશિ. કારણ કે એનો તો પાર નથી.

શાસ્ત્રમાં તો એક એક શક્તિને ગૃહસ્થપણે ઉતારી છે, બ્રહ્મચર્યપણે ઉતારી છે, વાનપ્રસ્થપણે ઉતારી છે, સાધુપણે ઉતારી છે, યતિપણે ઉતારી છે, ઋષિપણે ઉતારી છે અને મુનિપણે ઉતારી છે. જેમ આ એક દશિશક્તિ છે, જે દેખવાની શક્તિ છે તે દેખે છે. એ આત્મદ્રવ્યને દેખે છે, પોતાને દેખે છે, પર્યાયને દેખે છે અને સર્વને દેખે છે. દેખવામાં ભેદ નથી પાડતી. આ પરદ્રવ્ય છે અને આ સ્વદ્રવ્ય છે એવો ભેદ નથી. આવ્યું? જુઓ!

**अनाकारोपयोगमयी दृशिशक्तिः। ३.**

**અનાકાર ઉપયોગમયી દશિશક્તિ. (જેમાં જ્ઞેયરૂપ આકાર અર્થાત્ વિશેષ નથી એવા દર્શનોપયોગમયી-સત્તામાત્ર પદાર્થમાં ઉપયુક્ત થવામયી-દશિશક્તિ અર્થાત્ દર્શનક્રિયારૂપ શક્તિ. ૩.**

**'અનાકાર ઉપયોગમયી...'** જરી સૂક્ષ્મ વાત છે, ભગવાન! **'અનાકાર ઉપયોગમયી...'** આ તો અલૌકિક વસ્તુ છે, બાપુ! આહાહા..! જે દર્શનશક્તિ છે તેમાં આકાર નથી. આકાર નથી અર્થાત્ આ વસ્તુ આત્મા છે અને આ વસ્તુ જડ છે, એવા ભેદરૂપી આકાર નથી. આહાહા..! આવી વાતું. ભાઈ! તારી સમૃદ્ધિ આવી છે પણ તેં કદી એ નિધાનની નજર કરી નહિ. આહાહા..! આ દયા, દાન ને વ્રત ને ભક્તિ, તપ ને પૂજા કરવાથી ધર્મ થશે, એમાં અનાદિકાળથી મરી ગયો. ચૈતન્ય મહારાજા ભગવાનનો તેં અનાદર કર્યો અને વિકૃતભાવ કે જે તેમાં નથી તેનો આદર કર્યો. જે દેખનાર છે તેને દેખવાની શક્તિથી જોયો નહિ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



'ધીરૂભાઈ'! દરકાર કરી નથી, ભગવાન! એ તો કહે છે.

કહ્યું હતું ને? પ્રશ્ન થયો હતો. 'ત્રિભુવનભાઈ'. 'વીરજીભાઈ વારિયા' હતા ને? એમના દીકરા 'ત્રિભુવનભાઈ', એમણે પ્રશ્ન કર્યો, મહારાજ તમે એમ કહો છો કે આત્મા કારણપરમાત્મા છે, કારણસ્વરૂપ પરમાત્મા છે, આપ દ્રવ્યને કારણપરમાત્મા કહો છો અને કેવળજ્ઞાનની પર્યાયને કાર્યપરમાત્મા કહો છો. એ એનો પ્રશ્ન નહોતો, એનો તો એટલો પ્રશ્ન હતો કે આ ભગવાનઆત્મા ધ્રુવ છે તે કારણપરમાત્મા છે, કારણ છે તો કાર્ય આવવું જોઈએ. એવો પ્રશ્ન કર્યો. 'જ્ઞાનચંદજી'! પ્રભુ! સાંભળ. કારણ છે તો ખરું, પણ છે એવી દૃષ્ટિમાં પ્રતીતિ ન આવી તો એને માટે છે એમ ક્યાં આવ્યું? સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- દૃષ્ટિમાં આવે તો કારણ છે.

ઉત્તર :- તો છે, તો કારણપરમાત્મા છે એમ પ્રતીતમાં આવ્યું. આહાહા..! સમજાય છે કાંઈ? વસ્તુ તો ભગવાન પૂર્ણાનંદ બિરાજમાન છે. ચૈતન્ય ભગવાન પરમાત્મા, એ કારણપરમાત્માને પરમાત્મા કહે છે અને કેવળજ્ઞાની પરમાત્માને કાર્યપરમાત્મા કહે છે. પર્યાયરૂપ કાર્ય પૂર્ણ થયું એટલે કાર્યપરમાત્મા કહ્યું.

કહે છે કે, કારણપરમાત્મા છે તો કારણ હોય તો કાર્ય તો આવવું જ જોઈએ. કારણપરમાત્મા તો અનાદિનો છે તો કાર્ય કેમ ન આવ્યું? એ પ્રશ્ન થયો હતો, પ્રશ્ન બરાબર છે. ભગવાન! કારણપરમાત્મા એક સમયમાં અનંત અનંતશક્તિ સંપન્ન પ્રભુ, એક એક શક્તિની અનંતશક્તિ, એક એક શક્તિની અનંતી પર્યાય.. આહાહા..! એક શક્તિની અનંતશક્તિ અને એક એક શક્તિની અનંતી પર્યાય. રૂપ જુદું, હોં! રૂપ. સામર્થ્ય-શક્તિ અનંત છે. એક દશિશક્તિ લ્યો. દશિશક્તિમાં સામર્થ્ય અનંત છે અને દશિશક્તિની દેખવાની પર્યાય પરિણમીત થાય એ પણ અનંતી છે. દેખવાની શક્તિને ધરનાર એવો પરમાત્મા છે, પણ છે તે જ્ઞાનમાં આવ્યા વિના તે છે એમ ક્યાંથી આવ્યું?

પોતાની જ્ઞાનની પર્યાયમાં.. ભગવાન! થોડી સૂક્ષ્મ વાત આવી ગઈ છે. પોતાની વર્તમાન જ્ઞાનની પર્યાયમાં એ જ્ઞેય ન થયું તો તેને છે એમ ક્યાંથી આવ્યું? 'ધીરૂભાઈ'! જરી ઝીણી વાતું છે, બાપુ! વર્તમાન શ્રદ્ધાની પર્યાય, જ્ઞાનની પર્યાયમાં આખું દ્રવ્ય જ્ઞેય જણાયું ત્યારે છે એમ તેનો સ્વીકાર થયો. એ વિના જ્ઞાનની પર્યાયમાં પૂર્ણાનંદ પ્રભુ જ્ઞેયરૂપ ન થયો. પર્યાયમાં ત્રિકાળી (દ્રવ્ય) જ્ઞેય આવતું નથી પણ પર્યાયમાં ત્રિકાળી જ્ઞેયનું જ્ઞાન આવે છે. આહાહા..! સમજાય છે કાંઈ?

સમ્યગ્દર્શનની પર્યાયમાં ત્રિકાળી વસ્તુની શ્રદ્ધા આવે છે પણ એ ત્રિકાળી ચીજ પર્યાયમાં આવતી નથી. આહાહા..! સમજાય છે કાંઈ? એ પર્યાયમાં ત્રિકાળી ચિદાનંદ ભગવાન છું એમ જ્ઞેય બનાવીને જ્ઞાન ન થયું, શ્રદ્ધાનો વિષય બનાવીને શ્રદ્ધા ન થઈ ત્યાં સુધી તેને માટે કારણપરમાત્મા નથી. આહાહા..! આવી વાતું છે. અને જ્યારે ભગવાનઆત્માનો સ્વીકાર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


થયો... 'હીરાલાલજી'! આવી વાત છે. આહાહા..!

પૂર્ણાનંદ પ્રભુ અનંતશક્તિનો એકરૂપ પિંડ. શક્તિ અને શક્તિવાનનો ભેદ પણ જેમાં નથી. સમ્યગ્દર્શનનો વિષય અભેદ છે. આ શક્તિ અને શક્તિવાન આત્મા એવો ભેદ પણ સમ્યગ્દર્શનનો વિષય નથી. આહાહા..! જ્યારે દૃષ્ટિનો વિષય અભેદ થયો ત્યારે કારણપરમાત્મા પૂર્ણાનંદ છે એમ તેની પ્રતીતિમાં આવ્યું. વસ્તુ (પર્યાયમાં) આવી નહિ. વસ્તુ તો વસ્તુમાં રહી. પર્યાયમાં આટલા સામર્થ્યવાળું તત્ત્વ છે એમ એની શ્રદ્ધાની પર્યાયમાં તેના સામર્થ્યની શ્રદ્ધા થઈ. એ વસ્તુ પર્યાયમાં આવતી નથી, વસ્તુ તો વસ્તુમાં રહે છે. આહાહા..! 'ધીરૂભાઈ'! આ તો અલૌકિક વાતું છે. આહાહા..!

જ્યારે પર્યાયમાં... પર્યાય સમજો છો? વર્તમાન દશા, આ ઉછળતી દશા જે કહે છે તે. શ્રદ્ધાની દશા ઉત્પન્ન થાય છે, જ્ઞાનની ઉત્પન્ન થાય છે, આનંદની ઉત્પન્ન થાય છે. એવી પર્યાયમાં એ પર્યાયવાનની પ્રતીતિ અને જ્ઞાન થયું ત્યારે એ કારણપરમાત્મા છે એમ સ્વીકાર થયો. વસ્તુને જોયા વિના જોવાનું ક્યાંથી આવ્યું? આ દશિશક્તિ છે ને? કહે છે કે દશિશક્તિના ધરનારને જોવે નહિ તો દશિશક્તિની પ્રતીતિ ક્યાં આવી? સમજાય છે કાંઈ? 'પ્રવીણભાઈ'! આવું છે.

દશિશક્તિ જે છે તે બધાને જોવે છે તો અદશપણું રહ્યું નહિ, જોયા વિના રહી નહિ. એક વાત. દશિશક્તિ બધાને જોવે છે તો એ નથી એમ ન રહ્યું. કોણ નથી? વસ્તુ. દશિમાં જોવાવાળી વસ્તુ નથી એમ ન રહ્યું. અદશ ન રહી, અદશપણું ન રહ્યું. આહાહા..! સમજાય છે કાંઈ? માર્ગ સૂક્ષ્મ છે, ભાઈ! એમ ને એમ આ વ્રત લઈ લીધા ને મુનિપણું લીધું ને મહાવ્રત લીધા ને.. એ બધું સમ્યગ્દર્શન વિના થોથા છે, સંસાર છે, મોક્ષનો માર્ગ કોઈ બીજો છે. આહાહા..! સમજાય છે કાંઈ?

કહે છે, **'અનાકાર..'** એમાં આકાર નથી એટલે શું? આ આત્મા છે, હું દર્શન છું, બીજાની આ પર્યાય છે એવો ભેદ નહિ. અનાકાર ઉપયોગરૂપી દર્શનશક્તિમાં ભેદ નથી કે આ આત્મા છે, આ જડ છે, આ ગુણ છે, આ પર્યાય છે એવા ભેદ નથી. સામાન્ય જે અનાકાર. આકાર વિના એટલે વિશેષ ભાવ વિના. આહાહા..! **'અનાકાર ઉપયોગમયી...'** જાણવું-દેખવું એમાં દેખવાના ઉપયોગમયી. આહાહા..! એ છે તો કાયમ. ઉપયોગમયી દશિશક્તિ.

**'(જેમાં જ્ઞેયરૂપ આકાર અર્થાત્ વિશેષ નથી...)'** આહાહા..! ઝીણું છે. દર્શનશક્તિ, જ્ઞાનશક્તિથી સૂક્ષ્મ છે. કેમ સૂક્ષ્મ છે? આ દશિશક્તિ છે એમ જોવા જાય અને ભાગ પડે છે તો દશિશક્તિ ન રહી. થોડું સૂક્ષ્મ છે. દશિશક્તિ, આ જ્ઞાન છે ને આ આત્મા છે એમ જણાય તો દશિશક્તિ રહેતી નથી. એ તો જ્ઞાનશક્તિ થઈ. દશિશક્તિ અને એ શક્તિવાન અને એ શક્તિની પર્યાયનું પરિણમન. દશિશક્તિ તો ગુણ છે અને એને ધરનારો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ગુણી છે અને જ્યારે ગુણીનો સ્વીકાર થયો તો દશિશક્તિનું પરિણમન પર્યાયમાં દેખવારૂપી પર્યાય થઈ. દેખવારૂપ જે ધ્રુવપણે હતું એ પર્યાયપણે આવ્યું. સમજાય છે કાંઈ? 'નંદકિશોરજી'! આ તો આવી વકીલાત છે. જૈનમાં જન્મ્યા, દિગંબરને પણ ખબર નથી. આહાહા..!

દિગંબર ધર્મ એ તો વસ્તુનું સ્વરૂપ છે. દિગંબર એટલે અંતરમાં આત્મા અનંતશક્તિનો પિંડ વિકલ્પ રહિત નગ્ન છે. જ્યારે મુનિપણું આવે છે ત્યારે તો પંચમહાવ્રત અને નગ્નપણું નિમિત્તપણે હોય છે તેનું નામ દિગંબર છે. આ તો વસ્તુનું સ્વરૂપ આવું છે. આ કોઈ પક્ષ કે સંપ્રદાય ઉભો કર્યો છે એમ નથી. સમજાય છે કાંઈ? આહાહા..! છોકરાઓ આવ્યા છે કે નહિ? નથી? છોકરાઓ આવ્યા છે? ઠીક! આજે રવિવાર છે ને! આજે બધું ભરાઈ ગયું છે. જરીક મોડા આવ્યા હશે. પોણોસો છોકરા છે.

**'અનાકાર ઉપયોગમયી દશિશક્તિ. (જેમાં જ્ઞેયરૂપ આકાર અર્થાત્ વિશેષ નથી..)'** જ્ઞેયરૂપ ભાવ જોવામાં આવે છે પણ વિશેષતા નથી. સમજાય છે કાંઈ? ભેદ નથી. દ્રવ્ય છે, ગુણ છે, પર્યાય છે એ સિવાય અનંત દ્રવ્ય, ગુણ, પર્યાય છે તેને જોનારી પર્યાય જોવે છે. પોતાને જોવે છે, પરને જોવે છે પણ આ આત્મા અને આ પર એવા ભેદ એમાં નથી. દશિશક્તિમાં એવો આકાર નથી. આકાર એટલે વિશેષતા નથી, આકાર એટલે વિશેષતા નથી. વિશેષતા વિનાની ઉપયોગમયી દશિશક્તિ. આહાહા..! પકડવું હજી કઠણ પડે. 'ધન્નાલાલજી'!

**'(જેમાં જ્ઞેયરૂપ આકાર અર્થાત્ વિશેષ નથી એવા દર્શનોપયોગમયી–સત્તામાત્ર...)'** અસ્તિત્વપણે. આત્મામાં દશિશક્તિ અસ્તિત્વમયી–સત્તાપણે છે, અભાવપણે નથી. આહાહા..! સમજાય છે કાંઈ? **'(સત્તામાત્ર પદાર્થમાં ઉપયુક્ત થવામયી–દશિશક્તિ અર્થાત્ દર્શનક્રિયારૂપ શક્તિ).'** ભાષા એમ લીધી છે, જોયું? દર્શનક્રિયારૂપ. શક્તિ તો ત્રિકાળ છે પણ જ્યારે પરિણમન થાય છે, એની ક્રિયામાં દર્શન–દેખવાની પરિણતિ–પર્યાય ઉત્પન્ન થાય છે, એમાં સાથે અનંતગુણની પર્યાય ઉત્પન્ન થાય તેને દશિશક્તિનું પરિણમન કહે છે અને એ દશિશક્તિનું પરિણમન ક્રમસર થાય છે. દશિશક્તિ આદિ (શક્તિઓ) અક્રમ છે. બધા ગુણ અક્રમ છે અને પર્યાય ક્રમસર થાય છે. અહીં વિકારની વાત લીધી જ નથી. કારણ કે વિકાર કોઈ શક્તિનું કાર્ય નથી. એ તો પર્યાયબુદ્ધિમાં પરલક્ષે વિકાર થાય છે. એ સ્વરૂપમાં નથી. વિકારનો તો અહીંયાં અભાવ જ છે.

દશિશક્તિને જોવાથી, પોતાને અને પર બધાને જોવારૂપ જે દશિનું નિર્મળ પરિણમન થાય છે તો તેની સાથે અનંતગુણની નિર્મળ પર્યાયની ઉત્પત્તિ થાય છે. હવે એક સાથે અનંતનું પરિણમન થયું તો અનેકાંત થયું. બીજી વાત. દશિશક્તિના પરિણમનમાં દેખવાની પર્યાયની સાથે અનંતગુણની પર્યાયનું પરિણમન થાય છે તેમાં રાગાદિ, વ્યવહારનો અભાવ છે તે અનેકાંત છે. બે પ્રકારના અનેકાંત કહ્યા. સમજાય છે કાંઈ? લોકો તો એમ કહે છે ને કે વ્યવહારથી નિશ્ચય થાય છે. એની અહીં ના પાડે છે. આહાહા..! અરે..! સમજણમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અને જ્ઞાનમાં તો વાત લે કે વાત શું છે? પછી અંતર્મુખ પ્રયોગ કરવો એ તો અલૌકિક વાત છે. સમજાય છે કાંઈ?

દશિશક્તિ જે છે તેના પરિણમનની સાથે પર્યાયમાં અનંતગુણની પર્યાય થઈ તે બધી ક્રમવર્તી પર્યાય છે. એમાં ક્રમબદ્ધ આવી ગયું. ક્રમબદ્ધની ના પાડે છે ને? કે ક્રમબદ્ધ નથી. અહીં ક્રમબદ્ધ જ છે. જે સમયે એ દશિનું પરિણમન ઉત્પન્ન થાય છે તે નિજક્ષણ છે. નિજક્ષણ-જન્મક્ષણ છે. દશિશક્તિ અને દશિશક્તિને ધરનાર ભગવાનની દૃષ્ટિ કરવાથી દશિશક્તિનું પરિણમન જે થાય છે તે તેની ઉત્પત્તિનું જન્મક્ષણ છે. તે જ કાળે ઉત્પન્ન થવાનો ક્ષણ છે. આહાહા..! સમજાય છે કાંઈ? એ 'પ્રવચનસાર' ૧૦૨ ગાથામાં કહ્યું છે.

'પ્રવચનસાર'માં જ્ઞેય અધિકાર લીધો છે. જ્ઞેય, તો જ્ઞેયનો સ્વભાવ એવો છે અને એ જ્ઞેય અધિકારમાં 'જયસેનાચાર્યદેવે' તો એમ લીધું છે કે જ્ઞેય અધિકાર કહો કે સમકિત અધિકાર કહો, એમ લીધું છે. પહેલી ૯૨ ગાથા સુધી જ્ઞાન અધિકાર છે, પછી ૯૩ થી ૨૦૦ ગાથા સુધી જ્ઞેય અધિકાર છે, પછી ચરણાનુયોગ અધિકાર છે. એમ ત્રણ અધિકાર છે. જ્ઞેયનો સ્વભાવ, છ દ્રવ્યનો સ્વભાવ. જ્ઞેયમાં છ દ્રવ્ય આવ્યા ને? તો છએ દ્રવ્યનો સ્વભાવ, એની પર્યાયનો જન્મક્ષણ છે. જે સમયે ઉત્પન્ન થવાની છે તે જ સમયે ઉત્પન્ન થશે. આહાહા..! બીજે સમયે જે ઉત્પન્ન થવાની છે તે જ ઉત્પન્ન થશે. ત્રીજે સમયે જે ઉત્પન્ન થવાની છે તે જ ઉત્પન્ન થશે. એમ ક્રમવર્તી જે પર્યાય છે અને અક્રમવર્તી ગુણ છે, એ પર્યાય અને ગુણના સમુદાયને આત્મા કહે છે. બંડીજી! આવી વાતું છે, ભાઈ! તમે તો સેંકડો ગાઉ દૂરથી આવ્યા છો. તમારા ઘરે જેટલી સગવડતા હોય એટલી સગવડતા તો અહીં હોય નહિ, તોપણ અગવડતા-સગવડતા વેઠીને પણ સેંકડો ગાઉ દૂરથી આવ્યા છે તો નવી વસ્તુ શું છે, ભગવાનનો પંથ શું છે તેનો ખ્યાલ તો આવવો જોઈએ ને? આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અમારા શેઠ કહે છે. વાત સાચી છે, ભાઈ! આહાહા..!

હવે આપણે તો એટલું લેવું છે કે દશિશક્તિ કાલે લીધું હતું ને? અમારે 'ચંદુભાઈ' છે ને? એક શક્તિ ઉપર આટલા બોલ ઉતાર્યા છે. વાંચીને પછી આપી દેજો. ઉતાર્યું એ બરાબર છે. કાલે 'જ્ઞાનચંદજી'ને આપ્યા હતા ને? પહેલું શું છે?

અનેકાંત હજુ વિશેષ ચર્ચે છે. ક્રમરૂપ અને અક્રમરૂપ અનંત ધર્મસમૂહ જે કાંઈ જેવડો લક્ષિત થાય છે તે સદા એક આત્મા છે. એકબોલ. જ્ઞાનમાત્ર એક ભાવની અંતઃપાતિની અનંતશક્તિ ઉછળે છે. ભગવાને જ્ઞાનમાત્ર કહ્યું તો જ્યારે દ્રવ્યના આશ્રયે જ્ઞાનની પર્યાય આનંદ સાથે ઉત્પન્ન થાય છે તો એ પર્યાય સાથે અનંત પર્યાય ઉછળતી ઉત્પન્ન થાય છે. બે વાત થઈ.

ક્રમવર્તીરૂપ અને અક્રમવર્તીરૂપ જેનું લક્ષણ છે. આત્માનું લક્ષણ એવું છે. ક્રમે ક્રમે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પર્યાય ક્રમબદ્ધ થવી અને અક્રમે એકસાથે ગુણો વ્યાપક-તીરછા રહેવા. તીરછા સમજ્યા? અનંતગુણ એક સાથે તીરછા એકસાથે છે. એકસાથે અર્થાત્? એમ નહિ કે એક ગુણી છે ને એની ઉપર બીજી ગુણી છે ને એની ઉપર ત્રીજી ગુણી એમ નહિ. જેમ ચોખો એક છે. ચોખાની સફેદાઈ, સુંવાળપ, મીઠાશ બધું એક સાથે છે એમ આત્મામાં અનંતગુણ એકસાથે છે. એક ગુણ આ પછી આ, પછી આ એમ નહિ. અનંતગુણ એકસાથે છે તેને અક્રમ કહે છે. સમજાય છે કાંઈ? છે ને? ક્રમવર્તી અને અક્રમવર્તીરૂપ જેનું લક્ષણ છે.

એક એક શક્તિ અનંતમાં વ્યાપક છે. એક શક્તિ દશિશક્તિ છે તે અનંતગુણમાં વ્યાપક-પ્રસરે છે. આહાહા..! એક એક શક્તિ અનંતમાં નિમિત્ત છે. વાંચ્યું'તું. ભાઈને આપ્યું હતું. ઉતારી લીધું 'જ્ઞાનચંદજી'? ઉતારી લીધું છે. વસ્તુસ્થિતિ એવી છે. આહાહા..! એક શક્તિ દ્રવ્ય-ગુણ-પર્યાયમાં વ્યાપે છે. શું કહ્યું? ભગવાનઆત્મા જે દ્રવ્ય-શક્તિ છે, દશિશક્તિ- જે દેખવાની શક્તિ છે તે દ્રવ્યમાં છે, ગુણમાં છે અને પર્યાયમાં છે. ત્રણેમાં વ્યાપે છે. આહાહા..! એક શક્તિમાં ધ્રુવ ઉપાદાન, ક્ષણિક ઉપાદાન છે. એ દશિશક્તિ જે છે-દેખવાની શક્તિ જે છે, ભગવાનને જોવે, પોતાને જોવે, પર્યાયને જોવે ભેદ વિના-અનાકાર વિશેષ ઉપયોગ વિના જોવે, એમ દશિશક્તિમાં ત્રિકાળી છે તે ધ્રુવ ઉપાદાન છે અને વર્તમાન ક્રમસર પર્યાય ઉત્પન્ન થાય છે તે ક્ષણિક ઉપાદાન છે. 'ચંદુભાઈ'! સમજાય છે કાંઈ?

એક એક શક્તિમાં વ્યવહારનો અભાવ છે. આ અનેકાંત છે. આહાહા..! દશિશક્તિ પોતાના સ્વભાવથી પરિણમન કરે છે તો એ નિર્મળપણે પરિણમન છે. એમાં રાગનો અભાવ છે. વ્યવહારનો અભાવ છે તે અનેકાંત અને સ્યાદ્વાદ છે. વ્યવહારથી પણ દશિશક્તિ પ્રગટ થાય છે અને નિશ્ચયથી પણ પ્રગટ થાય છે એમ નથી. આહાહા..! અત્યારે આ મોટો ગોટો છે ને? અહીંનો વિરોધ (કરે છે). કરે છે તો એનો વિરોધ, અહીંનો ક્યાં કરે છે? અમે શું છીએ અને કેવા છીએ એ એણે જોયું છે કે અમારો વિરોધ કરે? સમજાય છે કાંઈ? આહાહા..! તત્ત્વની ખબર નથી તો પોતાનો વિરોધ કરે છે. આહાહા..!

અહીં કહે છે, એક એક શક્તિમાં વ્યવહારનો અભાવ એ સ્યાદ્વાદ છે. એ જ અનેકાંત છે અને સ્યાદ્વાદ છે. અનેકાંતનો અર્થ એવો નથી કે વ્યવહારથી પણ નિર્મળ પર્યાય થાય છે અને દ્રવ્ય-ગુણથી પણ નિર્મળ પર્યાય થાય છે. સમજાય છે કાંઈ? કેટલું ઝીલવું? એક કલાકમાં વાતું બધી નવી લાગે. આ તો વીતરાગ માર્ગ છે. ચૈતન્યરત્ન હીરો! આહાહા..! સાધારણ કરોડનો કે અબજનો હીરો હોય તો એની કિંમત આંકનાર ઝવેરી પણ હોંશિયાર હોવો જોઈએ. આ તો ચૈતન્યહીરો, આ હીરો છે એવા અસ્તિત્વની શ્રદ્ધા કરનાર આત્મા છે. હીરાને ખબર નથી કે હું હીરો છું. એમ ચૈતન્યહીરલો ભગવાન દ્રવ્ય-ગુણ-પર્યાયમાં વ્યાપે છે. છે? આ વાત બીજે ક્યાંય નથી. બીજા કોઈ સ્થાનમાં, કોઈ ધર્મમાં, કોઈ ઠેકાણે (ક્યાંય નથી). એમ કહે કે, આત્મા એક છે તેનો અનુભવ કરો. પણ અનુભવ કરો એ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



શું ચીજ છે? અનુભવ તો પર્યાય થઈ. સમજાય છે કાંઈ? અનુભવમાં આનંદ આવે છે. પણ આનંદ આવ્યો એ તો પર્યાય થઈ. પર્યાય નામનું તો કોઈ ઠેકાણું નથી અને કહો છો કે અનુભવ કરો, અનુભવ કરો. શું અનુભવ કરે? સમજાય છે કાંઈ? ફલાણા વેદાંતી આમ કહે છે, ફલાણા આમ કહે છે. શું કહે છે?

વસ્તુ છે, દ્રવ્ય છે એમાં શક્તિ છે. ગુણમાં-શક્તિ શક્તિમાં છે અને શક્તિનું પર્યાયમાં પરિણમન થયું તો ત્રણેમાં શક્તિ વ્યાપક છે. સમજાય છે કાંઈ? એ શક્તિનું વેદન થયું એ પર્યાયમાં વેદન થાય છે. કાલે થોડી વાત કરી હતી કે અનિત્યથી નિત્ય જણાય છે, નિત્યથી નિત્ય જણાતું નથી. આહાહા..! સમજાય છે કાંઈ? અહીંયા પ્રશ્ન બહુ ચાલી ગયો. શું કહેવાય? પરમહંસ. મોતીલાલજી ને? મોતીલાલજી. તમારા 'રાજકોટ'ના. એ વ્યાખ્યાનમાં આવતા હતા. (સંવત) ૧૯૯૫ માં, ૧૯૯૯ માં. પછી સાધુ થઈ ગયા. વૈષ્ણવ હતા, પરમહંસ થઈ ગયા. પછી અહીંયા આવ્યા. બહુ ચર્ચા થઈ. એને કીધું, તમે પર્યાયને માનતા નથી. અમે તો કહીએ છીએ, અનુભવ કરવો (એ પર્યાય છે). ભૂલ છે. ભૂલ છે તો ઉપદેશ કરે છે કે ભૂલ ટાળો. એ ભૂલ શું વસ્તુ છે? ભૂલ એ દ્રવ્ય છે? ગુણ છે? પર્યાય છે? કાંઈ ખબર છે? કારણ કે ભૂલ છે તે નાશ પામે છે અને તેના સ્થાનમાં અભૂલ નામ નિર્મળ પરિણતિ થાય છે તે તો પર્યાય છે. તમને પર્યાયની તો ખબર નથી અને અમને અનુભવ છે, અનુભવ છે. તમે અનુભવ લાવ્યા ક્યાંથી? સમજાય છે કાંઈ? પછી તો કબુલ કર્યું કે, હા (બરાબર છે).

વેદાંત એમ તો કહે છે ને કે આત્યંતિક દુઃખથી મુક્તિ થાઓ અને આનંદનો અનુભવ થાઓ. એ શું આવ્યું? પર્યાયમાં દુઃખ હતું, અવસ્થામાં દુઃખ હતું, દ્રવ્ય-ગુણમાં નથી. અવસ્થામાં દુઃખ હતું એ દુઃખનો અભાવ થયો અને નવી આનંદની અવસ્થા ઉત્પન્ન થઈ. એ તો પર્યાય થઈ. પર્યાયની તો ખબર નથી અને કહો છો કો અમને અનુભવ છે, અનુભવ છે. ક્યાંથી અનુભવ આવ્યો તને? સમજાય છે કાંઈ? આ તો પરમેશ્વર સર્વજ્ઞ સિવાય આ માર્ગ ક્યાંય નથી. સમજાય છે કાંઈ?

અહીંયા એ કહે છે, દ્રવ્ય-ગુણ-પર્યાયમાં વ્યાપક છે. આવ્યું ને? શક્તિ પારિણામિક ભાવે છે. શું કહે છે? દશિશક્તિ, આત્મા જે દશિવાન છે. આત્મા ભાવવાન છે અને દશિશક્તિ ભાવ છે. શક્તિ છે એ પારિણામિક ભાવે છે. પારિણામિક ભાવે છે અર્થાત્ એની પર્યાયમાં જે ભાવ થાય છે તે બીજી વસ્તુ. આ તો સહજ સ્વભાવ છે. ઉત્પન્ન થયો નથી, અભાવ થયો નથી, નવો ભાવ ઉત્પન્ન થયો નથી એવી પારિણામિક સ્વભાવ શક્તિ છે. એ ૩૨૦ (ગાથા)માં ઘણું ચાલી ગયું છે. વંચાઈ ગયું છે ને? એ છાપશે, પુસ્તક છાપશે. 'ચીમનભાઈ' ના દીકરાએ હમણા ૨૦,૦૦૦ રૂ. આપ્યાને? ૩૨૦ ગાથાનું વ્યાખ્યાન છાપવાના વીસ હજાર આપ્યા. 'મધુભાઈ' 'હોંગકોંગ'માં છે. હમણા આવ્યા હતાને?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



૩૨૦ ગાથામાં એમ આવ્યું હતું, ક્રમસર જે પર્યાય છે... સમજાય છે કાંઈ? નવી નવી ઉત્પન્ન થાય છે. નવી નવી ઉત્પન્ન થાય છે એ તો પર્યાય થઈ. જ્ઞાનગુણ ઉત્પન્ન થાય છે? આ દર્શનશક્તિ ઉત્પન્ન થાય છે. દશિશક્તિ તો ત્રિકાળ છે. સમજાય છે કાંઈ? આ તો બહુ સૂક્ષ્મ લોજીક છે, ભગવાન! જૈનદર્શન કોઈ અલૌકિક ચીજ છે. આહાહા..! એનો પત્તો લાગી જાય તો એના જન્ન-મરણના અંત આવી જાય. એ વિના જન્મ-મરણ (ભટે નહિ). ક્રિયાકાંડ કરીને મરી જાય, વ્રત ને તપ ને ભક્તિ ને અપવાસ કરવા એ બધું બંધનું કારણ છે. સમજાય છે કાંઈ? આહાહા..!

અહીં કહે છે કે (શક્તિ) પારિણામિક ભાવે છે. એમાં આવ્યું હતું, ભાઈ 'ચંદુભાઈ'! ૩૨૦ ગાથામાં, મોક્ષ ક્યા ભાવે થાય છે? એ આવ્યું છે. ચાર ભાવ તો પર્યાયના છે, એક ભાવ ગુણનો છે. ત્રિકાળી દ્રવ્ય અને ગુણ એ પારિણામિક ભાવે છે અને પર્યાયમાં ચાર ભાવ છે. રાગાદિ ઉદયભાવ, તેનું ઠરવું એ ઉપશમભાવ, કંઈક ઉદય અને કંઈક ક્ષય એ ક્ષયોપશમભાવ અને ક્ષયભાવ, આ ચાર ભાવ પર્યાયમાં છે. ગુણ અને દ્રવ્ય પારિણામિક ભાવે છે. ચાર ભાવમાં મોક્ષ ક્યા ભાવે થાય છે? તો ત્યાં કહ્યું કે, ઉદયભાવથી મોક્ષ થતો નથી. ઉદયભાવ તો બંધનું કારણ છે. 'बंधकारा उदयभावा' સંસ્કૃત ટીકામાં પાઠ છે. હવે ત્રણ ભાવ રહ્યા-ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક. એ મોક્ષનું કારણ છે. એ પર્યાય મોક્ષનું કારણ છે. મોક્ષનો માર્ગ છે ને? માર્ગ છે એ પર્યાય છે. મોક્ષ પણ પર્યાય છે. આહાહા..! એ મોક્ષનો માર્ગ જે છે એ ત્રણ ભાવે છે. ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક. સમજાય છે કાંઈ?

ચોથે ગુણસ્થાને ક્ષાયિક સમકિત થાય છે એ પણ ક્ષાયિકભાવ છે, એ પર્યાય છે. સમજાય છે કાંઈ? 'શ્રેણિક' રાજા બૌદ્ધ હતા. એમાં એને મુનિપણાનો યોગ થયો ત્યારે સમકિત થયું, આત્મજ્ઞાન, સમ્યગ્દર્શન થયું, પછી સમવસરણમાં ગયા અને ત્યાં ક્ષાયિક સમકિત થયું. એ તો પોતાથી થયું છે, હોં! એ કાંઈ ભગવાનથી થયું નથી. ક્ષાયિક સમકિત! ઓહોહો..! હજારો દેવ અને હજારો રાજા જેને ચામર ઢાળે અને ઇન્દ્ર જેવા જેના મિત્ર, સમજાય છે કાંઈ? એ એમ જોવે છે કે હું તો પૂર્ણાનંદ સ્વરૂપ છું. શુદ્ધ એવી ક્ષાયિક સમકિત દશા થઈ, જે દશા ફરીને પલટે નહિ, પલટે નહિ નામ અભાવ થાય નહિ, પર્યાય છે તો પલટે ખરી પણ એનો અભાવ થઈ જાય અને મિથ્યાત્વ થઈ જાય એમ છે નહિ. આહાહા..!

ક્ષાયિક સમકિતી, નરકનું આયુષ્ય બંધાઈ ગયું હતું તો નરકમાં ગયા. ત્યાં પણ છે તો ક્ષાયિક સમકિત. 'શ્રેણિક' રાજા. આહાહા..! સમજાય છે કાંઈ? ત્યાં પણ સમયે સમયે તીર્થંકર ગોત્ર બાંધે છે. નરકમાં પણ! એટલું તો ત્યાં શીલ છે. શીલપાહુડમાં આવ્યું છે. આઠ પાહુડ છે ને? એમાં શીલપાહુડમાં આવ્યું છે કે નરકમાં પણ શીલ છે. સમ્યગ્દર્શન, જ્ઞાન અને સ્વરૂપાચરણરૂપ શીલ તો ત્યાં પણ છે અને ત્યાંથી નીકળીને તીર્થંકર થશે. એ શીલનો પ્રતાપ છે એમ કહે છે. શીલ એટલે પંચમ ગુણસ્થાને, છઠ્ઠે ગુણસ્થાને શીલ હોય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એ તો વિશેષ છે. આ તો ચોથે ગુણસ્થાને શીલ છે. સ્વરૂપ આચરણની દૃષ્ટિ થઈ, સ્વરૂપની પ્રતીતિ થઈ, સ્વરૂપનો અનુભવ થયો અને સ્વરૂપમાં લીનતા પણ અનંતાનુબંધી ગયો એટલી થઈ. આહાહા..! તો નારકીમાં પણ શીલ છે. શીલ એટલે આ બ્રહ્મચર્ય દશા નહિ. સમજાય છે કાંઈ? અને નવમી ગ્રૈવેયક (ગયો). 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો' એની પાસે શીલ જ નહોતું. આહાહા..! પંચમહાવ્રતનો રાગ એ તો અશીલભાવ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

અહીં કહે છે કે, કર્તા આદિ છ કારકો અભિન્ન છે. શું કહ્યું? દશિશક્તિ જે છે તે ગુણ છે અને દશિવાન જે આત્મા છે તેની જ્યારે દૃષ્ટિ થઈ તો અનુભવમાં દશિશક્તિની પર્યાયમાં ષટ્કારકનું પરિણમન પોતાથી થાય છે. દેખવાની પર્યાયનો કર્તા દેખવાની પર્યાય, દેખવાની પર્યાય કર્મ, દેખવાની પર્યાય કરણ, દેખવાની પર્યાય સંપ્રદાન, પર્યાય કરીને પર્યાય રાખી, પર્યાયમાંથી પર્યાય થઈ, પર્યાયના આધારે પર્યાય થઈ. આવી વાત છે. આંધળી દુનિયા કૂદકા મારીને અંદર પડી છે, સંસારમાં રખડે છે. આહાહા..!

કહે છે કે એક એક શક્તિમાં ષટ્કારક અભિન્ન છે. એમાં પરની અપેક્ષા નથી. આહાહા..! એક એક શક્તિમાં અનંતશક્તિનું રૂપ છે. જ્ઞાન છે, તો અસ્તિત્વગુણ છે એ તો ભિન્ન છે પણ જ્ઞાન છે એવું અસ્તિત્વ પણ જ્ઞાનમાં છે. તેને અસ્તિત્વગુણનું રૂપ કહેવામાં આવે છે. ગુણના આશ્રયે ગુણ નથી. એક શક્તિના આશ્રયે બીજી શક્તિ નથી. દ્રવ્યના આશ્રયે શક્તિ છે. અસ્તિત્વગુણના આશ્રયે જ્ઞાન છે એમ નથી. જ્ઞાન પોતાથી છે એવું અસ્તિત્વગુણનું રૂપ પોતાથી પોતામાં છે. આરે..! આવી વાતું હવે. માર્ગ એવો છે, ભગવાન! આહાહા..!

જન્મ-મરણના ચોરાશીના અવતાર, સ્વર્ગના ભવ કરી કરીને મરી ગયો. સ્વર્ગ પણ પરાધીન દુઃખ છે. રાજા, શેઠિયા તો દુઃખી છે, ઇન્દ્રો, દેવો જે સમકિત વિનાના છે એ બધા દુઃખી છે. આહાહા..! રાગના ભાવમાં મશગુલ છે. ચાહે તો અશુભ હો કે શુભ હો, એ બધા દુઃખમાં મશગુલ છે. આનંદનો નાથ ભગવાન.. એ હવે સુખશક્તિમાં આવશે.

અહીં તો એ કહે છે, એક એક શક્તિમાં અનંતશક્તિનું રૂપ છે. જન્મક્ષણ છે તે જ નાશક્ષણ છે. શું કહે છે? દશિશક્તિને ધરનાર આત્મા, જ્યારે દ્રવ્ય ઉપર દૃષ્ટિ થઈ તો દશિશક્તિની પર્યાયમાં દેખવાની પર્યાય ઉત્પન્ન થઈ તે તેનો જન્મક્ષણ છે ઉત્પત્તિનો અને તે જ ક્ષણે પૂર્વની પર્યાયનો નાશનો ક્ષણ છે. સમય તો એક જ છે. આહાહા..!

પોતપોતાને અવસરે થાય છે. એ બીજી વાત છે. એ દશિશક્તિ જે છે તેનો ધરનાર ભગવાનઆત્મા છે. પુણ્ય-પાપ અને વિકલ્પનું લક્ષ છોડીને ચૈતન્ય ઉપર દૃષ્ટિ પડવાથી તે ક્ષણે દશિશક્તિની ઉત્પત્તિ થઈ તે ઉત્પાદને કારણે ઉત્પત્તિ થઈ. એ ધ્રુવને કારણે નહિ અને પૂર્વની પર્યાયના નાશને કારણે પણ નહિ. અભ્યાસ કરવો પડશે આમાં. પેલો રખડવાનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કર્યો છે. નોકરીમાં પૈસા પાંચ-પચાસ હજાર, લાખ મળે તો ઓહોહો..! ધૂળધાણી છે. કહો, 'પોપટભાઈ'! આ મોટા ગૃહસ્થને બે-પાંચ લાખની બાર મહિને પેદાશ હોય. એમાં ધૂળમાં શું? પેદાશ છે કે ખોટ છે? આહાહા..! અહીંયા તો કહે છે, પોતપોતાના અવસરે થાય છે. છે? પછી તો સાધારણ ભાષા છે.

અહીંયા આપણે દશિશક્તિ. અનાકાર ઉપયોગમયી દશિશક્તિ. જ્ઞાનમયી આત્મા કહ્યો તો જ્ઞાનમયીમાં જ્ઞાનની પર્યાય જ્યારે આનંદની સાથે થઈ તો દશિશક્તિની પર્યાય પણ સાથે ઉત્પન્ન થઈ છે. આહાહા..! સમજાય છે કાંઈ? દુનિયાના એલ.એલ.બી. ને બી.એ.ના પૂછડા માટે બહુ અભ્યાસ કરે. એ.. વકીલ! આ ડૉક્ટર એમ.એ.નો અભ્યાસ કરે, પેલાને એલ.એલ.બી.નો. પાંચ-પાંચ, દસ-દસ, પંદર વર્ષ કરે. એકલા પાપના અભ્યાસ. આ અભ્યાસ માટે નવરાશ ન મળે. આહાહા..!

મુમુક્ષુ :– આ અભ્યાસ કરવાથી શું મળશે ?

ઉત્તર :– આમાં આનંદ મળશે, પેલામાં દુઃખના નિમિત્ત મળશે. દુઃખ મળશે એમ ન કહ્યું.

મુમુક્ષુ :– રોટલા મળશે એમ ન કીધું.

ઉત્તર :– રોટલા દુઃખના છે? રોટલા જડ છે. ક્યાં આવ્યા રોટલા? એ તો આપણે આવે છે ને? 'દાણે દાણે ખાનારનું નામ છે.' આવે છે? એનો અર્થ શું? જે રજકણો જેની પાસે આવવાના છે તે આવવાના જ છે અને નહિ આવનારા નહિ આવે. કોઈ પ્રયત્ન કરે માટે આવશે અને નહિતર નહિ આવે, એમ છે જ નહિ. એમ કહે છે ને? ભાઈ! આપણે કાઠિયાવાડમાં કહેવત છે. દાણે દાણે ખાનારનું નામ છે. તમારે હિન્દીમાં શું છે? 'દાને દાને પર લીખા હૈ ખાનેવાલે કા નામ.' નામ લખ્યું છે? જે રજકણ, જે પરમાણુ દાળ, ભાત, પૈસા આદિ જેની પાસે આવવાના છે તે આવશે, આવશે ને આવશે જ. તેના પ્રયત્નથી નથી આવતા. સમજાય છે કાંઈ?

અહીં તો દશિશક્તિની વાત ચાલે છે ને? આહાહા..! અનાકાર ઉપયોગમયી જે પરિણમન થયું તો આનંદનો અનુભવ સાથે છે. અતીન્દ્રિય આનંદની પર્યાય સાથે અનાકાર ઉપયોગની પરિણતિ થાય છે. એ ક્રમવર્તી પર્યાય અને અક્રમ ગુણના સમુદાયને આત્મા કહે છે. એ આત્માને દૃષ્ટિમાં એ તેનો સાર છે. આ બધા કથનનો સાર જ્ઞાયકભાવ ઉપર દૃષ્ટિ કરવી તે એનો સાર છે. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## પ્રવચન નં. ૫ શક્તિ-૩ થી ૫ સોમવાર, (દ્વિતીય) શ્રાવણ સુદ ૧, તા. ૧૫-૦૮-૧૯૭૭

'સમયસાર' શક્તિનો અધિકાર (ચાલે છે). થોડું સૂક્ષ્મ છે, ભગવાન! શાંતિથી સાંભળવું. આ તો આત્માની અંતરની વાત છે, ભાઈ! આત્માનું હિત કરવાની વાત છે. દુનિયા સમજે, ન સમજે, દુનિયા માન આપે એની સાથે કોઈ સંબંધ નથી. આહાહા..!

દશિશક્તિ. **'અનાકાર ઉપયોગમયી દશિશક્તિ...'** કાલે ચાલી તો હતી, થોડું ફરીને લઈએ. શું કહે છે? ભગવાનઆત્મામાં એક દશિશક્તિ-દર્શનશક્તિ છે. અહીંયા શ્રદ્ધા શક્તિની વાત નથી. ઇ દર્શનશક્તિ. આ જ્ઞાન-દર્શન. દશિશક્તિનો પર્યાયમાં ઉપયોગ-જોવું (એ છે). દશિશક્તિ છે, દશિશક્તિને ધરનાર જે દ્રવ્ય છે એ દશિશક્તિથી જોવું. પોતાના દ્રવ્યને, ગુણને પર્યાયમાં જોવા. પર્યાયમાં અનંતગુણ અને પોતાની દશિશક્તિ અને દ્રવ્ય, એ પર્યાયમાં ઉપયોગમાં જોવામાં આવે છે, પણ ઉપયોગમાં એ દ્રવ્ય-ગુણ-પર્યાય આવતાં નથી. આ દ્રવ્ય-ગુણ આવતા નથી. આહાહા..! આવી વાત છે, ભગવાન!

આત્મામાં દશિ નામની શક્તિ છે. એ શક્તિને જોવી એમાં આનંદ છે. આહાહા..! સમજાય છે કાંઈ? એ દશિશક્તિ ગુણરૂપ છે અને એ દશિશક્તિને જોવે છે ત્યારે એ દશિશક્તિ દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેમાં વ્યાપી જાય છે. સૂક્ષ્મ છે, ભગવાન! આહા..! એ દશિશક્તિની પર્યાયમાં દશિ ગુણ અને દ્રવ્ય અને દશિ શકિતની પર્યાયમાં અનંતી પર્યાયોને જોવું, ગુણને જોવા, દ્રવ્યને જોવું, અનંત દ્રવ્ય-ગુણ-પર્યાયને જોવા, નિરાકારપણે જોવા. આહાહા..! આ શું? સમજાય છે કાંઈ? પરને જોવાથી તેમાં-દર્શન ઉપયોગમાં સાકાર થઈ જાય છે, એમ નથી. એ જોનારી પર્યાયની તાકાત જ એટલી છે. આહાહા..! સમજાય છે કાંઈ? આ તો નિજ ઘરની વાત છે, ભાઈ! 'યશપાલજી'! આવી વાત છે.

પુણ્ય-પાપના વિકાર પણ દશિશક્તિમાં અભેદપણે જોવામાં આવે છે, ભેદથી નહિ. એવી દશિશક્તિની પર્યાયમાં એટલી તાકાત છે. આહાહા..! દશિશક્તિ, તેની સાથે અનંતગુણ અને એકરૂપ દ્રવ્ય એ બધા દશિશક્તિમાં જોવામાં આવે છે. છતાં જોવાવાળી પર્યાયમાં એ દ્રવ્ય-ગુણ-પર્યાય આવતા નથી. સૂક્ષ્મ વાત છે. એ તો પહેલેથી કહ્યું હતું. આવી વાત. આ મનુષ્યપણું ક્યારે મળે? આહાહા..! એને એ અંતરથી ક્યારે દેખે?

દશિશક્તિને જોવાથી દ્રવ્ય જોવામાં આવે છે અને પર્યાય પણ જોવામાં આવે છે, અનંત દ્રવ્ય-ગુણ-પર્યાય પણ એમાં ભેદથી નહિ પણ અભેદપણે જોવામાં આવે છે. આહાહા..! અર્થાત્ **'અનાકાર ઉપયોગમયી..'** એમ કહ્યું ને? એમાં આકાર એટલે વિશેષ-આ દ્રવ્ય છે, આ ગુણ છે, આ પર્યાય છે એવા વિશેષ નથી. સમજાય છે કાંઈ? આહાહા..! વસ્તુ એવી છે, ભાઈ! બહુ ઝીણું, ભાઈ! 'જ્ઞાનચંદજી'! આહાહા..!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



દશિશક્તિને જોનારો દ્રવ્યને જોવે છે, અનંતગુણને જોવે છે તો એમાં આનંદને પણ જોવે છે. આહાહા..! આ તો પોતાને જોવાની વાત છે, ભાઈ! સમજાય છે કાંઈ? પરને જોવાનું થાય છે પરંતુ વિશેષપણે જોવું થતું નથી. સામાન્યરૂપ નિરાકાર ઉપયોગમાં સ્વ અને પરને નિરાકારપણે દશિની પર્યાયમાં અનાકાર ઉપયોગમયી દશા થઈ જાય છે. આહાહા..! આવી વાત છે, ભાઈ! અંતરની ચીજને પહોંચવું, બાપુ! એ મોટી વાત છે. આહાહા..! એ કાંઈ સાધારણ વાત નથી, એ કાંઈ જાણપણું કરી લીધું, અગિયાર અંગનું જાણપણું કરી લીધું માટે જોવામાં આવે છે એવી એ ચીજ નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

કહે છે, **'અનાકાર ઉપયોગમયી...'** આહાહા..! ઉપયોગ તો ત્રિકાળ છે પણ અનાકાર ઉપયોગનું જ્યારે પર્યાયથી જોવાનું થયું, પર્યાયથી જોવામાં આવે છે ને? કે દ્રવ્ય-ગુણથી જોવામાં આવે છે? દ્રવ્ય-ગુણ તો ધ્રુવ છે. આહાહા..! અનાકાર ઉપયોગમયી પર્યાયમાં દ્રવ્ય-ગુણ અનંતા અને સર્વ દ્રવ્ય-ગુણની દશ્ય પર્યાયમાં અદશ્ય નામ દશ્ય નથી એવી એમાં બધી શક્તિ છે, તેને પણ દશિશક્તિ અનાકાર ઉપયોગમયીમાં જોવે છે. એની સાથે અતીન્દ્રિય આનંદનો સ્વાદ પણ સાથે આવે છે. તેનું રૂપ આવે છે, તેનું લક્ષણ નથી આવતું. શું કહ્યું?

દર્શન ઉપયોગમાં અનંતગુણનું રૂપ છે એ ખ્યાલમાં આવી જાય છે પણ એ ગુણનું લક્ષણ છે એ દશિશક્તિના ઉપયોગમાં આવતું નથી, તેનું લક્ષણ નથી આવતું. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! એવી અનાકાર ઉપયોગમયી (દશિશક્તિ છે).

**'(જેમાં જ્ઞેયરૂપ આકાર અર્થાત્ વિશેષ નથી...'** જણાય છે બધું પણ આકાર–વિશેષ નથી. એ નિર્વિકલ્પ જે નિરાકાર છે એ સવિકલ્પ જ્ઞાનને જોવે છે તો અનાકાર (ઉપયોગ) સવિકલ્પ થઈ જાય છે એમ નથી. આહાહા..! જ્ઞાનસ્વરૂપ છે તે તો સવિકલ્પ છે. સ્વ પરને જાણવાની શક્તિ રાખે છે. જ્ઞાનને અને અનંતગુણને અને દ્રવ્યને દશિ ઉપયોગમાં જોવામાં આવે છે તેથી તે દશિશક્તિનો ઉપયોગ સાકાર થઈ જાય, એમ નથી. આરે.. આરે..! આવી વાતું. 'ધન્નાલાલજી'! સમજાય છે કાંઈ?

**'દર્શનઉપયોગમયી–સત્તામાત્ર પદાર્થમાં...'** દર્શનઉપયોગમયી સત્તા–હોવાપણું, એવા પદાર્થમાં **'ઉપયુક્ત થવામયી–દશિશક્તિ અર્થાત્ દર્શનક્રિયારૂપ શક્તિ.'** આહાહા..! ક્રિયાને દર્શનક્રિયા શક્તિ કહ્યું. તેનું પરિણમન થાય છે તે ક્રિયા પણ દશિશક્તિને જ ક્રિયારૂપ કહી. સમજાય છે કાંઈ? ભાઈ! આ તો પોતાના ગુણના ખજાનાની વાત છે. આહાહા..!

મુમુક્ષુ :– ખ્યાલ પર્યાયમાં આવે છે.

ઉત્તર :– ખ્યાલ પર્યાયમાં આવે છે પણ પર્યાયમાં ખ્યાલ આવવા છતાં પર્યાય નિરાકાર છે, સાકાર નથી, વિશેષ નથી. સમજાય છે કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :– શક્તિને ક્રિયારૂપ કેમ કહ્યું?

ઉત્તર :– ગુણ છે ને તેને ક્રિયારૂપ કહ્યું. કેમકે પરિણમનમાં તેની પરિણતિ થાય છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ને? તેથી તેને ક્રિયારૂપ કહ્યું. છે તો ધ્રુવ પણ એનું પરિણમન થાય છે તે પણ દશિશક્તિની એક ક્રિયા છે, એવું સ્વરૂપ છે, એમ. આહાહા..! વાત બહુ આકરી, બાપુ! આ કાંઈ ધારીને બીજાને કહેવું છે અને બીજાને કાંઈક વિસ્મય પમાડવું છે.. આહાહા..! અહીં તો એ વાત નથી, પ્રભુ! આહાહા..! પોતાને અંતરમાં વિસ્મયતા પમાડવો છે. આહાહા..!

એવી અદ્ભુત આશ્ચર્યકારી શક્તિ માત્ર પરને જોવે છે તો એ દશિશક્તિનું રૂપ જ નથી. દશિશક્તિ સ્વ સહિત પરને પૂર્ણ સત્તાને નિરાકારપણે પર્યાયમાં ભાસ થાય તેનું નામ દશિશક્તિનું પરિણમન-પર્યાય કહેવામાં આવે છે. આહાહા..! આવી વાત છે. બહુ સૂક્ષ્મ વાત છે. અરે..રે..! આહા..! અનંતકાળથી રઝળે છે. કંઈક કંઈક અટકવાના સ્થાનમાં એ પડ્યો છે. આહાહા..! એ ત્રીજી શક્તિ થઈ. હવે ચોથી (શક્તિ).

**साकारोपयोगमयी ज्ञानशक्तिः। ४.**

**સાકાર ઉપયોગમયી જ્ઞાનશક્તિ. (જે જ્ઞેય પદાર્થોના વિશેષોરૂપ આકારોમાં ઉપયુક્ત થાય છે એવી જ્ઞાનોપયોગમયી જ્ઞાનશક્તિ. ૪.**

‘**સાકાર ઉપયોગમયી જ્ઞાનશક્તિ.**’ જુઓ! ઓહોહો..! ‘અધ્યાત્મ પંચસંગ્રહ’ છે ને? ‘અધ્યાત્મ પંચસંગ્રહ’માં એમ લીધું છે કે ઓહોહો..! એક સમયની પર્યાયમાં દશિશક્તિનો ઉપયોગ કોઈપણ ભેદ કર્યા વિના પૂર્ણ દેખે અને એ દશિશક્તિના પરિણમનની સાથે જ્ઞાનશક્તિનું જે પરિણમન છે તે પરિણમન એક એક જડ દ્રવ્ય ભિન્ન, ગુણ ભિન્ન, પર્યાય ભિન્ન, એક પર્યાયમાં અનંત અવિભાગ પ્રતિચ્છેદ ભિન્ન, એમ એક સમયની જ્ઞાનની પર્યાય ભિન્ન ભિન્ન જુએ. અને તે જ સમયે દશિશક્તિનો ઉપયોગ કંઈપણ ભિન્ન કર્યા વિના અભેદપણે જુએ. એવી કોઈ બન્નેની અદ્ભુતતા છે. એમાં એમ લીધું છે. અદ્ભુતરસમાં લીધું છે. આહાહા..! સમજાય છે કાંઈ? આવી વાતું છે, બાપુ! પુણ્ય-પાપની ક્રિયા તો ક્યાંય રહી ગઈ. આ દયા, દાન, વ્રત, ભક્તિ ને પૂજા, ઉપદેશ દેવો ને ઉપદેશ સાંભળવો, એમાં લાભ છે એ તો ક્યાંય રહી ગયું, બાપુ! એ તો વિકલ્પ છે, રાગ છે, ભાઈ! આહાહા..!

અહીં તો સાકાર ઉપયોગમયી જ્ઞાન છે. જે સમયે દશિશક્તિ છે તે જ સમયે જ્ઞાનશક્તિ સાથે છે. જ્ઞાનશક્તિમાં અનંતશક્તિનું રૂપ છે. અનંતશક્તિનું લક્ષણ નથી. સમજાય છે કાંઈ? આહાહા..! પણ સાકાર ઉપયોગનું જ્ઞાનશક્તિમાં રૂપ છે. એ સાકાર ઉપયોગ જ્યારે પોતાને જાણે છે તો અનંતગુણ, દ્રવ્ય-ત્રિકાળી વસ્તુને (જાણે છે), ભલે શ્રુતજ્ઞાનનો ઉપયોગ હો, પણ શ્રુતજ્ઞાનની પર્યાયનો ધર્મ એટલે સામર્થ્ય એટલું છે કે પોતાના ત્રિકાળી દ્રવ્ય, ત્રિકાળી ગુણ અને પોતાની અનંતપર્યાય અને અનંત પર દ્રવ્ય-ગુણ-પર્યાય બધાને જ્ઞાનની પર્યાય એક

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સમયમાં જાણે છે એવી એની તાકાત છે. સમજાય છે કાંઈ? આવી વાત છે, બાપુ! આહાહા..!

**'સાકાર ઉપયોગમયી જ્ઞાનશક્તિ.'** આમ તો ઘણીવાર કહ્યું છે, કે જે વર્તમાનમાં જ્ઞાનની પર્યાય છે... 'સમયસાર' ૧૭-૧૮ ગાથા, જ્ઞાનની પર્યાયમાં સ્વજ્ઞેય પૂર્ણ આનંદનો નાથ પર્યાયમાં જ્ઞેયરૂપ જણાય જ છે. શું કહ્યું? જ્ઞાનની એક સમયની પર્યાયમાં.. આ તો ઘણીવાર કહ્યું હતું, ૧૭-૧૮ ગાથા, આ જરીક દશિશક્તિનું સૂક્ષ્મ હતું. જ્ઞાનશક્તિમાં, જેમ દશિશક્તિની પર્યાયમાં દ્રવ્ય-ગુણ અને બધાનું જોવાનું થાય છે પણ દશિશક્તિમાં સાકારપણું આવતું નથી. એમ જ્ઞાન તો એવી ચીજ છે કે સ્વદ્રવ્ય પૂર્ણ, ત્રિકાળી ગુણ, પોતાની પર્યાય અને એ સિવાય અનંતી પર્યાય, અનંતા બધા દ્રવ્ય-ગુણ-પર્યાય, એક સમયમાં સાકાર એટલે વિશેષરૂપે પરિણમવું એ સાકાર ઉપયોગમયી શક્તિનું કાર્ય છે. આહાહા..! ફરીથી, માર્ગ બાપુ! ઝીણો, ભાઈ! આહાહા..! સમજાય છે કાંઈ? અત્યારે તો બહુ ગડબડ થઈ છે. શું થાય? 'જ્ઞાનચંદજી' ગડબડ થાય એવી વાત નથી કરતા, અસ્તિથી કહે છે. આમ છે, આમ છે.... સમજાય છે કાંઈ? આહાહા..! અહીંયા તો બન્ને વાત ચાલે છે. આહાહા..!

ભગવાનઆત્મા એક સેકંડના અસંખ્યમા ભાગમાં અનંતગુણ સંપન્ન જે દ્રવ્ય છે, એને જ્ઞાનની શક્તિનું પરિણમન, શક્તિ તો ધ્રુવરૂપ છે, પણ ધ્રુવરૂપનું લક્ષ કરવાથી દ્રવ્ય-ગુણમાં તો જ્ઞાનશક્તિ વ્યાપક છે પણ તેનું લક્ષ કરવાથી પર્યાયમાં પણ જ્ઞાનશક્તિ વ્યાપક થઈ ગઈ. આહાહા..! એક વાત.

અભવિને જ્ઞાન પરિણતિ નથી. જ્ઞાનના ક્ષયોપશમનો અંશ છે. સમજાય છે કાંઈ? પણ મિથ્યાદષ્ટિ છે... આહાહા..! તો જ્ઞાનની પરિણતિ નથી. જ્ઞાનની પરિણતિ તો સમ્યગ્દષ્ટિને જ હોય છે. આહાહા..! સમજાય છે કાંઈ? આહા..! જ્ઞાનની પર્યાયમાં... આહાહા..! આખું જ્ઞેય–દ્રવ્ય અજ્ઞાનીની પર્યાયમાં પણ જણાય છે, એવો પાઠ છે. કેમકે જ્ઞાનની પર્યાયનો... ગુણ છે એ તો ધ્રુવ છે, ધ્રુવ જાણવાની શક્તિ રાખે છે પણ એમાં જાણવાનું કાર્ય નથી. જાણવાનું કાર્ય જે થાય છે તે પર્યાયમાં થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? એ પર્યાયનું જાણવાનું કાર્ય, અજ્ઞાનીને પણ પર્યાયમાં સ્વદ્રવ્ય જ જણાય છે એમ આચાર્ય કહે છે. પણ અજ્ઞાનીની દષ્ટિ પર્યાય ને રાગ ને પર ઉપર છે. આહાહા..! વર્તમાન જે ક્ષયોપશમ જ્ઞાન થયું તેના ઉપર તેની દષ્ટિ છે. તેથી પર્યાયમાં જ્ઞેય–પૂર્ણ જ્ઞાયક જાણવામાં આવતો હોવા છતાં તેને ખ્યાલમાં આવતો નથી. સમજાય છે કાંઈ? આહાહા..!

**'સાકાર ઉપયોગમયી...'** ઉપયોગમયી, હોં! ભાષા પાછી એમ લીધી છે. ઉપયોગસ્વરૂપ એવો ભેદ પણ નહિ. છે? **'સાકાર ઉપયોગમયી..'** અભેદ લેવું છે. આહાહા..! ભગવાનઆત્મા વસ્તુ છે એમાં સાકાર ઉપયોગમયી એક શક્તિ અભેદ છે. શક્તિ અને શક્તિવાન કોઈ જુદા નથી. તેના પ્રદેશ જુદા નથી. શક્તિ અને દ્રવ્ય જે શક્તિવાન બેના પ્રદેશ જુદા નથી. એનો જ્ઞાનની પર્યાયમાં જે ઉપયોગ થાય છે તે જ્ઞાનની પર્યાય સ્વદ્રવ્યને પૂર્ણ જાણે છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છતાં એ પર્યાયમાં એ દ્રવ્ય આવતું નથી, છતાં જાણવાની તાકાત આવી ગઈ. એ પર્યાયના પ્રદેશ પણ દ્રવ્ય-ગુણથી ભિન્ન છે. સમજાય છે કાંઈ? શક્તિનો અધિકાર તો બહુ સૂક્ષ્મ છે, ભાઈ! આ તો પોતાના હિત માટે વાત છે. સમજાય છે કાંઈ?

નિજ હિત તો ત્યારે થશે કે જ્ઞાનની પર્યાય જ્ઞાનને અને દ્રવ્યને સન્મુખ થઈને જાણે અને એનો સ્વભાવ જ એવો છે. એ જ્ઞાનની પર્યાયમાં અજ્ઞાનીને પણ દ્રવ્ય જ જાણવામાં આવે છે પણ લક્ષ ત્યાં નથી. સમજાય છે કાંઈ? લક્ષ પર્યાય ઉપર અને રાગ ઉપર છે. તેથી પર્યાયમાં આખું દ્રવ્ય જાણવામાં આવતું હોવા છતાં તેને જ્ઞાનમાં આવ્યું નહિ. આહાહા..! જ્ઞાન જ્યારે પોતાને જાણે છે... આહાહા..! ત્યારે તો પર્યાયમાં અતીન્દ્રિય આનંદનો અનુભવ થાય છે, એમ કહે છે. સમજાય છે કાંઈ? જ્ઞાનની પર્યાય સાકાર ઉપયોગમયી (છે). સાકાર એટલે વિશેષપણે. બધા દ્રવ્ય-ગુણને ભેદથી, બીજા દ્રવ્ય-ગુણને પણ ભેદથી, પોતાની એક એક પર્યાય પણ ભેદથી સાકાર એટલે વિશેષપણે જાણે એવો જાણવાનો જ્ઞાનની પર્યાયનો સ્વભાવ છે. આહાહા..!

એ જ્ઞાનની પર્યાય જ્યારે પોતાને જાણે છે અને એ પર્યાયમાં દ્રવ્ય-ગુણનું સામર્થ્ય કેટલું છે તે પર્યાયમાં આવ્યું, પર્યાયમાં એ દ્રવ્ય અને ગુણ આવ્યા નહિ પણ દ્રવ્ય-ગુણની કેટલી તાકાત છે તે બધું જ્ઞાનની પર્યાયમાં આવી ગયું. એવી પર્યાયમાં તો અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે છે. તેનું નામ સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનની પર્યાયે પોતાને જોઈ, જાણી એમ કહેવામાં આવે છે. આહાહા..! સૂક્ષ્મ વાત છે, ભાઈ! શું થાય? આહાહા..! સમજાય છે કાંઈ?

**'સાકાર ઉપયોગમયી જ્ઞાનશક્તિ. (જે જ્ઞેય પદાર્થોના વિશેષરૂપ..)'** વિશેષરૂપ-ભેદથી સ્વ-પર જ્ઞેય બન્ને **'(આકારોમાં ઉપયુક્ત થાય છે એવી જ્ઞાનોપયોગમયી જ્ઞાનશક્તિ).'** આહાહા..! જ્ઞાનશક્તિ ક્રમરૂપે પરિણમે છે એ પર્યાય. અક્રમરૂપે રહે તે ગુણ. એ ગુણ અને પર્યાયનો સમુદાય, અક્રમ-ક્રમનો સમુદાય તે આત્મા છે. સમજાય છે કાંઈ? જ્ઞાનશક્તિ છે તે પારિણામિકભાવે છે, સ્વભાવભાવે છે, સહજ છે. આહાહા..! પણ એ પારિણામિકભાવે છે તેની સત્તાનો સ્વીકાર પર્યાયમાં થયો તો પારિણામિકભાવે છે તેવું ભાન થયું. છે તો ખરી પણ છે તેનો પરિણમનમાં ભાસ થયો ત્યારે તે છે તેનો ખ્યાલ આવ્યો, નહિતર નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? આવી વાતું છે, બાપુ! અહીં તો એવી વાત છે. અમારે 'રતનલાલજી' કહે છે ને? વાળની ખાલ (ઉતારો છો). વાત તો સાચી છે. આહાહા..! ભાઈ! વસ્તુનું સ્વરૂપ એવું છે, એનું સ્વરૂપ જ એવું છે, ભાઈ!

જ્ઞાનની પર્યાય દ્રવ્ય-ગુણને જાણે છતાં એ પર્યાય દ્રવ્ય-ગુણરૂપ થાય નહિ, એવી જેનામાં તાકાત છે. આહાહા..! એ તાકાતને જોવે, જાણે અને દ્રવ્ય-ગુણને જાણે તેને અતીન્દ્રિય આનંદનો અનુભવ થયા વિના રહે નહિ. એ અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવવો તેનું નામ ધર્મ અને સમ્યગ્દર્શન છે. 'યશપાલજી'! માર્ગ એવો છે, ભાઈ! લોકો એકાંત કહીને, એકાંત છે, સોનગઢનું એકાંત છે. પ્રભુ! તું શું કહે છે? નાથ! એક આઠ દિ', દસ દિ' સાંભળ તો ખરો. આહાહા..!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ભાગ્ય વિના સાંભળવા મળે નહિ. આહાહા..!

જ્ઞાનશક્તિ અનંતગુણમાં નિમિત્ત છે અને જ્ઞાનશક્તિ અનંતગુણમાં વ્યાપક છે. જ્ઞાનશક્તિ ધ્રુવ ઉપાદાન સહિત છે. ત્રિકાળી શક્તિ ધ્રુવ છે અને તેનો પરિણમનમાં ખ્યાલ આવ્યો એ ક્ષણિક ઉપાદાન છે. ક્ષણિક ઉપાદાનમાં ખ્યાલ આવે છે. કહ્યું હતું ને કાલે? અનિત્ય દ્વારા નિત્યનું જ્ઞાન થાય છે. આહાહા..! પર્યાય નિત્ય છે? અનિત્ય છે. સમજાય છે કાંઈ? આ તો ભગવાનની કેવળજ્ઞાનની કોર્ટ છે, પ્રભુ! આ તો કેવળજ્ઞાનની કોલેજ છે. કોલેજમાં તો થોડું ઝીણું સમજવું પડે ને! થોડું સમજણમાં આવ્યું હોય તો એને સમજાય એવી વાત છે, ભાઈ! આહાહા..!

જ્ઞાનશક્તિ પોતાના દ્રવ્યને જાણે છે તો પર્યાયમાં... આહાહા..! વ્યવહારનો અભાવ થાય છે. જેને લોકો વ્યવહાર રત્નત્રય કહે. જ્ઞાનશક્તિનું ભાન થયું, જ્ઞાને પોતાના દ્રવ્યને જોયું, પોતાના ગુણને જાણ્યા, પોતાની પર્યાયને જાણી એ સમયે આનંદની પર્યાય ઉત્પન્ન થઈ તેમાં રાગનો અભાવ છે. વ્યવહાર રત્નત્રયનો એમાં અભાવ છે તે જ અનેકાંત અને સ્યાદ્વાદ છે. આહાહા..! લોકો તો સ્યાદ્વાદને નામે કાંઈક કરે છે. આહાહા..! વ્યવહારથી પણ ધર્મ થાય છે અને નિશ્ચયથી પણ થાય છે તો તે અનેકાંત છે. અત્યારે આવું બધા કહે છે. બહુ જોર છે. આહાહા..! સમજાય છે કાંઈ? ભાઈ! શું કરે? બાપુ!

અહીંયા તો શક્તિનું વર્ણન છે. શક્તિ તેનો ગુણ છે અને ગુણને ધરનાર ગુણી છે. એ ગુણી પર દૃષ્ટિ પડે તો શક્તિ વિકારરૂપે પરિણમે એવું છે જ નહિ. વ્યવહાર રત્નત્રયરૂપે પરિણમે એવું શક્તિનું કાર્ય જ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? વ્યવહારનો વિકલ્પ છે એ જ્ઞાનની શક્તિને ધરનારો ભગવાન, જાણનારને પર્યાય જાણે છે, જાણનારની પર્યાય જાણનારને જાણે છે. આહાહા..! ત્યારે આનંદની પર્યાયમાં વ્યવહાર રત્નત્રયના રાગનો અભાવ છે તેનું નામ અનેકાંત કહેવામાં આવે છે. આવો માર્ગ છે, ભાઈ! આહાહા..! એ પણ દિગંબર સંતોએ સ્પષ્ટ કર્યું, એવી વાત ક્યાંય નથી. સમજાય છે કાંઈ? આહાહા..!

આત્મા ખ્યાલ કરે તો સમજાય એવું છે, એવી વસ્તુ છે. આચાર્યો કહે છે એ સમજાય એને માટે કહે છે કે નહિ સમજાય માટે કહે છે? તું જાણી શકે છે, ભગવાન! ધ્યાન રાખ. આહા..! પાણીની તરસ લાગી હોય તો ઘરમાં ઘોડો હોય, બે-બે હજારના બળદ હોય એને કહે કે પાણી લાવો? એને ખ્યાલ છે કે પાણી લાવવાની એને ખબર નહિ પડે. આઠ વર્ષની છોકરી હોય એને કહે કે બેટા! પાણી લાવો. એ જાણે છે કે હું કહીશ એ સમજશે. એમ આચાર્ય કહે છે કે હું કહું છું એ સમજશે તેને અમે કહીએ છીએ. અમે શરીરને અને રાગને નથી કહેતા. જાણનારો ભગવાન છે તેને અમે કહીએ છીએ. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..!

**'સાકાર ઉપયોગમયી...'** ઓહોહો..! કેટલું ભરી દીધું છે! જ્ઞાનની પર્યાય જ્યારે જ્ઞાતાને જાણે છે તો જ્ઞાનની પર્યાયમાં કર્તા, કર્મ ષટ્કારકનું પરિણમન પોતાથી થાય છે અને જ્ઞાનની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



શક્તિમાં પણ કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ એ ષટ્કારકનું જ્ઞાનશક્તિમાં રૂપ છે. સમજાય છે કાંઈ? ષટ્કારકશક્તિ છે તે શક્તિ જ્ઞાનશક્તિમાં નથી પણ જ્ઞાન સ્વતંત્ર કર્તા થાય એવી શક્તિ તેનામાં છે. અને કર્મ એટલે જ્ઞાનની પરિણતિ કરે છે એ તેનું સ્વતંત્ર કાર્ય છે. કર્મ કર્તા ને કર્મ શક્તિ થવાની શક્તિ પોતામાં છે. કર્તા ને ક્રિયા શક્તિ છે તેને કારણે નહિ. આહાહા..! આવી વાત છે. સમજાય છે કાંઈ? આહાહા..!

જ્ઞાનગુણ છે એવી સ્વસન્મુખની જ્યારે પર્યાય થાય છે ત્યારે દ્રવ્ય અને ગુણ છે તેનો ખ્યાલ આવ્યો. છે તો છે જ. ભાઈ! સૂક્ષ્મ વાત છે. છે તો છે. ખ્યાલ આવ્યો ત્યારે છે. સમજાય છે કાંઈ? એ જ્ઞાનશક્તિ... આહાહા..! સ્વપરપ્રકાશક પ્રધાન શક્તિ છે. અનંતગુણમાં એ અસાધારણ શક્તિ છે. આહાહા..! કે જે શક્તિને કારણે... ચિતિ અને દશિ બન્ને સાથે લેવી. એ ઉપયોગમયી શક્તિ છે તે જીવ છે. અને એ શક્તિની અપેક્ષાએ બીજી શક્તિ છે તે અચેતન છે. કારણ કે શ્રદ્ધા, ચારિત્ર, આનંદની શક્તિ છે તે પોતે છે એમ એ જાણતી નથી. એ શક્તિ પોતાને જાણતી નથી. સમજાય છે કાંઈ? માર્ગ એવો છે, ભાઈ! સમજાય એવી વાત છે, હોં! ભાષા તો સાદી છે, ભગવાન! અરે..! અનંતકાળમાં કદી સ્વસન્મુખ થયો નહિ અને પર્યાયનું યથાર્થ જ્ઞાન કર્યું નહિ. આહાહા..! સમજાય છે કાંઈ?

જ્ઞાનઉપયોગમયી, ઉપયોગ તો ત્રિકાળ છે પણ એ જ્ઞાન ઉપયોગમયી શક્તિ છે તેને જ્યારે પર્યાયમાં જાણી તો એ પર્યાયમાં જ્ઞાનગુણ, દ્રવ્ય-ગુણ, અનંતગુણનું સાકાર પર્યાયરૂપે, વિશેષપણે પર્યાયમાં જાણવાનો ઉપયોગ થઈ ગયો. આહાહા..! તે જ સમયે તેને અનંતઆનંદ આવે છે. આહાહા..! સુખસાગર અમૃતનો સાગર જ્યાં જ્ઞાનશક્તિની પર્યાયમાં જ્યારે પર્યાય ઉછળે છે તો તેની સાથે આનંદ આદિ અનંતશક્તિની પર્યાય ઉછળે છે. આહાહા..! સમજાય છે કાંઈ? માર્ગ તો એવો છે, ભાઈ! અત્યારે માર્ગનો ફેરફાર થઈ ગયો. 'જ્ઞાનચંદજી' એમ ન કહે. મીઠા મધુર માણસ છે ને! એમ સાંભળ્યું છે, હોં! અસ્તિથી વાત કરે કે આમ છે. વાત સાચી. અહીં તો અસ્તિ છે અને વ્યવહારથી નાસ્તિ છે. આહાહા..! શક્તિ ચાલે છે ને! અનેકાંત ચાલે છે ને! માથે શું કહ્યું? અનેકાંત હજુ વિશેષ ચર્ચે છે. અનેકાંત વિશેષ ચર્ચે છે એનો અર્થ આ. આહાહા..!

પોતાની જ્ઞાનશક્તિ દ્વારા, પર્યાય દ્વારા આ શક્તિ છે, આ દ્રવ્ય છે એમ જ્ઞાનની પર્યાયમાં તેને જ્ઞેય બનાવ્યું ત્યારે આ છે એમ જ્ઞાન થયું, છે એમ જ્ઞાન થયું અને છે એમ જ્ઞાન થવાથી અતીન્દ્રિય આનંદનો સ્વાદ પણ એની સાથે તે સમયે ઉછળે છે. આહાહા..! સમજાય છે કાંઈ? 'પોપટભાઈ'! આ બધું તમારા પૈસા-ફૈસામાં ક્યાંય સાંભળવા પણ મળે એવું નથી. તેથી એ કહે છે ને અમે અહીં શું કરવા આવીએ છીએ. પૈસા-બૈસાની અહીં કાંઈ કિંમત ન મળે. અહીં તો એકલા ક્ષયોપશમ જ્ઞાન પરને જણાવે એની કિંમત પણ ન મળે. આહાહા..! સમજાણું કાંઈ? સમજાણું એટલે સમજમેં આયા? અમારે 'રતનલાલજી' તો કહે છે, વાળની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છાલ ખોલે છે. આ તો છાલની છાલ ખોલે છે. આહાહા..!

સાકાર ઉપયોગ, આહા..! જ્ઞાનની પર્યાય પોતાને જાણે છે એ સમયે જ્ઞાનની પર્યાય ઉત્પન્ન થઈ તે તેનો જન્મક્ષણ છે. એ પર્યાયમાં ઉત્પન્ન થવાનો કાળ જ હતો. સમજાય છે કાંઈ? અને એ ઉત્પાદ જે થયો, જ્ઞાનના જાણવાથી જે પર્યાયમાં ઉત્પાદ થયો તે પૂર્વ પર્યાયના વ્યયની પણ અપેક્ષા નથી રાખતી. અને પર્યાય ઉત્પન્ન થઈ તે ધ્રુવની અપેક્ષા નથી રાખતી. ધ્રુવને જાણે ખરી પણ તેને ધ્રુવની અપેક્ષા નથી. સમજાય છે કાંઈ? જ્ઞાનની પર્યાય એ કારણ અને જ્ઞાનની પર્યાય એ કાર્ય. આહાહા..! આવો માર્ગ છે પ્રભુનો.

જ્ઞાનશક્તિ. **'(જે જ્ઞેય પદાર્થોના વિશેષોરૂપ આકારોમાં ઉપયુક્ત થાય છે એવી જ્ઞાનોપયોગમયી જ્ઞાનશક્તિ.'** છે. એ ચાર શક્તિ થઈ. એક એકમાં બધું નાખવા જાઈએ તો વખત (ઓછો પડે). થોડું થોડું લીધું. હવે આવી આનંદ (શક્તિ).

**अनाकुलत्वलक्षणा सुखशक्तिः। ५.**
**અનાકુળતા જેનું લક્ષણ અર્થાત્ સ્વરૂપ છે એવી સુખશક્તિ. ૫.**

**'અનાકુળતા જેનું લક્ષણ છે...'** એવી સુખશક્તિ. આહાહા..! શું કહે છે? આત્મામાં એક અનાકુળ આનંદશક્તિ પડી છે. આહાહા..! સચ્ચિદાનંદ પ્રભુ સત્ નામ શાશ્વત ચિદ્ ને આનંદશક્તિ એમાં પડી છે. અતીન્દ્રિય આનંદ ત્રિકાળ પડ્યો છે. દ્રવ્ય જેમ ત્રિકાળ છે એમ અંદરમાં અતીન્દ્રિય આનંદની શક્તિ ત્રિકાળ ધ્રુવ છે. આહાહા..! પણ એ ત્રિકાળ આનંદ અને ત્રિકાળ દ્રવ્ય છે એવી આનંદ પર્યાય પ્રગટ થાય છે તો આ આનંદ પૂર્ણ છે એવું જ્ઞાન એમાં આવે છે. સમજાય છે કાંઈ? આહાહા..! સમ્યગ્દર્શન થાય છે ત્યારે શ્રદ્ધા તો શ્રદ્ધા છે, એ કેમ આવ્યું? સુખ છે ને?

૪૭ શક્તિમાં સમકિત અને ચારિત્રશક્તિ ભિન્ન નથી લીધી. શું કહે છે? સમજો. ૪૭ શક્તિમાં સમકિતશક્તિ અને ચારિત્રશક્તિ ભિન્ન નથી લીધી. એ સુખશક્તિમાં સમાડી દીધી છે. સમકિત અને ચારિત્રમાં સુખ છે તો બન્ને શક્તિ એમાં સમાડી દીધી. આહાહા..!

ફરીથી, ૪૭ શક્તિના જે અહીંયા નામ છે એમાં સમકિતશક્તિ અને ચારિત્રશક્તિ આવી નથી. ૪૭ માં એના નામ નથી. કેમકે દર્શનશક્તિ જે ત્રિકાળી છે, સમ્યગ્દર્શનશક્તિ, હોં! સમ્યગ્દર્શન પર્યાય ભિન્ન છે. ત્રિકાળી જે સમ્યગ્દર્શનશક્તિ છે. એ સ્વને અને શક્તિને પર્યાયમાં પ્રતીત કરે છે, એ પ્રતીત કરે છે એ પર્યાય છે. પ્રતીતિ કોની કરે છે? કે શક્તિ અને શક્તિવાનની. પ્રતીત કરે છે એમાં દ્રવ્ય-ગુણ આવતા નથી. પણ પ્રતીતિમાં દ્રવ્ય-ગુણનું સામર્થ્ય કેટલું છે એ પ્રતીતમાં આવી ગયું છે અને એ સમકિતની સાથે આનંદ છે તેથી સમકિતશક્તિ અને ચારિત્રશક્તિ સુખશક્તિમાં મેળવી લીધી છે. આહાહા..! સમજાય છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કાંઈ? નહિતર તો સમ્યગ્દર્શન અને ચારિત્ર તો મુખ્ય વસ્તુ છે અને ૪૭માં નામ તો આવ્યા નહિ. એ (સુખશક્તિમાં) આવી ગયા. કેમકે સમ્યગ્દર્શનશક્તિ છે એ ત્રિકાળીને પર્યાયમાં પ્રતીત કરે છે, પર્યાયમાં, હોં! તો પર્યાયમાં જ્યાં ત્રિકાળીની પ્રતીતિ કરે છે તો સાથે આનંદ આવે છે. આનંદ આવે છે એ સુખશક્તિનું પરિણમન છે. શ્રદ્ધાશક્તિનું પરિણમન સમ્યક્ પર્યાય પણ આનંદશક્તિનું પરિણમન સાથે આનંદ આવ્યો એ આનંદશક્તિનું પરિણમન છે. આ કંઈ સમજવું નહિ અને કરો વ્રત અને કરો પડિમા, લઈ લ્યો મહાવ્રત. 'કાંતિભાઈ'! પેલું સહેલું પડે, આખો દિ' બેંકમાં રહેવું અને ઘરમાં બાયડીને (રાજી રાખવી). આવું ક્યારે સમજવા મળે? આહાહા..! ભાઈ!

મુમુક્ષુ :- ચારિત્રને ચારિત્ર બનાવશે ત્યારે આનંદ આવશે.

ઉત્તર :- ચારિત્ર જ્યારે થાય છે ત્યારે ચારિત્રની સાથે આનંદ આવે છે. માટે આ સુખશક્તિમાં બન્ને શક્તિ સમાવી દીધી છે. ચારિત્ર એવું નથી... 'છ ઢાળા'માં આવે છે ને? 'આતમ કે હિત...' અંદરમાં રાગનો અભાવ અને વીતરાગતા એને એ દુઃખદાયી માને છે. 'છ ઢાળા'માં આવે છે.

અહીંયા તો કહે છે, પ્રભુ! એકવાર સાંભળ તો ખરો! આહાહા..! ત્રણલોકનો નાથ ચિદાનંદ ભગવાન અનંતગુણનો સાગર, અનંતશક્તિનો ભંડાર, જેની એક એક શક્તિમાં અનંતશક્તિનું રૂપ, એક એક શક્તિમાં અનંત અનંતશક્તિ વ્યાપક છે, એવા ભગવાનને જ્યારે શક્તિ જોવે છે, દૃષ્ટિ કરે છે અને તેમાં રમણતા કરે છે ત્યારે આનંદ આવે છે. તેથી આનંદશક્તિમાં બેય શક્તિ સમાડી દીધી છે. આહા..! સમ્યગ્દર્શન થાય અને આનંદ ન આવે એવી વસ્તુ નથી, એમ કહે છે. અમારે સમકિત તો છે પણ આનંદ નથી આવ્યો, એ વાત જ ખોટી છે. આહાહા..! સમજાય છે કાંઈ? ઘણા કહે છે ને, અમે સમકિતી છીએ.

મુમુક્ષુ :- જૈનમાં જન્મ્યાને!

ઉત્તર :- જૈનમાં જન્મ્યા.. એ કહેતા હતા. એક 'ઇન્દ્રલાલજી' હતા, 'જયપુર'. દિગંબર જૈનમાં જન્મ્યા એ બધા સમકિતી તો છે હવે એણે ચારિત્ર અંગીકાર કરવું. અમારા ગુરુભાઈ પણ એમ કહેતા હતા, સંવત ૧૯૮૦ની સાલ. ૫૩ વર્ષ થયા. અમે તો વાંચતા હતા ને! હજારો માણસ (આવતા). અમે વાત કરતા એ એમને રુચતી નહોતી. અમે સંપ્રદાયમાં આવી ગયા માટે અમને સંપ્રદાયની દૃષ્ટિ નથી. તત્ત્વ શું છે એ અમારી દૃષ્ટિ છે. એમને એ વાત ન રુચિ. પછી ચોમાસુ પૂરું થયું પછી એક દિવસ રાત્રે બધાને ભલામણ કરી. ચોમાસુ પૂરું થયું પછી બધાને ભલામણ કરી. જુઓ! ભાઈ! આપણને સમ્યગ્દર્શન તો ગણધર જેવું મળ્યું છે. જેમ પેલા 'ઇન્દ્રલાલજી' કહેતા હતા એમ અમારા ગુરુભાઈ કહેતા હતા. આપણને તો સમ્યગ્દર્શન ગણધર જેવું મળ્યું છે. હવે આપણે અહિંસા આદિ વ્રતનું ચારિત્ર લેવું એ વિશેષ છે. અરે..! ભગવાન! બાપુ! આહાહા..! એવી ચીજ નથી. બાપુ! સમકિત એવી વસ્તુ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નથી. આહાહા..!

સમકિતની પર્યાય પૂર્ણાનંદના નાથને પ્રતીતિમાં લે છે છતાં પૂર્ણાનંદનો નાથ પ્રભુ શ્રદ્ધાની પર્યાયમાં આવતો નથી. તેનું સામર્થ્ય કેટલું છે એ શ્રદ્ધામાં પર્યાયમાં આવે છે. આહાહા..! સમજાય છે કાંઈ? આવી વાત છે, ભાઈ! ક્લાસમાં લોકો સાંભળે તો ખરા કે આ શું વસ્તુ છે. સમજાય છે કાંઈ? .... વ્યાખ્યાનમાં સાંભળે. .... અમે તો વિશેષ નિષેધ કરીએ છીએ. સ્ત્રીઓએ બિલકુલ ક્લાસમાં બેસવું નહિ, અમારો પહેલેથી નિયમ છે. સમજાય છે કાંઈ? 'આત્મધર્મ'માં પણ પહેલા આપ્યું હતું. આ ક્લાસ આદમીઓના છે, બૈરાના નહિ. અહીં બીજી ગપસપ નથી, અહીં તો સીધી વાત છે. ક્યાં ગયા? શેઠ આવ્યા નથી? 'શોભાલાલ'. સમજાય છે કાંઈ? આહાહા..! શોભાલાલ તો આ આત્મા છે. સમ્યગ્દર્શન દ્વારા આખા પૂર્ણ આત્માની પ્રતીતિ કરે છે એ એની શોભા છે. સમજાય છે કાંઈ?

એકલા સમ્યગ્દર્શનથી કાંઈ મુક્તિ થતી નથી. સમજાય છે કાંઈ? જોકે એને મોક્ષમાર્ગ કહ્યો છે. 'છ ઢાળા'માં આવ્યું ને? 'તીનોં શિવમગચારી...' ચોથે ગુણસ્થાને, પાંચમે અને છઠ્ઠે સમ્યગ્દૃષ્ટિ છે એ ત્રણે શિવમગચારી છે. છતાં શિવમગચારીમાં છઠ્ઠે ચારિત્ર છે તે પૂર્ણ છે. આમ તો ચારિત્રની પૂર્ણતા ચૌદમે ગુણસ્થાને છેલ્લે થાય છે પણ સ્વરૂપની દૃષ્ટિ, અનુભવ થયા અને આનંદનું વેદન થયું, એની સાથે ચારિત્રની રમણતા થઈ એને છઠ્ઠે-સાતમે ચારિત્ર ગણવામાં આવ્યું છે. મોક્ષનો માર્ગ તો દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે મળીને થાય છે. એકલા સમ્યગ્દર્શન-જ્ઞાનથી મુક્તિ થાય છે, એમ નથી. ચારિત્ર તો સાથે હોય જ. આહાહા..! ન લઈ શકે એ બીજી વાત છે. 'શ્રેણિક' રાજા જેવા ક્ષાયિક સમકિતી ચારિત્ર ન લઈ શક્યા પણ પ્રતીતમાં તો એમ હતું કે સ્વરૂપની રમણતારૂપ ચારિત્ર થશે ત્યારે મુક્તિ થશે. સમજાય છે કાંઈ? છે? 'શ્રેણિક' રાજા.

અરે..! 'ઋષભદેવ' ભગવાન લ્યો. ચોરાશી લાખ પૂર્વ. ૮૩ લાખ પૂર્વ ગૃહસ્થાશ્રમમાં રહ્યા. ચારિત્ર નહોતું. તીર્થંકર ત્રણ જ્ઞાન લઈને આવ્યા. ક્ષાયિક સમકિત! તો પણ ૮૩ લાખ પૂર્વ ચારિત્ર વિના રહ્યા. ચારિત્ર નહોતું. એક પૂર્વમાં સીત્તેર લાખ ક્રોડ, છપ્પન હજાર ક્રોડ વર્ષ જાય. એવા એવા ૮૩ લાખ પૂર્વ. ચારિત્ર નહોતું. શાસ્ત્રમાં એટલું લીધું છે કે આઠ વર્ષની ઉંમરે બાર વ્રત લે છે એવું એક ઠેકાણે આવે છે. શાસ્ત્રમાં આવે છે. પંચમગુણસ્થાન, એમ કહે છે. શું કહેવાય? પંચમગુણસ્થાન. આઠ વર્ષના થાય ત્યારે... શું કહેવાય? પુરાણમાં, કોઈ એક પુરાણમાં આવે છે. ઇ આવે છે, નામ ભૂલી જઈએ છીએ. એ આવે છે. ઉત્તરપુરાણ, ઉત્તરપુરાણમાં આવે છે. જેટલા તીર્થંકર થાય એ બધા સમકિત લઈને તો આવે છે પણ આઠ વર્ષની ઉંમરે તેઓ બાર વ્રત ધારણ કરે છે, એવું આવે છે. ઉત્તર પુરાણમાં આવે છે. છતાં ક્રોડો પૂર્વ, અબજો વર્ષ ત્યાં રહ્યા ચારિત્ર નહોતું. અંશે હતું. ચોથા ગુણસ્થાને સ્વરૂપાચરણ ચારિત્ર હતું પણ જે ચારિત્ર છઠ્ઠે-સાતમે જોઈએ તે નહોતું. એ તો મહાન પુરુષાર્થ,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મહાન પુરુષાર્થ! આહાહા..! સમ્યગ્દર્શન કરતાં પણ ચારિત્રનો મહાન પુરુષાર્થ છે. એ ચારિત્ર એટલે નગ્ન થઈ જવું અને પંચમહાવ્રત ધારણ કરવા એ કાંઈ ચારિત્ર નથી. આહાહા..!

સ્વરૂપ આનંદના નાથમાં રમણતા-રમમાણ થઈ જવું. આહાહા..! આનંદના નાથમાં આનંદમાં મશગુલ-તન્મય થઈ જવું તેનું નામ ચારિત્ર છે. પંચમહાવ્રત આદિ તો અચારિત્ર છે. આહાહા..! અહીં તો હજી પંચમહાવ્રતના પણ ઠેકાણા ન હોય અને માને કે ચારિત્ર છે. જે નવમી ગ્રૈવેયક ગયો, 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો' અગિયાર અંગ ભણ્યો, પંચમહાવ્રત ધારણ કરેલા, અઠ્યાવીસ મૂળગુણ ચોખ્ખા પાળતો હતો. એને માટે કરેલું ભોજન હોય તો પ્રાણ જાય તોપણ ન લે. એવી ક્રિયાકાંડના શુક્લલેશ્યાના ભાવ હતા. 'પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયા' તો એ બધું દુઃખ હતું. પાંચમહાવ્રતના પરિણામ રાગ છે, આસ્રવ છે અને દુઃખ છે. આહાહા..! એ ચારિત્ર નહિ.

મુમુક્ષુ :- ચારિત્ર સાથે તો (પંચમહાવ્રત) હોય છે.

ઉત્તર :- હોય તો ભલે હો. એ તો વ્યવહાર આવે છે, પણ છે તો દુઃખ, છે જગપંથ. એટલો સંસાર છે. આહાહા..! એમાં આવ્યું છે, ભાઈ! 'અધ્યાત્મ પંચસંગ્રહ'. જેટલો રાગ આવે છે એ પણ જ્ઞાનીને પણ સંસાર છે. આહાહા..! અને 'સમયસાર નાટક'માં મોક્ષ અધિકારમાં આવે છે. ૪૦ મો બોલ છે. આહાહા..!

અહીં તો નથી સમ્યગ્દર્શનની ખબર, શું સમ્યગ્દર્શન કેવી રીતે ઉત્પન્ન થાય છે? અને થાય તો કેવી દશા હોય એની ખબર નથી અને વ્રત પણ પોતાની કલ્પનાથી લઈ (લે). નવમી ગ્રૈવેયક ગયો એવા તો વ્રત પણ નથી અને માને કે અમને ચારિત્ર છે, પંચમ ગુણસ્થાન છે, છઠ્ઠું ગુણસ્થાન છે. માનો, બાપુ! આહાહા..! સ્વરૂપની દૃષ્ટિ થઈ અને સ્વરૂપનું જ્ઞાન થયું પણ સ્વરૂપમાં લીનતા, લીનતા, રમમાણ, આનંદમાં અંદર ઘુસી જવું એ આનંદની ઉગ્ર પર્યાય થવી તેનું નામ ચારિત્ર છે. સમજાય છે કાંઈ? એવા ચારિત્ર વિના મુક્તિ કદી થતી નથી. એકલા સમ્યગ્દર્શન, જ્ઞાનથી મુક્તિ થતી નથી. ભલે 'શિવમગચારી' એમ કહેવામાં આવે પણ આત્મામાં ચારિત્રની રમણતા (થવી).. આહાહા..! એ કાંઈ નગ્નપણું અને પંચમહાવ્રત લઈ લીધા માટે ચારિત્ર થઈ ગયું એમ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? અંતરમાં દર્શનપૂર્વક, આત્માના આનંદપૂર્વક, જ્ઞાનપૂર્વક સ્વસંવેદન થઈને આનંદનું રમમાણ થવું આહા..! (એ ચારિત્ર છે). જે સુખના સ્વાદ પાસે ઇન્દ્રની કરોડો ઇન્દ્રાણીના સુખ પણ ઝેર જેવા લાગે. એ તો સમ્યગ્દૃષ્ટિને પણ એમ છે. સમજાય છે કાંઈ? આવે છે ને? 'ચક્રવર્તી કી સંપદા, ઇન્દ્ર સરીખા ભોગ, કાગવિટ સમ માનત હૈ, સમકિતદૃષ્ટિ લોગ.' 'ઇન્દોર'માં કાચનું મંદિર છે ને? એમાં લખ્યું છે. બતાવ્યું હતું, જુઓ! શું લખ્યું છે?

સમ્યગ્દૃષ્ટિ પોતાના આનંદના સ્વાદમાં આવ્યો, આહાહા..! એ 'ચક્રવર્તીની સંપદા, ઇન્દ્ર સરીખા ભોગ કાગવિટ' મનુષ્યની વિષ્ટા તો ખાતરમાં પણ કામ આવે. કાગની વિષ્ટા ખાતરમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કામ ન આવે, એ સૂકી વિષ્ટા નુકસાન કરે. આહાહા..! કેટલાક કહે છે ને કે પુણ્યને વિષ્ટા કેમ કહો છો? ભગવાને તો જડ કહ્યું છે. વિષ્ટા તો હજી સાદી ભાષા છે. અહીં તો વિષ્ટા કહ્યું. પુણ્યના ફળ 'કાગવિટ સમ માનત હૈ'. જેના ફળને કાગવિટ સમ માને એના કારણને તો વિષ્ટા જ માને છે, ઝેર જ માને છે. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..!

અહીં કહે છે કે જ્ઞાનઉપયોગ પ્રધાન વસ્તુ છે. કેમકે જ્ઞાન પોતાને જાણે, જ્ઞાન બીજા ગુણને જાણે, જ્ઞાન દ્રવ્યને જાણે, જ્ઞાન પરને જાણે. જડ આદિના અસ્તિત્વને જ્ઞાન જાણે છે. જડના અસ્તિત્વની જડને ખબર નથી. બીજી વાત–જ્ઞાનસ્વરૂપી ભગવાનઆત્મા, જ્ઞાન જ્યારે જ્ઞાનને જાણે છે... આહાહા..! જ્ઞાન જ્ઞાનને જાણે છે ત્યારે અતીન્દ્રિય આનંદ આવે છે. સમજાય છે કાંઈ? એ આનંદની ભૂમિકામાં રાગાદિ આવે છે ચારિત્ર નહીં પણ એ દુઃખરૂપ લાગે છે. વ્યવહાર હેયબુદ્ધિએ આવે છે. સમકિતીને પણ વ્યવહાર આવે તો છે પણ હેયબુદ્ધિએ આવે છે. આવી વાત છે. અને જેને હેયબુદ્ધિ નથી તે આત્માને હેય માને છે. અને જેણે આત્માને ઉપાદેય માન્યો છે તે રાગને હેય માન્યા વગર રહે નહિ. સમજાય છે કાંઈ? આહાહા..! આવી વાત છે, બાપુ! આહાહા..!

**'અનાકુળતા જેનું લક્ષણ અર્થાત્ સ્વરૂપ છે એવી સુખશક્તિ.'** આહાહા..! સુખમાં જરીયે આકુળતા નથી. રાગ અને પુણ્યના પરિણામમાં તો આકુળતા છે. એ સુખશક્તિનું પરિણમન નથી. એ તો દુઃખરૂપ દશા છે. આહાહા..! દુનિયા સુખને માટે દોડે છે ને? સુખની અભિલાષા છે. સુખની અભિલાષા છે પણ સુખ છે ક્યાં? (શ્રોતા : પૈસામાં) ધૂળમાં પણ પૈસામાં સુખ નથી. આહાહા..! સુખ તો પોતાની પર્યાયમાં જ્ઞાનનો ક્ષયોપશમ છે તેમાં પણ નથી. પરલક્ષી ક્ષયોપશમ જ્ઞાન થયું, અગિયાર અંગ નવ પૂર્વ ભણ્યો તોપણ એ જ્ઞાનની પર્યાયમાં સુખ નથી. આહાહા..! સુખ તો અંદર ભગવાનઆત્મામાં છે કે જેની સાથે સમ્યગ્દર્શન અને ચારિત્ર પણ સાથે છે. આહાહા..! સમજાય છે કાંઈ? એક શક્તિમાં બન્ને શક્તિ સમાવી દીધી છે. ઘણા પ્રશ્ન થતા હતા. આમાં સમ્યગ્દર્શન અને ચારિત્ર કેમ ન આવ્યા? પણ આ રીતે આવ્યા.

સિદ્ધના આઠ ગુણ આવે છે ને? સિદ્ધના. એમાં ચારિત્ર નથી આવતું, સુખ આવે છે. સુખ છે? આઠ નામ આવે છે ને? સમજાય છે કાંઈ? ચારિત્ર સિદ્ધમાં નથી એમ નહિ, ચારિત્ર તો છે. ચારિત્ર કેવું? સ્વરૂપની પૂર્ણ રમણતા એ ચારિત્ર. એને આઠ ગુણમાં સુખ ગુણમાં સમાવી દીધું છે. એમ અહીંયા લેવું. આહાહા..! આઠ નામ ક્યા છે? એમાં દર્શન અને ચારિત્ર ન આવ્યા. સમ્યગ્દર્શન અને ચારિત્ર સુખમાં સમાવી દીધા છે. સમજાય છે કાંઈ? એમ અહીંયા પણ સુખમાં બન્ને ગુણ સમાવી દીધા છે. એમ લઈ લેવું. આ તો સિદ્ધાંતનો આધાર આપ્યો. જ્ઞાન, દર્શન, સુખ અને વીર્ય ચાર લીધા ને? અને ચાર અઘાતિના. જ્ઞાન, દર્શન, સુખ અને વીર્ય ચાર ઘાતિના. અગુરુલઘુ, અવ્યાબાધ, સૂક્ષ્મત્વ (અવગાહ) વગેરે. એ ચાર અઘાતિના. આહાહા..!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એમ અહીંયા સુખશક્તિની જ્યાં સંભાળ થઈ ત્યાં પ્રતીતિ અને ચારિત્ર સાથે થયા, એમ કહે છે. સમજાય છે કાંઈ? અને એ સુખની પરિણતિ જે આનંદમયી થઈ એ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રનું ફળ આનંદ છે તે સાથે છે. આહાહા..! ચારિત્ર એને નથી કહેતા કે પંચમહાવ્રતના પરિણામ લીધા અને નગ્ન થઈ ગયો ને અગિયાર પડિમા ધારણ કરી, સાત પડિમા ને આઠ પડિમા ને દસ પડિમા લે. અમારે 'રામજીભાઈ' તો કહે છે કે અગિયાર શું પંદર પડિમા હોય તો પંદર લઈ લે. એમાં શું છે? આહાહા..! એ પડિમા નહિ, ભાઈ! તને ખબર નથી. આહાહા..! સ્વરૂપ તો આત્મા આનંદમય ને સમ્યગ્દર્શન ને ચારિત્રમય આત્મા છે. આહાહા..! એની પ્રતીતિ ને જ્ઞાન ને રમણતા ને સુખ એકસાથે થાય છે તેને અહીંયા સુખશક્તિનું પરિણમન કહેવામાં આવે છે.

બીજી રીતે કહીએ તો સુખશક્તિ દ્રવ્ય-ગુણ-પર્યાયમાં વ્યાપે છે, ત્યારે સુખગુણની પ્રતીતિ આવી. પર્યાયમાં સુખ આવ્યું નહિ અને સુખની પ્રતીતિ આવી છે એમ છે નહિ. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**પ્રવચન નં. ૬ શક્તિ–૫ થી ૬ મંગળવાર, (દ્વિતીય) શ્રાવણ સુદ ૨, તા. ૧૬-૦૮-૧૯૭૭**

---

આ આત્મવસ્તુ છે એ તો શક્તિવાન છે, સ્વભાવવાન છે. એનો સ્વભાવ અને શક્તિને–ગુણને અહીંયા શક્તિ કહે છે. દ્રવ્ય પણ ત્રિકાળ શાશ્વત છે અને ગુણ પણ તીરછા (રહે છે), એક સમયમાં તીરછા અનંતગુણ એકસાથે અક્રમે વર્તે છે. શું કહ્યું? પોતાના અસંખ્ય પ્રદેશ–ભૂમિકા, પોતાનો દેશ–ક્ષેત્ર, એમાં અનંતગુણ–જ્ઞાન, દર્શન, આનંદ આ આપણે પાંચમી શક્તિ ચાલે છે એવા અનંતગુણ એક સમયમાં આમ તીરછા વ્યાપક છે. તીરછા સમજાય છે? તીરછાને શું કહે છે? આડા. આહાહા..!

ભગવાનઆત્માના દેશમાં, દેશ એટલે અસંખ્ય પ્રદેશના ક્ષેત્રમાં અનંતશક્તિઓ રહે છે. એ અનંતશક્તિ એક સમયમાં સાથે છે અને પછી પર્યાય જે થાય છે તે ક્રમસર થાય છે. એ પણ આયતસમુદાય છે. જે સમયે અનંતગુણની જે અનંત પર્યાય થઈ તે સમયે જ થવાવાળી થઈ છે. બીજે સમયે તે જ થવાવાળી થઈ છે. એમ ક્રમસર આયત–લંબાઈમાં અનંત પર્યાય ઉત્પન્ન થાય છે તેને આયતસમુદાય કહે છે. એક આત્માના અસંખ્ય પ્રદેશમાં એક એક પ્રદેશમાં અનંતગુણ, આખા અસંખ્ય પ્રદેશમાં અનંતગુણ વ્યાપેલા છે. એક પ્રદેશમાં પૂર્ણ ગુણ નથી. અસંખ્ય પ્રદેશમાં પૂર્ણ ગુણ વ્યાપેલા છે, રહેલા છે. એવા સ્વદેશની સેવા કર્યા વિના સ્વતંત્રતા પ્રગટ નહિ થાય. આહા..! સમજાય છે કાંઈ? કાલે હતું ને? શું કહેવાય? પંદર ઓગસ્ટ. સ્વરાજ, સ્વતંત્ર. ધૂળમાં પણ સ્વતંત્ર નથી.

આત્મરાજા, એમ ૧૭-૧૮ ગાથામાં આવ્યું છે–આત્મરાજા. આહાહા..! જેમ બાહ્યમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


રાજા હોય એ છત્ર, ચામર આદિથી જણાય કે આ રાજા છે અને એના શરીરની ઋદ્ધિ, સમૃદ્ધિથી જણાય કે આ રાજા છે. સમજાય છે કાંઈ? એમ આત્મરાજા. એવો ૧૭-૧૮ ગાથામાં પાઠ છે. આહા..! 'સમયસાર'. ભગવાનઆત્મા રાજા એટલે 'રાજ્યતે શોભતે ઇતિ રાજા.' પોતાની શક્તિ અને સુખ આદિ ગુણથી શોભે છે માટે તેને રાજા કહેવામાં આવે છે. એ વિકારના પરિણામથી અને સંયોગથી શોભે છે એ આત્મા નહિ. શું કહ્યું? આ સંયોગો જે ચક્રવર્તીના રાજ કે ઇન્દ્રપદ હો, તેનાથી આત્મા શોભે એ રાજા આત્મા નહિ. અને પુણ્ય-પાપના ભાવથી આત્મા શોભે એ આત્મા નહિ. આહાહા..! સમજાય છે કાંઈ?

આત્મા તો પોતાની અનંતીશક્તિથી શોભાયમાન અંદર છે. આહાહા..! એનો શણગાર સુખ છે. પોતાનો સુખ સ્વભાવ. એ આપણે ચાલે છે ને? પાંચમીશક્તિ. આહાહા..! પોતાના સ્વભાવમાં જેમ જ્ઞાન, દર્શન આદિ શક્તિ છે એમ સુખશક્તિ, આનંદશક્તિ છે. એ આનંદશક્તિની, અનંતશક્તિ છે. એ આનંદશક્તિમાં અનંતગુણનું રૂપ છે. શું કહે છે? આહાહા..! જ્યારે જ્ઞાનશક્તિનો ભંડાર ભગવાનઆત્મા ઉપર દૃષ્ટિનો સ્વીકાર થયો અર્થાત્ સમ્યગ્દર્શન થવાથી અર્થાત્ સમ્યક્ સત્ પૂર્ણ આનંદ સ્વરૂપનું દેખવું, દર્શન થવા, પ્રતીત થવી એમાં અનંતગુણના સુખનો સ્વાદ આવે છે, એમ કહે છે. એ શું કહ્યું?

સુખ સ્વરૂપ શક્તિ છે. સુખ ઉપર દૃષ્ટિ (પડવાથી), સુખશક્તિને ધરનાર ભગવાનઆત્મા ઉપર દૃષ્ટિ કરવાથી... આહાહા..! સમજાય છે કાંઈ? આજે તો થોડી વાત એવી ચાલી હતી કે મુનિરાજ જે આત્મજ્ઞાની, આત્મધ્યાની છે... આહાહા..! આનંદનો અનુભવ કરનારા છે, એમને જ્યારે દેહની સ્થિતિ પૂરી થવાનો ખ્યાલ આવે કે હવે દેહ નહિ રહે... સમજાય છે કાંઈ? 'ચલો સખી વહાં જાઈએ જહાં અપના ન કોઈ, ક્લેવર ભખે જનાવરા મુઆ ન રુવે કોઈ' એ તમારે આવે છે, 'માટી ભખે જનાવરા' તમારે હિન્દીમાં કાંઈક હશે. અમે તો ઘણીવાર કહીએ છીએ. 'ચલો સખી વહાં જાઈએ' મુનિરાજ પોતાની શુદ્ધ પરિણતિને કહે છે આહાહા..! 'ચલો સખી વહાં જાઈએ, જહાં અપના ન કોઈ' મને કોઈ ઓળખે નહિ, પોતાનું કોઈ હોય નહિ એવા જંગલમાં, ગુફામાં ચાલ્યા જઈએ. ત્યાં આનંદસાગર ભગવાન છે તેની લીનતામાં આપણે ચાલ્યા જઈએ. 'ક્લેવર ભખે જનાવરા' તમારે હિન્દીમાં આવે છે. 'માટી ભખે જનાવરા' એમ તમારે આવે છે. અમારે ક્લેવર કહે છે. ક્લેવર એટલે આ શરીર. મૃતક ક્લેવર. ક્લેવર ભખે જનાવરા. શિયાળીયા ભખે અને 'મુઆ ન રુવે કોઈ' દેહ છૂટે તો કોઈ રોનાર ન હોય. રોનાર સમજ્યા? રોવાવાળા. આહાહા..! કેમકે આનંદનો સાગર મારા આત્મામાં આનંદમાં લીન થવા માટે હું ગિરિગુફામાં અંદરમાં ચાલ્યો જાઉં છું. આહાહા..! સમજાય છે કાંઈ?

નિશ્ચયથી તો ગિરિગુફા ભગવાન એને કહે છે, 'સમયસાર' ની ૪૯ ગાથામાં છે. સમજ્યા? ૪૯ ગાથા, 'સમયસાર', ગિરિગુફા. ભગવાનઆત્મા જ્યાં અનંતગુણ છે ત્યાં જાવું એ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ગિરિગુફામાં જાવું છે. બહારની ગિરિગુફા તો વ્યવહારના નિમિત્તના કથન છે. આહાહા..! સમજાય છે કાંઈ? જ્યાં પોતાનો ભગવાનઆત્મા છે... આહાહા..! 'પ્રવચનસાર' શાસ્ત્ર ચરણાનુયોગમાં એક વાત આવે છે. પોતાના આનંદમાં લીન થવા માટે જ્યારે તેઓ દીક્ષિત થાય છે ત્યારે સ્ત્રીને કહે છે, હે સ્ત્રી! તું શરીરને રમાડનારી સ્ત્રી છે, મને નહિ. આહાહા..! મારી અનુભૂતિ તો અનાદિઅનંત અંદર પડી છે એ મારી સ્ત્રી છે. તેમાં રમવા હું જાઉં છું. સમજાય છે કાંઈ? હે સ્ત્રી! રજા દે. હું તો મારા આનંદસ્વરૂપમાં જાઉં છું. આનંદસ્વરૂપ એવી મારી અનુભૂતિ. આહાહા..! અનાદિની અનુભૂતિ છે. અનુભૂતિ અનાદિથી છે. પર્યાય નહીં. ત્રિકાળ. ૭૩ ગાથામાં લીધું છે. ૭૩ ગાથા છે ને? ત્યાં એ વાત લીધી છે.

આત્માની પર્યાયમાં રાગાદિ તો નથી પણ રાગરહિત પરિણતિ પર્યાયમાં ષટ્કારકની થાય છે તે પણ મારી અનુભૂતિમાં નથી. હું છું એ તો રાગથી ભિન્ન છું, પરથી તો ભિન્ન છું પણ મારી પરિણતિમાં નિર્મળ શુદ્ધ ષટ્કારકની પરિણતિ, પર્યાયમાં ષટ્કારકરૂપી દશા થાય છે (તેનાથી હું જુદો છું). પર્યાય પર્યાયની કર્તા, પર્યાયનું કર્મ પર્યાય, પર્યાયનું સાધન પર્યાય, પર્યાયનું સંપ્રદાન પર્યાય, પોતે પર્યાય રાખી, પર્યાયથી પર્યાય થઈ, પર્યાયનો આધાર પર્યાય. આહાહા..! એવી ષટ્કારકની જે નિર્મળ પરિણતિ છે તેનાથી પણ મારી અનુભૂતિ તો ભિન્ન છે. આહાહા..! અનુભૂતિ નામ ત્રિકાળ સ્વભાવ. અનુભૂતિ એટલે પર્યાય નહિ. ૭૩ ગાથા. સમજાય છે કાંઈ? આહાહા..! હું જ્યાં છું ત્યાં મારી અનુભૂતિ મારામાં છે. હે સ્ત્રી! મને છોડી દે. ન છોડે તો પણ ચાલ્યા જાય. રજા આપે તો જાવું એવું કાંઈ નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

માતાને કહે, જનેતા! શરીરની જનક જનેતા તું છો. મારી જનેતા તું નથી, હું તો આત્મા છું. આહાહા..! માતા! એકવાર રજા દે. હું મારી આનંદરૂપી માતા છે ત્યાં જવા માગું છું. મારી અંદર શુદ્ધ આનંદ દશા-માતા છે તેની પાસે હું જાઉં છું. એ મારી માતા છે. એમાંથી આનંદની દશા ઉત્પન્ન થાય છે. સમજાય છે કાંઈ? માતા! જનેતા કહે છે ને? તું શરીરની જનેતા છો, મારા આત્માની નહિ. માતા! એકવાર રોવું હોય તો રોઈ લે. જુવાન અવસ્થામાં હું હજારો રાણીઓ છોડીને હું ચાલ્યો જાઉં છું. માતા! મારા આનંદસ્વભાવનો સ્વાદ લેવા હું જંગલમાં ચાલ્યો જાઉં છું. માતા! એકવાર રોવું હોઈ તો રોઈ લે, બા! હું કોલકરાર કરું છું માતા! હું ફરીને બીજી માતા નહિ કરું. આહાહા..! 'પોપટભાઈ'! આહાહા..! બીજી માતા નહિ કરું. .... એ વખતે ૫૦ વર્ષ પહેલા અમે તો કહેતા હતા, સાંઈઠ વર્ષ પહેલા કહેતા હતા. એક શ્લોક છે ઉતરાધ્યયન સૂત્રનો. કંઠસ્થ હતો. શ્વેતાંબરના છ હજાર શ્લોક કંઠસ્થ હતા. છ હજાર શ્લોક. એમાં આ એક શ્લોક હતો.

'અજૈવ ધમ્મમ પડિવજ્જયામો, જહિં પુવંનામ પુનં ભવામો, .... ' 'અજૈવ ધમ્મમ પડિવજ્જયામો...' હે માતા! જનેતા! હું મારા આનંદસ્વરૂપને અંગીકાર કરવા જંગલમાં જાઉં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છું. 'અજ્જૈવ ધમ્મમ્' આજે જ. 'ધમ્મમ્ પડિવજ્જયામો, જહિં પુવંનામ પુનં ભવામો...' માતા! હું ધર્મ અંગીકાર કરવા અંદરમાં જાઉં છું અને હું કહું છું 'જહિં પુવંનામ પુનં ભવામો' માતા! બીજો ભવ હું નહિ કરું. હું તો આનંદના નાથમાં રમણતા કરવા જાઉં છું. આહાહા..! સુખનો ભંડાર ભગવાન અંદર છે. આહાહા..! હું ત્યાં જાઉં છું. '....' માતા! આ જગતમાં અણપામેલી કઈ ચીજ રહી ગઈ છે? બધું મળ્યું. સ્વર્ગ મળ્યું, માતા, કુટુંબ, રાજ મળ્યું, બધું મળ્યું. પ્રભુ! 'અણાગયેમ..' ભૂતકાળમાં અણપામેલી કોઈ ચીજ રહી નથી, બધી ચીજ પામ્યો છું. આત્માને પ્રાપ્ત કર્યો નહોતો. 'અણાગયેમ ...' એ વખતે આ શ્લોક ગાતા ત્યારે સભા ડોલતી હતી. સાંઈઠ વર્ષ પહેલા. શ્વેતાંબરમાં ... હોય ને?

'જહિં પુવંનામ પુનં ભવામો, અણાગયેમ ...' હે માતા! જગતની કોઈપણ ચીજ, સંયોગ મળ્યા વિના રહ્યા નથી. બધા સંયોગ અનંતવાર મળ્યા છે. 'શ્રદ્ધા...' માતા! એકવાર શ્રદ્ધા નક્કી કર અને મને ક્ષમા કરી રજા આપ. 'શ્રદ્ધા ખમમ...' માતા! અમારા પ્રત્યે, શરીર પ્રત્યે જનેતા રાગ છોડીને મને રજા આપ. આહાહા..! એય...! 'ધન્નાલાલજી'! આહાહા..!

અહીં કહે છે, સુખશક્તિ જે આત્મામાં છે એ સુખશક્તિમાં જ્ઞાનનુંસુખ, દર્શનનુંસુખ, ચારિત્રનુંસુખ, સુખનુંસુખ, વીર્યનુંસુખ, અસ્તિત્વનુંસુખ, વસ્તુત્વનુંસુખ, કર્તાશક્તિનુંસુખ, કર્મશક્તિનુંસુખ એવી અનંતશક્તિનુંસુખ મારી સુખશક્તિમાં આવે છે. સમજાય છે કાંઈ? અહીં જેમ કહે છે કે સ્ત્રી મારા સુખનું કારણ છે, દીકરો સુખનું કારણ છે, પૈસા સુખનું કારણ છે. ધૂળ પણ નથી, સાંભળને! અજ્ઞાનમાં હેરાન થઈ ગયો છો. અહીં તો કહે છે કે મારા સુખમાં મારા જ્ઞાનનુંસુખ છે, દર્શનનુંસુખ છે એવા અનંતગુણનુંસુખ મારા સુખમાં છે. 'ધન્નાલાલજી'! આ તમારા પૈસા-બૈસા ને શેઠિયા-બેઠિયા તો ક્યાંય રહી ગયા. શરાફ છે, શરાફ. આહાહા..! શરાફનો ધંધો તો અંદરમાં છે. એ શક્તિ હતી ને? આપણે પાંચમી ચાલે છે ને? છે? શું છે?

**'અનાકુળતા જેનું લક્ષણ અર્થાત્ સ્વરૂપ છે એવી સુખશક્તિ.'** એ શબ્દ થોડા છે પણ ભાવ ઘણા ભર્યા છે. આહાહા..! ભગવંત! તારા આત્મામાં અનાકુળતા જેનું સ્વરૂપ છે એવી સુખશક્તિથી તું ભરેલો છો. પ્રભુ! આહાહા..! હરણની નાભિમાં કસ્તૂરી, કસ્તૂરીની કિંમત હરણને નથી. એમ પોતાની શક્તિમાં આનંદ છે તેની ખબર નથી અને પરમાં આનંદ શોધવા જાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? આ તો વસ્તુની સ્થિતિ એવી છે, ભાઈ! વીતરાગ માર્ગ પ્રભુ એવો બતાવે છે. આહાહા..! હું મારા માર્ગે ચાલું છું. આહાહા..!

'ગજસુકુમાર' નહિ? 'શ્રીકૃષ્ણ'ના ભાઈ. આહા..! 'શ્રીકૃષ્ણ' 'નેમિનાથ' ભગવાનના દર્શન કરવા જાય છે. હાથી ઉપર બેસીને જતા હતા. 'ગજસુકુમાર' 'શ્રીકૃષ્ણ'ના નાના ભાઈ ખોળામાં બેસીને હાથી ઉપર જાતા હતા. 'નેમિનાથ' ભગવાન પધારે છે તેમના દર્શન કરવા જાય છે. હાથી ઉપર બેસીને જાય છે ત્યાં એક સોનીની કન્યા હતી. સોનાના દડેથી રમતી હતી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


બહુ રૂપાળી, ઘણી સુંદર હતી. 'શ્રીકૃષ્ણ' ને એવી ઇચ્છા થઈ કે આ સોનીની કન્યાને અંતઃપુરમાં લઈ જાવ. આ 'ગજસુકુમાર' એમની સાથે લગ્ન કરશે. આહાહા..! ધ્યાન રાખો, શું કહીએ છીએ. અંતઃપુરમાં લઈ ગયા. 'ગજસુકુમાર' ભગવાન પાસે ગયા અને ભગવાનની વાણી સાંભળી. વાણી સાંભળીને અંદરમાં ઉલ્લસિત થયા. વીર્ય ઉલ્લસિત થયું, નાથ! હું મુનિપણું અંગીકાર કરવા માગું છું. હું મારી માતાની રજા લેવા જાઉં છું. માતા દેવકી છે એને કહે છે, માતા! હું મારા આનંદના નાથ પાસે જાઉં છું. મારું આનંદસ્વરૂપ, સુખસ્વરૂપની સંભાળ કરવા અને એની રક્ષા કરવા હું જાઉં છું. મારા પરિણામમાં પર્યાયમાં જે દુઃખ છે એ દુઃખનો મારી આનંદની સુખની પરિણતિમાં અભાવ છે. 'નંદકિશોરજી'! આહાહા..! શું કહ્યું?

મારા આત્મામાં આનંદ નામનું સુખ છે. તે દ્રવ્ય, ગુણ, પર્યાય ત્રણેમાં વ્યાપે છે. જ્યારે દ્રવ્ય ઉપર દૃષ્ટિ પડે છે તો એ સુખગુણ ત્રણેમાં વ્યાપ્ત થઈ જાય છે. દ્રવ્યમાં, ગુણમાં અને પર્યાયમાં. અને સુખની વ્યાપ્તિ જ્યારે પર્યાયમાં થઈ તે સમયે, જેને વ્યવહાર મોક્ષમાર્ગ રાગ, વિકલ્પ કહે છે તેનો તેમાં અભાવ છે. આહાહા..! આવી વાત છે, પ્રભુ! અત્યારે તો બહુ ગડબડ થઈ ગઈ છે. અમારે 'જ્ઞાનચંદજી' ગડબડ થઈ ગઈ છે એમ નથી કહેતા. અસ્તિથી વાત કરે, એમ સાંભળ્યું છે. આહાહા..! વાત તો એવી છે. આહાહા..!

પહેલો શ્લોક છે ને? નમઃ સમયસારાય. પહેલો શ્લોક છે ને?

**नमः समयसाराय स्वानुभूत्या चकासते।**
**चित्स्वभावाय भावाय सर्वभावान्तरच्छिदे।।१।।**

આ 'સમયસાર' નો પહેલો શ્લોક છે. આત્મસ્થિતિ, આત્મખ્યાતિનો પ્રસિદ્ધિનો પહેલો શ્લોક છે. 'નમઃ સમયસારાય' હું આનંદ અને જ્ઞાનના સ્વરૂપથી ભરેલો પ્રભુ છું. મારો આનંદ રાગ અને પર તરફનો ઝુકાવ છોડીને મારો સમયસાર આનંદનો સાગર છે તેના પર વિનય ઝુકે છે. આહા..! '**नमः समयसाराय स्वानुभूत्या चकासते।**' મારો આનંદનો નાથ મારી અનુભૂતિથી પ્રગટ થાય છે. કોઈ વિચારથી, દયા, દાન ને વ્યવહારથી પ્રગટ નથી થતો, એમ કહે છે. '**स्वानुभूत्या चकासते।**' પોતાની આનંદની પરિણતિને કારણે તે પ્રગટ થાય છે. આહાહા..!

'**चित्स्वभावाय भावाय**' હું આત્મા '**भावाय**' નામ પદાર્થ છું અને મારા જ્ઞાનાદિ ગુણ એ ચિત્‌સ્વભાવ નામનો ગુણ છે અને સ્વાનુભૂતિથી મારી પર્યાયમાં આત્મા પ્રસિદ્ધ થાય છે. આહાહા..! આવે છે પહેલા શ્લોકમાં? '**सर्वभावान्तरच्छिदे**' એ ચોથું પદ છે. હું ત્રણકાળ અને ત્રણલોકના પદાર્થને મારી જ્ઞાનશક્તિમાં સર્વજ્ઞશક્તિ ગર્ભિત પડી છે. આહાહા..! જ્ઞાનશક્તિ આવી ગઈ ને? જ્ઞાનશક્તિ છે તેમાં સર્વજ્ઞશક્તિ ગર્ભિત છે. આહાહા..! ઝીણી વાતું બહુ, ભાઈ! માર્ગ સૂક્ષ્મ છે.

'ચિદ્‌વિલાસ'માં ભાઈએ એમ લીધું છે કે એક સૂક્ષ્મ નામનો આત્મામાં ગુણ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જ્ઞાનસૂક્ષ્મ, દર્શનસૂક્ષ્મ, આનંદસૂક્ષ્મ, સ્વચ્છતાસૂક્ષ્મ, કર્તાસૂક્ષ્મ છે, બધા ગુણ સૂક્ષ્મ છે. સમજાય છે કાંઈ? પુણ્ય ને પાપના વિકલ્પમાં એ સૂક્ષ્મગુણ આવતો નથી. આહાહા..! હું સૂક્ષ્મગુણથી ભરેલો છું. જ્ઞાનસૂક્ષ્મ, દર્શનસૂક્ષ્મ, અનંતઆનંદ સૂક્ષ્મ રૂપે છે. આ લોકો કહે છે કે, સૂક્ષ્મ પડે છે, ઝીણું પડે છે. સૂક્ષ્મ છે ને, ભગવાન! તું સૂક્ષ્મ જ છો. આહા..!

એમ આત્મા '**सर्वभावान्तरच्छिदे**' એક સમયમાં ત્રણકાળ ત્રણલોકને જાણે. '**सर्वभावान्तरच्छिदे**' જાણે. અસ્તિથી વાત કરી છે. ત્યાં અજીવની નાસ્તિથી વાત નથી કરી અને તેમાં પુણ્ય-પાપના ભાવ નથી એમ પણ નથી લીધું. '**चित्स्वभावाय भावाय**' આત્મા '**भावाय**' પદાર્થ છે. '**चित्स्वभावाय**' ગુણ છે. જ્ઞાન, આનંદ. અને અનુભૂતિથી પ્રગટ થાય છે. એમ દ્રવ્ય, ગુણ, પર્યાય ત્રણે અસ્તિથી લીધા. અને પૂર્ણ પર્યાયમાં સર્વજ્ઞ લીધા. બસ! ચાર અસ્તિથી લીધું ત્યાં અજીવ નથી, પુણ્ય નથી, પાપ નથી, વ્યવહાર નથી એ વાત નથી લીધી. પહેલો શ્લોક છે. લોકો રાડ્યું પાડે છે ને? આ વ્યવહારનો નિષેધ કરે છે. ભાઈ! અમે નિષેધ નથી કરતા, વસ્તુનું સ્વરૂપ એવું છે. ભગવાન! તને ખબર નથી, નાથ! આહાહા..!

અહીંયા કહે છે, આત્મામાં અનાકુળતા લક્ષણ સ્વરૂપ છે એવી સુખશક્તિ છે, સુખ સ્વભાવ છે. આહાહા..! વીણા હોય છે ને? તારમાં ઝણઝણાટ થાય છે ને. એમ સુખશક્તિથી ભરેલા ભગવાનમાં એકાગ્ર થાય છે તો સુખની ઝણઝણાટી પર્યાયમાં આવે છે. સુખની વીણા ત્યાં વાગે છે. 'યશપાલજી'! અહીં તો ભગવાન આવી વાત છે, પ્રભુ! આહાહા..! તમે તો બધા ભગવાન છો ને! આહા..! તારી શક્તિનું તને માહાત્મ્ય નથી. અને તારામાં પુણ્ય-પાપ અને પુણ્ય-પાપના ફળ નથી તેનું તને માહાત્મ્ય આવ્યું, તારી વસ્તુનું તને માહાત્મ્ય છૂટી ગયું. આહાહા..!

તારા સ્વરૂપમાં તો પ્રભુ! સુખશક્તિ પડી છે ને! સુખનો સ્વભાવ સામર્થ્ય ભર્યું છે ને! આહાહા..! એ સુખશક્તિમાં શક્તિ અનંત છે. બીજા સુખ છે. જ્ઞાનનુંસુખ, દર્શનનું સુખ છે તે બીજી વાત. પણ આ સુખશક્તિ જ અનંત સામર્થ્યવાળી છે. આહાહા..! એવી વાત છે, ભગવાન! આહાહા..! અરે..રે...! નિજપદને સંભાળ્યા વિના પરપદમાં અનાદિથી ગોથા ખાય છે. આહા..! પુણ્ય અને પાપ, પુણ્ય-પાપના ફળ... એ નિજપદ નહિ, પ્રભુ! નિજપદમાં તો આનંદ ભર્યો છે ને, પ્રભુ! આહાહા..! એ નિધાનને એક વાર નજરમાં તો લે. 'તારી નજરની આળસે રે નિરખ્યા ન નયણે હરિ' અન્યમતમાં આવે છે. અન્યમતમાં એવું આવે છે, 'તારી નજરને આળસે રે...' દરબાર! આવે છે ને તમારે ત્યાં? 'મેં નિરખ્યા ન નયણે હરિ' આહા..! હરિ એટલે આત્મા, હોં! 'પંચાધ્યાયી'માં લીધું છે, ભાઈ! આ આત્મા હરિ છે. કેમ હરિ કહ્યું? હરતે ઇતિ હરિ. પુણ્ય-પાપ ને મિથ્યાત્વના ભાવ હરે છે, નાશ કરે છે માટે હરિ કહેવામાં આવે છે. 'પંચાધ્યાયી'માં પાઠ છે.

હરતે ઇતિ હરિ. શું હરે છે? ભગવાન આનંદસ્વરૂપની દૃષ્ટિ કરવાથી અને તેમાં લીન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



થવાથી મિથ્યાત્વ અને રાગ-દ્વેષનો નાશ કરે છે માટે ભગવાનઆત્માને હરિ કહેવામાં આવે છે. આહાહા..! સમજાય છે કાંઈ? 'મારી નજરને આળસે રે, મેં નિરખ્યા ન નયણે હરિ' મારી નજરને આળસે મેં રાગ ને પુણ્ય ને પરવસ્તુ, પુણ્યના ફળને જોવામાં મારી નજર ગઈ. પણ 'મારી નજરને આળસે રે, નયણે ન નિરખ્યા હરિ' મારી જ્ઞાનની પર્યાયની નજરમાં મારા હરિને મેં જોયા નહિ. કર્મને કારણે અટક્યો છે એવી વાત અહીંયા નથી. સમજાય છે કાંઈ?

કહે છે... આહાહા..! **'અનાકુળતા જેનું લક્ષણ અર્થાત્ સ્વરૂપ છે એવી સુખશક્તિ.'** ઓહોહો..! એ 'ગજસુકુમારે' સાંભળ્યું અને પ્રભુ પાસે આવ્યા. પ્રભુ! .... હું દ્વારકાની સ્મશાન ભૂમિમાં ચાલ્યો જાઉં છું. આહાહા..! રાજકુમાર 'ગજસુકુમાર' ગજ નામ હાથીનું તાળવું જેમ કોમળ હોય. હાથીનું તાળવું સુંદર લાલચોળ હોય. એમ લાલચોળ સુંદર શરીર હતું. સુકુમાર માતા પાસે રજા લઈને ભગવાન પાસે આવી મુનિપણું લે છે. આહાહા..! મારા આનંદનો ખજાનો મેં જોયો છે. હવે એ ખજાનો ખોલવા હું સ્મશાનમાં જાઉં છું. જગતના પ્રાણી મડદાને ઠાઠડીમાં બાંધીને લઈ જાય છે, હું ચાલીને સ્મશાનમાં જાઉં છું. એની કિંમત શું કરીએ! એક એક ગુણની શું કિંમત અને અનંતગુણની શું કિંમત!! આહાહા..! અનંતગુણનો ધરનાર દ્રવ્યસ્વભાવ પરમાત્મા. આત્મા પરમાત્મા જ છે. એની શું કિંમત થાય? એ અમૂલ્ય વસ્તુ છે, એનું મૂલ્ય નથી. આહાહા..!

એવો ભગવાનઆત્મા સુખસાગરમાં વીર્યશક્તિ પણ પડી છે. શું કહે છે? સુખમાં વીર્યશક્તિ નથી પડી, એનું રૂપ છે. વીર્યશક્તિ નથી. શું કહ્યું? સુખશક્તિમાં બળશક્તિનું રૂપ છે. એમાં બળ છે. પોતારૂપે પરિણમન કરવું એ સુખનુંબળ છે. વીર્યગુણ ભિન્ન છે. વીર્ય ગુણ ત્યાં જતો નથી. વીર્યનું લક્ષણ સુખમાં જતું નથી પણ વીર્યની જે શક્તિ છે તે શક્તિ તેમાં છે. સુખગુણમાં વીર્યશક્તિ નથી તે પોતાથી છે, વીર્યશક્તિને કારણે નહિ. આહાહા..! આવી વાતું છે. આહાહા..! એવો શક્તિવંત હું પરમાત્મા અનાકુળ આનંદનો સાગર છું. એની ઉપર મારી નજર જાય છે તો અનાકુળ આનંદ દ્રવ્ય અને ગુણમાં તો હતો, દ્રવ્ય એટલે વસ્તુ અને ગુણ એટલે શક્તિ, તેમાં તો અનાકુળતા શક્તિ હતી, પણ તેનો સ્વીકાર કરી જ્યાં અંદરમાં જાઉં છું ત્યાં પર્યાયમાં આનંદ આવે છે. દ્રવ્ય-ગુણમાં છે તે પર્યાયમાં આનંદની પરિણતિ આવે છે. સમજાય છે કાંઈ? એ આનંદની પરિણતિ જ્યારે થઈ તો વ્યવહાર જે દયા, દાનના વિકલ્પ છે તે દુઃખ છે, એ દુઃખનો તેમાં અભાવ છે. આ અનેકાંત છે. રાગ છે અને તેનાથી આનંદની પર્યાય પ્રગટ થાય છે કે મોક્ષમાર્ગ પ્રગટ થાય છે એમ નથી. આનંદની પર્યાય કહો કે મોક્ષમાર્ગ કહો એક જ વાત છે. સમજાય છે કાંઈ? આવી વાત છે. આહાહા..!

વચનાતીત, વિકલ્પાતીત, શરીરાતીત, ભેદથી અતીત એવું તારું અભેદ સ્વરૂપ અંદર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પડ્યું છે, નાથ! અનાકુળ શક્તિ તેનું સ્વરૂપ. આહાહા..! એ પાંચમી શક્તિ થઈ. કાલે ચાલી હતી. કાલે ચાલી'તી. આજે થોડી બીજી રીતે ચાલી. આહાહા..!

'ગજસુકુમાર' સ્મશાનમાં જાય છે. સોનીની છોકરી હતી ને? એને અંતઃપુરમાં લઈ ગયા. એના પિતાજીને ખબર પડી કે આને અંતઃપુરમાં લઈ ગયા અને આ સાધુ થઈ ગયો. હવે મારી કન્યાને કોણ લેશે? એના પિતા ગયા. આપણે સ્વાધ્યાય મંદિરમાં ફોટો છે. આનંદમાં ધ્યાનમાં મસ્ત છે. સ્મશાનમાં રાખ હોય ને? માથા પર રાખની પાળ બાંધી. માથે પાળ બાંધી અગ્નિ મુકી. આહા..! અંદર ધ્યાનની અગ્નિમાં, ઝળહળ જ્યોતિમાં પડ્યા છે તેમને અગ્નિની ખબર નથી. એવી સુખશક્તિની સંભાળ કરનારને ... એમ કહે છે. આહાહા..!

અહીંયા પાંચ પાંડવ. ભગવાનના દર્શન કરવા નીકળેલા. મુનિ હતા. અને મહાન આનંદને ભોગવનારા. આહાહા..! 'પાલીતાણા' આવ્યા ત્યાં ખબર પડી કે પ્રભુ તો મોક્ષ પધાર્યા છે. 'નેમિનાથ' ભગવાન મોક્ષ પધાર્યા. અરે..! અમે દર્શન કરવા જઈએ છીએ, હવે વિરહ પડ્યા. પાંચ પાંડવ અતીન્દ્રિય આનંદના વેદનમાં છે. એમાં ત્રણ જે હતા, ધર્મરાજા, ભીમ અને અર્જુન એ તો કેવળજ્ઞાન પામી મોક્ષ ગયા. સહદેવ અને નકુળ બે ભાઈ હતા એમને વિકલ્પ આવ્યો. ત્રણે મોટા ભાઈ હતા ને? સહોદર હતા ને? સહોદર–એક ઉદરમાં સાથે જન્મેલા. અરે..! ધર્મરાજાને શું થાતું હશે?

દૂર્યોધનના ભાણેજે આવીને લોઢાના દાગીના પહેરાવેલા. આહા..! પગમાં લોઢાના કડા, હાથમાં લોઢાની ધગધગતી અગ્નિની, માથે અગ્નિના લોઢાના મુગટ (પહેરાવ્યા). સહદેવ, નકુળને વિકલ્પ આવે છે, ભાઈને શું થતું હશે? જુઓ! એક વિકલ્પ આવ્યો ત્યાં બે ભવ થઈ ગયા. આ વિકલ્પ વિના ધ્યાનમાં રહ્યા તો કેવળજ્ઞાન થઈ ગયું. એક વિકલ્પ આવ્યો ત્યાં સર્વાર્થસિદ્ધિનું ૩૩ સાગરનું આયુષ્ય બંધાઈ ગયું. એટલું કેવળજ્ઞાન દૂર થઈ ગયું. સાધર્મીનો, મુનિને માટે વિકલ્પ આવ્યો તે સંસાર છે, એમ કહે છે. સમજાય છે કાંઈ? એટલો વિકલ્પ આવ્યો. શુભ વિકલ્પ છે. એ તો મુનિ માટે છે, એ તો સહોદર છે ને સાધર્મી છે. સહોદર–એક ઉદરમાં ઉત્પન્ન થયા અને સાધર્મી છે અને મોટા ભાઈ છે. ... આવો એક વિકલ્પ આવ્યો તો કેવળજ્ઞાન દૂર થઈ ગયું. આ કહે, શુભભાવથી લાભ થાય. શું લાભ થાય છે? સાંભળ તો ખરો. એ તો દુઃખ છે. પર્યાયમાં આનંદની પરિણતિ જે થઈ તેમાં દુઃખનો તો અભાવ છે. એમાં રાગનો તો અભાવ છે, વિકલ્પનો અભાવ છે. વિકલ્પ આવ્યો.. આહાહા..! સર્વાર્થસિદ્ધિમાં ગયા ૩૩ સાગર, કેવળજ્ઞાન દૂર થઈ ગયું. સાધર્મીનો, સહોદરનો, સંતનો એ વિકલ્પ આવ્યો તો એ શુભભાવથી ૩૩ સાગર સંસાર વધ્યો. અરે..! લોકો શું માને છે? શું કરે? એ શુભભાવથી અમને ધર્મ થાય છે. અરે..! પ્રભુ! સાંભળ તો ખરો, નાથ! તારી સમૃદ્ધિમાં શુભભાવનો તો અભાવ છે ને નાથ! તારી સંપદા આનંદથી ભરી છે અને દુઃખનો તો અભાવ છે. આહાહા..! અને એ રાગ ઉત્પન્ન થયો તો બે ભવ થઈ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ગયા. સર્વાર્થસિદ્ધિ અને મનુષ્યપણું થશે. ત્યાં આઠ વર્ષ સુધી એને કેવળજ્ઞાન નહિ થાય. આહાહા..! સમજાય છે કાંઈ?

પોતાના આનંદ સ્વરૂપની પરિણતિથી એ વિકલ્પ વિરૂદ્ધ છે. આહા..! એ વિકલ્પનો તો સ્વરૂપમાં અભાવ છે પણ એ વિકલ્પ આવ્યો તો એને વ્યવહાર મોક્ષમાર્ગ કહેવામાં આવ્યો. પણ વ્યવહાર મોક્ષમાર્ગથી તો સંસારબંધ થયો. આહાહા..! 'પોપટભાઈ'! આવી વાતું છે, ભાઈ! આહાહા..! એટલો વિકલ્પ આવ્યો ત્યાં ૩૩ સાગર સંસાર (થયો). એ રાગ સંસાર છે, તેનું ફળ સંસાર છે. આહાહા..! અરે..રે..! એને કાંઈ ખબર નથી. મારું સ્વરૂપ તો અતીન્દ્રિય આનંદ છે અને તેનો સ્વીકાર કરવાથી પર્યાયમાં આનંદ આવે છે, અનંતગુણનો આનંદ આવે છે. સમજાય છે કાંઈ? એવો હું છું. દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણેમાં આનંદ વ્યાપી ગયો છે. આહાહા..!

અનાદિથી દ્રવ્ય અને ગુણમાં આનંદ હતો. સમજાય છે કાંઈ? અનાદિથી છે. આનંદની સત્તા અને સત્તાવાન તો અનાદિથી છે પણ જ્યારે તેની ઉપર દૃષ્ટિ ગઈ અને તેનો સ્વીકાર થયો, પોતાની જ્ઞાનની પર્યાયમાં તેને જ્ઞેય બનાવીને જ્યાં જ્ઞાન થયું તો પર્યાયમાં પણ આનંદ આવ્યો. દ્રવ્ય, ગુણમાં શક્તિમાં આનંદ હતો તે વ્યક્તિમાં આવી ગયો. આહાહા..! સમજાય છે કાંઈ? આરે.. આરે...! આવી વાતું હવે. દુનિયામાં ધૂળ ને બાયડી ને છોકરા ને કુટુંબ ને.. આહા..! એ સુખના નિમિત્ત (માને). એ તો બધા દુઃખના નિમિત્ત છે. લક્ષ્મી, કુટુંબ, પરિવાર, પૈસા દુઃખ નથી, દુઃખના નિમિત્ત છે. નિમિત્ત દુઃખને કરતું નથી. સમજાય છે કાંઈ? આહાહા..! આ વાત સાંભળવા મળવી પણ મહા મુશ્કેલ છે. .... એકાંત છે, એકાંત છે 'કાનજીસ્વામી' એકાંત કહે છે. અરે..! પ્રભુ! સાંભળ તો ખરો, નાથ! તારા હિતની વાત છે, ભાઈ! તારું હિત થાય એવી વાત છે. સમ્યક્ એકાંતની વાત છે. અનેકાંત વાત-રાગ એમાં નથી એ અનેકાંત છે. ... સ્વભાવ એ સમ્યક્ એકાંત છે અને રાગનો અભાવ એ અનેકાંત છે. સમજાય છે કાંઈ? રાગથી પણ લાભ થશે અને સ્વભાવથી પણ લાભ થશે, એવી વાત નથી. આહાહા..! એ પાંચમી શક્તિ પૂરી થઈ. આ તો ગંભીર છે. કાઢો એટલું નીકળે. દરિયો ભર્યો છે. સમુદ્ર-સુખનો સાગર સમુદ્ર પ્રભુ છે. આહા..!

અરે પ્રભુ! ક્ષેત્ર ભલે શરીર પ્રમાણે હો અને પ્રદેશ અસંખ્ય હો પણ ગુણ તો અનંત છે. સમજાય છે કાંઈ? પાણીનો લોટો હોય ને? લોટો, એમાં પાણી ભર્યું હોય. એ લોટાના આકારે પ્રમાણે પાણી છે પણ પાણીનો આકાર લોટાને કારણે નથી. પાણીનો આકાર પાણીને કારણે છે અને લોટાનો આકાર લોટાને કારણે છે. તમારા કાશી ઘાટનો આ લોટો છે, જુઓ! એનો આકાર જડનો જડમાં છે અને શરીર પ્રમાણે આત્મા છે તો શરીરના આકારને કારણે એ પ્રમાણે આત્માનો આકાર છે એમ નથી. સમજાય છે કાંઈ? આહાહા..! 'પોપટભાઈ'! આ મકાન-બકાન ને ઘરના આકાર તો ક્યાંય રહી ગયા. આહાહા..! 'ઝાંઝરીજી'! ... કહે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે, અંતરીક્ષમાં મારામારી થઈ હતી. અરે..રે....! પ્રભુ! શું થયું આ? અંતરીક્ષ છે ને? 'ધન્યકુમાર' છે ને? 'ધન્યકુમાર' બ્રહ્મચારી છે. દસ ભાઈઓ છે. નવ પરણેલા છે, આ બ્રહ્મચારી છે. મારામારી થઈ ગઈ, અર..ર..ર..! અરે..! ભગવાન! અરે..! આવું હોય? ભાઈ! અંતરીક્ષ તો શ્વેતાંબરમાં હોય નહિ. શ્વેતાંબરમાં ભગવાન પાંચસો ધનુષ હોય એ વાત જ નથી. ભગવાન કેવળી નીચે બેસે એવો પાઠ છે. પૃથ્વીશીલા પટ ઉપર, એવો પાઠ છે. અંતરીક્ષ એમાં છે જ નહિ, અંતરીક્ષ તો દિગંબરમાં જ છે. એ અંતરીક્ષ દિગંબરનું જ ક્ષેત્ર છે. પણ હવે શું કરે? અરે..રે...! ... અરે..! પ્રભુ! મુનિની કલ્પના આવી કે મુનિને શું હશે? એવો ભાવ દુઃખરૂપ છે.

**स्वरूपनिर्वर्तनसामर्थ्यरूपा वीर्यशक्तिः ६.**
**સ્વરૂપની (–આત્મસ્વરૂપની) રચનાના સામર્થ્યરૂપ વીર્યશક્તિ. ૬.**

**'સ્વરૂપની–આત્મસ્વરૂપની રચનાના સામર્થ્યરૂપ વીર્યશક્તિ.'** આમાં શું ભર્યું છે જુઓ હવે. અંદર વીર્ય નામનો ગુણ, હોં! આ વીર્ય–રેત જેનાથી પુત્ર થાય એ તો જડ માટી ધૂળ છે. આ તો આત્મામાં એક વીર્ય નામની શક્તિ–ગુણ બળ છે. આત્મામાં એક બળ નામની શક્તિ છે. એ બળિયો બળવાન શક્તિવાનથી બળવાન છે. સમજાય છે કાંઈ? એમાં વીર્યશક્તિ–બળશક્તિ છે, બળ. બળશક્તિમાં અનંતગુણની શક્તિ આવે છે. અનંતગુણમાં પણ વીર્યશક્તિ છે, દરેકમાં શક્તિ છે. આ વીર્યશક્તિ નહિ પણ એ વીર્યનું રૂપ દરેક ગુણમાં છે.

કહે છે, અહીંયા ઘણી વાત છે. વીર્ય–સ્વરૂપની રચનાનું સામર્થ્ય. એ બળનું સામર્થ્ય તો એ છે કે પોતાના આનંદ ને શાંતિ ને વીતરાગ સ્વરૂપની રચના કરે એ વીર્ય છે. આત્મા છે. આહાહા..! પર્યાયમાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર, સમ્યક્વીર્ય, અનંતઆનંદ એવા પોતાના સ્વરૂપની પર્યાયમાં રચના કરે તે વીર્ય છે. આત્મવીર્ય ... છે. સમજાય છે કાંઈ? શક્તિમાં જે બળ છે એ આત્માના વીર્યને કારણે શક્તિમાં બળ છે એમ નથી. સમજાય છે કાંઈ? આહાહા..!

સ્વરૂપની રચનાનું સામર્થ્ય. એ બળનું સામર્થ્ય તો એ છે કે પોતાના આનંદ ને શાંતિ ને વીતરાગ સ્વરૂપની રચના કરે એ વીર્ય છે. પંચમઆરાના મુનિ હજાર વર્ષ પહેલા થયા. દિગંબર સંત. જગતને શાંતિ પમાડે તે સંત કહીએ. નિજ સ્વરૂપની દૃષ્ટિ કરાવે એ સંત ને શાંતિ કહીએ. આહાહા..! સમજાય છે કાંઈ?

કહે છે, વીર્યનો સ્વભાવ શું? આત્મસ્વરૂપની રચના. આહાહા..! આત્માનું સ્વરૂપ શું? જ્ઞાન, દર્શન, આનંદ આદિ અનંતગુણ એનું સ્વરૂપ છે અને સ્વરૂપવાન આત્મા છે. આહાહા..! એ સ્વરૂપની પર્યાયમાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર, સમ્યક્વીર્ય, અનંતઆનંદ એવા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પોતાના સ્વરૂપની પર્યાયમાં રચના કરે એ વીર્ય છે. વીર્યશક્તિ સ્વરૂપની રચના કરે. વિકારની રચના કરે ને પરની રચના કરે એ તો પ્રશ્ન જ નથી. આત્મવીર્ય પરનું કાંઈ કરે? સમજાય છે કાંઈ? શક્તિમાં જે બળ છે તો આત્માના વીર્યને કારણે શક્તિમાં બળ છે એમ નથી. સમજાય છે કાંઈ? આહાહા..! જડની પરમાણુની શક્તિ પરમાણુમાં છે. આહાહા..!

'નેમિનાથ' ભગવાન. વીરોની, શૂરવીરોની સભા ભરાઈ હતી. એમાં ચર્ચા ચાલી. કોઈ કહે, પાંડવમાં બહુ બળ છે, કોઈ કહે, આમાં આટલું બળ છે. એક જણાએ કહ્યું કે ભગવાન નેમિનાથ બેઠા છે. ત્રણ જ્ઞાનના ધણી ગૃહસ્થાશ્રમમાં છે. એમનું બળ છે. શરીરનું, હોં! એવું બળ કોઈનું નથી. સભામાં એવી ચર્ચા ચાલી. તપાસો. 'નેમિનાથ' ભગવાને પગ નીચે મૂક્યો, કહ્યું, પગ ઊંચો કરો. મરી ગયા આમ કરીને પણ પગ ઊંચો ન કરી શક્યા. દેહની શક્તિ કેટલી! આત્માને કારણે નહિ, હોં! સમજાય છે કાંઈ? એ પરમાણુમાં પણ વીર્ય નામની શક્તિ છે. આહાહા..! 'પંચાધ્યાયી'માં છે. 'પંચાધ્યાયી' છે ને? જડમાં પણ વીર્યશક્તિ છે. આહા..! આત્મામાં વીર્ય છે. એ વીર્ય નહિ, હોં! શક્તિરૂપ વીર્ય. પરમાણુમાં પણ વીર્યશક્તિ છે. અનંત પરમાણુનું આ દળ છે, જડ છે. ભગવાને પગ નીચે રાખ્યો. 'શ્રીકૃષ્ણ' આવીને વિચાર કરે. બીજા મરી જાય તો પણ પગ ઊંચો ન થયો. એવી શક્તિ તો ભગવાનના શરીરના પરમાણુમાં હતી. સમજાય છે કાંઈ?

આ શક્તિ તો આત્માની વાત છે. આત્માનું વીર્ય શરીરના વીર્યમાં કામ કરે છે, એમ નથી. અને આત્મવીર્ય પુણ્ય-પાપની રચના કરે એ વીર્ય નહિ. આહાહા..! પુણ્ય-પાપની જે રચના થાય છે એ વીર્ય નહિ, એ આત્માનું વીર્ય નહિ. થોડી આકરી ભાષા છે. એ નપુંસકના વીર્ય છે, હીજડાના વીર્ય છે. હીજડા હોય છે ને? એને વીર્ય નથી હોતું, એને પુત્ર-પુત્રી નથી થતા. એમ પુણ્ય-પાપને રચનારા નપુંસક છે, એમાંથી ધર્મની પર્યાય ઉત્પન્ન થતી નથી. એ.. 'પોપટભાઈ'! આવી જુદી જુદી વાતું છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :– બધો ભાગ જ એવો છે. હીજડા... 'સમયસાર' માં આવ્યું છે. ૪૦મી ગાથામાં છે. 'પુણ્ય-પાપ અધિકાર'માં ક્લીબ શબ્દ સંસ્કૃત છે. ક્લીબ–નપુંસક. રાગને પોતાનો માને છે, રાગની રચના કરે છે એ નપુંસક છે, હીજડો–પાવૈયો છે. તેને પુરુષની ખબર નથી, આત્મપુરુષ શું છે? આકરી વાત છે.

અહીં કહે છે કે પુણ્ય અને પુણ્યના પરિણામથી વ્યવહારથી નિશ્ચય થાય છે. નપુંસકતાથી વીર્ય થાય છે (એવી વાત છે). આહાહા..! ભગવાન! તને ખબર નથી, હોં! ખબર નથી, સાંભળ્યું નથી. સંતો પાસે સર્વજ્ઞએ શું વસ્તુ કહી છે તે સાંભળી નથી. અને આ તો ગુરુગમ અને સંતો પાસે સાંભળ્યા વિના આ વાત સમજાય એવી નથી, એવી વસ્તુ છે, ભગવાન! સમજાય છે કાંઈ? આહાહા..!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કહે છે કે રાગાદિ જે વ્યવહાર રત્નત્રય કહેવાય છે, રાગ એ કથનમાત્ર મોક્ષમાર્ગ કહેવામાં આવ્યો છે, એ મોક્ષમાર્ગ નથી. એ તો દુઃખમાર્ગ છે, બંધમાર્ગ છે. આવે છે. મુનિને પણ અને સમકિતીને પણ વિકલ્પ આવે છે પણ એ હેયબુદ્ધિએ બંધમાર્ગ છે. આહાહા..! સમજાય છે કાંઈ? કેમકે વીર્ય નામની શક્તિ છે એ શક્તિ દ્રવ્ય-ગુણમાં તો અનાદિથી વ્યાપેલી છે જ પણ એ વીર્યને ધરનાર ભગવાનઆત્મા ઉપર જ્યાં દૃષ્ટિ અને રુચિ જાય છે તો વીર્યની પરિણતિ સ્વરૂપની રચના કરે છે. આહાહા..! શેઠ! 'હીરાલાલજી'! આવી વાત છે અહીંયા. અરે..! એક કલાક પણ વ્યાખ્યાન ક્યાં છે? બાપુ! એ કાંઈ કરોડો રૂપિયા આપ્યે આ વ્યાખ્યાન મળે એવી આ ચીજ નથી. આહાહા..! બાપુ! આ તો વીતરાગ પરમાત્માના ઘરની વાતું છે. આહાહા..! પરમાત્માના વિરહ છે, ભગવાન તો ત્યાં બિરાજે છે. સમજાય છે કાંઈ? પરમાત્માની વાત તો આ છે. ભગવાનનો સંદેશ તો આ છે. આહાહા..!

પ્રભુ! તું વીર્યશક્તિને ધરનારો છો ને! આહા..! એ વીર્યશક્તિમાં તો અનંતગુણની શક્તિ આવે છે. દરેક ગુણમાં શક્તિ છે, એ વીર્યશક્તિ નિમિત્ત છે તો ઉપાદાન અંદર શક્તિ છે. જ્ઞાનમાં પણ શક્તિ છે તે ઉપાદાન છે, વીર્યશક્તિ તો નિમિત્ત છે. આહાહા..! સમજાય છે કાંઈ? એક એક ગુણમાં શક્તિ છે તે પોતાથી છે, હોં! એમાં વીર્યગુણ તો નિમિત્ત છે અને જ્ઞાનમાં તાકાતની શક્તિ છે તે પોતાનાથી ઉપાદાનથી છે. આહાહા..! આવી વાતું હવે. આ તો પરમાત્માના માર્ગ છે, ભાઈ! આહાહા..!

પુત્રની માતા ગાણા ગાઈને સૂવડાવે છે. ગાણા ગાઈને સૂવડાવે છે. ગાળ આપશે તો નહિ સૂવે. ધ્યાન રાખો. મારા રોયા, એમ કહેશે તો નહિ સૂવે. પણ મારો દીકરો ડાહ્યો ને પાટલે બેસીને નાહ્યો, એમ અમારી ગુજરાતી ભાષા છે. મામાના ઘરે ગયો ને ગુંજામાં (ખીસ્સામાં) ખારેક ને ટોપરા લાવ્યા, એમ બોલે તો ઇ સૂઈ જાય. એની માતા એના અવ્યક્તપણે ગુણ ગાઈને સુવડાવે છે. પરમાત્મા એના ગુણ ગાય છે, જગાડે છે, જાગ રે જાગ, નાથ! સમજાય છે કાંઈ?

સંવત ૧૯૬૪ની સાલની વાત છે. અમારે 'પાલેજ'માં દુકાન હતી. અમે માલ લેવા ગયેલા. તે દિ' તો અઢાર વર્ષની ઉંમર હતી. માલ તો અમે લેવા જાતા હતા. મુંબઈ, વડોદરા જાતા. પિતાજીની ઘરની દુકાન હતી. એક વાર માલ લેવા ગયેલા. રાત્રે નિવૃત્તિ હતી તો નાટક જોવા ગયા. અનસૂયાનું નાટક હતું. નર્મદા છે ને? ભરૂચને કાંઠે. નર્મદા અને અનસૂયા બન્ને બહેનો હતી. અમે તો ત્યાં નાટક જોવા ગયેલા તો પુસ્તક પણ લીધેલું. તમે શું બોલો છો એ સમજ્યા વિના એમ ને એમ નહિ ચાલે. બાર આનાની ટિકિટ અને બાર આનાની ચોપડી. ૧૯૬૪ની વાત છે.

એ અનસૂયા પરણ્યા વિના સ્વર્ગમાં જાતી હતી. સ્વર્ગમાં કહ્યું કે, નહિ, અપુત્રસ્ય ગતિ નાસ્તિ. પુત્ર ન હોય એને ગતિ નહિ મળે. હવે શું કરવું? જા નીચે. વૈરાગી નાટક હતું.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નીચે જાવ. નીચે બ્રાહ્મણ હતો એની સાથે લગ્ન કર્યાં. બાળક થયું. બાળકને સુવડાવે છે. એ વખતે નાટકમાં, હોં! (એમ કહે છે), ઉદાસીનોસી, શુદ્ધોસી. બેટા! તું તો શુદ્ધ છો, તું નિર્વિકલ્પ આત્મા છો. સંવત ૧૯૬૪ની સાલ. કેટલા વર્ષ થયા? સીત્તેર. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! એ વખતે તો નાટક પણ એવા આવતા. અત્યારે તો... ફિલ્મ ફિલ્મ કરીને એક સ્ત્રી આમ હાથ નાખે ને... અર..ર..! આ અનીતિના દેખાવ! એ વખતે નાટક એવા હતા. ભાઈ! ઉદાસીનોસી! બેટા! તું ઉદાસ છો. શુદ્ધોસી, નિર્વિકલ્પોસી. આ ત્રણ શબ્દ યાદ રહ્યા છે. બાકી તો ઘણા હતા. ઘણા વર્ષ થઈ ગયા ને? આપણે 'બંધ અધિકાર'માં આવે છે. 'બંધ અધિકાર'માં છેલ્લે આવે છે. 'સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર'માં છેલ્લે આવે છે અને 'પરમાત્મપ્રકાશ'માં ત્રણમાં આવે છે. ઉદાસીનો, નિર્વિકલ્પો. લોકાલોકમાં ત્રિકાળ જીવ છે એ બધા પૂર્ણાનંદથી ભરેલા ભગવાન છે. સર્વજીવ સર્વકાળમાં ભગવાન સ્વરૂપ છે એવી ભાવના કર. એમ લખ્યું છે. વિશેષ આવશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૭ શક્તિ-૬ બુધવાર, (દ્વિતીય) શ્રાવણ સુદ ૩, તા. ૧૭-૦૮-૧૯૭૭

---

આ 'સમયસાર' શક્તિનો અધિકાર છે. જેને આત્મજ્ઞાન કરવું હોય તેણે આત્મા શું વસ્તુ છે અને તેમાં શક્તિ કેટલી અને કેવી છે તે જાણવું પડશે. અહીંયા આત્મા તો એક ભિન્ન વસ્તુ છે. દરેક આત્મા ભિન્ન છે પણ એક સ્વરૂપમાં અનંતશક્તિ છે અને એક એક શક્તિમાં પણ અનંતશક્તિ છે અને એક એક શક્તિ, દરેક શક્તિ એ શક્તિવાન જે આત્મા, જે ચૈતન્યપ્રકાશનું પૂર છે. એ તો ચૈતન્યપ્રકાશનું નૂર-તેજ છે, એ ચૈતન્યપ્રકાશને ક્યારેય નિહાળ્યો નથી, જોયો નથી. ચૈતન્યપ્રકાશનું પૂર પ્રભુ, એને ભૂલીને અંધારાને જોયા. અંધારા અર્થાત્ પુણ્ય-પાપના ભાવ એ અંધારુ છે અને પુણ્ય-પાપના ફળ બંધન, જડકર્મ એ પણ અંધારું છે અને એનું ફળ આ બહારની લક્ષ્મી આદિ મળે એ બધું અંધારું છે. એમાં પ્રકાશનો અભાવ છે. આહાહા..! પ્રકાશ-પૂર્ણ પ્રકાશ ચૈતન્યપુંજ, ચૈતન્યપ્રકાશને એણે કદી જોયો નહિ. એ ચૈતન્યપ્રકાશનો પુંજ પ્રભુ એ દ્રવ્ય છે. એ દ્રવ્ય ઉપર કદી દૃષ્ટિ આપી નહિ અને પર્યાયે રાગ, દ્વેષ, પુણ્ય, પાપ, શરીર, કર્મને જોયા. અંધારાને જોયા પણ અજવાળાને જોયું નહિ. 'જ્ઞાનચંદજી'! આહાહા..! એવી સૂક્ષ્મ વાત છે.

અહીંયા તો વીર્યશક્તિ ચાલે છે. આત્મામાં એક વીર્ય નામની શક્તિ છે. વીર્ય એટલે બળ. આત્મામાં વીર્ય એટલે બળ નામની શક્તિ છે. એ બળશક્તિ, જ્ઞાનશક્તિમાં પણ બળશક્તિ પડી છે. આ વીર્યશક્તિ જ્ઞાનશક્તિમાં નથી પણ જ્ઞાનશક્તિમાં પણ વીર્યશક્તિ એટલે બળશક્તિ અંદર છે. આહાહા..! જ્ઞાનસ્વરૂપી પ્રકાશ પ્રભુ, ચૈતન્યપ્રકાશનો પુંજ પ્રભુ, એમાં બળ નામની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


શક્તિ છે. આ બળ નામની શક્તિ છે એ તો ભિન્ન છે પણ જ્ઞાનપ્રકાશમાં પણ બળ–પોતાથી જાણવાની તાકાત એમાં છે. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ! શું કહ્યું?

વસ્તુ અંદર છે એ ચૈતન્યપ્રકાશનું પૂર, નૂર છે. ચૈતન્યના તેજસ્વરૂપ ભગવાન છે. ચૈતન્યપ્રકાશના નૂરનું લક્ષ નહિ કરતા અનાદિથી રાગ ને દ્વેષ ને પુણ્ય ને પાપ ને દયા ને દાન ને, સમ્યગ્દર્શન વિના, સ્વરૂપના પ્રકાશના અનુભવ વિના એ બધા દયા, દાન, વ્રત, તપ બધું અંધારું છે. ઝીણી વાત છે. સમજાય છે કાંઈ? અંધારાને જ્ઞાનની પર્યાયમાં જોયું પણ જેની પર્યાય છે એવા ચૈતન્યપ્રકાશ ઉપર એની નજર ન ગઈ. આહા..! ભાષા સાદી છે પણ ભાવ જરી સૂક્ષ્મ છે. સમજાય છે કાંઈ?

જ્ઞાનમાં બળ નામનો સ્વભાવ–રૂપ છે. વીર્યશક્તિ છે એ ભિન્ન છે પણ જ્ઞાનશક્તિમાં શક્તિરૂપ બળ છે એ બળ પણ દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણેમાં વ્યાપક થઈ જાય છે. આમ તો અનાદિથી દ્રવ્ય અને ગુણમાં જ્ઞાન અને આનંદનો શક્તિરૂપ ભાવ છે પણ એ શક્તિનો અંદરમાં જ્યારે સ્વીકાર થાય (ત્યારે પર્યાયમાં પણ વ્યાપક થઈ જાય). આ વસ્તુ અને એમાં શક્તિ અનંત છે. એમાં જ્ઞાન અને આનંદશક્તિ છે. એવી શક્તિનો જ્યારે સ્વસન્મુખ થઈને અને પરથી વિમુખ થઈને સ્વીકાર થાય છે ત્યારે એની પર્યાયમાં પણ જ્ઞાન અને આનંદની પર્યાય વ્યાપે છે. શું કહ્યું સમજાયું? ઝીણી વાત છે, પ્રભુ!

ચૈતન્યપ્રકાશ સ્વરૂપનો જ્યારે પર્યાયે સ્વીકાર કર્યો, જેની પર્યાય છે તેનો પર્યાયે સ્વીકાર કર્યો. પૂર્ણાનંદનો નાથ ચૈતન્યપ્રકાશ હું છું. એમાં સર્વજ્ઞશક્તિ પડી છે. ચૈતન્યપ્રકાશમાં સર્વજ્ઞશક્તિ–સર્વને જાણવાની તાકાત રાખે એવી સર્વજ્ઞશક્તિના પ્રકાશનો પુંજ પ્રભુ છે. આહાહા..! સમજાય છે કાંઈ? જ્ઞાનશક્તિ આવી ગઈ છે. જ્ઞાનશક્તિમાં સર્વજ્ઞશક્તિ ગર્ભિત અંદર પડી છે. પેટમાં ગર્ભ હોય તો પ્રસવ થાય તેમ જ્ઞાનમાં સર્વજ્ઞશક્તિ ગર્ભપણે પડી છે. તેનો આશ્રય કરે છે તો પર્યાયમાં સર્વજ્ઞનો જન્મ થાય છે. આહાહા..! આવી વાત છે.

દર્શનશક્તિ જે અંદર છે, એ આપણે આવી ગઈ છે. થોડું થોડું કહીએ છીએ, પૂરું તો કાંઈ કહી શકીએ નહિ. અમારી એટલી શક્તિ પણ નથી. આહાહા..! જેટલું દિગંબર સંતો કહે તેમની ક્ષયોપશમ શક્તિ પણ અલૌકિક છે. આહાહા..! કહે છે, એકવાર સાંભળ તો ખરો, પ્રભુ! તારી દશિશક્તિ–દર્શનશક્તિ જે છે એ શક્તિમાં સર્વદર્શીશક્તિ ગર્ભમાં અંદર પડી છે. આહાહા..! એ સર્વદર્શીશક્તિ ઉપર જ્યારે નજર જાય છે અર્થાત્ શક્તિ અને શક્તિવાનનો ભેદ પણ છોડીને... આહાહા..! એ સર્વદર્શીશક્તિવાન ભગવાનઆત્મા છે એમ પર્યાયમાં જ્યારે સ્વીકાર થાય છે ત્યારે સર્વદર્શીશક્તિનું દશિશક્તિનું પરિણમન થાય છે. ભલે હજી સર્વદર્શીપણું આવ્યું નથી પણ સર્વદર્શીપણું છે એવું જ્ઞાન થઈ ગયું. આહાહા..! સમજાય છે કાંઈ? સૂક્ષ્મ વાત છે, ભાઈ!

અનંતકાળથી જેના પ્રકાશનું નૂર પ્રભુ છે તેને કદી નજરમાં લીધો નહિ અને પ્રકાશની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વર્તમાન પર્યાય છે તેમાં અંધારા જોયા. રાગ ને પુણ્ય ને દયા ને દાન ને વ્રત ને ભક્તિ બધું અંધારું છે. 'બાલચંદજી'! શરાફ છે, આ બન્ને શરાફ છે. બહારના શેઠિયા છે. બહારના ને? આહાહા..! ભગવાનઆત્મા... અહીંયા કહે છે કે દશિશક્તિમાં સર્વદર્શીશક્તિ (ગર્ભમાં પડી છે). એમાં પણ બળનું રૂપ પડ્યું છે. વીર્યશક્તિ ભિન્ન છે પણ એ સર્વદર્શીશક્તિમાં બળ છે. એ પોતાથી પ્રગટ થાય છે. સમજાય છે કાંઈ? અહીં આપણે તો વીર્યશક્તિ ચાલે છે. શું કહ્યું?

**'સ્વરૂપની (-આત્મસ્વરૂપની) રચનાના સામર્થ્યરૂપ વીર્યશક્તિ.'** આહાહા..! સંતોએ તો ગજબ કામ કર્યા છે. 'અમૃતચંદ્રાચાર્ય' મહારાજ દિગંબર સંત વીતરાગી પર્યાયના ઝુલે ઝુલનારા. અતીન્દ્રિય આનંદના ઝુલે ઝુલનારા... આહાહા..! વિકલ્પ આવ્યો અને શાસ્ત્ર રચાઈ ગયા. કહે છે કે, એકવાર પ્રભુ! તારી વાત સાંભળ તો ખરો. પ્રભુતા પછી આવશે, આજે વીર્ય ચાલે છે. વીર્ય પછી પ્રભુતા (શક્તિ) આવશે. એ વીર્ય આત્મસ્વરૂપની રચના કરે. આહાહા..! આત્મામાં જે વીર્યશક્તિ છે એ આખા આત્મામાં વ્યાપક છે. ચૈતન્યપ્રકાશનો પુંજ છે. જ્ઞાન આખા અસંખ્ય પ્રદેશમાં વ્યાપક છે. એમ વીર્યશક્તિ પણ અસંખ્ય પ્રદેશમાં વ્યાપક છે. આહાહા..! પોતાના દેશમાં વીર્યશક્તિ વ્યાપક છે. પોતાનો દેશ-અસંખ્ય પ્રદેશ એ પોતાનો દેશ-સ્વદેશ છે. રાગ ને પુણ્ય-પાપ એ બધા પર દેશ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

ભગવાનઆત્માના અસંખ્ય પ્રદેશ છે, ક્ષેત્ર છે. એ ક્ષેત્રનો સ્વભાવ, જેમ નરકના ક્ષેત્રનો સ્વભાવ દુઃખરૂપ છે, સ્વર્ગના ક્ષેત્રનો સ્વભાવ લૌકિક સુખરૂપ છે. ભગવાનઆત્માનો ક્ષેત્ર સ્વભાવ અતીન્દ્રિય આનંદનો ક્ષેત્ર સ્વભાવ છે. એ ક્ષેત્રમાંથી તો અતીન્દ્રિય આનંદનો પાક થાય છે. કુલથી થાય છે ને? કુલથી. કુલથી સમજો છો? લાલ હોય. એ સાધારણ જમીનમાં કુલથી થાય. ઊંચી જમીનમાં ચોખા થાય. સાધારણ જમીનમા ચોખા ન થાય, ચોખા ઊંચી જમીનમાં થાય. એમ આ ભગવાનનું ક્ષેત્ર અસંખ્ય પ્રદેશ છે એમાં આનંદનું ક્ષેત્ર છે. એમાંથી આનંદ અને આનંદના વીર્યની ઉત્પત્તિ થાય છે. પણ ક્યારે? તેનો સ્વીકાર કરે ત્યારે. કે આ છે.

એની જ્ઞાનની પર્યાય વર્તમાન પ્રગટપણે છે. એમાં પૂર્ણ જ્ઞાન, સર્વજ્ઞ, સર્વદર્શી, સુખરૂપ આખી વસ્તુ વ્યાપક છે. એમાં જ્યારે પર્યાય આખા દ્રવ્યમાં વ્યાપે છે ત્યારે પર્યાયમાં આનંદ ને જ્ઞાનનો પર્યાયના ક્ષેત્રમાં પાક પાકે છે. આહાહા..! સમજાય છે કાંઈ? અસંખ્ય પ્રદેશમાં વિકાર ઉત્પન્ન થાય એવા એ પ્રદેશ નથી. સમજાય છે કાંઈ? ભગવાનઆત્માના અસંખ્ય પ્રદેશ સમજ્યા? જેમ સોનાની ચેઈન હોય છે ને? ચેઈન. ચેઈન કહે છે ને? ચેઈનમાં એક હજાર મકોડા-કડી હોય, કડી. કડી હોય છે ને? એક હજાર કે પાંચસો. એ બધી કડીનો પિંડ એ ચેઈન છે. એ કડી છે તે પ્રદેશ છે, સાંકળી છે તે દ્રવ્ય છે અને કડી કડીએ જેટલા સોનાના પીળાશ, ચીકાશ, વજન એ એની શક્તિ-ગુણ છે. સમજાય છે કાંઈ? આ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



તો દૃષ્ટાંત થયું.

એમ ભગવાનઆત્મા, જેમ હજાર કડીની સાંકળી છે, તેમ અસંખ્ય પ્રદેશી આત્મા છે. એટલો તેના ક્ષેત્રનો વિસ્તાર છે. એક પોઈન્ટ પરમાણુ મુકે, આ આંગળી કાંઈ એક ચીજ નથી. ટુકડા કરતા કરતા કરતા છેલ્લો પરમાણુ–પરમ અણુ, સૂક્ષ્મ અણુ રહે તેને પરમાણુ કહે છે, એ પરમાણુ જેટલી જગ્યા રોકે તેનું નામ પ્રદેશ છે. એમ આત્મા અસંખ્ય પરમાણુ રોકે એવો અસંખ્ય પ્રદેશી છે. એક પરમાણુના ગજથી માપવાથી આત્મા અસંખ્ય પ્રદેશી છે. એ અસંખ્ય પ્રદેશમાં અનંતઆનંદ, અનંતજ્ઞાન ને અનંતવીર્ય વ્યાપકપણું અંદર પડ્યું છે. આહાહા..! સમજાય છે કાંઈ?

વીર્યશક્તિ છે તો દ્રવ્ય અને ગુણમાં, પર્યાયમાં અનાદિથી પ્રગટ નથી. કેમકે અનાદિથી પુણ્ય-પાપના ભાવની રચના કરે છે. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિના ભાવની રચના કરે એ વીર્ય આત્માનું નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? આત્માનું વીર્ય તો તેને કહીએ કે જે આખું સ્વરૂપ જે અનંતગુણ આદિ છે તેની પર્યાયમાં રચના કરે, ઉત્પન્ન કરે, પ્રગટ કરે એનું નામ વીર્ય છે. આહાહા..!

એક પ્રશ્ન કર્યો હતો, નહિ? દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા અને કામ, ક્રોધ, માન, લોભ, રાગ, આ શરીરની સંભાળ કરવી, આ કુટુંબની સંભાળ કરવી એ બધો વિકાર છે. સમજાય છે કાંઈ? એ વિકારની રચના થાય તે વીર્યગુણની નથી, એમ અહીંયા કહે છે. એ વિકાર આંધળો છે તેને જ્ઞાન દેખે છે પણ જ્ઞાન જ્ઞાનને જોતું નથી. વીર્ય જે સ્વરૂપની રચના કરે એ વીર્યને ધરનારો આત્મા તેને જોતો નથી અને આ પુણ્ય-પાપની રચના થઈ તેને જોવે છે. એ મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે. ચાહે તો પંચમહાવ્રત ધારણ કર્યા હોય, બાર વ્રત ધારણ કર્યા હોય. સમજાય છે? એ બધો રાગ અને દુઃખ અચેતન છે. અચેતન છે? શેઠ! અચેતન છે.

ભગવાન! જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય છે ને? એ રાગ અચેતન છે. કેમકે એ રાગ પોતાને જાણતો નથી, એ રાગ ચૈતન્યને જાણતો નથી, એ રાગ ચૈતન્ય દ્વારા જણાય છે તેથી તે રાગ અચેતન છે. આહાહા..! શેઠ! આ શરાફ બજાર ચાલે છે. એટલું તો એના ખ્યાલમાં આવવું જોઈએ ને કે જે જ્ઞાનનો પ્રકાશ પર્યાયમાં છે એ પર્યાય કોની છે? પૂર્ણ જ્ઞાન સ્વરૂપ છે તેની પર્યાય છે. એની પાછળ કોઈ પૂર્ણ છે કે નહિ? પહેલા અનુમાનથી ખ્યાલમાં આવવું જોઈએ ને? જે પર્યાયમાં, અંશમાં, એક સમયની મુદતમાં જ્ઞાનની પર્યાય જે જણાય છે તે તો બદલતી ચીજ છે, ઉત્પાદ-વ્યયવાળી ચીજ છે, એ ચીજ કોની? ધ્રુવની છે. એ ધ્રુવ કોણ છે સામે? જે નહિ બદલતી એવી ચીજ શું છે અંદર? આહાહા..! પ્રભુનો માર્ગ એવો છે. આહાહા..! અને દિગંબર સંતોએ એટલું સ્પષ્ટ કરી નાખ્યું છે! ઓહોહો..! સૂરજની પેઠે પ્રકાશ કરી દીધો છે, પણ દેખે એને ને?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અહીંયા કહે છે કે વીર્ય કોને કહીએ? પોતાના સ્વરૂપની રચના કરે. સ્વરૂપની અર્થાત્ પોતાનું સ્વ જે જ્ઞાન, દર્શન, આનંદ, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા આદિ જે શક્તિ છે તેને પર્યાયમાં વીર્યશક્તિ (રચે). આનંદ અને પૂર્ણ અનંતગુણની શુદ્ધ પર્યાયની રચના કરે તેને વીર્ય કહે છે. અશુદ્ધની રચના કરે એ વીર્ય નપુંસક હીજડા છે. 'બાલચંદજી'! અહીં તો આ વાત છે. આહાહા..! આ વાત થઈ ગઈ છે. 'પુણ્ય-પાપ અધિકાર'માં છે. ૩૯ થી ૪૩ ગાથામાં છે. નપુંસક-ક્લીબ છે. આહાહા..!

રાગ ને પુણ્યના પરિણામને પોતાના માને એ નપુંસક, મિથ્યાદષ્ટિ નપુંસક છે. આહાહા..! જેમ નપુંસકને વીર્ય નથી તો પ્રજા થતી નથી. એમ પુણ્ય પરિણામ અને પાપ પરિણામ નપુંસક છે, એમાંથી ધર્મપ્રજા ઉત્પન્ન થતી નથી. આહાહા..! 'જ્ઞાનચંદજી'! વાત તો એમ છે, ભગવાન! શું કહીએ? એને સાંભળવા મળે નહિ. એ ક્યારે વિચાર કરે અને ક્યારે રુચિ કરે? આ એવી ચીજ છે, ભાઈ! આહાહા..! અરે..! ચોરાશીના અવતારમાં દુઃખી છે. પંચમહાવ્રત પાળે છે એ દુઃખી છે. કારણ કે વ્રતનો વિકલ્પ છે એ રાગ છે, આસ્રવ છે, દુઃખ છે. આહાહા..! એ ભગવાનના સ્વભાવમાં દ્રવ્ય-ગુણ-પર્યાયમાં એ નથી. એની પર્યાય તો નિર્મળ પર્યાય થાય તેને પર્યાય કહે છે. આહાહા..!

આત્મદ્રવ્ય જે છે, અનંતશક્તિ.. અનંતશક્તિ જ્ઞાન, દર્શન આદિ અનંતશક્તિનો અસંખ્ય પ્રદેશમાં પુંજ જે જ્ઞાનનો પુંજ, પ્રકાશનો પુંજ છે તેના ઉપર દૃષ્ટિ કરવાથી વીર્યશક્તિ પણ સાથે આવી. એ વીર્યશક્તિ અનંતગુણની નિર્મળ અવસ્થાની રચના કરે તેનું નામ વીર્ય કહે છે. સમજાય એવું છે, ભાઈ! સાદી ભાષા છે, એટલી કડક ભાષા નથી. આહાહા..! અરે..! ભગવાન! તું ભગવાન છો ને! આ સ્ત્રી ને પુરુષના શરીર એ તો માટી હાડકાના છે. એ તો હાડકા છે, એ ક્યાં આત્મા છે? અંદર પુણ્ય-પાપના ભાવ પણ આત્મા ક્યાં છે? એ તો અચેતન તત્ત્વ જડ તત્ત્વ છે. આહાહા..!

જે પ્રકાશનો પુંજ પ્રભુ છે અને વીર્ય દ્વારા એ પ્રકાશના પુંજની પર્યાયમાં રચના કરે, દ્રવ્ય-ગુણમાં તો છે જ. શુદ્ધતા, પરિપૂર્ણતા, આનંદ, વીર્ય, જ્ઞાન, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા, ઈશ્વરતા એવી અનંતશક્તિઓ દ્રવ્ય-ગુણમાં તો છે જ, પણ એની પર્યાયમાં જ્યારે પ્રગટે ત્યારે તેને વીર્યની રચના કહેવામાં આવે છે. આહાહા..! ઝીણી વાત છે, પ્રભુ! આહાહા..! અરે..! ભગવાન હોવા છતાં પામર થઈને રખડે છે. આહાહા..! ત્રણલોકનો નાથ ચૈતન્યસ્વરૂપ, જેના ગર્ભમાં સર્વજ્ઞ, સર્વદર્શી, અનંતઆનંદ જેના પેટમાં પડ્યા છે, એનો પ્રસવ ન કરતાં પુણ્ય અને પાપનો પ્રસવ કરે એની અહીં પ્રભુ વીર્ય નથી કહેતા. સમજાણું કાંઈ? આહાહા..!

એમ સાંભળ્યું છે, કોઈ સ્ત્રીના પેટમાંથી સર્પ નીકળે છે. કોઈ એવા સર્પ અંદર થઈ જાય છે. સર્પનો જન્મ થાય. સાંભળ્યું છે, ઘણું સાંભળ્યું છે. અહીં તો ૮૮ વર્ષ થયા તો ઘણી વાત સાંભળી છે. અહીં તો નિવૃત્તિ છે. પાંચ વર્ષ દુકાન ચલાવી. બાકી આખી જિંદગી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નિવૃતિ છે. બહુ સાંભળ્યું છે. સ્ત્રીને પેટમાં કોઈ વખતે એવું થઈ જાય છે કે સર્પ થાય, સર્પ નીકળે. આહાહા..! પેટમાં ગર્ભ રહે તો શાસ્ત્ર તો એમ કહે છે કે કોઈને બાર વર્ષ સુધી ગર્ભ રહે, એવો શાસ્ત્રમાં પાઠ છે. અમારી કાઠિયાવાડી ભાષામાં એને છોડ કહે છે. તમારી ભાષામાં કાંઈક હશે. અમારે છોડ કહે છે, છોડ. એ સ્થિતિ ભગવાને ગણી છે. બાર વર્ષ સુધી ગર્ભમાં રહે. ઘણા કેસ થયા છે. ત્રણ-ચાર વર્ષે ત્યાં 'પોરબંદર'માં પાકેલા. ભગવાન તો બાર વર્ષ કહે છે અને એ જ બાળક ત્યાંથી મરીને ફરીને જન્મે અને બાર વર્ષ રહે, એમ ચોવીશ વર્ષ રહે. ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે ગર્ભમાં રહેવાની ચોવીસ વર્ષની કાય સ્થિતિ ગણી છે. આહાહા..! એવું અનંતવાર ચોવીસ વર્ષની કાય સ્થિતિમાં ગર્ભમાં થઈ છે, એકવાર નહિ પણ અનંતવાર એવું થયું છે. સમજાય છે કાંઈ? અનાદિકાળનો આત્મા છે. આહાહા..!

અહીં તો કહે છે કે ચોવીસ વર્ષે પછી પણ એને પ્રસવ થાય છે. આ તો આત્મામાં અનંતજ્ઞાન અને દર્શન ગર્ભમાં પડ્યા છે. એ અનંતકાળે પોતાની પર્યાય જ્યારે એની ઉપર જાય ત્યારે આનંદનો પ્રસવ થાય છે. પેલી ચોવીસ વર્ષની કાય સ્થિતિ, આ અનાદિસાંત કાય સ્થિતિ. આહાહા..! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર, અલૌકિક વાતું છે. ભગવાન! લોકોને સત્ય સાંભળવા મળતું નથી બિચારા શું કરે? આહાહા..! શું કરે?

જેમાં જ્ઞાનનો અંશ નથી, પ્રકાશનો જેમાં પ્રકાશ નથી તે ચીજને પોતાની માનવી તે મિથ્યાત્વ–અંધારું છે. રાગ, દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ પણ પોતાના છે એમ માનવું એ અંધકારને પોતાનો પ્રકાશ માનવા જેવું છે. આહાહા..! 'દેવીલાલજી'! વસ્તુ આવી છે, ભગવાન! આહાહા..! બહારની ધૂળમાં શું છે? કરોડોપતિઓ અને અબજોપતિઓ હોય ક્યાંય મરીને ચાલ્યા જાય. આહાહા..! આ તો અનંત લક્ષ્મીનો ભંડાર! જેના પેટમાં એટલે અસંખ્ય પ્રદેશમાં અનંતજ્ઞાન, અનંતઆનંદ, અનંતશાંતિ, અનંતસ્વચ્છતા, અનંતપ્રભુતા, અનંત કર્તા–પોતાની પરિણતિને કરે, એવું અનંત કર્મ–પર્યાયમાં આનંદનું કાર્ય કરે એવી અનંત કર્મરૂપી શક્તિ અંદર પડી છે. આહાહા..!

કર્મના ત્રણ પ્રકાર. એક જડકર્મ એ પરમાણુની પર્યાય. એક ભાવકર્મ–પુણ્ય-પાપના પરિણામ–કર્મ. ત્રીજું–નિર્મળ પરિણતિ ઉત્પન્ન થાય એ પણ કર્મ. ચોથું કર્મ શક્તિરૂપે છે તે કર્મ. 'ડાલચંદજી'ને પ્રેમ છે ને! આવો માર્ગ, બાપા! આહાહા..! શું કહ્યું ઇ? ફરીને કહીએ છીએ, કર્મ એટલે કાર્ય. એક તો જડની કર્મની પર્યાય થાય છે તેને કર્મ કહે છે. એ કર્મનું કાર્ય, જડનું કાર્ય છે. એક તો આત્મામાં પુણ્ય અને પાપના ભાવ થાય એ અચેતન કાર્ય, જડ કાર્ય. એ જડ કર્મ. પેલા જડ રૂપી કર્મ અને આ જડ અરૂપી કર્મ. ભાઈ! આહાહા..! અને ત્રીજું કાર્ય–કર્મ. આત્મા જે શુદ્ધ ચૈતન્યઘન ભગવાન, એમાં વીર્ય પડ્યું છે અને એમાં કર્મશક્તિ પડી છે. કર્મશક્તિ એટલે કાર્ય થવાની શક્તિ. જ્યારે આત્મામાં આનંદ સ્વરૂપના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પ્રકાશનો પુંજ પ્રભુ, એ પ્રકાશની સત્તાનો સ્વીકાર કર્યો ત્યારે પર્યાયમાં જે નિર્મળ પરિણતિ ઉત્પન્ન થાય છે એ કર્મ છે. ત્રણ. અને શક્તિરૂપે કર્મ છે તે ગુણ, એ ધ્રુવ છે. કર્મના ચાર પ્રકાર. આહાહા..! 'નંદકિશોરજી'! વકીલાતમાં આવી વાત કદી સાંભળી નથી. અત્યારે તો ધર્મને બહાને આ વ્રત કરો ને અપવાસ કરો ને પડિમા લઈ લ્યો ચાલે છે. ધૂળ પણ નથી, સાંભળને! અરે..! ભગવાન! તારી ચીજ શું છે તે અનુભવમાં આવી નહિ, એ વિના સ્થિરતા ક્યાંથી આવશે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોણે કર્યા ને કોણ છોડે? કર્યું છે શું?

અહીં તો કાર્ય એટલે કર્મ, કર્મ એટલે કાર્ય. એના ચાર પ્રકાર વર્ણવ્યા. એક જડનું કાર્ય, કર્મની પર્યાય એ જડનું રૂપી કાર્ય. વિકારનું કાર્ય એ અરૂપી વિકારનું કાર્ય. કાર્ય કહો કે કર્મ કહો. નિર્મળ પરિણતિનું કાર્ય એ નિર્મળ વીતરાગી કાર્ય અને એક ગુણરૂપી કર્મ એ શક્તિ છે તેને પણ કર્મ કહે છે. આહા..! આવી વાત છે. ખ્યાલમાં આવે છે? ભાઈ! ખ્યાલમાં આવી શકે એવી ચીજ છે. ત્રણલોકનો નાથ અંદર પડ્યો છે, આહાહા..! જેના ગર્ભમાં કેવળજ્ઞાન, કેવળદર્શન, આનંદ પ્રગટ થાય.

હમણા એક લખાણ આવ્યું છે, 'શ્રમણ' એક પુસ્તક છે ને? અર..ર..! એવા લેખ લખે છે કે સર્વજ્ઞ તો વર્તમાન એક સમયની દશા જ દેખે, ભૂત-ભવિષ્યની નહિ. અરર..ર..! ગજબ કરે છે. શું કરે છે તું? 'શ્રમણ' નામનું એક માસિક આવે છે. 'કાશી'થી આવે છે. .... આવે છે. એ સાધુ આવ્યા હતા, બે સ્થાનકવાસી સાધુ આવ્યા હતા. એ ત્યાં કર્તા-હર્તા છે. અમે દિલ્હી ગયા હતા. એમાં એક લેખ આવ્યો છે. સર્વજ્ઞ જે છે, 'શ્રીમદ્' પણ કહે છે વર્તમાન વર્તતી પર્યાય છે તેને જાણે. પણ એ તો વર્તે છે તેને જાણે છે એમ કહ્યું છે. પણ ભૂત-ભવિષ્યને નથી જાણતા એમ ત્યાં કહ્યું જ નથી. વર્તતીરૂપે એક સમય છે. ભૂત-ભવિષ્યની વર્તમાન વર્તતી નથી પણ એ વખતે વર્તશે અને વર્તી ગઈ તેને ભગવાન એક સમયમાં પ્રત્યક્ષ જાણે છે. આહાહા..! અરે..! સર્વજ્ઞને પણ બીજી રીતે માનવા લાગ્યા હવે એને આત્માની ક્યારે પ્રતીતિ થાય? આહાહા..!

આત્મામાં સર્વજ્ઞશક્તિ પડી છે અને તેની સાથે એ શક્તિમાં બળ પણ છે. વીર્યશક્તિ ભિન્ન છે અને બળ પણ છે. એવો આત્મા પોતાની પર્યાયમાં વર્તમાન જ્ઞાનની દશા દ્રવ્યને જ્ઞેય બનાવીને દ્રવ્યનું જ્ઞાન કરે છે. પોતાની વર્તમાન જ્ઞાનની દશામાં દ્રવ્યને જ્ઞેય બનાવીને પર્યાયમાં દ્રવ્યનું જ્ઞાન કરે છે તો એ પર્યાયમાં દ્રવ્ય આવતું નથી પણ દ્રવ્યનું સામર્થ્ય-શક્તિ છે તે પર્યાયમાં જ્ઞાનમાં આવી જાય છે. સમજાય છે કાંઈ? આહાહા..! આવી વાતું. દ્રવ્ય તો દ્રવ્ય જ છે. દ્રવ્યનું જ્ઞાન પૂર્ણ આવ્યું. જેવું પૂર્ણ સ્વરૂપ છે એવી પર્યાયમાં પૂર્ણ પ્રતીતિ આવી, પૂર્ણ જ્ઞાન આવ્યું. એ ચીજ પર્યાયમાં આવી નહિ, ચીજ તો ચીજમાં રહી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


હજી એને સર્વજ્ઞશક્તિ છે એની પ્રતીતિ નથી. આહાહા..! અને કહે કે, સર્વજ્ઞ એટલે એક વર્તમાન દેખે.

પેલો એક ભાઈ કહેતો હતો, એક હતો ને? 'મહેન્દ્ર'ને? 'મહેન્દ્ર' પંડિત. એ આપણે અહીં સંવત ૨૦૦૩ ની સાલમાં આવેલા. ૩૩ પંડિત આવેલા ને? ૩૦ વર્ષ પહેલા. ત્યાં તમારી સાથે બહુ ચર્ચા કરેલી. 'લલિતપુર'. એક સમયમાં ત્રણકાળ ત્રણલોક દેખે એ સર્વજ્ઞ નહિ. આહા..! વર્તમાનમાં બધાથી ઊંચી શક્તિનો વિકાસ થયો તે સર્વજ્ઞ. અરે..! ભગવાન! આ જૈનમાં જન્મ્યા. દિગંબર. આહાહા..! અરે..! ભગવાન! બાપુ!

ચૈતન્યના પ્રકાશનું પૂર પૂર્ણ છે. શરીર ભિન્ન છે, રાગ ભિન્ન છે અને આટલા આકાર પ્રમાણે ચૈતન્યપ્રકાશનો પુંજ એ પરિપૂર્ણ પુંજ જ્ઞાન છે. એ પરિપૂર્ણ વસ્તુ છે, સ્વપરપ્રકાશક શક્તિ અંદર ઉપયોગમાં પડી છે. આહાહા..! નિશ્ચય ઉપયોગ, હોં! પર્યાય ઉપયોગ એ બીજી વાત. ઉપયોગના બે પ્રકાર. એક અંદર ધ્રુવરૂપ ઉપયોગ, એક પરિણતિરૂપ ઉપયોગ. અરે..! આવી વાત છે.

અહીં કહે છે, કે સ્વરૂપની રચના. આહાહા..! ગજબ શબ્દ ઉપાડ્યો છે. 'અમૃતચંદ્રાચાર્યે' તો કાંઈ કામ કરી નાખ્યું! સ્વરૂપ, પોતાનું જ્ઞાન, આનંદ, શાંતિ આદિ અનંતશક્તિનું જે સ્વરૂપ, સ્વ-રૂપ. ભાષા સાદી છે ને? ભાઈ! આહાહા..! આત્મા, એની ભાષા સ્વરૂપ છે ને? જુઓ! સ્વરૂપ એટલે આત્માના સ્વરૂપની રચના. આહાહા..! ભગવાનઆત્મામાં તો બેહદ અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ, અનંતસ્વચ્છતા, અનંતપ્રભુતા એવી અનંતશક્તિઓનો સંગ્રહાલય, અનંતશક્તિઓનું ગોદામ, ગુણનું ગોદામ આત્મા છે. આહાહા..! એની અંદરમાં દૃષ્ટિ કરવાથી વીર્યશક્તિને કારણે અનંતગુણની નિર્મળ પર્યાયની રચના થાય છે તેને આત્મસ્વરૂપની રચના કહેવામાં આવે છે. આવી વાત છે, ભાઈ! માર્ગ પ્રભુનો એવો છે પણ લોકોને અભ્યાસ નહિ અને લીનતા બીજી બહારની વસ્તુની આ કરો, આ કરો. વ્રત કરો, અપવાસ કરો ને તપસ્યા કરો ને મરી જાઓ, જાઓ! આહાહા..! એ તો બધી વિકલ્પની ક્રિયા-ક્લેશની ક્રિયા છે, દુઃખની ક્રિયા છે. આહાહા..!

કહ્યું ને? 'મુનિવ્રત ધાર અનંત બૈર, ગ્રૈવેયક ઉપજાયો' 'છ ઢાળા'. 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો' એનો અર્થ શું થયો? પંચમહાવ્રત ને બાર વ્રતના શુભભાવ બધા દુઃખરૂપ છે. આહાહા..! એ દુઃખની રચના કરે તે વીર્ય નહિ, એમ કહે છે. સમજાય છે કાંઈ? એ આત્મબળ નહિ. આહાહા..! આત્મવીર્ય તો એ છે કે પોતાનો ત્રિકાળી અનંતગુણનો પિંડ પ્રભુ, તેના ઉપર લક્ષ જાય છે તો વીર્યમાં વર્તમાન પરિણતિમાં અનંતગુણની શુદ્ધ પર્યાય પ્રગટ થાય, રચે તેને વીર્ય કહેવામાં આવે છે. ભાઈ 'ડાલચંદજી'! આવી વાત છે, ભગવાન! આહાહા..!

સ્વરૂપની રચના કરે એ વીર્ય અર્થાત્ તે સમયે વીર્ય પોતાના અનંતગુણની પરિણતિમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



રચના કરી. દ્રવ્ય-ગુણની કાંઈ રચના કરવાની નથી, એ તો છે જ. દ્રવ્ય-ગુણ તો ધ્રુવ છે એની રચના શું કરવી? રચના તો ન હોય એની કરવાની હોય. તો પર્યાયમાં જે આનંદ આદિ નથી (તેને પ્રગટ કરવા તે વીર્ય છે). આહાહા..! આવો ઉપદેશ કઈ જાતનો? કોઈ જાણે કે આ તે જૈનધર્મનો આવો ઉપદેશ હશે? એક જણાએ નહોતું કીધું? એક બાવો ત્યાં મળ્યો હતો. સંવત ૯૯ની સાલમાં. જૈનના સાધુ આવી આત્માની વાત કરે એ ક્યાંથી? કારણ કે જૈનની છાપ એવી છે કે એ તો ક્રિયા કરે. દયા ને વ્રત ને તપ કરે એ જૈન. 'રાજકોટ'ની વાત છે. 'રાજકોટ' આવેલો.

આજે પણ એક આવ્યું છે. કોઈ 'અમદાવાદ'ના વેદાંતી છે. અહીંનું સાંભળ્યું હોય ખરું ને કે અહીં અધ્યાત્મની આત્માની વાત છે. બે પુસ્તક આવ્યા છે. એના તરફથી મોકલ્યા છે. કોઈ 'આશારામ' બાવો છે. બે પુસ્તક મોકલ્યા છે. અહીંની આત્માની પ્રસિદ્ધિ છે ને! અને જૈનધર્મમાં શેની પ્રસિદ્ધિ છે? કે ક્રિયા, વ્રત કરવા ને ચોવિહાર કરવા ને કંદમૂળ ન ખાવું ને ફલાણું કરવું ને દયા પાળવી એ બધો જૈનધર્મ. એવી છાપ છે. બહારમાં રાગની રચનાને લોકોએ જૈનધર્મ માની લીધો છે. એટલે આત્માની વાત સાંભળતા અન્યમતિને પણ એમ થઈ જાય છે કે જૈનમાં આવું ક્યાંથી આવ્યું? આજે બે પુસ્તક આવ્યા છે. 'અમદાવાદ'માં કોઈ આશ્રમ છે. સેવાશ્રમ. અહીં મોકલ્યા છે. જોયું, પણ કાંઈ ઠેકાણા નહિ. ઈશ્વર ભક્તિ કરો ને આત્મકલ્યાણ કરો. પણ કોણ ઈશ્વર? એવી બે ચોપડી આવી છે અને એક આ 'શ્રમણ' એમ ત્રણ ચોપડી આવી છે. 'કાશી'નું 'શ્રમણ' છે. આ સર્વજ્ઞનું લખાણ કર્યું છે. સર્વજ્ઞ એક સમયની પર્યાય જાણે. 'શ્રીમદ્'નો પાછો દાખલો આપ્યો છે, ભાઈ! એ તો વર્તતી, વર્તતાને જાણે એમ 'શ્રીમદ્દે' કહ્યું છે. એક સમય વર્તતી જાણે. પૂર્વની, ભવિષ્યની વર્તમાનમાં વર્તતી છે એમ નહિ. ત્યારે એ કહે કે, વર્તતી એક સમયની જ જાણે, ભૂત-ભવિષ્યની ન જાણે. શું કરે છે આ? મોટા પંડિત નામ ધરાવે.

'શ્રીમદ્'માં એમ છે કે સર્વજ્ઞ પણ અનંતદ્રવ્યની વર્તમાન વર્તતી એક સમયની અવસ્થાને, વર્તતીને જાણે. ભૂત-ભવિષ્યની વર્તતી નથી. જાણે નહિ એમ નહિ. સમજાય છે કાંઈ? શું કરે છે આ જૈનના નામે? જૈનને નામે આવા ઊંધા (ચલાવે). પરમેશ્વર ત્રિલોકનાથ સર્વજ્ઞ... આહાહા..! એમણે કહેલો માર્ગ કોઈ અલૌકિક છે, ભાઈ! જેની એક સમયની પર્યાયમાં સર્વજ્ઞશક્તિ છે, સાથે બળ પણ અંદર છે. વીર્યશક્તિ ભિન્ન છે અને સર્વજ્ઞશક્તિમાં બળ છે. પોતાના બળથી જ્યારે સર્વજ્ઞપણું પ્રગટ થાય છે, શક્તિમાં છે, ગર્ભમાં છે તો પ્રસવ થાય છે, પ્રસવ એટલે ઉત્પત્તિ. પ્રાપ્તની પ્રાપ્તિ છે કે અપ્રાપ્તની પ્રાપ્તિ છે? છે તેમાંથી આવે છે. આહાહા..! સાગર ભર્યો છે, પ્રભુ! તને ખબર નથી. આહાહા..!

અનંતજ્ઞાન, અનંતઆનંદ, અનંતવીર્ય, અનંતસ્વચ્છતા એવી અનંતી શક્તિઓનો સાગર છે, પ્રભુ! શરીર પ્રમાણે ભલે ક્ષેત્ર નાનું હો પણ એના ભાવમાં તો દરિયો ભર્યો છે. કહો,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


શેઠ! આ તમારું 'સાગર' યાદ આવ્યું. આહાહા..!

અહીં શું કહ્યું? સ્વરૂપની રચના કરે. હવે એક બીજી વાત. જ્યારે વીર્યનું કાર્ય એ છે કે અનંતગુણની પરિણતિ નિર્મળ પ્રગટ કરે. ત્યારે તેમાં વ્યવહારનો તો અભાવ આવ્યો. વ્યવહારની રચના કરે એમ ન આવ્યું. વ્યવહાર છે તેને જાણે છે. વીર્યે જ્યાં શુદ્ધ પરિણતિ પ્રગટ કરી તો જ્ઞાનની શુદ્ધ પર્યાય પ્રગટ કરી, શ્રદ્ધાની પ્રગટ કરી, દર્શનની પર્યાય પ્રગટ કરી. રાગ છે તેને જાણે, પણ રાગને જાણે છે એમ કહેવું એ પણ વ્યવહાર છે. એ સમયે જ્ઞાનની સ્વ અને પરપ્રકાશક પર્યાય રાગ છે તો જાણે છે એમ પણ નહિ. પોતાની પર્યાય જ એટલી તાકાતવાળી છે કે સ્વ અને પરને (જાણતી) પોતાથી પ્રગટ થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? એ રાગનો તો એમાં અભાવ છે. લોકો એમ કહે છે ને કે વ્યવહાર કરતા કરતા નિશ્ચય થશે. શુભજોગ કરો તો શુદ્ધ થશે. તદ્દન મિથ્યાદૃષ્ટિ મૂઢ છે. તેને આત્માની શ્રદ્ધા નથી, આત્માના ગુણની શ્રદ્ધા નથી, તેની પરિણતિ કેવી હોય તેની શ્રદ્ધાની ખબર નથી. આહાહા..! આવી વાતું છે, બાપુ! વીતરાગ માર્ગ.. આહાહા..!

સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથની ભરતમાં ગેરહાજરી થઈ. ભગવાન તો બિરાજે છે. મહાવિદેહમાં તો પરમાત્મા સાક્ષાત્ બિરાજે છે. ક્રોડ પૂર્વનું આયુષ્ય છે. એક પૂર્વમાં સિત્તેર લાખ કરોડ છપ્પન હજાર કરોડ વર્ષ જાય. એવા ક્રોડ પૂર્વનું ભગવાનનું આયુષ્ય છે. એમના મુખમાંથી નીકળેલી વાણી આ 'કુંદકુંદાચાર્ય' ત્યાંથી અહીંયા લાવ્યા. સમજાય છે કાંઈ? દિગંબર સંત... આહાહા..! નગ્નમુનિ, મોરપિંછી કમંડળ. ભગવાન પાસે ગયા હતા, આઠ દિવસ રહ્યા. ત્યાંથી સાંભળીને આવ્યા પછી (શાસ્ત્રો બનાવ્યા). કેવળી, શ્રુતકેવળીએ કહ્યું તે હું કહીશ એમ કહ્યું. 'સમયસાર' પહેલી ગાથા.

**वंदित्तु सव्वसिद्धे धुवमचलमणोवमं गदिं पत्ते।**
**वोच्छामि समयपाहुडमिणमो सुदकेवलीभणिदं।।१।।**

કેટલાક એમ કહે છે કે, શ્રુતકેવળીએ કહેલું. એમ નહિ. 'અમૃતચંદ્રાચાર્યે' બે અર્થ કર્યા. શ્રુતકેવળી અને કેવળી એમ બે અર્થ કર્યા છે. કેવળીએ કહેલું હું કહીશ એમ કહે છે. અને 'નિયમસાર'માં તો બે શબ્દો ચોખ્ખા તદ્દન ભિન્ન છે. 'નિયમસાર'ની એક ગાથામાં છે. સમજાય છે કાંઈ? આમાં શ્રુતકેવળી છે. 'નિયમસાર' છે? (પહેલી ગાથા).

**'णमिऊण जिणं वीरं'** 'કુંદકુંદાચાર્ય' ભગવાન કહે છે,

**णमिऊण जिणं वीरं अणंतवरणाणदंसणसहावे।**
**वोच्छामि णियमसारं केवलिसुदकेवलीभणिदं।।१।।**

કેવળી અને શ્રુતકેવળીઓએ કહેલી વાત હું કહીશ. 'સમયસાર' ની ગાથામાં પણ એમ છે પણ અર્થ કરનારા કેટલાક જૂઠો અર્થ કરે છે. એ તો શ્રુતકેવળીએ કહેલું છે એવો શબ્દ છે. પણ 'અમૃતચંદ્રાચાર્યે' શ્રુતકેવળીમાંથી બે અર્થ કાઢ્યા છે. એક શ્રુતકેવળી અને એક

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કેવળી. એનો ખુલાસો અહીં ચોખ્ખો છે. '**केवलिसुदकेवलीभणिदं**' આહાહા..! સમજાય છે કાંઈ? હું 'નિયમસાર' કહીશ. પણ એ 'નિયમસાર' કેવું છે? કે કેવળી પરમાત્માએ સાક્ષાત્ કહ્યું અને શ્રુતકેવળી પાસે અમે ચર્ચા કરી, તેમનું કહેલું હું કહીશ. બે વાત થઈ. ત્યાં મહાવિદેહમાં શ્રુતકેવળી પાસે સાંભળ્યું અને કેવળી પાસે સાંભળ્યું. સમજાય છે કાંઈ? વાત તો ગંભીર બહુ છે, ભગવાન!

મુમુક્ષુ :– 'કુંદકુંદાચાર્યદેવ'ની ગાથા છે?

ઉત્તર :– આ કોની ગાથા છે? એટલા માટે તો કાઢ્યું, ભગવાન! '**केवलिसुदकेवलीभणिदं**' સર્વજ્ઞ પરમેશ્વરે કહેલું હું કહીશ. આહાહા..! એ તો મુનિ પોતે કહે તોપણ એ સત્ય છે. પણ આધાર દઈને કહે છે, ભગવાન... કોઈ કહે છે કે મહાવિદેહમાં ગયા હતા કે નહિ? 'વિદ્યાનંદજી'ને શંકા પડી, મહાવિદેહમાં ગયા છે એવું કોઈ શાસ્ત્રમાં નથી. અરે..! પાઠમાં લેખ મળે છે. 'પંચાસ્તિકાય'ની ટીકામાં લેખ છે અને 'દર્શનસાર'માં લેખ છે. 'દર્શનસાર' 'દેવસેનાચાર્ય'નું લખેલું છે. અરે..! ભગવાન 'કુંદકુંદાચાર્ય' મહાવિદેહમાં ન ગયા હોત તો અમે મુનિઓ આવો ધર્મ કેમ પામત? એવો પાઠ છે. આપણે 'સમયસાર'માં નાખ્યું છે, શરૂઆતમાં લખ્યું છે. આહાહા..! હજી પણ શંકા કરે છે. હમણા આવ્યું હતું, દેખાડ્યું હતું. 'કુંદકુંદાચાર્ય' ત્યાં ગયા હતા એ કોણ કહે છે? કોણ માને? અરે..! ભગવાન! શું કહે છે? પ્રભુ!

મુમુક્ષુ :– અહીંનો વિરોધ કરવા કહે છે.

ઉત્તર :– બસ, બસ, અહીં કહે છે તેનો વિરોધ કરવો. શેઠ બરાબર કહે છે. આ નામ શું આવ્યા? '**केवलिसुदकेवलीभणिदं**'. 'કુંદકુંદાચાર્ય' અહીંયા હતા ત્યારે કેવળી તો નહોતા. પણ કેવળીએ કહેલું કહીશ, એમ કહે છે. અને શ્રુતકેવળીએ કહેલું કહીશ. સમજાય છે કાંઈ? બહુ અધિકાર છે. 'પંચાસ્તિકાય'માં 'જયસેનાચાર્ય'ની ટીકા છે. મહાવિદેહમાં ગયા હતા. પછી આવીને 'શિવકુમાર' માટે બનાવ્યું. અને 'દર્શનપાહુડ'માં છે. સમજ્યા? પાઠ છે. આમાં નથી. આમાં છે? 'સમયસાર'માં છે. આમાં છે? આ રહ્યું, છે, છે. આ રહ્યું, જુઓ!

**जइ पउमणंदिणाहो सीमंधरसामिदिव्वणाणेण।**
**ण विवोहइतो समणा कहं सुमग्गं पयाणंति।।**

'દર્શનસાર' 'દેવસેનાચાર્ય' દિગંબર મુનિ હતા તેઓ કહે છે. અહો..! '**(મહાવિદેહક્ષેત્રના વર્તમાન તીર્થંકરદેવ) શ્રી સીમંધરસ્વામી પાસેથી મળેલા દિવ્ય જ્ઞાન વડે શ્રી પદ્મનંદિનાથે (શ્રી કુંદકુંદાચાર્યદેવે) બોધ ન આપ્યો હોત તો મુનિજનો સાચા માર્ગને કેમ પામત?**' આહાહા..! જુઓ! મુનિ કહે છે. સાક્ષાત ભગવાન પાસે ગયા અને આ લાવ્યા. એ ન લાવ્યા હોત તો અમે સાચો ધર્મ કેમ પામત? સમજાય છે કાંઈ? એમાં કોઈ બીજા મુનિનો અનાદર થાય છે?

અહીં તો કહે છે કે પોતાની જે વીર્ય–બળશક્તિ છે તે પોતાના સ્વરૂપની રચના કરે છે. શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ, વીતરાગતાને (રચે છે). એ સમયે ક્રમવર્તી પર્યાય છે તે નિર્મળ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. ક્રમવર્તી પર્યાય નિર્મળ છે. અક્રમવર્તી છે તે ગુણ છે. એ ક્રમવર્તી પર્યાય અને અક્રમવર્તી ગુણનો સમુદાય તે આત્મા છે. એમાં રાગની પર્યાયનો સમુદાય આત્મા છે એમ કહ્યું જ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? એ પહેલા આવી ગયું છે, પહેલા કહ્યું હતું.

ક્રમરૂપ અને અક્રમરૂપ અનંતધર્મસમૂહ જે કાંઈ જેટલો લક્ષિત થાય છે તે ખરેખર સઘળો એક આત્મા છે. ક્રમે ક્રમે જે નિર્મળ પર્યાય પ્રગટ થાય છે (તેની વાત છે). રાગની વાત અહીંયા છે જ નહિ. કારણ કે રાગનો સમુદાય એ આત્મા, એમ છે જ નહિ. આહાહા..! રાગને તો વિકાર, અચેતન, જડ અજીવમાં નાખી દીધો છે. આહાહા..! સમજાય છે કાંઈ?

અહીંયા તો ભગવાનઆત્મામાં અનંતગુણ જે નિર્મળ શુદ્ધ છે, દ્રવ્ય શુદ્ધ છે અને અનંતશક્તિ સંખ્યાએ છે તે શુદ્ધ છે અને એની પરિણતિ જે થાય છે તે પણ શુદ્ધ છે. એ પરિણતિ પર્યાય થાય તે ક્રમસર ક્રમબદ્ધ થાય છે તેથી ક્રમવર્તી કહ્યું. ક્રમવર્તી–ક્રમે વર્તવાવાળી. અને ગુણ એકસાથે રહેનારા છે માટે અક્રમવર્તી–અક્રમે રહેનારા છે એમ કહ્યું. એ નિર્મળ પર્યાયનો ક્રમ અને અક્રમગુણ તેનો સમુદાય તે આત્મા છે. તેમાં કોઈ રાગ કે વ્યવહાર આવ્યો નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? બંડીજી! આવી વાત છે, ભાઈ! આહાહા..! 'કુંદકુંદાચાર્ય' પોકાર કરે છે. આહાહા..! ટીકા 'અમૃતચંદ્રાચાર્ય'ની છે. 'કુંદકુંદાચાર્ય'ની ગાથામાં ભાવ હતા તેનું સ્પષ્ટીકરણ કર્યું છે. જેમ કે ગાય અને ભેંસના આઉમાં દૂધ છે દૂધ, આઉમાં દૂધ છે તેને બાઈ નીચોડીને કાઢે છે. સમજાય છે કાંઈ? એમ પાઠમાં ભાવ ભર્યા છે તેને 'અમૃતચંદ્રાચાર્ય' ટીકા કરીને સ્પષ્ટીકરણ કરે છે. 'નંદકિશોરજી'!

જ્યારે ગાય, ભેંસને દોવે તો આમ આમ નથી દોહતા. અમે તો પ્રત્યક્ષ જોયું છે ને! અમારા બેન હતા તેમની પાસે ભેંસ હતી. આ તો નાની ઉંમરની વાત છે. સંવત ૧૯૫૯ની સાલ. એ બેન દોહતી હતી તો આમ નહિ. આમ દોહે તો ચાંદા પડી જાય અને આઉમાં પણ... શું કહેવાય? ચાંદુ પડી જાય. આ ખાડો અને આ... આમ કરીને કાઢે. કોઈ પણ વાત અમે નક્કી કરી હોય એ (જોઈને નક્કી કરી હોય), એમ ને એમ ચાલે નહિ. આ ખાડો હોય ને? આ.. બન્નેનું જોર આવે. એમ શાસ્ત્રના પાઠમાં ભાવ ભર્યા છે, આઉમાં ભાવ ભર્યા છે તેને 'અમૃતચંદ્રાચાર્ય' ટીકા કરીને બહાર કાઢે છે. આહાહા..!

એ વીર્ય.. આહાહા..! એ વીર્યગુણમાં એક અકારણકાર્ય નામની શક્તિ છે. શું કહ્યું? જેમ આત્મામાં જ્ઞાન, દર્શન, આનંદ આદિ શક્તિઓ છે તેમ એક અકારણકાર્ય નામની શક્તિ છે. તેનું કાર્ય શું? કે વીર્ય જે છે તે પોતાની રચના કરે છે, એ કાર્યની રચનામાં રાગ કારણ છે અને સ્વરૂપની રચના કાર્ય છે એમ છે નહિ. અકાર્યકારણશક્તિ હવે પછી (આમાં) આવશે. જે વીર્ય સ્વરૂપની રચના કરે છે તેના કાર્યમાં રાગ જે વ્યવહાર રત્નત્રયનો રાગ છે તે કારણ છે અને સ્વરૂપની રચના કાર્ય છે, એમ છે નહિ. એક વાત. બીજી વાત–સ્વરૂપની રચના કરે છે એ કારણ છે અને રાગ તેનું કાર્ય છે એમ નથી. આહાહા..!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આવી સ્થિતિ છે પણ અત્યારે ગડબડ કરી નાખી છે. વ્યવહારથી નિશ્ચય થાય છે, વ્યવહારથી (થાય છે)... અરે..! પ્રભુ! સાંભળ તો ખરો, નાથ! તારી પામરતા તું પ્રસિદ્ધ કરે છો. રાગ તો પામર છે તેનાથી પ્રભુતા પ્રગટ થાય? આહાહા..! વીર્ય આત્મસ્વરૂપની રચના (કરે). આહા..! ગજબ વાત કરી છે ને! 'નંદકિશોરજી'! છે ને? પુસ્તક છે?

મુમુક્ષુ :- આ વાત તો ઘણીવાર ચાલી સાહેબ !

ઉત્તર :- એ માટે તો કહે છે. પહેલાના શરાફ હતા. સાંભળ્યું છે? શરાફ. આ બન્ને શેઠિયા શરાફ છે. સાચો રૂપિયો આવે તો લઈ લે. ખોટો રૂપિયો આવે તો પાછો ન આપે. લાકડાનું હોય (ઉંબરો એમાં દાબી દે). એમ હતું. ખોટો રૂપિયો શાહુકારની દુકાને આવે તો પાછો ન આપે તેમ પૈસાની ગણતરીમાં ગણે નહિ. સો રૂપિયામાં એક આવ્યો હોય તો ૯૯ ગણે અને એ રૂપિયો પાછો ન આપે. લાકડાની હોય ને નીચે, શું કહેવાય? ઉંબરો, ઉંબરો એમાં જડી દે. પેલાથી ના ન પડાય. નહિ ચાલે. શાહુકારની દુકાને ખોટો રૂપિયો આવ્યો, નહિ ચાલવા દઈએ. એમ આ તો ભગવાનની દુકાન છે. ત્યાં જૂઠું ચાલવા નહિ દઈએ. જડી દે ત્યાં ને ત્યાં. જૂઠો છે. વ્યવહારથી નિશ્ચય થાય એ તારો ખોટો રૂપિયો છે. 'જ્ઞાનચંદજી'! આહાહા..! પહેલા એવું હતું. હવે તો ખોટું હોય તો પાછું લઈ જાય. અમે શાહુકાર છીએ, અમારી પાસે ખોટો રૂપિયો આવ્યો છે એ ચાલવા નહિ દઈએ. બેંકમાં પણ એને ગણે નહિ.

અહીં પરમાત્મા સંતો એમ કહે છે, પરમાત્માની વાત જ સંતો આડતિયા થઈને કહે છે. સમજાય છે કાંઈ? ભગવાન! તારામાં એક વીર્ય નામનો ગુણ છે ને! પ્રભુ! તો એ વીર્યનું રૂપ તો અનંતગુણમાં છે ને! એ વીર્ય જેમ અનંતગુણની પરિણતિ પ્રગટ કરે છે એમાં રાગાદિની રચના એ પ્રગટ નથી કરતું. રાગાદિનો તો એનામાં અભાવ છે. આહાહા..! એ રાગનું કાર્ય પણ નહિ. સ્વરૂપની રચના જે નિર્મળ સમ્યગ્દર્શન, જ્ઞાનની થઈ એ રાગનું કાર્ય નહિ તેમ રાગ તે સ્વરૂપની રચના કરવાનું કારણ પણ નથી. આહાહા..! અરે..! શાંતિથી સાંભળે તો ખબર પડે કે આ શું છે? સાંભળવા મળે નહિ... ભગવાન ત્રિલોકનાથની વાણી સંતોએ અંતરમાં ઉતારી, આહાહા..! અને આ જગત પાસે જાહેર કરે છે, પ્રભુ!

વીર્યની પર્યાયમાં શુદ્ધ ચૈતન્યની જેટલી શક્તિઓ છે, બધી ગુણરૂપ છે, એ જ્યારે દૃષ્ટિમાં અંદર સ્વીકાર થયો તો પર્યાયમાં અનંતગુણની નિર્મળ પર્યાયનું કાર્ય થાય છે. નિર્મળ પર્યાય કહો કે મોક્ષનો માર્ગ કહો. આહાહા..! મોક્ષના માર્ગની પર્યાયની રચના વીર્ય કરે છે અને તે કાળે વ્યવહાર-રાગ છે તેનો અભાવ છે. એ રાગનું કાર્ય નહિ, મોક્ષમાર્ગની રચના એ રાગનું કાર્ય નહિ, તેમ મોક્ષમાર્ગની રચના કારણ અને રાગ કાર્ય છે, એમ પણ નથી. વિશેષ કહેશે... એક કલાક ચાલ્યું. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## પ્રવચન નં. ૮ શક્તિ–૬, ૭ ગુરુવાર, (દ્વિતીય) શ્રાવણ સુદ ૪, તા. ૧૮-૦૮-૧૯૭૭

'સમયસાર' શક્તિનો અધિકાર ચાલે છે. વીર્યશક્તિનો અધિકાર ચાલ્યો. વીર્યશક્તિનું બહુ વર્ણન છે, બહુ વર્ણન છે. 'ચિદ્‌વિલાસ' માં ઘણું (વર્ણન છે). દ્રવ્યવીર્ય, ક્ષેત્રવીર્ય, કાળવીર્ય, ભાવવીર્ય, દ્રવ્યવીર્ય, ગુણવીર્ય, પર્યાયવીર્ય એમ ઘણું વર્ણન કર્યું છે. આ તો ભંડાર છે. 'ચિદ્‌વિલાસ' છે ને? એમાં વીર્યશક્તિ (છે). ચાલી તો ગઈ, કાલે એક કલાક ચાલી. પાર નહિ એટલી શક્તિ છે.

વીર્યશક્તિ છે એ દ્રવ્યમાં વીર્યપણું છે. દ્રવ્ય દ્રવ્યથી શક્તિવાન છે, ગુણ ગુણથી શક્તિવાન છે, પર્યાય પર્યાયથી શક્તિવાન છે. અને દ્રવ્યનું જે ક્ષેત્ર છે, જીવના અસંખ્ય પ્રદેશ છે એ ક્ષેત્ર વીર્ય છે. ક્ષેત્ર ક્ષેત્રથી–પોતાથી રહ્યું છે. આહાહા..! જેમ નરક અને સ્વર્ગનું ક્ષેત્ર. નરકનું દુઃખનું ક્ષેત્ર છે, એ સંયોગથી કથન છે. સ્વર્ગમાં સુખનું (ક્ષેત્ર છે). આ લૌકિક સુખ છે તો દુઃખ, તેનું ક્ષેત્ર છે એ સંયોગથી કથન છે. ભગવાનઆત્મા અસંખ્ય પ્રદેશી છે. તેનું પ્રદેશ–ક્ષેત્ર છે. એ પ્રદેશ–ક્ષેત્ર તેનું વીર્ય છે. અસંખ્ય પ્રદેશમાં વીર્યશક્તિ છે તેને કારણે અસંખ્ય પ્રદેશમાં વસવાથી આનંદ આવે છે. સમજાય છે કાંઈ?

જેમ મકાનમાં વાસ્તુ લે છે ને? વાસ્તુ. વાસ્તુ કહે છે? બે-પાંચ લાખનું મકાન બનાવે પછી વાસ્તુ લે. નિવાસ કહે છે? પ્રવેશ, વાસ્તુ લે છે. એમ ભગવાનઆત્મા અસંખ્ય પ્રદેશમાં નિવાસ કરે છે એ તેનું વાસ્તુ છે. સમજાય છે કાંઈ? આહાહા..! અને અસંખ્યપ્રદેશમાં અનંતવીર્યક્ષેત્ર છે. નરકનું, સ્વર્ગનું ક્ષેત્ર વીર્ય. દુઃખનું ક્ષેત્ર એ સંયોગથી કથન છે. આ તો અંતરમાં અસંખ્યપ્રદેશી વીર્ય એ સુખનું સ્વરૂપ છે. અસંખ્ય પ્રદેશમાં વીર્યથી આનંદનો પાક થાય છે. સમજાય છે કાંઈ? પોતાના અસંખ્ય પ્રદેશમાં વીર્યશક્તિથી, જે અસંખ્ય પ્રદેશ પોતાથી પોતાની તાકાતથી રહ્યા છે એમાં જેનો નિવાસ છે... આહાહા..! પોતાના સ્વદેશમાં જેનો નિવાસ છે તેને અતીન્દ્રિય આનંદનો અનુભવ થાય છે એમ કહે છે. રાગ અને પુણ્ય-પાપમાં જેનો નિવાસ છે તેને દુઃખનું વેદન છે. સમજાય છે કાંઈ? માર્ગ પ્રભુનો બહુ સૂક્ષ્મ છે, ભાઈ!

પ્રભુ પોતે સૂક્ષ્મ છે ને! નામકર્મના અભાવે સૂક્ષ્મગુણ નથી આવતું? એ સૂક્ષ્મગુણ છે તો દરેક ગુણ સૂક્ષ્મ છે. જ્ઞાનસૂક્ષ્મ, દર્શનસૂક્ષ્મ, આનંદસૂક્ષ્મ, વીર્યસૂક્ષ્મ. આહા..! એમ વીર્ય છે એ દ્રવ્યનું વીર્ય–દ્રવ્ય વસ્તુ જે છે તેની શક્તિ. ક્ષેત્રનું વીર્ય–અસંખ્ય પ્રદેશનું વીર્ય. કાળનું વીર્ય–એક સમયની પર્યાયનું વીર્ય અને ક્ષેત્રમાં રહેલા જે અનંતભાવ છે એ ભાવ વીર્ય. આવો માર્ગ છે. અરે..! સાંભળવા મળે નહિ એને દેશના ઘરની, અરે..! એણે ઘરમાં કેમ વસવું એની ખબર ન મળે. આહાહા..!

'ચિદ્‌વિલાસ'માં વીર્યનો બહુ વિસ્તાર લીધો છે, બહુ લીધો છે. દ્રવ્યવીર્ય, કાળવીર્ય,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ક્ષેત્રવીર્ય, ભાવવીર્ય, ગુણવીર્ય, દ્રવ્યવીર્ય, પર્યાયવીર્ય એમ બહુ લીધું છે. અપાર વસ્તુ છે. 'દીપચંદજી સાધર્મી' થયા છે તેમણે 'અનુભવ પ્રકાશ' લખ્યું છે, 'ચિદ્‌વિલાસ' લખ્યું છે. એમાં શક્તિનું વર્ણન જે એમણે કર્યું છે એવું બીજામાં ક્યાંય વિશેષ નથી. 'સમયસાર નાટક'માં સાધારણ નામ છે પણ આમણે જે વિસ્તાર કર્યો છે એ એમની શક્તિ ઘણી! 'દીપચંદજી' ગૃહસ્થ સાધર્મી હતા. ગૃહસ્થ હતા. ગૃહસ્થ ખરેખર તો એને કહીએ, એ વાત આવી હતી, ગૃહ એટલે પોતાના ઘરમાં સ્થ (રહે) તેને ગૃહસ્થ કહીએ. 'વેણીપ્રસાદજી'! એને ગૃહસ્થ કહીએ. તમારા પૈસાવાળાને ગૃહસ્થ કહે એ ગૃહસ્થ નહિ. આહાહા.! ગૃહસ્થ-ગૃહ એટલે પોતાના ઘરમાં સ્થ-રહેવાવાળો. વીર્ય પણ પોતાના ગૃહમાં રહેનાર વીર્ય છે. પુણ્ય-પાપમાં વીર્ય જાતું નથી, એમ કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ?

એ વીર્ય જે છે તે પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં પોતાના ક્ષેત્રમાં કામ કરે છે. જોકે વિષય જરી સૂક્ષ્મ છે. નિર્મળ પર્યાય છે એ નિશ્ચયથી તો નિર્મળ પર્યાય જે મોક્ષમાર્ગની પર્યાય છે, જે દ્રવ્યના અવલંબને (ઉત્પન્ન થાય છે). 'भूतार्थ परिग्रहेण' સવારે આવ્યું હતું ને? સૂક્ષ્મ છે, ભગવાન! માર્ગ એવો છે. આહા..! અત્યારે તો બધું લોપ થઈ ગયું. જે સત્યાર્થ ભગવાનને પકડીને અનુભવ થયો એ અનુભવની જે પર્યાય છે અને દ્રવ્ય-ગુણ છે, પર્યાયનું ક્ષેત્ર અને દ્રવ્ય-ગુણનું ક્ષેત્ર બન્ને ભિન્ન છે. અરે..! સમજાય છે કાંઈ? ભેદજ્ઞાનની વાત સૂક્ષ્મ બહુ, ભાઈ! આહા..!

પર્યાયનું ક્ષેત્ર,... એ 'સંવર અધિકાર'માં આવ્યું છે. વિકારનું ક્ષેત્ર. વિકાર વસ્તુ ભિન્ન છે, એનું ક્ષેત્ર પણ ભિન્ન છે. આહાહા..! આ તે વાત ભગવાનની! સર્વજ્ઞ પરમેશ્વરના સંતો દિગંબર મુનિઓ આડતિયા થઈને સર્વજ્ઞનો માલ આપે છે. આહાહા..! સમજાય છે કાંઈ?

કહે છે, પોતાની વસ્તુ જે સત્યાર્થ ભૂતાર્થ જ્ઞાયક સ્વભાવ છે તેના આશ્રયથી તેમાં સ્થિત રહેવાથી જે આનંદના અનુભવની, અનંતગુણની પર્યાય એક સમયમાં ઉછળે છે. એ આવ્યું ને? એક સમયમાં અનંતગુણની પર્યાય ઉછળે છે એટલે ઉત્પન્ન થાય છે. એ પર્યાય ઉત્પન્ન થાય છે તેનું ક્ષેત્ર અને દ્રવ્ય-ગુણનું ક્ષેત્ર બન્ને ભિન્ન ગણવામાં આવ્યા છે. આહાહા..! અને પર્યાયનું ક્ષેત્ર પર્યાય છે. પર્યાયની શક્તિ પર્યાય છે, પર્યાય પર્યાયને કારણે છે, દ્રવ્ય-ગુણથી પણ નહિ. આહાહા..! આ ભેદજ્ઞાન સૂક્ષ્મ છે, બાપુ! સર્વજ્ઞ પરમેશ્વર સિવાય એ વાત કોઈએ જોઈ નથી, દેખી નથી અને કલ્પિત વાતો કરી છે. પંડિતજી! આહાહા..!

આ તો સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગદેવે જે આત્મા જોયો... એક વાર કહ્યું હતું ને? 'પ્રભુ તુમ જાણગ રીતિ સૌ જગ દેખતા હો લાલ... પ્રભુ તુમ જાણગ રીતિ' કેવળજ્ઞાનીને કહે છે, 'પ્રભુ તુમ જાણગ રીતિ સૌ જગ દેખતા હો લાલ, નિજ સત્તાએ શુદ્ધ સૌને પેખતા હો લાલ...' હે નાથ! હે સર્વજ્ઞદેવ! હે પરમેશ્વર! પરમાત્મા! આપ ત્રણકાળ ત્રણલોકને જુઓ છો તો અમારી નિજ સત્તા શુદ્ધ પવિત્ર છે એમ આપ જુઓ છો. વિકાર-ફિકાર એ નિજસત્તા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નહિ. આહાહા..! માર્ગ બહુ સૂક્ષ્મ છે, ભગવાન! આહાહા..! 'નિજ સત્તાએ શુદ્ધ સૌને પેખતા દેખતા' સત્તા અમારી નિજ સત્તા શુદ્ધ ચૈતન્યઘન છે, જે પુણ્ય-પાપના તત્ત્વથી ભિન્ન છે તેને આપ જુઓ છો. જેમ ભગવાન નિજ સત્તા શુદ્ધ જુએ છે, આહાહા..! એમ છદ્મસ્થ પ્રાણી પણ પોતાની પર્યાયમાં જે શુદ્ધ દ્રવ્ય-ગુણ જુએ તેને સમ્યગ્દર્શન થાય છે. આવી વાત છે, ભાઈ! આહાહા..! સમજાય છે કાંઈ? એક વાત.

બીજી વાત, ભવ મળે એ વાત અહીંયા નથી, પ્રભુ! કેમ કે ભવ એ સંસાર છે. અને એનું કારણ જે રાગાદિ, પુણ્યઆદિ, દયા, દાન આદિ એ સંસાર છે. સમજાય છે કાંઈ? સંસારથી સંસાર–ચાર ગતિ મળે છે. આહાહા..! અહીં તો પરમાત્મા ભવના અભાવની વાત કરે છે, ભાઈ! એ કદી કર્યું નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

ભગવાન તો એમ કહે છે, પુણ્યભાવ છે, પુણ્યભાવ, એ વર્તમાન દુઃખરૂપ છે, એ આત્મસ્વરૂપ નહિ અને એ દુઃખનું ફળ જે સંયોગ મળે એ પણ દુઃખરૂપ છે એમ કહે છે. આહાહા..! 'કર્તા-કર્મ અધિકાર' ની ૭૪ ગાથા છે. **'दुक्खा दुक्खफल'** એવો પાઠ છે. શુભભાવ છે એ દુઃખરૂપ છે અને તેનું ફળ દુઃખ છે. સ્વર્ગગતિ મળે પણ એ દુઃખ છે એમ અહીં તો કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? થોડી સૂક્ષ્મ વાત છે. જે શુભભાવ કર્યા હતા એ દુઃખરૂપ છે અને પુણ્યનું બંધન થયું અને તેનાથી ભગવાનની વાણી અને ભગવાન મળ્યા એ દુઃખનું કારણ છે. પરદ્રવ્ય છે ને? સમજાય છે કાંઈ? પરદ્રવ્ય મળ્યા, એની ઉપર લક્ષ જશે તો રાગ થશે. આહાહા..! બહુ ઝીણી વાતું, બાપુ! આહાહા..! 'કર્તા-કર્મ અધિકાર'ની ૭૪ ગાથામાં છે. આહાહા..! **'दुक्खा दुक्खफल'** શુભભાવ છે એ વર્તમાન દુઃખરૂપ છે અને એનાથી જે પુણ્ય બંધાશે અને ભગવાનનો અને વાણીનો સંયોગ મળશે પણ એ સંયોગી વસ્તુ છે, એના ઉપર લક્ષ જશે તો રાગ જ થશે, દુઃખ જ થશે. ગજબ વાત છે. સમજાય છે કાંઈ?

અહીંયા કહે છે, પોતાનું જે ક્ષેત્રનું વીર્ય, ભાવનું વીર્યશક્તિ, ભાવ એટલે શક્તિ, એના ભાવ વીર્યથી ભાવ રહ્યા છે. પર્યાય પર્યાયવીર્યથી રહી છે. દ્રવ્ય દ્રવ્યવીર્યથી રહ્યું છે. આહાહા..! ગજબ વાત છે, ભાઈ! ભગવાનની એક એક શક્તિનું વર્ણન અલૌકિક છે. આહાહા..! વીર્યશક્તિ તો થઈ ગઈ, હવે આજે પ્રભુત્વશક્તિ લેવી છે. આહાહા..! સાતમી શક્તિ છે?

**अखण्डितप्रतापस्वातन्त्र्यशालित्वलक्षणा प्रभुत्वशक्तिः। ७.**

**જેનો પ્રતાપ અખંડિત છે અર્થાત્ કોઈથી ખંડિત કરી શકાતો નથી એવા સ્વાતંત્ર્યથી (–સ્વાધીનતાથી) શોભાયમાનપણું જેનું લક્ષણ છે એવી પ્રભુત્વશક્તિ. ૭.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'જેનો પ્રતાપ અખંડિત છે...'** પુસ્તક નથી? 'નંદકિશોરજી'! આ તો અધ્યાત્મવાણી છે, બાપુ! પ્રભુ! આ તો અલૌકિક વસ્તુ છે. આ કાંઈ વાર્તા કથા નથી, આ તો ભાગવત્ કથા છે. 'નિયમસાર'માં લખ્યું છે. 'નિયમસાર'ની છેલ્લી ગાથામાં લખ્યું છે કે આ 'નિયમસાર' એ ભાગવત્ શાસ્ત્ર છે. લોકો ભાગવત્ કહે છે એ તો બધી સમજવા જેવી વાત છે. થોડી ઝીણી વાત છે, 'કળશ ટીકા'માં તો 'રામાયણ' અને 'ભાગવત્'ને રાગનું કારણ કહ્યું છે. આ તો ભાવ, વીતરાગની રામાયણ છે. ભાગવત કથા-જેમાં વીતરાગતા ઉત્પન્ન થાય એ ભાગવત્ કથા છે. સમજાય છે કાંઈ? આહાહા..!

કહે છે, **'જેનો પ્રતાપ અખંડિત છે...'** કોનો? દ્રવ્યનો. જે આત્મદ્રવ્ય છે એમાં પ્રભુત્વશક્તિ છે. પ્રભુત્વશક્તિ છે, ઈશ્વરશક્તિ છે. આહાહા..! સમજાય છે કાંઈ? એ ઈશ્વરશક્તિ કહો કે પ્રભુત્વશક્તિ કહો કે પરમેશ્વરશક્તિ કહો. આહાહા..! પોતાનો પરમેશ્વર, એમ આવ્યું છે ને? ભાઈ! ભૂલી ગયો છે. આવ્યું હતું ટીકામાં. પોતાના પરમેશ્વરને ભૂલી ગયો. બીજા પરમેશ્વરને યાદ કરે છે પણ પોતાના પરમેશ્વરને ભૂલી ગયો. સર્વજ્ઞ વીતરાગ પરમાત્મા સાચા પરમેશ્વર પરમાત્મા છે. તોપણ એમનું સ્મરણ કરવાથી પણ રાગ થાય છે, કહે છે. આહાહા..! પરદ્રવ્ય છે ને? એમાં છે ને? પોતાનો પરમેશ્વર. ૩૮ ગાથામાં છે. જીવ અધિકારની છેલ્લી ગાથા. મુઠ્ઠીમાં સોનું હોય, દાતણ કરે છે ને? તો દાંતમાં સોનું રાખે. દાંત ઘસતી વખતે સોનું મુઠ્ઠીમાં રાખે. પછી ભૂલી ગયો કે ક્યાં રાખ્યું? એમ ભગવાનઆત્મા પરમેશ્વર સ્વરૂપને અનાદિથી ભૂલી ગયો છે અને પુણ્ય ને પાપ ને એના ફળને યાદ કર્યા. એના ફળ આવ્યા. પોતાનો પરમેશ્વર અંદર ચિદાનંદ ભગવાન છે. આહાહા..!

કહે છે, દ્રવ્ય જે વસ્તુ છે એમાં પ્રભુત્વ છે. જે ગુણ છે એ દરેક ગુણમાં પ્રભુત્વ છે. આહાહા..! જ્ઞાનમાં પ્રભુત્વ છે, દર્શનમાં પ્રભુત્વ છે, આનંદમાં પ્રભુત્વ છે, અસ્તિત્વમાં પ્રભુત્વ છે, કર્તા નામની શક્તિ ષટ્કારક છે તે દરેક શક્તિમાં પ્રભુત્વ છે. આહાહા..!

મુમુક્ષુ :- અનંત પ્રભુત્વ છે?

ઉત્તર :- અનંત પ્રભુત્વ છે. આહાહા..! અરે..! આ વાત! આત્મા કોણ ચીજ છે એની ખબર ક્યાં છે? અને એના જ્ઞેયમાં એનું જ્ઞાન આવ્યા વિના બધું ફોગટ નિરર્થક છે, ચાર ગતિના ભવની વાત છે. ચાહે તો એ દયા, દાન ને વ્રત ને તપ ને અપવાસ ને ભક્તિ ને પૂજા ને મંદિરો બનાવે તો એ શુભભાવ છે, એ સંસાર છે. આહાહા..! ગજબ વાત છે, ભાઈ! 'બાલચંદજી'! આવી વાત છે. આહા..!

અહીં કહે છે કે દ્રવ્યમાં પ્રભુત્વશક્તિ છે એ દ્રવ્યમાં, ગુણમાં અને પર્યાયમાં ત્રણેમાં વ્યાપી છે. એક વાત. એ પ્રભુત્વશક્તિનું રૂપ અનંતગુણમાં છે. પ્રભુત્વશક્તિ અનંતગુણમાં નથી પણ પ્રભુત્વનું રૂપ છે. જ્ઞાનમાં સામર્થ્યતા, દર્શનમાં સામર્થ્યતા, ચારિત્રમાં સામર્થ્યતા, અસ્તિત્વમાં સામર્થ્યતા, કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, (અપાદાન), અધિકરણ એ છ શક્તિની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પર્યાયમાં સામર્થ્યતા, ગુણમાં સામર્થ્યતા, દ્રવ્યમાં સામર્થ્યતા છે. આહાહા..! સમજાય છે કાંઈ?

એવી એક પ્રભુત્વ નામની શક્તિ. એણે શું કર્યું? એ શક્તિનું સ્વરૂપ શું? એનો પ્રતાપ અખંડિત છે. આહાહા..! દ્રવ્યમાં અને અનંતગુણોમાં જે પ્રભુત્વ છે એનો પ્રતાપ અખંડ છે, એનો પ્રતાપ કોઈ તોડી શકે એવી કોઈ વસ્તુ જગતમાં નથી. સમજાય છે કાંઈ? કે આકરા કર્મ ઉદયમાં આવે તો આત્માને લૂંટી લે, એ બિલકુલ ખોટી વાત છે. આહાહા..! અખંડિત પ્રતાપ જેનો છે. વસ્તુ ભગવાનઆત્મા, એનો પ્રતાપ અખંડ પ્રતાપ છે. આહાહા..! અને અખંડ પ્રતાપથી ખંડિત ન થાય એવી સ્વતંત્રશાળી સ્વતંત્રતાથી શોભાયમાન દ્રવ્ય છે એ પ્રભુત્વશક્તિને કારણે છે. આહાહા..!

જેની ઈશ્વરતા દ્રવ્યમાં છે, ગુણમાં છે અને પર્યાયમાં છે અને પ્રત્યેક ગુણમાં એની ઈશ્વરતાનું રૂપ છે. આહાહા..! પ્રભુતાનું રૂપ છે. પહેલા એક 'દલપતરામ' હતા ને? અમારી નિશાળ વખતે એક 'દલપતરામ' કવિ હતા, બહુ હોંશિયાર. કવિ 'દલપતરામ ડાહ્યાભાઈ', 'દલપતરામ ડાહ્યાભાઈ' હતા. અમારી વખતે એ હતા. એના છોકરાઓ છે, મળ્યા હતા, અહીં આવ્યા હતા. વઢવાણમાં છે. કવિ દલપતરામ. કદડા. તે દિ' કદડા કહેતા. કદડા-કવિ દલપતરામ ડાહ્યાભાઈ. એ કદડા. એણે એક વાર એવી કડી બનાવી હતી. નિશાળમાં આવી હતી. 'પ્રભુતા પ્રભુ તારી તો ખરી, મુજરો મુજ રોગ લે હરિ' આ તો નિશાળમાં આવ્યું હતું. 'પ્રભુતા પ્રભુ તારી તો ખરી' સમજ્યા? તારી એટલે તમારી. 'મુજરો..' મુજરો એટલે મારી વિનંતી. 'મુજરો મુજ રોગ લે હરિ' એમ આ પ્રભુતા. તારી પ્રભુતા એવી છે... આહાહા..! એ અજ્ઞાન અને રાગ-દ્વેષને હરનારી પ્રભુતા છે. સમજાય છે કાંઈ?

દ્રવ્યની પ્રભુતા અખંડ પ્રતાપથી શોભાયમાન, ગુણની પ્રભુતા અખંડ પ્રતાપથી શોભાયમાન, પર્યાયની પ્રભુતા અખંડ પ્રતાપથી શોભાયમાન. અને દ્રવ્યની સ્વતંત્ર શોભા, પોતાના દ્રવ્યથી પોતાની શોભા પોતામાં છે. ગુણની શોભા સ્વતંત્રતાથી છે. એક સમયની પર્યાય છે, અહીં નિર્મળ પર્યાયની વાત કરવી છે, હોં! અહીં મલિનની વાત નથી. પોતાની નિર્મળ પર્યાય જે સ્વદ્રવ્યના આશ્રયે સમ્યગ્દર્શન જે ધર્મ પર્યાય થાય છે, આહા..! તેની પ્રભુતા તેમાં છે. તેની પ્રભુતાને કોઈ ખંડિત કરી શકે (એમ નથી). આહાહા..! કહે છે ને? કર્મ એવા આકરા આવે. મૂઢ છે, કર્મ તો જડ છે, પર છે. પરનો તો તને સ્પર્શ પણ નથી. પરને સ્પર્શતો નથી અને પર તને સ્પર્શતા નથી. તારામાં તારા દ્રવ્ય-ગુણ-પર્યાયને સ્પર્શે છે. આહાહા..! અહીં શુદ્ધની વાત કરવી છે, હોં! શુદ્ધ. અશુદ્ધતાને અહીંયા ગણવામાં આવી જ નથી. અશુદ્ધતાનો તો અભાવ છે. શુદ્ધતાની પર્યાયમાં દ્રવ્ય-ગુણ-પર્યાયની પ્રભુતા પ્રગટી તો અશુદ્ધતાનો અભાવ એ નાસ્તિ છે. એ જ અનેકાંત છે. અશુદ્ધતાથી પ્રભુતાની પર્યાય પ્રગટ થાય છે એમ નહિ. આહાહા..!

સમ્યગ્દર્શનની પર્યાયમાં પ્રભુતા છે. સમ્યગ્દર્શન પર્યાય છે એમાં પ્રભુતા છે. અને શ્રદ્ધા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ગુણ ત્રિકાળ છે એમાં પ્રભુતા છે અને દ્રવ્યમાં પ્રભુતા છે. શ્રદ્ધાશક્તિ દ્રવ્યમાં વ્યાપક છે તેમાં પ્રભુતા છે. આહાહા..! એક શ્રદ્ધાશક્તિ દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેમાં વ્યાપક છે અને એક શક્તિ પ્રભુત્વશક્તિ અનંતગુણમાં વ્યાપક છે. આ તો ભાઈ! બહુ ધ્યાન રાખે તો પકડાય એવી ચીજ છે. આ કાંઈ (સાધારણ વાત નથી). આહાહા..!

અનંતગુણ, અનંત અનંતગુણનો અફાટ વિસ્તાર અંદર પડ્યો છે. આહાહા..! પર્યાયમાં પરિણમન થાય છે તો એ પોતાની પ્રભુતાથી પર્યાય, અખંડ પ્રતાપથી સ્વતંત્રતાથી શોભાયમાન થાય છે. શું કહ્યું? દ્રવ્ય-ગુણ તો અખંડ પ્રતાપથી સ્વતંત્રતાથી શોભાયમાન છે જ, પણ જેણે દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરીને સમ્યગ્દર્શન આદિ પર્યાય પ્રગટ કરી, એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની જે પર્યાય છે તે અખંડ પ્રતાપથી શોભિત છે. તેનો કોઈ ખંડ કરે એવી કોઈની તાકાત જગતમાં નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

અખંડ પ્રતાપથી શોભિત છે અને સ્વતંત્રશાળી છે. એ સ્વતંત્રતાથી શોભિત છે. પર્યાય પોતાની સ્વતંત્રતાથી શોભિત છે. રાગ છે ને વ્યવહાર છે તો એ પર્યાય પ્રગટ થઈ એમ નથી. સમજાય છે કાંઈ? આવી વાતું છે. આ તો શક્તિનો ખજાનો છે. આહાહા..! તારી પર્યાયની પ્રભુતા અખંડ પ્રતાપથી અને સ્વતંત્રતાથી શોભાયમાન છે. 'જ્ઞાનચંદજી'! આહાહા..! તારી પર્યાય એને કહીએ કે જે ત્રિકાળી શુદ્ધ દ્રવ્ય છે અને ત્રિકાળી ગુણ શુદ્ધ છે તેના અવલંબને જે પર્યાય પ્રગટ થઈ તે પર્યાયને તેની કહેવામાં આવે છે. આહાહા..! સમજાય છે કાંઈ? એના અવલંબન વિના, પર્યાય જે નિમિત્તના અવલંબને થાય છે એ તો અશુદ્ધતા અને વિકાર છે, બેકાર છે, આત્મા માટે લાભદાયક નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

ભગવાનઆત્મા... અરે..રે..! ખબર નથી કે હું કોણ છું? પ્રભુ! તારી એક એક શક્તિ પ્રભુતાના અખંડ પ્રતાપથી અને સ્વતંત્રતાથી શોભાયમાન છે. એ એનો શણગાર છે. આહાહા..! શરીર ઉપર શણગાર પહેરે છે ને? એ ધૂળના શણગાર, મડદાના શણગાર છે. આ તો મડદું છે, મડદું. આહાહા..! ૯૬ ગાથામાં 'અમૃતચંદ્રાચાર્યે' કહ્યું છે. શાસ્ત્રમાં એમ આવે છે, સાચા મુનિ ભાવલિંગી હોય એ દીક્ષા માટે જાય એમાં કોઈ રૂદન કરે તો પાછા ફરી જાય. અમે તો મોક્ષમાર્ગમાં નીકળ્યા છીએ એમાં રૂદન ક્યાં? એને અંતરાય ગણ્યો છે. અંતરાયમાં એવું છે. અમે તો આનંદની મોજમાં ચાલીએ છીએ અને આનંદને સાધીએ છીએ ત્યાં આ શું? બાળક રોવે તો ચાલ્યા જાય. અમારા આનંદની લહેરમાં રૂદન શું? આહાહા..! એમ અહીંયા ભગવાનઆત્મા અમૃતરસનો ભંડાર જ્યાં ખુલે છે ત્યાં દુ:ખ અને રૂદન શું?

અહીં કહે છે.. આહાહા..! બીજી ચીજ કર્તા થઈને, નિમિત્ત થઈને લાભ કરે એવી આ ચીજ નથી. 'ધન્નાલાલજી'! આહાહા..! અરે..! આવું ક્યાં મળે છે? આવો ભગવાન બિરાજે છે, ભાઈ! તને ખબર નથી. તારી કિંમત તને આવી નથી. આહાહા..! 'અનુભવપ્રકાશ'માં કઠિયારાનું દૃષ્ટાંત આપ્યું છે ને? કઠિયારા સમજ્યા? લાકડીવાળો. એમાં એને કોઈ રત્ન,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હીરા મળી ગયા. ચકચકાટ, ચકચકાટ થાય. સ્ત્રીને ઘરે આવીને કહે, જુઓ! આપણે હવે ગ્યાસતેલ બાળવું મટી જશે. એના પ્રકાશમાં રોટલા કરજે. સમજ્યા? હીરાની કિંમત ન મળે. એના પ્રકાશમાં આપણે ગ્યાસતેલ બચી જશે. એમાં એક ઝવેરી એના ઘરે આવી ગયો. જોઈને કહ્યું, આ શું છે? ભાઈ! કોઈ વસ્તુ છે, એના પ્રકાશમાં અમારું ગ્યાસતેલ બચે છે. અરે..! પ્રભુ! તું શું કરે છે? એ હીરો મને આપ અને હજાર ગોદામ જે સોનામહોરના છે, એ એક એક ગોદામમાં લાખો સોનામહોર છે એવા હજાર ગોદામ હું તને આપું, તું આ મને આપી દે. અરે..! આવી ચીજ! મને ખબર નહિ. 'અનુભવ પ્રકાશ'માં દૃષ્ટાંત આવે છે. આહાહા..! એમ ભગવાન ચૈતન્યહીરલો અંદર છે. આહાહા..! જેના પ્રકાશમાં લોકાલોક જણાય છે એમ કહેવું એ પણ અસદ્ભુત વ્યવહાર છે. પોતાની પર્યાય પોતાથી જાણે છે. આહાહા..!

એવા અખંડ પ્રતાપથી જ્ઞાનની પર્યાય (શોભિત છે). ગુણ-દ્રવ્ય છે એ અખંડ પ્રતાપથી ધ્રુવરૂપ છે પણ અહીં તો જે પરિણમન થયું.. આહાહા..! જ્ઞાનની પર્યાય પોતાના અખંડ પ્રતાપથી સ્વતંત્રપણે પ્રગટ થઈ છે. એ સ્વતંત્રપણાની એને શોભા છે. એમ સમકિતની પર્યાય ઉત્પન્ન થાય છે એ પર્યાયમાં પણ અખંડ પ્રતાપ સ્વતંત્રતાથી શોભાયમાન થતી ઉત્પન્ન થાય છે. આહાહા..! દર્શનમોહ ગયો, મિથ્યાત્વ ગયું તો સમકિત થયું એવી અપેક્ષા નથી. સમજાય છે કાંઈ? એમ આનંદની પર્યાય ઉત્પન્ન થાય છે, અતીન્દ્રિય આનંદનો ખજાનો ભગવાન છે. આનંદ દ્રવ્યમાં, ગુણમાં, પર્યાયમાં પ્રસર્યો. એ આનંદની પર્યાયમાં પ્રભુતા અખંડ પ્રતાપથી સ્વતંત્રપણે શોભાયમાન થતી અનંતી પર્યાય પ્રગટે એની પ્રભુતાને કોઈ લુટે, ખંડ કરે એમ છે નહિ. આહાહા..! આવું છે. આ તો શક્તિનું વર્ણન (ચાલે છે). આ ક્લાસ આવે છે તો શક્તિનું વર્ણન કરવું, એમ 'રામજીભાઈ'એ કીધું. મને પણ થોડો વિચાર આવી ગયેલો. સાંભળે તો ખરા, અહીં ૪૩ વર્ષ થયા. આહાહા..! ભલે ઝીણું પડે પણ બાપુ! આવું કાંઈક છે. માર્ગમાં પદ્ધતિ કોઈ જુદી જાતની છે. એના ખ્યાલમાં તો આવે ને! આહાહા..!

મુમુક્ષુ :- બહુ સરસ વાત છે, સરસ વાત છે.

ઉત્તર :- પહેલા નંબરની બહુ સરસ વાત છે. એમ.એ.ના નંબરની નહિ. પહેલા સમ્યગ્દર્શન થવાના નંબરની વાત છે આ તો. આહાહા..! અરે..! ક્યાં નવરાશ, ક્યાં ફુરસદ લોકોને છે? આહાહા..!

અહીં તો પરમાત્મા એમ કહે છે કે પર જે રાગાદિ વ્યવહાર રત્નત્રય છે તેને કારણે સમ્યગ્દર્શનની પર્યાય પ્રગટ થઈ, એમ છે જ નહિ. એ સમ્યગ્દર્શનની પર્યાય સ્વતંત્રપણે અખંડ પ્રતાપથી શોભાયમાન થઈને પ્રગટ થઈ છે. આહાહા..! એમ પોતામાં ચારિત્રગુણની પર્યાય (પ્રગટે છે). ચારિત્ર એક શક્તિ છે, પર્યાય ચારિત્ર ભિન્ન. ચારિત્ર નામની એક શક્તિ છે. અકષાય સ્વભાવ વીતરાગ સ્વભાવ કહો કે ચારિત્ર સ્વભાવ કહો. એ ચારિત્રગુણ પણ દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેમાં વ્યાપક છે. વ્યાપક ક્યારે? કે જ્યારે સમ્યગ્દર્શન થયું તો. સમજાય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે કાંઈ? નહિતર દ્રવ્ય-ગુણમાં તો હતો પણ પર્યાયમાં નહોતો. અહીંયા તો વસ્તુસ્થિતિ એવી છે કે અનંતચારિત્રનો પિંડ ભગવાન શક્તિરૂપ છે, એનો જ્યાં આશ્રય થયો તો પર્યાયમાં ચારિત્ર આનંદ આનંદ વૈભવ (પ્રગટ થયો). પોતાના નિજ વૈભવની સેવા કરનાર ચારિત્ર, અનંતગુણનો અનુભવ કરનાર ચારિત્ર, એ ચારિત્રની પર્યાય અખંડ પ્રતાપથી સ્વતંત્રપણે શોભે એ પર્યાય છે. અરે..રે..! હજી તો લોકો પાંચમહાવ્રત ને વિકલ્પ ને નગ્નપણાને ચારિત્ર માને. હજી ખબર પણ નથી.

મુમુક્ષુ :- રાગને ચારિત્ર માને છે.

ઉત્તર :- રાગની ખબર નથી. નવમી ગ્રૈવેયકે ગયો એ સમયે જે રાગ હતો એ રાગ પણ (અત્યારે) ક્યાં છે? 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો' ભાઈ! આ તો વસ્તુ છે. લોકો એમ સમજે છે કે અરે..રે..! અમારા સાધુપણાની નિંદા કરે છે. અરે પ્રભુ! તું સાંભળ તો ખરો, ભાઈ! સાધુપણાની નિંદા? આહા..! ધન્ય પરમેશ્વરપદ છે એ તો! સાધુપદ તો પંચ પરમેષ્ઠી પદ છે. આહા..! એ તો પહેલા કહ્યું ને? પહેલા એ બોલીએ છીએ, પછી આ બહારથી બોલીએ છીએ. પહેલા અંદરમાં બોલીએ છીએ કે ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી અરિહંતાણં. પહેલા અંદર બોલીએ છીએ ને? પહેલા બોલ્યા પછી ણમો અરિહંતાણં બોલીએ છીએ. ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સિદ્ધાણં, ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી આઈરિયાણં. એ 'ધવલ'નો પાઠ છે. ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી ઉવ્વજ્ઝાયાણં, ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં. આહાહા..! જે વર્તમાન સાધુ નથી અને એ જીવ કોઈ નરકમાં પણ હોય પણ ભવિષ્યમાં સાધુ થશે તો કહે છે કે અમે તો ત્રિકાળવર્તી સાધુને નમસ્કાર કરીએ છીએ. સમજાય છે કાંઈ?

ચારિત્રની જે પર્યાય છે એ વીતરાગી આનંદ લઈને એ પર્યાય પ્રગટ થાય છે. આહાહા..! ધન્ય અવતાર! બાપુ! ચારિત્ર એટલે શું!! સમજાય છે કાંઈ? એ ચારિત્રની પર્યાય દ્રવ્ય-ગુણમાં તો શક્તિરૂપ છે પણ જ્યાં સ્વભાવનું અવલંબન લઈને સમ્યગ્દર્શન પ્રગટ થયું અને ઉગ્ર આશ્રય લીધો ત્યારે ચારિત્ર થયું. સમજાય છે કાંઈ? એ તો પરમેશ્વરપદ! પ્રભુ! આહાહા..! અરે..! ભાઈ! એ ચારિત્રની પર્યાય પોતાના અખંડ પ્રતાપથી (શોભિત છે). પ્રભુત્વશક્તિનું એમાં રૂપ છે. ચારિત્રશક્તિની પર્યાયમાં પ્રભુત્વશક્તિનું રૂપ છે. આહાહા..! એ અખંડ પ્રતાપથી શોભાયમાન વીતરાગી પર્યાય સ્વતંત્રતાથી શોભાયમાન છે.

શાલી કહ્યું છે ને? શાલી કહ્યું છે. છે? સ્વતંત્રશાલી. પંડિતજીને એ પ્રશ્ન કર્યો હતો ને? મેં કીધું, આ સ્વતંત્રશાલી શું? અહીં શોભાયમાન અર્થ કર્યો છે. બીજે ઠેકાણે ચૈતન્યશાળી આવે છે. 'પંચાસ્તિકાય' માંથી કાઢ્યું હતું. ચૈતન્યશાળી છે. ત્યાં અર્થ નથી કર્યો. ચૈતન્યશાળીના બે અર્થ થાય છે. ચૈતન્યવાન અને ચૈતન્યથી શોભાયમાન. લોકો એમ કહે છે ને? આ પુણ્યશાળી છે, ભાગ્યશાળી છે. એ પુણ્યવાન અને ભાગ્યવાન કહેવાય. બસ! એ શોભાયમાન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નથી. આ ધૂળ મળે, પાંચ-પચાસ લાખ, કરોડ, બે કરોડ ધૂળ મળે એ કાંઈ શોભા નથી, એ તો એકલા પાપ છે.

'યોગસાર' (૭૧ ગાથા)માં તો 'યોગીન્દ્રદેવ' એમ કહે છે કે 'પાપ પાપ કો તો સહુ કહે પણ અનુભવીજન પુણ્યને પણ પાપ કહે' આહાહા..! રાડ નાખે ને લોકો! પુણ્ય-પાપમાં ભેદ જાણે એ ઘોર સંસારી પ્રાણી છે. 'પ્રવચનસાર' (૭૭ ગાથા)માં આવ્યું છે. પુણ્ય ઠીક છે અને પાપ અઠીક છે એવા ભેદ પાડે છે એ ઘોર સંસાર ચાર ગતિમાં રખડવાવાળો છે. આવી વાત છે. સમજાય છે કાંઈ? પુણ્ય-પાપ બેમાં પુણ્ય ઠીક છે, શુભભાવ ઠીક છે (એમ માને). ત્યાં તો કહ્યું કે, જે ભાવ કુશીલ છે, સંસાર પ્રવેશ કરાવે એ ભાવ ઠીક ક્યાંથી હોય? આહાહા..! એ શુભભાવ સંસારમાં પ્રવેશ કરાવે છે, ભવ મળે છે. આહાહા..!

અહીંયા તો સમ્યગ્દર્શનની વાત ચાલે છે. જેમાં ભવનો અભાવ થાય ત્યારે મુક્તિ થાય છે. પહેલેથી ભવના અભાવસ્વભાવ સ્વરૂપ, ભવના અભાવસ્વભાવ સ્વરૂપ અને ભવના કારણરૂપ વિકારના અભાવસ્વભાવ સ્વરૂપ ભગવાનઆત્મા છે. સમજાય છે કાંઈ? એના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં પ્રભુતા વ્યાપક છે. આહાહા..! ઈશ્વરતા. ઇ બીજો ઈશ્વર ગોતે કે અમારો કરનારો બીજો ઈશ્વર છે. આહાહા..! તારી પર્યાયની ઈશ્વરતાનો દ્રવ્ય-ગુણ કર્તા નહિ તો તારો કર્તા કોઈ બીજો ઈશ્વર છે? આહાહા..! સમજાય છે કાંઈ? બાપુ! આ તો મારગડા જુદા છે. આહા..!

એક એક શક્તિમાં કેટલું ભર્યું છે! અખંડ પ્રતાપ. પોતાના દ્રવ્ય-ગુણમાં અને એક એક ગુણમાં અખંડ પ્રતાપથી સ્વતંત્રપણે એ ગુણ શોભાયમાન રહ્યા છે અને પોતાની પર્યાયમાં નિર્મળ પર્યાય જે સ્વદ્રવ્યને આશ્રયે પ્રગટ થાય એ જ એની પર્યાય છે, યથાર્થતામાં તો વિકાર એની પર્યાય નથી. નિશ્ચયથી તો એ પર્યાય પુદ્ગલની જડની છે. આહાહા..! એ વ્યવહાર રત્નત્રય દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો ભાવ રાગ છે, એ પુદ્ગલ છે, એ આત્માની પર્યાયમાં નથી. આહાહા..! અરે..! તારું માહાત્મ્ય! તારી પર્યાયનું માહાત્મ્ય અલૌકિક છે. પ્રભુતા અખંડતાથી શોભાયમાન છે તો તારા દ્રવ્ય-ગુણની પ્રભુતા અખંડ શોભા અને સ્વતંત્રતાનું તો શું કહેવું!! સમજાય છે કાંઈ? પણ વાત વિશ્વાસમાં આવવી (કઠણ). આહાહા..! એના દ્રવ્ય-ગુણ-પર્યાય પ્રભુતાશક્તિથી ભરેલા છે. એક એક ગુણ પ્રભુત્વથી ભરેલા છે એમ પ્રતીતમાં આવવું જોઈએ. એ પ્રતીત અખંડ પ્રતાપથી શોભાયમાન સ્વતંત્ર છે. ત્યારે તેણે પ્રભુત્વશક્તિને જાણી અને માની. આ તો પામરતા.. અરે..રે..! અમે તો આવા, અમે તો દીન છીએ, અમે દીન છીએ, અમે ગરીબ માણસ છીએ, અમારો પુરુષાર્થ બહુ ઓછો છે. ઓછો છે એમ નહિ વિરૂદ્ધ છે. ઓછો પુરુષાર્થ તો ત્યારે કહેવાય..

એ 'કાર્તિકેયાનુપ્રેક્ષા'માં આવ્યું છે કે નિજ સ્વરૂપનું ભાન થયું કે અનંત પ્રભુત્વથી હું બિરાજમાન છું. એક એક શક્તિ પ્રભુત્વ અને પર્યાયમાં પ્રભુત્વ. એક સમયમાં જે અનંતી પર્યાય છે તો પ્રત્યેક પર્યાયની પ્રભુતાથી એ અખંડ શોભાયમાન છે. બીજી પર્યાયથી એ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



શોભાયમાન છે એમ પણ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? એવું ભાન થયું, સમ્યગ્દર્શન થયું તો ત્યાં 'કાર્તિકેયાનુપ્રેક્ષા'માં લીધું છે કે ઓહો..! મારી પર્યાયમાં પામરતા છે. કઈ અપેક્ષાએ? કેવળજ્ઞાનની અપેક્ષાએ. સ્વામી કાર્તિકેયમાં ગાથા છે. સ્વામી કાર્તિકેયની દ્વાદશ અનુપ્રેક્ષા છે ને? એમાં એક શ્લોક છે કે સમ્યગ્દૃષ્ટિ જીવ દ્રવ્ય-ગુણ-પર્યાયની પ્રભુતા માને છે પણ એ પ્રભુતા, પૂર્ણપર્યાય પાસે પામર છે. સમજાય છે કાંઈ? આહાહા..! એક બાજુ પર્યાયની પ્રભુતા અખંડ પ્રતાપથી સ્વતંત્ર શોભાયમાન કહેવું અને બીજી બાજુ એ પર્યાયને કેવળજ્ઞાનની અપેક્ષાએ પામર કહેવું. આ સ્યાદ્વાદ માર્ગ છે. અનેકાંત સ્વરૂપ છે. આહાહા..!

કહે છે કે પર્યાયમાં જ્યારે પરમાત્મદશા પ્રગટ થઈ પણ પરમાત્મપણાની પર્યાય પ્રગટ નથી થઈ ત્યાં સુધી પર્યાય અખંડ પ્રતાપથી શોભાયમાન છે, સ્વતંત્ર છે છતાં કેવળજ્ઞાનની અપેક્ષાથી એ પર્યાય પામર છે. આરે.. આરે..! આવી વાત. આહાહા..! સમ્યગ્દૃષ્ટિ જીવ, પોતાના સ્વરૂપનો અનુભવ થયો, આનંદનો સ્વાદ આવ્યો, પૂર્ણાનંદની પ્રતીતિ થઈ પૂર્ણની તોપણ જ્યાં સુધી ચારિત્ર અને વીતરાગતા નથી ત્યાં સુધી હું પામર છું એમ કહે છે, એવો પાઠ છે. પોતાને તૃણ સમાન માને છે. એક કોર પ્રભુતા પર્યાય છે. અખંડ પ્રતાપથી શોભાયમાન છે પણ પૂર્ણ કેવળજ્ઞાનનો અભાવ છે તે અપેક્ષાએ પોતાને તૃણ સમાન માને છે. હું ક્યાં અને પ્રભુ ક્યાં! અને ચારિત્રવંત મુનિરાજની આનંદની રમણતા અને મારી પર્યાય ક્યાં! આહાહા..!

મુમુક્ષુ :– આંશિક શુદ્ધિ અને પૂર્ણ શુદ્ધિ.

ઉત્તર :– પૂર્ણ શુદ્ધિ. આહાહા.! છતાં આંશિક શુદ્ધિને અહીંયા તો અખંડ પ્રતાપથી સ્વતંત્રતાથી શોભાયમાન કહ્યું. સમજાય છે કાંઈ? આહાહા..! પણ કેવળજ્ઞાનની અપેક્ષાએ ચારિત્રની આનંદની રમણતા.. આહાહા..! ક્ષાયિક સમકિતી 'શ્રેણિક' રાજા, જેણે તીર્થંકર ગોત્ર બાંધ્યું, આહાહા..! એ ક્ષાયિક સમકિતની પર્યાય અખંડ પ્રતાપથી શોભાયમાન છે. એ જ ક્ષાયિક સમકિતની પર્યાય આગળ જઈને કેવળજ્ઞાન લેશે. પણ એ ક્ષાયિક સમકિતની પર્યાય અખંડ પ્રતાપથી શોભાયમાન હોવા છતાં અરે..રે..! અમારી પર્યાય પામર છે. ક્યાં ચારિત્રવંત સંતો, ક્યાં કેવળજ્ઞાની પરમાત્મા અને ક્યાં હું! આહાહા..! પોતાને તૃણ સમાન માને છે. 'કાર્તિકેયાનુપ્રેક્ષા'માં એવો પાઠ છે. કઈ અપેક્ષાએ?

અહીંયા તો પ્રભુતાની વાત ચાલે છે. પણ મને પૂર્ણ શુદ્ધિનો અભાવ છે. અરે..રે..! ત્યાં 'ધવલ'માં તો એમ પણ લીધું છે કે મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનની પર્યાય પોતાના સ્વભાવને આશ્રયે પ્રગટ થઈ એ મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન.. આહાહા..! 'ધવલ'માં એવો પાઠ છે કે કેવળજ્ઞાનને બોલાવે છે. એવો પાઠ છે. જેમ કોઈ એક માણસ માર્ગ ભૂલ્યો હોય અને બોલાવે, એ.. ભાઈ! અહીંયા આવો, અહીંયા આવો, આ માર્ગ ક્યાં જાય છે? કહે છે ને? રસ્તો ભૂલી જાય ત્યારે. એ ભાઈ! અહીંયા આવો. આ રસ્તો વાડમાંથી જાય છે કે ખેતરમાંથી જાય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે? અમારે સિદ્ધપુર જાવું છે. સિદ્ધપુરનો રસ્તો વાડ છે ત્યાંથી જાય છે કે અહીંથી જાય છે? એમ ભગવાન કહે છે કે... આહાહા..! જેને મતિજ્ઞાનમાં અનંત પ્રભુતા અખંડ પ્રતાપથી પ્રગટ થઈ અરે..! મતિજ્ઞાન કેવળજ્ઞાનને બોલાવે છે, પ્રભુ! મને તારો વિરહ છે. આહાહા..!

મુમુક્ષુ :– પ્રભુ! તમે તો હાથ પકડીને દેખાડો છો.

ઉત્તર :– આહાહા..! એવો પાઠ છે, ભાઈ! શેઠ! 'ડાલચંદજી' એમાં પાઠ છે. આહાહા..! આચાર્યોએ સંતોએ તો કમાલ કરી નાખી! એક એક ગાથા કમાલ કમાલ કરી નાખી!! આહાહા..! પ્રભુ! એકવાર સાંભળ તો ખરો નાથ! નાથ કેમ કહ્યું? તારા દ્રવ્ય, ગુણ અને પર્યાયની રક્ષા કરનારો તું છો. યોગક્ષેમ કરનારને નાથ કહે છે. તારી પર્યાયની રક્ષા કરનારો તું છો અને ક્ષેમ–નહિ મળેલી એને પ્રાપ્ત કરવા માટે તું નાથ સ્વતંત્ર છો. સમજાય છે કાંઈ? નાથ નથી કહેતા? પતિ. પત્નીનો પતિ નાથ છે. કેમ? કે પત્ની પાસે જે સંયોગ છે એની તો રક્ષા કરે છે અને એને નથી મળ્યું તે એને મેળવી દે છે. દાગીના, કપડા વગેરે. એમ એના પતિને નાથ કહે છે.

આત્માને અહીંયા પર્યાયમાં નાથ કહ્યો. આહાહા..! મળેલી ચીજ, નિર્મળ આનંદની પર્યાય જેટલી પ્રગટ થઈ છે તેની તો રક્ષા કરે છે અને નહિ મળેલી કેવળજ્ઞાનની અને ચારિત્રની પર્યાય મેળવી આપે છે. આવો, આવો..! 'ધવલ'માં એવો પાઠ છે, હોં! બોલાવે છે, એવો પાઠ છે. આહાહા..! આ 'ધવલ' છે ને? ચાલીસ પુસ્તક આવ્યા છે. ધવલ, જયધવલ, મહાધવલ. હજી ચાર-પાંચ છપાય છે. અહીં બધા પુસ્તક છે, બધા જોઈએ છીએ. હજારો પુસ્તકો જોયા છે. આહાહા..! એમાં એવું આવ્યું છે, હોં! આહાહા.! ધન્ય અવતાર! મારી ઋદ્ધિ મને પ્રગટ થઈ પણ પૂર્ણ ઋદ્ધિ મને નથી. પર્યાયમાં, હોં! દ્રવ્ય-ગુણ તો પૂર્ણ ઋદ્ધિથી ભરેલા જ છે. આહાહા..! મારો વૈભવ પૂર્ણ કેવળજ્ઞાન અનંતઆનંદ છે. મતિજ્ઞાન પોકાર કરે છે કે આવો પૂર્ણ, પૂર્ણ આવો, અમે અપૂર્ણતામાં રહી શકતા નથી. 'રતનલાલજી'! છાલની છાલ છે આ. વાળની છાલ કહે છે. વાત તો એવી છે, ભગવાન! આહાહા..!

અહીંયા કહે છે, પેલા પરતંત્ર.. પરતંત્ર.. પરાધીન.. પરાધીનનો પોકાર કરે છે. કર્તાની વ્યાખ્યા જ એ છે, સ્વતંત્રપણે કરે તે કર્તા. ષટ્કારક છે ને? કર્તા, કર્મ, કરણ આદિ છ શક્તિ આગળ આવશે. કર્તાશક્તિ, કર્મશક્તિ, કરણશક્તિ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ. કર્તા કોને કહીએ? છે ને આ આર્યસમાજનું? એની પાસે કર્તાની વ્યાખ્યા માટે ઇતિહાસ મગાવ્યો હતો કે ઇતિહાસ શું કહે છે? ગુરુકુળ. આપણે 'હિંમતભાઈ' પહેલા ત્યાં હતા. 'ઉમાશંકર' ને? 'ઉમાશંકર'નો ઇતિહાસ છે. વ્યાકરણ. એમાંથી એમ નીકળ્યું કે સ્વતંત્રપણે કરે તે કર્તા. પરની અપેક્ષા નહિ, પરનો દાસ નહિ, પરની પરાધીનતા નહિ. એમ આત્માની સમ્યગ્દર્શન પર્યાય, સમ્યગ્જ્ઞાન પર્યાય સ્વતંત્રપણે શોભાયમાન સ્વતંત્ર કર્તા થઈને કરે છે. આહાહા..! નિશાળમાં આવતું હતું. ભાઈ! 'નંદકિશોરજી'! છ કારક આવતા હતા. અમારા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વખતમાં ચોથી ચોપડીમાં આવતું હતું. પછી તો શું હશે? આ તો સીત્તેર વર્ષ પહેલાની વાત છે. કર્તા એને કહીએ કે સ્વતંત્રપણે કરે. અખંડ પ્રતાપથી શોભાયમાન મારી પર્યાય. આહાહા..! સમજાય છે કાંઈ? હું સ્વતંત્રપણે એ પર્યાય કરું છું. મને કોઈ રાગ કે નિમિત્તની અપેક્ષા છે તો આ પર્યાય ઉત્પન્ન થાય છે એવી અપેક્ષા નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

'નિયમસાર'ની બીજી ગાથામાં એમ કહ્યું... ચારે બાજુથી એવી રીતે વસ્તુને સિદ્ધ કરે છે... આહાહા..! નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પરની અપેક્ષા વિના નિરપેક્ષપણે ઉત્પન્ન થાય છે. પરમ નિરપેક્ષ. આહાહા..! 'નિયમસાર' બીજી ગાથા. આહા..! આ લોકો રાડ પાડે છે, વ્યવહાર હોય તો નિશ્ચય થાય. અરે..! સાંભળ તો ખરો. પ્રભુ! તું શું કહે છે? દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, ખૂબ તપસ્યા કરે, રાગ કરે તો નિશ્ચય થાય છે. ધૂળમાં પણ નહિ થાય, સાંભળ તો ખરો. આહાહા..!

અહીંયા એમ કહ્યું, પરમ નિરપેક્ષપણે. જેમાં વ્યવહાર રત્નત્રયની અને ભેદની પણ અપેક્ષા નથી. એવો ભગવાનઆત્મા પોતાની શક્તિની અપાર પ્રભુતાની પ્રતીતિ, તેનું જ્ઞાન, તેની રમણતા પરની અપેક્ષા વિના નિરપેક્ષપણે કરે છે. સમજાય છે કાંઈ? એક કલાકમાં કેટલી વાત યાદ રાખવી? આ તો પ્રભુ ચૈતન્યરાજાની વાત છે. ૧૭-૧૮ ગાથામાં આવે છે ને? રાજાની સેવા કરે. આ રાજા. એમ ચૈતન્યરાજા.. આહાહા..! પોતાની અનંતશક્તિ અને અનંત પરિણતિથી શોભાયમાન છે.

મુમુક્ષુ :- પોતાની વાત છે.

ઉત્તર :- પોતાની વાત છે. આહાહા..! 'અધ્યાત્મ પંચસંગ્રહ'માં તો લીધું છે. નવ રસ ઉતાર્યા છે. શ્રૃંગારરસ પોતામાં છે. પોતાના આનંદ સ્વરૂપમાં અનંતશક્તિનું પરિણમન થવું એ એનો શણગાર છે. વ્યવહાર રત્નત્રયનો શણગાર એ એનો શણગાર નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? આઠે રસ ઉતાર્યા છે. અદ્‌ભુતરસ ઉતાર્યો છે. અદ્‌ભુતરસમાં શું ઉતાર્યું છે? બહુ સરસ! 'દીપચંદજી' સાધર્મી ગૃહસ્થ હતા પણ આત્મા છે ને? આત્મા છે ને? ગૃહસ્થ કહ્યું અને બ્રહ્મચારી કહ્યું. આત્માના એક એક ગુણ બ્રહ્મચારી છે. કેમ? પોતાના ગુણમાં બ્રહ્મપણું છે તેમાં બીજા દોષ આવવા નથી દેતા. અબ્રહ્મ આવવા નથી દેતા. રાગનો અબ્રહ્મ. આહાહા..! એવી વાત છે. અરે..! ભગવાન! આ તો ત્રણલોકના નાથ વીતરાગ પરમેશ્વરના આ કથનો છે. ભાઈ! આ કાંઈ વાર્તા-કથા નથી. સમજાય છે કાંઈ? આહાહા..! એને માટે સમજનારની પણ યોગ્યતા હોવી જોઈએ. આહાહા..! એને કંટાળો ન આવવો જોઈએ કે આવું ઝીણું, આવું ઝીણું. અરે..! ઝીણું નથી. તું એનાથી પણ સૂક્ષ્મ છો. સમજાય છે કાંઈ? આહાહા..!

કહે છે કે પર્યાયમાં... આહાહા..! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ પર્યાય છે, ગુણ નથી. ગુણ તો ત્રિકાળ છે. મોક્ષમાર્ગ એ પર્યાય છે. સંસાર પણ વિકારી પર્યાય છે, મોક્ષમાર્ગ નિર્વિકારી અપૂર્ણ પર્યાય છે અને સિદ્ધની પૂર્ણ શુદ્ધ પર્યાય છે. એ બધા પર્યાયના ભેદ છે. સમજાય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે કાંઈ? અહીં કહે છે, આહાહા..! મારી જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય છે તે અખંડ પ્રભુતાથી સ્વતંત્રતાથી શોભાયમાન છે, તેને પરની અપેક્ષા નથી. વ્યવહાર રત્નત્રયની અપેક્ષા નથી, એમ કહે છે. 'બાબુભાઈ'! આહાહા..! ભાઈ! તારો શણગાર તો જો!

એમાં એક અદ્‌ભુતરસ લીધો છે. જે સમયે એક સમયની પર્યાય લોકાલોકને ભેદ પાડ્યા વિના જોવે, તે જ એક સમયમાં જ્ઞાનની પર્યાય આ જીવ, આ અજીવ, આ ગુણ, આ પર્યાય, આ પર્યાયના અવિભાગ પ્રતિચ્છેદ બધાને ભિન્ન પાડીને જોવે. એ જ સમયે દર્શન પર્યાય ભિન્ન પાડ્યા વિના, આ હું જીવ છું કે જડ છું, એમ ભેદ પાડ્યા વિના સત્તાના દર્શન કરે. અને જ્ઞાનની પર્યાય એક એક પર્યાય અને ગુણના ભેદ કરી કરીને જાણે. એ જ સમયે એ જ ક્ષેત્રે રહેલી બે પર્યાય. એક પર્યાય સામાન્ય સત્તાને દેખે અને એક પર્યાય એ જ સમયે દ્રવ્ય-ગુણ-પર્યાય ભિન્ન ભિન્ન કરીને ત્રણકાળને દેખે. (જાણે) આ ભવિષ્યની પર્યાય, આ ભૂતની પર્યાય, આ વર્તમાન પર્યાય. સમજાય છે કાંઈ? એવો અદ્‌ભુતરસ આત્મામાં છે. સમજાય છે કાંઈ? અહીં કહે છે... આ તો ગજબ વાત છે, ભાઈ! આમાં પૂરું કહે એવી શક્તિ તો ભગવાન પાસે છે. આહાહા..! મુનિરાજ ક્ષયોપશમથી વાત કરે છે. આહાહા..!

જેનો પ્રતાપ અખંડિત છે. દરેક ગુણમાં જેનો પ્રતાપ અખંડિત છે. દરેક પર્યાયમાં જેનો પ્રતાપ અખંડિત છે. આહાહા..! વીર્યશક્તિ પણ અખંડ પ્રતાપથી શોભાયમાન છે. વીર્યશક્તિ જે અંદરમાં છે, પુરુષાર્થ.. પુરુષાર્થ.. પુરુષાર્થ.. દ્રવ્યમાં પુરુષાર્થ, ગુણમાં પુરુષાર્થ, પર્યાયમાં પુરુષાર્થ. આહાહા..! કોઈ એમ કહે છે... લ્યો, થઈ ગયો વખત. કોઈ એમ કહે છે કે, તમે ક્રમબદ્ધ માનો છો એમાં પુરુષાર્થ ક્યાં રહ્યો?

મુમુક્ષુ :– આ ખુલાસો તો જરૂર કરજો.

ઉત્તર :– કરીએ? ટાઈમ થઈ ગયો, કાલે વાત. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૯ શક્તિ–૭ શુક્રવાર, (દ્વિતીય) શ્રાવણ સુદ ૫, તા. ૧૯-૦૮-૧૯૭૭

---

'સમયસાર' શક્તિ અધિકાર. આઠમી શક્તિ છે ને? સાત શક્તિ ચાલી, સાત. સાતમીમાં શું આવ્યું? આ આત્મા જે છે, વસ્તુ આત્મા, એમાં સંખ્યાએ શક્તિઅનંત છે. સંખ્યાએ. શક્તિનું સામર્થ્ય અનંત છે એ બીજી વસ્તુ, પણ એક, બે, ત્રણ, ચાર, પાંચ સંખ્ય-અસંખ્ય-અનંત એમ સંખ્યાએ દ્રવ્ય એક અને સંખ્યાએ અનંતશક્તિ છે. સમજાય છે કાંઈ? એમાં એવી એક શક્તિ છે કે પ્રભુત્વ નામની શક્તિ છે. એ કાલે ચાલ્યું હતું. તમારા ક્રમબદ્ધનું થોડું રહી ગયું છે. કાલે પ્રશ્ન આવ્યો હતો ને? ભાઈ!

એ પ્રભુત્વશક્તિ (કે જેનો) પ્રતાપ અખંડિત છે. દ્રવ્યમાં, ગુણમાં અને પર્યાયમાં જેનો પ્રતાપ અખંડિત છે. સૂક્ષ્મ છે, ભગવાન! વીતરાગનો માર્ગ બહુ સૂક્ષ્મ, ભાઈ! અપૂર્વ વાત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે, ભાઈ! અહીંયા કહે છે કે પર્યાયમાં પ્રભુતાના અખંડ પ્રતાપથી સ્વતંત્ર શોભાયમાન છે છતાં એ પ્રભુત્વશક્તિ પર્યાય આઘીપાછી કરી શકે એવી તાકાત નથી. સમજાય છે કાંઈ? કેમ? એ પ્રભુત્વશક્તિ જે છે એ સત્ દ્રવ્યનું સત્ત્વ છે, કસ છે, માલ છે. એ શક્તિ પોતાના દ્રવ્યમાં, ગુણમાં અને પર્યાયમાં વ્યાપક થઈ વ્યાપે છે. છતાં એ પ્રભુત્વશક્તિની પર્યાય જે સમયે જે થવાની છે તે જ થશે. સમજાય છે કાંઈ? કેમકે એમાં એક અઢારમી શક્તિ છે. અંદર શક્તિ છે. ૪૭ શક્તિ છે ને? એમાં અઢારમી શક્તિ. ક્રમવૃત્તિરૂપ અક્રમવૃત્તિરૂપ વર્તન જેનું લક્ષણ છે. અઢારમી શક્તિ, અઢારમી. છે? ભાઈ! અઢારમી શક્તિ. શું કહે છે? સાંભળો! આ ક્રમબદ્ધ લેવું છે ને!

**'ક્રમવૃત્તિરૂપ અને અક્રમવૃત્તિરૂપ વર્તન જેનું લક્ષણ છે...'** આત્મામાં એક ઉત્પાદ-વ્યય-ધ્રુવ નામની શક્તિ છે. 'ઉમાસ્વામી'ના 'તત્ત્વાર્થ સૂત્ર'માં આવ્યું કે 'ઉત્પાદ-વ્યય-ધ્રુવ યુક્તં સત્' અને 'સત્ દ્રવ્ય લક્ષણમ્' એવો પાઠ છે. અહીંયા કહે છે કે આત્મામાં એક ઉત્પાદ-વ્યય-ધ્રુવ નામની શક્તિ છે કે જે શક્તિ અનંતગુણમાં વ્યાપી છે. પ્રભુત્વશક્તિમાં પણ ઉત્પાદ-વ્યય-ધ્રુવનું રૂપ છે. આહાહા..! એમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ નામની શક્તિ છે તો જે સમયે જે પર્યાય ઉત્પન્ન થવાની છે તે ઉત્પન્ન થશે અને પૂર્વની પર્યાયનો વ્યય થશે અને ધ્રુવરૂપે સદૃશ કાયમ રહેશે. સમજાય છે કાંઈ?

કોઈ એમ કહે છે જો આમ છે તો ક્રમબદ્ધ પર્યાયમાં પુરુષાર્થ ક્યાં રહ્યો? એ પ્રશ્ન છે ને? ભાઈ! આહા..! તો કહે છે કે ઉત્પાદ-વ્યય-ધ્રુવ નામની શક્તિ છે, એક ગુણ છે તે અનંતશક્તિઓમાં વ્યાપક છે. અનંતશક્તિમાં વર્તમાન પર્યાયમાં જે પર્યાય ઉત્પન્ન થવાની છે, ક્રમવર્તી-ક્રમે વર્તનારી. ભાષા છે? **'ક્રમવૃત્તિરૂપ અને અક્રમવૃત્તિરૂપ વર્તન જેનું લક્ષણ છે...'** વર્તવું જેનું લક્ષણ છે. આહાહા..! શું કહે છે? સૂક્ષ્મ છે, ભાઈ! અપૂર્વ વાત છે, બાપા! આહાહા..!

આત્મામાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ નામની શક્તિ છે, હોં! એ ગુણ છે, એ સ્વભાવ છે કે જે અનંતશક્તિઓમાં વ્યાપક છે. અનંતશક્તિઓમાં પણ દરેક શક્તિમાં ક્રમવર્તી જે પર્યાય થાય છે, ક્રમે વર્તનારું વર્તન... આહાહા..! 'નંદકિશોરજી'! બહુ સૂક્ષ્મ વાત છે, ભાઈ! ક્રમે વર્તનારી અનંતગુણની અનંતી પર્યાય. આહાહા..! અનંતગુણમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ શક્તિ વ્યાપક છે ને? રૂપ, રૂપ. અનંતશક્તિમાં જે સમયે ઉત્પાદ થવાનો છે તે સમયે ઉત્પાદ થશે અને તે જ સમય વ્યયનો ક્ષણ છે. ઉત્પાદ જન્મક્ષણ છે અને વ્યયનો પણ તે જ સમય છે. આહાહા..! પર્યાય જે છે તેનો ઉત્પાદનો કાળ પણ એ જ છે, આઘોપાછો નહિ. આહા..! આવી વાત છે. માર્ગ, બાપુ! ભગવાનનો વીતરાગ માર્ગ સૂક્ષ્મ છે અને એવી ચીજ સર્વજ્ઞ સિવાય, વીતરાગ માર્ગ સિવાય ક્યાંય છે નહિ. બાપુ! એને સમજવા માટે પણ બહુ પ્રયત્ન જોઈએ. સમજ્યા? સંસારના ભણતર માટે, એલ.એલ.બી. ને એમ.એ.ના પૂંછડા વળગાડવા માટે કેટલું ભણે છે?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મુમુક્ષુ :- 'અમેરિકા' જાય છે.

ઉત્તર :- 'અમેરિકા' એમના દીકરા ગયા હતા, એમ કહે છે. 'સુમનભાઈ' છે ને એમના દીકરા? પાંત્રીસ હજાર રૂપિયા ખર્ચ્યાં, પાપના બનાવ્યા હતા. આ તો 'રામજીભાઈ'નો દાખલો આપીએ છીએ, એવું બધાનું સમજી લેવું. પૈસા ખર્ચ્યાં એ વકીલાતમાં પાપ કરીને પેદા કર્યા હતા. 'નંદકિશોરજી'! વકીલાત પાપ છે? એ તો અશુભભાવ હતો. એમના દીકરા 'સુમનભાઈ' છે, એક જ દીકરો છો. એને ભણાવવા માટે 'અમેરિકા'માં પાંત્રીસ હજાર ખર્ચ્યાં. અત્યારે છ હજારનો તો પગાર છે. એક હજાર.. શું કહેવાય તમારે? બક્ષીસ. બોનસનું બીજું નામ શું કીધું? ઇનામ? છ હજારનો પગાર અને એક હજારનું પેન્શન. ભાષા ભૂલી ગયા. એક હજારનું પેન્શન આપે છે. છ હજારનો પગાર, પેન્શન અને મકાનનું ભાડું સાતસો, એમ આઠ હજારનો પગાર છે. ઉંમર પચાસ વર્ષ છે ને? આહાહા..! એ સમયે ભણવાની જે પર્યાય થઈ તે ઉત્પાદરૂપ થવાની હતી તે ઉત્પન્ન થઈ છે. આહાહા..!

અહીંયા કહે છે કે જો એમ છે તો પછી પુરુષાર્થ ક્યાં રહ્યો? પ્રશ્ન તો એ હતો ને? સવારે એ હતો ને? ભાઈ! 'સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા'માં પ્રભુ તો એમ કહે છે કે જે સમયે, જે ક્ષેત્રે, જે સંયોગે, જે પ્રકારની પર્યાય ઉત્પન્ન થવાની છે તે થશે. એમ માને તે સમ્યગ્દૃષ્ટિ છે, એમ લખ્યું છે.

મુમુક્ષુ :- ન માને ઇ?

ઉત્તર :- ન માને ઇ કુદૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ છે, એમ એમાં લખ્યું છે. એનો અર્થ શું થયો? કે દરેક ગુણની જે સમયે જે પર્યાય, ઉત્પાદ-વ્યય-ધ્રુવ ગુણને કારણે (થશે). એ ગુણ તો ઉત્પાદ-વ્યય-ધ્રુવ નામનો ગુણ છે પણ એની પર્યાય ઉત્પાદ-વ્યય અને ધ્રુવ ત્રણેપણે પરિણમે એવું એ શક્તિનું સ્વરૂપ છે. એ સમયે અનંતગુણમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ (થાય છે). જે સમયે જે ઉત્પાદ પર્યાય (થવાની તે થવાની). લોકોને આ નિયત લાગે છે પણ નિયત જ છે. સમજાય છે કાંઈ? પણ નિયતની સાથે પુરુષાર્થ આવ્યો કે જે સમયે જે ગુણની પર્યાય થવાની છે એવો નિર્ણય કરનાર પર્યાય ઉપર લક્ષ રાખતો નથી. 'દેવીલાલજી'! જરી સૂક્ષ્મ વાત છે. ઘણી ગડબડ થઈ ગઈ છે ને?

ક્રમબદ્ધની તો વર્ણીજી સાથે પણ ચર્ચા થઈ હતી. એ કહે કે, ક્રમબદ્ધ નથી. એક 'ફૂલચંદજી'એ કબુલ કર્યું હતું. 'બનારસ'માં સંવત ૨૦૧૩ની સાલમાં ગયા હતા. આપણા એક દિગંબર ગૃહસ્થ છે, મોટા ઝવેરી છે. મોટી જૂની પ્રતિમા રાખી છે, ઘરે મંદિર છે. અમે તો ત્યાં ભોજન કરવા જતા હતા. 'કૈલાસચંદજી', 'ફૂલચંદજી' સાથે હતા. મેં એ વખતે કહ્યું, પંડિતો જરી (સમજે). કીધું, ભાઈ! દરેક દ્રવ્યની પર્યાય ક્રમબદ્ધ છે. ભોજન કરવા જતા હતા, સાથે પંડિતો હતા. સંવત ૨૦૧૩ ની વાત છે, વીસ વર્ષ થયા. તો 'ફૂલચંદજી'એ કહ્યું... 'કૈલાસચંદજી' ન બોલ્યા, કેમ કે એ વાત બહાર હતી નહિ અને 'વર્ણીજી'ની શ્રદ્ધામાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પણ એ નહોતું. એક સમયે ક્રમે ક્રમે જો થાય તો નિયત થઈ જશે, નિશ્ચય થઈ ગયું એમાં પુરુષાર્થ ક્યાં રહ્યો? અરે..! ભગવાન! અનંતગુણની ક્રમસર જે સમયે જે પર્યાય થવાની છે તે થશે એનો નિર્ણય તો દ્રવ્ય સ્વભાવ ઉપર દૃષ્ટિ કરવાથી નિર્ણય થશે. પંડિતજી! 'જ્ઞાનચંદજી' સમજાય છે કાંઈ? ભાઈ! શેઠ! શરાફ છે ને શેઠ? શરાફનો ધંધો તો આ છે, ભગવાન! આહાહા..!

કહે છે કે જે સમયે (પર્યાય) થવાની છે તેવી પર્યાયનો નિર્ણય કરનારની દૃષ્ટિ દ્રવ્ય ઉપર જાય છે. પર્યાયનો નિર્ણય પર્યાયમાં રહીને થતો નથી. સમજાય છે કાંઈ? 'યશપાલજી'! સૂક્ષ્મ વાત છે, ભગવાન! આહાહા..! અરે..! પ્રભુ! તારી વાત તો... તારી પ્રભુતા પડી છે ને, નાથ! તારા દ્રવ્યમાં પ્રભુતા, ગુણમાં પ્રભુતા, પર્યાયમાં પ્રભુતા. છતાં એ પ્રભુતાની પર્યાયનો કાળ છે ત્યારે ઉત્પન્ન થાય છે. એ પ્રભુતાની શક્તિ પણ પર્યાયમાં ફેરફાર કરી દે (એમ નથી). આહાહા..! પરમેશ્વર ઈશ્વર સર્વજ્ઞદેવ પણ જે સમયે જે પર્યાય થવાની છે તેને ફેરફાર કરે એવો દ્રવ્યનો સ્વભાવ જ નથી. આહાહા..! તો એનો પુરુષાર્થ ક્યાં રહ્યો? ભગવાન! એકવાર સાંભળ તો ખરો, પ્રભુ! પર્યાયમાં ક્રમવર્તીપણું... અઢારમી શક્તિમાં આવ્યું ને? ક્રમવર્તી જેનું વર્તન છે, એવો પાઠ છે. ક્રમે વર્તવું જેનું વર્તન છે, એનું વર્તન જ એ છે. આહાહા..! જેનું લક્ષણ એવું છે (એવા) દ્રવ્ય ઉપર (લક્ષ જાય છે). હું જ્ઞાયકભાવ ચિદાનંદ છું એવો દૃષ્ટિનો નિર્ણય થયા વિના ક્રમબદ્ધનો નિર્ણય થતો નથી. (દ્રવ્ય ઉપર દૃષ્ટિ જાય) ત્યારે ક્રમબદ્ધનો નિર્ણય સાચો છે. સમજાય છે કાંઈ?

સ્વામી 'કાર્તિકેયાનુપ્રેક્ષા'માં એવું લીધું છે, ચાર ગાથા આવી ને? પહેલા અહીંયા ઘણી ચર્ચા થઈ ગઈ છે. ત્યારે 'બંસીધરજી' હતા. 'કલોલ'વાળા 'સોમચંદભાઈ' હતા. એ વખતે તો અનુકૂળ હતા પણ પછી.. આ વસ્તુ અલૌકિક છે, અલૌકિક વાત છે, ભગવાન! આહાહા..! એક પ્રશ્ન હતો. 'ધ્યાનવિજય' હતા ને? 'ધ્યાનવિજય'. 'ધ્યાનવિજય' નહિ? 'ઉજ્જૈન'માં હતા. 'ધ્યાનવિજયે' અહીંનું વાંચન ઘણું કર્યું. 'ધ્યાનવિજય' હતા, તમે સાંભળ્યું છે? નામ સાંભળ્યું છે? 'ઉજ્જૈન'માં રહેતા હતા, પછી અમને 'ગજપંથા'માં મળ્યા હતા. 'ગજપંથા'. 'નાસિક' છે ને? 'નાસિક'. ત્યાં 'ગજપંથા' આવ્યા, ઉઠબેસ કરીને વંદન કર્યા. રાત્રે આવ્યા હતા એટલે બોલી શકે નહિ. વંદન કર્યા અને અમારે 'ગજપંથા'થી બપોરે નીકળી જવાનું હતું. એ આવ્યા નહિ. મેં કીધું, એનું હૃદય શું છે એ મારે જાણવું છે. આમ તો ઘણા કહેતા હતા કે 'ધ્યાનવિજય' આમ કહે છે ને તેમ કહે છે. સોની હતા. પરજીયા સોની હતા. અહીંનું વાંચન કરીને વાતો બહુ કરે પછી બપોરે અમે ત્યાં ગયા. મેડી ઉપર ગયા. બારણું ખોલ્યું. હેઠે ઉતરી ગયા, પાટ ઉપર અમે બેઠા, વંદન કર્યા. મારે તો એમનું હૃદય લેવું હતું. કીધું, આ વાત કરે છે પણ છે શું આ?

કીધું, 'ધ્યાનવિજયજી'! શાસ્ત્રમાં એમ ચાલ્યું છે, કાળનયે મોક્ષ અને અકાળનયે મોક્ષ,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



બે વાત ચાલી છે. 'બાબુભાઈ'! 'પ્રવચનસાર'માં ૪૭ નય (આવે છે). કાળનયે કાળે પણ મોક્ષ થાય છે અને અકાળે પણ મોક્ષ થાય છે એવો શાસ્ત્રમાં પાઠ છે. એ... 'નંદકિશોરજી'! જો ક્રમબદ્ધ જ હોય, જે કાળે જે થવાનું છે તે થશે તો અકાળે મોક્ષ ક્યાં આવ્યો? અકાળે મોક્ષ છે, એમ પાઠ છે. એનો ઉત્તર? કાળનયે મોક્ષ અને અકાળનયે મોક્ષ, એમ ૪૭ નયમાં પાઠ છે. આ તો ૪૭ શક્તિ છે, 'પ્રવચનસાર'માં ૪૭ નય છે. એને ખ્યાલ આવી ગયો કે આ મહારાજ મને પકડશે. એટલે કબુલ કરી લીધું. નહિતર એ કહેતા હતા અમારી પેઠે કે જે સમયે થવાનું છે તે સમયે થશે, એમ વાત કરે. કીધું, શાસ્ત્રમાં આ કાળનય છે ને? કાળે મોક્ષ અને અકાળે મોક્ષ એવો પાઠ છે. મેં વિચાર્યું નથી, એમ કરીને છૂટી ગયા. કારણ કે એ જાણે કે હું કાંઈક કહીશ તો પકડશે. 'બાબુભાઈ'!

એનો અર્થે તો એમ છે કે કાળનયે તો જે સમયે મોક્ષ થવાનો છે તે જ સમયે મોક્ષ થશે પણ એ સમયે અકાળનય પણ છે. અકાળનયનો અર્થ કાળ આઘોપાછો થાય છે એમ અર્થ નથી. અકાળનયનો અર્થ પુરુષાર્થ અને સ્વભાવ મેળવીને કહે છે તો અકાળ થયો. સમજાય છે કાંઈ? આહાહા..! સર્વજ્ઞ વીતરાગ ત્રિલોકનાથ એની વાણીની અમૃતધારા, એનું શું કહેવું! એ વસ્તુ... બાપુ! આહાહા..! જેની સમજણમાં આવી જાય એ તો ન્યાલ થઈ જાય, આહા..! જન્મ-મરણથી રહિત થઈ જાય. ચાર ગતિમાં દુઃખી છે.

અકાળનયનો અર્થ જે સમયે મોક્ષ થવાનો છે તે જ સમયે થશે. અકાળનો અર્થ સમય આઘોપાછો થશે એમ અર્થ છે જ નહિ. તો અકાળનો અર્થ શું? કે એકલો કાળનયમાં એકલો કાળ લીધો હતો. અકાળનયમાં સ્વભાવ, પુરુષાર્થ, ભવિતવ્યતા, કાળલબ્ધિ આદિ પાંચ આવ્યા. એકલો કાળનય નહિ, પણ સાથે પુરુષાર્થ, સ્વભાવ છે તેને અકાળનય કહે છે. અકાળનયનો અર્થ કાળ આઘોપાછો છે એમ નથી. 'નંદકિશોરજી'! ફરીને કહીએ, અહીં ક્યાં આપણને... 'દેવીલાલજી'! એ 'ધ્યાનવિજય' હતા. એ વખતે 'રૂપચંદજી' હતા. ક્યાં ગયા 'નેમચંદજી'? તમારા ભાઈ 'રૂપચંદજી' સાથે હતા. અમે ત્રણે અંદર બેઠા હતા. બે-ચાર જણા બેઠા હતા. આ પ્રશ્ન ઉઠ્યો હતો. મેં કીધું, અહીંનું વાંચીને આ વાત કરે છે તો એને અંદર ચીજ ખ્યાલમાં આવી છે કે નહિ? 'દેવીલાલજી'! તો એણે ઉત્તર આપ્યો, મેં વિચાર કર્યો નથી.

એનો અર્થ એ છે કે કાળે તો જે સમયે થવાનું છે તે જ સમયે કેવળજ્ઞાન અને મોક્ષ થશે. પણ અકાળનો અર્થ એ સમયે પુરુષાર્થ અને સ્વભાવ તરફ પુરુષાર્થ ગયો, કાળ તો એ જ સમયે છે પણ ત્રિકાળી સ્વભાવ તરફ પુરુષાર્થ ગયો તો પુરુષાર્થ અને સ્વભાવ સાથે આવ્યો એને અકાળ કહેવામાં આવે છે. ભાઈ! સમજાય છે કાંઈ? આ તો ક્રમબદ્ધનું ચાલે છે ને! આહાહા..!

કહે છે, એ પ્રશ્ન તો પહેલા અહીંયા ચર્ચાયેલો. અહીંયા તો પહેલેથી ખુબ ચાલે છે. પછી 'દેવકીનંદન' અહીં આવેલા. 'દેવકીનંદન' પંડિત હતા ને? 'ઇન્દોર' માં 'દેવકીનંદન' પંડિત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હતા એ બહુ નરમ હતા. એમણે 'પંચાધ્યાયી' ના અર્થ કર્યા છે ને? 'પંચાધ્યાયી'ના અર્થ કર્યા છે. એમાં ભૂલ હતી. શું ભૂલ હતી? અમે તો બધું જોયું છે ને! બધા પુસ્તક જોયા છે, બધાના જોઈએ છીએ. એમાં એમ લખ્યું હતું કે છઠ્ઠે ગુણસ્થાને જે મુનિ છે તેને બુદ્ધિપૂર્વક રાગ છે અને સાતમે ગુણસ્થાને અબુદ્ધિપૂર્વક રાગ છે. એમ એમણે લખ્યું હતું. 'બાબુભાઈ'! 'પંચાધ્યાયી'માં એમ અર્થ કર્યો છે. કીધું, 'દેવકીનંદનજી' આ તમારી ભૂલ છે. કહો, મહારાજ! નરમ, હોં! જુઓ! ભાઈ! છઠ્ઠે ગુણસ્થાને પણ બુદ્ધિ અને અબુદ્ધિપૂર્વક બન્ને રાગ છે. બુદ્ધિપૂર્વક એકલો રાગ છે અને અબુદ્ધિપૂર્વક સાથે છે એમ નહિ. 'ગોમ્મટસાર' માં પાઠ છે-વ્યક્ત અને અવ્યક્ત. રાગ ખ્યાલમાં આવે છે એટલો બુદ્ધિપૂર્વક છે અને તે જ સમયે ખ્યાલમાં નથી આવતો તે અબુદ્ધિપૂર્વક છે. તો છઠ્ઠે ગુણસ્થાને પણ બુદ્ધિપૂર્વક, અબુદ્ધિપૂર્વક બન્ને લાગુ પડે છે. એકલો બુદ્ધિપૂર્વક છે એમ નહિ. અને સાતમે ગુણસ્થાને એકલો અબુદ્ધિપૂર્વક રાગ છે. સમજાય છે કાંઈ? વાત સૂક્ષ્મ છે, પણ ભાઈ! આ તો... આહાહા..! કબુલ કર્યું, ફરી ગયા. કહ્યું, 'મહારાજ! મારી બીજી કોઈ ભૂલ હોય તો બતાવો.' બહુ નરમ હતા. પછી તો 'રામજીભાઈ' સાથે વિચાર કરેલો, નરમ જોયા ને તો કીધું, છ મહિના તમે અહીંયા રહો. એમને અને કૈલાસચંદજી બંનેને. તમને જે પગાર મળે છે તે અહીંયાથી સંસ્થા આપશે. પણ એકવાર અમારી વાત છ મહિના સાંભળો, પછી તમારે પ્રચાર કરવો હોય તે કરો, પણ એકવાર સાંભળો તો ખરા શું છે? પછી ત્યાં ગુજરી ગયા. 'દેવકીનંદન' ગુજરી ગયા, ન રહ્યા.

એ વખતે આ વાત ચાલી. ૩૦૮ 'दवियं जं कम्मणियमित' 'સમયસાર' છે ને? ૩૦૮.

**दवियं जं उप्पज्जइ गुणेहिं तं तेहिं जाणसु अणण्णं।**
**जह कडयादीहि दु पज्जएहिं कणयं अणण्णमिह।।३०८।।**

જુઓ! પછી એની ટીકા. ટીકામાં વિશેષ છે. ટીકા છે? **પ્રથમ તો જીવ ક્રમબદ્ધ એવા પોતાના પરિણામોથી ઊપજતો થકો...**' છે? લ્યો, 'જ્ઞાનચંદજી'! હિન્દી પુસ્તક. આ તો ધ્યાન રાખે... ૩૦૮ ની ટીકા. ટીકા છે? '**પ્રથમ તો...**' છે? '**પ્રથમ તો...**' મુખ્ય એ કહેવું છે કે. પ્રથમ નામ 'तावत्' શબ્દ સંસ્કૃતમાં છે. 'तावत्'. અમારે મુખ્યરૂપે એ કહેવું છે કે, 'तावत्' નામ પ્રથમ. મુખ્યરૂપે જે કહેવું છે તે એ વાત છે કે, સંસ્કૃત ટીકા. અમે તો અક્ષરે અક્ષર સંસ્કૃત ટીકા જોઈ છે. કેટલી વાર જોયું છે! સંવત ૧૯૭૮ની સાલથી 'સમયસાર' મળ્યું છે. ૫૫ વર્ષ થયા. પહેલું પુસ્તક એ આવ્યું હતું.

'तावत्' એટલે '**પ્રથમ તો જીવ ક્રમબદ્ધ એવા...**' જુઓ! આવ્યું. પાઠમાં શું છે? જુઓ! પાઠમાં 'क्रमनियमित' છે, સંસ્કૃતમાં 'क्रमनियमित' છે. ક્રમે નિયમથી થવાવાળી પર્યાય ક્રમસર થાય છે. ક્રમનિયમિતનો અર્થ નીચે લખ્યો-ક્રમબદ્ધ. છે? એ ક્રમનિયમિતનો અર્થ ક્રમબદ્ધ છે. અમારા પંડિતજીએ એવો અર્થ કર્યો છે. આ ક્રમબદ્ધ શબ્દ તો ઘણે ઠેકાણે છે, હવે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



તો ઘણે ઠેકાણે આવ્યા છે. પણ ક્રમબદ્ધની વ્યાખ્યા શું? આહાહા..! સમજાય છે કાંઈ?

પહેલા જીવની વાત છે. જીવ ક્રમબદ્ધ–ક્રમે ક્રમે જે સમયે જે થવાવાળી છે એ બદ્ધ એટલે નિયમથી ઉત્પન્ન થશે. સમજાય છે કાંઈ? ભાઈ 'ફૂલચંદજી'એ અર્થ કર્યા છે. કારણ કે ક્રમબદ્ધની વ્યાખ્યા ત્યાં થઈ હતી. એણે અર્થ કર્યો કે, ક્રમબદ્ધ (એટલે) ક્રમબદ્ધ પર્યાય એક પછી એક છે એમ બંધાયેલી નથી. એમ અર્થ કર્યો. બંધાયેલી છે એનું અહીં કામ નથી. એક પછી એક પર્યાય એની સાથે બંધાયેલી છે એમ બદ્ધની વાત અહીંયા નથી. અહીં તો એક પછી એક થવાવાળી છે તેને ક્રમ નિયમિત બદ્ધ કહે છે. આહાહા..! આ તો તત્ત્વની મુખ્ય વસ્તુ છે. આહાહા..!

મુમુક્ષુ :–

ઉત્તર :– બદ્ધ નહિ. બદ્ધની વ્યાખ્યા એમ નથી. ક્રમબદ્ધનો અર્થ–સમયે સમયે નિયમથી થવાવાળી છે એ ક્રમબદ્ધ છે. ક્રમબદ્ધનો અર્થ એવો નથી કે આ પર્યાયને પછીની પર્યાય સાથે બંધન છે, બંધાયેલી છે એમ નથી.

'આત્માવલોકન'માં એમ ચાલ્યું છે કે મોક્ષમાર્ગની પર્યાય છે તો કેવળજ્ઞાન થશે, એના જોરથી થશે એમ નથી. શું કહ્યું? શાંતિથી સાંભળો. મોક્ષમાર્ગની પર્યાય છે ને? સમ્યગ્દર્શન-જ્ઞાન. એ પર્યાય થયા પછી કેવળજ્ઞાન મોક્ષ થાય છે. તો આ પર્યાયના જોરથી કેવળજ્ઞાનની પર્યાય ઉત્પન્ન થશે, આ પર્યાય છે તો આ પર્યાય ઉત્પન્ન થશે એમ નથી. એમ વાત છે. આહાહા..! શું સમજાણું? ભગવાન!

આત્મામાં.. અહીં પહેલા જીવની વાત લે છે પછી અજીવની લેશે. આત્મા જે છે... જીવ કહો કે આત્મા કહો. જીવ સવારમાં આવ્યું હતું. આત્મા શબ્દ આવ્યો હતો પછી જીવદ્રવ્ય કહ્યું હતું. જીવ જુદો છે અને આત્મા જુદો છે એવી કોઈ વસ્તુ નથી. આ જીવ–આત્મા જે તેના અનંતગુણ છે. તેની ક્રમબદ્ધ ક્રમસર જે સમયે જે પર્યાય થવાવાળી છે તે ક્રમનિયમિત–ક્રમે નિશ્ચયથી તે થવાની છે સમજાય છે કાંઈ? જુઓ!

**'પોતાના પરિણામોથી ઊપજતો થકો...'** ક્રમસર પોતાની પર્યાયથી ઉત્પન્ન થતો. પોતાના પરિણામોથી જીવ ઊપજતો થકો **'જીવ જ છે,...'** એ પરિણામ જે ક્રમસર ઉત્પન્ન થયા તે જીવ જ છે. આજે સવારે પણ આવ્યું હતું. શુદ્ધચેતના પરિણામ અને અશુદ્ધચેતના પરિણામ જીવ છે. એ જડ છે અને પર છે એમ નહિ. સમજાય છે કાંઈ? માર્ગ બાપુ! બહુ ઝીણો, સૂક્ષ્મ, આહાહા..! ભાગ્યશાળી લોકો તો અહીં દૂરથી સાંભળવા આવે છે. દૂર દૂરથી આવે છે. માર્ગ તો એવો છે, ભાઈ! સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથની અમૃતવાણીના આ ઝરણા છે, નાથ! આહાહા..!

ક્રમસર પરિણામથી ઊપજતો થકો જીવ જ છે. એમ જ્યાં 'દેવકીનંદન'ને કહ્યું તો 'દેવકીનંદન' તો એમ બોલ્યા, નરમ માણસ હતા, ઓહો..! 'આગમસહાવો ચક્ખુ'. સિદ્ધાંતમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સાધુને આગમચક્ષુ કહે છે એ વાત અહીંયા દેખાય છે. બહુ નરમ હતા. 'દેવકીનંદન' ને જોયા હતા તમે? 'દેવકીનંદન'ને જોયા હતા? નરમ હતા. ઘણા વર્ષ પહેલા ગુજરી ગયા. ભાઈએ જોયેલા, બહુ નરમ હતા, નરમ. પણ કોઈ સત્‌સમાગમ ગુરુગમ નહિ એટલે જરી અર્થમાં ફેરફાર થઈ ગયો. એ ફેરફારને અહીં સુધારી નાખ્યો. બતાવો, અમારી કાંઈ ભૂલ હોય ત્યાં અમે સુધારી લેશું. કહ્યું ને? છટ્ઠે ગુણસ્થાને બુદ્ધિ-અબુદ્ધિપૂર્વક બન્ને રાગ છે. એકલો બુદ્ધિપૂર્વક રાગ છે અને અબુદ્ધિપૂર્વક સાથે છે, એમ નહિ. સમજાય છે કાંઈ? આહાહા..!

અધ્યાત્મદૃષ્ટિથી જે રાગ બુદ્ધિપૂર્વક ખ્યાલમાં આવે છે તેને અસદ્‌ભુત ઉપચાર કહે છે. અગિયારમી ગાથામાં આવે છે ને? બધોય વ્યવહાર અભૂતાર્થ છે. ચારે વ્યવહાર. અધ્યાત્મની ચાર નય છે. અસદ્‌ભુત વ્યવહાર, સદ્‌ભુત વ્યવહાર. અસદ્‌ભુત વ્યવહારના બે પ્રકાર–ઉપચાર અને અનઉપચાર. સદ્‌ભુત વ્યવહારનયના બે પ્રકાર–ઉપચાર અને અનુપચાર. અસદ્‌ભુત વ્યવહાર, જે છટ્ઠે ગુણસ્થાને રાગ ખ્યાલમાં આવે છે તેને બુદ્ધિપૂર્વક અસદ્‌ભુત ઉપચાર કહે છે અને ઉપયોગ સ્થૂળ છે તો ખ્યાલમાં આવતો નથી તે અબુદ્ધિપૂર્વક છે. અબુદ્ધિપૂર્વક રાગને અસદ્‌ભુત અનઉપચારનય કહે છે. ખ્યાલમાં આવે છે તેને અસદ્‌ભુત ઉપચાર કહે છે. અસદ્‌ભુત વ્યવહાર ઉપચાર અને તે જ સમયે જે ખ્યાલમાં નથી આવતો તેને અસદ્‌ભુત અનુપચાર કહેવામાં આવે છે. થોડી સૂક્ષ્મ વાત છે. આહાહા..! 'વેણીપ્રસાદજી'! આમાં નજર કરવી પડશે. એમ ને એમ નહિ ચાલે. ભાઈ એમ કહેતા હતા, એમને બહુ રસ નથી. આ તો રસ લેવાની વસ્તુ છે, ભગવાન! કરવાનું તો આ છે બાકી બધું થોથા છે.

મુમુક્ષુ :– રસ લેવા માટે અહીંયા કેટલા દિવસ રહેવું જોઈએ?

ઉત્તર :– કમાવામાં મુદ્દત કરે છે કે મારે આટલા વર્ષ કમાવું છે? ત્યાં નથી કરતા. કહો, શેઠ! નોકરીમાં પણ ૫૫ વર્ષ થાય તો કાઢી મૂકે છે. વેપારમાં તો કાંઈ ઠેકાણા નથી. સીત્તેર-એંસી થાય તોપણ રાગની મજુરી કર્યા જ કરે. ત્યાં મુદ્દત નાખે છે? 'પોપટભાઈ'! કે મારે આટલી મુદ્દત સુધી મારે કમાવું છે પછી છોડી દેવું છે. એમ સમજવા માટે આટલા વર્ષ કે આટલા દિવસ એવી મુદ્દત હોય નહિ. સમજાય છે કાંઈ? છતાં 'અમૃતચંદ્રાચાર્યે' કળશમાં કહ્યું છે, ભાઈ! છ મહિના સુધી ધ્યાન રાખીને આ અભ્યાસ કર. તારી વસ્તુની પ્રાપ્તિ થશે કે નહિ? થશે જ થશે. 'સમયસાર' (૩૪મા) કળશમાં છે. ભાઈ! છ મહિના આ વાતનો અભ્યાસ કર. છે તો જઘન્ય અંતમુહૂર્ત. જઘન્ય નામ અલ્પકાળમાં અંતર્મુહૂર્તમાં અનુભવ થઈ જાય છે અને ઉત્કૃષ્ટ હોય તો અનંતકાળે પણ નથી થતો. તો 'અમૃતચંદ્રાચાર્યે' મધ્યમ લીધું. ભગવાન! એક વાર છ મહિના તો લગની લગાવ. હું આનંદકંદ શુદ્ધ ચૈતન્યઘન છું. હું રાગરહિત છું. પરથી રહિત છું એવો અભ્યાસ છ મહિના કર, તને પ્રાપ્તિ થશે, થશે ને થશે જ. 'વેણીપ્રસાદજી'! આવી વાત છે, ભાઈ! 'જિનેશ્વરપ્રસાદજી'ને તો રસ છે, એમને તો રસ છે, પ્રેમ છે. એમને બહુ રસ છે. રુચિવાળા છે. મંગળવારે બેનનો જન્મદિવસ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અહીં કહે છે, ક્રમસર થશે એ વાત સાંભળીને તો 'દેવકીનંદન' એમ બોલી ગયા, ઓહોહો..! આવી વાત તો અમે ક્યારેય સાંભળી નથી. અને મહારાજ! અમારા બધા પંડિતોના ભણતર હજી સુધી તો નિમિત્તાધીન છે. એમ બોલ્યા, હોં! બધા પંડિતોની, કોઈ અપવાદ છોડીને, બધા પંડિતોની દૃષ્ટિ નિમિત્તાધીન છે. આ ઉપાદાનથી આ પર્યાય પોતાથી થાય છે આ વાત તો અમારા ભણતરમાં આવી નથી. ભણવામાં આવી નથી, અમે હજી ભણ્યા પણ નથી. અનુભવ તો પછી. સમજાય છે કાંઈ?

કહે છે કે, એવો જીવ જ છે, જીવ જ છે. જે ક્રમસર પરિણામ ઉત્પન્ન થયા તો તે જીવ જ છે અને જીવથી ઉત્પન્ન થયા તે જે નિયમિત કાળ છે તે કાળે ઉત્પન્ન થયા છે, અજીવ નથી, પરથી નહિ. એ ઉત્પન્ન થયા તે પરથી નથી થયા. આહાહા..! કર્મથી નહિ. સમ્યગ્દર્શન ઉત્પન્ન થયું તો કર્મના અભાવથી ઉત્પન્ન થયું એમ નથી. મિથ્યાત્વ ઉત્પન્ન થયું તે કર્મના ઉદયને કારણે નહિ. અજીવથી ઉત્પન્ન થતું નથી. આહાહા..! સમજાય છે કાંઈ? **'અજીવ નથી;...'**

**'એવી રીતે અજીવ પણ...'** હવે બીજા પાંચ અજીવ લીધા. છ દ્રવ્યમાં એક જીવ, પાંચ અજીવ. **'ક્રમબદ્ધ પોતાના પરિણામોથી ઊપજતું થકું અજીવ જ છે,...'** આહાહા..! પાંચેય જડ રજકણો, આકાશ, ધર્માસ્તિ, અધર્માસ્તિ આદિ ભગવાને છ દ્રવ્ય જોયા. જીવની વાત કર્યા પછી પાંચ અજીવ છે તેની પણ ક્રમસર જે પર્યાય જે સમયે થવાવાળી છે તે પાંચ દ્રવ્યમાં પણ થશે. સમજાય છે કાંઈ? ધ્યાન રાખજો, ભગવાન! ન સમજાય એવી વસ્તુ નથી. આહાહા..!

અરે..! ભગવાનની તાકાત એક સમયમાં કેવળજ્ઞાન લેવાની નાથની તાકાત છે, એને આ ન સમજાય? એ એમ માની લે છે કે આ બધું સૂક્ષ્મ છે, એ અમારાથી ન સમજાય. નહિ સમજાય એ વાત એને સમજવા દેતી નથી. આહાહા..! ભગવાનઆત્મા છે, ન સમજાય એવી વાત ક્યાં છે? પ્રભુ! આહા..! એ વાત તો એક વાર કહી નહોતી? વૃદ્ધ માણસને ઘરમાં તૃષા લાગી હોય તો ઘરમાં બે હજારનો અશ્વ હોય, બે હજારનો બળદ હોય તો એને કહે કે પાણી લાવો? જળ લાવો એને કહે? આઠ વર્ષની છોકરી હોય તો એને કહે, બેના! સાંકળી! જલ લાવો. પાણી લાવો, કેમકે હું કહીશ તેને એ સમજશે. ઘોડા ને બળદ નહિ સમજે. 'નંદકિશોરજી'! એમ આચાર્ય કહે છે કે હું કહું છું એ શરીર અને રાગને નથી કહેતો. આત્માને કહું છું, સમજે એને હું કહું છું. 'પોપટભાઈ'! આવી વાતું છે, ભગવાન! આહાહા..! સમજી શકે છે તેને હું સમજાવું છું. હું રાગને વ્યવહારને અને જડને નથી કહેતો. આચાર્ય કહે છે કે તું સમજી શકીશ. આહાહા..!

પાંચમી ગાથામાં તો 'કુંદકુંદાચાર્યે' ત્યાં સુધી લીધું છે, 'સમયસાર' પાંચમી ગાથા. **'तं एयत्तविहत्तं दाएहं अप्पणो सविहवेण।'** મારા નિજ વૈભવથી હું સમયસાર કહીશ. પાંચમી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ગાથા છે. આ તો આખું શાસ્ત્ર એક એક શબ્દ રહસ્યથી ભરેલું છે. હું **'एयत्तविहत्तं'** મારો સ્વભાવ સ્વભાવથી એકત્વ છે અને રાગથી વિભક્ત છે. હું એવી વાત કહીશ. એમ લીધું છે. **'तं एयत्तविहत्तं दाएहं अप्पणो सविहवेण। जदि दाएज्ज' 'जदि दाएज्ज'** આહાહા..! જો હું દેખાડું. રાગથી પૃથક અને સ્વભાવથી અપૃથક એવી વાત હું તને દેખાડું, `**जदि दाएज्ज पमाणं**' જરી ગંભીર ભાષા છે. તો પ્રભુ! તું અનુભવથી પ્રમાણ કરજે. આહાહા..! પાંચમી ગાથા. બે વાર **'दाएज्ज'** આવ્યું છે. એકવાર એમ આવ્યું કે **'तं एयत्तविहत्तं दाएहं अप्पणो सविहवेण।'** મારા વૈભવથી દેખાડીશ. દરેક પદમાં બહુ ગંભીર ભાષા છે, ભાઈ! પછી ત્રીજા પદમાં કહ્યું, **'जदि दाएज्ज'**. જો વાણી આદિ આવી તો પ્રમાણ કરજે, પ્રભુ! એ પ્રમાણ એટલે એકલી હા નહિ, અનુભવથી મારી વાણીને પ્રમાણ કરજે. આહાહા..! સમજાય છે કાંઈ? દિગંબર સંતોની વાણી રામબાણ વાણી છે. આહાહા..! એવી વાત છે. સમજાય છે કાંઈ?

અહીંયા એ કહે છે, **'અજીવ પણ ક્રમબદ્ધ પોતાના પરિણામોથી ઊપજતું થકું અજીવ છે, જીવ નથી; કારણ કે જેમ (કંકણ આદિ પરિણામોથી ઊપજતા એવા) સુવર્ણને કંકણ આદિ પરિણામો સાથે તાદાત્મ્ય છે...'** સોનાની જે કુંડળ, કડા આદિ જે પર્યાય થાય છે, સોનું તે પર્યાય સાથે તાદાત્મ્ય છે. ક્રમબદ્ધમાં સોનામાં પણ કંકણ આદિ જે થાય છે તે તાદાત્મ્યસ્વરૂપ છે. એમ ભગવાનઆત્મા અને જડમાં જે ક્રમસર પર્યાય ઉત્પન્ન થાય છે તેની સાથે તે દ્રવ્ય તાદાત્મ્ય છે. અગ્નિ જેમ ઉષ્ણતા સાથે તાદાત્મ્ય છે એમ પર્યાય આત્માની સાથે તાદાત્મ્ય છે, તત્ સ્વરૂપ છે. આહા..!

જીવની પર્યાય ક્રમસર થાય છે તે પણ જીવની સાથે તદ્રૂપ અને તન્મય છે. આહાહા..! અને અજીવની પર્યાય જે સમયે થાય છે તે અજીવની પર્યાય અજીવની સાથે તન્મય તદ્રૂપ તાદાત્મ્ય છે. આહાહા..! સમજાય છે કાંઈ? મોટી વ્યાખ્યા છે. અહીં તો આપણે થોડું આટલું કહેવું હતું. ગાથાની વ્યાખ્યા લાંબી છે. અહીં તો ક્રમબદ્ધની વ્યાખ્યા લેવી હતી. ત્યાં ક્રમનિયમિત કાઢ્યું છે. એક 'દેવેન્દ્ર' શાસ્ત્રી છે. એ કહે, ક્રમબદ્ધ શબ્દ શાસ્ત્રમાં છે જ નહિ. એમ આવ્યું હતું. એ તો સોનગઢવાળાએ કાઢ્યો છે, એમ કહે છે. હવે સાંભળ્યું છે કે નરમ પડી ગયા છે. એમ સાંભળ્યું છે. મારે સોનગઢ આવવું છે એમ સાંભળ્યું છે. પહેલા બોલી ગયા હોય, પછી બોલી ગયા હતા કે ક્રમબદ્ધ શબ્દ નથી. હવે સાંભળ્યું છે કે અમારો સોનગઢ આવવાનો ભાવ છે. ટપાલ હતી. કોને ખ્યાલ રહે? ભૂલ તો હો, અનાદિથી છે, એમાં શું? ભૂલ હોય એની વિશેષતા નથી, ભૂલનો નિકાલ કરવો એની વિસ્મયતા છે. સમજાય છે કાંઈ? આહાહા..!

અહીં કહે છે કે પ્રભુત્વ. પોતાની પ્રભુતા પર્યાયમાં ક્રમસર થાય છે પણ એ પ્રભુતા પર્યાયને બદલી નાથે એવી પ્રભુતા શક્તિની નથી. ઈશ્વરતા છે, પ્રભુતા છે, બળ છે, સામર્થ્ય છે પણ જે સમયે જે પર્યાય અનંતગુણની થાય છે તેની એ પ્રભુતા છે. આહાહા..! પોતામાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



બહુ બળ છે, પ્રભુતા છે તો પર્યાય આઘીપાછી કરું એવું સ્વરૂપ જ નથી. 'બાબુભાઈ'! સમજાય છે કાંઈ? આવી વાતું. આ તો વીતરાગ ત્રિલોકનાથ... દિગંબર સંતોએ તો કેવળીઓના પેટ ખોલીને મુક્યા છે, ભાઈ! આહાહા..!

મુમુક્ષુ :– એમાં પુરુષાર્થ ક્યાં આવ્યો?

ઉત્તર :– એ પુરુષાર્થ કહ્યો ને! ક્રમબદ્ધ પર્યાયનો આવો નિર્ણય કરે છે તો પર્યાયથી પર્યાયમાં નિર્ણય નથી થતો, એ પર્યાય દ્રવ્યની સન્મુખ થાય છે ત્યારે પુરુષાર્થપૂર્વક ક્રમબદ્ધનો નિર્ણય થાય છે. એ તો પહેલા કહ્યું હતું. સમજાય છે કાંઈ? બાપુ! આ તો ઉપદેશ ભગવાનની વાણી એવી છે. દયા પાળો ને વ્રત કરો ને ભક્તિ કરો ને પૂજા કરો એ તો કુંભાર પણ કહે છે. કુંભાર કહે છે એ સમજાયું?

અમારું ગામ છે ને? જન્મગામ, ઉમરાળા, અહીંથી અગિયાર માઈલ છે. અમે તો ત્યાં તેર વર્ષ રહ્યા. અમારા 'ઉમરાળા' ગામમાં રિવાજ હતો. જ્યારે શ્રાવણ માસ આવે, શ્રાવણ સુદ એકમે શેઠિયાઓ આવે. કુંભાર, ઘાંચી પાસે પાંચ પાંચ સોપારી લઈને જાય. અમારા ગામમાં રિવાજ હતો. ચાર-પાંચ હજારની વસ્તી. એ પાંચ સોપારી લઈને જાય એટલે એને ખ્યાલ આવે કે આ શેઠિયાના પર્યુષણ આવવાની તૈયારી છે. એ પાંચ સોપારી આપે એટલે શ્રાવણ સુદ એકમથી ઘાણી બંધ. મુસલમાન ઘાંચીની ઘાણી બંધ કરી દે. સમજાય છે કાંઈ? કુંભાર નિંભાડો બંધ કરી દે. અમારા ગામમાં એવો રિવાજ હતો. જ્યારે શ્રાવણ સુદ એકમે શેઠિયાઓ આવે. અષાઢ વદ અમાસે જાય. ઘાંચી સમજો છો? ઘાંચી. તૈલી. મુસલમાન. તો પણ ત્યાં એવો રિવાજ હતો... અમારે રૂખડ શેઠ હતા, બહુ ખાનદાન માણસ હતા. બે-ચાર જણાને લઈને જાય. ઘાણી બહુ હતી અને ઘણા કુંભાર હતા. પાંચ પાંચ સોપારી આપે. શ્રાવણ સુદ એકમથી ભાદરવા સુદ પાંચમ એક મહિનો તેલની ઘાણી બંધ કરી દે. એવો રિવાજ હતો. 'વેણીપ્રસાદજી'! સમજાય છે? આ તો કુંભાર પણ એમ કરતા હતા. એક મહિનો ને પાંચ દિવસ ઘાણી ચાલુ ન કરે. નિંભાડો નહિ કરવો, ઘાણી ન કરવી. અને પછી પણ મોટી શરત ચાલતી હતી. ભાદરવા સુદ પાંચમ સુધી ન કરે. સ્થાનકવાસી શ્વેતાંબરમાં પાંચમે પૂરા થાય પણ પછી કોણ પહેલા કરે એને પાપ વધારે લાગે. એટલે કોઈ સાતમ, આઠમ, નોમ સુધી બંધ રાખે. એવું અમારા ગામમાં ચાલતું હતું. હવે એવું તો ઘાણી પીલવાનું મુસલમાન બંધ કરી દે અને કુંભાર નિંભાડા બંધ કરી દે એ કંઈ નવી વસ્તુ છે? સમજાય છે કાંઈ? એ તો મુસલમાન પણ કરતા. આહાહા..!

અહીં તો ત્રણલોકના નાથની વાણી અંદરમાં જેને આત્માનું ધ્યાન કરવું હોય એને માટે છે. દયા પાળો ને વ્રત કરો એ નહિ. એ જ્ઞાનમાં જાણવામાં આવે છે પણ એ જાણવા માટે આવે છે. એ વસ્તુ કરવાલાયક છે માટે આવે છે એમ નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કહે છે, પ્રભુતાની શક્તિ.. આહાહા..! પોતાના અખંડ પ્રતાપથી શોભિત છે તો અનંતગુણની... ઉત્પાદ-વ્યય-ધ્રુવ નામની શક્તિનું રૂપ અનંતગુણની પ્રભુતામાં જે સમયે જે પર્યાય સ્વતંત્રપણે ઉત્પન્ન થાય છે તેનાથી તે શોભાયમાન છે. તેનો પ્રતાપ કોઈ ખંડિત કરી શકે, તેમાં ફેરફાર કરી શકે અને સ્વતંત્રતાને કોઈ પરતંત્ર કરી દે એવી જગતમાં કોઈની તાકાત નથી. 'દેવીલાલજી'! આવી વાત છે, ભાઈ! આહાહા..!

મુમુક્ષુ :– અમે જલ્દી મોક્ષમાં ન જઈ શકીએ.

ઉત્તર :– જલ્દી, એક સમયમાં જઈ શકે છે. કોણે કહ્યું? પોતાના સ્વભાવ સન્મુખનું જોર આપ્યું તો એ સમયે કેવળજ્ઞાન થવાનો સમય છે તો કેવળજ્ઞાન થશે જ. આહાહા..!

મુમુક્ષુ :– શરત નાખી.

ઉત્તર :– શરત નાખી ને. અંદર પુરુષાર્થ કરે તો એ શરત છે. આહાહા..! આવો વીતરાગનો માર્ગ અરે..! સાંભળવા ન મળે. અરે..! શું કરે? ક્યાં કરે? આહા..! અરે..! આ દુઃખી પ્રાણી ચાર ગતિમાં, જેમ ઘાણીમાં તલ પીલાય છે તેમ આત્મા રાગ અને દ્વેષમાં પીલાય જાય છે. રાગ અને દ્વેષમાં પીલાય છે. તલ પીલાય એને શું કહે છે? આહાહા..!

અહીંયા એ કહે છે કે જ્યાં ક્રમબદ્ધનો નિર્ણય થયો તો એને આનંદની પર્યાય ઉત્પન્ન થાય છે એનો નિર્ણય દ્રવ્ય ઉપર જાય છે. સમજાય છે કાંઈ? એની પર્યાયમાં ક્રમબદ્ધના નિશ્ચયના કાળમાં દ્રવ્ય સ્વભાવ ઉપર દૃષ્ટિ હોવાથી ક્રમબદ્ધમાં આનંદની પર્યાયનો તે ક્રમ છે. આહાહા..! ઝીણી વાત છે. સમજાય છે કાંઈ? ભાષા તો બહુ સાદી છે, ભાવ ભલે સૂક્ષ્મ હો. આહાહા..!

પ્રભુત્વશક્તિ.. આહાહા..! પણ પ્રભુત્વશક્તિની એવી વ્યાખ્યા નથી કે જે થવાવાળી પર્યાય છે તેને ન કરે અને બીજી પર્યાય ઉત્પન્ન થાય, એમ નથી. સમજાય છે કાંઈ? વસ્તુનું સ્વરૂપ જ એવું છે. આહાહા..! જ્યારે દ્રવ્ય સ્વભાવ જ્ઞાનાનંદ સહજાનંદ પ્રભુ... આહાહા..! પહેલા એકવાર કહ્યું હતું, અમારે સજ્ઝાય આવતી હતી. શ્વેતાંબરમાં ચાર સજ્ઝાય છે. એક એક સજ્ઝાયની ચોપડીમાં બસો-બસો, અઢીસો સજ્ઝાય અને એક એક સજ્ઝાયમાં આઠ, દસ, પંદર, વીસ શ્લોક. એવી ચાર સજ્ઝાયમાળા છે. અમારે તો ગૃહસ્થાશ્રમમાં નિવૃત્તિ હતી ને! પિતાજીની દુકાન હતી પછી હું પણ દુકાન ચલાવતો. નિવૃત્તિ હતી, ઘરની દુકાન હતી. મેં ચારે પુસ્તક વાંચ્યા. ચારે ચોપડી. એક એક ચોપડીમાં બસો-અઢીસો સજ્ઝાય, એક એક સજ્ઝાયમાં દસ, પંદર શ્લોક. એવા ચાર પુસ્તક છે. સમજાય છે કાંઈ? સજ્ઝાયમાળા.

એમાં એ આવ્યું હતું, સમજાય છે? કહેવું હતું કાંઈક બીજું. 'સહજાનંદી રે આત્મા..' એટલું આવ્યું હતું. 'સહજાનંદી રે આત્મા, સૂતો કાંઈ નિશ્ચિંત રે..' પ્રભુ! તેં આત્માની ચિંતા કેમ છોડી દીધી અને રાગ ને પુણ્ય-પાપની ચિંતામાં તું સૂઈ ગયો. આહા..! 'સહજાનંદી રે આત્મા, સૂતો કંઈ નિશ્ચિંત રે, મોહ તણા રે રણિયા ભમે' રાગ અને પુણ્ય-પાપ મારા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે એ મોહનું તારે મોટું દેણું છે. દેણદાર. તારે માથે ભમે છે. 'મોહ તણા રણિયા ભમે, જાગ જાગ રે મતિવંત રે..' અરે..! પ્રભુ! જાગને હવે. અનાદિથી રાગમાં સૂતો છો. 'દેવીલાલજી'! શ્વેતાંબરમાં આવે છે. 'જાગ જાગ મતિવંત રે.. લૂંટે જગતના જંત રે' એ બાયડી કહે, શું કરવા અમને પરણ્યા હતા? અમે જુવાન બાઈ છીએ ને તમે ભોગ લેતા નથી ને છોડીને બેઠા, તો વૃદ્ધને પરણવું હતું ને. એ બન્યું છે, હોં! નામ-ઠામ છે. અમે નામ-ઠામ આપતા નથી. સમજાય છે કાંઈ? એના પતિને પ્રશ્ન હતો, એ પતિ અહીંયા બેઠા છે, અમે નામ નથી આપતા. પત્નીએ પ્રશ્ન કર્યો હતો, અમારી પાસે નથી આવતા, ત્યાં રહો છો, અમે જુવાન છીએ, કોઈ વૃદ્ધને પરણવું હતું ને. એ ક્યાંક બહાર રહેતા હશે, નામ નથી આપતા. સમજાણું કાંઈ? એ લુંટે જગતના જંત. બધા લુંટારા ભેગા થયા છે.

'નિયમસાર'માં પાઠ છે, ધૂતારાની ટોળી તને મળી છે. એ બાયડી ને છોકરા ને કુટુંબ ને બધા ધૂતારાની ટોળી છે. 'નિયમસાર'માં છે, શ્લોક છે. આજીવિકા માટે ધૂતારાની ટોળી મળી છે. જુવાન અવસ્થા છે, અમારો ભોગ નહિ લો? અમારું સાધન નહિ કરો? વસ્ત્ર, ઝવેરાત આદિ લાવજો. ઝવેરાત સમજ્યા? ઝેવર. ગાય ને ભેંસને ઝવેરાત કરાવી આપો છો ને અમને નથી કરાવી દેતા? એમ કરીને મેણા મારીને લુંટારા તને લુંટશે. એ... 'દેવીલાલજી'! દુનિયાને જોઈ છે, નાચ્યા નથી પણ નાચનારને જોયા તો છે. ભાઈ! આહાહા..! 'લુંટે જગતના જંત, વિરલા કોઈ ઉગરંત' એવા શબ્દો છે. કોઈ વિરલ ઉગરે છે, પોતાના સ્વભાવના સાધનમાં જાય છે. આહાહા..! 'સહજાનંદી રે આતમા' આહાહા..! એમાં એક વાત એ આવી હતી અને બીજી પણ એક આવી હતી. 'કેવળી આગળ રહી ગયો કોરો' કોરો સમજ્યા? કેવળજ્ઞાની પાસે સમવસરણમાં ગયો હતો પણ તું લુખ્ખો રહ્યો. આહાહા..! સમજાય છે કાંઈ? અમારે તો સીત્તેર વર્ષથી બધા શાસ્ત્રનો અભ્યાસ છે. અમે તો શ્વેતાંબરમાં હતા ને? ઘરની દુકાન હતી, નિવૃત્તિ હતી, બહુ વાંચન કરતા, અમને નાની ઉંમરમાં ભગત કહેતા. બધા પાપ કરે, અમે તો દુકાને બેસીએ પણ શાસ્ત્ર વાંચીએ. થડે બીજા ભાગીદાર આવે તો અમે શાસ્ત્ર વાંચતા હતા. નાની ઉંમરમાં. સંવત ૧૯૬૫-૬૬ ની સાલ. અરે..! ત્યાં આ વાંચતા.. આહાહા..! અરે..! આ જગતના પ્રાણીઓ તને લૂંટે છે, ભાઈ! તારી ચીજની સમજણ વિના તારું માહાત્મ્ય તને આવતું નથી. આનંદનો નાથ અંદર ભર્યો છે ત્યાં આનંદ માનતો નથી અને પરમાં લૂંટારામાં આનંદ માને છો. 'દેવીલાલજી'! આહા..!

અહીં કહે છે, આપણે તો આજે એ લેવું હતું કે ક્રમબદ્ધમાં પુરુષાર્થ ક્યાં રહ્યો? જે સમયે જે થવાની તે નિયત ક્રમથી થશે અને ભગવાને જોયું એ પ્રમાણે થશે. ભગવાન તો જ્ઞાયક છે, એ કંઈ તારી પર્યાય કરતા નથી. એ તો નિમિત્ત છે. લોકાલોકમાં કેવળજ્ઞાની નિમિત્ત છે અને કેવળજ્ઞાન લોકાલોકને નિમિત્ત છે. શું કેવળજ્ઞાનની પર્યાયે લોકાલોકને બનાવ્યો છે? અને લોકાલોકે કેવળજ્ઞાનની પર્યાય બનાવી છે? શું કહ્યું સમજાણું? 'સર્વવિશુદ્ધ અધિકાર'માં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પાઠ છે. કેવળજ્ઞાનની પર્યાય લોકાલોકને નિમિત્ત છે. નિમિત્તનો અર્થ ઉપસ્થિત વસ્તુ. પણ કેવળજ્ઞાનની પર્યાયે લોકાલોકને ઉપજાવ્યા નથી. તેમ લોકાલોક કેવળજ્ઞાનની પર્યાયમાં નિમિત્ત છે તો લોકાલોકે કેવળજ્ઞાનની પર્યાય ઉત્પન્ન કરી છે એમ નથી. નિમિત્તનો અર્થ બીજી વસ્તુ છે, એટલી વાત છે. એનાથી પરમાં કાંઈક થાય છે એમ નથી. એ પણ મોટી ગડબડ છે ને અત્યારે? નિમિત્તથી થાય છે, નિમિત્તથી થાય છે.

કોઈ વખતે નિમિત્તથી થાય છે. બિલકુલ ખોટી વાત છે. સમજાય છે કાંઈ? આ ક્રમબદ્ધની વ્યાખ્યા, નિમિત્તથી થાય છે અને વ્યવહારથી નિશ્ચય થાય એ પાંચ વાત સોનગઢ સામે છે. અને છઠ્ઠી વાત હમણા નીકળી છે, 'રતનચંદજી' તો કહેતા હતા, પણ હવે 'મખ્ખનલાલજી'એ કાઢી. શું? પર્યાયમાં અશુદ્ધતા હો તો દ્રવ્ય પણ અશુદ્ધ થઈ જાય છે. હમણા એ વાત આવી છે. 'રતનચંદજી મુખત્યાર' તો પહેલા કહેતા હતા. એ... 'વેણીપ્રસાદજી'! તમારા ગામના છે. એ કહે છે કે, પર્યાયમાં જ્યારે શુભાશુભ રાગાદિની અશુદ્ધતા થાય ત્યારે દ્રવ્ય પણ અશુદ્ધ થઈ જાય છે. એમ ત્રણકાળમાં નથી. દ્રવ્ય તો ત્રણે કાળે શુદ્ધ પરમાત્મપણે બિરાજે છે. આહાહા..! પર્યાયમાં અશુદ્ધતા હોય તો એ ક્ષણિક પર્યાયની છે, દ્રવ્યમાં અશુદ્ધતા ક્યાંથી ઘુસી ગઈ? એ તો કહેતા જ હતા, હવે 'મખ્ખનલાલજી'એ કાઢ્યું છે. એણે 'પંચાધ્યાયી'ના અર્થ કર્યા છે.

'પંચાધ્યાયી'માં તો એવો પાઠ છે, એક શ્લોક છે કે શુભભાવ દુષ્ટ છે. દુષ્ટ પુરુષની જેમ શુભભાવ દુષ્ટ છે. 'પંચાધ્યાયી'માં એવો શ્લોક છે. અહીં પાછા કહે કે, શુભભાવ મોક્ષનો માર્ગ છે. હમણા આવ્યું છે. મોટી ચર્ચા એ છે. શુભભાવ મોક્ષનો માર્ગ છે. તો 'જગનમોહનલાલજી'એ કહ્યું હતું કે મોક્ષમાર્ગ નહિ. 'કૈલાસચંદજી' એ કહ્યું હતું કે શુભભાવ મોક્ષનો માર્ગ નથી. 'મખ્ખનલાલજી' એ 'કૈલાસચંદજી' ને ચેલેંજ આપી છે, શુભભાવ મોક્ષનો માર્ગ છે. તમે નિષેધ કરો છે, ના પાડો છે એ નહિ ચાલે. કહો, આવી ચેલેંજ! અરર..ર...! 'પંચાધ્યાયી'માં એક શ્લોક છે, શુભભાવ એવો છે કે દુષ્ટ પુરુષની પેઠે દુષ્ટ છે. દુષ્ટ પુરુષનો ઉપદેશ જેમ દુષ્ટ છે એમ એ શુભભાવ દુષ્ટ છે. 'પંચાધ્યાયી'માં આ ગાથા છે. આહા..!

અહીં કહે છે કે તારી પ્રભુતા.. આહાહા..! એ શક્તિને ધરનારો ભગવાન પર તારી દૃષ્ટિ પડે છે તો ક્રમસર જે કેવળજ્ઞાનાદિ જે સમયે થવાના તે થવાના. એ તારો પુરુષાર્થ છે. સમજાય છે કાંઈ? વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## પ્રવચન નં. ૧૦ શક્તિ–૮, ૯ શનિવાર, (દ્વિતીય) શ્રાવણ સુદ ૬, તા. ૨૦-૦૮-૧૯૭૭

**सर्वभावव्यापकैकभावरूपा विभुत्वशक्तिः। ८.**
**સર્વ ભાવોમાં વ્યાપક એવા એક ભાવરૂપ વિભુત્વશક્તિ (જેમ કે, જ્ઞાનરૂપી એક ભાવ સર્વ ભાવોમાં વ્યાપે છે.) ૮.**

આ 'સમયસાર' શક્તિનો અધિકાર ચાલે છે. સાતમી પ્રભુત્વશક્તિ આવી ગઈ. શું કહે છે? કે જે આ આત્મપદાર્થ છે, આત્મવસ્તુ એ તો કર્મ, શરીર આદિથી ભિન્ન વસ્તુ છે, અનાદિથી ભિન્ન વસ્તુ છે અને અંદરમાં પુણ્ય-પાપના વિકલ્પ જે રાગ છે તેનાથી પણ ભિન્ન છે પરંતુ પોતાની અનંતશક્તિથી એ અભિન્ન છે. સમજાય છે કાંઈ? એ શક્તિનું વર્ણન છે.

જે આત્મદ્રવ્ય છે એમાં અનંતશક્તિ છે. આવી ને? સાત શક્તિ તો આવી ગઈ. એક એક શક્તિમાં અનંતીશક્તિ છે. એક એક શક્તિ અનંત પર્યાયરૂપે થાય છે. એવી અનંતશક્તિ છે એમાં આજે અહીંયા વિભુ શક્તિ આવે છે. સાત તો થઈ ગઈ. શક્તિનો તો પાર નથી, અપાર વસ્તુ છે.

**'સર્વ ભાવોમાં...'** શું કહે છે? જુઓ! આત્મવસ્તુ છે એમાં સર્વ ભાવ એટલે અનંતશક્તિઓ છે તેને ભાવ કહે છે. જ્ઞાન, દર્શન, આનંદ, જીવત્વ, ચૈતન્ય એવી અનંતશક્તિને અહીંયા ભાવ કહે છે. આહાહા..! ભાવના ચાર પ્રકાર છે. દ્રવ્યને ભાવ કહે છે, ભાવને–શક્તિને (ગુણને) ભાવ કહે છે, પર્યાયને (ભાવ) કહે છે અને રાગને પણ ભાવ કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? અહીંયા ત્રિકાળી શક્તિને ભાવ કહે છે. જેમ આત્મા ત્રિકાળ છે તેમ જ્ઞાન આવી ગયું ને? પ્રભુત્વશક્તિ તો આવી ગઈ, એ પ્રભુત્વશક્તિ આદિ અનંતશક્તિને અહીંયા ભાવ કહે છે.

કહે છે કે **'સર્વ ભાવોમાં વ્યાપક...'** અન્ય (મતમાં) એમ કહે છે કે આ આત્મા સર્વવ્યાપક છે. પરંતુ એમ નથી. આત્મા અનંતશક્તિમાં વ્યાપક છે એ વિભુ. ભક્તામરમાં આવે છે વિભુ. ઘણા વર્ષ પહેલા 'બરવાળા' છે ને? ત્યાં એક 'ભાઈલાલભાઈ' હતા, ગુજરી ગયા. વેદાંતનો અભ્યાસ હતો, અહીંનો પ્રેમ હતો પણ વેદાંતનો (અભ્યાસ હતો). એમણે પ્રશ્ન કર્યો હતો, ઘણા વર્ષ થઈ ગયા, (સંવત) ૨૦૦૬ની સાલ હશે. વિભુ છે ને? એમ એણે પ્રશ્ન કર્યો હતો. છે સ્થાનકવાસી જૈન પણ અહીંનો પ્રેમ છે. આત્મા વિભુ છે એમ ભક્તામરમાં આવે છે. ભક્તામર છે ને? 'ભક્તામર પુનીત મૌલિ પ્રનામ' એમાં વિભુ આવે છે તો વિભુનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પ્રશ્ન થયો. વિભુ તો સર્વવ્યાપક છે. એમ નથી. ભક્તામરમાં જે વિભુ આવ્યું એ જ આ વિભુશક્તિની વાત છે.

અનંતશક્તિમાં સર્વ ભાવોમાં વ્યાપક. સમજાય છે કાંઈ? આહા..! **'એવા એક ભાવરૂપ...'** સર્વ ભાવમાં વ્યાપક પણ વિભુશક્તિ એકરૂપ છે. બધામાં વ્યાપક છે તો અનંતરૂપ નથી ગઈ. સમજાય છે કાંઈ? એ વિભુત્વશક્તિ. **'(જેમ કે, જ્ઞાનરૂપી એક ભાવ સર્વ ભાવોમાં વ્યાપે છે).'** આહાહા..! જ્ઞાન છે ને? જ્ઞાનશક્તિ સર્વ ભાવોમાં વ્યાપે છે. એમ દર્શનશક્તિ સર્વ ભાવોમાં વ્યાપે છે. એમ આનંદશક્તિ સર્વ ભાવોમાં વ્યાપે છે. એમ વીર્યશક્તિ સર્વ ભાવોમાં વ્યાપે છે. અહીંયા જ્ઞાનનું દૃષ્ટાંત આપ્યું છે. જ્ઞાન સર્વ ભાવમાં વ્યાપક છે. અનંતશક્તિ છે એમાં જ્ઞાન આમ તીરછું વ્યાપક છે. પર્યાય છે તે ક્રમસર છે અને શક્તિ છે તે તીરછી એકસાથે છે. જ્ઞાન સર્વ ભાવમાં વર્તમાનમાં અનંતશક્તિમાં વ્યાપક છે.

અહીંયા બતાવવું એ છે કે શક્તિ છે એમ જ્ઞાન કરાવવું છે. પછી એ શક્તિવાન અને શક્તિનો ભેદ કાઢી નાખવો છે. આ શક્તિવાન આત્મા છે એ પણ વ્યવહાર થયો. નિશ્ચય એકલો અભેદ થયો. ઝીણી વાત છે. આ શક્તિવાન આત્મા એવો ભેદ થઈ ગયો. શક્તિ બતાવે છે એમાં એની શક્તિના સ્વભાવનું સામર્થ્ય બતાવે છે. પણ એ શક્તિ અને શક્તિવાન, દ્રવ્ય શક્તિવાન છે અને ગુણ શક્તિ છે, પણ એ શક્તિ અને શક્તિવાનનો ભેદ કરવો એ પણ સમ્યગ્દર્શનનો વિષય નથી. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ!

સમ્યગ્દર્શનનો વિષય તો શક્તિવાન જે એકલો અભેદ છે તે સમ્યગ્દર્શનનો વિષય છે. જેને સમ્યગ્દર્શન પ્રગટ કરવું હોય તેણે શક્તિઓ છે એમ જાણવું પણ શક્તિ અને શક્તિવાન એવો ભેદ પણ દૃષ્ટિમાંથી છોડી દેવો. આહાહા..! 'ધન્નાલાલજી'!

બીજી વાત-જે આ જ્ઞાનશક્તિ છે તે જ્ઞાન સર્વમાં વ્યાપક છે. તો જ્ઞાનની ક્રમબદ્ધ પર્યાય થાય છે. જ્ઞાનમાં પણ ક્રમસર પર્યાય એક પછી એક, એક પછી એક થાય છે. તો સર્વ ગુણની પર્યાય પણ એક પછી એક ક્રમબદ્ધ થાય છે. કેટલાક એમ કહે છે, ખાણિયા ચર્ચા આવી ને? કેવળજ્ઞાનની અપેક્ષાએ નિયત ક્રમસર છે એ બરાબર છે. સામાનો પ્રશ્ન છે. ક્રમસર પર્યાય થાય છે એ કેવળજ્ઞાનની અપેક્ષાએ ક્રમબદ્ધ બરાબર છે પણ શ્રુતજ્ઞાનની અપેક્ષાએ ક્રમબદ્ધ બરાબર નથી. એવો પ્રશ્ન હતો. ખાણિયા ચર્ચામાં છે. સમજાય છે કાંઈ?

અહીંયા કહે છે કે, અહીં તો ભાવશ્રુતજ્ઞાનની વાત ચાલે છે. આહાહા..! શક્તિ અને શક્તિવાનનો ભેદ છોડીને દૃષ્ટિ થાય છે ત્યારે તેને ભાવશ્રુતજ્ઞાન થાય છે. એ ભાવશ્રુતજ્ઞાન પણ ક્રમબદ્ધને જ માને છે. કેમકે ભાવશ્રુતજ્ઞાન કેવળજ્ઞાનને અનુસરીને થાય છે. કેવળજ્ઞાન માને છે કે ક્રમસર થાય છે અને શ્રુતજ્ઞાનમાં એમ માનતા નથી, એમ લોકો કહે છે. પંડિત લોકોએ ખાણિયા ચર્ચામાં 'ફૂલચંદજી'ની સામે એમ વાત ઉઠાવી છે. અહીં તો પહેલેથી ક્રમબદ્ધની એ વાત થઈ ગઈ હતી. તેની ચર્ચા તો પછી થઈ. આ તો વીસ વર્ષ પહેલા 'કાશી'માં એમને કહ્યું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

હતું. કાશી, બનારસ. ભાઈ! દરેક દ્રવ્યની પર્યાય જે સમયે થાય છે તે સમયે તે જ થાય છે, બીજે સમયે બીજી થાય છે એમ ક્રમબદ્ધ છે. એમાં આઘીપાછી થતી નથી. આઘીપાછીની વ્યાખ્યા શું? સમજાય છે કાંઈ?

જેમ મોતીની માળામાં જ્યાં જ્યાં મોતી છે ત્યાં ત્યાં મોતી છે. તેને આઘાપાછા કરો તો હાર તૂટી જશે. સમજાય છે કાંઈ? ઝીણી વાત છે. ખાણિયા ચર્ચામાં બહુ લીધું છે. અમે તો પહેલા જ કહ્યું હતું. પછી એ પ્રશ્ન 'વર્ણીજી' પાસે થયો, ત્યાં પણ વિરોધ થયો કે ક્રમબદ્ધ નથી. એક પછી એક થશે પણ આના પછી આ પણ થશે અને આ પણ થશે એમ નહિ. અહીં કહે છે એક પછી એક જે થવાવાળી છે તે જ થશે. સમજાય છે કાંઈ? ક્ષણિક ઉપાદાનની અવસ્થા જે ક્રમસર પર્યાયમાં થાય છે તે જ થશે.

અનંતશક્તિ છે એમાં વિભુશક્તિ વ્યાપે છે તો અનંતશક્તિઓ ક્રમબદ્ધ પરિણમે છે. આહાહા..! છતાં શક્તિ અને શક્તિવાનની દૃષ્ટિ છોડીને અભેદની દૃષ્ટિ કરવી અને અભેદથી ક્રમસર પર્યાય થાય છે. નિશ્ચયથી તો ત્રિકાળીશક્તિ અને શક્તિવાન એમ જ્ઞાનની પર્યાયમાં જ્ઞેયરૂપ જ્ઞાનમાં આવ્યું અને પ્રતીતમાં પણ આવ્યું તો એ પ્રતીતની પર્યાય દ્રવ્ય-ગુણે કરી એમ પણ નથી. સમજાય છે કાંઈ? પહેલા આ વાત ચાલી ગઈ છે. ૩૨૦ ગાથા. 'જયસેનાચાર્ય'ની (ટીકા). હમણા ચાલી ગઈ, વ્યાખ્યાન થશે એ છપાશે. હમણા ૩૨૦ ગાથા ચાલી ગઈ, બહુ સરસ! બહુ! એક માણસે દસ હજાર રૂપિયા આપ્યા છે. છપાવવાની છે. આ શક્તિ ચાલે છે ને? એ ૩૨૦ ગાથાના પ્રવચન અને શક્તિના વ્યાખ્યાન બધા એક પુસ્તકમાં છપાશે. વિચાર તો છે, જોઈએ લોકો શું કરે છે? સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :– આપ હુકમ કરો તો થઈ જશે.

ઉત્તર :– નહિ, અમે કંઈ કહેતા નથી. અમે તો કહે એ સાંભળી લઈએ છીએ. અમે તો આ તત્ત્વના વિચાર સિવાય શું કરવું, ન કરવું એ અમે કહેતા નથી. આહાહા..!

અહીંયા તો વિભુશક્તિ છે એ સર્વ ગુણમાં વ્યાપક છે. જ્ઞાન પણ વિભુ થયું અને તેની પર્યાયમાં જે ક્રમસર પર્યાય થાય છે તો અનંતગુણની પર્યાય પણ સાથે ક્રમસર થાય છે. વ્યાપક છે ને? તો વિભુત્વપર્યાય પણ અનંતપર્યાયમાં વ્યાપક છે. આહાહા..! આવો માર્ગ. 'ધન્નાલાલજી'!

દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણ વસ્તુ છે. દ્રવ્ય જે છે એ તો પૂર્ણ શક્તિવાન છે. ગુણ છે તે શક્તિ છે અને તેનું બદલવું, પલટવું, પરિણમન થવું એ પર્યાય છે. અહીંયા તો કહે છે કે એ વિભુત્વશક્તિ સર્વ ગુણમાં વ્યાપક છે તો પર્યાયમાં પણ જે અનંતપર્યાય થાય છે એમાં વિભુત્વશક્તિની પર્યાય પણ વ્યાપક છે. એ તો ઠીક પણ કોઈ એમ કહે કે ક્રમબદ્ધ પર્યાયમાં તો નિયત થઈ જશે. નિશ્ચય–નિયત જ છે. કઈ અપેક્ષાએ? જેમ દ્રવ્ય-ગુણ નિયત છે કે નહિ? છે? નિશ્ચય છે કે વ્યવહાર છે? દ્રવ્ય અને શક્તિઓ નિશ્ચય છે અને નિયત છે,

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


તો પર્યાય પણ નિયત છે. સમજાય છે કાંઈ? પર્યાય પણ નિયત જે સમયે જે થવાની છે તે થવાની. પણ ક્રમબદ્ધનો નિર્ણય કરનારની દૃષ્ટિ જ્ઞાયક ઉપર જાય છે. આહાહા..! શુદ્ધ સ્વરૂપ ત્રિકાળી ભગવાન ઉપર દૃષ્ટિ જાય ત્યારે તેને ક્રમબદ્ધનો નિર્ણય યથાર્થ થાય છે. સમજાય છે કાંઈ?

અમે તો પહેલા વાત કરી હતી પણ એ પંડિત લોકો 'ફૂલચંદજી' સામે એમ કહે છે, કેવળજ્ઞાનની અપેક્ષાએ નિયત ક્રમ છે એ તો બરાબર છે. એમ તો હા પાડી. ક્યાં જાય? પણ શ્રુતજ્ઞાનની અપેક્ષાએ નહિ. કેમકે શ્રુતજ્ઞાન છદ્મસ્થનું છે અને અલ્પજ્ઞાન છે તેથી જે સમયે પુરુષાર્થ કરશે તે સમયે થશે, ક્રમસર થશે એમ એમાં નથી. એ વાત ખોટી છે. સમજાય છે કાંઈ? ઝીણી વાત છે. 'વેણીપ્રસાદજી'! પુરુષાર્થ કરવો પડશે, એમ ને એમ નહિ ચાલે.

મુમુક્ષુ :- અનિયત નય કહી છે.

ઉત્તર :- કીધું નહિ? અનિયતનો અર્થ શું? કોણે કહ્યું? ૪૭ નયમાં અનિયતનો અર્થ શું? કાળ-અકાળનું કહ્યું હતું ને? કાળ-અકાળનું કહ્યું નહિ? કાળનયે મોક્ષ છે અને અકાળનયે મોક્ષ છે, એનો અર્થ શું? એ તો કાલે કહ્યું હતું. 'ધ્યાનવિજય' (સાથે વાત થઈ હતી). નિયતની સાથે અનિયત સ્વભાવ, પુરુષાર્થ આદિ છે તેને અનિયત કહે છે. આઘીપાછી થાય છે એ પ્રશ્ન જ નથી.

એક પ્રશ્ન તો એ આવ્યો છે, 'પંચાસ્તિકાય'માં ૧૫૫ ગાથા છે. નિયત, અનિયત બે છે. પંડિત લોકો એમ કહે છે, જુઓ! નિયત છે અને અનિયત પણ છે. ત્યાં એવો અર્થ નથી. ત્યાં તો નિયત એટલે ગુણની પર્યાય જે થાય છે તે નિયત છે. સમજાય છે કાંઈ? અને બીજી પર્યાય જે અંદર છે તે નિયત તો છે, પણ સ્વભાવની પર્યાય, પુરુષાર્થની પર્યાય અનિયત છે. અનિયત એટલે નિયત નહિ, પણ છે તો નિયત જ. સમજાય છે કાંઈ? છે? 'પંચાસ્તિકાય'. ૧૫૫ છે ને? એક પ્રશ્ન ચાલ્યો હતો. ૧૫૫, જુઓ!

**जीवो सहावणियदो अनियदगुणपज्जओध परसमओ।**
**जदि गुणदि सगं समयं पब्भस्सदि कम्मबंधादो।।१५५।।**

**'નિજભાવનિયત અનિયતગુણપર્યાય'** એમ પાઠ છે. એનો અર્થ એમ કરે છે કે પર્યાય અનિયત છે અને નિયત પણ છે, બન્ને છે. પણ એમ અહીંયા પાઠ નથી. અહીં શું છે? જુઓ! **'જીવ, (દ્રવ્ય અપેક્ષાએ) સ્વભાવનિયત હોવા છતાં, જો અનિયત ગુણપર્યાય...'** એટલે ગુણ જે એકરૂપ વસ્તુ છે તેની પર્યાય અનિયત એટલે વિકારી પર્યાય જે થાય છે તેને અનિયત કહે છે. અને નિર્વિકારી અને ગુણને નિયત કહે છે. એમ અર્થ છે. નિયત, અનિયત શબ્દ એમાં છે. ભાઈનો પ્રશ્ન છે. ૧૫૫. નિયતનો અર્થ સ્વાભાવિક પર્યાય, અનિયતનો અર્થ વિભાવિક પર્યાય. નિયત અને અનિયતનો અર્થ ક્રમ અને અક્રમ એમ નથી. 'જ્ઞાનચંદજી'!

**'સંસારી જીવ, (દ્રવ્ય અપેક્ષાએ) જ્ઞાનદર્શનમાં અવસ્થિત હોવાને લીધે...'** સ્વભાવ તો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નિયત છે. **'જ્યારે અનાદિ મોહનીયના ઉદયને અનુસરીને પરિણતિ કરવાને લીધે ઉપરક્ત ઉપયોગવાળો (–અશુદ્ધ ઉપયોગવાળો) હોય છે ત્યારે (પોતે) ભાવોનું વિશ્વરૂપપણું (–અનેકરૂપપણું) ગ્રહ્યું હોવાને લીધે તેને...'** અનિયતપર્યાય પણ કહેવામાં આવે છે. વિકારી પર્યાયને અનિયત કહેવાય છે. અનિયતનો અર્થ અક્રમ એમ નથી. શાસ્ત્રના અર્થ કરવામાં પણ મોટી (ગડબડ). સમજાય છે કાંઈ? 'રતનચંદજી'એ નાખ્યું છે. 'રતનચંદજી' છે ને? 'સહરાનપુર' કોણ છે 'સહરાનપુર'ના? આ રહ્યા 'સહરાનપુર'ના. આ 'સહરાનપુર'ના મુખ્ય માણસ છે. એ 'રતનચંદજી'એ નાખ્યું છે કે જુઓ! ૧૫૫ ગાથામાં અનિયત છે. અનિયત એટલે ક્રમ નહિ, અક્રમ છે. ક્રમ અને અક્રમ બન્ને છે તે અનેકાંત છે. એવો અર્થ છે જ નહિ.

અનિયત નામ પાણીનો સ્વભાવ ઠંડો છે એ નિયત છે, ઉષ્ણ છે તે અનિયત છે. એમ અહીંયા વાત છે. બહુ ઝીણી વાત, બાપુ! અહીં તો એક એક શ્લોકના અર્થ થઈ ગયા છે પણ લોકોને પૂર્વના આગ્રહ. આ વાત હતી જ નથી. 'ફૂલચંદજી'એ જૈનતત્ત્વ મિમાંસામાં નાખ્યું છે. જ્યારથી ક્રમબદ્ધની વાત પ્રમુખપણે બહાર આવી ત્યારથી કેવળજ્ઞાનને માનનારા પણ શંકા કરવા લાગ્યા કે જો કેવળજ્ઞાન માનીશું તો ત્રણેકાળે જેમ થવાનું છે તેમ જોયું છે તે નક્કી થઈ જશે. તો ક્રમ થઈ ગયું. ક્રમસરની વાત પ્રમુખપણે જ્યારથી બહાર આવી... એ જૈનતત્ત્વ મિમાંસામાં છે અને એ ખાણિયા ચર્ચામાં એમ છે કે જિનવાણી અને મહાપુરુષે જેણે ક્રમબદ્ધનો સ્વતંત્ર ઢંઢેરો પીટ્યો.. સમજાય છે કાંઈ? ત્યારથી જગતમાં કેવળજ્ઞાનમાં પણ શંકા થઈ ગઈ. કેવળજ્ઞાન છે એ તો જ્યાં જે પર્યાય થવાની છે તે બરાબર જોવે છે. એ પર્યાય તે સમયે થશે. એમાં તો ક્રમબદ્ધ થઈ ગયું. ખાણિયા ચર્ચામાં ક્રમબદ્ધનો નિર્ણય સામેવાળા પંડિતે કબુલ કર્યું છે. કેવળજ્ઞાનના હિસાબે તો ક્રમનિયમિત છે જ, શું કરીએ? પણ શ્રુતજ્ઞાનની અપેક્ષાએ નહિ, એમ એ કહે છે. તો એની સામે પ્રશ્ન છે કે શ્રુતજ્ઞાન કેવળજ્ઞાનને અનુસરીને છે કે કલ્પનાનું શ્રુતજ્ઞાન છે? સમજાય છે કાંઈ? જો કેવળજ્ઞાનને અનુસરીને શ્રુતજ્ઞાન હોય તો કેવળજ્ઞાન જેમ માને છે તેમ જ શ્રુતજ્ઞાન જાણે અને માને છે. આહાહા..! અરે..રે..! ક્યાં મૂળની વાતની ખબર નહિ ને ધર્મ.. ધર્મ.. ધર્મ બહારમાં થઈ ગયો. શુભક્રિયા કરી એ ધર્મ થઈ ગયો. ધૂળ પણ ધર્મ નથી, ભાઈ! આહાહા..! એવા શુભભાવ તો અભવિએ પણ અનંતવાર કર્યા, એ તો બંધનું કારણ છે.

ધર્મ તો શક્તિ અને શક્તિવાન જેમ નિયત છે, નિયત છે ને? કે નથી? એમ પર્યાય પણ નિયત છે. આવો નિર્ણય કરનારની દૃષ્ટિ દ્રવ્ય ઉપર થવાથી આવો નિર્ણય થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? ઝીણી વાત છે. આનો અભ્યાસ કરવો પડશે, એમ અધ્ધરથી નહિ ચાલે. મોટા ભાઈ તો અભ્યાસ કરે છે. એને તો રસ છે. ઘણો અભ્યાસ છે. આહા..! અરે..! આવા મનુષ્યપણા મળ્યા. સર્વજ્ઞ વીતરાગ જિનેશ્વરદેવ શું આજ્ઞા કરે છે અને વસ્તુનું સ્વરૂપ કેવું છે, એવો નિર્ણય નહિ કરે તો એનું શું થશે?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મુમુક્ષુ :- અભ્યાસનો ક્રમ આવશે ત્યારે કરીશું.

ઉત્તર :- અભ્યાસના ક્રમનો પુરુષાર્થ કરશે તો ક્રમ આવશે. સમજાય છે કાંઈ? કાળલબ્ધિ છે કે નહિ? શાસ્ત્રમાં પાઠમાં કાળલબ્ધિ છે. જે સમયે થશે તે કાળલબ્ધિ છે. એવો 'સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા'માં પાઠ છે. છએ દ્રવ્યની કાળલબ્ધિ કહી છે. કાળલબ્ધિનો અર્થ છએ દ્રવ્યની જે સમયે જે પર્યાય થવાની તે કાળલબ્ધિ છે. છએ દ્રવ્ય. સમજાય છે કાંઈ?

'પ્રવચનસાર' માં ૧૦૨ ગાથામાં એમ કહ્યું કે, જે સમયે જે પર્યાય જ્ઞેયની થવાની છે તે તેનો જન્મક્ષણ-તેની ઉત્પત્તિનો તે કાળ છે. અને જ્ઞેય અધિકારમાં ૯૯ ગાથામાં જ્ઞેયનો સ્વભાવ લીધો કે પોતપોતાના અવસરે જે પર્યાય થવાની છે તે પોતાના અવસર સિવાય આઘીપાછી નહિ થાય, એમ ત્યાં લીધું છે.

હવે અહીંયા બીજી વાત, જ્યારે આવી કાળલબ્ધિ પર્યાયમાં હોય છે તો કાળલબ્ધિનું જ્ઞાન કોને થાય છે? સમજાય છે કાંઈ? 'ટોડરમલ'માં નવમા અધ્યાયમાં આવ્યું છે, શિષ્યે પ્રશ્ન કર્યો છે, મહારાજ! પ્રભુ! કાળલબ્ધિ થશે ત્યારે થશે, પુરુષાર્થથી થશે, સ્વભાવથી થશે, કર્મનો અભાવ થશે તો થશે, એમાં સત્ય શું છે? તો એમ ઉત્તર આપ્યો છે કે કાળલબ્ધિ ને ભવિતવ્યતા કોઈ વસ્તુ નથી. એમ કહ્યું છે? અમારે એ પ્રશ્નની ઘણી ચર્ચા (સંવત) ૧૯૮૩ની સાલમાં ચાલી હતી. ૧૯૮૩, કેટલા વર્ષ થયા? ૫૦. પચાસ વર્ષ પહેલા એક શેઠ હતા. 'દામનગર'માં ગૃહસ્થ હતા. બીજા પાસે પૈસા થોડા હતા, એની પાસે દસ લાખ હતા. સાંઈઠ વર્ષ પહેલા. પચાસ વર્ષ પહેલા આ ચર્ચા થઈ હતી. શું કહ્યું? કાળલબ્ધિની વાત ચાલે છે. મેં કહ્યું, જુઓ! અહીંયા. એ કહે કે, કાળે થશે, કાળે થશે, કાળે થશે, આપણે શું પુરુષાર્થ કરીએ? એમ કહ્યું. કીધું, આ 'ટોડરમલ' શું કહે છે? કે કાળલબ્ધિ કોઈ ભિન્ન વસ્તુ નથી. જે સમયે થવાની તે થવાની તેનું નામ કાળલબ્ધિ. ભવિતવ્યતા જે સમયે ભાવ થવાનો તે થશે, તે ભવિતવ્યતા. એ કોઈ વસ્તુ નથી. જ્યારે આત્મા પોતાના સ્વભાવ સન્મુખ પુરુષાર્થ કરીને કાર્ય કરે છે તો તેને કાળલબ્ધિનું જ્ઞાન થાય છે અને તે સમયે કાળ આવ્યો તેનું જ્ઞાન તેને છે. કાળલબ્ધિ કાળલબ્ધિ ધારણા કરવી છે? ન્યાય સમજાય છે? સૂક્ષ્મ છે, ભાઈ! આ તો માર્ગ...

મુમુક્ષુ :-

ઉત્તર :- અંતરમાં જાય ત્યારે... એનું કારણ છે. 'પંચાસ્તિકાય'માં ૧૭૨ ગાથામાં એમ લીધું છે કે ચારે અનુયોગનું તાત્પર્ય વીતરાગતા છે. છે? ૧૭૨ ગાથા. ચારે અનુયોગનું તાત્પર્ય વીતરાગતા છે. તો વીતરાગતા ક્યારે થશે? કે દ્રવ્યનો આશ્રય કરે તો વીતરાગતા થશે. એનો અર્થ એ થયો. શું કહ્યું? શાંતિથી સમજવું, બાપુ! આ તો વીતરાગનો માર્ગ છે. જ્યારે ચારે અનુયોગ-દ્રવ્યાનુયોગ, ચરણાનુયોગ, કરણાનુયોગ, કથાનુયોગ-ચારેનો સાર તો ૧૭૨ ગાથામાં વીતરાગતા કહ્યું છે. વીતરાગતા ઉત્પન્ન કઈ રીતે થાય છે? નિમિત્તને આશ્રયે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


થાય છે? રાગને આશ્રયે થાય છે? પર્યાયને આશ્રયે થાય છે? એનો અર્થ એ થયો કે સ્વનો આશ્રય કરે તો વીતરાગતા થશે. ચારે અનુયોગમાં સ્વનો આશ્રય કરવો એ વાત ચાલે છે. સમજાય છે કાંઈ? 'દેવીલાલજી'! જરી સૂક્ષ્મ વાત છે પણ ભાઈ! એણે સમજવું પડશે, બાપુ! આહાહા..! અરે..! સમજ્યા વિના સાચું જ્ઞાન પણ ન મળે ત્યાં દૃષ્ટિ તો ક્યાંથી થાય? આહાહા..! જ્ઞાન, વ્યવહારુ જ્ઞાન પણ જ્યાં ખોટું છે કે પરથી થાય ને અક્રમે થાય છે, એ તો જ્ઞાન પણ ખોટું છે. પરલક્ષીજ્ઞાન પણ ખોટું છે. આહાહા..!

અહીંયા કહે છે કે, એ પર્યાયમાં જે અનિયત કહ્યું એ તો વિકારી પર્યાયની અપેક્ષાએ અનિયત કહ્યું. આઘીપાછી થાય છે એ અપેક્ષાએ અનિયત નથી કહ્યું. જ્યારે કાળલબ્ધિ કહ્યું... બધી ચર્ચા થઈ હતી. (સંવત) ૧૯૮૩, પચાસ વર્ષ પહેલા. 'દામનગર'ના નગરશેઠ છે. ત્યાં અમારુ ચોમાસું ઘણીવાર થતું. એ દિગંબર પુસ્તક ઘણા રાખતા હતા, શ્રદ્ધા-દૃષ્ટિ વિપરીત હતી પણ દિગંબર શાસ્ત્ર ઘણા રાખતા. મોટા ગૃહસ્થ હતા. ગુજરી ગયા, એનો દીકરો છે પણ એ પણ વિપરીત. ચાલીસ હજારની તો ઉપજ હતી અને ઘરે એક ગામ હતું. અમારી નાતના વાણિયા હતા. દસ હજારની ઉપજવાળું એક ગામ હતું. ઘરે એક-બે ઘોડા નહિ, ઘોડાહાર. ઘોડીઓ, ઘોડા ઘણા. હતા વાણિયા, પણ ગરાસદાર. એની સાથે ઘણી ચર્ચા થઈ. કાળલબ્ધિ છે ને ત્યારે થશે.

ચોવીસ તીર્થંકર એના કાળે થાય છે, ચક્રવર્તી એના કાળે થાય છે. એ પ્રશ્ન આવ્યો. સમજાય છે કાંઈ? કીધું, કાળલબ્ધિ છે, એ કાળલબ્ધિનો અર્થ શું? કાળલબ્ધિ છે તેનું જ્ઞાન કોને થાય છે? લોજીકથી ન્યાયથી સમજવું જોઈએ ને? જેને જ્ઞાયક સ્વરૂપ ભગવાનઆત્મા, જે આ ૧૭૨ ગાથા કહી ને? બધા શાસ્ત્રનું તાત્પર્ય વીતરાગતા છે. બધા શાસ્ત્ર બાર અંગ ને ચૌદ પૂર્વનું તાત્પર્ય વીતરાગતા છે. વીતરાગતા થશે ક્યારે? કે જ્યારે વીતરાગસ્વરૂપ ભગવાનઆત્મા છે (તેનો આશ્રય લે ત્યારે). આહાહા..! સવારે કહ્યું હતું ને? 'શુદ્ધતા વિચારે ધ્યાવે શુદ્ધતામેં કેલિ કરે, શુદ્ધતામેં મગન રહે, અમૃતધારા વરસે' એ શુદ્ધસ્વરૂપ ભગવાનઆત્માનો આશ્રય લે તો વીતરાગતા ઉત્પન્ન થશે. ચારે અનુયોગ અને બધા શાસ્ત્રોનું તાત્પર્ય દ્રવ્ય સ્વરૂપનો આશ્રય લેવો એ તાત્પર્ય છે. સમજાય છે કાંઈ? કીધું, જ્યારે આત્મા પોતાના પુરુષાર્થથી દ્રવ્યનો આશ્રય લે છે ત્યારે વીતરાગતા ઉત્પન્ન થઈ. સમ્યગ્દર્શન એ વીતરાગ પર્યાય છે. એમાં પણ હજી તો ઘણી તકરાર છે. સમ્યગ્દર્શન સરાગ સમકિત છે, વીતરાગ નથી. સરાગ તો એટલે કહ્યું કે દોષ સહિત-ચારિત્રના દોષ સહિત સમકિતને કહ્યું. સમકિત તો વીતરાગ પર્યાય જ છે. ચારિત્રમાં રાગ છે તો તેને સરાગ સમકિત કહ્યું. પણ સરાગ સમકિત છે જ નહિ, સમકિત તો વીતરાગ પર્યાય જ છે. સમજાય છે કાંઈ?

અહીંયા કહે છે કે જ્યારે કાળલબ્ધિની ધારણા કરી લીધી પણ કાળલબ્ધિનું જ્ઞાન યથાર્થ કોને થાય છે? જેણે દ્રવ્ય સ્વભાવ શુદ્ધ ચૈતન્યઘનનું અવલંબન લીધું તો વીતરાગતા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉત્પન્ન થાય છે. સર્વ શાસ્ત્રનું તાત્પર્ય સ્વનું અવલંબન લેવું, સ્વનો આશ્રય લેવો એ છે. આહાહા..! જ્યારે આલંબન લીધું ત્યારે પર્યાયમાં જે વીતરાગતા, સમ્યગ્દર્શન આદિ થયા તો કાળલબ્ધિને જાણી કે આ સમયે થવાની હતી. એટલું જાણ્યું. અને ભવિતવ્ય એટલે સમ્યગ્દર્શન આદિના ભાવ થયા એ ભવિતવ્યતા છે, એ ભાવ છે. એ ભાવ પણ ત્યારે જણાયા કે આ સમયે આ જ ભાવ થવાના હતા અને આ સમયે આ જ કાળલબ્ધિ હતી. તેનું જ્ઞાન સ્વભાવ તરફ પુરુષાર્થ કરનારને યથાર્થ જ્ઞાન થાય છે. 'દેવીલાલજી'! આહાહા..! અરે..! ભાઈ! આહાહા..!

ભગવાનના ચારે અનુયોગમાં, બાર અંગ અને ચૌદ પૂર્વમાં આ કહે છે. વીતરાગતા બતાવે છે. એ તો વીતરાગ છે ને? તો વીતરાગતા બતાવે છે. શરૂઆતથી વીતરાગતા કઈ રીતે ઉત્પન્ન થાય એ બતાવે છે. એ વીતરાગતા-રાગરહિત વીતરાગતા ક્યાંથી ઉત્પન્ન થાય છે? કે 'જિન સોહી આત્મા અન્ય સોહી હૈ કર્મ, યહી વચનસે સમજ લે જિન પ્રવચન કા મર્મ.' 'નંદકિશોરજી'! અહીં તો જુદી જુદી વાત છે, કદી સાંભળી ન હોય એવી વાત છે. વાડામાં જન્મ્યા એ કહે, અમે દિગંબર છીએ, પેલા કહે, શ્વેતાંબર છીએ. ખબર નહિ કાંઈ. 'ઇન્દ્રલાલજી' એ કહેતા હતા, 'જયપુર'માં 'ઇન્દ્રલાલજી' પંડિત હતા ને? એ એમ કહેતા હતા કે, દિગંબરમાં જન્મ થયો એ સમ્યગ્દષ્ટિ તો છે જ. હવે એને વ્રત, ચારિત્ર લેવું. અરે..! ભગવાન!

'મોક્ષમાર્ગ પ્રકાશક' સાતમા અધ્યાયમાં તો એ લીધું છે કે જૈનમાં જન્મ થયો, જૈનને માને છે છતાં સૂક્ષ્મ મિથ્યાત્વ રહી જાય છે. સાતમા અધ્યાયમાં એ અધિકાર છે. પાંચમા અધ્યાયમાં અન્યમતનો અધિકાર છે, વૈશેષિક, વેદાંત, શ્વેતાંબર, સ્થાનકવાસી બધા અન્યમતી છે, એ જૈનમત નથી. છઠ્ઠામાં કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રનો લેખ લખ્યો. સાતમામાં દિગંબર જૈનમાં જન્મ્યા તેને પણ મિથ્યાત્વ કેમ રહે છે (એ અધિકાર લખ્યો). સમજાય છે કાંઈ? વાડામાં જન્મ્યા તેથી શું થયું?

અહીં કહે છે, આપણે તો કાળલબ્ધિ, ક્રમબદ્ધ અને વિભુશક્તિની સાથે તેનું જ્ઞાન થાય છે (એમ લેવું છે). સમજાય છે કાંઈ? કારણ કે વિભુશક્તિ અનંતગુણમાં વ્યાપક છે. દૃષ્ટાંત આપ્યો ને? **'જ્ઞાનરૂપી એક ભાવ સર્વ ભાવોમાં વ્યાપે છે.'** જ્યારે પર્યાયમાં પોતાનું જ્ઞાન થયું, તો દ્રવ્ય-ગુણમાં અને બધા ગુણમાં જ્ઞાન તો વ્યાપક છે જ, પર્યાયમાં પણ વ્યાપક થઈ ગયું. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાયની સાથે જ્ઞાન વ્યાપક છે. આહાહા..! સમજાય છે કાંઈ? વાત સૂક્ષ્મ પડે, શું કરે? આહા..!

આ તો જેનું મૂળ મિથ્યાત્વ સંસાર છે. મિથ્યાત્વ એ જ સંસાર છે. પછી રાગ, દ્વેષ, અવિરતી ભાવ રહે છે એ તો અલ્પ સંસાર છે. તેની વાત ગણવામાં આવી નથી. આહાહા..! એ મિથ્યાત્વ સંસાર છે. સ્ત્રી, કુટુંબ-પરિવાર, પૈસા, લક્ષ્મી એ સંસાર નથી. એ તો બહારની વસ્તુ છે. સંસાર તો એની પર્યાયમાં રહે છે. ભૂલ અને અભૂલ, મોક્ષમાર્ગ અને ભૂલ તો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પર્યાયમાં હોય છે. આહાહા..! પરમાં નથી હોતી, દ્રવ્ય-ગુણમાં નથી હોતી. આહાહા..! અરે..! દિગંબર સંતોએ તો ઘણું સ્પષ્ટ કરી દીધું છે પણ અભ્યાસ નહિ અને એ તરફની રુચિ અને ઝુકાવ નહિ. બહારમાં ઝુકાવ. આ કર્યું ને આ કર્યું ને આ કર્યું.

અહીં કહે છે કે કાળલબ્ધિ અને છએ દ્રવ્યની કાળલબ્ધિ. એક વાત. 'પ્રવચનસાર'માં જ્ઞેય અધિકાર લીધો છે. જ્ઞેય શબ્દે છ દ્રવ્ય. જ્ઞેય અધિકાર ૧૦૨ ગાથામાં એમ લીધું, જે સમયે જે પર્યાય ઉત્પન્ન થશે તે તેનો જન્મક્ષણ, તેની ઉત્પત્તિનો એ કાળ છે, આઘીપાછી નહિ. આહાહા..! એ જ્ઞેયનો એવો સ્વભાવ છે. અને ત્યાં 'જયસેનાચાર્યે' તો એમ લીધું છે કે આ જ્ઞેય અધિકાર અમે કહીએ છીએ પણ આ સમકિતનો અધિકાર છે. સમ્યગ્દષ્ટિ.. આહાહા..! જે સમયે જે પર્યાય થવાની તે થવાની, તે તેનો જન્મક્ષણ છે એમ સમ્યગ્દષ્ટિ પ્રતીત કરે છે. સમજાય છે કાંઈ? આમ સમ્યગ્દર્શનનો વિષય ભલે અભેદ છે પણ જ્યારે જ્ઞાનપ્રધાન સમકિતની વ્યાખ્યા કહે તો 'પ્રવચનસાર'માં લીધું છે કે જ્ઞાન અને જ્ઞેય, બેની યથાર્થ પ્રતીતિ તેનું નામ સમ્યગ્દર્શન છે. એમ લીધું છે. 'ચરણાનુયોગસૂચક' અધિકાર, 'પ્રવચનસાર'. સમજાય છે કાંઈ?

એકલા દ્રવ્યની અભેદ દૃષ્ટિની વાત કહે એ દૃષ્ટિની અપેક્ષાએ વાત છે પણ જ્યારે જ્ઞાનપ્રધાન શ્રદ્ધાન કહેવું હોય તો જ્ઞાન–જ્ઞાયક અને જ્ઞેય બેની યથાર્થ પ્રતીતિ તે સમ્યગ્દર્શન છે. કેટલામી ગાથા છે ઇ? ૨૪૨. **'જ્ઞેયતત્ત્વ અને જ્ઞાતૃતત્ત્વની તથાપ્રકારે (જેમ છે તેમ, યથાર્થ) પ્રતીતિ જેનું લક્ષણ છે તે સમ્યગ્દર્શનપર્યાય છે;...'** જ્ઞાનપ્રધાન શ્રદ્ધાન છે ને? દૃષ્ટિપ્રધાન શ્રદ્ધાનમાં તો એકલા અભેદની દૃષ્ટિ (આવે). સમજાય છે કાંઈ? આ તો જ્ઞાનપ્રધાન પ્રવચનસાર છે. સમયસારમાં દૃષ્ટિપ્રધાન કથન છે. કહે છે કે જ્ઞેયતત્ત્વ–છ દ્રવ્ય. અને જ્ઞાયકતત્ત્વ–જ્ઞાયકતત્ત્વ, તેની **'તથાપ્રકારે (જેમ છે તેમ, યથાર્થ) પ્રતીતિ જેનું લક્ષણ છે તે સમ્યગ્દર્શનપર્યાય છે;...'** આહાહા..! સમજાય છે કાંઈ? એમાં જ્ઞેયનો સ્વભાવ જે સમયે જે પર્યાય થવાની તે થવાની તે છએ દ્રવ્ય–જ્ઞેયનો સ્વભાવ છે. સમજાય છે કાંઈ? 'પ્રવચનસાર' બીજા અધિકારમાં આચાર્ય કહે છે કે અમે તો સમકિતનો અધિકાર કહીએ છીએ. સમકિતના અધિકારમાં એમ આવ્યું કે છ દ્રવ્ય જે જ્ઞેય છે, જે સમયે જે (પર્યાય) થવાની તે થવાની, એવો જ્ઞેયનો સ્વભાવ છે. સ્વ અને પરજ્ઞેયની યથાર્થ પ્રતીતિ થાય તેને સમ્યગ્દર્શન કહે છે. આહાહા..! ભાઈ! આવી ઝીણી વાત છે. અત્યારે તો બહુ ગડબડ થઈ ગઈ, ઘણી ગડબડ, ભાઈ! આહાહા..!

જુઓ! ૨૪૨. **'જ્ઞેયતત્ત્વ અને જ્ઞાતૃતત્ત્વની તથાપ્રકારે અનુભૂતિ...'** જુઓ! અહીંયા જ્ઞાન અધિકારમાં અનુભૂતિ લીધી છે. સમજાય છે કાંઈ? આપણે કાલે 'શ્રીમદ્'માંથી જે લીધું હતું ત્યાં અનુભૂતિ ચારિત્રમાં લીધી હતી. છે ને? અનુભવ લક્ષ પ્રતીત. તો લક્ષ એ જ્ઞાનની પર્યાય, પ્રતીત શ્રદ્ધાની પર્યાય, અનુભવ ચારિત્રની પર્યાય. અહીંયા બીજું લીધું છે. અહીંયા જ્ઞેયતત્ત્વ અનંત અને જ્ઞાન (જ્ઞાયક) તત્ત્વ આ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'તથાપ્રકારે અનુભૂતિ જેનું લક્ષણ છે તે જ્ઞાનપર્યાય છે;...'** આહાહા..! તેનું સમ્યગ્જ્ઞાનની પર્યાય, શ્રુતજ્ઞાન પર્યાય છે. આહાહા..! પોતપોતાને કાળે પર્યાય થાય છે એ જ્ઞેયનો સ્વભાવ છે અને આવો સ્વભાવ ન માને તો મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

**'જ્ઞેય અને જ્ઞાતાની ક્રિયાંતરથી નિવૃત્તિ...'** ક્રિયાંતર એટલે અનેરી ક્રિયા. છે? પહેલો બોલ છે. (ફૂટનોટ) 'અન્ય ક્રિયા (જ્ઞેય અને જ્ઞાતા અનન્ય ક્રિયાથી નિવર્તે તેને લીધે રચાતી જે દેખનાર-જાણનાર આત્મતત્ત્વમાં પરિણતિ તે ચારિત્રપર્યાય...') છે. જ્ઞાન-દર્શનમાં રમણતા તે ચારિત્ર પર્યાય છે. મહાવ્રત-બહાવ્રત ને નગ્નપણું એ કોઈ ચારિત્ર નથી. આહાહા..! છે? ક્રિયાંતર–અનેરો રાગ જે વિકાર છે તેની નિવૃત્તિ. શુભરાગથી પણ નિવૃત્તિ. ક્રિયાંતર–અનેરી ક્રિયાથી નિવૃત્તિ એવી સ્વરૂપમાં રમણતા થવી તે ચારિત્ર છે. આહાહા..! એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણિ મોક્ષમાર્ગ છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :– સમ્યગ્દર્શન બે પ્રકારના થયા કે કથન બે પ્રકારના છે?

ઉત્તર :– નહિ, કથન બે પ્રકારના છે. જ્ઞાનપ્રધાન અને શ્રદ્ધાપ્રધાન. સમજાય છે કાંઈ? આહાહા..!

આપણે અહીંયા **'સર્વ ભાવોમાં વ્યાપક એવા એક ભાવરૂપ....'** એક ભાવરૂપ **'વિભુત્વશક્તિ.'** આહાહા..! એ આઠમી શક્તિ પૂરી થઈ. હવે નવમી.

**विश्वविश्वसामान्यभावपरिणतात्मदर्शनमयी सर्वदर्शित्वशक्तिः। ९.**

**સમસ્ત વિશ્વના સામાન્ય ભાવને દેખવારૂપે (અર્થાત્ સર્વ પદાર્થોના સમૂહરૂપ લોકાલોકને સત્તામાત્ર ગ્રહવારૂપે) પરિણમતા એવા આત્મદર્શનમયી સર્વદર્શિત્વશક્તિ. ૯.**

**'સમસ્ત વિશ્વના સામાન્ય ભાવને દેખવારૂપે...'** આ શક્તિ જરી સૂક્ષ્મ છે. સર્વદર્શિત્વશક્તિ. એમાં પણ જરી મર્મ છે. **'સમસ્ત વિશ્વના...'** સમસ્ત વિશ્વ–આખું વિશ્વ. સામાન્ય ભાવ સામાન્યરૂપે ભેદ પાડ્યા વિના. આ જીવ છે ને આ જડ છે ને આ ગુણ છે ને આ ગુણી છે ને આ પર્યાય છે એવા ભેદ પાડ્યા વિના. **'સમસ્ત વિશ્વના સામાન્ય ભાવને...'** એકરૂપ સત્તાનો ભાવ **'દેખવારૂપે (અર્થાત્ સર્વ પદાર્થોના સમૂહરૂપ લોકાલોકને સત્તામાત્ર ગ્રહવારૂપે) પરિણમતા એવા આત્મદર્શનમયી સર્વદર્શિત્વશક્તિ.'** આહાહા..! શું કહે છે? સામાન્ય પદાર્થ. બધા છે એટલું, બસ ! આત્મા છે, ગુણ છે, પર્યાય છે, એ છે. આ છે એમ પણ નથી. અહીં તો સમજાવવા માટે એમ કહેવું પડે. આ સત્તા છે એમ પણ નથી. આ સત્તા છે એમ જ્ઞાન કરે તો એ જ્ઞાનશક્તિ થઈ ગઈ. દર્શનમાં એમ નથી. છે, એમ અંદર દર્શનમાં થાય. અને તે પણ સર્વદર્શિશક્તિ, છે ને? શું આવ્યું?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'આત્મદર્શનમયી...'** ઇ શું કહે છે? કોઈ એમ કહે છે ને કે સર્વને દેખવું એ ઉપચાર છે. પોતા સિવાય બધા પરને જોવું એ ઉપચાર છે. અહીં કહે છે કે એમ નથી. એવી એક વાત છે કે પોતાની દર્શનશક્તિનું પોતામાં દર્શનરૂપ પરિણમન થાય તો એમાં બધી સત્તાનું દેખવું થાય છે, પણ દેખવામાં બધું આવ્યું તો એ પરનો ઉપચાર થયો, બધા છે તો, એમ નથી. એ સર્વદર્શનમયી આત્મદર્શનમયી શક્તિ છે. જરી સૂક્ષ્મ વાત છે, ભાઈ! સર્વ શબ્દ છે ને? તો સર્વદર્શિત્વ. બધાને દેખે. બધાને દેખે, તો બધાને દેખે તો પરને દેખે. એ તો અસદ્ભુત વ્યવહારનય છે. પરને દેખે એ તો અસદ્ભુત વ્યવહારનય છે. અહીં સર્વદર્શિત્વશક્તિને આત્મદર્શનમયી કહ્યું. એ પરની વાત અહીંયા નથી. આત્મદર્શનમયી સર્વદર્શિત્વશક્તિ એમ કહ્યું છે, જુઓ! એ સર્વ શબ્દ છે તો ત્યાં પરની અપેક્ષા નથી. પોતામાં સર્વદર્શિત્વશક્તિનું સ્વરૂપ છે તે જ પરિણમીત થાય છે. સર્વ આવ્યું તો પર આવ્યા અને પરની અપેક્ષા આવી એમ નથી. સમજાય છે કાંઈ?

ફરીને, સર્વદર્શિત્વ એમ આવ્યું ને? સર્વ. તો સર્વમાં તો પર પણ આવ્યા. પર આવ્યા તો પરને દેખે તો તો એ ઉપચાર છે. અહીં તો કહે છે કે સર્વદર્શિશક્તિનું સ્વરૂપ જ પોતાથી છે કે પોતાને અને પરને દેખવારૂપ પરિણમીત થાય છે એ આત્મદર્શનમયી સર્વદર્શિત્વશક્તિ છે. પરને દેખવું એ વાત અહીંયા નથી. સમજાય છે કાંઈ?

ફરીને, ઝીણી વાત, બાપુ! માર્ગ વીતરાગનો સૂક્ષ્મ (છે). આહાહા..! અહીંયા કહે છે, સમસ્ત વિશ્વને સામાન્યરૂપે દેખે. તો જ્યારે એને સર્વદર્શિત્વ કહ્યું તો સર્વમાં તો પર આવ્યા. પર આવ્યા એ તો ઉપચાર છે તો સર્વદર્શિપણું ઉપચારથી છે એમ કોઈ કહે છે. એમ નથી. એ સર્વદર્શિપણાનું પરિણમન પોતામાં થયું એ આત્મદર્શનમયી પર્યાય છે, પરદર્શનમયી એ પર્યાય નથી. શું કહે છે? સમજાય છે કાંઈ? શું કહ્યું? જુઓ!

**'સમસ્ત વિશ્વના...'** આખું વિશ્વ. સમસ્ત અનંત દ્રવ્ય, ગુણ, પર્યાય. બધી એકરૂપ સત્તા. લોકાલોક ત્રિકાળ. **'સમસ્ત વિશ્વના સામાન્ય ભાવને...'** ભેદરૂપ નહિ. સામાન્ય એટલે છે, સત્તા–મહાસત્તા. મહાસત્તાનો અર્થ મહાસત્તા નામની કોઈ શક્તિ ભિન્ન છે એમ નહિ. પણ બધું છે, છે, સામાન્ય. તેને **'દેખવારૂપે...'** સર્વ ભાવને દેખવારૂપ. અરે..! ઝીણી વાત, બાપુ! આહાહા..!

**'(અર્થાત્ સર્વ પદાર્થોના સમૂહરૂપ લોકાલોકને સત્તામાત્ર..)'** લોકાલોકની હયાતીમાત્ર. તેને... છે? **'(ગ્રહવારૂપે) પરિણમતા...'** અહીં તો પરિણમીત લીધું છે. સર્વદર્શિમાં પરિણમનશક્તિ તો છે પણ જ્યારે સર્વદર્શિત્વશક્તિ છે અને શક્તિવાન દ્રવ્ય છે તો દ્રવ્ય ઉપર દૃષ્ટિ થવાથી સર્વદર્શિનું પરિણમન થયું. સર્વદર્શિનું પરિણમન થયું એ આત્મદર્શનમયી છે. સર્વદર્શનમયી એટલે સર્વમાં પર આવ્યા એમ નહિ. સમજાય છે કાંઈ? આરે..! આરે..! આવી વાતું હવે. સાધારણ બિચારી બાઈયુંને કોઈ દિ' રાંધવા આડે નવરાશ ન હોય. છોકરા ને ભાઈને સાચવે એમાં આવી વાતું હવે. આહાહા..! માર્ગ પ્રભુ...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કહે છે કે તારામાં એક અનાદિઅનંત સર્વદર્શિત્વશક્તિ છે. જેમ જ્ઞાનશક્તિ, જીવત્વશક્તિ, દર્શનશક્તિ આવી ને? એ દર્શનશક્તિમાં સર્વદર્શિશક્તિ ગર્ભિત છે. દશિશક્તિ પહેલા આવી ગઈ. એ દર્શનશક્તિમાં સર્વદર્શિશક્તિ ગર્ભિત છે. તેને કારણે અહીંયા બીજી ગણવામાં આવી. ત્યાં દશિશક્તિ એટલું હતું. પણ સર્વદર્શિપણું એમાં નહોતું. એ દશિશક્તિમાં સર્વદર્શિશક્તિ (ગર્ભિત) પડી છે અને એ સર્વદર્શિશક્તિને ધરનારું દ્રવ્ય, તેના ઉપર દૃષ્ટિ કરવાથી પર્યાયમાં સર્વદર્શિપણાની પર્યાય પ્રગટ થાય છે. એ સર્વદર્શિપણાની પર્યાય થઈ તો સર્વ પર આવ્યા એ તો ઉપચાર થઈ ગયો. તો કહે છે, નહિ. સર્વ અને પોતાને દેખવાની પર્યાય પોતાથી, પોતામાં, પોતાને કારણે થઈ છે. એ લોકાલોક છે તો ઉત્પન્ન થઈ છે (એમ નથી). આહાહા..! આવી વાત છે. એ પ્રશ્ન પણ (સંવત) ૧૯૮૩માં થયો હતો. કહ્યું હતું ને? એક 'વીરજીભાઈ' વકીલ હતા.

મુમુક્ષુ :- ... દર્શનપર્યાય થઈ..

ઉત્તર :- એ પર્યાય થઈ તે દર્શનમયી પોતાની પર્યાય પૂર્ણ છે. બધાને દેખે એમાં બધાની અપેક્ષા નથી. પર્યાય પોતાથી બધાને દેખે એવી પોતાની પર્યાય પોતાથી પરિણમીત થઈ, લોકાલોકને કારણે નહિ.

મુમુક્ષુ :- શ્રુતજ્ઞાન એ પર્યાયને જાણે છે?

ઉત્તર :- જાણે છે. એ બરાબર જાણે છે કે સર્વદર્શિપણું એ પોતાની પર્યાયમાં થાય છે એમ જાણે છે. કહ્યું ને? એ પ્રશ્ન (સંવત) ૧૯૮૩માં ચાલ્યો હતો. 'વીરજીભાઈ' વકીલ હતા. કાઠિયાવાડમાં દિગંબરનો અભ્યાસ સૌથી પહેલો એને હતો. 'વીરજી' વકીલ હતા. 'જામનગર'. એની શેઠ સાથે બપોરે ચર્ચા થઈ. હું તો નીચે બેઠો હતો. મેડી ઉપર. મેડી કહે છે ને? મંજિલ. એ પ્રશ્ન થયો. શેઠે કહ્યું કે આ લોકાલોક છે તો અહીંયા સર્વજ્ઞપર્યાય ઉત્પન્ન થાય છે. 'વીરજીભાઈ' કહે, સર્વજ્ઞપર્યાય પોતાથી થાય છે, લોકાલોકને કારણે નહિ. એ ચર્ચા કરતા કરતા પછી નીચે ઉતર્યા. મને પૂછ્યું, અરે..! ભાઈ! ત્યાં સર્વજ્ઞની વાત ચાલી હતી. સર્વજ્ઞ પર્યાય પોતાની પર્યાયને જ સર્વજ્ઞ કહે છે પણ એ સર્વજ્ઞ પર્યાય આત્મજ્ઞાનમયી છે. એમાં પરનું જ્ઞાન નથી, એમ નથી. પર સંબંધી અને પોતા સંબંધી પર્યાય પોતાની ઉત્પન્ન થઈ છે. પરને કારણે નહિ. પરને દેખવાની વાત અહીંયા નથી. આહાહા..! ભારે ઝીણું આવું. ભાઈ! એણે કોઈવાર સમજવું તો પડશે કે નહિ?

આત્મામાં સર્વદર્શિશક્તિ છે તો એનું પરિણમન સર્વદર્શિપણું થયું એ સામાન્ય બધી વસ્તુને દેખે છે. એમાં સર્વ આવ્યું તો સર્વને પરને દેખે છે એ તો ઉપચાર થયો. અહીં તો કહે છે આત્મદર્શનમયી સર્વદર્શિશક્તિ છે. છે? શું કહ્યું? '**સામાન્ય ભાવને દેખવારૂપે પરિણમતા એવા આત્મદર્શનમયી...**' ત્યાં સર્વદર્શનમયી શબ્દ નથી લીધો. એ સર્વને દેખે છે એ પોતાની દર્શનશક્તિ પોતામાં છે. સર્વને દેખે છે એ પ્રશ્ન અહીંયા છે જ નહિ. આહાહા..! અરે..! આવી ગડબડ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ફરીને, અહીંયા જે સર્વદર્શિશક્તિ છે એ પરિણમનમાં સર્વદર્શિપણાની પર્યાય પ્રગટ થઈ તો સર્વદર્શિપણું છે તો સર્વમાં પર આવ્યા કે નહિ? નહિ, અહીંયા એ વાત નથી. સર્વમાં સ્વ ને પરને બધાને દેખવારૂપ પરિણમતી આત્મદર્શનમયી શક્તિ છે. પર્યાયની એટલી તાકાત છે, એ પોતાથી ઉત્પન્ન થઈ છે. સમજાય છે કાંઈ? ઝીણી વાતું, બાપુ! આ બધા વકીલોએ પણ અત્યાર સુધી ધ્યાન આપ્યું નથી. વકીલો તો બુદ્ધિવાળા ને તર્કબાજ કહેવાય. આહાહા..! શું કહે છે?

સર્વદર્શિ શબ્દ આવ્યો ને? સર્વદર્શિમાં સર્વ-પરની અપેક્ષા આવી કે નહિ? ના. પોતાની પર્યાય સ્વપરને પોતાથી પોતાને કારણે પોતાની પર્યાયમાં આત્મદર્શનમયી સર્વદર્શિશક્તિ કહેવામાં આવે છે. ઘણો ફેર છે. પંડિતજી! સમજાય છે કાંઈ? પ્રભુ! તારી ઋદ્ધિ કેટલી છે! એમ કહે છે. તારામાં સર્વદર્શિશક્તિ પડી છે. પ્રભુ! તારી શક્તિમાં સર્વદર્શિપણું પડ્યું છે. આહાહા..! એ સર્વદર્શિશક્તિનો આશ્રય-આધાર દ્રવ્ય છે. એ દ્રવ્યનો આશ્રય લઈને જ્યારે સર્વદર્શિપણાનું પરિણમન થયું એમાં સર્વદર્શિપણાની પર્યાય ઉત્પન્ન થઈ. એમાં સર્વ શબ્દ છે તો પર લાગુ પડ્યું તો સર્વ છે? નહિ. એ પર્યાય જ સર્વદર્શિ-આત્મદર્શનમયી શક્તિ છે તેની એ પર્યાય છે. સમજાય છે કાંઈ? 'બાબુભાઈ'! થોડો ફેર ક્યાં પડ્યો? ઘણો ફેર પડ્યો. પેલા લોકો કહે, સર્વ આવ્યું માટે પર આવ્યા. અહીં કહે છે, નહિ. એ સર્વને દેખે એ પોતાની દર્શનની પર્યાય સર્વદર્શનમયી આત્મદર્શનમયી છે. આત્મદર્શનમયી છે, પરદર્શનમયી નથી. પોતાની પર્યાય પોતામાંથી થઈ છે. આહાહા..! શબ્દમાં થોડો ફેર લાગે પણ ઉગમણો-આથમણો ફેર છે. ઉગમણો-આથમણાને શું કહે છે? પૂર્વ-પશ્ચિમ. આહાહા..!

અહીંયા ભગવાનઆત્મા..! શક્તિમાં આઠમી સર્વદર્શિશક્તિ છે. આ આઠમી છે ને? નવમી. વિભુ તો આઠમી ગઈ ને? આહાહા..! શું કહે છે? દ્રવ્યમાં સર્વદર્શિશક્તિ વ્યાપક છે, ગુણમાં સર્વદર્શિશક્તિ વ્યાપક છે, એ સર્વદર્શિશક્તિ અનંતગુણમાં વ્યાપક છે અને સર્વદર્શિશક્તિ જે છે એ પારિણામિકભાવે છે. લ્યો, વળી બીજી વાત આવી. અંદર જે સર્વદર્શિશક્તિ છે તે પારિણામિકભાવે છે. પારિણામિક નામ પોતાનું સહજ સ્વરૂપ જ એવું છે. એમાં કોઈ પરની અપેક્ષા, નિમિત્તની કે નિમિત્તના અભાવની અપેક્ષા નથી. આહાહા..! એ સર્વદર્શિશક્તિ આત્મામાં છે તો આત્મા પારિણામિક સહજ સ્વભાવે છે. સવારે આવ્યું હતું. સહજ શ્રુતજ્ઞાનમયી. સ્વભાવિક શ્રુતજ્ઞાનમયી. એમ સ્વભાવિક પારિણામિક સ્વભાવમયી આત્મા છે. પારિણામિક એટલે કોઈની અપેક્ષા નહિ. એવી સર્વદર્શિશક્તિ પારિણામિક સ્વભાવે, સહજ ભાવે છે. તેનો આશ્રય લઈને પરિણમનમાં જે સર્વદર્શિપણું આવ્યું તો એ પર્યાયમાં સર્વ દેખવું એમ આવ્યું એ તો વ્યવહાર કથન આવ્યું. સર્વને અને પોતાને દેખે છે તે આત્મદર્શનમયી શક્તિ છે. પર્યાયમાં. આહાહા..! એ પર્યાય જે ઉત્પન્ન થઈ એ ક્ષયોપશમ અને ક્ષાયિકભાવે ઉત્પન્ન થઈ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આત્મા સહજ સ્વભાવ પારિણમિકભાવ, સર્વદર્શિશક્તિ પારિણામિકભાવ અને તેને આશ્રયે જે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર પર્યાય થઈ કે પૂર્ણ સર્વદર્શિ, તો પૂર્ણ પર્યાય છે તે ક્ષાયિકભાવે છે અને નીચે જે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની પર્યાય છે તે ક્ષાયિક ઉપશમ અને ક્ષયોપશમ ત્રણ ભાવે છે. પાંચ ભાવ છે કે નહિ? વસ્તુ અને વસ્તુનો સ્વભાવ પારિણામિક ભાવે છે અને તેની ધર્મની પર્યાય થાય છે, સર્વદર્શિની પૂર્ણ પર્યાય થાય છે તે ક્ષાયિક ભાવે છે. અને સર્વદર્શિશક્તિવાનની પ્રતીતિ, જ્ઞાન અને સ્થિરતા થઈ એ પરિણતિ-પર્યાય ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક ભાવે છે. અને રાગ ઉત્પન્ન થાય છે તે ઉદય ભાવે છે. સમજાય છે કાંઈ? આહાહા..! આવી વાતું હવે.

કહે છે કે એ પર્યાય જે પ્રગટ થઈ તેમાં સર્વદર્શિપણું આવ્યું. પહેલા પ્રતીતમાં આવ્યું, જ્ઞાનમાં-શ્રુતજ્ઞાનમાં આવ્યું. એ પ્રતીત અને જ્ઞાન ક્ષયોપશમ, ક્ષાયિક અને ઉપશમભાવે છે. જ્ઞાન ક્ષયોપશમ ભાવે છે, દર્શન-પ્રતીત ઉપશમ ને ક્ષયોપશમભાવે છે અને પૂર્ણ સર્વદર્શિનું પરિણમન થયું તે ક્ષાયિકભાવે છે. સમજાય છે કાંઈ? એ ક્ષાયિકભાવની પર્યાય કે ક્ષયોપશમભાવની પર્યાય પ્રગટ થઈ તેનો કર્તા ખરેખર દ્રવ્ય-ગુણ નથી. વિશેષ આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**પ્રવચન નં. ૧૧ શક્તિ-૯, ૧૦ રવિવાર, (દ્વિતીય) શ્રાવણ સુદ ૭, તા. ૨૧-૦૮-૧૯૭૭**

---

વ્યવહાર શુભજોગ ધર્મ છે, ધર્મનું કારણ છે એ મોટું શલ્ય, મિથ્યાત્વ શલ્ય છે. કારણ કે 'સમયસાર' 'પુણ્ય-પાપ અધિકાર' માં સ્થૂળ શુભભાવ કહ્યો છે. ભગવાન એ અપેક્ષાએ સૂક્ષ્મ છે અને તેની પરિણતિ-સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પણ સૂક્ષ્મ છે. સમજાય છે કાંઈ?

અહીંયા કહે છે કે આત્મામાં જે શક્તિ છે,... ભાઈ! કાલે સર્વદર્શિશક્તિના અર્થમાં થોડું સ્પષ્ટીકરણ ઓછું રહ્યું છે. એમાં 'પરિણમતા' એવો શબ્દ છે. સર્વદર્શિમાં 'પરિણમતા' શબ્દ છે. જરી સૂક્ષ્મ છે. શું? છે? '**સમસ્ત વિશ્વના સામાન્ય ભાવને દેખવારૂપે (અર્થાત્ સર્વ પદાર્થોના સમૂહરૂપ લોકાલોકને સત્તામાત્ર ગ્રહવારૂપે) પરિણમતા એવા આત્મદર્શનમયી...**' ભાષા જુઓ! કેમકે અહીંયા તો પહેલેથી એમ લીધું છે કે ક્રમ અને અક્રમનો સમૂહ તે આત્મા. થોડો સૂક્ષ્મ વિષય છે. એ ક્રમ એટલે વિકારનો ક્રમ નહિ. અહીં તો શક્તિનું વર્ણન છે તો બધી શક્તિ શુદ્ધ છે તો એની પરિણતિ પણ શુદ્ધ છે. દ્રવ્ય શુદ્ધ છે, શક્તિ શુદ્ધ છે એમ પરિણતિ શુદ્ધ છે. એ શુદ્ધ પરિણતિ ક્રમસર થાય છે. અને ગુણ-શક્તિ છે તે અક્રમ રહે છે. એ ક્રમસર શક્તિની પરિણતિ અને અક્રમનો સમુદાય આત્મા છે, એમ કહેવું છે. આહાહા..! સમજાય છે કાંઈ? આજે તો ઘણા વિચાર આવેલા. એ પરિણમતા શબ્દ આવ્યો ને? અહીં તો આખો દિ' આ જ ધંધો છે, બીજો તો છે નહિ. થોડું સૂક્ષ્મ આવ્યું છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આત્મામાં સર્વદર્શિશક્તિ છે. જો એ ન હોય તો વસ્તુ અદૃશ્ય હોય. અદૃશ્ય એટલે જોવામાં ન આવે એટલે અભાવ હોય. સર્વ છે ને? સર્વદર્શિશક્તિ જે છે એમાં પણ અહીંયા તો પરિણમન લીધું છે. સમજાય છે કાંઈ? 'અધ્યાત્મ પંચસંગ્રહ' છે એમાં લીધું છે. તમે વાંચ્યું છે? 'અધ્યાત્મ પંચસંગ્રહ'. એમાં એમ લીધું છે કે અભવિને જ્ઞાન છે પણ જ્ઞાનની પરિણતિ નથી. ભાઈ! ધ્યાન રાખજો! અભવિને અગિયાર અંગ અને નવ પૂર્વની લબ્ધિ હોય છે પણ એ જ્ઞાન પરિણતિ નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? જ્ઞાન પરિણતિ તો સમ્યક્ રૂપે પરિણમે અને દ્રવ્ય-ગુણને જ્ઞેય બનાવીને પરિણમે તેને જ્ઞાન પરિણતિ કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? અભવિને અગિયાર અંગ ને નવ પૂર્વની લબ્ધિ હોય છે. અગિયાર અંગમાં એક અંગમાં એકાવન હજાર શ્લોક એક એક પદમાં. એવા એવા અઢાર હજાર પદ. અઢાર હજાર પદનું આચારંગ. એક પદમાં એકાવન કરોડ ઝાઝેરા શ્લોક. એવા એવા અગિયાર અંગનું જ્ઞાન અને નવ પૂર્વનું જ્ઞાન (હોય) છતાં એ જ્ઞાનની પરિણતિ નથી. આહાહા..! કેમકે જે જ્ઞાનસ્વરૂપ ભગવાનઆત્મા છે તેની પરિણતિ જ્ઞાન-સ્વના આશ્રયે જ્ઞાનની પરિણતિ થાય તેને જ્ઞાનની પરિણતિ કહેવામાં આવે છે. આહાહા..!

જે આત્મા જ્ઞાનસ્વરૂપ છે, પહેલા જ્ઞાન આવી ગયું ને? હવે આજે તો આપણે સર્વદર્શિનું થોડું લઈને સર્વજ્ઞશક્તિ લેવી છે. જ્ઞાનસ્વરૂપ ભગવાનઆત્મા, જ્ઞાનની પરિણતિ, જ્ઞાનની પરિણતિની સાથે આનંદનો અનુભવ (આવે).. સમજાય છે કાંઈ? તેને જ્ઞાનની પરિણતિ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- આનંદનો અનુભવ હોય તો જ્ઞાનની પરિણતિ કહેવાય?

ઉત્તર :- તો જ્ઞાન પરિણતિ કહેવાય. આહાહા..! અભવિને જ્ઞાન પરિણતિ નથી એમ કહ્યું છે. આટલું અગિયાર અંગનું અને નવ પૂર્વનું જ્ઞાન હોય છતાં તે જ્ઞાન પરિણતિ નથી. આહાહા..! એ જ્ઞાન પરિણતિ થતાં વેદનમાં આનંદનું વેદન આવે છે. સમજાય છે કાંઈ?

એમાં 'અધ્યાત્મ પંચસંગ્રહ'માં દૃષ્ટાંત લીધું છે. 'રાવણે' 'લક્ષ્મણ'ને શક્તિ મારી હતી. 'રાવણ'. સાંભળ્યું છે ને? શક્તિ (મારી તો) અસાધ્ય થઈ ગયા, બેશુદ્ધ થઈ ગયા. અમે તો દુકાન ઉપર આ બોલતા હતા. (સંવત) ૧૯૬૫-૬૬. સમજ્યા? 'રામચંદ્રજી' 'લક્ષ્મણ'ને કહે છે, 'આવ્યા હતા ત્યારે ત્રણ જણા અને જાશું એકા એક.' આ તો (સંવત) ૧૯૬૫-૬૬ માં દુકાન ઉપર કંઠસ્થ કર્યું હતું. હે લક્ષ્મણ! શક્તિ વાગી છે ને? એટલે અસાધ્ય થઈ ગયા છે. 'રામચંદ્રજી' કહે છે, 'આવ્યા હતા ત્યારે ત્રણ જણા અને જાશું એકા એક, માતાજી ખબરું પૂછશે તેને શા શા ઉત્તર દઈશ, લક્ષ્મણ, જાગ ને ઓ..જી... એકવાર બોલી દે..' એકવાર બોલ, જવાબ તો દે, પ્રભુ! તું સૂઈ ગયો, શક્તિ વાગી. આહાહા..! 'સીતાજી'ને 'રાવણ' લઈ ગયો, તું અસાધ્ય થઈ ગયો, હું માતા પાસે એકલો જઈશ તો માતા પૂછશે, ભાઈ! એકલો કેમ આવ્યો? આહાહા..! એમ કહેતા હતા ત્યાં 'વિશલ્યા' આવી. એને પૂછ્યું,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પ્રશ્ન પૂછ્યો કે સાહેબ! આનું શું કરવું? ત્યારે કોઈએ કહ્યું કે એક 'વિશલ્યા' નામની કન્યા છે. તે આ લક્ષ્મણની પત્ની થશે. એની પાસે એક લબ્ધિ-શક્તિ છે.

પૂર્વે એ 'વિશલ્યા' ચક્રવર્તીની દીકરી હતી. એ છોકરીને જંગલમાં કોઈએ છોડી દીધી હતી. જંગલમાં છોડી દીધી તો એને અજગર.. અજગર સમજ્યા ને? ગળી જાય. અજગર એટલે માણસ ગળી જાય. એ જંગલમાં અજગર એને કન્યાને ગળી ગયો. આટલું મુખ બહાર રહ્યું. એમાં એના પિતાજી આવ્યા. અરે..! આહાહા..! અજગરને બાણ મારું તો છૂટી જાય. (વિશલ્યા કહે છે), પિતાજી! બાણ નહિ મારશો, મારે તો ત્યાગ છે. આહાર-પાણીનો જાવજીવ ત્યાગ છે. હું બહાર નીકળીશ તોપણ આહાર નહિ લઉં. માટે નહિ મારશો, હોં! આહાહા..! અજગરના પેટમાં હતી, મોઢું થોડું બહાર હતું. અજગર સમજો છો? અજ-ગર. અજ નામ બોકડા ને ગર નામ ગળી જાય, એટલે અજગર. અજગર. અજ નામ બકરા. મોટા હોય છે ને? તેને ગળી જાય માટે અજગર. પેટમાં ગળી જાય. વિશલ્યા મરી ગયા પછી એક રાજાની કન્યા થઈ. અહીંયા પ્રશ્ન થયો કે આ શક્તિ ખુલે કઈ રીતે? શું કરવું? કોઈ નિમિત્તવાદીએ કહ્યું કે, ભરતનું રાજ છે. રામચંદ્રજીને તો વનવાસ હતો. ભરતને રાજ સોંપ્યું હતું ને? ભરતના રાજમાં એક વિશલ્યા નામની રાજકન્યા છે. ભરતને કહો. તેની રાજકન્યા વિશલ્યાને અહીંયા લાવો, કુંવારી કન્યા છે. એના આવવાથી આ શક્તિનો નાશ થશે. એવી એને લબ્ધિ છે. સમજાય છે કાંઈ? ધ્યાન રાખજો, હોં! ક્યાં ઉતારશું? આ તો દૃષ્ટાંત પણ સિદ્ધાંત ક્યાં ઉતરશે?

એ વિશલ્યા ત્યાં આવે છે. ભરતના રાજમાં હતી એટલે ભરતને ખબર પડી કે આતો રાજાની કન્યા છે. એને હુકમ કર્યો કે તમારી કન્યાને લક્ષ્મણ પાસે લઈ જાવો. શક્તિથી અસાધ્ય છે. જ્યાં પંડાલમાં પેસે છે ત્યાં ઘણા શૂરવીરો ઘાયલ હતા. ઘણા ઘાયલ હતા ને? જ્યાં પેસે છે ત્યાં તે ઘાયલ લોકો રુઝાય જાય છે અને જ્યાં લક્ષ્મણ પાસે આવે છે ત્યાં શક્તિ છૂટી જાય છે, શક્તિ ખુલી જાય છે. પછી તો એની સાથે લગ્ન કરે છે.

અહીંયા કહે છે કે આત્મામાં જે શક્તિ છે.. આહાહા..! શુદ્ધ પરિણતિ-નારીનો સંભોગ કરે તો એ શક્તિનું ખરેખર કાર્ય આવે, તો શક્તિ ખુલી જાય. એ પરિણમતા શબ્દ પડ્યો છે ને? ભાઈ! બે ઠેકાણા છે. માથે પણ કહ્યું છે. પહેલો જ્યાં ઉત્તર આપ્યો હતો ને? કે તમે જ્ઞાનપ્રમાણ કેમ કહો છો? **'પરસ્પર ભિન્ન એવા અનંત ધર્મોના સમુદાયરૂપે પરિણત એક જ્ઞપ્તિમાત્ર ભાવ...'** આવા શબ્દો છે. અહીંયા જરી સૂક્ષ્મ છે પણ વાત યથાર્થ આવી ગઈ છે.

એ શક્તિ છે પણ એની પરિણતિ થાય છે, પર્યાયમાં પરિણમે છે ત્યારે એ શક્તિનું કાર્ય થયું તો એ શક્તિની પ્રતીતિ થઈ અને શક્તિનું અસ્તિત્વ ખ્યાલમાં આવ્યું. સમજાય છે કાંઈ? પરિણતિ વિના એ શક્તિ શક્તિરૂપે રહી, ખીલી નહિ, ખુલી નહિ. સમજાય છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કાંઈ? એમ ભગવાનઆત્મામાં સર્વદર્શિ, સર્વજ્ઞ આદિ શક્તિ છે. આહાહા..! એ શક્તિરૂપ છે. આચાર્યે એવો શબ્દ વાપર્યો છે, જુઓ! કાલે આવી ગયું હતું પણ પરિણમતા શબ્દ બોલ્યા હતા પણ સ્પષ્ટીકરણ બહુ નહોતું આવ્યું. શું કહે છે? જુઓ!

**'સમસ્ત વિશ્વના સામાન્ય ભાવને દેખવારૂપે...'** એક તો એ કે બધી ચીજ જે જગતમાં છે તેને દેખવારૂપ. જો દેખવારૂપ ન હોય તો એ ચીજ અદશ્ય-નથી એમ થઈ જાય. જોવાની પર્યાય છે તો જોવામાં જે ચીજ આવી તેની હયાતી ખ્યાલ આવી. સમજાય છે કાંઈ? સર્વદર્શિશક્તિ છે એ વિશ્વના સામાન્ય ભાવને... ભગવાન! આ અધ્યાત્મની વાણી તો બહુ સૂક્ષ્મ. .... પહેલા એક આવ્યું છે, સત્યાગ્રહ કરો. શુભ પુણ્ય એ ધર્મ છે, શુભભાવ ધર્મ છે. આ ધર્મનો નિષેધ કરે છે. અરે..! ભગવાન! સાંભળ તો ખરો, પ્રભુ! આહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અરે..! શુભભાવ તો અનંતવાર થયા. અત્યારે તો એવા શુભભાવ છે જ નહિ. નવમી ગ્રૈવેયક ગયો ત્યારે એટલો શુભભાવ હતો કે શુક્લલેશ્યા થઈ હતી. જેને શુક્લલેશ્યા કહે છે. શુક્લધ્યાન બીજું અને શુક્લલેશ્યા જુદી. શુક્લલેશ્યા તો અભવિને પણ થાય છે. શુક્લધ્યાન તો સમ્યગ્દષ્ટિને આઠમે ગુણસ્થાને જાય ત્યારે શુક્લધ્યાન થાય છે. શુક્લલેશ્યા જુદી, શુક્લધ્યાન વસ્તુ જુદી. શુક્લલેશ્યાથી નવમી ગ્રૈવેયક પહોંચે. શુક્લલેશ્યા તો છઠ્ઠા સ્વર્ગમાં જાય તોપણ શુક્લલેશ્યા છે. શું કહે છે? છઠ્ઠું સ્વર્ગ છે. અહીંથી શુક્લલેશ્યાવાળો જીવ છઠ્ઠે પણ જાય અને શુક્લલેશ્યાથી નવમી ગ્રૈવેયક પણ જાય. એ શુક્લલેશ્યાથી છઠ્ઠા દેવલોકમાં જાય, ... જાય તો એ શુક્લલેશ્યા તો ભાવોની હોય છે. શુક્લ ભાવ-શુભભાવ, ઘણા ઉજળા. તેને કારણે છઠ્ઠે સ્વર્ગમાં ન ગયો. નહિતર શુક્લલેશ્યાવાળો તો છઠ્ઠા સ્વર્ગમાં જાય. અભવિ કે ભવિ. શુક્લલેશ્યા હોય તો સમકિતી પણ જાય. શુક્લલેશ્યાવાલો છઠ્ઠા, સાતમા, આઠ, નવ, દસ, અગિયાર ને બાર અને પછી નવ ગ્રૈવેયક. એ નવમી ગ્રૈવેયકમાં જાય એ શુક્લલેશ્યા કેવી હોય? છતાં એ ધર્મ નથી, અધર્મ છે, આહાહા..! ગજબ વાત છે, ભાઈ! કષાય પરિણામ છે, એ આકુળતા છે.

અહીંયા તો કહે છે કે દેખવારૂપ જે સર્વદર્શિશક્તિ છે. એ દર્શિશક્તિ-દેખવાની શક્તિ. એનો અર્થ એ કે દેખવાની શક્તિએ વસ્તુને જોઈ. જો દેખવાની શક્તિ ન હોય તો જે ચીજ દેખાય છે એ ચીજનો અભાવ થઈ જાય છે. સમજાય છે કાંઈ? દર્શિશક્તિનો વિષય પૂર્ણ સ્વભાવ. ત્રણકાળ ત્રણલોક બધી વસ્તુ. આહાહા..!

અહીંયા કહે છે કે દર્શિશક્તિ સામાન્ય ભાવને દેખવારૂપે **'(અર્થાત્ સર્વ પદાર્થોના સમૂહરૂપ લોકાલોકને સત્તામાત્ર ગ્રહવારૂપે)...'** ગ્રહવારૂપ એટલે દેખવારૂપ. **'પરિણમતા એવા...'** ભાષા આ છે. પરિણમતા એવા. આહાહા..! એ સર્વદર્શિશક્તિ તેરમે ગુણસ્થાને પરિણમી. આહાહા..! સમજાય છે કાંઈ? એ શક્તિનું પરિણમન થયું ત્યારે શક્તિની પ્રતીતિ અને સત્તા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જોવામાં આવી. સર્વદર્શિપણે પરિણમી. ભગવાનને સર્વદર્શિપણે પર્યાયપણે પરિણમન થયું તો જે ચીજ છે તે દેખવામાં આવે છે ત્યારે તેની સત્તાની પ્રતીત થાય છે. દેખવાના ભાવથી દેખવાની ચીજને દેખી. સમજાય છે કાંઈ? આવી વાત એટલે માણસને લાગે આકરું. પણ શું થાય? પ્રભુ! તારો માર્ગ બહુ જુદો, બાપુ! આહાહા..! સમજાય છે કાંઈ?

એ વાત કહી હતી ને? એકવાર 'દલપતરામ'નું કહ્યું હતું. 'પ્રભુતા પ્રભુ તારી તો ખરી' અમે ચોથી-પાંચમી ચોપડીમાં ગુજરાતી ભણ્યા હતા ને? પોણોસો વર્ષ પહેલાની વાત છે. એ તો પ્રભુને કહે છે, પણ અહીં તો આ પ્રભુત્વશક્તિ આવી ગઈ ને? 'પ્રભુતા પ્રભુ તારી તો ખરી' પ્રભુતા તારી ત્યારે ખરી કે 'મુજરો મુજ રોગ લે હરિ'. પ્રભુતાની શક્તિ અપ્રભુતાનો નાશ કરી દે છે. સમજાય છે કાંઈ? અરે..!

દર્શનશક્તિ છે તેને પણ એમ ઉતારી છે કે એ યતિ છે. સર્વદર્શિશક્તિ યતિ છે. પોતામાં જત્નાથી પરિણમન કર્યું તો અશુદ્ધતા ન આવવા દીધી તેવો તે યતિ છે. શું કહ્યું? યતિ-યત્ન કર્યો. પોતાની સર્વદર્શિની પરિણતિ થઈ તો અલ્પજ્ઞપણું અને અશુદ્ધપણું આવવા નથી દેતા એવી યતિએ યત્ના કરી છે. સર્વદર્શિશક્તિ યતિ છે. આહાહા..! આવી વાતું હવે. અહીં પરિણમતા શબ્દમાંથી કાઢ્યું છે, હોં! સમજાય છે કાંઈ?

એ સર્વદર્શિશક્તિ પરિણમી છે. આમ તો અહીંયા અધિકાર શક્તિનો છે કે આત્મામાં આવી અનંતશક્તિઓ છે, ૪૭ નું વર્ણન કર્યું છે, પણ અહીંયા શક્તિના વર્ણનમાં આ લીધું કે એ શક્તિનું પરિણમન જ્યારે થાય, ક્રમસર જે પરિણમન થાય છે એ ક્રમપરિણત અને અક્રમનો સમુદાય આત્મા છે. સમજાય છે કાંઈ? અહીંયા પરિણમિત લીધું છે. સર્વદર્શિશક્તિ અંદર એકલી પડી છે એમ નથી. જેમ વિશલ્યાએ આવીને લક્ષ્મણની શક્તિ તોડી નાખી, ખોલી નાખી એમ અંદર જે સર્વદર્શિશક્તિ પડી છે તે શક્તિને પરિણતિએ ખોલી નાખી, પર્યાયમાં સર્વદર્શિપણું પ્રગટ થયું. આહાહા..! આવી વાતું. ભાઈ! પ્રભુનો માર્ગ બહુ સૂક્ષ્મ છે. આહાહા..! અત્યારે તો બહુ ગડબડ થઈ છે. અત્યારે તો ચોર કોટવાળને દંડે એવું થઈ ગયું છે. ઝાઝા ચોર ભેગા થઈ જાય તો કોટવાળને (દંડે). પ્રભુ! આ તો સત્ય છે. ભાઈ! આ તો સત્ય માર્ગ છે. આહાહા..! સમજાણું કાંઈ?

અહીંયા કહે છે કે **'પરિણમતા એવા આત્મદર્શનમયી...'** અહીંયા વજન છે. આત્મદર્શનશક્તિ તો ગુણ છે, શક્તિ છે, સત્‌નું સત્ત્વ છે, આત્માનો સ્વભાવ છે પણ એ સ્વભાવ પરિણમ્યો ત્યારે તેને આત્મદર્શનમયી શક્તિ કહેવામાં આવે છે. આહાહા..! બીજી એક વાત છે કે 'શ્રીમદ્'ના પત્રમાં એમ આવે છે કે ચોથે ગુણસ્થાને શ્રદ્ધાપણે કેવળજ્ઞાન પ્રગટ થયું છે. ફરીથી કહેશું, એકવારમાં પૂરું નહિ કરીએ. 'શ્રીમદ્'ના એક પત્રમાં એવી વાત આવી છે કે ચોથે ગુણસ્થાને સમ્યગ્દષ્ટિને શ્રદ્ધાપણે કેવળજ્ઞાન પ્રગટ થયું. સમ્યગ્દર્શન વિના કેવળજ્ઞાન છે એવી શ્રદ્ધા પહેલા નહોતી. સમ્યગ્દર્શન વિના આ કેવળજ્ઞાનમયી છે એમ પરિણમીને પ્રતીત થઈ ત્યારે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એ કેવળજ્ઞાન શ્રદ્ધાપણે પ્રગટ થયું એમ કહ્યું છે. આહાહા..! ચીજ તો ભલે હો, પણ શ્રદ્ધામાં જ્યારે આવ્યું, પરિણતિમાં પરિણમ્યું ત્યારે શ્રદ્ધાપણે કેવળજ્ઞાન છે એમ શ્રદ્ધાપણે પ્રતીત થઈ, શ્રદ્ધાપણે કેવળજ્ઞાન થયું, શ્રદ્ધાપણે કેવળજ્ઞાન થયું, પરિણમીને કેવળજ્ઞાન તેરમે ગુણસ્થાને થશે. સમજાય છે કાંઈ? આવી વાતું બાપુ! બહુ (ઝીણી), ભાઈ!

એ ચૈતન્યના ખજાનામાં એટલા ભંડાર ભર્યા છે કે એ ખજાનાની વાત સાંભળવામાં કઠણ પડે. આહાહા..! એ નિધાન પર નજર કરતાં જ્યારે પરિણતિ પર્યાયમાં થાય છે, નિર્મળ, હોં! વિકારની પરિણતિની તો અહીંયા ગંધ પણ લીધી નથી. એ શુભભાવ.. એટલું કહી શકાય કે શુદ્ધ પરિણતિ છે એમાં શુભભાવનો અભાવ છે. એમ અનેકાંત લીધું. એમાં અભાવ છે. ભાવપણે તો સર્વદર્શિશક્તિ પોતાથી પરિણમી છે. એ પરિણમી તો શક્તિ ખીલી. શક્તિરૂપ હતી એ પરિણમી તો શક્તિ ખુલી ગઈ. જેમ વિશલ્યા આવી ને શક્તિ ખુલી ગઈ. એમ અહીંયા પરિણતિ–પોતાની નારી–સ્ત્રી–પરિણતિ.. આહાહા..! તેની સાથે એકાગ્ર થયો તો આનંદનો અનુભવ કરીને આનંદ-પુત્ર ઉત્પન્ન થયો. આહાહા..! સમજાય છે કાંઈ? આવી વાત છે, ભાઈ! કેટલાકને તો કાને પહેલી પડે એવી વાત છે. આહાહા..!

અહીંયા એ કહે છે, સર્વદર્શિ... **'પરિણમતા એવા આત્મદર્શનમયી...'** એ શું કહ્યું? સર્વદર્શિ છે એટલે સર્વને દેખે માટે અંદર સર્વ આવ્યું છે, એમ નથી. એ સર્વને અને પોતાને દેખવારૂપ આત્મદર્શનમયી શક્તિનું સ્વરૂપ છે. એ આત્મદર્શનની પરિણતિનું શક્તિરૂપ એવું છે, એ આત્મદર્શનમયી છે. સમજાય છે કાંઈ? ઇ શું કહ્યું?

સર્વદર્શિપણું છે તો કોઈ એમ કહે કે એ તો પરને જોવાની પર્યાય પણ અંદર આવી. એમ નથી. એ સર્વને દેખે અને પોતાને દેખે એ આત્મદર્શનમયી પોતાની પર્યાયમાં છે. એ સર્વને દેખવું અહીંયા નથી. આહા..! શું કહ્યું? આ તો પરમાત્મા જિનેશ્વરદેવ,.. ભાઈ! આહાહા.! તેમનો માર્ગ બહુ સૂક્ષ્મ છે. અત્યારે સ્થૂળ થઈ ગયો. હજી તો શુભભાવથી ધર્મ થાય છે એમ કહે છે. એ લોકો એમ કહે છે, સત્યાગ્રહ કરો. 'કોટા'માં ચાલ્યું છે, ભાઈ! આજે પત્ર આવ્યો છે. સત્યાગ્રહ કરો કે શુભભાવથી ધર્મ થાય છે. એ.. શેઠ! પણ હવે આ શેઠિયા પાક્યા છે એટલે હવે એનું કાંઈ ચાલે એવું નથી. માર્ગ આ છે એમ શ્રદ્ધામાં તો નક્કી કરો. આહાહા..!

અહીંયા કહે છે, **'દેખવારૂપે પરિણમતા એવા આત્મદર્શનમયી...'** બે શબ્દ આવ્યા. એક તો આત્મદર્શનની પરિણતિ અને આત્મદર્શન પર્યાય એ આત્મદર્શનની પર્યાય છે. એ સર્વને દેખવાની પર્યાય નથી. એ સર્વદર્શિ પોતાના આત્મદર્શનમયી શક્તિ છે. આહાહા..! સમજાય છે કાંઈ? ''જ્ઞાનચંદજી'! આહાહા..! કહ્યું ને? હવે આપણે આજે સર્વજ્ઞશક્તિ લઈએ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**विश्वविश्वविशेषभावपरिणतात्मज्ञानमयी सर्वज्ञत्वशक्तिः। १०.**

**સમસ્ત વિશ્વના વિશેષ ભાવોને જાણવારૂપે પરિણમતા એવા આત્મજ્ઞાનમયી સર્વજ્ઞત્વશક્તિ. ૧૦.**

**'સમસ્ત વિશ્વના વિશેષ ભાવોને...'** દર્શનશક્તિ જે છે તેમાં તો બધું છે, ભેદ વિના સામાન્યપણે બધી સત્તા છે, બધાનું અસ્તિત્વ પૂર્ણ છે એમ દર્શનશક્તિમાં દેખવામાં આવે છે. એમાં આ આત્મા છે ને આ જડ છે ને આ ગુણ છે ને આ પર્યાય છે એવા ભેદ નથી. સમજાય છે કાંઈ? સર્વદર્શિમાં એ છે. 'અધ્યાત્મ પંચસંગ્રહ' માં એ લીધું છે, ઓહોહો...! એક સમયમાં સર્વ અસ્તિત્વને ભેદ વિના જોવું એ સર્વદર્શિનું કાર્ય છે. એ જ સમયે સર્વજ્ઞની પર્યાયમાં બધાને ભિન્ન ભિન્ન કરીને જાણવું એ સર્વજ્ઞનું કાર્ય છે. એકસાથે બે પર્યાય છે પણ એક પર્યાય આમ દેખે અને એક પર્યાય આમ જાણે આ અદ્ભુતરસ છે. નવ રસ ઉતાર્યા છે. સમજાય છે કાંઈ? આહાહા..! અદ્ભુતરસ છે. સાધારણ માણસને ખ્યાલમાં આવવું મુશ્કેલ પડે એવું છે.

સર્વદર્શિ એ બારીક ચીજ છે. કેમ કે સર્વદર્શિશક્તિ છે એમાં આ શક્તિ છે એમ થાય એ તો જ્ઞાન થઈ ગયું. સમજાય છે કાંઈ? એ સર્વદર્શિશક્તિ તો સામાન્ય બધું છે એમ જોવે. લોકાલોક પોતાનું દ્રવ્ય, પોતાના ગુણ, પોતાની અનંત પર્યાય આદિ બધાને છે એ રૂપે પરિણમવાની શક્તિ, બસ! અને સર્વજ્ઞશક્તિ પણ એ જ સમયે છે. જુઓ! **'સમસ્ત વિશ્વના વિશેષ...'** પેલામાં સામાન્ય હતું. **'સમસ્ત વિશ્વના સામાન્ય ભાવ...'** એમ હતું. અહીંયા... આહાહા..! **'સમસ્ત વિશ્વના વિશેષભાવ..'** બધા વિશેષ ભાવ. વિશેષ ભાવમાં તો દ્રવ્યભાવ, ગુણભાવ, પર્યાયભાવ, એક સમયની પર્યાયમાં અનંત અવિભાગ પ્રતિચ્છેદ, કેવળજ્ઞાનની પર્યાયમાં તો અનંતા કેવળી જણાય છે. ત્રણે કાળના કેવળી જણાય છે. આહાહા..! એ અનંતા કેવળીએ બધું જાણ્યું એવા અનંતા કેવળીને કેવળજ્ઞાન પર્યાય જાણે. એ પર્યાયમાં કેટલી તાકાત ! પર્યાયમાં છેદ કરીને અવિભાગ. અવિભાગ-ભાગ પાડતા પાડતા છેલ્લો ભાગ રહે તેને અવિભાગ કહે છે, એવા અનંત અવિભાગ. એક કેવળજ્ઞાનની એક પર્યાયમાં અનંત અવિભાગ પ્રતિચ્છેદ છે. અરે..! એમાં તો છે પણ નિગોદના જીવ જેને અક્ષરના અનંતમા ભાગે વિકાસ રહ્યો, એ પર્યાયમાં પણ અનંત અવિભાગ પ્રતિચ્છેદ છે. આહાહા..! પર્યાય છે ને? આહાહા..! નિગોદનો જીવ, હોં! જેને અક્ષરના અનંતમે ભાગે વિકાસ રહ્યો. શક્તિ તો સર્વજ્ઞ, સર્વદર્શિ છે જ. એ નિગોદના જીવમાં સર્વજ્ઞ અને સર્વદર્શિશક્તિ તો છે જ, પણ પરિણમન વિના, કાર્ય વિના કારણ પ્રતીતમાં આવ્યું નહિ. સમજાય છે કાંઈ? આહાહા..!

અહીંયા તો આત્મા.. ભગવાને સર્વજ્ઞે... પહેલા એકવાર કહ્યું હતું, 'પ્રભુ તુમ જાણગ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



રીતિ સૌ જગ દેખતા હો લાલ..' પ્રભુ! આપનું કેવળજ્ઞાન જગતને બધાને દેખે. 'નિજ સત્તાએ શુદ્ધ..' પ્રભુ! અમારા આત્માની જે નિજ સત્તા છે એને તો આપ શુદ્ધ જુઓ છો. પુણ્ય-પાપ એ કાંઈ આત્મા નથી. આહાહા..! 'નિજ સત્તાએ શુદ્ધ સૌને...' સૌને–નિગોદના જીવ આદિ બધા જીવોને. હે નાથ! આપના જ્ઞાનમાં તેમની સત્તા, હોવાપણું શુદ્ધપણે જુઓ છો. આહાહા..! સમજાય છે કાંઈ? વાત ઘણી ગંભીર છે, ભાઈ! આહા..!

ભગવાન! એ નિગોદના જીવ પણ સ્વભાવે અને શક્તિએ તો શુદ્ધ જ છે. પર્યાયમાં અશુદ્ધતા છે એ તો એક સમયની છે. એ તો એક સમયની અશુદ્ધતા છે. સેકંડના અસંખ્ય ભાગમાં એક સમયની અશુદ્ધતા છે અથવા અક્ષરના અનંતમે ભાગે વિકાસ એ એક સમયની વસ્તુ છે. અંતર વસ્તુ છે એ તો સર્વજ્ઞ સર્વદર્શિ પરિપૂર્ણપણે પડી છે. પણ અહીં તો કહે છે કે પરિણમ્યા વિના, પરિણમ્યા વિના, પોતાની સ્ત્રી–પરિણતિ તેની સાથે વેદન કર્યા વિના એ સર્વજ્ઞશક્તિ પ્રતીતમાં આવતી નથી.

નીચેના ગુણસ્થાને પણ સર્વજ્ઞશક્તિ છે એમ પ્રતીતમાં આવ્યું. કેવળજ્ઞાનની પ્રતીતિ થઈ, કેવળજ્ઞાન થયું નથી. પહેલા જે અલ્પજ્ઞપણું માન્યું હતું એ સમ્યગ્દર્શન થતાં કેવળજ્ઞાન હું છું, કેવળજ્ઞાન, એકલું જ્ઞાન હું છું એવી પ્રતીતિ થઈ તો કેવળજ્ઞાનની શક્તિ, શ્રદ્ધાએ કેવળજ્ઞાન પ્રગટ થયું. શ્રદ્ધાએ કેવળજ્ઞાન પ્રગટ થયું. એ શું કહ્યું? જે શ્રદ્ધામાં પૂર્ણ જ્ઞાન, આનંદ છે એવી પ્રતીતિ નહોતી ત્યારે તે પ્રગટ ન થયું. આહાહા..! શ્રદ્ધામાં કેવળજ્ઞાન પ્રગટ થયું કે હું કેવળજ્ઞાન છું, એમ શ્રદ્ધાથી કેવળજ્ઞાન પ્રગટ થયું છે. કેવળજ્ઞાનની પરિણતિની પૂર્ણ દશા તેરમે ગુણસ્થાન થશે. સમજાય છે કાંઈ? આવી વાતું છે. આવો કેવો ઉપદેશ? આમાં દયા પાળવી, વ્રત કરવા, અપવાસ કરવા એવું હોય તો સમજાય પણ ખરું. કેમ 'માણેકલાલ'! ભગવાન! માર્ગ આવો છે, ભાઈ! આહાહા..! તારું નિધાન તારી નજરમાં કોઈ દિ' આવ્યું નહિ અને નજરમાં આવ્યા વિના આ ચીજ છે એવી પ્રતીત પણ થઈ નહિ. સમજાય છે કાંઈ? આહાહા..!

અહીં કહે છે કે આત્મજ્ઞાનમયી. **'પરિણમતા એવા આત્મજ્ઞાનમયી...'** આહાહા..! એ જ્ઞાનની પર્યાય સર્વજ્ઞશક્તિપણે જે શક્તિ છે તે પરિણમી. આહાહા..! આખી પર્યાયમાં તેનું પરિણમન થયું. એ પરિણમન આત્મજ્ઞાનમયી છે. સર્વજ્ઞપણે કહ્યું પણ એ છે આત્મજ્ઞાનમયી. એ આત્માનું જ્ઞાન થયું છે. આહાહા..! સમજાય છે કાંઈ? પરને જાણે છે એમ કહેવું એ તો અસદ્ભુત વ્યવહારનયનો વિષય છે. કેમ? કે પરમાં તન્મય થઈને જાણતી નથી. માટે પરને જાણે છે એમ કહેવું એ અસદ્ભુત વ્યવહાર છે. આહાહા..! અને પોતાની પૂર્ણ પર્યાયને તન્મય થઈને જાણે છે. સમજાય છે કાંઈ? આહાહા..! 'જ્ઞાનચંદજી'! વાત થોડી સૂક્ષ્મ છે પણ સાંભળે તો ખરા, આવું ક્યાં (સાંભળવા મળે)? આહાહા..!

'નિયમસાર'માં સિદ્ધાંત તો એમ કહે છે, કોઈ એમ કહે કે નિશ્ચયથી આત્મા લોકાલોકને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જાણતો નથી. તેને દોષ કેમ આપીએ? 'નિયમસાર'માં છે. સર્વજ્ઞ લોકાલોકને જાણતા નથી. એ બરાબર છે, નિશ્ચયથી લોકાલોકને જાણતા નથી. નિશ્ચયથી તો પોતાની પૂર્ણ પર્યાયને જ જાણે છે. અને વ્યવહારનયથી કોઈ એમ કહે કે આત્મા પરને જાણે છે પણ સ્વને જાણતો નથી. બે બોલ આવ્યા છે. 'નિયમસાર', (શુદ્ધ)ઉપયોગ અધિકારમાં છેલ્લા ભાગમાં છે. એ પણ સાચું છે. વ્યવહારથી પોતાને જાણે છે એમ નહિ, વ્યવહારથી પરને જાણે છે એ વ્યવહાર છે. પોતાને જાણે છે એ તો નિશ્ચય છે. પરને વ્યવહારથી જાણે છે એમ સ્વને વ્યવહારથી જાણે છે, એમ નથી. આહાહા..! આવી વાત.

ખરેખર તો લોકાલોકને જાણતો જ નથી. કારણ કે લોકાલોકમાં તન્મય થયો નહિ. જો લોકાલોકમાં તન્મય થાય તો નારકીના દુઃખનું વેદન આવવું જોઈએ. સમજાય છે કાંઈ? લોકાલોકમાં સાતમી નરકનો નારકી મહાદુઃખી.. દુઃખી.. દુઃખી છે. ચક્રવર્તી મહારાજા હોય, 'બ્રહ્મદત્ત' નરકમાં પડ્યા છે. 'બ્રહ્મદત્ત' ચક્રવર્તી. આહાહા..! સાતસો વર્ષ. ચક્રવર્તીપદમાં થોડા વર્ષ રહ્યા પણ જિંદગી સાતસો વર્ષ. એ સાતસો વર્ષમાં શ્વાસ કેટલા હોય? એ મરીને સાતમી નરકે તેત્રીસ સાગરે ગયો. અત્યારે છે. એક શ્વાસમાં.. કેટલા છે? 'જયંતિભાઈ'! અગિયાર લાખ છપ્પન હજાર નવસો પંચોતેર એવા પલ્યોપમનું એક શ્વાસનું દુઃખ!

અહીંયા એક શ્વાસ લીધો, એટલામાં એની જે જિંદગી ગઈ... એટલું એક શ્વાસનું દુઃખ. અગિયાર લાખ છપ્પન હજાર પલ્યોપમનું દુઃખ. સમજાય છે કાંઈ? ફરીને લઈએ. એક શ્વાસ, સાતસો વર્ષ રહ્યા ને? એક શ્વાસમાં સંસારનું કલ્પનાનું સુખ ભોગવ્યું. એક શ્વાસનું ફળ આવ્યું, અગિયાર લાખ પલ્યોપમ. એક શ્વાસના ફળમાં અગિયાર લાખ પલ્યોપમનું દુઃખ છે. સમજાયું કે નહિ? એ આંકડો તો યાદ ન રહે. 'જયંતિભાઈ' ને યાદ છે. આહાહા..! અને તે પણ નાની ઉંમરમાં કાંઈ ચક્રવર્તીપદ હતું નહિ, પછી આવ્યું. પણ સાતસો વર્ષના શ્વાસની સંખ્યા હોય અને એક શ્વાસના ફળ તરીકે અગિયાર લાખ પલ્યોપમનું ત્યાં દુઃખ છે. આહાહા..! કોઈ એમ કહે.. શું કહેવાય તમારે? કાકડીનો ચોર. કાકડીના ચોરને ફાંસી? નહિ, નહિ, નહિ. પરિણામ એટલા તીવ્ર હતા કે એ પ્રમાણે અહીંયા સાતસો વર્ષ કલ્પનાના, પાપના દુઃખ વેદ્યા. અહીં પણ પાપના દુઃખ હતા. પણ એના ફળમાં.. આહાહા..! એક વખત હિસાબ કર્યો હતો. અહીં તો બધી વાત (જોઈ છે). અગિયાર લાખ છપ્પન હજાર પલ્યોપમ. ત્રીજું શું કહ્યું? નવસો પંચોતેર. કહો! અગિયાર લાખ છપ્પન હજાર નવસો પંચોતેર પલ્યોપમ. એક પલ્યના અસંખ્ય ભાગમાં અસંખ્ય અબજ વર્ષ જાય. એય..! 'નંદકિશોરજી'! એક પલ્યોપમના કાળની મુદતમાં, એક પલ્ય કાળની ઉપમા છે, તેના અસંખ્ય ભાગમાં અસંખ્ય અબજ વર્ષ જાય. એવું એક પલ્યોપમ, એવા દસ ક્રોડા ક્રોડી પલ્યોપમનું એક સાગરોપમ, એવા તેંત્રીસ સાગરની સ્થિતિએ 'બ્રહ્મદત્ત' ચક્રવર્તી સાતમી નરકે ગયા છે. આહાહા..! એ કાકડીના ચોરને ફાંસી છે એમ નથી. સમજાય છે કાંઈ? મોટો ગુનો કર્યો છે. આત્માનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અનાદર કરીને તીવ્ર રૌદ્રધ્યાન કર્યાં. આહાહા..!

ભગવાન અનંતઆનંદ અને અનંતશક્તિનો નિધાન પ્રભુ! તેનો અનાદર કર્યો. એ નથી, એ નથી, એ નથી, આ છે, આ છે.. વિષયનું સુખ, ભોગનું સુખ, એ છે. એના અસ્તિત્વની કબુલાતમાં ભગવાન અનંતઆનંદના નાથનો અનાદર કરીને જેના ફળમાં અગિયાર લાખ પલ્યોપમની મુદતના દુઃખમાં જાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? સમજાય છે કે નહિ? આહાહા..! અને તે પણ કલ્પિત સુખ. અરે..રે..! ભોગમાં દુઃખ છે. 'કુરુમતિ' એની રાણી હતી. છન્નુ હજારમાં એક રાણી હતી, તેની એક હજાર દેવ સેવા કરતા હતા. સમજાય છે કાંઈ? આહાહા..! એ મરતાં.. એને સ્ત્રીરતન કહે છે. સ્ત્રીરતન કેમ કહ્યું? કે બહુ કોમળ ને બહુ સુંદર શરીર હોય છે. અને હજાર દેવ તો એ સ્ત્રીની સેવા કરે. સ્ત્રીના ભોગમાં એટલો મશગુલ થઈ ગયો કે મૃત્યુ ટાણે એમ બોલે, કુરુમતિ.. કુરુમતિ. હીરાના પલંગ! હીરાના પલંગમાં સૂતો હતો. સોળ હજાર દેવ અંદર તૈયાર હતા. આહાહા..! કુરુમતિ! હાય.. હાય..! કંઈ ભોગ ન લઈ શકે. મરીને સાતમી નરકે ગયો. ભાઈ! આહાહા..!

અહીંયા કહે છે કે તારો જે જ્ઞાનસ્વભાવ છે તેની પરિણતિ થાય તો અનંતઆનંદ આવે. આનંદપુત્રનો સાથે જન્મ થાય છે. એ સર્વજ્ઞની પરિણતિ સાથે આત્મા ભોગ-વેદન કરે છે તો તેમાં આનંદ-પુત્રનો જન્મ થાય છે, પેલામાં દુઃખ ઉત્પન્ન થાય છે. આહાહા..! ભારે માર્ગ ભાઈ આવો. એક અંતર્મુહૂર્ત આત્માનું ધ્યાન કરવાથી.. આહાહા..! કેવળજ્ઞાન ઝળહળ જ્યોતિ પરિણતિ પ્રગટ થાય છે અને એ કેવળજ્ઞાન અનંતઆનંદ સાથે ઉત્પન્ન થાય છે અને એ અનંતઆનંદ અને કેવળજ્ઞાનની પર્યાય સમયે સમયે ભિન્ન ભિન્ન થાય છે. જે પહેલા સમયે કેવળજ્ઞાન થયું તે બીજા સમયે નહિ રહે. પહેલે સમયે જે અનંતઆનંદ આવ્યો એ બીજે સમયે નહિ રહે. બીજે સમયે એવો આવશે પણ એ નહિ આવે. સમજાય છે કાંઈ? અને આ દુઃખ તો.. ઓહોહો..! સાતમી નરકમાં તેં અનંત ભવ કર્યા, ભાઈ! તને ખબર નથી. ભૂલી ગયો. પેટમાંથી બચ્ચા આવે પછી ઉંઆ.. ઉંઆ કરે, ઉંઆ.. ઉંઆ.. એમ કે ત્યાં ઇ અને અમે અહીંયા. હવે અમારે કાંઈ સંબંધ ન મળે. આહાહા..! અવ્યક્તપણે આમ છે. આહાહા..! આ હોલા બોલે છે ને? હોલા નથી થતા? હોલા સોહમ્ સોહમ્ બોલે. પણ સોહમ્‌નું એને ભાન ક્યાં છે? આ હોલા નથી હોતા? હોલાને શું કહે છે? નાના કબુતર. પારેવા જુદી વસ્તુ છે અને હોલા જુદી વસ્તુ છે. બે વસ્તુ છે. બે જુદી વસ્તુ છે. કબુતર પારેવા મોટા હોય અને હોલા નાના હોય. અમારી ભાષામાં હોલા કહે છે, તમારી ભાષામાં કાંઈક હશે. અપશુકન કહે, ખબર છે. ભુગુ કહે છે. આહાહા..! એ હોલાના ભવમાં.. એ પણ ભાષા તો એમ બોલે, ઓ..હો..! ઓ..હો..! એમ બોલે. પણ હુ.. હુ.. શું એની ખબર ન મળે.

આ તો સોહમ્. સ-પરમાત્મા તે હું, સો તે હું, સો કાઢીને અહં તે હું. સોહમ્ તો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ભગવાન છે એવો હું છું, એ પણ હજી ભેદ થયો. સોહમ્ કાઢીને અહમ્ પૂર્ણ સર્વજ્ઞ સર્વદર્શિશક્તિ પરિપૂર્ણ પરમાત્મ સ્વભાવ. આહાહા..! સમજાય છે કાંઈ? અનુભવરસમેં રોગ ન શોગા, કોણ પૂછેગા પછી? જ્યાં આત્માનો આનંદ આવ્યો, કોણ કર્તા કોણ કરણી? એ તો રાગનો કર્તા અને ક્રિયા એમાં થતી નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

અહીં પરિણમતા લીધું છે. સર્વજ્ઞશક્તિ છે એ પરિણત થઈ તો સર્વજ્ઞશક્તિનું યથાર્થ વેદન થયું. સમજાય છે કાંઈ? પહેલા કહ્યું હતું ને? જ્ઞાનમાત્ર આત્મા, એમ પહેલા કહ્યું. તો શિષ્યે પ્રશ્ન કર્યો હતો કે જ્ઞાનમાત્ર આત્મા કહેતા તો એકાંત થઈ જાય છે, એક જ ગુણ આવ્યો. અનેકાંત ન રહ્યું, અનેક ધર્મ ન રહ્યા. સાંભળ તો ખરો! જ્ઞાનમાત્ર કહેવામાં અનંત ધર્મ આવી ગયા. જ્ઞાન છે, એ જ્ઞાન અસ્તિપણે છે, જ્ઞાન વસ્તુત્વપણે છે, જ્ઞાન પ્રમેયપણે છે, જ્ઞાન જ્ઞાતાપણે છે એવી અનંતશક્તિ એમાં આવી ગઈ. અને જ્ઞાનના પરિણમનમાં અનંતીશક્તિ ઉછળે છે. આવ્યું? આહાહા..! અર્થાત્ એ જ્ઞાનની પરિણતિ જ્યારે થઈ, સમ્યગ્જ્ઞાન, હોં! અગિયાર અંગનું જ્ઞાન એ જ્ઞાનની પરિણતિ નહિ. આહાહા..! સ્વરૂપનું જ્ઞાન, અંદર જ્ઞેય બનાવીને જ્ઞાન થયું... આહાહા..! એ સ્વરૂપની પરિણતિ. સમજાય છે કાંઈ? એ યથાર્થ પરિણતિ જ્યારે થઈ ત્યારે આનંદ આવ્યો. એ કાર્ય થયું તો કારણ યથાર્થ જોયું અને જાણ્યું કહેવાય. આહાહા..! સમજાય છે કાંઈ? વાત થોડી છે પણ વાત સત્ય છે. અત્યારે ચાલે નહિ એટલે માણસને આકરું લાગે. શું થાય? ભાઈ! આહાહા..!

અહીંયા તો શક્તિનું વર્ણન છે તો વ્યવહારનો એમાં અભાવ છે, એની વાત છે. એ અભાવની વાત ન કરી. પરંતુ અહીં નિશ્ચય કરાવવા માટે સર્વજ્ઞ પરિણતિ જ્યારે થઈ તો ચોથે ગુણસ્થાને (શ્રદ્ધામાં) કેવળજ્ઞાન પ્રગટ થયું. હતું તો ખરું પણ જ્ઞાનમાં જ્ઞેય કરીને પ્રતીત થઈ ત્યારે શ્રદ્ધામાં કેવળજ્ઞાન પ્રગટ થયું અને તેરમે ગુણસ્થાને કેવળજ્ઞાનની પરિણતિ પ્રગટ થઈ. એ પરિણતિ પ્રગટ થઈ તેની ચોથે ગુણસ્થાને પ્રતીતિ આવી. આહાહા..! આહાહા..! ભાઈ! સમ્યગ્દર્શન શું ચીજ છે! આહા..! જેણે આખા પૂર્ણ સત્‌ની પ્રતીતિ કરી. સમ્યક્ ને સત્ય. આખા પૂર્ણ સત્યની પ્રતીતિ. જ્ઞાનમાં જ્ઞેય થઈને પ્રતીતિ થઈ. જાણવામાં આવ્યું પછી પ્રતીતિ થઈ. જણાય નહિ તો પ્રતીતિ કોની? સમજાય છે કાંઈ? આહાહા..!

એ સર્વજ્ઞશક્તિનું પરિણમન થાય તો સર્વજ્ઞશક્તિનું કાર્ય આવ્યું તો કારણની પ્રતીતિ છે. આહાહા..! ચોથે ગુણસ્થાને સર્વજ્ઞશક્તિની પ્રતીતિ આવી. કેવળજ્ઞાન છું એમ કેવળજ્ઞાન શ્રદ્ધામાં આવ્યું, પ્રગટ થયું નહિ. પ્રગટ તો તેરમે ગુણસ્થાને થશે. સમજાય છે કાંઈ? એકવાર એ વાત કહી હતી, મતિ-શ્રુતજ્ઞાનમાં આખી પૂર્ણ વસ્તુ પ્રતીતમાં આવી. તો એ મતિ-શ્રુતજ્ઞાનમાં કેવળજ્ઞાન શ્રદ્ધામાં પ્રગટ થયું. નહોતું માન્યું તે માન્યું. પછી એ મતિ-શ્રુતજ્ઞાન જે થયું એ કેવળજ્ઞાનને બોલાવે છે. ભાઈ! મારે સિદ્ધપુર જાવું છે, માર્ગ ક્યાંથી નીકળશે? આ થોરમાંથી.. થોર સમજો છો? થોરમાંથી જાય છે કે આ નદીના કાંઠેથી જાય છે? ભાઈ! અહીંયા આવો,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જરી માર્ગ બતાવો. એમ કહે છે ને? અહીંયા મતિ-શ્રુતજ્ઞાનમાં પૂર્ણ આત્મવસ્તુની પ્રતીતિ થઈ, કેવળજ્ઞાન જ્ઞાનમાં આવ્યું તો એ પ્રતીતિ પર્યાય, મતિ-શ્રુતજ્ઞાન કેવળજ્ઞાનને બોલાવે છે કે હવે આવ પરિણતિ આવ, પરિણતિ આવો... 'નંદકિશોરજી'! આવી વાતો કોઈ દિ'સાંભળી ન હોય. આહાહા..! એ 'ધવલ'માં આવે છે. 'ધવલ' છે ને? 'જયધવલ', 'ધવલ' ચાલીસ પુસ્તક છે. એક એક દસ-બાર પુસ્તક છે, ચાલીસ પુસ્તકો છે. પુસ્તકમાં બધું છે, બધું જોયું છે. આહાહા..!

આત્મામાં પૂર્ણ આનંદ, સર્વજ્ઞ અને સર્વદર્શિશક્તિની પરિણતિ થાય ત્યારે પૂર્ણ દશા છે એમ પ્રતીતમાં આવ્યું કે આ શક્તિ છે તેની શ્રદ્ધા નહોતી, અનુભવમાં એ શ્રદ્ધા થઈ. અને પર્યાયની પ્રતીતિ થઈ કે આ પર્યાય પૂર્ણ છે તેને કેવળજ્ઞાન કહે છે. આહાહા..! તેથી લીધું, **'जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं'** 'પ્રવચનસાર' ૮૦ ગાથા આવે છે ને? જેણે અરિહંતની કેવળજ્ઞાનની પર્યાય પરિણતરૂપે છે તેને જેણે માન્યું... છે હજી વિકલ્પથી. આ કેવળજ્ઞાનની પર્યાય છે એમ વિકલ્પથી જાણ્યું છે પણ પછી આત્મામાં મેળવે છે કે મારી પાસે કેવળજ્ઞાનની પર્યાય નથી અને શક્તિરૂપે તો કેવળ છે, એની દૃષ્ટિ સર્વજ્ઞશક્તિ ઉપર પડવાથી.. જેને 'પ્રવચનસાર'માં કહ્યું છે કે ત્રિકાળી જ્ઞાનને કારણ બનાવી, ત્રિકાળી જ્ઞાનને કારણ બનાવીને પર્યાયમાં કાર્ય થયું. અરે.. અરે..! આવી વાતું છે. 'પ્રવચનસાર'માં છે, જ્ઞાન અધિકાર છે ને? ભાઈ! અસાધારણ જ્ઞાનને કારણ બનાવીને, એમ પાઠ છે. આહાહા..!

એ જ્ઞાનશક્તિથી પરિપૂર્ણ પ્રભુ છે. એ શક્તિને કારણ બનાવીને દૃષ્ટિમાં જ્યારે સમ્યગ્દર્શન થયું ત્યારે પ્રતીતિમાં પણ આવ્યું કે તેરમે ગુણસ્થાને મને પૂર્ણ પરિણતિ અલ્પકાળમાં થશે. સમજાય છે કાંઈ? વર્તમાનમાં કેવળજ્ઞાન છે એવી પ્રતીતિ થઈ. કેવળજ્ઞાન નથી એવી પ્રતીતિ હતી. હું માત્ર જ્ઞાનસ્વરૂપ છું, પૂર્ણ શક્તિ છું એવી પ્રતીતિ નહોતી તો એને કેવળજ્ઞાન નહોતું. સમજાય છે કાંઈ? આહાહા..! પણ જ્યારે અંદર જ્ઞેય બનાવીને જ્ઞાનમાં પ્રતીતિ થઈ કે શ્રદ્ધામાં કેવળજ્ઞાન પ્રગટ થયું અને પૂર્ણ પ્રગટ થવાની એને તૈયારી થઈ ગઈ. આહાહા..! કહો, 'જ્ઞાનચંદજી'! આવી વાત છે. લોકો તો હજી બહારની તકરારમાં પડ્યા છે, હોં! અરે..! પુણ્ય એ ધર્મ છે, શુભભાવ એ ધર્મ છે. એને ધર્મ ન માને તો એની સાથે સત્યાગ્રહ કરો. અરે..! પ્રભુ! કોની સાથે સત્યાગ્રહ કરે છે? એમ આવ્યું છે. અરે..! ભાઈ! શુભભાવ તો સ્વરૂપમાં જ નથી. દ્રવ્યમાં નથી, ગુણમાં નથી, અહીં તો શક્તિના પરિણમનમાં શુભભાવ નથી. સમજાય છે કાંઈ? ચાહે તો સમ્યગ્દર્શનનું પરિણમન હો તો એ પરિણમનમાં પણ શુભભાવ નથી. સમજાય છે કાંઈ? આહાહા..!

પરિણમતા ભાષા કહીને તો ગજબ કામ કર્યું છે ! અને ઉપર પણ હતું ને? **'પરિણત એક જ્ઞપ્તિમાત્ર ભાવરૂપે...'** પરિણમિત. જ્ઞાનના આશ્રયે જ્ઞાનની પર્યાય પરિણમી. એમ આ કેવળજ્ઞાન પણ ત્રિકાળ જે જ્ઞાનશક્તિ છે તેને આશ્રયે કેવળજ્ઞાનની પરિણતિ પર્યાયમાં થઈ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આહાહા..! એમ છદ્મસ્થને કેવળજ્ઞાન પ્રતીતમાં આવ્યું.. આહાહા...! એક જ્ઞાનમૂર્તિ ભગવાનઆત્મા છે, પૂર્ણ છે, પૂર્ણ છે અને એની સર્વજ્ઞશક્તિ પૂર્ણ છે. તેનો આશ્રય લઈને જે સમ્યગ્દર્શન થયું તો સમ્યગ્દર્શનની પર્યાયમાં પૂર્ણની પ્રતીતિ છે, વિકારનો અભાવ છે. સમજાય છે કાંઈ? શુભરાગનો પણ જેમાં અભાવ છે. ત્યારે યથાર્થ પ્રતીતિ કહેવામાં આવે છે. આહાહા..!

ત્રિકાળી જ્ઞાયક સ્વભાવની પરિણતિમાં પ્રતીત થઈ એ સમયે જે જ્ઞાનપર્યાય પ્રગટ થઈ એ, જે પ્રકારનો રાગ છે, એ પ્રકારની સ્વપરપ્રકાશક જ્ઞાનની પર્યાય પોતામાં પોતાને કારણે પ્રગટ થાય છે. રાગ છે તો પરને જાણવાની પર્યાય થઈ એમ પણ નહિ. સમજાય છે કાંઈ? રાગ થાય છે, જ્ઞાનીને પણ રાગ આવે છે પણ બારમી ગાથામાં કહ્યું ને? જાણેલો પ્રયોજનવાન છે. 'તદાત્વે'-જાણેલો પ્રયોજનવાન. એનો અર્થ એ કે રાગ થવા કાળે, પોતાના જ્ઞાનસ્વરૂપના લક્ષે, સ્વપરપ્રકાશક પર્યાય પોતાને કારણે પોતાની સત્તામાં, પોતાની સત્તાના સામર્થ્યથી પ્રગટ થાય છે. એમાં રાગનું જ્ઞાન કહેવું એ વ્યવહાર છે. રાગ સંબંધી પોતાનું જ્ઞાન, પોતાનું જ્ઞાન અને રાગ સંબંધી જ્ઞાન, બન્ને જ્ઞાન પોતાથી પોતાને ઉત્પન્ન થાય છે. એ રાગને કારણે નહિ. રાગનો તો અભાવ છે પણ રાગને કારણે જ્ઞાન પણ નથી. આહાહા...! ગજબ વાત છે. સમજાય છે કાંઈ?

એ વખતે.. બારમી ગાથામાં 'તદાત્વે' શબ્દ પડ્યો છે. તે કાળે. જે સમયે જ્ઞાનની પર્યાય અલ્પ છે અને રાગાદિ છે એ સમયે તેને જ્ઞાન જાણે છે. જાણેલો પ્રયોજનવાન કહ્યું એનો અર્થ એ છે, એ પરને જાણે છે એ પણ વ્યવહાર કહ્યો. પણ અહીં તો એ પણ કાઢી નાખ્યું કે પોતાની પરિણતિને જ જાણે છે. રાગને જાણે છે એમ કહેવું એ તો અસદ્‌ભુત ઉપચાર છે. આહાહા..! (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**પ્રવચન નં. ૧૨ શક્તિ-૧૦, ૧૧ સોમવાર, (દ્વિતીય) શ્રાવણ સુદ ૮, તા. ૨૨-૦૮-૧૯૭૭**

---

'સમયસાર' શક્તિનો અધિકાર ચાલે છે. દસમી શક્તિ. **'સમસ્ત વિશ્વના વિશેષ ભાવોને...'** સર્વજ્ઞશક્તિમાં ઘણી ગંભીરતા છે. સર્વજ્ઞશક્તિ છે તેનું પરિણમન પોતાથી થાય છે. તેથી કહ્યું કે **'સમસ્ત વિશ્વના વિશેષ ભાવોને જાણવારૂપે પરિણમતા..'** સમજાય છે કાંઈ? સૂક્ષ્મ છે. સર્વજ્ઞશક્તિ જે ત્રિકાળ છે તે સર્વ ભાવોને જાણવારૂપે વર્તમાનમાં પરિણમે છે. છે? તે **'આત્મજ્ઞાનમયી સર્વજ્ઞશક્તિ...'** એમાં ઘણી તકરાર છે ને? ખાણિયા ચર્ચામાં. એ કહે છે કે સર્વજ્ઞશક્તિ છે તે બધાની અપેક્ષા રાખે છે તેથી વ્યવહાર સર્વજ્ઞ છે. એમ નથી. આત્મામાં વસ્તુ સર્વજ્ઞ સ્વભાવ શક્તિ છે તેની પ્રતીત કરવાથી, તેની સન્મુખ થવાથી અથવા સર્વજ્ઞશક્તિનો ધરનાર ભગવાનઆત્માનો આશ્રય કરવાથી પ્રથમ સમ્યગ્દર્શન થાય છે તો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એ સમ્યગ્દર્શનમાં સર્વજ્ઞશક્તિ કેવળજ્ઞાનની શક્તિ શ્રદ્ધામાં ઉત્પન્ન થઈ. એ શું કહ્યું? શ્રદ્ધાપણે કેવળજ્ઞાન થયું. ઝીણી વાત છે.

જે શ્રદ્ધામાં આત્મા અલ્પજ્ઞ છે અથવા સર્વજ્ઞશક્તિ નથી એવી જે દૃષ્ટિ હતી તે મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! એ પ્રશ્ન બહુ ચાલ્યો હતો ને? કીધું, જગતમાં સર્વજ્ઞ છે કે નહિ? તો એવો ઉત્તર આપ્યો કે સર્વજ્ઞની સર્વજ્ઞ જાણે. અરે..! પ્રભુ! શું કરે છે? ભાઈ! આહા..! આત્મા પદાર્થ છે એમાં સર્વજ્ઞ-જ્ઞ સ્વભાવ કહો કે સર્વજ્ઞ સ્વભાવ કહો તેનું એ જ સ્વરૂપ છે અને એ સર્વજ્ઞ સ્વભાવને ધરનાર શક્તિવાન આત્મા છે. કેમકે ધર્મનું મૂળ તો સર્વજ્ઞ છે. સર્વજ્ઞથી ધર્મની સ્થિતિ ઉત્પન્ન થઈ છે. આહાહા..! સર્વજ્ઞ શું છે? અને સર્વજ્ઞ કઈ રીતે પરિણમે છે તે વાતને તો તેણે જાણવી પડશે.

આત્મામાં સર્વજ્ઞશક્તિ-સ્વભાવ છે, સ્વભાવ. એમાં પણ બે મત છે. શ્વેતાંબર કહે છે કે કેવળજ્ઞાન સત્તારૂપે છે અને દિગંબર કહે છે કે શક્તિરૂપે છે. બેમાં ફેર છે. એમ કે, કેવળજ્ઞાન છે પણ ઉપર આવરણ છે. એમ નથી. કેવળજ્ઞાન છે એ શક્તિરૂપે છે. તેના પરિણમનમાં અલ્પજ્ઞતા છે તે તેનું આવરણ છે. અમારે સંપ્રદાયમાં તો બહુ ચર્ચા ચાલતી હતી ને! અંદર સત્તા છે અને આવરણ છે એમ હોય નહિ. શક્તિરૂપે છે. ફેર છે. સત્તા અને શક્તિમાં બહુ ફેર છે. પ્રગટ છે અને આવરણ છે, એમ ઇ કહે છે. અહીંયા થોડા ફેરે બહુ ફેર છે. સમજાય છે કાંઈ?

અહીંયા તો શક્તિરૂપે, શક્તિ એટલે તાકાત, સર્વજ્ઞ થવાની એની તાકાત-શક્તિ છે. અને એ સર્વજ્ઞશક્તિની તાકાત પરિણમનમાં જ્યારે આવે ત્યારે સર્વજ્ઞ પરિણતિ આવે છે. આહાહા..! આ સર્વજ્ઞશક્તિ દ્રવ્યમાં પણ છે, ગુણમાં પણ છે, એ શક્તિ છે અને એનું જ્યારે પર્યાયમાં પરિણમન થાય છે.. તેથી આ ભાષા લીધી, જુઓ! **'વિશેષ ભાવોને જાણવારૂપે પરિણમતા..'** આહાહા..! નહિતર અધિકાર તો શક્તિનો, એના સામર્થ્યનો ચાલે છે પણ એ સામર્થ્યનું પરિણમન થાય છે. જે સમયે જે કાળે એ જ કાળે સર્વજ્ઞશક્તિનું પરિણમન થઈને એ કાળે સર્વજ્ઞપણું પ્રગટ થાય છે. આહાહા..! માર્ગ બહુ અલૌકિક છે, ભાઈ! આહાહા..! એ સર્વજ્ઞશક્તિ જાણવારૂપે પરિણમતા. આહાહા..! જાણવારૂપે પરિણમતા. પરને જાણવું એમ અહીંયા શબ્દ નથી. સમજ્યા?

**'વિશેષ ભાવોને જાણવારૂપે પરિણમતા..'** ભેદરૂપ ભાવ જે અનંત દ્રવ્ય, અનંતગુણ આદિ છે એ બધાને એક સમયમાં સર્વજ્ઞ જાણવાની શક્તિ રાખે છે. સમજાય છે કાંઈ? તેથી કહ્યું કે **'जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं'**જેણે અરિહંતના દ્રવ્ય, ગુણ અને પર્યાય જાણ્યા તો એ પર્યાયમાં કેવળજ્ઞાન આવ્યું. જગતમાં કેવળજ્ઞાનની પરિણતિ છે તેને જાણી તે પોતાના આત્મામાં મેળવે છે કે મારી પર્યાયમાં સર્વજ્ઞપણું કેમ નથી? સમજાય છે કાંઈ? કેમ કે એમનામાં સર્વજ્ઞશક્તિ હતી તો એમને સર્વજ્ઞશક્તિનું પરિણમન થયું. તો મારામાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સર્વજ્ઞશક્તિ છે તો તેનું પરિણમન કેમ નહિ? સમજાય છે કાંઈ? આહાહા..! મારી દષ્ટિ અંતરમાં ગઈ નહિ. સર્વજ્ઞશક્તિનો સ્વીકાર નથી માટે એ સર્વજ્ઞપરિણતિ થતી નથી. સમજાય છે કાંઈ? તો એ અરિહંતની પર્યાયને જાણે તે પોતાના આત્માને જાણે અને **'मोहो खलु जादि तस्स लयं'** એને દર્શનમોહનો નાશ થાય છે. એ સમ્યગ્દર્શનમાં... આહાહા..! કેવળજ્ઞાન.. સવારે એક બોલ કહ્યો હતો ને? બીજા બોલ રહી ગયા હતા, ભાઈ! મારે જોઈતો હતો એ બોલ રહી ગયો હતો. મુખ્યવૃત્તિએ કેવળજ્ઞાન વર્તે છે એ સાધારણ વાત છે. પણ ત્યાં ત્રણ વાત હતી. ત્રિકાળ શક્તિએ વર્તે છે એ નયની અપેક્ષાએ પણ અહીંયા તો સર્વજ્ઞશક્તિ...

'શ્રીમદ્ રાજચંદ્ર'ને પ્રાપ્ત હતું. સમજાણું કાંઈ? કહે છે કે સર્વજ્ઞ-કેવળજ્ઞાનશક્તિ, જેના વચનના યોગે વિચારમાંથી સર્વજ્ઞશક્તિની પ્રતીતિ થઈ એવા ભગવાનને હું નમસ્કાર કરું છું. પણ એ સર્વજ્ઞશક્તિની પ્રતીતિ થઈ, કેવળજ્ઞાન છે એમ જે ખ્યાલમાં નહોતું એ કેવળજ્ઞાન છે, પૂર્ણ જ્ઞાન છે એવી પ્રતીતિ થઈ તો શ્રદ્ધાપણે કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. સમજાય છે કાંઈ? આહાહા..! આવી વાત છે. ણમો અરિહંતાણં-એ તે શું ચીજ છે, બાપુ! એમ ને એમ ભાષા તો અનંતવાર ગોખી ને કરી.

અરિ નામ વિકારનો નાશ કરી, જેણે સ્વઆશ્રયે સર્વજ્ઞપર્યાય પ્રગટ કરી તો એ સર્વજ્ઞપર્યાય પ્રગટ કરી પણ અહીંયા તો હજી જેણે પ્રગટ નથી કરી તેને પ્રતીતમાં આવ્યું કે હું સર્વજ્ઞસ્વરૂપ છું. તેથી પ્રતીતમાં આનંદ આવ્યો, પ્રતીતમાં અતીન્દ્રિય આનંદ આવ્યો. એ આનંદને કારણે આખી ચીજની તેને પ્રતીતિ ઉત્પન્ન થઈ. ઓહોહો..! સમજાય છે કાંઈ? કહે છે કે, તો એ શ્રદ્ધાપણે કેવળજ્ઞાન થયું. સમ્યગ્દર્શનમાં શ્રદ્ધાપણે કેવળજ્ઞાન થયું.

બીજી વાત, વિચારદશાએ કેવળજ્ઞાન થયું. પહેલા દર્શન લીધું, પછી જ્ઞાન, પછી ચારિત્ર. એમ ત્રણ બોલ લેશે, સાંભળો! આહાહા..! વસ્તુ જે આત્મા એકલો જ્ઞાનનો પિંડ, જ્ઞ-સ્વભાવી, ત્રિકાળ જ્ઞ-સ્વભાવ, ત્રિકાળ જ્ઞ-સ્વભાવમાં સર્વજ્ઞસ્વભાવ શક્તિરૂપે છે તેની સમ્યગ્દર્શનમાં પ્રતીતિ થઈ તો પ્રતીતમાં શ્રદ્ધાપણે કેવળજ્ઞાન નહોતું એ કેવળજ્ઞાન છે એમ પ્રતીત થઈ તો શ્રદ્ધાપણે કેવળજ્ઞાન પ્રગટ થયું. ઝીણી વાત છે, ભગવાન! આહાહા..! અને વિચારદશાએ કેવળજ્ઞાન પ્રગટ થયું. કેમકે જ્ઞાનની પર્યાયમાં આખા જ્ઞેયની પ્રતીતિ થાય છે તો જ્ઞાનની પર્યાયમાં પણ વિચારદશામાં કેવળજ્ઞાન આવ્યું. શ્રદ્ધાપણે આવ્યું, વિચારદશાએ પણ આવ્યું. આહાહા..! થોડી ઝીણી વાત છે.

ઇચ્છાદશાએ કેવળજ્ઞાન થયું. ત્રણ બોલ લીધા. પહેલા દર્શન લીધું, પછી જ્ઞાન લીધું, હવે ઇચ્છા એટલે ચારિત્ર. ભાઈ! સર્વજ્ઞપણું માનવું એ કોઈ અલૌકિક વસ્તુ છે! સમજાય છે કાંઈ? એમ ને એમ સર્વજ્ઞ છે અને અરિહંત છે એમ તો ઘણીવાર ગોખ્યું. ગોખી લીધું. ગોખી લીધું સમજ્યા? રટણ કરી લીધું. આહાહા..!

ભગવાનઆત્મા વર્તમાન જ્ઞાનની પર્યાયમાં આ સર્વજ્ઞશક્તિ સ્વભાવરૂપ છે એમ સ્વઆશ્રય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કરીને સર્વજ્ઞપણાનું જેને પરિણમન થયું એ પરિણમનની પ્રતીતિ પહેલા સમ્યગ્દર્શનમાં થાય છે. સમજાય છે કાંઈ? તો શ્રદ્ધાપણે કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. પૂર્ણ જ્ઞાનસ્વરૂપી પ્રતીતમાં નહોતું, હું તો અલ્પજ્ઞ અને રાગરૂપ છું, પર્યાયબુદ્ધિમાં વર્તમાન પર્યાયબુદ્ધિમાં અલ્પજ્ઞ અને રાગબુદ્ધિ હતી તો સર્વજ્ઞ-કેવળજ્ઞાન છે એવી શ્રદ્ધા નહોતી. આહાહા..! આવો માર્ગ. જ્યારે ભગવાનઆત્મા પૂર્ણાનંદ ચૈતન્યના પ્રકાશનો તેજનો પુંજ.. આહાહા..! ચૈતન્યચંદ્ર, ચૈતન્યચંદ્ર, પ્રકાશનો પુંજ અને શીતળતા-શાંતિ, ઉપશમરસનો કંદ (છે).. આહાહા..! એમ જ્યારે પ્રતીતિમાં આવ્યો તો કહે છે કે શ્રદ્ધાપણે કેવળજ્ઞાન પ્રગટ થયું. નહોતું માન્યું અને હવે માન્યું તો કહે છે પ્રગટ થયું. ઝીણી વાત છે, ભાઈ!

વિચારદશાએ કેવળજ્ઞાન થયું. જ્ઞાનની પર્યાયમાં આખી ચીજ સર્વજ્ઞ સ્વભાવની પરિણતિ આવી છે એમ તેની પ્રતીતિમાં આવી ગયું, જ્ઞાનમાં પણ આવી ગયું. રાત્રે પ્રશ્ન થયો હતો. એક થાંભલો હોય ને? થાંભલો. એની હાંસ હોય ને? હાંસ. એક ભાગ. એક ભાગને જોવે એ અવયવ છે, તો આખી ચીજ-અવયવીનું જ્ઞાન થઈ ગયું. આ અવયવ આ અવયવીનો છે. મતિજ્ઞાનની પર્યાયમાં આખો પ્રતીતિમાં આવી ગયો. આખો આત્મા આવો છે. આખો સ્તંભ છે. એમ મતિજ્ઞાનમાં, શ્રુતજ્ઞાનમાં સર્વજ્ઞશક્તિની પ્રતીતિ થઈ તો મતિજ્ઞાનનો જે અંશ પ્રગટ્યો એ કેવળજ્ઞાનનો અંશ છે. એ અંશને જેણે જાણ્યો તેણે અંશીને જાણ્યો. અવયવને જાણ્યો તેણે અવયવીને જાણ્યો છે. એમ 'જયધવલ'માં પાઠ છે. સૂક્ષ્મ પડે પણ માર્ગ આ છે. સમજાય છે કાંઈ?

ઇચ્છાદશાએ કેવળજ્ઞાન વર્તે છે એમ કહ્યું. શ્રદ્ધાપણે કેવળજ્ઞાન ઉત્પન્ન થયું, વિચારદશાએ કેવળજ્ઞાન ઉત્પન્ન થયું, ઇચ્છાદશાએ કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. ત્યાં ઇચ્છા એટલે કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરવાની હવે ભાવના છે. સમજાય છે કાંઈ? પૂર્ણ પરિણતિ.. કહ્યું ને? **'જાણવારૂપે પરિણમતા...'** એવી જે પર્યાય છે તે પ્રગટ કરવાની સમ્યગ્દષ્ટિને ઇચ્છા થઈ. તો ઇચ્છાદશાએ કેવળજ્ઞાન વર્તે છે એમ કહેવામાં આવ્યું. આહાહા..! જરી ઝીણી વાત છે, બાપુ! વીતરાગનો ધર્મ બહુ સૂક્ષ્મ છે. એક વાત (થઈ).

બીજી (વાત)-**'જાણવારૂપે પરિણમતા એવા આત્મજ્ઞાનમયી સર્વજ્ઞશક્તિ.'** હવે સર્વજ્ઞ કહ્યું તો પરની અપેક્ષા આવી એમ નથી. આત્મજ્ઞાનમયી, પોતાની પર્યાય સર્વજ્ઞપણે આત્મજ્ઞાનમયી પરિણમી છે. તે પોતાને કારણે (પરિણમી છે). બધાને જાણ્યા અને પોતાને જાણ્યો એવી આત્મજ્ઞાનમયી સર્વજ્ઞશક્તિ છે. પરને જાણવું એમ નહિ પણ પરને અને પોતાને જાણે એવી આત્મજ્ઞાનમયી સર્વજ્ઞશક્તિ. આહાહા..! શું કહ્યું સમજાયું? ધર્મ માર્ગ એવો સૂક્ષ્મ છે, ભાઈ! ક્રિયાકાંડ કરી કરીને જિંદગી ગાળી.

અહીં કહે છે કે **'આત્મજ્ઞાનમયી...'** સર્વજ્ઞશક્તિ એ સ્વઆશ્રિત સર્વજ્ઞપર્યાય પ્રગટ થઈ છે. એ સર્વ છે તો તેને જાણ્યા માટે પ્રગટી એમ પણ નહિ. સમજાય છે કાંઈ? શક્તિમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હજી ઘણો વિરોધ છે. સમજાય છે કાંઈ? સામેવાળા પંડિત ખાણિયા ચર્ચામાં એમ કહે છે કે સર્વજ્ઞશક્તિ છે એમાં પરની અપેક્ષા આવી. એક ધર્મ આત્મજ્ઞાનમયી છે અને પરને જાણવાનો એક ધર્મ અંદર છે એમ બે ધર્મ છે. બે ધર્મ નથી, એક જ ધર્મ છે. આત્મજ્ઞાનમયી સર્વજ્ઞશક્તિ કહ્યું પણ ધર્મ એક જ છે. એ સર્વજ્ઞપણું કહો કે આત્મજ્ઞપણું કહો. એ વિવક્ષાના કથનભેદ છે, વસ્તુભેદ નથી. આહાહા..! આવી વાત છે. સમજાય છે કાંઈ? સમજાય એવું છે, હોં! ન સમજાય એવું નથી. બાપુ! એનામાં તો કેવળજ્ઞાન લેવાની તાકાત છે ને, પ્રભુ! આહાહા..!

એક સમયમાં તે સમયને કાળે, તે કેવળજ્ઞાન પર્યાય ઉત્પન્ન થવાનો સ્વકાળ છે માટે ઉત્પન્ન થાય છે. પૂર્વના ચાર જ્ઞાન હતા તેનો વ્યય થઈને ઉત્પન્ન થયું એ વ્યવહાર છે. આહાહા..! સર્વજ્ઞપર્યાય કેવળજ્ઞાન એ સમયે ઉત્પન્ન થવાનો સ્વકાળ હતો અને એ કેવળજ્ઞાનની પર્યાય સર્વને જાણે માટે પરનું જાણવું એમાં આવ્યું એટલી અપેક્ષા આવી, એમ નથી. સર્વજ્ઞપણું છે એ આત્મજ્ઞપણું છે. સમજાય છે કાંઈ? સર્વને જાણવારૂપે પરિણમન થયું તે પોતાનું પોતાથી સ્વઆશ્રય છે, પરને લઈને નહિ. લોકાલોક છે માટે સર્વજ્ઞપણાનું પરિણમન થયું, એમ નથી. સમજાય છે કાંઈ? થોડો ફેર છે એમાં ઘણો ફેર છે.

આ ચર્ચા તો અમારે ઘણા વર્ષ પહેલા થઈ ગઈ હતી. (સંવત) ૧૯૮૩ ની સાલ, પચાસ વર્ષ પહેલા, પચાસ વર્ષ પહેલા. 'દામનગર' શેઠ છે ને? એ કહેતા હતા કે આ લોકાલોક છે તો સર્વજ્ઞપણું ઉત્પન્ન થાય છે. અહીં કીધું એ સર્વજ્ઞપણાની પર્યાય પોતામાં પોતાને કારણે સ્વઆશ્રયથી ઉત્પન્ન થઈ છે, લોકાલોક છે માટે ઉત્પન્ન થઈ છે એમ નહિ. જ્ઞેય છે તો જ્ઞાનની પરિણતિ પૂર્ણ પ્રગટ થઈ, એમ નથી. પોતાને કારણે પ્રગટ થઈ છે. આહાહા..! કોને પણ નિર્ધાર કરવો છે? આહાહા..! કોને પડી છે?

અરે..! પ્રભુ! બાપુ! તું કોણ છે? ભાઈ! તારી શક્તિમાં સર્વજ્ઞપણું પડ્યું છે એ તારું સામર્થ્ય છે. રાગનું સામર્થ્ય તારામાં નથી, અલ્પજ્ઞપણે રહેવું એ તારું સામર્થ્ય નથી. આહાહા..! 'બાલચંદજી'! આવી વાત છે. લોકની સાથે મેળ ખાય નહિ એટલે બિચારા વિરોધ કરે. અરે..! ભાઈ! આત્મજ્ઞાન કહો કે સર્વજ્ઞ કહો એ એક જ શબ્દ છે. શબ્દમાં ફેર છે પણ આત્મજ્ઞાન એ નિશ્ચય છે અને સર્વજ્ઞપણું એ વ્યવહાર છે એમ નથી. આત્મજ્ઞાનમયી એમ કહ્યું ને? આત્મજ્ઞાનમયી. આત્મજ્ઞાનવાળું એમ પણ નહિ, આત્મજ્ઞાનમયી. આહાહા..! આત્મજ્ઞાનમયી કોણ? સર્વજ્ઞ. આત્મજ્ઞાનમયી સર્વજ્ઞ. આહાહા..! એક સમયમાં સર્વજ્ઞની પરિણતિ આત્મજ્ઞાનમયી છે, પરના જ્ઞાનની અહીંયા વાત નથી. સમજાય છે કાંઈ? પર સંબંધી પોતાનું જ્ઞાન અને પોતાનું જ્ઞાન તે સમયે પોતાથી પરિણમ્યું છે. પરને જાણે છે માટે સર્વજ્ઞશક્તિ પ્રગટ થઈ એમ નથી. આહાહા..! આવી વાતું છે. આવું ઝીણું સમજીને ક્યારે ધર્મ થાય? આહાહા..!

મુમુક્ષુ :- ન સમજાય એવો ધર્મ છે?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉત્તર :– અરે..! ન સમજાય (એવું નથી). એને ખાત્રી થઈ જાય અને મને અલ્પકાળમાં કેવળજ્ઞાન થશે એવો નિર્ણય થઈ જાય. નિઃસંદેહ નિર્ણય થઈ જાય. સમજાય છે કાંઈ? એણે ભગવાનને પૂછવું પડે નહિ. આહાહા..! એમ અંદરમાં, અંદરમાં આત્મામાં આત્મજ્ઞાનમયી અનુભૂતિમાં પ્રતીતિ થઈ. આહાહા..! હું તો એકલી જ્ઞાનશક્તિ સર્વજ્ઞથી ભરેલો છું. આહાહા..! એ સર્વજ્ઞશક્તિની સ્વભાવના આશ્રયે પ્રતીતિ થઈ. પ્રતીતિ એમ ને એમ નહિ. જ્ઞાનમાં આવ્યું નથી અને પ્રતીતિ થઈ, એ પ્રતીતિ જ નથી. જ્ઞાનની પર્યાયમાં સર્વજ્ઞશક્તિ એવું દ્રવ્ય એ લક્ષમાં આવ્યું. જ્ઞાનની પર્યાયમાં સર્વજ્ઞશક્તિ અને સર્વજ્ઞશક્તિના ધરનારનું જ્ઞાન આવ્યું. સર્વજ્ઞશક્તિ પર્યાયમાં ન આવી. આરે.. આરે..! આવી વાતું હવે. સમજાય છે કાંઈ?

સર્વજ્ઞ પરિણતિ જે થઈ, પરિણતિ શબ્દ વાપર્યો છે ને? કાલે તો એક કલાક લીધું હતું. આજ તો પેલા બે બોલ યાદ નહોતા એ વાંચ્યું. 'શ્રીમદ્'માં ૩૧૩ પાનું છે. 'શ્રીમદ્ રાજચંદ્ર' વાંચેલું. અહીંયા હજારો શાસ્ત્ર વાંચ્યા છે. અહીં કહે છે, આહાહા..! સર્વજ્ઞ આત્મજ્ઞાનમયી. સર્વજ્ઞ શબ્દ આવ્યો તો પરની અપેક્ષા આવી એમ નથી, એમ કહે છે. સમજાય છે કાંઈ? એ આત્મજ્ઞાનમયી સર્વજ્ઞશક્તિ છે. સર્વજ્ઞશક્તિ કહો કે આત્મજ્ઞાનમયી કહો, એક જ વસ્તુ છે. આત્મજ્ઞાન છે તે નિશ્ચયથી છે અને સર્વજ્ઞશક્તિ વ્યવહારથી છે, એમ નથી. અથવા સર્વજ્ઞ–બધાને જાણવાનું પરિણમન થયું તે વ્યવહાર અને પોતાને જાણ્યો એ નિશ્ચય, એમ નથી. પરને અને પોતાને જાણવાની પરિણતિ પોતાથી, પોતાને કારણે, પોતાની સત્તાથી પરિણમિત થઈ છે. પરની જ્ઞેય સત્તા છે તો સર્વજ્ઞપણાનું પરિણમન થયું એમ નથી. પરની અપેક્ષા છે જ નહિ. આહાહા..! આવી ઝીણી વાતું. બાપુ! મારગડા જુદા.

જેના ફળ અનંત કેવળજ્ઞાન. 'સાદિ અનંત અનંત સમાધિ સુખમાં,' જેના ફળ કેવળજ્ઞાન, અનંતઆનંદ. એની આદિ હો. અનંતઆનંદની પર્યાયમાં આદિ થઈ ને? શક્તિ તો અનાદિની છે પણ ભાન થયું તો આદિ થઈ, પ્રગટ થઈ. 'સાદિ અનંત અનંત સમાધિ સુખમાં' જ્યારથી કેવળજ્ઞાન થયું ત્યારથી આદિ થઈ. કેમકે શક્તિ તો અનાદિની હતી પણ પ્રગટ થયું તે આદિ થઈ. અને જ્યારે આદિ થઈ તો સાદિ અનંત અનંત સમાધિ–શાંતિ.. શાંતિ.. શાંતિ.. 'ઉપશમરસ વરસે રે પ્રભુ તારા નયનમાં' આવે છે? સ્તુતિ આવે છે. એમ કેવળજ્ઞાનમાં ઉપશમરસ વરસે છે. આહાહા..! ઉપશમરસ એટલે ચારિત્ર. ચારિત્ર એટલે વીતરાગદશા. કેવળજ્ઞાન થયું તો ત્યાં યથાખ્યાત ચારિત્ર સાથે થયું. યથાખ્યાત એટલે જેવી વસ્તુ છે તેવી પ્રસિદ્ધિ પર્યાયમાં થઈ ગઈ. સર્વજ્ઞપણામાં ચારિત્રની પર્યાય પૂર્ણ શાંતિ.. શાંતિ. શાંતિ.. અકષાય સ્વભાવ, વીતરાગરસની, ઉપશમરસની પરિણતિ પૂર્ણ થઈ ગઈ. આહાહા..! સમજાય છે કાંઈ? આ 'પરિણમતા' શબ્દમાંથી આ વાત ચાલે છે. આ તો ગંભીર છે, ભાઈ!

'અમૃતચંદ્રાચાર્ય' દિગંબર સંત! આહાહા..! આભના થોભ! આકાશને થાંભલા ન હોય પણ આ તો ધર્મના થાંભલા!! આકાશને સ્થંભ છે? આહાહા..! એમ આ તો વીતરાગી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પરિણતિના સ્થંભ છે, ભગવાન! આહાહા..! એમ તું પણ એવો છો! સ્વભાવમાં શક્તિમાં સામર્થ્યમાં સત્ત્વમાં સત્‌ના ભાવમાં, સત્ એટલે વસ્તુ, એના ભાવમાં... આહાહા..! સર્વજ્ઞશક્તિ છે એવી પ્રતીતિ જ્યાં થઈ તો સર્વજ્ઞની પરિણતિ ભલે ન હો, પણ સર્વજ્ઞની પરિણતિની પર્યાયમાં પ્રતીતિ આવી ગઈ. ઓ..હો..! આમાંથી તો હવે સર્વજ્ઞપર્યાય જ પ્રગટ થશે, હું સર્વજ્ઞપર્યાયમાં આવીશ. બીજ ઊગી છે, બીજ, બીજ ઊગી છે તે હવે તેરમે દિવસે પૂનમ થશે, થશે ને થશે. સમજાય છે કાંઈ? આહાહા..! આવી વાતું હવે એટલે બીજા સાથે મેળ ખાય નહિ. બાપુ! માર્ગ એવો છે, ભાઈ!

છલોછલ જેમ દરિયામાં પાણી ભર્યું હોય. છલોછલ કહે છે ને? લબાલબ. એમ ભગવાન જ્ઞાનશક્તિ અને આનંદશક્તિથી લબાલબ ભર્યો છે. આહાહા..! તેનું પરિણમન જે થાય છે તેને આત્મજ્ઞાનમયી સર્વજ્ઞશક્તિ કહી. સર્વજ્ઞ છે તો એમાં પરની અપેક્ષા આવી એમ છે જ નહિ. નિશ્ચયથી આત્મજ્ઞાનમયી સર્વજ્ઞશક્તિ છે. પછી પરને જાણે છે એમ કહેવું એ વ્યવહાર થઈ ગયો. પણ આ તો નિશ્ચય છે. સમજાય છે કાંઈ? આવો માર્ગ છે. ઝીણી વાત છે, ભાઈ! શક્તિનું વર્ણન.. આહાહા..! 'રામજીભાઈ'એ કહ્યું હતું કે ક્લાસમાં શક્તિનું વર્ણન કરવું. આહાહા..!

આ બધા માટીના-જડના રજકણો ભિન્ન, કર્મના અચેતન જડ રજકણ ભિન્ન, પુણ્ય-પાપના પરિણામ ભિન્ન, અલ્પજ્ઞ પર્યાય પણ જેમાં નથી એવી ભિન્ન સર્વજ્ઞશક્તિ છે. સમજાય છે કાંઈ? આવી વાત છે. એ રાગથી ઉત્પન્ન થાય છે ને ફલાણાથી ઉત્પન્ન થાય છે એ વાત નથી. એમ કહે છે. વ્યવહાર રત્નત્રય કરતા કરતા સમ્યગ્દર્શન થશે ને કેવળજ્ઞાન થશે એ વાત જ નથી. અહીં તો સમ્યગ્દર્શનમાં એવી પ્રતીતિ થઈ કે હું સર્વજ્ઞશક્તિમય છું તો એની પરિણતિ પૂર્ણ પોતાથી થશે. એ આત્મજ્ઞાનમયી સર્વજ્ઞપરિણતિ છે તે મારાથી ઉત્પન્ન થશે અને એ ષટ્‌કારક પરિણમન થઈને ઉત્પન્ન થશે, પરની અપેક્ષા રાખ્યા વિના. જ્ઞેય-લોકાલોક છે તેની અપેક્ષા રાખ્યા વિના મારી પર્યાય સર્વજ્ઞપણે પરિણમશે. ભાઈ! 'બાલચંદજી'! આવી વાત છે, ભગવાન! આહાહા..! આવો માર્ગ. અરે..! ભગવાન! તું કોણ છો? પ્રભુ! ભાઈ! આહા..! સમજાય છે કાંઈ? આહાહા..!

અરે..! એક ભાવ પણ યથાર્થ બેસે ને... 'જયસેનાચાર્ય'ની ટીકામાં લખ્યું છે, એક ભાવ પણ યથાર્થ બેસે તો સર્વ ભાવ યથાર્થ બેસે. 'જયસેનાચાર્ય'ની ટીકામાં છે. 'સમયસાર'. એક ભાવ, એક જ ભાવ, કોઈપણ એક ભાવ. સર્વજ્ઞ કહો, સર્વદર્શિ કહો, જ્ઞાનપર્યાય કહો, શક્તિ કહો, દ્રવ્ય કહો. એક પણ ભાવ જેને યથાર્થપણે ખ્યાલમાં આવ્યો તેને સર્વ ભાવ યથાર્થપણે ખ્યાલમાં આવે છે. 'ધન્નાલાલજી'! આહાહા..! આજે તમારા 'ગ્વાલિયર'વાળા કોઈ આવ્યા હતા. પ્રદર્શન બતાવતા નથી? એ આવે છે? શું નામ? માણસ નરમ છે, બહુ માગણી કરતા હતા. 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ' આપ્યું. પૂછ્યું હતું તો કહે અમારે 'ધન્નાલાલજી'નો ઉપકાર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. ત્યાં સાંભળવા મળે છે, એમ. આહાહા..! અહીંયા આ દસમી શક્તિ અને નવમી શક્તિ તો ગજબ વાત છે, ભાઈ!

મુમુક્ષુ :- બધો આપનો જ ઉપકાર છે.

ઉત્તર :- આ વાત.. આહાહા..! એ કહેતા હતા કે અમારે પ્રદર્શની... અમારું અને બેનનું કંઈ બહાર દેવાનું નથી. ભગવાન, દેવ-ગુરુ-શાસ્ત્રની વાત કરો. અમે તો દેવ-ગુરુ-શાસ્ત્રના દાસ છીએ. આહાહા..! બેનની માટે પણ... બેનને ક્યાં પડી છે? બેન તો ધર્મરતન છે. એ કોણ છે એ ઓળખવું મુશ્કેલ પડે, બાપુ! સ્ત્રીનો દેહ, શાંત ચાલે, બોલવાનું બહુ નહિ, બીજામાં આમ ઝપાટા બોલતા હોય એવું આમાં દેખાય નહિ. 'મણિભાઈ'! આહાહા..! નવ ભવ છે ને આ છે એ કેમ બેસે? મેં કીધું, તમને ન બેસે તો વિશ્વાસ રાખો. શું થાય બીજું? આ ચીજ કાંઈ બહારમાં બતાવાય છે?

અહીંયા આત્મજ્ઞાન અને સર્વજ્ઞપણું એ બે નથી. આત્મજ્ઞાન કહો કે સર્વજ્ઞપણું કહો એ બન્ને એક જ વસ્તુ છે. આત્મજ્ઞાન છે તે નિશ્ચયપરિણતિ છે અને સર્વજ્ઞ છે તે વ્યવહાર છે એમ બે નથી. આ તો બે થઈને એક છે. સમજાય છે કાંઈ? પછી લોકાલોકને જાણે છે એમ કહેવું એ વ્યવહાર છે. આ વ્યવહાર નથી, આ તો આત્મજ્ઞાનમયી સર્વજ્ઞશક્તિ તો નિશ્ચય છે. 'નંદકિશોરજી'! આ વકીલાતથી જુદી જાતની વકીલાત છે. આહા..! ભગવાન થવાની વકીલાત છે આ. આહાહા..! અને તે ભગવાન છે. છે તે થશે. સ્વભાવ અને શક્તિરૂપે છે. છે તે થશે. નહિ થાય એવું ક્યાંથી આવ્યું?

સવારે આવ્યું હતું, આજે સારું લીધું હતું, હોં! 'જીતુભાઈ'એ. સવારે 'જીતુ' હતો? પહેલો કળશ સારો લે છે. આહાહા..! મેં કીધું આ હિન્દી હોય એ લોકોને સમજાય એવું.. આઠ દિ'એ થોડો વિસામો મળે છે. કાયમ સજ્ઝાય કરે છે, પણ આજે તો રેકોર્ડિંગ લીધું. ... આહાહા..! હિતરૂપ સારરૂપ, હિત અને સુખરૂપ સાર અને દુઃખરૂપ અસાર. આહાહા..! ત્યાં તો એમ લીધું છે, કે પુદ્‌ગલના એક પરમાણુથી માંડીને કર્મ, શરીર, વાણી, પૈસો, લક્ષ્મી, સ્ત્રીનું શરીર એમાં જ્ઞાન પણ નથી અને સુખ પણ નથી. અને નિગોદના જે અનંત જીવ છે એમાં જ્ઞાન પણ નથી. શક્તિની વાત નથી, પરિણતિમાં જ્ઞાન પણ નથી અને સુખ પણ નથી. અને એ નિગોદના અનંત જીવ છે અને અનંત પરમાણુનો સ્કંધ આ શરીર છે તેને જાણનારને પણ જ્ઞાન અને સુખ નથી. શું કહ્યું? સવારે એ આવ્યું હતું. સંસારીપ્રાણી અનંત નિગોદના જીવ, અનંત! આહાહા..! મલિનપણે પરિણમનારને પર્યાયમાં સુખ પણ નથી અને જ્ઞાન પણ નથી. વસ્તુમાં સુખગુણ ત્રિકાળી છે એ વાત નથી. અને એવા અનંત સંસારીપ્રાણી, નિગોદને પણ જાણે તો એ જાણનારને જ્ઞાન પણ નથી અને સુખ પણ નથી. આહાહા..! તેને તો નથી પણ તેના જાણનારને પણ નથી. આહાહા..!

અહીંયા તો શુદ્ધ ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદ... સંસારી લીધા છે એટલે સિદ્ધ પણ લીધા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. સિદ્ધ અને આત્મા શુદ્ધ બન્ને સાથે છે. સિદ્ધને શુદ્ધને જાણે એ સિદ્ધને જ્ઞાન અને સુખ છે અને તેને પોતામાં જાણે તેને પણ જ્ઞાન અને સુખ થાય છે. આહાહા..! પણ એ જાણ્યું ક્યારે કહેવાય? ભગવાન પૂર્ણ શુદ્ધ છે, પોતાનો આત્મા પણ એવો જ પૂર્ણ શુદ્ધ છે. આહાહા..! એ શુદ્ધની દૃષ્ટિ કરવાથી શુદ્ધનો સ્વનો આશ્રય કરવાથી જે જ્ઞાન થાય છે તેમાં સુખ થાય છે અને જ્ઞાન થાય છે તેને જ્ઞાન અને સુખ કહીએ. શુદ્ધને જાણનારને શુદ્ધમાં જ્ઞાન અને સુખ છે? જાણનારને જ્ઞાન અને સુખ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- એકલા સિદ્ધને જાણે તો સુખ છે કે નહિ ?

ઉત્તર :- સુખ છે એ કહેવાય, પણ સિદ્ધને ક્યારે જાણ્યા કહેવાય? પોતાના સ્વરૂપમાં શુદ્ધતા સિદ્ધ સમાન હું છું એવી દૃષ્ટિ થાય ત્યારે જાણ્યા કહેવાય.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- તો તો થઈ રહ્યું, ન હોય તો કાંઈ જરૂર નથી. સિદ્ધ પરદ્રવ્ય છે, પરદ્રવ્યનો વિચાર તે વિકલ્પ છે. દુઃખ છે. આહાહા..! 'મોક્ષપાહુડ'માં કહ્યું ને? 'મોક્ષપાહુડ'ની ૧૬મી ગાથા. 'परदव्वादो दुग्गई' ભગવાન તો અલૌકિક વાતું કરે છે! તારા દ્રવ્ય સિવાય બીજા દ્રવ્ય ઉપર લક્ષ જશે તો વિકલ્પ જ ઉત્પન્ન થશે. પણ ત્યાં તો એ જાણીને પછી આત્મામાં ઘુસી ગયો તેની વાત લીધી છે. આહાહા..! મારી પર્યાયમાં સર્વજ્ઞપણું નથી અને તેમને સર્વજ્ઞપણું થયું તો ક્યાંથી થયું? સર્વજ્ઞશક્તિમાંથી થયું. તેમને સર્વજ્ઞપર્યાય એમાંથી થઈ તો મારી સર્વજ્ઞપર્યાય પણ મારી સર્વજ્ઞશક્તિમાંથી થશે, તો એની દૃષ્ટિ સર્વજ્ઞશક્તિને ધરનાર આત્મા ઉપર જાય છે. 'જ્ઞાનચંદજી'! આવી વાત છે, બાપુ! ધીમે ધીમે સમજવું. એવી વાત છે, બાપા! શું થાય? આહાહા..! અરે..! લોકો વિરોધ કરે.. ભાઈ! ચૈતન્યસ્વરૂપ ભગવાન પૂર્ણાનંદનો નાથ..! આહાહા..! આવી આત્મજ્ઞાનમયી સર્વજ્ઞશક્તિ. ગજબ વાત છે, બાપુ! એમાંથી કેટલું કાઢવું? પૂરું નથી થાતું. સમજાય છે કાંઈ? એ દસમી (શક્તિ પૂરી) થઈ, હવે અગિયારમી લઈએ.

**नीरूपात्मप्रदेशप्रकाशमानलोकालोकाकारमेचकोपयोगलक्षणा स्वच्छत्वशक्तिः ११.**

**અમૂર્તિક આત્મપ્રદેશોમાં પ્રકાશમાન લોકાલોકના આકારોથી મેચક (અર્થાત્ અનેક-આકારરૂપ) એવો ઉપયોગ જેનું લક્ષણ છે એવી સ્વચ્છત્વશક્તિ. (જેમ દર્પણની સ્વચ્છત્વશક્તિથી તેના પર્યાયમાં ઘટપટાદિ પ્રકાશે છે, તેમ આત્માની સ્વચ્છત્વશક્તિથી તેના ઉપયોગમાં લોકાલોકના આકારો પ્રકાશે છે.) ૧૧.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'અમૂર્તિક આત્મપ્રદેશોમાં...'** શું કહે છે હવે? અગિયારમી શક્તિ–ગુણ–સત્ત્વ–સ્વભાવ. આહાહા..! કહે છે કે ભગવાન તો અમૂર્તિક આત્મપ્રદેશ છે. આત્માના અસંખ્ય પ્રદેશ છે એ તો અમૂર્ત છે. એમાં કોઈ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ નથી. **'અમૂર્ત આત્મપ્રદેશોમાં પ્રકાશમાન...'** અમૂર્ત આત્મપ્રદેશોમાં પ્રકાશમાન આહાહા..! **'લોકાલોકના આકારોથી મેચક...'** લોક અને અલોક, એમાં જડ પણ આવ્યા. જડના પણ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અમૂર્ત આત્મપ્રદેશમાં જણાય છે. મૂર્ત અહીં આવતા નથી. સમજાય છે કાંઈ? સ્વચ્છત્વશક્તિનો એટલો સ્વભાવ છે કે પોતાના આત્મપ્રદેશ અમૂર્ત હોવા છતાં પણ મૂર્ત અને અમૂર્ત બધી વસ્તુને પોતામાં પરની અપેક્ષા રાખ્યા વિના સ્વચ્છતાને કારણે પરિણમન સ્વચ્છ–શુદ્ધ થાય છે.

મુમુક્ષુ :– લોક અલોક છે તો થાય છે.

ઉત્તર :– બિલકુલ નહિ. એ વાત તો થઈ ગઈ. દૃષ્ટાંત આપશે, દર્પણનો દૃષ્ટાંત આપશે. આહાહા..! આ તો સર્વજ્ઞની વાતું. ભાઈ! આહાહા..! ભગવાનના સમવસરણમાં સો ઇન્દ્રો જાય, અરે..! જેને સિંહ અને વાઘ, કેસરિયા સિંહ જંગલમાંથી સેંકડો ધીમે ધીમે ચાલતા સમવસરણમાં જાય. આહાહા..! વાઘ અને કાળા નાગ પચીસ-પચીસ હાથના લાંબા, પચાસ હાથના કાળા નાગ જંગલમાંથી ચાલતા સમવસરણમાં જાય. એક ક્ષણમાં ઉપર ચાલ્યા જાય. વીસ હજાર પગથિયા હોય ને? સમવસરણમાં વીસ હજાર પગથિયા (હોય). પગથિયા સમજ્યા? સીડી. અંતર્મુહૂર્તમાં ચાલ્યા જાય. આહાહા..! ત્યાં જઈને આવું સાંભળે, વીતરાગની વાણી! આહા..! વાઘ અને સિંહ, બે પગ નીચે અને બે પગ આમ (ઊંચા). અહીં કૂતરા નથી બેસતા? નીચે બેસે છે. ત્યાં પણ વાઘ અને સિંહ બે પગ નીચે (રાખીને સાંભળે). આહાહા..! એ સમજી શકે અને સમ્યગ્દર્શન પામી જાય. આત્મા છે કે નહિ? આત્મા છે તો અંદર પૂર્ણાનંદનો નાથ પડ્યો છે ને! એમ કહે છે, એ સમજી જાય? આ માણસ હજી નથી સમજતા. તું માણસ છો જ નહિ, તું તો આત્મા છો. આહાહા..! સમજાય છે કાંઈ? સમ્યક્ પામી જાય. એવા અસંખ્ય વાઘ અને સિંહ અઢી દ્વિપ બહાર છે. આ મનુષ્યક્ષેત્ર છે ને એ અઢી દ્વિપ છે. પીસ્તાલીસ લાખ યોજન, એમાં મનુષ્ય છે પછી અસંખ્ય દ્વિપ-સમુદ્રમાં મનુષ્ય નથી. છેલ્લા સ્વયંભૂરમણ સમુદ્રમાં તો અસંખ્ય સમકિતી અને પાંચમા ગુણસ્થાનવાળા તિર્યંચ, હજાર યોજનના લાંબા મગરમચ્છ અને પંચમ ગુણસ્થાનમાં આત્મઅનુભવ સહિત શાંતિની વૃદ્ધિ કરીને પંચમ ગુણસ્થાનમાં બિરાજે છે. આહાહા..! એ તિર્યંચ!

ભગવાનના આગમમાં પાઠ છે, સ્વયંભૂરમણ સમુદ્રમાં અસંખ્ય મચ્છ સમકિતી આત્મજ્ઞાની જાતિસ્મરણજ્ઞાનવાળા, અવધિજ્ઞાનવાળા, પંચમ ગુણસ્થાનવાળા (છે). આહાહા..! સમ્યગ્દર્શન ઉપરાંત સ્વનો આશ્રય લઈને શાંતિ પ્રગટાવી છે. તેને બાર વ્રતનો વિકલ્પ હોય એ કંઈ શ્રાવકપણું નથી. શ્રાવકપણું તો અંદર જે સ્વરૂપમાં રમણતા અને શાંતિ વધી એ શ્રાવકપણું છે. એવા અસંખ્ય તિર્યંચ પડ્યા છે. સ્વયંભૂરમણ સમુદ્રમાં અસંખ્ય પશુ (આવા છે). આહાહા..!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અને દ્વિપમાં વાઘ, રીંછ.. રીંછ સમજો છો? રીંછ. કાગડા, પોપટ, ચકલાં, ચકલીઓ ભગવાનઆત્મા છે ને! એ ક્યાં શરીર છે? એવા સમકિતી અસંખ્ય પડ્યા છે. દ્વિપમાં અસંખ્ય થલચર છે અને પાણીમાં અસંખ્ય જલચર છે. શું કહ્યું સમજાણું? અસંખ્ય દ્વિપ છે એમાં થલચર છે. જલચર તો કાંઈ થલમાં રહી શકે નહિ. થલમાં રહેનારા નોળ, કોળ, સર્પ પણ સમકિતી છે. ભલે છે થોડા. એક સમકિતી અને અસંખ્ય મિથ્યાદૃષ્ટિ. તોપણ ત્યાં અસંખ્ય સમકિતી છે. તિર્યંચની સંખ્યા ઘણી છે. તિર્યંચ પંચેન્દ્રિયની સંખ્યા ઘણી છે.

એકવાર કહ્યું હતું ને? સૌથી ઓછા ભવ મનુષ્યના કરે (તોપણ અનંત કર્યા). અનંત કાળે એક મનુષ્યભવ થાય તો પણ અનંત ભવ થઈ ગયા. સૌથી ઓછા. મનુષ્યની સંખ્યા કરતાં દરેક પ્રાણીએ નારકીના ભવ અસંખ્યગણા અનંતા થયા, એમ ભગવાને કહ્યું છે. શું કહ્યું? મનુષ્યની અનંત ભવની સંખ્યા કરતા નારકીના ભવની સંખ્યા અસંખ્યગુણી અનંતી (છે). તો મનુષ્ય આટલા છે ને અસંખ્યગણા અનંતા ક્યાંથી આવ્યા? પશુમાંથી આવે છે. પશુની એટલી સંખ્યા છે, મન વિનાના પંચેન્દ્રિય અને મનવાળા પંચેન્દ્રિયની એટલી સંખ્યા છે કે એ બધા નરકમાં જાય છે. આહાહા..! મનુષ્યનો એક ભવ અને અસંખ્ય નારકી. મનુષ્ય મરીને જાય તો નારકી અસંખ્યગણા ક્યાંથી આવ્યા? ભગવાન શાસ્ત્રમાં અસંખ્યગણા અનંતા ભવ કહે છે. એ તિર્યંચની એટલી સંખ્યા છે કે એમાંથી મરીને ત્યાં જાય છે. આહાહા..! અને નારકીના જે મનુષ્યભવ કરતાં અસંખ્યગણા અનંત ભવ, એનાથી સ્વર્ગના અસંખ્યગણા અનંત ભવ. ક્યાંથી આવ્યા? નારકી મરીને તો સ્વર્ગમાં જાતા નથી. મનુષ્ય તો અનંતમે ભાગે છે. નરકની સંખ્યા અસંખ્યગુણી અનંતી છે, એનાથી અસંખ્યગણા અનંત જીવ અત્યાર સુધી સ્વર્ગમાં ગયા. કોઈ મનુષ્ય પણ સ્વર્ગમાં ગયા અને તિર્યંચની સંખ્યા ઘણી છે એમાંથી સ્વર્ગમાં ગયા. કોઈ શુક્લલેશ્યા, પદ્મલેશ્યા આદિ ભાવ થઈને સ્વર્ગમાં ગયા. આહાહા..!

દેવની સંખ્યા નારકીના ભવ કરતાં અસંખ્યગુણી અનંત, અસંખ્યગુણી અનંત તો એ ક્યાંથી આવ્યા? તિર્યંચમાંથી આવ્યા. સમજાય છે કાંઈ? આહાહા..! અરે..રે..! આ જુઓને! આ ઢોર દેખાય છે ને! આ બળદને દેખીને એવું થઈ જાય.. આહાહા..! અરે..રે..! આ પ્રાણી ક્યાં જશે? કારણ કે ધર્મ તો છે નહિ, પુણ્ય છે નહિ. આહાહા..! બિચારા પચીસ-પચાસ, સાંઈઠ વર્ષ (રહે). બળદ ને પશુ મરીને નરકમાં જાય કાં પશુ મરીને બહુ તો પશુ થાય. આહાહા..! પણ સંખ્યા પશુની બહુ છે. તિર્યંચમાં છે એવા દરેક પ્રાણીએ અનંત અવતાર કર્યા છે. સમજાય છે કાંઈ? આ તો દરેક પ્રાણીએ એવું કર્યું છે.

મનુષ્યના અનંત ભવ કર્યા, એનાથી અસંખ્યગણા અનંત નારકીના કર્યા, એનાથી અસંખ્યગણા અનંતા સ્વર્ગના કર્યા, એનાથી અનંતગુણા અનંતા નિગોદના કર્યા. એ તિર્યંચમાં આવે છે. તિર્યંચમાં એકેન્દ્રિયથી પંચેન્દ્રિય બધાને તિર્યંચ કહે છે. આહાહા..! એક આત્મજ્ઞાન વિના મરી ગયો. આહાહા..!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અહીં કહે છે, ભગવાન તો અમૂર્ત છે ને! તો મૂર્ત અંદરમાં આવે છે? મૂર્તની પ્રતિછાયા અંદર પડે છે? લીમડો જોવે તો લીમડો છે. આ જ્ઞાનમાં લીમડાનો આકાર આવે છે? એ તો જડનો આકાર છે. વર્ણ, ગંધ, રસ, લીલો રંગ છે એ અહીં આવે છે? પણ એ સંબંધી જ્ઞેયાકારરૂપે જ્ઞાન પોતાનું પોતાથી પરિણમન કરે છે. એ જ્ઞેયાકાર જડ છે એટલે અહીંયા જડપણે પરિણમન થયું એમ નથી. એ મૂર્ત છે તો અહીંયા મૂર્તપણે પરિણમન થાય છે, આત્મા અમૂર્ત છે તો મૂર્ત ક્યાંથી થયો? એને તો પહેલો સંબંધ જ ક્યાં ? આહાહા..!

ભગવાનઆત્મા, જેના પ્રદેશ અમૂર્ત છે. '**અમૂર્તિક આત્મપ્રદેશોમાં પ્રકાશમાન લોકાલોકના આકાર...**' આકાર શબ્દે એ વસ્તુ નહિ, પણ એ સંબંધીનું વિશેષ જ્ઞાન. સ્વચ્છતાને એ સંબંધીનું અને પોતા સંબંધીનું વિશેષ જ્ઞાન થાય છે. એ જડનો આકાર કાંઈ અહીંયા આવે છે? આકાર તો વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, સંસ્થાન જડ છે. આ પત્થર, લ્યો! એનો આકાર અંદર આવે છે? આકારનો અર્થ–સ્વ-પર અર્થનું જ્ઞાન તેનું નામ આકાર કહે છે. અર્થ વિકલ્પ. સ્વ ને પર પદાર્થનું જ્ઞાન થાય તેનું નામ અહીંયા આકાર છે. આહાહા..! વાતે વાતે ફેર લાગે. માર્ગ એવો છે, બાપુ! આહાહા..!

મુમુક્ષુ :– વાતે વાતે સમજવા જેવો લાગે..

ઉત્તર :– સમજવા જેવો...

'**અમૂર્તિક આત્મપ્રદેશોમાં પ્રકાશમાન લોકાલોકના આકારોથી મેચક...**' આહાહા..! મેચક એટલે અનેક આકાર. સ્વનો અને પરનો આકાર શબ્દે જ્ઞાન. સ્વ અને પરનું જ્ઞાન તેનું નામ અહીંયા આકાર કહે છે. જ્ઞાનને સાકાર કહે છે અને દર્શનને નિરાકાર કહે છે. જ્ઞાનને સાકાર કહે છે તો પરનો આકાર આવે છે માટે સાકાર કહે છે? પણ એ સ્વપરપ્રકાશક પરિણતિ થઈ તેનું નામ આકાર કહે છે. વિશેષરૂપે પરિણમન થયું તેનું નામ આકાર. આહાહા..! આવી વાતું. ભાઈ! કાને તો પડે, સાંભળે તો ખરા. અરેરે..! ચોરાશીના અવતાર કરી કરીને (ભરી ગયો). અહીં મોટો અબજોપતિ શેઠિયો હોય એ મરીને બીજે ક્ષણે નરકમાં જાય. તેંત્રીસ સાગરે! આહાહા..! એ પીડા.. એની પીડાને જોનારને રૂદન આવે એવી પીડા. પ્રભુ! એવી પીડી તેં સહન કરી, ભાઈ! આહાહા..! સમજાય છે કાંઈ?

અહીંયા તને શરીર જરી ઠીક હોય અને ચાલે તો આમ... 'પોપટભાઈ'! શરીર જરી ઠીક હોય અને નિરોગી શરીર હોય અને પૈસા હોય, બાયડી છોકરા કંઈક ઠીક હોય તો આમ ચાલે. શું છે પણ બાપુ તને? ભગવાન! આ ગાંડપણું ક્યાંથી આવ્યું? પાગલ છો, તું પાગલ છો. આહાહા..! શરીર જરી સુંદર દેખાય, ચામડી રૂપાળી દેખાય... સવારમાં ઉઠીને તેલ ચોપડે, સ્નાન કરીને અરીસામાં (જોવે).. ગાંડો છે, જેમ પાગલ જોવે. નાનો અરીસો હોય, મોટો હોય તો આખું દેખાય, પણ અરીસો નાનો હોય તો આમ કરીને (આમ કરે). દાંતિયો હોય, દાંતિયો.. દાંતિયો કહે છે? (આમ આમ કરે...) શું કરે છે તું? બાપુ! દાંતિયાને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



શું કહે છે? કંગા? અત્યારે એ રાખે. પહેલા એવું નહોતું. અત્યારે જુવાન માણસ ગુંજામા રાખે અને આમ કર્યા કરે... આમ કરીને... આહાહા..! 'હાડ બળે જ્યું લકડી, કેશ બળે જું ઘાસ..' આહાહા..! એ હાડકા જેમ લાકડા બળે એમ બળશે, બાપુ! આ તો જડ છે. અને તેલ ચોપડેલી બધી લપટીયું ને આમ લાંબા (વાળ) એ જેમ ઘાસ બળે એમ મસાણમાં બળશે, ભાઈ! આહાહા..! સમજાય છે કાંઈ?

અહીં કહે છે, પ્રભુ! તું અમૂર્તિક છો ને! તારા જ્ઞાનમાં આ મૂર્ત આવે છે તો ત્યાં મૂર્તપણાનો આકાર આવે છે? સમજાય છે કાંઈ? એક તો અમૂર્તિક આત્મપ્રદેશ પ્રકાશમાન. શું? લોકાલોક. લોક અને અલોકમાં મૂર્ત ને જડ ને બધું આવ્યું. આહાહા..! અને આકાર. આકાર એટલે વિશેષતા. તેની બધી વિશેષતા. જ્ઞાનમાં જ્ઞાનની પરિણતિ થાય છે. જ્ઞેયાકાર રૂપી જ્ઞાનની પરિણતિ. જ્ઞેયાકાર એટલે જડનો આકાર એમ નહિ, પણ જ્ઞેયનું જે સ્વરૂપ છે એ રીતે જ્ઞાનનું પરિણમન થાય એને અહીંયા આકાર કહેવામાં આવે છે. આહાહા..! છે? અને તે પણ **'મેચક...'** અનેકરૂપ થયું. જ્ઞાનની પર્યાયમાં એકરૂપ ન રહ્યું. લોકાલોકને જાણવામાં અનેકરૂપ જ્ઞાનપર્યાય થઈ. આહાહા..! **'(અર્થાત્ અનેક-આકારરૂપ)...'** એમ કહ્યું ને? મેચક એટલે અનેક.

**'એવો ઉપયોગ જેનું લક્ષણ છે...'** આહાહા..! એવો ઉપયોગ-જાણવું, ઉપયોગરૂપી જેનું લક્ષણ છે. આહાહા..! **'એવી સ્વચ્છત્વશક્તિ.'** સ્વચ્છત્વશક્તિ. પહેલી ચિતિશક્તિ આવી હતી. ચિતિમાં પછી ભેદ પડીને દર્શન, જ્ઞાન આવ્યા. તેને આગળ લઈને દર્શનમાં સર્વદર્શિ અને જ્ઞાનમાં સર્વજ્ઞાન આવી. હવે સ્વચ્છત્વશક્તિ ભિન્ન લે છે. અંદરમાં જ્ઞાનની એવી કોઈ નિર્મળતા છે, એમ કહે છે. એવી સ્વચ્છતા નિર્મળતા છે કે જેમાં લોકાલોક મૂર્ત અને અમૂર્તના પ્રકાશમાન આત્માના અમૂર્ત પ્રદેશમાં જ્ઞાન થાય છે. સમજાય છે કાંઈ?

દૃષ્ટાંતથી સમજાવશે. **'(જેમ દર્પણની સ્વચ્છત્વશક્તિથી...)'** દર્પણ હોય ને? દર્પણ-અરીસો. એ સ્વચ્છત્વશક્તિથી **'તેના પર્યાયમાં ઘટપટાદિ પ્રકાશે છે,...'** ઘટપટ ત્યાં નથી જતા પણ ઘટપટ સંબંધીની સ્વચ્છતા ત્યાં જોવામાં આવે છે. સમજાય છે કાંઈ? અરીસો છે. અહીંયા અગ્નિ છે અને બરફ છે. અગ્નિ આમ આમ થાય છે તો અહીં અરીસામાં આમ આમ થાય છે. એ અગ્નિ નથી, એ સ્વચ્છશક્તિનું પરિણમન અરીસાનું છે. અંદર અગ્નિ દેખાય છે એ અગ્નિ નથી. એ તો અરીસાની સ્વચ્છશક્તિ છે. સમજાય છે કાંઈ? એ અરીસાની પર્યાય છે, અગ્નિની પર્યાય ત્યાં નથી આવી. અગ્નિમાં હાથ બળે, અહીં હાથ લઈને જોવે તો શરીર બળે છે? એ તો અરીસાની પર્યાય છે. એમ ભગવાન સ્વચ્છતાની પર્યાયમાં લોકાલોક, જેમ ઘટપટ દર્પણમાં દેખાય છે, એ ઘટપટ ત્યાં નથી. એ તો સ્વચ્છતાની પર્યાય છે. એમ લોકાલોકને જાણવામાં પોતાની સ્વચ્છતાની પર્યાય છે. આહાહા..! દરકાર કરી નથી એણે, આમ ને આમ આ જિંદગી ગાળી. અરે..! મારું શું થશે? હું ક્યાં જઈશ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સમજ્યા? આહાહા..!

ભગવાન તો એમ કહે છે, જુઓ! જેમ ઘટપટાદિ પ્રકાશે છે **'તેમ આત્માની સ્વચ્છત્વશક્તિથી...'** સ્વચ્છત્વ. પોતાની નિર્મળતાને કારણે લોકાલોક દેખાય છે. એ લોકાલોક નહિ પણ લોકાલોક સંબંધી પોતાની સ્વચ્છતાની પર્યાય દેખાય છે. સમજાય છે કાંઈ? વિશેષ આવશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**પ્રવચન નં. ૧૩, શક્તિ–૧૧. ૧૨ મંગળવાર, (દ્વિતીય) શ્રાવણ સુદ ૯, તા. ૨૩-૦૮-૧૯૭૭**

---

'સમયસાર' શક્તિનો અધિકાર છે. આ આત્મપદાર્થ છે એ અનંતશક્તિનો સંગ્રહાલય છે. જેમાં અનંતશક્તિ એટલે સ્વભાવ એટલે ગુણ, એનો એ સંગ્રહ-આલય–સ્થાન છે. આહાહા..! એ આત્માની અંતર અનંતશક્તિઓનું જ્ઞાન કરીને શક્તિવાન ઉપર દૃષ્ટિ કરવી તેનું નામ સમ્યગ્દર્શન છે, ધર્મની પહેલી શરૂઆત આ છે. અહીંયા તો શક્તિનું વર્ણન છે. 'સમયસાર'માં દ્રવ્યદૃષ્ટિનો અધિકાર છે તો શક્તિનો અધિકાર લીધો છે. એ શક્તિનો આધાર આત્મા છે. શક્તિ આધેય છે, આત્મા આધાર છે. એવો ભેદ પણ જેમાં નથી. એવા આત્મા ઉપર જ્ઞાનની પર્યાયને ઝુકાવવાથી પોતાની જ્ઞાનની પર્યાયમાં જે ભાન થયું એની પ્રતીતિ કરવી તેનું નામ સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન છે. આકરી વાત (છે). લોકોને આ મુશ્કેલ પડે છે. વ્યવહારથી નથી થતું એમ કહો તો એકાંત છે, એમ કહે છે. નિમિત્તથી ઉપાદાનમાં થાય છે, વ્યવહારથી નિશ્ચયમાં થાય છે અને ક્રમસર થાય છે એમાં કોઈ વાર અક્રમ પણ થાય, અનિયત પણ હોય એમ કહે છે. અરે..! ભગવાન!

મુમુક્ષુ :– આ ત્રણે વાતોમાં એકાંતવાદ સત્ય છે કે..

ઉત્તર :– તેની ત્રણે વાત જૂઠી છે. વસ્તુસ્થિતિ એવી છે, ભાઈ! પહેલા આવ્યું ને? કુંભાર ઘડો કરે છે એમ તો અમે જોતા નથી. ૩૭૨ ગાથા. માટીથી ઘડો થાય છે. ધ્રુવ ઉપાદાન તો માટી છે અને ક્ષણિક ઘડાની પર્યાય છે તે ક્ષણિક ઉપાદાન છે. આહાહા..! એમાં નિમિત્ત હો, પણ નિમિત્ત પરમાં કાંઈ કરે છે એ વાત ત્રણકાળમાં જૈનદર્શનના સ્વભાવમાં એ વાત નથી. સમજાય છે કાંઈ? એવો વ્યવહાર હોય એ પણ નિશ્ચયની અપેક્ષાએ તો નિમિત્ત છે પણ શુભરાગ એ આત્માના સ્વભાવની પ્રાપ્તિમાં સહાયક થાય એમ નથી. આહાહા..! લોકોને આકરું લાગે છે. સવારે આવ્યું હતું ને? કઠણ તો છે. આવ્યું હતું? સવારે આવ્યું હતું. અતિકઠણ તો છે પણ અશક્ય નથી. આહાહા..! અતિકઠણ સવારે આવ્યું હતું. કઠણ છે એટલે અભ્યાસ નથી અને અનાદિનો અભ્યાસ શરીર મારું, રાગ મારો, પુણ્ય મારું, પૈસા મારા એવી દૃષ્ટિમાં તેને ભેદ કરવાનો તો અભ્યાસ નથી અને અભ્યાસ વિના એ પ્રાપ્ત થતું નથી. સમજાય છે કાંઈ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અહીંયા કહે છે કે ઉપાદાનથી.. આ સ્વચ્છત્વશક્તિ ચાલે છે. જેમ દર્પણમાં ઘટપટ આદિ પ્રકાશે છે તે ઘટપટ નથી. એ દર્પણની પર્યાય છે. દર્પણમાં જે ઘટપટ, અગ્નિ કે બરફ આદિ સામે હો, ઓગળતો હોય એમ એમાં દેખાય, તો કાંઈ બરફ અને ઘટપટ એમાં નથી. એ તો દર્પણની સ્વચ્છતાની અવસ્થા છે. એમ ભગવાનઆત્મા અમૂર્ત અસંખ્ય પ્રદેશી વસ્તુમાં લોકાલોકનો ભાસ થાય છે એ લોકાલોક નથી. અહીંયા સ્વચ્છત્વ શક્તિની પર્યાયમાં લોકાલોક ભાસે છે એ સ્વચ્છત્વ શક્તિનું જ પરિણમન છે. લોકાલોકથી પરિણમન છે એમ નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

એમ તો શાસ્ત્રમાં આવે છે કે લોકાલોકમાં કેવળજ્ઞાન નિમિત્ત છે. સર્વવિશુદ્ધ અધિકારમાં શું કહ્યું? આખો લોકાલોક. અનંત સિદ્ધો, અનંત નિગોદના જીવ, એમાં કેવળજ્ઞાન નિમિત્ત છે. એનો અર્થ એમ નથી કે કેવળજ્ઞાને લોકાલોક બનાવ્યો છે. સમજાય છે કાંઈ? કેવળજ્ઞાનની પર્યાય લોકાલોકમાં નિમિત્ત છે. એનો અર્થ એમ નથી કે લોકાલોકને જ્ઞાનની પર્યાયે બનાવ્યો છે. છે? બીજી વાત, લોકાલોકનું જ્ઞાન થયું તો લોકાલોક નિમિત્ત છે પણ એનાથી અહીંયા સ્વચ્છતાની પર્યાયમાં પ્રત્યક્ષ અનુભવ થયો તેનો લોકાલોક કર્તા નથી. આહાહા..! સમજાય છે કાંઈ? એ આવ્યું ને?

**'અમૂર્તિક આત્મપ્રદેશોમાં પ્રકાશમાન લોકાલોકના આકાર...'** આકાર નામ વિશેષતા. એ જડના આકાર કંઈ આમાં આવતા નથી પણ એ સંબંધીનો જે એનો વિશેષ સ્વભાવ છે તેનું અહીંયા પોતાથી જ્ઞાન થાય છે. આહાહા..! **'મેચક...'** અનેકરૂપ જે જ્ઞાનની સ્વચ્છતાની પર્યાયમાં અનેકરૂપતા આવી એ પોતાની પર્યાયનો સ્વભાવ છે. અનેક છે તો અનેકરૂપનું પરિણમન થયું એમ નથી. આહાહા..! ભારે વાતું આવી છે. **'(અનેક-આકારરૂપ) એવો ઉપયોગ જેનું લક્ષણ છે એવી સ્વચ્છત્વશક્તિ.'** એ સ્વચ્છત્વશક્તિ અનંતશક્તિમાં નિમિત્ત છે અને અનંતશક્તિમાં સ્વચ્છત્વશક્તિનું રૂપ પણ છે. આહાહા..! આહાહા..! જ્ઞાન સ્વચ્છ, દર્શન સ્વચ્છ, આનંદ સ્વચ્છ, સમકિત સ્વચ્છ, ત્રિકાળી શ્રદ્ધા સ્વચ્છ, શાંતિ સ્વચ્છ, અસ્તિત્વ સ્વચ્છ, વસ્તુત્વ સ્વચ્છ, કર્તા સ્વચ્છ, કર્મ સ્વચ્છ, કરણ સ્વચ્છ, ષટ્કારકની શક્તિઓ પણ સ્વચ્છ. આહાહા..! અહીંયાનું લોકોને એકાંત લાગે છે બિચારાને શું થાય?

મુમુક્ષુ :- વ્યવહારથી કાંઈક લાભ થાય એટલું...

ઉત્તર :- આનાથી લાભ થાય, ભગવાન એમ કહે છે. 'રામકિશોર' શું નામ છે? 'રામકિશોર'. અમારી ઉપર ભાઈનો કાગળ આવ્યો છે. 'યુગલકિશોરજી'નો (પત્ર) આજે આવ્યો છે. અરે..રે..! પ્રભુ! શું કરે છે? એને તો તોફાન કરવા છે, વિરોધીઓને તોફાન કરવા છે અને 'શિખરચંદજી'ને 'ભીંડ'થી બોલાવવા છે. ભાઈનો પત્ર આવ્યો છે. તમારું નામ પણ લખ્યું છે, ભાઈનું લખ્યું છે. ત્યાં આવ્યો છે. અરે..! પ્રભુ! શું કરવું? ભાઈ! આહાહા..!

તારી અનંત અનંતશક્તિઓ સ્વચ્છપણે પરિણમે એવો તારો સ્વભાવ છે. કોઈ રાગ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અસ્વચ્છ છે તો તેને કારણે પરિણમે, એ લોકોને કઠણ પડે છે. સમજાય છે કાંઈ? વ્યવહાર હો, નિમિત્ત હો, એની કોણે ના પાડી? પણ નિમિત્તથી પરમાં કાર્ય થાય છે (એમ નથી). એ તો હમણા 'કૈલાશચંદજી'એ 'જૈનસંદેશ'માં કબુલ કર્યું કે સોનગઢવાળા નિમિત્તને માનતા નથી એમ નથી પણ નિમિત્તથી પરમાં કાંઈ થાય છે એ નથી માનતા. તો એ બરાબર છે. અને ક્રમબદ્ધ માને છે તો એ ક્રમબદ્ધ યથાર્થ છે. પહેલા તો એ ક્રમબદ્ધને માનતા નહોતા. સમજાય છે કાંઈ?

જ્યારે અહીંયા (સંવત) ૨૦૦૩ની સાલમાં ચર્ચા થઈ હતી, ત્રીસ વર્ષ થયા. પ્રવચન હોલમાં ૩૨ પંડિત આવ્યા હતા ને? વિદ્વત્ પરિષદ ભરાયેલી. એમાં 'લાલબહાદુરે' ક્રમબદ્ધ કબુલ કર્યું હતું, હવે એ ફરી ગયા. અને 'જગનમોહનલાલજી' એ વખતે ક્રમબદ્ધ નહોતા માનતા. હવે માન્યું કે વાત તો એવી છે. દ્રવ્યની પર્યાય વ્યવસ્થિત પોતાથી ક્રમસર થાય છે. ક્રમવર્તી કહો, અક્રમવર્તી ગુણ અને પર્યાય ક્રમવર્તી. ક્રમવર્તીનો અર્થ ક્રમે વર્તનાર. સમજાય છે કાંઈ? એવી પર્યાય ક્રમે ક્રમે થાય છે એ નિશ્ચય છે. નિમિત્ત હો પણ નિમિત્તે કોઈ પર્યાય અહીં રચી છે અને નવી પર્યાય થઈ, જે થવાવાળી હતી એ ન થઈ અને નિમિત્ત આવ્યું તો બીજી થઈ એમ નથી.

અહીંયા તો ભગવાનઆત્મા..! આહાહા..! સ્વચ્છત્વશક્તિ. **'(સ્વચ્છત્વશક્તિથી તેના ઉપયોગમાં લોકાલોકના આકારો પ્રકાશે છે.)'** આહાહા..! લોકાલોક નિમિત્ત તરીકે હો પણ સ્વચ્છતાની પરિણમન શક્તિ છે એમાં નિમિત્ત કંઈ કરતું નથી. આહાહા..! સમજાય છે કાંઈ? એટલી વાત ત્યાં રાખીએ. હવે બારમી શક્તિ. એ સૂક્ષ્મ શક્તિ છે, બહુ સરસ! બાર, બાર.

**स्वयम्प्रकाशमानविशदस्वसंवित्तिमयी प्रकाशशक्तिः। १२.**

**સ્વયં પ્રકાશમાન વિશદ (–સ્પષ્ટ) એવા સ્વસંવેદનમયી (–સ્વાનુભવમયી) પ્રકાશશક્તિ. ૧૨.**

**'સ્વયં પ્રકાશમાન વિશદ (–સ્પષ્ટ) એવા સ્વસંવેદનમયી (–સ્વાનુભવમયી) પ્રકાશશક્તિ.'** ગજબ કામ કર્યું છે! આહાહા..! ભગવાનઆત્માને પ્રભુ! એકવાર સાંભળ તો ખરો! તારી સ્વતંત્રતાનો અહીંયા પોકાર છે. સમજાય છે કાંઈ? આહાહા.! દુનિયા માને ન માને એની સાથે કોઈ સંબંધ નથી. સત્યને સંખ્યાની જરૂર નથી કે ઘણા માને તો એ સત્ય અને થોડા માને તો એ અસત્ય, એવું કાંઈ નથી. આહા..! શું કહે છે?

પ્રભુ! તારામાં એવી એક શક્તિ છે, સ્વયં પોતાથી પ્રકાશમાન સ્પષ્ટ. આહાહા..! આત્મા પ્રકાશશક્તિને કારણે પોતામાં પ્રત્યક્ષ પોતાનું સ્વસંવેદનજ્ઞાન થાય છે તે પ્રકાશશક્તિને કારણે છે. આત્મા પ્રત્યક્ષ પોતાથી સ્વયં પ્રત્યક્ષ થાય છે. પ્ર–પોતાથી, સં–પ્રત્યક્ષ વેદન થાય છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એવી એ શક્તિ છે. આહાહા..! એ રાગની અપેક્ષાથી અહીંયા પ્રત્યક્ષ વેદન થાય છે એમ નથી. નિમિત્તની અપેક્ષાએ પ્રત્યક્ષ વેદન થાય છે એમ નથી. જરી સૂક્ષ્મ વાત છે, ભગવાન!

પ્રકાશશક્તિ સ્વયં પોતાથી સ્વસંવેદનમયી પ્રત્યક્ષ વેદનમયી એ શક્તિનું કાર્ય છે. સમ્યગ્દર્શનમાં મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન દ્વારા એ પ્રકાશશક્તિને કારણે, અને એ પ્રકાશશક્તિનું રૂપ અનંતશક્તિમાં છે. આહાહા..! એ શ્રુતજ્ઞાન અને મતિજ્ઞાનમાં પણ પ્રત્યક્ષ થવાની શક્તિ છે. ઝીણી વાત છે. પરોક્ષ રહેવું એ એનો સ્વભાવ જ નથી, એમ કહે છે. આહાહા..! શું કહે છે? સ્વયં પોતાથી પ્રકાશમાન પ્રત્યક્ષ. સ્પષ્ટ નામ પ્રત્યક્ષ. સ્પષ્ટ પ્રત્યક્ષ એવી સ્વસંવેદનમયી-સ્વાનુભવમયી પ્રકાશશક્તિ. આહાહા..! પોતાના આત્માનો સ્વ-આનંદનો અનુભવ થવો એ એની શક્તિનું કાર્ય છે. આહાહા..! વ્યવહાર છે તો સ્વાનુભવશક્તિ કામ કરે છે એમ નથી. આહાહા..! ઝીણી વાત છે, બાપુ!

અનંતકાળ સંસાર.. આહાહા..! અરે..! રઝળતો રખડતો ચોરાશીના અવતારમાં મનુષ્યપણું પામ્યો એમાં પણ જૈનદર્શનનો સંપ્રદાય વાડો તો મળ્યો. સમજાય છે કાંઈ? એમાં આ વાત ન સમજાય, પ્રભુ! આહાહા..! પહેલી શ્રદ્ધામાં પણ આ વાત ન રુચે એને અનુભવ તો ક્યાંથી થાય? આહાહા..! સમજાય છે કાંઈ?

અહીંયા તો પરમાત્મા પોકાર કરે છે, પરમાત્માનો આ અવાજ છે, સંતો આડતિયા થઈને પરમાત્માનો માલ જગત પાસે જાહેર કરે છે. આહાહા..! સમજાય છે કાંઈ? પ્રભુ! તારામાં એક શક્તિ એવી છે કે તું તારાથી પ્રત્યક્ષ થાય એવી તારી એક શક્તિ છે. સમજાય છે કાંઈ? 'વેણીપ્રસાદજી'! આ તો જિંદગીમાં કોઈ દિ' સાંભળ્યું પણ નથી. આ રળવું ને ખાવું ને પીવું ને ભોગવવું. થઈ રહ્યું, જિંદગી એમાં ગઈ. અર..ર..ર..! પ્રભુનું આત્માનું કાર્ય જે છે તે પડ્યું રહ્યું. આહા..! બહુ તો રાગ, દયા, દાન ને વ્રત ને ભક્તિ પુણ્યની ક્રિયા કરે તો સમજાય કે અમારે કંઈક ધર્મ થયો. ભગવાન! તારામાં એક શક્તિ ભગવાને દીઠી છે. આહાહા..! બારમી શક્તિ.

સ્વયં પ્રકાશમાન-પોતાથી પ્રકાશમાન આત્મા. 'પ્રવચનસાર'ની ૧૭૨ ગાથામાં છે, એમાં અલિંગગ્રહણ આવ્યું છે ને? 'અમૃતચંદ્રાચાર્યે' એક અલિંગગ્રહણના વીસ અર્થ કર્યા. એમાં એક છઠ્ઠો બોલ છે. અલિંગગ્રહણ. એ આ. પહેલા એમાં એમ છે કે ઇન્દ્રિયથી આત્મા જણાતો નથી અને ઇન્દ્રિયથી આત્મા જાણતો પણ નથી. ઇન્દ્રિયપ્રત્યક્ષનો એ વિષય જ નથી. એ ત્રીજો બોલ છે. ઇન્દ્રિયથી આત્મા (જણાતો નથી). મન અને ઇન્દ્રિયોથી આત્મા જણાતો જ નથી. આહાહા..! અને ઇન્દ્રિયથી જાણવાનું કામ આત્મા કરતો જ નથી. અને ઇન્દ્રિય પ્રત્યક્ષનો વિષય એ આત્મા નથી. એ તો અનીન્દ્રિય ભગવાન છે. આહાહા..! ઇન્દ્રિય પ્રત્યક્ષનો આત્મા વિષય થતો નથી કે ઇન્દ્રિયથી પ્રત્યક્ષ જણાય. આહાહા..! એ ત્રણ બોલ થયા. છઠ્ઠો બોલ કહેવો છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



બીજા દ્વારા અનુમાનથી આત્મા જણાય છે એમ નથી. એક અલિંગગ્રહણ. અ લિં ગ ગ્ર હ ણ – છ અક્ષર છે. એના વીસ અર્થ કર્યા છે. બધું છપાઈ ગયું છે. આહાહા..! શું કહ્યું ઇ? બીજા દ્વારા અનુમાનથી આત્મા જણાય છે એમ નથી. અને આત્મા સ્વયં અનુમાનથી પરને જાણે એવો આત્મા નથી. આહાહા..! સૂક્ષ્મ વાત છે, ભગવાન! આ તો પ્રત્યક્ષની વાત આવી ને! અરે..રે...! આવો વીતરાગમાર્ગ. આહાહા..! પરમેશ્વરના વિરહ પડ્યા અને સર્વજ્ઞની પર્યાય પ્રગટ થવાનો વિરહ પડ્યો. આહાહા...! આ મોટી ગડબડ ઊભી થઈ.

અહીં કહે છે, પરથી અનુમાનથી જણાય એ આત્મા નહિ. અને આત્મા પોતાના અનુમાનથી પરને જાણે એમ નથી. આહાહા..! પ્રત્યક્ષ કહ્યું ને? છઠ્ઠો બોલ એવો છે, ભગવાનઆત્મા પોતાના સ્વભાવથી જણાય એવો પ્રત્યક્ષ જ્ઞાતા છે. આ છઠ્ઠો બોલ છે એવા વીસ બોલ છે, વીસ. અલિંગગ્રહણના વીસ બોલ છે. સમજાય છે કાંઈ? આહાહા..! અહીં એ કહે છે સ્વયં પોતાથી પ્રત્યક્ષ થાય છે. એવો એનો સ્વભાવ–શક્તિ જ એવી છે. આહાહા..! અરે..! વાત સાંભળવામાં કઠણ પડે એ ક્યારે વિચારમાં લ્યે અને ક્યારે અંતર અનુભવ પ્રત્યક્ષ કરે? આહાહા..! સમજાય છે કાંઈ? એના તો વીસ બોલ છે. આ તો જરી છઠ્ઠો બોલ એની સાથે મેળવવા માટે કહ્યો.

એમાં છઠ્ઠો બોલ એમ છે કે આત્મા પોતાનો સ્વભાવ, શુદ્ધ સ્વભાવ પુણ્ય-પાપથી નહિ, ઇન્દ્રિયથી નહિ, શુદ્ધ સ્વભાવથી જણાય છે એવો એ પ્રત્યક્ષ જ્ઞાતા છે. આ શક્તિ. આહાહા..!

મુમુક્ષુ :– આત્મા પ્રત્યક્ષ જ્ઞાતા છે એ પ્રકાશશક્તિને કારણે?

ઉત્તર :– એ પ્રકાશશક્તિનું સ્વરૂપ છે. સમજાય છે કાંઈ? બાપુ! ભગવાન! આ તો પરમાત્મા ત્રિલોકનાથના વેણ છે. એ મહાપુરુષ વીતરાગના વેણના નકાર ન થાય, પ્રભુ! આહાહા..! સમજાય છે કાંઈ? લોકમાં પણ પોતાના દીકરાને કોઈ કન્યા આપી હોય. એક જ દીકરો હોય, પૈસાવાળો હોય અને કન્યા આપી હોય તો પચાસ-સો કન્યા નાળિયેર લઈને આવે. અમારી કન્યા સાથે સગપણ કરો. સગપણ કહે છે? શું કહે છે? સગાઈ કરો. એમાંથી એ મોટા કરોડપતિ હોય એની કન્યા જરી મોળીપાતળી હોય,... મોળપાતળી સમજ્યા? બહુ રૂપાળી ન હોય તોપણ એ કરોડપતિની કન્યા પાસ કરે. કેમ કે કન્યા લગ્નમાં પાંચ-પચીસ લાખ લાવશે અને એનો બાપ મરી જશે તો બધો વારસો પણ મળશે. તમારા કામ બતાવીએ છીએ.

એમ આ ભગવાનઆત્મા...! આહાહા..! સમજાય છે કાંઈ? સર્વજ્ઞ પરમાત્માના કહેણ છે એ કહેણને સ્વીકાર, ના ન પાડ, પ્રભુ! આહાહા..! સમજાય છે કાંઈ? તારી સગાઈ કરવાનું વીતરાગનું કહેણ છે. 'સમકિત સાથે સગાઈ કીધી, સપરિવાર સુ ગાઢી' 'આનંદઘનજી'માં એવા શબ્દો છે. શ્વેતાંબરમાં થયા છે ને? બધું જોયું છે. શ્વેતાંબરના કરોડો શ્લોકો જોયા છે, ગ્રંથ જોયા છે, 'યશોવિજય'નું બધું જોયું છે, પણ આ વસ્તુ કોઈ જુદી છે. સમજાય છે કાંઈ? આહાહા..!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


શું કહે છે?

સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમાત્માની દિવ્યધ્વનિમાં તારી ઉપર મોટું કહેણ આવ્યું કે તારી સગાઈ ક્યારે થાય? કે તું પ્રત્યક્ષ આત્માને જાણે ત્યારે આત્માની સાથે તારી સગાઈ થઈ. આહાહા..!

મુમુક્ષુ :- એ તો અનુભવમાં થાય.

ઉત્તર :- વાત તો એ જ છે. આ તો અનુભવની... 'બલુભાઈ'! આ જુદી જાતનું દવાખાનું છે.

મુમુક્ષુ :- કાયમનો રોગ મટી જાય.

ઉત્તર :- મટી જાય, બાપા! પ્રભુ! ત્યાં અલિંગગ્રહણમાં સાતમા બોલમાં તો એમ પણ કહ્યું છે કે આત્માના ઉપયોગમાં પરજ્ઞેયનું આલંબન છે જ નહિ. સ્વચ્છત્વશક્તિ આવી ને? શું કહ્યું?

પોતાનો ભગવાનઆત્માનો જ્ઞાનનો ઉપયોગ જે થાય છે એ ઉપયોગમાં પરજ્ઞેયનું આલંબન છે જ નહિ. આહાહા..! સાતમો બોલ છે. વીસ બોલ છે, બધા કંઠસ્થ છે. સંપ્રદાયમાં પણ શ્વેતાંબર શાસ્ત્રના છ-સાત હજાર શ્લોક કંઠસ્થ કર્યા હતા. પહેલા દીક્ષા એમાં થઈ હતી ને? પિતાજીનો ધર્મ સ્થાનકવાસી હતો, એમાં જન્મ થઈ ગયો. (સંવત) ૧૯૭૦-૧૯૭૧ બે વર્ષમાં છ-સાત હજાર શ્લોક કંઠસ્થ કર્યા હતા. કંઠસ્થ, હોં! આમ પાણીના પૂરની પેઠે ચાલે એવી ભાષા હતી. પણ એ બધી સત્ય વાત નહિ. આહાહા..!

આ તો એક એક શબ્દ, જુઓ! ઓહોહો..! ભગવાનઆત્મા..! ઉપયોગ આવ્યો હતો ને એમાં? સ્વચ્છત્વશક્તિમાં ઉપયોગમાં લોકાલોકના આકાર (જણાય). એ ઉપયોગમાં, આત્માના જાણન ઉપયોગમાં સ્વચ્છત્વશક્તિના ઉપયોગમાં જ્ઞેય લોકાલોકનું આલંબન છે જ નહિ. સમજાય છે કાંઈ? આહાહા..! 'પોપટભાઈ'! આ જુદી જાતની વાત છે, ભગવાન! આહાહા..! અરે..રે..! શું કરે? ભગવાન! તારો સ્વભાવ એવો છે તો તારે શું એમ માનવું છે કે રાગ કરતા કરતા થશે? તારી શક્તિ એવી છે કે પ્રત્યક્ષ થશે, સ્વયંસિદ્ધ પ્રત્યક્ષ થશે એવો તારો સ્વભાવ છે. આહાહા..! 'ધન્નાલાલજી'! તારા ઉપયોગમાં લોકાલોક જ્ઞેયનું આલંબન નથી, નાથ! એવો તું સ્વતંત્ર છો. તારો જ્ઞાનનો ઉપયોગ કેવળજ્ઞાનમયી સ્વચ્છ છે એમાં લોકાલોક છે એવું જે જ્ઞેય એનું ઉપયોગમાં આલંબન છે જ નહિ. આહાહા..! 'જ્ઞાનચંદજી'! આહાહા..! એ દિગંબર સંતોની વાણી એકથી અધિક એક જુઓ! રામબાણ! આહાહા..! અરે..રે..! ભાઈ!

મુમુક્ષુ :- આવો અર્થ તો આપ કરી શકો.

ઉત્તર :- એનો અર્થ સાંભળ્યો છે ને! ભગવાન પાસે બધું સાંભળ્યું છે. સમજાય છે કાંઈ? આહાહા..!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કહે છે, સ્વયં પ્રકાશમાન. સ્વયં કહેતા પરની અપેક્ષા છે જ નહિ. સમજાય છે કાંઈ? પોતાનો અનુભવ કરવામાં રાગ અને વ્યવહારની અપેક્ષા છે જ નહિ, એમ કહે છે. પોતાના આનંદનો પ્રત્યક્ષ અનુભવ કરવો એ સ્વયં પોતાની શક્તિ છે. આહાહા..! સમજાય છે કાંઈ? સવારે તો કહ્યું ને, જરી કઠણ તો છે. આવ્યું હતું ને? કેટલામો પાઠ? ૬૦મો કળશ (કળશ ટીકા) **'એવું અનુભવવું ઘણું જ કઠણ છે.'** સવારે આવ્યું હતું, ભાઈ! **'અનુભવવું ઘણું જ કઠણ છે. ઉત્તર આમ છે કે સાચે જ કઠણ છે.'** વાત તો સાચી, ભગવાન! પણ તારો સ્વભાવ છે, એ અશક્ય ન હોય. કઠણ હો પણ અશક્ય નથી. આહાહા..! સમજાય છે કાંઈ? છે? કાલે હજી આવશે. **'સાચે જ કઠણ છે. પરંતુ વસ્તુનું શુદ્ધ સ્વરૂપ વિચારતાં ભિન્નપણારૂપ સ્વાદ આવે છે.'** સમજાય છે કાંઈ? એ આ. બારમી શક્તિ. વસ્તુનું સ્વરૂપ વિચારતા ભિન્નપણાનો સ્વાદ આવે છે. આહાહા..! સમજાય છે કાંઈ? સવારે આવ્યું હતું, ભાઈ!

એમ અહીંયા આ વાત કઠણ છે, પણ અશક્ય નથી. કઠણ છે પણ અશક્ય નથી. શક્ય છે, એની શક્તિ એવી છે તો શક્ય છે, એમ કહે છે. સમજાય છે કાંઈ? આહાહા..! ભગવાનઆત્મા ન સમજી શકે એવી વસ્તુ જ નથી, પ્રભુ! અભ્યાસ નથી અને એ પ્રથા જ આખી લોપ થઈ ગઈ. એવી વાત છે. લ્યો! આ બધા શેઠિયાઓ કહે છે અત્યાર સુધી લોપ થઈ ગઈ હતી. આવો માર્ગ છે, પ્રભુ! આહાહા..! 'રામજીભાઈ'એ કહ્યું હતું કે શક્તિનું વર્ણન કરવું. મને પણ વિચાર તો આવ્યો હતો કે ચાલતો વિષય છે એ જરી થોડોક સાધારણ પડશે. 'સમયસાર' ચાલતું હતું ને? શક્તિ લેવી એમ 'રામજીભાઈ'એ કહ્યું. આહાહા..! થોડું લખ્યું ઘણું કરીને જાણજો, નાથ! થોડા શબ્દમાં ઘણું કહ્યું છે. આહાહા..!

પ્રભુ! તારામાં એક શક્તિ એટલે ગુણ એટલે સ્વભાવ પ્રકાશશક્તિ એવી પડી છે... આહાહા..! કે તેને કારણે સ્વસંવેદનમાં આત્મા પ્રત્યક્ષ થાય એ તારું સ્વરૂપ અને કાર્ય છે. આહાહા..! સમજાય છે કાંઈ? આવું કામ છે. આમાં પ્રત્યક્ષ થવું એ તો એની શક્તિનું કાર્ય અને શક્તિનું સ્વરૂપ છે. આ કહે છે કે રાગથી થાય ને નિમિત્તથી થાય, એ તો છે જ નહિ. હો નિમિત્ત હો, વ્યવહાર હોય છે, નિમિત્ત હોય છે, પણ એનાથી થાય તો પરોક્ષ થઈ ગયું. સમજાય છે કાંઈ?

અહીં તો પ્રત્યક્ષ ભગવાનઆત્મા જ્ઞાનસ્વરૂપી પ્રભુ, પ્રત્યક્ષ થવાની શક્તિ છે. દરેક શક્તિમાં એનું રૂપ છે. દરેક શક્તિ પ્રત્યક્ષ થાય એવું જ એનું સ્વરૂપ છે, એમ કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? જ્ઞાનશક્તિમાં પણ પ્રત્યક્ષ થવું એ શક્તિ છે. પ્રભુ.. પ્રભુ! આહાહા..! અને દર્શનશક્તિમાં પણ પ્રત્યક્ષ થવું એ એનો સ્વભાવ છે. અને આનંદમાં આનંદનું પ્રત્યક્ષ વેદન આવવું એ આનંદનો સ્વભાવ છે. આહાહા..! સમજાય છે કાંઈ? ભાષા તો સાદી છે, ભગવાન! ભાષા કંઈ એવી કઠણ નથી. આહાહા..!

કહે છે, અહીંયા થોડામાં ઘણું ભર્યું છે! આહાહા..! ભગવાને તો 'સહેજે સમુદ્ર ઉલ્લસ્યો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જેમાં રતન તણાયા જાય' ગુજરાતી છે. સહેજપણે સમુદ્ર ઉલ્લસિત થયો છે એમાં રતન તણાયા જાય. 'ભાગ્યવાન કર વાવરે એની મોતીએ મુઠીયું ભરાય, ભાગ્યહિન વાવણ વારે તો એને શંખલે મુઠીયું ભરાય.' આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! ગજબ વાત છે! બારમી શક્તિ. છે ને? ભાઈ! ભગવાન! 'પાટનીજી'! છે એમાં? આ કોઈ સંપ્રદાયની વાત નથી. આ સોનગઢની વાત છે? સોનગઢની છે, એમ કહે છે. અરે..! ભગવાન! આ તો ભગવાનના ઘરની વાત છે. શેઠિયાઓને પણ ના પાડવાનું કહે તો કહે ના નહીં, હા પાડો. આહાહા..! ક્યાં ગયા? આ રહ્યા. 'મનસુખ'ને ઓળખો છો? અમારા ફઈબાના દીકરા હતા. સાત-આઠ પેઢીએ. એમના દીકરા અમારા ભાગીદાર હતા. એમના પિતાજી અને મોટાભાઈ એ અમારા ભાગીદાર હતા. એમના પિતાજી અને મારા મોટાભાઈ ભાગીદાર હતા. બે દુકાન હતી. આ 'મનસુખભાઈ' આવ્યા છે. એક આવ્યો છે. બે જણા ધંધામાં .. આને વળી એક છોકરો છે તો એ કામ કરે છે. આહાહા..! મોટો વેપાર છે, પૈસા છે. ધૂળ છે. આહાહા..!

ભગવાન! તારી શક્તિમાં તો એવી લક્ષ્મી પડી છે... આહાહા..! કે તારો આત્મા પ્રત્યક્ષ આનંદનું વેદન કરે એવી તારામાં લક્ષ્મી પડી છે. આહાહા..! હા તો પાડ, નાથ! એકવાર હા પાડ તો હાલત થશે. હા પાડ તો હાલત થશે. લત. સમજાય છે કાંઈ? આહાહા..! ગજબ વાત છે. બારમી શક્તિ. સ્વયં પ્રકાશમાન. આહાહા..! પોતાના આનંદનું, જ્ઞાન સ્વરૂપનું અને અનંતગુણનું પ્રત્યક્ષ વેદન થવું એ સ્વયં પ્રકાશમાન પ્રકાશશક્તિમાં તાકાત છે. આહાહા..! એ પ્રત્યક્ષ આત્મા સ્વ–પોતાને, સં–પ્રત્યક્ષ વેદનમાં આવે એવી જ એની શક્તિ અને સ્વભાવ છે. આહાહા..! આ માને નહિ અને કહે, આ એકાંત થઈ જાય છે. અરે..! પ્રભુ! સાંભળ તો ખરો. 'ધન્નાલાલજી'! અંદર છે કે નહિ? છે એનો અર્થ થાય છે ને? આહાહા..!

દિવ્યધ્વનિમાં આવે છે, એ કંઈ ભગવાનનું જ્ઞાન છે માટે દિવ્યધ્વનિમાં આવે છે એમ નથી. નિમિત્ત-નૈમિત્તિક સંબંધનો અર્થ જ્ઞાન નિમિત્ત છે, જોગ નિમિત્ત છે પણ દિવ્યધ્વનિ ઉઠે છે પોતાના ઉપાદાન ભાષાવર્ગણામાંથી ઉત્પન્ન થાય છે. સમજાય છે કાંઈ? ચાર પ્રકારની ભાષાવર્ગણા છે. સત્યભાષા, અસત્યભાષા, મિશ્રભાષા, વ્યવહારભાષા. ચાર પ્રકારની વચનવર્ગણા ભિન્ન ભિન્ન છે. એક જ વચનવર્ગણા છે એમ નથી, ચાર પ્રકારની ભાષાની વર્ગણા ભિન્ન ભિન્ન છે. આહાહા..! એમાંથી ભગવાન પાસે તો એકલું કેવળજ્ઞાન છે. એમાં તો સત્ય (સાચી) ભાષા નીકળવી જોઈએ. નિમિત્તરૂપે, નિમિત્તરૂપે. ભાષા તો ભાષા છે, પણ ભાષામાં તો સત્ય અને વ્યવહાર બે જ આવે છે. શું કહ્યું? ભાઈ! સમજાણું? કેવળજ્ઞાન છે એમાં તો વ્યવહાર છે જ નહિ. કેવળજ્ઞાન છે તો એમાં એકલું સત્ય નીકળવું જોઈએ. ભલે નિમિત્તપણે ભાષા હોય. પણ ભાષાની યોગ્યતા જ એવી છે કે સત્ય અને વ્યવહારપણે બતાવે છે એવી તાકાત ભાષામાં છે. આહાહા..! ભાઈ! શું કહ્યું? સમજાણું? આહા..! શું કહ્યું?

અહીં પ્રત્યક્ષ થયું ને? ન્યાં પણ ભાષાની પર્યાય સ્વતંત્ર પોતાથી થાય છે. કેવળજ્ઞાન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે તે નિમિત્ત હો, પણ નિમિત્ત તેનો કર્તા નથી. ભાષાવર્ગણાની પર્યાયનો કર્તા આત્મા નથી, કેવળી નથી. અને કેવળીનો જોગ પણ ભાષાવર્ગણાનો કર્તા નથી. આહાહા..! જ્યારે ભાષાની વર્ગણા પણ સ્વયં પોતાની પર્યાયના યોગને કાળે, સ્વકાળે, તે કાળે જે ભાષા થવાની છે તે સ્વકાળે ભાષાની પર્યાય જડમાં થાય છે. આહાહા..! તેનો આત્મા કર્તા નથી અને આત્માએ પ્રયોગ કરીને ભાષા બનાવી નથી. આહાહા..! ભાષામાં સ્વપર કહેવાની તાકાત છે અને આત્મામાં સ્વપર જાણવાની તાકાત છે. બે વાત થઈ. આત્મામાં સ્વપર જાણવાની પોતાથી તાકાત છે, પર છે તો જાણે છે એમ નહિ. પોતામાં જ પોતાથી સ્વપર જાણવાની તાકાત છે. સ્વપર કહેવાની તાકાત નથી. અને સ્વપર કહેવાની તાકાત ભાષામાં છે તો ત્યાં સ્વપર જાણવાની શક્તિ નથી. સમજાય છે કાંઈ? આહાહા..! માર્ગ તો જુઓ પ્રભુનો! એક એક પર્યાય સ્વતંત્ર! આહાહા..! બહારની તારી ધૂળ–લક્ષ્મી બે-પાંચ કરોડ હોય ને ધૂળ કરોડ હોય, એમાં શું આવ્યું? એ તારી લક્ષ્મી છે? એ મારી છે, એ તો ભ્રાંતિ, મહામિથ્યા ભ્રમ, પાખંડ છે. આહાહા..!

મુમુક્ષુ :– જેટલા દિવસ રહે તેટલા દિવસ સુધી તો એની છે ને?

ઉત્તર :– એક સમય પણ એની નથી. જેટલા દિવસ સાથે રહે, મરે નહિ ત્યાં સુધી રહે એટલા દિવસ તો એની ખરી ને? કહો, શેઠ! 'માણેકચંદજી' કહે છે. જેટલા દિવસ રહે તેટલા દિવસ પુત્ર ખરા કે નહિ? એમ કહે છે. અહીં તો ભગવાન.. આહાહા..! રાગ પણ જ્યાં એનો નથી ત્યાં પરચીજ તો ભિન્ન (છે). એ તો પર્યાયના સંબંધમાં રાગ, અશુદ્ધતા થાય છે. એ પણ આત્માનો નથી, તો એ તો ભિન્ન ક્ષેત્રમાં અને ભિન્ન પ્રદેશમાં રહેનારી વસ્તુ છે. આહાહા..! સમજાય છે કાંઈ? એ મારી ક્યાંથી હોય? પ્રભુ! આહાહા..!

અહીં તો કહે છે કે ભાવશ્રુતજ્ઞાનથી વાત સાંભળી કે આ એમ કહે છે કે તારી શક્તિમાં સ્વ પ્રત્યક્ષ થવું એ તારી શક્તિ છે. એમ ભગવાનની વાણી કાને પડી અને પોતામાં પોતાથી જ્ઞાન થયું, ભાષાથી નહિ. એ જ્ઞાન પણ પરોક્ષ છે. પરોક્ષ રહેવું એ એનો સ્વભાવ નથી. આહાહા..! શું કહ્યું ઇ? ભગવાનની વાણી દિવ્યધ્વનિ સાંભળવા મળી, સમવસરણમાં અનંતવાર ગયો, સાંભળી તો તે વખતે પણ સાંભળવાથી અહીંયા જ્ઞાનની પર્યાય થઈ નથી. ભલે પરલક્ષી જ્ઞાન છે. એ પરલક્ષી જ્ઞાનમાં પણ સાંભળવાથી પરલક્ષી જ્ઞાન થયું છે એમ નથી, એ તો પોતાના ઉપાદાનથી થયું છે. પણ એ પર્યાય પણ પોતાની નહિ. કેમકે એમાં આત્મા પ્રત્યક્ષ થતો નથી તો એ પર્યાય પોતાની નહિ. આહાહા..! કહો, 'મણિભાઈ'! આવું છે. મોટા ભાઈ કેમ નથી આવ્યા? કામમાં હશે. આહાહા..! લોકો ક્યાંથી આવ્યા છે, જુઓને! જિજ્ઞાસુ સેંકડો કોસ દૂરથી આવ્યા છે ને! માર્ગ તો પ્રભુ.. આહાહા..!

કહે છે કે શાસ્ત્રથી જ્ઞાન થયું, જ્ઞાન થયું છે પોતાથી, આ અક્ષર છે ને? એનું જ્ઞાન થાય છે ને? એ અક્ષરથી થતું નથી, પોતાની પર્યાયથી થયું છે, પણ એ પર્યાય પણ પરોક્ષ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. તેનાથી આત્મા પ્રત્યક્ષ ન થયો. આહાહા..! સમજાય છે કાંઈ? અને પરોક્ષ રહેવું એનો સ્વભાવ નથી. આહાહા..! રાણીઓ ઓજલમાં રહે છે ને? રાણી.. રાણી. ઓજલ કહે છે? પડદામાં રહે છે, પડદામાં. એ પડદામાંથી બહાર નીકળે તો લોકો આમ ખુશી ખુશી થઈ જાય. 'ભાવનગર'ની રાણી હતી. એકવાર ઓજલમાંથી નીકળ્યા. પચીસ લાખની ઊપજ હતી, અત્યારે એક કરોડની છે. એ વખતે પચાસ-સાંઈઠ વર્ષ પહેલા પચીસ લાખની (ઊપજ હતી), હવે એક કરોડ (છે). 'કૃષ્ણકુમાર' રાજા આપણે ત્યાં વ્યાખ્યાનમાં આવ્યા હતા. તેનો દીકરો પણ આવ્યો હતો. કરોડોની પેદાશ હો કે પચીસ લાખની હો, એ કાંઈ આત્માનું કાર્ય નથી. આહાહા..!

અહીં તો બીજી વાત કહેવી છે કે શાસ્ત્ર સાંભળ્યું. એ જ્ઞાનની પર્યાય પોતાથી થઈ, અક્ષરથી નહિ. એમ જ્ઞાનની પર્યાય ભગવાનની દિવ્યધ્વનિ સાંભળી અને અહીંયા પોતાથી પર્યાય થઈ, એ પર્યાય થઈ તે વસ્તુની યથાર્થ પર્યાય નહિ. પરાશ્રિત છે અને જેમાં આત્મા પ્રત્યક્ષ ન થયો એ પર્યાય પોતાની નહિ. આહાહા..! જરી ઝીણી વાત છે, ભાઈ! સમજાય છે કાંઈ? એમાં પ્રત્યક્ષ થવાની શક્તિ છે તો પણ દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણેમાં વ્યાપે છે. પરના લક્ષે પરલક્ષી જ્ઞાનની પર્યાય થઈ એ તો એકલી પર્યાયમાં છે, સમજાય છે કાંઈ? અને આ સ્વસંવેદનમયી પ્રત્યક્ષ થવાની જે શક્તિ છે એવા શક્તિવાનની જ્યાં દૃષ્ટિ થઈ, અંતરમાં જ્યાં શક્તિવાનનો સ્વીકાર થયો તો દ્રવ્ય, ગુણમાં અનાદિથી શક્તિ હતી, પણ જ્યાં સ્વીકાર થયો તો પર્યાયમાં સ્વસંવેદન પ્રત્યક્ષ થઈ ગઈ. ઝીણી વાત તો છે, ભાઈ! આહાહા..! સમજાય છે કાંઈ?

સ્વયં, અહીં વજન બે વાત ઉપર છે. સ્વયં પોતાથી પ્રકાશમાન, એ તો ઠીક પણ '**વિશદ (–સ્પષ્ટ)...**' સ્પષ્ટ. પોતાની શક્તિમાં આત્માનું સ્પષ્ટ જ્ઞાન પ્રત્યક્ષ થવું એવી શક્તિ છે. આહાહા..! સમજાય છે કાંઈ? ધીમે ધીમે સમજવું, આ કોઈ ભાષણ નથી. એ.. 'બલુભાઈ'! આ તો ભગવાનની દિવ્યધ્વનિ! આહાહા..! શું આચાર્યોએ કામ કર્યા છે! 'અમૃતચંદ્રાચાર્ય'. મૂળ શ્લોક છે 'કુંદકુંદાચાર્ય'ના અને ટીકા અને આ શક્તિઓ બનાવી 'અમૃતચંદ્રાચાર્યે'. આહાહા..! હજાર વર્ષ પહેલા ચાલતા સિદ્ધ સમાન સંત હતા. આહાહા..! મુનિપણું એટલે... આહાહા..! જ્ઞાયકે મુનિપણું. જાણનશક્તિ પ્રગટ થઈ, પ્રગટ થઈ જાણનશક્તિ એને મુનિ કહીએ. મુનતે ઇતિ મુનિ. આત્મા જ્ઞાયકભાવથી જાણે તે મુનિ. આહાહા..! રાગથી ને નિમિત્તથી નહિ, એ આત્મામાં સ્વભાવ નથી. આહાહા..! ભારે કઠણ. સમજાય છે કાંઈ?

એક ઠેકાણે એમ આવે છે કે સમકિતીને ગૃહસ્થાશ્રમમાં એવો ઉપયોગ હોતો નથી. એવો પાઠ આવે છે. સમ્યગ્દૃષ્ટિને શુદ્ધઉપયોગ નથી હોતો. એવો પાઠ છે. 'પ્રવચનસાર'માં ટીકામાં છે. એ ક્યો ઉપયોગ નથી હોતો? મુનિને જે શુદ્ધોપયોગ હોય એવો ઉપયોગ નથી હોતો, એ વાત છે. સમજાય છે કાંઈ? ભાઈ! આવે છે ને? સર્વવિશુદ્ધિ. ટીકામાં છે. સમ્યગ્દૃષ્ટિને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ગૃહસ્થાશ્રમમાં શુદ્ધોપયોગ નથી હોતો, એમ કહ્યું છે તો ત્યાંથી પકડી લે, જુઓ! શુદ્ધઉપયોગ ગૃહસ્થાશ્રમમાં નથી. એને તો શુભઉપયોગ જ હોય છે.

અહીં તો કહે છે કે ગૃહસ્થાશ્રમમાં સમકિતીને પણ સ્વસંવેદન પ્રત્યક્ષ થાય છે એવી એનામાં શક્તિ છે અને એનું પરિણમન પણ એવું છે. આહાહા..! સમજાય છે કાંઈ? ન્યાય, લોજીકથી, યુક્તિથી તો સમજાય એવી વસ્તુ છે. આ કાંઈ એમ ને એમ માની લેવું એવી કોઈ વસ્તુ નથી. આહાહા..!

મુમુક્ષુ :– સ્વસંવેદન પ્રત્યક્ષ શુદ્ધોપયોગની વાત છે?

ઉત્તર :– એ શુદ્ધઉપયોગ છે. આ તો મુનિને યોગ્ય શુદ્ધોપયોગ જે ત્રણ કષાયના અભાવવાળો ઉપયોગ હોય તે ઉપયોગ ગૃહસ્થાશ્રમમાં ન હોય, એમ બતાવવું છે. અહીં આ શું કહ્યું? આ શક્તિ સમકિતીને છે કે નહિ? છે તો સમકિતીને સ્વસંવેદન પ્રત્યક્ષ થયું કે નહિ? આહાહા..! તો સ્વસંવેદન પ્રત્યક્ષ થયું એ શુભજોગ છે કે શુદ્ધઉપયોગ છે? સમજાય છે કાંઈ? શુદ્ધઉપયોગ છે. સમ્યગ્દષ્ટિ ચોથે ગુણસ્થાને ભલે રાજમાં હો, છ ખંડનું રાજ ચક્રવર્તીને દેખાય પણ એના એ સ્વામી નથી.

૪૭ શક્તિમાં છેલ્લી શક્તિ છે. સ્વસ્વામીસંબંધશક્તિ. એ ચક્રવર્તી છ ખંડ ને છન્નુ હજાર સ્ત્રીના વૃંદમાં દેખાય પણ એ પોતાના દ્રવ્ય શુદ્ધ, ગુણ શુદ્ધ અને પર્યાય શુદ્ધ વેદનની છે... સમજાય છે કાંઈ? તેના એ સ્વામી છે. રાગના સ્વામી નથી તો પરનો ધણી, સ્ત્રીનો સ્વામી-ફામી ક્યાં થયો? આહાહા..! સમજાય છે કાંઈ?

અનંતશક્તિમાં પ્રત્યક્ષ થવાનું રૂપ છે. જ્ઞાન પણ જ્ઞાન પ્રત્યક્ષરૂપે થાય, દર્શન પણ પ્રત્યક્ષરૂપે થાય, આનંદ પણ પ્રત્યક્ષરૂપે થાય. આહાહા..! આ તો ભંડાર છે. કેટલું કાઢે એનો પાર ન આવે એવી વાત છે. આહાહા..! એક જગત શબ્દ હોય તો જગતનો વિસ્તાર કરે તો કેટલો થાય? છ દ્રવ્ય ને એના ગુણ ને એની પર્યાય ને અનંતસિદ્ધ ને અનંત નિગોદ.. એમ એક શક્તિનો ઘણો વિસ્તાર છે. સમજાય છે કાંઈ? આહાહા..! દુનિયા માનો ન માનો, દુનિયામાં બહારમાં વાત પ્રસિદ્ધમાં આવે ન આવે પણ વસ્તુ તો આવી છે. સમજાય છે કાંઈ? આહાહા..!

સ્વયં પોતાથી પ્રકાશમાન. એક વાત. સ્પષ્ટ પરની અપેક્ષા વિના એવી સ્વસંવેદનમયી. સ્વ–પોતાના, સં–પ્રત્યક્ષ વેદનમયી–સ્વાનુભવમયી, સ્વાનુભવમયી. જુઓ! સ્વસંવેદનનો અર્થ કર્યો–સ્વાનુભવમયી પ્રકાશશક્તિ છે. આહાહા..! ચોથે ગુણસ્થાને આ છે કે નહિ? આહાહા..! જ્યારે સમ્યગ્દર્શન થાય છે ત્યારે શુદ્ધઉપયોગમાં થાય છે. સમજાય છે કાંઈ? 'દ્રવ્યસંગ્રહ' ૪૭ ગાથામાં નથી કહ્યું? 'તત્ત્વાનુશાસન'માં ૩૩ ગાથા છે. **'दुविहं पि मोक्खहेउं झाणे पाउणदि जं मुणी णियमा।।'** 'દ્રવ્યસંગ્રહ'માં 'નેમિચંદ્ર સિદ્ધાંતચક્રવર્તી' કહે છે કે નિશ્ચય અને વ્યવહાર મોક્ષમાર્ગ ધ્યાનમાં પ્રાપ્ત થાય છે. એનો અર્થ શું? **'दुविहं पि मोक्खहेउं**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**झाणे पाउणदि जं मुणी णियमा।।'** એવો પાઠ છે. આહાહા..! તો ધ્યાન તો જ્યારે સ્વરૂપમાં દૃષ્ટિ થાય ત્યારે ધ્યાન થાય. તો એ તો શુદ્ધોપયોગ થયો. આહાહા..! એ ધ્યાન એ જ શુદ્ધઉપયોગ છે. જ્ઞાયક ઉપર ધ્યાન લગાવ્યું તો આ શક્તિને કારણે અંદર પ્રત્યક્ષ થયું. મતિ-શ્રુતજ્ઞાનમાં આત્મા પ્રત્યક્ષ થયો. 'તત્ત્વાર્થસૂત્ર'માં મતિ-શ્રુતને પરોક્ષ કહીને પરને જાણનાર કહ્યું છે. આ વાત અપવાદની ગંભીર વાત અંદર પડી છે. સમજાય છે કાંઈ? આ વાત કાંઈ છટ્ઠે, સાતમે અને તેરમા ગુણસ્થાનની નથી. સમજાય છે કાંઈ?

ઘણા વર્ષ પહેલા આ પ્રશ્ન થયો હતો. પેલા 'મગનલાલ' હતા ને? 'મોરબી'વાળા. શું કહેવાય ઇ? દફ્તરી. બહારમાં બહુ પ્રસિદ્ધ હતા. વાંચન હતું પણ... મોરબીમાં ગવર્નર આવ્યા હતા. એણે ભાષણ કર્યું તો ગવર્નર કહે, ઓહો..! તમારા શહેરમાં ચીંથરે વીંટેલું રતન છે. આ લૌકિકની અપેક્ષાએ. અમારી સાથે એક વાર (સંવત) ૧૯૮૨માં ચર્ચા થઈ. મતિજ્ઞાનને તમે પ્રત્યક્ષ કહો છો પણ શાસ્ત્રમાં તો પરોક્ષ કહ્યું છે. 'તત્ત્વાર્થસૂત્ર'માં. ભાઈ! પરોક્ષ તો પરની અપેક્ષાએ કહ્યું છે. પોતાની અપેક્ષાએ પ્રત્યક્ષ છે એ વાત એમાં ગર્ભિત છે. સમજાય છે કાંઈ? એ 'મગનલાલ' વ્યાખ્યાનમાં આવતા હતા.

**'સ્વયં પ્રકાશમાન...'** ભગવાનઆત્મા પોતાથી પ્રકાશમાન છે. નિમિત્તથી નહિ, સંયોગથી નહિ, વાણીથી–ભગવાનની વાણીથી નહિ, શાસ્ત્રથી નહિ. આહાહા..! **'સ્વયં પ્રકાશમાન વિશદ એવા સ્વસંવેદનમયી...'** સ્પષ્ટ એવા સ્વસંવેદનમયી. સ્પષ્ટ. જેમ વ્યવહારપ્રત્યક્ષ કહે છે ને કે આ માણસને મેં પ્રત્યક્ષ જોયો છે. વ્યવહારપ્રત્યક્ષ. એમ ભગવાનઆત્મા સ્પષ્ટ પ્રકાશમાન, આ આત્મા છે એમ પ્રત્યક્ષ થાય છે, કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? માણસ નથી કહેતા? મેં પ્રત્યક્ષ રાજા આવ્યો'તો તેને જોયો'તોને. એ વ્યવહારપ્રત્યક્ષમાં કહેવામાં આવે છે. કાલે આવશે, અને તે પણ પરનું જ્ઞાન પણ, પરનો રાજા છે કે ઠંડું પાણી છે કે ઉષ્ણ અગ્નિ છે કે આ દેવ છે કે આ શાસ્ત્ર છે એવું જ્ઞાન પણ જેને સ્વરૂપજ્ઞાન થયું હોય તેને તેનું સાચું જ્ઞાન થયું છે. સ્વરૂપગ્રાહી. નિજસ્વરૂપનું જ્ઞાન થયું હોય, એ આ, તેને પરનું જ્ઞાન વ્યવહારે કહેવામાં આવે છે. આહાહા..! બાકી સ્વનું જ્ઞાન ન હોય અને ત્યાં પરનું જ્ઞાન હોય એ જ્ઞાન જ નથી. એને જ્ઞાન કહેતા જ નથી. એ પરપ્રકાશક એકાંત છે. આહાહા..! સમજાય છે કાંઈ? ઓહો..!

ચૈતન્યના વિલાસસ્વરૂપ. આહાહા..! નહિ. સ્વસંવેદનમયી. ચૈતન્યના વિલાસસ્વરૂપ, પછી શકિતમાં આવશે. સ્વસંવેદનમયી–સ્વાનુભવમયી. આહાહા..! અમે એક અનુભવની વાત કહીએ છીએ, એકવાર (સંવત) ૧૯૮૦ની સાલમાં.. ૫૩ વર્ષ થયા. સંપ્રદાયમાં બોટાદમાં ઘણા માણસો આવતા. અમારી તો પ્રતિષ્ઠા ઘણી હતી ને! હજાર-પંદરસો માણસ આવતા. એકવાર કહ્યું કે, ભાઈ! સ્વાનુભવ થવો જોઈએ. તો એક વીસાશ્રીમાળી કાશીમાં ભણેલો હતો. 'અમૃતલાલ પંડિત' કાશીમાં ભણેલા હતા. ગોપાણી એ એના દાદા થાય. એના બાપ 'સોમચંદ ગોપાણી', અને બીજા હતા 'ઠાકરશી ગોપાણી'. એ કહે, આ અનુભવ અનુભવ ક્યાંથી કહે છે? અમારા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મહારાજે તો કોઈ દિ' અનુભવ બોલ્યા નથી. આ તો (સંવત) ૧૯૮૦ ની વાત છે. વીસ અને તેંત્રીસ ત્રેપન વર્ષ થયા.

અહીં કહે છે, સ્વાનુભવ પ્રત્યક્ષ આત્મા છે. એ લોકોમાં આવી ભાષા જ નથી. એમાં એ ભાષા છે જ નહિ. વિભાવ અને અનુભવ બે વાત કહી તો લોકો ભડક્યા. (સંવત) ૧૯૮૦ની સાલની વાત છે, ૫૩ વર્ષ પહેલા. અહીંયા કહે છે, અનુભવ પ્રત્યક્ષ થાય એવી શક્તિ છે. આહાહા..! સ્વાનુભવમયી–સ્વ અનુભવમયી. આત્મા પોતાના આનંદનું પ્રત્યક્ષ વેદન થઈ જવું અને મતિ-શ્રુતજ્ઞાનમાં આત્મા પ્રત્યક્ષ દેખવા-જાણવામાં આવે છે, એવો એનો સ્વભાવ છે. આહાહા..! સમજાય છે કાંઈ? છે કે નહિ અંદર? જુઓ! શક્તિનો પાર નથી, ભાઈ! એટલી અંદર ગંભીરતા ભરી છે.

આ પ્રકાશશક્તિ છે તેના બે રૂપ. એક ધ્રુવરૂપ છે તે ધ્રુવ ઉપાદાન અને પરિણતિ થઈ તે ક્ષણિક ઉપાદાન. એ પરિણતિની અહીંયા વાત ચાલે છે. સ્વાનુભવમાં આત્મા પ્રત્યક્ષ થાય છે. ધ્રુવ પણ સ્વાનુભવમાં પ્રત્યક્ષ જણાય છે, એમ કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? અને એ સ્વાનુભવમયી પ્રત્યક્ષ વસ્તુ અનંતગુણમાં વ્યાપક છે. જેટલી શક્તિ છે તે બધામાં સ્વાનુભવ વ્યાપક છે. તો સ્વાનુભવ પ્રત્યક્ષમાં અનંતશક્તિનો પિંડ પ્રત્યક્ષ થાયછે. આહાહા..! એ બારમી શક્તિ.. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૧૪, શક્તિ–૧૨. ૧૩ બુધવાર, (દ્વિતીય) શ્રાવણ સુદ ૧૦, તા. ૨૪-૦૮-૧૯૭૭

---

'સમયસાર' શક્તિનો અધિકાર છે. બારમી શક્તિ ચાલી. બારમી શક્તિમાં શું ચાલ્યું? કે આત્મામાં એક એવી શક્તિ છે, સ્વભાવ છે, સત્ વસ્તુનું સત્ત્વ, એમાં કસ ભર્યો છે. એવો કસ છે કે જે સ્વસંવેદન પ્રત્યક્ષ થાય છે.

મુમુક્ષુ :– પ્રત્યક્ષ થાય છે એનો અર્થ શું ?

ઉત્તર :– હા, એ પ્રત્યક્ષ થાય છે એનો અર્થ રાગ ને નિમિત્તની અપેક્ષા છોડીને. સવારે આવ્યું હતું ને? શુદ્ધ સ્વરૂપનો વિચાર કરતાં. સવારે આવ્યું હતું. આવ્યું હતું? એમાં ગંભીરતા છે. કઠણ છે પણ શુદ્ધ સ્વરૂપનો વિચાર કરતાં પ્રત્યક્ષ થાય છે. અર્થાત્ રાગ ને પુણ્ય ને પર્યાયના વિચારમાં ન રોકાતા. આહાહા..! શુદ્ધ સ્વરૂપનો વિચાર એટલે જ્ઞાન કરવાથી, એમ કહે છે. રાગ ને પુણ્ય ને પાપના વિકલ્પનું જ્ઞાન તો અનંતવાર કર્યું, એ તો પરપ્રકાશક મિથ્યાભાવ છે. આહાહા..! પોતામાં શુદ્ધ સ્વરૂપનો વિચાર કરતાં અર્થાત્ શુદ્ધ સ્વરૂપનું જ્ઞાન કરતાં અર્થાત્ પર્યાય ને રાગ તરફનો વિચાર જે અનાદિથી ઝુકી રહ્યો છે... આહાહા..! એ વિચારને શુદ્ધ સ્વરૂપ તરફ ઝુકાવવો. આવી વાત છે. એમાં આત્મા પ્રત્યક્ષ થાય છે. અર્થાત્ ? એમાં આવ્યું હતું ને? શુદ્ધ સ્વરૂપનો વિચાર કરતાં આનંદનો સ્વાદ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આવે છે, એમ આવ્યું હતું. બહુ ગંભીર છે. આહાહા..!

પોતાનું ચૈતન્ય સ્વરૂપ, એમાં અનંતશક્તિ છે. એમાં એક શક્તિ એવી છે... છે? **'સ્વયં પ્રકાશમાન...'** પોતાથી પ્રકાશ કરે છે, સ્પષ્ટ પ્રકાશ કરે છે. પછી કહ્યું કે સ્વસંવેદનથી પ્રકાશ કરે છે. આહાહા..! સમજાય છે કાંઈ? આત્મપદાર્થમાં એ શક્તિ છે તો શક્તિ ઉપર નજર નથી કરવાની. સમજાય છે કાંઈ? સવારે એમ કહ્યું હતું ને? શુદ્ધ સ્વરૂપનો વિચાર કરતાં, એમ કહ્યું હતું. શક્તિનો વિચાર કરતાં એમ નહોતું કહ્યું સવારે. સમજાય છે કાંઈ? આ તો સર્વજ્ઞની વાણી ગંભીર છે. ઇ પાત્રતા પ્રાપ્ત કરવી. આહાહા..!

કહે છે કે એમાં સ્વસંવેદનમયી શક્તિ (છે). પોતાનું સ્વરૂપ સં-પ્રત્યક્ષ આનંદનું પ્રત્યક્ષ વેદન થવું. મતિ અને શ્રુતજ્ઞાનથી પણ પ્રત્યક્ષ. આહાહા..! સમજાય છે કાંઈ? મતિ-શ્રુતજ્ઞાનના પર્યાયથી એ પ્રત્યક્ષ થાય છે. આહાહા..! એવી એમાં શક્તિ ભરેલી છે. ભરોસો નથી, ભરોસો. વિશ્વાસ નથી. સમજાય છે કાંઈ? આહાહા..! લોકો કહે છે ને કે વિશ્વાસે વહાણ તરે. એમ કહે છે કે નહિ? છે ને તમારે? વિશ્વાસ સે નાવ તિરે. એનો અર્થ શું? પોતાના આત્મામાં અનંતશક્તિ છે એમાં આ એક શક્તિ છે. એમ વિશ્વાસ કરવાથી આત્મા પ્રત્યક્ષ થાય છે. અંદરમાં નાવ તરી જાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? ભાઈ! 'વેણીપ્રસાદજી'! આવી વસ્તુ છે, આહાહા..!

આ તો જન્મ-મરણનો અભાવ કરવાની વસ્તુ છે, ભગવાન! બાકી જેમાં ભવ થાય એ તો ભવ કરશે. કોઈ દયા, દાનથી કદાચિત્ સ્વર્ગમાં જાશે તો ત્યાંથી નીકળીને તિર્યંચ થઈને, પશુ થઈને નરક ને... આહાહા..! નિગોદ.. નિગોદ.. નિગોદ... એક શરીરમાં અનંત જીવ, એમાં ઊપજવું. એમાં અનંતવાર ઉપજ્યો. સ્વર્ગના જે અનંતભવ કર્યા એનાથી અનંતગણા નિગોદમાં એકેન્દ્રિયમાં એક શ્વાસમાં અઢાર ભવ કર્યા. આહાહા..! એક શ્વાસ ચાલે એમાં નિગોદના અઢાર ભવ કર્યા. એમ અનંતવાર અઢાર ભવ થયા. આહાહા..! એવા ભવના દુઃખમાંથી નીકળવું હોય.. આહાહા..! તો એણે પોતાનો શક્તિવાન જે ભગવાનઆત્મા,.. શક્તિનું તો વર્ણન ચાલે છે, પણ શક્તિવાન જે આત્મા છે તેના ઉપર દૃષ્ટિ લગાવવી. શક્તિ અને શક્તિવાનનો ભેદ પણ છોડી દેવો. સમજાય છે કાંઈ? આહાહા..!

એ વસ્તુ એવી છે કે ગુપ્ત રહી શકે નહિ, એમ કહે છે. સમજાય છે કાંઈ? એ વસ્તુનો સ્વભાવ-શક્તિ એવી છે કે ગુપ્ત રહી શકે નહિ, પ્રગટ થઈ જાય. આહાહા..! પણ એ વસ્તુનો વિશ્વાસ અને અનુભવ થવાથી પ્રગટ થાય છે. આવી વાતું છે. લોકોને બહારમાં અત્યારે એવી કડાકૂટ વધી ગઈ... આહાહા..! શુભભાવ હોય છે, સ્વરૂપમાં રહી શકે નહિ તો અશુભથી બચવા ભાવ આવે છે પણ એ કોઈ જન્મ-મરણ મટાડવાની વસ્તુ નથી. એ તો ભવ પ્રાપ્ત કરવાની વસ્તુ છે. આહાહા..! ભાઈ! ભવના અભાવની વાત છે, ભાઈ કહેતા હતા. વાત તો એવી છે, ભગવાન!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અરે..! પ્રભુ! તું કોણ છો? આહા..! પ્રભુ! તારામાં એક શક્તિ એવી છે, એમાં પ્રભુતા પણ પડી છે. સ્વસંવેદનમયીશક્તિમાં પ્રભુતા પણ પડી છે. પ્રભુતાનીશક્તિ ભિન્ન છે પણ એ સ્વસંવેદનશક્તિમાં પ્રભુતાનું રૂપ છે, સ્વરૂપ છે. આહાહા..! પોતાની પ્રભુતાથી શક્તિમાં પ્રત્યક્ષ થવું એ તો ગુણ છે તો પ્રત્યક્ષ થાય છે એ પોતાની શક્તિથી થાય છે. કોઈ પરની અપેક્ષા નથી. એવો એનો સ્વભાવ છે. આહાહા..! ગજબ વાત કરી છે. આચાર્યએ ૪૭ શક્તિ કરીને (ગજબ કામ કર્યા છે). આવું વર્ણન ક્યાંય નથી. શ્વેતાંબરમાં એના ૪૫ સૂત્રમાં ક્યાંય નથી.

એમાં એક થયા છે... શું કહેવાય? 'દેવચંદજી'! 'દેવચંદજી'એ કર્યું હતું. એને એ લોકોનું વાંચન કાંઈક વધારે હતું. એણે પછી આ શક્તિ વાંચી હતી ખરી, વાંચીને બનાવવા ગયા, ૮ શક્તિ બનાવી પણ આ ન બની શકી. આ નહિ. પોતાની કલ્પનાથી આઠ બનાવી. કારણ કે વાંચ્યું હતું. આમાં જીવત્વશક્તિથી ઉપાડ્યું છે તો એણે બીજી શક્તિથી ઉપાડ્યું હતું. અહીંયા તો મૂળ શક્તિનું વર્ણન છે. સમજાય છે કાંઈ?

અહીંયા કહે છે, મતિ-શ્રુતજ્ઞાનમાં પણ સ્વસંવેદનશક્તિને કારણે આત્મા પ્રત્યક્ષ વેદનમાં આવે છે અને આનંદનો સ્વાદ પોતાથી લે છે, એમાં પરોક્ષપણું નથી. સમજાય છે કાંઈ? એ વાત બારમી શક્તિની થઈ. આજે હવે તેરમી શક્તિ લઈએ. આ તો અપાર છે, ભંડાર છે, એમાંથી કાઢીએ એટલું (ઓછું છે).

**क्षेत्रकालानवच्छिन्नचिद्विलासात्मिका असङ्कचितविकाशत्वशक्तिः। १३.**

**ક્ષેત્ર અને કાળથી અમર્યાદિત એવા ચિદ્‌વિલાસસ્વરૂપ (-ચૈતન્યના વિલાસસ્વરૂપ) અસંકુચિતવિકાસત્વશક્તિ. ૧૩.**

હવે અસંકુચિતવિકાસશક્તિ. તેરમી છે, તેરમી. શું કહે છે? '**ક્ષેત્ર અને કાળથી અમર્યાદિત એવી ચિદ્‌વિલાસસ્વરૂપ (–ચૈતન્યના વિલાસસ્વરૂપ) અસંકુચિતવિકાસત્વશક્તિ.**' શું કહે છે? એમાં એક એવી શક્તિ છે, સંકોચ છે જ નહિ. કોઈ પણ શક્તિ પ્રગટ કરવામાં સંકોચ નથી. આખું દ્રવ્ય, આખું ક્ષેત્ર, આખો કાળ અને આખો ભાવ અસંકોચ–સંકોચ વિના એ શક્તિ વિકાસ કરે છે. સમજાય છે કાંઈ? કેટલાક એમ કહે છે ને? કે ભગવાન છે એ એક સમયવર્તીને જાણે. હમણા છાપામાં આવ્યું છે. 'શ્રીમદ્‌'નો દાખલો આપ્યો છે. 'શ્રીમદ્‌' તો બીજી વાત કરે છે. એમ કે ત્રણકાળની પર્યાય જે છે તે વર્તમાન વર્તતી ન દેખે, એટલી વાત. એક સમયની વર્તમાન વર્તતી છે તેને દેખે. વર્તતી દેખે. ભૂત અને ભવિષ્ય વર્તતી ન દેખે પણ તે થશે, થઈ અને થશે એમ પ્રત્યક્ષ જોવે છે.

મુમુક્ષુ :– એટલા માટે વર્તતી કહ્યું.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉત્તર :- વર્તતી (કહ્યું) માટે એક સમયને જ દેખે એમ નથી. સમજાય છે કાંઈ? એક ન્યાય ફરે તો આખી વસ્તુ ફરી જાય.

અહીં તો કહે છે, એ શક્તિને કારણે જ્ઞાનશક્તિમાં પણ અસંકોચવિકાસનું રૂપ છે. કે જે જ્ઞાનશક્તિ સંકોચ વિના વિકાસ થાય છે. ત્રણકાળ ત્રણલોકની પર્યાય જાણે એવો એક સમયની પર્યાયમાં વિકાસ થાય છે, સંકોચ વિના. આહાહા..! સમજાય છે કાંઈ? શું કહે છે? જુઓ!

**'ક્ષેત્ર...'** ત્યાં ક્ષેત્રની મર્યાદા નથી કે આટલું જ જાણે. ક્ષેત્ર પણ અમર્યાદિત. આહાહા.! અને કાળની મર્યાદા નહિ કે અમુક જ કાળ જાણે. એ તો સર્વ કાળ-ત્રણલોક ત્રણકાળ (જાણે). આહાહા..! એક સમયમાં જ્ઞાનમાં પણ અસંકોચવિકાસશક્તિનું રૂપ છે તો જ્ઞાનની પર્યાય એક સમયમાં ત્રણકાળ ત્રણલોક સંકોચ વિના વિકાસ શક્તિથી વિકાસ થાય છે. આહાહા..!

બીજી વાત-'તત્ત્વાર્થસૂત્ર'માં આવે છે ને? કે ચાર ઘાતિકર્મનો નાશ થાય તો કેવળજ્ઞાન થાય છે. સમજાય છે કાંઈ? એ તો નિમિત્તથી કથન છે. અહીંયા તો કહે છે કે ચાર ઘાતિકર્મનો નાશ કરવો એ પણ એનામાં નથી. એ પોતાની અસંકોચવિકાસશક્તિને કારણે કેવળજ્ઞાનની પર્યાય પ્રાપ્ત કરે છે. આહાહા..! પામરને પ્રભુતા બેસવી કઠણ છે. આહાહા..! એક એક જ્ઞાનમાં અસંકોચ-સંકોચ નહિ ને વિકાસ થાય એવું રૂપ જ્ઞાનમાં છે. એમ દર્શનમાં છે. અસંકોચવિકાસનું રૂપ (છે). જે દર્શન સંકોચ વિના સર્વ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને વિકાસરૂપે દેખે છે. સમજાય છે કાંઈ? આહાહા..! એમ આનંદ-અતીન્દ્રિય આનંદ આત્મામાં છે, એમાં પણ અસંકોચવિકાસ નામનું રૂપ છે. શક્તિ ભિન્ન છે. એ આનંદ પણ સંકોચ વિના પૂર્ણ આનંદનો વિકાસ થાય એવો એનો સ્વભાવ છે. આહાહા..! સમજાય છે કાંઈ? એની શ્રદ્ધાશક્તિ ત્રિકાળ છે. સમ્યગ્દર્શન એ પર્યાય છે પણ અંદરમાં શ્રદ્ધાશક્તિ છે એ શ્રદ્ધાશક્તિમાં અસંકોચવિકાસનું રૂપ છે. આહાહા..! સંકોચ વિના પૂર્ણ સ્વરૂપની પ્રતીત કરે, પૂર્ણ સ્વરૂપની પ્રતીત કરે એવો અસંકોચવિકાસ. શ્રદ્ધાગુણમાં પણ અસંકોચવિકાસનું રૂપ છે. અરે! આ તો અલૌકિક વાતું છે, ભાઈ! સમજાય છે કાંઈ?

એમ આત્મામાં ચારિત્રગુણ છે. ચારિત્રગુણ છે. અકષાય સ્વભાવ ચારિત્રગુણ છે. સમજાય છે કાંઈ? એ ચારિત્રગુણ એટલે રમણતા-સ્થિર થવું. અંદર ચારિત્ર ત્રિકાળ અકષાયભાવ છે. એ ચારિત્રશક્તિ છે. આમાં આવી નથી. એને સુખશક્તિમાં સમાવી દીધી છે. સમ્યગ્દર્શનને અને ચારિત્રને સુખશક્તિમાં ગર્ભિત કરી નાખી છે. સમજાય છે કાંઈ? અને સિદ્ધના ગુણમાં પણ ચારિત્ર નથી આવ્યું, સમકિત આવ્યું છે અને સુખ આવ્યું છે. સિદ્ધના આઠ ગુણ છે ને? એકવાર એ કહ્યું હતું. સમ્યગ્દર્શન અને સુખ. તો સુખમાં ચારિત્રશક્તિ પૂર્ણ છે. એટલે કે ચારિત્ર એટલે રમણતા, પૂર્ણ, સંકોચ વિના પૂર્ણ સ્થિરતા થાય એવું ચારિત્રશકિતમાં પણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અસંકોચવિકાસનું રૂપ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

'પરમાત્મપ્રકાશ'માં એક દૃષ્ટાંત આપ્યું છે. એક વેલડી હોય, વેલડી, વેલ. મંડપ ઉપર વેલ હોય ને? જ્યાં સુધી મંડપ છે ત્યાં સુધી વેલ જાય છે પણ વેલમાં આગળ જવાની શક્તિ નથી એમ નથી. સમજાય છે કાંઈ? મંડપ હોય છે ને? મંડપ. વાંસના. વાંસ હોય છે ને? અંદર વેલડી છે એ જ્યાં સુધી વાંસ છે ત્યાં સુધી જાય છે. વાંસ સુધી જાય છે પણ વાંસ છે ત્યાં સુધી જ જવાની શક્તિ છે એમ નહિ. તેનાથી પણ આગળ હોય તો જઈ શકે એવી વેલની શક્તિ છે. સમજાય છે કાંઈ?

એમ ભગવાનઆત્મામાં, ત્રણકાળ ત્રણલોકનો મંડપ છે.. આ મંડપ છે. તમારા મંડપમાં છોકરાના લગ્ન કરે એ તો બધા પાપના મંડપ છે. આ મંડપ લોકાલોક છે તેનાથી પણ અનંતગણા જો લોક અને અલોક ક્ષેત્ર અને કાળ હોય તો અસંકોચવિકાસશક્તિ પોતામાં વિકાસ કરે છે. એ... 'વિકાસ'! આ અસંકોચવિકાસ આવ્યું. એનું નામ 'વિકાસ' છે. સમજાય છે કાંઈ ? આહાહા..!

ભગવાન! તારામાં એક શક્તિ એવી છે, એવી એવી અનંતશક્તિમાં એક શક્તિનું રૂપ છે. આહાહા..! અતીન્દ્રિય આનંદ પણ અસંકોચવિકાસથી પરિણમન કરે છે. પૂર્ણ અતીન્દ્રિય આનંદની પર્યાય. આહાહા..! પૂર્ણ શાંતિની પર્યાય, પૂર્ણ સ્વચ્છતાની પર્યાય.. આહાહા..! પૂર્ણ દર્શનની પર્યાય. એ શક્તિમાં અસંકોચ એટલે બિલકુલ સંકોચ નથી. આહાહા..! શ્વેતાંબરમાં ભીક્ષા માટે જાય ને? ભીક્ષા માટે. એમાં એવો રિવાજ છે (એમ કહે), બેન! આહાર-પાણીનો સંકોચ નથી ને? તો અમને આપો. બે માણસ હોય ને થોડું જમવાનું હોય તો સંકોચ થાય. એને આપે તો પોતાને ઓછું પડે, નવું કરવું પડે. એની ભાષા એવી છે. બા! બેન! તમને આહારનો સંકોચ નથી ને? વધારે હોય, તમને ઘરમાં પૂરું પડે ઉપરાંત વધારે હોય તો વ્હોરાવો. સમજાય છે કાંઈ?

એમ અહીં તો પરમાત્મા કહે છે... આહાહા..! લોકાલોકથી પણ અનંત લોકાલોક હોય અને અનંતકાળ પણ હોય તો પણ તારી એક એક પર્યાય સંકોચ વિના વિકાસ પામે એવી શક્તિ છે. 'બલુભાઈ'! આહા..! આવી વાત છે. આવી વાતમાં આવી ગડબડ કરે છે માણસો. સમજાય છે કાંઈ? આ તો એક બીજી સાધારણ વાત છે. પછી ખાનગીમાં કહેશું. એવો નનામો પત્ર આવ્યો છે, બીજાના દોષ કાઢ્યા છે. અરે..! આવી વાત? આહાહા..! એમ કે આપ તો આ ધર્મની દશામાં છો, આ મહાન તીર્થધામમાં આપ બિરાજો છો એમાં બહારમાં ખટપટ ઘણી છે, એમ લખ્યું છે. બહારમાં એટલે અહીં, હોં! ચાર નનામા કાગળ આવ્યા છે. અરે..રે...! પ્રભુ! આવું? આપ તો આવા મહાન ધર્મતીર્થમાં બિરાજો છો. એમાં ખટપટી લોકો ઘણી ખટપટ ચલાવે છે, એમ લખ્યું છે. વહિવટમાં ખટપટ ચલાવે છે. 'રામજીભાઈ'ને પ્રમુખ બનાવ્યા એમાં ખટપટ થઈ. એ તો મેં કહ્યું હતું, બીજાએ નહોતું કહ્યું, મેં કહ્યું હતું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કે 'રામજીભાઈ' હવે પ્રમુખ થાય. તો એમ લખ્યું છે કે તમારે નામે લોકોએ એવું કર્યું. અરે..રે..! આવી વાત આમાં ન હોય, બાપુ! આહાહા..! આવું હોય? બાપુ! પ્રભુ! આહાહા..! એ નનામા પત્ર લખીને કોઈને હલકા પાડવા.. તમારી સ્થિતિમાં આવી ખટપટ ચાલે છે. અરે..! પ્રભુ! આહાહા..! તમારે પૂછવું હોય તો ફલાણે ફલાણે પૂછો. એવા નામ આપ્યા છે. આવું ન હોય, બાપુ! 'રામજીભાઈ'ને પ્રમુખ બનાવવાનો તો મને વિકલ્પ આવ્યો તો. 'રામજીભાઈ' પહેલેથી પ્રમુખ છે ને? કામ પણ એમણે કર્યા છે ને? તો લખ્યું છે, તમારા નામે એમણે એમ ચલાવ્યું છે. 'રામજીભાઈ' પોતાનું પોષણ કરવા પ્રમુખ બની ગયા. અરે..! ભગવાન! આવી વાત પ્રભુ! આમાં ન શોભે. સમજાય છે કાંઈ?

અહીંયા તો... આહાહા..! એક એક શક્તિનો ભંડાર અસંકોચવિકાસસ્વરૂપ છે. આહાહા..! જેમાં કોઈ શક્તિ સંકોચરૂપે થઈને વિકાસરૂપ ન થાય એમ નથી, એમ કહે છે. આહાહા..! પ્રભુ! તારી મહત્તા તો જો! તારી મોટપની મહત્તા પરમાત્મસ્વરૂપે છે, પ્રભુ! આહાહા..! એ કહે છે કે કોઈ દ્રવ્ય, કોઈ ક્ષેત્ર, કોઈ કાળને સંકોચ થઈને જાણે એમ નથી. સર્વ ક્ષેત્ર અને સર્વ કાળ સંકોચ વિના પોતાની શક્તિથી વિકાસ કરીને જાણે એવો એનો સ્વભાવ છે. પરની અપેક્ષા નથી. ચાર ઘાતિનો નાશ થયો માટે વિકાસ થયો, એમ નથી. સમજાય છે કાંઈ? આહાહા..!

'ફૂલચંદજી'એ એ પ્રશ્ન લીધો છે. 'ફૂલચંદજી' એ ખાણિયા ચર્ચા કરીને બહુ કામ કર્યું છે પણ લોકો એમ માને કે એ તો સોનગઢિયા છે. અરે..! પ્રભુ! પણ સત્ય હોય એ વાત કરે. તારે બીજું શું કામ છે? સત્ય કહે તો કહે, સોનગઢિયા છે અને પાછા (એમ કહે), પૈસા આપ્યા હશે. અરે..રે..! પ્રભુ! માણસો ઉપર એવા આરોપ દેવા..? અરે..! આવી સ્થિતિ હોય? એમ કે એને સત્ય લાગે. આ તો પહેલેથી અમારું સત્ય છે. કરતા કરતા કોઈને સત્ય લાગે... વસ્તુસ્થિતિ એવી છે, ભગવાન! આહાહા..! અમે ભગવાન પાસે તો સાક્ષાત્ સાંભળ્યું છે. આહાહા..! અરે..! વાત એવી સૂક્ષ્મ છે, ભાઈ! કઠણ વાત છે. સમજાય છે કાંઈ?

અહીં કહે છે કે... આહાહા..! પ્રભુ! તારામાં જેટલી અનંતશક્તિ છે એમાં જીવત્વશક્તિમાં પણ જ્ઞાન, દર્શન, આનંદની સત્તાના પ્રાણનો સંકોચ વિના પર્યાયનો વિકાસ થાય એવો જીવતરશક્તિનો સ્વભાવ છે. આહાહા..! સમજાય છે કાંઈ? બીજી રીતે કહીએ તો કર્તા નામની એનામાં એક શક્તિ છે. આગળ આવશે. એ કર્તાશક્તિમાં પણ અનંત પર્યાયને, પૂર્ણ પર્યાયને વિકાસ કરીને કરે એવું કર્તાશક્તિમાં પણ અસંકોચવિકાસનું રૂપ છે. સમજાય છે કાંઈ? એવું છે, ભગવાન! આહાહા..! અરે..! પ્રભુ! મુનિઓ તને પ્રભુ તરીકે બોલાવે છે. આહાહા..! દિગંબર સંતો એમ કહે, ભગવાનઆત્મા..! અરે..! પ્રભુ! તને.. આહાહા..! ૭૨ ગાથામાં આવ્યું. સંસ્કૃત ટીકા છે, ભગવાનઆત્મા....! મુનિઓ દિગંબર સંત, વીતરાગી ઝુલામાં ઝુલતા, અતીન્દ્રિય આનંદના સ્વાદમાં ઝુલતા હતા. આહાહા..!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મુમુક્ષુ :– આપ ક્યાં મુનિઓને માનો છો?

ઉત્તર :– મુનિઓને નથી માનતા? અમે તો એમના દાસાનુદાસ છીએ. મુનિ હોવા જોઈએ, પ્રભુ! કોઈને દુઃખ લાગે શું કરીએ? એ પણ એક લખાણ આવ્યું છે, એ પણ કોઈ 'શંકરલાલ'નો પત્ર આવ્યો છે. દ્રવ્યલિંગી નહિ હોય તો આખો ધર્મ ઉડી જશે. તો પછી પ્રભુ! પચાસ વર્ષ પહેલા તો કોઈ દ્રવ્યલિંગી નહોતા. એ તો અત્યારે થયા. 'શાંતિસાગર' પછી એક 'પન્નાલાલ' ક્ષુલ્લક થયા. એ પહેલા કોઈ નહોતા. એમ કે તમે આ લોકોને દ્રવ્યલિંગી જો નહિ માનો તો ધર્મનો લોપ થઈ જશે. અરે..! ભગવાન! પ્રભુ! તારે.. આગમ પ્રમાણે એનો વ્યવહાર હોય તો તો વ્યવહાર પણ કહેવાય પણ આગમ પ્રમાણે વ્યવહાર નથી. હંમેશા એને માટે ચોકા બનાવીને આહાર લે તો આગમ પ્રમાણે અઠ્ઠાવીસ મૂળગુણના વ્યવહારે પણ ઠેકાણા નથી. પ્રભુ! એ કંઈ તારો અનાદર કરવા વાત નથી, નાથ! તારી વસ્તુ કેવી છે એ બતાવવાની વાત છે, ભાઈ! આહાહા..! સમજાય છે કાંઈ?

અહીં કહે છે, આહાહા..! જે એમ કહે કે શુભ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામથી નિશ્ચય થાય છે, એને દ્રવ્ય અને દ્રવ્યની શક્તિની પ્રતીતિની ખબર નથી. સમજાય છે કાંઈ? 'નંદકિશોરજી'! અહીંયા તો આવી વાત છે. આહાહા..! અહીંયા તો ભગવાનઆત્મા રાગની મંદતાની અપેક્ષા છોડીને.. કેમકે એવો રાગ કરવો એ કોઈ આત્માની શક્તિ નથી. આહાહા..! પણ આત્માની શક્તિ તો રાગના અભાવસ્વરૂપ વીતરાગતાની પૂર્ણતાનો વિકાસ કરે એવી એનામાં શક્તિ છે. આહાહા..! રાગ કરવાની તો કોઈ શક્તિ નથી પણ રાગનો અભાવ કરવો એ પણ એનામાં નથી. એ તો વીતરાગપણાનો વિકાસ ઉત્પન્ન થાય છે. જે સમયે એની વીતરાગતાની ઉત્પત્તિ છે એ અપરિમિત ઉત્પત્તિ છે. ભાઈ! આહાહા..! સમજાય છે કાંઈ? આ તો 'અમૃતચંદ્રાચાર્યે' ભંડાર (ભરી દીધા છે). આહાહા..!

મૃતક ક્લેવરમાં અમૃતસાગર મૂર્છાઈ ગયો છે. (સમયસાર) ૯૬ ગાથામાં એમ કહ્યું છે. આ મૃતક ક્લેવર–મડદું છે, આ તો મડદું છે, આ તો જડ અચેતન છે. આહા..! ભગવાન અમૃતનો સાગર છે, ૯૬ ગાથામાં આવે છે. અમૃતનો સાગર મૃતક ક્લેવરમાં મૂર્છાઈ ગયો છે. ત્રણે મ. મૃતક, અમૃત, મૂર્છાઈ, ગયો. સમજાય છે કાંઈ? અરે..! તારી પર્યાય અલ્પજ્ઞ રહે એ પણ તારો સ્વભાવ નથી, એમ અહીં તો કહે છે. આહાહા..! રાગરૂપ રહેવું એ તો તારો સ્વભાવ નથી.. આહાહા..! (પણ) અલ્પજ્ઞ રહેવું એ તારો સ્વભાવ નથી, ભગવાન! આહાહા..!

અહીંયા તો સર્વજ્ઞશક્તિ અને સર્વદર્શિશક્તિ સંકોચ વિના સર્વ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને વિકાસ કરીને જાણે એવો સ્વભાવ છે. આહાહા..! ભાઈ! સર્વજ્ઞ કોને કહેવા, એમાં ઘણી ગંભીરતા છે. આહાહા..! એક સમયમાં અનંત કેવળીને જાણે. અનંત કેવળીને એક સમયમાં જાણે. કેવળજ્ઞાનની પર્યાય અનંતા કેવળીને જાણે. અરે..! ત્રણકાળ ત્રણલોકથી વિકાસ વિશેષ હોત તો પણ જાણત એવી એમાં વિકાસશક્તિ છે. આહાહા..! તારી પ્રભુતાની તને પ્રતીતિ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


નથી. અલ્પજ્ઞ અને રાગ જે પામર છે તેની તને પ્રતીતિ છે. એ પ્રતીતિ તો મિથ્યા છે. સમજાય છે કાંઈ? આહાહા..! આ શરીરના આકાર, સ્ત્રીના, પુરુષના ને હીજડાના આકાર ન દેખ, પ્રભુ! એ તારી ચીજ નથી, તારામાં છે જ નહિ અને તેને રાગ છે તે રાગને ન જો, એ રાગ તારામાં છે જ નહિ. અલ્પજ્ઞપણું ન જો, અલ્પજ્ઞ રહેવું એ તારો સ્વભાવ નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

શ્વેતાંબરમાં એક વાત આવે છે. 'અતિમુક્તકુમાર' વાત તો કલ્પિત છે. બાળક હતો, રાજકુમાર. પછી દીક્ષિત થયો. દીક્ષિત થયા પછી જંગલમાં જતો હતો, દિશા-જંગલ સાધુ સાથે (જતો હતો). જ્યાં જંગલમાં ગયા ત્યાં બહુ વરસાદ આવ્યો. પાણી ચાલતું હતું, પાણી. પાણી સમજ્યા ને? જળ, વરસાદનું પાણી જતું હતું. બાળક હતો ને તો એ પાત્રા રાખતો હતો. છે તો કલ્પિત. પછી એ પાણી ચાલતું હતું અને આ બાળક હતો એણે પાળ બાંધી, કાદવની પાળ બાંધી. પછી પાત્ર નાખ્યું. પાત્રા હોય ને? 'નાવ ચલે રે મોરી નાવ ચલે, એમ મુનિવર જળ શું ખેલ કરે' એમાં આવે છે. પાણીમાં 'નાવ તરે રે મોરી નાવ તરે, એમ મુનિવર જળ શું ખેલ કરે, મોહકર્મના એ ચાળા, મુનિવર દોરે નાનકડા એ બાળા' એ અતિમુક્ત નાની ઉંમરમાં એ ગજસુકુમાર. બહુ નાની ઉમરમાં દીક્ષા લીધી હતી. એની સજ્ઝાય છે. અહીં કહે છે, મારી નાવ તરે રે, મારી નાવ તરે. આહાહા..! આનંદની દશા, જ્ઞાન-દર્શનના વિકાસમાં મારી નાવ તરે છે. પેલું તો બધું કલ્પિત હતું. મુનિને પાત્ર હોય નહિ, વસ્ત્ર હોય નહિ. એ તો કલ્પિત બનાવ્યું છે. આહાહા..!

અહીંયા તો પરમાત્માની-આત્માની નાવ અસંકોચવિકાસશક્તિને કારણે અનંતગુણની પર્યાય સંકોચ વિના વિકાસ પામે છે. મારો આત્મા સંસારની ઉપર તરે છે. સમજાય છે કાંઈ? આવો મારો સ્વભાવ છે. આહાહા..! આવી દૃષ્ટિ કરવી અને આવી વસ્તુના સામર્થ્યનો વિશ્વાસ કરવો એ અલૌકિક વસ્તુ છે. 'જ્ઞાનચંદજી'! આહાહા..! શું કહ્યું? એના જાણવામાં ક્ષેત્રની મર્યાદા નથી, છે? એના જાણવામાં કાળની મર્યાદા નથી. ક્ષેત્ર ને કાળથી અસંકોચિત, અમર્યાદિત. આહાહા..! મર્યાદા નહિ જેને. ઓહોહો..!

મંડપનું દૃષ્ટાંત આપ્યું ને? વેલડી જ્યાં સુધી ચાલે છે... 'પરમાત્મ પ્રકાશ'માં દૃષ્ટાંત છે. વેલડીની આગળ જવાની શક્તિ નથી એમ નથી. પછી અંદર ઉપરાઉપર ચડે છે. મંડપ દૂર સુધી હોય તો પણ ચડે. એમ લોકાલોકથી પણ અનંતગણા લોકાલોક હોય... આહાહા..! તો પણ જ્ઞાનની પર્યાય સંકોચ વિના વિકાસથી જાણે છે. સમજાય છે કાંઈ? આહાહા..! આ અરિહંતનું રૂપ જુઓ! આહાહા..! સમજાય છે કાંઈ?

**'ક્ષેત્ર અને કાળથી અમર્યાદિત એવા ચિદ્વિલાસસ્વરૂપ...'** આહાહા..! જ્ઞાનનો વિલાસ! આ બાગમાં વિલાસ કરવા જાય છે કે નહિ? ફૂલના ઝાડ. એ નહિ, બાપા! આ તો આત્મબાગનો ચિદ્વિલાસ છે. સમજાય છે કાંઈ? સાંજે માણસો ફરવા માટે બાગમાં જાય છે ને? 'મુંબઈ'માં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મોટો બાગ છે. ઉપર બાગ છે ને? ફૂલ-ઝાડ બહુ છે. ત્યાં જાય. અમે એકવાર જોવા ગયેલા. ચારે કોર ઝાડ અને હવા. અને સવારમાં એક પહોર પહેલા રાત્રે હવા ખાવા બાગમાં નીકળે, એ બાગમાં હવા તો પાપ છે, સાંભળ ને! આ તો આત્મબાગમાં ચૈતન્યવિલાસ! આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..!

**'ચિદ્વિલાસ...'** એમ શબ્દ લીધો ને? ચિદ્ એટલે જ્ઞાન. વિલાસ. જ્ઞાનનો એવો વિલાસ છે કે સંકોચ વિના સર્વ ક્ષેત્ર અને સર્વ કાળને જાણે એવી એની શક્તિ છે. આહાહા..! સમજાય છે કાંઈ? એ ચૈતન્યના વિલાસસ્વરૂપ અસંકુચિતવિકાસત્વ. સંકોચ નહિ હોવાથી, સંકોચ નહિ કરવાથી વિકાસ થતી શક્તિ, એવી સ્વરૂપમાં શક્તિ છે. આહાહા..! જ્ઞાન, દર્શન, આનંદ, અસ્તિત્વ, વસ્તુત્વ, કર્તા, કર્મ.. આહાહા..! કર્તા નામની એક શક્તિ છે તે પણ અનંતી પર્યાયમાં સંકોચ વિના પૂર્ણ પર્યાય કરે, સંકોચ વિના પૂર્ણ પર્યાયનો વિકાસ કરે એવો એનો સ્વભાવ છે. આહાહા..! 'બલુભાઈ'! આવું કાંઈ તમારા દાક્તરમાં નહોતું ને કાંઈ નહોતું. આહાહા..! દવાના મોટા (વેપારી). મોટું કારખાનું હતું. હવે તો સીત્તેર લાખમાં વેંચાઈ ગયા. થોડા-ઘણા પૈસા વીસ-પચીસ લાખ પોતાના હશે, બાકીના બીજાના હશે. અમે એકવાર એના મકાનમાં ગયા હતા. 'રામજીભાઈ' સાથે હતા. દવાનું કારખાનું. દવા બનાવે છે, હોં! દેશી દવા. વિલાયતી પણ બનાવતા હતા. ધૂળમાં પણ દવા નથી. આ દવા છે.

મુમુક્ષુ :- પહેલા વખાણ કરો છો પછી ધૂળ કહો છો.

ઉત્તર :- પહેલા દેખાડીએ છીએ કે આવું હતું. સમજાય છે કાંઈ? આહાહા..! એ તેરમી શક્તિ. દરેક શક્તિમાં અસંકુચિતવિકાસત્વ લેવું. આહાહા..!

અહીં તો હજી કહે છે, 'મહેન્દ્ર' પંડિત હતા ને? 'મહેન્દ્ર' પંડિત સાથે બહુ ચર્ચા થઈ હતી. 'રામજીભાઈ'ને બધાને. એ કહે, સર્વજ્ઞ એટલે વર્તમાનમાં સર્વથી વિશેષ જાણે એ સર્વજ્ઞ. પંડિત હતા. 'મહેન્દ્ર.' લલિતપુરમાં મળ્યા હતા, અહીંયા પણ આવ્યા હતા. અહીંયા વિદ્વત્ પરિષદ (સંવત) ૨૦૦૩ની સાલમાં ભરાયેલી ત્યારે આવેલા. ત્રીસ વર્ષ થયા. અહીંયા પણ આવેલા. તે વખતે પણ અમે કહેલું, ભાઈ! પરમાણુમાં અનંતગણી લીલી આદિ પર્યાય થાય છે તે પોતાથી થાય છે, એમાં પરનું કારણ નથી. આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- બિલકુલ નહિ. આહાહા..! ક્રમબદ્ધમાં પરમાણુમાં અનંતગુણી ચીકાશ, અનંતગુણી લુખાશ, અનંતગુણા રંગની પર્યાય થવાની છે તે થશે જ થશે, પોતાથી થાય છે, પરને કારણે નહિ. સમજાય છે કાંઈ? એમ ભગવાનઆત્મામાં સર્વજ્ઞપર્યાય થાય છે તેમાં પરનું કોઈ કારણ નથી. આહાહા..! એમને ન બેઠું. દેહ છૂટી ગયો ત્યાં સુધી સર્વજ્ઞ બેઠા નહિ. સર્વજ્ઞ એટલે એક સમયમાં ત્રણકાળ (જાણે). કાળ નહિ, વર્તમાન નહિ, ભૂત નહિ. ભૂતકાળનું વર્તમાન નહિ, ભવિષ્ય વર્તમાન નહિ, તેને વર્તમાન પ્રત્યક્ષવત્ જુએ તેનું નામ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સર્વજ્ઞ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

અહીં તો કહે છે, અસંકોચવિકાસ. જ્ઞાનની પર્યાયમાં સંકોચ વિના પૂર્ણ વિકાસ થાય. આહાહા..! તેની મર્યાદા શું? આહાહા..! અમર્યાદિત છે. અરે..! પ્રભુ! તારા ગુણ પણ તેં સાંભળ્યા નથી. આહાહા..! ક્રિયાકાંડમાં બધા ઘુસી ગયા. પણ રાગથી ભિન્ન ભગવાનમાં અલ્પજ્ઞ રહેવાની પણ જેમાં શક્તિ નથી. આહાહા..! અલ્પદર્શી રહેવાની શક્તિ નહિ, અલ્પવીર્ય રહેવાની શક્તિ નહિ. આહાહા..! અલ્પ આનંદમાં રહેવાની પણ એની શક્તિ નહિ. સમજાય છે કાંઈ? અલૌકિક વાતું છે, બાપુ! આ તો ધર્મની વાત છે. ધર્મ એટલે અલૌકિક ચીજ છે. આહાહા..! સમ્યગ્દષ્ટિમાં આવી સર્વજ્ઞ, સર્વદર્શિશક્તિ આદિ અનંતશક્તિનો સંકોચ વિના વિકાસ થાય એવી પ્રતીતિ એમાં આવે છે. સમ્યગ્દષ્ટિને આવી પ્રતીતિ આવે છે. આહાહા..! નિઃસંદેહ.

ચૈતન્ય ભગવાન.. આહાહા..! સ્વભાવ શુદ્ધ ચૈતન્યસ્વરૂપ, એની અનંતશક્તિ, એક એક શક્તિમાં પૂર્ણ વિકાસ થાય, સંકોચ ન થાય, મર્યાદિત ન રહે એવી એમાં શક્તિ છે. આહાહા..! સમજાય છે કાંઈ? એક વાત પણ યથાર્થ સમજે તો બીજા બધા ભાવ સમજે. એક ભાવનું પણ ઠેકાણું નહિ ને... એ 'સમયસાર'માં 'જયસેનાચાર્યે' કહ્યું છે, એક ભાવ પણ યથાર્થ સમજે, એક જ ભાવ, ચાહે સર્વજ્ઞ, સર્વદર્શિ કોઈ પણ એક શક્તિ, એક ભાવ પણ યથાર્થ સમજે તો સર્વ ભાવ યથાર્થ સમજાય જાય. સમજાય છે કાંઈ? એ તેરમી શક્તિ (થઈ). આહાહા..!

અસંકોચવિકાસશક્તિ દ્રવ્ય-ગુણમાં છે પણ જ્યારે તેનો સ્વીકાર થાય છે ત્યારે પર્યાયમાં વ્યાપ્ત થાય છે. અસંકોચપણું અને વિકાસપણું અંદર પર્યાયમાં આવી જાય છે. આહાહા..! અને અનંતગુણમાં એ અસંકોચવિકાસશક્તિ વ્યાપક છે. સમજાય છે કાંઈ? અસંકોચવિકાસશક્તિ ધ્રુવપણે ઉપાદાન છે અને ક્ષણિક પર્યાયમાં ઉત્પન્ન થઈ તે ક્ષણિક ઉપાદાન છે. સમજાય છે કાંઈ? આહાહા..! એ અસંકોચવિકાસશક્તિ કોઈના કારણે એનું કાર્ય થયું એમ નથી અને લોકાલોકને જાણે એ કાર્ય નહિ, એની પર્યાયને એ જાણે છે. આહાહા..! સમજાય છે કાંઈ? લોકાલોકનું કારણ નહિ અને લોકાલોકનું કાર્ય નહિ. અર્થાત્ જે જ્ઞાન, દર્શન અને આનંદની પૂર્ણ શક્તિનો વિકાસ થયો તે લોકાલોક છે તો કાર્ય થયું એમ નથી અને લોકાલોકનું કારણ એ શક્તિ નથી. પર્યાયમાં જે વિકાસ વ્યાપ્ત થયો તે લોકાલોકનું કારણ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? આવી વ્યાખ્યા હવે. પેલું તો એટલું સહેલું હતું, દયા પાળો, વ્રત કરો, અપવાસ કરો, રસ છોડો, કપડા છોડો.. એય..! આણે પણ વર્ષીતપ કર્યા હતા, હોં! વર્ષીતપ કર્યા હતા. કેટલા વર્ષ થયા? દસ વર્ષ. વર્ષીતપ કર્યા હતા, એક દિવસ જમવાનું, એક દિવસ અપવાસ. એના પારણે અમે ગયા હતા. એમના પિતાજી હતા. વૈશાખ સુદ ૩. દસ વર્ષ પહેલા. કીધું, એ બધી લાંઘણ છે. આહાહા..! ભગવાનની મહત્તા અને મોટપની મર્યાદા વિનાની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વસ્તુ છે એમ ભાન થયા વિના કરે એ બધી લાંઘણ છે. એ અપવાસ ને સંથારા બબ્બે મહિના બધી લાંઘણ છે. તપ નહિ, ધર્‌મ નહિ. આહાહા..!

મુમુક્ષુ :- તપ ન કહો, ધર્મ ન કહો પણ લાંઘણ તો ન કહો.

ઉત્તર :- લાંઘણ શું શાસ્ત્ર તો ક્લેશ કહે છે. 'નિર્જરા અધિકાર'માં એ ક્રિયાકાંડના કરનારને ક્લેશ કહે છે, દુઃખ છે. ક્લેશ કરો તો કરો પણ આત્મા એનાથી પ્રાપ્ત નહિ થાય. આહાહા..! એ તેર.

**अन्याक्रियमाणान्याकारकैकद्रव्यात्मिका अकार्यकारणत्वशक्तिः। १४.**

**જે અન્યથી કરાતું નથી અને અન્યને કરતું નથી એવા એક દ્રવ્યસ્વરૂપઅકાર્યકારણત્વશક્તિ. (જે અન્યનું કાર્ય નથી અને અન્યનું કારણ નથી એવું જે એક દ્રવ્ય તે-સ્વરૂપ અકાર્યકારણત્વશક્તિ.) ૧૪.**

ચૌદ. **'જે અન્યથી કરાતું નથી...'** આ શક્તિમાં પણ તકરાર છે. શું? અહીં તો દ્રવ્યની વાત છે. દ્રવ્ય કોઈનું કારણ નહિ અને દ્રવ્ય કોઈનું કાર્ય નહિ, એમ કહે છે. એ 'રતનચંદજી' .. ના ગામના (એમ કહે છે). બધું સાંભળ્યું છે ને! આવે છે ને! આ શક્તિ જે છે, કેટલામી છે? ચૌદમી. એ તો દ્રવ્યની શક્તિની વાત ચાલે છે. દ્રવ્ય કોઈનું કારણ નહિ અને દ્રવ્ય કોઈનું કાર્ય નહિ. એમ નહિ. અહીં તો શક્તિ જે છે, એ શક્તિવાનનો જ્યાં અનુભવ થયો તો પર્યાયમાં પણ અકાર્યકારણની પર્યાય-દશા પ્રગટ થઈ. એ પર્યાય પણ રાગનું કારણ નહિ અને રાગનું કાર્ય નહિ. સમજાય છે કાંઈ?

જેમ દ્રવ્ય અને ગુણ કોઈનું કારણ નહિ અને કોઈનું કાર્ય નહિ, એ તો સ્વતઃ વસ્તુ છે. એમ એની પર્યાય જે થાય છે તે પર્યાય પણ કોઈ પરનું કારણ નહિ અને પરનું કાર્ય નહિ. દ્રવ્ય-ગુણ-પર્યાયમાં એ અકાર્યકારણશક્તિ વ્યાપ્ત થઈ ગઈ. આહાહા..! સમજાય છે કાંઈ? આ શક્તિ ૭૨ ગાથામાંથી કાઢી છે. ૭૨ ગાથા છે ને? એમાં આ છે. સમ્મેદશીખરમાં આ શક્તિ બે કલાક ચાલી હતી. જાત્રામાં ગયા હતા ને ત્યારે? તે દિ' 'ચંદુભાઈ' હતા, નહિ? 'ચંદુભાઈ' ડૉક્ટર હતા.

આ દવા માટે તકરાર થઈ છે. આ હોમિયોપેથી દવા કરતા હતા એ બધાએ ભેગા થઈને બંધ કરાવી. અરે..! ભગવાન! એમાં તો આલ્કોહોલનો ખ્યાલ આવ્યો તો છોડી દીધી. પહેલા ડૉક્ટર કહેતા હતા.. આલ્કોહોલ સમજ્યા? કેળ હોય છે ને? કેળ. કેળનો રસ કાઢીને સડો થાય છે, એ એમાં નાખે છે. પહેલા ડૉક્ટરે એમ કહ્યું હતું કે એમાં આલ્કોહોલ વિનાની વસ્તુ છે, તો લીધી. પછી ચોપડી વાંચી. વાંચવામાં એમ નીકળ્યું કે આલ્કોહોલ વિનાની કોઈ હોમિયોપેથી દવા હોય નહિ. તો અમે છોડી દીધી. 'રાજેન્દ્રભાઈ' આવ્યા છે કે નહિ? એ રહ્યા. એ ડૉક્ટર છે. લોકોએ છોડાવી દીધી એમ કહે છે. મને ખ્યાલ આવ્યો કે આ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વાત નથી. બે મહિનાથી તદ્દન દેશી દવા ચાલતી હતી પણ છતાં લોહીનો જે રિપોર્ટ આવ્યો છે એમાં રોગની વૃદ્ધિ થઈ છે, એવો રિપોર્ટ આવ્યો છે. એ દવાથી નથી વધ્યું, દવા તો છોડી દીધી છે. તો કહે, આ લોકોએ છોડાવી દીધી. આમ ને આમ, કોણ જાણે ઠેકાણા વિનાના.. હવે શરીરનું થાવું હશે એ થાશે, પણ અમારે તો.. એનાથી તો રોગ થયો, વૃદ્ધિ થઈ અંદરમાં. સમજાય છે કાંઈ? એ કારણે અમે છોડી દીધી છે. લોકો માને માટે છોડી દીધી એમ નથી. ચંડાળચોકડી છે એમ એમાં લખ્યું છે. નામ નહિ લઈએ. આહાહા..! આવું પ્રભુ? જ્યાં અમૃત ઘોળાતા હોય ત્યાં આ ઝેરની વાતું? એમ કોઈની નિંદા ન કરવી જોઈએ. આહાહા..!

અહીં કહે છે, અકાર્યકારણશક્તિ છે ગુણ, એ શક્તિ દ્રવ્ય અને ગુણમાં વ્યાપક છે અને દરેક ગુણ પરિણતિમાં પરનું કારણ નહિ અને પરનું કાર્ય નહિ. એમ આ શક્તિનો પણ વિકાસ થાય છે તે પરને કારણે નહિ. ચાર ઘાતિનો નાશ થયો તો કેવળજ્ઞાન થયું એમ નહિ. 'ફૂલચંદજી' પંડિતે તો એમ ખુલાસો કર્યો છે, ચાર ઘાતિકર્મનો નાશ થયો તો થયું શું? એ તો અકર્મ પર્યાય થઈ. જે કર્મપર્યાય હતી તે અકર્મ થઈ. એમાં કેવળજ્ઞાન થયું એમ ક્યાંથી આવ્યું? એ તો નિમિત્તથી કથન છે. એ 'જૈનતત્ત્વ મિમાંસા'માં છે. જોયું છે ને? ભાઈ! 'જૈનતત્ત્વ મિમાંસા'. ભાઈ! એણે બરાબર કર્યું છે. 'ફૂલચંદજી'એ તો ખાણિયા ચર્ચા બનાવીને ઐતિહાસિક સિદ્ધાંત પ્રસિદ્ધ કર્યો છે. ઐતિહાસિક ચર્ચા થઈ છે. લોકોને એ રુચે નહિ. અત્યારે આવ્યું છે. ખાણિયા ચર્ચા અધૂરી (છે), ફરીને બનાવો. આહાહા..! ભગવાન! એ વાદવિવાદે (પાર) ન પડે, પ્રભુ! વીતરાગતાની ચર્ચા થાય. યથાર્થ વસ્તુ શું છે એવી ચર્ચા થાય તો તો વીતરાગતા સિદ્ધ થાય. પણ પરને ખોટા પાડવા અને પોતાની વાત સાચી છે એમાં સત્ય નહિ મળે. આહાહા..! સમજાય છે કાંઈ? અહીં તો ના પાડે છે, જુઓ!

આત્માની જે નિર્મળ પર્યાય થાય છે, એ રાગનું કાર્ય નહિ. રાગ વ્યવહાર હતો એ ગયો તો આ કાર્ય થયું એમ નથી. અને અકાર્યકારણશક્તિ રાગનું કારણ નહિ. રાગનું કાર્ય તો નહિ, સંસારની ઉત્પત્તિનું કારણ નહિ. સમજાય છે કાંઈ? આહાહા..! પોતાની નિર્મળ શક્તિ ઉત્પન્ન કરનારની કર્તા છે અને નિર્મળ શક્તિ તેનું કાર્ય છે. એ કર્તા-કર્મના છ બોલ પછી આવશે. સમજાય છે કાંઈ? આહાહા..! હજી સત્‌ની વસ્તુસ્થિતિની મર્યાદા કેમ છે (એની ખબર ન મળે). દ્રવ્ય સત્‌, ગુણ સત્‌, પર્યાય સત્‌. ત્રણે સત્‌ છે. પર્યાય સત્‌ પોતાથી ઉત્પન્ન થઈ છે. એ પર્યાયને કોઈ કારણ મળ્યું તો ઉત્પન્ન થઈ છે એમ નથી. નિશ્ચયમાં તો એમ છે કે જ્યારે સમ્યગ્દર્શન આદિ કેવળજ્ઞાન આદિ પર્યાય ઉત્પન્ન થાય છે એ ઉત્પત્તિનો જન્મક્ષણ હતો, એ ઉત્પત્તિનો કાળ હતો. આહાહા..! એ કાળલબ્ધિ હતી. એ સમયે ભવિતવ્યતાનો ભાવ ઉત્પન્ન થવાનો હતો, એ પરથી થયો નથી. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પોતાના સ્વરૂપમાં સ્થિર થાય છે તો ચારિત્રમોહનો નાશ થાય છે. તો કહે છે કે એ નાશ થવાનું કાર્ય પોતાનું નહિ. તેમ રાગનું કારણ પણ નહિ. સમજાય છે કાંઈ? **'જે અન્યથી કરાતું નથી...'** આહાહા..! અહીંયા દ્રવ્ય લે છે. આ શબ્દ દ્રવ્ય છે પણ દ્રવ્યની શક્તિ છે તો પર્યાયમાં વ્યાપ્ત થાય છે. સમજાય છે કાંઈ? શક્તિ છે એ દ્રવ્યમાં પણ છે અને ગુણમાં પણ શક્તિ છે પણ એનો જ્યાં સ્વીકાર થયો કે આ છે, તો પર્યાયમાં પણ અકાર્યકારણપણું આવી ગયું. આહાહા..! સમજાય છે કાંઈ?

૭૨ ગાથામાં છે. ભગવાનઆત્મા દુઃખનું કાર્ય નહિ, અર્થાત્ રાગનું કેવળજ્ઞાન કાર્ય નહિ કે સમકિત આદિની પર્યાય રાગનું કાર્ય નહિ. તેમ સમકિત આદિની પર્યાય રાગનું કારણ નહિ. સમજાય છે કાંઈ? છે? ૭૨ ગાથામાં છે. આ 'સમયસાર' છે ને? ૭૨ ગાથા. આસ્રવો આકુળતાના ઉત્પન્ન કરનારા છે. ૭૨ ગાથામાં વચ્ચે છે. આસ્રવ–પુણ્ય અને પાપના ભાવ, એ આસ્રવ આકુળતાના ઉત્પન્ન કરનારા છે. આહાહા..! છે? 'બલુભાઈ'! મળ્યું? તેથી **'દુઃખના કારણો છે; ભગવાનઆત્મા તો સદાય નિરાકુળતા સ્વભાવને લીધે, કોઈનું કાર્ય તેમ જ કોઈનું કારણ નહિ હોવાથી...'** આહાહા..! એમાંથી શક્તિ કાઢી છે. સમજાય છે કાંઈ?

ભગવાનઆત્મા દ્રવ્ય અને ગુણ તો કોઈના કારણ-કાર્ય નથી. ઈશ્વરે દ્રવ્ય બનાવ્યું અને શક્તિ ઈશ્વરે આપી એમ તો ત્રણકાળમાં નથી. પણ એની પર્યાયનું પણ પર કારણ નહિ અને પરને કારણે પર્યાય ઉત્પન્ન થઈ નથી. આહાહા..! જેમ દ્રવ્ય-ગુણનું કોઈ કારણ-કાર્ય નથી તેમ પોતાની જે નિર્મળ પર્યાય થાય છે તે પર્યાયનું કોઈ કારણ નથી અને તે પર્યાય કોઈનું કાર્ય નથી. આહાહા..! આવી વાત. શાસ્ત્રમાં લેખ આવે, બે કારણનું એક કાર્ય છે, એમ 'તત્ત્વાર્થ રાજવાર્તિક' માં આવે છે. એ તો બીજા નિમિત્તનું જ્ઞાન કરાવવા માટે નિશ્ચયથી આ વાતને સિદ્ધ રાખીને પર્યાય કોઈનું કારણ નહિ અને કોઈનું કાર્ય નહિ એ નિશ્ચયને લક્ષમાં, દૃષ્ટિમાં સિદ્ધ રાખીને પછી નિમિત્તને મેળવ્યું તો પ્રમાણજ્ઞાન થયું. પણ નિમિત્ત મેળવીને પ્રમાણજ્ઞાન થયું તો પહેલી વાતને સત્ય રાખીને નિમિત્તને મેળવ્યું છે. સમજાય છે કાંઈ? પહેલી વાત નિશ્ચયથી પર્યાય પોતાથી છે એનું કોઈ કારણ-કાર્ય નથી એ વાત રાખીને પ્રમાણજ્ઞાન નિમિત્તને મેળવે છે. નિશ્ચયને જૂઠું ઠરાવીને નિમિત્તને મેળવે તો પ્રમાણ થયું નહિ. વિશેષ કહેશે..

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૧૫, શક્તિ–૧૪. ૧૫ ગુરુવાર, (દ્વિતીય) શ્રાવણ સુદ ૧૧, તા. ૨૫-૦૮-૧૯૭૭

---

૧૪ મી શક્તિ ચાલી ને? **'જે અન્યથી કરાતું નથી અને અન્યને કરતું નથી એવા એક દ્રવ્યસ્વરૂપ...'** આ દ્રવ્યસ્વરૂપ શબ્દ પડ્યો છે ને? એટલે લોકો એમ કહે છે કે આ દ્રવ્યની વાત છે. દ્રવ્યની વાત નથી. અહીં તો દ્રવ્યમાં શક્તિ છે એ શક્તિ પર્યાયમાં વ્યાપ્ત છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


તેને અહીંયા દ્રવ્ય કહે છે. સમજાય છે કાંઈ? એક દ્રવ્ય અન્યથી કરાતું નથી. પોતાની સમ્યગ્દર્શન પર્યાય કોઈ અન્યથી કરાતી નથી અને સમ્યગ્દર્શન પર્યાય અન્યને કરતી નથી. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- સમ્યગ્દર્શન...

ઉત્તર :- (સમ્યગ્દર્શન) પર્યાયનું કાર્ય અન્યથી નથી કે રાગ, વ્યવહાર છે તો સમ્યગ્દર્શનની પર્યાય થઈ, એમ નથી. એમ કેવળજ્ઞાન મનુષ્ય ને સંઘયણ ને આવું નિમિત્ત છે તો કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે, એમ નથી. પરનું કાર્ય અને પરનું કારણ કેવળજ્ઞાન પર્યાય છે જ નહિ. આહાહા..!

બીજી રીતે કહીએ તો કેવળજ્ઞાન પહેલા ચાર જ્ઞાન અથવા મોક્ષમાર્ગ હતો તો મોક્ષમાર્ગ કારણ અને કેવળજ્ઞાન કાર્ય એમ પણ નથી. આહાહા..! કેમ કે કેવળજ્ઞાન પર્યાય અકાર્યકારણ છે. એમાં અકાર્યકારણશક્તિ છે. કેવળજ્ઞાનની પર્યાય પૂર્વના મોક્ષમાર્ગને કારણે ઉત્પન્ન થઈ એમ પણ નથી. અને રાગને ઉત્પન્ન કરે છે કે નિમિત્તને ઉત્પન્ન કરે છે એમ પણ નથી. આહાહા..! આવી વાત ઝીણી એટલે લોકોને (કઠણ પડે છે). સત્ય તો આ છે. સમજાય છે કાંઈ?

દરેક શક્તિમાં અકાર્યકારણશક્તિનું રૂપ છે. કહે છે કે ચારિત્રની પર્યાય જ્યારે ઉત્પન્ન થાય છે તે પોતાના દ્રવ્યના આશ્રયે ઉત્પન્ન થાય છે એ પણ વ્યવહાર છે. ચારિત્રની પર્યાયમાં કારણ દ્રવ્ય છે કે રાગ, વ્યવહાર રત્નત્રયને કારણે નિશ્ચય ચારિત્રની પર્યાય થઈ એમ નથી. આહાહા.! સમય સમયની નિર્મળ પર્યાયમાં શક્તિને કારણ કહેવું એ પણ વ્યવહાર છે એમ અહીં તો કહે છે. સમજાય છે કાંઈ? આહાહા..! એ જ સમયે જ્યાં કેવળજ્ઞાન કે સમ્યગ્દર્શન કે સમ્યક્ચારિત્ર (કે) પોતાની અનુભૂતિમાં આનંદની દશા ઉત્પન્ન થવી... આહાહા...! એ આનંદની દશામાં વ્યવહાર કારણ અને આનંદ દશા કાર્ય એમ નથી અને એ આનંદની દશા થયા પહેલા જે શુદ્ધતાની અપૂર્ણતા અથવા શુભભાવ હતો તે કારણે અનુભૂતિ થઈ એમ પણ નથી. સમજાય છે કાંઈ? આવી વાત છે.

અકાર્યકારણશક્તિ. જ્ઞાનમાં, દર્શનમાં, આનંદમાં, ચારિત્રમાં, વીર્યમાં દરેકમાં અકાર્યકારણ છે. આહાહા..! પોતાનો પુરુષાર્થ-વીર્ય જે પુરુષાર્થની જાગૃતિ થાય છે તેમાં કોઈ પર કારણ છે અને એ પુરુષાર્થ કાર્ય છે એમ પણ નથી. અને એ પુરુષાર્થ કોઈનું, પરનું કારણ છે કે વીર્યને કારણે, આત્માના પુરુષાર્થને કારણે શરીર ચાલે છે, એમ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? એ અકાર્યકારણશક્તિનું અનંતશક્તિમાં રૂપ છે. આહાહા..! અતીન્દ્રિય આનંદનું પ્રગટ થવું એ દ્રવ્યને આશ્રયે ઉત્પન્ન થાય એમ કહેવામાં આવે છે. સમ્યગ્દર્શન **'भूदत्थमस्सिदो खलु'** ભૂતાર્થને આશ્રયે ઉત્પન્ન થાય છે એમ કહેવામાં આવે છે તે પણ વ્યવહાર છે. સમ્યગ્દર્શનની પર્યાય ઉત્પન્ન થવામાં દ્રવ્ય-ગુણ પણ કારણ નથી અને પર પણ કારણ નથી એવો પર્યાયનો સ્વભાવ છે. સૂક્ષ્મ છે, ભાઈ! સત્ તત્ત્વ બહુ સૂક્ષ્મ. અને એ અપૂર્વ વાત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. સમજાય છે કાંઈ? એ વાત તો અકાર્યકારણની થઈ ગઈ. હવે આજે તો પંદરમી શક્તિ. આજે તમારો શિક્ષણ શિબિરનો પંદરમો દિવસ છે ને? પંદરમી શક્તિ. આહાહા..! થોડી સૂક્ષ્મ છે, ધ્યાન રાખજો! આહાહા..!

**परात्मनिमित्तकज्ञेयज्ञानाकारग्रहणग्राहणस्वभावरूपा परिणम्यपरिणामकत्वशक्तिः। १५.**

**પર અને પોતે જેમનાં નિમિત્ત છે એવા જ્ઞેયાકારો તથા જ્ઞાનાકારોને ગ્રહણ કરવાના અને ગ્રહણ કરાવવાના સ્વભાવરૂપ પરિણમ્ય પરિણામકત્વશક્તિ. (પર જેમનાં કારણ છે એવા જ્ઞેયાકારોને ગ્રહણ કરવાના અને પોતે જેમનું કારણ છે એવા જ્ઞાનાકારોને ગ્રહણ કરાવવાના સ્વભાવરૂપ પરિણમ્યપરિણાત્મકત્વશક્તિ.) ૧૫.**

‘**પર અને પોતે...**’ છે? ‘**પર અને પોતે જેમનાં નિમિત્ત છે એવા જ્ઞેયાકારો...**’ પોતામાં જ્ઞેયાકાર ગ્રહણ કરવાની શક્તિ છે, પર જ્ઞેયાકારો ગ્રહણ કરવાની શક્તિ છે. એ પ્રમાણ થયું. ‘**તથા જ્ઞાનાકારોને ગ્રહણ કરવાના અને ગ્રહણ કરાવવાના સ્વભાવરૂપ..**’ સમજાય છે કાંઈ? જ્ઞાનાકાર પોતાનો જે સ્વભાવ છે તે પરને ગ્રહણ કરાવવાનો સ્વભાવ છે તો એ પ્રમેય છે. પરિણમ્યશક્તિ છે તે પ્રમાણ છે અને પરિણામકત્વ છે તે પ્રમેય છે. બેને એક શક્તિ ગણવામાં આવી છે. પરને જ્ઞેયાકારરૂપે ગ્રહણ કરવા, એવી પોતાની પરિણમ્ય-પ્રમાણ શક્તિ છે અને પોતાની શક્તિનો જે સ્વભાવ છે, પરને ગ્રહણ કરાવવા, એ પોતામાં પ્રમેય સ્વભાવ છે. આરે..! સમજાય છે કાંઈ?

ફરીને, આહાહા..! કહે છે કે આત્મામાં પ્રમાણ નામની એક શક્તિ અને પ્રમેય નામની શક્તિ, બે મળીને એક શક્તિ છે. પ્રમાણ અને પ્રમેય. પરિણમ્ય એ પ્રમાણ. પરિણામકત્વ એ પ્રમેય. બે શબ્દ છે ને? પરિણમ્યપરિણામકત્વ. પરિણમ્ય એ પ્રમાણ. પરિણામકત્વ એ પ્રમેય. પ્રમાણ અને પ્રમેય બે થઈને એક શક્તિ છે. એનો અર્થ કે પરના જ્ઞેયાકાર, જે અનંત જ્ઞેય વસ્તુ છે તેને વિશેષપણે પોતામાં ગ્રહણ કરવું એવી પ્રમાણ નામની શક્તિ છે. પોતાના પ્રમાણમાં પરવસ્તુ જ્ઞેયાકારનું જ્ઞાન થાય, જ્ઞેયાકારનું કાર્ય નહિ, જ્ઞેયાકારનું જ્ઞાન અહીં પોતાના સ્વભાવમાં થાય. આહાહા..! અનંત જ્ઞેયો છે તેને અહીંયા ગ્રહણ કરવાનો-જાણવાનો સ્વભાવ છે. ગ્રહણ કરવાનો અર્થ જાણવાનો. અને પોતાનો સ્વભાવ જે અનંત છે તે પરના પ્રમાણમાં પ્રમેય થવાની શક્તિ છે. પરને ગ્રહણ કરાવવાની શક્તિ છે. આહાહા..!

બે વસ્તુ સિદ્ધ કરી. એકલો આત્મા છે એમ નહિ એકલા પરજ્ઞેયો છે અને આત્મા નથી એમ પણ નથી. જ્ઞેયો પણ અનંત છે અને જ્ઞાનમાં પણ પ્રમાણરૂપ અનંત સ્વભાવ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. આહાહા..! સૂક્ષ્મ વાત છે. શક્તિનું વર્ણન છે ને? તો આત્મામાં સામર્થ્યતા (કેટલી છે તેનું વર્ણન છે). પરનો કર્તા કે પરથી પોતામાં કાર્ય થાય એ તો પોતામાં છે જ નહિ પણ પોતાના સ્વભાવમાં પ્રમાણમાં પરજ્ઞેયાકારોને ગ્રહણ કરવા એ પોતાનો સ્વભાવ છે. અને પરજ્ઞેયમાં-પરપ્રમાણમાં પોતાના પ્રમેયત્વને કારણે પરને ગ્રહણ કરાવવાનો સ્વભાવ છે. આવી વસ્તુ. આહાહા..! સમજાય છે કાંઈ? શું કહ્યું?

મુમુક્ષુ :- જરા કઠણ છે.

ઉત્તર :- માટે ધીમેથી કહીએ છીએ ને! એક વાત, બે વાર, ત્રણ વાર, ચાર વાર કહીએ છીએ.

આ આત્મા જે છે એમાં પ્રમાણ અને પ્રમેય નામની એક શક્તિ છે. એ પ્રમાણ અને પ્રમેય નામની શક્તિનું કાર્ય શું? કે પ્રમાણ જે છે તેમાં પર જ્ઞેયાકારનું જ્ઞાન કરવું એ પ્રમાણનું કાર્ય છે.

મુમુક્ષુ :- પરના એકલાનું? સ્વનું નહિ?

ઉત્તર :- એ તો આવી ગયું ને? જ્ઞેયાકાર. અહીં તો પ્રમાણ છે ને? તો પર જ્ઞેયાકારને ગ્રહણ કરવાની શક્તિ, એમ વાત છે. પ્રમાણમાં પર જ્ઞેયાકાર વિશેષ જે છે તેનું જ્ઞાન થવું એ પોતાનો સ્વભાવ છે. પ્રમાણ તો પોતાની શક્તિ છે. સમજાય છે કાંઈ? એ બધા જ્ઞેયાકારો તો એમાં આત્મા પણ આવ્યો. પણ બધા જ્ઞેયાકારોનું પ્રમાણજ્ઞાનમાં જ્ઞાન થવું એ પોતાની શક્તિ છે. પરથી પોતામાં કાર્ય થાય એ કોઈ વસ્તુ નથી. અને પરને ગ્રહણ કરાવવું. પોતાની જે અનંતશક્તિ, અનંતગુણ સ્વભાવ છે તેમાં એક પ્રમેય નામની શક્તિ છે, પ્રમેય, જે પ્રમેયને કારણે પરજ્ઞાનના પ્રમાણમાં પ્રમેયને ગ્રહણ કરાવવું એનો સ્વભાવ છે. ભાઈ! પ્રમેય અને પ્રમાણશક્તિ બે મળીને એકશક્તિ છે. આહાહા..!

એનો અર્થ એમ છે, એમ કહેવું છે કે આત્મામાં પર અનંતજ્ઞેયો છે તેનું જ્ઞાન થવું એ સ્વભાવ છે કે પરની રચના કરવી કે પરને બનાવવા એ એનો સ્વભાવ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? અને પોતામાં જે અનંતગુણ આદિ દ્રવ્ય સ્વભાવ છે તેમાં પ્રમેયત્વ છે તે કારણે પરદ્રવ્યના પ્રમાણમાં પ્રમેયત્વને ગ્રહણ કરાવવું, પરજ્ઞાનમાં ગ્રહણ કરાવવું એ એનો પોતાનો સ્વભાવ છે. આહાહા..! પરિણમ્ય એ પ્રમાણ થયું, પરિણામકત્વ એ પ્રમેય છે. સમજાય છે કાંઈ? આહાહા..! આવી વાતું. હવે આ શેઠિયાઓએ તો સાંભળ્યું પણ ન હોય.

મુમુક્ષુ :- આ વાત જ ન હતી સાંભળે ક્યાંથી ?

ઉત્તર :- હતું નહિ, વાત સાચી. લોકોને બિચારાને (સાંભળવા મળતું નથી). આહાહા..! કો'ક બહારનો મોટો કાગળ આવ્યો છે કે ભાઈ વાંચે છે. ભાઈ 'યુગલકિશોર' બહુ સરસ વાંચે છે, એવું લખ્યું છે. સોએક માણસ આવે છે. ગામમાં દૂષિત વાતાવરણ બહુ થઈ ગયું છે. 'ભીંડ'વાળા આવવાના છે. અરે..રે..! પ્રભુ! આ કાળે આવી વાત! એને તો અહીંનું સાહિત્ય છે એ પાણીમાં નાખી દેવું છે. આહાહા..! શું થાય?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મુમુક્ષુ :– પોતાનું જ્ઞાન પાણીમાં નાખે છે.

ઉત્તર :– વાત તો એવી છે. ભગવાન! તને નુકસાન છે, પ્રભુ! આ તો સત્ય સાહિત્ય છે. આહાહા..! તેનું જ્ઞાન કરવું એ તારો સ્વભાવ છે. જ્ઞેયને પાણીમાં નાખવો એ તારો સ્વભાવ નથી. કાગળ આવ્યો છે, તમારો કો'ક છે. નામ છે. મોટો પત્ર આવ્યો છે. એમ લખ્યું છે, કોઈને મોકલો. 'બાબુભાઈ' ને કે 'હુકમચંદજી'ને. બે હમણા પ્રસિદ્ધ છે ને? 'જ્ઞાનચંદજી' અને 'શિખરચંદજી' તો હજી હવે પ્રસિદ્ધિમાં આવે છે. પણ ગમે તે એક-બે મોકલો. વાત સાચી. અઠ્યાવીસ તારીખે, રવિવાર અઠ્યાવીસ તારીખે સવારે તોફાન છે. હવે આજે તો કેટલામી થઈ? પચીસ. બે દિવસ રહ્યા. કોઈએ જાવું. એમ એણે મારી ઉપર લખ્યું છે, કોઈને કહો. મેં તો કોઈને અત્યાર સુધી કહ્યું નથી. એનું લખાણ છે. આહાહા..! અરે..રે...! શું થાય? પ્રભુ! સત્‌સાહિત્યમાં તો આ વસ્તુ છે. સમજાય છે કાંઈ?

તારી વસ્તુમાં અનંતજ્ઞેયોને જાણવા એ તારો સ્વભાવ છે પણ અનંતજ્ઞેયોની રચના કરવી કે તેનું કાર્ય કરવું એ તારા સ્વભાવમાં નથી અને એ જ્ઞેયના સ્વભાવમાં નથી. કારણ કે જ્ઞેયનો સ્વભાવ પોતામાં પ્રમાણ તરીકે જે જ્ઞેયનો સ્વભાવ આવે છે એમાં જ્ઞેયનો સ્વભાવ એવો નથી કે પરથી રચના થાય. એ જ્ઞેય–દ્રવ્ય, ગુણ, પર્યાય છે તે પોતાના જ્ઞાનના પ્રમાણમાં જણાય એવો સ્વભાવ છે. અરિહંત ને ત્રિલોકનાથ તીર્થંકર ને સર્વજ્ઞ ને પંચ પરમેષ્ઠી.. સમજાય છે કાંઈ? એ જ્ઞેય છે. તેમને પોતાના પ્રમાણજ્ઞાનમાં જાણવાનો સ્વભાવ છે પણ એનાથી કંઈ મળે એવો સ્વભાવ નથી. 'નંદકિશોરજી'! આવી વાતું છે, ભાઈ! આહાહા..! સમજાય છે કાંઈ?

પર જેમાં નિમિત્ત છે. પોતાના જ્ઞાનપ્રમાણમાં પર નિમિત્ત છે. છે ને? સ્વ જેને નિમિત્ત છે. પોતાનો આત્મા પરને નિમિત્ત છે જણાવવામાં, પરને ગ્રહણ કરાવવામાં. સમજાય છે કાંઈ? આહાહા..! આવી શક્તિ છે, હવે એના કરતાં ભક્તિ ને પૂજા કરે તો લોકોને ઠીક પડે. બાપુ! એ તો ભક્તિ, પૂજા હોય છે એ રાગ અશુભથી બચવા શુભભાવ હોય. અને ખરેખર તો સમકિતીને જ સાચી ભક્તિ હોય છે. આહાહા..! આવ્યું ને? 'પંચાસ્તિકાય'માં આવ્યું છે, ટીકામાં આવ્યું છે. સમ્યગ્દષ્ટિને જ યથાર્થપણે ભક્તિનો શુભભાવ હોય, તેમને જ યથાર્થ વ્યવહાર છે. અજ્ઞાનીને વ્યવહાર ક્યાં છે? આહાહા..! સમજાય છે કાંઈ?

અમે તો સંપ્રદાયમાં હતા ને? તો ત્યાં ચર્ચા બહુ ચાલતી હતી. સંવત ૧૯૮૩ ની સાલમાં ઘણી ચર્ચા થઈ. એક શેઠ હતા એમણે કહ્યું, કે સમ્યગ્દષ્ટિ થયા પછી મૂર્તિપૂજન ન હોય. જ્યાં સુધી મિથ્યાદૃષ્ટિ હોય ત્યાં સુધી મૂર્તિપૂજા હોય. એમ વાત ચાલી. 'નંદકિશોરજી'! આ તો ૧૯૮૩ ની વાત છે, પચાસ વર્ષ થયા. 'બાબુભાઈ'ને હજી ૪૮ વર્ષ થયા. આ તો પચાસ વર્ષ પહેલાની વાત છે. આહાહા..!

કહે છે, એણે એમ કહ્યું કે જ્યાં સુધી મિથ્યાદૃષ્ટિ હોય ત્યાં સુધી મૂર્તિની પૂજા હોય.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સમ્યગ્દૃષ્ટિ થયા પછી મૂર્તિની પૂજા ન હોય. મેં એમને એમ કહ્યું, સાંભળો! પચાસ વર્ષ પહેલા. યથાર્થમાં તો સમ્યગ્દર્શન થાય છે ત્યારે શ્રુતજ્ઞાન થાય છે. શ્રુતજ્ઞાન થાય છે એમાં શ્રુતજ્ઞાન અવયવી છે અને નિશ્ચય-વ્યવહાર એ અવયવીના અવયવ છે. અવયવી શબ્દ (ત્યારે) નહોતો પણ એટલું કહ્યું હતું કે શ્રુતજ્ઞાન થયા પછી બે નય હોય છે-નિશ્ચય અને વ્યવહાર. અને વ્યવહારનયના જે ચાર નિક્ષેપ છે-નામ, સ્થાપના, દ્રવ્ય, ભાવ એ જ્ઞેયના ભેદ છે. અહીં નિશ્ચય-વ્યવહાર એ નયના ભેદ છે. ખરેખર તો સમ્યગ્દર્શન પછી વ્યવહારનય હોય છે અને વ્યવહારનયમાં એ પૂજનિક વસ્તુ છે તે નિમિત્ત પડે છે. તો ખરેખર તો સમ્યગ્દર્શન થયા પછી પૂજવાનો ભાવ વ્યવહાર આવે છે. સમજાય છે કાંઈ? આ તો પચાસ વર્ષ પહેલાની વાત છે. કીધું, અમે એમ નહિ માનીએ. આમાં આવી ગયા માટે અમે માની લઈએ (એમ નથી). અહીં તો અમને બેસે તો માનીએ.

ખરેખર તો ભગવાનની પ્રતિમા એ જ્ઞેયનો ભેદ છે. નામ નિક્ષેપ, સ્થાપના નિક્ષેપ, દ્રવ્ય નિક્ષેપ, ભાવ નિક્ષેપ એ જ્ઞેયના ભેદ છે. ત્યારે નય શ્રુતજ્ઞાનનો ભેદ છે. શ્રુતજ્ઞાનના ભેદમાં નિશ્ચય અને વ્યવહાર આવે છે. વ્યવહારનયથી ભગવાનની પ્રતિમા પૂજનીક છે એવો સાચો વ્યવહાર સમકિતીને જ આવે છે. છે ભલે શુભભાવ. સમજાય છે કાંઈ? 'ધન્નાલાલજી'! અમે સ્થાનકવાસીમાં આવી ગયા માટે અમે એમ માની લઈએ એમ નથી. અમે તો અમારા આત્માનો નિશ્ચય કરવા (નીકળ્યા છીએ). પચાસ વર્ષ પહેલા! ભાઈ! માર્ગ આ છે, કીધું. અમે એમને એમ ન માનીએ. અમને તો અંદર બેસવું જોઈએ. ખરેખર તો વ્યવહારનય સમકિતીને જ હોય છે, મિથ્યાદૃષ્ટિને નય ક્યાંથી આવી? નય નથી તો નિક્ષેપનો વિષય પણ સમકિત વિના ક્યાંથી આવ્યો? સમજાય છે કાંઈ? ન્યાય સમજાણો? અહીં તો ન્યાયથી વાત સમજાય એ વાત અનુભવમાં એના જ્ઞાનમાં આવવી જોઈએ ને? આહાહા..!

અહીં કહે છે, કે આત્મામાં એક આવી શક્તિ લીધી-પરિણમ્યપરિણામકત્વ. પરિણમ્ય-પ્રમાણ અને પરિણામકત્વ-પ્રમેય. પ્રમાણ અને પ્રમેયરૂપ એક શક્તિ છે કે જે પ્રમાણમાં પર નિમિત્ત છે, જ્ઞાન કરાવવામાં. અને પરને જ્ઞાન કરાવવામાં પોતાનો આત્મા નિમિત્ત છે. છે? **'પર અને પોતે જેમના નિમિત્ત છે એવા જ્ઞેયાકારો..'** એ પર, એ પર. પર જ્ઞેયાકારોને ગ્રહણ કરવાની પોતામાં પ્રમાણજ્ઞાનની શક્તિ છે. **'તથા જ્ઞાનાકારોને ગ્રહણ કરવાના અને ગ્રહણ કરાવવાના સ્વભાવરૂપ...'** આહાહા..! છે? **'જ્ઞાનાકારોને ગ્રહણ કરવાના...'** એટલે ગ્રહણ કરાવવાના **'સ્વભાવરૂપ પરિણમ્યપરિણામકત્વશક્તિ.'** આહાહા..! બૈરાઓને આ ઝીણું પડે. વસ્તુ તો એવી છે.

મુમુક્ષુ :- ઘણી બહેનો તૈયાર થઈ ગઈ છે.

ઉત્તર :- આહાહા..! પર જેમના નિમિત્ત છે. આત્માને પર નિમિત્ત છે. જ્ઞાનમાં જ્ઞેયાકારોનું ગ્રહણ થવું એ પર નિમિત્ત આત્મામાં છે. અને પોતાનું સ્વરૂપ-સ્વ, પરને ગ્રહણ કરાવવામાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નિમિત્ત છે. તેના પ્રમાણજ્ઞાનમાં પોતાનું પ્રમેય જ્ઞાન કરાવવાનો સ્વભાવ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

આ શક્તિ પણ અનંતશક્તિમાં એક એક શક્તિમાં તેનું રૂપ છે. આહાહા..! તો કેવળજ્ઞાનમાં પણ પર જ્ઞેયોને ગ્રહણ કરવાનો સ્વભાવ છે અને કેવળજ્ઞાનમાં પણ પર ગ્રહણ કરાવવાનો, પર કેવળી આદિને ગ્રહણ કરાવવાનો પ્રમેય સ્વભાવ છે. આહાહા..! એનો જ્ઞાન સ્વભાવ, જ્ઞાન સ્વભાવ પરને જાણવામાં પ્રમાણરૂપ છે અને જ્ઞાનાદિ અનંત સ્વભાવ પરને જ્ઞેય બનાવવામાં, પ્રમેય બનાવવામાં, પરને ગ્રહણ કરાવવામાં સમર્થ છે. આહાહા..! કેવળજ્ઞાનમાં પોતાનો આત્મા સ્વભાવ ગ્રહણ કરાવવાનું નિમિત્તપણું છે. અને કેવળજ્ઞાનને પોતાની પર્યાયમાં ગ્રહણ કરવાનો સ્વભાવ છે. કેવળજ્ઞાન આવું છે એમ જાણવાનો સ્વભાવ છે. આહાહા..! સમજાય છે કાંઈ? આવી વાતું હવે.

મુમુક્ષુ :– હજી સમજાયું નથી.

ઉત્તર :– વધારે સ્પષ્ટ કરીએ, ભગવાન! આહાહા..! અરે..રે...! તું તો ચૈતન્યસ્વરૂપ છો ને નાથ! આહાહા..! આબાળગોપાળ આજે આવ્યું ને? ૧૭-૧૮ ગાથા. ૧૭-૧૮ ગાથામાં આબાળગોપાળ આવ્યું. અર્થાત્ બાળકથી માંડીને વૃદ્ધ બધા જીવને.. આહાહા..! પોતાની જ્ઞાનની પર્યાયમાં જ્ઞેય (આત્માને) જાણવાનો એનો સ્વભાવ છે, જ્ઞેયને જાણે જ છે એમ કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? સર્વ પ્રાણી, બાળ, વૃદ્ધાદિ સર્વ. પોતાની જ્ઞાનની પર્યાયમાં બધા જ્ઞેયને જાણે જ છે. એવો જ્ઞાનની પર્યાયનો સ્વભાવ છે. આહાહા..! પર્યાયે પોતાને પ્રમેય બનાવ્યો અને પોતાને પ્રમાણ બનાવ્યો પરને ગ્રહણ કરવામાં. પરને ગ્રહણ કર્યા એ પ્રમાણ બનાવ્યું. આહાહા..! ઝીણી વાત છે.

અહીંયા પ્રમેયશક્તિ અને પ્રમાણશક્તિ બેને ભિન્ન નથી લીધી, બે થઈને એક લીધી છે. ભગવાન! તારામાં એક પરિણમ્યપરિણામકત્વ નામનો ગુણ છે. ગુણ કહો, શક્તિ કહો, સત્ ભગવાનનું સત્ત્વ–કસ કહો, માલ કહો. આ તમારા રૂપિયા-બુપિયાના માલની અહીં વાત નથી. એનામાં છે એની વાત છે. એ જ્ઞેયપણે જાણવાલાયક છે એવો તારો સ્વભાવ છે. એ પૈસા મારા છે એવો તારો સ્વભાવ નથી. એ.. 'બલુભાઈ'! લક્ષ્મી, મકાન, સ્ત્રી, કુટુંબ, પરિવાર, પુત્ર બધા જ્ઞેય તરીકે તારા જ્ઞાનમાં જાણવાલાયક સ્વભાવ છે.એ મારા છે એવું કાંઈ તારા સ્વભાવમાં છે જ નહિ. આહાહા..! અને તારો સ્વભાવ પણ, પરનો પુત્ર હો કે પર પિતા તારા હોય (એમ નથી). સમજાય છે કાંઈ? પરને પ્રમેય થવું, પરના પ્રમાણમાં પ્રમેય થવાનો તારો સ્વભાવ છે પણ પરના પુત્ર થવું, પર તારો બાપ થાય એવી વસ્તુ નથી. આહાહા..! લક્ષ્મી આદિ પરજ્ઞેયને જાણવાનો તારો સ્વભાવ છે અને જ્ઞાનીના જ્ઞાનમાં તું પ્રમેય થાય, ગ્રહણ કરાવવાનો તારો સ્વભાવ છે. આહાહા..! સમજાય છે કાંઈ? 'પોપટભાઈ'! આવી વાતું છે. આહા..! એ આઠ છોકરાઓ હોય, એની વહુરુઓ ને મકાન ને બંગલા,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આઠને માટે ભિન્ન ભિન્ન બંગલા ને એના માટે ભિન્ન ભિન્ન કપડાં, સૌને માટે હોય ને? પચાસ-પચાસ હજાર, લાખ-લાખના કપડા.. એ તો કહે છે, સાંભળ તો ખરો, પ્રભુ! એ ચીજ જ્ઞેય તરીકે તારા જ્ઞાનમાં જણાય એવી ચીજ છે. આહાહા..!

મુમુક્ષુ :– અમારી માલિકીની થઈ જાય ને?

ઉત્તર :– માલિક તો પ્રમાણજ્ઞાનનો માલિક છે. પરને ગ્રહણ કર્યું એવા પ્રમાણજ્ઞાનનો માલિક છે, પ્રમેયનો માલિક છે? એ પ્રમેય છે ને? પ્રમાણમાં એ પ્રમેય થયું. અને પોતાનું પ્રમેય પરના પ્રમાણમાં ગયું. તો પર આ આત્માનો સ્વામી છે? કેવળજ્ઞાની આત્માના સ્વામી છે? આહાહા..! મારા ભગવાન, મારા ગુરુ, કહે છે સાંભળ તો ખરો, પ્રભુ! આહાહા..! એ તો જ્ઞેય છે. તારા જ્ઞાનમાં જાણવાલાયક એ જ્ઞેય છે પણ મારા ભગવાન ને મારા ગુરુ એવી તો કોઈ વસ્તુ નથી. સમજાય છે કાંઈ? આવી વાતું છે.

મુમુક્ષુ :–...

ઉત્તર :– કહ્યું ને? કોઈ ચીજ છે તેને જાણવાનો સ્વભાવ છે અને કોઈ જ્ઞાનાનંદ સ્વભાવવાળો જીવ છે એ તારું જ્ઞેય થઈને, પ્રમેય થઈને જણાવાલાયક છે પણ પરના થવાને લાયક તું નથી અને એ પર તારા થાય એવી લાયકાત તારામાં નથી.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એ બધી વ્યવહારની વાતું. સમજાય છે કાંઈ? એમ કહે છે, ભગવાનને ચૌદ હજાર સાધુ હતા, આટલી છત્રીસ હજાર આર્જીકા હતી એમ આવે. અહીં તો કહે છે, પ્રભુ! સાંભળ તો ખરો! તારા જ્ઞાનસ્વભાવમાં એ જ્ઞેયને જાણવાનો–ગ્રહણ કરવાનો અર્થ જાણવાનો.. છે ને?

**'પર અને પોતે જેમના નિમિત્ત છે એવા જ્ઞેયાકારો (પર) તથા જ્ઞાનાકારો (સ્વ)ને ગ્રહણ કરવાના...'** જ્ઞાનાકાર ગ્રહણ કરવાના. છે ને? જ્ઞેયાકાર ગ્રહણ કરવાના તથા જ્ઞાનાકાર ગ્રહણ કરાવવાના. છે? બધા શબ્દમાં ફેર છે. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! અરે..! આ ઝઘડા. આવા શું...?

આ દવાને નામે ઝઘડા ઉઠ્યા. અરે..! પણ આ શું ઝઘડા? હોમિયોપેથી દવા કરતા હતા તો અમે તો પહેલા કહ્યું, ભાઈ 'રાજેન્દ્ર' છે, 'રાજેન્દ્ર' આવ્યો ને? તો એણે કહ્યું, આલ્કોહોલ નથી એટલે મેં લીધી. પછી ચોપડી વાંચી તો આલ્કોહોલ છે (એમ ખબર પડી). 'રામજીભાઈ'ને રાત્રે બતાવી હતી. 'રાજકોટ'માં વાંચેલી. આલ્કોહોલ છે આપણે એ દવા ન લઈએ. ખ્યાલ નહોતો એણે કહ્યું તો મેં છોડી દીધી. તો લોકોને માથે નાખ્યું. 'હિંમતભાઈ' ને 'વજુભાઈ' ને 'ચંદુભાઈ' ને પેલા 'ચંદુભાઈ' ડૉક્ટર–ચાર. એ..ઇ..! ચંડાળ ચોકડી ચારે બનાવ્યા. અર.ર..ર..! અરે..! ભગવાન! આ ન શોભે. અરે..! નાથ! આવી વાત નીકળે એમાં આ વાત ક્યાં છે? ભાઈ! અને આ જે અત્યારે બે મહિના દવા કરી, બે મહિના કરી પણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એમાં લોહીમાં તો ટકા વધી ગયા. તેથી મેં છોડી દીધી. સમજાય છે કાંઈ? ડૉક્ટરે કહ્યું કે, લોહીમાં ટકા વધી ગયા છે તો એ દવા કામની નથી. મેં છોડી દીધી. તો લોકો કહે, 'હિંમતભાઈ' ને 'ચંદુભાઈ' ને 'વજુભાઈ' ને 'ચંદુભાઈ' ડૉક્ટરે એ ચારે છોડાવી દીધી. આવી તે શું વાત કરે છે? આહાહા..!

મુમુક્ષુ :– ..

ઉત્તર :– આવું હોય પણ? આહાહા..! જ્યાં અમૃતના સાગરની વાતું ઉછળે ત્યાં આ વાત શોભે? આહાહા..! જગતમાં કોઈ પ્રાણી વિરોધી છે જ નહિ. આહાહા..! બધા પ્રાણી તો જ્ઞેય–જ્ઞાનમાં જાણવાલાયક છે. એનો વિરોધ કરવો કે આ આવો છે ને આ આવો છે, અરે..! પ્રભુ! શું કરે છે? સમજાય છે કાંઈ? જેને દુનિયા દુશ્મન કહે એ પણ જ્ઞેય જ્ઞાનમાં જાણવાલાયક છે, બસ! દુશ્મન છે એ માન્યતા આત્મામાં છે જ નહિ. 'બાબુભાઈ'! કહો, 'નંદકિશોરજી'! આ તો વકીલાત–લોજીકથી ચાલે છે, ભગવાન! લોજીકથી ન્યાયથી ભગવાનનો માર્ગ છે. એમ ને એમ માનવું એમ નથી. તેની જેવી સ્થિતિ, મર્યાદા છે એ પ્રકારનું જ્ઞાન કરવું, પ્રતીતિ કરવી એ વસ્તુનું સ્વરૂપ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

કહે છે, કે પર જ્ઞેયાકાર પોતાના જ્ઞાનમાં નિમિત્ત છે અને પોતાના જ્ઞાનાકાર પર જ્ઞાનમાં નિમિત્ત છે. છે ને? **'પર જેમનાં કારણ છે એવા જ્ઞેયાકારો...'** સ્વ જેનું નિમિત્ત છે એવા જ્ઞાનાકારો. પર જેના નિમિત્ત છે એવા જ્ઞેયાકારો, તેને ગ્રહણ કરવાના, એ જ્ઞેયાકારોને ગ્રહણ કરવાના **'અને પોતે જેમનું કારણ છે એવા જ્ઞાનાકારોને ગ્રહણ કરાવવાના સ્વભાવરૂપ...'** આહાહા..! કેટલી શક્તિ! 'અમૃતચંદ્રાચાર્ય' દિગંબર સંત તો આમ કહે છે. આહાહા..! જ્ઞેયાકારને ગ્રહણ કરવા અને જ્ઞાનાકારને પરમાં ગ્રહણ કરાવવા.

મુમુક્ષુ :–...

ઉત્તર :– ઇ એમાં આવી ગયું. પ્રમાણ બધું આવી ગયું ને? આહાહા..! સમજાય છે કાંઈ? સૂક્ષ્મ વાત છે, ભગવાન! માર્ગ એવો સૂક્ષ્મ છે. તીર્થંકર સર્વજ્ઞ પરમેશ્વર એમ કહે છે કે મારા જ્ઞાનમાં પણ તું જ્ઞેય તરીકે જાણવાલાયક છો. અને હું પણ કેવળજ્ઞાનીના જ્ઞાનમાં જણાવવાને–ગ્રહણ કરાવવાને લાયક છું. પણ હું કેવળજ્ઞાની એનો છું એવું મારા સ્વભાવમાં નથી. સમજાય છે કાંઈ? આહાહા..!

એમ સ્ત્રી, પુત્ર, લક્ષ્મી, મકાન તો પ્રભુ! તારા જ્ઞાનમાં એ જ્ઞેયાકાર ગ્રહણ કરવાનો જાણવાનો સ્વભાવ છે અને સામે જ્ઞાન હોય તેમાં તારું પ્રમેયત્વ ગ્રહણ કરાવવાની–જણાવવાની તાકાત છે, પણ એનો દીકરો થાય કે એની સ્ત્રી થાય એવો કોઈ સ્વભાવ નથી. આહાહા...! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :– .. દીકરા છે એમ જાણવાનું?

ઉત્તર :– 'સુમનભાઈ' દીકરો પણ નથી અહીં તો. ભાઈએ ઘરની વાત કરી. માસિક

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આઠ હજારનો પગાર લાવે છે ને! 'સુમનભાઈ' એકનો એક દીકરો છે ને પચાસ વર્ષની ઉંમર છે. આઠ હજાર. છ હજારનો પગાર ને એક હજારનું... શું કહેવાઈ ઇ? બોનસ. પેન્શન. અને સાતસો ભાડુ. આઠ હજારનો પગાર. 'રામજીભાઈ'ના આત્માનો દીકરો છે કે નહિ? આહાહા..! અરે..રે...!

જેને અહીંયા લોકો એમ કહે કે આ મારી અર્ધાંગના છે, અમારી ઘરવાળી છે, અરે..! સાંભળ તો ખરો! તારી ઘરવાળી તો એ જ્ઞેયનું જ્ઞાન કરે એ પર્યાય તારી ઘરવાળી છે. આહાહા..! સમજાય છે કાંઈ? આ દરબારો, ગરાસિયા ને દરબાર, બે-બે લાખની ઊપજ ને.. છે ને? ભાઈ છે કે નહિ? ક્યાં ગયા? 'દેવજીભાઈ' ગયા. 'દેવજીભાઈ' બેઠા છે. અમારે આટલા ખેતર છે ને આટલી ઊપજ છે. તારા સ્વભાવમાં એ છે એમ જાણવાનો સ્વભાવ છે. 'દેવજીભાઈ'! પટેલ છે, પટેલ. દસ-બાર ઘર છે. મંદિર બનાવ્યું છે, દિગંબર મંદિર બનાવ્યું છે. બહુ હોંશિયાર છે. કણબી.. કણબી. કૃષીકાર છે. એંસી હજારની ઊપજ છે બાર મહિને. એંસી હજારની પેદાશ છે. એ તો કહે છે કે એ બધું જ્ઞેય જાણવાલાયક છે. આહાહા..! વકીલાતમાં જે ભાષા નીકળે છે અને એમાં પૈસા મળે છે એ બધા જ્ઞેયનું જ્ઞાન કરવાનો તારો સ્વભાવ છે. આહાહા..! અને સામે પ્રમાણજ્ઞાનવાળા જ્ઞાની હોય તો તારો સ્વભાવ જ્ઞેય થઈને, પ્રમેય થઈને પરમાં જણાવવાનો તારો સ્વભાવ છે પણ પરનું કરવું ને તારો સ્વભાવ પરનો થઈ જાય અને પરજ્ઞેય તારું થઈ જાય, એવો કોઈ સ્વભાવ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? આવું સૂક્ષ્મ પડે એટલે માણસોને (આકરું લાગે). મૂળ વસ્તુ તો આ છે. સમજાય છે કાંઈ? ખ્યાલ તો આવે. પહેલા તો કહ્યું હતું કે ધ્યાન રાખજો.

ભગવાનઆત્મામાં એક એવી શક્તિ–સામર્થ્ય–સ્વભાવ–ગુણ– છે કે પરજ્ઞેયોને જાણવાનો સ્વભાવ છે, ગ્રહણ કરવાનો અર્થ જાણવાનો સ્વભાવ છે અને તારો સ્વભાવ જ્ઞાનીના જ્ઞાનમાં પ્રમેય થવાનો સ્વભાવ છે. પણ પરના શિષ્ય થવાનો અને પરના ગુરુ થવાનો, હું પરનો ગુરુ છું એવો કોઈ સ્વભાવ નથી. આહાહા...! ગજબ વાત છે ને!

મુમુક્ષુ :– શક્તિની અપેક્ષાએ...

ઉત્તર :– એ શક્તિનું પર્યાયમાં પરિણમન થાય એની વાત ચાલે છે. શક્તિની પ્રતીતિ થઈ ત્યારે શક્તિ દ્રવ્ય-ગુણમાં તો અનાદિથી હતી, પ્રતીતિ થઈ તો શક્તિનું પરિણમન પર્યાયમાં આવ્યું. પર્યાયમાં આવ્યું એ પર્યાયસ્વભાવ એનો એવો છે કે પરજ્ઞેયનું જ્ઞાન કરવાનો પર્યાયમાં સ્વભાવ છે. ધ્રુવમાં તો ક્યાં (જાણવાનું પરિણમન છે?) સમજાય છે કાંઈ? આહાહા..! પચીસ-પચાસ વીઘા, સાંઈઠ, બસો વીઘા.. આપણે આ 'પોપટભાઈ' છે કે નહિ? બસો વીઘા? કેટલી જમીન છે? છસો વીઘા, લ્યો! એની છસો વીઘા જમીન છે. આ 'પોપટભાઈ'! પેલા બે અબજ ને ચાલીસ કરોડના બનેવી છે. ગુજરી ગયા ને! છસો વીઘા જમીન છે. એના સાળા પાસે બે અબજ ચાલીસ કરોડ છે. બે અબજ ચાલીસ કરોડ. એની બેન એના ઘરે છે. કહે છે,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કોના પૈસા? ભાઈ! તને ખબર નથી. આહાહા..! એ પરચીજની અનંતતા અને બહોળતા એ તારા જ્ઞાનમાં જાણવાલાયક છે પણ એ પરની બહોળતા મારી છે એમ માનવાનો સ્વભાવ નથી, એ તો તારી વિપરીત દૃષ્ટિ છે. કહો, 'મણિભાઈ'! આવી વાત છે. આહાહા..!

પરનું જ્ઞાન જે કેવળજ્ઞાન હો કે મતિ-શ્રુતજ્ઞાન આદિ હો, એમાં તારી વસ્તુ પરમાં જ્ઞેય થાય, પરને ગ્રહણ કરાવવાનો, જ્ઞેય થઈને ગ્રહણ કરાવવાનો સ્વભાવ છે પણ તું પરનો થઈ જાય એવો કોઈ સ્વભાવ નથી. આહાહા..! બંડીજી! આ પ્રોફેસર છે, ભગવાન!

મુમુક્ષુ :– પાપના ધંધા છે.

ઉત્તર :– પાપના ધંધા? એમ કહે છે, પ્રોફેસર બધા પાપના ધંધા કરે છે. આહાહા..! આત્મા કઈ રીતે જ્ઞાતા-દૃષ્ટા છે એ કઈ રીતે સિદ્ધ કરે છે! સમજાય છે કાંઈ? આત્મા જ્ઞાતા-દૃષ્ટા છે તેને ક્યા પ્રકારે સિદ્ધ કરે છે? કે ભગવાન! તું તો જ્ઞાતા-દૃષ્ટા છો ને! તો જ્ઞેયને જાણવાનો તારો સ્વભાવ છે ને! આહાહા..! અને બીજા જે જ્ઞાતા-દૃષ્ટા છે તેને તો તું પ્રમેય– જણાવવાનો સ્વભાવ છે પણ એના થવાનો સ્વભાવ તારામાં નથી. આહાહા..! આ તકરાર.

મુમુક્ષુ :– .. ત્યાં જઈએ તો ફરી જઈએ છીએ.

ઉત્તર :– બાજરા ને તલ આમ દેખાય, એમાં ગરે એટલે જાણે ઘુસી ગયો એમાં. જોવા જાય ને અંદર? અહીં સુધી બાજરા પાકે. એક 'અલવર'.. કેવું? અલવર નહિ. 'અલિયાબાડા'. અમે એકવાર 'અલિયાબાડા' ગયા હતા. સંપ્રદાયમાં હતા. સ્પેશ્યલ આવ્યા હતા. સામે માણસ બહુ. તો ગામમાં હો..હા થઈ ગઈ. ઓહોહો..! મહારાજ! બાજરાના ડુંડા લાવ્યા. આવડા ડુંડા. એટલામાં તો બાજરો અને એનું.. શું કહેવાય ઇ? રાડુ. રાડુ આવડું અને બાજરો આટલો. 'જામનગર' પાસે 'અલિયાબાડા' છે. એનો રાડાનો ભાગ નાનો અને એમાં જે બાજરો પાકે એ આટલો બધો લાંબો! શું કહેવાય ઇ? ડુંડુ. ડુંડુ.. ડુંડુ. તમારા નામ ભૂલી જવાય છે. એ બાજરો આમ પચાસ-પચાસ વીઘામાં પાક્યો હોય અને આ દરબાર જેવા અંદર જોવા જાય.. આહાહા..! આ તો બાજરા પાક્યા, જુવાર પાકી, તલ પાક્યા.

મુમુક્ષુ :– હિન્દીમાં કહો, મહારાજ!

ઉત્તર :– તલ ભાષા નથી આવતી? બાજરો પાકે ને? પાકે તેને શું કહેવાય? બાજરો પાકે. એને જોવા ખેતરમાં જાય. ખેતરમાં જરી ફરે. અંદર જાય તો ઓ..હો..હો..! (થઈ જાય). શું છે? પ્રભુ! એ ચીજ તો જ્ઞેય છે, તારા જ્ઞાનમાં જણાવવાની યોગ્યતા છે. અને તારી વસ્તુ છે એ પરના જ્ઞાનમાં જણાવવાનો સ્વભાવ છે. મારું માનવું એ ત્રણકાળમાં સ્વભાવ નથી. 'વેણીપ્રસાદજી'! એવી વાતું છે. આહાહા..! કહો, 'પોપટભાઈ'! એ બે કરોડ ને 'હસમુખ' ને છ છોકરા કહે છે, જ્ઞેય છે. જ્ઞાનમાં જાણવાલાયક છે, મારા છે એમ નથી.

મુમુક્ષુ :– છોકરા છે એમ જાણવાલાયક છે?

ઉત્તર :– છોકરા નહિ, જ્ઞેય છે. આહાહા..!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કૌંસમાં. **'પર જેમનાં કારણ છે...'** પર જેમના કારણ છે એટલે જ્ઞેયો. પોતાના જ્ઞાનમાં કારણ છે **'એવા જ્ઞેયાકારોના ગ્રહણ કરવાના..'** પરજ્ઞેયના આકાર એટલે વિશેષ સ્વભાવને જાણવાનો અને **'પોતે જેમનું કારણ છે..'** પરને. **'એવા જ્ઞાનાકાર..'** પોતાના જ્ઞાનાકાર જે છે એ પર જ્ઞાનમાં ગ્રહણ કરાવવાનો સ્વભાવ છે, જણાવવાનો સ્વભાવ છે. આહાહા..! સમ્યગ્દર્શનમાં એમ માન્યતામાં આવે છે કે હું તો પરિણમ્યપરિણામકત્વ શક્તિવાન છું તો જેટલા જ્ઞેય છે તેને જાણવાલાયક હું છું અને પર જ્ઞાનમાં હું પ્રમેય થઈને જણાવા લાયક છું. સમ્યગ્દષ્ટિને એવી પ્રતીતિ હોય છે. આહાહા..! સમજાય છે કાંઈ? આ શક્તિની પ્રતીતિ થાય છે એ આવી ગયું.

પ્રમાણ અને પ્રમેય, પરિણમ્ય એટલે પ્રમાણ, પરિણામકત્વ એટલે પ્રમેય. એ મારી શક્તિ છે. એ શક્તિવાન હું છું એવી જ્યાં પ્રતીતિ થઈ તો સમકિતીને પોતા સિવાય શરીર, વાણી, મન, કર્મ, રાગાદિ બધા.. આહાહા..! વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ ઉઠે છે તેને પણ જ્ઞેય તરીકે હું જાણવાલાયક છું. આહાહા..! વ્યવહાર રત્નત્રયનો જે વિકલ્પ, રાગ ઉઠે છે તે જ્ઞેય તરીકે મારા જ્ઞાનમાં જાણવાલાયક છે પણ એ રાગ મારો છે એવી વસ્તુ નથી. આહાહા..! આ તકરાર મોટી. શુભજોગ તો મોક્ષનો માર્ગ છે અને શુભજોગથી આત્માનો શુદ્ધભાવ થાય છે. અહીં તો પ્રભુ ના પાડે છે. સમજાય છે કાંઈ? શુભજોગ પણ જ્ઞેય છે. જ્ઞેયને જાણવાનો-ગ્રહણ કરવાનો (સ્વભાવ છે). એ આવી ગયું, વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે. બારમી ગાથા. ચારે બાજુથી જુઓ તો એક જ વાત સિદ્ધાંત ઉભો થાય છે. આહાહા..! બારમી ગાથામાં આવ્યું ને? અગિયારમાં આવ્યું કે પોતાનો સ્વભાવ સત્યાર્થ, ભૂતાર્થનો આશ્રય લઈને જેને સમ્યગ્દર્શન થયું તો સાથે જ્ઞાન પણ થયું. હવે એને જે રાગ થાય છે એ રાગને જ્ઞેય તરીકે જાણવાનો સ્વભાવ છે પણ રાગ મારો સ્વભાવ છે અને રાગથી જ્ઞાન થાય છે એમ પણ નથી. રાગનું જ્ઞાન થયું એ રાગથી થયું એમ પણ નથી. એ રાગનું જ્ઞાન તો પોતાના પ્રમાણ સ્વભાવને કારણે રાગનું જ્ઞાન થયું છે. શું કહ્યું?

મુમુક્ષુ :- ત્યાં તો એમ લખ્યું છે કે વ્યવહાર દ્વારા ઉપદેશ કરવો.

ઉત્તર :- ત્યાં એમ છે જ નહિ. વાંધા જ એ છે ને! એ તો પદની રચના એવી છે. ટીકામાં તો (ચોખ્ખું છે). 'દિલ્હી'માં શેઠે એવો પ્રશ્ન કર્યો હતો. 'શાહૂજી'એ. પંડિતજીએ કહ્યું કે, જુઓ! વ્યવહારનો ઉપદેશ કરવો. અરે..! ઉપદેશની વાત નથી, પ્રભુ! ત્યાં તો એ પદ્યમાં એમ આવ્યું છે પણ એની ટીકામાં તો 'અમૃતચંદ્રાચાર્યે' કહ્યું કે તે તે સમયે જે કંઈ રાગાદિ આવે છે તેને વ્યવહારથી ઉપચારથી જાણવાલાયક છે એમ જાણવું. આહાહા..! સંસ્કૃતમાં 'તદાત્વે' શબ્દ છે. બારમી ગાથામાં 'તદાત્વે' છે. તે તે સમયે એટલે શું? જે સમયે રાગની તીવ્રતા થઈ તે સમયે સ્વ અને પર રાગનું જ્ઞાન કરવાની તાકાત પોતાથી જ્ઞાન થાય છે. સમજાય છે કાંઈ? અને બીજે સમયે જરી મંદ રાગ થયો તો એ જ સમયે જ્ઞાનની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પર્યાય પોતાથી સ્વપરપ્રકાશકરૂપે રાગને જ્ઞેય અને હું એનો જાણનારો (એમ જાણે છે). એ પણ વ્યવહાર છે. રાગ સંબંધી જે મારી જ્ઞાનની સ્વપરપ્રકાશક પર્યાય થઈ તેનો હું જાણનારો અને એ મારું જ્ઞેય એ પણ વ્યવહાર છે. આહાહા..! એ વાત સેટિકામાં આવી ગઈ છે. સેટિકા ખડી છે ને? આહાહા..! બહુ ઝીણું, ભાઈ! છે ને?

ક્રમવર્તી જ્ઞાનપર્યાય પરને જાણે તે પણ વ્યવહાર છે. એ તો લખાવ્યું હતું ને ? આહાહા..! શું કહ્યું? પોતામાં જ્ઞાનની પર્યાયમાં રાગાદિ જ્ઞેય છે તેને જાણવાનો સ્વભાવ છે પણ એ રાગ ને જ્ઞેય છે તો જ્ઞાનની પર્યાય પરને પ્રકાશે છે એમ પણ નથી. પોતાની પર્યાયની તાકાતથી સ્વ અને પરને જાણવાની પર્યાય ઉત્પન્ન થઈ, એ રાગને કારણે નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? હવે આ તકરાર મોટી, વાંધા સોનગઢને નામે. અરે..! ભગવાન! પ્રભુ! તારો માર્ગ... તારી ચીજ એવી છે. રાગ આવ્યો તેને તે સમયે તે સંબંધી અને પોતા સંબંધી જ્ઞાન કરવું એ તારો સ્વભાવ છે. સમજાય છે કાંઈ? પણ રાગથી, વ્યવહારથી જ્ઞાનની પર્યાય નિશ્ચય પ્રગટ થઈ એ તો નથી પણ રાગ છે તો એ સંબંધીની પોતાની જ્ઞાનની પર્યાય થઈ એમ પણ નથી. પોતાની જ્ઞાનની સ્વપરપ્રકાશક પર્યાય થઈ એમાં એ જ્ઞેયનું જ્ઞાન થયું. સમજાય છે કાંઈ? એ પણ વ્યવહાર છે. આહાહા..! અને જ્ઞાનની પર્યાયને જાણનારો હું એ ભેદ થયો. એ પણ વ્યવહાર છે. હું તો જ્ઞાયક છું. બસ! એવું પરિણમન થયું તેનું નામ જ્ઞાયક કહે છે. આહાહા..! સૂક્ષ્મ વાત તો છે.

એક શક્તિ એક કલાક ચાલી. થોડી. બાકી તો પાર નથી, ભાઈ! અંદરમાં જે એની ગંભીરતા ભાસે છે એટલું તો કહેવાની તાકાત નથી. આહાહા..! સંતો અને કેવળીઓ એનું સ્પષ્ટીકરણ કરે, ગજબ કરે છે! આહાહા..! અરે..રે..! એવા પરમાત્મા, સંતોના ભરતમાં વિરહ પડ્યા. સમજાય છે કાંઈ? આહાહા..!

**'પર જેમના કારણ છે...'** કોણ? પોતાના સ્વભાવ સિવાય જે જ્ઞેય રાગાદિ પર એ જેમના કારણ છે. પોતાના જ્ઞાનમાં જ્ઞેય તરીકે જણાય એવું કારણ છે. **'એવા જ્ઞેયાકારોને ગ્રહણ કરવાના અને પોતે જેમનું કારણ છે એવા જ્ઞાનાકારોને ગ્રહણ કરાવવાના...'** પરના જ્ઞાનમાં ગ્રહણ કરાવવું. હું જ્ઞેય છું, બસ! પરના જ્ઞાનમાં હું જ્ઞેય છું. આહાહા..! પોતાના જ્ઞાનમાં એ પર જ્ઞેય છે. પરના જ્ઞાનમાં હું જ્ઞેય છું, બસ! એટલી વાત છે. આહાહા..! એવી શક્તિ માનનારને શક્તિવાન દ્રવ્યની જ્યારે પ્રતીતિ થાય છે તો પર્યાયમાં રાગથી મને જ્ઞાન થયું એ તો નહિ, નિશ્ચય પર્યાય જે થઈ એ રાગથી થઈ એમ તો નહિ પણ રાગ છે તો પરપ્રકાશક પર્યાય થઈ એમ પણ નથી. આહાહા..! 'ધન્નાલાલજી'! આ શરાફ બજાર ચાલે છે. આહાહા..! આવ્યું? શું કહ્યું?

**'પોતે જેમનું કારણ છે એવા જ્ઞાનાકારોને ગ્રહણ કરાવવાના સ્વભાવરૂપ પરિણમ્યપરિણામકત્વશક્તિ'** છે. પરિણમ્યમાં પ્રમાણ લેવું અને પરિણામકત્વમાં લેવું પ્રમેય.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પરનું જ્ઞાન કરવાની તાકાત અને પરમાં પ્રમેય થવાની તાકાત, બસ! આ શક્તિમાં તો બહુ ભર્યું છે! અનંતશક્તિમાં આ શક્તિનું રૂપ પડ્યું છે. એટલો વિસ્તાર છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ !)

---

**પ્રવચન નં. ૧૬ શક્તિ-૧૫ થી ૧૭ શુક્રવાર, (દ્વિતીય) શ્રાવણ સુદ ૧૩, તા. ૨૬-૦૮-૧૯૭૭**

---

'સમયસાર' શક્તિનો અધિકાર ચાલે છે. પંદરમી શક્તિ ચાલી. એમાં શું કહ્યું? એક એક શક્તિમાં તો બહુ ભંડાર ભર્યા છે. એમ કહે છે કે આત્મામાં એક પરિણમ્યપરિણામકત્વ નામની શક્તિ છે. એનો અર્થ કે પોતા સિવાય પર જ્ઞેયોને ગ્રહણ કરવાનો-જાણવાનો જેનો સ્વભાવ તે પરિણમ્ય (શક્તિ). અને પોતાનો સ્વભાવ પર જ્ઞાનમાં ગ્રહણ કરાવવાનો સ્વભાવ તેનું નામ પ્રમેય. પરિણમ્યપરિણામકત્વ, પ્રમાણ અને પ્રમેય, બેનો અર્થ એ છે. એ શક્તિનો સ્વભાવ (એવો છે કે) પોતાના સ્વભાવમાં પર જ્ઞેયોને ગ્રહણ કરવા એટલે જાણવું સ્વભાવ છે પરંતુ પરદ્રવ્યનું કંઈ કરવું એવો સ્વભાવ નથી. નિશ્ચયથી તો પ્રમાણજ્ઞાન-પરિણમ્યનો અર્થ ચાલે છે, એ રાગાદિનું જ્ઞાન કરે. સમજાય છે કાંઈ? રાગનું કર્તાપણું એ સ્વરૂપમાં નથી. આહાહા..! મોટી તકરાર, વાંધા આખા એ છે ને અત્યારે? એક શક્તિ સમજે એક ધારાએ, 'જયસેનાચાર્ય' કહે છે કે એક ભાવ યથાર્થ સમજે તેને સર્વ ભાવ યથાર્થ (સમજાય જાય). સમજાય છે કાંઈ?

અહીંયા કહે છે કે આત્મામાં પરિણમ્યપરિણામકત્વ નામની એક શક્તિ છે. એક શક્તિ અનંતગુણમાં વ્યાપક છે અને અનંતગુણમાં એ નિમિત્ત છે. એ શક્તિ ધ્રુવરૂપ ઉપાદાન છે અને ક્ષણિક પર્યાયમાં જે પરિણતિ થાય છે તે ક્ષણિક ઉપાદાન છે. પોતાની પર્યાયમાં પરને જાણવું-ગ્રહણ કરવું એવી પરિણમ્યશક્તિ છે અને પોતાનો સ્વભાવ પરના જ્ઞાનમાં આખા દ્રવ્ય, ગુણ અને પર્યાય, પર્યાયમાં જાણવાનો સ્વભાવ એટલી વાત પરિણમ્ય (શક્તિમાં) કરી. પરિણમ્ય કહ્યું ને? એ તો પરજ્ઞેયોને પોતામાં જાણવાનો સ્વભાવ છે. આહાહા...! અનંત સિદ્ધો અને અનંત પંચ પરમેષ્ઠી જ્ઞેય છે તો જ્ઞેયને જાણવાનો સ્વભાવ છે પણ પંચ પરમેષ્ઠી મારા છે અને હું એનો શિષ્ય છું એવી કોઈ વસ્તુ નથી. આહાહા.! સમજાય છે કાંઈ? પોતાના દ્રવ્ય, ગુણ, પર્યાય... પરિણમ્યમાં પર્યાયની વાત આવી. પર જ્ઞેય અનંતા નિગોદના જીવ છે, અનંત સિદ્ધ છે, અનંત કેવળી છે અને ત્રિકાળના પંચ પરમેષ્ઠી ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી અરિહંતાણં, એ ત્રિકાળવર્તી અરિહંતને જ્ઞાનની પર્યાયમાં જાણવાનો સ્વભાવ છે. આહાહા..! અને પોતાના દ્રવ્ય, ગુણ અને પર્યાય પરના જ્ઞાનમાં ગ્રહણ કરાવવાનો સ્વભાવ છે. પરને તો ગ્રહણ કરવાનો સ્વભાવ નથી. સમજાય છે કાંઈ?

પરદ્રવ્યમાં જે જ્ઞાતા-પ્રમાણજ્ઞાનવાળા છે તેને પોતાના દ્રવ્ય, ગુણ, પર્યાય ગ્રહણ કરાવવા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એવો પ્રમેય સ્વભાવ છે. આહાહા..! સમજાય છે કાંઈ? પરને પ્રમેય બનાવે અને પરનું પ્રમેય પોતે બને. આહા..હા...! પોતે સમજ્યા? સ્વયં. થોડા ગુજરાતી શબ્દો આવી જાય છે. સમજાય છે કાંઈ? એ પરિણમ્યપરિણામકત્વશક્તિ એક પણ જો યથાર્થપણે સમજે (તો બધી વાત યથાર્થપણે સમજાય જાય). અહીં મલિન પરિણામનો પ્રશ્ન તો છે નહિ. શક્તિનું વર્ણન છે ને? શક્તિ શુદ્ધ છે તો એનું પરિણમન પણ શુદ્ધ છે. અશુદ્ધ પરિણમનની અહીંયા વાત નથી. દ્રવ્ય શુદ્ધ, ગુણ શુદ્ધ, પર્યાય શુદ્ધ. એ ત્રણની અહીંયા વાત છે. જે શુદ્ધ પર્યાય ક્રમવર્તી છે, રાગ ક્રમવર્તીની અહીંયા વાત નથી, આહા..હા..! ... વ્યવહારથી, રાગથી જ્ઞાનની નિશ્ચય પર્યાય થાય છે એ વાત તો છે જ નહિ, પણ રાગનું જ્ઞાન કરવાનો–ગ્રહણ કરવાનો સ્વભાવ છે કે આ રાગ છે, બસ! એ રાગને ગ્રહણ કરવાના સ્વભાવમાં પણ પોતાનું જ્ઞાન જે રાગને જાણે છે એવી જે સ્વપરપ્રકાશક જ્ઞાનની પર્યાય છે તે રાગ છે તો સ્વપરપ્રકાશકજ્ઞાન થયું એમ નથી. આવો માર્ગ છે. આહાહા..! સમજાય છે કાંઈ? 'વેણીપ્રસાદજી'!

મુમુક્ષુ :–

ઉત્તર :– હા, એટલી વાત છે, ભાઈ! તારી પ્રતીતમાં ભરોસો આવ્યો નથી. આહાહા..! પરિણમ્યપરિણામકત્વશક્તિ–સ્વભાવ, દ્રવ્યની શક્તિ, સત્‌નું સત્ત્વ, એ શક્તિનો સંગ્રહાલય કરનારું દ્રવ્ય. આહાહા..! એમાં એમ આવ્યું, પરદ્રવ્યને પોતાના માનવા, પંચ પરમેષ્ઠીને પોતાના માનવા એવો એનો સ્વભાવ નથી, એમ કહે છે. 'નંદકિશોરજી'! આ તો આનંદની વાત છે. આહાહા..! જ્ઞેયને જાણવાનો સ્વભાવ છે. એ પણ વ્યવહાર કહેવામાં આવે છે. આહાહા..! આત્મા પોતાને જાણે એ પણ વ્યવહાર છે. ભેદ પડ્યો ને? (એટલે). એ વાત સેટિકામાં આવી ગઈ. સમજાય છે કાંઈ? આત્મા તો જ્ઞાયક છે, બસ! આત્મા જ્ઞાન દ્વારા જાણે એવો ભેદ પણ જેમાં નથી. આહાહા..! સમજાય છે કાંઈ? એ વસ્તુ સમ્યગ્દર્શનનો વિષય છે. 'ધરમચંદભાઈ'! આહાહા..! સમજાય છે કાંઈ? આ તો અલૌકિક વાતું, પ્રભુ! સર્વજ્ઞ વીતરાગની અમૃતધારા છે. આહાહા..! એ સાધારણ વસ્તુ નથી. સમજાય છે કાંઈ?

પરિણમ્યપરિણામકત્વશક્તિમાં પ્રમાણ થવાનો અને પરમાં પ્રમેય થવાનો સ્વભાવ છે. પરને પોતાના માનવા કે પરથી પોતાને માનવો, પરથી પોતામાં કોઈ કાર્ય થાય અને પોતાથી પરમાં કાર્ય થાય એવી શક્તિ છે જ નહિ. સમજાય છે કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :– પરના કામ તો બધા કરે છે.

ઉત્તર :– 'રામજીભાઈ' પણ કરતા હતા, વકીલાતમાં દલીલ નહોતા કરતા? કોણ કરતા હતા? એ તો જડની પર્યાય છે. એ જડની પર્યાયને જાણવાનો સ્વભાવ આત્માનો સ્વભાવ છે પણ જડની પર્યાયને કરવું એ આત્માનો સ્વભાવ નથી. સમજાય છે કાંઈ? આહાહા..! ગજબ વાત કરી છે.

બીજી વાત, નિગોદ જીવ અનંત છે. એક ડુંગળી, લસણની એક રાઈ જેટલી કટકીમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



તો અસંખ્ય શરીર. અને એક શરીરમાં અત્યાર સુધી સિદ્ધ થયા, છ મહિના ને આઠ સમયમાં છસો આઠ સિદ્ધ થાય છે, તો અત્યાર સુધી સિદ્ધ થયા તેના કરતાં અનંતગુણા એક શરીરમાં જીવ. એ જીવની દયા પાળી માટે છે એમ નથી, એમ કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ?

એ મોટી ચર્ચા થઈ હતી. તેરાપંથી અને સ્થાનકવાસી વચ્ચે થઈ હતી. તેરાપંથી ... અને સ્થાનકવાસી .... મોટી ચર્ચા થઈ હતી. ... એવો શબ્દ છે. સ્થાનકવાસીમાં બત્રીસ સૂત્ર છે ને? શ્વેતાંબર પીસ્તાલીસ માને છે. એમાં આ એક શબ્દ પડ્યો છે. અમારે તો પહેલેથી ઘણી ચર્ચા થઈ છે. ત્યાં એવો શબ્દ છે, ભગવાને પ્રવચન કેમ કહ્યું? કે સર્વ જીવ .... ત્યારે બાવીસ .. વાળા એમ કહે કે, રક્ષા માટે કહ્યું. ત્યારે તેરાપંથી એમ ન માને. રક્ષા કરી શકે નહિ, એમ કહે. પરની રક્ષા કરવી એ તો પાપ છે. એ પાપનો અર્થ રક્ષા કરી શકે છે એની તો ખબર પણ નથી. આ તો પરની રક્ષાનો ભાવ છે તે પાપ છે. સમજાય છે કાંઈ? બન્ને વચ્ચે એક મહિનો ચર્ચા થઈ. આહાહા..!

અહીં તો કહે છે કે ભગવાને ... કહ્યું એમ આવ્યું તો સર્વ જીવની રક્ષા માટે કહ્યું છે એમ પણ નથી. સર્વ જીવની દયા પાળવા માટે કહ્યું છે એમ નથી. 'લાલચંદભાઈ'! આહાહા..! એ જ્ઞેય છે, જ્ઞાનમાં જાણવાલાયક છે તેથી બતાવ્યું છે. 'મણિભાઈ'! આવી વાતું છે, ભાઈ! આહાહા..! લોકો હવે સત્‌ને સમજવા જિજ્ઞાસુ તો થયા છે. આજે જ ફરીને કાગળ આવ્યો છે, ભાઈ! 'કોટા' નો આવ્યો છે, કોઈ 'હુકમચંદજી' છે. કોઈને મોકલો. ગયા છે, પાંચ છ જણા ગયા છે. 'જ્ઞાનચંદજી' પણ ગયા છે. ત્યાં ભોપાલમાં ... શું કહેવાય? પંડિત 'યુગલકિશોર'. ત્યાં ... અરે...રે...! ભાઈ! આ તકરાર ને આ શું? બાપુ! પ્રભુ! તારો સ્વભાવ શું છે એની તને ખબર નથી અને તું આ શું કહે છે?

અહીંયા તો કહે છે કે શુભરાગથી ધર્મ તો થતો નથી પણ શુભરાગ છે તો જ્ઞાન તેનાથી જાણે છે એમ પણ નથી. પોતાની પર્યાયનો સ્વપરપ્રકાશક જાણવાનો સ્વભાવ છે તેને જાણે છે. એટલે કે પરને જાણે છે, ગ્રહણ કરે છે. અને પરને ગ્રહણ કરાવે છે જ્ઞાનીને, પરને તો કાંઈ... સમજાય છે કાંઈ? આવો એનો સ્વભાવ અનાદિઅનંત છે. આહાહા..! એ વાત તો કાલે ચાલી હતી. હવે આજે તો એનાથી પણ થોડી સૂક્ષ્મ વાત છે. ધ્યાન રાખજો, ભગવાન! આ તો ભગવાનના ઘરના પ્રવાહની વાત છે. સમજાય છે કાંઈ? સોળમી શક્તિ. આજે તમારો સોળમો દિવસ છે. આહાહા..! અને સોળ કિરણે પૂર્ણ ભગવાન છે એ શક્તિ અહીંયા બતાવશે. શું કહે છે?

**अन्यूनातिरिक्तस्वरूपनियतत्वरूपा त्यागोपादानशून्यत्वशक्तिः। ૧૬.**

**જે ઘટતું-વધતું નથી એવા સ્વરૂપમાં નિયતત્વરૂપ (-નિશ્ચિતપણે જેમનું તેમ રહેવારૂપ-) ત્યાગોપાદાનશૂન્યત્વશક્તિ. ૧૬.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'જે ઘટતું-વધતું નથી...'** આહાહા..! જ્ઞાયકસ્વરૂપ જે ધ્રુવ નિત્યાનંદ પ્રભુ, એમાં ઘટવધ કદી થતી નથી. શું કહે છે? ભગવાનઆત્મા ભરિતઅવસ્થ–પરિપૂર્ણ અવસ્થ સ્વરૂપ છે. આપણે 'બંધ અધિકાર'માં લીધું છે. સર્વ જીવો ભરિતઅવસ્થ (છે). ભરિતઅવસ્થ (એટલે) અવસ્થા નહિ. નિશ્ચય-સ્થ. પૂર્ણ પૂર્ણ સ્વભાવથી ભરેલો ભગવાનઆત્મા. પરમાત્મ સ્વરૂપે પોતાનો પરમાત્મા છે. આહાહા..!

કહે છે કે પોતાના પરમાત્મ સ્વરૂપમાં.. અશુદ્ધતાની તો અહીંયા વાત જ નથી, અહીંયા તો શુદ્ધતાની અપૂર્ણ પર્યાય છે તો અંદર શુદ્ધતામાં ઘણી શુદ્ધતા છે એમ નથી. અને શુદ્ધતાની પૂર્ણ પર્યાય કેવળજ્ઞાનમાં થાય તો ત્યાં શુદ્ધતા ઘટી ગઈ એમ નથી. સમજાય છે કાંઈ? ફરીને, એક-બે વાર કહીએ તો ... આહાહા..! 'સુજાનમલજી'! આવી વાત છે. ક્યાં ગયા? 'છગનભાઈ'! નથી આવ્યા? આહાહા..! સાંભળો, ભાઈ!

એકવાર એ કહ્યું હતું, 'ગગનમંડળ મેં ગૌઆ વિહાણી, વસુધા દૂધ જમાયા' વસુધા એટલે પૃથ્વી એટલે શ્રોતા. શ્રોતાના કાનમાં ગૌઆ–ગૌ એટલે વાણી. 'ગગનમંડળમાં ગૌઆ વિહાણી વસુધા દૂધ જમાયા, સહુ રે સુનો રે ભાઈ, વલોણું વલોવે તો...' મંથન નથી કરતા? 'સહું રે સુનો રે ભાઈ, વલોણું વલોવે તો તત્ત્વ અમૃત કોઈ પાયે, અબધુ જોગી ગુરુ મેરા, એ સબકા કરે ... ' આહાહા..! અમૃતની વાણી ભગવાનના શ્રીમુખે. ગૌ ગૌનો અર્થ ત્યાં ગાય લીધો છે. ગૌનો અર્થ વાણી, ગૌનો અર્થ વાણી થાય છે. ભગવાનની વાણી ૐ ધ્વનિ આકાશમાં નીકળી. અહીંયા આકાશવાણી નથી કહેતા? રેડિયોમાં કહે છે. એ તો બધી ઠીક. આ તો ભગવાન પાંચસો ધનુષ ઊંચે, પાંચ હજાર ધનુષ ઉંચે. સમવસરણમાં ૐ ધ્વનિ નીકળી, એ અવાજ. ગૌ નામ અવાજ. 'ગગન મંડળમેં ગૌઆ વિહાણી, વસુધા દૂધ જમાયા, સુગુરા હોવે સો ભરભર પીવે પ્યારા, નગુરા જાયે રે પ્યાસા, અબધુ સો જોગી રે ગુરુ મેરા...' આહાહા..!

અહીંયા કહે છે કે, એકવાર સાંભળ તો ખરો, નાથ! તું કેવી વસ્તુ છો? કે તારી વસ્તુમાં કદી ઘટવધ થતી નથી. આહાહા..! સિદ્ધપદની પર્યાય હોય તો એટલી પૂર્ણ શુદ્ધતા આવી તો અંદર શુદ્ધતામાં ઓછપ થઈ ગઈ, એમ નથી. 'લાલચંદભાઈ'! આહાહા..! ચોથે ગુણસ્થાને સમ્યગ્દર્શનની નિર્મળ પર્યાય થઈ, પૂર્ણ પર્યાય નથી તો શુદ્ધતામાં વિશેષ શુદ્ધતા છે એમ નથી. એ તો છે ઇ છે. આહાહા..! સમજાય છે કાંઈ? માર્ગ પ્રભુના,.. ભાઈ! અત્યારે બહારના કર્તા (થાય), આ કરવું ને આ કરવું ને પૂજા ને ભક્તિ.. એ ભાવ હોય છે પણ એ તો શુભ છે. અહીંયા તેની તો વાત જ નથી. શક્તિમાં એનું વર્ણન જ નથી.

શક્તિમાં તો જે શક્તિ છે એ દ્રવ્ય-ગુણમાં તો અનાદિથી વ્યાપ્ત છે. પણ શક્તિની જ્યારે પ્રતીતિ થાય છે ત્યારે પર્યાયમાં શક્તિનું કાર્ય આવે છે. આહાહા..! કહે છે, શક્તિનું કાર્ય અંદર નિર્મળ પર્યાય આવ્યું તો નિર્મળ પર્યાય અલ્પ છે તો ત્યાં ઘણી શુદ્ધતા છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કે નહિ? ના. ત્યાં તો શુદ્ધતા પરિપૂર્ણ છે એવી છે. આહાહા..! 'જ્ઞાનચંદજી'! પ્રભુનો આવો માર્ગ છે, ભાઈ! આહાહા..!

ઘટવું અર્થાત્ પર્યાયમાં શુદ્ધતા ઘણી વધી ગઈ તો અંદર શુદ્ધતા ઓછી થઈ ગઈ, એમ નથી. વધવું-પર્યાયમાં અશુદ્ધતા થોડી થઈ તો ત્યાં અંદરમાં ઘણી શુદ્ધતા છે, એમ નથી. આહાહા..! 'શિખરચંદજી'! આવી વાતું પ્રભુની છે, ભાઈ! **'ઘટતું-વધતું નથી...'** ઘટ અને વધ કદી થતી નથી. આહાહા..! સમજાય છે કાંઈ? **'એવા સ્વરૂપમાં નિયતત્વરૂપ (-નિશ્ચિતપણે જેમનું તેમ રહેવારૂપ)...'** આહાહા..! ભગવાન ધ્રુવ સ્વરૂપે જ્ઞાયકભાવ એ તો છે. આહાહા..! યથાસ્થિત રહે છે. એમાં-દ્રવ્ય સ્વભાવમાં કંઈ ઘટવધ થાય એવું કદી બનતું નથી. આહાહા..! એક વાત.

ઘટવધ રહિત નિયતત્વરૂપ શક્તિ છે તો એ શક્તિનું પરિણમન પર્યાયમાં તો થાય છે. સમજાય છે કાંઈ? તો પર્યાયમાં પણ ઘટવધ નહિ એમ એને લાગુ પડે કે નહિ? આહાહા..! પર્યાયમાં પણ ઘટવધ નથી એમ અહીં તો કહે છે. કેમકે ભલે શુદ્ધતા અલ્પ છે પણ એ ત્રિકાળીને સિદ્ધ કરે છે. એ પર્યાય જો ઘટેલી હોય તો ત્રિકાળી સિદ્ધ થતો નથી. સમજાય છે કાંઈ? એવી વાત છે. આહાહા..!

અહીંયા અશુદ્ધતાની વાત નથી. અશુદ્ધતાનું જ્ઞાન પોતાની પર્યાયમાં પોતાથી થાય છે. એવી ક્રમવર્તી પર્યાયમાં ત્યાગઉપાદાનશક્તિનું પરિણમન થાય છે તો કહે છે કે ત્યાગઉપાદાનરહિત, વસ્તુ જે છે એ તો ત્યાગઉપાદાનરહિત છે. પરનો ત્યાગ કરવો અને પરનું ગ્રહણ કરવું એ તો સ્વરૂપમાં છે જ નહિ પણ રાગનો ત્યાગ કરવો કે ગ્રહણ કરવું એ સ્વરૂપમાં નથી. આહાહા..! હવે નિર્મળ પર્યાયનું પ્રગટ થવું અને તેનો ત્યાગ થવો અને નવી પર્યાયનું ઉત્પન્ન થવું તે છે. પણ એ જે છે આહાહા..! જે નિર્મળ પર્યાય થઈ તે પણ ઘટવધ વિનાની પર્યાય છે. એય..! 'લાલચંદભાઈ'! ધીરેથી સમજવું. આ તો વીતરાગના માર્ગ! આહાહા..! ગણધરો અને સંતો એના અર્થ કરે એ કેવા હશે? આહાહા..! આ વાત સર્વજ્ઞ સિવાય ક્યાંય નથી. વાત બધા કરે, શુદ્ધ આવો છે ને આવો છે, પણ એ શુદ્ધ વસ્તુ શું છે? (એની ખબર ન મળે). પૂર્ણ શુદ્ધ છે તેમાંથી શુદ્ધતા આવે છે તો શુદ્ધતા અપૂર્ણ થોડી આવી માટે ત્યાં અંદરમાં શુદ્ધતા વિશેષ છે (એમ નથી). અને શુદ્ધતા ઘણી આવી તો ત્યાં શુદ્ધતા ઓછી છે એમ છે? આહાહા..!

**'જે ઘટતું-વધતું નથી...'** ઘટવું અને વધવું થતું નથી. હવે અહીં તો પાછું થોડું પર્યાયમાં લેવું છે. સમજાય છે કાંઈ? જે શક્તિ-ગુણ એવો છે તો એ દ્રવ્યમાં વ્યાપક છે, અંદરમાં શક્તિમાં શક્તિ છે, હવે જ્યારે એનું ભાન થયું એની અહીંયા વાત છે. ભાન થયું તો ઘટવધ વિનાની શક્તિ છે એનું પરિણમન તો આવ્યું. જેમ ગુણ અને દ્રવ્યમાં ઘટવધ નથી એમ પર્યાયમાં ઘટવધ નથી એમ (પર્યાય થાય) છે. આહાહા..! 'જ્ઞાનચંદજી'! સમજાય છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કાંઈ? અરે..! પરમાત્માના વિરહ પડ્યા અને ભગવાનની વાણી રહી ગઈ. 'સમયસાર' સાક્ષાત્ શબ્દબ્રહ્મ. વાણી શબ્દબ્રહ્મ ! આહાહા..! અરે..રે..! વિરોધ કરે, પ્રભુ! તને ખબર નથી. આવું સાહિત્ય હોય એમાં રાગનો કર્તા અને રાગથી લાભ ન માને એ સાહિત્ય ખરાબ છે એમ એ લોકો માને છે. અરે..! પ્રભુ! એ ઝઘડો છે ને? .. પરમ દિવસે 'કોટા'માં તોફાન થશે. અરે..રે...! શું કરે છે? ભગવાન!

તારી ચીજ ઘટવધ વિનાની છે, નાથ! ખરેખર તો પર્યાયનું ગ્રહણ કરવું અને પર્યાયનું છોડવું એ પણ દ્રવ્યમાં નથી. 'લાલચંદભાઈ'! પરનો ત્યાગ કરવો અને ગ્રહણ કરવું એ માનવું એ મિથ્યાત્વ છે. આહાહા..! કેમ કે પરના ત્યાગગ્રહણ આત્મા ક્યાં (કરે)? આત્માએ રજકણ પકડ્યા છે? સ્ત્રી-કુટુંબને પકડ્યા છે કે છોડે? 'ધન્નાલાલજી'!

મુમુક્ષુ :- કથંચિત્ પકડ્યા છે.

ઉત્તર :- ધૂળ પણ પકડ્યા નથી. સર્વથા પકડ્યા નથી, એમ કહે છે. શેઠ સ્પષ્ટ કરાવે છે, હોં! સમજાય છે કાંઈ? આહાહા..!

ભગવાન અનંતઆનંદનો નાથ પ્રભુ, એની શક્તિમાં અને સ્વભાવમાં ઘટવધ થતી નથી પણ એની જ્યારે પરિણતિ થાય.. કારણ કે આ તો દ્રવ્ય, ગુણ, પર્યાય ત્રણેમાં વ્યાપ્ત થાય છે. સમજાય છે કાંઈ? અનંતગુણમાં પણ એ નિમિત્ત છે અને અનંતગુણમાં આ શક્તિનું રૂપ છે. અને અનંતશક્તિનું આ શક્તિની પર્યાયમાં પણ રૂપ છે. આહાહા..! સમજાય છે કાંઈ? ત્યારે કહો કે વસ્તુમાં ઘટવધ ભલે નથી પણ જ્યારે એ પર્યાયનું પરિણમન થાય છે તો એમાં પણ ઘટવધ નથી એમ લાગુ પડે છે. 'લાલચંદભાઈ'! આહાહા..! અર્થાત્ એ અપૂર્ણ શુદ્ધ છે ને પૂર્ણ શુદ્ધ છે એવા ભેદ ભલે હો પણ એ અપૂર્ણ શુદ્ધ છે તે આખા દ્રવ્યને સિદ્ધ કરે છે. બરાબર પુરી છે. એક પર્યાયને કાઢી નાખો તો અનંત પર્યાયનો પિંડ દ્રવ્ય સિદ્ધ થતું નથી. સમજાય છે કાંઈ? સમજાય એટલું સમજો. આ તો... આહાહા..! ગજબ વાત છે!

એક પછી એક શક્તિનું વર્ણન અંદર સૂક્ષ્મ થતું જાય છે. પછી અગુરુલઘુ લેશે. આહાહા..! આ તો ખ્યાલમાં આવે એવી વાત છે. અગુરુલઘુ તો ખ્યાલમાં ન આવે એવી વાત પછી કહેશે. સમજાય છે કાંઈ? કારણ કે એ તો કેવળી જાણી શકે. શ્રુતજ્ઞાનમાં એટલી તાકાત નથી કે અગુરુલઘુ પર્યાય, ષટ્ગુણહાનિવૃદ્ધિ (કહી શકે). આહાહા..! પ્રતીત કરી શકે. સમજાય છે કાંઈ? આહાહા..! લોકોને શંકા પડે કે જ્યારે વસ્તુ છે, પૂર્ણ અવસ્થિત, ભરિતઅવસ્થ શબ્દ છે ને? ભાઈ! 'બંધ અધિકાર'માં બંધ વિનાશાર્થે આ ભાવના કરવી. નિર્વિકલ્પોઅહં. ભરિતઅવસ્થઅહં. હું અભેદ છું અને ભરિતઅવસ્થ—અવસ્થ એટલે પર્યાય નહિ, ભરિતઅવસ્થ—નિશ્ચય શક્તિથી ભરપૂર ભરેલો છું. આહાહા..! એવી અનંતશક્તિથી પૂર્ણ ભરેલો છું. એ કહ્યું હતું. 'બંધ અધિકાર'માં કહ્યું હતું. છે આમાં? નથી? છે, છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


રાગનો સંબંધ-બંધ છે તેના વિનાશાર્થ-નાશ કરવા માટે વિશેષ ભાવના-ખાસ ભાવના કહેવામાં આવે છે. કેવી ભાવના કરવી? સહજ શુદ્ધ જ્ઞાનાનંદ સ્વભાવોઅહં. સ્વભાવિક શુદ્ધ જ્ઞાનાનંદ સ્વભાવથી હું પરિપૂર્ણ છું. આહાહા..! સમજાય છે કાંઈ? એ તો એકવાર કહ્યું હતું ને? ૧૯૬૪ ની સાલ, સંવત ૧૯૬૪. 'પાલેજ'થી અમે માલ લેવા બહાર જતા, 'ભરૂચ', 'વડોદરા', 'મુંબઈ', 'અમદાવાદ'. ૧૮ વર્ષની ઉંમરે માલ લેવા 'વડોદરા' ગયેલા. ત્યાં અનસૂયાનું નાટક હતું. સતિ અનસૂયા. ભરૂચને કાંઠે નર્મદા છે અને ત્યાં અનસૂયા નદી છે. બન્ને બહેનો હતી, હોં! પછી નદીનું નામ પડ્યું છે. એ અનસૂયાનું નાટક જોવા અમે ગયેલા.એ અનસૂયાને પુત્ર નહોતો. બાઈ સ્વર્ગમાં જતી હતી. એ લોકો માને છે ને? અપુત્ર ગતિ નાસ્તિ. પુત્ર ન હોય એને ગતિ નહિ મળે. કેમ કે પુત્ર હોય તો.. શું કહેવાય? શ્રાદ્ધ.. શ્રાદ્ધ. શ્રાદ્ધ રાખે. શ્રાદ્ધમાં તો કાગડા આવે, તારો બાપ કાગડો થઈને આવશે? બધા ગપ ઉઠાવ્યા છે.

ત્યાં અનસૂયા બાઈ હતી. મોટું નાટક હતું. પછી એ બાઈને કહ્યું, સ્વર્ગની ગતિ નહિ મળે, પુત્ર હોવો જોઈએ. શું કરવું? નીચે પડ અને જે મળે એની સાથે લગ્ન કર. નીચે આંધળો બ્રાહ્મણ હતો, એ આંધળા બ્રાહ્મણ સાથે લગ્ન કર્યા. તેને થયો પુત્ર. બાઈ પુત્રને ઝુલાવતી હતી (અને ગાતી હતી), નિર્વિકલ્પો બેટા! તું શુદ્ધોસી, નિર્વિકલ્પોસી, ઉદાસીનોસી. એ ત્રણ શબ્દ યાદ રહી ગયા છે. બાકી ઘણા શબ્દો બોલતી હતી. આપણે ત્યાં ... શબ્દ છે. ઘણા વર્ષ થઈ ગયા. (સંવત) ૧૯૬૪ ની સાલ. કેટલા વર્ષ થયા? ૬૯. સીત્તેરમાં એક ઓછું વર્ષ. સીત્તેર સમજ્યા ને? સાત ને મીંડું. આહાહા..! એ કહેતી હતી, બેટા! તું શુદ્ધ છો, નિર્વિકલ્પો, ઉદાસીનો. આહાહા..! જે નાટકમાં વાત હતી એ અત્યારે સંપ્રદાયમાં રહી નહિ. એ તો રાગનો કર્તા છે ને રાગથી આમ થાય છે. અરે..! પ્રભુ! શું કરે છે તું આ? સમજાય છે કાંઈ?

અહીં તો કહે છે, સહજ શુદ્ધ જ્ઞાનાનંદ... સ્વભાવિક શુદ્ધ જ્ઞાનાનંદ એક સ્વભાવ. અહીંયા એક કહ્યું ને? ઘટવધ નહિ. એકરૂપ સ્વભાવ. એમાં ઘટવધ ત્રિકાળ સ્વભાવમાં કદી થતી નથી. નિર્વિકલ્પોઅહં. હું અભેદ છું. હું ઉદાસીન છું. પરથી મારું આસન ભિન્ન છે. જ્ઞેયથી મારું આસન-મારી સ્થિતિ ભિન્ન છે. પરથી ઉદાસીન છું. નિરંજન નિજશુદ્ધાત્મ સમ્યક્શ્રદ્ધાનજ્ઞાનઅનુષ્ઠાન આચરણરૂપ નિશ્ચય રત્નત્રયાત્મક નિર્વિકલ્પ સમાધિ સંજાત. નિર્વિકલ્પ સમાધિથી ઉત્પન્ન વીતરાગ સહજાનંદરૂપ સુખાનુભૂતિ. સુખાનુભૂતિ લક્ષણમાં એ જણાય છે. આહાહા..! વ્યવહારથી, રાગથી ને નિમિત્તથી જણાય છે એવી ચીજ નથી. સમજાય છે કાંઈ?

સ્વસંવેદનજ્ઞાન સંવેદ્યો પ્રાપ્ય ભરિતવસ્તુ અહં. આ શબ્દ છે. ભરિતઅવસ્થ. પૂર્ણ, પૂર્ણ, પૂર્ણ... જ્ઞાનરસ, આનંદરસ, શ્રદ્ધારસ, શાંતરસ, ચારિત્રરસ, સ્વચ્છતારસ, પ્રભુતારસ એ બધા રસથી ભરપૂર-ભરિત પૂર્ણ છું. આહાહા..! સમજાય છે કાંઈ? ધર્મીએ આ ભાવના કરવી, એમ કહે છે. બાર ભાવના કરતાં આ ભાવના (કરવી). આહાહા..! રાગ, દ્વેષ, મોહ, ક્રોધ,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



માન, માયા, લોભ, પંચેન્દ્રિય વિષય વ્યાપાર, મન-વચન-કાયા વેપારથી રહિત છું. એક શબ્દ પડ્યો રહ્યો, છાપવામાં ભૂલ થઈ ગઈ. દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મથી હું રહિત છું. જડકર્મ, નોકર્મ–શરીર, વાણી, ભાવકર્મ–દયા, દાનના વિકલ્પો આદિ. એનાથી હું શૂન્ય છું. પોતાના સ્વભાવથી ભરિતઅવસ્થ છું. હું પરથી શૂન્ય છું. સમજાય છે કાંઈ? 'પ્રવચનસાર'માં એ આવે છે. પોતાથી અશૂન્ય છું, પરથી શૂન્ય છું. પોતાથી અશૂન્ય છું એટલે પૂર્ણ છું, પરથી શૂન્ય છું. રાગાદિથી હું ત્રિકાળ શૂન્ય છું. આહાહા..!

ખ્યાતિ, પૂજા, લાભ, શ્રુતઅનુભૂત ભોગાંક્ષારૂપ નિદાન, માયા, મિથ્યાશલ્ય ... સર્વ વિભાવ પરિણામ રહિતોઅહં. શૂન્યઅહં. પરથી હું ત્રિકાળ શૂન્ય છું. આહાહા..! સંસારનો જે ઉદયભાવ છે તેનાથી તો હું શૂન્ય છું. આહાહા..! હવે અહીંયા કહે છે કે, ઉદયભાવથી કલ્યાણ થાય. આહાહા..! જગતત્રયી–ત્રણલોકમાં ત્રણકાળે સર્વ જીવ સંપૂર્ણ સ્વભાવથી ભરેલા છે એવી ભાવના કરો. સર્વ ભગવંત સ્વરૂપે છે. આહાહા..! નિગોદના જીવ પણ સંપૂર્ણ સ્વભાવથી ભરેલા પૂર્ણ છે. ભલે એક શરીરમાં અનંત જીવ હોય પણ એક એક જીવ પૂર્ણ સ્વભાવથી ભરેલા છે. એ કોણ માને? આહાહા..! દયા પાળવા માટે નિગોદ કહ્યું છે એમ નથી. એ જીવ અનંત છે તેનું જ્ઞાન ગ્રહણ કરવા માટે કહ્યું છે. આહાહા..! સમજાય છે કાંઈ?

અહીં કહે છે કે, સર્વ જીવા જગતત્રયે–ત્રણલોકમાં કાળત્રયે–ત્રણેકાળે, મન-વચન-કાયે, કૃતકારિતઅનુમોદે શુદ્ધનિશ્ચયનયેન તથા સર્વજીવા. આહાહા..! નિરંતર ભાવના કર્તવ્ય. નિરંતર આ ભાવના કરવી એમ કહે છે. એ.. 'મણિભાઈ'! અરે.. અરે..! અહીંયા ક્યાં લાગુ પડ્યું? ઘટવધ નહિ. પૂર્ણ વસ્તુ. બધા સર્વ આત્મા ભગવાન (છે). આહાહા..! વેદાંત કહે છે એક આત્મા સર્વવ્યાપક છે. એમ નથી. આખા લોકમાં બધા ભગવાનઆત્મા જ આત્મા બિરાજે છે. ભિન્ન ભિન્ન છે. પર્યાયમાં અશુદ્ધતા હો, શુદ્ધતા હો તેનું લક્ષ છોડી દે. સ્વરૂપે તો ભગવાન છે, સ્વરૂપે નિર્વિકલ્પ શુદ્ધ ચિદાનંદ ભરિતઅવસ્થ છે. આહાહા..! નિગોદના જીવ એક શરીરમાં અનંત. એક જીવની સાથે કાર્મણ અને તૈજસ બે શરીર, છતાં એ આત્મા તો પરિપૂર્ણ ધ્રુવસ્વરૂપ ભરિતઅવસ્થ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

એમ અહીંયા કહે છે કે એ પૂર્ણ વસ્તુ ઘટવધ વિનાની છે. હવે ફેર કેટલો? કે ઘટવધ ન થવું. આ તો વીતરાગની વાણી છે, બાપુ! આ કાંઈ વાર્તા-કથા નથી. એક એક શબ્દમાં કેટલું ગૂઢ ભર્યું છે! આહાહા..! **'જે ઘટતું-વધતું નથી એવા સ્વરૂપમાં...'** ત્રિકાળી **'નિયતત્વરૂપ (–નિશ્ચિતપણે જેમનું તેમ રહેવારૂપ–)...'** જેમ છે તેમ ત્રિકાળી રૂપ ભગવાનઆત્મા. આહાહા..! **'ત્યાગોપાદાનશૂન્યત્વશક્તિ.'** એ શક્તિ એવી છે કે રાગનો ત્યાગ કરે કે રાગને ગ્રહણ કરે એનાથી એ ચીજ શૂન્ય છે. આહાહા..! આવી વાત છે.

'સમયસાર' ૩૪ મી ગાથામાં આવ્યું ને? ભાઈ! રાગનો ત્યાગકર્તા નામમાત્ર આત્મામાં છે. પરમાર્થે રાગનો ત્યાગકર્તા પણ આત્મામાં નથી. આહાહા..! એ તો સ્વરૂપની સ્થિરતા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



થઈ ત્યાં રાગની ઉત્પત્તિ ન થઈ તો રાગનો ત્યાગ કર્યો એમ વ્યવહારથી કહેવામાં આવ્યું છે. સમજાય છે કાંઈ? આહાહા..! ચારિત્ર એને કહીએ કે સ્વરૂપ પરિપૂર્ણ ભર્યું છે એની પ્રતીતિ સહિત સ્વરૂપમાં સ્થિર થવું એ સ્થિર થવામાં રાગનો ત્યાગ ચારિત્ર ગુણ કરે છે એ નામમાત્ર છે. પરમાર્થે રાગનો ત્યાગ પણ આત્માને લાગુ પડતો નથી, એમ કહે છે. આહાહા..! અરે..! જૈનમાં જન્મ્યા એને પણ અભ્યાસ નહિ. ઘરમાં મૂડી શું છે (એની ખબર નહિ). પિતાજીની મૂડી હોય તો સંભાળે. ચાવીનું દૃષ્ટાંત આપ્યું હતું ને? આ ચાવી શું છે? આહાહા..!

કહે છે, પર્યાયમાં પણ ત્યાગોપાદાનશૂન્યત્વશક્તિનું પરિણમન થાય છે. ઘટવધ નહિ એવું પર્યાયમાં લાગુ પડે છે, ભાઈ! આહાહા..! ધીમેથી સમજવું. ન સમજાય તો રાત્રે આ સંબંધી પ્રશ્ન કરવા. આહાહા..! અહીં તો એ પ્રભુ પૂર્ણ પૂર્ણ પૂર્ણ પરના ત્યાગગ્રહણથી શૂન્ય એવી એમાં શક્તિ છે, ગુણ છે, સ્વભાવ છે. તો એ સ્વભાવની જ્યાં પ્રતીતિ થઈ, સ્વસન્મુખ થઈને સ્વનો આશ્રય લઈને જ્યાં જ્ઞાન થયું તો પર્યાયમાં પણ એ ત્યાગોપાદાનશૂન્યત્વશક્તિનું પરિણમન પર્યાયમાં પણ આવ્યું. એ પર્યાય પણ ત્યાગોપાદાનથી શૂન્ય છે. આહાહા..! કેમ કે એક જ પર્યાય હો, ચાહે તો સમ્યગ્દર્શનની શુદ્ધ પર્યાય હો, જો એ પર્યાયને કાઢી નાખો તો આખું દ્રવ્ય સિદ્ધ નહિ થાય. સમજાય છે કાંઈ? અહીં શુદ્ધની વાત છે, હોં! અશુદ્ધની વાત અહીંયા નથી.

શુદ્ધપર્યાય નાનામાં નાની સમ્યગ્દર્શનની પર્યાય હોય તોપણ એ પર્યાય પૂર્ણ દ્રવ્યને સિદ્ધ કરે છે, સાબિત કરે છે. માટે પર્યાયને પૂર્ણ કહેવામાં આવે છે. કહો, 'ચીમનભાઈ'! આવી વાતું છે. આહાહા..! અરે..રે..! એના સંપ્રદાયના જન્મ્યા એને જૈન પરમેશ્વર શું છે? કોણ જૈન હશે? (એની ખબર ન મળે). જૈન કોઈ સંપ્રદાય નથી. જૈન કોઈ કલ્પનાથી ઉભો કરેલો માર્ગ નથી. એ તો વસ્તુ (સ્વરૂપ છે). 'જિન સો હી હૈ આત્મા, અન્ય સો હી હૈ કર્મ, યહી વચન સે સમજ લે જિન પ્રવચન કા મર્મ.' આહાહા..!

જ્ઞાયકભાવ પરિપૂર્ણ પ્રભુ, એમાં એક શક્તિ એવી છે તો દરેક ગુણની પર્યાય પણ પૂર્ણ ભરિતઅવસ્થ છે, એનું રૂપ એમાં આવ્યું કે નહિ? બંડીજી! શું કહ્યું સમજાયું? જ્ઞાનગુણની સમ્યક્ પર્યાય થઈ તો એમાં પણ આ ત્યાગઉપાદાનશક્તિનું રૂપ પર્યાયમાં છે એમ એમાં પણ રૂપ છે. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ! સમજાય છે કાંઈ? થોડી ઝીણી, એમ કહીએ છીએ, હોં! આહાહા..! સંતો દિગંબર મુનિઓ એનું સ્પષ્ટીકરણ કરતા હોય.. ઓ..હો..હો...! આત્માને આમ હથેળીમાં બતાવે. એમ આત્મા બતાવ્યો છે.

દરેક ગુણની પર્યાય પણ ત્યાગોપાદાનશૂન્યત્વશક્તિનું રૂપ એમાં છે. આહાહા..! જ્ઞાનની પર્યાય પણ રાગનો ત્યાગ કરે કે રાગને ગ્રહણ કરે એ પર્યાયમાં નથી. જ્ઞાનની પર્યાયમાં નથી. એમ શ્રદ્ધાની પર્યાયમાં મિથ્યાત્વનો ત્યાગ કરે એ શ્રદ્ધાની પર્યાયમાં નથી. આહાહા..!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એમ ચારિત્રની પર્યાયમાં રાગનો અભાવ કરે, એ ચારિત્રની પર્યાયમાં નથી. આનંદની પર્યાય પ્રગટ થઈ એમાં દુ:ખનો ત્યાગ કરે એમ નથી. આહાહા..! આવો માર્ગ. દિગંબર સંતો સિવાય આવા ઝરણા ક્યાંય નથી. અમૃતના ઝરણા વહ્યા છે. આહાહા..! સમજાય છે કાંઈ?

ભગવાન તું પરિપૂર્ણ છો ને નાથ! અને પરિપૂર્ણમાંથી પર્યાય થઈ એ પણ પરિપૂર્ણ છે એમ અહીંયા તો કહે છે. આહાહા..! અલ્પ છે ને? ભલે અલ્પ હો, અને પૂર્ણ કેવળ હો. આહાહા..! ક્ષયોપશમ સમકિતની પર્યાય હો, ક્ષાયિકની પર્યાય હો, આહાહા..! ક્ષયોપશમજ્ઞાનની પર્યાય હો, ક્ષાયિક કેવળજ્ઞાનની પર્યાય હો... આહાહા..! ચારિત્રની નિર્મળ પર્યાય અલ્પ હો અને ચારિત્રની પૂર્ણ પર્યાય હો, તે પણ એક એક પર્યાય પૂર્ણને સિદ્ધ કરે છે. એ આવ્યું હતું ને? નય, ઉપનયનો સમુદાય તે દ્રવ્ય છે. આવ્યું હતું ને? સંસ્કૃતમાં આવ્યું હતું. 'ધવલ'માં આવ્યું હતું. નય, ઉપનયનો સમુદાય તે ભગવાનઆત્મા. એનો વિષય. આહાહા..! આવી વાત. બાપુ! તારા ઘરની વાતું મોટી છે ને, ભાઈ! તું કેટલો મોટો છો? કે તારી પર્યાયમાં શુદ્ધતા થાય તોપણ તારી મોટપમાં ઓછપ થઈ ગઈ એમ નથી. આહાહા..!

**'ત્યાગોપાદાનશૂન્યત્વશક્તિ.'** ત્યાગ-ઉપાદાનશૂન્યત્વશક્તિ, હોં! ગ્રહણ-ઉપાદાન, ત્યાગ એટલે ત્યાગ. ગ્રહણ અને ત્યાગથી શૂન્ય આત્મા છે. આહાહા..! પર્યાયમાં પણ ત્યાગઉપાદાનશક્તિનું જે પરિણમન આવ્યું તો એ શક્તિ દ્રવ્ય, ગુણ, પર્યાય ત્રણેમાં વ્યાપી. અને ત્રણેમાં વ્યાપી તો અનંતશક્તિની પર્યાયમાં પણ એ વ્યાપી. સમજાય છે કાંઈ? આહાહા..! ગજબ! દરિયો છે મોટો! આ દરિયો તો સાધારણ છે. સ્વયંભૂરમણ સમુદ્ર અસંખ્ય યોજનમાં છે. આ તો અનંતભાવથી ભર્યો છે. આહાહા..! અનંતભાવથી ભરેલી જિનવાણી, 'શ્રીમદ્' માં આવે છે ને? 'અનંત અનંત ભાવભેદથી ભરેલી' જિનવાણી. એ જિનવાણી જાણી તેણે જાણી છે, બાપુ! આહાહા..! સમજાય છે કાંઈ? લ્યો, કેટલામી થઈ? સોળ થઈ. આંકડો પણ સોળ છે. પૂર્ણ. તમારે શિક્ષણ શિબિરનો સોળમો દિવસ ચાલે છે. એમાં ઘણું ભર્યું છે. થોડું થોડું કહ્યું. થોડું લખ્યું ઘણું કરી જાણજો, નથી આવતું? થોડું લખ્યું એમાં ઘણું જાણજો, મંડપની શોભા છે તો તમારે આવવાનું છે. એમ અહીંયા થોડું કહ્યું ઘણું કરીને જાણજો અને પોતાના આત્માની શોભા વધારજો. 'ધન્નાલાલજી'!

સત્તર. ક્રમસર લીધું છે, જુઓ! ક્રમસર. આહાહા..! આ વાત બેસવી (કઠણ પડે). વ્યવહાર, વ્યવહાર, વ્યવહાર.. વ્યવહારની તો અહીંયા વાત પણ કરી નથી. વ્યવહાર રાગનું જ્ઞાન કરે છે એ પણ વ્યવહાર છે. રાગનું જ્ઞાન તો પોતાની પર્યાયથી પોતાને કારણે થાય છે. શું કરે? લોકોને ભડકાવે, એ.. એ એકલી નિશ્ચયની વાત છે, નિશ્ચયાભાસ છે. એકાંત છે. અરે..! પ્રભુ! સાંભળ તો ખરો. આ સમ્યક્ એકાંતની વાત છે, સમ્યક્એકાંતની વાત છે. અને સમ્યક્ એકાંતનું જ્ઞાન થાય એને જ પર્યાયમાં અપૂર્ણતા આદિનું જ્ઞાન થાય તેને અનેકાંત કહેવામાં આવે છે. આહાહા..! સમજાય છે કાંઈ? અરે..! આમાં તકરાર ને ઝઘડા.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અરે..રે..! જ્યાં રાગનો ત્યાગ પણ સ્વરૂપમાં નથી.. આહાહા..! આ તો પરનો ત્યાગ કરે, કુટુંબ-દુકાન કાંઈક છોડે એણે સંસાર છોડ્યો. અરે..! સાંભળ તો ખરો, પ્રભુ! મેં છોડ્યું એ માન્યતા જ મિથ્યાત્વ છે. આહાહા..!

મુમુક્ષુ :-

ઉત્તર :- આ ચોથા ગુણસ્થાનની (વાત છે). એમ કહે છે, આ તો નિર્વિકલ્પ થાય (એની વાત છે). એમ કહીને ખુલાસો કરાવે છે. આહાહા..! આ તો સમ્યગ્દર્શન પામવાની વાત છે. સમજાય છે કાંઈ?

**षट्स्थानपतितवृद्धिहानिपरिणतस्वरूपप्रतिष्ठत्वकारणविशिष्टगुणात्मिका अगुरुलघुत्वशक्तिः। १७.**

**ષટ્સ્થાનપતિત વૃદ્ધિહાનિરૂપે પરિણમતો, સ્વરૂપ-પ્રતિષ્ઠત્વના કારણરૂપ (-વસ્તુને સ્વરૂપમાં રહેવાના કારણરૂપ) એવો જે વિશિષ્ટ (-ખાસ) ગુણ તે સ્વરૂપ અગુરુલઘુત્વશક્તિ. [આ ષટ્-સ્થાનપતિત વૃદ્ધિહાનિનું સ્વરૂપ 'ગોમ્મટસાર' શાસ્ત્રમાંથી જાણવું. અવિભાગપરિચ્છેદોની સંખ્યારૂપ ષટ્સ્થાનોમાં પડતી- સમાવેશ પામતી-વસ્તુસ્વભાવની વૃદ્ધિહાનિ જેનાથી (-જે ગુણથી) થાય છે અને જે (ગુણ) વસ્તુને સ્વરૂપમાં ટકવાનું કારણ છે એવો કોઈ ગુણ આત્મામાં છે; તેને અગુરુલઘુત્વગુણ કહેવામાં આવે છે. આવી અગુરુલઘુત્વશક્તિ પણ આત્મામાં છે.] ૧૭.**

હવે સત્તર. '**ષટ્સ્થાનપતિત...**'આ બહુ સૂક્ષ્મ છે, એથી પણ સૂક્ષ્મ છે. શું કહે છે? કે આત્મામાં જે મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન કે કેવળજ્ઞાન આદિ પર્યાય છે એ પર્યાયમાં એવી કોઈ વસ્તુ છે, અગુરુલઘુ સ્વભાવ (છે). જો કે અગુરુલઘુ સ્વભાવ તો અનંતગુણમાં છે. એ અગુરુલઘુસ્વભાવ- શક્તિ છે તે અનંતગુણમાં નથી પણ અગુરુલઘુસ્વભાવનું રૂપ અનંતશક્તિમાં છે. જ્ઞાનની પર્યાયમાં પણ અગુરુલઘુપણું છે. દર્શનની પર્યાયમાં અગુરુલઘુપણું છે. એક સમયમાં ષટ્ગુણ વૃદ્ધિ થાય છે અને ષટ્ગુણ હાનિ (થાય છે). સમય એક. ભાઈએ જરી ઉતાર્યું છે પણ ફેર છે. 'દીપચંદજી'એ ઉતાર્યું છે. અનંતમા ભાગે એટલે આઠ ગુણ, અસંખ્યમાં ભાગ ઉતાર્યું છે એ તો .. કર્યું. આ તો એક સમયમાં ષટ્ગુણ હાનિ અને ષટ્ગુણ વૃદ્ધિ. એ કેવળીગમ્ય વાત છે. શ્રુતજ્ઞાનમાં સમાઈ જાય તો પછી કેવળજ્ઞાનની મહિમા શું? આહાહા..!

કેવળજ્ઞાનની પર્યાયમાં પણ એક સમયમાં ષટ્ગુણ હાનિવૃદ્ધિ થાય છે. કેવળજ્ઞાન તો છે એવું છે, ત્રણકાળ ત્રણલોકને જાણે છે. હાનિ વખતે ઘટી જાય ને વૃદ્ધિ વખતે વધી જાય એવું નથી. એવો કોઈ પર્યાયનો સ્વભાવ છે, જે સર્વજ્ઞે કહ્યું, પરમાગમે કહ્યું એ પરમાગમથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



માનવું જોઈએ. એ 'પંચાસ્તિકાય'માં વાત છે. આગમથી વાત માનવી જોઈએ. આહાહા..! હજી ત્યાગઉપાદાનશૂન્યત્વશક્તિની વાત પણ પર્યાયમાં પૂર્ણ માનવી કઠણ પડે. અહીં તો એક સમયની પર્યાયમાં ક્ષાયિક સમકિતની પર્યાય હો તો પણ અગુરુલઘુનું પર્યાયમાં ષટ્‌ગુણહાનિ (થાય છે). ષટ્‌ગુણ હાનિ અર્થાત્ અનંતગુણ હાનિ, અસંખ્યગુણ હાનિ, સંખ્યગુણ હાનિ. અનંતભાગ હાનિ, અસંખ્યભાગ હાનિ, સંખ્યભાગ હાનિ-એ છ બોલ. છે? ષટ્‌સ્થાનપતિતનો અર્થ ચાલે છે. ષટ્‌સ્થાનપતિત-ષટ્ સ્થાનના આશ્રયે '**વૃદ્ધિહાનિરૂપે પરિણમતો,...**' આહાહા..! પહેલામાં તો વધઘટ નથી એમ કહ્યું હતું. સર્વજ્ઞપર્યાયમાં.

અહીંયા કહે છે કે એક એક ગુણની એક એક પર્યાયમાં એવી કોઈ ગંભીર વસ્તુ છે કે એક સમયમાં જ્ઞાનની પર્યાયમાં, દર્શનની પર્યાયમાં, વીર્યની પર્યાયમાં.. અનંત ચતુષ્ટય પ્રગટ થયા હોય, અરે..! સિદ્ધની પર્યાયમાં.. આહાહા..! ષટ્‌ગુણ હાનિ ને ષટ્‌ગુણ વૃદ્ધિ. એ પર્યાયમાં એવો કોઈ સ્વભાવ ભગવાને જોયો છે તે આગમથી માનવો. પરથી ખ્યાલ આવી જાય એવી વસ્તુ નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

કેવળજ્ઞાનની પર્યાયમાં ષટ્‌ગુણ હાનિ. હાનિ તો કેવળજ્ઞાન ઓછું થઈ જાય છે? કેવળજ્ઞાનમાં ષટ્‌ગુણ વૃદ્ધિ. તો કેવળજ્ઞાન વધી જાય છે? આહા..! બહુ તો એ પર્યાયનો એવો કોઈ સ્વભાવ છે કે ષટ્‌ગુણ હાનિ અર્થાત્ અનંતભાગ હાનિ, અસંખ્યભાગ હાનિ, સંખ્યભાગ હાનિ. સમજાય છે કાંઈ? એમ અનંતગુણ વૃદ્ધિ, અસંખ્યગુણ વૃદ્ધિ, સંખ્યગુણ વૃદ્ધિ. આહાહા..! ષટ્‌સ્થાનપતિત-ષટ્ સ્થાનના આશ્રયે '**વૃદ્ધિહાનિરૂપે પરિણમતો,...**' પરિણમિત (એટલે) વર્તમાન પર્યાય, હોં! વર્તમાન દરેક ગુણની પરિણમતી પર્યાયમાં ષટ્‌ગુણહાનિવૃદ્ધિરૂપ પર્યાય થાય છે. ભગવાનગમ્ય છે. આહાહા..! ઉપરની ત્યાગઉપાદાનશૂન્યત્વશક્તિમાં તો થોડો ખ્યાલ આવે એવી વાત હતી.

અહીં તો કહે છે, '**ષટ્‌સ્થાનપતિત વૃદ્ધિહાનિરૂપે પરિણમતો, સ્વરૂપ પ્રતિષ્ઠત્વના કારણરૂપ...**' જુઓ! સ્વરૂપની પ્રતિષ્ઠા એમાં છે. ષટ્‌ગુણ હાનિવૃદ્ધિ થાય એ સ્વરૂપની પ્રતિષ્ઠા છે, સ્વરૂપનું સ્વરૂપ એવું છે. આહાહા..! છ બોલ સમજ્યા? અનંતગુણ હાનિ, અસંખ્યગુણ હાનિ, સંખ્યગુણ હાનિ. એમ અનંતભાગ હાનિ, અસંખ્યભાગ હાનિ, સંખ્યભાગ હાનિ. એ છ બોલ થયા.

મુમુક્ષુ :- એક સમયમાં...?

ઉત્તર :- એક સમયમાં. એક સમયમાં છ રૂપ એકસાથે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નહિ, છ રૂપ એકસાથે. એક સમયમાં છ રૂપ. એક સમયમાં છ રૂપ તો હાનિ... પણ એ જ સમયે અનંતગુણ વૃદ્ધિ, અસંખ્યગુણ વૃદ્ધિ, સંખ્યગુણ વૃદ્ધિ. અનંતભાગ વૃદ્ધિ, અસંખ્યભાગ વૃદ્ધિ, સંખ્યભાગ વૃદ્ધિ, એક જ સમયમાં છે. બારે બોલ એક સમયમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. પહેલા તો કહ્યું, અગમ્ય વાત છે. સમજાય છે કાંઈ? દરેક ગુણની એક સમયની પર્યાયમાં ષટ્ગુણહાનિ અને ષટ્ગુણવૃદ્ધિ, સમય એક. એક સમયમાં ષટ્ગુણ હાનિ ને બીજે સમયે ષટ્ગુણ વૃદ્ધિ, એમ વાત નથી. ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે જેવું જોયું એવું કહ્યું છે. એ બધાના જ્ઞાનમાં ખ્યાલમાં આવી જાય તો પછી કેવળજ્ઞાનની મહિમા શું? 'લાલચંદભાઈ'! આહાહા..! વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**પ્રવચન નં. ૧૭ શક્તિ-૧૬ થી ૧૮ શનિવાર, (દ્વિતીય) શ્રાવણ સુદ ૧૪, તા. ૨૭-૦૮-૧૯૭૭**

---

'સમયસાર' શક્તિનો અધિકાર ચાલે છે. શક્તિ અર્થાત્ આત્મા જે સત્ વસ્તુ ત્રિકાળી અવિનાશી છે તે સત્નું સત્ત્વ-શક્તિ. દ્રવ્ય છે તે ગુણી છે અને શક્તિ છે તે ગુણ છે. એ ગુણની વ્યાખ્યા છે. શક્તિ કહો, ગુણ કહો, સત્ તેનું સત્ત્વ કહો, સત્ તેનો સ્વભાવ કહો, એ આ શક્તિનું વર્ણન છે. સૂક્ષ્મ છે. પહેલા આપણે ૧૬મી શક્તિ આવી.

જે ઘટવધ થતું નથી. અહીંયા તો શક્તિની વાત છે પણ એ શક્તિની વાતમાં શરૂઆતમાં લીધું છે કે ક્રમરૂપ અને અક્રમરૂપ અનંતધર્મસમૂહ જે કાંઈ જેટલું લક્ષિત થાય છે તે ખરેખર આત્મા છે. એ પહેલો બોલ છે. શું કહ્યું? જે અનંતશક્તિ છે તે અક્રમે છે અને શક્તિનું પરિણમન છે તે ક્રમે છે. સમજાય છે કાંઈ? અહીંયા અશુદ્ધતા ક્રમમાં ન લેવી. અહીંયા તો એકલી શુદ્ધતાની વાત છે. અશુદ્ધતાનું તો જ્ઞાન થાય છે. પોતાની પર્યાયમાં પોતાથી રાગ છે તો નહિ, પણ પોતાની પર્યાયમાં તે સમયે સ્વપરપ્રકાશકનું સામર્થ્ય છે તો પોતાથી સ્વપરપ્રકાશક પર્યાય થાય છે. બારમી ગાથામાં કહ્યું કે વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે. એ રાગને જાણે છે એમ કહેવું એ પણ વ્યવહાર છે. આહાહા..! સમજાય છે કાંઈ? પણ પહેલા એમ લીધું છે કે ક્રમવર્તી અને અક્રમવર્તીરૂપ અનંતધર્મસમૂહ. અહીયાં ઘટવધ ન થાય એવી ત્રિકાળી શક્તિ એ અક્રમ છે પણ તેનો ક્રમ પણ અહીંયા લેવો પડશે. સમજાય છે કાંઈ?

કહે છે કે **'જે ઘટતું વધતું નથી એવા સ્વરૂપમાં નિયતત્વરૂપ (-નિશ્ચિતપણે જેમનું તેમ રહેવારૂપ-) ત્યાગોપાદાનશૂન્યત્વશક્તિ.'** અર્થાત્ પરનો ત્યાગ અને પરનું ગ્રહણ તો એની પર્યાયમાં છે નહિ અને રાગનું ગ્રહણ અને ત્યાગ પણ નથી. સમજાય છે કાંઈ? કેમકે રાગનો ત્યાગ એ પણ નામમાત્ર છે. એ ૩૪મી ગાથામાં આવ્યું છે, ૩૪. અહીંયા તો પર્યાયમાં શુદ્ધતા અલ્પ હોય અને શુદ્ધતા વિશેષ થાય છતાં, ત્યાગઉપાદાનશૂન્યત્વશક્તિ છે, એ શક્તિ તો ત્રિકાળ છે, પણ શક્તિનું પરિણમન થાય છે તો પર્યાયમાં પણ ત્યાગઉપાદાનશૂન્યત્વનું પરિણમન થાય છે. સમજાય છે કાંઈ?

અહીંયા કહે છે કે **'ઘટતું વધતું નથી એવા સ્વરૂપમાં નિયતત્વરૂપ (-નિશ્ચિતપણે જેમનું તેમ રહેવારૂપ-) ત્યાગોપાદાનશૂન્યત્વશક્તિ.'** આહાહા..! એ શક્તિવાન અને શક્તિનો ભેદ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પણ અહીંયાથી કાઢવો છે. સમજાય છે કાંઈ? વર્ણન શક્તિનું છે પણ શક્તિ અને શક્તિવાનનો ભેદ એ પણ વ્યવહાર થઈ ગયો. શક્તિવાન જે વસ્તુ છે, શક્તિનું જ્ઞાન કરીને શક્તિવાનની દૃષ્ટિ કરવી, એમ છે. સમજાય છે કાંઈ? વિષય સૂક્ષ્મ છે, અલૌકિક વિષય છે. આહાહા..!

ત્યાગઉપાદાન-પર્યાયમાં રાગનો ત્યાગ અને રાગનું ગ્રહણ છે જ નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? એ તો દ્રવ્ય ને ગુણ ને પર્યાય ત્રણેમાં આ ત્યાગઉપાદાનશક્તિ વ્યાપક છે. આહાહા..! સમજાય છે કાંઈ? ત્યાગઉપાદાનશક્તિ અનંતગુણમાં વ્યાપક છે. અનંતશક્તિમાં વ્યાપક છે. એક વાત. ત્યાગઉપાદાનશક્તિ અનંતગુણને નિમિત્ત છે. સમજાય છે કાંઈ? અને ત્યાગઉપાદાનશક્તિનું અનંતશક્તિમાં રૂપ છે. ત્યાગઉપાદાનશક્તિ અંદર નથી પણ પ્રત્યેક ગુણમાં ત્યાગઉપાદાનનું રૂપ છે. આહાહા..! એટલે શું? કે જે જ્ઞાનગુણ છે તેની જે પર્યાય થાય છે તેમાં પણ ત્યાગઉપાદાનશૂન્યત્વ પર્યાય છે. આહાહા..! અલ્પ જ્ઞાનનો ત્યાગ અને વિશેષ જ્ઞાનની ઉત્પત્તિ એમાં નથી, એમ કહે છે. સૂક્ષ્મ છે.

અનંતગુણમાં ત્યાગઉપાદાનશક્તિનું રૂપ છે. જેમ જ્ઞાનગુણ છે અને અસ્તિત્વગુણ છે. અસ્તિત્વગુણ અને જ્ઞાનગુણ ભિન્ન છે. છતાં અસ્તિગુણનું રૂપ જ્ઞાનગુણમાં છે. અર્થાત્ જ્ઞાન છે, છે, એવું અસ્તિત્વનું રૂપ જ્ઞાનમાં પણ છે. એ અસ્તિત્વગુણને કારણે નહિ. રૂપ છે. આહાહા..! સમજાય છે કાંઈ? સૂક્ષ્મ વાત છે. તત્ત્વજ્ઞાનનો વિષય બહુ સૂક્ષ્મ છે. પ્રત્યેક ગુણની પર્યાયમાં, દ્રવ્ય-ગુણમાં તે છે જ, પણ પર્યાયમાં પણ ત્યાગઉપાદાનશૂન્યતપણું છે. આહાહા..! સમજાય છે કાંઈ?

**'ઘટતું વધતું નથી એવા સ્વરૂપમાં નિયતત્વરૂપ ત્યાગોપાદાનશૂન્યત્વશક્તિ.'** એ તો શક્તિનું વર્ણન કર્યું પણ એ શક્તિ પર્યાયમાં પણ વ્યાપે છે. એ શક્તિ છે, એવો શક્તિવાન અને શક્તિનો ભેદ કાઢી નાખી શક્તિવાન ઉપર દૃષ્ટિ પડે છે તો પર્યાયમાં પણ ત્યાગઉપાદાનશૂન્યત્વની ક્રમવર્તી પર્યાય થાય છે. અરે..! આટલી શરતું. સમજાય છે કાંઈ? આટલી શરત.

ત્યાગઉપાદાનશક્તિ છે, એ શક્તિ ધ્રુવઉપાદાન છે અને પર્યાયમાં જે પરિણતિ થાય છે તે ક્ષણિક ઉપાદાન છે. દરેક ગુણમાં એમ લેવું, હોં! આહાહા..! એક વાત. ત્યાગઉપાદાનશક્તિ છે તેનું ક્રમવર્તી પરિણમનમાં ક્રમે થાય છે તો એ શુદ્ધતાનો ક્રમ ત્યાગઉપાદાનશૂન્યત્વમાં આવે છે. એમાં વ્યવહારનો અભાવ છે. એનું નામ અનેકાંત છે. રાગનો અભાવ છે. અહીં તો ક્રમવર્તી અને અક્રમવર્તી શુદ્ધની વ્યાખ્યા છે. શક્તિના વર્ણનમાં દ્રવ્યપ્રધાન કથન છે. આ શક્તિનું વર્ણન એ દ્રવ્યદૃષ્ટિપ્રધાન કથન છે અને પ્રવચનસારમાં ૪૭ નય છે તે જ્ઞાનપ્રધાન કથન છે. ત્યાં જ્ઞાનપ્રધાનમાં તો એમ લે છે કે રાગનો કર્તા પણ આત્મા છે એમ જ્ઞાન કરે છે. આહાહા..! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- બેમાંથી સાચું ક્યું?

ઉત્તર :- બન્ને સાચું પણ કઈ અપેક્ષાએ? જ્યાં શક્તિ અને શક્તિનો સ્વભાવ અને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સ્વભાવનો ધરનાર આત્મા, એની દૃષ્ટિ જ્યાં કરાવવી છે ત્યાં અશુદ્ધતા નથી. એ શક્તિમાં અશુદ્ધતા થવાની કોઈ શક્તિ નથી. થોડું સમજે. અને પરિણમનમાં જ્યાં સુધી સાધકપણું છે ત્યાં સુધી રાગ તો છે એ દૃષ્ટિની સાથે જે જ્ઞાન થયું એ જ્ઞાનમાં સ્વપરપ્રકાશક જાણવાની શક્તિ છે. દૃષ્ટિ તો નિર્વિકલ્પ છે અને એનો વિષય પણ નિર્વિકલ્પ છે. પણ જ્ઞાનનો વિષય સ્વપરપ્રકાશક છે. તો જ્યારે જ્ઞાનથી વાત ચાલે તો રાગનું પરિણમન પોતામાં છે અને રાગનો કર્તા આત્મા છે. પર્યાયમાં, હોં! સમજાય છે કાંઈ? અને રાગનો ભોક્તા પણ આત્મા છે. અહીંયા એ વાત નથી લેવી.

અહીં તો શક્તિનું વર્ણન છે તો શક્તિનું પરિણમન થાય છે તે ક્રમસર શુદ્ધ થાય છે. ક્રમસર ક્રમવર્તી પણ શુદ્ધ થાય છે, અશુદ્ધ નહિ. અશુદ્ધ તો જ્ઞેયમાં-પરજ્ઞેયમાં જાય છે. આહાહા..! શુદ્ધતાની પર્યાય છે તે પણ પરિપૂર્ણ (છે), ત્યાગઉપાદાનશૂન્યત્વથી પરિપૂર્ણ કહેવામાં આવી છે. કેમ? કે ભલે એક સમયની શુદ્ધ સમ્યગ્દર્શન આદિની પર્યાય હો એ પર્યાય આખા દ્રવ્યને સિદ્ધ કરે છે, સાબિત કરે છે.

મુમુક્ષુ :- વિકાર તો હજી છે.

ઉત્તર :- અહીં વિકાર લેવો નથી. ત્યાં તો વિકાર પણ છે. જ્યાં અંશ લીધો છે, અંશ લીધો છે કે રાગનો અંશ પણ પોતાનો છે, જો એ કાઢી નાખે તો ત્રિકાળ પર્યાયનો સમૂહ (તે દ્રવ્ય) એ સિદ્ધ થતું નથી. અહીં એ નથી લેવું. અહીં તો શુદ્ધતા લેવી છે. એ શુદ્ધપર્યાય પણ ભલે અલ્પ થઈ પણ પરિપૂર્ણ દ્રવ્યને સિદ્ધ કરે છે, સાબિત કરે છે. એ અંશ પણ અંશી પૂર્ણ છે તેને સિદ્ધ કરે છે. જો એ અંશ કાઢી નાખો તો પૂર્ણ દ્રવ્ય સિદ્ધ નથી થતું. સમજાય છે કાંઈ? વાત ઝીણી, બાપુ! આ તો તત્ત્વજ્ઞાન (છે).

મુમુક્ષુ :- બરાબર ન સમજાયું.

ઉત્તર :- નથી સમજાતું? ત્યાં તો એમ લીધું છે 'આત્મમીમાંસા'માં કે ચાહે તો અશુદ્ધ પર્યાય હો કે શુદ્ધ હો, એ પર્યાય એક અંશ આખા દ્રવ્યને સિદ્ધ કરે છે. કેમ કે નય, ઉપનયનો સમૂહ તે દ્રવ્ય છે. શ્લોક છે. સમજાય છે કાંઈ? નય, ઉપનયનો સમૂહ, વિષય-સમૂહ આખું દ્રવ્ય છે. તો ત્યાં અશુદ્ધનય પણ એમાં લીધી છે. અહીંયા તો એ નથી લેવું. અહીંયા તો એ અશુદ્ધ જે રાગ થાય છે તેને ક્રમબદ્ધપર્યાયમાં તે રાગનું પર્યાયમાં જ્ઞાન થાય છે. એ જ્ઞાન પણ રાગ છે તે થાય છે એમ નહિ, રાગ છે તો જ્ઞાન થાય છે એમ નહિ, એ પર્યાયમાં ક્રમવર્તીમાં સ્વપરપ્રકાશક પર્યાય પોતાથી થાય છે. ત્યાં રાગ પરજ્ઞેય છે એવો વ્યવહાર કહેવામાં આવે છે. આહાહા..! નિશ્ચય પર્યાય પોતાની છે, બસ એટલું. રાગને જાણે છે એ પણ નહિ. આહા..!

જેમ કેવળજ્ઞાની પ્રભુ... એ આપણે આવી ગયું છે. સર્વદર્શિ, સર્વજ્ઞશક્તિ આત્મજ્ઞાનમયી. શું કહે છે? સર્વજ્ઞશક્તિ છે એ સર્વ એટલે પરની અપેક્ષા આવી માટે સર્વજ્ઞ છે એમ નથી. પોતાના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ત્રિકાળી દ્રવ્ય, ગુણ, પર્યાયનું પણ જ્ઞાન કરે છે અને પરનું પણ જ્ઞાન કરે છે પણ એ સર્વજ્ઞપર્યાય આત્મજ્ઞમયી છે. નિશ્ચય આત્મજ્ઞાનમયી છે. સર્વ આવ્યું તો પરનો ઉપચાર થયો એમ અહીંયા નથી. અરે..! એવી વાતું છે. શું કહ્યું?

કેવળજ્ઞાન એક સમયમાં સ્વપરપ્રકાશક હોવાથી પરને પ્રકાશે છે માટે અહીં સર્વ છે એમ નથી. આત્મજ્ઞાન જ સર્વ સ્વરૂપે પરિણમન કરવું, જાણવું એનો સ્વભાવ છે. પરને જાણવું એમ કહેવું એ તો અસદ્‌ભુત વ્યવહાર છે. લોકાલોકને જાણે છે, લોકાલોક તો પર છે.

મુમુક્ષુ :– ..

ઉત્તર :– એ કઈ અપેક્ષાથી? સર્વને જાણવું એ આત્મજ્ઞાનમયી પર્યાયનો જ સ્વભાવ છે. લોકાલોક છે તો સર્વજ્ઞપર્યાય છે એમ નથી. સમજાય છે કાંઈ? એ વાત તો કહી હતી ને? પચાસ વર્ષ પહેલા. પંડિતજીના જન્મ પહેલા. પચાસ વર્ષ પહેલા 'દામનગર'માં સંવત ૧૯૮૩ નું ચોમાસુ હતું ત્યાં 'વીરજીભાઈ વકીલ' હતા. આ કાઠિયાવાડમાં દિગંબરનું પ્રથમ શાસ્ત્રવાંચન આદિ એમને હતું. એ 'વીરજીભાઈ' ત્યાં ૧૯૮૩ માં આવ્યા હતા. ત્યાં એક 'દામોદર' શેઠ હતા, ગૃહસ્થ. એ બે વચ્ચે ચર્ચા ચાલી. હું નીચે બેઠો હતો, એ લોકો ઉપર હતા. એ શેઠ કહે કે લોકાલોક છે તો કેવળજ્ઞાનની પર્યાય થઈ. 'વીરજીભાઈ' કહે, કેવળજ્ઞાનની પર્યાય થઈ એ પોતાથી થઈ છે, લોકાલોક છે માટે થઈ એમ નથી. એય..! શું ફેર પડે છે (ખ્યાલ આવ્યો)?

મુમુક્ષુ :– લોકાલોક છે માટે થઈ છે તો લોકાલોક તો કાયમ છે.

ઉત્તર :– બે વાત છે. સર્વવિશુદ્ધ અધિકારમાં આવ્યું છે. ઝીણી વાત છે, ધ્યાન રાખજો! તો સમજાય એવી છે, બાપા! આ તો અંતરની વાતું છે. કેવળજ્ઞાન લોકાલોકને નિમિત્ત છે, નિમિત્ત છે અને લોકાલોક કેવળજ્ઞાનમાં નિમિત્ત છે. એવો પાઠ છે. પણ નિમિત્ત છે એનો અર્થ–લોકાલોક છે તો કેવળજ્ઞાન છે એમ નથી અને કેવળજ્ઞાન છે તો લોકાલોક છે એમ નથી. આહાહા..! આ તો ૧૯૮૩ની સાલમાં ઘણી ચર્ચા થઈ. એ લોકો નીચે ઉતર્યા અને પૂછ્યું, આ કેમ છે મહારાજ? લોકાલોક છે તો કેવળજ્ઞાનની પર્યાય છે એવી વાત છે જ નહિ. પંડિતજી! પોતાની પર્યાયની તાકાત સર્વને જાણવું એ પોતાથી છે. નિમિત્ત છે તો નિમિત્તને જાણે છે એમ નથી. આહાહા..! એ પર્યાયનો ધર્મ છે.

'વત્થુસહાવો ધમ્મો' વસ્તુ જે ભગવાનઆત્મા છે, તેની જે શક્તિઓ છે તે સ્વભાવ એનો ધર્મ છે. એ ધર્મ પ્રગટ નહિ. હવે એ ધર્મીનો જે ધર્મ છે, ધર્મી આત્મા એની શક્તિરૂપ ધર્મ, તેની પ્રતીતિ કરે છે તો પર્યાયમાં ધર્મ થાય છે. ધર્મીનો ધર્મ અને ધર્મ ને ધર્મીનો ભેદ કાઢી નાખી એકલા ધર્મી ઉપર દૃષ્ટિ દેવાથી પર્યાયમાં વીતરાગતા ધર્મ પર્યાય થાય છે. આહાહા..! 'બલુભાઈ'! આહાહા..! આવો માર્ગ છે. એમણે લાંઘણ બહુ કરી હતી, વર્ષીતપ કર્યા હતા. એના પારણામાં અમે ગયા હતા. પણ એ તો લાંઘણ હતી, બાપા! તપ નહિ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



તપ તો એને કહીએ, જ્યાં અમૃતનો સાગર પર્યાયમાં ઉછળે. આહાહા..! સમુદ્રના કાંઠે જેમ પાણીની ભરતી આવે છે એમ ભગવાનઆત્મામાં શક્તિરૂપ જે આનંદ છે એ આનંદ ને આનંદદાતા, બેનો ભેદ દૃષ્ટિમાંથી કાઢી નાખી, આનંદસ્વરૂપ ભગવાન ત્રિકાળ છે તેની દૃષ્ટિ કરવાથી પર્યાયમાં આનંદની છોળ આવે છે, આનંદની ભરતી આવે છે તે ધર્મ છે. આહાહા..! ભારે વાત, ભાઈ! સમજાય છે કાંઈ? અને ક્રમબદ્ધ તો હવે 'કૈલાસચંદજી'એ કબુલ કર્યું છે, સાબિત કર્યું છે. 'વર્ણીજી' સાથે ચર્ચા થઈ હતી એ વખતે 'વર્ણીજી'ની દૃષ્ટિ નહોતી તો પંડિતોની પણ દૃષ્ટિ નહોતી. ફક્ત એક 'ફૂલચંદજી'એ કબુલ કર્યું. રસ્તામાં વાત કરી હતી. વીસ વર્ષ થયા. 'બનારસ' જમવા જતા હતા, 'ફૂલચંદજી' અને 'કૈલાસચંદજી' સાથે હતા. કહ્યું, ક્રમબદ્ધ છે. દરેક વસ્તુની ક્રમસર વ્યવસ્થિત પર્યાય થાય છે, આઘીપાછી નહિ. સમજાય છે કાંઈ? 'ફૂલચંદજી' એ એમ કહ્યું કે જો ક્રમબદ્ધ ન હોય તો વૈશેષિક મત થાય છે. એમ કહેતા હતા. આ (સંવત) ૨૦૧૩ની સાલ 'કાશી' ગયા હતા. કોઈક ઝવેરી હતા. પ્રતિમા નહોતી? ખોવાઈ ગઈ હતી. મેડી ઉપર પ્રતિમા રાખી હતી, દર્શન કરવા ગયા હતા.

અરે..! ભાઈ! એ ક્રમબદ્ધની વ્યાખ્યા તો અહીં ૩૦ વર્ષ પહેલા થઈ હતી. અહીં 'પ્રવચન મંડપ'માં. 'લાલબહાદૂરે' એ વખતે કબુલ કર્યું હતું. ૩૦ વર્ષ થયા. ક્રમબદ્ધ છે, ક્રમબદ્ધ બરાબર છે. 'જગનમોહનલાલજી' ના પાડતા હતા. કેમકે આ વાત હતી નહિ. એટલે સવારે ભાઈએ કહ્યું, જો ક્રમબદ્ધ કબુલ કરવા જઈએ તો સોનગઢનું થઈ જાય છે. અને સોનગઢથી ઉદ્‌ઘાટન થયું છે. શબ્દનું ઉદ્‌ઘાટન તો 'હિંમતભાઈ'એ કર્યું. ક્રમનિયમિતમાંથી. સમજાય છે કાંઈ? ભાવનું ઉદ્‌ઘાટન તો અંદર મેં કર્યું. કહે છે કે જો આપણે ક્રમબદ્ધ માનીએ તો સોનગઢની વાત સિદ્ધ થઈ જશે. તો લોકો સોનગઢ ચાલ્યા જશે. એ માન્યતા સત્ય છે. અરે..રે...! ભગવાન! સત્ય છે એમ લેવું છે કે તારે કોઈ પક્ષ કરવો છે?

મુમુક્ષુ :- આપે નવો ધર્મ કેમ ચલાવ્યો?

ઉત્તર :- નવો નથી. અનાદિથી સર્વજ્ઞ પરમાત્મા કહે છે તે વાત છે. સમજાય છે કાંઈ? આહાહા..! એ તો કહ્યું ને? (સંવત) ૧૯૭૨ની સાલ, ૧૯૭૨, કેટલા વર્ષ થયા? ૬૧, સાંઈઠ ને એક. ૧૯૭૨માં ચર્ચા ચાલી. બે વર્ષ સાંભળ્યું કે કેવળીએ દીઠું એમ થશે, આપણે શું પુરુષાર્થ કરીએ? આ વાત બે વર્ષ સાંભળી. નવદીક્ષિત હતા. સાડી ત્રેવીસ વર્ષે દીક્ષા લીધી. પચીસ વર્ષની ઉંમર હતી. અત્યારે તો ૮૮ થયા. કેટલા વર્ષ થયા? ૬૧. અમારા ગુરુભાઈ વારંવાર એમ કહેતા કે કેવળજ્ઞાનીએ દીઠું એમ થશે, આપણે શું પુરુષાર્થ કરીએ? બે વર્ષ તો સાંભળ્યું પછી એકવાર કહ્યું, કેવળજ્ઞાન છે એવી સત્તાનો સ્વીકાર છે? 'લાલચંદભાઈ'! આ તો ૧૯૭૨ની વાત છે.

કેવળજ્ઞાન એક સમય પ્રભુ! જ્ઞાનગુણની એક સમયની પર્યાય અનંત કેવળીને જાણે. એ કેવળીને જાણે એ કહેવું પણ વ્યવહાર છે. એ પર્યાયનું સામર્થ્ય એટલું છે. આહાહા..!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એક ગુણની એક સમયની એક પર્યાયમાં એટલી તાકાત છે કે અનંતા કેવળીને જાણે. પોતાની પર્યાયથી, કેવળી છે તો નહિ. કેવળી છે તો કેવળીને જાણે છે એમ નહિ. આહાહા..! એવી એક સમયની કેવળજ્ઞાનની પર્યાયની સત્તા જગતમાં છે એનો જેને સ્વીકાર છે એની દૃષ્ટિ જ્ઞાનમાં ઘુસી જાય છે. સમજાય છે કાંઈ? એ વખતે એટલું હતું. ૧૯૭૨ની સાલ હતી. ત્યારે દ્રવ્યનો આશ્રય ને એટલું નહોતું. સમજાય છે કાંઈ?

જેણે... આહાહા..! સર્વજ્ઞ પર્યાય એક ગુણની એક સમયની પર્યાય એટલી તાકાતવાળી કે એ પર્યાય દ્રવ્ય-ગુણને જાણે, પોતાના ત્રિકાળી દ્રવ્ય-ગુણને જાણે, છ દ્રવ્યને જાણે, અનંત સિદ્ધોને જાણે. એક જ પર્યાયનું અસ્તિત્વ છે બાકી બધાનું એમાં નાસ્તિત્વ છે. સમજાય છે કાંઈ? એવી એક સમયની પર્યાય દ્રવ્ય-ગુણને કારણે પણ નથી. એટલું તો એ વખતે નહોતું. પણ કેવળજ્ઞાન છે, એક સમયની સત્તા જગતમાં છે, આહાહા..! એ સત્તાનો જેને સ્વીકાર છે તો ખરેખર સર્વજ્ઞની સત્તાનો સ્વીકાર, સર્વજ્ઞશક્તિવાન ભગવાન છે એની ઉપર દૃષ્ટિ પડવાથી સર્વજ્ઞની સત્તાનું યથાર્થ શ્રદ્ધાન થાય છે. સમજાય છે કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :– સર્વજ્ઞશક્તિ તો સ્વભાવ છે.

ઉત્તર :– બધા ભગવાન. પરિપૂર્ણ ભરિતવસ્થ. કહ્યું હતું ને? ત્રણ ઠેકાણે છે. બંધ અધિકારમાં છે, સર્વવિશુદ્ધમાં છે અને પરમાત્મપ્રકાશમાં છે. સર્વ જીવ નિર્વિકલ્પો, નિરંજનો, ભરિતઅવસ્થ. અવસ્થ એટલે પર્યાય નહિ, ભરિત-અવસ્થ–શક્તિથી પૂર્ણ ભરેલો ભગવાન છે. બધા ભગવાનઆત્મા પરમાત્મા છે. પર્યાયની વાત છોડી દો. વસ્તુ તો પરમાત્મા જ છે. સર્વ જીવ એવા છે એવી ભાવના કરવી. એવો પાઠ છે કે નહિ? બંધ વિનાશનાર્થં અથવા જ્ઞાયકને સિદ્ધ કરવા આવી ભાવના કરવી. એમાં ઘણા શબ્દ છે. આ તો તે દિ' ક્યાં વાંચ્યું હતું. સમજાય છે કાંઈ? એ તો બધું પછી (સંવત) ૧૯૭૮માં આવ્યું. 'પ્રવચનસાર', 'સમયસાર', 'નિયમસાર' (વાંચ્યા). આ ૧૯૭૨ની વાત છે.

મેં તો દૃષ્ટાંત આપ્યું હતું કે 'ગજસુકુમાર' 'શ્રીકૃષ્ણ'ના નાનાભાઈ, એ પોતે ખોળામાં બેસીને.. ખોળા સમજ્યા? ગોદ. ખોળામાં બેસીને હાથીના હોદ્દે ભગવાનના દર્શન કરવા જતા હતા. એક સોનીની કન્યા હતી. સોમીલા કરીને એક કન્યા હતી તે એના ઘરે સોનાના દડે રમતી હતી. આ 'શ્રીકૃષ્ણ' ભગવાનના દર્શન કરવા જતા હતા. એમણે જોઈ. કન્યા બહુ રૂપાળી, બહુ સુંદર. એને એવી ઇચ્છા થઈ, માણસને કહ્યું, જાઓ! એ કન્યાને અંતેપુરમાં લઈ જાઓ. આ ગજસુકુમારના લગ્ન કરવા માટે. ગજસુકુમાર નાના ભાઈ હતા ને? કન્યાને લઈ ગયા.

અહીંયા ભગવાન પાસે ગયા ગજસુકુમાર–ગજ નામ હાથીનું તાળવું સુકુમાર એવું તો શરીર. ગજસુકુમાર. ભગવાનની વાણી સાંભળી. કીધું, તમે એમ કહો છો કે (કેવળીએ દીઠું એમ થશે), આ તો ભગવાનની વાણી સાંભળી અને એકદમ ફાટફાટ પુરુષાર્થ ઉપજ્યો. પ્રભુ! હું તો આગાર છોડીને અણગાર થવાનો મારો ભાવ છે. આહાહા..! દેવકીને આરાધના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કરીને ગજસુકુમાર પુત્ર થયો હતો. સમજાણું કાંઈ? લાંબી વાત છે. એ ગજસુકુમાર જ્યાં ભગવાનની વાણી સાંભળે છે ત્યાં એકદમ અંદરથી ફાટ ફાટ પુરુષાર્થ (ઉપડે છે), પ્રભુ! હું હવે અણગાર થવા માગું છું. એ લોકોની તો એવી ભાષા છે, એ લોકોમાં ૐ નથી. આહા સોહમ એવો શબ્દ છે. શ્વેતાંબરમાં (એવું છે) આહા સોહમ્ દેવાનુપ્રિયા મા પ્રતિબંદ કર. એવા શબ્દ છે. હે દેવાનુપ્રિય! એમ ભગવાન કહે છે. એવી વાણી તો એને ક્યાં હોય? એ તો ૐ કાર છે. પણ એમાં એવું છે. શ્વેતાંબરમાં તો એવી બધી ગડબડ છે ને?

હે ગજસુકુમાર! આપને યથાસુખમ્. જેમ સુખ ઉપજે તેમ કરો, પ્રતિબંધ ન કરશો. પ્રતિબંધ-રોકાણ ન કરશો. એમ કહ્યું. માતા પાસે ગયા, (કહે છે), માતા! હું મુનિપણું લેવા માગું છું. બા! એકવાર રજા દે. હું ભગવાન પાસે જાઉં. દેવકી કહે, અરે..! દીકરા! દેવનું આરાધન કરીને તું આવ્યો છો અને તને લડાવ્યો છે કૃષ્ણ તો ભરવાડને ઘરે ઉછર્યા છે અને એ પહેલા છ છોકરા હતા.. બીજી બાઈ.. શું નામ? શુલષા. શુલષાને ઘરે છ ઉછર્યા હતા. કૃષ્ણ પહેલા છ છોકરા હતા, દેવકીને છ છોકરા હતા પણ એનું સહરણ કરીને શુલષાને ઘરે ગયા હતા. છ અને આ સાત. બાળકપણું તો દેવકીએ જોયું નહોતું. બેટા! તારું બાળકપણું મેં જોયું નથી અને તું ચાલ્યો જાય છે. (ગજસુકુમાર કહે છે), માતા! મારો આનંદસ્વરૂપ ભગવાન છે તેની પાસે જાઉં છું. મારી માતા તો અંદર આનંદ છે. આહાહા..! માતા! એકવાર રજા દે. જનેતા! એકવાર રોવું હોય તો રોઈ લે, મા! પણ હું કોલકરાર કરું છું ફરીને જનેતા નહિ કરું. ફરીને માતા નહિં કરું. માતા! બા! હું એમ કોલકરાર કરું છું. માતા! આહાહા..! 'પાટનીજી'! કેટલો પુરુષાર્થ! કેવળજ્ઞાની જેને બેસે એનો પુરુષાર્થ સ્વભાવ તરફ ઝુકી જાય છે. સમજાય છે કાંઈ? આહાહા..!

બીજી રીતે કહીએ તો કેવળજ્ઞાન છે એમ ચાર અનુયોગમાં વાત આવી. તો ચારે અનુયોગનું તાત્પર્ય તો વીતરાગતા છે. કેવળજ્ઞાન છે એમ સાંભળ્યું તો એનું તાત્પર્ય તો વીતરાગતા આવવી જોઈએ. વીતરાગતા ક્યારે આવે છે? આહાહા..! કેવળજ્ઞાનની પર્યાયની સત્તાનો સ્વીકાર કરવામાં વીતરાગતા આવવી જોઈએ. તો વીતરાગતા ક્યારે આવે છે? કે જ્ઞાનસ્વરૂપ ભગવાનઆત્મા તરફ ઝુકવાથી વીતરાગતા આવે છે. ન્યાય સમજાય છે? આહાહા..! આવો માર્ગ છે, ભાઈ!

એ સત્તાનો સ્વીકાર કરવામાં એને ભવ નથી, કીધું. અમે કહીએ છીએ કે જેને કેવળજ્ઞાનની સત્તાનો સ્વીકાર થયો તેના ભવ કેવળજ્ઞાની જોતા નથી, એને ભવ છે જ નહિ એમ જોવે છે. 'લાલચંદભાઈ'! ૧૯૭૨ હોં! ૧૯૭૨. ૬૧ વર્ષ થયા. અંતરથી (આવ્યું હતું). આ તો વાંચ્યું પણ નહોતું પણ સંસ્કાર હતા ને અંદર! આહા..! માતા! કોલકરાર કરું છું. અમે જે રસ્તે જઈએ છીએ એમાં હવે ભવ નહિ મળે. કીધું, આ પુરુષાર્થ તો જુઓ! કેવળજ્ઞાનની સત્તાનો સ્વીકાર કરવામાં તો પુરુષાર્થ છે. દીઠું એ પછી થશે. દીઠું એ થશે, દીઠું એ થશે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એ તો છે, પણ કેવળજ્ઞાન જગતમાં છે કે નહિ? એનું માહાત્મ્ય અને એનું સામર્થ્ય-શક્તિ પર્યાયમાં કેટલું છે એની સત્તાનો સ્વીકાર કરવાથી, અલ્પજ્ઞમાં રહીને શક્તિ તરફ ઝુકવાથી અલ્પજ્ઞમાં સત્તાનો સ્વીકાર થાય છે. સમજાય છે કાંઈ? આહાહા..!

અહીંયા એ કહે છે કે અંદર જે સર્વજ્ઞશક્તિ છે.. એ તો આપણે પહેલા આવી ગઈ. અહીં બીજું કહેવું હતું, એ સર્વજ્ઞપણું આત્મજ્ઞપણું છે. એ પહેલા શક્તિમાં આવી ગયું છે. સર્વજ્ઞપણું એ આત્મજ્ઞપણું છે. આત્મજ્ઞ કહો કે સર્વજ્ઞ કહો, એ વિવક્ષાભેદ છે, કથનભેદ છે, ભાવભેદ નથી. ઇ શું કહ્યું? સર્વજ્ઞપણું છે અને આત્મજ્ઞપણું છે એ તો કથનની શૈલીથી વાત છે. આત્મજ્ઞ છે એ સ્વ છે અને સર્વજ્ઞપણું છે એ પરથી છે એમ નથી. સમજાય છે કાંઈ? આહાહા..!

એમ સર્વદર્શિ. બન્નેમાં લીધું છે ને? સર્વદર્શિ એ આત્મદર્શનપણું છે. એ સર્વને દેખે એમાં સર્વને પરનું લેવું એ તો અસદ્‌ભુત વ્યવહાર છે. કેમ? કે જેમાં તન્મય થઈને જોતા નથી તેને અસદ્‌ભુત કહે છે અને જેમાં તન્મય થઈને જોવે છે તો પોતાની પર્યાયમાં તન્મય થઈને જોવે છે તો પોતાને જોવે છે. આહાહા..!

અહીંયા એ કહે છે કે પર્યાયમાં પણ ઘટવધ નથી. આહાહા..! સર્વજ્ઞશક્તિ સત્ત છે અને ઘટવધ નથી એવી ત્યાગઉપાદાનશૂન્યત્વ શક્તિ છે એમ સ્વીકાર કરવાથી પરિણતિમાં પણ ઘટવધ નથી એવી પર્યાય પ્રગટ થાય છે. અર્થાત્ ભલે અલ્પ હો પણ એક અંશ પૂર્ણ દ્રવ્યને સિદ્ધ કરે છે, આખા અંશીને સિદ્ધ કરે છે. તેથી પર્યાયને પણ પૂર્ણ કહેવામાં આવે છે. આહાહા..! એટલું લીધું. પંડિતજીએ પ્રશ્ન કર્યો હતો. હવે સત્તરમી શક્તિ. એ બહુ સૂક્ષ્મ છે.

**'ષટ્‌સ્થાનપતિત...'** છે પહેલો શબ્દ? ષટ્‌સ્થાન આશ્રય. પતિત એટલે આશ્રય. ષટ્‌સ્થાન એટલે? એટલે કહે છે? અર્થાત્ આત્મામાં દરેક ગુણમાં, પર્યાયમાં ષટ્‌સ્થાનપતિત અર્થાત્ પર્યાયમાં અનંતગુણ વૃદ્ધિ, અસંખ્યગુણ વૃદ્ધિ, સંખ્યગુણ વૃદ્ધિ, અનંતભાગ વૃદ્ધિ, અસંખ્યભાગ વૃદ્ધિ, સંખ્યભાગ વૃદ્ધિ-એ છ બોલ થયા. હવે હાનિના (છ બોલ). અનંતગુણ હાનિ, અસંખ્યગુણ હાનિ, સંખ્યગુણ હાનિ, અનંતભાગ હાનિ, અસંખ્યભાગ હાનિ, સંખ્યભાગ હાનિ-છ એ થયા. સમજાય છે કાંઈ? આવી વાત.

અગુરુલઘુશક્તિનું વર્ણન કરે છે. દરેક ગુણની પર્યાયમાં અગુરુલઘુપણું (છે). દરેક ગુણમાં અગુરુલઘુનું રૂપ છે. આહાહા..! અને એની પર્યાયમાં પણ અગુરુલઘુપણું આવે છે. એ થોડો સૂક્ષ્મ વિષય છે. કેમ? કે કેવળજ્ઞાનની પર્યાય છે તો પણ એક સમયમાં ષટ્‌ગુણહાનિવૃદ્ધિ એમાં છે. તેથી કરીને પહેલે સમયે હાનિ, બીજે સમયે વૃદ્ધિ થાય છે એમ નહિ. તે જ સમયે હાનિ અને તે જ સમયે વૃદ્ધિ કોઈ અગમ્ય વાત છે. એમ કેમ કહે છે? શ્રુતજ્ઞાની જો બધું જાણી શકે તો કેવળજ્ઞાનની મહિમા ક્યાં રહી? 'પાટનીજી'! આહાહા..!

શ્રુતજ્ઞાનમાં પણ ષટ્‌ગુણહાનિવૃદ્ધિ (થાય છે). એક સમયમાં હાનિ અને બીજે સમયે વૃદ્ધિ એમ પણ નથી. એક સમયમાં અનંતગુણ વૃદ્ધિ એ જ સમયે અનંતગુણ હાનિ. એ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જ સમયમાં અસંખ્યગુણ વૃદ્ધિ, એ જ સમયે અસંખ્યગુણ હાનિ. એમ સંખ્યગુણ વૃદ્ધિ, સંખ્યગુણ હાનિ. એક જ સમયમાં દ્રવ્યની પર્યાયનો એવો જ કોઈ સ્વભાવ ભગવાને જોયો છે. આહાહા..! શું કહ્યું? સમજાય છે કાંઈ?

**'ષટ્સ્થાનપતિત...'** છ પ્રકારે આશ્રયથી હાનિ-વૃદ્ધિ થાય છે. વૃદ્ધિ-હાનિ બન્ને છે ને? 'દીપચંદજી'એ જરી ઉતાર્યું છે પણ એ તો સમજાવવા માટે ઉતાર્યું છે. અનંતમા ભાગમાં આઠ ગુણ, અસંખ્યમા ભાગમાં અમુક ગુણ, અનંતમા ભાગમાં (અમુક ગુણ). એમ ગુણ ઉતાર્યા છે. પણ એ તો એક પછી એક ઉતાર્યું છે. 'ચિદ્વિલાસ'માં. સમજાય છે કાંઈ? પણ એ તો સમજાવવા, ખરેખર તો એક સમયમાં ષટ્ગુણહાનિવૃદ્ધિ છે. એક સમયમાં! આહાહા..! સૂક્ષ્મ છે, ભગવાન!

તારી મતિજ્ઞાનની પર્યાય હોય તો પણ એ પર્યાયમાં ષટ્ગુણહાનિવૃદ્ધિ થાય છે. કેવળજ્ઞાનની પર્યાય હોય તો પણ ષટ્ગુણહાનિવૃદ્ધિ કેવળજ્ઞાનની પર્યાયમાં થાય છે. ક્ષાયિક સમકિત હોય એ પર્યાયમાં પણ ષટ્ગુણહાનિવૃદ્ધિ થાય છે. યથાખ્યાતચારિત્ર હોય.. આહાહા..! વીતરાગતા હોય, વીતરાગતાની પર્યાયમાં ષટ્ગુણહાનિવૃદ્ધિ છે. આ વાત તો સર્વજ્ઞ સિવાય (ક્યાંય નથી).

મુમુક્ષુ :- નિગોદમાં?

ઉત્તર :- નિગોદના જીવને અક્ષરના અનંતમા ભાગમાં (ઉઘાડ છે તો) એમાં પણ ષટ્ગુણહાનિવૃદ્ધિ છે. આહાહા..! જુઓ! સર્વજ્ઞ સ્વભાવ ભગવાનઆત્માનો અને એની પર્યાયનો ધર્મ! આહાહા..! ભગવાને જોયું, ભગવાને દીઠું.. સમજાય છે કાંઈ? ભગવાને ભાળ્યું એવું કહ્યું. આહાહા..!

અહીં તો થોડું એવું કહે છે, 'પંચાસ્તિકાય'માં છે. ષટ્ગુણહાનિવૃદ્ધિ શ્રુતગમ્ય નથી, આગમગમ્ય છે. આગમ કહે છે તેટલો સ્વીકાર કરવો, એમાં તર્ક કરવો નહિ. તને તર્કથી નહિ બેસે. સમજાય છે કાંઈ? આહાહા..! એક મતિની પર્યાય હોય. નિગોદના જીવને અક્ષરના અનંતમા ભાગનો વિકાસ છે અને વીર્યનો પણ અનંતમા ભાગનો વિકાસ છે. છતાં એ પર્યાયમાં પણ ષટ્ગુણહાનિવૃદ્ધિ છે. આહાહા..!

મુમુક્ષુ :- એક સમમયાં બાર ભાગ.

ઉત્તર :- બાર ભાગ. છ હાનિના અને છ વૃદ્ધિના, સમય એક! આહાહા..! 'નંદકિશોરજી'! આ કદી સાંભળ્યું નથી. વકીલ એવા બુદ્ધિવાળા માણસ છે પણ આ... આહાહા..! આ તો ત્રણલોકના નાથ સર્વજ્ઞ પરમેશ્વર... આહાહા..! જિનચંદ્ર વીતરાગચંદ્ર શીતળતા ભગવાન પૂર્ણાનંદમાં અમૃત ભર્યા છે. એ પરમાત્માએ આ વાત કરી છે. સમજાય છે કાંઈ?

ષટ્ગુણહાનિવૃદ્ધિરૂપે **'પરિણમતો...'** જુઓ! પરિણમતો કીધું. પર્યાયમાં પરિણમેલો છે. શક્તિ તો છે પણ પર્યાયમાં પરિણમેલી છે. **'સ્વરૂપ-પ્રતિષ્ઠત્વના કારણરૂપ (-વસ્તુને સ્વરૂપમાં**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**રહેવાના કારણરૂપ) એવો જે વિશિષ્ટ (–ખાસ) ગુણ તે-સ્વરૂપ અગુરુલઘુશક્તિ. (આ ષટ્સ્થાનપતિત વૃદ્ધિહાનિનું સ્વરૂપ ગોમ્મટસાર શાસ્ત્રમાંથી જાણવું.) અવિભાગપ્રતિચ્છેદોની સંખ્યારૂપ ષટ્સ્થાનો...**' શું કહે છે? એક સમયની મતિની પર્યાય હો કે કેવળજ્ઞાન હો પણ એમાં ષટ્ગુણહાનિવૃદ્ધિ (થાય છે). છે ને? આહાહા..! અવિભાગ પ્રતિચ્છેદ. શું કહે છે? જુઓ! એક મતિજ્ઞાન છે પણ એ પર્યાયમાં તો અનંત લોકાલોક પણ જણાય છે અને સ્વદ્રવ્ય પણ જણાય છે. લોકાલોક જણાય છે તો એ પર્યાયમાં અવિભાગ પ્રતિચ્છેદ કેટલા પડ્યા? અંશ છેદતા છેદતા અવિભાગ–જેનો ભાગ ન થાય એવા પ્રતિચ્છેદ કરતા કરતા છેલ્લો અંશ રહે તેને અવિભાગ કહે છે. એવા અનંત અવિભાગ પ્રતિચ્છેદ. નિગોદના અક્ષરના અનંતમા ભાગની પર્યાયમાં પણ અનંત અવિભાગ પ્રતિચ્છેદ છે. આવી વાત. આવું કાંઈક છે એટલું તો (લક્ષમાં લે). આવો વીતરાગનો માર્ગ. આહાહા..!

મુમુક્ષુ :– પર્યાય તો સ્વયં અંશ છે એમાં પણ પાછા અવિભાગ પ્રતિચ્છેદ?

ઉત્તર :– હા, કીધું ને? કેવળજ્ઞાનની પર્યાય છે તો એમાં અનંતા કેવળી જાણે છે? અનંતા લોકાલોક અનંતા નિગોદ જાણે છે એનાથી અનંતગુણા પરમાણુ જાણે છે એ પર્યાયમાં એટલું જાણવાના અંશ છેદો તો અનંત થઈ જાય છે. સમજાય એટલું સમજો, બાપુ! આ તો ભગવાનની વાત છે. 'સહેજે સમુદ્ર ઉલ્લસ્યો જેમાં રતન તણાયા જાય, ભાગ્યવાન કર વાવરે એની મોતીએ મુઠ્યું ભરાય, ભાગ્યહિન વાવરે એને શંખલે મુઠીયું ભરાય.' આસ્થાથી, શ્રદ્ધાથી, ઉત્સાહથી, ઉલ્લસિત વીર્યથી (સ્વીકાર કર). 'લાલચંદભાઈ'

મુમુક્ષુ :– શરત મુકી.

ઉત્તર : હા, આ શરત. જે આ કબુલે.. આહાહા..! એ અગમ્યગમ્યની પરમાત્માની વાતું. તારી પર્યાયના અનંત અવિભાગ પ્રતિચ્છેદ. આહાહા..! એ કહ્યું ને? '**વસ્તુસ્વભાવની વૃદ્ધિહાનિ જેનાથી (–જે ગુણથી) થાય છે અને જે (ગુણ) વસ્તુને સ્વરૂપમાં ટકવાનું કારણ છે એવો કોઈ ગુણ આત્મામાં છે, તેને અગુરુલઘુત્વગુણ કહેવામાં આવે છે.**' આહાહા..! '**આવી અગુરુલઘુત્વશક્તિ પણ આત્મામાં છે.**' દરેક ગુણમાં એ છે. દ્રવ્યમાં પણ અગુરુલઘુ, ગુણમાં પણ અગુરુલઘુ અને પર્યાયમાં પણ અગુરુલઘુ. શક્તિ છે ને? આહાહા..! દરેક ગુણમાં અગુરુલઘુ. આ ઝીણી વાત છે. હવે વધારે સમજવાની વાત આમાં છે. અઢારમી. આજે તો તમારે સત્તર દિવસ થયા. પહેલથી શક્તિ ઉપાડી છે. સત્તર દિવસમાં સત્તર થઈ.

**क्रमाक्रमवृत्तवृत्तित्वलक्षणा उत्पादव्ययध्रुवत्वशक्तिः। १८.**

**ક્રમવૃત્તિરૂપ અને અક્રમવૃત્તિરૂપ વર્તન જેનું લક્ષણ છે એવી ઉત્પાદવ્યયધ્રુવત્વશક્તિ. (ક્રમવૃત્તિરૂપ પર્યાય ઉત્પાદવ્યયરૂપ છે અને અક્રમવૃત્તિરૂપ ગુણ ધ્રુવત્વરૂપ છે.) ૧૮.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'ક્રમવૃત્તિરૂપ અને અક્રમવૃત્તિરૂપ વર્તન જેનું લક્ષણ છે...'** ભાષા જુઓ! પર્યાય ક્રમે વર્તે એ વર્તન જેનું લક્ષણ છે. ક્રમવર્તી નામ પર્યાયમાં ક્રમે વર્તવું એ વર્તન જેનું લક્ષણ છે. આહાહા..! આમ પર્યાય ક્રમવર્તી, ગુણ અક્રમવર્તી. એનો અર્થ એ થયો, ગુણ આમ એકસાથે છે, પર્યાય એકસાથે આમ-આયત સમુદાય છે. એ ક્રમવર્તી. પર્યાય ક્રમવર્તી કહેવામાં આવી છે અને ગુણ અક્રમવર્તી કહેવાય છે. પર્યાય ક્રમવર્તી કહેવામાં આવી એ ક્રમબદ્ધ આવી ગયું. ક્રમ આવ્યું ને? **'ક્રમવૃત્તિરૂપ અને અક્રમવૃત્તિરૂપ વર્તન જેનું લક્ષણ છે...'** ક્રમે વર્તવું જેનું લક્ષણ છે. આહાહા..!

એ લોકો એમ કહે છે, આપણે જો ક્રમબદ્ધનો સાચો નિર્ણય કરવા જઈએ તો એ લોકોની વાત તો સાચી છે પણ સાચો નિર્ણય કરવા જઈએ તો લોકો ત્યાં ઢળી જશે કે એનું સાચું અને આપણું ખોટું, એમ થઈ જશે. અરે..! ભગવાન! આહાહા..! બાપુ! એમ ન હોય, ભાઈ! તું ભગવાન છો ને! એક સમયની ભૂલ છે તેને કાઢવામાં કેટલો સમય લાગે? એક સમય લાગે. આહાહા..!

મુમુક્ષુ :- અમારી મેળે કાઢીશું, આપના કહેવાથી નહિ કાઢીએ.

ઉત્તર :- પોતાની મેળે કાઢવામાં પણ સમય તો એક જ લાગે ને? એને કાઢવામાં સમય કેટલો લાગે?

ક્રમવર્તી પર્યાય છે તો ક્રમે વર્તવું જેનું લક્ષણ છે. આહાહા..! અર્થાત્ ક્રમે વર્તવું જેનું સ્વરૂપ છે. આહાહા..! આવી વાતું હવે. આની કરતા પેલા વ્રત કરવા ને અપવાસ કરવા ને ભક્તિ કરવી, પૂજા કરવી, મંદિર કરવા સહેલુંસટ હતું. એક જણ આવ્યો હતો, અમે સહેલો માર્ગ માંડ કરતા હતા ત્યાં તમે વચ્ચે માર્યું.

દરેક ગુણમાં એ ઉત્પાદવ્યયધ્રુવ નામની શક્તિનું રૂપ છે અને એ ક્રમવર્તી પર્યાય અને અક્રમવર્તી ગુણનો સમુદાય તે આત્મા છે. સમજાય છે કાંઈ? એ બોલ લીધો છે. ત્યાં લીધું છે, જ્ઞાનની પર્યાય ઉત્પન્ન થાય છે ક્રમવર્તીમાં, તો તેમાં અનંતગુણની પર્યાય ઉછળે છે. એ કાલે આવી ગયું છે. ઉછળે છે અર્થાત્ જ્ઞાનની પર્યાય ઉત્પન્ન થઈ, સમ્યક્ હોં! એની સાથે અનંતગુણની પર્યાય ઉછળે છે. ઉછળે છે એટલે ઉત્પન્ન થાય છે. આહાહા..! એવી વાત છે. એ બીજો બોલ છે. ભાઈએ ઉતાર્યા છે. ઉતાર્યા છે ને? એક એક શક્તિમાં આટલા બોલ લાગુ પડે છે.

પહેલા કહ્યું, ક્રમ-અક્રમરૂપ અનંત ધર્મસમૂહ તે આત્મા. જ્ઞાનમાત્ર એક ભાવની અંતઃપાતિની અનંતશક્તિઓ. એ બીજો બોલ છે. દરેક શક્તિમાં આ લાગુ પડે છે. ક્રમવર્તી અને અક્રમવૃત્તિરૂપ વર્તન જેનું લક્ષણ છે. દરેક શક્તિનું ક્રમે પ્રવર્તવું અને અક્રમે રહેવું એનું લક્ષણ-સ્વરૂપ છે. એક એક શક્તિ અનંતમાં વ્યાપક છે. એક શક્તિ અનંતમાં વ્યાપક છે. એક શક્તિ અનંતને નિમિત્ત છે. એક શક્તિ દ્રવ્ય-ગુણ-પર્યાયમાં વ્યાપ્ત છે. એક શક્તિમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ધ્રુવ ઉપાદાન અને ક્ષણિક ઉપાદાન બે છે. આહાહા..! ધ્રુવ તે ધ્રુવ ઉપાદાન છે અને પર્યાય તે ક્ષણિક ઉપાદાન છે. ક્રમે વર્તવું એ ક્ષણિક ઉપાદાન છે અને અક્રમે રહેવું એ ધ્રુવ ઉપાદાન છે. આહાહા..! એક એક શક્તિમાં વ્યવહારનો અભાવ છે એ અનેકાંત છે. વ્યવહારથી પણ થાય છે અને નિશ્ચયથી પણ થાય છે, એવું શક્તિના વર્ણનમાં છે જ નહિ. સમજાય છે કાંઈ?

એક એક શક્તિ પોતે ક્રમે પ્રવર્તે અને અક્રમે પ્રવર્તે છે. દરેક શક્તિ. એમાં ક્રમે પ્રવર્તે તે નિર્મળ પરિણતિ. નિર્મળ પરિણતિ ક્રમે પ્રવર્તે છે અને નિર્મળ ગુણ એક સાથે રહે છે એમાં વ્યવહારનો અભાવ છે. રાગાદિ, નિમિત્ત આદિનો અભાવ છે એ અનેકાંત છે. સમજાય છે કાંઈ? અહીં તો વ્યવહારની વાત જ કરતા નથી. એનું જ્ઞાન થાય છે તે પોતાની પર્યાયમાં પોતાની તાકાતથી થાય છે. એમાં વ્યવહારનો અભાવ અને નિશ્ચય પોતાથી થયું છે. જ્ઞાનની પર્યાય, સમકિતની પર્યાય, ચારિત્રની પર્યાય, આનંદની પર્યાય પોતાથી પરની અપેક્ષા રાખ્યા વિના થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ?

આ ઉત્પાદવ્યયધ્રુવશક્તિ શક્તિ છે. એ શક્તિને કારણે પ્રત્યેક ગુણમાં જે સમયે (પર્યાય) ઉત્પન્ન થવાનો સમય છે તે ત્યાં ઉત્પન્ન થશે. દરેક ગુણની પર્યાય. આહાહા..! જે સમયે ઉત્પાદ છે તે જ સમયે પૂર્વની પર્યાયનો વ્યય છે. એવો એની શક્તિનો સ્વભાવ છે. આહાહા..! બીજી રીતે કહીએ તો દરેક ગુણમાં ઉત્પન્ન થવાની ઉત્પાદવ્યયધ્રુવ એવી શક્તિ છે તો એ પરને લઈને ઉત્પન્ન થાય એમ ત્યાં રહ્યું નહિ. રાગની મંદતા કરી, દયા, દાન, વંદના, પંચમહાવ્રત કર્યા માટે એ પર્યાય નિર્મળ થઈ એમ વસ્તુમાં છે જ નહિ. સમજાય છે કાંઈ? આહાહા..! ઝીણી વાતું ઘણી, બાપુ! નથી કહેતા? લોઢા કાપે છીણી. એ વાત છે ઝીણી, લોઢા કાપે છીણી. લોઢાની છીણી હોય એ કાપે. આ લાકડી કાપે? એ તૂટી જાય. લોઢાની ઝીણી છીણી હોય, છીણી, એમ આ સૂક્ષ્મ ઝીણી વાતું, ભેદજ્ઞાનની વાતું છે. આહાહા..!

કહે છે કે એક એક શક્તિમાં વ્યવહારનો અભાવ છે એ સ્યાદ્‌વાદ છે. એ શક્તિ છે તે પારિણામિકભાવે છે. કોઈ એક વાર પૂછતું હતું, મોક્ષમાર્ગ શું છે? મોક્ષમાર્ગ છે એ ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિકભાવે છે અને શક્તિ જે ગુણરૂપ છે તે પારિણામિકભાવે છે. સમજાય છે કાંઈ? આ શું હશે આવું? 'મણિભાઈ'! આ તો તત્ત્વની વાત છે, ભાઈ! આહાહા..! ભગવાનઆત્મા, એમાં ઉત્પાદવ્યયધ્રુવ નામની શક્તિ છે. એ શક્તિ પારિણામિકભાવે છે. પણ શક્તિની પ્રતીતિ થઈ, ઉત્પાદવ્યયધ્રુવ તો શક્તિ છે પણ તેને કારણે ઉત્પાદવ્યય થાય છે એ પર્યાયમાં અહીંયા ઉદયનો અભાવ લેવો જ નથી. એ શક્તિમાં ઉત્પાદ થાય છે એ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર ઉપશમભાવે, ક્ષયોપશમભાવે કે ક્ષાયિકભાવે (ઉત્પન્ન થાય) એ ઉત્પન્ન થાય છે તે ક્રમવર્તી પર્યાય છે. આમાં કેટલું યાદ રહે? 'બલુભાઈ'! માર્ગ એવો છે, ભાઈ! આહાહા..! અરે..! આવા મનુષ્યપણામાં આ ન સમજે તો કે દિ' સમજશે? ભાઈ!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આહાહા..!

આ તો સર્વજ્ઞ સ્વભાવનો દરિયો ભર્યો છે! આહાહા..! કેવળજ્ઞાનની પર્યાય, એવી તો અનંતીપર્યાય ગુણમાં પડી છે. જ્ઞાનગુણમાં તો અનંતી કેવળજ્ઞાનની પર્યાય (પડી છે). પર્યાય ક્રમસર થઈ એ તો એક સમયની અવસ્થા છે. કેવળજ્ઞાન પણ એક સમયની અવસ્થા છે. બીજે સમયે બીજી પર્યાય એવી ખરી પણ એ નહિ. એવી એવી સાદિઅનંત કેવળજ્ઞાનની પર્યાય, અનંત એટલે ક્યાંય અંત નહિ, એવી પર્યાયનો સમુદાય તે જ્ઞાનગુણ છે. આહાહા..! અને એવા શ્રદ્ધાગુણની અનંતી પર્યાય, ચારિત્રગુણની અનંતી પર્યાય, આનંદની અનંતી પર્યાય એ અનંતી પર્યાયનો પિંડ એ આનંદ, શ્રદ્ધા અને વીર્ય છે. એ અનંતગુણનો પિંડ એ દ્રવ્ય છે. સમજાય છે કાંઈ? 'બલુભાઈ'! આ ક્યાં અભ્યાસ કર્યો છે? અપવાસ કરી લઈએ, જો કાંઈક કલ્યાણ થઈ જાય તો કરી નાખો લાંઘણ. લોકોને આકરું પડે છે. એ તો એકાંત નિશ્ચય છે. આહાહા..!

એ વાત હમણા થઈ, ભાઈ! મહાસભા ભેગી થઈ. મહાસભામાં મખનલાલજી અને એને બધાને નિર્ણય કરવો હતો કે સોનગઢ એકાંત મિથ્યાત્વ છે. એમ નિર્ણય કરવો હતો. એમાં રાજકુમારસિંહ બોલ્યા. એને ઉતારી નાખ્યા. શું કહેવાય તમારી ભાષામાં? ફટકાર દિયા. આ તમારા લક્ષણ? તમારે આ કરવું છે? રાજકુમારે કહ્યું. અજમેર ગયા હતા. બહુ ફટકાર્યા. એ લોકોને નિર્ણય કરવો હતો, નિર્ણય બંધ કરી દીધો અને 'ભાગચંદજી' પણ પછી આને લઈને (બોલ્યા). રાજકુમાર જ્યારે બોલ્યા બહુ ફટકાર્યા. તમારી ભાષા બીજી હતી. કામ તો કરતા નથી અને ગાળો આપો છો. એને ઉતારી દીધા એમ કરીને કાંઈક ભાષા હતી. એને ઘણા ફટકાર્યા. અરે..! પ્રભુ! શું કરે છે? ભાઈ! આહાહા..! ભોંઠા પાડી દીધા, અમારી ભાષામાં એ છે. ભોંઠા પાડી દીધા એમ અમારી ભાષા છે. અરે..! ભગવાન! માર્ગ તો આ છે, ભાઈ! આહાહા..!

એક એક શક્તિમાં ઉત્પાદવ્યયધ્રુવ જે પર્યાય થાય છે એ ષટ્કારકથી ઉત્પાદ થાય છે. એ વિશેષ આવશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**પ્રવચન નં. ૧૮ શક્તિ-૧૮, ૧૯ રવિવાર, (દ્વિતીય) શ્રાવણ સુદ ૧૫, તા. ૨૮-૦૮-૧૯૭૭**

---

આપણે કેટલામી શક્તિ છે? ૧૮. શિક્ષણ શિબિરનો અઢારમો દિવસ છે. શું કહે છે? આત્મામાં એક શક્તિ-ગુણ... આત્મા સત્ શાશ્વત વસ્તુ છે એમાં શક્તિઓ પણ શાશ્વત છે. આત્મા સ્વભાવભાવ પારિણામિકભાવે છે. એની શક્તિ પણ પારિણામિકભાવે છે, સહજ સ્વભાવે છે. એક શક્તિ બીજી શક્તિને નિમિત્ત છે પણ એક શક્તિ બીજી શક્તિને ઉત્પન્ન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કરે, એમ નથી.

અહીંયા તો ઉત્પાદવ્યયધ્રુવશક્તિ એવી કહી કે પ્રત્યેક જ્ઞાનમાં પણ ઉત્પાદવ્યયધ્રુવ રૂપ છે. ઉત્પાદવ્યયધ્રુવશક્તિ એમાં નથી પણ ઉત્પાદવ્યયધ્રુવનું રૂપ છે. શું કહ્યું? જ્ઞાનશક્તિ જે ત્રિકાળ છે એમાં જે સમયે જ્ઞાનની પર્યાય.. અહીં નિર્મળની વાત છે, મલિનતાની અહીંયા વાત નથી, જે સમયે જ્ઞાનની પર્યાય ઉત્પન્ન થાય એ ઉત્પાદવ્યયધ્રુવશક્તિને કારણે છે. આહાહા..! ઇ શું કહ્યું? જે જ્ઞાનમાં નિર્મળ પર્યાયનો ઉત્પાદ થાય છે, મતિ-શ્રુતજ્ઞાન, કેવળજ્ઞાન આદિ પર્યાયની ઉત્પત્તિ ઉત્પાદવ્યયધ્રુવ(શક્તિને) કારણે એ પર્યાય ઉત્પન્ન થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ?

આમ કહે છે ને? ખાણિયા ચર્ચામાં મોટી ચર્ચા થઈ. ચાર ઘાતિકર્મનો નાશ થાય છે તો કેવળજ્ઞાન થાય છે, એમ કહ્યું. 'તત્ત્વાર્થ સૂત્ર'માં એવું વચન છે ને? પણ એ તો નિમિત્તનું કથન છે. વસ્તુસ્થિતિ એમ નથી. જ્ઞાનગુણમાં ઉત્પાદવ્યયધ્રુવનું રૂપ છે તો કેવળજ્ઞાનની પર્યાય ઉત્પન્ન થાય છે તે પોતાથી થાય છે, પર કારણની કોઈ અપેક્ષા નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

સચ્ચિદાનંદ પ્રભુ ધ્રુવ (છે), શક્તિ પણ ધ્રુવ છે. જેમ વસ્તુ ધ્રુવ છે એમ શક્તિ પણ ધ્રુવ છે. શક્તિ અને શક્તિવાનનો ભેદ લક્ષમાં ન લેતા, અભેદ દૃષ્ટિ કરવાથી (સમ્યગ્દર્શન થાય છે). પર્યાયમાં જ્ઞાન કરાવવા માટે એ વાત કરી છે. 'તત્ત્વાર્થ રાજવાર્તિક' આદિમાં એ છે ને? અથવા 'સ્વામિ કાર્તિકેયાનુપ્રેક્ષા'માં ઘણા દાખલા આપે છે. 'ફૂલચંદજી'એ દાખલા આપ્યા છે. પૂર્વ પર્યાયયુક્તદ્રવ્ય તે કારણ અને ઉત્તર પર્યાયયુક્તદ્રવ્ય તે કાર્ય. અહીં તો એ પણ કાઢી નાખ્યું. પંડિતજી! 'સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા'માં એમ લીધું છે અને 'ફૂલચંદજી'એ 'જૈનતત્ત્વ મિમાંસા'માં, ખાણિયા ચર્ચામાં આનો ઘણો આધાર લીધો છે. દ્રવ્ય જે વસ્તુ છે ને? તેની પર્યાયસહિતદ્રવ્ય ઉપાદાન કારણ છે અને પછીની પર્યાયસહિતદ્રવ્ય તે કાર્ય છે. પર્યાયસહિત દ્રવ્ય. પણ એ પણ વ્યવહાર છે.

અહીં તો કહે છે, કે ઉત્પાદવ્યયધ્રુવ, એ સમયે જે પર્યાય ઉત્પન્ન થાય છે તે પૂર્વ (પર્યાયને) કારણે નહિ. 'ધન્નાલાલજી'! સૂક્ષ્મ વાત છે. શાસ્ત્રમાં એવું ઘણું આવે છે અને એનો આધાર પણ 'ફૂલચંદજી'એ ઘણો આપ્યો છે. એ તો પૂર્વપર્યાય શું હતી અને પછીની પર્યાય કઈ છે, એમ દ્રવ્યસહિતનું કારણ-કાર્ય બતાવ્યું.

અહીંયા તો કહે છે, કે પ્રભુ! એકવાર સાંભળ તો ખરો! આહાહા..! તારા એક એક ગુણમાં ધ્રુવતા અને પર્યાયમાં ઉત્પન્ન થવું એ સ્વતંત્ર પર્યાય ઉત્પન્ન થાય છે. આહાહા..! જ્ઞાનમાં હો, દર્શનમાં હો, ચારિત્રમાં હો, આનંદમાં હો. આહાહા..! આનંદશક્તિ છે તેમાં પણ ઉત્પાદવ્યયધ્રુવનું રૂપ છે. આહાહા..! એ આવી ગયું છે. સુખ પાંચમી શક્તિ, પાંચમી શક્તિ. જીવતર, ચિતિ, દૃશિ, જ્ઞાન અને સુખ અને છઠ્ઠી વીર્ય (શક્તિ). વીર્ય તો સવારે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કહ્યું હતું કે વીર્ય તો એને કહીએ.. વીર્યમાં પણ ઉત્પાદવ્યયધ્રુવનું રૂપ છે. આહાહા..! ગંભીર! એ વીર્ય પણ પોતાની પર્યાયમાં ઉત્પન્ન થવાની તેમાં શક્તિ છે. પોતાથી વીર્યની પર્યાય સ્વરૂપની રચનામય ઉત્પન્ન થાય છે. આહાહા..! ઝીણી વાત છે. સમજાય છે કાંઈ?

વીર્ય પણ શક્તિ છે. એમાં આ ઉત્પાદવ્યયધ્રુવનું રૂપ છે તો વીર્ય પણ પોતાની પર્યાયમાં જે પુરુષાર્થ ઉત્પન્ન થાય છે તે પોતાની શક્તિને કારણે ઉત્પન્ન થાય છે. પૂર્વની પર્યાયને કારણે નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? નિમિત્તથી તો નહિ, પણ પૂર્વ કારણથી પણ નહિ. એ તો નહિ પણ વર્તમાનમાં જે અનંતી પર્યાય છે તો એક પર્યાયને કારણે બીજી પર્યાય છે એમ પણ નથી. કેમ? કે પ્રત્યેક દ્રવ્યના પ્રત્યેક ગુણમાં ઉત્પાદવ્યયધ્રુવનું રૂપ છે તો એ ગુણમાં ઉત્પાદ જ્ઞાનમાં, દર્શનમાં પોતાથી ઉત્પન્ન થાય છે. સમ્યગ્દર્શન ઉત્પન્ન થયું તો સમ્યગ્જ્ઞાનની પર્યાય તેને કારણે ઉત્પન્ન થઈ, એમ નથી. આહાહા..!

મુમુક્ષુ :- પહેલા તો કહ્યું હતું.

ઉત્તર :- કહ્યું ને? પહેલા તો કહ્યું હતું કે વ્યવહારનું કથન છે.

મુમુક્ષુ :- વ્યવહારને તો આપ હેય માનો છો.

ઉત્તર :- હેય જ છે. એમ જ છે.

ચિદાનંદ ભગવાન ધ્રુવ આનંદનો કંદ પ્રભુ, અતીન્દ્રિય આનંદનું તળ સ્પર્શ કરવાથી, એનું તળિયું.. તળિયું.. એટલે ધ્રુવતામાં સ્પર્શ કરવાથી... સ્પર્શની તો ના પાડી, પર્યાય સ્પર્શ કરતી નથી. સમજાય છે કાંઈ? પણ ધ્રુવ તરફ લક્ષ કરવાથી જે ઉત્પાદવ્યયધ્રુવશક્તિ છે તો પ્રત્યેક ગુણની પર્યાય પોતામાં ઉત્પન્ન થાય છે, પૂર્વથી વ્યય પામે છે અને ધ્રુવતા ધારણ કરે છે. આહાહા..! આવી વાત છે. અને અત્યારે તકરાર તો વ્યવહારના ઝઘડા. અરે..! પ્રભુ! સાંભળ તો ખરો. વ્યવહાર હો, પણ અંતર નિર્મળ પર્યાય ઉત્પન્ન કરવામાં એ કારણ નથી. સમજાય છે કાંઈ? 'સોનગઢ' સામે આ વાંધો છે ને? કે ઉપાદાનમાં નિમિત્તથી થાય છે, નિશ્ચયમાં વ્યવહારથી નિશ્ચય થાય છે અને પર્યાયમાં ક્રમવર્તી એકાંત છે અને નિયત છે, એમ નહિ. નિયત-અનિયત બન્ને છે. અરે..! એમ નથી, ભાઈ! સમજાય છે કાંઈ?

(પચાંસ્તિકાય) ૧૫૫ ગાથામાં આવે છે. નિયત, અનિયત માટે એનું દૃષ્ટાંત આપે છે. ત્યાં નિયત-અનિયતની વ્યાખ્યા બીજી છે. નિયત એટલે તેના સ્વભાવને નિયત કહે છે અને વિભાવને અનિયત કહે છે. એવો અર્થ છે. ૧૫૫ પંચાસ્તિકાયની ગાથા. એ બધી ચર્ચા થઈ ગઈ છે. જુઓ! આ અનિયત પણ છે. પણ અનિયતનો અર્થ આઘીપાછી થાય એ વાત જ ત્યાં નથી. વિભાવ અનિયત છે. સ્વભાવની જાત નથી ને. અનિયતનો અર્થ આઘીપાછી એમ નથી. સમજાય છે કાંઈ? સ્વભાવ જે છે તે નિયત છે તેથી તેની પર્યાય અને આત્મા નિજ સ્વભાવ છે. અને વિભાવ છે તે અનિયત છે. નિશ્ચયની પર્યાય છે માટે વ્યવહારની પર્યાય છે (એમ નથી). વિભાવ અનિયત છે. અનિયત નામ આઘીપાછી પર્યાય થાય છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એ પ્રશ્ન અહીંયા નથી. સમજાય છે કાંઈ?

૪૭ નયમાં નિયત-અનિયતનય આવી છે અને કાળ-અકાળનય આવી છે. એ નય એક સમયમાં ૪૭ ધર્મ સાથે છે. ૪૭ નયમાં એમ પણ કહ્યું છે કે કાળે મોક્ષ થશે અને અકાળે પણ થશે, એમ લીધું છે. એનો અર્થ એવો કરે છે કે જુઓ! અકાળે પણ મોક્ષ થાય છે. એવો અર્થ છે જ નહિ. કાળે તો જે સમયે કેવળજ્ઞાન અને મુક્તિ થશે તે સમયે થશે. અકાળનો અર્થ કાળ સિવાય સ્વભાવ અને પુરુષાર્થને સાથે લઈને અકાળ કહ્યું છે. સમજાય છે કાંઈ? કાળ અને અકાળ, નિયત અને અનિયત એક સમયમાં ૪૭ ધર્મ સાથે છે. આઘાપાછા નથી, એકસાથે ધર્મ છે. કોઈને કાળ અને કોઈને અકાળ છે એમ નથી.

મુમુક્ષુ :- તેને જ કાળ, તેને જ અકાળ...

ઉત્તર :- તેને જ અકાળ કહે છે. સ્વભાવ અને પુરુષાર્થની અપેક્ષાએ. સમજાય છે કાંઈ? અરે..! સત્યની ખબર ન મળે. આહાહા..! કાળ અને અકાળ કહ્યું હતું ને? 'ધ્યાનવિજય'નો પ્રશ્ન નહોતો? શ્વેતાંબરના એક 'ધ્યાનવિજય' હતા ને? શ્વેતાંબર હતા, પછી દિગંબર થયા. અહીંનું વાંચન કરીને ઘણી વાતો કરતા હતા. 'રૂપચંદજી' 'મલકાપુર'વાળા હતા, એના ભગત હતા. 'નેમચંદભાઈ'! તમારા ભાઈ 'રૂપચંદજી'. એકવાર અમે જ્યારે 'ગજપંથા' ગયા તો એ ત્યાં રહેતા હતા. અમે નીચે ઉતર્યા હતા. આવ્યા. આવીને વંદન કર્યા, ઉઠ-બેસ કરી પગે લાગ્યા. રાતનો વખત હતો એટલે બોલી શકે નહિ. બીજે દિવસે સાંજે અમારે જાવાનું હતું, ત્યાંથી નીકળવાનું હતું. આવ્યા નહિ તો વાતચીત કાંઈ થઈ નહિ. એટલે હું ઉપર ગયો. સાંજે પાંચ વાગે નીકળવું હતું, હું અઢી-ત્રણ વાગે ગયો. બેઠા હતા. બારણુ બંધ હતું. અમે ગયા તો બારણું ખોલી નાખ્યું, નીચે ઉતરી ગયા. વંદન કર્યા. મારે તો એ પ્રશ્ન હતો, અહીંની વાત વાંચીને કરે છે કે એના ખ્યાલમાં કોઈ ચીજ છે? 'લાલચંદભાઈ'! અહીંનું વાંચન કરીને વાત કરે છે કે એના ખ્યાલમાં કોઈ યથાર્થતાનો ખ્યાલ છે? એ પ્રશ્ન કર્યો. 'નેમિચંદભાઈ'! તમારા 'રૂપચંદજી' બેઠા હતા. ચાર-પાંચ જણા હતા.

કીધું, શાસ્ત્રમાં કાળે મોક્ષ અને અકાળે મોક્ષ બે વાત આવે છે. ક્રમબદ્ધમાં પર્યાયમાં મોક્ષ થાય છે. શાસ્ત્રમાં કાળ અને અકાળ બન્ને છે. 'નેમિચંદભાઈ'! એ સમજી ગયા કે આ હમણા પકડશે. એટલું કીધું, મેં વિચાર કર્યો નથી. સમજાય છે કાંઈ? અહીં તો એમ કહે છે કે જે સમયે ઉત્પાદ થવાનો છે તે જ સમયે થાય છે. સમજાય છે કાંઈ? અકાળનયમાં પુરુષાર્થ અને સ્વભાવની અપેક્ષાએ અકાળનય કહ્યું છે. આઘીપાછી પર્યાય થાય છે એ અકાળનો અર્થ છે જ નહિ. સમજાય છે કાંઈ? 'પોપટભાઈ'! આ ઝીણી વાત છે.

મુમુક્ષુ :- એટલા માટે તો આવ્યા છીએ.

ઉત્તર :- એમ ને? પેલું અત્યાર સુધી જાડું કર્યું છે ને? આહાહા..!

પરમાત્મા પૂર્ણ કાળસ્વરૂપ.. એકવાર તો એ પણ કહ્યું હતું કે જે પૂર્ણ કાળ સ્વરૂપ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે તે સ્વકાળ છે અને એની પર્યાયનું ઉત્પન્ન થવું તે પરકાળ છે. શું કહ્યું? સમજાય છે કાંઈ? ૨૫૨ કળશમાં લીધું હતું ને? ૨૫૨ કળશમાં છે. સવારે ચાલે છે ને? કળશ-ટીકા. એમાં એમ લીધું છે કે જે સ્વદ્રવ્ય છે એ અભેદ છે. અને દ્રવ્યમાં વિકલ્પ કરવો કે આ દ્રવ્ય છે અને આ ગુણ છે એ પરદ્રવ્ય. સમજાય છે કાંઈ? ક્ષેત્રમાં અસંખ્યપ્રદેશી એકરૂપ ક્ષેત્ર છે તે સ્વક્ષેત્ર. અને ક્ષેત્રમાં ભેદ પાડવો કે આ પ્રદેશ ને આ પ્રદેશ, એ પરક્ષેત્ર. અને કાળમાં ત્રિકાળી વસ્તુ તે સ્વકાળ. સ્વભાવ. અને પર્યાયાંતર, અવસ્થાંતર એક સમયની અવસ્થાનું જુદું લક્ષ કરવું તે પરકાળ. સમજાય છે કાંઈ? ઝીણી વાત, બાપુ! માર્ગ સૂક્ષ્મ છે, ઝીણો છે, બહુ ઝીણો. આહાહા..! એ વિકલ્પથી પણ વસ્તુ જણાતી નથી. ભલે વિકલ્પથી ધારણા કરી લે. સમજાય છે કાંઈ? 'બાલચંદભાઈ'! કે આ આમ છે ને આ આમ છે. પણ વિકલ્પથી જણાય એવી વસ્તુ જ નથી. એ તો નિર્વિકલ્પથી જણાય છે. આહાહા..! સમજાય છે કાંઈ?

ત્યાં તો એમ કહ્યું છે, ત્રિકાળી દ્રવ્યને સ્વકાળ કહ્યું અને એક સમયની અવસ્થાને પરકાળ કહ્યું. પરના કાળની અવસ્થા તો ભિન્ન રહી ગઈ. આહાહા..! કેમ કે ભેદ ઉપરથી દૃષ્ટિ ઉઠાવવી છે. ભાઈ! દ્રવ્યનો ભેદ, ક્ષેત્રનો ભેદ, કાળનો ભેદ, ભાવનો ભેદ (એવા) ભેદ ઉપરથી (દૃષ્ટિ ઉઠાવવા કહ્યું છે). અને નિશ્ચયથી તો જે દ્રવ્ય છે તે જ ક્ષેત્ર છે, તે જ કાળ છે, તે જ ભાવ છે. ઇ શું કહ્યું? નિશ્ચયમાં જે દ્રવ્ય કહ્યું, પર્યાય વિનાનું, તે જ ક્ષેત્ર છે, તે જ ક્ષેત્ર છે, તે જ દ્રવ્ય છે, તે જ ક્ષેત્ર છે, તે ત્રિકાળ એ કાળ છે અને એ ત્રિકાળ ભાવ છે. એ ચારના ભેદ પણ નહિ. પર્યાયનો ભેદ તો નહિ પણ ચારનો ભેદ નહિ. આહાહા..! એવી વસ્તુમાં ઉત્પાદવ્યયધ્રુવશક્તિ પડી છે. આહાહા..! ઝીણી વાતું બહુ, બાપુ! મારગડા એવા છે. આહા..!

કહે છે કે, જે સમયે (પર્યાય) ઉત્પન્ન થાય છે, દરેક ગુણની, હોં! પ્રત્યેક ગુણની અને પ્રત્યેક ગુણમાં ઉત્પાદવ્યયધ્રુવનું રૂપ પડ્યું છે. આહાહા..! સમજાય એટલું સમજવું. વસ્તુ તો એવી ગંભીર છે. નિર્વિકલ્પ અનુભવ વિના એનો અનુભવ થતો નથી. આહાહા..! કેમ કે વસ્તુ ભેદરહિત છે, રાગરહિત છે, પર્યાયરહિત છે. છતાં એમાં ઉત્પાદવ્યયધ્રુવ નામની શક્તિ પ્રત્યેક ગુણમાં છે. તો પ્રત્યેક ગુણનો પોતાની પર્યાયમાં ઉત્પાદ થાય છે અને પૂર્વની પર્યાયનો વ્યય થાય છે તે આ ગુણને કારણે અથવા આ શક્તિના રૂપને કારણે. પરની શક્તિને કારણે નહિ. આહાહા..! વ્યવહારને કારણે તો નહિ, પણ પૂર્વની પર્યાય છે તેને કારણે નહિ અને એક શક્તિ છે તો બીજી શક્તિને કારણે પણ નહિ. 'પ્રિયંકરજી'! આવી વસ્તુ છે, ભાઈ! આહાહા..! અરે..! લોકોને સમજાય નહિ. લોકોને બહારની ક્રિયાકાંડમાં જોડી દીધા. આ કરો ને આ કરો. અરે..! એ તો બાપુ! અનંતવાર કર્યું છે ને, પ્રભુ! શુભભાવ અનંતવાર કર્યા છે. 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' ભગવાન! આનંદના તળમાં ભગવાન પડ્યો છે. આહાહા..! જેના તળિયામાં આનંદ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જેમ સમુદ્રના તળિયે મોતી આદિ પડ્યા છે. સમુદ્રમાં કેટલાય મોતી પડી ગયા હોય, ચાંદી ખોવાઈ ગઈ હોય, સોનું અંદર સમુદ્રમાં નીચે પડ્યું છે. સમજાણું કાંઈ? ઘણો અનંત કાળ થયો ને? તો કોઈ એવી ચાંદી બૂડી ગઈ હોય તો અંદર ચાંદી પડી હોય. સોનું નીચે પડ્યું હોય, મોતી નીચે પડ્યા હોય, ઘણું પડ્યું છે. સમજાય છે કાંઈ? પણ અંદર ડૂબકી મારીને... શ્વાસ લેવાની નળી રાખે, હોં! લેવા માટે ડૂબકી મારે ખરા પણ સાથે શ્વાસની નળીમાં પવન આવે. તો જ પવન આવે, નહિતર ન્યાં તો પવન આવે નહિ. ઉપરથી પવન નહિ અને અંધારું હોય તો દેખાય પણ નહિ, તો અંદર પ્રકાશ પણ રાખે. એ જોવે કે આ મોતી છે, તો મોતી ઉપાડી લે છે. એમ ભગવાનના તળમાં તો અનંતઆનંદાદિ મોતી પડ્યા છે. સમજાય છે કાંઈ? આહાહા.! અનંતજ્ઞાન છે, અનંતઆનંદ છે, અનંત શાંતિ છે, અનંત પ્રભુતા છે, અનંતસ્વચ્છતા છે. આહાહા..! એ દરેક શક્તિ ઉત્પાદવ્યયધ્રુવથી કાર્ય કરે છે. આહાહા..! એ ઉત્પાદને માટે બીજા કારણ તો નહિ પણ બીજી શક્તિ ને બીજી પર્યાય પણ કારણ નહિ. ઘણા વખતથી તો સાંભળે છે. ૪૩ વર્ષ તો અહીં થયા. ચાર અને ત્રણ (તેંતાલીસમું) તો ચોમાસુ ચાલે છે.

મુમુક્ષુ :– તેંતાલીસ તો આપને થયા છે. બધાને નથી થયા.

ઉત્તર :– એને પણ એટલા જ થયા છે. પણ સાંભળતા તો આવે છે કે નહિ? કે આમ વાત કરે છે, આવી વાત કરે છે. ભલે એટલા વર્ષ ન થયા હોય પણ આમ કહે છે, આમ કહે છે એમ લોકમાં પ્રચાર તો થઈ ગયો કે નહિ? આહાહા..!

પ્રભુ! એકવાર સાંભળ ને નાથ! તારો ઉત્પાદ, આનંદ અને સમ્યગ્દર્શનની પર્યાયનો ઉત્પાદ, એક એક ગુણમાં તે તે ઉત્પાદનો કાળ છે તો ઉત્પન્ન થાય છે. આહાહા..! અને તે પણ ઉત્પાદ થાય છે દ્રવ્યની દૃષ્ટિવંતને તે ઉત્પાદ નિર્મળ થાય છે. સમજાય છે કાંઈ? પર્યાયના લક્ષે પર્યાય ઉત્પન્ન થાય છે, એમ નથી. આહાહા..!

મુમુક્ષુ :– પુરુષાર્થથી ઉત્પન્ન થાય છે.

ઉત્તર :– પુરુષાર્થથી થાય છે પણ એ દરેકમાં વીર્યશક્તિ પણ છે ને? કહ્યું ને? વીર્યશક્તિ પણ છે ને? તો પોતાથી, પુરુષાર્થથી થાય છે. એમાં પુરુષાર્થ છે. અરે..! એમાં તો છે પણ પરમાણુમાં પણ વીર્યશક્તિ છે. એની શક્તિ છે. વીર્ય નામ પરમાણુમાં શક્તિ છે. વર્ણ, ગંધ, રસ, સ્પર્શપણે એક, બે, ત્રણ આદિ ચીકાશપણે પરિણમે છે તે પોતાની શક્તિથી પરિણમે છે, પરને કારણે નહિ. આહાહા..! સમજાય છે કાંઈ?

એ પ્રશ્ન થયો હતો ને? આ સ્કંધ અહીંયા છે. તો સૂક્ષ્મ પરમાણુ ભિન્ન હતા તે અહીંયા આવ્યા તો સ્થૂળ થઈ ગયા તો જુઓ! નિમિત્તથી સ્થૂળ થયા. સામેવાળા તરફથી એ પ્રશ્ન આવ્યો હતો. એમ નથી. પરમાણુમાં પણ પોતાની શક્તિથી સ્થૂળરૂપ થવાની યોગ્યતાથી (પર્યાય) ઉત્પન્ન થઈ છે. નિમિત્તને કારણે નહિ. વાત સાચી છે. એકલો પરમાણુ સૂક્ષ્મ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે, અહીંયા આવ્યો તો સૂક્ષ્મ ન રહ્યો. પણ સૂક્ષ્મ ન રહ્યો, એ સ્થૂળરૂપ ઉત્પન્ન થવાની શક્તિથી સ્થૂળ થયો છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હજી તો એ નિમિત્તનું કથન છે. કહ્યું ને? એ પ્રશ્ન પણ ચાલ્યો હતો. (સંવત) ૨૦૦૩ ની સાલમાં વિદ્વાન આવ્યા હતા ત્યારે. પરમાણુમાં પણ જે બે ગુણ ચીકાશ છે અને બીજા પરમાણુમાં ચાર ગુણની પર્યાયની ચીકાશ છે. બન્ને ભેગા થતા આ ચાર ગુણ થઈ જાય છે. ચાર ગુણ થાય છે પણ પોતાની પર્યાયની યોગ્યતાથી તે સમયે ઉત્પન્ન થવાની યોગ્યતાથી એમ થઈ જાય છે. નિમિત્ત આવ્યું તો ચાર ગુણ ચીકાશ થઈ એમ વસ્તુ નથી. ભાઈ! આહાહા..! જુઓ! ગજબ કર્યું છે ને!

દરેક શક્તિમાં ઉત્પાદવ્યયધ્રુવશક્તિનું રૂપ છે અને તે પણ તે સમયે જે એનો ઉત્પાદ છે તે ઉત્પાદ થશે. તે સમયે જેનો વ્યય છે તેનો વ્યય થશે અને તે સમયે ધ્રુવ તો સદ્દશ તો કાયમ છે. આહાહા..! આવી શક્તિનું વર્ણન સર્વજ્ઞ સિવાય ક્યાંય છે નહિ. ઓઘેઓઘે વાત કરી કે આત્મા નિર્મળ છે ને શુદ્ધ છે ને સર્વવ્યાપક છે. એમાં શું થયું?

મુમુક્ષુ :- ઓઘેઓઘે એટલે શું ?

ઉત્તર :- ઓઘેઓઘે નથી સમજતા? ઓઘે એટલે જાવું હોય આમ અને દૃષ્ટિ રહી આમ, અને જાય છે એ ઓઘેઓઘે ગયો કહેવાય. ખબર વિના. ખબર નહિ, ખબર નહિ. માણસને જાવું હોય પશ્ચિમ બાજુ પણ એની ધૂનમાં ને ધૂનમાં દક્ષિણમાં ચાલ્યો ગયો. અરે..! મારે તો આમ જાવું હતું ને! એ ઓઘેઓઘે-ભાન વિના. એમ આ ભાન વિના આત્માની વાતું કરે એ બધી ખોટી છે.

ઉત્પાદવ્યયધ્રુવયુક્તં સત્. 'તત્ત્વાર્થસૂત્ર'માં આવ્યું ને? એ શક્તિનું આ વર્ણન છે. ઉત્પાદવ્યયધ્રુવયુક્તં સત્ જે 'તત્ત્વાર્થસૂત્ર'માં આવ્યું છે એ આ ઉત્પાદવ્યયધ્રુવશક્તિ છે. પ્રત્યેક ગુણમાં, પ્રત્યેક દ્રવ્યમાં. પરમાણુમાં પણ આવી શક્તિ છે. આહાહા..! આ તો આત્માની વાત ચાલે છે. કારણ કે આત્મા જાણે તો પરમાણુને યથાર્થ જાણે. સમજાય છે કાંઈ? એ આપણે આવી ગયું છે.

'કળશ-ટીકા'માં બે વાત આવી ગઈ હતી કે પાણી શીતળ છે અને ઉષ્ણતા અગ્નિની છે, તેનું જ્ઞાન કોને થાય છે? નિજસ્વરૂપગ્રાહીજ્ઞાનવાળાને જ્ઞાન થાય છે. એ શું કહ્યું?

મુમુક્ષુ :- નિજ સ્વરૂપના જ્ઞાન..વિના...

ઉત્તર :- ના, ના. એ ભાન ન મળે. ભેદવિપર્યાસ, કારણવિપર્યાસમાં ... સમજાય છે કાંઈ? ત્રણ બોલ આવ્યા છે ને? 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં કારણવિપર્યાસ, સ્વરૂપવિપર્યાસ અને ભેદવિપર્યાસ. ત્રણમાંથી એક બોલ તો એને-ભૂલવાળાને હોય જ છે. આહાહા...!

અહીંયા કહે છે, એ પોતાથી ઉત્પન્ન થયો, પરથી નહિ. આહાહા..! અને પરનું જ્ઞાન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પણ, પોતાના નિજ સ્વરૂપનું જ્ઞાન કરે તો પરનું જ્ઞાન, પરપ્રકાશકનું જ્ઞાન યથાર્થ થાય છે. આહાહા..! બે વાત લીધી હતી ને? એક તો, પાણી ઠંડુ છે અને અગ્નિના નિમિત્તે ઉષ્ણ થયું એવું જ્ઞાન કોને થાય છે? જેને નિજ સ્વરૂપનું જ્ઞાન થાય છે તેને વ્યવહારનું જ્ઞાન યથાર્થ થાય છે. આહાહા..! અને ત્યાં એક વાત એવી લીધી છે કે તરકારી છે ને? શાક. શાકમાં ખારાપણું છે તે લવણનું–મીઠાનું છે અને શાક એ ખારાપણાથી ભિન્ન છે. તેનું જ્ઞાન કોને થાય છે? આહાહા..! નિજસ્વરૂપગ્રાહી જ્ઞાનવાળાને જ્ઞાન થાય છે. જેને પોતાનો સ્વપ્રકાશક ભગવાનઆત્માના જ્ઞાનનું જ્ઞાન કર્યું એને શાક ખારું નથી પણ લવણ ખારું છે, ખારું લવણ છે એવું ભેદનું જ્ઞાન નિજસ્વરૂપગ્રાહીવાળાને જ થાય. જેને નિજ સ્વરૂપનું જ્ઞાન નથી તેને વ્યવહારનું જ્ઞાન સાચું થતું નથી. કાંઈપણ કારણવિપર્યાસ, ભેદવિપર્યાસ, સ્વરૂપવિપર્યાસ ત્રણમાંથી કોઈ એક ભૂલ તો રહી જાય છે. સમજાય છે કાંઈ?

અહીં કહે છે, **'ક્રમવૃત્તિરૂપ અને અક્રમવૃત્તિરૂપ વર્તન જેનું લક્ષણ છે એવી ઉત્પાદવ્યયધ્રુવત્વશક્તિ.'** ક્રમવર્તીરૂપ પર્યાય, ઉત્પાદવ્યયરૂપ. અક્રમવર્તીરૂપ ગુણ ધ્રુવરૂપ. આ અક્રમ એટલે પર્યાય અક્રમ નહિ, ગુણ અક્રમ છે. સમજાય છે કાંઈ? એમ તો 'સમયસાર' પૂર્વરંગ ૩૮ ગાથામાં આવે છે, ક્રમ-અક્રમ પર્યાય બન્ને આવે છે. કઈ ગાથા? ૩૮. ક્રમ-અક્રમ બે પર્યાય ચાલે છે. એનો અર્થ શું? ગતિ એક પછી એક થાય છે તો તેને ક્રમ કહે છે અને રાગ, કષાય, યોગ એકસાથે થાય છે તો અક્રમ કહે છે. યોગ છે, રાગ છે, લેશ્યા છે એક સાથે છે. માર્ગણા નહિ. અહીં તો ત્રણ બોલ લેવા છે. યોગ છે, એ જ સમયે લેશ્યા છે, એ સમયે કષાય છે, એ સમયે મતિજ્ઞાન છે. એકસાથે છે તો અક્રમ કહેવામાં આવ્યું. અક્રમ એટલે આઘુપાછું થાય છે એમ ત્યાં વાત નથી. એકસાથે છે તો અક્રમ કહ્યું અને ગતિ છે તે એક પછી એક થાય છે. નરક પછી પશુ, પશુ પછી અન્ય તો એ ક્રમવર્તી ગતિ કહેવામાં આવી. સમજાય છે કાંઈ? આહાહા..! અક્રમ શબ્દ ખાણિયા ચર્ચામાં આવ્યો છે. જુઓ! અહીંયા અક્રમ કહ્યું છે. પણ અક્રમ કોને કહ્યું છે?

મુમુક્ષુ :– ગુણસ્થાન ક્રમે થાય છે અને માર્ગણા અક્રમે થાય છે.

ઉત્તર :– એક એક સમયની પર્યાય, ગતિ છે, જ્ઞાન છે, દર્શન છે તે એકસાથે છે. સમજાય છે કાંઈ? આ તો માર્ગણામાંથી આપણે ટૂંકું લેવું છે. જોગ છે તે વખતે લેશ્યા છે, લેશ્યા છે એ વખતે કષાય છે તો એને અક્રમ કહેવામાં આવે છે. માર્ગણાના તો ચૌદ બોલ છે. ત્યાં માર્ગણામાં તો એમ લીધું છે, ભવ્ય-અભવ્યનો પણ નિષેધ કર્યો છે. આત્મા ભવ્ય, અભવ્ય નથી. ચૌદ બોલમાં છે ને? છેલ્લો બોલ. આહારક, અનાહારક, સમકિતના ભેદ, દર્શનના ભેદ, જ્ઞાનના ભેદ, ગતિના ભેદ. પછી કહ્યું કે ભવ્ય-અભવ્ય પણ નહિ. આત્મામાં ભવિ-અભવિ માર્ગણા છે જ નહિ. અક્રમ હોય છે એનો ત્યાં નિષેધ કર્યો. સમજાય છે કાંઈ? આહાહા..! આવી વાતું હવે. અહીંયા એ કહ્યું, અઢાર શક્તિ થઈ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**द्रव्यस्वभावभूतध्रौव्यव्ययोत्पादालिङ्गितसद्दशविसद्दशरूपैकास्तित्वमात्रमयी परिणामशक्तिः। १९.**

**દ્રવ્યના સ્વભાવભૂત ધ્રૌવ્ય-વ્યય-ઉત્પાદથી આલિંગિત (-સ્પર્શિત), સદ્દશ અને વિસદ્દશ જેનું રૂપ છે એવા એક અસ્તિત્વમાત્રમયી પરિણામશક્તિ. ૧૯.**

હવે ૧૯. આ ઓગણીસમી શક્તિનું નામ પરિણામશક્તિ છે. અસ્તિત્વમયી પરિણામશક્તિ એનું નામ છે. આહાહા..!

ખરેખર તો જેમ ઉત્પાદવ્યયધ્રુવ કહ્યું એમ સત્ દ્રવ્ય લક્ષણમ્. 'તત્ત્વાર્થસૂત્ર' માં આવ્યું ને? ઉત્પાદવ્યયધ્રુવ યુક્તં સત્. એક વાત. સત્ દ્રવ્ય લક્ષણમ્. બીજું સૂત્ર. એ અહીં સત્‌ના પરિણામની વ્યાખ્યા કરીને અસ્તિત્વમયી પરિણામશક્તિનું વર્ણન છે. આહાહા..! શું કહ્યું? જુઓ!

'**દ્રવ્યના સ્વભાવભૂત...**' આ ઓગણીસમી શક્તિ. આત્માના દ્રવ્યના સ્વભાવભૂત. '**ધ્રૌવ્ય-વ્યય-ઉત્પાદથી...**' પહેલામાં ઉત્પાદવ્યયધ્રુવ કહ્યું હતું. પહેલા ઉત્પાદ-વ્યય લીધું હતું પછી ધ્રુવ લીધું. આમાં પહેલા ધ્રુવ લીધું. સમજાય છે કાંઈ? એનો સ્વભાવ છે ને એટલે પહેલા ધ્રુવ લીધું. ધ્રુવ અને વ્યય, અભાવ થાય છે તેથી પહેલા વ્યય લીધું. એમાં તો ઉત્પાદ પહેલા લીધું અને ઉત્પાદવ્યયધ્રુવ એમ લીધું. ઉત્પન્ન થાય છે, વ્યય થાય છે અને ધ્રુવ (રહે છે). અહીં તો ધ્રુવ, વ્યય અને ઉત્પાદ એમ લીધું. આહાહા..! એક શબ્દમાં ફેર છે એમાં હેતુ છે. સ્વભાવભૂત ધ્રુવ પહેલા સિદ્ધ કરવું છે. આલિંગન, એ ત્રણને આલિંગન કરે છે એમ અહીંયા લે છે. સમજાય છે કાંઈ? થોડું સૂક્ષ્મ તો છે, ભાઈ! શું કહ્યું?

'**દ્રવ્યના સ્વભાવભૂત ધ્રૌવ્ય-વ્યય-ઉત્પાદથી...**' ધ્રુવ – કાયમ રહેનારી ચીજ, વ્યય – પૂર્વની પર્યાયનો અભાવ અને નવી પર્યાયનો ઉત્પાદ, એને આલિંગન, ત્રણને દ્રવ્ય આલિંગન કરે છે. પરિણામશક્તિ ત્રણને આલિંગન કરે છે. શું કહ્યું? આલિંગનનો અર્થ પર્યાય દ્રવ્યને સ્પર્શે છે એમ નહિ, ત્રણને આલિંગન કરે છે. ત્રણમાં અસ્તિત્વપણું છે. ત્રણે થઈને અસ્તિત્વ છે, એમ. અસ્તિત્વ લીધું ને? જુઓ!

'**દ્રવ્યના સ્વભાવભૂત...**' આ તો વીતરાગનો માર્ગ સૂક્ષ્મ બહુ, પ્રભુ! એને તો બહુ ધ્યાન રાખે તો પકડાય એવી ચીજ છે. દયા પાળી ને વ્રત કરવા ને ભક્તિ કરવી ને પૂજા કરવામાં ધર્મ છે. અરે..! એ તો અધર્મ છે.

મુમુક્ષુ :–

ઉત્તર :– બધે આખી દુનિયા અનાદિથી (એ કરે છે). અંદર શુદ્ધ ચૈતન્યમૂર્તિ ભગવાનઆત્મા....! અહીંયા આ ત્રણે ઉત્પાદ, વ્યય ને ધ્રુવ પવિત્ર છે. આ પવિત્રની વાત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. રાગની વાત નથી. ધ્રુવ, વ્યય અને ઉત્પાદ એમ શબ્દ લીધા છે. પહેલામાં ઉત્પાદ, વ્યય અને ધ્રુવ એમ લીધું હતું. કેમ કે ઉત્પત્તિ પર્યાય, વ્યય થઈ અને ધ્રુવ રહ્યો. અહીં તો પહેલા ધ્રુવ સ્વભાવભૂત લીધો છે. આત્માના સ્વભાવભૂત... હવે આવું બધું ઝીણું ઝીણું કાંતવું. કાંતવું સમજ્યા? દોરા નીકળે ને? સૂતર. કોઈ વીસ નંબરનો હોય, કોઈ ચાલીસ નંબરનો હોય, કોઈ સાંઈઠ નંબરનો હોય.

મુમુક્ષુ :- આ તો ૧૨૦ નંબરનો છે.

ઉત્તર :- ૧૨૦ નંબર? ઊંચી ચીજનો દોરો એની કીંમત જોઈએ ને? ૧૨૦ નંબરનો દોરો બહુ પાતળો હોય. સમજાય છે કાંઈ? આહાહા..! અને ચાંદીના પણ દોરા નીકળા છે. ચાંદી હોય ને ચાંદી? લોઢાના કાણા હોય એમાં ખેંચે. લોઢાના કાણા હોય ને? છીદ્ર, ખેંચીને પતલો બનાવે. આ બધું જોયું છે ને! અહીં ખેંચીને નહિ, અહીં તો યથાર્થ છે તેમ બતાવે છે.

મુમુક્ષુ :-

ઉત્તર :- તેથી તો કહ્યું. ખેંચીને નહિ, એમાં યથાર્થ છે તે કહીએ છીએ. આહાહા..! આમાંથી ઝીણી વાત કાઢો છો, એમ પંડિતજી કહે છે. વાત સાચી છે. પણ ખેંચીને નહિ. એવી ચીજ છે અંદર. આહાહા..!

ભગવાનઆત્મા ધ્રુવ, વ્યય અને ઉત્પાદ... આહાહા..! ત્રણેને દ્રવ્ય આલિંગન કરે છે. ત્રીજી ગાથામાં લીધું ને? 'સમયસાર' ત્રીજી ગાથા. પ્રત્યેક દ્રવ્ય પોતાના ધર્મને ચુંબે છે. ચુંબે છે કહો કે સ્પર્શ કરે છે કહો. પરદ્રવ્યને તો અડતો પણ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? આ લોકો રાડ પાડે છે ને? કર્મને લઈને થાય છે, કર્મને લઈને થાય છે. પણ કર્મના ઉદયને તો આત્મા કદી અડતો પણ નથી. સમજાય છે કાંઈ? એ આવ્યું ને? ટીકા બહુ ચાલી હતી.

'બંસીધરજી' અહીંયા આવ્યા હતા. 'ઇન્દોરવાળા' ... અહીંયા આવ્યા હતા. આમ નરમ માણસ હતા, પણ ઘણા વર્ષથી જૂની રૂઢિની પકડ હતી. અહીંયા તો કબુલ કરતા હતા કે જુઓ! આમાં પરસંગ એવ, (૧૭૫) કળશમાં શબ્દ છે. પરસંગ એવ. પરએવ એમ નથી. પરનો સંગ કરે છે તો રાગ થાય છે. પરથી રાગ થાય છે એમ નથી. સમજાય છે કાંઈ? પોતાના અસંગ તત્ત્વને છોડીને પરનો સંગ કરે છે, સંબંધ કરે છે તો વિકાર થાય છે. પરથી વિકાર થાય છે એમ નથી. ઘણી ચર્ચા, આઠ કર્મની વાત .... આહાહા..! સમજાય છે કાંઈ? વિકાર થાય છે તે પોતાથી પોતાને કારણે થાય છે.

ઈશ્વરશક્તિ લીધી છે ને? ૪૭ નય. એમાં ઈશ્વરનય છે. ઈશ્વરનયનો અર્થ એમ લીધો છે કે જેમ ધાયમાતા પાસે બાળક પરાધીન થાય છે. ધાયમાતા પાસે બાળક ધવરાવે છે ને? તો પરાધીન થાય છે. એમ આત્મામાં એવી યોગ્યતા છે કે નિમિત્તને આધીન થવાની શક્તિ છે. નિમિત્ત આધીન કરાવે છે એમ નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મુમુક્ષુ :- આધીન થવાની શક્તિ?

ઉત્તર :- હા. સમજાય છે કાંઈ? પોતાની યોગ્યતા એવી છે, એવી ઈશ્વરનય છે. ૪૭ નયમાં ઈશ્વરનય, ... સમજાય છે કાંઈ? આહા..! એક એક નયનું વર્ણન અહીં તો થઈ ગયું છે. વ્યાખ્યાન થઈ ગયા છે. જ્ઞેય-જ્ઞાયક સ્વભાવ... આહા..! વધારે સ્પષ્ટીકરણ આવે છે ને? વિરોધ બહુ થયો ને?

મુમુક્ષુ :- પર્યાય નવી નવી છે તો..

ઉત્તર :- પર્યાય નવી છે અને વિરોધ બહુ થયો તો એનું સ્પષ્ટીકરણ ખુલાસો બહુ આવે છે.

મુમુક્ષુ :- સામેવાળાને તો આપ સ્પષ્ટીકરણ કરતા જ નથી.

ઉત્તર :- કાલે કહ્યું ને? 'પ્રિયંકરજી' બોલ્યા, ઉતર્યા. અહીં ઉતર્યા એ બહાર છાપામાં આપશો નહિ. આપણું કામ નહિ, આપણે તો એક જાણવું બસ! કોઈ છાપામાં આપવું નહિ, કોઈ આત્મધર્મમાં નહિ, કોઈ.. શું કહેવાય? ટેપ રેકોર્ડિંગ કરી લે એમાં પણ નહિ. અહીં તો જાણવાની વાત છે, કોઈ વ્યક્તિ પ્રત્યે... આપણું કામ નહિ.

મુમુક્ષુ :- બીજા સમજી શકે છે.

ઉત્તર :- યોગ્યતા હોય તો સાંભળવા આવે તો સમજે ને?

મુમુક્ષુ :- આપ બોલાવતા નથી.

ઉત્તર :- વાત સાચી કહે છે. .... અમારું સાચું છે અને તમારું ખોટું છે તેથી તો આવે છે, સમજવા આવે છે?

મુમુક્ષુ :- અમારે હજી શંકા છે થોડી તેથી આવે છે.

ઉત્તર :- ખોટું છે એમ નક્કી કરીને આવે છે. વીતરાગભાવે સ્પષ્ટીકરણ સમજવું છે એમ કહે તો તો.. 'ધન્નાલાલજી'! એ અનાદિની વાત છે, એ કોઈ નવી નથી.

અહીંયા તો પ્રભુ કહે છે કે તારી વસ્તુમાં અસ્તિત્વમાત્રમયી પરિણામશક્તિ છે. 'ચિદ્‌વિલાસ'માં એનું બહુ વર્ણન કર્યું છે. 'ચિદ્‌વિલાસ'માં પરિણામશક્તિનું બહુ વર્ણન છે. નથી અહીંયા? લખ્યું છે કે નહિ? 'અધ્યાત્મપંચસંગ્રહ' પાંચ છે, પાંચ. એમાં પરિણામશક્તિનું બહુ વર્ણન કર્યું છે. પ્રત્યેક ગુણના પરિણામ થવાની અસ્તિત્વમયી શક્તિ છે. બહુ વર્ણન કર્યું છે. બે પાનામાં કર્યું છે. કોઈની પાસે નથી? આહા..! અહીં તો બધું જોયું છે ને! હજારો શાસ્ત્ર. શ્વેતાંબરના કરોડો શ્લોકો (જોયા છે). અહીંયા તો જિંદગી આખી (આમાં ગઈ). 'ચિદ્‌વિલાસ', 'ચિદ્‌વિલાસ'માં એ છે. પરિણામશક્તિનું બહુ વર્ણન છે. આ શક્તિનું વર્ણન.

દરેક પદાર્થની, આત્માની દરેક પર્યાય અસ્તિત્વમયી પરિણામ છે. અસ્તિમય પરિણામ છે. શક્તિનું અસ્તિત્વ ધ્રુવ છે અને પર્યાયમાં વ્યય-ઉત્પાદરૂપી પરિણમન છે. એ પરિણામશક્તિને કારણે છે. આહાહા..! સમજાય છે કાંઈ? અઢાર અને ઓગણીસશક્તિમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ફેર શું છે? અહીંયા પહેલા ધ્રુવ લીધું છે અને એમાં પહેલા ઉત્પાદ લીધો છે. એટલે પર્યાયની પ્રધાનતાથી કથન કરે છે. ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્તં સત્, એ 'તત્ત્વાર્થસૂત્ર'ની વ્યાખ્યા છે. અહીંયા તો ધ્રુવ ને વ્યય ને ઉત્પાદ આ રીતે. પહેલામાં ઉત્પાદ પહેલો, પછી વ્યય, પછી ધ્રુવ. અહીંયા ધ્રુવ પહેલા, પછી ઉત્પાદ, પછી વ્યય. વ્યય પછી ઉત્પાદ એમ છે. જુઓ! છે? ધ્રૌવ્ય, વ્યય અને ઉત્પાદ. આહાહા..! પરિણમન કરવામાં એની ધ્રુવશક્તિ અને વ્યય ને ઉત્પાદથી એ પરિણામ પરિણમે છે એવી એક શક્તિ છે. પરિણમનની પર્યાયમાં એવી એક શક્તિ છે તેથી તે પરિણમન કરે છે. આહાહા..! સમજાય છે કાંઈ? આવી વાતું ઝીણી. છે?

**'દ્રવ્યના સ્વભાવભૂત ધ્રૌવ્ય-વ્યય-ઉત્પાદથી આલિંગિત (–સ્પર્શિત)...'** હવે ફેર પાડ્યો, જુઓ! **'સદ્દશ અને વિસદ્દશ...'** ધ્રુવને સદ્દશ કહ્યું, ઉત્પાદ-વ્યયને વિસદ્દશ કહ્યું. શું કહ્યું? જે ધ્રુવ છે તે સદ્દશ છે, કાયમ એકરૂપ રહેનાર છે અને ઉત્પાદ-વ્યય વિસદ્દશ છે. કેમ? ઉત્પાદ—ભાવ, વ્યય—અભાવ. ભાવ-અભાવ. એનું નામ વિસદ્દશ છે. ઉત્પાદ-વ્યય. એકનો અભાવ, એકનો ભાવ. તો વિસદ્દશ થયું ને? અને ધ્રુવ છે તે ત્રિકાળ સદ્દશ છે. ત્રિકાળ સદ્દશ છે. એકરૂપ રહેનારને ધ્રુવ સદ્દશ કહે છે અને વ્યય ને ઉત્પાદને બેનો ભાવ વિસદ્દશ છે. એકનો અભાવ થવો અને એકનો ભાવ થવો. વ્યયનો અભાવ થવો અને ઉત્પાદનો ભાવ થવો એ વિસદ્દશ છે. આહાહા..! આવી વાત છે.

એમાં પણ આવ્યું છે, 'ધવલ'માં. 'ધવલ'માં આવ્યું છે, આપણે વાત થઈ હતી કે 'ધવલ'માં આવ્યું છે. સદ્દશ-વિસદ્દશ. વિસદ્દશ. ઉત્પાદ, વ્યય અને વ્યય, ઉત્પાદ બન્ને એકસરખા નથી. કેમકે પૂર્વની પર્યાયનો અભાવ છે અને તે જ સમયે ઉત્પાદ છે તો એક અસ્તિ તરીકે છે, એક અભાવ તરીકે છે. એમ ઉત્પાદ-વ્યયને વિસદ્દશ કહેવામાં આવે છે. એકરૂપતા નથી, વિરૂપતા છે. સમજાય છે કાંઈ? ધ્રુવને સદ્દશ કહે છે. સામાન્ય કહો, ધ્રુવ કહો, અભેદ કહો, એક કહો, ત્રિકાળી કહો એ બધું સદ્દશ છે. અને પર્યાયમાં એક સમયની અવસ્થામાં વ્યય-ઉત્પાદ છે તે વિસદ્દશ છે. આહા..!

'ધવલ'માં આવ્યું છે. કહ્યું હતું ને? 'ધવલ'માં. ત્યાં વિરૂદ્ધ છે-અવિરૂદ્ધ છે. 'ધવલ'માં ઉત્પાદ-વ્યયને વિરૂદ્ધ કહ્યા છે અને ધ્રુવને અવિરૂદ્ધ કહ્યું છે. આવી વાત છે. અહીં સદ્દશ-વિસદ્દશ કહ્યું, ત્યાં વિરૂદ્ધ-અવિરૂદ્ધ કહ્યું. આત્મામાં ધ્રુવતા તે અવિરૂદ્ધ છે અને ઉત્પાદ-વ્યય છે તે વિરૂદ્ધ છે. કારણ કે એક ઉત્પાદ અને એક વ્યય એ વિરૂદ્ધ છે. આહાહા..! પેલામાં પણ આવ્યું છે ને? વિરૂદ્ધ અને અવિરૂદ્ધને ધારણ કર્યા છે જગતમાં. ત્રીજી ગાથા. ત્રીજી ગાથામાં આવ્યું છે. ત્રીજી ગાથામાં આવ્યું ને? ભાઈ! વિસદ્દશ અને સદ્દશથી આખી વસ્તુ.. ત્યાં વિરૂદ્ધ-અવિરૂદ્ધ શબ્દ છે. ત્યાં ત્રીજી ગાથામાં વિરૂદ્ધ-અવિરૂદ્ધ શબ્દ છે. વિરૂદ્ધ-અવિરૂદ્ધથી આખું જગત ટકી રહ્યું છે. ઉત્પાદ-વ્યયથી અને ધ્રુવથી આખું જગત પોતાથી ટકી રહ્યું છે. આહાહા..! સમજાય છે કાંઈ? ભાઈ! ત્રીજી ગાથામાં છે. ત્યાં વિરૂદ્ધ-અવિરૂદ્ધ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



શબ્દ છે. 'ધવલ'માં વિરૂદ્ધ-અવિરૂદ્ધ શબ્દ છે, અહીંયા સદૃશ-વિસદૃશ શબ્દ છે. આહાહા..! આચાર્યોએ તો ગજબ કામ કર્યાં છે. દિગંબર સંતોએ.. આહા..! એક એક વાતને કેટલી ખોદી ભેદીને ભિન્ન કરીને બતાવી છે! આહાહા..!

કહે છે કે ધ્રુવ, વ્યય-ઉત્પાદ સ્વભાવભૂત, દ્રવ્યના સ્વભાવભૂત. જોયું? એ ત્રણ તો એનો સ્વભાવ છે. સત્ દ્રવ્ય લક્ષણમાં આવ્યું ને? ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્તં સત્ તો પહેલામાં આવ્યું અને સત્દ્રવ્યલક્ષણમ્ એ બીજી શક્તિ આવી. સત્દ્રવ્યલક્ષણમ્. તો સત્માં ત્રણ આવ્યા. ધ્રુવ, વ્યય અને ઉત્પાદ. એનાથી આલિંગિત **'સદૃશ અને વિસદૃશ જેનું રૂપ છે...'** આહાહા..! વ્યય અને ઉત્પાદ એ વિસદૃશ છે. વિસદૃશ નામ એકરૂપ નહિ. અને ધ્રુવ છે તે સદૃશ છે, એકરૂપ છે. આહાહા..! આવો માર્ગ! આ સમજ્યા વિના, તત્ત્વની દૃષ્ટિ વિના એને ધર્મ થઈ જાય? આહાહા..! ભાઈ! આ તો જન્મ-મરણ રહિત થવાની વસ્તુ છે. જન્મ-મરણ અને જન્મ-મરણનું કારણ, એ તો અહીં લીધું જ નથી. કેમ કે કોઈ શક્તિ એવી નથી કે વિકાર કરે. એવી કોઈ શક્તિ નથી કે ભવભ્રમણ કરાવે. સમજાણું કાંઈ? આહાહા..!

શક્તિ અને શક્તિવાન તો પવિત્ર પરમાત્મસ્વરૂપ ભગવાન બિરાજે છે. આહાહા..! એ પરમાત્મસ્વરૂપમાં દૃષ્ટિ દેવાથી જે વિસદૃશ વ્યય ને ઉત્પાદ થાય તે નિર્મળ થાય છે. ઉત્પાદ-વ્યય જે થાય છે, અહીંયા વ્યય-ઉત્પાદ એ નિર્મળની વાત છે, મલિનતાની વાત નથી. વિસદૃશ અને સદૃશ. વિસદૃશને ક્રમવર્તી કહ્યું, વિસદૃશને વિરૂદ્ધ કહ્યું. ધ્રુવને સદૃશ કહ્યું, ધ્રુવને અવિરૂદ્ધ કહ્યું. એ ક્રમવર્તી પર્યાય અને અક્રમવર્તી(ગુણ)નો સમુદાય તે આત્મા છે, એમ કહ્યું. અહીં તો પર્યાયસહિત આત્મા લેવો છે. એકલું દ્રવ્ય નહિ. સમજાય છે કાંઈ? ધ્યાન રાખજો! વાત સૂક્ષ્મ છે. બીજું શું થાય? બાપુ! અહીંયા પર્યાયસહિતનું દ્રવ્ય લેવું છે.

૩૮ ગાથામાં તો ત્રિકાળીને જ આત્મા કહ્યો. 'નિયમસાર' ૩૮ ગાથા. શુદ્ધભાવ અધિકાર. પર્યાય વિનાની ત્રિકાળી ચીજ છે તે જ નિશ્ચય આત્મા છે. પર્યાય ભલે નિર્મળ હો તોપણ એ વ્યવહાર આત્મા છે. નિશ્ચયથી એ જ ખરો આત્મા છે. અહીં તો નિશ્ચય છે તેના ભાનસહિતની અહીંયા વાત કરવી છે. એકલું નિશ્ચય, નિશ્ચય છે એમ કરે (એમ નહિ). એનું ભાન થયું એ સહિતની વાત કરવી છે. સમજાય છે કાંઈ? કારણજીવ છે, કારણપરમાત્મા છે, છે તો ખરો પણ એની પ્રતીત અને જ્ઞાનમાં આવ્યો એ સહિતની અહીં વાત કરવી છે. સમજાય છે કાંઈ? પ્રતીત અને જ્ઞાનમાં ન આવ્યો એને ધ્રુવ શું છે? વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**પ્રવચન નં. ૧૯ શક્તિ–૧૯ થી ૨૧ સોમવાર, (દ્વિતીય) શ્રાવણ વદ ૧, તા. ૨૯-૦૮-૧૯૭૭**

'સમયસાર' શક્તિનો અધિકાર ચાલે છે. ઓગણીસમી શક્તિ ચાલે છે ને? ઓગણીસમી ચાલે છે. શક્તિ અર્થાત્ આત્મામાં સ્વભાવરૂપ ભાવને અહીંયા શક્તિ કહે છે. આત્મા ગુણી છે અને આ શક્તિ એ ગુણ છે. અહીંયા પરિણામશક્તિ, અસ્તિત્વમયી પરિણામશક્તિનું વર્ણન છે. કોઈને એમ લાગ્યું કે પૂર્વે અઢારમી આવી એવી જ ઓગણીસમી છે. પરંતુ એમ નથી, ફેર છે.

**'દ્રવ્યના સ્વભાવભૂત...'** વસ્તુનો સ્વભાવ **'ધ્રૌવ્ય-વ્યય-ઉત્પાદથી આલિંગિત (–સ્પર્શિત) સદૃશ અનએ વિસદૃશ...'** ઉત્પાદ-વ્યયમાં સદૃશ, વિસદૃશ નહોતું આવ્યું. જે ગુણ છે તે સદૃશ છે અને પર્યાય છે એ વિસદૃશ છે. ગુણ છે એ અવિરૂદ્ધ છે અને પર્યાય છે તે વિરૂદ્ધ છે. એટલે શું? ગુણ છે તે અવિરૂદ્ધ નામ ત્રિકાળ એકરૂપ ભાવ છે અને પર્યાયમાં ઉત્પાદ-વ્યય, ઉત્પાદ-વ્યય બે છે તો એક ભાવ અને એક અભાવ એ વિરૂદ્ધ છે. છતાં તેનો એ સ્વભાવ છે.

અહીંયા પરિણમનશક્તિ. અસ્તિત્વમયી પરિણામશક્તિ. શિષ્યનો પ્રશ્ન હતો કે એ પરિણમનશક્તિ જે છે તો તેનું અસ્તિત્વમયી પરિણામ પર્યાયમાં આવે છે એ પરિણામશક્તિથી પરિણમન આવે છે કે દ્રવ્યના પરિણમનથી આવે છે? શું કહ્યું સમજાણું? શું કહે છે? સાંભળો!

મુમુક્ષુ :– 'ચિદ્વિલાસ'માં કીધું છે દ્રવ્ય જ પરિણમે છે.

ઉત્તર :– દ્રવ્ય પરિણમે છે અહીંયા. એ લેવું છે ને! એ વસ્તુસ્થિતિ એવી છે. ગુણ પરિણમે છે માટે આ પર્યાય થઈ એમ નહિ. દ્રવ્ય પરિણમે છે માટે પર્યાય ઉઠે છે. સમજાય છે કાંઈ? કેમ કે ગુણને આશ્રયે ગુણ નથી. પણ ગુણ દ્રવ્યના આશ્રયે છે. તો અસ્તિત્વમયી પરિણમન ઉઠે છે તે દ્રવ્યમાંથી ઉઠે છે. શક્તિનું વર્ણન કર્યું કે ધ્રુવ-વ્યય-ઉત્પાદ ત્રણેથી આલિંગિત સદૃશ, વિસદૃશ.. ઉત્પાદ-વ્યય વિસદૃશ છે, ઉત્પાદ–વ્યય તે ભાવ-અભાવ છે એ અપેક્ષાએ વિરૂદ્ધ પણ કહ્યું, વિરૂદ્ધ કહ્યું, 'સમયસાર'ની ત્રીજી ગાથામાં લખ્યું છે, વિરૂદ્ધ અવિરૂદ્ધથી આખું જગત ટકી રહ્યું છે. ત્રીજી ગાથા. આખું જગત વિરૂદ્ધ અવિરૂદ્ધથી ટકી રહ્યું છે. આખું જગત પોતાના ગુણ અને ઉત્પાદ-વ્યયરૂપ વિરૂદ્ધ એનાથી આખું જગત ટકી રહ્યું છે. એ ત્રીજી ગાથામાં છે. અને 'ધવલ'માં પણ એમ છે કે પર્યાય એ વિરૂદ્ધ છે અને ગુણ છે તે અવિરૂદ્ધ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

કહે છે કે, એ ત્રણથી આલિંગિત **'સદૃશ અને વિસદૃશ જેનું રૂપ છે એવા એક અસ્તિત્વમાત્રમયી પરિણામશક્તિ.'** એ પરિણમન જે ઉઠે છે એ ગુણથી ઉઠે છે કે દ્રવ્યથી ઉઠે છે? પ્રશ્ન એમ છે. સમજાય છે કાંઈ? ગુણની પરિણતિ કહેવી છે. પર્યાય ઉત્પાદ-વ્યય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે એ ધ્રુવગુણની ઉત્પાદ-વ્યયરૂપ પર્યાય છે. તો એ ગુણની પરિણતિ ગુણથી ઉઠે છે કે એ પરિણતિ દ્રવ્યથી ઉઠે છે? તો કહે છે કે, ગુણથી નહિ. દ્રવ્યની પરિણતિ થતા ગુણની પરિણિતિ સાથે ઉઠે છે, પણ દ્રવ્યથી ગુણ પરિણતિ ઉઠે છે. આહાહા..! સમજાય છે કાંઈ? સૂક્ષ્મ છે, ભાઈ! આ તો તત્ત્વજ્ઞાનનો વિષય છે. સમજાય છે કાંઈ?

દ્રવ્ય જે વસ્તુ અનંતશક્તિનો પિંડ છે એ દ્રવ્ય પોતે પરિણમે છે એમાં ગુણ પરિણતિ થાય છે. અને શાસ્ત્રમાં પણ એમ લખ્યું છે કે ગુણપર્યાયવત્ દ્રવ્યમ્ લીધું છે. પર્યાયવત્ ગુણ એમ નથી લીધું. શું કહ્યું? 'તત્ત્વાર્થસૂત્ર'. ગુણપર્યાયવત્ દ્રવ્યમ્. અનંતશક્તિ અને એની પર્યાય... એ આપણે પહેલામાં આવી ગયું. ક્રમવર્તી પર્યાય અને અક્રમવર્તી ગુણ બેનો સમુદાય થઈને આખો આત્મા છે. અરે.. અરે..! આવી વાતું. સમજાય છે કાંઈ? ક્રમવર્તી પર્યાય અને અક્રમવર્તી ગુણ એ બેનો સમુદાય તે આત્મા છે. તો એનો અર્થ એ થયો કે ગુણપર્યાયવત્ દ્રવ્યમ્ કહ્યું પણ પર્યાયવત્ ગુણ એમ નથી કહ્યું. સમજાય છે કાંઈ? 'તત્ત્વાર્થસૂત્ર' માં એવો શબ્દ છે આહાહા..! –ગુણપર્યાયવત્ દ્રવ્યમ્. ગુણ અને પર્યાય, ક્રમ અને અક્રમ એ બોલ પહેલા આવ્યો હતો. ક્રમ અને અક્રમ.. આહાહા..! વસ્તુનું સ્વરૂપ તો જુઓ! વસ્તુના સ્વરૂપની ખબર નહિ અને એને ધર્મ થઈ જાય? સમજાણું કાંઈ?

અહીં પરમાત્મા.. સંતો કહે છે એ પરમાત્મા જ કહે છે, સમજાય છે કાંઈ? કહે છે કે, ત્રણને સ્પર્શિત. પહેલામાં એમ આવ્યું હતું કે ઉત્પાદ, વ્યય અને ધ્રુવ આવ્યું હતું. આલિંગન અને સદૃશ વિસદૃશ નહોતું આવ્યું. અઢારમી શક્તિમાં. અને ઓગણીસમાં ધ્રુવ, વ્યય, ઉત્પાદ. એમાં ઉત્પાદ, વ્યય અને ધ્રુવ એમ આવ્યું હતું. અહીંયા ધ્રુવથી લીધું છે. અસ્તિત્વ છે ને ત્રિકાળી? ધ્રુવ, વ્યય અને ઉત્પાદ. કેમકે અભાવ થાય છે ને? અભાવ થાય છે તો પહેલા લીધું અને ભાવને પછી લીધો. તો ધ્રુવ, વ્યય, ઉત્પાદ ત્રણને આલિંગન કરે છે એવી પરિણામશક્તિ છે. પણ એ પરિણામશક્તિમાં જે પરિણમન ઉઠે છે, ઉત્પાદ-વ્યયનું પરિણમન ઉઠે છે તે શક્તિમાંથી નથી ઉઠતું. માટે એમ કહ્યું કે શક્તિ અને શક્તિવાનનો ભેદ દૃષ્ટિમાંથી છોડી દે. સમજાય છે કાંઈ? શક્તિનું વર્ણન છે. ભેદથી અભેદને દેખાડે છે પણ ભેદ અને અભેદ બેના ભેદનું લક્ષ છોડી દે. અભેદ એકરૂપ ચીજ છે. આહાહા..! અબદ્ધસ્પૃષ્ટ સામાન્ય વસ્તુ જે ધ્રુવ છે તેની ઉપર દૃષ્ટિ દેવાથી, અભેદ ઉપર દૃષ્ટિ દેવાથી સમ્યગ્દર્શન થાય છે. શક્તિ ઉપર દૃષ્ટિ દેવાથી નહિ. કેમકે શક્તિનું પરિણમન દ્રવ્યના પરિણમનમાંથી ઉઠે છે. સમજાય છે કાંઈ? આમાં ક્યાં... 'પોપટભાઈ'! આમાં ક્યાં લાદીમાં કાંઈ સૂઝે એવું નથી.

મુમુક્ષુ :– લાદીમાં પરિણમન તો થાય છે.

ઉત્તર :– પણ એ પરિણમન કેમ થાય છે? એ પરિણમનશક્તિ છે માટે પરિણમન થાય છે એમ નહિ. દ્રવ્યનું પરિણમન થતાં ગુણનું પરિણમન સાથે અવિનાભાવ હોય છે. આહાહા..! સમજાય છે કાંઈ? એમ કરીને દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરાવવી છે. સમજાય છે કાંઈ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



દ્રવ્ય ઉપર દૃષ્ટિ દેવાથી દ્રવ્ય–આખી અન્વય શક્તિના ગુણરૂપ દ્રવ્ય પોતે પરિણમે છે તો એમાં ગુણની પરિણતિ આવી ગઈ. પણ એ ગુણની પરિણતિ ગુણથી નહિ, દ્રવ્યથી ઉઠે છે. સમજાય છે કાંઈ? લ્યો, આવી વાતું હવે. આમાં સમજવું શું? આમારે તો ધર્મ કરવો છે. ભાઈ! ધર્મ કરવો હોય એ તો એવી ચીજ છે કે જે શક્તિ છે એ ધર્મ છે અને વસ્તુ છે તે ધર્મી છે. વસ્તુ ધર્મી છે અને શક્તિ એ ગુણ કહો કે ધર્મ કહો, હવે ધર્મ એટલે ત્રિકાળી સ્વભાવ. અહીં કહ્યું ને? કોનો? **‘દ્રવ્યના સ્વભાવભૂત...’** છે? દ્રવ્યના સ્વભાવભૂત. આહાહા..! **‘ધ્રૌવ્ય-વ્યય-ઉત્પાદથી આલિંગિત (–સ્પર્શિત)...’** સદૃશ એ ધ્રુવ, વિસદૃશ એ ઉત્પાદ-વ્યય પર્યાય. સદૃશ એ અવિરૂદ્ધ, વિસદૃશ એ વિરૂદ્ધ. ઉત્પાદ-વ્યય, ઉત્પાદ-વ્યય બે થયા ને? એક ભાવ અને એક અભાવ એટલે વિરૂદ્ધ થયું. અને આ સદૃશ અવિરૂદ્ધ એકરૂપ ભાવ છે. એમાં ઉત્પન્ન થવું અને વ્યય થવું એવા ભેદ નથી. આહા..! સમજાણું કાંઈ? આવું છે, ‘પ્રિયંકરજી’! લોકોને એથી એવું લાગે કે આ સોનગઢે નવું કાઢ્યું. નવું નથી, બાપુ!

મુમુક્ષુ :– લોકો સમજે એટલા માટે તો આ વાત છે.

ઉત્તર :– લોકો એના માટે આવે છે ને? અહીં ભાષા તો સરળ છે, ભાવ ભલે ઊંચા હોય. આહાહા..!

મુમુક્ષુ :– ગંભીર ભાવ સાંભળવા તો આવીએ છીએ.

ઉત્તર :– સાંભળવા આવે છે, વાત સાચી છે. માર્ગ તો આવો છે, ભાઈ!

શક્તિનું વર્ણન કર્યું પણ શક્તિથી પરિણમન ઉઠતું નથી. કહ્યું તો ખરું. શું કહ્યું? **‘સદૃશ અને વિસદૃશ જેનું રૂપ છે એવા એક અસ્તિત્વમાત્રમયી...’** જોયું? એક સત્તારૂપે પરિણામ છે. એ છે તો શક્તિ પણ એનું પરિણમન પણ પરિણામમાં આવે છે. આહાહા..! પરિણમવું, પરિણામ થવા એ અસ્તિત્વમાત્રમયી શક્તિનું કાર્ય છે. અસ્તિત્વમાત્રમયી શક્તિનું કાર્ય છે તોપણ અસ્તિત્વશક્તિથી પરિણામ ઉઠે છે એમ નથી. અહીં તો શક્તિનું વર્ણન કર્યું, સમજાણું કાંઈ? પણ પરિણામ ઉઠે છે દ્રવ્યમાંથી. દ્રવ્ય–દ્રવતિ, દ્રવ્ય–દ્રવતિ. ગુણ દ્રવતિ એમ નહિ. ગુણને દ્રવતિ એમ પણ કહેવામાં આવે છે, દ્રવ્યત્વ ગુણને કારણે. દ્રવ્યત્વ ગુણ છે ને એમાં? એમાં ગુણ દ્રવે છે, પર્યાય દ્રવે છે, દ્રવ્ય દ્રવે છે એમ કહેવામાં આવે છે. પણ ખરેખર તો દ્રવ્ય–દ્રવતિતી ઇતિ ગચ્છતિ ઇતિ. એવો શબ્દ છે. ‘પંચાસ્તિકાય’ની નવમી ગાથા. ‘પંચાસ્તિકાય’ની નવમી ગાથાના મૂળ પાઠમાં એમ છે કે દ્રવતિ ઇતિ દ્રવ્યમ્. ગચ્છતિ દ્રવ્યતિ ગચ્છતિ. ત્યાં બે શબ્દો લીધા છે. કેમ કે એક તો દ્રવતિ એટલે સ્વભાવરૂપે દ્રવે છે અને ગચ્છતિ–વિભાવરૂપે પણ એ જ દ્રવે છે. ત્યાં એમ લેવું છે. અહીં એમ નથી લેવું. સમજાય છે કાંઈ?

અહીં તો સ્વભાવરૂપે શુદ્ધ પરિણમે એવી શક્તિનું વર્ણન છે. આહાહા..! એક ઠેકાણે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કંઈક કહે, બીજે ઠેકાણે કંઈક કહે પણ કઈ અપેક્ષા છે એ ન સમજે. ત્યાં 'પંચાસ્તિકાય'ની નવમી ગાથામાં તો એમ લીધું છે, **'दवियदि गच्छदि'** એવા બે શબ્દો છે. તો દ્રવ્ય પોતે દ્રવે છે. જેમ પાણી તરંગ ઉઠાવે એમ વસ્તુ તરંગ ઉઠાવે છે. પર્યાયના તરંગ. દ્રવતિ, દ્રવતિ-દ્રવે. આહાહા..! એ દ્રવ્ય પોતે દ્રવતિ. ગુણ દ્રવતિ કહેવામાં આવે છે એ ભેદનું કથન છે. પછી કહેવામાં આવે કે આ પરિણતિ ગુણની છે, જ્ઞાનની છે, દર્શનની છે, ચારિત્રની છે, આનંદની છે પણ એ આનંદની પરિણતિ બધી ઉઠે છે એ એકલા આનંદગુણમાંથી નહિ. સમ્યગ્દર્શનની પર્યાય પણ શ્રદ્ધાગુણમાંથી ઉઠે છે એમ નહિ.

આત્મા વસ્તુ છે અને એક શ્રદ્ધા નામની શક્તિ છે. સમ્યગ્દર્શન જે છે એ તો પર્યાય છે પણ અંદરમાં શ્રદ્ધા નામની એક શક્તિ ત્રિકાળી ધ્રુવ છે. એ શ્રદ્ધાશક્તિનું પરિણમન સમકિતપર્યાયપણે પરિણમે છે એમ નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? એ ત્રિકાળી દ્રવ્ય જે ભગવાનઆત્મા.. જુઓને! કેવું કહ્યું છે! આહા..! વાત ઇ કે, ગુણભેદની દૃષ્ટિ પણ છોડી દે. કંઈ ગુણ પરિણમતા નથી, દ્રવ્ય પરિણમતા ગુણ પરિણમી જાય છે. ગુણ પરિણમે છે એવો ભેદ કરતાં તો ગુણ પોતે એક એક ભિન્ન દ્રવ્ય થઈ જાય. સમજાય છે કાંઈ? ઝીણી વાત છે, ભાઈ! આ તો વીતરાગ માર્ગ, બાપુ! આહાહા..! તદ્દન વીતરાગતા બતાવે છે. આ શક્તિ બતાવીને પણ વીતરાગતા બતાવે છે અને એનું ફળ વીતરાગતા આવે છે એ કઈ રીતે? દ્રવ્યનો આશ્રય કરે તો વીતરાગતા ફળ આવે છે. ગુણનો આશ્રય કરે તો ગુણપરિણતિ એવી નથી, દ્રવ્ય પરિણમે છે. આહાહા..! સમજાય છે કાંઈ?

દ્રવ્ય પોતે વસ્તુ અખંડરૂપ એ દ્રવ્ય શબ્દ જ એમ કહે છે કે, દ્રવતિ દ્રવ્યમ્. દ્રવ્ય શબ્દ એમ નથી કહેતો કે ગુણ દ્રવતિ ઇતિ દ્રવ્યમ્. સમજાય છે કાંઈ? થોડું સૂક્ષ્મ છે પણ એને જાણવું તો પડશે કે નહિ? આહાહા..! પાણીમાંથી જે તરંગ ઉઠે છે એ દરિયામાંથી ઉઠે છે, એકલા પાણીથી નહિ. દરિયામાંથી તરંગ ઉઠે છે. એમ દરિયો-ભગવાનઆત્મા, એક સમયમાં અનંતશક્તિનો સમુદાય અથવા અનંત સ્વભાવનો સાગર અથવા અનંતશક્તિનો સંગ્રહાલય, અનંતશક્તિના સંગ્રહનું આલય એટલે સ્થાન અથવા અનંતગુણનું ગોદામ દ્રવ્ય. ગુણ ગોદામ નહિ. સમજાય છે કાંઈ? આહાહા..! અનંતગુણનું ગોદામ આત્મા છે. આહાહા..! સમજાય છે કાંઈ? અહીં કહે છે,...

મુમુક્ષુ :- આવું ઝીણું સમજ્યા વિના ધર્મ ન થાય?

ઉત્તર :- પણ તત્ત્વ સમજ્યા વિના તત્ત્વ કેવું છે? કેવું પરિણમન છે? કેવી શક્તિ? એ સમજ્યા વિના ધર્મ કેમ થાય?

મુમુક્ષુ :- તિર્યંચ ક્યાં સમજે છે?

ઉત્તર :- તિર્યંચ સમજે છે અંદર. એ શબ્દોનો ખ્યાલ નથી પણ વસ્તુ આ પરિણમે છે એ પરિણતિ છે તે સંવર, નિર્જરા છે અને પૂર્ણ કરું તો મોક્ષ થશે અને આ આનંદસ્વરૂપ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



દ્રવ્ય છે અને પર્યાયમાં વિકલ્પ થાય છે એ દુઃખ છે એવું જ્ઞાન તો છે, ભાષા ભલે ન હોય, ભાષાનો ખ્યાલ ન હોય પણ ભાવનું ભાસન તો થાય છે. સમજાય છે કાંઈ?

'મોક્ષમાર્ગ પ્રકાશક'માં એ લીધું છે, ઘણું લીધું છે. ભાવભાસન–એનો અર્થ ભાવનું જ્ઞાન તો છે, નામ યાદ ન હોય, નામ ન આવડે. તેથી શું થયું? આહાહા..! એ તિર્યંચ સમકિતી છે, જુગલિયામાં ક્ષાયિક સમકિતી તિર્યંચ પણ છે. શું કહ્યું ઇ? પહેલા તિર્યંચનું આયુષ્ય બંધાઈ ગયું હોય પછી ક્ષાયિક સમકિત થયું તો એ જુગલિયામાં જાય છે. ક્ષાયિક સમકિત લઈને. સમજાય છે કાંઈ? એ સમકિત લઈને મનુષ્યમાં જ જાય, જો મનુષ્યનું આયુષ્ય બંધાઈ ગયું હોય તો. નહિતર આયુષ્ય પહેલા બંધાઈ ગયું હોય તો ત્યાં તિર્યંચમાં પણ જાવું પડે. ક્ષાયિક સમકિત લઈને. મનુષ્યમાં પણ જાય પણ એ મનુષ્ય જુગલિયા. મનુષ્ય મરીને મહાવિદેહમાં મનુષ્ય થાય એ તો મિથ્યાદૃષ્ટિ. આહાહા..! ભોગભૂમિ. સમજાય છે કાંઈ? આહાહા..! એ બધા નિયમો છે. સિદ્ધાંતના, વસ્તુ સ્વરૂપના એ બધા નિયમ છે. એ નિયમ કાંઈ કોઈએ ઘડ્યા નથી, એવા નિયમ છે જ. ભગવાને કાંઈ ઘડ્યા નથી. ભગવાને તો જાણ્યું એમ કહ્યું.

એ કહ્યું, એક અસ્તિત્વમયી. પાછી ભાષા એમ છે. ભલે ત્રણ ભેદ થયા પણ ત્રણના એક અસ્તિત્વમયી પરિણામશક્તિ. ત્રણે મળીને એક અસ્તિત્વ છે. આહાહા..! દ્રવ્યનું સત્, ગુણનું સત્ અને પર્યાયનું સત્ એમ આવે છે. પણ ત્રણ દ્રવ્ય નથી. દ્રવ્ય ને ગુણ ને પર્યાય મળી એક સત્તા છે, ત્રણે મળીને એક સત્તા છે. એ ઓગણીસમી શક્તિ થઈ.

'ચિદ્‌વિલાસ' માં તો બહુ લીધું છે. એમાં તો બે વાત લીધી છે. એક તો દ્રવ્યમાં પરિણમનશક્તિ એમ લીધું છે. અને એક વસ્તુમાં પરિણામશક્તિનું સ્વરૂપ શું? એમ બે વાત લીધી છે. સમજાય છે કાંઈ? આમાં છે ને? કાલે અહીંયા પુસ્તક નહોતું. કાલે નહોતું. અનંતશક્તિ દ્રવ્યમાં છે, પહેલો બોલ એવો લીધો છે. પરિણમનશક્તિ દ્રવ્યમાં છે. દ્રવ્ય પરિણમે છે તો ગુણ પરિણમે છે. ગુણ પરિણમે છે તો દ્રવ્ય પરિણમે છે એમ નથી. એ એક વાત છે.

બીજી વાત. **'વસ્તુ વિષે પરિણામશક્તિનું વર્ણન...'** બે અધિકાર ચાલ્યા છે. વસ્તુ વિષે પરિણામશક્તિનું વર્ણન છે. અને પહેલામાં પરિણામશક્તિ દ્રવ્યમાં છે તેનું વર્ણન. એક શક્તિનું બે પ્રકારે વર્ણન લીધું છે. સમજાય છે કાંઈ? આ વાત સર્વજ્ઞ સિવાય ક્યાંય છે નહિ. અને દ્રવ્ય, ગુણ, પર્યાય ત્રણ વસ્તુ બીજે છે ક્યાં? ઓઘેઓઘે આત્મા નિર્મળ છે ને શુદ્ધ છે અનુભવ કરો એમ કહે, એમાં શું થયું? ઓઘેઓઘે સમજ્યા? ન સમજ્યા? એકવાર કહ્યું હતું ને? સમજ્યા વિના ચાલવું તેને ઓઘેઓઘે કહે છે. આહાહા..!

અહીં 'ચિદ્‌વિલાસ' માં તો બે વાત લીધી છે. પરિણમનશક્તિ દ્રવ્યમાં છે, એનું વર્ણન લીધું. પછી વસ્તુ વિષે પરિણામશક્તિનું વર્ણન છે. સમજાય છે કાંઈ? પહેલામાં એમ લીધું કે ગુણ પરિણમે છે એમ નહિ, દ્રવ્ય પરિણમે છે તો ગુણ પરિણમે છે. એ પરિણમનશક્તિ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



દ્રવ્યમાં છે, ત્યાં એ લીધું છે. અને પાછળમાં વસ્તુમાં પરિણમનશક્તિ છે એનું સ્વરૂપ શું? તો એમાં તો ઘણો વિસ્તાર લીધો છે. ત્યાગઉપાદાનશક્તિ પરિણમે છે, સાધારણ પરિણમે છે, અસાધારણ પરિણમે છે. અનેક શક્તિનું વર્ણન એમાં છે. પંદર-વીસ શક્તિનું વર્ણન છે. સમજાય છે કાંઈ? 'ચિદ્વિલાસ' જોયું છે? જોયું છે.

પોતાનું દ્રવ્ય, બીજાનું દ્રવ્ય બીજામાં રહ્યું. અહીંયા તો પોતાનું દ્રવ્ય જે વસ્તુ છે એમાં સ્વભાવભૂત.. સ્વભાવભૂત કેમ કહ્યું? એ એનો સ્વભાવ જ છે, સ્વભાવ જ એવો છે કે ધ્રુવ-વ્યય-ઉત્પાદને આલિંગન કરવું અથવા એને ચુંબવું, પોતાના ગુણ-પર્યાયને ચુંબે એ દ્રવ્ય સ્વભાવ છે. પોતાના ગુણ, પર્યાય સિવાય બીજાને ચુંબે કે સ્પર્શે એવો સ્વભાવ નથી. સમજાય છે કાંઈ? એ ત્રીજી ગાથામાં આવ્યું છે. દરેક પદાર્થ પોતાના ગુણ અને પર્યાયરૂપી ધર્મને ચુંબે છે. ચુંબે એટલે સ્પર્શે છે. પરના દ્રવ્ય, ગુણ, પર્યાયને દ્રવ્ય કદી અડતું નથી. કર્મના ઉદયને આત્માની વિકાર પર્યાય કદી અડતી નથી અને કર્મનો ઉદય કદી રાગને અડતો નથી. આહાહા..! સમજાય છે કાંઈ? લોકો રાડ નાખે છે ને કે કર્મને લઈને હેરાન થઈ ગયા, હેરાન થઈ ગયા. પણ કર્મ તો અડતા પણ નથી ને તું હેરાન ક્યાંથી થઈ ગયો? સમજાય છે કાંઈ?

તારી ઊલટી પરિણમનશક્તિથી તારે રખડવું પડે છે. અશુદ્ધતા પણ તારી મોટી અને શુદ્ધતા પણ તારી મોટી. એ 'અનુભવ પ્રકાશ' માં આવ્યું છે. તારી અશુદ્ધતા પણ મોટી એ તારે કારણે છે, કર્મને કારણે નહિ. અનંત તીર્થંકરોને શ્રવણ કર્યા, વ્યાખ્યાન સાંભળ્યા, ઇન્દ્રો સાંભળતા હતા ત્યાં ગયો, પણ તારી અશુદ્ધતા મોટી, તું પલટ્યો નહિ. સમજાય છે કાંઈ? આહા..! તારા પરિણામમાં પલટો ન થયો. ભગવાનના ઉપદેશમાં તો પર્યાયદૃષ્ટિ છોડી દ્રવ્યદૃષ્ટિ કરાવે છે. ગુણનું વર્ણન કરે પણ ગુણનું વર્ણન એ ગુણીને બતાવવા માટે વર્ણન કરે છે.

'ચિદ્વિલાસ'માં તો એમ લીધું છે કે જેમ જેમ ગુણનું, પર્યાયનું સ્પષ્ટ કથન આવે છે તેમ તેમ સમ્યગ્દૃષ્ટિને આનંદના તરંગ ઉઠે છે. છે એમાં? પરિણામશક્તિનું કહ્યું ને? પરિણામશક્તિ દ્રવ્યમાં છે. એમાં વર્ણન છે. **'વિશેષતાથી શિષ્યને પ્રતિબોધ કરવામાં આવે ત્યારે જેમ જેમ શિષ્ય, ગુરુના પ્રતિબોધથી ગુણનું સ્વરૂપ જાણી જાણીને વિશેષ ભેદી થતો જાય તેમ તેમ તે શિષ્યને આનંદના તરંગ ઊઠે,...'** સમ્યગ્દૃષ્ટિ લેવા છે ને!

મુમુક્ષુ :– ભેદથી તરંગ કેમ ઊઠે?

ઉત્તર :– તરંગ ઊઠે છે. એ ભેદથી અભેદ બતાવવો છે. અભેદ પર દૃષ્ટિ પડવાથી તરંગ ઊઠે છે, એમ કહે છે. ભેદ બતાવવો છે પણ ભેદથી અભેદ બતાવવો છે. જેમ જેમ ગુણ બતાવે છે તેમ તેમ તે ગુણ અભેદ દ્રવ્યને બતાવે છે. તેથી તો પહેલા કહ્યું ને.. સમજ્યા? પેલામાં આવ્યું છે, આ **'પરિણમનશક્તિ દ્રવ્યમાંથી ઉઠે છે, ગુણમાંથી નહિ.'** સમજાય છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કાંઈ? ચિહ્ન કર્યા છે. કેમ? 'દ્રવ્યાશ્રયા નિર્ગુણા ગુણા:' **'દ્રવ્યના આશ્રયે ગુણ છે, ગુણના આશ્રયે ગુણ નથી.'** 'ગુણપર્યાયવત્ દ્રવ્યમ્' **'એમ પણ કહ્યું છે. પર્યાયવત્ ગુણદ્રવ્યમ ન કહ્યું.'** પર્યાયવત્ દ્રવ્ય કહ્યું, પર્યાયવત્ ગુણ કહ્યું નથી. આહાહા..! સમજાય છે કાંઈ? પર્યાયવત્ ગુણને નથી કહ્યું, પર્યયાવત્ દ્રવ્યને કહ્યું. કેમકે દૃષ્ટિ દ્રવ્ય ઉપર કરાવવી છે. આહાહા..! થોડું સૂક્ષ્મ છે, 'ડાહ્યાભાઈ'! તત્ત્વજ્ઞાન સૂક્ષ્મ બહુ, બાપુ! આહાહા..! અત્યારે તો સ્થૂળતા એવી થઈ ગઈ કે વ્રત કરો, અપવાસ કરો ને દાન, શીલ, તપ (કરો). સવારે એ આવ્યું હતું ને? સવારે આવ્યું હતું. મિથ્યાદૃષ્ટિના વ્રત ને તપ ને દાન ને શીલ બધુ બંધનું કારણ છે. ત્યારે એ કહે છે કે, વ્રત ને તપ અમારા નિશ્ચયના સાધન છે. હવે આ બેમાં મેળ ક્યાં કરવો?

મુમુક્ષુ :– (શુભભાવ) બધા છોડી દેશે.

ઉત્તર :– કોણ છોડે? શુભભાવ આવ્યા વિના રહે નહિ. જે સમયે જે ભાવ આવે છે એ તો આવે જ છે. દૃષ્ટિમાં શું છે એટલી વાત છે. દૃષ્ટિ એનાથી ધર્મ માને છે કે દૃષ્ટિ વ્રતના રાગને જ્ઞાતા તરીકે જાણે છે? આવે તો છે, જ્ઞાનીને પણ શુભના કાળે અશુભથી બચવા આવે એમ કહેવામાં આવે. એવો ભાવ આવે છે. સમજાય છે કાંઈ? અન્ય સ્થાનથી બચવા માટે. એમ 'પંચાસ્તિકાય'ની ટીકામાં છે. પણ એ પણ વ્યવહાર છે. ખરેખર તો એ સમયે શુભભાવ થવાનો છે તો આવે જ છે. એના ક્રમમાં શુભ આવવાનો હોય તો આવે જ છે. પણ અજ્ઞાની તેને ઉપાદેય માને છે અને ધર્મી તેને હેય માને છે. આટલો ફેર છે. સમજાય છે કાંઈ? આહાહા..! એ ઓગણીસમી શક્તિ કહી. વીસ.

આ શક્તિનું પણ અનંતશક્તિમાં રૂપ છે. દરેક શક્તિ પોતાના ધ્રુવ, વ્યય અને ઉત્પાદને શક્તિ સ્પર્શે છે અને તેમાં પણ અસ્તિત્વમયી પરિણામશક્તિનું દરેક શક્તિમાં તેનું રૂપ છે. આહાહા..! સમજાય છે કાંઈ? આવી ઝીણી વાતું હવે. પેલી તો પાધરી (સીધી) પડિમા લઈ લ્યો. બે પડિમા, ચાર પડિમા, દસ પડિમા, અગિયાર પડિમા. 'રામજીભાઈ' કહે, પચીસ હોય તો પચીસ લઈ લે. ભાન ક્યાં છે એને? પંદર પડિમા. કોઈ વળી પચીસ લઈ લે. ભાન ક્યાં છે?

એક 'ગુણધરલાલ' હતા. જાણો છો 'ગુણધરલાલજી'? 'ગુણધરલાલજી' હતા. 'કુરાવળી'માં. એકવાર અમે ત્યાં ગયા હતા. એ કહેતા હતા એકવાર કે અમુક ગામમાં બધા ભેગા થયા હતા. કયુ ગામ? ભૂલી ગયા. 'ફિરોઝાબાદ'માં પ્રતિષ્ઠા થઈ હતી. એમાં એમ આવ્યું કે પડિમા લો, પડિમા લો. મેં પડિમા લીધી પણ મારી પાસે આવી કે નહિ એની ખબર પડતી નથી. સંમેલન થયું હતું. મને પ્રતિષ્ઠામાં સાત પડિમા આપી ખરી પણ મારી પાસે આવી કે નહિ તેની ખબર પડતી નથી. આ વ્રતની પડિમા. અરે..! બાપુ! આ માર્ગ તો વીતરાગનો છે, ભાઈ! આહાહા..! પડિમા તો કોને હોય? જેને સમ્યગ્દર્શન છે, આત્માના આનંદનો અનુભવ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે તેને આનંદની વિશેષ ધારા થાય છે એમાં આ પડિમાનો વિકલ્પ ઉઠે છે. સમજાય છે કાંઈ?

'સમાધિશતક'માં એમ કહ્યું છે કે તાપમાં ઉભા રહેવા કરતાં છાંયડે ઉભા રહેવું. અવ્રતમાં રહેવા કરતા વ્રતમાં રહેવું સારું. ત્યાં એમ કહ્યું. પણ વ્રત કોને હોય? અજ્ઞાનીને વ્રત હોય? જેને વ્રતના વિકલ્પ ઉઠે છે તેને તો સમ્યગ્દર્શન ઉપરાંત અંદર શાંતિની વૃદ્ધિ થઈ છે. સમજાણું કાંઈ? તેને છાયા છે. એ લોકો એમ લઈ લે, જુઓ! વ્રતને છાંયો કીધો છે. પણ કોને? સમ્યગ્દષ્ટિમાં અવ્રતપણે રહેવું એ કરતાં વ્રતનો વિકલ્પ (આવે એ છાંયડો છે). એની સ્થિતિ અંદરમાં શાંતિની વૃદ્ધિ થાય છે. ચોથે ગુણસ્થાનમાં સર્વાર્થસિદ્ધનો દેવ એક ભવતારી છે તેના કરતાં વ્રતના વિકલ્પ જેને ઉત્પન્ન થયા તેની શાંતિ પંચમ ગુણસ્થાનમાં સર્વાર્થસિદ્ધના દેવ કરતાં વિશેષ છે. આહાહા..! એ શાંતિના સ્થળમાં-સ્થાનમાં જે પડિમાનો વિકલ્પ ઉત્પન્ન થાય છે તેને છાંયડો કહ્યું. ખરી છાંયા તો પેલી શાંતિ ઉત્પન્ન થઈ તે છાંયા છે. પંચમ ગુણસ્થાનની શાંતિ ઉત્પન્ન થઈ છે ને? કે ચોથે ગુણસ્થાને વિકલ્પ આવ્યો ને વ્રત થઈ ગયા? સમજાય છે કાંઈ? આહાહા..! એ ઓગણીસમી શક્તિ થઈ. વીસ.

**कर्मबन्धव्यपगमव्यञ्जितसहजस्पर्शादिशून्यात्मप्रदेशात्मिका अमूर्तत्व-शक्तिः। २०.**

**કર્મબંધના અભાવથી વ્યક્ત કરવામાં આવતા, સહજ, સ્પર્શાદિશૂન્ય (-સ્પર્શ, રસ, ગંધ અને વર્ણથી રહિત) એવા આત્મપ્રદેશોસ્વરૂપ અમૂર્તવત્વશક્તિ. ૨૦.**

'**કર્મબંધના અભાવથી વ્યક્ત કરવામાં આવતા, સહજ, સ્પર્શાદિશૂન્ય (-સ્પર્શ, રસ, ગંધ અને વર્ણથી રહિત) એવા આત્મપ્રદેશોસ્વરૂપ અમૂર્તત્વશક્તિ.**' શું કહે છે? આત્મામાં અમૂર્ત નામની શક્તિ છે. કર્મબંધનના અભાવથી તે અમૂર્તશક્તિનું પરિણમન થાય છે. અહીંયા ચોથે ગુણસ્થાને પણ જેટલો કર્મનો અભાવ થયો તેટલું અમૂર્તશક્તિનું પરિણમન પણ થયું. આહાહા..! કેમકે અનંતશક્તિ સાથે છે ને? તો અનંતશક્તિનો સમુદાય દ્રવ્ય છે અને જેને દ્રવ્યદષ્ટિ થઈ તેને અનંતશક્તિનો અંશ વ્યક્તપણે પ્રગટ પરિણમનમાં આવે છે. તો અમૂર્તશક્તિનું પરિણમન પણ ચોથે ગુણસ્થાને (પ્રગટે છે). અમૂર્ત રાગના અવલંબન વિના અમૂર્તપણું, અંદર શુદ્ધ પરિણમન અમૂર્તતા, અનંતશક્તિની વ્યક્તતાની સાથે અમૂર્તશક્તિની વ્યક્તતા અમૂર્તપણું પ્રગટ થાય છે. સમજાય છે કાંઈ? આહાહા..! આવી વ્યાખ્યા ને આવું ... એટલે માણસને (આકરું લાગે).

અભ્યાસ જોઈએ ભઈ આ તો. કેમ? તિર્યંચનો દૃષ્ટાંત (લઈએ તો) તિર્યંચને બીજા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



બધા શલ્ય નથી હોતા. એને પાધરી (સીધી) દૃષ્ટિ થઈ તો બાકી બધા શલ્ય નીકળી ગયા. અહીં તો પૂર્વના ઘણા શલ્ય, આગ્રહ રહ્યા હોય એ ઘણા શલ્યને કાઢવા માટે અનેક પ્રકારનું સત્ય જ્ઞાન કરવું પડશે. સમજાય છે કાંઈ? આ તફાવત છે. તિર્યંચને તો આવા કોઈ શલ્ય નથી. એકત્વબુદ્ધિનું એક જ શલ્ય હતું. અહીંયા તો પંડિતાઈ ને વાંચનમાં બહુ આગળ વધી ગયો હોય. ભાઈ! 'પ્રિયંકરજી'! જેટલા વિરુદ્ધ આગ્રહ છે એટલી સાચી સમજણ કરીને વિરુદ્ધ આગ્રહને છોડવા માટે વિશેષ જ્ઞાન કરવું પડે. સમજાય છે કાંઈ? આહાહા..!

અહીં કહે છે કે '**કર્મબંધના અભાવથી વ્યક્ત કરવામાં આવતા...**' ભાષા જુઓ! પ્રગટ કર્યું. અમૂર્તપણું પર્યાયમાં રાગના તદ્દન સંબંધ વિના પોતાના પુરુષાર્થથી જેટલો કર્મનો અભાવ થયો તેટલી અમૂર્તતા, અનંતગુણની અમૂર્તતા વ્યક્તપણે અંશમાં પ્રગટ થઈ. સમજાય છે કાંઈ? '**એવા આત્મપ્રદેશોસ્વરૂપ..**' શું કહ્યું? આત્મપ્રદેશરૂપ. આત્મપ્રદેશ અરૂપીનું પરિણમન એમાં થઈ ગયું. આહાહા..! છે તો અરૂપી પણ કર્મના સંબંધથી એને રૂપી પણ કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? અને સમકિતીને પુણ્ય-પાપના વિકાર થાય છે તેને પણ રૂપી કહ્યા છે. પુદ્‌ગલના પરિણામ કહ્યા ને? તેથી રૂપી કહ્યા છે. સમજાય છે કાંઈ? અહીંયા દ્રવ્ય સ્વભાવ ઉપરની દૃષ્ટિથી અમૂર્તશક્તિનું પણ તેટલા રાગના અભાવરૂપ અમૂર્તપણું શુદ્ધનું પરિણમન વ્યક્તપણે થાય છે. સમજાય છે કાંઈ?

'સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર' માં ભાવાર્થમાં લીધું છે કે ચોથે ગુણસ્થાનમાં પણ જોગના અંશના અભાવનું પરિણમન થાય છે. સમજાય છે કાંઈ? અક્રિયમાં કહ્યું હતું, અક્રિયશક્તિ પછી આવશે. અક્રિયપણું જે છે તે યોગના અભાવનું અક્રિયપણું છે. અક્રિયશક્તિ જે છે તે કંપન વિનાની અજોગશક્તિ છે. એ અજોગશક્તિની સાથે અમૂર્તપણું પણ છે. આહાહા..! જ્યારે પોતાના દ્રવ્ય સ્વભાવનો આશ્રય થયો તો પર્યાયમાં એ અક્રિયશક્તિ, અજોગપણાની શક્તિનો અંશ વ્યક્ત પ્રગટ થયો, ભલે પૂર્ણ ન હોય. સમજાય છે કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- આંશિક અક્રિય થઈ ગયો.

ઉત્તર :- હા, અંશે અક્રિય થોડો વ્યક્તપણે થઈ જાય. આહાહા..! સમજાય છે કાંઈ? આ પડદા વળી આજે જોયા. અહીં પડદો છે? સમજાય છે? એ આજે જોયું, અહીં કોણ દેખે? મકાનમાં તો કાયમ આવતા હોઈએ. 'જીતુ' કહે કે બાર મહિના પહેલાનું છે. અહીં તો ખબર પણ નથી. અહીં તો દરરોજ આવીએ છીએ. સમજાય છે કાંઈ? આહાહા..! કાંઈનો અર્થ-વાસ્તવિક સમજણનું પરિણમન તો અલૌકિક છે પણ કઈ પદ્ધતિથી કહેવાય છે એ પદ્ધતિની ગંધ આવે છે? એ કાંઈનો અર્થ છે. સમજાય છે કાંઈ? કઈ પદ્ધતિથી, એની રીત શું છે એ કહેવામાં આવે છે, એની કાંઈ ગંધ આવે છે કે આ આ રીતે છે? અનુભવ થઈ જાય તો એ તો પ્રત્યક્ષ સમજણ થઈ ગઈ. આહાહા..! પણ અનુભવ પહેલા પણ શું સ્થિતિ છે? દ્રવ્યની, ગુણની, પર્યાયની, સ્વતંત્રતા આદિ એના લક્ષમાં પહેલા આવવું જોઈએ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સમજાય છે કાંઈ? કર્મથી વિકાર થાય છે ને વિકારથી દુઃખ છે. તો તો કર્મથી દુઃખ થયું. કર્મથી વિકાર ને વિકારથી સંસાર, તો કર્મથી સંસાર થયો. સંસાર તો પોતાની વિકારી પર્યાય છે. સમજાય છે કાંઈ? આહાહા..!

'પ્રવચનસાર'માં તો ત્યાં સુધી કહ્યું છે કે જૈન સાધુ છે, દિગંબર છે, અઠ્યાવીસ મૂળગુણ પાળે છે, પંચમહાવ્રત પાળે છે તોપણ એ સંસારી છે. એ સંસારતત્ત્વ છે એમ લીધું છે. 'પ્રવચનસાર'ની પંચરત્નની છેલ્લી પાંચ ગાથા છે. પાંચરત્નની ગાથા છે. એમાં એક ગાથામાં એમ લીધું છે કે આવા આવા પંચમહાવ્રત પાળે, અઠ્યાવીસ મૂળગુણ પાળે, હજારો રાણી છોડે છતાં એ સંસારી છે. સંસાર તત્ત્વ છે. કેમ કે રાગ ને પુણ્યતત્ત્વને પોતાના માને છે એ સંસારતત્ત્વ છે. એ મોક્ષનો માર્ગ પણ નથી અને મોક્ષ પણ નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

અહીંયા કહ્યું, **'કર્મબંધના અભાવથી વ્યક્ત કરવામાં આવતા..'** કોઈ કહે કે કર્મબંધનો અભાવ તો ચૌદમે ગુણસ્થાને થાય. અહીં તો અંતરમાં દ્રવ્યદૃષ્ટિ થઈને જેટલી શક્તિની વ્યક્તતા ઉત્પન્ન થઈ તેટલામાં તો કર્મબંધનો અભાવ જ છે. આહાહા..! સમજાય છે કાંઈ? **'કર્મબંધના અભાવથી વ્યક્ત કરવામાં આવતા, સહજ,...'** જોયું? સ્વભાવિક. **'સ્પર્શાદિશૂન્ય (-સ્પર્શ, રસ, ગંધ અને વર્ણથી રહિત) એવા આત્મપ્રદેશોસ્વરૂપ...'** આત્માના પ્રદેશ અરૂપી અમૂર્તશક્તિની વ્યક્તતા થઈ ગઈ. આહાહા..! આનંદની ધારા વહે એ અમૂર્ત સ્વભાવ છે, એમ કહે છે. સમજાય છે કાંઈ? એ વીસમી (શક્તિ) થઈ. હવે આપણે અહીંયા વધારે લેવાનું છે. ૨૧.

सकलकर्मकृतज्ञातृत्वमात्रातिरिक्तपरिणामकरणोपरमात्मिका अकर्तृत्वशक्तिः। २१.

**સમસ્ત, કર્મથી કરવામાં આવતા, જ્ઞાતૃત્વમાત્રથી જુદા જે પરિણામો તે પરિણામોના કરણના *ઉપરમસ્વરૂપ (તે પરિણામોના કરવાની નિવૃત્તિસ્વરૂપ) અકર્તૃત્વશક્તિ. (જે શક્તિથી આત્મા જ્ઞાતાપણા સિવાયના, કર્મથી કરવામાં આવતા પરિણામોનો કર્તા થતો નથી, એવી અકર્તૃત્વ નામની એક શક્તિ આત્મામાં છે.) ૨૧.**

**'સમસ્ત કર્મથી કરવામાં આવતા,...'** કર્મથી કરવામાં આવતા, એવા શબ્દો છે. નિમિત્તના આશ્રયે થયા તેને કર્મથી કરવામાં આવ્યા એમ કહેવામાં આવે છે. નિમિત્તને વશે જે થયા

---

***ઉપરમ =** અટકવું તે; નિવૃત્તિ; અંત; અભાવ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એ કર્મ દ્વારા થયા એમ કહેવામાં આવે છે. આહાહા..! આવો ફેર પડે છે. સમજાય છે કાંઈ? **'સમસ્ત કર્મથી કરવામાં આવતા,...'** છે ને? આઠેય કર્મ દ્વારા, **'કરવામાં આવતા, જ્ઞાતૃત્વમાત્રથી જુદા...'** જાણવા-દેખવાના પરિણામથી કર્મના નિમિત્તને વશે થયેલા રાગાદિનો અકર્તા આત્માનો સ્વભાવ છે. સમજાય છે કાંઈ? આહાહા..!

**'જ્ઞાતૃત્વમાત્રથી જુદા જે પરિણામો,...'** જ્ઞાતૃત્વમાત્રથી જુદા પરિણામ કોણ? એ પાછા પરિણામ લીધા, હોં! શુભ-અશુભરાગ એ જ્ઞાતાપણાથી ભિન્ન પરિણામ છે. એને પરિણામ લીધા. કર્મના નિમિત્તને વશે જે રાગ, દ્વેષ પરિણામ સમકિતીને પણ જે ઉત્પન્ન થયા તે પરિણામ છે. કર્મના નિમિત્તને વશે થયેલા પરિણામ છે. સમજાય છે કાંઈ? તે પરિણામનો કર્તા આત્મા નથી. આત્મામાં અકર્તૃત્વ નામનો ગુણ છે. આહાહા..! રાગને કરવો એવી કોઈ ત્રિકાળી શક્તિ નથી. પર્યાયમાં યોગ્યતા છે. રાગનું પરિણમન કરવું એ પર્યાયમાં યોગ્યતા છે પણ એવો કોઈ ગુણ નથી કે રાગ, વિકારપણે પરિણમે. બધી શક્તિ નિર્મળ આનંદકંદ છે. આહાહા..!

અહીં તો કહે છે કે આત્મામાં અકર્તૃત્વ નામની શક્તિ છે. અકર્તૃત્વશક્તિનું કાર્ય શું? કે જે દયા, દાન, રાગાદિના પરિણામ ઉત્પન્ન થાય છે તેનો કર્તા ન થવું એવી અકર્તૃત્વશક્તિ છે. રાગ નહિ કરવો. રાગ છે પણ તેનું કર્તૃત્વ નહિ એવી એ શક્તિ છે. સૂક્ષ્મ છે. આહાહા..! આમ તો કહે છે ને? 'અપ્પા કતા એ વિક્તા' શ્વેતાંબરમાં આવે છે. 'અનાથિમુનિ'ના અધિકારમાં આવે છે. એમાં એ લોકો બહુ કહે, આત્મા કર્મને કરે અને આત્મા કર્મને ભોગવે. વૈતરણી નદીની પેઠે... આહાહા..! નદી હોય છે ને? નરકમાં. બહુ પીડા. પાણી.. પાણી. ઝેર જેવા પાણી અંદર.. શું કહેવાય? ઉષ્ણ. અગ્નિની જ્વાળા જેવા પાણીની નદી નરકમાં ચાલે છે. ત્યાં પરમાધામી નાખે. આહાહા..! સમજાય છે કાંઈ?

અહીંયા રાજકુમાર હોય, ૨૫-૩૦-૪૦ વર્ષની ઉંમર હોય અને મરીને નરકમાં જાય. આહાહા..! એ વૈતરણી નદીમાં... પહેલા તો પોતે ઉપર ઊપજે પછી હેઠે પડે. જેમ ભમરીના દર હોય ને? ભમરી.. ભમરી. ભમરી કહે છે ને? ભૌંરા. એ આમ પહોળું હોય છે. નરકમાં જીવને ઉત્પન્ન થવા માટે એવું છે. ન્યાં ઊપજે ને પડે હેઠો. સમજાય છે કાંઈ? નીચે આતાપ, શીત. એટલી પીડા. કહે છે કે સમકિતી–ક્ષાયિક સમકિતી 'શ્રેણિક રાજા' ચોથે ગુણસ્થાને છે તે ત્યાં ગયા છે. પણ એ દુઃખના કર્તા નહિ. આહાહા..! કહ્યું ને?

**'જ્ઞાતૃત્વમાત્રથી જુદા...'** જાણવા-દેખવાના પરિણામ જે જ્ઞાનીને થાય છે. સમ્યગ્દષ્ટિને, ધર્મીને તો જ્ઞાયકસ્વરૂપની દષ્ટિ હોવાથી પર્યાયમાં જાણવા-દેખવાના પરિણામ થાય છે. એ પરિણામ તેનું કાર્ય છે અને તે પરિણામનો તે કર્તા છે. પણ એ જ્ઞાતા-દષ્ટાના પરિણામથી ભિન્ન રાગાદિ પરિણામનો કર્તા આત્મા નથી. આહાહા..! વ્યવહારશ્રદ્ધાનો કર્તા આત્મા નથી એમ કહે છે. આહાહા..! વ્યવહારશ્રદ્ધા એ રાગ છે. એ પ્રશ્ન ઉઠ્યો ને?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અહીં તો એમ કહેવામાં આવ્યું હતું કે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કરે તે મિથ્યાત્વ નથી, રાગ છે. પણ રાગને ધર્મ માને તો મિથ્યાત્વ છે. ખાણિયા ચર્ચામાં એ પ્રશ્ન ઉઠ્યો છે. શું દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા એ મિથ્યાત્વ છે? એવો પ્રશ્ન ઉઠ્યો છે. 'ફૂલચંદજી' એ જવાબ આપ્યો છે. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કરવી એ મિથ્યાત્વ નથી. પરદ્રવ્યની શ્રદ્ધા કરવી તે શુભરાગ છે પણ રાગને ધર્મ માનવો એ મિથ્યાત્વ છે. દેવ-ગુરુ-શાસ્ત્રને માનવા જુદી વાત છે અને માનવાની પર્યાયને ધર્મ માનવો એ જુદી વસ્તુ છે. આહાહા..! સમજાય છે કાંઈ? દેવ-ગુરુ-શાસ્ત્રનો શ્રદ્ધાભાવ તો હોય છે. નિશ્ચયશ્રદ્ધા જ્યાં સુધી પૂર્ણ ન થાય ત્યાં સુધી વ્યવહાર શ્રદ્ધા આવે છે.

'દ્રવ્યસંગ્રહ'ના ૪૭ શ્લોકમાં કીધું ને? **'दुविहं पि मोक्खहेउं झाणे पाउणदि जं मुणी णियमा'** જ્ઞાયકભાવનું ધ્યાન જ્યાં અંદરમાં લાગ્યું તો નિર્વિકલ્પ જ્ઞાન, દર્શન, ચારિત્રની પર્યાય પ્રગટ થઈ એ તો નિશ્ચય મોક્ષમાર્ગ છે અને જેટલો રાગ બાકી રહ્યો તેને આરોપથી વ્યવહાર મોક્ષમાર્ગ કહ્યું. છે નહિ, તેને કહ્યું તેનું નામ વ્યવહાર. છે ખરો પણ કર્તા નથી. આહાહા..! આ શું? આત્મામાં શુભભાવનું કર્તાપણું એવી કોઈ શક્તિ જ નથી. રાગનું અકર્તાપણું અને જ્ઞાતાપણાના પરિણામ એ તેની શક્તિ છે. આહાહા..! હવે આવું (સમજવા) ક્યાં નવરાશ છે? એક તો બાયડી, છોકરામાં મશગુલ પડ્યો હોય. આહાહા..! દસ-વીસ કલાક તો એમાં જાય. ઊંઘમાં ને ખાવા ને પીવામાં. કુટુંબ-કબીલાને રાજી રાખવામાં. અરે..રે...! એનો કાળ ક્યાં જાય છે? આવું સાંભળવાનો વખત મળે નહિ એને નિર્ણય કરવાનો વખત ક્યારે મળે?

મુમુક્ષુ :- અહીં આવે ત્યારે વખત મળે.

ઉત્તર :- અહીં આવે ત્યારે નહિ, અંદરમાં નિવૃત્તિ કરે ત્યારે મળે. સમજાય છે કાંઈ? તમારે દરબારને તો ઘણું કામ હોય. બાજરા થાય ને જુવાર થાય ને ઘઉં થાય ને તલ ને શીંગુ... શીંગુ.

મુમુક્ષુ :- ભાલના ઘઉં બહુ ઊંચા.

ઉત્તર :- ભાલના ઘઉં ઊંચા, ધૂળના. એ પણ ધૂળ છે અને એ પણ ધૂળ છે. આહાહા..! એ પુદ્ગલની પર્યાય છે. અહીં તો રાગની પર્યાય પણ પુદ્ગલની છે, આત્માની નહિ, આત્મા તો જ્ઞાતા-દૃષ્ટા છે. આહાહા.!

ખાવાની ક્રિયાનો કર્તા આત્મા નહિ. પાણી પીવાની ક્રિયાનો કર્તા આત્મા નહિ. દવા આપે એનો કર્તા આત્મા નહિ. આહાહા..! પણ એ સંબંધીત રાગ થાય છે...

મુમુક્ષુ :- .. એ ક્રિયા તો આત્માની ને?

ઉત્તર :- એ ક્રિયા પણ નહિ.

મમુક્ષુ :- પુસ્તક વાંચવાની ક્રિયા તો આત્માની ને?

ઉત્તર :- એ રાગ છે, વિકલ્પ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મુમુક્ષુ :- નહિ વાંચવાનું?

ઉત્તર :- સ્વભાવના લક્ષે આગમનો અભ્યાસ કરવો, એમ 'પ્રવચનસાર' માં આવ્યું છે. સ્વભાવના લક્ષે. અથવા 'કુંદકુંદાચાર્યે' કહ્યું, અનંતા સિદ્ધોને પર્યાયમાં રાખીને સાંભળ. પછી સાંભળ. **'वोच्छामि समयपाहुडमिणमो सुदकेवलीभणिदं' 'वंदित्तु सव्व सिद्धे'** તારી પર્યાયમાં અનંત સિદ્ધો... ઓહોહો..! હજી તો પહેલીવાર સાંભળવા આવ્યો હોય તો કહે છે કે, અનંત સિદ્ધ જે કેવળી પરમાત્માને તારી પર્યાયમાં હું સ્થાપું છું. આહાહા..! આહાહા..! અનંત કેવળજ્ઞાનીની પર્યાયને, અનંત કેવળીને હું તારી પર્યાયમાં સ્થાપુ છું. એ **'वंदित्तु'**નો અર્થ છે. આહાહા..! આવું સ્થાપન કર્યું તો તારી અલ્પજ્ઞ પર્યાયમાં અનંત સર્વજ્ઞને સ્થાપ્યા તો તારી દૃષ્ટિ ગુલાંટ ખાઈ જશે. દ્રવ્ય ઉપર લક્ષ જશે અને દ્રવ્ય ઉપર લક્ષ કરીને સાંભળ. સમજાય છે કાંઈ? એનું તાત્પર્ય એ છે. સાંભળ, એમ કહ્યું ને? સાંભળ. 'ધવલ' માં એની મુખ્ય વ્યાખ્યા છે. એક ગાથા છે. સાંભળો! સાંભળોની બહુ લાંબી વ્યાખ્યા કરી. ઘણા પાના ભર્યા છે. સાંભળો, એની ગાથા છે. આહાહા..! 'ધવલ'માં. સાંભળોનો અર્થ આ. તારી ચીજ છે એ તો અનંતા સિદ્ધોની પર્યાયથી પણ અનંતગુણી તારી શક્તિ અંદર છે. કેમકે સિદ્ધની એક સમયની પર્યાય એવી તો અનંતી પર્યાયનો પિંડ તારી પાસે છે. આહાહા..! સમજાય છે કાંઈ?

અનંતા સિદ્ધોને સ્થાપીને પછી 'સમયસાર' (શરૂ કરે છે). **'वंदित्तु सव्वसिद्धे धुमचलमणोवमं गदिं पत्ते। वोच्छामि समयपाहुडमिणमो सुदकेवलीभणिदं।।'** હું સમયપ્રાભૃત કહીશ. આ પ્રત્યક્ષ શ્રુતકેવળીએ કહેલ. સાક્ષાત્ કેવળી અને શ્રુતકેવળીઓએ કહેલ હું કહીશ. કહીશનો અર્થ એ કે, સાંભળ! એનો અર્થ થયો કે નહિ? આહાહા..! પણ સાંભળ કઈ રીતે? અનંત સિદ્ધોને પર્યાયમાં સ્થાપન કરીને સાંભળ. આહાહા..! મેં તો સ્થાપન કર્યા જ છે, એમ આચાર્ય કહે છે. આહાહા..! પણ તારે સિદ્ધ થવું હોય અને સિદ્ધની વાત તારે સાંભળવી હોય તો સિદ્ધપર્યાયને સ્થાપીને (સાંભળ). સિદ્ધ થવા માટે થોડો સમય લાગશે. પણ સ્થાપન કર અને પછી સાંભળ. આહાહા..! તારી દૃષ્ટિનું ઘોલન સ્વભાવ ઉપર જશે અને તેનાથી તને સમ્યગ્દર્શન અને સિદ્ધપદ પ્રાપ્ત થશે. આહાહા..!

અહીં એ કહે છે, રાગાદિના પરિણામથી જ્ઞાતા-દૃષ્ટાના પરિણામ (જુદા છે). પરિણામ તો લીધા. ભાષા જુઓ! **'જ્ઞાતૃત્વમાત્રથી જુદા જે પરિણામો...'** ચાહે તો તીર્થંકરગોત્ર બાંધવાનો ભાવ હોય પણ એ જ્ઞાતા-દૃષ્ટાથી ભિન્ન પરિણામ છે. 'ષોડશકારણ ભાવના...તીર્થંકરપદ પાય' આવે છે કે નહિ? 'સોલહ તીર્થંકર પદ પાય.' એ ભાવ છે તે રાગ છે, એ જ્ઞાતૃત્વ પરિણામથી ભિન્ન જાતના છે અને તેનો કર્તા આત્મા નથી. આહાહા..! આવે છે. એ તો કહ્યું ને?

**'સમસ્ત કર્મથી કરવામાં આવતા,...'** કર્મથી કરવામાં આવતા એમ શબ્દ છે. **'કરવામાં**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**આવતા, જ્ઞાતૃત્વમાત્રથી જુદા જે પરિણામો...**' શું કહ્યું? સમસ્ત કર્મો દ્વારા કરવામાં આવેલા. જુઓ! આઠ કર્મ દ્વારા કરવામાં આવેલા. તેને વશ થઈને થયેલા, એમ એનો અર્થ છે. કર્મ શું કરે? 'કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ'. એ સ્તુતિમાં આવે છે. અહીં તો ભાષા એવી લીધી છે. જુઓ! આમાં વાંધા ઉઠાવે. 'ગોમ્મટસાર' માં એવો પાઠ આવે, જ્ઞાનાવરણીય કર્મ જ્ઞાનને રોકે. એમાં એવી વ્યાખ્યા છે, સ્વભાવદષ્ટિવંતને વિકારપર્યાય વ્યાપ્ય છે અને કર્મ વ્યાપક છે. અહીંયા એમ કહ્યું કે આઠ કર્મથી કરાયેલા. આવા લખાણ.

મુમુક્ષુ :- સાચું શું માનવું?

ઉત્તર :- એ બન્ને સાચા માનવા. કઈ અપેક્ષાથી છે. કર્મ દ્વારા એટલે આત્મા દ્વારા વિકાર થતો નથી, એમ કહે છે. કેમ કે આત્મા અને આત્માની શક્તિ તો શુદ્ધ પવિત્ર છે. આહાહા..! તેના આશ્રયે પવિત્રતા ઉત્પન્ન થાય છે, તેના આશ્રયે વિકાર ઉત્પન્ન થતો નથી. કર્મના આશ્રયે વિકાર ઉત્પન્ન થાય છે તો એ શબ્દ કહ્યા. સમજાય છે કાંઈ? આહાહા..!

**'સમસ્ત કર્મો...**' પાછી ભાષા એમ લીધી છે. આઠે કર્મ દ્વારા '**કરવામાં આવતા...**' આહાહા..! આવું લખ્યું છે ત્યાં એમ ન માનવું કે કર્મથી થયા નથી, કર્મથી થયા નથી. એ કર્મથી થયા નથી, બાપુ! તારી નબળાઈથી વિકાર પરિણામ થયા છે. નબળાઈથી, સમ્યગ્દષ્ટિને પણ નબળાઈને લઈને વિકાર પરિણામ (થાય છે). પણ જ્ઞાતા પરિણામથી ભિન્ન પરિણામનો તે કર્તા નથી. એવી આત્મામાં અકર્તૃત્વશક્તિ છે. અકર્તૃત્વશક્તિ છે તો એ અકર્તૃત્વનું પરિણમન ક્યારે થયું? દ્રવ્ય ઉપર દષ્ટિ જવાથી. અકર્તૃત્વગુણ સીધો અકર્તૃત્વપણે પરિણમે એમ નથી. શું કહ્યું?

અકર્તૃત્વગુણ સીધો અકર્તાપણે પરિણમે એમ નહિ. એ ગુણી જે અકર્તૃત્વ આદિ શક્તિનો પિંડ જે દ્રવ્ય છે તે પરિણમતા અકર્તૃત્વશક્તિનું પરિણમન જ્ઞાતા-દષ્ટાપણે થાય અને રાગપણે ન થાય. થોડા ફેરે (બહુ) ફેર. કહો, 'નંદકિશોરજી'! વકીલાત કરી પણ આવું કોઈ દિ' સાંભળ્યું નહિ હોય. દૂરથી આવ્યા છે. આવો માર્ગ છે. સંસ્કૃતમાં આ ભાષા છે – '**सकलकर्मकृतज्ञातृत्वमात्रातिरिक्तपरिणामकरणोपरमात्मिका अकर्तृत्वशक्तिः २१.**' અકર્તૃત્વ છે ને? '**सकलकर्मकृतज्ञातृत्वमात्रातिरिक्तपरिणामकरणोपरमात्मिका अकर्तृत्वशक्तिः २१.**' આહાહા..! ભગવાનઆત્મામાં એવી એક અકર્તૃત્વશક્તિ છે કે સમસ્ત કર્મના નિમિત્તને વશે જે વિકાર થયો તે જ્ઞાતૃત્વમાત્રથી ભિન્ન છે. જ્ઞાયકભાવથી તો જ્ઞાતાપણું થાય છે. જ્ઞાતાપણાનું કાર્ય પોતાનું અને કર્તા આત્મા. આવા પરિણામથી ભિન્ન '**જે પરિણામો તે પરિણામોના કરણના ઉપરમસ્વરૂપ...**' જુઓ! વિકારના પરિણામથી ઉપરમસ્વરૂપ (અર્થાત્) નિવૃત્તિસ્વરૂપ, અંતસ્વરૂપ, અભાવસ્વરૂપ... આહાહા..! અકર્તૃત્વશક્તિ છે. વિશેષ લઈશું..

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## પ્રવચન નં. ૨૦ શક્તિ–૨૧, ૨૨ મંગળવાર, (દ્વિતીય) શ્રાવણ વદ ૨, તા. ૩૦-૦૮-૧૯૭૭

'સમયસાર' શક્તિનો અધિકાર ચાલે છે. શક્તિ એટલે શું? જે આત્મા છે એ અનંતગુણરત્નાકર સ્વરૂપ છે. ગુણ કહો કે શક્તિ કહો. અનંતશક્તિ રત્નાકર, એવા રત્નનો દરિયો–સમુદ્ર આત્મા છે. સમજાય છે કાંઈ? એમાં અનંત રત્ન–શક્તિ (ભરેલી છે). એક એક શક્તિની સાથે ઉદયમાં અર્થાત્ દ્રવ્ય અને શક્તિનો ભેદ પણ છોડીને, જેણે શક્તિ અને શક્તિવાન એવો વિકલ્પ પણ છોડ્યો અને શક્તિવાનને જેણે અનુભવમાં લીધો તેનું નામ સમ્યગ્દર્શન, જ્ઞાન અને સ્વરૂપઆચરણ ચારિત્ર કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? અને એક શક્તિના વ્યક્ત પરિણમનમાં અનંતશક્તિનું પરિણમન વ્યક્ત એકસાથે ઉછળે છે એટલે ઉદય થાય છે. શું સમજવું આમાં? 'ભભૂતમલજી'! આમાં રૂપિયાની ક્યાંય વાત આવી નહિ.

અહીંયા એક આવ્યા હતા. પહેલા કાગળ આવ્યો હતો કે હું તીર્થંકર છું. ચાર ઘાતિકર્મનો નાશ થયો છે, ચાર અઘાતિ બાકી છે, હું કેવળજ્ઞાની છું. હું ત્યાં સોનગઢ આવવાનો છું તો મારી માટે સગવડતા કરી દ્યો. આહાહા..! પછી અહીં આવ્યા. સામે બેઠા. કહ્યું, હું તીર્થંકર છું. સત્ય કહું છું. કપડા પહેર્યા હતા. ગરીબ માણસ હતો. 'લાલચંદભાઈ'! સાંભળ્યું હતું ને? નથી સાંભળ્યું? લે. વાત નહિ કરી હોય, નહિ થઈ હોય. એક મહિના પહેલા કાગળ આવ્યો હતો અને મહિનો શત્રુંજય રહ્યા. દિગંબર હતા. ક્યાંના? 'પ્રતાપગઢ'ના. નામ શું? 'ચાંદમલ ડોડુ', 'ચાંદમલ' ગરીબ માણસ હતો. એક મહિના પહેલા પત્ર આવ્યો પછી પોતે આવ્યા. બેઠા હતા, 'રામજીભાઈ' બેઠા હતા. હું તીર્થંકર છું, સાચું કહું છું. એય...! સાંભળ્યું નથી? અહીંયા આવી ગયા છે. ભગવાનને જેમ ચાર ઘાતિકર્મનો નાશ થયો છે તેમ મને પણ થયો છે. ભગવાનને ચાર અઘાતિકર્મ બાકી હતા ને તો તેમની પાસે પૈસા નહોતા. આવા પણ માણસ સામે આવે છે. આહા..! કાંઈ મગજ (નહિ), અંદર મિથ્યાત્વનું જોર. આહાહા..!

પત્રમાં તો એમ આવ્યું હતું કે ચાર ઘાતિ નાશ કઈ રીતે થાય તે હું ત્યાં કહીશ. ચાર ઘાતિકર્મનો નાશ થયો છે તો કઈ રીતે નાશ થાય એ હું કહીશ. પહેલા પત્રમાં આવ્યું હતું. અહીં આવીને કાંઈ ન કહ્યું. અહીં તો એટલું કહ્યું, ચાર ઘાતિનો નાશ થયો છે અને ચાર અઘાતિ કર્મ બાકી છે. ભગવાનને ચાર અઘાતિ બાકી છે તો તેમની પાસે પૈસા નહોતા, મારી પાસે પૈસા નથી. આહાહા..! 'ભભૂતમલજી'! મને પગે લાગ્યો. મેં કહ્યું, ભાઈ! મિથ્યાદૃષ્ટિ છો, હોં! ઉઠીને પગે લાગ્યો. આહા...! આ દશા પણ જગતની જુઓ! આહાહા...! પછી અહીંયાથી નીકળીને એમ બોલ્યો કે, અહીંયા તો મારી કોઈએ કદર કરી નહિ. હું અગાસ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જઈશ ત્યાં ભક્ત લોકો છે તો કદર કરશે. અગાસ. ત્યાં એવા ભક્ત નથી કે તને તીર્થંકર માને. અરે..રે..! શું કરે છે આત્મા? આહા..! મારી સામે બોલ્યા. પત્ર આવ્યો પછી અહીં આવ્યા, બેઠો અને કહ્યું, મને ચાર ઘાતિનો નાશ થયો છે હું સાચું કહું છું. એમ બોલ્યો. ભગવાન! મિથ્યાદૃષ્ટિ છો, હોં! ભાઈ! આ દૃષ્ટિ! અરે..રે..! હજી કપડા-બપડા છે ત્યાં મુનિપણું પણ ન હોય ત્યાં કેવળજ્ઞાન થઈ જાય? બહુ વિપરીત દૃષ્ટિ. અને પાછો દાંત કાઢે. વાત કરી, કીધું, મિથ્યાદૃષ્ટિ છો, બાપુ! હોં! આ દૃષ્ટિ બહુ વિપરીત છે. આહાહા..!

અહીંયા તો પરમાત્મા અનંતશક્તિનો પિંડ રત્નાકર, તેનો અનુભવ થતાં તેમાં આનંદ દશા થાય છે. ત્યારે તો હજી ચોથું ગુણસ્થાન કહેવામાં આવે છે. મુનિ તો.. શાસ્ત્રમાં એમ લખ્યું છે, 'ચરિતમ્ ખલુ ધમ્મો'. ચારિત્ર તે ધર્મ છે અને સમ્યગ્દર્શન એ તો ચારિત્રનું મૂળ છે. 'દંસણ મૂલો ધમ્મો'. શું કહ્યું? ચારિત્ર મૂળ ધર્મ છે પણ એ ધર્મનું મૂળ શું? કે દંસણ મૂલો. સમ્યગ્દર્શન એ ચારિત્રનું મૂળ છે. ચારિત્ર ધર્મ છે અને ચારિત્રનું મૂળ સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શન થયા વિના ચારિત્ર કદી હોતું નથી. 'ચંદુભાઈ'!

'બંધ અધિકાર'માં લીધું છે ને? કે ન્યાં કારણ-કાર્ય લીધું છે. એ તો એક વ્યવહારથી. ચારિત્રનું કારણ જે સમ્યગ્દર્શન-જ્ઞાન એ તો છે નહિ, એને વ્રત, નિયમ ક્યાંથી આવ્યા? સમજાય છે કાંઈ? 'બંધ અધિકાર' માં છે. સમ્યગ્દર્શન જે ચારિત્ર–સ્વરૂપની રમણતા.. આહાહા..! જેમાં ચરવું, આનંદમાં રમવું, આનંદના ભોજન કરવા.. આહાહા..! અતીન્દ્રિય આનંદનું નિરંતર જેને ભોજન છે. આહાહા..! એવું ચારિત્ર..! ઓ..હો..! ધન્ય અવતાર ! એ ચારિત્ર તો સમકિતીને પણ પૂજ્ય છે. સમજાય છે કાંઈ? ચારિત્ર ધર્મ છે તો એનું મૂળ કારણ દર્શન છે. દંસણ મૂલો ધમ્મો. દર્શન મૂળ ધર્મ. ચારિત્રનું મૂળ દર્શન અને દર્શનનું મૂળ અભેદ રત્નત્રય સ્વરૂપ ભગવાન, અનંતગુણસ્વરૂપ આત્મા, તેની દૃષ્ટિ, અનુભવ થાય છે તો સમ્યગ્દર્શન થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ?

એ સમ્યગ્દર્શનના કાળમાં જેમ જ્ઞાન સમ્યક્... એકવાર કહ્યું હતું, અભવિને જ્ઞાન છે પણ જ્ઞાનની પરિણતિ નથી. સમજાય છે કાંઈ? 'અધ્યાત્મ પંચસંગ્રહ'માં છે. 'અધ્યાત્મ પંચસંગ્રહ' વાંચ્યું છે? ભાઈ! નથી મળ્યું? આવું છે. આ રહ્યો ગ્રંથ. આ 'ચિદ્‌વિલાસ' કોઈક લાવ્યું લાગે છે. 'ચિદ્‌વિલાસ' છે. 'અધ્યાત્મ પંચસંગ્રહ' 'દીપચંદજી'નું કરેલું છે. એમાં 'દીપચંદજી' 'પરમાત્મ પુરાણ'માં એમ કહે છે, કહ્યું ને? શું કહ્યું? અભવિને જ્ઞાન છે પણ જ્ઞાનની પરિણતિ નથી. આહાહા..! શું કહ્યું? જ્ઞાનની પરિણતિ તેને કહીએ કે જે જ્ઞાનસ્વરૂપી ભગવાનઆત્મા, તેનું જ્ઞાન – સ્વસંવેદન થાય તો જ્ઞાનની પરિણતિ (થાય છે).

આમ તો અભવિને અગિયાર અંગ અને નવ પૂર્વની લબ્ધિ પ્રગટ થાય છે. છતાં એ જ્ઞાન પરિણતિ નહિ. આહાહા..! 'લાલચંદભાઈ'! આહાહા..! અગિયાર અંગમાં એક આચારાંગના અઢાર હજાર પદ અને એક પદમાં એકાવન કરોડ ઝાઝેરા શ્લોક. એવા એવા અઢાર હજાર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પદનું એક આચારાંગ. 'સૂયગડાંગ' ના છત્રીસ હજાર, 'ઠાણાંગ' ના બોંતેર હજાર, એક લાખ ચુમ્માલીસ હજાર.. એમ કરતા કરતા ડબલ કરતા કરતા અગિયાર અંગ સુધી લઈ જવું. આહાહા..! આટલું તો જેને કંઠસ્થ જ્ઞાન હતું. ઉપરાંત નવ પૂર્વનું જ્ઞાન અભ્યાસ કરવાથી નથી થતું. એ લબ્ધિ અંદરમાં થાય છે. અભવિને પણ થાય છે. સાત દ્વિપ, સાત સમુદ્ર વિભંગમાં જોવે. સમજાય છે કાંઈ? છતાં તે જ્ઞાનની પરિણતિ નહિ. આહાહા..! એ જ્ઞાનની પર્યાય નહિ. આહાહા..!

જ્ઞાનસ્વરૂપ ભગવાન, જેણે પોતાની જ્ઞાનપર્યાયમાં જ્ઞેય, જ્ઞાયક દ્રવ્ય સ્વભાવનું પર્યાયમાં જ્ઞાન થયું અને શ્રદ્ધાની પર્યાયમાં આખું જ્ઞેય, અનંતશક્તિનો રત્નાકર ભગવાન, અહીં તો શક્તિનું વર્ણન છે પણ શક્તિ ઉપર લક્ષ કરવું એમ નહિ. સમજાય છે કાંઈ? શક્તિ અને શક્તિવાન એવા બે ભેદ પણ નહિ. આહાહા..! 'ડાહ્યાભાઈ'! આહાહા..! તારો નાથ અભેદ ચિદાનંદ સ્વરૂપ, નિર્વિકલ્પપણે (છે). દરેક શક્તિ પણ નિર્વિકલ્પ એટલે રાગના અભાવસ્વરૂપ પ્રભુ શક્તિ બિરાજે છે. એવા શક્તિવાનને અંતરમાં જ્ઞેય બનાવીને જ્ઞાન થાય ત્યારે એ જ્ઞાન પરિણતિ–પર્યાય કહેવામાં આવે છે. આહાહા..! 'ધન્નાલાલજી'!

અહીંયા કહે છે કે એ જ્ઞાનની પરિણતિ જ્યારે થઈ તો સાથે અનંતશક્તિ ઉછળે છે. પહેલા શરૂઆતમાં આવી ગયું. અનંતશક્તિની વ્યક્તતા (થાય છે). જ્ઞાનનું જ્ઞાન, આત્માનું જ્ઞાન, આત્મજ્ઞાન એમ લીધું છે ને? ત્યાં એમ નથી લીધું કે શાસ્ત્રનું જ્ઞાન કે રાગનું જ્ઞાન કે નિમિત્તનું જ્ઞાન કે પર્યાયનું જ્ઞાન, એવા શબ્દ નથી. આત્મજ્ઞાન. આહાહા..! સમજાય છે કાંઈ? આત્મા જે એકરૂપ અખંડ આનંદકંદ પ્રભુ, તેનું જ્ઞાન થાય તેને આત્મજ્ઞાન કહેવામાં આવે છે. આહાહા..! આત્મજ્ઞાનમાં એમ ન લીધું કે શાસ્ત્રનું જ્ઞાન ને નિમિત્તનું જ્ઞાન ને પર્યાયનું જ્ઞાન ને રાગનું જ્ઞાન, એમ નથી લીધું. આહાહા..! આવી વાત છે, ભગવાન! આત્મજ્ઞાન. આહાહા..! શબ્દ તો જુઓ! આત્મા, જે અનંતશક્તિનો ભંડાર એકરૂપ વસ્તુ, તેનું જ્ઞાન. આહાહા..! તેનું જ્ઞાન ક્યારે થાય છે? કે પર્યાયને એ તરફ ઝુકાવવાથી, તન્મય થવાથી એવી ભાષા છે ને? ઝુકવાથી. આહાહા..! સમજાય છે કાંઈ?

ભગવાનઆત્મા..! સ્વયંભૂરણ સમુદ્ર તો અસંખ્ય જોજનમાં છે અને નીચે રત્ન ભર્યા છે. રેતીને ઠેકાણે રત્ન છે. સ્વયંભૂરમણ સમુદ્ર છેલ્લો છે ને? એમાં રત્ન છે. વેળુ.. કહે છે? બાલુ. એમાં રેતી નથી, નીચે રત્ન છે. આહાહા..! એમ આ સ્વયંભૂ ભગવાનઆત્મા..! ('પ્રવચનસાર'ની) સોળમી ગાથામાં કહ્યું ને? ભાઈ! સ્વયંભૂ. આહાહા..! એમાં તળમાં તો અનંતી શક્તિના રત્ન ભર્યા છે. આહાહા..! એવા શક્તિવાનની દૃષ્ટિ કરવાથી જે સમ્યગ્જ્ઞાનની પર્યાય શક્તિરૂપે હતી તે વ્યક્તરૂપે પર્યાય આવી. આહા..! અને તેની સાથે અનંતશક્તિનો ઉદય–ઉછળે છે એટલે ઉત્પન્ન થાય છે. એ પર્યાય જે ઉછળે છે તે ક્રમસર છે અને ગુણ–શક્તિ છે તે અક્રમે છે. એ પર્યાય ઉછળે છે તે ક્રમવર્તી અને અક્રમવર્તી (ગુણના) સમુદાયને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આત્મા કહે છે. અહીં વિકાર ન લેવો. સમજાય છે કાંઈ? વિકાર ક્રમવર્તીમાં આવે છે એમ અહીં ન લેવું. અહીં તો શક્તિનું વર્ણન છે તો શક્તિ તો શુદ્ધ છે તો એનું પરિણમન શુદ્ધ છે. એ શુદ્ધ પરિણમનમાં અનંતશક્તિઓ નિર્મળરૂપે ક્રમસર ક્રમવર્તી ઉત્પન્ન થાય છે અને એ ક્રમવર્તી અને અક્રમવર્તી ગુણ-એ બેના સમુદાયને આત્મા કહે છે. આહાહા..! અહીં તો પર્યાયસહિત આત્મા લેવો છે ને! સમજાય છે કાંઈ?

'નિયમસાર'ની ૩૮ ગાથામાં જે આત્મા લીધો એ તો પર્યાય વિનાનો ત્રિકાળી જ્ઞાયકભાવ તે આત્મા છે. ભાઈ! ત્યાં પર્યાય નથી લીધી. અહીંયા તો જે વસ્તુ છે, શક્તિ છે તેનું જ્ઞાન અને પ્રતીત થઈ તો 'છે' એમ પ્રતીતમાં આવ્યું. પરિણમન થયું તો પ્રતીતમાં આવ્યું. એમ ક્રમવર્તી પર્યાયમાં નિર્મળ પર્યાયનું વ્યક્તપણું, અવ્યક્તને જાણીને (થયું). આહાહા..! આવી વાત છે. 'બાલચંદજી'! અવ્યક્તને વ્યક્તે જાણ્યું. આહાહા..!

અહીં તો હવે બીજું કહેવું છે, એ શક્તિમાં એક અકર્તા નામની શક્તિ છે. એ આપણે ચાલે છે. છે ને? ૨૧, ૨૧મી શક્તિ. વર્ણન તો ક્રમે ક્રમે થાય છે, વસ્તુમાં ક્રમ નથી. શક્તિમાં ક્રમ નથી, પર્યાય ક્રમે છે. એકસાથે છે. ૪૭ શક્તિ તો એક સમયે ૪૭ શક્તિ છે. અને 'પ્રવચનસાર'માં જે ૪૭ નય લીધા એ પણ એક સમયમાં ૪૭ નયરૂપી ધર્મ છે. સમજાય છે કાંઈ? ત્યાં એક નયનો ધર્મ એમ પણ લીધો કે કાળે પણ મોક્ષ છે અને અકાળે પણ મોક્ષ છે. એક સમયે બન્ને ધર્મ છે. ત્યાં એમ લેવું છે. પર્યાયમાં યોગ્યતા, હોં! આહાહા..! સમજાણું કાંઈ? આ શક્તિ એક સમયમાં ગુણરૂપે છે અને ત્યાં જે પર્યાય લીધી, નિયત એટલે સ્વભાવરૂપી પર્યાય અને અનિયત એટલે વિભાવરૂપી પર્યાય, બન્ને ધર્મ એકસાથે છે. ત્યાં તો ત્યાં સુધી લીધું છે કે ક્રિયાથી પણ મોક્ષ થાય છે અને જ્ઞાનથી પણ મોક્ષ થાય છે. 'લાલચંદભાઈ'! આહાહા..! ક્રિયાથી મોક્ષ થાય અને જ્ઞાનથી પણ મોક્ષ થાય, એ કોઈને ક્રિયાથી થાય છે અને કોઈને જ્ઞાનથી થાય છે એમ નથી. અને એ જીવને પણ કોઈ વખતે ક્રિયાથી થાય અને કોઈ વખતે જ્ઞાનથી થાય, એમ પણ નથી. એક સમયે રાગના અભાવરૂપી યોગ્યતા ગણીને ક્રિયાનયથી મુક્તિ છે એમ કહ્યું. પણ તે જ સમયે, જ્ઞાનથી મુક્તિ પણ તે જ સમયે છે. સમજાય છે કાંઈ? અરે..! આવી વાતું છે. પંડિતજી!

મુમુક્ષુ :- મુક્તિને એક તરફથી નહીં બે તરફથી કહ્યું.

ઉત્તર :- એ વિવક્ષાભેદ છે. ભાઈ! ધર્મ તો એક જ છે. એ જ ધર્મનો વિવક્ષાભેદ છે. ક્રિયાથી મુક્તિ અને જ્ઞાનથી મુક્તિ એમ કહેવામાં આવ્યું. ધર્મ તો એકસાથે અંદરમાં છે. આવી વાત છે. આહા..! આવો માર્ગ ભગવાનનો છે, ભાઈ!

હવે અહીં તો આપણે અકર્તૃત્વશક્તિ ચાલે છે. વીસ તો ચાલી ગઈ. એકસાથે ૪૭ શક્તિ છે. જેમ ૪૭ નયના ધર્મ એકસાથે છે, ધર્મ છે એ શક્તિ નથી. સમજાય છે કાંઈ? જ્ઞાનથી મોક્ષ થાય છે તો એ પર્યાયની વાત છે. જ્ઞાનથી મોક્ષ થાય છે તો જ્ઞાનની પર્યાયની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કોઈ બીજી પર્યાય છે એમ નથી. અહીં તો શક્તિનું વર્ણન છે તો શક્તિની પર્યાયનું વર્ણન સાથે છે.

આત્મા નિત્ય છે એ ધર્મ છે પણ નિત્યની કોઈ પર્યાય છે એમ નથી. આત્મા અનિત્ય છે એવી એક યોગ્યતા–ધર્મ છે. પણ અનિત્ય ધર્મની કોઈ બીજી પર્યાય છે એમ નથી. અને શક્તિની તો પર્યાયવિશેષ છે. સમજાય છે કાંઈ? આ શક્તિ છે તેની દરેક શક્તિની વર્તમાન વ્યક્ત પર્યાય થાય છે. અને ધર્મમાં પર્યાય નથી, એ તો એક અપેક્ષિત ધર્મ ગણવામાં આવ્યો. 'આલાપ પદ્ધતિ'.

અહીં કહે છે કે **'સમસ્ત કર્મથી...'** ભાષા આ છે. લોકો તકરાર કરે કે, જુઓ! **'સમસ્ત કર્મથી કરવામાં આવતા,...'** 'ચંદુભાઈ'!

મુમુક્ષુ :– સ્પષ્ટ લખ્યું છે.

ઉત્તર :– સ્પષ્ટ લખ્યું છે? લ્યો, પંડિતજી અમારે કહે છે કે સ્પષ્ટ લખ્યું છે. એ સ્પષ્ટ કરાવવા માટે કહે છે. આહાહા..! સ્પષ્ટ જ લખ્યું છે. કઈ અપેક્ષાથી? કઈ નયનું આ કથન છે? કે પોતાના સ્વભાવથી વિકાર ઉત્પન્ન થતો નથી. કેમ કે કોઈ શક્તિ વિકાર ઉત્પન્ન કરે એવી અનંતશક્તિમાં કોઈ શક્તિ નથી. તેથી પર્યાયમાં જે વિકાર થાય છે એ શક્તિનું કાર્ય નથી. ત્યારે એને શક્તિના સ્વભાવની દૃષ્ટિ કરાવવા (એમ કહ્યું). કર્મના નિમિત્તને વશ થઈને જે વિકાર થયો, નિમિત્તથી થયો છે એમ નહિ, નિમિત્તને વશ થઈને (થયો છે). **'કર્મથી કરવામાં આવતા,...'** અહીં તો ભાષા આવી છે.

કહ્યું હતું ને? કે, 'પંચાસ્તિકાય' ની ૬૨ ગાથામાં એમ કહ્યું, જે 'વર્ણીજી' સાથે ચર્ચા થઈ હતી. વિકાર પોતાની પર્યાયમાં ષટ્કારકના પરિણમનથી થાય છે, દ્રવ્ય-ગુણથી નહિ, પરકારકથી નહિ. વીસ વર્ષ પહેલા મોટી ચર્ચા થઈ હતી. (સંવત) ૨૦૧૩ ની સાલ, શીખરજીમાં. પહેલા જાત્રામાં નીકળ્યા હતા ને ત્યારની વાત છે. બધા બેઠા હતા. 'રામજીભાઈ' હતા, 'હિંમતભાઈ', 'ફૂલચંદજી', 'કૈલાસચંદજી' ઘણા પંડિત લોકો બેઠા હતા. એક સમયની પર્યાયમાં જે મિથ્યાત્વ કે રાગ-દ્વેષ વિકૃતભાવ થાય છે તે પર્યાયમાં, એક સમયની પર્યાયમાં ષટ્કારક છે. જે ષટ્કારક શક્તિરૂપે દ્રવ્ય-ગુણમાં છે એ જ પર્યાયમાં ષટ્કારકરૂપે વિકાર પોતાને કારણે થાય છે. પરને કારણે બિલકુલ નહિ. એમ કહ્યું.

'સમયસાર'માં ૭૫-૭૬-૭૭ ગાથામાં એમ કહ્યું, 'ચંદુભાઈ'! કે પોતાના આત્માનો સ્વભાવ તે પોતાની પર્યાયમાં વ્યાપ્ય અને દ્રવ્ય સ્વભાવ વ્યાપક. એમ ધર્મીને દૃષ્ટિમાં જ્યારે આત્માનો પૂર્ણ સ્વભાવ આવ્યો તો સ્વભાવ વ્યાપક અને સ્વભાવની નિર્મળ પર્યાય વ્યાપ્ય છે. હવે એને જે વિકાર બાકી રહ્યો એ વિકાર વ્યાપ્ય અને કર્મ વ્યાપક છે. ત્યાં એમ લીધું, અહીંયા આ લીધું. દ્રવ્ય સ્વભાવ સિદ્ધ કરવો છે ને! દ્રવ્ય સ્વભાની દૃષ્ટિ કરાવવા જે નીકળી જતી વસ્તુ છે તો તે નિમિત્તથી થયું એમ કહેવામાં આવ્યું. સમજાય છે કાંઈ? ત્યાં એમ કહ્યું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કે કર્મ વ્યાપક અને વિકારી પર્યાય વ્યાપ્ય.

સવારે આપણે અધુરું મૂક્યું, ૬૮ કળશ. એમાં અધિકાર એ હતો કે અશુદ્ધ પરિણામ પોતાનું વ્યાપ્ય છે અને આત્મા વ્યાપક છે અને પુદ્ગલની પર્યાય જે કર્મરૂપ થાય છે તે કર્મરૂપ થાય છે તે વ્યાપ્ય છે અને પુદ્ગલ તેનું વ્યાપક છે. આત્મા તેમાં વ્યાપ્ય-વ્યાપક છે એમ નથી. એમ કર્મની પર્યાયમાં આત્મા વ્યાપ્ય-વ્યાપક છે એમ નહિ અને પોતાની વ્યાપ્ય-વ્યાપકતામાં કર્મ વ્યાપ્ય-વ્યાપક છે એમ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? કઈ અપેક્ષા છે તે સમજવું જોઈએ ને! લખ્યું છે પણ કઈ નયથી, કઈ અપેક્ષાથી, કઈ વિવક્ષા છે, ક્યા પ્રકારની વિવક્ષા ચાલે છે એની ઉપર ધ્યાન રાખીને તેનો અર્થ કરવો જોઈએ. સમજાય છે કાંઈ?

અહીં કહે છે કે **'સમસ્ત કર્મથી...'** સમસ્ત એટલે આઠે કર્મ. **'કર્મથી...'** ભાષા જુઓ! **'કરવામાં આવતા,...'** સ્વભાવનું વર્ણન છે ને? તો વિભાવ છે તે કર્મના નિમિત્તને આધીન થઈને થયો છે તો કર્મ દ્વારા થયા એમ કહેવામાં આવ્યું છે. સમજાય છે કાંઈ? આ તો સમજવું.. સમજવું.. સમજવું. જ્ઞાનસ્વરૂપ ભગવાન છે તો દરેક અપેક્ષાનું જ્ઞાન તેણે સમજવું એ વસ્તુનું સ્વરૂપ છે. સમજાય છે કાંઈ? કઈ અપેક્ષાથી કથન નયનું, આગમનું, અન્ય આગમનું તાત્પર્ય શું છે? એક એક ગાથામાં પાંચ અર્થ ચાલે છે ને? પાંચ અર્થ ચાલે છે ને? શબ્દાર્થ, આગમાર્થ, અન્ય અણ આગમાર્થ, નયાર્થ અને તાત્પર્ય. એક ગાથામાં પાંચ ચાલે છે. અહીંયા પણ કર્મથી કહ્યું તે કઈ અપેક્ષાથી છે? કે નિમિત્તની પ્રધાનતાથી વિકૃત થાય છે, પોતાના સ્વભાવને કારણે વિકૃત થતો નથી એ સિદ્ધ કરવા આ કહ્યું છે. આહાહા..!

**'કર્મથી કરવામાં આવતા, જ્ઞાતૃત્વમાત્રથી જુદા...'** આહાહા..! ભગવાન તો જ્ઞાયકસ્વરૂપ છે ને પ્રભુ! અને જ્ઞાયકનો જ્યાં અનુભવ થયો તો પર્યાયમાં જ્ઞાન અને આનંદની જ પર્યાય ઉત્પન્ન થાય છે. તેને વિકાર ઉત્પન્ન થાય છે એમ છે જ નહિ. આહા..! એક વાત. અને એ જ્ઞાયકમાત્ર જે પર્યાય છે તે ક્રમવર્તી છે અને શક્તિ અક્રમવર્તી છે, એ બેનો પિંડ તે આત્મા છે. અહીં એ લેવું છે. સમજાય છે કાંઈ? **'જ્ઞાતૃત્વમાત્રથી જુદા જે પરિણામો...'** પરિણામ એટલે વિકાર. જ્ઞાતૃત્વમાત્રથી જુદા જે વિકાર, પુણ્ય-પાપ, દયા, દાન આદિ. આહાહા..! વેપારીને જાણે ઇના ઇ ધંધા એટલે કંઈ નવા તર્ક કે એવું કાંઈ કરવાનું હોય નહિ. આ ભાવે સોનું છે ને આ ભાવે રૂપુ છે, દરરોજ ઇ જ જાત. 'ચંદુભાઈ'! અમારે માસ્તર કહેતા..

મુમુક્ષુ :- ધન કમાય તો ઢગલા થાય.

ઉત્તર :- એ ધન ધૂળ પણ નથી. એ તો પુણ્ય હોય તો (મળે). ઘણા બિચારા પુરુષાર્થ કરે છે છતાં પુણ્ય હોય તો મળે છે. પુણ્ય વિના પૈસા મળે નહિ. પણ પૈસા મળે એ એને ક્યાં મળે છે? એની પાસે તો આ મારા છે એવી મમતા આવે છે. પૈસા તો પૈસામાં રહ્યા, એ તો જડ પરદ્રવ્ય છે. આહાહા..! લ્યો, આ બધા પૈસાવાળા બેઠા. કરોડોપતિ, કરોડપતિ,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જુઓ! ધૂળમાં પણ નથી. કરોડપતિ? જડનો પતિ ભગવાન? આહાહા..!

'નિર્જરા અધિકાર'માં કહ્યું છે, કે ભેંસનો પતિ પાડો હોય. પાડો સમજો છો? પાડો કહે છે? ભેંસ. 'નિર્જરા અધિકાર'. ભેંસનો પતિ પાડો હોય. એમ વિકારનો પતિ જડ હોય. વિકાર પોતાનો માને એ તો જડ છે. આહાહા..! પૈસા (મારા) માને એ તો ક્યાંય રહ્યા. વિકારની પર્યાય દ્રવ્યમાં નથી, શક્તિમાં નથી અને જ્યાં દ્રવ્ય, શક્તિનું ભાન થયું તો પર્યાયમાં પણ વિકાર નથી. એ અહીં લેવું છે. સમજાય છે કાંઈ?

**'તે પરિણામોના કરણના...'** વિકારી પરિણામના કરવામાં. પુણ્ય અને પાપના વિકારને કરવામાં **'ઉપરમસ્વરૂપ...'** ભગવાન તો નિવૃત્તસ્વરૂપ છે. આહાહા..! સમ્યગ્દર્શન થયું, ચૈતન્યનું ધર્મનું જ્ઞાન થયું તો કહે છે કે વિકારી પરિણામથી તો અંત લાવનારો છે, અભાવરૂપ છે. ઉપરમ-નિવૃત્તરૂપ છે. આહાહા..! ધર્મીજીવ-સમ્યગ્દષ્ટિ જીવ વિકારના પરિણામથી નિવૃત્તસ્વરૂપ છે. આહાહા...! છે? ઉપરમની ત્રણ વ્યાખ્યા કરી. ઉપરમ એટલે નિવૃત્ત, ઉપરમ એટલે અંત. ત્યાં વિકારનો અંત છે, વિકારસહિત નથી. વિકારનો અંત એટલે દૂર છે. અભાવ છે. આહાહા..!

સમ્યગ્દર્શનમાં અનંતશક્તિનો ધરનાર ભગવાનઆત્માનો જ્યાં આશ્રય લીધો ત્યારે જે વિકારના પરિણામ થાય છે, આશ્રય લેનાર સમ્યગ્દષ્ટિ આત્મા વિકારથી નિવૃત્તસ્વરૂપ છે. વિકારમાં પ્રવૃત્તસ્વરૂપ કર્તા નથી. આહાહા..! વિકારમાં પ્રવૃત્તસ્વરૂપ હોય તો કર્તા થઈ જાય. આહાહા..! સમજાય છે કાંઈ? બહુ માર્ગ બહુ (ઝીણો). મારગ એનો એવો છે. આહાહા..! અને જેના ફળ અનંતઆનંદ અને અનંત શાંતિ અને જે પ્રગટે તે અનંત કાળ રહે. એના ઉપાય પણ અલૌકિક હોય ને! આહાહા..! જેના કાર્યના ફળમાં અનંતઆનંદ, અનંતજ્ઞાન, અનંતવીર્ય, અનંતશક્તિની અનંતતાની પર્યાયો અનંત પ્રગટે અને તે સમયે સમયે ભિન્ન ભિન્ન (પ્રગટે), એ જાત ખરી પણ એ નહિ, એવી સાદિ અનંત અનંત સમાધિ સુખમાં, એના ઉપાય તો અલૌકિક હોય કે નહિ? જેના ફળ અલૌકિક લોકોત્તર હોય તેના ઉપાય પણ અલૌકિક હોય. સમજાય છે કાંઈ?

આત્મજ્ઞાન થયું, આત્મા આત્માનું જ્ઞાન થયું, તો એ જ્ઞાનમાં જ્ઞાતાપણાનું, દષ્ટાપણાનું પરિણામ આવ્યું. એ જ્ઞાની કર્મના નિમિત્તથી ઉત્પન્ન થયેલા, અહીંયા દ્વારા કહ્યું, નિમિત્ત દ્વારા કથનશૈલી છે, ક્યાંક ઉપાદાનથી (કહે), ક્યાંક નિમિત્ત દ્વારા (એમ કહે). સમજાય છે કાંઈ? ૬૮ ગાથામાં કહ્યું ને? જવથી જવ થાય છે. એ પુદ્ગલથી વિકારી પરિણામ પુદ્ગલના છે, ત્યાં એમ કહ્યું. આહાહા...! જવ.. જવ. આ છોડ્યું (દીકરીયું) નહિ? કુંવારી કન્યા હોય ને? એ જુવારા વાવે. જુવારા સમજો છો? જવ જવના જુવારા. જવ વાવે, ભાઈ! જવ વાવે. એમ બોલે, આ તો સાંભળેલું છે. 'મારા જવના જુવારા રે,' મૂળ તો એ સાંભળેલું હોય. આ તો છોડ્યું, કન્યા હોય ને? એમાં વાત તો ઇ કે અમે લગ્ન કરીશું ત્યારે આ પ્રમાણે ઉગશે એમ ટકશે કે નહિ? વાવ્યું હોય ને ઉગે. વાવ્યું હોય તો ઉગે તો ખરું ને! કોઈ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પરણે ને છ મહિને મરી જાય, બીજે દિ;, ત્રીજે દિ' મરી જાય, એમાં શું? જવના જુવારા એમ કહે છે. 'જવના જુવારા રે' ક્યાં ગયા 'ગુણુભાઈ'? આ તમારા ઘઉંના જુવારા યાદ આવ્યા. એ બધી અનંતકાય. ઘઉં ઉગે ને? એ અનંતકાય છે. એ ખોરાક... એ લાવ્યા છે, કાલે જ 'મુંબઈ'થી લાવ્યા છે... શું કહેવાય? તમારે લોહીમાં છે ને? આહાહા..! ઘઉંના જુવારા ખાય, રસથી મટી જાય. એવું લાવ્યા છે. 'બલુભાઈ' લાવ્યા હતા. એ અનંતકાય છે, ઉગે ને? એ અનંતકાય કહેવાય. કાંટા ફૂટે ને? એ અનંતકાય છે, પછી પ્રત્યેક થઈ જાય. પહેલા અનંતકાય હોય. એ ખાવાલાયક નથી. આ 'બલુભાઈ'ના પત્રનો ઉત્તર છે.

અહીં કહે છે કે ભગવાનને રાગનું કર્તાપણું જ્યાં નથી... આહાહા..! કર્મ દ્વારા થયેલા વિકલ્પથી નિવૃત્તસ્વરૂપ છે. આહાહા..! સમજાય છે કાંઈ? ધર્મી એને કહીએ, સમ્યગ્દષ્ટિ એને કહીએ, આત્મજ્ઞાની એને કહીએ કે એ વિકારથી નિવૃત્તસ્વરૂપ છે. આહા..! પ્રવૃત્તસ્વરૂપ છે એ તો કર્તા થયો, તો એ મિથ્યાદષ્ટિ છે. આહાહા..! ભાઈ! આવો માર્ગ છે. લોકોને ઠીક ન પડે એટલે પછી વિરોધ કરે. બાપુ! વિરોધ કરવા જેવી ચીજ નથી, પ્રભુ! આ તો ભગવાનના શ્રીમુખે જે વાત આવી તે વાત છે. આહાહા..! વસ્તુ એવી છે. સમજાય છે કાંઈ?

ભગવાનઆત્મા.. અહીં તો કહે છે ને? વ્યવહારથી થાય છે. અહીં તો કહે છે, સમકિતી તો વ્યવહારથી નિવૃત્તસ્વરૂપ છે. શું કહ્યું? લોકોની આ તકરાર છે ને? એક 'જ્ઞાનમતિ' અર્જિકા છે ને? 'દિલ્હી'માં જંબુદ્વિપ બનાવ્યું. હસ્તિનાપુરમાં મેરુ પર્વત બનાવ્યો. હસ્તિનાપુરમાં મેરુ પર્વત બનાવ્યો અને અહીં 'દિલ્હી'માં પચીસ લાખનો જંબુદ્વિપ બનાવ્યો છે. એવું સાંભળ્યું છે. બે વસ્તુ કહે છે. એ તો છાપામાં આવે છે. આહાહા..!

અહીં તો કહેવું છે કે પરની ક્રિયાનો કર્તા તો છે નહિ. કેમકે કોઈ દ્રવ્ય નકામું નથી. નકામુંનો અર્થ પર્યાય વિનાનું નથી. કોઈપણ દ્રવ્ય નકામું એટલે કાર્યરૂપ પર્યાય વિનાનું નથી. તો પરનું કાર્ય કરવું એ વાત રહી નહિ. સમજાય છે કાંઈ? પ્રત્યેક દ્રવ્ય નકામું અર્થાત્ પર્યાયના કાર્ય વિનાનું નથી.

એ 'શેઠિયા' બહુ કહેતા હતા. 'સરદારશહેર'વાળા 'દીપચંદજી'. એના શબ્દોમાં હતું. પાછળથી જરી આ ભૂલ થઈ ગઈ. પછી સાંભળ્યું છે કે અહીંયા આવવાનો ભાવ હતો, દર્શન કરવાનો (ભાવ હતો), એમ સાંભળ્યું છે. ભાઈ આવ્યા હતા ને? ત્યાં આવ્યા હતા. પહેલા તો કહેતા હતા કોઈ પણ દ્રવ્ય નકામું નથી. કાર્ય.. કાર્યરૂપી પર્યાય કર્યા વિના રહેતું નથી. તો દરેક દ્રવ્ય પર્યાયરૂપી કાર્ય તો કરે છે તો બીજું દ્રવ્ય એને શું કરે? સમજાય છે કાંઈ? પછીથી થોડો ફેર પડી ગયો. 'ન્યાલચંદભાઈ (સોગાની)' કહે છે, જ્ઞાનીને પણ રાગ છે તે દુઃખ છે. દુઃખનું વેદન છે. એ એને જરી ખટક્યું. એ કહે, નહિ, દુઃખનું વેદન તો તીવ્ર કષાયવાળાને છે. અહીં તો છઠ્ઠે ગુણસ્થાને પણ '**कल्माषितायाः**' છે ને?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'कल्माषितायाः'**. જેટલો રાગ છે, ભાઈ! એટલું પરિણમનમાં જ્ઞાનની અપેક્ષાએ તો આત્મા કર્તા છે.

અહીં તો દૃષ્ટિ અને દૃષ્ટિના વિષયની અપેક્ષા ચાલે છે. સમજાય છે કાંઈ? પણ જ્ઞાનને સાથે લેવું. પર્યાયમાં જેટલો રાગ થાય છે તેનું પરિણમન છે તો કર્તા કહેવાય છે. અહીં તો પ્રવૃત્તિમાં કરવાલાયક છે એવી પ્રવૃત્તિ એની નથી. સમજાય છે કાંઈ? રાગ કરવાલાયક છે, હિતકર છે એવી પ્રવૃત્તિ જ્ઞાનીને હોતી નથી પણ પરિણમનરૂપ છે તો કર્તા પણ કહેવામાં આવે છે. આહાહા..! સમજાય છે કાંઈ? પછી આવશે, અભોક્તા. ત્યાં તો ભોક્તા જ કહ્યો છે. જેટલા પ્રમાણમાં રાગ થાય છે, મુનિને કે સમકિતીને, એનું દુઃખનું વેદન છે. ક્ષાયિક સમકિતી 'શ્રેણિક' રાજા નરકમાં છે. 'શ્રેણિક' રાજા ભવિષ્યમાં તીર્થંકર થવાના છે. આહાહા..! જે માતાના કુંખમાં આવશે, હજી નરકમાં જીવ છે, નરકમાંથી નીકળશે, માતાના કુંખમાં આવશે ત્યારે ઇન્દ્રો આવશે. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! (ઇન્દ્ર) માતાને કહે છે, માતા! 'પુત્ર તમારો ધણી અમારો, તરણતારણ જહાજ રે, માતા જતન કરીને રાખજો એને' લ્યો, આ સમકિતી કહે છે. સૌધર્મ ઇન્દ્ર, એકાવતારી સમકિતી છે. વ્યવહારમાં બોલવામાં તો એમ આવે. 'માતા જતન કરીને રાખજો એને તમ પુત્ર અમ આધાર રે...' નિમિત્તના કથન હોય ત્યારે (એમ જ આવે). સમજાય છે કાંઈ?

આવે ત્યારે કહે, હે રત્નકુંખધારિણી! ત્રિલોકનાથ તીર્થંકરનો જન્મ થયો તો તમારામાં ગર્ભ રહ્યો અને એ કેવળજ્ઞાન પામશે તો અનેક જીવોનો મોક્ષ થશે. ભલે ઉપાદાન તો એનું છે. સમજાય છે કાંઈ? હે માતા! જનેતા! પહેલા તને નમસ્કાર! પછી તીર્થંકરને નમસ્કાર કરે છે. કહો, આ વિકલ્પ છે. કહે છે કે, જતન કરીને રાખજો. અહીં ના પાડે છે. સમજાય છે કાંઈ? કઈ અપેક્ષાથી કથન છે? ભક્તિના વર્ણનમાં આવું આવ્યા વિના રહે નહિ. પણ છતાં એ વિકલ્પથી તો નિવૃત્તસ્વરૂપ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

**'કરણ...'** એ પરિણામોના કરવાના **'ઉપરમસ્વરૂપ..'** **'(તે પરિણામોને કરવાની નિવૃત્તિસ્વરૂપ)...'** આહાહા..! ધંધાપાણીનો તો કર્તા નથી પણ દયા, દાનના વિકલ્પ ઉઠે છે તેનાથી નિવૃત્તિસ્વરૂપ છે. આહાહા..! સમજાણું કાંઈ? આ ભાષા તો સાદી છે. આ તો મૂળ તત્ત્વની વાત છે. અને આ તત્ત્વ સમજ્યા વિના બધું થોથાં છે. ગમે એવા વ્રત કરે ને તપ કરે ને મુનિપણું લે. આહાહા..!

અહીંયા કહે છે કે અકર્તૃત્વસ્વભાવ એનો ધર્મ છે. આહાહા..! એક વાત. અકર્તૃત્વસ્વભાવમાં રાગનો અભાવ છે. નીચે આવ્યું ને? નિવૃત્તિ, અંત અને અભાવ. તો રાગના અભાવસ્વરૂપ છે. તે જ અનેકાંત થયું. શુદ્ધ ચૈતન્યનો સ્વભાવ અકર્તૃત્વ છે તો અકર્તૃત્વમાં જ્ઞાતા-દૃષ્ટાના પરિણામ થાય છે એમાં રાગનો અભાવ છે. તે અનેકાંત છે. રાગથી પણ થાય છે અને જ્ઞાતા-દૃષ્ટાના પરિણામથી પણ ધર્મ થાય છે, એ તો ફૂદડીવાદ છે, અનેકાંત નહિ. ફૂદડી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એટલે આ ચક્કર ફરે છે ને? ફિરીકણી. આ તો યથાર્થ સ્યાદ્વાદનો વિષય છે, અનેકાંત છે. આહાહા..! એક એક શક્તિના વર્ણનમાં નિર્મળ પરિણતિનો એ કર્તા છે અને રાગથી તો નિવૃત્તસ્વરૂપ છે. એનો અર્થ કે એનાથી એ નિવૃત્ત થયો જ નથી. એનાથી નિવૃત્તિ જે સમ્યગ્દર્શન, જ્ઞાન રાગથી થયા જ નથી. કારણ કે એનાથી તો નિવૃત્તસ્વરૂપ છે. આહાહા..! હવે અહીં તકરાર એ કરે છે, વ્યવહાર કરતાં કરતાં સાધન છે તો નિશ્ચય થશે. 'પંચાસ્તિકાય'માં ભિન્ન સાધ્ય-સાધન કહ્યું છે. ભાઈ! એ તો ભિન્ન સાધનનું જ્ઞાન કરાવ્યું છે. સાધન બે પ્રકારના નથી, સાધન તો એક જ છે. જેમ મોક્ષમાર્ગ બે પ્રકારના નથી, મોક્ષમાર્ગનું નિરૂપણ બે પ્રકારે છે, મોક્ષમાર્ગની કથનશૈલી બે પ્રકારે છે. નિશ્ચય છે ત્યાં રાગની મંદતામાં આરોપ દઈને સમ્યગ્દર્શન આદિ કહેવામાં આવે છે. મોક્ષમાર્ગ બે નથી, મોક્ષમાર્ગ તો એક જ છે. એમ સાધન બે નથી, સાધન તો એક જ છે. સાધન કહો કે ઉપાય કહો કે માર્ગ કહો. સાધનનું નિરૂપણ બે પ્રકારનું છે, કથન બે પ્રકારના છે. સમજાય છે કાંઈ?

અકર્તૃત્વશક્તિમાં કર્તૃત્વપણાના રાગનો અભાવ છે. એ જ અનેકાંત અને એ જ સ્યાદ્વાદ છે. આહાહા..! સમજાય છે કાંઈ? એ અકર્તૃત્વશક્તિમાં અકારણકાર્યશક્તિ સાથે છે. એ પહેલા આવી ગઈ છે. અકર્તૃત્વશક્તિનો ધરનાર ભગવાન, એનો જ્યાં અનુભવ થયો ત્યારે કહે છે કે અનુભવમાં રાગની મંદતા કારણ અને અનુભવ કાર્ય, એમ નથી. એમ અનુભવ કારણ અને રાગ તેનું કાર્ય (એમ નથી.) અંદર અકાર્યકારણશક્તિ છે. સમજાય છે કાંઈ? અકાર્યકારણશક્તિ પહેલા આવી ગઈ છે. શુભભાવ કારણ અને નિશ્ચય સમ્યગ્દર્શન કાર્ય, એમ નથી. તેમ નિશ્ચય સમ્યગ્દર્શન કારણ અને રાગ કાર્ય (એમ નથી). એ તો કહ્યું, નિવૃત્તસ્વરૂપ છે. આહાહા..! અરે..! વાંચન કરતાં હજી શાસ્ત્રમાં કહેવાની પદ્ધતિ શું છે એની ખબર નહિ ને ધર્મ થઈ જાય? આહાહા..! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- શાસ્ત્રની પદ્ધતિ તો કીધી હવે ધર્મ કેવી રીતે કરે ?

ઉત્તર :- પણ પદ્ધતિ શું છે એ જાણે તો કરે, નહિ જાણે તો કરશે કેવી રીતે? એમાં લખ્યું છે કાંઈક ને અર્થ કરે કાંઈક, તો ઊંધી દૃષ્ટિ થઈ ગઈ. સમજાય છે કાંઈ?

આ શક્તિમાં અકાર્યકારણશક્તિ પણ પડી છે. આહાહા..! અને એ શક્તિ અનંતગુણમાં (નિમિત્ત છે). આહાહા..! જ્ઞાનની પર્યાય ઉત્પન્ન થઈ તેની સાથે અકર્તૃત્વશક્તિની પર્યાય ઉત્પન્ન થઈ તો જ્ઞાનની હિણી દશાનો કર્તા જ્ઞાન નહિ. આહાહા..! એમ રાગથી નિવૃત્ત છે. આહાહા..! સમજાય છે કાંઈ? અનંતગુણમાં એ અકર્તૃત્વશક્તિ વ્યાપી છે. પ્રત્યેક ગુણની પર્યાયમાં અકર્તૃત્વપણું છે. જ્ઞાનની પર્યાયમાં અકર્તૃત્વપણું છે. જ્ઞાનની પર્યાય પરથી થઈ છે, શાસ્ત્ર સાંભળવાથી થઈ છે, શાસ્ત્રથી થઈ, દેવ-ગુરુની ભક્તિથી જ્ઞાનની પર્યાય થઈ છે એમ નથી. એ કારણ-કાર્ય એમાં છે જ નહિ. આહાહા..! એ ૭૨ ગાથામાંથી કાઢી છે. અકાર્યકારણશક્તિ ૭૨ ગાથામાંથી કાઢી છે. જીવત્વશક્તિ બીજી ગાથાના પહેલા શબ્દમાંથી કાઢી છે. એમ દરેક શક્તિ કાઢી છે. શાસ્ત્રની ટીકામાંથી કાઢી છે. અંદરથી કાઢી છે. આહાહા..!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**सकलकर्मकृतज्ञातृत्वमात्रातिरिक्तपरिणामानुभवोपरमात्मिका अभोक्तृत्वशक्तिः। २२.**

**સમસ્ત, કર્મથી કરવામાં આવતા, જ્ઞાતૃત્વમાત્રથી જુદા પરિણામોના અનુભવના (-ભોગવટાના) ઉપરમસ્વરૂપ અભોક્તૃત્વશક્તિ. ૨૨.**

અહીંયા અકર્તૃત્વશક્તિની સાથે બીજી અભોક્તૃત્વશક્તિ છે. આહાહા..! કહો, અહીંયા તો કહે છે, આહાર-પાણી, દાળ, ભાત, શાકને ભોગવી શકતો નથી, સ્ત્રીનું શરીર ભોગવી શકતો નથી પણ વિકારને પણ ભોગવતો નથી એવી એની ચીજ છે. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! આ શરીર માંસ, હાડકા, ચામડાનો ભોગ આત્મા લે એવું તો અજ્ઞાનીને પણ નથી. પણ જ્ઞાનીને જે ભોગની આસક્તિની વૃત્તિ ઉઠે છે તેનાથી તે નિવૃત્તસ્વરૂપ છે. બરાબર છે? સૂક્ષ્મ વાત છે. આહાહા..!

મુમુક્ષુ :– ભોગના ભાવથી દૂર છે.

ઉત્તર :– હા, ભોગની ક્રિયા તો છે નહિ, એ તો અજ્ઞાની પણ શરીરને ભોગવી શકતો નથી. આ ચામડા, હાડકા, માંસ, લોહી એને ભોગવે કોણ? આત્મા અરૂપી છે અને આ તો વર્ણ, ગંધ, રસ, સ્પર્શવાળી વસ્તુ છે. આહા..! દાળ, ભાત, શાક, મોસંબી, રસગુલ્લા એ બધું તો જડ, માટી–ધૂળ છે, રૂપી છે. રૂપીને આત્મા ભોગવે? અજ્ઞાની રૂપીનું લક્ષ કરી આ ઠીક છે એવો રાગ ઉત્પન્ન કરી રાગને ભોગવે છે. માને છે કે હું આ શરીરને ભોગવું છે. એ દૃષ્ટિ વિપરીત છે. આહાહા..! સમજાય છે કાંઈ?

અહીંયા તો હવે ધર્મીની વાત ચાલે છે. આહાહા..! શું કહે છે? જુઓ! **'સમસ્ત, કર્મોથી કરવામાં આવતા, જ્ઞાતૃત્વમાત્રથી જુદા પરિણામોના અનુભવના...'** છે? **'(–ભોગવટાના) ઉપરમસ્વરૂપ અભોક્તૃત્વશક્તિ.'** આહાહા..! પરનો ભોક્તા તો અજ્ઞાની પણ નથી અને જ્ઞાની સ્વરૂપની દૃષ્ટિ, આત્મજ્ઞાન થયું છે તો એ આત્માના આનંદનો ભોક્તા છે. એ રાગને ભોગવવા કાળે રાગ થાય છે પણ રાગથી નિવૃત્તસ્વરૂપ છે, એનો ભોક્તા નથી.

મુમુક્ષુ :– તો રાગને કોણ ભોગવે છે?

ઉત્તર :– રાગને રાગ ભોગવે છે. ભોક્તાની પર્યાયમાં ષટ્કારકનું પરિણમન વિકારનું છે. અને પોતાની અભોક્તૃત્વશક્તિની પર્યાયમાં નિર્મળ પરિણતિના ષટ્કારક છે.

ફરીથી, અભોક્તૃત્વશક્તિ જે છે, એ કહ્યું ને? **'સમસ્ત કર્મોથી કરવામાં આવતા, જ્ઞાતૃત્વમાત્રથી જુદા પરિણામોના અનુભવ...'** રાગનો અનુભવ, દ્વેષનો અનુભવ, વિકલ્પનો અનુભવ, એનાથી ઉપરમસ્વરૂપ છે. આહાહા..! આવો માર્ગ છે. હવે એને ઠેકાણે 'ઇન્દૌર'માં બે-ત્રણ વર્ષ પહેલા પચાસ પંડિતો ભેગા થયા. રાત્રે ચર્ચા કરી એમાં આ મૂક્યું હતું, કોઈપણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પરદ્રવ્યનો કર્તા ન માને તે દિગંબર નથી. કારણ કે અહીં (આપણે) કર્તા માનતા નથી એટલે આ દિગંબર નથી એમ એને ઠરાવવું છે. અરે..! ભગવાન! આહાહા..! આવો માર્ગ છે, પ્રભુ! દીપતો શોભતો માર્ગ છે. આહાહા..!

જ્ઞાનીને રાગની આસક્તિ હોય છે,.. સમજાય છે? રુચિ નથી. રાગની રુચિ નથી, રાગમાં સુખબુદ્ધિ નથી. આસક્તિ થાય છે પણ એ આસક્તિથી નિવૃત્તસ્વરૂપ છે. આહાહા..! સમજાય છે કાંઈ? આવી વાતું છે. 'હેમચંદજી'. 'હેમચંદ' છે ને? બ્રહ્મચારી છે, બાળબ્રહ્મચારી. આહાહા..! આવો માર્ગ. જિનમાર્ગ, જૈનમાર્ગ છે ને? તો જૈનમાં રાગના અભાવસ્વભાવ સ્વરૂપ અભોક્તા આત્માનો ગુણ છે. રાગનો ભોક્તાગુણ એ આત્મામાં નથી. આહાહા..! કેટલી ધીરજ જોઈએ? કેટલી અંદર દ્રવ્ય સ્વભાવમાં ઘુસીને... આહાહા..! ચૈતન્ય જ્ઞાયકના તળ સ્પર્શીને.. આહાહા..! જ્ઞાતાપણાના પરિણામ.. કહ્યું ને? શું કહ્યું?

**'જ્ઞાતૃત્વમાત્રથી જુદા...'** આહાહા..! જાણવા-દેખવાના પરિણામ જે છે, અહીંયા પરિણામ કહે છે, હોં! દ્રવ્ય-ગુણ તો ભિન્ન છે જ પણ ધર્મીના જ્ઞાતા-દૃષ્ટાના પરિણામ વિકારના પરિણામથી નિવૃત્તસ્વરૂપ છે. આહાહા..! સમજાય છે કાંઈ? છે ને? પાઠ છે ને? અરે..રે..! શાસ્ત્રના અર્થ કરવામાં પણ પોતાની દૃષ્ટિ રાખીને અર્થ કરે. શાસ્ત્રને કઈ દૃષ્ટિથી કહેવું છે તે તરફ દૃષ્ટિને લઈ ન જવી અને પોતાની દૃષ્ટિથી શાસ્ત્રનો અર્થ કરવો. આહાહા..!

**'સમસ્ત કર્મથી કરવામાં આવતા,...'** અહીંયા પણ કરવામાં આવતા આવ્યું. જ્ઞાતૃત્વમાત્ર ભાવથી ભિન્ન પરિણામ એટલે વિકારી ભાવ, એના ભોક્તૃત્વથી ઉપરમ-નિવૃત્તસ્વરૂપ. વિકારી ભાવના ભોક્તાપણાથી નિવૃત્તસ્વરૂપ અભોક્તાશક્તિ છે. આહાહા..! સમ્યગ્દૃષ્ટિ ધર્મીજીવ આત્મજ્ઞાની જીવ, 'ભરત' જેવાને છ ખંડનું રાજ, છન્નુ હજાર સ્ત્રી, ભોગની આસક્તિના પરિણામ હતા પણ સ્વભાવની દૃષ્ટિને કારણે, જ્ઞાતા-દૃષ્ટા પરિણામને કારણે, એ વિકારી પરિણામથી નિવૃત્તસ્વરૂપ આત્મા અભોક્તા છે. શું કહ્યું?

જેમ અભોક્તાશક્તિ દ્રવ્યમાં છે, ગુણમાં છે એવું જ્યાં પરિણમન થયું ત્યાં પર્યાયમાં અભોક્તાપણું આવ્યું. સમજાય છે કાંઈ? અભોક્તાશક્તિ દ્રવ્ય, ગુણ, પર્યાય ત્રણેમાં વ્યાપે છે. દ્રવ્ય, ગુણમાં તો અનાદિથી છે, પણ જ્યારે ભાન થયું ત્યારે પર્યાયમાં અભોક્તાપણાની પર્યાય આવી. જ્ઞાતા-દૃષ્ટાપણાની કહો કે રાગના નહિ ભોગવવાની, અભોક્તાપણાની પર્યાય કહો. આહાહા..! આવો માર્ગ છે. આમાં નવરાશ ન મળે, નિવૃત્તિ ક્યારે લે ને નિર્ણય ક્યારે કરે? 'ભભૂતમલજી'! આ ધૂળ ને ધમાહા. આખો દિ' પાપ.. પાપ. આ કર્યું ને આ કર્યું ને આ કર્યું.. અરે..રે...! બહારનું કરવું તો એના પર્યાયમાં પણ નથી. અને આ તો એના દ્રવ્ય, ગુણમાં જે અભોક્તૃત્વપણું છે એને કબુલ કરતાં અભોક્તાપણું પર્યાયમાં આવે છે, એમ કહે છે. સમજાય છે કાંઈ? આહાહા..! દ્રવ્ય-ગુણમાં તો અભોક્તાપણું ત્રિકાળ છે. પર્યાયમાં ભોક્તાપણું અજ્ઞાનીએ માન્યું છે. એ દ્રવ્યનો જ્યાં અનુભવ થાય છે તો પર્યાયમાં પણ રાગનું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ભોક્તાપણું છૂટી જાય છે. આહાહા..! સમજાય છે કાંઈ?

અરે..! અનંતગુણ–શક્તિની પર્યાયમાં અભોક્તાની પર્યાય નિમિત્ત છે અથવા અભોક્તૃત્વનું એમાં રૂપ છે. જ્ઞાનની હિણી દશા અને વિપરીત દશાનો ભોક્તા જીવ છે જ નહિ. આવી વાત. સમજાય છે કાંઈ? ભાષા તો સાદી છે, ભાઈ! અહીં કંઈ સંસ્કૃત કે વ્યાકરણની ભાષા નથી, ઇ પંડિતો જાણે. આ મહિનામાં શીખવ્યું હતું તે સંસ્કૃતમાં મૂક્યું હતું ને? મહિનામાં લોકોને આ શીખવ્યું. સભાને ઠીક નહોતું પડતું, કાંઈ સમજતા નહોતા. આહાહા..!

અહીંયા અભોક્તાશક્તિ દ્રવ્ય, ગુણમાં તો ત્રિકાળ પડી છે પણ એનું જ્યાં ભાન થયું, સમ્યગ્દર્શન થયું તો પર્યાયમાં અભોક્તાપણું આવી ગયું. પર્યાયમાં અભોક્તાપણું આવ્યું તો એ રાગના ભોક્તાપણાથી નિવૃત્ત છે. વિશેષ કહેશે.. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૨૧ શક્તિ–૨૩ બુધવાર, (દ્વિતીય) શ્રાવણ વદ ૩, તા. ૩૧-૦૮-૧૯૭૭

---

'સમયસાર' શક્તિનો અધિકાર છે. આત્મવસ્તુ અનંતશક્તિના રત્નનો ભંડાર આત્મા છે. એક એક શક્તિમાં અનંતશક્તિ છે. અનંતશક્તિ તો સંખ્યાએ છે. આકાશના જેટલા અનંત પ્રદેશ છે તેનાથી અનંતગુણી એક દ્રવ્યમાં શક્તિ છે. એ એક એક શક્તિમાં અનંત અનંત સામર્થ્ય છે અને એક એક શક્તિમાં અનંત પર્યાય છે. અનંતશક્તિ અક્રમે આત્મામાં બિરાજમાન છે. આહાહા..! અને તેની પ્રતીત અને અનુભવ થતાં અંતરમાં દ્રવ્યસ્વભાવનો સ્વઆશ્રય કરીને પ્રતીત કરી જ્ઞાનની પર્યાયમાં આખું દ્રવ્ય અને ગુણ, તેનું જ્ઞાન થાય છે ત્યારે પર્યાયમાં સર્વ ગુણની એક અંશે શક્તિની વ્યક્તિ થાય છે. સમજાય છે કાંઈ?

અહીં તો આપણે નિષ્ક્રિયશક્તિ ચાલે છે. થોડું સૂક્ષ્મ છે. થોડું. સૂક્ષ્મ ક્યાં? સત્તાસ્વરૂપ ભગવાન બિરાજે છે. આહાહા..! તેનું અસ્તિત્વ જ અનંતગુણથી છે અને નિર્મળ પર્યાય ક્રમસર થાય તે આત્મા છે. વિકારી પર્યાયને અહીં લીધી નથી. શક્તિ અને શક્તિવાન એવો ભગવાનઆત્મા, તેના સામાન્ય ધ્રુવ ઉપર દૃષ્ટિ હોવાથી, ધ્રુવને ધ્યેય બનાવવાથી પર્યાયમાં જેટલા ગુણની સંખ્યા છે તેટલી સંખ્યામાં શક્તિની અંશે વ્યક્તતા સમ્યગ્દર્શનમાં પ્રગટ થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? અહીંયા આપણે અભોક્તાશક્તિ થઈ ગઈ. હવે આજે તો આ છે.

**सकलकर्मोपरमप्रवृत्तात्मप्रदेशनैष्पन्द्यरूपा निष्क्रियत्वशक्तिः। २३.**

**સમસ્ત કર્મના ઉપરમથી પ્રવર્તતી આત્મપ્રદેશોની નિષ્પંદતાસ્વરૂપ (–અંકપતાસ્વરૂપ) નિષ્ક્રિયત્વશક્તિ. (સકળ કર્મનો અભાવ થાય ત્યારે પ્રદેશોનું કંપન મટી જાય છે માટે નિષ્ક્રિયત્વશક્તિ પણ આત્મામાં છે.) ૨૩.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'સમસ્ત કર્મના ઉપરમથી..'** ભાષા એમ છે, સમસ્ત કર્મોના ઉપરમથી. આની પહેલાની બે શક્તિમાં એમ હતું, **'સમસ્ત કર્મથી કરવામાં આવતા, પરિણામ'** એમ હતું. અકર્તા, અભોક્તામાં. અહીંયા તો કહે છે, **'સમસ્ત કર્મના ઉપરમથી પ્રવર્તતી આત્મપ્રદેશોની નિષ્પંદતાસ્વરૂપ (-અકંપતાસ્વરૂપ) નિષ્ક્રિયત્વશક્તિ.'** છે. નિષ્ક્રિયત્વશક્તિ તદ્દન અકંપપણું તો અજોગમાં થાય છે. એનો અર્થ એમ કર્યો છે, ક્ષાયિક સમકિતીને. પણ સમકિતીને પણ નિષ્ક્રિયશક્તિનો અંશ વ્યક્તરૂપે છે. સમજાય છે કાંઈ? કેમ? અર્થમાં એમ લીધું કે ક્ષાયિક સમકિતીને તે સંબંધિત અવિરતી અને જોગનો નાશ થાય છે. આસ્રવ અધિકારમાં. તે સંબંધિત, એટલું. ખરેખર તો સમ્યગ્દર્શનમાં સત્ય સ્વરૂપ પૂર્ણાનંદ, જ્યાં અંદરમાં પ્રતીતમાં આવ્યો, અનુભવમાં આવ્યો, અનુભૂતિમાં એ દ્રવ્ય સ્વભાવનો અનુભવ થયો તો સમ્યગ્દષ્ટિને પણ નિષ્ક્રિયત્વશક્તિનો એક અંશ પ્રગટ છે.

અહીં સમસ્ત કર્મનો અભાવ લીધો છે. નિશ્ચયથી તો આત્મામાં અનંતઆનંદ, અનંતજ્ઞાન, અનંતસ્વચ્છતા, પ્રભુતા છે એવી નિષ્ક્રિયત્વશક્તિ પણ અનંત પડી છે. તેની સ્વભાવ સન્મુખની પ્રતીતિ થવાથી નિષ્ક્રિયત્વશક્તિનો પણ અંશ વ્યક્ત ચોથા ગુણસ્થાનથી પ્રગટ થાય છે. આહાહા..!

મુમુક્ષુ :- સર્વ ગુણાંશ તે સમ્યક્ત્વ.

ઉત્તર :- હા, સર્વ ગુણાંશ તે સમકિત એ 'શ્રીમદ્' નું વાક્ય છે. આપણે 'રહસ્યપૂર્ણ ચિઠ્ઠી' માં જ્ઞાનાદિ એકદેશ વ્યક્ત, એમ પાઠ છે. 'રહસ્યપૂર્ણ ચિઠ્ઠી'. સમજાય છે કાંઈ? 'ચંદુભાઈ'! જ્ઞાનાદિ એકદેશ વ્યક્ત, એમ આવ્યું છે. અને કેવળજ્ઞાનીને જ્ઞાનાદિ સર્વદેશ વ્યક્ત છે. 'રહસ્યપૂર્ણ ચિઠ્ઠી'. રહસ્યપૂર્ણ ચિઠ્ઠી બનાવી છે ને. એનો અર્થ શું? ત્યાં એમ નથી કહ્યું કે જ્ઞાન, દર્શન, આનંદનો એક અંશ વ્યક્ત થાય છે એમ નથી કહ્યું. ત્યાં તો જ્ઞાનાદિ સર્વ ગુણોની એકદેશ વ્યક્તતા થવી તેનું નામ સમ્યગ્દર્શન છે. આહાહા..! સર્વ ગુણ. 'શ્રીમદ્દે' સર્વગુણ કહ્યું. 'રહસ્યપૂર્ણ ચિઠ્ઠી'માં એમ કહ્યું પણ શબ્દ તો એ જ છે. સમજાય છે કાંઈ?

જ્ઞાનાદિ અનંતગુણનો... આહાહા..! ચૈતન્ય રત્નાકર ભગવાનઆત્મા અનંત અનંતગુણની ખાણ-ખજાના અને એક એક શક્તિમાં પણ અનંત તાકાત અને એક એક શક્તિમાં અનંતશક્તિનું રૂપ. આહાહા..! અને એક એક શક્તિ અનંતગુણમાં વ્યાપક છે. એક એક શક્તિનું ભાન થયું ત્યારે તો એ શક્તિ દ્રવ્ય, ગુણ, પર્યાયમાં વ્યાપક થઈ. સમજાય છે કાંઈ? તો નિષ્ક્રિયશક્તિ પણ પર્યાયમાં વ્યાપક થઈ. 'ચંદુભાઈ'! આહાહા..! 'લાલચંદભાઈ'!

નિષ્ક્રિય અજોગપણાનો અંશ ચોથે ગુણસ્થાને પ્રગટ થયો. આહાહા..! અરે..! ચાર ઘાતિકર્મોનો નાશ થઈને ચાર પ્રતિજીવી ગુણ જે પ્રગટ થાય છે તેનો પણ અંશ પ્રગટ થયો એમ કહે છે. જ્ઞાનાદિ સર્વ ગુણનો એકદેશ વ્યક્તનો અર્થ શું? સમજાય છે કાંઈ? છે ને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



'મોક્ષમાર્ગ પ્રકાશક'માં? 'રહસ્યપૂર્ણ ચિઠ્ઠી'. 'શ્રીમદ્'નું વાક્ય તો છે પણ આમાં દિગંબરોને જરી ખ્યાલમાં રહે (એટલે આ લઈએ).

મુમુક્ષુ :– આપના શબ્દ જ આગમ છે.

ઉત્તર :– હા, પણ આગમનો આધાર દેવો જરી... 'રહસ્યપૂર્ણ ચિઠ્ઠી' છે ને? જુઓ!

મુમુક્ષુ :– ચોથા ગુણસ્થાનની વાત છે?

ઉત્તર :– ચોથા ગુણસ્થાનની વાત છે.

**'વળી ભાઈશ્રી ! તમે ત્રણ દૃષ્ટાંત લખ્યા અથવા દૃષ્ટાંત દ્વારા પ્રશ્ન લખ્યા, પણ દૃષ્ટાંત સર્વાંગ મળતા આવે નહિ. દૃષ્ટાંત છે તે એક પ્રયોજન દર્શાવે છે.'** એકદેશ પ્રગટ થયો એમ કહે છે તો જેમ ચંદ્રમા એકદેશ બાહ્યમાં પ્રગટ થયો અને બીજા અંશ આવરણમાં છે એમ નથી. અહીંયા તો સર્વ અસંખ્ય પ્રદેશે સર્વગુણ એકદેશ પ્રગટ થયા છે. ચંદ્રનો દૃષ્ટાંત લાગુ નહિ પડે. ચંદ્રનો બીજનો એક ભાગ આટલામાં છે અને બાકી બીજો આવરણમાં છે. ભલે આખો ચંદ્ર ખ્યાલમાં આવે. એમ સમ્યગ્દર્શનમાં ખ્યાલમાં પૂર્ણ આવે છે પણ સમ્યગ્દૃષ્ટિને વ્યક્તમાં અનંતગુણનો એક અંશ પ્રગટ છે. સમજાય છે કાંઈ? દૃષ્ટાંતમાં એમ નથી કે અસંખ્ય પ્રદેશમાં નીચલો ભાગ, ચંદ્રનો જેમ નીચલો ભાગ જેમ વ્યક્ત છે અને બાકીનો આવરણમાં છે, એમ અહીંયા દૃષ્ટાંત લાગુ પડતું નથી. ભલે તમે દૃષ્ટાંત કહ્યો પણ એ દૃષ્ટાંત અહીંયા લાગુ નહિ પડે. અહીં તો આખા અસંખ્ય પ્રદેશમાં એક અંશ વ્યક્ત (છે), અસંખ્ય પ્રદેશમાં આખામાં એકદેશ વ્યક્ત છે. ચંદ્રમા તો અમુક ભાગમાં વ્યક્ત છે અને બાકીનો ભાગ આવરણમાં છે. એટલે એ દૃષ્ટાંત અહીં સિદ્ધાંતમાં લાગુ પડતું નથી. સમજાય છે કાંઈ?

ભગવાનઆત્મા અસંખ્ય પ્રદેશે અનંતગુણનું નિધાન, એક એક પ્રદેશમાં અનંતગુણ, એવા સર્વ પ્રદેશમાં વ્યાપક અનંતગુણ છે. એનો નીચેનો ભાગ વ્યક્ત છે, ચંદ્રની જેમ, એવો દૃષ્ટાંત અહીંયા લાગુ નથી પડતો. અહીંયા તો આખા અસંખ્ય પ્રદેશમાં, એક વ્યક્ત અંશ, બધા અસંખ્ય પ્રદેશમાં અનંતગુણનો અંશ પ્રગટ છે. સમજાય છે કાંઈ? છે? જુઓ! **'ચોથા ગુણસ્થાનમાં આત્માને જ્ઞાનાદિગુણો...'** એમાં કોઈ ગુણ બાકી નથી રાખ્યા. પ્રતિજીવી ગુણ કે નિષ્ક્રિય ગુણ (કોઈ બાકી નથી રાખ્યા). બધા આવ્યા? આહાહા..! ગંભીર, ચૈતન્યરત્નથી ભરેલો ભગવાનઆત્મા.. આહાહા..! તેનો આશ્રય લઈને જ્યાં સમ્યગ્દર્શન થયું.. **'भूदत्थमस्सिदो खलु सम्मादिट्ठी हवदि जीवो'** અગિયારમી ગાથા જૈનદર્શનનો પ્રાણ છે. એ 'કૈલાસચંદજી' એ એકવાર લખ્યું હતું, અગિયારમી ગાથા જૈનદર્શનનો પ્રાણ છે. એમ જૈનસંદેશમાં લખ્યું હતું. એમાં પણ **'भूदत्थमस्सिदो खलु'** આખી ભૂતાર્થ સત્યાર્થ ત્રિકાળ વસ્તુનો આશ્રય કરવાથી સમ્યગ્દર્શન થાય છે. એમાં અનંતશક્તિઓ છે તો અનંતશક્તિવાન દ્રવ્યનો જ્યાં આશ્રય લીધો તો પર્યાયમાં અસંખ્ય પ્રદેશમાં એક અંશ વ્યક્ત પ્રગટ છે. નીચલા પ્રદેશમાં વ્યક્ત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે અને ઉપલા પ્રદેશમાં, જેમ ચંદ્રમાં છે એમ નથી. આહાહા..! સમજાણું કાંઈ ?

'આસ્રવ અધિકાર' માં છે ને? **'સમ્યગ્દષ્ટિને મિથ્યાત્વનો અને અનંતાનુબંધી કષાયનો ઉદય નહિ હોવાથી...'** છે? ગાથા-૧૭૬. ૧૭૬ ની ટીકા પછી ભાવાર્થમાં એક પેરેગ્રાફ પૂરો થયા પછી બીજા પેરેગ્રાફમાં. સમજાય છે કાંઈ? બીજો પેરેગ્રાફ છે? **'સમ્યગ્દષ્ટિને...'** ભાઈ આવ્યું? 'લાલચંદભાઈ'! **'સમ્યગ્દષ્ટિને મિથ્યાત્વનો અને અનંતાનુબંધી કષાયનો ઉદય નહિ હોવાથી તેને તે પ્રકારના ભાવાસ્રવો તો થતા જ નથી અને મિથ્યાત્વ તેમ જ અનંતાનુબંધી કષાય સંબંધી બંધ પણ થતો નથી.'** પછી કૌંસમાં નાખ્યું. **'(ક્ષાયિક સમ્યગ્દષ્ટિને સત્તામાંથી મિથ્યાત્વનો ક્ષય થતી વખતે જ અનંતાનુબંધી કષાયનો તથા તે સંબંધી અવિરતિ અને યોગભાવનો પણ ક્ષય થઈ ગયો હોય છે...'** છે? એમાં ક્ષાયિક નાખ્યું છે અને 'રહસ્યપૂર્ણ ચિઠ્ઠી'માં તો સર્વ સમકિતદષ્ટિ જીવ કહ્યા. સમજાય છે કાંઈ? આ ક્ષાયિક કેમ કહ્યું? કે એ ક્ષય થયો એ એમ ને એમ રહેશે. એ અપેક્ષાથી ક્ષાયિક કહ્યું. યોગના અંશનો પણ ચોથે ગુણસ્થાને ક્ષય થયો છે. કંપનના એક અંશનો ક્ષય થયો છે. આહાહા..!

નિષ્ક્રિયશક્તિ છે. અકંપસ્વરૂપ એનો સ્વભાવ છે તો સમ્યગ્દર્શનમાં એ શક્તિના અકંપ સ્વભાવનો એક અંશ વ્યક્ત-પ્રગટ, અજોગપણાની પર્યાયનું પ્રગટપણું વ્યક્ત થયું છે. આહાહા..! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- અદ્‌ભુત ગંભીર વાત છે.

ઉત્તર :- અદ્‌ભુત ગંભીર છે. ભગવાન ! એક બીજો ન્યાય. આમાં આવ્યું ને? એકદેશ કહ્યું ને? પછી કહ્યું, જુઓ! **'જ્ઞાનાદિગુણો એકદેશ પ્રગટ...'** ગુણો શબ્દે પર્યાય તેની **'તથા તેરમા ગુણસ્થાનમાં આત્માને જ્ઞાનાદિગુણો સર્વથા પ્રગટ...'** સર્વદેશ પ્રગટ, સર્વદેશ પ્રગટ. આ મોક્ષમાં. (૧૭૬ ગાથામાં કહ્યું), **'ક્ષાયિક સમ્યગ્દષ્ટિને સત્તામાંથી મિથ્યાત્વનો ક્ષય થતી વખતે જ અનંતાનુબંધી કષાયનો તથા તે સંબંધી અવિરતિ..'** તે સંબંધી અવિરતિ. હજી છે તો ચોથું ગુણસ્થાન, પણ તે સંબંધીનો જે કષાયનો અભાવ હતો, અનંતાનુબંધી આદિનો અભાવ થયો. **'અને યોગ...'** આહાહા...! ઝીણી વાત છે, ભાઈ! આ તો ભગવાન આખો પૂર્ણ અનંત અનંત ચૈતન્યશક્તિનો રત્નાકર જ્યાં અનુભવમાં આવ્યો ત્યાં તો જેટલી શક્તિ છે તેનો (એક અંશ વ્યક્ત થઈ ગયો). અકંપ હો, અજોગપણું હો, જ્ઞાન હો, આનંદ હો, ઈશ્વરતા-પ્રભુતા હો, સ્વચ્છતા હો, કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન (અધિકરણ) શક્તિ હો, બધાનો એક અંશ એકદેશ વ્યક્ત પ્રગટ ચોથે ગુણસ્થાને થાય છે. આહાહા..! થોડું સૂક્ષ્મ છે. સમજાય છે કાંઈ? 'જ્ઞાનચંદજી'! જ્ઞાનચંદ્રની વાત છે. આહાહા..! કેમ?

નિષ્ક્રિયશક્તિ જે અહીંયા કહે છે એ સમ્યગ્દર્શનમાં દૃષ્ટિમાં ભાન થયું તો નિષ્ક્રિયશક્તિ જે છે તે પર્યાયમાં વ્યાપે છે. 'ભભૂતમલજી'! આમાં તો બહુ ગંભીરતા છે. પેલા પૈસા-બૈસા પુણ્યને લઈને મળી ગયા, ન્યાં કાંઈ ડહાપણ કામ નથી કરતા. ડહાપણ સમજ્યા? હોંશિયારી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



'ભભૂતમલ' ને લોકો હોંશિયાર કહે છે, મારવાડીમાં મોટો હોંશિયાર છે. બે કરોડ રૂપિયા ભેગા કર્યા છે. ધૂળમાં પણ હોંશિયાર નથી. આહાહા..! આ હોંશિયારી તો અનંતગુણનો પિંડ પ્રભુ, આહાહા..! એનો જ્યાં સ્વીકાર થયો, સત્કાર થયો, આશ્રય થયો, સન્મુખ થયો તો જેટલી શક્તિ છે તેનો એક અંશ વ્યક્ત પ્રગટ (થાય છે). એ દ્રવ્ય-ગુણમાં તો છે જ, પર્યાયમાં વ્યાપ્ત થાય છે. એ પહેલા આવી ગયું છે. દરેક શક્તિ દ્રવ્ય, ગુણ, પર્યાયમાં વ્યાપ્ત થાય છે. સમજાય છે કાંઈ? આહાહા..! જૈનદર્શન અને એમાં દ્રવ્યાનુયોગ તત્ત્વ સૂક્ષ્મ, બહુ સૂક્ષ્મ છે. 'યશપાલજી'! આ યશપાલ છે, લ્યો! ભગવાનનો યશ આવો છે કે અનંતગુણનું પાલન કરે. આહાહા..! શું કહે છે?

નિષ્ક્રિયતા પ્રગટ થઈ ગઈ? હા. ચોથે ગુણસ્થાને અંશે નિષ્ક્રિયતા પ્રગટ થઈ ગઈ. 'ચંદુભાઈ'! આહાહા..! ભાઈ! અહીં તો જેટલા ગુણ છે, જેટલા ગુણ–પ્રતિજીવી ગુણ પણ ગુણ છે કે નહિ? આહાહા..! તો સત્યસ્વરૂપ જે ભગવાન, અનંતગુણ અને અનંતગુણનો પિંડ, એની સત્ય, પૂર્ણ સત્‌ની સત્‌ પ્રતીતિ, સત્ય દર્શન, સત્યનું દર્શન, સત્‌ની પ્રતીતિ, સત્‌નું જોવું એવી જ્યાં આત્મામાં પ્રતીતિ થઈ તો જેટલી શક્તિ છે તેનો એક અંશ પર્યાયમાં વ્યાપ્ત થાય છે. આહાહા..! આ દ્રવ્ય, ગુણ ને પર્યાયની વ્યાખ્યા. કોઈ કહેતું હતું, દ્રવ્ય, ગુણ, પર્યાયની વ્યાખ્યા પણ સમજતા નથી. 'ઇન્દૌર' માં કોઈ વાત આવી હતી. 'બાબુભાઈ' ગયા હતા ને ત્યારે એ વાત આવી હતી. કેટલાકને તો દ્રવ્ય, ગુણ, પર્યાયની પણ ખબર નથી. એવું આવ્યું હતું. આહાહા..!

મુમુક્ષુ :– દ્રવ્ય એટલે પૈસા.

ઉત્તર :– એ કહ્યું હતું, અહીંયા કહ્યું હતું. આપણે જે ઉપર લખાવ્યું છે ને? હવે આ બાજુ લખ્યું છે, ઉપર લખ્યું હતું. 'દ્રવ્યદૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ.' એક શ્વેતાંબર આવ્યા, 'નાનાલાલ કાળીદાસ' છે 'રાજકોટ'માં, એના સગાં 'થાન'વાળા 'માણેકચંદભાઈ' આવ્યા, જોયું 'દ્રવ્યદૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ.' ઓ..હો..! અહીં પૈસાવાળા બહુ આવે છે. દ્રવ્યદૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ. જેની પાસે ઘણું દ્રવ્ય છે તે સમ્યગ્દૃષ્ટિ? એમ પ્રશ્ન કર્યો. અરે..રે..! પચાસ-પચાસ, સાંઈઠ-સાંઈઠ વર્ષ જૈનમાં જન્મ્યા... 'પોપટભાઈ'! કાંઈ ખબર ન મળે. બાપુ! દ્રવ્ય–પૈસાની વાત અહીંયા ક્યાં છે? અહીં તો પૈસા ધૂળ કહીને તિરસ્કાર થઈ જાય છે, અજીવમય થઈ જાય છે. અને પૈસાનો સ્વામી થાય તો એ તો જડ છે. ભેંસનો સ્વામી પાડો હોય. એમ અજીવનો સ્વામી થાય, આ મારા છે, એ તો જડ છે, એ ચૈતન્ય નહિ. આહાહા..! 'નિર્જરા અધિકાર' માં આવે છે. હું રાગનો સ્વામી થાઉં તો હું અજીવ થઈ જાઉં. ટીકા છે, ભાઈ, 'લાલચંદભાઈ' ! 'નિર્જરા અધિકાર'માં ટીકા છે. આહાહા..!

સમ્યગ્દૃષ્ટિ પોતાના શુદ્ધ સ્વરૂપની પ્રતીતિ, અનુભૂતિ થઈ તો કહે છે કે હું જો રાગને મારો માનું તો હું અજીવ જડ થઈ જાઉં. આહાહા..! અહીં લોકો વ્યવહાર રત્નત્રયથી નિશ્ચય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



થશે એમ માને છે. જડથી ચૈતન્યનો વિકાસ થાય છે. આહાહા..! બહુ વિપરીત. એ વિપરીતતાનો ઢંઢેરો પીટે. એકાંત છે, એકાંત છે. જૈન ગેઝેટમાં પણ આજે આવ્યું છે. 'સોનગઢ' નું એકાંત છે. 'સોનગઢ' નું નામ બહાર આવ્યું હવે, ભલે વિરોધ તરીકે. આહાહા..! અહીં તો કહે છે,...

મુમુક્ષુ :- તત્ત્વને સમજવા માટે સોનગઢમાં એકાંત છે, શાંતિ છે.

ઉત્તર :- પંડિતજી ઠીક કહે છે. એકાંત કહે છે એ દૃષ્ટિએ નહિ પણ અહીંયા એકાંતમાં શાંતિ છે. આહાહા..! એક એવું પોતાનું સ્વરૂપ, એની એકાગ્રતામાં એકાંત છે. એકાંતમાં આનંદ આવે છે, શાંતિ આવે છે અને અનંતગુણની શક્તિ અંશે વ્યક્ત થાય છે. આહાહા..! તો આનંદગુણનો પણ અંશ આવ્યો, વીર્યગુણનો પણ અંશ આવ્યો. વીર્યગુણ ક્યો? સ્વરૂપની રચના કરે તે વીર્ય. શુભભાવની રચના કરે એ વીર્યને અહીંયા વીર્ય કહેતા નથી. આહાહા..! અને પ્રભુતાના ગુણમાં પણ પોતાની પર્યાયમાં પ્રભુતા આવે છે. પ્રભુતા શક્તિને કારણે એ શક્તિના ધરનારની દૃષ્ટિ થવાથી પર્યાયમાં પ્રભુતાનું પરિણમન થાય છે. દ્રવ્ય, ગુણ અને પર્યાયમાં પ્રભુતા વ્યાપે છે. આહાહા..! સમજાય છે કાંઈ? માર્ગ તો ઝીણો છે, બાપુ! ઘણો સૂક્ષ્મ. શું થાય? આહાહા..!

બહારની સાથે સંબંધ શું? એક શુભભાવ પણ દુઃખદાયક છે, ભાઈ! તને ખબર નથી. તારો સ્વભાવ તો આનંદ છે ને! તો આનંદની પર્યાય થવી જોઈએ એને ઠેકાણે તું શુભભાવમાં તું રોકાઈ ગયો. દુઃખમાં રોકાઈ ગયો તો દુઃખના અભાવસ્વરૂપ આનંદસ્વરૂપની સમીપ તો ગયો નહિ અને દુઃખની સમીપ રહ્યો. આહાહા..! જેનો સંગ કરવાનો નથી તેના સંગમાં પડ્યો. શુભભાવ એ દુઃખ છે, તેનો સંગ કરવો નહિ. અને ભગવાન આનંદસ્વરૂપનો, અસંગ સ્વરૂપનો સંગ કરવાનો છે. આહાહા..! સમજાય છે કાંઈ? અસંગનો સંગ કર્યો નહિ અને રાગનો સંગ કર્યો એ તો દુઃખ, દુઃખ લીધું. દુઃખ વ્હોરી લીધું, દુઃખ વ્હોરી લીધું. આહાહા..! આકરું પડે માણસને. એ શુભજોગ સાધન છે. રાડુ પાડે છે ને? 'મખનલાલજી'. શુભજોગ મોક્ષનો માર્ગ છે. જે શુભજોગને હેય માને તે મિથ્યાદૃષ્ટિ છે. અર..ર..ર...! પ્રભુ! આ શું ભણ્યો? બાપુ! દુનિયા તને માનશે પણ વસ્તુસ્થિતિમાં વિરોધ થશે, ભાઈ! આહાહા..!

અહીં કહે છે, **'સમસ્ત કર્મના ઉપરમથી...'** પહેલી બે શક્તિમાં શું આવ્યું હતું? **'સમસ્ત, કર્મથી કરવામાં આવતા,...'** અકર્તૃત્વ અને અભોક્તૃત્વમાં આવ્યું હતું ને? **'સમસ્ત, કર્મથી કરવામાં આવતા,...'** વિકાર આદિ. અકંપશક્તિની વિકૃત અવસ્થા કર્મ દ્વારા થઈ છે. સમજાય છે કાંઈ? આહાહા..! અકંપ ભગવાનનો સ્વભાવ નિષ્ક્રિય છે, એની પર્યાયમાં કર્મ દ્વારા કંપન થાય છે. એમ આવ્યું ને? ભાઈ! આહાહા..! એ અહીંયા આત્મસ્વભાવમાં **'સમસ્ત કર્મના ઉપરમથી...'** પહેલા તો એમ કહ્યું હતું કે કર્મ દ્વારા થયેલો વિકાર, તેના ઉપરમથી અકર્તા અને અભોક્તા છે. અહીંયા તો કર્મનો અભાવ (કહ્યો). આહાહા..! સમજાય છે કાંઈ? ટીકા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



તે ટીકા છે! શક્તિનો ભંડાર ભર્યો છે! આહાહા...! એ ચૈતન્યરત્ન છે. ચૈતન્યરત્નાકર છે.

કહે છે, સમસ્ત કર્મ. પણ પ્રભુ! તમે સમ્યગ્દષ્ટિને પણ આમ કહો છો? કે સર્વ શક્તિ નિષ્કંપ છે, અકંપ છે તેમાં પણ અકંપનું રૂપ સર્વગુણોમાં છે. રૂપ. તો સર્વગુણો અને નિષ્કંપશક્તિ પર્યાયમાં નિર્મળતા થાય છે ત્યાં અકંપપણું નથી. એ અકંપપણું નહિ તે વસ્તુની પર્યાય છે. કંપપણું છે તેનો અહીંયા અભાવ બતાવ્યો છે. શું કહ્યું ઇ? સમજાય છે કાંઈ? સ્વરૂપમાં અનંતશક્તિ છે તેમાં નિષ્કંપ નિષ્ક્રિયશક્તિ છે, એ નિષ્ક્રિયશક્તિનું પરિણમનમાં–પર્યાયમાં નિષ્ક્રિયતા આવી. એ દ્રવ્યની પર્યાય છે અને જેટલું કર્મના નિમિત્તે કંપન છે તેનો નિષ્ક્રિય પર્યાયમાં અભાવ છે. એ વ્યવહારનો અભાવ છે તે અનેકાંત અને સ્યાદ્વાદ છે. સમજાય છે કાંઈ? આ તો ગંભીર શબ્દ પડ્યા છે. એક એક શક્તિનું વર્ણન.. ઓહોહો..!

'દીપચંદજી'એ બહુ (વર્ણન) કર્યું છે. 'સવૈયા'માં 'પરમાત્મ પુરાણ'માં પણ છે, થોડું 'સમયસાર નાટક'માં પણ છે પણ આમણે જે કર્યું છે તેટલો વિસ્તાર ક્યાંય નથી. ઘણો વિસ્તાર! ઓહોહો..! એક એક પર્યાયમાં અનંત નટ ને અનંત થટ ને અનંત રૂપ ને અનંત ભાવ... એવા એવા કેટલાય બોલ લીધા છે. એક એક પર્યાયમાં, હોં!

કહે છે, સમસ્ત કર્મના ઉપરમથી. પહેલા પરિણામના ઉપરમથી, એમ હતું. અકર્તૃત્વ અને અભોક્તૃત્વમાં કર્મ દ્વારા જે વિકાર પરિણામ થયા તેના ઉપરમથી અકર્તૃત્વ અને અભોક્તૃત્વ હતું. તેનાથી નિવૃત્ત થઈને અકર્તા અને અભોકતા હતું. અહીંયા સર્વકર્મથી નિવૃત્ત છે. આહાહા..! કેમ કે કર્મ તો તારામાં અભાવરૂપ છે. આહાહા..! અને આ શક્તિનું પરિણમન તો તારું ભાવરૂપ છે. આહાહા..! ઝીણો માર્ગ, ભાઈ! લોકોને એ અભ્યાસ નહિ અને આ રખડવાના બધા અભ્યાસ. આખો દિ' આ કર્યું ને આ કર્યું ને આ કર્યું...

અહીંયા કહે છે, સમસ્ત કર્મના ઉપરમથી. બધા કર્મનો ઉપરમ? કહે છે, કર્મનો અભાવ છે તો ઉપરમ જ છે. દ્રવ્ય જે ભગવાનઆત્મા, તેનું દ્રવ્ય, તેના ગુણ, તેની પર્યાય, સમસ્ત કર્મના ઉપરમસ્વરૂપ છે. કર્મના સંબંધથી નથી. આહાહા..! આ શક્તિ સૂક્ષ્મ છે. અકંપપણું ચોથે ગુણસ્થાનથી સિદ્ધ કરવું... 'ચંદુભાઈ'! આહાહા..! ભાઈ! આ તો સર્વજ્ઞ પરમેશ્વરની જ્ઞાનધારા છે, એમની દિવ્યધ્વનિ પ્રવચન અમૃતધારાને સમજવા માટે તો ઘણો પ્રયત્ન જોઈએ. સમજાય છે કાંઈ? એક એમ.એ. ને એલ.એલ.બી. માટે.. ભાઈએ કહ્યું હતું ને? 'નંદકિશોરજી'એ કહ્યું, એકવીસ વર્ષ થાય છે.

નાની ઉંમરમાં મારો એક મિત્ર હતો. 'સુરત'નો ડૉક્ટર હતો. મિત્ર હતો. હું 'પાલેજ' તો તેર વર્ષની ઉંમરમાં ગયો હતો. પછી ઘણા વર્ષે અહીંયા 'ભાવનગર' આવ્યા. એ નીકળ્યો, અરે..! તમે અહીંયા ક્યાંથી? મેં કીધું, 'પાલેજ'થી આવ્યો છું. એ કહે, ઘરે આવો, ઘરે આવો. કેટલા વર્ષથી તમે ભણો છો? તો કહે, બાવીસ વર્ષથી ભણું છું. બાવીસ વર્ષથી ભણે છે. મેં તો સાત ચોપડી ભણીને છોડી દીધું. સાતમીની પરીક્ષા નહોતી આપી. છઠ્ઠીની પરીક્ષા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આપી હતી. સાતમીનું છોડીને 'પાલેજ' ગયા પછી ભણતર છોડી દીધું. આ તો તમે આટલા વર્ષથી (ભણો છો)? હા. હજી તો બાવીસ વર્ષ થયા. આ એક છ મહિના તો અભ્યાસ કર. આવ્યું ને? 'અમૃતચંદ્રાચાર્ય' (કહે છે), છ માસ તો અભ્યાસ કર, પ્રભુ! આહાહા..! 'લાગી લગન હમારી' લગન લગાવી દે પરમાત્મામાં. આહાહા..! તું જ પરમાત્મા છો. બીજા પરમાત્માની લગની તો રાગ છે. આહાહા..!

આ તો નિષ્ક્રિયની વાત છે. 'ડાહ્યાભાઈ'! ચોથે ગુણસ્થાને નિષ્ક્રિયશક્તિની વ્યક્તતા, પ્રગટતા પર્યાયમાં પ્રગટી છે. આહાહા..! જે ચૌદમે ગુણસ્થાને અજોગપણું પ્રગટ થશે એનો એક અંશ ચોથે ગુણસ્થાને પ્રગટ થઈ ગયો. આહાહા..! સમજાય છે કાંઈ? બીજો એક ન્યાય આવ્યો છે ને? કે શુભભાવ છે તેમાં જો શુદ્ધતાનો અંશ ન હોય તો જ્ઞાન વધીને કેવળજ્ઞાન થાય અને શુભ વધીને યથાખ્યાત ચારિત્ર થાય? શું કહ્યું સમજાણું? એમાં આવે છે ને? જ્ઞાનની પર્યાય, મતિ-શ્રુતની પર્યાય વ્યક્ત થઈ એ જ્ઞાનની ધારા વધીને કેવળજ્ઞાન સુધી જાય છે પણ શુભભાવમાં જો શુદ્ધતાનો અંશ ન હોય તો શુભભાવ વધી યથાખ્યાત ચારિત્ર થાય છે? શુભભાવમાં પણ શુદ્ધનો અંશ છે એ વધીને યથાખ્યાત ચારિત્ર થાય છે. લીધું છે ને? 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં પાછળ ઉપાદાન-નિમિત્તની ચિઠ્ઠીમાં. આહાહા..! શું કહ્યું?

આત્મામાં શુભજોગના કાળે પણ સ્થિરતાનો શુદ્ધતાનો અંશ જો ન હોય તો એ અંશ વધીને યથાખ્યાત કઈ રીતે થશે? શું શુભજોગ વધીને યથાખ્યાત ચારિત્ર થશે? અને જ્ઞાન વધ્યું તો ત્યાં ચારિત્રની શુદ્ધિ વધી જશે? એક ગુણની પર્યાયમાં બીજા ગુણની પર્યાય વધે એમ થતું જ નથી, એમ કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? ત્યાં સિદ્ધ કર્યું છે કે શુભજોગ વખતે શુદ્ધનો અંશ છે, પણ કોને એ શુદ્ધના અંશનો લાભ થશે? ગ્રંથીભેદ થયો છે તેને. જેને રાગની એકતા તૂટી ગઈ છે તેનો શુદ્ધનો અંશ વધીને યથાખ્યાત થશે. જ્ઞાનની શુદ્ધિ જ્ઞાનની વધારે છે. જ્ઞાનની શુદ્ધિ વધી માટે ચારિત્રની શુદ્ધિ વધે (એમ નથી). એક ગુણની શુદ્ધિમાં બીજા ગુણની શુદ્ધિ વધે એવું નથી. આહાહા..! 'ડાહ્યાભાઈ'! 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં પાછળ છે ને? આહાહા..!

'પરમાર્થ વચનિકા'માં 'બનારસીદાસે' કહ્યું કે, હું યથાર્થ સુમતિ પ્રમાણ કેવળજ્ઞાન અનુસાર હું આ કહું છું. આવ્યું છે? આહાહા..! પ્રભુ! તમે સમ્યગ્દષ્ટિ ચોથે ગુણસ્થાને છો, કેવળજ્ઞાન અનુસાર કહું છું એટલું જોર! છે ને એમાં? પાછળ. સમજાય છે કાંઈ? સુમતિ પ્રમાણ... છે? **'વચનાતીત, ઇન્દ્રિયાતીત, જ્ઞાનાતીત છે...'** જ્ઞાનાતીત એટલે વિકલ્પવાળું જ્ઞાન. **'તેથી આ વિચારો બહુ શા લખવા ? જે જ્ઞાતા હશે તે થોડું લખેલું (પણ) બહુ સમજશે.'** થોડું લખ્યું ઘણું કરીને જાણજો. **'જે અજ્ઞાની હશે તે આ ચિઠ્ઠી સાંભળશે ખરો, પરંતુ સમજશે નહિ. આ વચનિકા જેમ છે તેમ-(યથાયોગ્ય)-સુમતિપ્રમાણ કેવળીવચનાનુસાર છે.'** આહાહા..! આ વચનિકા યથાયોગ્ય-મારી યોગ્યતા પ્રમાણે સુમતિપ્રમાણ કેવળી ભગવાનને અનુસાર છે,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'જે જીવ આ સાંભળશે, સમજશે, શ્રદ્ધશે તેને કલ્યાણકારી છે–ભાગ્યપ્રમાણ.'** પુરુષાર્થ અનુસાર. આહાહા..! ચોથા ગુણસ્થાનવાળા એમ કહે છે કે મારી આ વાત કેવળજ્ઞાન વચન અનુસાર છે. કેવળજ્ઞાની તો અહીંયા હતા નહિ. કેવળજ્ઞાની પાસે તો 'કુંદકુંદાચાર્ય' ગયા હતા, 'બનારસીદાસ'તો ગયા નહોતા. પણ ભગવાનઆત્મા પાસે ગયા હતા ને! તો અમે જે કહીએ છીએ તે કેવળીવચન અનુસાર કહીએ છીએ. ભાઈ એમ છે ને? 'લાલચંદભાઈ'! 'ડાહ્યાભાઈ'! એ ચિઠ્ઠીમાં છે. આહાહા..! સંતોની તો બલિહારી છે પણ દિગંબર સમકિતી ગૃહસ્થોની બલિહારી છે !! આહાહા..!

અત્યારે લોકો ના પાડે છે કે આચાર્ય સિવાય કોઈ નહિ. વિદ્વાનોની વાત નહિ. 'ફૂલચંદજી' કહે કે અમારે વિદ્વાનો પહેલા છે. આવે છે? ખાણિયા ચર્ચામાં છે. એ તો વળી ત્યાં સુધી કહે છે, 'નિયમસાર'ની ટીકા મુનિએ બનાવી છે એ પણ નહિ. કેમ કે એની દૃષ્ટિ પ્રમાણે મેળ પડતો નથી માટે એ નહિ. અર..ર...! આચાર્યનું કથન હોવું જોઈએ, એમ કહે છે. અરે..! ભગવાન! સમ્યગ્દૃષ્ટિનું હો કે પંચમ ગુણસ્થાનવર્તીનું હો, છઠ્ઠાવાળા હો એ બધા કેવળી અનુસાર જ કહે છે. આહાહા..! એમાં કંઈ ફેરફાર નથી.

અહીંયા એ કહે છે, **'સમસ્ત કર્મના ઉપરમથી...'** આહાહા..! **'પ્રવર્તતી...'** જુઓ! પરિણમનમાં પ્રવર્તતી. પરિણામમાં પ્રવર્તતી પરિસ્પંદરહિત ક્રિયા. આ શબ્દમાં ગૂઢતા છે. શક્તિમાં તો છે પણ **'આત્મપ્રદેશોની નિષ્પંદતા...'** અસંખ્ય પ્રદેશની અકંપતા. આહાહા..! મેરુ પર્વત હલે તો પ્રદેશ હલે, કંપે. એવી નિષ્પંદતા છે. આહાહા..! સમજાય છે કાંઈ? **'નિષ્પંદતાસ્વરૂપ (–અકંપતાસ્વરૂપ)...'** અકંપસ્વરૂપ. નિષ્ક્રિયતા અકંપસ્વરૂપ. ચોથે ગુણસ્થાને પણ અકંપસ્વરૂપ જે શક્તિ છે તેનો એક અંશ, સર્વ ગુણાંશમાં એક અંશ પ્રગટ થયો એમ કહે છે અને એમ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

જોગના અંશની તો વાત લીધી નહિ અને જેટલો કંપ છે, કંપ, તેનો અભાવ લીધો. નિષ્કંપતા દ્રવ્ય, ગુણ, પર્યાયમાં વ્યાપ્ત, એ આત્મા. અકંપ જે નિષ્કંપ પર્યાય થઈ એ ક્રમવર્તી નિષ્કંપતાની પર્યાય અને ગુણ અકંપ, અક્રમ છે, એ બેનો સમુદાય તે આત્મા. કંપનો સમુદાય તે આત્મા, એમ નથી લીધું. કંપ છે, કંપ છે પણ એ કંપનો અકંપની પર્યાયમાં અભાવ છે. આહાહા..! 'ચંદુભાઈ'! આવી વાત છે. આહાહા..! શક્તિનું વર્ણન..! આહાહા..! એના દૃષ્ટિના વિષયમાં બધી શક્તિ આવે છે. એ શક્તિનું પર્યાયમાં અકંપપણું થયું. આહાહા..! પ્રભુ! શાસ્ત્રમાં તો ચૌદમે ગુણસ્થાને અજોગ કહ્યું છે. તેરમે ગુણસ્થાને પણ હજી સયોગ કંપન કહ્યું છે. હો, કંપન છે અંશે, હો.

અહીંયા તો સમ્યગ્દર્શનમાં સમસ્ત કર્મનો અભાવ છે તે કારણે નિષ્કંપતાની પર્યાયમાં, કર્મનો અભાવ છે અને કર્મના નિમિત્તે કંપન થયું તેનો પણ અભાવ છે. ભાઈ! આહાહા..! એવી ગંભીર (વાત છે). આહાહા..! ઓહોહો..!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મુમુક્ષુ :- બહુ સુંદર ખુલાસો આત્માના સમુદાયમાં ઇ નથી આવતું.

ઉત્તર :- આ છે નહિ, ભાઈ! આહાહા..! આ દિગંબર સંતો સિવાય આવી વાત ક્યાંય નથી. અને તે અંદર ઘરમાં...

કર્મના નિમિત્તે પોતાની યોગ્યતાથી કંપન છે. પણ નિમિત્તના સંબંધથી કંપન છે તેનો અહીંયા અકંપ પર્યાયમાં અભાવ છે. દ્રવ્ય-ગુણમાં તો અભાવ છે (પણ પર્યાયમાં અભાવ છે). આહાહા..! આવી વાતું છે. આવો માર્ગ ક્યાં છે? બાપુ! આહાહા..!

મુમુક્ષુ :- બધાને નિષ્કંપ બનાવી દીધા, ગુરુદેવ!

ઉત્તર :- એનું સ્વરૂપ જ નિષ્કંપ છે. શક્તિ નિષ્કંપ છે. શક્તિ, એનું સામર્થ્ય અક્રિયપણાનું સામર્થ્ય છે. સક્રિયપણું કંપનનું સામર્થ્ય એનું છે જ નહિ. આહાહા..! કહો, 'ધન્નાલાલજી'! આહાહા..! લ્યો, એક શક્તિમાં પચાસ મિનિટ તો થઈ. પાર નથી (એટલી) એની ગંભીરતા છે.

અકંપશક્તિમાં, જે દ્રવ્યનો અનુભવ થયો તો અકંપપણાનું પરિણમન થયું, એ અકંપ કારણ અને કંપ કાર્ય, એમ નથી. અને કંપ કારણ અને અકંપ કાર્ય, એમ પણ નથી. આહાહા..! એમાં તો બહુ ભર્યું છે. કંપ છે. શુદ્ધઉપયોગ થાય ત્યારે શુભઉપયોગ તો છે પણ શુભઉપયોગનો અહીંયા અભાવ છે. આવી વાત છે, ભાઈ! કેટલાકને તો પહેલુંવહેલું સાંભળવા મળતું હશે. બે-ત્રણ દિ' પહેલા થોડી વાત કરી હતી.

ભગવાન! તારા અનંતગુણમાં એક અકંપ નામનો ગુણ છે તો સર્વ ગુણ અકંપ છે. આહાહા..! કોઈ ગુણ કંપતા નથી. સમજાય છે કાંઈ? એમાં તો એક ઠેકાણે એમ લીધું છે, જોગનું કંપન છે તેમાં ધર્માસ્તિકાયનું નિમિત્ત નથી. એમ લીધું છે. કેમ કે કંપન છે એમાં ધર્માસ્તિકાયનું નિમિત્ત હોય તો કંપન સદાય રહે. ધર્માસ્તિકાય નિમિત્ત કઈ રીતે થાય? કંપનને ધર્માસ્તિકાય નિમિત્ત હોય તો અકંપ સ્થિરતામાં અધર્માસ્તિકાય નિમિત્ત હોય એ ક્યારે થશે? સ્થિરતામાં કદી નિમિત્ત નથી? શું કહ્યું સમજાણું? આહાહા..! (શ્રોતા :- એમાંથી ઇ નીકળે છે) પ્રભુનો મારગ છે શૂરાનો. 'હરિનો માર્ગ છે શૂરાનો, એ કાયરના નહિ કામ જોને, પ્રભુનો મારગ છે વીરાનો, કાયરના નહિ કામ જોને.' 'શ્રીમદ્' માં આવે છે ને?

વચનામૃત વીતરાગના પરમશાંત રસમૂળ,
ઔષધ જે ભવરોગના, એ કાયરને પ્રતિકૂળ રે,
ગુણવંતા રે જ્ઞાની અમૃત વરસ્યા રે પંચમકાળમાં...

આહાહા..! મુનિઓએ પંચમકાળમાં અમૃત વરસાવ્યા. દિગંબર સંતોએ અમૃતની ધારા વરસાવી છે. આહાહા..! આ એક એક ગુણમાં કેટલું ભર્યું છે અંદર! આહાહા..! આ તો યથાશક્તિ ક્ષયોપશમ હોય અને શક્તિ પ્રમાણે અર્થ થાય છે. મુનિઓના ક્ષયોપશમ અને કેવળજ્ઞાનીઓ એની જે વાત કરે.. આહાહા..! અપાર.. અપાર.. નાથ! તારી શક્તિનું વર્ણન..!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સર્વજ્ઞ ભગવાનની દિવ્યધ્વનિમાં જ્યારે આવતું હોય અને જ્યારે ત્રણ જ્ઞાનના ધણી એકભવતારી ઇન્દ્રો સાંભળતા હોય.. આહાહા..! એ વસ્તુ કેવી હશે! (શ્રોતા :– અપૂર્વ) આહાહા..! સમજાય છે કાંઈ?

આ અનેકાંત સિદ્ધ કર્યું. અકંપશક્તિનું પરિણમનમાં અકંપપણું આવ્યું. કંપપણું છે પણ તેનો અભાવ છે. આ ભાવ છે તો પેલો અભાવ છે, આ અનેકાંત છે. વ્યવહારનો અભાવ, કંપપણાનો અભાવ એ સ્યાદ્વાદ અને અનેકાંત છે. સમજાય છે કાંઈ? કંપપણું પણ છે અને અકંપપણું પણ આત્મામાં છે એની ના પાડે છે. આત્મામાં કંપપણું છે જ નહિ. આહાહા..! કેમકે એમ કહ્યું ને? કે ક્રમવર્તી અને અક્રમવર્તીનો સમુદાય આત્મા, એમ કહ્યું. ભાઈ! પહેલા એ કહ્યું, પહેલા શરૂઆતમાં. ક્રમવર્તી અને અક્રવર્તીનો સમુદાય આત્મા કહ્યો. ક્રમવર્તી એટલે આ નિર્મળ પર્યાયની ક્રમવર્તીની વાત છે. આહાહા..! સમજાય છે કાંઈ? અક્રમવર્તી ગુણ તો નિર્મળ છે જ. ક્રમવર્તી પર્યાયનો અને અક્રવર્તી ગુણનો સમુદાય આત્મા છે. કંપપણું આત્માનું છે અને આત્મામાં છે એ તો અહીંયા લીધું જ નથી. આહાહા..! 'પોપટભાઈ'! આવું ઝીણું છે. આહાહા..!

**'સકળ કર્મનો અભાવ થાય ત્યારે...'** અર્થમાં એમ લીધું. **'ત્યારે પ્રદેશોનું કંપન મટી જાય છે માટે નિષ્ક્રિયત્વશક્તિ પણ આત્મામાં છે.'** એ અજોગપણાની સિદ્ધિ કરી. અહીં તો ચોથે ગુણસ્થાને (સિદ્ધ કરે છે). સર્વ ગુણાંશ તે સમકિત ક્યારે થશે? કોઈ ગુણ બાકી રહે? નિષ્ક્રિય ગુણ બાકી રહે? તેનો અંશ ન આવે? આહાહા..! **'માટે નિષ્ક્રિયત્વશક્તિ પણ આત્મામાં છે.'** જોયું? નિષ્ક્રિયત્વશક્તિ પણ આત્મામાં છે. નિષ્ક્રિયત્વશક્તિનું પરિણમન પણ આત્મામાં છે. નિષ્ક્રિયત્વશક્તિનું પરિણમન પણ આત્મામાં છે. સમજાય છે કાંઈ? કંપન આત્મામાં નથી. આહાહા..! ગજબ વાત છે! અરે.! આ વાત ક્યાં છે? ભાઈ! સર્વજ્ઞ સિવાય વસ્તુની સ્થિતિની મર્યાદા કોઈએ જાણી નથી. આહાહા..! અર્થાત્ તું સર્વજ્ઞસ્વભાવી ભગવાન સર્વજ્ઞશક્તિ સંપન્ન છો. સર્વજ્ઞસ્વભાવી આત્મા તું છો. આહાહા..! સર્વજ્ઞસ્વભાવ સિવાય આવી શક્તિનું વર્ણન સર્વજ્ઞસ્વભાવી જ જાણે છે. સર્વજ્ઞસ્વભાવી આત્મા જાણે છે. લ્યો, કેટલી થઈ ? ૨૩, ૨૩ થઈ લ્યો. વિશેષ આવશે.. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૨૨ શક્તિ–૨૪ ગુરૂવાર, (દ્વિતીય) શ્રાવણ વદ ૪, તા. ૧-૦૯-૧૯૭૭

---

આ 'સમયસાર' શક્તિનો અધિકાર છે. શક્તિનો અર્થ શું? ભગવાનઆત્મા જે વસ્તુ છે એ સ્વભાવવાન છે, શક્તિવાન છે. એમાં ગુણ કહો કે શક્તિ કહો એક જ વાત છે. એક આત્મામાં, વસ્તુ દ્રવ્ય તરીકે એક છે અને શક્તિ અનંત છે. ગુણની સંખ્યા અનંત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે. અનંતનો વિસ્તાર તો કરી શકાય નહિ છતાં આચાર્યે ૪૭ શક્તિનું વર્ણન કર્યું. બાકી તો પ્રત્યેક આત્મામાં સામાન્ય ગુણ પણ અનંત છે. ગુણ કહો કે શક્તિ કહો. અને વિશેષગુણ પણ અનંત છે. એટલા બધા અનંતનો વિસ્તાર કરવા જાય તો તો અનંત કાળ થઈ જાય, એટલો તો કાળ છે નહિ. આહાહા..! તેથી ટૂંકામાં ૪૭ શક્તિનું વર્ણન કર્યું. આત્મા જે અનંતશક્તિ શુદ્ધ અને પવિત્ર છે તેનો આશ્રય કરવાથી, શક્તિ અને શક્તિવાનના ભેદનું લક્ષ પણ છોડીને, એમાં આવ્યું છે. શક્તિનો ભેદ છોડીને. તમે લખ્યું છે એમાં. શક્તિ અને શક્તિવાનનો ભેદ પણ દૃષ્ટિનો વિષય નથી. એમાં આવ્યું છે. અઢારમો બોલ છે. અઢાર, અઢાર. બાવીસ બોલ એક એક શક્તિ ઉપર લખ્યા છે. પાર નથી શક્તિનો. બાવીસ બોલ લખ્યા છે. આહાહા..! આત્મા તો અનંત અનંતગુણ રત્નાકરનો ભંડાર છે. શુદ્ધ ચૈતન્ય સ્વભાવનો સાગર પવિત્ર ભગવાન (છે). ક્ષેત્ર ભલે શરીર પ્રમાણે હો પણ એના સ્વભાવની પરિમિતતા તો છે જ નહિ. મર્યાદા નથી. એક એક શક્તિ અનંત મર્યાદાવાળી શક્તિ છે. એવી અનંતશક્તિનું રૂપ તે દ્રવ્ય કહેવામાં આવે છે. એ શક્તિ અને શક્તિવાન.. સમજવામાં શક્તિ સમજવી પણ શક્તિ અને શક્તિવાનનો ભેદ દૃષ્ટિમાં લેવો નહિ. આહાહા..! ત્યારે અભેદ દૃષ્ટિ થાય. ત્યારે અનંત રત્નનો સ્વાદ, અનંત ચૈતન્યની શક્તિ અને સ્વભાવ એ અનંતશક્તિનો પર્યાયમાં સ્વાદ આવે છે. સુખનો સ્વાદ, જ્ઞાનશક્તિનો સ્વાદ, દર્શનનો સ્વાદ, જીવતરશક્તિનો સ્વાદ એમાં આ નિયતપ્રદેશત્વશક્તિ ચોવીસમી આજે ચાલે છે, તેનો પણ સ્વાદ આવે છે. અનંતશક્તિનો પર્યાયમાં સ્વાદ આવે છે. આહાહા..!

મુમુક્ષુ :- સ્વાદ એટલે?

ઉત્તર :- અનુભવમાં વેદન. શેઠ સ્પષ્ટ કરાવે છે. આ લસણનો, દાળ, ભાતનો, શાકનો સ્વાદ આવે છે એ જડનો સ્વાદ નથી આવતો. એમાં તો લક્ષ કરીને આ ઠીક છે એવી વૃત્તિ ઉઠાવે છે એ રાગનો સ્વાદ છે અને વીંછી કરડે એનું દુઃખ નથી, એમાં અણગમો ઉત્પન્ન કરે છે એ દુઃખ છે. એ દુઃખનું વેદન છે, વીંછીના ડંખનું વેદન નથી. સમજાય છે કાંઈ? કેમકે એ તો જડ છે. જડનું વેદન ક્યાંથી થાય? ભગવાન તો અરૂપી છે. ફક્ત પોતાના સ્વભાવનું લક્ષ છોડીને અનુકૂળ ચીજમાં પ્રેમ ઉઠાવવો અને પ્રતિકૂળમાં દ્વેષ ઉઠાવવો એ રાગ-દ્વેષનો એને સ્વાદ છે. આહાહા..! વીતરાગી ભગવાન આનંદસ્વરૂપનો કદી એક સમય પણ સ્વાદ લીધો નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

અનંત અનંતશક્તિ છે. એક એક શક્તિનું સુખ છે. સુખશક્તિ ભિન્ન છે પણ અનંતશક્તિમાં સુખનું રૂપ છે. આહાહા..! ક્ષેત્ર શરીર પ્રમાણે છે તે પ્રમાણે તેની શક્તિની હદ અને માપ છે એમ નથી. આહાહા..! તેની શક્તિ અમાપ છે, અનંત છે, અપરિમિત છે અને એક એક શક્તિનું માપ પણ અનંત છે. શક્તિની સંખ્યા પણ અનંત અને અમાપ છે. એ તો કહ્યું હતું ને? આકાશના પ્રદેશ છે એ લોકમાં અસંખ્ય પ્રદેશ છે અને અલોકમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... ક્યાંય અંત નથી. એવા આકાશનું એક પરમાણુ જેટલું ક્ષેત્ર રોકે તેને પ્રદેશ કહેવાય છે. એવા આકાશના અનંત અમાપ પ્રદેશ છે. તેનાથી પણ એક જીવમાં અનંતગુણા ગુણ છે. આહાહા..! સ્વભાવ છે ને! સ્વભાવિક વસ્તુ છે. સ્વભાવને ક્ષેત્રની મહત્તાની જરૂર નથી. એના સ્વભાવ અને શક્તિની મહત્તા છે.

અહીંયા કહે છે કે એક એક વસ્તુમાં અનંતશક્તિ છે એમાં આ ૪૭ શક્તિનું વર્ણન છે. ૨૩ શક્તિ ચાલી ગઈ. ૨૩ મી ચાલીને કાલે? કાલે એક કલાક ચાલ્યું હતું. એ પ્રત્યેક શક્તિ પોતાના દ્રવ્ય, ગુણ અને પર્યાયમાં વ્યાપે છે. ક્યારે? જ્યારે દ્રવ્યની દૃષ્ટિ થાય છે, દ્રવ્યનો સ્વીકાર (થાય), ચિદાનંદ ભગવાનનો જ્યાં સ્વીકાર થયો, સત્કાર થયો, સત્કાર થયો કે તું સત્ છો, એમ પ્રતીત થઈ એ સત્કાર થયો (ત્યારે દ્રવ્ય, ગુણ, પર્યાયમાં વ્યાપે છે). સમજાય છે કાંઈ?

એવો ભગવાનઆત્મા અનંત અનંતશક્તિનો સાગર અને એક એક શક્તિમાં પણ અનંત અનંત સામર્થ્યતા અને એક એક શક્તિમાં અનંતી અનંતી પર્યાય. આહાહા..! એ અનંતશક્તિની ક્રમવર્તી ઉત્પાદ-વ્યયની પર્યાય અને અક્રમે રહેલા અનંતગુણ, એ ક્રમવર્તી પર્યાય અને અક્રમે વર્તતા ગુણના સમુદાયને અહીંયા આત્મા કહેવામાં આવે છે. આહાહા..! અહીંયા વિકારની વાત નથી. સમજાય છે કાંઈ? શક્તિનું વર્ણન છે ને? તો કોઈ શક્તિ વિકાર કરે એમ વાત નથી. ક્રમવર્તી પર્યાયમાં પણ અહીંયા વિકારની વાતનો અભાવ છે. આહાહા..! ઝીણી વાતું બહુ, બાપુ! ભાઈ!

અહીંયા ચોવીસમી શક્તિ છે. ક્રમવર્તી અને અક્રમવર્તીનો સમુદાય તે આત્મા. એક એક શક્તિ અનંતશક્તિમાં વ્યાપક છે. અનંતશક્તિમાં એક એક શક્તિનું રૂપ છે. એક એક શક્તિ પારિણામિકભાવે છે. એમાં ઉદય, ઉપશમ, ક્ષયોપશમ નથી. શક્તિ સહજ પારિણામિકભાવે છે અને તેનું ભાન થઈને ક્રમવર્તી પર્યાય થાય છે તે ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક ભાવે છે. ઉદય નહિ. ઉદયની અહીંયા વાત જ નથી. આહા..! સમજાય છે કાંઈ? શક્તિની જે પર્યાય થાય છે તેમાં ષટ્કારકનું પરિણમન થાય છે. કેમ કે દ્રવ્ય અને ગુણમાં ષટ્કારક શક્તિરૂપ વસ્તુ છે. તો એ શક્તિનો સંગ્રહાલય એવો ભગવાન, એનો સત્કાર કર્યો, સત્કાર કર્યો–આ છે એમ અનુભવમાં આવ્યું. લોકો સત્કાર કરે છે ને? આહાહા..! સમજાય છે કાંઈ? તો પર્યાયમાં નિર્મળતા પ્રગટ થાય છે એ પર્યાયમાં વ્યાપક થશે. આહાહા..! અનંતકાળથી શક્તિ અને શક્તિનું સ્વરૂપ ત્રિકાળ છે પણ પર્યાયમાં વ્યાપક નથી.

જેમ આત્મામાં સુખ નામની શક્તિ પૂર્ણ છે પણ પર્યાયમાં સુખશક્તિનું વ્યાપ્યપણું, અવસ્થાપણું અનાદિથી નથી. કેમ કે એ ચીજનું જ્ઞાન નથી, ચીજનું ભાન નથી, ચીજનો સ્વીકાર નથી, ચીજનો સત્કાર નથી, એ ચીજ તરફની સન્મુખતા નથી. અરે..! આવી વાતું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. એથી પર્યાયમાં જ્યારે દ્રવ્ય વસ્તુ છે એની દૃષ્ટિ થાય છે ત્યારે પર્યાયમાં સુખની પર્યાય વ્યાપ્ય થાય છે. સમજાય છે કાંઈ? ઇ કાલે કહ્યું હતું, 'સર્વ ગુણાંશ તે સમકિત'. જેટલી શક્તિની સંખ્યા છે તેટલી સંખ્યામાં વ્યક્ત અંશ, અનંતશક્તિનો અંશ વ્યક્ત પ્રગટ થાય છે. પ્રગટ થાય છે એ આનંદની પર્યાય, અસ્તિત્વની પર્યાય, શાંતિની પર્યાય, સ્વચ્છતાની પર્યાય, પ્રભુતાની પર્યાય, એ પર્યાયને અહીંયા પવિત્ર ક્રમવર્તી કહેવાય છે. સમજાય છે કાંઈ? આ તો ધ્યાન રાખે તો પકડાય એવી વાત છે.

**आसंसारसंहरणविस्तरणलक्षितकिञ्चिदूनचरमशरीरपरिमाणावस्थितलोकाकाश-सम्मितात्मावयवत्वलक्षणा नियतप्रदेशत्वशक्तिः। १०.**

**જે અનાદિ સંસારથી માંડીને સંકોચવિસ્તારથી લક્ષિત છે અને જે ચરમ શરીરના પરિમાણથી કાંઈક ઊણા પરિમાણે અવસ્થિત થાય છે એવું લોકાકાશના માપ જેટલા માપવાળું આત્મ-અવયવપણું જેનું લક્ષણ છે એવી નિયતપ્રદેશત્વશક્તિ. (આત્માના લોકપરિમાણ અસંખ્ય પ્રદેશો નિયત જ છે. તે પ્રદેશો સંસાર-અવસ્થામાં સંકોચવિસ્તાર પામે છે અને મોક્ષ-અવસ્થામાં ચરમ શરીર કરતાં કાંઈક ઓછા પરિમાણે સ્થિત રહે છે.) ૨૪.**

હવે આપણે અહીંયા ચોવીસમી શક્તિ લઈએ. જુઓ! આ શક્તિ કેવી છે? નિયતપ્રદેશત્વશક્તિ. શું નામ છે? નિયતપ્રદેશત્વશક્તિ. ચોવીસમી. કથનમાં ક્રમ છે, અંદર વસ્તુમાં ક્રમ નથી. વસ્તુમાં તો એકસાથે અનંતશક્તિ છે. કથનમાં (એકસાથે) કઈ રીતે આવે? કથનમાં ક્રમ પડે છે. વસ્તુમાં બધી શક્તિ અક્રમ છે. આહાહા..! કહે છે કે નિયતપ્રદેશત્વ એટલે શું? પોતાનો દેશ, પોતાનું ક્ષેત્ર. જે ક્ષેત્રમાં અનંતગુણનો પ્રકાશ ઉઠે છે. આહાહા..! પોતાના નિયતપ્રદેશત્વ.

અહીં નિયત કેમ કહ્યું? નહિતર તો અસંખ્ય પ્રદેશ છે તેને વ્યવહાર કહેવામાં આવે છે. 'પંચાસ્તિકાય'ની ૩૨ ગાથાની ટીકામાં એમ લીધું છે કે, અસંખ્ય પ્રદેશ નથી, એક પ્રદેશ છે. એમ પાઠ લીધો છે. છે 'પંચાસ્તિકાય'? કુદરતી સામે છે. એ પ્રશ્ન અને એ ઉત્તર. ગાથા એ નીકળી, જુઓ! લીટી કરી છે. **'લોકપ્રમાણ એકપ્રદેશવાળા છે.'** એકપ્રદેશવાળા કહેવામાં આવ્યું છે. કઈ અપેક્ષાથી સમજાણું? અહીંયા અસંખ્યપ્રદેશને નિશ્ચયથી એકરૂપ લેવા છે. નિશ્ચયથી એક પ્રદેશરૂપ છે, એમ કહે છે. અહીંયા નિશ્ચયથી અસંખ્ય પ્રદેશ કહેશે. કઈ અપેક્ષાથી? એ તો નિશ્ચય સંખ્યા અસંખ્ય પ્રદેશી છે. સમજાય છે કાંઈ? અસંખ્ય પ્રદેશ નિશ્ચયથી છે. સંખ્યાની અપેક્ષાએ નિયત કહ્યું છે અને ત્યાં ભેદ કાઢીને બધા અસંખ્ય પ્રદેશ એક

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પ્રદેશરૂપ છે. 'નેમચંદભાઈ'! આહાહા..! આવી ઝીણી વાતું છે, બાપુ! આ તો ભગવાનના ઘરની વાત છે.

એક બાજુ એકપ્રદેશી કહ્યું. પંડિતજીએ વાંચ્યું. આહા..! અને અહીંયા નિયતપ્રદેશત્વશક્તિમાં અસંખ્ય (પ્રદેશી) કહેશે. બેમાં વિરોધ છે? નહિ. ત્યાં આગળ એકપ્રદેશ એકરૂપ (કહ્યું), અસંખ્યનો ભેદ પાડવો તે વ્યવહાર થઈ ગયો. સમજાય છે કાંઈ? લ્યો, યાદ આવી ગયું. 'જિનેશ્વરદાસજી'. ચાર બોલ. ૨૫૨ કળશમાં છે ને? ૨૫૨ કળશ છે, એ આપણે ચાલી ગયો છે.

દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ. પોતાનું દ્રવ્ય જે છે એકરૂપ વસ્તુ તેને દ્રવ્ય કહે છે. સ્વદ્રવ્ય કહે છે. અને આ દ્રવ્ય છે અને આ ગુણ છે એવો ભેદ ઉઠાવવો તે પરદ્રવ્ય છે. અમારે 'જિનેશ્વરદાસજી' એ પ્રશ્ન કર્યો હતો. આ બરાબર આવી ગયું. શું કહ્યું? આ વસ્તુ છે.. આ વસ્તુ સર્વજ્ઞ સિવાય ક્યાંય નથી. શ્વેતાંબરમાં પણ આવી વાત નથી. અન્યમતમાં સર્વવ્યાપક વેદાંત આદિ કહે છે એમાં તો ક્યાંય છે જ નહિ. આહાહા..! શું કરે? ભગવાનઆત્મા અસંખ્ય પ્રદેશીને 'પંચાસ્તિકાય'ની ૩૨ ગાથાની ટીકામાં એકપ્રદેશી કહ્યું છે. એ ભેદ પાડ્યા વિના એકપ્રદેશ રૂપ કહ્યું. અને અહીંયા અસંખ્ય પ્રદેશરૂપ સંખ્યા નિયત છે એ અપેક્ષાથી નિશ્ચયથી અસંખ્યપ્રદેશી કહ્યું. સમજાય છે કાંઈ? સમજાય એટલું સમજો, ભાઈ! આ તો ભગવાનનો માર્ગ છે. આહાહા..!

મુમુક્ષુ :– બે નિશ્ચય થયા.

ઉત્તર :– ત્યાં એકરૂપ પ્રદેશ કહ્યું. અસંખ્ય ભેદ છે તે વ્યવહાર થઈ જાય છે. જે અહીંયા કહ્યું. ૨૫૨ કળશ. સવારે આવે છે ને? ૨૫૨ કળશ. દ્રવ્ય આત્મા એકરૂપ દ્રવ્ય છે તે સ્વદ્રવ્ય છે અને એ દ્રવ્યમાં ભેદથી વિકલ્પ ઉઠાવવો એ પરદ્રવ્ય છે. એક વાત. અને ભગવાનઆત્મા અસંખ્યપ્રદેશી એકરૂપ ક્ષેત્ર છે તે સ્વક્ષેત્ર છે. અસંખ્યપ્રદેશી પોતાનું એકરૂપ સ્વરૂપ, તેને સ્વક્ષેત્ર કહે છે. અને અસંખ્ય પ્રદેશમાં ભેદ પાડીને વિચાર કરવો કે આ પ્રદેશ ને આ પ્રદેશ ને આ પ્રદેશ. એ પરક્ષેત્ર છે. આહાહા..! સમજાય છે કાંઈ?

અહીંયા અસંખ્ય પ્રદેશ કહેશે. એ અસંખ્યનું ભેદથી લક્ષ કરવું તે પરક્ષેત્ર છે. સમજાય છે કાંઈ? અને ત્રીજી વાત. આત્મા ત્રિકાળ છે તે સ્વકાળ છે. ભગવાનઆત્મા ત્રિકાળી ચીજ ભૂતાર્થ સત્યાર્થ અભેદ એકાકાર તે સ્વકાળ છે અને એમાં એક વર્તમાન પર્યાયનું લક્ષ ભિન્ન પાડવું તે પરકાળ છે. આહાહા..! સમજાય છે કાંઈ? આ તો વીતરાગમાર્ગ છે, ભાઈ! સમજાય છે કાંઈ? વીતરાગના સંદેશ છે. આહાહા..! ત્રિકાળી ચીજને સ્વકાળ કહેવું અને એક સમયની પર્યાય અવસ્થાંતર થાય છે તેને પરકાળ કહેવું. પરદ્રવ્યની અવસ્થા તો પરકાળ છે જ પણ પોતાના એકરૂપમાં વર્તમાન પર્યાયના ભેદનું લક્ષ કરવું તેને પરકાળ કહે છે. આહાહા..!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ચોથો બોલ. પોતાની અનંતશક્તિનો પિંડ, સ્વભાવરૂપ અનંતશક્તિનો ભાવ. આ શક્તિ છે ને? તો અનંતશક્તિની એકરૂપતા તે સ્વભાવ છે અને અનંતશક્તિમાં એક એક શક્તિનું ભિન્ન લક્ષ કરવું તે પરભાવ છે. આહાહા..! આવી વાત. લોકો જરી શાંતિથી સાંભળે તો એના આગ્રહ મટી જાય. આ કાંઈ કોઈ કલ્પિત વાત નથી, પ્રભુ! પ્રભુના પ્રવાહમાંથી આવી છે, ભાઈ! આહાહા..!

મુમુક્ષુ :- અભેદ તે સ્વ અને ભેદ તે પર.

ઉત્તર :- અભેદને પકડ, ભેદને છોડી દે. અનંતશક્તિનું.. એ લીધું ને? શક્તિ અને શક્તિવાનનો ભેદ પણ દૃષ્ટિનો વિષય નહિ. અર્થાત્ ભગવાન પ્રભુ અનંત રત્નાકર, અનંતશક્તિના રત્નથી ભરેલો સ્વયંભૂ ભગવાનઆત્મા છે. જેમ પેલો સ્વયંભૂરમણ સમુદ્ર છે એ તો અસંખ્ય યોજનમાં છે. તેના તળમાં રત્ન ભર્યા છે. પણ એ તો ક્ષેત્રથી અસંખ્ય યોજનમાં છે. આ તો ક્ષેત્રથી અસંખ્ય પ્રદેશ છે પણ અસંખ્ય પ્રદેશમાં એક એક પ્રદેશમાં અનંતગુણરૂપ રત્ન ભર્યા છે. આહાહા..! સમજાય છે કાંઈ? અનંત ભાવરૂપી શક્તિ એ સ્વભાવ છે પણ એમાંથી એક લક્ષ ભિન્ન પાડવું કે આ જ્ઞાનશક્તિ છે, આ સુખશક્તિ છે, એવો ભેદ પાડવો તેને પરભાવ કહે છે. 'જિનેશ્વરદાસજી'!

બીજી વાત. જે સ્વદ્રવ્ય છે, તે જ સ્વક્ષેત્ર છે, તે જ સ્વકાળ છે અને તે જ સ્વભાવ છે. આ ચાર ભેદ પાડ્યા... જે સ્વદ્રવ્ય કહ્યું.. ભગવાન આનંદનો કંદ પ્રભુ, એકલો અકષાય સ્વભાવથી ભરેલો પ્રભુ, વીતરાગ સ્વરૂપ, અમૃતનો પિંડ પ્રભુ, એ સ્વદ્રવ્ય છે. તેને સ્વક્ષેત્ર છે, જે અસંખ્ય પ્રદેશ છે તેને જ ક્ષેત્ર કહે છે. દ્રવ્ય પણ તે જ અને અસંખ્ય પ્રદેશી ક્ષેત્ર પણ તે જ. દ્રવ્યથી ભિન્ન ક્ષેત્ર છે અને ક્ષેત્રથી ભિન્ન દ્રવ્ય છે, એમ નથી. સમજાય છે કાંઈ? અને કાળ. ત્રિકાળ જે ક્ષેત્ર છે તે જ દ્રવ્ય છે તે જ ત્રિકાળ વસ્તુ છે. સમજાય એટલું સમજો, બાપુ! આ તો ભગવાનનો માર્ગ છે. આહાહા..! અને અનંતશક્તિનો ભાવ કહ્યો તે જ અનંતશક્તિરૂપ ભાવ છે તે જ દ્રવ્ય છે, તે જ ક્ષેત્ર છે, તે જ કાળ છે અને તે જ ભાવ છે. ભેદદૃષ્ટિ છોડીને સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ, સ્વભાવ કહ્યા પણ એ ચાર એક જ વસ્તુ છે. સમજાય છે કાંઈ? આહાહા..!

જેમ કેરી વર્ણરૂપ પણ તે છે, ગંધરૂપ પણ તે છે, રસરૂપ પણ તે છે, સ્પર્શરૂપ પણ તે જ છે. તેમાં છાલ ને ગોટલીની વાત ન લેવી. એ આખી વસ્તુ રંગરૂપે પણ તે જ છે, ગંધરૂપ પણ તે જ છે, રસરૂપ પણ તે જ છે, સ્પર્શરૂપ પણ તે જ છે. એમ ભગવાનઆત્મા દ્રવ્યરૂપ પણ તે જ છે અભેદ, ક્ષેત્રરૂપ પણ તે જ છે, કાળરૂપ પણ તે જ છે અને ભાવરૂપ પણ તે જ છે. સમજાય છે કાંઈ? આહાહા..!

અહીંયા એ કહે છે, **'જે અનાદિ સંસારથી માંડીને સંકોચવિસ્તારથી...'** અસંકુચિતવિકાસત્વ-શક્તિ ગઈ એ બીજી વસ્તુ છે, આ બીજી વસ્તુ છે. અસંકોચવિકાસશક્તિમાં તો એ શક્તિ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એવી છે કે જેમાં સંકોચનો અભાવ છે અને વિસ્તારનો સદ્ભાવ અપરિમિત છે. અસંકોચવિકાસ નામની શક્તિ આપણે ચાલી ગઈ. પૂર્ણ દ્રવ્ય, પૂર્ણ ક્ષેત્ર, પૂર્ણ કાળ, પૂર્ણ ભાવ એ બધાનો સંકોચ કર્યા વિના વિકાસશક્તિથી બધાને જાણે છે. આહાહા..! આવી વાત હવે. સમજાય છે કાંઈ?

અસંકોચવિકાસશક્તિ. લ્યો, તે દિ' નામ લીધું હતું ને? 'વિકાસ'નું નામ લીધું હતું. અમારે 'વિકાસ' છે ને? અહીં અસંકોચવિકાસશક્તિ. ભગવાનઆત્મામાં એવી એક શક્તિ છે કે જેમાં સંકોચ નથી, પરિમિતતા નથી, હદ નથી અને વિકસિત.. આહાહા..! અનંત અનંતજ્ઞાનનો વિકાસ. જ્ઞાનમાં પણ સંકોચ નહિ, જ્ઞાન (પૂર્ણપણે) વિકસીત. દર્શનમાં સંકોચ નથી, દર્શન વિકસીત. પૂર્ણ.. પૂર્ણ વિકસીત. સમજાય છે કાંઈ? આહાહા..! આવી વાતું હવે. માણસને સાંભળવા મળે નહિ એટલે બિચારા બહારમાં રોકાઈ જાય. આહાહા..!

એ તો આપણે સવારે ચાલે છે કે નહિ? અહીંયા પણ પર્યાયમાં રોકાઈ જાય, વિકલ્પમાં રોકાઈ જાય ત્યાં સુધી અનુભવ થતો નથી. આહાહા..! સમજાય છે કાંઈ? સવારે એ ચાલે છે ને? મૂઢ-અમૂઢમાં આવ્યું ને? મૂઢ તો છે એ વ્યવહારનયથી કહેવામાં આવે છે. તેનો તો નિષેધ કરતા આવ્યા છે. ભગવાન મૂઢ નથી. આહાહા..! જ્ઞાન, આનંદ આદિ અમૂઢ છે. એની શક્તિનો પાર નથી, પ્રભુ! સ્વભાવનો પાર નથી એવી અમૂઢશક્તિ. આહાહા..! એ અમૂઢ હું છું એવો વિકલ્પ પણ કરવો એનાથી તને શું લાભ છે? આહાહા..! 'तत् किम'.

હું અપરિમિત અનંતઆનંદનો કંદ છું. અનંત ચૈતન્યરત્નથી ભરેલો છું. મારી વસ્તુ ત્રણલોક અને ત્રણકાળને એક સમયમાં જાણે એવી પર્યાય, એવી અનંતી પર્યાયનો પિંડ જ્ઞાન-રત્ન પડ્યું છે. આહાહા..! એમ ક્ષાયિક સમકિતની પર્યાય સાદિઅનંત, એ બધી પર્યાયનો પિંડ શ્રદ્ધાગુણમાં પડ્યો છે. એમ એક સમયનો અનંતઆનંદ જે ભગવાનને ઉત્પન્ન થયો, એ 'સાદિ અનંત અનંત સમાધિ સુખમાં.' આહાહા..! અનાદિકાળથી આકુળતાના વેદનમાં પીડાઈ ગયો છે. તેણે ભગવાનઆત્માનો જ્યાં પત્તો લીધો, સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાનમાં જ્યાં એનો સ્વીકાર અને સત્કાર કર્યો,.. આહાહા..! તો એ પર્યાયમાં વર્તમાનમાં પણ આનંદ આવ્યો અને એ પર્યાય પૂર્ણ આનંદનું કારણ છે એમ વ્યવહારથી કહેવામાં આવે છે. એ પણ વ્યવહારથી. બાકી તો અનંતઆનંદ જે પ્રગટ થશે એ એક સમયમાં ષટ્કારકની પરિણતિથી પ્રગટ થશે. પૂર્વનો મોક્ષમાર્ગ હતો તેનો વ્યય થયો અને કેવળજ્ઞાન થયું એ તો વ્યવહારની વસ્તુ છે. ઉત્પાદ વ્યયની અપેક્ષા રાખતું નથી. આહાહા..! 'ડાહ્યાભાઈ'!

કેવળજ્ઞાનની પર્યાયનો ઉત્પાદ, પૂર્વના ચાર જ્ઞાનની પર્યાયના વ્યયની અપેક્ષા રાખતો નથી. એમ એક સમયમાં કેવળજ્ઞાનની પર્યાય કર્તા એ પર્યાય, કાર્ય એ પર્યાય, કરણ એટલે સાધન એ પર્યાય, ચાર જ્ઞાન એ સાધન નહિ, અહીંયા તો. આહાહા..! સમજાય છે કાંઈ? સંપ્રદાન–એ પર્યાય કરીને પોતામાં રાખી એ સંપ્રદાન, પોતાની પર્યાયથી પર્યાય થઈ એ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અપાદાન, પર્યાયનો આધાર પર્યાય, એ અધિકરણ. એ કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ-એ ષટ્કારકના પરિણમનથી કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે. આહાહા..! પહેલા સંઘયણ છે ને મનુષ્યપણું છે તેનાથી કેવળજ્ઞાન પ્રગટ થાય છે, એમ નથી. અને ચાર જ્ઞાન પહેલા હતા તેનો વ્યય થયો તો કેવળજ્ઞાન થયું એ પણ વ્યવહાર છે.

અભાવ થઈને ભાવ થયો એ ભાવ ક્યાંથી આવ્યો? અભાવમાંથી ભાવ આવ્યો? દ્રવ્યની શક્તિ જે છે, સર્વજ્ઞ અને સર્વદર્શિ (શક્તિ) નિયતપ્રદેશમાં પડી છે. આ શક્તિ ચાલે છે ને? નિયત પ્રદેશ જે અસંખ્ય છે, અહીંયા પ્રદેશને સંખ્યામાં નિયત-નિશ્ચિત કરવા છે. અને ત્યાં ('પંચાસ્તિકાય'માં) એ સંખ્યાને છોડીને એકલા પ્રદેશરૂપ – એકરૂપ કહેવું છે. પંચાસ્તિકાય છે ને? પંચાસ્તિકાય-પોતાની અસ્તિકાય સિદ્ધ કરવી છે. પોતાની અસ્તિકાય સિદ્ધ કરવી છે. સમજાય છે કાંઈ? તો એમાં પર્યાયમાં એકરૂપ પ્રદેશ લીધા. આહાહા..!

અહીંયા તો એના અસંખ્ય પ્રદેશ છે, તેને નિશ્ચય કહ્યું અને ૨૫૨ (કળશમાં) એકરૂપ અસંખ્ય પ્રદેશને સ્વક્ષેત્ર કહ્યું. અને એમાં સંખ્યા આ છે, આ છે, આ છે... તેને પરક્ષેત્ર કહ્યું. વાતું આવી બહુ ઝીણી છે, બાપુ! આહાહા..!

ભગવાનના ભેટા જેને કરવા હોય, ભગવાનઆત્મા..! એક સાધારણ મોટા ચક્રવર્તી પાસે જવું હોય તો કેટલી તૈયારી હોવી જોઈએ? આહાહા..! અમારે અહીંયા ગરાસિયા હોય છે ને? ગરાસદાર. એની રાણી પાસે જવું હોય તો સાધારણ માણસ એમ ખુલ્લી રીતે ન જઈ શકે. ચોરણો ખુલ્લો પડ્યો હોય ને પાછળનો શરીરનો ભાગ દેખે, એમ ન જઈ શકે. અહીંયા એવો રિવાજ છે. હોય ભલે દસ હજાર, પચીસ હજારની ઊપજ. અમારે લીમડાની વાત સાંભળી હતી. કોઈ વાળંદ જાય તો એ ભેટ બાંધીને જાય. દરબાર! અમારે લીમડામાં જોયું હતું. ભેટ બાંધીને જાય. આ બાજુનો ભાગ ન દેખાય, આ બાજુનો ભાગ ન દેખાય એમ કપડું બાંધીને જાય. રાણી પાસે જાવું છે. આહાહા..! અહીં તો ભગવાનના ભેટા કરવા છે તો બહુ કેડ બાંધવી જોઈએ. આહાહા..!

અનંત અનંત પુરુષાર્થની ભેટ બાંધીને ભગવાનના ભેટા થાય છે. દરબારમાં જાવું છે. ભગવાનનો દરબાર! પેલો દરબાર તો ઠીક, એ તો બિચારા સાધારણ. આ તો અનંત અનંતશક્તિનો ભંડાર, ભગવાન! બાદશાહ પરમાત્મા બાદશાહ, ત્રણલોક અને ત્રણકાળને એક સમયમાં જાણે. આહાહા..! તે પણ ત્રણલોક અને ત્રણકાળને નહિ. પોતાની પર્યાયમાં આત્મજ્ઞમાં સર્વજ્ઞપણું બધું ભાસી જાય છે. એવા ભગવાનની એક સમયની પર્યાયની એટલી તાકાત! એવી અનંતી પર્યાયનો પિંડ એવું જ્ઞાન. અનંતી પર્યાયનો પિંડ એવો આનંદ. એવો અનંતઆનંદ અને અનંતજ્ઞાનાદિ અનંતશક્તિનો પ્રભુ બાદશાહ છે. એ બાદશાહ પાસે જાવું... આહાહા..! 'ચંદુભાઈ'!

મુમુક્ષુ :- ત્યારે દર્શન દ્યે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉત્તર :– ત્યારે દર્શન દ્યે. આહાહા..! ‘પદમચંદજી’! આ તમારા પૈસા-ફૈસાવાળાની કાંઈ વાતું પણ ન મળે. આહા..! બે તો આવ્યા, ત્રીજા કોણ હતા? ‘ભભૂતમલ’ હતા. મેં કીધું, ત્રીજા એક હતા. કરોડપતિ બે છે, ત્રણ હતા. કોઈએ પૂછ્યું હતું, મેં કીધું, બે યાદ આવે છે. ‘પોપટભાઈ’ અને ‘શોભાલાલ’ શેઠ. ત્રીજા કોણ હતા? ‘ભભૂતમલજી’ હતા ને? ‘ભભૂતમલ’ નહોતા? ‘બેંગલોર’. વિનંતી કરવા આવ્યા હતા. ‘મદ્રાસ’ માં પાંચ લાખનું મંદિર થયું છે ને? આ ફેરી જઈ શક્યા નહિ. વિનંતી કરતા હતા કે ‘મદ્રાસ’ આવો તો ચાર દિવસ અમને આપજો. કીધું, હજી તો ઘણો સમય છે. ‘ભભૂતમલ’ એની પાસે બે કરોડ (છે). અમે ત્યાં સોળ દિવસ રહ્યા. એની પાસે બે કરોડનું સ્ટીલ હતું. સ્ટીલ.. સ્ટીલ સમજ્યા? આઠ લાખ ખર્ચ્યા ને ચાલીસ લાખ પેદા થયા. લોકો એમ કહે, આહા..હા..! મહારાજને માટે આટલા ખર્ચ્યા (તો આટલા કમાણા). આઠ લાખ નાખ્યા મંદિરમાં, એક જ જણાએ, હોં! ચાર લાખ ‘જુગરાજજી’ સ્થાનકવાસીએ નાખ્યા. સોળ દિવસ ધંધો બંધ રહ્યો. બે કરોડનું સ્ટીલ પડ્યું હતું. ભાવ વધી ગયા. ચાલીસ લાખ પેદા થયા.

મુમુક્ષુ :– ગુરુદેવની લાકડીનો પ્રભાવ.

ઉત્તર :– લોકો એમ કહે છે. અહીંયા તો ગરીબ માણસ ઘણા છે આજુબાજુમાં.

મુમુક્ષુ :– આપ એને આશીર્વાદ...

ઉત્તર :– આશીર્વાદ... એનો ભાવ હોય, પુણ્યનો ભાવ કર્યો હોય એનાથી પુણ્યબંધ થઈ ગયો હોય અને પૂર્વના પુણ્યની સાથે વર્તમાન સાંભળવાથી પુણ્ય આવે છે તે પુણ્યને મેળવીને પુણ્યનો ઉદય આવી ગયો તો મળી જાય છે. અહીંથી મળે છે કે એના ભાવથી મળે છે? પણ મળે એમાં શું આવ્યું? ચાલીસ લાખ, હોં! ‘..ભાઈ’! સોળ દિવસમાં ચાલીસ લાખ વધી ગયા.

મુમુક્ષુ :– કેટલું સરસ થયું.

ઉત્તર :– ધૂળમાં પણ સરસ નથી. આહાહા..! તમારે અહીં નહોતા? જુઓ! ‘પોપટભાઈ’ બેઠા છે. એના સાળા હતા. પાછળ બેઠા છે ને? એના સાળા પાસે બે અબજ ને ચાલીસ કરોડ. એના સાળા, આ એના બનેવી છે. દોઢ વર્ષ પહેલા ગુજરી ગયા. બે અબજ ચાલીસ કરોડ. ધૂળમાં પા કલાકમાં મરી ગયો. એ પણ પાછા ‘મુંબઈ’ મરી ગયા. એના ઘરમાં ચાલીસ લાખના બંગલા. દસ દસ લાખના બે બંગલા. સાંઈઠ લાખના ત્રણ બંગલા. એ મરી ગયો. ન્યાં ‘મુંબઈ’ એની વહુને હેમરેજ (થયું હતું). હેમરેજ ને? દવા કરાવવા આવ્યા હતા. ત્યાં પોતે ઊડી ગયા. પાંચ મિનિટમાં! મને દુઃખે છે, દુઃખે છે. બોલાવો ડૉક્ટરને. ડૉક્ટર આવે ત્યાં ભાઈસા’બ... જાવ, ચોરાશીમાં રખડવા. અર..ર...ર...! ભવાબ્ધિરૂપી દરિયામાં પેસી ગયા. અરે..રે..! સમજાય છે કાંઈ? એ લક્ષ્મી શું છે? શરણ છે? અહીંયા તો રાગ શરણ નથી ને એક સમયની પર્યાય પણ શરણ નથી. આહાહા..! ભગવાન પૂર્ણાનંદનો નાથ અભેદ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ચૈતન્યસ્વરૂપ, એ શરણ છે, એ માંગલિક છે, એ ઉત્તમ છે, એ શરણ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

અહીં કહે છે કે, **'અનાદિ સંસારથી માંડીને સંકોચવિસ્તાર...'** કોનો? પ્રદેશનો. નિગોદમાં પ્રદેશ સંકોચાઈ જાય છે. પ્રદેશ ઓછા નથી થતા, સંકોચાય છે. અને હજાર જોજનનો મચ્છ હોય તો વિસ્તાર થાય છે. પ્રદેશ તો એટલા જ છે. પ્રદેશનો સંકોચ થાય એટલે ઘટી જાય અને વિસ્તાર હોય તો વધી જાય, એમ નથી. આહાહા..! એમ **'સંકોચવિસ્તારથી લક્ષિત...'** સંકોચવિસ્તારથી જાણવાલાયક. સંસારમાં અસંખ્ય પ્રદેશમાં સંકોચવિસ્તાર થાય છે તે જાણવાલાયક છે. છે?

**'અને ચરમ શરીરના પરિમાણથી કાંઈક ઊણા પરિમાણે...'** છેલ્લું ચરમ શરીર હોય એ પ્રમાણે એની અવગાહના પહોળાઈ રહે છે. એ **'પરિમાણે અવસ્થિત...'** ત્યાં અવસ્થિત છે. એ ચરમ શરીર છૂટી ગયું તો એમ ને એમ સાદિઅનંત અવસ્થિત રહેશે. એમાં ચરમ શરીરથી લક્ષિત જાણવાલાયક એમ કહ્યું. સંસારમાં અસંખ્ય પ્રદેશમાં સંકોચવિસ્તાર થાય છે એ જાણવાલાયક છે. કેમ કે એકરૂપ નથી રહેતા. આહાહા..! સમજાય છે કાંઈ? જેમ આ કપડું છે ને? તો કપડુ આમ સંકોચાય. છતાં કપડામાં પ્રદેશ ઘટી જાય છે અને આમ કરે તો પ્રદેશ વધી જાય છે એમ નથી. પ્રદેશ તો જેટલા છે તેટલા જ છે. એમ સંકોચમાં નિગોદના એક શરીરમાં અનંત જીવ અને એક શરીર અંગુલના અસંખ્ય ભાગમાં... આહાહા..! નિગોદમાં એક શરીરનું કદ કેટલું? કદ.. કદ. કદ કહે છે? કદ કેટલું? કે અંગુલનો અસંખ્યમો ભાગ. આહાહા..! અને જીવ કેટલા? અનંત. એટલા અનંત કે અત્યાર સુધી છ મહિના ને આઠ સમયમાં છસો ને આઠ જીવ મુક્તિ પામે છે, અત્યાર સુધીમાં અનંત પુદ્‌ગલ પરાવર્તન થઈ ગયા, એ સિદ્ધની સંખ્યા કરતા એક શરીરમાં અનંતગુણા જીવ છે. આહાહા..! સમજાય છે કાંઈ? ત્યાં પ્રદેશનો સંકોચ થઈ ગયો. સંકોચ નામ એ પ્રદેશ જેટલા પહોળા છે તે સંકોચ નથી પામતા. શું કહ્યું? જે પ્રદેશ જેટલી પહોળાઈમાં છે તેમાં સંકોચ નથી થતો. પણ પ્રદેશ ઘણા છે તે આમ સંકોચાય છે. શું કહ્યું સમજાણું?

પ્રદેશ જેટલા પહોળા છે તે સંકોચ નથી પામતા પણ અસંખ્ય પ્રદેશ આમ પહોળા છે એ આમ સંકોચાય છે, બસ, એટલું. અસંખ્ય પ્રદેશ સાથે (સંકોચાય છે). પ્રદેશ પોતે સંકોચવિસ્તાર નથી પામતા પણ પ્રદેશની સંખ્યા સંકોચાય જાય છે અને વિસ્તાર થઈ જાય છે. આહાહા..! આ સ્વરૂપ વીતરાગ સિવાય ક્યાંય છે નહિ. અસંખ્ય પ્રદેશી સર્વજ્ઞ સિવાય ક્યાંય છે નહિ. સમજાય છે કાંઈ? કોઈ શાસ્ત્રમાં આત્મા અસંખ્ય પ્રદેશી ક્ષેત્રની વાત જ નથી. જાણ્યું નથી તો વાત ક્યાંથી હોય? આહાહા..! વાત બધા કરે કે આત્મા શુદ્ધ છે ને ચૈતન્ય છે ને આમ છે ને તેમ છે, પણ એનું ક્ષેત્ર કેટલું? આહાહા..!

'શ્રીમદ્દે' એકવાર વેદાંતી હતા... શું નામ કીધું? 'સૂર્યરામ ત્રિપાઠી' વેદાંતી હતા. બહુ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જાણપણું હતું. 'શ્રીમદ્દે' એકવાર પત્ર લખ્યો. એની સાથે બહુ પ્રેમ હતો. આપણે પદાર્થની વ્યાખ્યા ચાર પ્રકારે કરી શકીએ. કોઈપણ પદાર્થ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ (સ્વરૂપ છે). એવી વ્યાખ્યા કરી. તો આત્મામાં પણ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ ઉતારવા જોઈએ. કેમ કે એ માનતા હતા કે એક સર્વવ્યાપક છે અને આત્માની નિશ્ચયની વાત કરે, શુદ્ધ છે, આમ છે ને પવિત્ર છે ને નિર્લેપ છે ને.. પણ એનું ક્ષેત્ર? દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ ચારથી વ્યાખ્યા થાય છે. પત્ર લખ્યો. તો એ ચારની વ્યાખ્યા તમે કરો. એટલું લખ્યું. એ કરવા જાય તો તો વેદાંત રહે નહિ. સમજાય છે કાંઈ?

દ્રવ્યથી એક, ક્ષેત્રથી અસંખ્ય પ્રદેશ, કાળથી ત્રિકાળી અથવા એક સમયની અવસ્થા અને ભાવથી અનંતગુણ. આવા ચાર ભેદ તો એમાં છે નહિ. સમજાય છે કાંઈ? સર્વવ્યાપક એક આત્મા શુદ્ધ ચૈતન્ય છે, અભેદ છે, એમ કહે. એ તો કથન, ભાષા છે. વસ્તુની સ્થિતિ કેવી છે એની ખબર નથી. સમજાય છે કાંઈ?

અહીંયા એ કહે છે, સંકોચવિકાસ. એક પ્રદેશનો નહિ પણ અસંખ્ય પ્રદેશ જે છે તે આમ થાય છે અને વિકાસ થાય છે. બસ! **'સંકોચવિસ્તારથી લક્ષિત છે અને જે ચરમ શરીરના પરિમાણથી કાંઈક ઊણા પરિમાણે અવસ્થિત...'** ત્યાં અવસ્થિત રહ્યો. સંસારમાં તો અવસ્થિત ન રહ્યો. નિગોદમાં જાય, એક હજાર જોજનનો પહોળો મચ્છ થાય, આ શરીરમાં લ્યો ને! બાળપણમાં અસંખ્ય પ્રદેશ આટલામાં હતા, મોટા થયા તો આટલો વિસ્તાર થયો. સમજાય છે કાંઈ? બાળપણામાં આટલું હતું, યુવાવસ્થામાં, વૃદ્ધાવસ્થામાં પ્રદેશ આટલા પહોળા થયા. એક પ્રદેશ પહોળો નથી થયો, પ્રદેશનો વિસ્તાર થયો છે. સમજાય છે કાંઈ? આહાહા..! આવું ક્યાં માણસને... નવરા ક્યાં છે? ભગવાન શું કહે છે એ વસ્તુ પરથી કઈ રીતે જુદી પડે છે અને પોતાથી પર શું કહે છે તેનું ભેદજ્ઞાન નથી, એટલે ખીચડો કરી નાખે. એમાં પણ આત્માની વાત છે, ફલાણાની વાત છે. ધૂળ પણ નથી. આહા..! 'ડાહ્યાભાઈ'! આહાહા..!

કહે છે, ચરમશરીર-છેલ્લું શરીર. તેના પરિમાણે-પ્રમાણમાં **'કાંઈક ઊણા...'** થોડું ઓછું. આ વાળ છે એટલું નાનું. પરિમાણથી એટલે માપથી **'અવસ્થિત થાય છે...'** ત્યાં અવસ્થિત રહે છે. **'એવું લોકાકાશના માપ જેટલા...'** હવે સંખ્યાએ કેટલા છે? લોકાકાશમાં જે અસંખ્ય પ્રદેશ છે તેટલા એક જીવના પ્રદેશ છે. લોકાકાશમાં આકાશના અસંખ્ય પ્રદેશની જેટલી સંખ્યા છે, ધર્માસ્તિકાયના પણ જેટલા અસંખ્ય પ્રદેશ છે, અધર્માસ્તિકાયની પણ જેટલી સંખ્યા છે તેટલી એક જીવના પ્રદેશની સંખ્યા લોકાકાશ પ્રમાણે અસંખ્યપ્રદેશ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

આવી વાત સર્વજ્ઞ સિવાય ક્યાંય હોય નહિ. વાતું ભલે કરી હોય. શ્વેતાંબરમાં પણ ફેર છે. આ જે પ્રદેશ કહે છે એવા પ્રદેશની સંખ્યાનું માપ એમાં છે જ નહિ. અહીંયા પુસ્તક છે એમાં કબુલ કર્યું છે કે આપણે ૩૪૩ રાજુ પ્રમાણ લોક કહીએ છીએ તો એટલા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પ્રદેશને મૂળ માપ કરવા જઈએ તો આપણે જે ૩૪૩ રાજુ કહીએ છીએ એ પ્રમાણે મેળ નથી થતો. અહીંયા એક પુસ્તક છે. શ્વેતાંબર પુસ્તક છે ને? ભાઈ! જોયું છે. ૩૪૩ રાજૂ કહે છે ને? એમાં જેટલા છે એ આપણે કહીએ છીએ તે મેળ નથી ખાતો. અને દિગંબર લોકો કહે છે એ પ્રમાણે મેળ ખાય છે. એક જીવના અસંખ્ય પ્રદેશમાં પણ એના કથનમાં ફેર છે. કારણ કે લોકાકાશમાં ફેર છે તો એક જીવના (પ્રદેશમાં પણ ફેર આવવાનો). શ્વેતાંબરમાં પણ ફેર છે તો અન્યમતિનું તો વાત શું કરવી? આહાહા..! ભારે ઝીણું, ભાઈ!

અહીં એ કહ્યું, **'એવા લોકાકાશના માપ...'** માપ (એટલે) પ્રમાણ, હોં! લોકાકાશ પ્રમાણે થવું એમ નહિ. એ તો કોઈ વખતે કેવળજ્ઞાન સમુદ્ઘાતમાં હો અને કોઈને ન પણ હો. પણ એની સંખ્યા કેટલી? લોકાકાશ પ્રમાણે માપ. બસ એટલું. લોકાકાશ પ્રમાણે વ્યાપ્ત થાય એમ નહિ. સમજાય છે કાંઈ? **'લોકાકાશના માપ જેટલા માપવાળું આત્મ-અવયવપણું...'** આહાહા..! આત્મા અવયવી અને પ્રદેશ અવયવ. જેમ આ શરીર અવયવી છે, હાથ, પગ, આંગળી અવયવ છે. એમ ભગવાનઆત્મા અખંડ એકરૂપ અવયવી અને પ્રદેશ તેના અવયવ છે. આહાહા..!

જેમ શ્રુતજ્ઞાન પ્રમાણ અવયવી છે અને નિશ્ચય-વ્યવહારનય અવયવ છે. સમજાય છે કાંઈ? શ્રુતજ્ઞાન પ્રમાણમાં આત્માનો જે અનુભવ થયો તો એ શ્રુતજ્ઞાનની પર્યાયને પ્રમાણ કહે છે અને પ્રમાણમાં બે ભેદ પાડવા એ અવયવીના અવયવ છે. અવયવી છે તો પર્યાય, ભાવશ્રુતની પર્યાય પણ છે પર્યાય, પણ એ પર્યાયને અખંડ કહીને અવયવી કહેવી અને નયમાં નિશ્ચય અને વ્યવહાર બે ભાગ પડે તેને અવયવ કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? એમ ભગવાનઆત્મા એક છે, અસંખ્ય પ્રદેશ તેના અવયવ છે. આહાહા..! આ આંગળી, હાથ અવયવ છે એ એના નથી, એ તો જડના છે. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા...! બહુ નાખ્યું છે. આ શરીરના અવયવ પણ આપણા છે. આંખના, પગના, કાનના.. ધૂળમાં પણ નથી, એ તો પર છે. તારા અવયવ તો અસંખ્ય પ્રદેશ એ તારા અવયવ છે.

અસંખ્ય પ્રદેશના ધામમાં અનંતગુણના ધામનો પ્રકાશ ઉઠે છે. એ તારો દેશ–અસંખ્ય પ્રદેશ એવા છે કે પ્રદેશે પ્રદેશે અનંતગુણ વ્યાપક છે. એક પ્રદેશમાં બીજા પ્રદેશનો અભાવ છે. એમ તિર્યક્પ્રચય કહેવું પણ એક પ્રદેશમાં જે ગુણ છે તેટલા જ બીજામાં છે, એ સર્વ ગુણમાં વ્યાપક છે. શું કહ્યું સમજાણું? ૯૯ ગાથામાં છે, ૯૯ 'પ્રવચનસાર' તિર્યક્પ્રચય. એક પ્રદેશ છે એમાં બીજા પ્રદેશનો અભાવ છે તો અસંખ્ય પ્રદેશ સિદ્ધ થાય છે, નહિતર સિદ્ધ નહિ થાય. પણ એક પ્રદેશમાં જે ગુણ અનંત છે તે એક જ પ્રદેશમાં છે એમ નથી. એ અનંતગુણ અસંખ્ય પ્રદેશમાં વ્યાપક છે. સમજાય છે કાંઈ? પ્રદેશ સિદ્ધ કરવા હોય તો એક પ્રદેશનો બીજા પ્રદેશમાં અભાવ છે. તો અસંખ્ય સિદ્ધ થશે. એક પ્રદેશમાં બીજો પ્રદેશ હોય તો અસંખ્ય સિદ્ધ ક્યાંથી થશે? ન્યાય સમજાય છે? એક પ્રદેશમાં જે અનંતગુણ છે તે જ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ગુણ બીજા પ્રદેશમાં છે અને તે જ ગુણ ત્રીજા પ્રદેશમાં છે અને તે જ ગુણ અસંખ્ય પ્રદેશમાં છે. કહો, 'ધન્નાલાલજી'! શરાફનો ધંધો આ છે. આહાહા..!

અરે..! જેને ખબર પણ નથી કે આત્મા અસંખ્ય પ્રદેશ એ અવયવ છે. ભગવાન અવયવી અને એના અવયવ આ છે. જેમ શરીર અવયવી છે અને વીસ આંગળી હાથની અને પગની, હાથ, પગ બધા એના અવયવ કહેવાય છે, એના ભાગ છે. એકરૂપ વસ્તુના એ ભાગ છે. એમ ભગવાનઆત્મા દ્રવ્યરૂપે એક છે અને અસંખ્ય પ્રદેશ એના અવયવ છે. આ આંગળી ને હાથ, પગ એના અવયવ નથી, એ તો જડના છે. આહાહા..! અને અવયવ અવયવમાં અનંતગુણ વ્યાપક છે. અસંખ્ય પ્રદેશ છે તો અસંખ્યમા ભાગમાં એક પ્રદેશ આવ્યો. તો અનંતગુણનો અનંતમા ભાગમાં અનંતગુણનો અનંતમો ભાગ એક પ્રદેશમાં છે એમ નથી. સમજાય છે કાંઈ? આહાહા..! એ તો ગુણનો પાટલો મોટો! સોનાનો પાટલો હોય છે ને? પાટલા સમજો છો? સોનું.. સોનું. સોનાની લઠ હોય ને? લઠ. એમ અનંતગુણની લઠ એક સમયમાં છે. આહાહા..! અરે..! કોઈ દિ' ઘરનો વિચાર કર્યો નથી. 'પોપટભાઈ'! અને પર ઘરની માંડી છે. આહાહા..! અર..ર...! મારું ઘર શું? અને મારા ઘરનું ક્ષેત્ર શું? અને મારા ક્ષેત્રમાં ગુણ શું? અને એ ગુણની પર્યાય શું? આહાહા..! સમજાય છે કાંઈ?

નિશ્ચયથી તો એ અસંખ્ય પ્રદેશમાં જે નિર્મળ પર્યાય (થાય છે).. અહીં નિર્મળની વાત છે, હોં! મલિનની વાત નથી. અસંકોચવિકાસમાં પણ શક્તિ છે. મલિનપણું છે તેનો તો તેમાં અભાવ છે. આહાહા..! શું કહ્યું ઇ? અસંખ્ય પ્રદેશી નિયત, એમ કહ્યું ને? નિયત કહ્યું ને? આહા..! જેનું લક્ષણ, અવયવ જેનું લક્ષણ છે એવી નિયતપ્રદેશત્વશક્તિ. નિશ્ચયપ્રદેશત્વશક્તિ. નિયત નામ નિશ્ચય પ્રદેશત્વશક્તિ. એનો અર્થ, જે પ્રદેશ છે તે નિશ્ચય અસંખ્ય જ છે, એમ સિદ્ધ કરવું છે. અને 'પંચાસ્તિકાય'માં જે લીધું, હમણા વાંચ્યું, એ એકરૂપ પ્રદેશ, ભેદ નહિ. ત્યાં અસ્તિકાય સિદ્ધ કરવી છે. અસ્તિ એકરૂપ છે. સમજાય છે કાંઈ? અસંખ્ય પ્રદેશની અસ્તિ એકરૂપ છે અને અહીં શક્તિના વર્ણનમાં અસંખ્ય પ્રદેશ નિયત (કહ્યું) એ પ્રદેશની સંખ્યા નિયત છે. સમજાય છે કાંઈ?

નિજઘર દ્રવ્ય, નિજઘરનું ક્ષેત્ર, નિજઘરનો કાળ, નિજઘરનો ભાવ. એ ચારે એક જ વસ્તુ છે. નિજઘરનું દ્રવ્ય જુદું, નિજઘરનું ક્ષેત્ર જુદું, એમ નથી. જેટલામાં દ્રવ્ય છે, તેટલામાં ક્ષેત્ર છે, તેટલામાં કાળ છે, તેટલામાં ભાવ છે. આહાહા..! ભેદની દૃષ્ટિ છોડી.. આવ્યું ને ૨૫૨માં? દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવનો ભેદ, પોતાની પર્યાયને પણ ત્યાં પરકાળ કહ્યું. આહાહા..! અને પોતાના અસંખ્ય પ્રદેશમાં પણ આ ક્ષેત્ર આ છે ને આ છે, એવો વિકલ્પ ઉઠાવવો એ પરક્ષેત્ર છે. આહાહા..! અને ત્રિકાળી ભગવાન સ્વકાળમાં છે તેની એક સમયની પર્યાયનું લક્ષ કરવું તે પરકાળ છે. અને પરકાળની સ્વકાળમાં નાસ્તિ છે. આહાહા..! અનેકાંત.

જેમ પરદ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ. પરદ્રવ્યના ક્ષેત્ર, કાળ, ભાવની એમાં અસ્તિ છે. પણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એ પરદ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની નાસ્તિ આત્મામાં છે. તેનો આમાં અભાવ છે. સમજાય છે કાંઈ? એ તો સ્થૂળ લીધું. અહીંયા તો ત્રિકાળી ભગવાન, ત્રિકાળી વસ્તુ સ્વકાળ ત્રિકાળ... ત્રિકાળ.. ત્રિકાળ... ત્રિકાળ.. ત્રિકાળ એ સ્વકાળ. એક સમયની નિર્મળ પર્યાય તે પરભાવ. 'નિયમસાર'માં તો એક સમયની નિર્મળ પર્યાયને પરદ્રવ્ય કહ્યું છે. પચાસ ગાથા. સમજાય છે કાંઈ? 'નિયમસાર'. આહાહા..! તત્ત્વજ્ઞાન બહુ સૂક્ષ્મ, ભાઈ!

મુમુક્ષુ :– કોઈ ઠેકાણે આમ કોઈ ઠેકાણે તેમ –

ઉત્તર :– એમ કહે છે, કોઈ ઠેકાણે કાંઈક (કહ્યું છે). કઈ અપેક્ષા છે તે સમજવું જોઈએ ને!

મુમુક્ષુ :– ગુરુગમ વિના ન આવડે.

ઉત્તર :– આહાહા..! સમજાય છે કાંઈ?

અહીંયા કહે છે.. આહાહા..! હવે કૌંસ. નિયતપ્રદેશત્વશક્તિ લીધી ને? નિજક્ષેત્ર. એ ક્ષેત્રમાંથી તો આનંદ પાકે છે. એવા નિજ પ્રદેશ છે. સમજાય છે કાંઈ? કળથીનું ક્ષેત્ર ભિન્ન હોય છે અને ચોખા પાકે એનું ક્ષેત્ર ભિન્ન હોય છે. જે ક્ષેત્રમાં કળથી પાકે ત્યાં ચોખા ન પાકે. અહીંયા 'જિથરી' માં જમીન છે ત્યાં કળથી પાકે. કળથી સમજ્યા? આટલી હોય છે. ન સમજાણું?

મુમુક્ષુ :– અમારે ત્યાં નથી થતી.

ઉત્તર :– ના, બધે થાય છે. કળથી.. કળથી. એનું શાક કરે છે. લાખો મણ અહીંયા પાકે છે. અને ચોખા ભિન્ન (ક્ષેત્રમાં) પાકે. એમ આ ભગવાન તો અસંખ્ય પ્રદેશી નિયત ક્ષેત્રમાં પવિત્રતા પાકે એવું એ ક્ષેત્ર છે. એમાં અપવિત્રતા પાકે એવું આ ક્ષેત્ર છે જ નહિ. આહાહા..! કૌંસમાં છે.

**'(આત્માના લોકપરિમાણ અસંખ્ય પ્રદેશો નિયત જ છે.'** નિયત, જોયું? નિશ્ચય જ છે. સંખ્યાની અપેક્ષાએ **'(તે પ્રદેશો સંસાર અવસ્થામાં સંકોચવિસ્તાર પામે છે અને મોક્ષ અવસ્થામાં ચરન શરીર કરતાં કાંઈક ઓછા પરિમાણે સ્થિત રહે છે).'** એ રીતે વસ્તુનું સ્વરૂપ છે. લ્યો, આજે પણ એક કલાક ચાલ્યું. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**પ્રવચન નં. ૨૩ શક્તિ–૨૪ થી ૨૬ શુક્રવાર, (દ્વિતીય) શ્રાવણ વદ ૫, તા. ૨-૦૯-૧૯૭૭**

---

આ 'સમયસાર' શક્તિનો અધિકાર છે. શક્તિ એટલે આત્માના ગુણ. ગુણી ભગવાનઆત્મા છે અને એમાં આ શક્તિ–રત્ન અનંતશક્તિના રત્નથી ભરેલો રત્નાકર ભગવાનઆત્મા છે. એમાં શક્તિના વર્ણનમાં શક્તિનું જ્ઞાન કરવું. જાણવામાં આ શક્તિ અને આ શક્તિવાન એવું જ્ઞાન કરવું પણ શ્રદ્ધામાં તો શક્તિ અને શક્તિવાનનો ભેદ છોડીને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અભેદ શક્તિવાનની દૃષ્ટિ (કરવી). એનાથી સમ્યગ્દર્શનરૂપી રત્ન.. ત્રિરત્ન કહે છે ને? રત્નત્રય, મોક્ષના માર્ગને રત્નત્રય કહે છે ને? રત્નત્રય કઈ રીતે પ્રગટ થાય? કે જે આત્મા વસ્તુ છે એમાં અનંતશક્તિરૂપ રત્નથી ભરેલો ભંડાર છે. આહાહા..! આવા શક્તિવાન ઉપર દૃષ્ટિ કરવાથી સમ્યગ્દર્શનરૂપી રત્ન પ્રગટ થાય છે.

દ્રવ્ય-રત્ન, ગુણ-રત્ન, પર્યાયમાં રત્ન પ્રગટ થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? ગમે તેટલું ઓછુંવત્તુ જાણપણું હોય તેની સાથે કોઈ સંબંધ નથી. આહાહા..! અને વર્તનમાં કદાચિત્ ચારિત્ર–સ્વરૂપની રમણતા ન હોય પણ એ વસ્તુની દૃષ્ટિમાં એકરૂપ દૃષ્ટિ કરવી એમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર રત્નત્રય પ્રગટ થાય છે અને એ રત્નત્રયનું ફળ અનંતજ્ઞાન, દર્શન એ રત્નત્રયનું ફળ છે. એ તો મહારત્ન છે. જ્યારે પર્યાય રત્ન છે અને ફળ રત્ન છે તો તેના કારણ દ્રવ્ય, ગુણ તો મહારત્ન છે. સમજાય છે કાંઈ? આહાહા..! આ શક્તિનું વર્ણન સાધારણ વાત નથી. અલૌકિક વર્ણન છે.

આ ચોવીસમી શક્તિ ફરીને લઈએ. 'રામજીભાઈ' એ કહ્યું, ફરીને લેવી. ત્રેવીસ તો ચાલી. ચોવીસમી શક્તિ છે તો નિત્ય ધ્રુવ પણ છે કેવી? **'અનાદિ સંસારથી માંડી...'** ઓહોહો..! નિગોદથી માંડી, અનાદિ સંસાર નિગોદથી માંડીને **'સંકોચવિસ્તારથી લક્ષિત...'** અસંખ્ય પ્રદેશ છે એ સંકોચ થાય છે અને વિસ્તાર થાય છે. સંખ્યા એટલી ને એટલી રહે. એક એક પ્રદેશ સંકોચવિસ્તાર પામે છે એમ નથી. સમજાય છે કાંઈ? ફક્ત સંકોચવિસ્તારનો અર્થ એટલો કે એક પરમાણુ રોકે એટલો પ્રદેશ છે તેમાં બીજો પ્રદેશ આવી જાય છે. એનું નામ સંકોચ છે. અને અસંખ્ય પ્રદેશનો જે વિકાસ થાય છે, લોક પ્રમાણે હો કે એક હજાર જોજનનો મચ્છ હો, એ પ્રમાણે અસંખ્ય પ્રદેશ વ્યાપક હોય, પણ છે તો અસંખ્ય. એમાં વધઘટ થતી નથી. એક વાત.

એ અસંખ્ય પ્રદેશને 'પંચાસ્તિકાય' માં તો એક પ્રદેશ જ કહ્યું છે. બત્રીસમી ગાથાની ટીકામાં છે. 'પંચાસ્તિકાય' છે અહીંયા? કાલે બતાવ્યું હતું ને? પંડિતજીને બતાવ્યું હતું. પાનું જ એ નીકળ્યું હતું. અસંખ્ય પ્રદેશ એ ભેદથી કથન છે અને અસંખ્ય પ્રદેશનું એકરૂપ એ અભેદ કથન છે. આહાહા..! એવા એકપ્રદેશરૂપ, અસંખ્ય પ્રદેશને એકપ્રદેશ કહ્યું. અહીંયા અસંખ્ય પ્રદેશને નિયત–નિશ્ચય કહ્યું. નિયત પ્રદેશ (શબ્દ) કહ્યો છે ને? કેમ? કે, સંખ્યાએ અસંખ્ય છે એ નિશ્ચય છે, એમ કહેવું છે. અસંખ્ય પ્રદેશને એકરૂપ કરીને એકપ્રદેશ કહેવું અને અસંખ્ય પ્રદેશને ભેદ કરીને વ્યવહાર કહેવો. સમજાય છે કાંઈ? અત્યારે એ વાત નહિ. અત્યારે તો અસંખ્ય પ્રદેશ છે એ નિશ્ચયથી છે. સમજાય છે કાંઈ?

એ પ્રશ્ન તો ઘણા વખત પહેલા ઉઠ્યો હતો. 'અમરેલી' જતા હતા. ત્યાં એક 'રામજી હંસરાજ' હતા. હતા ને? કરોડપતિ છે. તેના પિતાજી હતા. એ કાશી ભણવા ગયેલા. બુદ્ધિ સાધારણ હતી. એણે પ્રશ્ન કર્યો હતો. લગભગ (સંવત) ૧૯૭૮ ની સાલ હશે. ૧૯૭૮. સ્વાગતમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સામા આવ્યા હતા. રસ્તામાં પ્રશ્ન ઉઠ્યો હતો કે આ પ્રદેશ છે એ કલ્પનાથી છે. ભાઈ! 'હંસરાજભાઈ'એ એમ કહ્યું. આકાશના પ્રદેશ અનંત, જીવના અસંખ્ય એ તો કલ્પના છે. મેં કીધું, કલ્પના નથી. આ તો ૧૯૭૮ ની વાત છે. તમારા જન્મ પહેલા. બાવીસ અને તેંત્રીસ, પંચાવન થયા ને? 'અમરેલી' જતા હતા. એક વરસરા કરીને ગામ છે. ચાલીને જતા હતા ને? વરસરાથી ત્યાં જતા હતા. રસ્તામાં લોકો લેવા આવે ને? એમાં આ પ્રશ્ન ઉઠ્યો. રેલના પાટા છે ને? એમાં આ પ્રશ્ન ઉઠ્યો કે આ જે પ્રદેશ કહેવામાં આવે છે એ કલ્પના છે. પ્રદેશ-બ્રદેશ નથી. એમ નથી. એ અહીં સિદ્ધ કરે છે.

અસંખ્ય પ્રદેશ નિયત છે, નિશ્ચયથી છે. સમજાય છે કાંઈ? સંખ્યાના નિશ્ચયને નિયત લાગુ પડે છે. પછી એને એકરૂપ કહેવું અને ભેદથી અસંખ્યનો વિચાર કરવો એ વળી વ્યવહારનય થઈ ગયો. અહીં તો અસંખ્ય પ્રદેશ સંખ્યાથી નિયત છે. વ્યાજબી રીતે છે, યથાર્થ રીતે છે. આકાશના અનંત પ્રદેશ છે તેમ જીવના અસંખ્ય પ્રદેશ યથાર્થ છે.

કહે છે, **'સંસારથી માંડીને સંકોચવિસ્તારથી લક્ષિત...'** સંકોચવિસ્તારથી જણાય એવો. છે ને? **'અને જે ચરમ શરીરના પરિમાણથી કાંઈક ઊણા...'** છેલ્લું શરીર મુક્ત થવાનું છે તો શરીર પ્રમાણે આત્મપ્રદેશ રહે છે. સિદ્ધમાં પણ શરીર પ્રમાણે આત્મપ્રદેશ રહે છે. શરીરને કારણે નહિ. પોતાની યોગ્યતાથી છેલ્લા શરીર પ્રમાણે આત્મપ્રદેશનું રહેવું તે પોતાનો સ્વભાવ છે. કહે છે કે, **'ચરમ શરીરના પરિમાણથી...'** પરિમાણ એટલે માપ. ચરમ શરીરના માપથી કંઈક ન્યૂન. ચરમ શરીરનું જે માપ છે, ચરમ શરીરનું માપ, તેનાથી થોડું ન્યૂન. સમજાય છે કાંઈ? **'કાંઈક ઊણા પરિમાણે...'** ન્યૂન માપથી. **'અવસ્થિત થાય છે...'** પછી અસંખ્ય પ્રદેશ ચરમ શરીર પરિમાણે સ્થિત રહે છે. સાદિઅનંત એમ ને એમ રહે છે. સિદ્ધમાં છેલ્લા શરીરથી થોડું ન્યૂન સાદિઅનંત રહે છે. તેને અવસ્થિત કહ્યું. સંકોચવિસ્તારને લક્ષિત કહ્યું. આહાહા..!

સંકોચવિસ્તાર થાય છે તે જાણવાલાયક છે પછી સાદિઅનંત અસંખ્ય પ્રદેશ અવસ્થિત રહે છે. પછી કંઈ ફેરફાર થતો નથી. તેને અવસ્થિત કહ્યું. **'અવસ્થિત થાય છે એવું લોકાકાશના માપ...'** આહાહા..! લોકના આકાશ પ્રમાણે જેનું માપ છે, (તેના) જેટલા માપવાળું આત્મઅવયવ છે. ભગવાનઆત્મા અવયવી છે ત્યારે પ્રદેશ એના અવયવ છે. જેમ શરીર એ અવયવી છે તો હાથની, પગની આંગળી, હાથ, પગ એ અવયવ છે. સમજાય છે કાંઈ? એમ વસ્તુ અવયવી છે. અસંખ્ય પ્રદેશ તેના અવયવ છે. આ અંગ એના અવયવ નથી. સમજાય છે કાંઈ? આ તો માટીના-ધૂળના અવયવ છે. એના અવયવ તો અસંખ્ય પ્રદેશ એ એના અવયવ છે. અને એક એક પ્રદેશમાં અનંતગુણ વ્યાપક છે.

મુમુક્ષુ :- એક એક પ્રદેશમાં આખેઆખો ગુણ?

ઉત્તર :- આખો નહિ, વ્યાપક કીધું. એક એક ગુણ અસંખ્યમાં વ્યાપક છે. એક પ્રદેશમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આખો ગુણ છે એમ નથી.

મુમુક્ષુ :- અસંખ્ય પ્રદેશમાં આખો ગુણ છે.

ઉત્તર :- અસંખ્ય પ્રદેશમાં આખો ગુણ છે. અને એક પ્રદેશમાં પ્રદેશ આખો છે. એક પ્રદેશમાં બીજા પ્રદેશનો અભાવ છે. એમ એક પ્રદેશમાં જે ગુણ છે તેનો બીજાગુણમાં અભાવ છે એમ નથી. શું કહ્યું?

મુમુક્ષુ :- એક ગુણમાં બીજા ગુણનો અભાવ નથી, પ્રદેશમાં અભાવ છે.

ઉત્તર :- પ્રદેશમાં અભાવ છે. ૯૯ ગાથામાં એમ લીધું છે. અસંખ્ય પ્રદેશ એનું સ્વરૂપ છે પણ એ તિરછા છે. એક પ્રદેશ બીજા પ્રદેશરૂપ છે અને બીજો પ્રદેશ ત્રીજારૂપે છે, એમ નથી. એક પ્રદેશમાં બીજા પ્રદેશનો અભાવ છે, ત્યારે અસંખ્ય સિદ્ધ થશે. પણ એક પ્રદેશમાં જે જ્ઞાનાદિ ગુણ અનંત છે એ એક જ પ્રદેશમાં છે એમ નથી. અસંખ્ય પ્રદેશમાં તીરછા વ્યાપક છે. આવે છે ને? સામાન્ય સમુદાય. 'પ્રવચનસાર'માં આવે છે, સામાન્ય સમુદાય. અને એ ગુણની આકૃતિની જે વ્યંજનપર્યાય છે... વ્યંજનપર્યાય વળી નવી વાત આવી. પ્રદેશની આકૃતિની વ્યંજનપર્યાય, એ સંસારમાં સંકોચવિસ્તારરૂપ વ્યંજનપર્યાય છે. અને છેલ્લે ચરમ શરીર પ્રમાણ વ્યંજનપર્યાય છે. દ્રવ્યના પ્રદેશની પર્યાયને વ્યંજનપર્યાય કહે છે અને એમાં બીજા અનંતગુણ છે તેની પર્યાયને અર્થપર્યાય કહે છે. અરે...! આવી વાત. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ગુણોમાં વ્યંજનપર્યાય ...

ઉત્તર :- હા, છે. પણ દ્રવ્યના પ્રદેશને જ વ્યંજનપર્યાય કહે છે અને પ્રદેશમાં જે અનંતગુણ છે તેની પર્યાયને અર્થપર્યાય કહે છે.

અહીંયા બીજી વાત કહેવી છે કે વ્યંજનપર્યાયનું આયત જે ક્રમસર થાય છે અને અક્રમ જે ગુણ છે, તે વ્યંજનપર્યાય અને અર્થપર્યાયની ક્રમવર્તી પર્યાય અને અક્રમવર્તી ગુણ, એ બેના સમુદાયને અહીંયા આત્મા કહેવામાં આવે છે. એક વાત (થઈ).

બીજી વાત. એમાં જે... ક્રિયામાં આવી ગયું છે. પ્રદેશમાં જેટલું કંપન આદિ છે તે કંપનનો અહીંયા અભાવ લેવો છે. એ નિષ્ક્રિયમાં આવી ગયું. નિષ્ક્રિયશક્તિ અનંતગુણમાં વ્યાપક છે. 'ધન્નાલાલજી'! તો અહીંયા આ પણ જે અસંખ્ય પ્રદેશની વ્યંજનપર્યાય છે તેમાં પણ નિષ્ક્રિયતા છે. એ પ્રદેશ સ્થિર થઈ ગયા. સમજાય છે કાંઈ? અને જેટલી અસ્થિરતા છે તેનો તેમાં અભાવ છે. અહીં વ્યંજનપર્યાયની મલિનતા લેવી નથી. નિર્મળ પર્યાય લેવી છે. આહાહા..! આવો માર્ગ. સમજાય છે કાંઈ?

કહે છે કે આત્માની નિયતપ્રદેશત્વશક્તિ. નિશ્ચયપ્રદેશશક્તિ. આહાહા..! અને આ શક્તિનું રૂપ તો અનંતગુણમાં પણ છે. સમજાય છે કાંઈ? આહા..! 'દીપચંદજી'એ બહુ વિસ્તાર કર્યો છે. 'સવૈયા'માં બહુ વિસ્તાર કર્યો છે. સમજ્યા? 'સવૈયા' છે ને? 'અધ્યાત્મ પંચસંગ્રહ'.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એમાં પાંચ (અધિકાર છે). આ 'અધ્યાત્મ પંચ સંગ્રહ' છે, એમાં પાંચ છે ને? 'જ્ઞાનદર્પણ', 'સ્વરૂપાનંદ', 'ઉપદેશ સિદ્ધાંત રત્ન', 'સવૈયા' એ 'સવૈયા' માં આનો બહુ વિસ્તાર કર્યો છે, બહુ. એ ઝટ સાધારણ સભાને સમજાય નહિ. નટ ને થટ ને રૂપ ને ભાવ ને બહુ લીધું છે. 'સવૈયા' છે ને? 'સવૈયા'. જુઓ!

**'ગુણ એક-એક જાકે પરજે અનંત કરે, પરજે મેં નંત નૃત્ય નાના વિસતર્યો હૈ.'** કેમ કે એક એક પર્યાયમાં જ્ઞાનની પર્યાય દ્રવ્યને જાણે, ગુણને જાણે, પર્યાયને જાણે એવી એક સમયમાં અનંતા ગુણની પર્યાય દ્રવ્યને જાણે, એવી જ્ઞાનની પર્યાયનું નૃત્ય થાય છે. સમજાય છે કાંઈ? **'નૃત્ય મેં અનંત થટ...'** એક પર્યાયમાં નૃત્ય અનંત અને એમાં અનંત (ઘટ). સામાન્ય-વિશેષ વસ્તુનું પણ જ્ઞાન, સંકોચવિસ્તારનું જ્ઞાન, અવસ્થિત છે તેનું જ્ઞાન, અનંતગુણનું જ્ઞાન, અનંતી પર્યાયનું જ્ઞાન, એ પર્યાયમાં નટમાં થટ છે. લાંબી વાત છે. એમાં અનંત કળા છે. એમાં પણ એક એક પર્યાયના અનંત ભાગમાં નૃત્ય અને એના અનંત ભાગમાં થટ, થટમાં અનંતી કળા છે. કળામાં અંદર ભાગ હોય છે. એનો વિસ્તાર કરાય પણ એ સૂક્ષ્મ બહુ છે. આ તો એકદમ ટુંકા શબ્દોમાં (કહીએ છીએ).

**'કલા મેં અખંડિત અનંત રૂપ ધર્યો હૈ.'** પર્યાયમાં જ્ઞાનની પર્યાય બધાને જાણે એ નૃત્ય થયું. એ નૃત્યમાં, એક સમયની પર્યાયમાં અનંતા અનંતા ગુણ અને અનંતી પર્યાયના થટ જાણે છે. અને એ થટમાં એક એક પર્યાયની કળા છે અને કળામાં અખંડિત અનંત રૂપ છે.

**'રૂપ મેં અનંત સત સત્તા મેં અનંત ભાવ, ભાવ કો લખાવહુ અનંત રસ ભર્યો હૈ. રસ કે સ્વભાવ મેં પ્રભાવ હૈ અનંત 'દીપ' સહજ અનંત યો અનંત લગિ કર્યો હૈ.'** પછી વ્યાખ્યા કરી છે. પહેલા પણ વાંચ્યું છે ને. આહાહા..! 'દીપચંદજી' નો ક્ષયોપશમ, સમ્યગ્દર્શન સહિત ક્ષયોપશમ ઘણો હતો. સમજાય છે કાંઈ? સ્વસંવેદન સહિત ક્ષયોપશમ ઘણો હતો. પણ લખે છે એમ 'દીપચંદજી સાધર્મી' એમ લખે. પણ એમની ક્ષયોપશમ શક્તિ ઘણી હતી. બસ્સો વર્ષ પહેલા લગભગ થઈ ગયા. 'શ્રીમદ્' થયા તો 'શ્રીમદ્'નો ક્ષયોપશમ એ વખતે ઘણો હતો. પણ બહારમાં સ્પષ્ટીકરણ બહુ ન કર્યું. બાકી ક્ષયોપશમ બહુ હતો. અને આણે તો બહારમાં સ્પષ્ટીકરણ કર્યું. એક એક ગુણ ને એક એક પર્યાય, એક એક પર્યાયમાં અનંત નટ ને થટ ને રૂપ ને ભાવ ને પ્રભાવ... દરબાર ભર્યો છે. સમજાય છે કાંઈ? દરબારના નિધાનમાં મોટા ભંડાર હોય છે ને? હીરા-માણેકના મોટા ભંડાર હોય છે. મોટા રાજા ચક્રવર્તીના ભંડારમાં નવ નિધાન હોય છે. એના એક એક નિધાનની એક એક દેવ સેવા કરે. નિધાનમાં તો ઘણી વસ્તુ ભરી છે.

એમ ભગવાનઆત્મા અનંત રત્નાકરથી ભરેલો દરિયો, સમુદ્ર છે. આહાહા..! એનાથી ઊંચી ચીજ જગતમાં કોઈ છે નહિ. સમજાય છે કાંઈ? એવા આત્માના પ્રદેશ.. છે? **'આત્માના**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**લોકપરિમાણ અસંખ્ય પ્રદેશો નિયત જ છે.**' નિશ્ચયથી અસંખ્ય છે, કલ્પનાથી છે એમ નથી. આહાહા..! '**તે પ્રદેશો સંસાર-અવસ્થામાં સંકોચવિસ્તાર પામે છે અને મોક્ષ-અવસ્થામાં ચરમ શરીર કરતાં કાંઈક ઓછા પરિમાણે સ્થિત રહે છે.**' આ ચોવીસમી શક્તિ (થઈ). સમજાય છે કાંઈ? કાલે તો એક કલાક ચાલી હતી. આવે ઇ આવે ને! આહાહા..!

એક એક પ્રદેશમાં અનંતગુણ ભર્યા છે. અસંખ્ય પ્રદેશમાં વ્યાપક છે. આહાહા..! અને એક એક ગુણમાં અનંતુ સામર્થ્ય ભર્યું છે. એક એક શક્તિમાં અનંતી પ્રભુતા ભરી છે. આ નિયતપ્રદેશત્વશક્તિમાં પણ અનંત પ્રભુતા છે અને બીજી એક વાત યાદ આવી. અસંખ્ય નિયત પ્રદેશ ભગવાનના છે એમાં સર્વજ્ઞ અને સર્વદર્શિના નિધાન ભર્યા છે. પોતાના દેશમાં નિધાન છે. આહાહા..! 'ડાહ્યાભાઈ'! આવું છે જરી.

અસંખ્ય પ્રદેશ સ્વદેશ છે. એમાં સર્વજ્ઞ અને સર્વદર્શિ (શક્તિ) પરિપૂર્ણ ભરી છે. આહાહા..! સર્વજ્ઞ અને સર્વદર્શિ, એવી શક્તિ પરિપૂર્ણ સ્વદેશમાં અસંખ્ય પ્રદેશમાં વ્યાપક છે. આહાહા..! એ સર્વજ્ઞસ્વરૂપી જ ભગવાન છે અને સર્વદર્શિ સ્વરૂપી ભગવાન છે. આહાહા..! એ સર્વજ્ઞ અને સર્વદર્શિ જ્યારે એક સમયની પર્યાયમાં પ્રગટ થાય છે તો સર્વદર્શિશક્તિ એક સમયની પર્યાયમાં બધું સામાન્ય તરીકે જુએ છે. ભેદ પાડ્યા વિના, વિશેષ કર્યા વિના સામાન્ય જે સત્ છે તેને જુએ છે અને તે જ સમયે કેવળજ્ઞાનની પર્યાય એક એક દ્રવ્યના ભિન્ન ગુણ, ગુણની ભિન્ન પર્યાય, પર્યાયના ભિન્ન અવિભાગ પ્રતિચ્છેદ, તેમાં નટ ને થટ બધું છે. બધાને કેવળજ્ઞાનની એક સમયની પર્યાય એક સમયમાં જાણે છે. તે જ સમયે દર્શન ભેદ પાડ્યા વિના જુએ છે અને એ જ સમયે જ્ઞાનની પર્યાય બધાને ભેદ કરીને જાણે છે. તેને અહીંયા 'પરમાત્મ પુરાણ' માં અદ્ભુતરસમાં લીધું છે. સમજાય છે કાંઈ? અદ્ભુતરસની વ્યાખ્યા કરતા એ લીધું છે. અદ્ભુત તો જુઓ! આહાહા..!

ભગવાનઆત્મા અસંખ્ય પ્રદેશમાં સર્વદર્શિ સર્વજ્ઞશક્તિ જ્યારે શક્તિમાંથી વ્યક્તિ પ્રગટ થાય છે, તો એક સમયમાં સર્વને ભેદ પાડ્યા વિના દેખે અને બધાને ભેદ પાડીને જાણે. એક સમયમાં બે શક્તિ અને બન્નેના લક્ષણ ભિન્ન. સમજાય છે કાંઈ? એમાં છે પણ હવે યાદ (આવવું જોઈએ ને). તે દિ' નીકળ્યું એમ કંઈ બધી વખતે નીકળે? અદ્ભુતરસમાં છે. નવરસ આવ્યા, લ્યો!

'**અદ્ભુતરસ કહિયે હૈ–અદ્ભુત સત્તા મેં ઐસી હૈ...**' અદ્ભુતતા સત્તામાં એવી છે, ભગવાનઆત્માની સત્તા, એની સત્તામાં અદ્ભુતતા એવી છે '**સાકાર જ્ઞાન હૈ, નિરાકાર દર્શન હૈ, દોઉ કી સત્તા એક હૈ.**' એક સમયમાં છે. '**યહ અદ્ભુત ભાવરસ હૈ.**' આ અદ્ભુત ભાવરસ છે. પંડિતજીને બતાવ્યું. છે અદ્ભુતરસ? સાકાર જ્ઞાન છે. એક સમયમાં સાકાર બધાનો ભેદ પાડી પાડીને જાણે. સાકારનો અર્થ આકાર નહિ. સાકારનો અર્થ સ્વ-પર અર્થનો ભેદ કરીને જેટલા ભેદ છે તેને તે પ્રમાણે જાણે તેને સાકાર કહીએ. જ્ઞાનને સાકાર, પરનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આકાર થાય છે માટે તેને સાકાર કહેવામાં આવે છે, એમ નથી. એ 'તત્ત્વાર્થ સાર' માં છે. 'અમૃતચંદ્રાચાર્ય' નું 'તત્ત્વાર્થ સાર' છે ને? એમાં આ બોલ છે. જ્ઞાનને સાકાર એ કારણે નથી કહ્યું કે એમાં પરનો આકાર પડે, ઝલક પડે માટે સાકાર છે, એવી વાત નથી. પણ જ્ઞાનનો સ્વ-પર અર્થનો પ્રકાશક સ્વભાવ છે, તે સ્વપરને જાણવું તે સાકાર છે. સાકારમાં વિકલ્પ છે પણ જ્ઞાનનો વિકલ્પ છે. સ્વપરનો એ વિકલ્પ, રાગ નહિ. આહાહા..! આવું ઝીણું તત્ત્વ. અહીં એ કહે છે, નિયતપ્રદેશત્વશક્તિ એમાં છે. એ ચોવીસ (શક્તિ પૂરી) થઈ. પચીસમી.

**सर्वशरीरेकस्वरूपात्मिका स्वधर्मव्यापकशक्तिः। २५.**
**સર્વ શરીરોમાં એકસ્વરૂપાત્મક એવી સ્વધર્મવ્યાપકત્વશક્તિ. (શરીરના ધર્મરૂપ ન થતાં પોતાના ધર્મોમાં વ્યાપવારૂપશક્તિ તે સ્વધર્મવ્યાપકત્વશક્તિ.) ૨૫.**

**'સર્વ શરીરોમાં એકસ્વરૂપાત્મક...'** આહાહા..! શું કહે છે? નિગોદથી માંડીને ચરમ શરીર છેલ્લું, એમાં સર્વ શરીરોમાં... સર્વ શરીર આવ્યા ને? નિગોદથી માંડીને ચરમ શરીર, એ જેટલા શરીર છે તેમાં **'એકસ્વરૂપાત્મક...'** એમાં સ્વરૂપ તો એકસ્વરૂપ જ છે. એ શરીરમાં વ્યાપે છે, રાગમાં વ્યાપે છે એમ નથી. આહાહા..! શું કહે છે? અનંત શરીરમાં શરીરની પર્યાય પ્રમાણે આકારાદિ હો, છતાં શરીરમાં એ પર્યાય વ્યાપક નથી. શરીરની અવસ્થા વ્યાપ્ય અને આત્મા વ્યાપક એમ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? પોતાના અનંતગુણ વ્યાપક થઈને પર્યાય વ્યાપ્ય (થાય). નિર્મળ પર્યાયની અહીંયા વાત છે, મલિનની વાત નથી. શરીરમાં તો વ્યાપક નથી, વ્યાપ્ય નથી, પણ રાગમાં પણ વ્યાપ્ય નથી. આહાહા..! કેમ કે રાગ અનેક પ્રકારના વિવિધ થાય છે. અસંખ્ય પ્રકાર અને અસંખ્ય (શુભાશુભ). એ અહીંયા નથી લેવું. અહીં તો એકસ્વરૂપાત્મક. છે?

**'સર્વ શરીરોમાં...'** સર્વ શરીરોમાં. આહાહા..! જેમ પચીસ ઓરડા હોય, ઓરડા, અને એક દીવો હોય. એક ઓરડામાંથી બીજામાં, બીજામાંથી ત્રીજામાં (જાય) પણ એ દીવો તો દીવા સ્વરૂપે જ છે. એ કદી ઓરડારૂપ થયો નથી. સમજાય છે કાંઈ? એમ સર્વ અનંત શરીરોમાં ચૈતન્ય-દીવડા સ્વરૂપ પ્રભુ એક સરખું એનું રૂપ છે. જેમ દીવો ઓરડામાં વ્યાપ્તો નથી તેમ જીવસ્વરૂપ આત્મા શરીરમાં વ્યાપતો નથી અને અંદરમાં દયા, દાનના વિકલ્પ છે તેમાં પણ વ્યાપક નથી. આહાહા..! અહીં મલિનની વાત તો લેવી જ નથી. સમજાય છે કાંઈ? અહીં તો ક્રમ અને અક્રમ બન્ને નિર્મળને અહીંયા શક્તિના વર્ણનમાં લેવા છે. અહીં લોકો તો રાડ એ પાડે છે કે વ્યવહારથી નિશ્ચય થાય છે. અરે..! વ્યવહાર રાગ નિર્મળ પર્યાયમાં છે જ નહિ. સમજાય છે કાંઈ? આત્મા વ્યાપક અને રાગ વ્યાપ્ય એ વસ્તુનું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સ્વરૂપ જ નથી. આહાહા..! ભગવાનઆત્મા વ્યાપક એટલે કર્તા થઈને દ્રવ્ય, નિર્મળ પર્યાયરૂપી વ્યાપ્ય અવસ્થાને કરનાર છે. એ પણ વ્યવહાર છે. આહાહા..! નિર્મળ પર્યાય પોતાથી થઈ છે. એ કર્તા, કર્મ, કરણથી થઈ છે. પણ અહીંયા પરથી ભિન્ન પાડીને બતાવવું છે ને?

એકસ્વરૂપાત્મક.. આહાહા..! અનંત શરીરોમાં. એક હજાર જોજનનું શરીર મળ્યું કે એક અક્ષરના અંગુલના અસંખ્ય ભાગમાં એક શરીર મળ્યું તોપણ એ પોતે તો પોતાના સ્વરૂપમાં જ વ્યાપક છે. શરીરમાં વ્યાપક નથી અને રાગમાં કદી વ્યાપક થયો જ નથી. આહાહા..! આવો ચૈતન્ય ભગવાન પરમાત્મસ્વરૂપ બિરાજે છે. તારી નિધિ તારી છે, તારી છે એ તારી પાસે છે એમ કહેવું એ પણ વ્યવહાર છે. તારી નિધિ તું છો. આહાહા..!

મુમુક્ષુ :– નિધિસ્વરૂપ જ છે.

ઉત્તર :– નિધિસ્વરૂપ જ છે. આહાહા..! અનંતજ્ઞાન, અનંતદર્શન, કહે છે કે, શરીર નાના-મોટા થયા પણ એ શરીરમાં એના ધર્મ વ્યાપક છે જ નહિ. એ તો પોતાના સ્વરૂપમાં જ વ્યાપક છે. આહાહા..! શરીરને કદી અડ્યો જ નથી. અને શરીરને તો નહિ પણ રાગને પણ નિર્મળ પર્યાય કદી અડી નથી. એવો એક સ્વરૂપાત્મક, એમ લીધું ને? આહાહા..! 'પોપટભાઈ'! બહુ ઝીણી વાતું, બાપા! આ શક્તિનું વર્ણન ક્લાસમાં આવ્યું ને? તમારા ક્લાસમાં આ આવ્યું. ક્લાસ શરૂ થયા ત્યારથી શક્તિ શરૂ કરી છે. આજે ત્રેવીસ દિવસ થયા, શક્તિના વર્ણનમાં આજે ત્રેવીસમો દિવસ છે. આહાહા..! શું કહ્યું?

**'સર્વ શરીરોમાં...'** સર્વ શબ્દ એટલે? નિગોદથી માંડીને ચરમ શરીર સુધી સર્વ શરીરોમાં. અનંત અનંત નાના મોટા એવા શરીરોમાં. અંગુલના અસંખ્ય ભાગના શરીરમાં અને હજાર જોજનના શરીરમાં. **'એકસ્વરૂપાત્મક...'** એ તો એકસ્વરૂપે ચિદાનંદ પ્રભુ છે. એમાં કોઈ કમી કે વૃદ્ધિ નથી. એવી ચીજ ભગવાન પૂર્ણાનંદનો નાથ પરમાત્મસ્વરૂપ છે. લ્યો, 'પરમાત્મ પ્રકાશ' આવ્યું. એના દીકરાનું નામ 'પરમાત્મ પ્રકાશ' છે ને! અહીં આવ્યો હતો, પછી કીધું, પરમાત્મ પ્રકાશ આપો. પિતાજીને આપ્યું છે, કીધું. તમે જુદું લ્યો. આહાહા..! પરમાત્મ પ્રકાશ નવું છપાયું છે ને? પરમાત્મ પ્રકાશ એના દીકરાનું નામ છે. મોટા દીકરાનું નામ પરમાત્મ પ્રકાશ છે, નાના દીકરાનું નામ અધ્યાત્મ પ્રકાશ છે. અને અહીંયા આપણે 'ઝાંઝરી' છે, 'ઝાંઝરી'. છે ને અહીંયા? આ રહ્યા. એનો દીકરો 'વિમલચંદ' છે. એનો દીકરો 'અરિહંત પ્રકાશ' એનું નામ 'અરિહંતપ્રકાશ' છે અને બીજા દીકરાના દીકરાનું નામ 'સિદ્ધપ્રકાશ' છે. આ 'ફૂલચંદજી ઝાંઝરી'. એ શું કહેવાય? મક્ષી... મક્ષી.

મુમુક્ષુ :– 'હુકમચંદજી'ના પુત્રનું નામ પરમાત્મપ્રકાશ છે.

ઉત્તર :– ઇ તો કહ્યું ને. ઇ તો પહેલું કહ્યું. આ તો અરિહંત પ્રકાશ અને સિદ્ધ પ્રકાશ બે નામ છે. અહીંયા પરમાત્મ પ્રકાશ અને અધ્યાત્મ પ્રકાશ નામ છે. બધા આત્મા પરમાત્મ પ્રકાશ જ છે. શરીરના નામ પડ્યા એ કંઈ આત્મામાં નથી. આહાહા.!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અસંખ્ય પ્રદેશી અનંતગુણનું ધામ અને એ આત્મા અનંત નાના-મોટા શરીરોમાં રહેવા છતાં શરીરને અડ્યો જ નથી. આહાહા..! તો લક્ષ્મી ને સ્ત્રી ને કુટુંબ, મકાન ને વેપારને કદી અડતો જ નથી, ત્રણકાળમાં કદી અડ્યો નથી. આહાહા..! શરીરની પર્યાયને આત્મા અડ્યો જ નથી. અનાદિથી એકસ્વરૂપે રહ્યો છે, એમ કહે છે. આહાહા..! એવી ચીજ ઉપર દૃષ્ટિ કરવી... આહાહા..! એકસ્વરૂપી પ્રભુ ભગવાન, અનંતગુણ હોવા છતાં, અનંત શરીરમાં ક્રમસર પલટતો રહેવા છતાં એ તો એકસ્વરૂપી જ છે, એમાં અનેકસ્વરૂપ કદી આવ્યું નથી. આહા..! સમજાય છે કાંઈ? સૂક્ષ્મ વાત છે.

એકસ્વરૂપી શક્તિ, એકસ્વભાવ એમ લીધું છે ને? **'સર્વ શરીરોમાં એકસ્વરૂપાત્મક...'** એટલે એકસ્વરૂપ લક્ષણ, એકસ્વરૂપ લક્ષણ. આત્મકનો અર્થ સ્વરૂપ થાય છે. આત્મક છે ને? સ્વરૂપાત્મક. સ્વરૂપ એટલે લક્ષણ સ્વરૂપ. એનું એકસ્વરૂપ લક્ષણ સ્વરૂપી ભગવાન છે. આહાહા..! આવું ઝીણું કાંતવા જાય... આહા..! અરે..! આવા મનુષ્યદેહમાં આવી ચીજ ન મળે એ સમજાય નહિ તો દૃષ્ટિ ન થાય, તો કર્યું શું એણે? આહાહા..! ગમે તેટલા વ્રત ને તપ ને ભક્તિ ને શાસ્ત્રના જાણપણા કરે એમાં શું આવ્યું? આહાહા..!

એકસ્વરૂપી ભગવાનઆત્મા. અનંત ભિન્ન ભિન્ન શરીરમાં રહેવા છતાં પોતાનું એકસ્વરૂપપણું છૂટ્યું નથી. આહાહા..! અને પર્યાયમાં પણ શુભ-અશુભરાગ થયા તોપણ ભગવાન એકસ્વરૂપ છે તે પર્યાયના રાગરૂપે કદી થયો નથી. આહાહા..! સમજાય છે કાંઈ? એ તો છઠ્ઠી ગાથામાં કહ્યું ને? જ્ઞાયક. **'ण वि होदि अप्पमत्तो ण पमत्तो जाणगो दु जो भावो'** ભગવાન જ્ઞાયકભાવ.. અહીંયા શબ્દની વાત નથી. જ્ઞાયકભાવ જે વાચ્ય છે, જ્ઞાયક શબ્દ વાચક છે. (જેમ) સાકર શબ્દ વાચક છે અને સાકર વાચ્ય છે. એમ અહીંયા.. આહાહા..! જ્ઞાયકભાવ એ શબ્દ વાચક છે. તેનું વાચ્ય જ્ઞાયકભાવ ત્રિકાળી એ તેનું વાચ્ય છે. એ એકસ્વરૂપે રહ્યો છે. આહાહા..! પર્યાયમાં વધઘટ આદિ ભલે થાય, વસ્તુ તો એકસ્વરૂપે અનાદિઅનંત પડી છે. આહાહા..! સમજાય છે કાંઈ? આવી દૃષ્ટિ થવાથી પર્યાયમાં પણ એકસ્વરૂપપણાનું પરિણમન થાય છે. દ્રવ્ય અને ગુણ તો એકસ્વરૂપાત્મક છે પણ એનો સ્વીકાર કરવાથી, કાલે તો કહ્યું હતું ને? પંડિતજી! સત્કાર. સત્કાર.. સત્કાર.

પૂર્ણ સત્‌સ્વરૂપ ભગવાનઆત્મા, તેનો સત્કાર–છે એમ આદર કરવો, છે એમ આદર કરવો એ સમ્યગ્દર્શનની પર્યાય છે. એમાં આખા આત્માનો સત્કાર થયો. છે એમ પ્રતીતમાં આવ્યું. અને એને પર્યાય જેવડો માનવો, રાગ જેવડો માનવો એ તો આત્માનું મૃત્યુ છે. આખી વસ્તુ છે તેનો તે અનાદર કરે છે. પૂર્ણાનંદનો નાથ એકસ્વરૂપે બિરાજમાન છે તેને રાગવાળો કહેવો એ સ્વરૂપની ત્રિકાળી શક્તિ જે સત્ત્વ છે તેની હિંસા કરે છે. હિંસા એટલે નિષેધ કરે છે. નિષેધ કરે છે તે જ હિંસા છે. આહાહા..! અને અનંતગુણનું જીવન જેની અંદર છે એમ સ્વીકાર કરવાથી પર્યાયમાં પણ નિર્મળ પરિણતિ એકસ્વરૂપાત્મક વસ્તુ છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એવું એકસ્વરૂપાત્મક પર્યાયમાં પણ પરિણમન થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ?

**'એવી સ્વધર્મવ્યાપક...' 'સર્વ શરીરોમાં એકસ્વરૂપાત્મક એવી સ્વધર્મવ્યાપક...'** પોતાના ધર્મમાં વ્યાપક છે. આહાહા..! પોતાના ગુણ અને પોતાની નિર્મળ પર્યાયમાં વ્યાપક છે. આહાહા..! મલિન પર્યાયમાં પણ વ્યાપક નથી. હવે આ શુભજોગથી ધર્મ થાય ને.. ગજબ કરે છે! 'મખનલાલજી' એ એમ લીધું છે, મોટી તકરાર કરી છે. 'કૈલાસચંદજી' સામે ચેલેંજ આપી છે. શુભજોગ એ મોક્ષનો માર્ગ છે. તમે કહો છો, શુભજોગ હેય માને (તે મિથ્યાદૃષ્ટિ છે). 'કુંદકુંદાચાર્યે' કહ્યું છે, 'કુંદકુંદાચાર્ય' હેય માને છે અને તમે કહો છો, હેય માને તે મિથ્યાદૃષ્ટિ છે તો 'કુંદકુંદાચાર્ય' હેય માને છે તો એ પણ મિથ્યાદૃષ્ટિ થઈ ગયા. આહાહા..! ચેલેંજ આપી છે.

'પરમાત્મ પ્રકાશ'માં તો એમ કહ્યું છે કે, જે રાગને ઉપાદેય માને છે તેણે આત્માને હેય માન્યો છે. 'પરમાત્મ પ્રકાશ'માં ૩૬-૩૭ ગાથા છે. જેણે રાગના વિકલ્પને ઉપાદેય માન્યો, તેણે આત્માના સ્વભાવને હેય માન્યો. આહાહા..! વ્યવહાર રત્નત્રયનો શુભજોગ છે એ વ્યવહાર રત્નત્રય ઉપાદેય છે, આદરણીય છે એમ જેણે માન્યું તેણે શુદ્ધ ચિદાનંદ સ્વરૂપને, અખંડાનંદને હેય માન્યો. આત્માને હેય માન્યો, રાગને ઉપાદેય માન્યો. ધર્મીજીવ રાગને હેય માનીને ત્રિકાળીને ઉપાદેય માને છે. આહાહા..! હવે આ મેળ ક્યાં કરવો? કરો ચર્ચા ને કરો વાદ. આહાહા..! અરે..! પ્રભુ! આહા..!

તારી વસ્તુ જેટલી જેટલા પ્રકારે છે તેટલા પ્રકારે સ્વીકાર ન થાય તો તો તેનો અનાદર થઈ ગયો. બધા પરિપૂર્ણ ભગવાન એકસ્વરૂપાત્મક ધર્મ છે. એ સ્વધર્મમાં વ્યાપક છે. પોતાના ગુણ અને પર્યાયમાં જ વ્યાપક છે. અહીંયા પર્યાય નિર્મળ લેવી. સમજાય છે કાંઈ? આહાહા..! શબ્દો થોડા પણ ભાવ ઘણા ગંભીર. 'અમૃતચંદ્રાચાર્યે' ગજબ કામ કર્યા છે! પંચમ આરામાં 'કુંદકુંદાચાર્યે' પંચમઆરા તરીકે તીર્થંકર જેવા કામ કર્યા છે અને 'અમૃતચંદ્રાચાર્યે' ગણધર જેવા કામ કર્યા છે. થોડા શબ્દો છે એમ ન સમજવું. થોડામાં એક જગત કહે તો બધું આવી ગયું. જગત ત્રણ અક્ષર છે તો જગતમાં તો અનંત સિદ્ધ આવ્યા, અનંત નિગોદ આવ્યા, અનંત દ્રવ્ય (આવ્યા). આહાહા...! બધું આવી ગયું. આહાહા..! ત્રણ અક્ષર છે. નિરક્ષર છે. કાનો માત્રા વિનાના. જ-ગ-ત. જા, જી, જો કાંઈ નહિ. એકાક્ષરી. ભગવાનની વાણી એકાક્ષરી નીકળે છે ને? ૐ. આહાહા..! ત્રણ અક્ષર–જગત. જગતમાં તો અનંત સિદ્ધ આવી ગયા, અનંત નિગોદ આવી ગયા, છ દ્રવ્ય, છ દ્રવ્યના ગુણ અને પર્યાય બધું આવી ગયું. 'ધન્નાલાલજી'! એમ એક એક શક્તિમાં એટલી ગંભીરતા છે. આહાહા..!

મુમુક્ષુ :– ગજબ કોણે કર્યું? આપે કહ્યું ને 'અમૃતચંદ્રાચાર્યે' ગજબ કામ કર્યા છે.

ઉત્તર :– એ 'અમૃતચંદ્રાચાર્યે' કર્યું.

મુમુક્ષુ :– અત્યારે તો આપ ગજબ કરો છો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉત્તર :– એ તો એ કહે છે તેનું અમે સ્પષ્ટીકરણ કરીએ છીએ. એમાં છે. સમજાય છે કાંઈ? એ દૃષ્ટાંત નહોતું આપ્યું? ગાય કે ભેંસના આઉમાં દૂધ છે. દૂધ.. દૂધ. જોરદાર બાઈ પણ એવી હોવી જોઈએ કે આંચળ હોય ને? એનું આંચળ. આમ ન કરે, આમ ન નીકળે. ચાંદા પડી જાય. એના.. શું કહેવાય ઇ? આંચળ.. ભૂલી ગયા. આત્માનું જેટલું યાદ રહે તેટલું બહારનું યાદ નથી રહેતું. આંચળ.. આંચળ. એ આંચળને આમ ન દોહે. જોયું છે કદી? એ તો અમારી બેનને ત્યાં ગાય હતી. નાની ઉંમરમાં 'ગારિયાધાર' હતા. એ દોહતા હતા તો અમે જોતા હતા. આ આંગળી છે એમાં આ અંગુઠો આમ કરે. આમ નહિ.. અંગુઠામાં આમ ભરાવીને આમ કરે તો દૂધ નીકળે. એમ 'અમૃતચંદ્રાચાર્ય' શાસ્ત્રના શબ્દોમાં તર્ક લગાવીને એમાં દૂધમાં છે એ કાઢે છે. ભાવમાં છે તેને કાઢે છે. સમજાય છે કાંઈ? આહાહા..!

અહીંયા એ કહે છે, આહાહા..! **'સર્વ શરીરોમાં...'** અનંત શરીરોમાં. ભિન્ન ભિન્ન આકારવાળા નાના અને મહા શરીરોમાં. ભગવાન તો સર્વ શરીરોમાં.. આહાહા..! એકસ્વરૂપ.. એકસ્વરૂપ ચિદાનંદ આનંદકંદ રહ્યો છે. આહાહા..! સમજાય છે કાંઈ? નિગોદની પર્યાયમાં અક્ષરનો અનંતમો ભાગ હોય તોપણ વસ્તુ તો એકસ્વરૂપ ત્રિકાળી આનંદકંદ રહી છે. એવી દૃષ્ટિ કદી કરી નથી. બધું કર્યું, જાણપણું કર્યું, અગિયાર અંગ ભણ્યો. વાંચી નાખ્યું. વાંચીને છોડી દીધું. જે કરવાનું છે એ તો આ ચીજ છે. પોતાની જ્ઞાનની પર્યાયમાં પૂર્ણાનંદ એકસ્વરૂપ છે તેની દૃષ્ટિ કરવી તો પર્યાયમાં પણ શક્તિની વ્યક્તતા (થાય છે). શ્રદ્ધાની, વીર્યની, આનંદની, ઈશ્વરતાની... ઈશ્વર-પ્રભુત્વશક્તિ આવી ગઈને? બધાનું વેદન પર્યાયમાં આવવું તેનું નામ ધર્મ અને તેનું નામ મોક્ષનો માર્ગ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :— ધર્મ તો વીતરાગતાને કહે છે, આમાં શું વીતરાગતા આવી?

ઉત્તર :– વીતરાગતા જ આવી. વીતરાગતા ક્યારે આવી? વીતરાગસ્વરૂપી જ ભગવાન છે. તેનો આશ્રય લેવાથી પર્યાયમાં વીતરાગતા પ્રગટ થાય છે. વીતરાગસ્વરૂપ છે, એ તરફ ઝુકવાથી પર્યાયમાં વીતરાગતા થાય છે.

આજે વળી 'જૈનસંદેશ'માં મોટો લેખ આવ્યો છે. બધાને પ્રેમ કહો કે વીતરાગતા કહો, એમ લીધું છે. મોટો લેખ છે. પ્રેમ શબ્દે એમ પ્રેમ નહિ. પ્રેમનો અર્થ તો એવો લેવો કે જે સ્વરૂપ છે તેમાં એકાગ્ર થવું તેનું નામ પ્રેમ છે. સર્વ વિશ્વ પ્રત્યે પ્રેમ, એમ એનો અર્થ નથી. મોટો લેખ આવ્યો છે. કોઈએ પછી એમાં નોટ પણ કરી છે કે, આ પ્રેમ કહીએ છીએ એમાં વીતરાગતા લેવી. કારણ કે એ થયા ને? 'સંતબાળ' સ્થાનકવાસીમાં છે. એ વળી એમ કહે છે કે, વિશ્વપ્રેમ. આખા વિશ્વ ઉપર પ્રેમ કરો. શું વિશ્વ ઉપર પ્રેમ કરે? સંતબાળ છે. સ્થાનકવાસી સાધુ છે. .. ચાલ્યા ગયા. સર્વ વિશ્વપ્રેમ. વિશ્વવાત્સલ્ય. એનું પત્ર નીકળે છે એમાં (લખે છે), વિશ્વ વાત્સલ્ય. આખા વિશ્વ ઉપર પ્રેમ કરવો. પણ પ્રેમની વ્યાખ્યા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



શું? શું બધાને પોતાના માનવા? એકત્વ માનવા એ પ્રેમ છે? વિશ્વનું જ્ઞાન કરીને પોતાના સ્વભાવમાં એકતા થવી તે પ્રેમ છે. એ વીતરાગતા પ્રેમ છે. બીજા દ્રવ્યથી પ્રેમ, તીર્થંકર દેવને પણ પ્રેમ કરવો કે આ મારા છે, એ તો રાગ છે. એ તો એકસ્વરૂપાત્મકમાં છે નહિ. આહાહા..!

**'સર્વ શરીરોમાં એકસ્વરૂપાત્મક એવી સ્વધર્મવ્યાપકત્વશક્તિ.'** છે? સ્વધર્મવ્યાપ્કત્વશક્તિ. **'(શરીરના ધર્મરૂપ ન થતાં...)'** કૌંસ.. કૌંસ. **'(પોતાના ધર્મોમાં વ્યાપવારૂપ શક્તિ તે સ્વધર્મવ્યાપકત્વશક્તિ.'** કહેવાય છે. આહાહા..! પરમાર્થે તો ભગવાન પોતાના નિર્મળ ગુણ અને નિર્મળ પર્યાયમાં વ્યાપક છે, તેને સ્પર્શે છે. રાગને અને શરીરને કદી અડતો નથી એવો દ્રવ્ય સ્વભાવ છે. આહાહા..! સમજાય છે કાંઈ? હજી ચીજ શું છે તેની ખબર નથી અને તેને ધર્મ થઈ જાય. અરે..રે...! અનંતકાળ ચાલ્યો ગયો, કરતાં.. કરતાં.. કરતાં.. એક તો સંસારના ધંધા આડે નિવૃત્તિ નહિ. ચોવીસ કલાકમાં પાપના ધંધા. એક-બે કલાક કદાચ દેવદર્શને જાય કે વાંચન કરે, બાકી બાવીસ કલાક પાપ. એ.. શેઠ! કમાવું ને રળવું ને આમ ને તેમ.. દીકરાના લગ્ન કરવા, કોઈ કન્યા ન આપે તો એની પાસે માંગણી કરીને લેવી ને કુટુંબી, સ્ત્રી, છોકરાઓને રાજી રાખવા, એમાં તારો આત્મા અરાજી થાય છે એની ખબર નથી. દુઃખી થાય છે. પરની સાથે સંબંધ શું?

મુમુક્ષુ :– કોઈના ઉપર પ્રેમ ન કરવો?

ઉત્તર :– પ્રેમ શું કરવો? પ્રેમનો અર્થ શું? તેના સંબંધી જે પોતાનું જ્ઞાન છે એ જ્ઞાનની પર્યાયમાં સમસ્ત વિશ્વ જણાય છે, તે પોતાની પર્યાય. પોતાના પ્રેમમાં–પર્યાયમાં એકાગ્ર થવું. પંડિતજી! આહાહા..! પચીસમી શક્તિ થઈ ને? અંધારુ થઈ ગયું છે. હવે છવીસમી.

**स्वपरसमानासमानसमानासमानत्रिविधभावधारणात्मिकासाधारणासाधारण-साधारणासाधारणधर्मत्वशक्तिः। २६.**

**સ્વ-પરના સમાન, અસમાન અને સમાનાસમાન એવા ત્રણ પ્રકારના ભાવોના ધારણસ્વરૂપ સાધારણ-અસાધારણ-સાધારણાસાધારણધર્મત્વશક્તિ. ૨૬.**

**'સ્વ-પરના સમાન,...'** શું કહે છે? સ્વ અને પરમાં સમાન. અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વ આદિ સ્વ-પરમાં સમાન છે. સમજાય છે કાંઈ? **'સ્વ-પરના સમાન, અસમાન...'** આત્મામાં જ્ઞાન છે અને પરમાં નથી એ અસમાન. સમાન પોતામાં અસ્તિત્વ છે. લ્યો, આવ્યું. **'સ્વ-પરના સમાન,...'** સ્વ-પરના સમાનનો અર્થ સમજ્યા? સાધારણ. સાધારણ એટલે જેમ પોતામાં અસ્તિત્વ, વસ્તુત્વ, દ્રવ્યત્વ, પ્રમેયત્વ છે એમ અનંત દ્રવ્યમાં અસ્તિત્વ છે, પ્રમેયત્વ છે તો એને સમાન કહેવામાં આવે છે. સાધારણ. સાધારણને સમાન કહેવામાં આવે છે. **'સ્વ-પરના**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**સમાન, અસમાન...**' અસાધારણને અસમાન કહેવામાં આવે છે. આત્મામાં જ્ઞાન, દર્શન, આનંદ પોતાના વિશેષ છે એટલે અસમાન છે. સમાન નામ પોતામાં છે એવું પરમાં છે એવી સમાન શક્તિ પણ અનંત છે. છ નામથી કહી. દ્રવ્યત્વ, અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વ એવી અનંત છે. આહાહા..!

એમાં કહ્યું ને? અગુરુલઘુમાં. પર્યાય છે, કેવળજ્ઞાનની એક સમયની પર્યાય છે, એમાં પણ એક સમયમાં ષટ્ગુણહાનિવૃદ્ધિ થાય છે. શું તર્કથી ખ્યાલ આવે છે? કેવળજ્ઞાનની પર્યાય, અરે..! ક્ષાયિક સમકિતની પર્યાય. એ એક સમયની પર્યાયમાં ષટ્ગુણહાનિવૃદ્ધિ (થાય છે). એક જ સમયમાં ષટ્ગુણહાનિ અને એક જ સમયમાં ષટ્ગુણવૃદ્ધિ (થાય છે). એ સ્વભાવ શ્રુતજ્ઞાનમાં જણાય જાય તો પછી કેવળજ્ઞાનમાં શું રહ્યું? 'ચંદુભાઈ'! કેવળજ્ઞાન.. આહાહા...! એક સમયમાં જ્ઞાનની પર્યાયનું પરિણમન લોકાલોક છે તેને જાણે એમ કહેવું વ્યવહાર છે, પણ એનાથી અનંતગુણો કાળ અને અનંતગુણું ક્ષેત્ર હોય તો પણ જેની જાણવાની તાકાત છે. એવી કેવળજ્ઞાનની એક સમયની પર્યાય... આહાહા..! એ પોતામાં અસમાન ગુણ છે. કેવળજ્ઞાનની પર્યાય અસમાન છે. એવી બીજા દ્રવ્યમાં નથી.

એક અપેક્ષાથી તો 'પ્રવચનસાર'ની ૯૩ ગાથામાં એમ લીધું છે કે આત્મામાં જે ચેતનગુણ છે તે પણ અસમાન અને સમાન બન્ને છે. સમજાણું કાંઈ? એ એક સિવાય બીજામાં છે તો એને સમાન કહેવામાં આવ્યું. નહિતર જે જ્ઞાન છે એ તો અસમાન વિશેષ છે. સમજાય છે કાંઈ? છતાં ૯૩ ગાથામાં એમ લીધું છે કે જ્ઞાન, દર્શન, આનંદ બીજા આત્મામાં પણ છે એ અપેક્ષાએ તેને સાધારણ કહેવામાં આવ્યું. બધા આત્મામાં છે. સમજાય છે કાંઈ?

**'સ્વ-પરના સમાન, અસમાન..**' હવે બન્ને એકસાથે '**સમાનાસમાન...**' અસ્તિત્વ આદિ સમાન અને જ્ઞાનાદિ અસમાન '**એવા ત્રણ પ્રકારના ભાવોના ધારણસ્વરૂપ...**' એક શક્તિ છે. આહાહા..! આવું ઝીણું બહુ. લોકોને તો હજી બાહ્યની ક્રિયાકાંડમાં, શુભજોગમાં સંતોષ કરીને માની બેઠા છે. અરે..! પ્રભુ! એવું તો અનંતકાળમાં થઈ ગયું છે. આહાહા..!

અહીંયા તો પોતાનો ગુણ જે છે એ પોતામાં છે અને બીજામાં પણ છે એ સમાન. અને પોતામાં છે અને બીજામાં નથી તેને અસમાન કહીએ. અને એક અપેક્ષાએ તો એક જીવ સિવાય બીજામાં છે તેને પણ સમાન કહેવામાં આવ્યું છે. પરમાં પણ છે ને? જ્ઞાન એક આત્મા સિવાય અનંત આત્મામાં છે એ અપેક્ષાએ સમાન કહ્યું. સમજાય છે કાંઈ? એક અપેક્ષાએ જ્ઞાનને અસમાન કહ્યું, બીજી અપેક્ષાથી જ્ઞાનને સમાન પણ કહ્યું. કઈ અપેક્ષા સમજાણી? જ્ઞાન વિશેષ છે, સામાન્યગુણ કરતા વિશેષ છે એ અપેક્ષાથી વસ્તુ અસાધારણ અસમાન કહ્યું. પણ એ જ્ઞાન પોતામાં પણ છે અને અનંત આત્મામાં પણ છે એ અપેક્ષાથી સાધારણ પણ કહ્યું. આહાહા..! 'પ્રવચનસાર' ૯૩ ગાથામાં છે. સમજાણું કાંઈ?

૯૪ ગાથામાં તો એમ કહ્યું, આત્માનો વ્યવહાર શું? આત્મા શુદ્ધ આનંદપણે પરિણમે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એ આત્મવ્યવહાર છે. રાગપણે પરિણમે એ મનુષ્યવ્યવહાર છે, એ આત્મવ્યવહાર નહિ. આહાહા..! 'પ્રવચનસાર' ભગવાનની દિવ્યધ્વનિનો સાર. ભગવાનઆત્મા પોતાના શુદ્ધ ચૈતન્યસ્વરૂપપણે પરિણમવું, દ્રવ્ય-ગુણ તો ત્રિકાળ છે, પણ પરિણમવું એ વ્યવહાર છે. આહાહા..! એ પર્યાય વ્યવહાર છે. સમજાય છે કાંઈ? તો એને આત્મવ્યવહાર કહ્યો. અને રાગરૂપ થવું એ મનુષ્યવ્યવહાર છે. ભવનું કારણ છે માટે મનુષ્યવ્યવહાર છે. આહાહા..! આવી વાત છે.

અહીં કહે છે, **'એવા ત્રણ પ્રકારના ભાવોના ધારણસ્વરૂપ સાધારણ...'** સમાનનું સાધારણ આવ્યું. **'અસાધારણ–'** અસમાન–પોતામાં છે એટલું. **'સાધારણાસાધારણ...'** એ ભેગું. આવ્યું ને? સમાનાસમાન. એવી એક શક્તિ છે. એવી એક શક્તિ છે, શક્તિ એક છે. સાધારણ, અસાધારણ, સાધારણઅસાધારણ મળીને શક્તિ એક છે. એ પણ પોતાના સ્વભાવમાં પોતાને કારણે છે, પરને કારણે નહિ. એમાં વિશેષ છે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૨૪ શક્તિ–૨૭, ૨૮ શનિવાર, (દ્વિતીય) શ્રાવણ વદ ૬, તા. ૩-૦૯-૧૯૭૭

---

**विलक्षणानन्तस्वभावभावितैकभावलक्षणा अनन्तधर्मत्वशक्तिः। २७.**

**વિલક્ષણ (-પરસ્પર ભિન્ન લક્ષણોવાળા) અનંત સ્વભાવોથી ભાવિત એવો એક ભાવ જેનું લક્ષણ છે એવી અનંત-ધર્મત્વશક્તિ. ૨૭.**

આ 'સમયસાર' શક્તિનો અધિકાર છે. છવીસ શક્તિ ચાલી. કાલે છવીસમી ચાલી ને? આજે સત્યાવીસ. અનંતધર્મત્વશક્તિ. એ શક્તિ એક છે પણ અનંત ધર્મ શબ્દ અહીંયા લીધો છે. છે તો ગુણ, પણ ધર્મ કેમ લીધું છે? કે ધારયતિ ઇતિ ધર્મ. દ્રવ્ય સ્વભાવ અનંત ધર્મને ધારે છે. સમજાય છે કાંઈ? ધારયતિ ઇતિ ધર્મ. દ્રવ્ય સ્વભાવ અનંત ધર્મને–ગુણને ધારે છે. આ ધર્મ એટલે પેલા નિત્ય-અનિત્ય જે અપેક્ષિત ધર્મ એ નહિ. 'ચંદુભાઈ'! એ 'આલાપપદ્ધતિ'માં આવે છે ને? નિત્ય, અનિત્ય એ ધર્મ છે. પણ એમાં ગુણ અને ગુણની પર્યાય નથી. આ તો ગુણ છે. અનંતધર્મ ગુણ છે અંદર. એ અનંતગુણને ધરનારી એક શક્તિ અનંતધર્મત્વશક્તિ છે. આહાહા..! વસ્તુ એક, એમાં અનંતગુણ, એ અનંતગુણને ધારી રાખે એવી અનંતધર્મત્વશક્તિ એક શક્તિ છે. આહાહા..! સમજાય છે કાંઈ? એ શક્તિનું પરિણમન ક્રમસર થાય છે. સમજાય છે કાંઈ?

અનંતધર્મત્વશક્તિ છે તે ધ્રુવ છે પણ એ અનંતધર્મત્વશક્તિને દૃષ્ટિમાં લેવાથી, શક્તિવાન અને શક્તિનો ભેદ કાઢી નાખી... આહાહા..! એકરૂપ અનંત ધર્મને ધરનારી શક્તિ અને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



શક્તિને ધરનારું દ્રવ્ય, એવી દૃષ્ટિમાં જે આનંદની અવસ્થાનું પરિણમન થાય છે તો આનંદ સ્વરૂપની અવસ્થાથી આનંદસ્વરૂપનું જ્ઞાન અને ભાન થાય છે. એ સવારે કહ્યું હતું, નહિ? અનિત્યથી નિત્યનું જ્ઞાન થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? આનંદની પર્યાય, નિર્વિકલ્પ આનંદની દશા, અનંતધર્મત્વશક્તિ સંપન્ન ભગવાન છે, એમાં અનંતશક્તિ એક છે પણ જ્ઞાનાદિમાં અનંતધર્મત્વનું રૂપ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

જ્ઞાન છે તો તેમાં અસ્તિત્વ પણ છે. એ અસ્તિત્વગુણને કારણે નહિ. અસ્તિત્વનું રૂપ છે, એ ધર્મનું-ગુણનું રૂપ છે. એમ દર્શન અસ્તિત્વ, આનંદ અસ્તિત્વ, એમ પર્યાયનું અસ્તિત્વ. અહીંયા તો પરિણમનવાળી શક્તિનું વર્ણન લીધું છે. એકલી ધ્રુવ શક્તિ એમ નહિ. શક્તિ જે છે તેનું જ્ઞાનમાં ભાન થયું તો એ શક્તિ છે એમ પ્રતીત થઈ. આવી શક્તિ છે અને અનંતશક્તિને ધરનારું દ્રવ્ય છે, એ દ્રવ્યની દૃષ્ટિ થઈ, જ્ઞાનમાં-પર્યાયમાં આખા દ્રવ્યનું જ્ઞાન થયું. સમજાય છે કાંઈ? ત્યારે એ શક્તિનું પરિણમન થયું તો શક્તિ અને શક્તિવાન એવી પ્રતીતિ થઈ. સૂક્ષ્મ વાત છે. વાત બહુ ઝીણી.

શક્તિ છે એ તો ત્રિકાળ છે પણ શક્તિનું અહીં તો ક્રમવર્તી પર્યાય અને અક્રમવર્તી ગુણ, બે થઈને-ક્રમવર્તી અને અક્રમવર્તી થઈને આત્મા છે. બે થઈને આત્મા છે. એમાં વિકાર નથી લેવો. સમજાય છે કાંઈ? કેમ કે શક્તિ છે તે નિર્મળ છે અને શક્તિવાન પણ નિર્મળ છે. તો નિર્મળ ભગવાનનું જ્યાં ભાન થયું તો પર્યાયમાં નિર્મળતા જ પ્રગટ થાય છે, વિકાર નહિ. આહાહા..! વિકારનો તો એમાં અભાવ છે. એનું નામ સ્યાદ્વાદ છે. આ એકાંત એકાંત કરે છે ને?

આજે જ 'જૈનદર્શન'માં ઘણો વિરોધ આવ્યો છે. એ (લોકો) કહે છે કે માટીમાં ઘડા કરવાનું કર્તવ્ય નથી. કર્તવ્ય તો કુંભાર કર્તવ્ય કરે છે તો ઘડો થાય છે. ઉપાદાનમાં યોગ્યતા હોય પણ જેવું નિમિત્ત મળે એવી પર્યાય થાય છે. એમ નથી. બહુ વિરોધ આવ્યો છે. કોઈ એક છે, 'ઇન્દૌર'વાળા છે કોઈ. 'ઇન્દોરીલાલ બડજાત્યા'. વકીલ છે? ઘણું લખ્યું છે. માટીમાં ઘડો થવાનું કર્તવ્ય, શક્તિ નથી એમ કહે છે. એ કર્તવ્ય તો કુંભાર કરે છે એમાં કર્તવ્ય શક્તિ છે તો તેનાથી ઘડો થાય છે. અરે..!

'સમયસાર' ૨૭૨ ગાથામાં તો આવ્યું નહિ? ઘડો કુંભારથી થાય છે એમ તો અમે જોતા નથી. 'કુંદકુંદાચાર્ય' કહે છે. માટીથી ઘડો થાય છે એમ અમે તો જોઈએ છીએ. કુંભારથી થાય છે એમ તો અમે જોતા જ નથી, એવો પાઠ છે. સમજાય છે કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- જૈનદર્શનની વાત તો આપ કરો છો.

ઉત્તર :- વસ્તુનું સ્વરૂપ (એવું છે). જૈનદર્શન કોઈ સંપ્રદાય નથી. નિમિત્તથી થાય છે એ માન્યતા જૈનદર્શનની નહિ. કેમ કે નિમિત્ત પરદ્રવ્ય છે અને ઉપાદાન પરદ્રવ્ય છે.

અહીંયા કહે છે કે અનંતધર્મત્વશક્તિ ભરી છે તેનું પરિણમન થાય છે તે પોતાથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



થાય છે. એમાં કર્તા નામનો ગુણ છે અને રાગનો અકર્તા નામનો ગુણ છે. અનંતધર્મ આવ્યાને. અકર્તા પણ ગુણ છે. રાગનો અકર્તા ગુણ છે. અને આનંદાદિ પર્યાયનો કર્તા ગુણ છે. આહાહા..! એવા અનંત ધર્મનું પરિણમન કરવું તેવી અહીંયા કર્તા નામની શક્તિ છે. એ શક્તિ અનંતગુણમાં વ્યાપી છે. અનંતધર્મત્વશક્તિમાં એ અકર્તાશક્તિ આવી ગઈ. સમજાય છે કાંઈ? વકીલ છે તો બુદ્ધિવાળો નહિ હોય? લખી શકતો તો હશે કે નહિ? ભાઈ કહે છે, બીજા પાસે લખાવ્યું છે. 'જૈનદર્શન'માં મોટું લખાણ આવ્યું છે. બે વિરોધ આવ્યા છે. એક વિરોધ 'બાબુભાઈ'નો આવે છે. આ કમિટિ તમારી શું કહેવાય? તીર્થ સુરક્ષા. અમે તો કોઈ દિ' કીધું નથી કે તીર્થરક્ષા કરો કે તીર્થ કરો, અમે તો કીધું જ નથી. સમજાય છે કાંઈ? એનો બહુ વિરોધ આવે છે, પત્રે પત્રે વિરોધ. 'સોનગઢ'ની તીર્થ કમિટિ નહિ, ખોટી વાત છે. એને સહકાર 'લાલચંદ' શેઠે આપ્યો.

મુમુક્ષુ :– .. કબજો કરી લે..

ઉત્તર :– કોણ કબજો કરે? અરે..! ભગવાન! બાપુ! ભાઈ!

અહીંયા તો અનંત ધર્મ જે છે તેના પરિણમનમાં અનંતધર્મ કારણ અને ધર્મી કારણ છે. શું કહ્યું સમજાણું? અનંત ધર્મ જે છે એની એક શક્તિ અનંતધર્મત્વ નામની એક શક્તિ છે કે જે અનંત ધર્મને ધારી રાખે છે. અનંત ધર્મ અને ધર્મને ધરનાર ધર્મી, તેનું પરિણમન જે થાય છે ઉપાદાન, તે કાળે તેની જન્મક્ષણ હોય છે. 'પ્રવચનસાર' ૧૦૨ ગાથા. એ જન્મક્ષણ– તેની ઉત્પત્તિનો કાળ હોય છે ત્યારે ઉત્પન્ન થાય છે, નિમિત્તથી નહિ.

બીજી એક વાત છે. એ 'ચિદ્‌વિલાસ'માં લીધું છે. ભાઈ! નિશ્ચય અને વ્યવહારનો અધિકાર લીધો છે ને? નિશ્ચય. તેમાં એમ લીધું છે કે, જે સમયે જે થવાની છે તે નિશ્ચય. એને નિશ્ચયમાં નાખ્યું છે. જે સમયે જે પર્યાય થવાની છે તે થશે. આહાહા..! પણ તેનો નિર્ણય કરનારો નિર્ણય કેવી રીતે કરે? ત્રિકાળી જ્ઞાયક સ્વભાવ ઉદ્યમ... હોનહાર છે પણ ઉદ્યમથી તેની પ્રતીતિ આવે છે. હોનહાર તો એ જ સમયે હોનહાર થશે. પણ હોનહારમાં પણ ઉદ્યમથી પ્રતીતિ થાય છે. સમજાય છે કાંઈ? હોનહાર.. હોનહાર.. હોનહાર તો હોનહાર જ છે. જે સમયે જે દ્રવ્યની પર્યાયની ઉત્પત્તિનો ક્ષણ છે તે સમયે જ ઉત્પન્ન થશે. નિયત જ છે, હોનહાર છે. પણ એ ઉદ્યમથી–પુરુષાર્થથી તેનો નિર્ણય થાય છે. સમજાય છે કાંઈ?

પહેલા કહ્યું હતું ને? કે ભગવાને દીઠું એમ થશે, એ તો બરાબર છે. પણ ભગવાને દીઠું તો ભગવાન છે કોણ? જેની જ્ઞાનગુણની એક સમયની પર્યાય ત્રણકાળ ત્રણલોકને પ્રત્યક્ષ જાણે, પ્રત્યક્ષ જાણે. એવી એક સમયની પર્યાયની એટલી સત્તા કે ભવિષ્યની સાદિઅનંત પર્યાય હજી થઈ નથી તેને પણ જ્ઞાનપર્યાય પ્રત્યક્ષ જાણે. એવી એક સમયની પર્યાયનું સામર્થ્ય સત્તા જગતમાં છે, એવો નિર્ણય ક્યારે થાય છે? એ પુરુષાર્થથી થાય છે. કેમ? કે સર્વજ્ઞપર્યાયનું અસ્તિત્વ સિદ્ધ કરવા જઈએ છીએ તો સર્વજ્ઞ સ્વભાવ જે પોતાનો છે તેના ઉપર દૃષ્ટિ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જાય છે ત્યારે સર્વજ્ઞની પર્યાયની સત્તાનો સ્વીકાર થયો. કેમ કે સર્વજ્ઞ સ્વભાવ પોતાનો છે. આહાહા..! એ તો પર્યાયનો (સ્વભાવ) થયો પણ પર્યાય થઈ ક્યાંથી? સર્વજ્ઞ સ્વભાવમાંથી થઈ છે. હું મારી સર્વજ્ઞપર્યાયની શ્રદ્ધા કરવા જાઉં તો મારો સર્વજ્ઞ સ્વભાવ છે તેની પ્રતીતિ થાય છે તો સર્વજ્ઞની પર્યાયની પ્રતીતિ થાય છે. દ્રવ્યની પ્રતીતિ થાય, ગુણની પ્રતીતિ થાય તો પર્યાયની પ્રતીતિ થાય છે. ઝીણી વાત છે. સમજાય છે કાંઈ? ઘણી વાત ચાલી હતી. (સંવત) ૧૯૭૨ ની સાલ. સંપ્રદાયમાં (હતા). કેટલા વર્ષ થયા? ૬૧ વર્ષ થયા. સાંઈઠ અને એક.

સંપ્રદાયમાં મોટી ચર્ચા થઈ હતી. એ કહે કે ભગવાને દીઠું તેમ થશે, આપણે શું પુરુષાર્થ કરી શકીએ? પહેલા બે વર્ષ તો સાંભળ્યું. અમને તો પહેલેથી એ વાત ખટકતી હતી. એ વાત એમ નથી. એમાં પુરુષાર્થનો લોપ થાય છે. કહે છે, સર્વજ્ઞ છે, ભાઈ! આ વાત ક્યાંય નથી. એક જ્ઞાનગુણની... અહીં તો અનંતધર્મ કહે છે. અનંત ધર્મની જે સમયે જે પર્યાય સર્વજ્ઞની ઉત્પન્ન થવાની છે તે ઉત્પન્ન થશે. પણ થશે તેનો નિર્ણય કોને થાય? સર્વજ્ઞ સ્વભાવ મારો છે અને તેમનો પણ સર્વજ્ઞ સ્વભાવ હતો તેમાંથી સર્વજ્ઞપર્યાય આવી છે. મારો સર્વજ્ઞસ્વભાવ છે.. 'પ્રવચનસાર'માં આવ્યું ને? ભાઈ! અસાધારણ. નહિ? 'પ્રવચનસાર'માં શબ્દ આવ્યો છે. જ્ઞાનરૂપી સ્વભાવ અસાધારણ ત્રિકાળને ગ્રહણ કરીને પર્યાયમાં કાર્ય થાય છે. એવો પાઠ છે. 'પ્રવચનસાર' સંસ્કૃત ટીકા.

ત્રિકાળી જ્ઞાયકભાવ—જ્ઞાનભાવ કારણપણે ગ્રહીને. છે ને શબ્દ? ભાઈ! છે. સંસ્કૃત ટીકા 'અમૃતચંદ્રાચાર્ય'ની છે. આહાહા..! જે સર્વજ્ઞની પર્યાયની પ્રતીતિ કરવા જાય છે તો પોતાનો સર્વજ્ઞ જ્ઞાયક સ્વભાવ ત્રિકાળીને કારણપણે ગ્રહણ કરવાથી પર્યાયમાં પ્રતીતિ અને જ્ઞાન થાય છે તે પુરુષાર્થથી થયા છે. હોનહાર (છે) પણ પુરુષાર્થથી થયું છે. સમજાય છે કાંઈ? વાત જરી સૂક્ષ્મ છે. માર્ગ બહુ સૂક્ષ્મ. લોકો બિચારા નિમિત્તથી થાય છે.. નિમિત્તથી થાય છે. ઘડો કુંભારથી થાય છે, બસ! આણે એમ લખ્યું છે અને હમણા છાપામાં પણ આવ્યું હતું. ઉપાદાનમાં અનેક પ્રકારની યોગ્યતા છે પણ જેવું નિમિત્ત મળે તેવું કાર્ય થાય છે. આહાહા..! અરે..! ભગવાન!

તારી આ અનંતધર્મત્વશક્તિ છે. તારી શક્તિમાં અનંત ધર્મ પડ્યા છે. અનંત ધર્મ પડ્યા છે તેની એક શક્તિ અનંતધર્મત્વ છે. એનું પરિણમન કઈ રીતે થાય છે? આમ તો અનાદિથી વિકારનું પરિણમન છે. અનાદિથી તો પર્યાયમાં વિકારનું પરિણમન છે. આહાહા..! તેનો અભાવ કેમ થાય? અને પુરુષાર્થ કઈ રીતે થાય? કે અનંત ધર્મનો ધરનાર ભગવાન, નિર્વિકલ્પ દૃષ્ટિ થઈને અનંતગુણને ધરનાર દ્રવ્યની જ્યાં શ્રદ્ધા થાય છે ત્યાં પુરુષાર્થ કરીને પર્યાયમાં વીર્ય પણ આવી ગયું. વીર્યે નિર્મળ પર્યાયની રચના કરી. વીર્યશક્તિનો ગુણ એ છે. અંદરમાં જે વીર્ય ગુણ-સ્વભાવ છે, આ વીર્ય રેત છે જેનાથી પુત્ર જન્મે એ તો ધૂળ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. આ તો આત્મામાં એક બળ–વીર્ય નામની શક્તિ છે કે જે અનંતગુણની નિર્મળ પર્યાયને રચે છે. વીર્ય રચે છે. આહાહા..! ક્યારે રચે? કે વીર્ય અને અનંતગુણને ધરનાર દ્રવ્ય, એ દ્રવ્ય ઉપર દૃષ્ટિ થવાથી (રચે). 'ડાહ્યાભાઈ'! ઝીણી વાત છે, ભાઈ! આહાહા..!

નિમિત્ત ઉપર દૃષ્ટિ હો, રાગ ઉપર હો અને પર્યાય ઉપર હોય ત્યાં સુધી સર્વજ્ઞ સ્વભાવનો નિર્ણય થતો નથી. સમજાય છે કાંઈ? અને સર્વજ્ઞ જ્ઞાનમાં તો અનંતગુણ પણ આવ્યા. એક જ્ઞાનની પર્યાયમાં અનંતગુણનું જ્ઞાન આવ્યું અને અનંતગુણનું જ્ઞાન આવ્યું અને એક પર્યાયમાં એટલા ભેદ પડી ગયા કે અનંત અનંત કેવળીને જાણે એવી એ પર્યાય છે. એ પર્યાયને ધરનારો જ્ઞાનગુણ છે અને એ જ્ઞાનગુણને ધરનારું દ્રવ્ય છે. આહાહા..!

પહેલા એકવાર કહ્યું હતું કે ગુણથી પરિણતિ નથી ઉઠતી. આખું દ્રવ્ય છે તેનો જ્યાં સ્વીકાર થાય છે તો આખા દ્રવ્યમાંથી પરિણતિ ઉઠે છે. કેમ કે 'ગુણપર્યાયવત્દ્રવ્યમ્' કહ્યું છે. પર્યાયવંત ગુણ, એમ નથી કહ્યું. 'તત્ત્વાર્થ સૂત્ર'. સમજાય છે કાંઈ? પર્યાયવંત ગુણ એમ નથી કહ્યું. 'ગુણપર્યાયવત્ દ્રવ્યમ્', કહ્યું છે. સૂક્ષ્મ વાત છે. ભાઈ! 'ઉમાસ્વામી'એ 'તત્ત્વાર્થ સૂત્ર'માં એ બહુ લીધું છે. છે તો વ્યવહારપ્રધાન કથન પણ એમાં નિશ્ચયની વાત સમાવી દીધી છે. આહાહા..! અંતરમાં ગુણની પરિણતિ ભિન્ન થાય છે અને દ્રવ્યની ભિન્ન થાય છે, એમ નથી. આહા..! એમ કહીને દ્રવ્ય ઉપર દૃષ્ટિ આપે છે. આ શક્તિ ભલે હો, પણ શક્તિ અને શક્તિવાન બેનો ભેદ છોડીને અનંત ધર્મને ધરનાર શક્તિને દ્રવ્યે ધારી છે. એ દ્રવ્ય ઉપર દૃષ્ટિ દેવાથી અનંત ધર્મનું પરિણમન શુદ્ધ વ્યક્ત–પ્રગટ થાય છે. 'ચંદુભાઈ'! ઝીણી વાત છે, ભાઈ! આહાહા..!

બીજી રીતે (કહીએ). અનંતધર્મ છે એવી એક શક્તિ છે. અનંતધર્મ છે એવી એક શક્તિ. વેદાંત આદિ અન્યમતમાં આવું હોય નહિ. સમજાય છે કાંઈ? ત્યાં તો અનંતધર્મ ગણવા એ પણ વ્યવહાર છે અને જૂઠ છે, એમ કહે છે. એક જ વસ્તુ છે. એય..! 'શશીભાઈ'! વૈષ્ણવ હતા. વૈષ્ણવમાંથી આવ્યા છે. વેદાંત. એ કહે છે કે આત્મા અનુભવ? આત્મા અનુભવ કરે? એ શું? એ તો બે વાત થઈ ગઈ. એકમાં બે ક્યાંથી આવ્યા? આત્માનો અનુભવ. તો અનુભવ અને આત્મા બે વસ્તુ થઈ ગઈ. એ બેને માનતા નથી. એક માને છે, એક જ સ્વરૂપ છે. સમજાય છે કાંઈ?

અહીં તો કહે છે, એકસ્વરૂપ છે.. પહેલા આપણે આવી ગયું છે. આવી ગયું ને? એકસ્વરૂપાત્મક. સર્વ શરીરોમાં એકસ્વરૂપાત્મક. પચીસમી શક્તિમાં આવી ગયું. પચીસમાં આવી ગયું. સર્વ શરીરોમાં એકસ્વરૂપાત્મક. પણ એકસ્વરૂપાત્મક અનંતશક્તિનું એક સ્વરૂપાત્મક છે. તો અનંતશક્તિનું પરિણમન શક્તિવાન ઉપર દૃષ્ટિ દેવાથી (થાય છે). દ્રવ્ય સ્વભાવ ભગવાનઆત્મા, જેણે અનંતશક્તિ ધારી રાખી છે, ચૈતન્યપણું ધારી રાખ્યું છે... આહાહા..! જેણે અનંતઆનંદ ધારી રાખ્યો છે, જેમાં અનંતી ઈશ્વરતા, પ્રભુતા ધારી રાખી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે. જેમાં અનંતવીર્ય બેહદ અપરિમિત વીર્ય ધારી રાખ્યું છે, એવા ધર્મને ધરનારો ધર્મી (છે). એવા ધર્મને ધરનારો ધર્મી. ધર્મી એટલે દ્રવ્ય, હોં! એ પર્યાયમાં ધર્મી થાય છે. આહાહા..! સૂક્ષ્મ વાત છે, ભાઈ!

લોકોને બહારથી માનવું છે. આ વ્રત ને તપ ને ભક્તિ... એ તો બધા શુભભાવ છે. એ તો વસ્તુમાં છે જ નહિ. અને એનાથી પોતાનું કલ્યાણ માનવું એ તો મહાભ્રમ અને પાખંડ છે. કેમ કે શુભરાગ આદિ અનંતધર્મમાં નથી. આ જે અનંતધર્મશક્તિ કહી તેમાં શુભરાગ નથી. શુભરાગ તો પર્યાયમાં નવો ઉત્પન્ન થાય છે એ પરના લક્ષે ઉત્પન્ન થાય છે. દ્રવ્ય, ગુણમાં વિકાર કરવાની કોઈ શક્તિ નથી. દ્રવ્યની શક્તિ નથી કે વિકાર કરે અને શક્તિની શક્તિ નથી કે વિકાર કરે. આહાહા..!

મુમુક્ષુ :- ક્યાંથી આવે છે?

ઉત્તર :- પર્યાયમાંથી અદ્ધરથી (આવે છે). પર્યાયની યોગ્યતાથી ષટ્કારકના પરિણમનથી ઉત્પન્ન થયો છે. 'પંચાસ્તિકાય'ની ૬૨ ગાથા કીધી ને? અસ્તિકાય સિદ્ધ કરવું છે ને ત્યાં? અસ્તિકાય સિદ્ધ કરવું છે તો અસ્તિકાયમાં પર્યાયમાં ષટ્કારકથી પરિણમન કરીને વિકાર થાય છે એવી અસ્તિ સિદ્ધ કરવી છે. અસ્તિકાય છે ને? પણ જ્યારે પોતાનો સ્વભાવ ત્રિકાળ સિદ્ધ કરવો છે ત્યારે એ વિકારી પર્યાય ષટ્કારકનું પરિણમન એમાં નથી થતું. આહાહા..!

પોતાનો ત્રિકાળી જ્ઞાયક આનંદસ્વરૂપ પ્રભુ, અનંતધર્મત્વશક્તિને ધરનારો, એ એક શક્તિ એવી છે કે જે અનંત અનંતગુણમાં અનંતધર્મત્વશક્તિ વ્યાપી છે. આહાહા..! બહુ ઝીણું, ભાઈ! એમાં 'સવૈયા'માં તો બહુ લીધું છે. એક ગુણમાં અનંતી પર્યાય ને અનંત પર્યાયમાં એક જ્ઞાનનો થટ ને એક જ્ઞાનની પર્યાયમાં અનંતજ્ઞાન ને થટ ને નૃત્ય.. એમ લીધું છે. આહાહા..! 'સમયસાર નાટક' માં છે પણ શબ્દ થોડા છે. આમાં 'અધ્યાત્મ પંચસંગ્રહ'માં ઘણું છે. આહાહા..!

અહીંયા તો કહે છે, **'વિલક્ષણ...'** ઇ શું કહ્યું? એક ગુણમાં બીજો ગુણ વિલક્ષણ છે. જ્ઞાનનું લક્ષણ જાણવું, દર્શનનું દેખવું, વીર્યની રચના કરવી, અસ્તિત્વનું સત્તાપણે રહેવું. એવા પ્રત્યેક ગુણ વિલક્ષણ છે. કોઈ ગુણનું કોઈ બીજા ગુણમાં લક્ષણ એક હોતું નથી. પહેલો શબ્દ છે. **'વિલક્ષણ (-પરસ્પર ભિન્ન લક્ષણોવાળા)...'** આહાહા..! આવી વાતું. અનંતજ્ઞાન, દર્શન, આનંદ આદિ અનંતગુણ છે પણ પ્રત્યેક ગુણ વિલક્ષણ છે. કોઈ ગુણનું લક્ષણ કોઈ ગુણમાં જતું નથી. આહાહા..! પ્રત્યેક ભિન્ન ભિન્ન છે અને તેના લક્ષણ પણ ભિન્ન છે. આહાહા..! સમજાય છે કાંઈ?

**'વિલક્ષણ (-પરસ્પર ભિન્ન લક્ષણવાળા...)'** નિજ લક્ષણયુક્ત. કોણ? **'અનંત સ્વભાવોથી...'** આહાહા..! પરસ્પર ભિન્ન લક્ષણ, પરસ્પર પ્રત્યેકનું ભિન્ન ભિન્ન લક્ષણ. એવા **'અનંત સ્વભાવોથી...'** જુઓ! અનંતધર્મત્વશક્તિ લેવી છે? અનંત સ્વભાવ છે. **'અનંત સ્વભાવથી**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**ભાવિત...**' અનંત સ્વભાવોથી ભાવિત. આહાહા..! પરસ્પર ગુણના વિલક્ષણ. એક લક્ષણ બીજામાં મળતું નથી. તો અનંત સિદ્ધ થાય છે. એક લક્ષણ બીજામાં મળી જાય તો અનંત સિદ્ધ નથી થતું. અહીંયા અનંતધર્મત્વ સિદ્ધ કરવું છે ને? તો પ્રત્યેક ગુણનું લક્ષણ ભિન્ન ભિન્ન છે. જ્ઞાનનું જાણવું, દર્શનનું દેખવું, આનંદનું આહ્‌લાદનું, વીર્યનું સ્વરૂપની રચનાનું એમ પ્રત્યેકનું લક્ષણ ભિન્ન ભિન્ન છે. અનંતગુણના લક્ષણ ભિન્ન ભિન્ન છે. કેમ કે અનંતગુણ ભિન્ન છે. દ્રવ્ય ભલે એક છે પણ ગુણ છે એ તો ભિન્ન ભિન્ન લક્ષણવાળા અનંત છે.

**'વિલક્ષણ (–પરસ્પર ભિન્ન લક્ષણવાળા) અનંત સ્વભાવોથી...**' આહાહા..! ભગવાન એવા વિલક્ષણ ગુણથી, અનંત સ્વભાવોથી, ગુણ કહો કે સ્વભાવ કહો, એ અનંત સ્વભાવોથી ભાવિત, રહેનારો. **'એવો એક ભાવ જેનું લક્ષણ છે...**' અનંત સ્વભાવનો ભાવ એનું એક લક્ષણ અનંતધર્મત્વ. 'રતનચંદજી'! આ ક્યાં આવું..? દયા પાળો ને વ્રત કરો ને ભક્તિ કરો થઈ જશે કલ્યાણ, લ્યો! આહાહા..! ભાઈ! તારી ચીજ કોઈ અલૌકિક છે, નાથ! મહા રત્નાકર ચૈતન્ય રત્નાકર, અંતર અનંતગુણનો ભંડાર છે. એની રાગની એકતાબુદ્ધિમાં એ ભંડારનું તાળુ બંધ કરી દીધું છે. સમજાય છે કાંઈ? રાગ અને સ્વભાવની એકતાબુદ્ધિમાં એ ખજાનો બંધ થઈ ગયો છે. એ ખજાનો ખોલ! ક્યારે ખુલે છે? કે રાગ ઉપરનું લક્ષ પણ છોડી દે અને પર્યાય ઉપરનું લક્ષ પણ છોડી દે. આહાહા..! અને સ્વભાવ અને સ્વભાવવાન એકપણે છે (તેની દૃષ્ટિ કરવી). **'तं एयत्तविहत्तं दाएहं अप्पणो सविहवेण'** 'સમયસાર' પાંચમી ગાથા છે. **'एयत्त'** પોતાના સ્વભાવથી એકત્વ છે અને પુણ્ય-પાપના વિકલ્પથી વિભક્ત છે, ભિન્ન છે. આહાહા..! એવો પોતાનો સ્વભાવ અનંત સ્વભાવથી ભાવિત, અનંત સ્વભાવથી રહેનારો. ભાવિત એટલે અનંત સ્વભાવથી ભાવિત–રહેનારો. આ તો એક એક શબ્દમાં (ગંભીરતા છે).

**'અનંત સ્વભાવોથી ભાવિત એવો એક ભાવ...**' આહાહા..! એવો **'એક ભાવ જેનું લક્ષણ છે...**' પહેલા પ્રત્યેક ગુણ વિલક્ષણ છે એમ કહ્યું હતું. પણ આ શક્તિનું તો એક જ લક્ષણ છે. શું? અનંતધર્મત્વશક્તિનું લક્ષણ એક છે. એ જ્ઞાનસ્વરૂપ છે તો એ સમજણથી–જ્ઞાનથી પ્રાપ્ત થાય છે. આનંદસ્વરૂપ છે તો આનંદની પર્યાયથી જ પ્રાપ્ત થાય છે. પ્રભુત્વશક્તિથી ભરેલો છે તો પ્રભુત્વશક્તિની પર્યાયથી પ્રભુત્વનું ભાન થાય છે. સમજાય છે કાંઈ? આહાહા..! એ અકર્તૃત્વશક્તિથી ભરેલો છે તો પર્યાયમાં રાગના અકર્તૃત્વની પર્યાયથી અકર્તૃત્વ ધર્મનું ભાન થાય છે. અભોક્તા ગુણ છે તો રાગનો અભોક્તા અને પોતાના આનંદનો ભોક્તાથી પૂર્ણ આનંદસ્વરૂપ છે એમ ભાન થાય છે. આહાહા..! બહુ ઝીણું, બાપુ! શું થાય?

લોકોએ માર્ગને વીંખી નાખ્યું. સત્ય બહાર આવ્યું તો તોડી નાખે, એકાંત છે, એકાંત છે. નિમિત્તથી કાંઈ થતું નથી, વ્યવહારથી નિશ્ચય થતું નથી... પણ એટલો તો હમણા 'કૈલાસચંદજી'એ નિશ્ચય કર્યો, પહેલા તો નહોતું, વીસ વર્ષ પહેલા જ્યારે ચર્ચા થઈ હતી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ત્યારે તો ક્રમબદ્ધને માનતા નહોતા. કારણ કે 'વર્ણીજી' માનતા નહોતા એટલે એમની માન્યતા નહોતી. હવે તો નક્કી કર્યું છે, ક્રમબદ્ધ છે. એમ જૈનસંદેશમાં આવ્યું છે. ક્રમબદ્ધ છે એમ નિર્ણય કરે તો વ્યવહારથી નિશ્ચય થાય, નિમિત્તથી ઉપાદાનમાં થાય છે એ વાત છૂટી જાય છે. બરાબર છે? બહુ વિરોધ કર્યો છે. મોટો લેખ છે. 'ઇન્દોર' માં 'ઇન્દોરીલાલ બડજાત્યા' કરીને કોઈ છે. ઘણો વિરોધ. એકાંત છે.. એકાંત છે. કોઈ એક વળી બીજાએ લખ્યું છે, 'શ્રુતસાગર' છે. આ મોટા મોટા માણસો ભેગા થતા નથી. એકઠા થઈને કરો. ધર્મપંથનો નાશ થઈ જાય છે. અરે..! ભગવાન! 'શ્રુતસાગર' સાધુ છે. 'ધર્મસાગર' માંથી બહાર નીકળ્યા છે. એનું આવ્યું છે, મોટા મોટા શેઠિયાઓ ભેગા થઈને નિર્ણય કરો કે આ વાત એકાંત છે. 'જૈનગેઝેટ' માં આવ્યું છે. આજે તો 'જૈનદર્શન' માં વિરોધ આવ્યો છે. આહાહા..! ભાઈ! સાધુ નામ ધરાવે અને આવો વિરોધ કરે. આહાહા..!

વાત એ છે કે અહીંયા શક્તિના વર્ણનમાં શક્તિનો ધરનાર પવિત્ર છે અને શક્તિ પવિત્ર છે, તો એની પરિણતિ પણ પવિત્ર છે. તેને અહીં ગણવામાં આવી છે. શુભરાગ આદિનો એમાં અભાવ છે. આ અનેકાંત છે. નિશ્ચયથી શુદ્ધથી શુદ્ધતા થાય છે અને વ્યવહારથી શુભથી પણ શુદ્ધતા થાય છે એ તો મિથ્યાઅનેકાંત છે. શું કહ્યું? અનેકાંત છે ખરું પણ મિથ્યાઅનેકાંત છે. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં આવ્યું ને? સાતમા અધ્યાયમાં વાત નહોતી? નિશ્ચયાભાસ ને વ્યવહારાભાસ. એ બધા અધિકાર આવી ગયો.

અનેકાંત પણ બે પ્રકારના છે. એકાંત પણ બે પ્રકારના છે. એક સમ્યક્ એકાંત, એક મિથ્યા એકાંત. એમ અનેકાંતના બે પ્રકાર-એક મિથ્યા અનેકાંત અને સમ્યક્ અનેકાંત. સમજાય છે કાંઈ? નિશ્ચયથી પોતાની પરિણતિ પોતાથી થાય છે એ નિશ્ચય છે અને વ્યવહારને તો અહીંયા ગણવામાં આવ્યો જ નથી. વ્યવહારનો અભાવ છે તે જ અનેકાંત છે અને તે જ સ્યાદ્વાદ છે. સમજાય છે કાંઈ? બોલ લખ્યો છે ને? પેલા બાવીસ બોલમાં લખ્યું છે ને? બાવીસ બોલમાં તમને લખાવ્યું છે. તમે લખી લીધું ને? એમાં. એમાં છે, જુઓ! એક એક શક્તિમાં વ્યવહારનો અભાવ છે. આઠમો બોલ છે. તમે લખી લીધું? તમારે પ્રચાર કરવો છે ને? આ તો સત્ય વાત છે. કોઈ ખાનગી રાખવાની વસ્તુ નથી. ગામેગામમાં વ્યક્તિગત વ્યક્તિગત પહોંચાડવાની વાત છે. આહાહા..!

અહીં કહે છે, આહાહા..! જેનું લક્ષણ એક ભાવ છે. આવ્યું ને? **'અનંત સ્વભાવોથી ભાવિત એવો એક ભાવ ભાવ જેનું લક્ષણ છે એવી અનંતધર્મત્વશક્તિ.'** લ્યો! આહાહા..! એ સત્યાવીસ થઈ. એક શક્તિની પર્યાય જ્યારે ઉત્પન્ન થાય છે તો એમાં અનંતશક્તિની પર્યાય સાથે ઉત્પન્ન થાય છે, આઘીપાછી નહિ. અંદર ગુણ પણ આઘાપાછા નથી, એકસાથે છે. પહેલા જ્ઞાન છે ને પછી માથે દર્શન છે ને પછી આનંદ છે ને પછી ચારિત્ર છે, એમ નથી. એકસાથે અનંત છે. પર્યાયમાં પણ એકસાથે અનંતી પર્યાયની પરિણતિ થાય છે. તેને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અહીંયા અનેકાંત કહેવામાં આવ્યું છે. રાગનો અભાવ. સ્યાદ્વાદ એ, અનેકાંત એ કે વ્યવહારનો અભાવ છે, નિશ્ચયનો સદ્ભાવ છે એ સમ્યક્ અનેકાંત છે. સમજાય છે કાંઈ? આહાહા..! એ સત્યાવીસ થઈ. હવે ૨૮.

**तदतद्रूपमयत्वलक्षणा विरुद्धधर्मत्वशक्तिः। २८.**

**તદ્‌રૂપમયપણું અને અતદ્‌રૂપમયપણું જેનું લક્ષણ છે એવી વિરુદ્ધધર્મત્વશક્તિ. ૨૮.**

**'તદ્‌રૂપમયપણું અને અતદ્‌રૂપમયપણું જેનું લક્ષણ છે એવી વિરુદ્ધધર્મત્વશક્તિ.'** આહાહા..! શું કહે છે? પહેલા જે તત્-અતત્તના બોલ લીધા છે ને? તત્-અતત્‌ના ચૌદ બોલ લીધા છે ને? ત્યાં તો પહેલા એમ લીધું છે કે તત્–આત્મા જ્ઞાયક સ્વભાવ એ તત્. અને અતત્–જ્ઞેય સ્વભાવ એમાં નથી એ અતત્. ચૌદ બોલમાં છે. સમજાય છે કાંઈ? તત્–પોતામાં જે ભાવ છે તે તત્. જ્ઞાયક જ્ઞાયકરૂપે છે, જ્ઞાન જ્ઞાનરૂપ છે એ તત્. અને જ્ઞાન રાગરૂપ નથી, જ્ઞેયરૂપ નથી, જ્ઞેયમાં રાગ પણ આવી ગયો, પરજ્ઞેયરૂપ નથી એ અતત્. ચૌદ બોલમાં એમ લીધું છે.

'પંચાધ્યાયી'માં એમ લીધું છે, તત્-અતત્–વસ્તુપણે છે અને પરવસ્તુપણે નથી એવો અર્થ પણ લીધો છે. અહીંયા ચૌદ બોલમાં જ્ઞાયક અને જ્ઞેય વચ્ચે તત્-અતત્ લીધું છે. શું સમજ્યા એમાં? પોતાનું જ્ઞાનસ્વરૂપ પોતાથી છે અને જ્ઞેયથી નથી. એટલું. એ જ્ઞેય-જ્ઞાયક વચ્ચે તત્-અતત્‌નું વર્ણન છે. પણ બીજે ઠેકાણે 'પંચાધ્યાયી'માં એમ લીધું છે કે પોતાથી જેમ અસ્તિ છે, તત્ પોતાથી છે અને બધા ગુણ પોતાથી છે. એકલા જ્ઞાનગુણની વાત નથી. ચૌદ બોલમાં જ્ઞાન અને જ્ઞેય વચ્ચે તત્-અતત્ લીધું છે. અને આમ તત્ નામ પોતાથી છે, બધા ગુણ પોતાથી છે, આખું દ્રવ્ય પોતાથી છે અને પરદ્રવ્યથી નથી. એવી વિરૂદ્ધશક્તિ એમાં છે. સમજાય છે કાંઈ?

એ વિરૂદ્ધશક્તિ લીધી છે, જુઓ! અન્યમતીને તો આ કોઈ દિ' બેસે નહિ. કેમ કે એક જ માન્યું છે. આ તો અનેકપણું, અનંત દ્રવ્ય છે તો એક દ્રવ્ય પોતાથી છે તો અનંત પરથી નથી. એમાં અનંત પર આવી ગયા. અનંત પરથી નથી. ટૂંકી ભાષામાં એમ લીધું છે, જ્ઞાન જ્ઞાનથી છે, જ્ઞેયથી નથી. સમજાય છે કાંઈ? બસ! એટલું લીધું છે. અને આમ લેવું હોય તો તત્ છે. આખું દ્રવ્ય પોતાથી, બાકીના પરદ્રવ્યથી એ નથી એ અતત્. બન્ને અર્થ થાય છે. જ્ઞાન અને જ્ઞેયને તત્-અતત્‌માં લે છે કે જ્ઞાનસ્વરૂપી ભગવાન જ્ઞાનસ્વરૂપે છે. એ જ્ઞેયનું જ્ઞાન કરે છે પણ જ્ઞેય એનામાં નથી. જ્ઞેયનું જ્ઞાન થાય છે પણ જ્ઞેય એમાં નથી. સમજાય છે કાંઈ? જ્ઞાન જ્ઞાનથી છે એ તત્ અને જ્ઞેયથી નથી એ અતત્. એમ ચૌદ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



બોલમાં લીધું છે. 'પંચાધ્યાયી'માં તત્-અતત્માં એમ લીધું છે.

નિત્ય-અનિત્ય અને તત્-અતત્માં ફેર શું? 'પંચાધ્યાયી'માં લીધું છે કે એનું એ. તત્ નામ એનું એ છે. નિત્યમાં તો એ છે એટલું, બસ! પણ એનું એ છે એ તત્ (થઈ ગયું). 'પંચાધ્યાયી' માં શક્તિ ભિન્ન પાડી છે. નિત્ય-અનિત્ય. નિત્ય એટલે કાયમ છે અને અનિત્ય પર્યાય છે, એટલું. પછી તત્-અતત્ શું? કે કાયમ છે પણ એનું એ, એનું એ છે. એ તત્. સમજાય છે કાંઈ? આવી વાત છે. 'રતનલાલજી'! તમારી ટીકા આવી છે. તમારું પુસ્તક કાઢ્યું છે, શું કહેવાય? જૈનપથપ્રદર્શક. એની પણ ટીકા આવી છે. 'જૈનદર્શન'માં છે.

મુમુક્ષુ :– એમાં લખ્યું હતું, જૈનપથપ્રદર્શક નામ કેમ રાખ્યું છે? કહાનપથ પ્રદર્શક રાખવું હતું.

ઉત્તર :– હા, એમાં છે. સાચી વાત છે. એવું લખ્યું છે. કારણ કે એ તો સોનગઢના પક્ષનું લખાણ છે. એમ કહે છે. અરે..! ભગવાન! એવી તકરારનું શું કામ છે? ભાઈ! આહાહા..! આ તો ભગવાનનો પ્રભુનો પંથ છે. સમજાય છે કાંઈ?

કહે છે કે આત્મામાં બે શક્તિઓ એકસાથે છે એ વિરૂદ્ધ છે. વિરૂદ્ધ પણ એક શક્તિ છે. પોતાથી છે, જ્ઞેયથી નહિ એ તો વિરૂદ્ધ થયું. જે છે તે નથી. એ પોતાથી છે, પરથી નહિ. એ તો વિરૂદ્ધ થયું. પણ વિરૂદ્ધશક્તિ એમાં છે. વિરૂદ્ધ એનો એક ગુણ છે. વિરૂદ્ધ નામનો ગુણ છે. આહાહા..! એ ગુણની પર્યાય છે, વિરૂદ્ધગુણની પર્યાય છે. જેમ અપેક્ષિત નિત્ય-અનિત્ય ધર્મ છે એની પર્યાય નથી, એમ આ ગુણ નથી. શું કહ્યું સમજાણું? નિત્ય એ ધર્મ છે, તો નિત્ય ધર્મ તો અપેક્ષિત થયો. કાયમ રહેવાની અપેક્ષાએ નિત્ય છે. કોઈ નિત્ય ગુણ છે અને નિત્યની કોઈ પર્યાય છે એમ નથી. એમ અનિત્ય એક ધર્મ છે. અનિત્ય ધર્મ એ પલટે છે તે અપેક્ષાથી અનિત્ય કહ્યું. પણ અનિત્ય કોઈ ગુણ છે અને એની કોઈ પર્યાય છે એમ નથી. અને આ તો ગુણ છે. વિરૂદ્ધશક્તિ નામનો એક ગુણ છે. આહાહા..!

મુમુક્ષુ :– વર્તમાનમાં છે.

ઉત્તર :– વર્તમાનમાં વિરૂદ્ધશક્તિ, તત્પણે છે અને અતત્પણે નથી એવી વિરૂદ્ધશક્તિનું પરિણમન છે. સમજાય છે કાંઈ? પોતાના જ્ઞાનપણે જ્ઞાનપણે રહે છે, અજ્ઞાનપણે થતું નથી. વીતરાગપણે વીતરાગતા રહે છે, એ રાગપણે નથી થતી. આનંદપણે આનંદની પર્યાય રહે છે, તે દુઃખપણે થતી નથી. સમજાય છે કાંઈ? આહાહા..! આવી વાત છે, બાપુ! એ તત્-અતત્.

નિશ્ચયથી પોતાથી પરિણમે છે અને વ્યવહારથી નથી પરિણમતો, એ તત્-અતત્ છે. આહાહા..! ચૌદ બોલમાં તો તત્-અતત્ની સાથે સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અસ્તિ, પરદ્રવ્ય-ક્ષેત્ર–કાળ-ભાવથી નાસ્તિ, એમ આઠ બોલ જુદા લીધા છે ને? તેથી પહેલા તત્-અતત્માં જ્ઞાન અને જ્ઞેય સંબંધી જ વાત કરી છે, બીજા ગુણ સાથે નહિ, એક જ્ઞાનગુણ સાથે વાત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


લીધી. શું કહ્યું સમજાણું? તત્-અતત્‌માં જ્ઞાનગુણથી છે જ્ઞેયથી નથી એટલું સિદ્ધ કર્યું છે. પછી આઠ બોલ આવે છે. ચૌદ બોલ છે ને? તત્-અતત્ત, એક-અનેક, સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી છે, પરથી નથી એ આઠ અને નિત્ય-અનિત્ય. સમજાય છે કાંઈ? એવા ચૌદ બોલ ત્યાં લીધા છે. સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી છે, પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી નથી, એ આઠ બોલ થયા. અને તત્-અતત્ બે, એક-અનેક બે, બાર થયા અને નિત્ય-અનિત્ય બે થઈને ચૌદ થયા. આહાહા..! આવી બધી વાતું લાંબી. મૂળ અનેક પ્રકારના વિપરીત શલ્ય છે ને? તેનો નિષેધ કરવા, શલ્યનો નાશ કરવા માટે અનેક પ્રકારનું જ્ઞાન કરવું પડે છે. સમજાય છે કાંઈ? કોઈની કાંઈક માન્યતા છે, કોઈકની કાંઈક માન્યતા છે. તો વિરૃદ્ધ છે તેનો નાશ કરવાનો સ્વભાવ છે. આહાહા..!

મુમુક્ષુ :– ક્યાં સુધી યાદ રાખવું?

ઉત્તર :– અહીંયા યાદ રાખવાની વાત નથી, અંદર ભાવમાં કોતરી નાખવું. આહાહા..!

પોતાનો સ્વભાવ પોતાથી છે, પરથી નથી. ત્યાં 'પ્રવચનસાર'માં ૧૯૯ ગાથામાં તો ત્યાં સુધી કહ્યું કે, પોતાના જ્ઞાનમાં અનંત જ્ઞેય કોતરાઈ ગયા છે, પેસી ગયા છે. એવું આવે છે. અંદર ખોડાઈ ગયા છે. એ તો નિમિત્તથી કથન છે. જ્ઞેય સંબંધીનું જ્ઞાન અહીંયા થઈ ગયું છે. સમજાય છે કાંઈ? આહાહા..! આવી વાતું હવે. ચારે પડખાથી સત્ય ન સમજે તો એકાંત થઈ જાય છે. અને અહીં એકાંત એમ કહે છે કે, તમે વ્યવહારથી પણ માનો અને નિમિત્તથી પણ માનો, નહિતર એકાંત છે, એમ કહે છે. આહાહા..! અને એમ કે, આ વ્રત ને તપ ને ભક્તિ કરે છે તેનાથી પણ ધર્મ છે એમ માનો, નહિતર એકાંત થઈ જાય છે, એમ કહે છે. કહો, 'ડાહ્યાભાઈ'! શુભરાગ તો અધર્મ છે.

મુમુક્ષુ :– સોનગઢમાં એકદમ એકાંત છે, આત્માનું હિત કરવા માટે એકાંત છે.

ઉત્તર :– એકાંત છે, સમ્યક્ એકાંત છે. સમજાય છે કાંઈ?

(સંવત) ૧૯૮૫ની સાલ હતી, પોષ મહિનો હતો. કેટલા વર્ષ થયા? ૪૮. પચાસમાં બે ઓછા. અમે સંપ્રદાયમાં હતા ને? 'બોટાદ'. ત્રણસો ઘર, પંદરસો માણસ કાયમ (આવે). અમારી પ્રતિષ્ઠા ઘણી હતી ને! અમારા વ્યાખ્યાનમાં માણસ.. માણસ.. માણસ મકોડાની જેમ ઉભરાતા હતા. પચાસ વર્ષ પહેલા! આ ૧૯૮૫ની વાત છે. પોષ મહિનો.

મુમુક્ષુ :– ..

ઉત્તર :– તત્ત્વની વાત નીકળતી હતી. બીજે ક્યાંય હતી નહિ એટલે લોકો બહુ કહેતા, ઓહોહો..! મહારાજની આસપાસ કેવળજ્ઞાન ફરે છે. એમ લોકો કહેતા. સંપ્રદાયમાં પ્રતિષ્ઠા બહુ હતી ને! અહીં તો બીજું કહેવું છે કે, ૧૯૮૫ ના પોષ મહિનામાં સંપ્રદાયમાં એમ કહ્યું, સભા, મોટી સભા, લાખોપતિ, પચાસ-પચાસ હજારની એક વર્ષની પેદાશ હોય એવા 'રાયચંદ ગાંધી' આદિ પણ બેઠા હતા, બધા બેઠા હતા આખો અપાસરો ભરાઈ જતો હતો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અપાસરામાં તો સમાય નહિ પણ પાછળનો ખાલી ભાગ.. સડક.. શું કહેવાય? ગલી.. ગલી. ગલીમાં માણસો.

બે શબ્દ કહ્યા, જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ધર્મ નહિ. ૪૮ વર્ષ પહેલા, તમારા જન્મ પહેલા. જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય.. ધર્મથી બંધન થાય નહિ માટે જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય એ ધર્મ નહિ. ધીમેથી કીધું, શાંતિથી કહીએ તો અધર્મ છે. અમારી પ્રતિષ્ઠા હતી એટલે બહુ ખળભળાટ ન થયો. અમારા ગુરુભાઈ એક સાધુ હતા એમને ઠીક ન લાગ્યું. એ જરી એમ બોલી ગયા, પણ એમનું કોઈ સાંભળે નહિ. પ્રતિષ્ઠા અમારી હતી એટલે બીજાનું કોઈ સાંભળે નહિ. એ જરી બોલી ગયા, વોસરે... વોસરે. આ શ્રદ્ધા વોસરે.. વોસરે. વોસરે સમજ્યા? આ શ્રદ્ધા ન જોઈએ, ન જોઈએ. એમ કહીને ઉઠી ગયા પણ લોકો કંઈ સમજે નહિ. વ્યાખ્યાન પૂરું થયું પછી કહ્યું, બેસી રહેવું હતું ને. તમે શું કીધું એ લોકો કંઈ સમજે છે. તમે શું કહ્યું એનું ધ્યાન પણ આપ્યું નથી. ધ્યાન જ ન આપ્યું. કોણ ધ્યાન દે? અમારી વાત સાંભળતા હતા એમાં કોણ ધ્યાન દે? કહ્યું, જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય તે ભાવ ધર્મ નહિ, અધર્મ છે. એક વાત. અને પંચમહાવ્રતના પરિણામ તે આસ્રવ છે, ધર્મ નથી. સભામાં ૪૮ વર્ષ પહેલા સંપ્રદાયમાં કહ્યું હતું.

મુમુક્ષુ :- સિંહની જેમ ગર્જના કરી.

ઉત્તર :- વસ્તુ તો આ છે, બાપુ! માર્ગ આ છે. આહાહા..! જે ભાવે બંધ થાય તે ભાવ ધર્મ નહિ. ધર્મ પરિણામ તો અબંધસ્વભાવી છે. કેમ કે ભગવાનઆત્મા અબંધસ્વરૂપી છે. તેના પરિણામ મોક્ષનો માર્ગ એ અબંધપરિણામી છે. એ અબંધપરિણામ બંધનું કારણ થાય એમ બને નહિ. અને જે બંધનું કારણ હોય તે અધર્મ છે, ધર્મ નથી. 'ચંદુભાઈ'! આહાહા..! લોકો તો સાંભળતા હતા. અમારી તો પ્રતિષ્ઠા બહુ હતી ને! અમે દિગંબર શાસ્ત્ર વાંચતા તો પણ લોકો શંકા કરે નહિ. મહારાજને ઠીક લાગે એમ કરતા હશે. સંપ્રદાયમાં બધું જોયું હતું ને! 'આદિપુરાણ', 'તત્ત્વાર્થ રાજવાર્તિક', 'સમયસાર', 'પ્રવચનસાર', બધું જોયું હતું, બધું સંપ્રદાયમાં જોયું હતું. આહાહા..! મેં કીધું, હું અહીંયા આવી ગયો છું માટે અહીંયા રહીશ, એવો હું નથી. આહાહા..! હું તો ક્ષણમાં છોડી દઈશ જો કોઈ પ્રતિકૂળતા કરશે તો. લોકો ગભરાતા હતા. કાંઈ નહિ કહેશો, હોં! નહિતર હમણા મુહપત્તી છોડી દેશે.

અહીં તો એક મહાવ્રતના પરિણામ આસ્રવ અને બંધનું કારણ છે અને જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય તે ભાવ અધર્મ છે.

મુમુક્ષુ :- ધર્મ નહિ..

ઉત્તર :- એ કીધું ને! ધર્મ નહિ, પહેલા એમ કહ્યું હતું. પહેલા કહીને પછી કહ્યું બીજી ભાષાએ કહીએ તો ધર્મ નહિ એટલે અધર્મ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અહીંયા કહે છે કે, પોતાનું સ્વરૂપ જે તત્‌રૂપે, જ્ઞાયકરૂપે, આનંદરૂપે છે તેની પરિણતિ આનંદરૂપે થાય છે. અને અતત્. પરદ્રવ્યપણે નથી, પરજ્ઞેયપણે નથી તો પરના અભાવરૂપે પરિણતિ થાય છે. પોતાના સ્વભાવની અસ્તિરૂપે પરિણતિ થાય છે અને પરના અભાવરૂપ પરિણતિ થાય છે. એ વિરૂદ્ધશક્તિ નામનો એક ધર્મ છે. આહાહા..! વ્યવહારથી પણ થાય અને નિશ્ચયથી પણ થાય તો વિરૂદ્ધશક્તિ ન રહી. વિરૂદ્ધશક્તિનો અભાવ થયો. શું કહ્યું સમજાણું? વિરૂદ્ધશક્તિ છે. આહાહા..! પોતાથી છે, જ્ઞાન, આનંદસ્વરૂપથી ભગવાનઆત્મા છે અને જ્ઞેયસ્વરૂપ અને વ્યવહાર સ્વરૂપે નથી. અતત્–વ્યવહારથી નથી. એવો વિરૂદ્ધશક્તિ નામનો એક ગુણ છે. આ ગુણ છે, હોં! આ ગુણની પરિણતિ–પર્યાય–છે. નિત્ય-અનિત્ય ધર્મ છે તેની પરિણતિ–પર્યાય–નથી. આ તો ગુણ છે. વિરૂદ્ધ નામનો આત્મામાં એક ગુણ છે. આહાહા..!

એ વિરૂદ્ધશક્તિ કોને હોય? અનેક માનતા હોય એને હોય. એક જ માને એમાં વિરૂદ્ધ ક્યાં આવ્યું? સમજાય છે કાંઈ? વેદાંત એક જ આત્મા સર્વવ્યાપક માને છે. એક સર્વવ્યાપક શુદ્ધ નિર્મળ નિર્મળ છે. એમાં વિરૂદ્ધ ક્યાં આવ્યું? આ તો વિરૂદ્ધ છે એમ સિદ્ધ કરવું છે. પોતાનો સ્વભાવ પોતાથી છે અને વ્યવહારથી ને પરદ્રવ્યથી નથી એવો વિરૂદ્ધશક્તિ નામનો ગુણ છે. એ ગુણ છે અને ગુણની પરિણતિ પણ છે. વિરૂદ્ધશક્તિની પરિણતિ પોતાના વિરૂદ્ધ સ્વભાવના પરિણમનમાં રાગ અને પરનું પરિણમન નથી, એ વિરૂદ્ધશક્તિનું પરિણમન છે. સમજાય છે કાંઈ? આહાહા..! એમાં તો વ્યવહારથી નથી એવું પરિણમન છે એમ આવ્યું. પર્યાયમાં વ્યવહારનું પરિણમન નથી. પોતાના સ્વભાવનું પરિણમન છે અને વ્યવહારનું પરિણમન નથી એનું નામ વિરૂદ્ધશક્તિ ગણવામાં આવી છે. તો વ્યવહારથી થાય છે એ વાત ઉડી જાય છે. સમજાય છે કાંઈ? વ્યવહારનો તો અભાવ છે. અહીંયા વ્યવહારની વાત છે જ નહિ. અહીં તો દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણે નિર્મળની વાત છે. શક્તિનું વર્ણન છે ને! શક્તિ તો નિર્મળ છે તો એનું પરિણમન પણ નિર્મળ છે. વિકારનું પરિણમન અહીંયા ગણ્યું જ નથી. તેનો અભાવ ગણવામાં આવ્યો છે. આહાહા..! સમજાય છે કાંઈ?

**'તદ્દરૂપમયપણું...'** ભાષા જોઈ? **'તદ્દરૂપમયપણું...'** પોતાનો સ્વભાવ તદ્દરૂપમયપણું. તદ્દરૂપવાળો એમ પણ નહિ. તદ્દરૂપમયતા, તદ્દરૂપમય. છે? આહાહા..! **'અને અતદ્દરૂપમયપણું...'** અતદ્દરૂપમય. વ્યવહાર અને પરદ્રવ્યથી આત્મા અતદ્દરૂપમય છે. અતદ્દરૂપમય છે. તદ્દરૂપમય છે અને પરથી અતદ્દરૂપમય છે. અતદ્દરૂપમય–બિલકુલ રાગથી પરિણમન થાય કે પરના સદ્ભાવથી અહીંયા પરિણમન થાય એમ છે જ નહિ. આહાહા..! એક શક્તિમાંથી ઘણું કાઢ્યું છે.

તદ્દરૂપમય–પોતાના નિર્મળ અનંતધર્મ, અનંતગુણ એમાં તદ્દરૂપમય પરિણમન છે અને જ્ઞેય અને વ્યવહારથી અતદ્દરૂપમય છે. એમાં બિલકુલ વ્યવહાર તન્મય નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મુમુક્ષુ :- તો પછી બિચારા કર્મનું શું થશે?

ઉત્તર :- કર્મ તો ક્યાંય રહી ગયા, કર્મના ઘરે રહી ગયા. કર્મનો તો અભાવ છે, અતદ્મય છે. કર્મનો તો અતદ્રૂપ આત્મામાં સ્વભાવ છે. આ તો કહે, કર્મના ઉદયથી વિકાર થાય છે. અહીં તો વિકાર અને ઉદયનો બન્ને અતદ્ભાવ છે. બન્ને અતદ્ભાવ છે. આહાહા..!

મુમુક્ષુ :- પણ એનાથી શું થશે?

ઉત્તર :- શું થશે શું? એમાં રહેશે. વિકાર વિકારમાં રહેશે. નિર્વિકાર પરિણતિ છે તેમાં એ આવતા નથી. નિશ્ચયથી તો એને વસ્તુ જ ગણવામાં આવી નથી. સમજાય છે કાંઈ? પરમાર્થે તો વિકાર વસ્તુ જ ગણવામાં નથી આવી. પોતામાં, હોં! પરવસ્તુ તરીકે છે. શું કહ્યું સમજાણું? વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ શુભારાગને પોતામાં ગણવામાં જ નથી આવ્યો. તન્મયમાં એ છે જ નહિ. અતન્મયમાં છે તેથી તેનો અભાવ છે. એ એક વિરૂદ્ધશક્તિ નામનો ગુણ છે. એ દરેક ગુણમાં લાગુ પડે છે. દરેક ગુણમાં વિરૂદ્ધશક્તિ છે. ચારિત્રગુણ છે તે વીતરાગપણે પરિણમે છે અને રાગપણે નહિ. આનંદગુણ છે તે આનંદપણે પરિણમે છે અને દુઃખરૂપે નહિ. એવી એનામાં વિરૂદ્ધશક્તિ છે.

**'અને અતદ્રૂપમયપણું જેનું લક્ષણ છે...'** કોનું? કોનું? જેનું લક્ષણ એટલે કોનું? **'એવી વિરૂદ્ધધર્મત્વશક્તિ.'** વિરૂદ્ધધર્મત્વ, વિરૂદ્ધધર્મપણું, વિરૂદ્ધધર્મપણું એવી શક્તિ છે. આહાહા..! એનો બહુ લાંબો અર્થ છે. પોતાનો ભગવાનઆત્મા પવિત્ર અનંત ધર્મ ગુણ છે તેનાથી પરિણતિ તન્મય છે. અને રાગાદિનો તથા પર આદિનો અતન્મયરૂપ ભાવ છે. આહાહા..! વસ્તુ અને વસ્તુની પર્યાયમાં પણ, અહીં તો પર્યાયમાં પણ, પોતાના અનંતગુણનું તન્મય પરિણમન થાય છે અને વિકાર અને પરનું અતન્મયરૂપ પરિણમન થાય છે. વિકાર વ્યવહારનું પરિણમન એનામાં અસ્તિપણે છે એમ ગણવામાં જ નથી આવ્યું. સમજાય છે કાંઈ? 'જિનેશ્વરદાસજી'! ઝીણી વાત બહુ, બાપા! આ તો હવે છેલ્લી વાતો છે. ૪૩ વર્ષ થયા. અહીંયા ચાલીસ ને ત્રણ થયા. જે વસ્તુ છે એનું સ્પષ્ટીકરણ તો બરાબર આવવું જોઈએ ને! બહુ વિરોધ કરે છે તો વિરોધની સામે ઘણું સ્પષ્ટ થાય છે. આહાહા..!

વિરૂદ્ધશક્તિનું તત્ત્વ, પોતાના અનંતગુણો જે આનંદ આદિ શક્તિ છે તે રૂપે પરિણમન છે તે તન્મય શક્તિ છે અને રાગાદિ ને પરથી નથી એ અતદ્રૂપ શક્તિ છે. પોતામાં રાગપણે પરિણમન છે જ નહિ. તેને આત્મા જ નથી કહેતા. આહાહા..! સમજાય છે કાંઈ? રાગનું પરિણમન પોતામાં છે એ આત્મા જ નથી. આહાહા..! એ અનાત્મામાં જાય છે, પરદ્રવ્યમાં જાય છે.

મુમુક્ષુ :- નવો ધર્મ કાઢ્યો...

ઉત્તર :- અનાદિકાળનો છે. બિલાડી હોય ને? બિલાડી. એને બચ્ચુ થાય એને એક

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જગ્યાએ સાત દિવસ રાખે. કેમ કે બાળક ટેવાઈ જાય ને! સાત દિવસ ફેરવે. એમ કરતા કરતા સાત વાર ફેરવે. પછી આંખ ખોલે ત્યારે જગત દેખે. જગત તો છે. પણ તારી આંખ નહોતી ત્યારે પણ જગત તો હતું. તને આંખ થઈ અને જગત દેખાણું તો જગત છે, એમ નથી. એમ આ નવો પંથ નથી, આ તો અનાદિનો પંથ છે. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૨૫ શક્તિ–૨૯, રવિવાર (દ્વિતીય) શ્રાવણ વદ ૭, તા. ૪-૦૯-૧૯૭૭

---

આ 'સમયસાર' શક્તિનો અધિકાર છે. આત્મામાં અનંતશક્તિઓ છે. અનંતશક્તિનું વર્ણન તો કરી શકે નહિ. તેથી ચાલીસ અને સાત, ૪૭ શક્તિનું વર્ણન કર્યું છે. નયમાં પણ ૪૭ નય લીધા છે. ઉપાદાન-નિમિત્તમાં પણ 'ભૈયા ભગવતીદાસે' ૪૭ દોહા લીધા છે, ચાર ઘાતિકર્મની પ્રકૃતિ પણ ૪૭ છે. તેનો નાશ કરવાનો ઉપાય છે. સમજાય છે કાંઈ? ચાર ઘાતિકર્મ છે ને? તેની પ્રકૃતિ પણ ૪૭ છે અને ઉપાદાન-નિમિત્તના દોહા પણ ૪૭ છે. 'ભૈયા ભગવતીદાસ.' 'પ્રવચનસાર'માં નય પણ ૪૭ છે. ૪૭ સમજ્યા? ચાર અને સાત. આ શક્તિઓ પણ ૪૭ લીધી છે. આહા..! 'દ્રવ્યસંગ્રહ'માં એ ૪૭ મી ગાથા છે ને? **'दुविहं पि मोक्खहेउं'**. 'દ્રવ્યસંગ્રહ' માં ૪૭ મી ગાથા છે, ચાર અને સાત, ત્યાં પણ એ વર્ણન છે. **'दुविहं पि मोक्खहेउं झाणे पाउणदिं जं मुणी णियमा।'** શું કહે છે? પોતાના આત્માનો અનુભવ– નિશ્ચય મોક્ષમાર્ગ ધ્યાનમાં પ્રાપ્ત થાય છે. ઉપર ઉપરથી કોઈએ ધારણા કરી લીધી હોય, એવી કોઈ વસ્તુ નથી. આહાહા..! પોતાના આત્માને ધ્યેય બનાવીને વિકલ્પથી રહિત, પોતાની જ્ઞાનપર્યાયમાં દ્રવ્યને ધ્યેય બનાવીને...

કાલે રાત્રે પ્રશ્ન હતો. જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેય. રાત્રિનો પ્રશ્ન ધ્યાતા, ધ્યાન અને ધ્યેયનો હતો. પણ શ્લોકમાં એમ આવ્યું કે જ્ઞાતા, જ્ઞેય અને જ્ઞાન. ભાઈ! રાત્રે પ્રશ્ન થયો હતો. જ્ઞાતા, જ્ઞેય અને જ્ઞાન ત્રણે આત્મા છે. જ્ઞેય પણ આત્મા, જ્ઞાન પણ આત્મા અને જ્ઞાતા પણ આત્મા. આહાહા..! સમજાય છે કાંઈ? એમાં એમ લીધું છે કે જ્ઞેયએકશક્તિ છે. પંડિતજી! 'કળશટીકા' માં લીધું છે. આમાં નથી. 'કળશટીકા'. જ્ઞાન એકશક્તિ છે અને જ્ઞાતા અનંતશક્તિ સંપન્ન છે. ભાઈ! 'ચંદુભાઈ'! જ્ઞાતા–ભગવાનઆત્મા જ્ઞાતા અનંતશક્તિ સંપન્ન છે. જ્ઞેય એકશક્તિ છે અને જ્ઞાન એકશક્તિ છે. સમજાય છે કાંઈ? રાત્રે ચર્ચા નહોતી થઈ? ધ્યાન, ધ્યાતા અને ધ્યેય. પણ મારું લક્ષ તો જ્ઞાતા, જ્ઞેય અને જ્ઞાન ઉપર હતું. સમજાય છે કાંઈ? સૂક્ષ્મ વાત છે, ભાઈ!

અંતર ભગવાનઆત્મા પૂર્ણાનંદનો નાથ, અહીંયા તો શક્તિનું વર્ણન ચાલે છે. શક્તિ અને શક્તિવાન, એવો જેમાં ભેદ નથી.. આહાહા..! એવી અભેદ દૃષ્ટિ કરીને ધ્યાનમાં અંદરમાં એકાગ્રતા થવી.. આહાહા..! જેમાં વિકલ્પ હું આવો છું, હું આવો છું, એવા વિકલ્પનો પણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જેમાં અભાવ છે. એવું પોતાનું સ્વરૂપ ધ્યાનમાં નિશ્ચય મોક્ષમાર્ગ પ્રગટે છે. ધ્યાનમાં નિશ્ચય સ્વઆશ્રય સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર થાય છે અને ધ્યાનમાં વ્યવહાર મોક્ષમાર્ગ પ્રગટે છે. અર્થાત્ સ્વરૂપ તરફનું ધ્યાન થવાથી જેટલો સ્વઆશ્રય લીધો તેટલું દર્શન, જ્ઞાન, ચારિત્ર નિર્મળ છે. હવે તત્ત્વશક્તિમાં આવશે. સમજાય છે કાંઈ? અને રાગ બાકી રહ્યો તેને વ્યવહાર મોક્ષમાર્ગનો ઉપચાર કરવામાં આવ્યો. ધ્યાનમાં બન્ને માર્ગ પ્રાપ્ત થાય છે. સમજાણું કાંઈ? આહાહા..! આવી વાત છે.

**तद्रूपभवनरूपा तत्त्वशक्तिः। २९.**

**તદ્રૂપ ભવનરૂપ એવી તત્ત્વશક્તિ. (તત્સ્વરૂપ હોવારૂપ અથવા તત્સ્વરૂપ પરિણમનરૂપ એવી તત્ત્વશક્તિ આત્મામાં છે. આ શક્તિથી ચેતન ચેતનપણે રહે છે—પરિણમે છે.) ૨૯.**

અહીંયા આપણે શક્તિ ચાલે છે. અઠ્યાવીસ તો ચાલી ગઈ ને? હવે ૨૯. થોડા શબ્દ છે પણ મોટો ભંડાર છે આમાં. શું કહે છે? સાંભળો! '**તદ્રૂપ ભવનરૂપ...**' આત્મામાં એવી એક શક્તિ છે, ગુણ છે, સત્‌નું સત્ત્વ છે, સ્વભાવ છે, તત્ત્વ નામની શક્તિ સ્વભાવ એની અંદર છે. એનું સ્વરૂપ શું? કે '**તદ્રૂપ ભવનરૂપ...**' પોતાનો સહજાત્મસ્વરૂપ આત્મા પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં તદ્રૂપ છે. અહીંયા આ લેવું છે. પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ. વિકાર પણ નહિ. આહા..! પોતાનું દ્રવ્ય જ્ઞાયકભાવ, ક્ષેત્ર અસંખ્ય પ્રદેશી, કાળ ત્રિકાળ અને ભાવ પણ ત્રિકાળ. એવી વસ્તુ ઉપર તદ્રૂપ થવું, તે રૂપે પરિણમન થવું. સૂક્ષ્મ છે, ભાઈ! ધર્મ કોઈ અલૌકિક વાત છે. લોકોએ બહારથી કલ્પ્યો છે એ કોઈ ધર્મ નથી. આ દાન ને દયા ને બે-પાંચ લાખ ખર્ચે તો ધર્મ થઈ જશે. ધૂળમાં પણ ધર્મ નથી. તારા લાખ શું કરોડ ખર્ચ ને! એ તો જડ વસ્તુ છે. આહાહા..! અને જડ મારા છે એમ માનીને આપે છે એ તો મિથ્યાત્વનું સેવન કરે છે.

અહીંયા તો તત્ત્વમાં ત્યાં સુધી કહેવું છે, તદ્રૂપ ભવનરૂપ. જેવો જ્ઞાયકભાવ સદ્દશ છે, ક્ષેત્ર અસંખ્ય પ્રદેશી છે એ દ્રવ્ય કહો કે એ અસંખ્યપ્રદેશી ક્ષેત્ર કહો અને કાળ પોતાના ત્રિકાળી સ્વરૂપને કાળ કહો, અને એ ત્રિકાળી ભાવને ભાવ કહો. સમજાય છે કાંઈ? '**તદ્રૂપ ભવનરૂપ...**' એ રૂપે પરિણમન. ભવન શબ્દ છે ને? આહાહા..! તત્ત્વશક્તિનો અર્થ એવો છે કે ભગવાન આનંદસ્વરૂપ જ્ઞાયકસ્વરૂપ શુદ્ધસ્વરૂપ પરમપવિત્ર પ્રભુત્વશક્તિ સ્વરૂપ, એવું તત્ત્વ, તદ્રૂપ થવું-તે રૂપે ભવન થવું એ તત્ત્વશક્તિનું સ્વરૂપ છે. પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી તદ્રૂપ થવું. થોડું સૂક્ષ્મ છે. એમાં રાગનો પણ અભાવ છે. એ તદ્રૂપમાં રાગ નથી આવતો. સમજાય છે કાંઈ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જ્ઞાયક ચૈતન્યદળ પ્રભુ, અસંખ્ય પ્રદેશ જેનો દેશ છે અને એમાં અનંત અનંતગુણ એનો દેશમાં ગામ છે અને એક એક ગામમાં અનેક વસ્તી હોય એમ એક એક શક્તિની અનંતી પર્યાય–પ્રજા છે. એવું પોતાનું સ્વરૂપ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવસ્વરૂપ. અહીંયા શુદ્ધ લેવું, હોં! પર્યાયમાં રાગ છે એ પોતાનો કાળ નથી. આહાહા..! વ્યવહાર રત્નત્રયરૂપે થવું એ સ્વકાળ નથી. એ પોતાની સ્થિતિ નથી. એમાં તદ્રૂપ નથી આવતું. 'જિનેશ્વરદાસજી'! વસ્તુ બહુ સૂક્ષ્મ છે, ભાઈ! અત્યારે તો લોકો બહારમાં (રોકાઈ ગયા છે). નિવૃત્તિ નહીં. હજી તો નિર્ણય કરવાના પણ ઠેકાણા ન મળે. આખો દિ' સંસાર.. સંસાર.. સંસાર. અરે..! ભગવાન! તારે ક્યાં જવું છે? આહાહા..! પોતાના સ્વરૂપમાં તદ્રૂપ રહેવું ત્યાં જવાનું છે. 'ધન્નાલાલજી'! તત્ત્વશક્તિ.

'દીપચંદજી'એ એમ નાખ્યું છે, ભાઈ! 'દીપચંદજી' એ અતત્ત્વશક્તિમાં પરદ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવનો અભાવ એમ નાખ્યું છે. એનો અર્થ તત્ત્વશક્તિમાં સ્વદ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવનો સદ્ભાવ છે. 'દીપચંદજી'એ 'જ્ઞાનદર્પણ'માં (એમ લીધું છે). 'જ્ઞાનદર્પણ' છે ને? તમને આપ્યું છે ને? શું કહે છે? સાંભળો! બાપુ! આ તો સર્વજ્ઞ ત્રિલોકનાથ (કહે) અને જે ધર્મ સાંભળવા ઇન્દ્ર અને ઇન્દ્રાણી (આવે). બન્ને એકભવતારી છે, એક ભવે મોક્ષ જવાના છે, સુધર્મ દેવલોક બત્રીસ લાખ વિમાન, એક એક વિમાનમાં અસંખ્ય તો દેવ છે. કોઈ વિમાન નાના છે, સંખ્યાત પણ છે. બાકી તો બત્રીસ લાખ વિમાનમાં એક એક વિમાનમાં અસંખ્ય દેવ. અને હજારો તો જેને ઇન્દ્રાણી છે. એમાંથી એક ઇન્દ્રાણી છે તે એકભવતારી છે. શું કહ્યું? ત્યાંથી મનુષ્ય થઈને મોક્ષમાં જવાની છે. અત્યારે સુધર્મ દેવલોકમાં છે. એટલી બહારની સમૃદ્ધિ, સંપદા, ઋદ્ધિ છે પણ પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં નથી. એમ સમ્યગ્દષ્ટિ માને છે અને એમ અનુભવે છે. સમજાય છે કાંઈ? આહાહા..! સમ્યગ્દર્શન એ શું વસ્તુ છે અને સમ્યગ્દર્શનનો વિષય અલૌકિક અદ્ભુત વાત છે, ભાઈ! સાધારણ માણસને પત્તો લાગે એવી વાત નથી.

અહીંયા તો કહે છે, **'તદ્રૂપ ભવનરૂપ...'** આનંદસ્વરૂપ જ્ઞાયકસ્વરૂપ શુદ્ધસ્વરૂપ પવિત્રસ્વરૂપ દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભાવથી, એ રૂપે અહીંયા પરિણમન થવું. ભવન છે ને? શક્તિનું સ્વરૂપ જ એ છે કે તદ્રૂપ ભવન થવું. શુદ્ધ આનંદરૂપે, શુદ્ધ જ્ઞાનરૂપે, શુદ્ધ સમકિતરૂપે અને શુદ્ધ ચારિત્રરૂપે, શુદ્ધ પ્રભુત્વ–ઈશ્વરરૂપે, શુદ્ધરૂપે તદ્રૂપ પરિણમન થવું એ તત્ત્વશક્તિનું સ્વરૂપ છે. અરે..! આવી વાતું માણસે કોઈ દિ' સાંભળ્યું ન હોય. બહારની કડાકૂટ. ભગવાનના દર્શન કર્યા ને મંદિર બનાવ્યા ને બે-પાંચ, પચાસ લાખ ખર્ચ્યા.. સમજાય છે કાંઈ?

આ 'ભભૂતમલ' નહોતા આવ્યા? 'ભભૂતમલ' મારવાડી છે ને? આવ્યા હતા. પરમ દિવસે મારવાડી મળવા આવ્યા હતા. 'ભભૂતમલ' છે શ્વેતાંબર, 'બેંગલોર'માં છે. બે કરોડ રૂપિયા છે. એણે આઠ લાખ રૂપિયા ખર્ચ્યા. આપણું દિગંબર મંદિર બનાવ્યું. આઠ લાખ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



(ખર્ચ્યા). એમાં શું થયું? બાર લાખનું મંદિર બનાવ્યું. હમણા અમે પંચ કલ્યાણકમાં ગયા હતા. 'બેંગલોર'. એક 'ભભૂતમલ' મારવાડી છે એની પાસે બે કરોડ (છે) અને એક સ્થાનકવાસી 'જુગરાજજી' 'મુંબઈ'માં છે. એની 'મહાવીર માર્કેટ' છે, માર્કેટ ઘરની છે. કરોડપતિ સ્થાનકવાસી છે.

મુમુક્ષુ :- અત્યારે ન થાય ભલે પણ એના ફળમાં થઈ જશે.

ઉત્તર :- ધૂળમાં પણ એમાંથી નહિ થાય. એમાં દૃષ્ટિ મિથ્યાત્વ છે ત્યાં તો પુણ્યાનુબંધી પુણ્ય પણ નહિ બંધાય. જેની દૃષ્ટિ શુદ્ધ ચૈતન્યસ્વરૂપ તદ્રૂપ પરિણમનવાની દૃષ્ટિ થઈ અને પરિણમન છે, તદ્રૂપ પરિણમન તત્ત્વશક્તિનું સ્વરૂપ છે. એમાં જે શુભરાગ છે તેનો તો અહીંયા અભાવ ગણવામાં આવ્યો છે. છતાં શુભરાગ થાય એમાં પુણ્ય બંધાઈ જશે. સમજાય છે કાંઈ? એ પુણ્યબંધ થશે એ પુણ્યાનુબંધી (હોય). ભવિષ્યમાં એ પુણ્યને પણ છોડીને સ્વરૂપમાં સ્થિર થઈ જશે. આહાહા..!

અજ્ઞાની, જેને હજી દૃષ્ટિમાં રાગની રુચિ છે અને પરવસ્તુ લક્ષ્મી ઉપર હજી પ્રેમ છે. પોતાની વસ્તુને ભૂલીને પર પ્રત્યે અધિક પ્રેમ છે એ તો મિથ્યાદૃષ્ટિ મૂઢ જીવ છે. ચાહે તો એ મંદિરને નામે કરોડો રૂપિયા ખર્ચે. આહાહા..! આવી વાત છે, બાપુ! અહીં તો. શેઠ!

મુમુક્ષુ :- એમાં પણ બે ઉદ્દેશ છે. આપનું પ્રવચન સાંભળવા મળે અને મંદિર પણ થાય.

ઉત્તર :- મળે તો શું થયું એમાં? અહીં તો ભગવાન તો કહે છે કે, અમારી વાણી સાંભળવા મળે એમાં રાગ થશે. ('સમયસાર') 'કર્તા-કર્મ અધિકાર' ની ૭૪ ગાથામાં કહ્યું છે, કે આસ્રવ કેવા છે? વર્તમાન દુઃખરૂપ છે. પુણ્યના ભાવ દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ વર્તમાન દુઃખરૂપ છે અને ભવિષ્યમાં દુઃખનું કારણ છે. આહાહા..! ઝીણી વાત, બાપુ! બહુ ઝીણું તત્ત્વ. આહાહા..! એ શું કહ્યું? શુભભાવ વર્તમાન દુઃખરૂપ છે અને એનાથી પુણ્ય બંધાશે ને એનાથી કદાચિત્ વીતરાગની વાણી આદિ સંયોગ મળશે. તોપણ વાણી સાંભળવામાં લક્ષ છે તો એ રાગ છે. 'પાટનીજી'!

મુમુક્ષુ :- કરવું શું?

ઉત્તર :- એ તો કહે છે, રાગથી ભિન્ન થઈને અનુભવ કરવો, એ કરવાનું છે. આહાહા..! ૭૪ ગાથા. 'જ્ઞાનચંદજી'! છ બોલ છે ને? છ બોલ છે. છઠ્ઠો બોલ એવો છે. આહાહા...!

ભગવાનઆત્મા..! પુણ્ય અને પાપના ભાવ બન્ને અશુચિ છે, જડ છે, તદ્રૂપ પરિણમનમાં એ નથી આવતા, એમ અહીંયા કહે છે. સમજાય છે કાંઈ? તદ્રૂપ શક્તિનું સ્વરૂપ છે એમાં રાગરૂપ પરિણમન આવતું જ નથી. આહાહા..! સૂક્ષ્મ છે. શેઠ ક્યાં છે? 'ફિરાઝાબાદ'. બેઠા છે? સૂક્ષ્મ વાત છે, ભગવાન! આહાહા..!

કહે છે કે જે શુભભાવ છે તે અશુચિ છે, ભગવાન તો પવિત્ર પરમાત્મ સ્વરૂપે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



બેનું ભેદજ્ઞાન કરવું તેનું નામ ધર્મ છે. એ અશુચિ છે અને જડ છે. શુભભાવ દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજાનો શુભભાવ એ જડ છે. અહીં એ કહેવું છે કે તદ્રૂપ પરિણમનમાં એ નથી આવતા. 'નેમચંદભાઈ'! આહાહા..! એમાં તત્ત્વશક્તિ પડી છે. ભગવાનઆત્મામાં તત્ત્વ શક્તિ છે તો એ શક્તિનું કાર્ય શું? તત્ત્વશક્તિ તો ધ્રુવ છે. એના પરિણમન વિના આ શક્તિ છે એની પ્રતીતિ કઈ રીતે આવે? તો એનું પરિણમન તદ્રૂપ ભવન (થવું એ છે). એવા શબ્દો છે. પરિણમનમાં આનંદરૂપે થવું, પરિણમનમાં જ્ઞાતાપણે થવું, શાંતિપણે અકષાયપણે વીતરાગભાવપણે પરિણમન થવું એ તત્ત્વશક્તિનું તદ્રૂપ ભવન કહેવાય છે. રાગરૂપ થવું એનો તો અહીંયા અભાવ છે. આહાહા..! સમજાય છે કાંઈ? એ જડ છે, એ ચૈતન્ય નહિ. રાગમાં ચૈતન્યપ્રકાશનો અંશ નથી. એ શક્તિ છે ને? ભાઈ! એ શબ્દ છે, શબ્દમાં બહુ ગંભીરતા ભરી છે. આહાહા..!

પરમ દિવસે કહ્યું હતું ને? જગત, જગત ત્રણ અક્ષર છે. જ-ગ-ત. કાનો માત્રા વિનાના. જગત. જગતની વ્યાખ્યા શું? જગતમાં છ દ્રવ્ય છે, અનંત સિદ્ધ છે, અનંત નિગોદ છે. એ બધું જગતમાં આવ્યું. એમ આ તત્ત્વશક્તિમાં કેટલું આવ્યું? સમજાય છે કાંઈ? થોડા શબ્દો છે, ભાઈ! આહાહા..!

**'તદ્રૂપ ભવન...'** તદ્રૂપ—પોતાના સ્વરૂપરૂપે પરિણમન. આહાહા..! શરીરપણે તો છે જ નહિ, એ તો પર જડ છે, માટી-ધૂળ છે. આહાહા..! કાલે 'ઇન્દોર'નું આવ્યું છે ને? 'રતનલાલજી' ગયા કે છે? એ જવાના છે. 'ગંગવાલ.. ગંગવાલ' ગયા? છે. ક્યાં છે? ઘણા દિવસથી છે. એ એના ગામના છે. કોઈ 'ઇન્દોરીલાલ' છે. આ એને જાણે છે. કાલે એવું આવ્યું છે કે, માટીમાં કર્તૃત્વશક્તિ નથી કે ઘડો બનાવે. કર્તૃત્વશક્તિ કુંભારમાં છે તો ઘડો બનાવે છે. અરે..! ભગવાન! તને ખબર નથી, પ્રભુ! એક એક પરમાણુમાં કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ એવી છ શક્તિઓ છે. એક એક પરમાણુમાં! આહાહા..!

એક વાત તો એમ લીધી કે નરકમાં જેમ સ્વર્ગનું સુખ નથી, નારકીમાં સ્વર્ગનું સુખ નહિ, સ્વર્ગમાં નારકીના દુઃખ નહિ, પરમાણુમાં પીડા નહિ. પરમાણુમાં પીડા છે? એમ ભગવાનમાં વિકાર નથી. આહાહા..! સમજાય છે કાંઈ? એ શબ્દ 'દીપચંદજી'એ લીધો છે. 'દીપચંદજી'એ સિદ્ધાંત સિદ્ધ કરવા (આવા શબ્દ) લીધા છે.

મુમુક્ષુ :- ભગવાન એટલે અરિહંત?

ઉત્તર :- આ ભગવાનઆત્મા. એ ભગવાન તો દૂર રહ્યા. સમજાય છે કાંઈ? સાત નરકમાં ક્યાંય સ્વર્ગના સુખની ગંધ નથી, અભાવ છે. એમ સ્વર્ગમાં નરકના દુઃખનો અભાવ છે. આહાહા..! એમ એક પરમાણુમાં પીડાનો અભાવ છે. જડને પીડા શું? સમજાય છે કાંઈ? એમ ભગવાન ત્રિલોકનાથ આત્મા, એમાં વિકાર અને શરીરનો અભાવ છે. સમજાય છે કાંઈ? આહાહા..! આવી વાતું ક્યાં છે? ક્યાં પડી છે? શું માર્ગ છે? ક્યાં જઈશ? ભાઈ!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આ દેહની સ્થિતિ તો પચીસ, પચાસ, સાંઈઠ, સીત્તેર વર્ષની છે. પછી ક્યાં જવું છે? રહેવાનું તો છે ને! આત્મા તો અનંતકાળ રહેશે. તો અનંતકાળ ક્યાં રહેશે? જેણે રાગ ઉપર રુચિ કરી છે તો રાગરૂપી મિથ્યાત્વમાં ભવિષ્યમાં રહેશે. આહાહા..! સમજાય છે કાંઈ?

અહીંયા કહે છે કે જેમ નરકમાં સ્વર્ગનું સુખ.. સ્વર્ગનું સુખ, હોં! આત્માના સુખની તો વાત જ નથી. જેમ સાતમી નરકમાં સાતમી નરકના કોઈ નારકીને સ્વર્ગના સુખનો અભાવ છે, એમ સ્વર્ગના દેવને નારકીના દુઃખનો અભાવ છે. આહાહા..! એમ એક પરમાણુમાં પીડાનો (અભાવ છે). જડને શું પીડા? એમ ભગવાનઆત્મામાં વિકારનો અભાવ છે. પુણ્ય અને પાપના વિકારનો પ્રભુઆત્મામાં અભાવ છે. 'જિનેશ્વરદાસજી'! આવી વાત છે, બાપુ! શું થાય? માણસ બહારમાં મરી ગયા. પૈસા ને શરીર ને બાયડી ને છોકરા ને.. આહાહા..! હજીરા-મોટા મકાન કર્યા. એય..! 'પોપટભાઈ'! તમારી વાત કરી હતી. 'પોપટભાઈ' બેઠા છે ને? ભાઈ! એના સાળા પાસે બે અબજ ચાલીસ કરોડ છે. જુઓ! સામે બેઠા છે. આ 'પોપટભાઈ' બેઠા છે. એના સાળા હમણા ગુજરી ગયા. બે અબજ ચાલીસ કરોડ. અમારી વાણિયાની નાત દશાશ્રીમાળી કહેવાય છે ને? દશાશ્રીમાળી વાણિયા સ્થાનકવાસી હતા. બસ્સો ચાલીસ કરોડ. ધૂળ. મરીને ગયો ઢોરમાં. ઢોર સમજો છો? પશુ.. પશુ.

મુમુક્ષુ :- મરીને જવું ક્યાં?

ઉત્તર :- ક્યાં જાય? ઘણા પશુમાં જવાના. સમજાય છે કાંઈ? અમારા ઘરની વાત છે. અમારા ફઈના દીકરા હતા એ ભાગીદાર હતા. (સંવત) ૧૯૬૬ ની સાલની વાત છે. ૧૯૬૬, સંવત ૧૯૬૬. કેટલા વર્ષ થયા? ૬૭. બે દુકાન હતી. ત્રીસ માણસો હતા. એક રસોડામાં બધા જમતા હતા. મારી દુકાનમાં કામ કરતા હતા. હું તો પહેલેથી ભગત કહેવાતો. નાની ઉંમરથી ભગત કહેવાતો. દુકાન ઉપર કામ કરતો હતો પણ સાધુ આવે તો હું દુકાન છોડી દેતો. ન્યાં જ રહેતો એટલે ભગત કહેતા. સાંજે આહાર કરવા ગયો. અમારા ભાઈ ભાગીદાર હતા. મોટાભાઈના ભાગીદાર હતા. એના મોટા ભાઈ મારા ભાગીદાર હતા. 'પાલેજ'માં બે દુકાન હતી. 'કુંવરજીભાઈ' હતા એ મારાથી ચાર વર્ષ મોટા હતા. એ વખતે તો દુકાનની વર્ષની પાંચેક હજારની પેદાશ હશે. ૧૯૬૬ની સાલ. પણ પછી એની લોલુપતા મેં એટલી જોઈ કે આ શું છે? કાંઈ નહિ. સાધુ આવે તો સાંભળવું, વિચારવું (કાંઈ નહિ). રાત્રે આઠ વાગે જાય. સાધુ ગામમાં આવે તો રાત્રે આઠ વાગે જાય. આખો દિ' સામું ન જુએ. એટલી લોલુપતા.. હું કમાઉં છું, હું કમાઉં છું, હું કમાઉં છું... શેઠ! મારી વીસ વર્ષની ઉંમર હતી. એ પહેલાની વાત છે. મેં કીધું, ભાઈ! 'કુંવરજીભાઈ'! મારું ભગત નામ હતું એટલે મારી સામે કોઈ બોલે નહિ. મારાથી મોટી ઉંમર હતી પણ બોલે નહિ. ભાઈ! 'કુંવરજીભાઈ' મને તો એમ લાગે છે કે આપણે તો વાણિયા છીએ એટલે દારૂ, માંસ ખાતા નથી એટલે તમે નરકમાં તો નહિ જાઓ. મને તો એમ લાગે છે, ભાઈ! દેવલોકમાં જવાના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



તમારા લખણ નથી. તમે મનુષ્ય મરીને મનુષ્ય થશો એ મને દેખાતું નથી. એ..! 'જિનેશ્વરદાસજી'! દુકાનના થડે બેઠા હતા. થડો સમજ્યા? હું જમવા ગયો હતો. સાંભળે, હોં! મારી સામે કોઈ બોલે નહિ. ભગતનું સાંભળો. એની સામું કંઈ ન બોલાય. મેં કીધું, જુઓ! યાદ રાખો, મને એમ ભાસે છે કે તમે નરકમાં નહિ જાઓ, દેવલોકમાં નહિ, મનુષ્યમાં નહિ, તમારી માટે પશુ-ઢોરનો અવતાર છે. પછી મરતી વખતે તો બે લાખની પેદાશ હતી. બે લાખની વર્ષની પેદાશ. પેદાશ સમજ્યા? દસ લાખ રૂપિયા. હવે તો વધી ગયા છે. બહુ અભિમાન કરેલું ને.. હું કરું, હું કરું, હું કરું... મૃત્યુ વખતે ગાંડપણ થઈ ગયું. ગાંડપણ સમજ્યા? પાગલ થઈ ગયા. દેહ છૂટી ગયો. આહાહા..!

ઘણા વાણિયાઓ જે છે એ પશુમાં જવાના છે. કેમ કે ધર્મ નથી અને પુણ્યના ઠેકાણા નથી. ધર્મ તો રાગથી ભિન્ન પાડવાનો સમ્યગ્દર્શન ધર્મ તો છે નહિ. અને સાચો સંગ કરવો, સાચું શ્રવણ કરવું, વાંચન કરવું એ તો પુણ્ય છે, એનો પણ એને વખત નથી. પાપ આડે, જગતના પાપ આડે આખો દિ'... આહાહા..! એ.. શેઠ! અમે તો અમારા ઘરનું દૃષ્ટાંત આપ્યું. અમારા ફઈના દીકરા ભાઈ ભાગીદાર હતા. અરે..! પ્રભુ! ભાઈ! એ કંઈ બહારની લક્ષ્મી ધૂળ, આબરૂ સાથે નહિ આવે. આહાહા..! સમજાય છે કાંઈ? એય..! 'પોપટભાઈ'! આ 'પોપટભાઈ'. તમને બતાવતા હતા ને? 'મુંબઈ'માં પ્રમુખ બનાવ્યા છે. એની પાસે બે કરોડ રૂપિયા છે. છ છોકરા છે. ધૂળ.. ધૂળ. આહાહા..!

અરે..! પ્રભુ! એક વાત એવી છે. તિર્યંચ સંજ્ઞી અને અસંજ્ઞીની સંખ્યા ઘણી છે. સમજાય છે કાંઈ? સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ, ઢોર, પશુ. અને અસંજ્ઞી-મન વિનાના. એની સંખ્યા ઘણી છે. કેમ ઘણી છે? કે શાસ્ત્રમાં એમ લખ્યું છે કે મનુષ્યનો ભવ અનંતકાળે મળે તો પણ અનંતવાર મળી ગયો છે. અને એનાથી અસંખ્યગણા અનંતીવાર અત્યાર સુધી નરકમાં જીવ ગયો છે. જે અનંત મનુષ્યના ભવ થયા એ સંખ્યા કરતા અસંખ્યગણા અનંતવાર નરકમાં ગયો છે. મનુષ્ય તો એનાથી અસંખ્યમે ભાગે છે. તો ક્યાંથી ગયા? પશુમાંથી નરકમાં ઘણા જાય છે. સમજાય છે કાંઈ?

ભગવાન સર્વજ્ઞદેવ પરમેશ્વરે એમ ફરમાવ્યું છે કે અનંતકાળમાં અનંત પરિભ્રમણ કરતા કરતા અનંતકાળે મનુષ્યભવ મળે તોપણ અનંતવાર મળી ગયો છે. 'પદ્મચંદજી'! આ બધા પૈસાવાળા છે, આ બધા ધૂળવાળા. કહો, સમજાય છે કાંઈ? મનુષ્યભવની જે સંખ્યા કરી, અત્યાર સુધી અનંત કર્યા, એનાથી એક મનુષ્યભવ અને અસંખ્યભવ નરકના. એક મનુષ્ય અને અસંખ્ય નરક. નરક સમજ્યા? નારકી. એવા મનુષ્યની સંખ્યા કરતા અસંખ્યગણા અનંતા નરકના ભવ કર્યા. તો નરકમાં ક્યાંથી ગયા? મનુષ્ય તો થોડા છે. પશુની સંખ્યા એટલી છે અને એમાં એટલા માણસ જાય છે.. સમજાય છે કાંઈ? આહાહા..ઘણા કોઈવાર એક એક સમયે પંચેન્દ્રિયમાંથી અસંખ્ય નારકી એક સમયમાં ઉપજે છે. સ્થિતિ સરખી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ન હોય. શું કહ્યું? સરખી સ્થિતિ ન હોય. પણ એક સમયમાં નરકમાં પહેલેથી તે સાતમી સુધી તિર્યંચ મરીને જાય છે તો એક સમયમાં અસંખ્ય મરીને જાય. એટલી સંખ્યા છે. તિર્યંચની એટલી સંખ્યા. એમાં અનંતવાર ભવ કર્યા. ત્યાંથી મરીને સાતમી નરકથી પહેલી નરક સુધી તિર્યંચમાંથી જાય છે. તિર્યંચ સાતમી સુધી જાય છે. આહાહા..! મનુષ્ય કરતા અસંખ્યગણા અનંતા ભવ નરકના કર્યા. તો એ અસંખ્યગણા અનંતા ક્યાંથી આવ્યા? પંચેન્દ્રિય તિર્યંચ પશુની એટલી સંખ્યા છે.. ન્યાં એટલા જાય છે અને એમાંથી એટલા નીકળે છે, નરકમાં જાય છે. એક સમયમાં એકસાથે અસંખ્ય આવે. સ્થિતિ સરખી નહિ. સરખી સ્થિતિ હોય તો .. સમજાય છે કાંઈ?

એ રીતે સ્વર્ગમાં પણ અત્યાર સુધી જે મનુષ્ય કરતાં અસંખ્યગણા અનંતા નરકના ભવ કર્યા, તેનાથી અસંખ્યગણા અનંતા સ્વર્ગના ભવ કર્યા. બધા પ્રાણીએ અત્યાર સુધી. નારકી કરતા એક ભવ નરકનો, અસંખ્ય ભવ સ્વર્ગના. એક નરક, અસંખ્ય સ્વર્ગ. એવા સ્વર્ગના ભવ અનંતગણા નારકીના ભવ કરતા અધિક કર્યા. ન્યાં સ્વર્ગમાં કોણ ગયા? નારકી તો જતા નથી. મનુષ્ય થોડા છે. સમજાય છે કાંઈ? જાનવર (ગયા). જાનવર પશુ પંચેન્દ્રિય અઢી દ્વિપ બહાર એટલા છે.. આહાહા..! કોઈ શુભભાવ થાય તો સ્વર્ગમાં જાય. એક સમયમાં અસંખ્ય જીવ સ્વર્ગમાં ઉપજે એવા તિર્યંચ છે. સરખી સ્થિતિ નથી. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- બીક માટે (આવું વર્ણન છે)

ઉત્તર :- બીક માટે... ડર નહિ. પરિભ્રમણનો ભય લાગવો, ભવનો ભય હોવો જોઈએ. દુઃખથી ડરે તો તો... ચારે ગતિમાં દુઃખ છે. નરકમાં દુઃખ, મનુષ્યપણામાં દુઃખ અને સ્વર્ગમાં પણ એકલા દુઃખ છે.

અહીં તો બીજું કહેવું હતું કે સ્વર્ગમાં, નરક કરતા અસંખ્યગણા અનંતાભવ દરેક પ્રાણીએ કર્યા. એમ ભગવાન કહે છે. તો ક્યાંથી ગયા? પશુમાંથી. અને સ્વર્ગ કરતા નિગોદના ભવ અનંતા કર્યા. આહાહા..! સ્વર્ગના જે અનંતા ભવ કર્યા એના કરતા અનંતગણા તિર્યંચના કર્યા. તિર્યંચમાં વિશેષ નિગોદ લેવા. આહાહા..! જે એક શ્વાસમાં નિગોદમાં અઢાર ભવ કરે. ડુંગળી.. ડુંગળી સમજ્યા? પ્યાજ, લસણ, કાંદા. એક કટકીમાં અસંખ્ય શરીર છે, એક શરીરમાં અનંત જીવ છે. એમાં એક શ્વાસમાં અઢાર ભવ કરે છે. મરે ને જીવે, મરે ને જીવે.. સ્વર્ગની સંખ્યા કરતા અનંતગણી સંખ્યા ત્યાં છે. સમજાય છે કાંઈ?

કહે છે, પ્રભુ! એકવાર ભવના અભાવ કરવાની વાત સાંભળ તો ખરો. આહાહા..! પ્રભુ! તારામાં એક તત્ત્વશક્તિ છે, એમ પરમાત્મા કહે છે. ત્રિલોકનાથ તીર્થંકરદેવ સર્વજ્ઞપ્રભુ, કેવળી મહારાજ જિનેન્દ્રચંદ્ર પ્રભુ.. આહાહા..! એમ કહે છે, નાથ! તારામાં એક તત્ત્વશક્તિ છે ને! પ્રભુ! આહાહા..! એ તત્ત્વશક્તિનું પરિણમન તદ્રૂપે થવું, તેનાથી ભવનો અભાવ થાય છે. આહાહા..! શબ્દ તો થોડા છે પણ ગંભીર બહુ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'તદ્રૂપ ભવન...'** આ શબ્દો છે. અહીં તદ્રૂપમાં વિકાર ન લેવો. અહીં શક્તિના પરિણમનમાં વિકાર છે જ નહિ. કેમ કે શક્તિ નિર્મળ છે તો તેનું પરિણમન પણ નિર્મળ જ છે. નિર્મળ શક્તિની ક્રમવર્તી પર્યાય (નિર્મળ જ થાય છે). ક્રમવર્તી પર્યાય અને અક્રમવર્તી ગુણ, એનો સમુદાય આત્મા છે. વિકારની સાથે સમુદાય છે એમ આત્મા ગણવામાં જ આવ્યો નથી, એ આત્મા નહિ. આહાહા..! પહેલા આવ્યું ને? પહેલો શબ્દ છે, પહેલો શબ્દ છે. **'ક્રમરૂપ અને અક્રમરૂપ પ્રવર્તતો, અનંતધર્મસમૂહ જે કાંઈ જેવડો લક્ષિત થાય છે, તે સઘળોય ખરેખર એક આત્મા છે.'** આહાહા..! એ તો આમાં બોલ છે. એક શક્તિ ઉપર બાવીસ બોલ લખ્યા છે. અમારે 'જ્ઞાનચંદજી'એ લખી લીધા છે. આહાહા..!

અહીંયા તો કહે છે, પ્રભુ! એકવાર સાંભળને! તારામાં એક તત્ત્વરૂપ શક્તિ એવી છે કે પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવરૂપે નિર્મળપણે પરિણમવું એ તત્ત્વશક્તિનું કાર્ય છે. આહા..! તદ્રૂપ છે ને? તદ્રૂપ આત્માનું સ્વરૂપ તો જ્ઞાયક અને આનંદ છે. સમજાય છે કાંઈ? આહાહા..! એક કાંટો વાગે, કાંટો, તોપણ રાડ નાખે. આહા..! અરે..! દુઃખે છે, અડશો નહિ. એમ કહે. આવા દુઃખો પ્રભુ! એ કાંટાના દુઃખ કરતા નરકની પહેલી સ્થિતિએ દસ હજાર વર્ષે ઊપજે એ કાંટાના દુઃખ કરતા અનંતગણું દુઃખ છે. આહાહા..! એ દુઃખથી નિવૃત્ત થવાનો ઉપાય આ એક છે. ભગવાન આનંદસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ, ચિદ્દ્ઘન, પ્રભુત્વસ્વરૂપ છે તે રૂપે ભવન (થવું), તે રૂપે પરિણમન કરવું. આહાહા..! સમજાય છે કાંઈ? બાપુ! વાતું ઝીણી છે. અત્યારે તો બહારમાં ધર્મને નામે પણ ગોટા (ઉઠ્યા છે). સ્થૂળભાવ દયા ને દાન ને વ્રત ને તપને ધર્મ માની લે છે. એ તો મિથ્યાત્વ છે.

અહીંયા તો કહે છે, સમ્યગ્દર્શનનું સ્વરૂપ, જે વસ્તુ અખંડ છે એ જેના ધ્યેયમાં છે, એમાં એક તદ્રૂપ નામની શક્તિ પડી છે. આહાહા..! તદ્રૂપ ભવન–આનંદરૂપ પરિણમન થવું, જ્ઞાતાપણાનું પરિણમન થવું, સમ્યગ્દર્શનપણાનું પરિણમન થવું, સ્વરૂપમાં વીતરાગતાનું પરિણમન થવું.. આહાહા..! પર્યાયમાં પ્રભુત્વશક્તિનું પરિણમન પર્યાયમાં આવવું. જેટલી શક્તિ છે તેનું તદ્રૂપે પરિણમન પર્યાયમાં આવવું એ તત્ત્વશક્તિનું સ્વરૂપ છે. આવો ઉપદેશ છે. 'જિનેશ્વરદાસજી'! અજાણ્યા માણસે તો કાંઈ સાંભળ્યું ન હોય, કાંઈ ખબર પણ ન હોય, બિચારા જિંદગી મૂઢપણે કાઢે. બહારમાં ડાહ્યા હોંશિયાર ગણાય. ડાહ્યા સમજ્યા? સમજુ અને હોંશિયાર. ધૂળમાં પણ નથી. આહાહા..! પ્રભુ! જે હાથમાં હથિયાર હોય એ પોતાનું ગળું કાપે એ હોંશિયારી શું કામની? એમ જે સમજણની હોંશિયારી પોતાના ભવ વધારે એ હોંશિયારી શું કામની? આહાહા..! કોઈક (શબ્દ) ગુજરાતી આવી જાય છે. ભાષા થોડી સમજી લેવી. આહાહા..! શું કહ્યું?

**'તદ્રૂપ ભવનરૂપ એવી તત્ત્વશક્તિ. (તત્સ્વરૂપ હોવારૂપ..)'** પોતાનું તત્ત્વ જે જ્ઞાન, આનંદસ્વરૂપ છે એ તદ્રૂપ હોવારૂપ **'અથવા તત્સ્વરૂપ પરિણમનરૂપ...'** ભવન છે ને? ભવન.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આહાહા..! એ તત્ત્વશક્તિનું વસ્તુસ્વરૂપ જ આ છે. તત્ત્વશક્તિ છે તે ધ્રુવ છે પણ એના પરિણમનમાં એની પ્રતીતિ આવે છે. પરિણમન વિના તત્ત્વશક્તિની પ્રતીતિ કઈ રીતે આવે? સમજાય છે કાંઈ? સાંભળો! આત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે પણ અતીન્દ્રિય આનંદનું પર્યાયમાં વેદન આવ્યા વિના આ અતીન્દ્રિય આનંદ છે એમ એની પ્રતીતિ ક્યાંથી આવે? આહાહા..! આવો માર્ગ છે.

મુમુક્ષુ :- અઢી લીટીમાં સમજાણું નહિ.

ઉત્તર :- 'પાટનીજી' કહે છે કે આ અઢી લીઢીમાં એટલું બધું ભર્યું છે કે ખ્યાલ નથી આવતો. વાત તો સાચી છે. આમ તો જ્ઞેય જ્ઞાયકનું પહેલા લીધું પણ આમાં આ રીતે લીધું છે. સમજાય છે કાંઈ? કેમ કે આમાં સ્વદ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી અસ્તિ અને પરથી નાસ્તિ, એવો કોઈ શક્તિનો બોલ નથી. નયમાં છે. ૪૭ નય છે ને? નય. એમાં સ્વદ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી અસ્તિ, પરદ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી નાસ્તિ, અસ્તિ-નાસ્તિ, અવક્તવ્ય, અસ્તિ અવક્તવ્ય, નાસ્તિ અવકતવ્ય, અસ્તિ-નાસ્તિ અવક્તવ્ય, એવા સાત ભંગ ૪૭ નયમાં છે. એ જ્ઞાનપ્રધાન કથન છે. અહીં તો દૃષ્ટિપ્રધાન કથન છે. આહાહા..! ઇ શું હશે?

અહીંયા તો તદ્રૂપ પરિણમન, તત્સ્વરૂપે પરિણમન. ભગવાન આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે, એ રૂપે પર્યાયમાં પરિણમન થવું, એ કારણનું કાર્ય આવવું, એ કાર્યમાં કારણની પ્રતીતિ આવવી તેનું નામ તત્સ્વરૂપશક્તિ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- કારણમાંથી કાર્યમાં આવવું અને કાર્યમાંથી પ્રતીતિ થવી.

ઉત્તર :- કાર્યથી કારણની પ્રતીતિ થવી. કારણમાં પ્રતીતિ ક્યાં થાય છે? એ તો ધ્રુવ છે. આંખ્યું મીંચીને ચાલ્યો જશે, બાપુ! જેને તત્ત્વની દૃષ્ટિની ખબર નથી એ મરીને ક્યાંય ચાલ્યા જશે. બાપુ! એ દેહના રજકણ સાથે નહિ આવે. ફૂ.. જા..ઓ....! ચોરાશીમાં રખડવા. આહાહા..! પરિભ્રમણ અને પરિભ્રમણનું કારણ આત્મામાં છે જ નહિ, એમ અહીં તો કહે છે. 'ધન્નાલાલજી'! આહાહા..! સમજવામાં બહુ પુરુષાર્થ કરવો પડે. પહેલા આપણે 'કળશટીકા'માં આવ્યું હતું, વસ્તુ કઠણ છે, અતિ કઠણ છે એમ આવ્યું હતું. આહા..! માર્ગ અતિ કઠણ છે પણ શુદ્ધ સ્વરૂપનો વિચાર કરવાથી આનંદ આવે છે. વિચાર કરવાથી એનો અર્થ શું? એમાં પાઠ છે. શુદ્ધ સ્વરૂપનું જ્ઞાન કરવાથી. આ શુદ્ધ ચૈતન્ય છે એને જ્ઞેય બનાવીને જ્ઞાન કરવાથી. કઠણ છે, દુર્લભ છે, અશક્ય નથી. આહા..! પણ કદી પુરુષાર્થ શું છે એની ખબર જ નથી. આંધળેઆંધળા. 'અંધોઅંધ પલાય...' આંધળા ચાલે ને આંધળા દેખાડનારા મળે એટલે પડે કૂવામાં. આહાહા..! ભાઈ! પ્રભુના માર્ગ (બહુ ગંભીર છે). જિનેન્દ્રદેવ પરમેશ્વર, જેમાં ઇન્દ્ર અને ઇન્દ્રાણી જેવા એકભવતારી સાંભળવા આવે એ વસ્તુ કેવી હશે? ઇન્દ્ર અને ઇન્દ્રાણી અસંખ્ય દેવના સ્વામી છે, છતાં અંતરમાં એના સ્વામી માનતા નથી. આહાહા..!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


હું તો તત્ત્વસ્વરૂપ પૂર્ણ આનંદની પર્યાય, ગુણ અને દ્રવ્યનો સ્વામી છું (એમ માને છે). આહાહા..! 'ઇન્દોરીલાલે' એમાં એમ પણ લખ્યું છે, આ દેવો પણ આટલા આટલા કામ કરે છે. સમકિતી છે છતાં બધું કરે છે કે નહિ? શું કરે છે? બાપુ! તને ખબર નથી, ભાઈ!

સમ્યગ્દષ્ટિ ધર્મીને રાગ આવે છે, લડાઈનો પણ રાગ આવે છે પણ આ રાગ મારી પર્યાયમાં છે એની નાસ્તિ માને છે. તત્સ્વરૂપમાં એ નથી. આહાહા..! પરજ્ઞેય તરીકે એનું જ્ઞાન કરે છે. આહાહા..! સમજાય એટલું સમજવું, પ્રભુ! આ તો ત્રણલોકના નાથ જિનેન્દ્રદેવના પંથ છે. આ કોઈ પામર પ્રાણીના પંથ નથી. આહાહા..!

કહે છે, તદ્રૂપ '**તત્સ્વરૂપ હોવારૂપ...**' તત્સ્વરૂપ હોવારૂપ છે ને? કૌંસમાં. ભવન શબ્દ છે ને? '**તત્સ્વરૂપ હોવારૂપ અથવા તત્સ્વરૂપ પરિણમનરૂપ...**' ભવન કહો, હોવારૂપ કહો કે પરિણમનરૂપ કહો. ભગવાન આનંદ ને જ્ઞાનસ્વરૂપ છે એ તત્ત્વશક્તિને કારણે જ્ઞાન અને આનંદરૂપ પરિણમન થવું, એ દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણેમાં તત્ત્વશક્તિ વ્યાપે છે. એટલા બોલ લીધા. સમજાણું કાંઈ? એ વળી શું કહ્યું? એક માંડ સમજાય ત્યાં બીજું આવે. આહાહા..! ભગવાનઆત્મા વસ્તુ–પદાર્થ, એમાં તત્ત્વશક્તિ પડી છે, એ ગુણમાં–શક્તિમાં છે. એ પર્યાયમાં ક્યારે વ્યાપક થાય? તત્સ્વરૂપનું પર્યાયમાં ક્યારે પરિણમન થાય છે? કે તત્સ્વરૂપ ઉપર દૃષ્ટિ પડવાથી પરિણમનમાં તત્ત્વરૂપી પરિણમન દશા આવે છે. નિર્મળ દશા, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર (થાય છે), ત્યારે આ તત્ત્વસ્વરૂપની શક્તિ પર્યાયમાં વ્યાપી. આહા..! પર્યાય ને ગુણ ને દ્રવ્ય પર્યાયના નામ પણ આવડતા ન હોય અને (માને) અમે જૈન છીએ, દિગંબર છીએ. ખબર ન મળે કાંઈ. 'રતનલાલજી'! આહાહા..!

પ્રભુ! તારું રૂપ શું છે? તારું સ્વરૂપ શું છે? એ તો પહેલા આવી ગયું ને? સ્વધર્મવ્યાપક સ્વરૂપ છે. રાગ અને પરમાં વ્યાપક એ તારું સ્વરૂપ જ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? કહે છે કે, તત્સ્વરૂપ, તદ્રૂપ ભવન, તદ્રૂપ ભવન આટલા શબ્દ છે. '**તત્સ્વરૂપ હોવારૂપ...**' આનંદ અને જ્ઞાયકપણે થવારૂપ. તદ્રૂપ પરિણમનરૂપ. જે પોતાનું અતીન્દ્રિય જ્ઞાન અને આનંદ સ્વરૂપ છે તે રૂપે પરિણમનરૂપ, એ તત્ત્વશક્તિ છે. આહાહા..! 'ચંદુભાઈ'! ક્યાં ગયા? 'નવરંગભાઈ' આવ્યા છે? ન્યાં બેઠા છે, ઠીક! બે ડૉક્ટર સાથે આવ્યા હતા, એટલે યાદ આવ્યું. સમજાય છે કાંઈ?

અરે..! પ્રભુ! સાંભળ તો ખરો, નાથ! તારી ઋદ્ધિ તો જો! તારી સંપદા તો જો કે તારામાં શું છે? આ ધૂળની સંપદામાં મોહીને મૂઢ થઈ ગયો. સમજાય છે કાંઈ? તારી સંપદામાં એવું તદ્રૂપ સ્વરૂપ છે, અનંતઆનંદ, અનંતજ્ઞાન, અનંત શાંતિ, અનંત પ્રભુતા, અનંત ચૈતન્ય રત્નાકર ભગવાન છે. એમાં તત્ત્વશક્તિ નામનું એક રત્ન પડ્યું છે. આહાહા..! અને એ શક્તિ પડી છે તો અહીં તો પરિણમનરૂપ લીધું. કેમ કે છે, કારણઆત્મા છે...

એ પ્રશ્ન કહ્યો હતો ને? 'રાજકોટ'. 'ત્રિભોવનભાઈ'એ પ્રશ્ન કર્યો હતો. 'વીરજીભાઈ'

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ના દીકરા. કાઠિયાવાડમાં 'વીરજીભાઈ' વકીલ હતા. એ ૯૨-૯૩ વર્ષે ગુજરી ગયા. કાઠિયાવાડમાં દિગંબરનો પહેલો અભ્યાસ એને હતો. 'વીરજી' વકીલ હતા. આખા કાઠિયાવાડમાં દિગંબરના શાસ્ત્રનો અભ્યાસ પહેલો એને હતો, પછી બીજાને. એનો દીકરો છે. એણે પ્રશ્ન કર્યો કે, મહારાજ! આ કારણપરમાત્મા ત્રિકાળી વસ્તુ ભગવાન કહો છો. કારણપરમાત્મા વસ્તુ છે ને? વસ્તુ દ્રવ્ય જે છે તે કારણપરમાત્મા છે. કારણજીવ કહો કે કારણપરમાત્મા કહો કે કારણરૂપ કહો, કારણઈશ્વર કહો. આહાહા..! કારણપરમાત્મા છે તો કાર્ય તો આવવું જોઈએ. કારણ છે તો કાર્ય તો આવવું જ જોઈએ. એમ પ્રશ્ન કર્યો. કાર્ય તો આવતું નથી. ભાઈ! કારણપરમાત્મા છે એ કોને? જેને પ્રતીતિમાં આવ્યો એને. છે પણ પ્રતીતિમાં આવ્યો નહિ, જ્ઞાનની પર્યાયમાં જ્ઞેય આ કારણદ્રવ્ય છે એમ પર્યાયમાં તો આવ્યું નહિ, તો પર્યાયમાં આવ્યા વિના આ છે એમ કઈ રીતે માન્યતા થઈ? આહાહા..! સૂક્ષ્મ વાત છે, ભાઈ! એ કારણપરમાત્મા તો તદ્રૂપે ત્રિકાળ છે. અહીં તો પરિણમનમાં વાત લેવી છે.

તદ્રૂપ છે પણ એની પ્રતીતિ છે, એના જ્ઞાનમાં છે, એની પ્રતીતિ કોને છે? જેને સ્વરૂપ તરફની દૃષ્ટિ કરીને જ્ઞેય બનાવીને જ્ઞાન થયું અને પ્રતીતિ થઈ તેને કારણપરમાત્મા છે. એમ જેણે કારણપરમાત્મા માન્યો તેને સમ્યગ્દર્શન-કાર્ય થયા વિના રહે નહિ. સમજાય છે કાંઈ? અરે..! આવી વાતું છે. અરે..! ક્યાં નિવૃત્તિ છે? આખો દિ' સંસાર, બાયડી, છોકરા, કુટુંબ... આહાહા..! મારી નાખ્યો જીવને તો.

પરના પ્રેમમાં સ્વનો દ્વેષ છે. શું કહ્યું? 'દ્વેષ અરોચક ભાવ' 'આનંદઘનજી' શ્વેતાંબરસાધુ હતા એ એમ કહે છે. આહાહા..! સ્વરૂપ રુચતું નથી અને રાગ રુચે છે એ તને તારા સ્વરૂપ ઉપર દ્વેષ છે. આહાહા..! જે સ્વરૂપમાં નથી એવો રાગ દયા, દાન, વિકલ્પ આદિ કે હિંસા, જૂઠું આદિ એ રાગનો રસ છે અને રાગનો પ્રેમ છે, રાગને જ્ઞેય બનાવીને રાજી થાય છે, તો તને જ્ઞાન ઉપર દ્વેષ છે, સ્વરૂપ પ્રત્યે તને દ્વેષ છે. આહાહા..! સમજાય છે કાંઈ? 'દ્વેષ અરોચક ભાવ' એમ લીધું છે. 'સંભવદેવ .. સેવો .. સેવન કારણ પ્રથમ ભૂમિકા રે.. અભય અદ્વેષ અખેદ..' લાંબી વાત છે. બધું જોયું છે. 'ભય ચંચળતા રે પરિણામની' ભગવાનમાં પરિણામ જાય છે અને ભય પામીને ચંચળતા કરે છે તો તને ભગવાનનો ભય છે. 'ભય ચંચળતા રે પરિણામની' જે પરિણામ અંદર જતા નથી તો તારા પરિણામમાં તને ડર છે. તારા સ્વરૂપનો તને ભય છે. ભય પરિણામ અંદર જતા નથી અને બહાર ભટકે છે. શેઠ! આવી વાત છે, ભગવાન! એનું નામ 'ભગવાનદાસ' છે. આહાહા..! 'ભય ચંચળતા રે પરિણામની, દ્વેષ અરોચક ભાવ' આહા..! અંદરમાં પ્રવૃત્તિ કરતા થાકીને એને ખેદ આવી જાય. અંદરમાં જાતા થાક લાગી જાય. એ તને તારા સ્વરૂપ પ્રત્યે ખેદ છે. આહાહા..! આ તદ્રૂપભવનમાંથી બધું નીકળે છે. સમજાય છે કાંઈ? લ્યો, આજે તો એક કલાક એક શક્તિમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ગયો. આહાહા..!

મુમુક્ષુ :- તદ્‌રૂપ ભવનમાંથી નીકળે છે કે આપની અંદરથી?

ઉત્તર :- અંદરથી.

મુમુક્ષુ :- તદ્‌રૂપ ભવન અંદર થઈ ગયું છે ને!

ઉત્તર :- એનો ભાવ છે ને એમાં! શાસ્ત્ર બોલતા નથી પણ એમાં ભાવ છે કે નહિ? આહાહા..! આ એક શબ્દ અંદર એટલો છે, 'જિનેશ્વરદાસજી'! અરે..! ભગવાન! તને એક શક્તિનો પણ ખ્યાલ નહિ. એક શક્તિનો ખ્યાલ હોય તો અનંતશક્તિનો ખ્યાલ ભેગો આવ્યા વિના રહે જ નહિ. 'જયસેનાચાર્ય' કહે છે, એક ભાવ પણ યથાર્થ જાણે તો અનંત ભાવ જાણ્યા વિના રહે નહિ. આહાહા..! એમ આ શક્તિ પણ યથાર્થ જાણે તો અનંતશક્તિનું જ્ઞાન યથાર્થ થયા વિના રહે નહિ. વિશેષ કહેશે.. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**પ્રવચન નં. ૨૬ શક્તિ-૨૯, ૩૦, સોમવાર, (દ્વિતીય) શ્રાવણ વદ ૮, તા. ૫-૦૯-૧૯૭૭**

---

'સમયસાર' શક્તિનો અધિકાર છે. આત્મામાં તદ્‌રૂપ શક્તિ (છે). એ ચાલે છે ને? કાલે ચાલી હતી, કાલે તો એક કલાક ચાલી. શું કહે છે? આ ભગવાનઆત્મા જે ધ્રુવસ્વરૂપ ચિદાનંદમાં એક તત્ત્વશક્તિ છે. તદ્‌રૂપ થવું એ તત્ત્વશક્તિ. એનો અર્થ-એ ચેતન ને આનંદ ને જ્ઞાન શુદ્ધ સ્વરૂપ છે તેમાં એ ચૈતન્યરૂપનું પરિણમન થવું એ તદ્‌રૂપ ભવન, તદ્‌રૂપ ભવન સ્વરૂપ. ચૈતન્યના ચિદાનંદ આનંદ શાંતિ વીતરાગતા સ્વરૂપ, એ સ્વરૂપનું ભવન-એ સ્વરૂપનું થવું-પરિણમન થવું તેનું નામ તત્ત્વશક્તિ છે. આહાહા! પાઠ છે ને?

**'તદ્‌રૂપ ભવન...'** તદ્‌રૂપ. જે સ્વરૂપ ભગવાનઆત્મા ચૈતન્ય અને આનંદ જેનું સ્વરૂપ છે, રૂપ છે, સ્વ-રૂપ છે-પોતાનું રૂપ છે. આહાહા..! એ ચૈતન્યરૂપનું પરિણમન (થવું) તેમાં રાગરૂપ ન થવું એ અતત્ત્વશક્તિમાં આવશે, અહીં તો ચૈતન્યરૂપનું આનંદરૂપે પરિણમન થવું. આહાહા..! ભગવાન સર્વજ્ઞ પરમાત્માને જે પોતાની તત્ત્વશક્તિ હતી તેથી તે રૂપે પૂર્ણ પરિણમી ગયા. અને પૂર્ણ પરિણમન થઈને સર્વજ્ઞ, સર્વદર્શિપણું આવી ગયું. એ ભગવાનના શ્રીમુખે જિનેન્દ્રવાણી એવી નીકળી કે તું પણ કોણ છો? સમજાય છે કાંઈ? તું તત્‌રૂપ શક્તિરૂપ તારી વસ્તુ છે. આહાહા..! શરીરરૂપે થવું એ તો છે જ નહિ, એ તો જડ, માટી-ધૂળ છે. અને શરીરની હલનચલનની ક્રિયા થાય છે તે પણ જડની ક્રિયા છે, આત્માની નહિ. આહાહા..! અને એમાં દયા, દાન, વ્રત, ભક્તિ પરિણામ આદિ થાય છે તે ચૈતન્યરૂપ નથી. એ તો જડરૂપ છે. આહાહા...! આકરી વાત છે. સમજાય છે કાંઈ?

જેને સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવું હોય તો એ કઈ રીતે પ્રાપ્ત થાય? આત્મા તત્ત્વરૂપ, તદ્‌રૂપ, જે સ્વરૂપે અનંતઆનંદકંદ પ્રભુ છે તેમાં તદ્‌રૂપ ભવન (થવું), એ આનંદરૂપે પરિણમવું,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જ્ઞાનરૂપ થવું, શાંતિનું વેદન થવું, સુખનું વેદન થવું, ઈશ્વરશક્તિ જે છે તે ઈશ્વરપણાનું પરિણમન થવું એ તદ્રૂપ ભવન તત્ત્વશક્તિ કહેવામાં આવે છે. આવી વાત (છે). કોઈ દિ' સાંભળ્યું ન હોય એને મુશ્કેલ પડે. 'રતનલાલજી'! આહાહા...!

એક તો બાહ્ય ક્રિયાકાંડમાં અનાદિથી રોકાઈ ગયો. એમાંથી પણ નીકળીને પુણ્ય ને પાપના ભાવમાં રોકાઈ ગયા. આહાહા..! એ એનું સ્વરૂપ નથી. દયા, દાન, વ્રત, ભક્તિ, તપસ્યા, અપવાસ આદિ કરે છે ને? એ બધા વિકલ્પ છે, રાગ છે. ભગવાન! તને ખબર નથી. આહાહા..! એ રાગરૂપ થવું તે તદ્રૂપ નથી. આહાહા..! આવો માર્ગ સાંભળવો કઠણ પડે. ચાલે નહિ, બહાર આ તકરાર મોટી ચાલે છે કે આ દયા, દાન, વ્રત, તપને કરીએ છીએ એ શુભજોગ શુદ્ધતાનું કારણ છે.

અહીં તો કહે છે, પ્રભુ! એકવાર તારા ઘરની વસ્તુને સાંભળ તો ખરો. આહાહા..! તારા સ્વરૂપમાં નાથ! ભગવત્ સ્વરૂપ તારું છે. ભગ નામ જ્ઞાન અને આનંદની લક્ષ્મીથી ભરેલી તારી ચીજ છે. એમાં એક તત્ત્વશક્તિ નામનો ગુણ છે કે જે ગુણ, ગુણીની દૃષ્ટિ કરવાથી, ગુણ અને ગુણીનો ભેદ પણ લક્ષમાંથી કાઢી નાખી (તત્ત્વશક્તિ પ્રગટ થાય છે). 'ધન્નાલાલજી'! આ બધું બહારનું કરવા આડે નવરો થયો નથી, આ સત્‌ને માટે નવરાશ લીધી નથી. મારી નાખ્યા. સવારમાં નહોતું આવ્યું?

મુમુક્ષુ :- ગુજરાતીમાં સમજાયું નહિ.

ઉત્તર :- ન આવ્યું? સવારે નહોતું આવ્યું? તમે નહોતા. ૨૮ મો શ્લોક ચાલ્યો હતો, બહુ સારો ચાલ્યો હતો. ટેપ રેકોર્ડિંગ(માં છે). બહુ સારો. અમારા શેઠ તો ખુશ થઈ ગયા. 'ભગવાનદાસ' તો કહે, આજે તો દિવ્યધ્વનિ નીકળી. સવારે બહુ સારું રેકોર્ડિંગ હતું. બહુ સારું! ઓહોહો..!

મુમુક્ષુ :- ઘરે સાંભળ્યું.

ઉત્તર :- રેકોર્ડિંગ? આહાહા..! શું કહે છે? પ્રભુ! એકવાર સાંભળ તો ખરો, નાથ! તારી ચીજ અતીન્દ્રિય આનંદ ને અતીન્દ્રિય જ્ઞાનથી ભરી છે, નાથ! એને પુણ્ય, દયા, દાન, વ્રત આદિ જે પરિણામ છે તેના પ્રેમમાં તારી વસ્તુને તેં મૃત્યુતુલ્ય કરી નાખે છે. 'ડાહ્યાભાઈ'! અરેરે..! આ એને સાંભળવા મળે નહિ એ કે દિ' પ્રયોગ કરે? આહાહા..! આ મનુષ્યદેહ.. ભવાબ્ધિમાં ચોરાશીના અવતારમાં ચાલ્યો જશે.

કહે છે, એકવાર નાથ! તારી ઋદ્ધિ, તારી સંપદા.. આહાહા..! તારી ચીજમાં એટલી સંપદા ભરી છે... આહાહા..! એક તત્ત્વશક્તિ નામની સંપદા છે અને એક શક્તિમાં પણ અનંતી સંપદા-તાકાત છે. આહાહા..! એવી એવી અનંતશક્તિની સંપદાથી ભરપૂર ભગવાન તું અંદર પડ્યો છો. આહાહા..! એ ક્યાં નજર કરે? કદી સાંભળ્યું નથી, એમ ને એમ ધર્મને બહાને પણ આ વ્રત કર્યા ને અપવાસ કર્યા ને ધર્મ થઈ ગયો. ધૂળમાં પણ ધર્મ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નથી, સાંભળ તો ખરો. આહાહા..!

પરમાત્મા જિનેન્દ્રદેવ એમ કહે છે કે, તદ્રૂપ ભવન એવી તારી શક્તિ છે. તારું સામર્થ્ય ઇ છે. તારા પુરુષાર્થમાં સામર્થ્ય ઇ છે. કેમ કે તત્ત્વરૂપ થવું એ પુરુષાર્થશક્તિમાં પણ એ તત્ત્વશક્તિનું રૂપ છે. આ તત્ત્વશક્તિ કહી, કાલે એક કલાક ચાલી હતી. એક લીટીમાં! અપાર ભાવ ભર્યા છે. આહાહા..! ભગવાન! તારી તત્ત્વશક્તિ.. અંદર જે વીર્ય નામનો ગુણ છે એમાં તત્ત્વશક્તિનું રૂપ છે. આહાહા..! અર્થાત્ પોતાનો પુરુષાર્થ શુદ્ધપણે પરિણમવો એવું એમાં રૂપ છે. દયા, દાન, વ્રતપણે પરિણમવું એ તારું રૂપ નથી, તારું સ્વરૂપ નથી. આહાહા..! આવી વાતું.

ભગવાન! એકવાર સાંભળ તો ખરો! આહાહા..! અરે..! ભગવાન કહીને આચાર્ય બોલાવે છે. ૭૨ ગાથામાં. ભગવાનઆત્મા...! આહાહા..! એની મા ઝુલામાં ઝુલાવતી વખતે એની પ્રશંસા કરે છે. સુવડાવવા માટે ઝુલાવે છે તેથી સુઈ જાય. બેટા! તું આવો છો ને તું આવો છો. કહે છે ને? ગાય ને? પાટલે બેસી ન્હાયો. એવું કાંઈક છે અમારે ગુજરાતીમાં. આહાહા..! એ પ્રશંસા કરે છે તો એ સૂઈ જાય છે. અવ્યક્તપણે પણ એની પ્રશંસા પ્રિય છે. જો ગાળ આપશે તો કદી નહિ સૂવે. એકવાર જોઈ લેજો. મારા રોયા, સૂઈ જા, (એમ કહેશો) તો નહિ સૂવે. સમજાય છે કાંઈ? અમારી કાઠિયાવાડી ભાષામાં મારા પીટ્યા, એમ કહે. તમારી પણ કાંઈક ભાષા હશે. કેમ કે એને અવ્યક્તપણે પણ પ્રશંસા પ્રિય છે. તો આ ગુણ તારા પ્રિય ન હોય? અરે..! ભગવાન! આહાહા..! તું આનંદસ્વરૂપ છો, નાથ! તું ચૈતન્યની ચમત્કારી શક્તિથી ભરેલો પ્રભુ છો ને! આહાહા..!

તત્ત્વશક્તિના શરણ વિના રાગ ને દયા, દાન ને વ્રતના પરિણામના પ્રેમમાં પડ્યો છો તો તેં તારી ચીજને મરણતુલ્ય કરી નાખી. આહાહા..! હું નથી, હું તો રાગ દયા પાળવાવાળો ને વ્રત કરવાવાળો છું, (એમ માની લીધું છે). એ તો બધો વિકલ્પ અને રાગ છે. આહાહા..! રાગના પ્રેમમાં.. આહાહા..! પ્રભુ! તારી લક્ષ્મી લુંટાઈ ગઈ. તારી ચૈતન્ય તદ્રૂપશક્તિ થવી.. આહાહા..! એ આનંદ ને જ્ઞાનરૂપ તદ્રૂપ ભવન (થવું). સ્વરૂપ જે શુદ્ધ ચૈતન્યઘન આનંદકંદ એ આનંદરૂપે ભવન, ભવવું એ તારી શક્તિ છે. અરે..! આવી વાતું. પેલા કહે, વ્રત કરો ને અપવાસ કરો ને ચોવિહાર કરો, રાત્રે આહાર ન કરો, છ પરબીમાં કંદમૂળ ન ખાવા.. થઈ ગયો ધર્મ. ધૂળ પણ નથી, સાંભળને! સમજાય છે કાંઈ? એ રાગ તારું સ્વરૂપ નથી. પણ એને રાગ નહિ માને. ધંધો કરવો, સ્ત્રીના સમાગમમાં આવવું એ રાગ (માને છે), પણ આ રાગની એને ખબર નથી. સમજાય છે કાંઈ? આહાહા..! વ્રત કરવા ને અપવાસ કરવા ને ભક્તિ કરવી એ બધો રાગભાવ છે, ભાઈ! તને ખબર નથી. આહાહા..! પ્રભુ! તારા સ્વરૂપમાં એ વસ્તુ નથી. આહાહા..!

મુમુક્ષુ :- એ કરવું કે ન કરવું?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉત્તર :- કરવું આ. વચ્ચે એ આવી જાય પણ હેયબુદ્ધિએ આવી જાય. સમજાય છે કાંઈ? (તેની) ઉપાદેયબુદ્ધિ કરવાથી આત્મા હેય થઈ જાય છે. આહાહા..! શું કહ્યું? એ શુભક્રિયા જે શુભરાગ છે તેને ઉપાદેય માનવાથી, આદરણીય માનવાથી ભગવાન ચિદાનંદરૂપ તેનો અનાદર થઈ જાય છે, હેય થઈ જાય છે. આહાહા..! જે રાગ હેય છે તેને ઉપાદેય માનવાથી આખો ચિદ્રૂપ તદ્રૂપ ભગવાનઆત્માનો તારી દૃષ્ટિમાં અભાવ થઈ જાય છે. સમજાય છે કાંઈ? સવારે આવ્યું હતું ને? મરણને પ્રાપ્ત થાય છે. આહાહા..! ટીકા, 'અમૃતચંદ્રાચાર્ય'નો કળશ અને 'રાજમલજી'ની ટીકા.

ભગવાન! તારું જીવન તો અંદર જ્ઞાનમય ને આનંદમય જીવન છે. જીવનશક્તિથી ઉપાડ્યું છે ને? એ જીવનશક્તિમાં તત્ત્વશક્તિનું રૂપ છે અને તત્ત્વશક્તિમાં જીવનશક્તિનું રૂપ છે. આ એક એક શક્તિની અપાર વાત છે. આહા..! આ તત્ત્વશક્તિ કહે છે. તદ્રૂપ ભવન, એમાં જીવનશક્તિનું રૂપ છે. એટલે તત્ત્વ જે જ્ઞાનાનંદ સ્વભાવ, તે રૂપે પરિણમન કરવું અને એ રીતે જીવવું એ તારું જીવન છે. શરીરથી જીવવું ને રાગથી જીવવું એ તારું જીવન-એ તારું રૂપ જ નથી. આહાહા..! ભાષા તો જુઓ! ઓહોહો..! 'અમૃતચંદ્રાચાર્ય' દિગંબર સંત. એક શબ્દમાં તદ્રૂપ ભવન, બસ! એટલું (કહ્યું છે). ભવનરૂપ, તદ્રૂપ ભવનરૂપ. છે શક્તિ? ત્યાં ક્યાંય નજરે પડે એવું નથી. તમારા ચોપડામાં ક્યાંય હાથ આવે એવું નથી. આહાહા..!

અહીં તો કહે છે, પ્રભુ! તું તદ્રૂપ, તારું રૂપ શું? રૂપ કહો કે સ્વ-રૂપ કહો. તારું સ્વ-પોતાનું રૂપ શું? શું રાગ તારું રૂપ છે? શું દયા, દાન, વ્રતના વિકલ્પ એ તારું સ્વરૂપ-રૂપ છે? શરીર, ધૂળ-માટી એ તારું સ્વરૂપ-રૂપ છે? આહાહા..! તારું સ્વરૂપ તો ભગવાન અનાકુળ આનંદ ને અનાકુળ આનંદની રચના કરે એવું વીર્ય, અને અનાકુળની રચના કરે એવી તારી તત્ત્વશક્તિ, એવું તારું તદ્રૂપ, એનું ભવન થવું એ તારી શક્તિ છે. આહાહા..! લોકોને આ સમજાય નહિ એટલે બિચારા વિરોધ કરે. વિરોધ તો પોતાનો કરે છે. પરનો કોણ કરે? ભાઈ! આહાહા..! સમજાય છે કાંઈ? એક આ કમિટિનો 'બાબુભાઈ' નો વિરોધ આવ્યો છે. જ્યાં હોય ત્યાં 'જૈનમિત્ર'માં નાખે છે, કમિટિ આમ કરી છે ને પછી હોળી કરશે, ખોટા શાસ્ત્ર (છપાવશે) ને એકાંતમાં પૈસા ખર્ચશે. 'જૈનમિત્ર'માં આજે આવ્યું છે. અરે..! ભગવાન! અમે તો કોઈને કહ્યું નથી, કમિટિ કરો કે આ તીર્થક્ષેત્ર કરો, અમે તો કોઈ દિ' કહ્યું નથી. લોકો કરે છે, એમાં અમારે શું? અમે તો કોઈ દિ' મંદિર બનાવો એમ પણ કહ્યું નથી. બહુ કહ્યું હોય તો અત્યારે શાસ્ત્ર ને પુસ્તકો કરો, જેથી લોકો પાસે જાય તો સમજે. એટલું. સમજાય છે કાંઈ? આહાહા..! અરે..! પેલા ખ્રિસ્તી લોકો એક રૂપિયાનું પુસ્તક હોય એ ચાર પૈસામાં આપે. ખ્રિસ્તી લોકો એક આનામાં આપે. એક રૂપિયાનું પુસ્તક એક આનામાં. અત્યારે તો આ સત્શાસ્ત્રનો પ્રચાર કરવાનો કાળ છે, ભગવાન! આહાહા..!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એ.. 'પાટનીજી'! આહાહા..!

ભગવાનઆત્મા.. અહીંયા તદ્રૂપ શબ્દ પડ્યો છે ને? તદ્રૂપ. એનું તત્ નામ તેનું રૂપ. એનું રૂપ તો આનંદ, અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય જ્ઞાન, અતીન્દ્રિય શ્રદ્ધા, અતીન્દ્રિય શાંતિ, અતીન્દ્રિય સ્વચ્છતા, અતીન્દ્રિય પ્રભુતા આદિ અનંતશક્તિઓ જે છે તેનાથી તદ્રૂપ આત્મા છે. આહાહા..! સમજાય છે કાંઈ? સંપ્રદાયની દૃષ્ટિમાં તો આ વાત ક્યાંય છે જ નહિ. એટલે લોકોને સાંભળતા એવું લાગે, આવો ક્યાં ધર્મ કાઢ્યો? આ તે કાંઈ નવો ધર્મ કાઢ્યો હશે? આહાહા..! અરે..! પ્રભુ! નવો નથી, પ્રભુ! અનાદિના વીતરાગ જિનેન્દ્રપ્રભુનો આ માર્ગ છે. એ લુપ્તપ્રાય: થઈ ગયો. આહાહા..! માર્ગ તો માર્ગ છે, પણ દૃષ્ટિની વિપરીતતાથી માર્ગ લુપ્ત થઈ ગયો. આહા..! જેમાં અનંતઆનંદનો નાથ દૃષ્ટિમાં ન આવે, જેમાં અતીન્દ્રિય આનંદ, જ્ઞાનનું સ્વરૂપ જ્ઞાનની પર્યાયમાં ન આવે એ ક્રિયા શું? સમજાય છે કાંઈ? બાકી તો આ બહારની ધૂળ, પાંચ-પચીસ કરોડ કે ધૂળ કરોડ એ બધા મીંડા છે. આહાહા..!

કરોડપતિ, લખપતિ ને અબજપતિ, લ્યોને! કાલે કહ્યું હતું ને? ભાઈને બતાવ્યું હતું. 'પોપટભાઈ' બેઠા છે ને? જુઓને! એમના સાળા પાસે બે અબજ ચાલીસ કરોડ રૂપિયા. જુઓ બેઠા, 'બાબુભાઈ'ની પાછળ. બે અબજ ચાલીસ કરોડ અત્યારે છે. પોતે મરી ગયો, હમણા દોઢ વર્ષ પહેલા. પાંચ મિનિટમાં, હોં! મને દુ:ખે છે. એની વહુને હેમરેજ થયેલું એટલે 'મુંબઈ' (લાવેલા). 'ગોવા'માં મોટુ ચાલીસ લાખનું તો રહેવાનું મકાન છે. ચાલીસ લાખનું મકાન. દસ દસ લાખના બે મકાન (બીજા છે). એ તો હોય છે. એ તો આપણા 'આમોદ'વાળા નહિ? અમે ત્યાં રહ્યા હતા ને? 'મુંબઈ' 'આમોદ'વાળા ગુજરાતી. શું નામ એનું? 'રમણીકભાઈ'. એ રહ્યા છે એ સીત્તેર લાખનું તો મકાન છે. એક મકાન સીત્તેર લાખનું. અમે એ મકાનમાં ઉતર્યા હતા. દરિયાને કાંઠે (છે). વિનંતી કરવા આવ્યા હતા ને? અત્યારે પણ વિનંતી કરવા આવ્યા હતા. ૮૮ (મું વર્ષ) બેસશે. એક મકાન સીત્તેર લાખનું છે. મોટો કરોડપતિ છે. આમ નરમ માણસ છે. આનું ચાલીસ લાખનું મકાન ને દસ-દસ લાખના (બે). બૈરાંને હેમરેજ થયેલું એટલે 'મુંબઈ' આવેલો. એમાં બે-ચાર દિ' પછી રાત્રે દોઢ વાગે ઉભા થયા. મને દુ:ખે છે. દુ:ખે છે એમ કહે છે ને? દર્દ થાય છે, દુ:ખે છે. અમારી ભાષામાં દુ:ખે છે કહે છે. ડૉક્ટરનો બોલાવો. ડૉક્ટર આવ્યા પહેલા ભાઈસા'બ જાઓ રખડવા ચોરાશીના અવતારમાં. અર..ર..ર...! એના ચાલીસ લાખના બંગલા પડ્યા રહ્યા. અને ગૃહસ્થ માણસ મોટો. બે અબજ ચાલીસ કરોડ. એટલા પૈસા. સંચા છે, આગબોટ છે, શું કહેવાય પેલું લોઢાનું? મેંગેનીઝ. મેંગેનીઝનો ધંધો છે. મેંગેનીઝ એટલું નીકળે, એટલું નીકળે, બહુ નીકળે. એક એક લાખની તો એક આગબોટ નાની, એવી ત્રણસો બોટ છે. એક લાખની એક એવી ત્રણસો. મેંગેનીઝ એક જગ્યાએથી બીજે ઠેકાણે લઈ જવા. આહાહા..! મરી ગયો પણ પાંચ મિનિટમાં, ગયો. આહાહા..! શું ધૂળ છે? તારી ચીજ શું છે? એ તારું સ્વરૂપ છે? અહીંયા તો દયા, દાનનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


રાગ કરે છે એ તારું સ્વરૂપ છે? આહાહા..!

તદ્રૂપ.. તદ્રૂપ. આહાહા..! ચૈતન્યપ્રકાશનું નૂર ચમત્કારી ચૈતન્ય, જેની એક સમયની પર્યાયમાં ત્રણકાળ ત્રણલોક જણાય, એવી પર્યાયનો પિંડ જ્ઞાન ચમત્કારી વસ્તુ, એ એનું રૂપ છે. અને આનંદ, અતીન્દ્રિયસુખ અને આનંદ એનું રૂપ છે. અને અતીન્દ્રિયશાંતિ ને ચારિત્ર એટલે ચારિત્રની અતીન્દ્રિય વીતરાગતા એ એનું રૂપ છે. 'ધન્નાલાલજી'! આહાહા..! પ્રભુ! તારું તદ્રૂપ ભવન. એટલા શબ્દમાં તો કેટલું ભરી દીધું છે! દિગંબર સંતોની વાણી રામબાણ વાણી છે. કદી પ્રેમથી સાંભળી નથી. એ વાણી મળી નથી અને મળી તો પ્રેમથી સાંભળી નથી. આહાહા..! એમ કહે, એ તો ઝીણી વાત છે ને સૂક્ષ્મ છે ને આમ છે ને તેમ છે એમ કરીને કાઢી નાખી. આહાહા..!

અહીં કહે છે, તદ્રૂપ ભવન અર્થાત્ કૌંસમાં આપણા પંડિતજીએ લીધું છે કે ચેતન ચેતનરૂપ થવું. ચેતનરૂપથી રહેતો પરિણમિત થાય છે. શું (કહ્યું)? જ્ઞાનસ્વરૂપી ભગવાન, જ્ઞાનનો સમુદ્ર ભર્યો છે. જેમ સમુદ્રને કાંઠે ભરતી આવે છે, તો એ સમુદ્રના પાણીની ભરતી આવે છે. એમ ભગવાનઆત્મામાં અતીન્દ્રિયજ્ઞાન અને અતીન્દ્રિયઆનંદ પડ્યો છે, એની ઉપર દૃષ્ટિ પડવાથી પર્યાયમાં આનંદ અને જ્ઞાનની ભરતી આવે છે. સમજાય છે કાંઈ? 'રતનલાલજી' અહીં તો આવી વાતું છે. આહાહા..! અરે.! દુનિયાને એવું લાગે. 'વાડા બાંધી બેઠા રે પોતાનો પંથ કરવાને' આ માર્ગ એવો નથી. સંપ્રદાય નામ ધરાવીને કહે, અમે આમ છીએ ને આમ છીએ. અરે..રે..! પ્રભુ! તારું રૂપ તો આનંદકંદ છે ને, નાથ! તને ખબર નથી. તારી દૃષ્ટિમાં એ આનંદરૂપ આવ્યું નથી. તારી જ્ઞાનની પર્યાયમાં દ્રવ્ય સ્વભાવનું જ્ઞાન થયું નથી. આહાહા..! લૌકિક જ્ઞાન કરીને અનાદિથી મરી ગયો. આહાહા..! અરે..! શાસ્ત્રજ્ઞાનથી પણ આત્મા જણાતો નથી. આહાહા..!

એ તદ્રૂપ ભગવાનઆત્મા. આત્મા એમાં તદ્રૂપ એટલે એનું સ્વરૂપ. જ્ઞાન, આનંદ, શાંતિ, સ્વચ્છતા અનંતશક્તિઓ એ એનું સ્વરૂપ છે. એ સ્વરૂપપણે ભવન, ભવન એટલે થવું. આહાહા..! ચૈતન્યનો સ્વભાવ, ચૈતન્યના સ્વભાવપણે પરિણમનમાં થવો એ તત્ત્વશક્તિનું સ્વરૂપ છે. આહાહા..! કહો, 'ડાહ્યાભાઈ'! 'ડાહ્યા તારું ડહાપણ ત્યારે કહીએ...' આવ્યું નહોતું? એકવાર કહ્યું નહોતું? આહાહા..! ઘણા વર્ષ પહેલાની વાત છે. (સંવત) ૧૯૬૪ ની સાલની વાત છે. અમે દુકાન ઉપર હતા. અમારી દુકાન ત્યાં પ્રસિદ્ધ હતી. બે દુકાનો હતી ને સ્થાનકવાસીમાં મુખ્ય હતા. એટલે સ્થાનકવાસીના કોઈ સાધુ-બાધુ આવે તો અમે એનું ધ્યાન રાખતા. નાની ઉંમરથી. તે દિ' અઢાર વર્ષની હતી.

એક સાધુને લેવા ગયા. પછી નિવૃત્તિ થઈ ગઈ. 'ભરૂચ'નું સ્ટેશન છે, સામે ધર્મશાળા છે. 'ભરૂચ.. ભરૂચ'. ત્યાં સાધુ ઉતર્યા હતા. અમને ખબર નહોતી ક્યાં ઉતર્યા છે. અમે ગામમાં શોધતા હતા. સ્ટેશને ઉતર્યા પછી વખત તો ઘણો હતો પછી નાટક જોવા ગયા.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



'મીરાબાઈ'નું નાટક હતું. 'વાંકાનેર'વાળા 'ડાહ્યાભાઈ ધોળશા' હતા. એનું નામ 'ડાહ્યાભાઈ' હતું. એ 'ડાહ્યાભાઈ' નાટક કરે તો આઠ દિ'માં બે નાટક (પાડે). એક એક રાતના પંદરસો રૂપિયા, એ વખતે, ૧૯૬૪ ની સાલ. અત્યારે તો એના પચીસ-ત્રીસ ગણા થઈ ગયા. કારણ કે બીજી વસ્તુના ભાવ વધી ગયા ને પૈસાની કિંમત ઘટી ગઈ. એ વખતના એક લાખ, અત્યારના પચીસ-ત્રીસ લાખ. એ 'ડાહ્યાભાઈ' મરતા એમ બોલ્યા, વાણિયા હતા, વૈષ્ણવ હતા. 'વાંકાનેર'. મોટુ નાટક હતું. 'ડાહ્યા તારું ડહાપણ ત્યારે અમે કહીએ કે અત્યારે શાંતિથી દેહ છોડ તો.' બધા નાટક બનાવ્યા ને તેં પૈસા લીધા. આહાહા..! 'ડાહ્યાભાઈ ધોળશા', 'વાંકાનેર' બહુ પ્રસિદ્ધિ હતી. 'ભરૂચ' માં તો મોટું નાટક (કરતા). નાટક જોવા માટે હજારો માણસો ઉછળે. આહાહા..!

એમ અહીં પરમાત્મા કહે છે કે તારું ડહાપણ.. ડહાપણ કહે છે? શું કહે છે? હોંશિયારી. એ હોંશિયારી તો ત્યારે કહીએ કે નિર્વિકલ્પ આનંદને પ્રગટ કર તો તારી હોંશિયારી કહેવાય. આહાહા..! સમજાય છે કાંઈ? બાકી તારા ડહાપણ સંસારમાં રેલમછેલ થઈ જશે. કેમ 'પદમચંદજી' પૈસા-બૈસા સાથે નહિ આવે? પૈસા ખર્ચ્યા દાનમાં માટે કાંઈ સાથે આવે કે નહિ? પુણ્યના પરિણામથી પરમાણુ બંધાય એ પરમાણુ સાથે આવે. એમાં આત્માને શું? સમજાય છે કાંઈ? બે, પાંચ, દસ લાખ ખર્ચીને દાન કર્યું હોય, રાગ મંદ કર્યો હોય તો શુભભાવ છે. શુભભાવ તો ચાલ્યો ગયો. પરમાણુ ત્યાં પડ્યા છે, તો સાથે પરમાણુ આવશે. શુભ પરિણામ કંઈ નહિ આવે. આહાહા..!

કહે છે, એકવાર ભગવંત! તું સાંભળ તો ખરો, નાથ! આહાહા..! અરે..! તારી લક્ષ્મી અને તારા સ્વરૂપની તને ખબર નથી. આહાહા..! અહીંયા એ કહ્યું, તદ્રૂપ ભવન એવી તત્ત્વશક્તિ. **'(તત્સ્વરૂપ હોવારૂપ અથવા તત્સ્વરૂપ પરિણમનરૂપ..)'** ભવનની વ્યાખ્યા કરી. **'(એવી તત્ત્વશક્તિ આત્મામાં છે. આ શક્તિથી ચેતન ચેતનપણે રહે છે-(ચેતનરૂપે) પરિણમે છે).'** આહાહા..! તત્સ્વરૂપે પરિણમવું અર્થાત્ ચેતન ચેતનરૂપે પરિણમે. પર્યાયમાં ચેતન, આનંદ ને જ્ઞાનની દશા થાય તે ચેતનની દશા છે. રાગરૂપે થવું એ ચેતનની દશા જ નથી, એ ચેતનનું રૂપ જ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? હવે એ શક્તિ તો કાલે પણ ચાલી હતી અને આજે અડધો કલાક ચાલી. કાલે તો એક કલાક ચાલી હતી. હવે અતત્ત્વ.

**अतद्रूपभवनरूपा अतत्त्वशक्ति. ३०.**

**અતદ્રૂપ ભવનરૂપ એવી અતત્ત્વશક્તિ. (તત્સ્વરૂપ ન હોવારૂપ અથવા તત્સ્વરૂપે નહિ પરિણમવારૂપ અતત્ત્વશક્તિ આત્મામાં છે. આ શક્તિથી ચેતન જડરૂપ થતો નથી). ૩૦.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હવે શું કહે છે? **'અતદ્રૂપ ભવનરૂપ...'** અતદ્રૂપ ભવનરૂપ. અર્થાત્ રાગરૂપે ન થવું. પુણ્યના પરિણામરૂપે ન થવું, પરના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવરૂપે ન થવું. સમજાય છે કાંઈ? તત્ત્વશક્તિમાં પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી નિર્મળરૂપે થવું. અને અતત્ત્વમાં પરદ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી નહિ થવું, રાગરૂપે પણ ન થવું એ અતત્ત્વશક્તિ છે. આહાહા..! આ તો કહે, વ્યવહાર કરો તો નિશ્ચય થશે. અહીં તો કહે છે કે વ્યવહારરૂપે ન થવું તે અતત્ત્વશક્તિનું સ્વરૂપ છે. 'જ્ઞાનચંદજી'! આહાહા..!

અનંત અનંતશક્તિનો ભંડાર પ્રભુ છે. તારા ભંડારમાં નિધાન ભર્યા છે. એ નિધાન એટલા છે કે એમાંથી કેવળજ્ઞાન કાઢે તો પણ નિધાન ખૂટતું નથી. કેવળજ્ઞાન થઈ જાય તોપણ નિધાનમાં ઓછપ આવતી નથી. આહાહા..! અને નિગોદમાં અક્ષરના અનંતમે ભાગે પર્યાય રહી છે, નિગોદ સમજ્યા? કાય..કાય, આ લીલ, ફૂગ. વનસ્પતિ અથવા લસણ, ડુંગળી, પ્યાજ. આ બધાની એક કણી છે એમાં અસંખ્ય શરીર છે. એક શરીરમાં અનંત જીવ છે. પણ એ જીવનું સ્વરૂપ તો તદ્રૂપ ભવનસ્વરૂપ છે. આહાહા..! કાલે થોડું કહ્યું હતું. જેમ નારકીમાં સ્વર્ગનું સુખ નથી. આ લૌકિક સુખ. પેલું સુખ તો ધૂળમાં ક્યાં હતું? નારકીમાં કોઈ નારકીના જીવને, દસ હજાર વર્ષની સ્થિતિથી તેંત્રીસ સાગર સુધી કોઈને સ્વર્ગનું સુખ બિલકુલ નથી. સ્વર્ગના દેવને નારકીનું દુઃખ બિલકુલ નથી.

અને પરમાણુમાં રાગની પીડા નથી. એક પરમાણુ. એવો આખો સ્કંધ તો વિભાવરૂપે પરિણમ્યો છે એટલે દૃષ્ટાંત પરમાણુનો આપ્યો છે. સ્કંધ છે ને? આ વિભાવિક પર્યાય છે. વિભાવિક સમજ્યા? કર્મરૂપ પર્યાય છે તે વિભાવિક પર્યાય છે. અને કોઈ ગુણ એવો નથી કે કર્મરૂપે પરિણમે, એવો ગુણ નથી. ઇ શું કહ્યું? ગુણ હોય એની પર્યાય હોવી જોઈએ. પણ કર્મરૂપી વિભાવિક પર્યાય છે તો કોઈ ગુણ નથી કે વિભાવરૂપ પર્યાય થાય છે. એ વિભાવિકપર્યાય ગુણ વિના સ્વતંત્ર થાય છે. શું કહ્યું સમજાણું? કર્મની પર્યાયરૂપે પરમાણુ પરિણમે એવો પરમાણુમાં કોઈ ગુણ નથી. એ પર્યાયમાં સ્વતંત્ર વિભાવરૂપ પરિણમે છે. આહાહા..! આ સ્કંધ આદિ, આ શરીર, વાણી, પૈસો, લક્ષ્મી, ધૂળ એ તો વિભાવપર્યાય છે. પણ એક પરમાણુ લ્યો, ભિન્ન. અનંતશક્તિ સંપન્ન. એને કોઈ પીડા નથી. જડને પીડા છે? એમ ભગવાનઆત્મા.. આહાહા..! આનંદના કંદમાં દુઃખ નથી, રાગ નથી, વિકાર નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

કાલે 'બેન'ના વચનામૃતનું દૃષ્ટાંત આપ્યું હતું ને? અગ્નિમાં ઉધઈ ન હોય. ઉધઈ સમજો છો? નાની જીવાંત થાય છે, બહુ સુંવાળી, ધોળી લાકડામાં (થાય). તડકો લાગે તો મરી જાય. અમે નજરે જોયું છે. (સંવત) ૧૯૭૫ની સાલ, ૧૯૭૫ની સાલ. અમે જંગલ ગયા હતા. બહાર જતા હતા ને? તો ત્યાં જંગલ માટે બેઠા હતા. એમાં એક ઝીણી ધોળી ઉધઈ થાય છે. દીમક. દીમક પણ જાત જુદી. બહુ પોચી ને પોલી ચામડી. આમ ધૂળમાંથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


નીકળી, બહાર નીકળી ત્યાં સૂર્યનો તડકો લાગ્યો તો ફફડતી મરી ગઈ. .. જેમ મરે એમ મરી ગઈ. એને ઉધઈ કહે છે. લાકડામાં ઉધઈ બહુ થાય. ઝીણી ઝીણી ધોળી. આહાહા..!

અગ્નિને ઉધઈ હોય? ઉધઈ હોય તો ઉધઈનો નાશ કરી દે, (એવો) અગ્નિનો સ્વભાવ છે. એમ ભગવાનઆત્મામાં આવરણ હોય? બેને ત્રણ શબ્દ વાપર્યા છે. જેમ અગ્નિને ઉધઈ નથી, કનકને કાટ નથી, સોનાને કાટ નથી એમ ભગવાનને આવરણ નથી, ઉણપ નથી અને અશુદ્ધતા નથી. પુસ્તક આવ્યું ને? કાલે આવશે? કાલે? ખલાસ થઈ ગયા છે. પૂંઠું બને છે. તમને મળ્યું છે? ક્યાંથી મળ્યું? ઠીક. સમજાય છે કાંઈ? આહાહા..!

અહીં શું ચાલે છે? અતત્ત્વશક્તિ. ભગવાન પૂર્ણાનંદનો નાથ, એમાં અતત્ત્વશક્તિ પડી છે તો એમાં રાગરૂપે થવું છે જ નહિ. રાગરૂપે નહિ થવું એવી એની શક્તિ છે. આહાહા..! સમજાય છે કાંઈ? ભાગ્યશાળીઓને કાને પડે એવી વાત છે. પેલા ધૂળના ભાગ્યશાળી તો બધા ભાંગશાળી છે. ભાંગ.. ભાંગ, તમાકુ. એને ભાંગ કહે છે ને? એ બધા ભાગ્યશાળી પૈસાવાળા બધા ભાંગશાળી છે. આ તો આવી વાત (છે).

પ્રભુ એમ કહે છે, ભવી ભાગન જોગ. ભગવાનની વાણી નીકળે છે. આહાહા..! વીતરાગની વાણી, બાપા! આ તો પ્રભુ ત્રણલોકના નાથ. આહાહા..! પ્રભુ! 'મહાવીર' તો મોક્ષ પધાર્યા. એ તો ણમો સિદ્ધાણંમાં ગયા. 'સીમંધર' ભગવાન બિરાજે છે એ ણમો અરિહંતાણંમાં છે તો એમને વાણી છે. સિદ્ધને વાણી નથી, એ તો અશરીરી છે. સમજાય છે કાંઈ? ભગવાન 'કુંદકુંદાચાર્ય' સંવત ૪૯માં ત્યાં ગયા હતા, આઠ દિવસ રહ્યા હતા. આઠ દિવસ સાક્ષાત્ વાણી સાંભળી છે. પછી આવીને આ શાસ્ત્ર બનાવ્યા છે. સમજાય છે કાંઈ?

(અહીં) કહે છે, અતદ્રૂપશક્તિ. આહાહા..! રાગરૂપે ન થવું, વિકારરૂપે ન થવું એવી એમાં અતત્ત્વશક્તિ છે. 'ડાહ્યાભાઈ'! આહાહા..! હજી આ તો કહે છે ને? વ્યવહાર શ્રદ્ધા, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા એ તો રાગ છે. શાસ્ત્ર ભણવા વિકલ્પ છે, રાગ છે અને નવ તત્ત્વની શ્રદ્ધા ને પંચમહાવ્રતના પરિણામ રાગ છે. અહીં તો કહે છે, વ્યવહાર રત્નત્રયરૂપે ન થવું એ અતત્ત્વશક્તિ છે. આહાહા..! તો પછી આ કુટુંબપણે ને બાયડીપણે ને છોકરાપણે થવું, અને અમારા આ છે ને મકાન છે, ધૂળ પણ નથી, સાંભળ ને! હેરાન થઈ ગયો છે અનાદિથી. અપને કો આપ ભૂલકે હૈરાન હો ગયા. તારી ચીજ શું છે? અને તારું સ્વરૂપ શું છે? આહાહા..! પ્રભુ! તેં કદી સાંભળ્યું નથી, હોં! પ્રેમથી સાંભળ્યું નથી. આવે છે ને? 'તત્પ્રતી પ્રીતિ ચિતેન્ વાર્તાऽપિ શ્રુતાઃ' આહાહા..! જેણે આ રાગથી ભિન્ન ભગવાન ત્રિલોકનાથ, રાગરૂપે પરિણમવાની શક્તિ એનામાં નથી. પોતાના આનંદ અને ચેતનરૂપે પરિણમવાની શક્તિ છે અને રાગરૂપે પરિણમવાની શક્તિ નથી. અતત્ત્વશક્તિ છે. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..!

અહીં તો અત્યારે એ ચાલે છે કે તમે દયા, દાન, વ્રત, ભક્તિ કરો તો એનાથી કલ્યાણ થઈ જશે. અરે..! પ્રભુ! આ તો ક્યાં...? પરરૂપે પરિણમવું? આહાહા..! એમ કહે છે કે નહિ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વ્યવહાર કરો, વ્યવહાર કરતા કરતા નિશ્ચય થશે, આવી પ્રરૂપણા ચાલે છે. અત્યારે સાધુ પણ આ પ્રરૂપણા કરે છે. પંડિતો પણ આ જ પ્રરૂપણા કરે છે. અહીં સિવાયના બીજા પંડિતો. અહીં સિવાયના. કેમ? 'રતનલાલજી'! આહાહા..! ભગવંત! અતદ્રૂપ.. છે?

**'અતદ્રૂપ...'** એટલે પોતાના સ્વરૂપ સિવાય અતદ્રૂપ-રાગાદિરૂપે ન થવું. આહાહા..! શરીર ને માટી ને જડરૂપે ન થવું એ તો સાધારણ વાત છે. એ રૂપે તો ત્રણકાળમાં કદી થતો નથી. પણ રાગરૂપે પરિણમન છે. પર્યાયમાં રાગ, મિથ્યાત્વરૂપી પરિણમન છે પણ એ શક્તિનું પરિણમન નથી, સ્વરૂપનું પરિણમન નથી. આહાહા..! સમજાય છે કાંઈ? નવા માણસને તો એવું લાગે કે આ તે શું કહે છે? બાપુ! માર્ગ તો આ છે, ભાઈ! આહાહા..!

અતત્ત્વશક્તિ. અતદ્રૂપ-રાગપણે ન થવું એ અતદ્રૂપ છે. આહાહા..! ચૈતન્યપણે પરિણમવું એ તદ્રૂપ છે અને રાગરૂપે અતત્ત્વરૂપ ન થવું, અતત્ત્વરૂપે ન થવું એ એનો સ્વભાવ છે. આહાહા..! તો પછી આ પૈસા કરવા ને બૈરા, છોકરાના પોષણ કરવા ને એને રાજી રાખવા ને આખો દિ' પાપ ને પાપ, પ્રપંચમાં પડ્યો છે. 'રતનલાલજી'! અરે..! અહીં તો પુણ્યના પરિણામપણે (પરિણમતો નથી). અતત્ત્વશક્તિ છે તો તત્ત્વથી ભિન્ન શક્તિ છે. અતત્ત્વશક્તિ છે તો એ રૂપે નહિ થવું એવી તારામાં શક્તિ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

**'અતદ્રૂપ ભવન...'** અતદ્રૂપ ભવન એટલે કે રાગરૂપે ન થવું એવી તારામાં એક શક્તિ છે. આહાહા..! અહીં તો કહે છે કે, રાગક્રિયા કરો તો તારું કલ્યાણ થશે. ગજબ છે, ભાઈ! તારી મિથ્યાદૃષ્ટિનું ઘણું જોર છે. જે સ્વરૂપમાં નથી એ દૃષ્ટિરૂપે તારું પરિણમન થઈ ગયું છે. આહાહા..! સમજાય છે કાંઈ? કહે છે, **'અતદ્રૂપ ભવન...'** અતદ્-જે એમાં નથી એ રૂપે ભવન. પરરૂપે નહિ થવું એવી અતત્ત્વશક્તિ છે. આહાહા..! એક એક શક્તિમાં તો ભંડાર ભર્યા છે.

મુમુક્ષુ :- પોતાની મેળે તો દેખાય નહિ કે ક્યાં ભંડાર છે.

ઉત્તર :- આ ચક્રવર્તી હોય તો નવ નિધાન હોય, એમાં શું આવ્યું? નવ નિધાન હોય છે ને?

મુમુક્ષુ :- નિધાન આવ્યા ને?

ઉત્તર :- નિધાન એ જડના, ધૂળના છે. આહાહા..! આ તો ચૈતન્યના નિધાન! અનંત અનંત ચૈતન્યશક્તિના રત્નાકરના રત્નના આકર-દરિયા ભર્યા છે. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! પણ એ માહાત્મ્ય સાંભળ્યું નથી અને સાંભળ્યું તો રુચિમાં લીધું નથી. આહાહા..! શાસ્ત્રનું જ્ઞાન થયું એમાં ખુશ થઈ ગયો, રાજી થઈ ગયો. પણ એ જ્ઞાન જ્ઞાન જ નથી. આહાહા..! બ્રહ્મચર્ય શરીરથી પાળ્યા, સત્ય બોલવું એ તો બધો રાગ છે, આસ્રવ છે. સમજાય છે કાંઈ?

**'અતદ્રૂપ ભવન...'** પરરૂપે ન થવું. આહાહા..! એવી અતત્ત્વશક્તિ છે. **'(તત્સ્વરૂપ**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**ન હોવારૂપ અથવા તત્સ્વરૂપે નહિ પરિણમવારૂપ...)**' શું કહ્યું સમજાણું? તત્સ્વરૂપ નહિ થવારૂપ અને પરરૂપે નહિ થવારૂપ. **'અથવા તત્સ્વરૂપે નહિ પરિણમવારૂપ...'** રાગાદિપણે નહિ પરિણમવારૂપ. આહાહા..! **'અતત્ત્વશક્તિ આત્મામાં છે.'** છે? ભગવાનમાં એ શક્તિ છે કે રાગરૂપે નહિ થવું એવી શક્તિ છે. રાગરૂપે થવું એવી કોઈ એમાં શક્તિ નથી. ઇ શું કહ્યું સમજાણું? જેમ કર્મની પર્યાય થવાનો પરમાણુમાં કોઈ ગુણ નથી કે એ કર્મની પર્યાય થાય છે. કર્મમાં અધ્ધરથી વગર ગુણે વિભાવપર્યાય થાય છે. એમ આત્મામાં એવી કોઈ શક્તિ નથી કે રાગરૂપ, વિકારરૂપ, મિથ્યાત્વરૂપ થાય. પર્યાયમાં અધ્ધરથી મિથ્યાત્વ આદિનું પરિણમન કરે છે. સમજાય છે કાંઈ?

એક પરમાણુમાં પણ પીડાનો જ્યાં અભાવ છે, આહાહા..! તો ત્રણલોકના નાથમાં વિકારનો ત્રિકાળ અભાવ છે. આહાહા..!

મુમુક્ષુ :– વૈભાવિક શક્તિ છે.

ઉત્તર :– વિભાવશક્તિ શબ્દે વિભાવ કરે એવો અર્થ નથી. વિભાવિક શક્તિનો અર્થ ચાર દ્રવ્યમાં નથી એવી વિશેષ શક્તિનું નામ વિભાવશક્તિ. વિશેષ શક્તિ નામ વિભાવશક્તિ. વિભાવશક્તિ નામ વિભાવરૂપે પરિણમવું એવો અર્થ નથી, એનો એવો અર્થ છે જ નહિ. 'શ્રીમદ્દે' એમ કહ્યું છે. 'શ્રીમદ્' માં લખ્યું છે. વિભાવશક્તિનો અર્થ એવો નથી કે વિભાવરૂપે પરિણમવું. પણ ચાર દ્રવ્યમાં નથી એવી શક્તિને વિભાવશક્તિ વિશેષપણે કહેવામાં આવે છે. ખાસ પરમાણુ પુદ્ગલ અને જીવમાં એ વિભાવિકશક્તિ છે. બીજા ચારમાં નથી. ચાર છે ને? ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ ને કાળ. એ તો શુદ્ધ પરિણમન ત્રિકાળ પારિણામિકભાવે છે. એનું દ્રવ્ય પણ પારિણામિકભાવ, ગુણ પારિણામિકભાવ, પર્યાય પારિણામિકભાવ (સ્વરૂપ છે). એ કહ્યું હતું ને?

આત્મામાં એક કારણપર્યાય છે કે નહિ? (સંવત) ૧૯૯૯-૨૦૦૦ ની સાલમાં સ્પષ્ટ કર્યું હતું. 'નિયમસાર'ની ૧૯મી (તથા ૧૫મી) ગાથાના વ્યાખ્યાનમાં આવી ગયું છે. કારણધ્રુવ એક કારણપર્યાય આત્મામાં છે. કેવી? જેમ ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ અને કાળના જેમ દ્રવ્ય-ગુણ તો પારિણામિક એકરૂપ છે પણ પર્યાય પણ પારિણામિક એકરૂપ છે. ચાર દ્રવ્યમાં, સમજાય છે? ઉત્પાદ-વ્યય સરખા એકરૂપે ધારા ચાલે છે. તો આત્મામાં એકરૂપ ઉત્પાદ-વ્યય તો છે નહિ. સંસારદશામાં વિકારીનો ઉત્પાદ છે, મોક્ષદશામાં કંઈક શુદ્ધપર્યાય ને કંઈક અશુદ્ધપર્યાયનો ઉત્પાદ-વ્યય છે. સિદ્ધમાં પૂર્ણ શુદ્ધનો ઉત્પાદ-વ્યય છે. તો એકરૂપ ન રહ્યું. ઉત્પાદ-વ્યય ચાર દ્રવ્યમાં જેમ એકરૂપ છે એમ અહીંયા એકરૂપ ઉત્પાદ-વ્યય ન રહ્યા. થોડી ઝીણી વાત છે. એ ૧૯ તથા (૧૫) ગાથામાં આવી ગયું છે. 'નિયમસાર'ની ૧૯ તથા (૧૫) ગાથા ઉપર વ્યાખ્યાન થયા છે. (સંવત) ૧૯૯૯ સાલ. પુસ્તક આવી ગયું છે. છે ને પુસ્તક? શું કહેવું છે?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ચાર દ્રવ્યમાં ઉત્પાદ-વ્યય... ધ્રુવ તો ધ્રુવ છે જ, પણ ઉત્પાદ-વ્યય ધારાવાહી, ઓછું, વિપરીત, પૂર્ણ એવા ભેદ ચાર દ્રવ્યમાં નથી. સમજાય છે કાંઈ? અરે..અરે..! એમ ભગવાનઆત્મામાં ઉત્પાદ-વ્યય છે એ મલિનતા ને સંસારદશામાં છે. મોક્ષમાર્ગમાં ઉત્પાદ-વ્યયમાં થોડી શુદ્ધિ છે અને અશુદ્ધિ છે, પૂર્ણ (શુદ્ધ) નથી. તો એકધારા ન રહી. ઉત્પાદ-વ્યયની ધારા એકરૂપ ન રહી. એકરૂપ ધારાવાહી અંદર કારણધ્રુવપર્યાય ત્યાં છે. એ 'નિયમસાર'માં આવી ગયું છે. (સંવત) ૧૯૯૯ ની સાલ, ૩૩-૩૪ વર્ષ થયા. કારણશુદ્ધપર્યાય.

કારણશુદ્ધપર્યાય આત્મામાં છે. કેમ? જેમ ચાર દ્રવ્યમાં એકધારા છે. અહીં એકધારા ઉત્પાદ-વ્યયમાં નથી. ધારાવાહી સામાન્ય સ્વરૂપ જે ભગવાનઆત્માનું છે, તેની એક વિશેષ ધ્રુવપર્યાય છે. એ ધ્રુવમાં ઉત્પાદ-વ્યય નથી. જેમ સમુદ્રની સપાટી છે... નકશો બનાવ્યો છે. નકશો બનાવ્યો હતો પણ..

મુમુક્ષુ :- ગુજરાતીમાં આવ્યો પણ હિન્દીમાં નથી આવ્યો.

ઉત્તર :- હિન્દીમાં નથી. પણ હવે તમે બધા હિન્દી આવ્યા છો. એ તો તમારે કરવાનું. એમ કહે છે, ગુજરાતીમાં આવ્યું છે. વાત સાચી છે. હિન્દીવાળાને પ્રેમ હોય તો હિન્દી બનાવવું.

અહીં તો શું કહેવું છે? આહાહા..! આત્મામાં ઉત્પાદ-વ્યયની પર્યાય એક ધારાવાહી નથી. કેમ કે (બાકીના) ચારમાં તો પરમપારિણામિક તો દ્રવ્ય અને ગુણ છે, અને ધર્માસ્તિકાય આદિ ચાર દ્રવ્યમાં પારિણામિકભાવની પર્યાય છે. તો આત્મામાં ઉત્પાદ-વ્યયમાં એવી પારિણામિકભાવની પર્યાય એકસરખી નથી. તો અંદર સામાન્ય જે વસ્તુ છે એમાં વિશેષ એક દશા ધ્રુવ (છે). એકધારી અનાદિઅનંત કારણપર્યાય છે. તેને ભગવાન કારણપર્યાય કહે છે. એ 'નિયમસાર'ની ૧૫ ગાથામાં આવે છે. હજી બહારની વાત બેસે નહિ એમાં આ... મંથન ન મળે, ધારણામાં શ્રવણ કરીને એનો વિચાર કરીને મંથનથી નિર્ણય કરવો. આહાહા..! સમજાય છે કાંઈ?

એ કારણપર્યાય પવિત્ર છે. સમજાય છે કાંઈ? જેમ સમુદ્રમાં ઉપર સપાટી છે એ સમુદ્રની સપાટી છે. એમ ભગવાનઆત્મા અનંતગુણના ધ્રુવપણે જે છે તેમાં કારણપર્યાય સપાટીરૂપ એકરૂપ ત્રિકાળ અનાદિ છે. તદ્દન નવી વાત છે. પહેલા એ વ્યાખ્યાન આવી ગયા છે. ૧૯૯૯-૨૦૦૦ ની સાલ.સમજાય છે કાંઈ? ગુજરાતી છે, વાત સાચી. હિન્દી નથી. ગુજરાતી માંડ માંડ નીકળ્યું. કેમ કે એ વખતે બહારમાં વાત મુકી હતી તો 'બંસીધરજી' અને 'વર્ણીજી' બન્નેને ન બેઠી. એ તો એક પર્યાય છે, પર્યાય છે (એમ કહ્યું). પણ પર્યાય કેવી? કારણપર્યાય ધ્રુવ છે. નકશો બનાવ્યો હતો. 'નિયમસાર'ની ૧૯મી (તથા ૧૫મી) ગાથાના વ્યાખ્યાનમાં નકશો નાખવો હતો. પણ મોટા પંડિતોને વાત ન બેઠી તો સાધારણ માણસોને નહિ બેસે. પછી નકશો ન નાખ્યો. 'નિયમસાર' ૧૫ (૧૯) ગાથામાં નાખ્યો નહિ. કારણશક્તિનો નકશો છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



દરેક ગુણની કારણપર્યાય છે. ગુણ ત્રિકાળી છે. એમ પર્યાય ધ્રુવ પણ કાયમ અનાદિઅનંત પર્યાય અંદર છે. ઉત્પાદ-વ્યય વિનાની. આહાહા..! બહારમાં સમુદ્રની જે સપાટી છે એમ બાહ્યમાં એ કારણપર્યાય છે. ઉત્પાદ-વ્યય સિવાયની કારણપર્યાય આત્મામાં અનાદિઅનંત છે. 'પદમચંદજી' કોઈ દિ' સાંભળ્યું નથી. એ પર્યાયનો સ્વભાવ પણ અતત્ત્વશક્તિ એમાં પડી છે તો વિકારરૂપે નહિ થવું એવો એનો સ્વભાવ છે. સમજાય છે કાંઈ? આહાહા..! દ્રવ્ય-ગુણનો તો સ્વભાવ એવો છે કે વિકારરૂપે ન થવું પણ એ કારણપર્યાય છે તેની પણ વિકારરૂપે ન થવું એવી એની શક્તિ છે. કેમ? કે અતત્ત્વશક્તિ નામની જે શક્તિ છે એ દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણેમાં વ્યાપે છે. અહીંયા તો કારણપર્યાયમાં તો છે પણ અતત્ત્વશક્તિનો ધરનાર ભગવાન પર દૃષ્ટિ પડતાં પર્યાયમાં પણ રાગરૂપે નહિ થવું એવું અતત્ત્વનું પરિણમન થઈ જાય છે. ઝીણી વાતું, બાપુ! આહાહા..!

આ તો ત્રણલોકના નાથ જિનેન્દ્રદેવ.. અત્યારે તો બહારમાં દયા પાળો, સામાયિક કરો ને પોષા કરો ને પડિકમણા કરો.. થઈ રહ્યું, જાઓ! મરો! કરવાનું મરવાનું છે ત્યાં તો. આહાહા..! ભાઈએ-'નિહાલભાઈ'એ નાખ્યું છે ને? કરના સો મરના હૈ. વિકલ્પ છે, આ કરું, આ કરું, આ કરું... ત્યાં ચૈતન્ય જીવતરનું મૃત્યુ છે. આહાહા..!

અહીંયા તો પરમાત્મા એમ કહે છે કે, ચૈતન્ય ચૈતન્યરૂપે પરિણમે છે. છે? પણ આ શક્તિથી ચૈતન્ય જડરૂપે થતો નથી. છે અંદર કૌંસમાં? **'(અતત્ત્વશક્તિ આત્મામાં છે. આ શક્તિથી ચેતન જડરૂપ થતો નથી.)'** એનો અર્થ શું? કે ભગવાનઆત્મા અતત્ત્વશક્તિને કારણે વિકારરૂપ થતો નથી. આહાહા..! જડરૂપ થતો નથી, એવો અર્થ લીધો છે. 'ધન્નાલાલજી'! ક્યાંય આવ્યું છે? છઠ્ઠી ગાથામાં આવ્યું છે. જ્ઞાયક, જ્ઞાયક ભગવાનઆત્મા ત્રિકાળ જ્ઞાયક છે. એ શુભઅશુભભાવરૂપે થયો નથી. કેમ કે શુભાશુભભાવ એ જડ છે. એમ લીધું છે. છઠ્ઠી ગાથાના પાઠમાં છે. 'જયચંદજી' પંડિતે કૌંસમાં નાખ્યું છે. શુભાશુભભાવ એ જડ છે. જ્ઞાયક તે જડરૂપે કદી થયો જ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? અને શુભાશુભરૂપે થઈ જાય તો જડ થઈ જાય. આહાહા..! કેમ કે શુભ ને અશુભરાગ અચેતન છે. આત્માની શક્તિથી ખાલી છે. ચૈતન્યના નૂરના તેજના પૂરનું પુણ્ય ને પાપના ભાવમાં અભાવ છે આહાહા..! 'છોટુભાઈ' પહેલા બહુ આવતા, હોં! હવે જરી અટકી ગયા. હવે સ્પષ્ટીકરણ વધારે આવે છે. આહાહા..! લોકો વિરોધ કરે છે ને? જેમ લોકો વિરોધ કરતા જાય છે તેમ સ્પષ્ટીકરણ વધતું જાય છે. બાપુ! માર્ગ આ છે, ભાઈ! તારા હિતની વાત છે. આહાહા..!

તારી શક્તિમાં દ્રવ્ય, ગુણમાં, કારણપર્યાયમાં પણ એવી શક્તિ છે-અતત્. રાગરૂપે ન થવું, વ્યવહાર રત્નત્રયરૂપે ન થવું એવી તારી એક શક્તિ છે. 'જ્ઞાનચંદજી'! આહાહા..! જેમ કહ્યું ને? કર્મરૂપી પર્યાય થાય છે તો પરમાણુમાં એવો કોઈ ગુણ નથી કે ગુણને લઈને પર્યાય થાય છે. એ પર્યાય અદ્ધરથી નવી થાય છે. એમ આત્મામાં કોઈ શક્તિ નથી કે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


વિકારરૂપ થાય. પર્યાયમાંથી વિકાર ઉત્પન્ન થાય છે. પર્યાયદૃષ્ટિમાં સ્વભાવદૃષ્ટિને છોડીને પર્યાયદૃષ્ટિવાળાને વિકાર થાય છે. આહાહા..! ભારે ઝીણું, બાપુ! આહાહા..! આવો માર્ગ વીતરાગ સિવાય ક્યાંય છે નહિ. અને તે પણ દિગંબર સંતો સિવાય આવી વાત કોઈએ કરી નથી. આહાહા..!

મુમુક્ષુ :–

ઉત્તર :– અહીં તો દિગંબર છે ને! આહા..!

**'(આ શક્તિથી ચેતન જડરૂપ થતો નથી).'** એનો અર્થ શું? રાગરૂપે થવું એ જડરૂપ થવું છે. આહાહા..! કેમ કે દયા, દાન, વ્રત, ભક્તિનો જે રાગ છે તેને તો 'જીવ અધિકાર'માં અજીવ કહ્યું. અને 'કર્તા-કર્મ અધિકાર'માં તેને સંયોગીભાવ કહ્યું, સ્વરૂપભાવ નથી. સંયોગીભાવ–સંયોગને કારણે ઉત્પન્ન થયેલા સંયોગી ચીજ છે. એનો સ્વભાવ નથી. 'કર્તા-કર્મ અધિકાર' ૬૯-૭૦ ગાથા. સમજાય છે કાંઈ? આહાહા..! ઝીણું પડે પણ બાપુ! આ સમજવા જેવું છે, ભાઈ! અનાદિકાળથી દુઃખી થઈને મરી ગયો છે. આહાહા..!

'બ્રહ્મદત્ત' ચક્રવર્તી સાતસો વર્ષ જીવન જીવ્યો. સાતસો. એના એક શ્વાસોશ્વાસનું ફળ એટલું મળ્યું કે સાતમી નરકમાં તેંત્રીસ સાગરમાં અત્યારે છે. ચક્રવર્તી! આમ હીરાના ઢોલિયા.. ઢોલિયાને શું કહે છે? પલંગ. હીરાના પલંગમાં સૂતો હતો. સોળ હજાર દેવ સેવા કરતા હતા. પણ આત્માને ભૂલીને મિથ્યાદૃષ્ટિપણે એટલા પાપ કર્યા.. આહાહા..! જેના એક શ્વાસના ફળમાં... કેટલા છે 'રામજીભાઈ'? અગિયાર લાખ છપ્પન હજાર નવસો પંચોતેર પલ્યોપમ. એક શ્વાસનું ફળ એટલું. શું કહ્યું? સાતસો વર્ષના જે શ્વાસ થાય, એ એક શ્વાસના ફળમાં... શું કીધું? અગિયાર લાખ છપ્પન હજાર નવસો પંચોતેર પલ્યોપમનું દુઃખ (મળ્યું). એને યાદ રહે છે. પલ્યોપમ. એક શ્વાસના ફળમાં.. કેટલા? અગિયાર લાખ છપ્પન હજાર નવસો પંચોતેર પલ્યોપમ. એક પલ્યના અસંખ્ય ભાગમાં અસંખ્ય અબજ વર્ષ (જાય). બાપુ! તું કેટલો દુઃખી થયો, તને ખબર નથી, ભાઈ! સમજાણું કાંઈ? આ એક શ્વાસનું સુખ ભોગવ્યું એમાં (મળ્યું). સાતસો વર્ષ કાંઈ ચક્રવર્તી નહોતા. આયુષ્ય સાતસો વર્ષનું હતું. ચક્રવર્તી તો મોટી ઉંમરે થયા. સમજાય છે કાંઈ? પણ આખા સાતસો વર્ષના શ્વાસ ગણીએ તો પણ એના ફળમાં આટલું... આહાહા.! પલ્યોપમના એટલા દુઃખ, બાપુ! અને અહીં આત્મજ્ઞાન હોય તો અનંતકાળમાં અનંતઆનંદ રહે એટલું એનું ફળ છે. વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## પ્રવચન નં. ૨૭ શક્તિ–૩૦ થી ૩૩ મંગળવાર, (દ્વિતીય) શ્રાવણ વદ ૯, તા. ૬-૦૯-૧૯૭૭

'સમયસાર' શક્તિનો અધિકાર. ૩૦ મી શક્તિ ચાલી. અતત્ત્વશક્તિ આવી ને? કાલે એનો અર્થ આવી ગયો. પર જે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ છે તે આત્મામાં અતત્ત્વ છે. આ શક્તિ પરના અભાવસ્વરૂપ છે. તત્ત્વશક્તિ પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી અસ્તિ છે એ તત્ત્વશક્તિ અને પરદ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની નાસ્તિ છે એ અતત્ત્વશક્તિ. રાત્રે પ્રશ્ન થયો હતો. સમજાય છે કાંઈ? પણ વાત એ છે કે, અતત્ત્વશક્તિ અને તત્ત્વશક્તિ એ બે પરસ્પર વિરૂદ્ધ શક્તિ છે. એ તો પહેલા આવી ગયું છે, વિરૂદ્ધધર્મત્વશક્તિ છે. પહેલા આવી ગયું છે. એક વિરૂદ્ધધર્મત્વશક્તિ છે. સ્વપણે છે અને પરપણે નથી. એવી વિરૂદ્ધધર્મત્વશક્તિ છે. પણ એ શક્તિ ગુણ છે. આ વિરૂદ્ધશક્તિ એ ગુણ છે. એ ગુણી અને ગુણની દૃષ્ટિ કરવાથી, ગુણી-ગુણનો ભેદ છોડીને, આહાહા..! ગુણ અને ગુણીના ભેદનું લક્ષ છોડીને ગુણી ઉપરની અભેદ દૃષ્ટિથી તત્ત્વ-અતત્ત્વ વિરૂદ્ધ શક્તિનું પરિણમન પર્યાયમાં આવે છે. પોતાથી છે અને પરથી નથી, એવી પર્યાયમાં પરિણતિ આવે છે. આહાહા..! સમજાય છે કાંઈ?

અનુભવમાં એમ કહે છે કે, અનુભવમાં ધ્યાતા, ધ્યાન અને ધ્યેયનો કોઈ વિકલ્પ નથી. આહાહા...! ત્યાં શાસ્ત્રજ્ઞાન પણ નથી. ત્યાં તો ભગવાનઆત્મા પોતાના સ્વરૂપે છે અને પર સ્વરૂપે નથી, એવી વિરૂદ્ધશક્તિનું પરિણમન, અસ્તિપણે છે અને પરથી નાસ્તિ એવી પર્યાયમાં પરિણતિ છે. સમજાય છે કાંઈ? એમ તત્ત્વશક્તિના પરિણમનમાં પોતાપણું, પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ છે, અહીંયા એ છે એવો વિકલ્પ નથી, પરિણમન છે. સમજાય છે કાંઈ? અને અતત્ત્વશક્તિનું પરિણમન, પર્યાયમાં વીતરાગતાનું વેદન થવું, પર રાગાદિના અભાવરૂપ પરિણમન અને વીતરાગભાવના સદ્ભાવરૂપ પરિણમન (થવું). આહાહા..! આ સમજ્યા વિના મહાવ્રત ને પંચમહાવ્રત ને વ્રત ને તપ બધા (એકડા વિનાના મીંડા છે).

'અધ્યાત્મપંચસંગ્રહ'માં તો ભાઈએ એમ લીધું છે કે, ઘેંટા પણ મુંડન કરાવે છે. ઘેટા સમજો છો? ભેડ. એમાં છે. 'અધ્યાત્મપંચસંગ્રહ'. અને નગ્ન તો પશુ પણ રહે છે અને પરિષહ સહન કરે છે તો પશુ પણ પરિષહ સહન કરે છે, એમાં શું આવ્યું? સમજાય છે કાંઈ? પોતાનો ભગવાન પૂર્ણાનંદની અસ્તિ મોજૂદગી ચીજ અને પરના અભાવસ્વભાવરૂપ.. ભાવ, અભાવ પછી આવશે, અહીં તો અત્યારે પરના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવના તત્ત્વનું અતત્ત્વ, એ તત્ત્વનું અતત્ત્વ એટલે પરરૂપે નહિ થવું, એટલી વાત છે. ભાવ, અભાવશક્તિ તો આગળ આવશે. સમજાય છે કાંઈ?

એના અનુભવમાં.. જ્યારે વિકલ્પ આવ્યો, એ તો નયપક્ષમાં સવારે આવ્યું હતું, સમજાય છે કાંઈ? પણ એ નયપક્ષને પણ છોડીને ચૈતન્ય નિર્વિકલ્પ આનંદનું વેદન થવું એ વસ્તુ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. 'પદમચંદજી'! આવી વાતું છે. બહારના દાન ને દયા ને શરીરનું બ્રહ્મચર્ય ને અપવાસ આદિની તપસ્યા, એ બધું વ્યર્થ ક્લેશ છે. આહાહા..! ભગવાન ચિદાનંદ પ્રભુ, વર્તમાનમાં પર્યાયનું અંતરમાં વળવું અને એમાં એકાગ્ર થવાથી આનંદનો સ્વાદ આવવો, તેનું નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે. સમજાય છે કાંઈ? અને આ વિના ભવનો છેદ નહિ થાય. સમજાય છે કાંઈ? લાખ દાન કરે ને તપસ્યા કરે ને અપવાસ કરે પણ ભવછેદ નહિ થાય. આહાહા..! ભવછેદ થયા વિના, સમ્યગ્દર્શન વિના ભવછેદ થશે નહિ. આહાહા..! એ આવ્યું?

**अनेकपर्यायव्यापकैकद्रव्यमयत्वरूपा एकत्वशक्तिः ३१.**

**અનેક પર્યાયોમાં વ્યાપક એવા એકદ્રવ્યમયપણારૂપ એકત્વશક્તિ. ૩૧.**

હવે આજે આપણે એક શક્તિ, એક શક્તિ (લઈએ). એક નહિ, એકત્વ એમ શબ્દ પડ્યો છે. આત્મામાં એકત્વ નામનો એક ગુણ છે. છે? **'અનેક પર્યાયોમાં વ્યાપક...'** ગુણ અને પર્યાયના ભેદમાં દ્રવ્યનું વ્યાપવાપણું, એવું એકપણું એ એનો ગુણ છે. સમજાય છે કાંઈ? 'કળશટીકા'માં આવ્યું હતું કે એક છું, અનેક છું, એ પણ આવ્યું હતું. આવ્યું હતું? 'કળશ ટીકા'.

મુમુક્ષુ :- એક-અનેક આવ્યું હતું...

ઉત્તર :- એ વળી પછી. આ તો એક, અનેક જુદું છે. હું એક છું. સર્વવ્યાપક દ્રવ્ય હું એક છું, એ બરાબર છે. પણ ત્યાં એક છું એવા વિકલ્પનો પક્ષ છોડાવ્યો છે. સમજાય છે કાંઈ?

અહીંયા તો એકત્વગુણ, ગુણીનો આશ્રય લેવા એકત્વશક્તિ કહેવામાં આવી છે. આહા..! સમજાય છે કાંઈ? ૪૭ નયમાં પણ આવ્યું છે-એક, અનેક. ત્રણ પ્રકારે એક-અનેક છે. અહીંયા એક-અનેક, 'કળશટીકા'માં એક-અનેક અને ૪૭ નયમાં એક-અનેક. એ બીજી વસ્તુ છે. એ ધર્મ અપેક્ષા છે. શું? જેમ અગ્નિનો મોટો ઢગલો હોય તો એમાં બધું અગ્નિપણું જ એકલું છે. એમ અદ્વૈત. આત્માના જ્ઞાનમાં લોકાલોકનું જ્ઞાન એ એકરૂપે જ્ઞાન છે. અદ્વૈતપણું. અદ્વૈતનય લીધી છે. અદ્વૈત એટલે એક. અદ્વૈત એટલે બે નહિ. આહાહા..! બે નહિ એટલે એક. વેદાંત અદ્વૈત કહે છે ને? વેદાંત અદ્વૈત એમ કહે છે. એનો અર્થ દ્વૈત નહિ, એમ. એક છે. એક છે એમ કહે છે એ વાત જૂઠી છે.

અહીંયા તો અદ્વૈતનો અર્થ, જેમ અગ્નિનો.. સમજાય છે કાંઈ? શું કહ્યું? 'પ્રવચનસાર'માં છે ને? આખી અગ્નિ ઇંધનથી એકરૂપ થઈ જાય છે. છે ને? **'આત્મદ્રવ્ય જ્ઞાન-જ્ઞેય અદ્વૈતનયે...'** ૨૪ મી નય છે. ૪૭ નય છે ને? **'જ્ઞાન-જ્ઞેય અદ્વૈતનયે...'** જ્ઞાન, જ્ઞેયના અદ્વૈતરૂપનયે. બન્નેનું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એકપણું થઈ જવું. જ્ઞેયનું જ્ઞાન અને જ્ઞાનનું જ્ઞાન. જ્ઞેય તો જ્ઞેયમાં રહી ગયા. જ્ઞેયનું જ્ઞાન અને આત્માનું જ્ઞાન, એ અદ્વૈત થયું. આવી વાતું હવે. છે? **'મોટા ઇંધનસમૂહરૂપે પરિણતિ અગ્નિની માફક...'** મોટો અગ્નિનો ઢગલો હોય, એ બધાને બાળીને અગ્નિમય કરી નાખે છે. એમ એક છે. એ એક જુદી વસ્તુ છે. એ એક છે તે અપેક્ષિત ધર્મ છે. આખી અગ્નિ એકરૂપ થઈ જાય છે એમ જ્ઞાન ને જ્ઞેયનું જ્ઞાન એકરૂપ થઈ જાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? એ અદ્વૈતનય.

દ્વૈતનય. **'આત્મદ્રવ્ય જ્ઞાનજ્ઞેયદ્વૈતનયે, પરના પ્રતિબિંબોથી સંપૃક્ત દર્પણ...'** અરીસો. શીશા કહતે હૈં ન? પરવસ્તુ જે છે તેના સંગથી **'દર્પણની માફક અનેક છે (અર્થાત્ આત્મા જ્ઞાન અને જ્ઞેયના દ્વૈતરૂપ નયે અનેક છે. જેમ પર પ્રતિબિંબોના સંગવાળો...'** અરીસો પરના પ્રતિબિંબના સંગવાળો અંદરમાં. આહાહા..! એમ **'અનેકરૂપ છે.'** એમ ભગવાનઆત્મા જ્ઞાનમાં જ્ઞેયના સંગે, જ્ઞાન તો પોતાનું થયું છે પણ જ્ઞેયનું નિમિત્ત છે તો સંગ થયો પણ થયું એકરૂપ. ઇંધનની પેઠે. અને આ થયું અનેકરૂપ. જ્ઞાન અને જ્ઞેય, અરીસામાં જેમ પ્રતિબિંબ પડે છે, પ્રતિબિંબ અને અરીસો બન્ને દ્વૈત થઈ ગયા. એમ ભગવાનઆત્મા.. સર્વગત કહ્યું ને? સર્વગત. આત્મા સર્વગત છે. એ નય પણ એમાં આવી છે.

'પંચાધ્યાયી' માં સર્વગતને નયાભાસ કહ્યું છે. સમજાય છે કાંઈ? અહીંયા એક અપેક્ષાએ સર્વગત 'કુંદકુંદાચાર્યે' કહ્યું. સર્વગત–સર્વ વસ્તુઓનું જ્ઞાન પૂર્ણ થઈ જાય છે એ અપેક્ષાએ સર્વગત છે. સમજાય છે કાંઈ? સર્વગત નામ પરમાં વ્યાપક થઈ જાય છે, એમ સર્વગત નથી. સમજાય છે કાંઈ?

અહીંયા કહે છે, **'આત્મદ્રવ્ય જ્ઞાનજ્ઞેયદ્વૈતનયે, પરના પ્રતિબિંબોથી સંપૃક્ત..'** અરીસામાં બહારમાં અગ્નિ અને જળ છે એ દેખાય છે, બરફ અને અગ્નિ બહાર છે, એનું પ્રતિબિંબ અહીંયા દેખાય છે. એ કોઈ અગ્નિ અને બરફ અંદર નથી. એ તો અરીસાની અવસ્થા છે. સમજાય છે કાંઈ? એમ જ્ઞાનજ્ઞેયદ્વૈતનયે. બે રૂપે, જ્ઞેયનું જ્ઞાન અને પોતાનું જ્ઞાન એમ બે રૂપ થઈ ગયા, એ અપેક્ષાએ અનેક છે. આહાહા..! 'કળશટીકા'માં એક-અનેક આવ્યું. નયમાં એક-અનેક આવ્યું. ચાલતા અધિકારમાં એક-અનેક આવ્યું. આહાહા..!

અહીં કહે છે, **'અનેક પર્યાયોમાં વ્યાપક...'** ભગવાનઆત્મા અનેકગુણ અને પર્યાયમાં વ્યાપકરૂપે **'એકદ્રવ્યમયપણારૂપ...'** છે? **'વ્યાપક એવા એકદ્રવ્યમયપણારૂપ...'** એકદ્રવ્યસ્વરૂપ. આહાહા..! એવી એકત્વશક્તિ છે. આ ગુણ છે. આ એકત્વશક્તિ ગુણ છે, એની પર્યાય થાય છે. અને દ્વૈત અને અદ્વૈત કહ્યા એ ગુણ નથી, એ ધર્મ છે. એની પર્યાય થાય છે એમ નથી. સમજાય છે કાંઈ? આહાહા..! ચારે બાજુથી વસ્તુની સ્થિતિ સિદ્ધ કરે છે. અને સમ્યક્ વેદન વિના જેટલા કાયક્લેશ કરે, વ્રત કરે, શાસ્ત્ર ભણે, બધું સંસાર છે. આહાહા..! સમજાય છે કાંઈ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ભગવાન, પોતાની એકત્વશક્તિ. સર્વ પર્યાયોમાં વ્યાપકતા, પ્રસરવું, ફેલાવું એ રૂપે એકદ્રવ્યમય, એકદ્રવ્યમય. એકદ્રવ્યવાળો એમ નહિ. એકદ્રવ્યમય. આહા..! સર્વ વ્યાપક પોતાના ગુણ-પર્યાયમાં એકદ્રવ્યમય એકત્વશક્તિ છે. એ એકત્વશક્તિ અનંતગુણમાં વ્યાપક છે. શું કહ્યું સમજાણું? જ્ઞાનગુણમાં પણ એકત્વનું રૂપ છે. જ્ઞાન પોતામાં એકરૂપ થાય છે. સમજાય છે કાંઈ? આહાહા..! એ એકત્વશક્તિનું સ્વરૂપ કહ્યું. હવે બીજો બોલ. એ ૩૧ મી શક્તિ. વેદાંત એકપણું કહે છે એ નહિ. અહીંયા તો પોતાના ગુણ, પર્યાયમાં વ્યાપકપણું એવું એકમય. સમજાય છે કાંઈ? આહાહા..! આચાર્યોએ તો ગજબ કામ કર્યું છે!

મુમુક્ષુ :- અનેકપણું રાખીને એકત્વ છે.

ઉત્તર :- અનેકપણું રાખીને એકત્વ છે. અનેકપણું પણ આવશે. સમજાય છે કાંઈ? પહેલા લીધું ને? અનેક પર્યાયોમાં વ્યાપક, એમ લીધું. સર્વ દ્રવ્યોમાં વ્યાપક થઈને એક, એમ નથી લીધું. આહાહા..! પોતાની અનેક પર્યાયો, પોતાના ભેદો. ગુણની અનંત પર્યાયો. નિર્મળની વાત અહીંયા છે, હોં! અહીંયા મલિનતાની વાત છે જ નહિ. પોતાની અનંત પર્યાયોમાં વ્યાપક-પ્રસરવું એવી એકદ્રવ્યમયતા, એકત્વ એવી એકપણાની શક્તિ એમાં છે. સમજાય છે કાંઈ? આહાહા..! એ શક્તિ અને શક્તિવાન.. શક્તિનું જ્ઞાન કરવું પણ પછી અનુભવમાં તો શક્તિ અને શક્તિવાનનો ભેદ પણ નહિ. આહાહા..! અભેદની દૃષ્ટિ થવાથી પર્યાયમાં આનંદનો સ્વાદ આવવો, તેનું નામ સમ્યગ્દર્શન અને જ્ઞાન છે. આહાહા..! શાસ્ત્રજ્ઞાન ગમે તેટલું હોય. અભવિને નવ પૂર્વની લબ્ધિ થઈ જાય છે. સમજાય છે કાંઈ?

એકવાર એ કહ્યું હતું કે અભવિને ત્રિકાળી જ્ઞાન છે પણ જ્ઞાન પરિણતિ નથી. અગિયાર અંગ ભણે, નવ પૂર્વ ભણે પણ ઇ જ્ઞાન પરિણતિ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? જ્ઞાન પરિણતિ તો એને કહીએ, જે જ્ઞાયકસ્વભાવ ઉપરની દૃષ્ટિથી, અભેદપણે જ્ઞાનની પર્યાય જ્ઞાનને સ્પર્શ કરીને પ્રગટ થાય છે તેનું નામ જ્ઞાન પરિણતિ, સમ્યગ્જ્ઞાન દશા, ધર્મજ્ઞાન, ધર્મીનું જ્ઞાન તેને કહે છે. અરે..! આવું બધું ક્યાં શીખવા જાય? અરે..! ભાઈ!

મુમુક્ષુ :- સમજ્યા વિના ધર્મ ન થાય?

ઉત્તર :- ન થાય. આ સમજ્યા વિના ધર્મ (ન થાય).

મુમુક્ષુ :- પશુને થાય છે.

ઉત્તર :- પશુને થાય છે પણ એના ભાનમાં બધું છે. હું આનંદ છું, રાગ ઉત્પન્ન થાય છે તે દુઃખ છે, દુઃખ અને આનંદનું ભેદજ્ઞાન ત્યાં છે. તિર્યંચને નામ ન આવડતા હોય. એ તો 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં લખ્યું છે. તિર્યંચને નામ નથી આવડતા. જીવ, અજીવ, પુણ્ય, પાપ એવા નામ (નથી આવડતા). પણ આ આત્મા આનંદસ્વરૂપ સ્વભાવરૂપે આનંદ છે એ પર્યાયમાં આનંદ પ્રગટ થયો તો એ સંવર અને નિર્જરા થઈ. સંવર, નિર્જરાના નામ ન આવડતા હોય. ભાવભાસન (છે). અતીન્દ્રિય આનંદસ્વરૂપ ભગવાનની સન્મુખ થઈને,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


નિમિત્ત, રાગ અને પર્યાયનો પણ આશ્રય છોડીને ત્રિકાળી જ્ઞાયકભાવનો આશ્રય કરવાથી આનંદનો સ્વાદ આવે છે. આહાહા..! એનું નામ સમ્યગ્દર્શન અને ધર્મ છે. આવી વાત છે.

'આત્મ અનુભવરસ કથા પ્યાલા પીયા ન જાય, આત્મ અનુભવરસ કથા પ્યાલા પીયા ન જાય, મતવાલા તો જઈ પડે, હીનતા પડે પચાય.' આહાહા..! 'ધન્નાલાલજી'! એ 'આનંદઘનજી' કહે છે. 'આત્મ અનુભવરસ કથા...' રાગથી ભિન્ન નિર્વિકલ્પ વેદન, એની વાત. 'આત્મ અનુભવરસ કથા, પ્યાલા પીયા ન જાય..' એ અતીન્દ્રિય આનંદના પ્યાલા સાધારણથી પીવાય નહિ. શાસ્ત્રજ્ઞાનના અભિમાન, દયા, દાન ને વ્રતના અભિમાન કરે, એ મારી ક્રિયા છે... આહાહા..! તેને અનુભવ થતો નથી. 'મતવાલા તો જઈ પડે' અભિમાની-અમે રાગ કરીએ છીએ, વ્રત પાળીએ છીએ ને અપવાસ કરીએ છીએ, એવા મતવાલા તો જઈ પડે, અનુભવથી બહાર નીકળી જાય. 'હીનતા પડે પચાય.' પરની મમતારહિત પોતાના સ્વરૂપનો આશ્રય કરે. 'જિનેશ્વરદાસજી' આવી વાત છે. સમજાય છે કાંઈ?

પશુ હોય છે ને? પશુ, એને ખીલે બાંધે છે. ખીલો હોય ને? ખૂંટો. તો ફરી શકતો નથી. ખૂંટો છોડી દે તો ફરે છે. અહીંયા આત્મામાં આનંદનો ખૂંટો અંદર લગાવી દીધો. આહા..! એ હવે પરિભ્રમણ નહિ કરે. ખૂંટે બાંધી દીધો. સમજાય છે કાંઈ? અતીન્દ્રિય આનંદનો ખૂંટો અંદર ભગવાનઆત્મા ધ્રુવ ધ્રુવ છે. આહા..! ધ્રુવને ધ્યેય બનાવીને... આહાહા..! એનો અર્થ શું છે? હું આ ધ્રુવ છું એવો ભેદ કરવો એમ પણ નથી. ફક્ત વર્તમાન પર્યાય પરસન્મુખ છે તેને છોડીને નવી પર્યાય સ્વસન્મુખ થાય છે, એનો અર્થ સામાન્ય ધ્રુવ ઉપર પર્યાયનું લક્ષ ગયું. એમ કહેવામાં આવે છે. બાકી આ ધ્રુવ છે માટે હું ધ્યાન કરું છું, એવો વિકલ્પ કરવો એ તો ભેદ છે. સમજાય છે કાંઈ? આહાહા..! ઢોર છુટા ફરે ને બાંધ્યા એકરૂપ રહે, ફરે નહિ. અહીંયા કહે છે કે, આત્માથી ભિન્ન રાગની એકતાબુદ્ધિવાળો ચાર ગતિમાં ફરે છે. આહાહા..! રાગથી ભિન્ન પોતાનો નિજ આનંદકંદ પ્રભુ, એમાં જ્યાં દૃષ્ટિ લગાવી તો આત્માને ખૂંટે બાંધી દીધો. ખૂંટાનો અર્થ.. ખૂંટો કહે છે ને? અહીં ખીલાને ખૂંટો કહે છે. અને બીજી વસ્તુ, અંદર ખૂટે નહિ એવી ચીજ પ્રભુ આત્મા ભગવાન છે. આહાહા..! 'પદમચંદજી'! અહીં તો આવી વાતું છે. આહાહા..!

કહે છે કે, અનેક પર્યાયમાં વ્યાપક. પર્યાય સિદ્ધ તો કરી. અનિત્યપણું છે તો ખરું. સમજાય છે કાંઈ? દ્રવ્યએક, ગુણઅનંત, પર્યાય અનંત એમ છે. છે નહિ એમ નથી. આહાહા..! અનેક પર્યાયોમાં પ્રસરવું, વ્યાપવું, વિસ્તાર થવો એવી એકદ્રવ્યમયપણારૂપ એકત્વશક્તિ. પણ છે વસ્તુ એકદ્રવ્યમય એક વસ્તુ છે. આહાહા..! શક્તિનું વર્ણન બહુ સૂક્ષ્મ. 'ચંદુભાઈ'નો કાગળ આવ્યો છે, ભાઈ! 'ચંદુભાઈ' ડૉક્ટર. બહુ પ્રમોદ બતાવ્યો છે. ઓ..હો...! શક્તિનું વર્ણન..! ત્યાંથી નીકળવું ગોઠતું નહોતું પણ હવે... 'ચંદુભાઈ' નહિ? વાંચન ઘણું એનું. અને પેલા ડૉક્ટરનું આવ્યું છે. ડૉક્ટર છે ને તાતાના? ત્યાં લોહીનો રિપોર્ટ ગયો છે ને? એણે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કહ્યું, આ કોઈ ચિંતાજનક વસ્તુ નથી. આ વસ્તુ બીજી છે.

મુમુક્ષુ :- આપને શેની ચિંતા?

ઉત્તર :- મને નથી પણ લોકો રાડ નાખી જાય. અહીં તો અમારે કંઈ ખબર પણ પડતી નથી, છે કે નથી. લોહીમાં કેન્સર! આહા..! રાડ નાખી ગયા. કીધું, કેન્સર નહિ, ભાઈ! એ કેન્સરની જાત નહિ. એ કોઈ લોહીના બગાડની જાત છે. સમજ્યા? એ કોઈ ચિંતા કરવાની વસ્તુ નથી. લોકો રાડ નાખે છે, અરે..રે...! એણે 'ચંદુભાઈ'એ લખ્યું છે. એક તાતાના મોટા ડૉક્ટર છે ત્યાંથી ખુલાસો આવ્યો છે કે આ વસ્તુ ચિંતાજનક છે જ નહિ. એ તો સાધારણ વાત છે. સમજાય છે કાંઈ? પાંચ વર્ષ, દસ વર્ષ, વીસ વર્ષ કંઈ થાય નહિ. પછી ભાઈએ દૃષ્ટાંત આપ્યું છે. ઉપશમ... ઉપશમ. ઉપશમ સમકિત છે ને? દબાયને રહેલું છે. 'ચંદુભાઈ'એ એમ કહ્યું છે. દબાઈને રહેલ છે. બહાર પ્રગટ થાય એવી એ વસ્તુ નથી. અરે..! પણ એ તો દેહની સ્થિતિ હોય એમ રહે, એમાં ચિંતા શું? સમજાય છે કાંઈ? અહીં તો હું એક છું એવી વિકલ્પની ચિંતા પણ કામ કરતી નથી.

મુમુક્ષુ :- આપને તો (ચિંતા) નથી પણ બધાને છે.

ઉત્તર :- એટલે તો થોડું કહ્યું. આહાહા..! એ ડૉક્ટર, મોટો ડૉક્ટર તાતાનો છે. એને આપણા 'નવરંગભાઈ'ના દીકરાનો સંબંધ છે. 'નવરંગભાઈ'નો મોટો દીકરો છે ને? એણે પત્ર લખ્યો હતો. પત્રનો જવાબ આવ્યો છે. લાવ્યા હતા, કાગળ આવ્યો છે. એમાં બિલકુલ એમ કે, આ તો દબાયેલી ચીજ છે. કોઈ બહાર આવે એવી એ વસ્તુ નથી. સમજાય છે કાંઈ? મહિને મહિને લોહી તપાસવું, એટલું.

મુમુક્ષુ :- સંભાળ રાખવી.

ઉત્તર :- કોણ સંભાળ રાખે? આહાહા..! અહીં તો ખબર પડતી નથી. અમને શું છે ખબર પડે છે? શું છે ને ક્યાં છે? આહાહા..!

અહીંયા તો આત્મા નિર્વિકલ્પ આનંદકંદ પ્રભુ છે. આહાહા.! એવું વેદન કરવું એ જગતમાં ચીજ છે. બાકી તો બધું ફોગટ છે. એ પંચમહાવ્રત પાળે.. સમજ્યા? એમાં લખ્યું છે, હોં! '... આદિ શુભભાવ, એહુ ...' એ પર છે એમ માનતો નથી અને એમાં ઉલ્લાસિત થાય છે કે અમે કાંઈક કરીએ છીએ. 'શુભાશુભ રીતિ ત્યાગી જાગે હૈ.. તે જ્ઞાનવાન ચિદાનંદ હૈ' પછી ક્યાંક છે ખરું બીજે ઠેકાણે. 'વાણી....' પુણ્ય-પાપથી રહિત ભગવાન છે એ ભગવાનની વાણીનો સાર છે. ક્રિયાકાંડના વ્રત ને એ બધા પુણ્ય-પાપથી ભિન્ન મારો ભગવાન છે. સમજાય છે કાંઈ? પછી ક્યાંક છે. '....' ભગવાન તો આનંદનો નાથ છે અને આ ભિખારીની જેમ મારે પૈસા જોઈએ ને બૈરા જોઈએ ને કુટુંબ જોઈએ ને આ જોઈએ ને ધૂળ જોઈએ.. ભિખારી (છે). 'ધન્નાલાલજી'!

મુમુક્ષુ :- હોય એનું શું કરવું?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉત્તર :– ક્યાં હોય? એ તો એમાં છે, જડમાં છે. 'શક્તિ સંભારી...' આહાહા..!

મુમુક્ષુ :– રૂપિયા રાખવા કે નાખી દેવા?

ઉત્તર :– રાખે કોણ ને નાખે કોણ? આમાં છે. હાથ નથી આવતું. અધ્યાત્મ પંચસંગ્રહમાં દૃષ્ટાંત આપ્યું છે કે નગ્ન તો પશુ પણ ફરે છે અને વાળ તો ઘેંટા પણ... સમજાય છે કાંઈ? તો એનાથી આત્માને શું લાભ છે? આહાહા..! આમાં ક્યાંક છે. આ બાજુ છે. 'જ્ઞાનદર્પણ'માં ક્યાંક છે. મોટો દરિયો છે, બધું કાંઈ (યાદ રહે છે)? આ બાજુમાં લીટી છે, આ પાને આ બાજુ લીટી છે, હેઠેથી બીજી લીટી છે. તમારા નામાનું બધું યાદ રહે છે ને? 'પદમચંદજી'! આ ભગવાનઆત્માનું નામું છે.

મુમુક્ષુ :– આપનું આ જ નામું છે.

ઉત્તર :– આ જ નામું છે. આહાહા..!

એક શક્તિ. આ એકત્વશક્તિ એક ગુણ છે અને ત્યાં જે અદ્વૈતપણું કહ્યું એ અપેક્ષિત ધર્મ છે. નયમાં ઇંધનનું દૃષ્ટાંત આપીને જ્ઞાનજ્ઞેયઅદ્વૈત (કહ્યું) એ તો એક અપેક્ષિત ધર્મ છે. સમજાય છે કાંઈ? અને એક-અનેક 'કળશટીકા'માં ૨૦ કળશમાં આવ્યું. ૨૦ મો ચાલે છે ને આપણે? એ એક-અનેક એનો સ્વભાવ છે. અનેકપણું પણ પર્યાય અપેક્ષાએ સ્વભાવ છે અને એકપણું દ્રવ્યની અપેક્ષાએ સ્વભાવ છે પણ એ વિકલ્પનો પક્ષ છે એ છોડાવે છે. સમજાય છે કાંઈ? અહીંયા એકત્વના વિકલ્પની અપેક્ષા નથી. આ તો એકત્વ નામનો ગુણ ભગવાનમાં છે તો દ્રવ્યદૃષ્ટિ કરવાથી એકત્વધર્મમાં એકત્વનું પરિણમન થાય છે. બધા અનંતગુણ અને અનંતી પર્યાય પરિણમનમાં આવે છે. શુદ્ધ.. શુદ્ધ. આહાહા..!

આ શક્તિ દરેકમાં વ્યાપક છે અને આ શક્તિમાં ધ્રુવ ઉપાદાન અને ક્ષણિક ઉપાદાન બન્ને છે. એકત્વશક્તિ છે એ કાયમ છે એનું નામ ધ્રુવ ઉપાદાન છે પણ ક્ષણિકમાં તેનું પરિણમન થાય છે તેનું નામ ક્ષણિક ઉપાદાન છે. પરિણમન વિના ધ્રુવ શક્તિની પ્રતીતિ યથાર્થ થતી નથી. સમજાય છે કાંઈ? એકત્વશક્તિના પરિણમન વિના આ એકત્વશક્તિ છે અને એકત્વશક્તિનો ધરનાર ભગવાનઆત્મા છે, એવા પરિણમન વિના એનો ખ્યાલ નથી આવતો. સત્તાનો સ્વીકાર જ્યારે પરિણમનમાં આવે છે ત્યારે સત્તા છે એવી કબુલાત આવે છે. આહાહા..! આવો માર્ગ ઝીણો એટલે લોકોને (કઠણ લાગે). હવે અનેક.

एकद्रव्यव्याप्यानेकपर्यायमयत्वरूपा अनेकत्वशक्ति. ३२.

**એક દ્રવ્યથી વ્યાપ્ય (વ્યપાવાયોગ્ય) જે અનેક પર્યાયો તે-મયપણારૂપ અનેકત્વશક્તિ. ૩૨.**

**'એક દ્રવ્યથી વ્યાપ્ય જે અનેક પર્યાયો...'** શું કહે છે? ભગવાનઆત્મા એક દ્રવ્ય, તેમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


વ્યાપ્ય. એક દ્રવ્યથી વ્યાપ્ય અનેક પર્યાયો. ભાષા જુઓ! પોતાના એક દ્રવ્યમાં વ્યાપ્ય અનેક પર્યાયો. છે અનેકશક્તિ? અનેકશક્તિ છે એ એનો ગુણ છે. આહાહા..! કેમ કે અનેકપણું ગુણ અને પર્યાયપણે પરિણમન છે તો એ એની શક્તિ-ગુણ છે. અનેકપણું એનો ગુણ છે. વેદાંત તો ત્યાં સુધી કહે છે કે, આત્મા અનુભવે? બે વસ્તુ થઈ ગઈ. આત્મા અને અનુભવ. એનો પણ એ લોકો નિષેધ કરે છે. સમજાય છે કાંઈ? વેદાંતના બાવા મળ્યા હોય ને ઘણી વાર ચર્ચા થઈ છે.

ન્યાં અમારે એક ભાઈ હતા. 'ભાઈલાલભાઈ' હતા, 'બરવાળા'. એમને જરી વેદાંતની લાઈન થઈ ગયેલી. એક પ્રશ્ન એમણે ઘણા વર્ષ પહેલા કરેલો. ભક્તામરમાં આવે છે ને? અવ્યય, વિભુ. ભક્તામરમાં એક શ્લોક આવે છે. અવ્યય છે, અક્ષય છે, વિભુ છે. વિભુનો અર્થ સમજ્યા? આ ભક્તામર છે. ચોવીસમો શ્લોક છે, ભક્તામરનો ચોવીસમો (શ્લોક). 'તું આદ્ય અવ્યય અચિંત્ય અસંખ્ય વિભુ,' ગુજરાતીમાં છે. હે નાથ! તું આદ્ય, અવ્યય- વ્યય નાશ વિનાનો, અચિંત્ય-ચિંતવન ન થાય એવો, અસંખ્ય વિભુ. 'છે બ્રહ્મા ઈશ્વર અનંત અનંગકેતુ' આપ બ્રહ્મા છો, આપ વિષ્ણુ છો, પરમાત્માની સ્તુતિ કરે છે. એ લોકો જે બ્રહ્મા, વિષ્ણુ કહે છે એ નહિ, પણ આ જે કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને ઝળહળ જ્યોતિ પ્રગટ કરી, પ્રભુ! આપ જ બ્રહ્મા, આપ જ વિષ્ણુ, આપ જ શંકર છો. સમજાય છે કાંઈ? અનંગકેતુ. આહાહા..! સંસારમાં મોઢે કર્યું હતું. ગૃહસ્થાશ્રમમાં કંઠસ્થ કર્યું હતું. મૂળ શ્લોક, હોં! આહા..!

'યોગીશ્વર વિદિત યોગ અનેક એક' લ્યો, અહીં આવ્યું. 'યોગીશ્વર વિદિત યોગ અનેક એક' પ્રભુ! આપ અનેક પણ છો અને એક પણ છો. લ્યો, આમાં આવી ગયું. 'કહે છે તને વિમળ જ્ઞાનસ્વરૂપ સંત' આપ વિમળ જ્ઞાનસ્વરૂપ છો એમ સંતો કહે છે. એકલા જ્ઞાનના પુંજ પ્રભુ. ચિદ્રૂપો અહં. આવે છે? આવ્યું? ચિદ્રૂપો અહં સમજ્યા? શું કહેવાય એ? 'તત્ત્વજ્ઞાન તરંગિણી' એમાં આવે છે. 'તત્ત્વજ્ઞાન તરંગિણી'માં... શું કહ્યું? ચિદ્રૂપો અહં. ત્યાં આ એક જ શબ્દ વારંવાર વાપરે છે. ચિદ્રૂપો અહં. હું તો જ્ઞાનસ્વરૂપી છું. રાગ ને પુણ્ય ને સંસાર સ્વરૂપ મારામાં છે જ નહિ. ચિદ્રૂપો અહં-એવો પાઠ છે.

અહીં આવ્યું, જુઓ! (અધ્યાત્મ પંચ સંગ્રહ-જ્ઞાનદર્પણ સવૈયા-૧૮૨) **'આગ તૈ પતંગ યહ જલ સેતી જલચર, જટાકે બઢાયે સિદ્ધિ હૈ તો બટ ધરે હૈં'** જટાને વધારવાથી સિદ્ધિ થતી હોય તો વડને ઘણી જટા હોય છે. વડ.. વડ. **'આગ તૈ પતંગ યહ જલ સેતી જલચર, મુંડન તૈં ઉરણિયે નગન રહે તૈં પશુ,'** કષ્ટ તો તરુ પણ સહન કરે છે. તડકા, ટાઢ. આહાહા..! એથી શું થયું? છે? **'કષ્ટ કો સહે તે તરુ, કહું નહીં તરૈં હૈં,'** એથી કોઈ તરતું નથી. **'બક ધ્યાન'** શાસ્ત્ર ભણ્યો તો શુક - પોપટ પણ ભણે છે. આહાહા..! 'બગધ્યાન' બગલાનું ધ્યાન. બગલો ધ્યાન કરે છે ને? એમ વિકલ્પનું ધ્યાન કરવાથી તારું કલ્યાણ થતું હોય તો બગલા (પણ ધ્યાન કરે છે). આ 'દીપચંદજી'એ ખુલ્લુ મુક્યું એમાં 'અધ્યાત્મ પંચસંગ્રહ'માં લખ્યું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. આ તો શાંતિનો માર્ગ એને બતાવે છે. ભાઈ! શાંતિ તો આ છે. તારા ભવભ્રમણના નાશનો ઉપાય તો આ છે. એની શાંતિની વાત છે.

અત્યારે તો હવે આ 'બેન'નું પુસ્તક નીકળ્યું છે. મને તો એવો વિકલ્પ આવ્યો કે ઘણી વસ્તુ હોવી જોઈએ. આપણે 'વસ્તુવિજ્ઞાનસાર' નહિ? દસ હજાર. આ ચીજ તો હિન્દુસ્તાનમાં, ગુજરાતમાં બધે પ્રચાર કરવો જોઈએ. આ એક જ ચીજ એવી છે કે અત્યારે જરૂરની વસ્તુ બહાર આવી છે. હવે આવી ગયા છે, વેચાણમાં આવી ગયા છે. તમારા ચિરંજીવી આવ્યા હતા. 'પરમાત્મપ્રકાશ' કીધું, તમારા પિતાજીને આપ્યું છે. આહાહા..!

હવે અહીંયાં ('અધ્યાત્મ પંચસંગ્રહ' જ્ઞાનદર્પણ સવૈયા–૧૮૨માં) "**પઠનતે શુક, બક ધ્યાનકે કિયે કહું, સિઝે નાહિં સુને યાતૈં ભવદુઃખ ભરે હૈં**" એનાથી કોઈ મુક્તિ-બુક્તિ નથી, બાપુ! આહાહા..! 'અચલ અબાધિત અનુપ અખંડ મહા આત્મજ્ઞાન કે લખૈયા **'અચલ, અબાધિત, અનુપમ, અખંડ મહા, આતમીક જ્ઞાનકે લખૈયા સુખ કરે હૈં'** અચળ–ચળે નહિ, અબાધિત–બાધા રહિત, અનુપમ અખંડ મહાપ્રભુ આત્મજ્ઞાન કે લખૈયા. આત્મજ્ઞાનને જાણનારા શુક છે. એને અનુભવનું સુખ થાય છે. બાકી તો બધા ક્લેશ છે. સમજાય છે કાંઈ? આહા..! પાનું કેટલામું છે? ૬૧ નહિ?

અહીં અનેકત્વશક્તિ. **'એક દ્રવ્યથી વ્યાપ્ય જે અનેક પર્યાયો...'** ભાષા જુઓ! અનેક પર્યાય સિદ્ધ કરી. **'તે-મયપણારૂપ...'** અનેકપણારૂપ, અનેક પર્યાયપણારૂપ **'અનેકત્વશક્તિ'** છે. જેમ એક શક્તિ છે તેમ સાથે અનેકત્વશક્તિ પણ છે. એકસાથે છે. ૪૭ નયમાં આવે છે ને? ભાઈ! ક્રિયાનયથી મોક્ષ, જ્ઞાનનયથી મોક્ષ. ૪૭ નયમાં એવો પાઠ આવે છે. 'પ્રવચનસાર'. ત્યાં કહ્યું, ક્રિયાનયથી મોક્ષ થાય છે. કઈ અપેક્ષા છે? ત્યાં તો પહેલા લીધું છે, શ્રુતજ્ઞાનપ્રમાણમાં... પહેલો શબ્દ છે ને? ભાઈ! નય તો એક એક લીધી પણ શ્રુતજ્ઞાનપ્રમાણમાં એકસાથે ધર્મ દેખાય છે. તો ક્રિયાનયનો ધર્મ જ્ઞાનનયનો ધર્મ (જાણવાનો) ભિન્ન ભિન્ન કાળ છે, એમ નથી. એ તો એક અપેક્ષિત ત્યાં રાગનો અભાવ ગણીને ક્રિયાનય લીધી. તે જ સમયે જ્ઞાનનય સાથે છે અને એવા અનંત અનંતગણો શ્રુતપ્રમાણથી જણાય છે, એમ ત્યાં પાઠ છે. શ્રુતપ્રમાણ (કહ્યું). શ્રુતપ્રમાણ તો એકસાથે બધા ધર્મને જોવે છે. પહેલા ક્રિયાનય છે પછી જ્ઞાનનય છે એમ કાંઈ નથી. સમજાય છે કાંઈ? થોડી સૂક્ષ્મ વાત છે. આહાહા..! ત્યાં ક્રિયાનય કીધી છે ને? પણ કઈ અપેક્ષાથી? છે તો જ્ઞાનનયથી મુક્તિ પણ રાગનો અભાવરૂપ ગણીને ત્યાં એક ધર્મ એવો ગણવામાં આવ્યો છે. પણ તે જ સમયે. બીજા સમયે એમ નહિ. જે સમયે જ્ઞાનથી મોક્ષ છે, જે સમયે નિશ્ચયથી મોક્ષ છે તે જ સમયે વ્યવહાર ક્રિયાનયથી (મોક્ષ છે), એમ કથનશૈલીથી એક પ્રકારનો ધર્મ બતાવ્યો. કે જે શ્રુતપ્રમાણમાં એકસાથે બધાનું જ્ઞાન કરે છે. શ્રુતપ્રમાણ પહેલો શબ્દ આવ્યો છે. ભાઈ! પછી નયનું લીધું છે, પહેલા શ્રુતપ્રમાણ આવ્યું છે. આહાહા..! અરે..! અર્થ કરવાના વાંધા.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મમુક્ષુ :- બંને આવ્યું છે.

ઉત્તર :- આવ્યું ને. કીધું ને, પણ ક્યારે? એક જ સમયમાં. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- બંને આવ્યું છે.

ઉત્તર :- એ ક્રિયા બીજી. એ તો વીતરાગી ક્રિયા. એ વીતરાગી ક્રિયાની વાત છે. આ તો રાગની ક્રિયાથી, ક્રિયાનયથી મુક્તિ એવો એક ધર્મ ગણવામાં આવ્યો છે. સમજાય છે કાંઈ? ('પ્રવચનસાર' પરિશિષ્ટ)

**'આ આત્મા કોણ છે (-કેવો છે) અને કઈ રીતે પ્રાપ્ત કરાય છે, એવો પ્રશ્ન કરવામાં આવે તો તેનો ઉત્તર (પૂર્વે) કહેવાઈ ગયો છે અને (અહીં) ફરીને પણ કહેવામાં આવે છે :'**

**'પ્રથમ તો, આત્મા ખરેખર ચૈતન્યસામાન્ય વડે વ્યાપ્ત અનંત ધર્મોનું અધિષ્ઠાતા (સ્વામી) એક દ્રવ્ય છે,...'** એકસાથે બધા ધર્મ છે. કોઈને ક્રિયાનય, એમ નહિ. એ તો એક અપેક્ષિત ધર્મ એકસાથે ગણવામાં આવ્યો છે. **'આત્મા ખરેખર ચૈતન્યસામાન્ય વડે વ્યાપ્ત અનંત ધર્મોનું અધિષ્ઠાતા...'** આધાર. અધિષ્ઠાતા છે. **'એક દ્રવ્ય છે, કારણ કે અનંત ધર્મોમાં વ્યાપનારા જે અનંત નયો તેમાં વ્યાપનારું જે એક શ્રુતજ્ઞાનસ્વરૂપ પ્રમાણ...'** ભાઈ! અહીં કહેવું છે. પ્રમાણજ્ઞાન તો એક સમયમાં બધા ધર્મોને જાણે છે. એક સમયે છે તેને જાણે છે. કોઈને ક્રિયાનય ને કોઈને જ્ઞાનનય છે, એમ છે જ નહિ. વાત સમજાય છે? આહાહા..! તેથી તો પહેલો શબ્દ એ લીધો.

**'એક શ્રુતજ્ઞાનસ્વરૂપ પ્રમાણ તે પ્રમાણપૂર્વક સ્વાનુભવ વડે (તે આત્મદ્રવ્ય) પ્રમેય થાય છે (-જણાય છે).'** આહાહા..! અનંત ધર્મ એક સમયમાં ગણવામાં આવ્યા છે. કોઈને ક્રિયાનયથી, કોઈને જ્ઞાનનયથી, કોઈને વ્યવહારનયથી, કોઈને નિશ્ચયનયથી, એવું એમાં આવ્યું છે. પણ કોઈનો અર્થ? એક સમયમાં જ બધા ધર્મો છે. એમાં બહુ ગડબડ કરે છે. જુઓ! ક્રિયાનયથી મુક્તિ કહી છે. પણ શું? બાપુ! એક સમયમાં ક્રિયાનયનો એક અપેક્ષિત ધર્મ ગણવામાં આવ્યો છે. પર્યાયમાં. અને શ્રુતપ્રમાણ છે તે અનંતધર્મોને એકસાથે જાણે છે. અનંતધર્મ એક સમયમાં છે એમ શ્રુતપ્રમાણ સાથે જાણે છે. નયથી કહો તો ભેદ થઈ ગયો. પણ આ શ્રુતપ્રમાણ તો એક સમયમાં અનંત ધર્મોને જાણે છે. એમાં પહેલો ધર્મ ક્રિયાનય ને પછી જ્ઞાનનયનો ધર્મ છે, એમ નથી. વાત સમજાણી?

પ્રમાણ જાણે છે. અનંત ધર્મની યોગ્યતા આ સમયે આવી છે એમ જાણે છે. જે સમયે મુક્તિ થાય છે.. કહ્યું હતું ને? કાળનયે અને અકાળનયે મુક્તિ, એમાં છે. એનો અર્થ કોઈને કાળનયે થાય છે અને કોઈને અકાળનયે થાય છે, એમ છે? કાળનય અને અકાળનય, એક સમયમાં બે ધર્મ ગણવામાં આવ્યા છે અને શ્રુતજ્ઞાનપ્રમાણ એક સમયમાં અનંત ધર્મોને એકસાથે જાણે છે. કોઈને કાળનયે અને કોઈને અકાળનયે (મુક્તિ) એમ છે જ નહિ. આહાહા..! ગડબડ બહુ મોટી. વજન અહીંયા છે. વજનને શું કહે છે? વજન કહે છે?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'એક શ્રુતજ્ઞાનસ્વરૂપ પ્રમાણ તે પ્રમાણપૂર્વક સ્વાનુભવ વડે પ્રમેય થાય છે.'** આત્મા. એ ક્રિયાનયનો ધર્મ, જ્ઞાનનયનો, નિશ્ચયનયનો, વ્યવહારનયનો પણ આવ્યો છે. વ્યવહારનયનો ધર્મ છે, નિશ્ચયનયનો ધર્મ છે, પણ બધા એક સમયમાં સાથે અપેક્ષિત ગણવામાં આવ્યા છે. એક સમયમાં શ્રુતપ્રમાણ બધાને એકસાથે જાણે છે. કોઈને વ્યવહારનયથી મુક્તિ થાય છે ને કોઈને નિશ્ચયનયથી થાય છે, એમ છે જ નહિ. ન્યાય સમજાય છે? આ નયોમાંથી બહુ ગડબડ કરે છે. શ્રુતજ્ઞાનપ્રમાણ લીધું એમાં ઘણું વજન છે. શ્રુતજ્ઞાનપ્રમાણ એક સમયમાં અનંતધર્મોને એકસાથે જાણે છે. એનો અર્થ એકસાથે અનંતધર્મ છે. કોઈને ક્રિયાનય ને કોઈને જ્ઞાનનય એમ ભિન્ન ધર્મ નથી. આહાહા..! એકસાથે ગણવામાં આવ્યા છે. આહાહા..!

અહીં કહે છે, **'અનેક પર્યાયો તે-મયપણારૂપ...'** અનેક પર્યાયોમય. પહેલામાં–એકમાં દ્રવ્યમયપણું લીધું હતું. એકમાં દ્રવ્યમયપણું લીધું હતું. અનેકમાં **'તે-મયપણારૂપ...'** અનેક પર્યાયમયપણે. છે ને? અનંત ભેદ છે તે-મયપણે અનેકત્વશક્તિ છે. આહાહા..! સમજાય છે કાંઈ? વાત થોડી સૂક્ષ્મ છે. એકશક્તિ અનંત પર્યાયોમાં વ્યાપક એક દ્રવ્યમયપણાની એકશક્તિ ગણવામાં આવી. અને અનેક–એક જ દ્રવ્ય અનંત પર્યાયોમાં વ્યાપે છે એ અપેક્ષાએ અનેકત્વશક્તિ ગણવામાં આવી. આહાહા..! શાસ્ત્રના અર્થ કરવામાં પણ મોટી ગડબડ થઈ ગઈ. શાસ્ત્રને કઈ અપેક્ષાએ કહેવું છે એ અપેક્ષા ન સમજે અને પોતાની ધારણાથી અર્થ કરે તો દુઃખી થઈ જાય. બે શક્તિ થઈ.

**भूतावस्थत्वरूपा भावशक्तिः ३३.**

**વિદ્યમાન–અવસ્થાવાળાપણારૂપ ભાવશક્તિ. (અમુક અવસ્થા જેમાં વિદ્યમાન હોય એવાપણારૂપ ભાવશક્તિ). ૩૩.**

હવે આ ત્રીજી શક્તિ બહુ ગંભીર અલૌકિક છે. **'વિદ્યમાન-અવસ્થાવાળાપણારૂપ ભાવશક્તિ.'** શું કહે છે? આત્મામાં એક ભાવશક્તિ એવી છે કે કોઈપણ વર્તમાન નિર્મળ પર્યાય હોય જ છે, કરવી પડતી નથી. અહીંયા નિર્મળની વાત છે. ભાવશક્તિનું સ્વરૂપ.. આવ્યું? વિદ્યમાન અવસ્થાયુક્ત. વર્તમાન નિર્મળ પર્યાયયુક્ત વિદ્યમાન છે એવી ભાવશક્તિ. વર્તમાન ભાવશક્તિને કારણે પર્યાય હોય જ છે. ભાવશક્તિને કારણે નિર્મળ અવસ્થાની વિદ્યમાનતા પર્યાયમાં હોય જ છે. સમજાય છે કાંઈ?

જે સમયે ભાવશક્તિનું પરિણમન થાય છે તો તે જ સમયે નિર્મળ પર્યાય થાય છે. એ ભાવશક્તિનું કાર્ય છે. આહાહા..! ભાવ નામ તે સમયે વિદ્યમાન એક અવસ્થા હોય જ છે. આ ભાવશક્તિને કારણે વર્તમાનમાં નિર્મળ પર્યાય વિદ્યમાન હોય જ છે. આહાહા..! નિર્મળ પર્યાય હું કરું તો થાય એમ વાત નથી, એમ કહે છે. આહાહા..! સૂક્ષ્મ ભાવ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ભાવશક્તિનો અર્થ એવો છે કે આત્મામાં એક એવો ગુણ છે કે વર્તમાનમાં વિદ્યમાન નિર્મળ અવસ્થા હોય જ છે. આહાહા..! ગંભીર છે.

મુમુક્ષુ :- હજી થોડો ખુલાસો કરો.

ઉત્તર :- વધારે કરીએ. આત્મામાં અનંતશક્તિ છે એમાં એક ભાવશક્તિ એવી છે કે જેને કારણે વર્તમાનમાં હયાતીવાળી વિદ્યમાન નિર્મળ અવસ્થા હોય જ છે. એ ભાવશક્તિને કારણે નિર્મળ અવસ્થા વિદ્યમાન હોય જ છે. આહાહા..! અહીંયા નિર્મળની વાત છે, મલિનતાની વાત નથી. ભાવશક્તિને કારણે ભાવ-ભવન નિર્મળરૂપી પરિણમનનું ભવન ભાવશક્તિને કારણે વિદ્યમાન પરિણમન હોય જ છે.

મુમુક્ષુ :- જ્ઞાન તો કરવું પડે ને?

ઉત્તર :- જ્ઞાન કરવું એ બીજી વાત છે, પણ અહીંયા વિદ્યમાન પર્યાય ભાવશક્તિને કારણે હોય જ છે. હું કરું તો ભાવશક્તિની નિર્મળતા પ્રગટ થાય એમ અહીંયા વાત નથી, એમ કહે છે. ફરીને, એમ જવા નહિ દઈએ. આ તો મોટી શક્તિ છે.

ભગવાનઆત્મા, જેમ જ્ઞાનશક્તિ છે, આનંદશક્તિ છે, શ્રદ્ધાશક્તિ છે, અસ્તિત્વશક્તિ છે એવી એક ભાવશક્તિ છે. તો ભાવશક્તિની સ્થિતિ શું? કે શક્તિ તો ત્રિકાળ છે પણ એ શક્તિનું કાર્ય શું? કે વર્તમાનમાં અનંતગુણની નિર્મળતાની પર્યાય વિદ્યમાન હોય જ હોય. વર્તમાન વિદ્યમાન નિર્મળ પર્યાય હોય જ છે. અહીં તો સમ્યગ્દષ્ટિની વાત છે ને! અજ્ઞાનીની વાત નથી. આ તો ભાવશક્તિ અને શક્તિવાનનો જેને અનુભવ છે તેને નિર્મળ પર્યાય વિદ્યમાન હોય જ છે. અહીં મિથ્યાદષ્ટિની વાત નથી. ભાઈએ ઠીક પ્રશ્ન કર્યો. સમજાય છે કાંઈ?

અહીંયા તો ભાવશક્તિ અને શક્તિનો ધરનાર ભગવાન, એની જેને પ્રતીત (થઈ છે), પર્યાયમાં-જ્ઞાનની પર્યાયમાં ગુણ અને દ્રવ્ય જ્ઞેયરૂપે આવ્યા છે. જ્ઞેયરૂપે નિર્મળપણે આનંદની પર્યાય સાથે જ્ઞાનરૂપે આવ્યું છે તેને ભાવશક્તિને કારણે નિર્મળ પર્યાય વિદ્યમાન હોય જ છે. સમજાય છે કાંઈ? આહાહા..!

બીજી રીતે કહીએ તો જે ભાવશક્તિ છે તો પૂર્વની નિર્મળ પર્યાય હતી તેને કારણે પછી નિર્મળ પર્યાય થઈ એમ નથી, એમ કહે છે. ધીરેથી સમજવાની વસ્તુ છે. આ ભાવ ઘણીવાર વ્યાખ્યાનમાં લીધો હતો. ભાવશક્તિનું સ્વરૂપ-આ શક્તિને કારણે વર્તમાન નિર્મળ પર્યાયની હયાતી વિદ્યમાન હોય જ છે. આહાહા..! જેમ કેવળજ્ઞાનની પર્યાય ભાવશક્તિને કારણે વિદ્યમાન પર્યાય હોય જ છે. તો કહે છે કે પૂર્વે મોક્ષમાર્ગ હતો તો આ પર્યાય થઈ, એમ નથી. એ ભાવશક્તિને કારણે વર્તમાન કેવળજ્ઞાનની પર્યાય વિદ્યમાન છે. આહાહા..!

જે સમયે જે પર્યાય થાય છે તે કાળલબ્ધિ. એક વાત. 'કાર્તિકેયાનુપ્રેક્ષા'માં કહ્યું. દરેક દ્રવ્યની કાળલબ્ધિ હોય છે. અર્થાત્ તે સમયે તે પર્યાય થાય તે તેની કાળલબ્ધિ. અને 'પ્રવચનસાર' ૧૦૨ ગાથામાં કહ્યું કે, જન્મક્ષણ હોય છે. પર્યાયની ઉત્પત્તિનો કાળ હોય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અહીંયા નિર્મળની વાત છે, હોં! પણ એ કાળ છે, અવસરે થાય છે, કાળલબ્ધિ છે પણ એનું કારણ કોણ? ભાવશક્તિ છે તો નિર્મળ પર્યાય એમાં હોય જ છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- આ શક્તિનો વિકલ્પ નથી.

ઉત્તર :- ના, ના. વિકલ્પ નથી. વિકલ્પ કરે તો તેનાથી થાય એમ પણ નથી. કાલે વિશેષ કહેશું.. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**પ્રવચન નં. ૨૮ શક્તિ-૩૩ બુધવાર, (દ્વિતીય) શ્રાવણ વદ ૧૦, તા. ૭-૦૯-૧૯૭૭**

---

'સમયસાર' પરિશિષ્ટ અધિકાર. શક્તિનું વર્ણન છે. આત્મા જે વસ્તુ છે એમાં અનંતશક્તિઓ છે. દરેક શક્તિનું લક્ષણ ભિન્ન ભિન્ન છે. કોઈ શક્તિનું લક્ષણ બીજી શક્તિના લક્ષણમાં આવે છે એમ નથી. આવો આત્મા, જેને નિર્વિકલ્પ અનુભવમાં આવ્યો હોય એની વાત છે. આહાહા..! વ્યવહાર રત્નત્રયના રાગથી પણ ભિન્ન ચીજ છે. એ રાગની ક્રિયાથી આત્માનું આત્મજ્ઞાન થાય છે, એમ નથી. એ રાગ બંધનું કારણ છે. એમાં અબંધ પરિણામ જે મોક્ષમાર્ગ તે એનાથી થતા નથી. મોક્ષમાર્ગ તો અબંધસ્વરૂપી ભગવાનઆત્મા, સુખામૃત અમૃતનો સાગર પ્રભુ, એની સાથે (એકત્વ કરવાથી થાય છે). અહીં તો પહેલો અધિકાર એ આવ્યો ને કે જ્ઞાનની એક સમયની પર્યાય જ્યારે ઉત્પન્ન થાય છે તો એની સાથે અનંતગુણની પર્યાય સાથે ઉછળે છે. ઉછળે છે અર્થાત્ ઉત્પન્ન થાય છે.

અહીંયા સમ્યગ્દૃષ્ટિની વાત છે. જેણે ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદ સુખરૂપ સાગર સુખ સ્વભાવ, એના તરફનો પત્તો લીધો, અંતર અનુભવ થયો. એ વિકલ્પથી અને નિમિત્તથી અનુભવ થતો નથી. અનુભવ તો પોતાના દ્રવ્ય સ્વભાવ સન્મુખ શુદ્ધતાના પરિણામ ત્રિકાળી દ્રવ્ય સન્મુખ કરવાથી (અનુભવ થાય છે).

કાલે કહ્યું હતું ને? પંડિતજી! પર્યાય. રાત્રે. અસંખ્ય પ્રદેશ છે તો દરેક પ્રદેશમાં પર્યાય ભિન્ન ઉપર છે. સમજાય છે કાંઈ? આ આત્મા જે છે એ તો શરીર પ્રમાણ છે પણ પોતાની વસ્તુ ભિન્ન છે. એમાં ઉપર ઉપર જે અસંખ્ય પ્રદેશ બાહ્ય છે એમાં પર્યાય છે એમ નથી. સમજાય છે કાંઈ? અહીંયા અંદર શરીરમાં પેટમાં અસંખ્ય પ્રદેશ છે તો પ્રદેશે પ્રદેશે પર્યાય ભિન્ન ઉપર છે. રાત્રે આવ્યું હતું. એક પોંઇન્ટમાં પર્યાયનું ક્ષેત્ર ભિન્ન છે, ધ્રુવનું ક્ષેત્ર ભિન્ન છે. આહાહા..! આ તો અલૌકિક વાતું છે, ભગવાન!

અસંખ્ય પ્રદેશમાં અનંતગુણથી બિરાજમાન બાદશાહ આત્મા છે. આહાહા..! અને અસંખ્ય પ્રદેશી એનો દેશ છે અને અનંતગુણ એનું ગામ છે. ગામને શું કહે છે? ગામ છે. અને એક એક ગામમાં અનંતી પ્રજા છે. આહાહા..! 'જિનેશ્વરદાસજી'! આ તો હિન્દી ભાષા છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કોઈને ન સમજાય તો રાત્રે પૂછી લે છે.. આહાહા..!

અહીંયા તો પ્રભુ, અંતર્મુખ દૃષ્ટિ કરવાનો અર્થ એ છે કે બધા અસંખ્ય પ્રદેશમાં પર્યાય ઉપર છે. આ બાહ્ય પર્યાય છે, શરીર અને આત્મા ભિન્ન છે, બાહ્ય પર્યાય છે એ ઉપર છે એમ નથી. બાહ્યના પ્રદેશમાં પણ પર્યાય ઉપર છે અને અંતરના પ્રદેશમાં પણ પર્યાય ઉપર છે. સમજાય છે કાંઈ? અનંતગુણની અસંખ્ય પ્રદેશમાં પ્રત્યેકની પર્યાય ભિન્ન ભિન્ન છે. એ પર્યાયનું લક્ષ છોડી.... આહાહા..! બધું ઉપરનું લક્ષ છોડવું એમ નહિ અંદર પ્રદેશમાં પર્યાય છે એ બધાનું લક્ષ છોડી, અંદર ધ્રુવ ભગવાન ધ્રુવનો તારો છે (તેની દૃષ્ટિ કરવી). આહાહા..!

આ સમુદ્રમાં ધ્રુવના તારાથી વહાણ ચાલે છે ને? એના લક્ષે (ચાલે). ધ્રુવ તારો હોય છે ને? સમુદ્રમાં વહાણ ચાલે છે ને? ધ્રુવ તારો હોય છે. એ તારો જે સ્થાનમાં છે ત્યાં જ છે. એ ફરતો નથી. એના ઉપરથી આગબોટ.. આગબોટ સમજો છો? જહાજ નહિ, મોટી આગબોટ. જહાજ તો વહાણ થયું. સ્ટીમર કહો કો મોટી આગબોટ કહો. આહાહા..! એ બધા ધ્રુવ તારાના લક્ષે ચાલે છે. એમ ભગવાનઆત્મા, ધ્રુવરૂપ જે અંદર વસ્તુ છે, અસંખ્ય પ્રદેશમાં એક સમયની પર્યાય ઉપર છે તેનાથી ભિન્ન અંદર ધ્રુવપણું છે. આહાહા..! એ ધ્રુવ તરફ પર્યાયને વર્તમાનમાં અંદરમાં ઊંડે લઈ જવી. આહાહા..! ત્યારે એ પર્યાય અને ધ્રુવમાં એકતા (થાય છે). પરથી એકતા હતી, સ્વથી એકતા થઈ. રાગ સાથે એકતા હતી તે પર્યાયની ધ્રુવ સાથે એકતા થઈ. એકતાનો અર્થ ધ્રુવ અને પર્યાય એક થઈ જાય છે એમ એકતાનો અર્થ નથી. પર્યાય એ તરફ ઝુકી તો એકતા કહેવામાં આવે છે. આવો માર્ગ ઝીણો બહુ, બાપુ! આહાહા..! હવે આવું સત્ય છે એ અંતરમાં ન બેસે, અનુભવ ન થાય અને વ્રત, તપ કરવાથી કલ્યાણ થશે એ મિથ્યાત્વભાવ પાખંડભાવ છે. સમજાય છે કાંઈ?

ધ્રુવ ચિદાનંદ આનંદરસ, જ્ઞાનરસ, શાંતરસ, વીતરાગરસ, જીવતરશક્તિનો રસ, ચિતિ, દશિ, જ્ઞાનનો રસ અંદર ધ્રુવમાં ભરેલો છે. આહાહા..! એ બાજુ પર્યાયને અંતરમાં ઝુકાવવી. ત્યારે નિર્વિકલ્પ દૃષ્ટિમાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવ્યો. એ પર્યાય થઈ તે ભાવશક્તિને કારણે થઈ એમ અહીંયા કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- આ શક્તિમાં ઘણું ભર્યું પડ્યું છે.

ઉત્તર :- હજી બાકી છે, વાત ઘણી છે. શું છે? શબ્દ તો બહુ થોડા છે.

**'વિદ્યમાન-અવસ્થાવાળાપણારૂપ...'** આત્મા અંતર્મુખ દૃષ્ટિ કરવાથી અનંતશક્તિમાં એક ભાવ નામની શક્તિ છે કે જે ભાવશક્તિ વર્તમાન વિદ્યમાન અવસ્થાને પ્રગટ કરે છે. એ ભાવશક્તિને કારણે વર્તમાનમાં પર્યાયની હયાતી હોય, વિદ્યમાન હોય, એ ભાવશક્તિને કારણે છે. શું કહ્યું?

મુમુક્ષુ :- પર્યાય પર્યાયને કારણે ન થઈ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉત્તર :– એ તો અપેક્ષાથી કહ્યું અહીંયા. હજી આગળ લઈ જવું છે ને! ઉત્પાદ ઉત્પાદને કારણે એ પછી લેવું છે. અહીંયા તો ભાવશક્તિ, એમ લીધું ને? **'વિદ્યમાન-અવસ્થાવાળાપણારૂપ...'** ભગવાનઆત્મામાં જેટલી અનંતશક્તિઓ છે એ દરેક શક્તિમાં ભાવનું રૂપ છે. ભાવશક્તિ ભિન્ન છે અને જીવતર, ચિતિ, દશિ, જ્ઞાન, સુખ, વીર્ય, પ્રભુત્વ, વિભુત્વ, સર્વદર્શિ, સર્વજ્ઞ, સ્વચ્છત્વ, પ્રકાશ, અસંકોચવિકાસ, અકાર્યકારણત્વ, પરિણમ્યપરિણામકત્વ, ત્યાગોપાદાનશૂન્યત્વ, અગુરુલઘુ આદિ બધી શક્તિમાં (ભાવશક્તિનું રૂપ છે).

મુમુક્ષુ :– આપને બધી યાદ છે?

ઉત્તર :– ૪૭ શક્તિ તો કંઠસ્થ છે. કાયમ પહેલો સ્વાધ્યાય જ એ થાય છે. સવારમાં ઉઠીને એનો સ્વાધ્યાય હોય અને સૂતા પહેલા પણ એનો સ્વાધ્યાય હોય. સમજાય છે કાંઈ? કહ્યું ને? જીવતર, ચિતિ, દશિ, જ્ઞાન, સુખ, વીર્ય, પ્રભુત્વ, વિભુત્વ, સર્વદર્શિ, સર્વજ્ઞ, સ્વચ્છત્વ, પ્રકાશ, અસંકોચવિકાસત્વ, અકાર્યકારણત્વ, પરિણમ્યપરિણામકત્વ, ત્યાગોપાદાનશૂન્યત્વ, અગુરુલઘુત્વ, ઉત્પાદ-વ્યય-ધ્રુવત્વ, પરિણામ, અમૂર્તત્વ, અકર્તૃત્વ, અભોક્તૃત્વ, નિષ્ક્રિયત્વ, નિયતપ્રદેશત્વ, સ્વધર્મવ્યાપકત્વ, સાધારણ-અસાધારણ-સાધારણાસાધારણધર્મત્વશક્તિ, અનંત ધર્મત્વ, વિરૂદ્ધત્વ, તત્ત્વ, અતત્ત્વ, એકત્વ, અનેકત્વ, ભાવ, અભાવ. અત્યારે ભાવ શક્તિ આવી છે. ભાવ, અભાવ, ભાવઅભાવ, અભાવભાવ, ભાવભાવ, અભાવઅભાવ, ભાવ, ક્રિયા, કર્મ, કર્તૃત્વ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ, સ્વસ્વામીસંબંધશક્તિ. એ ૪૭ થઈ ગઈ. ૪૭ શક્તિથી પણ અનંતશક્તિ અંદર છે. કથનમાં કેટલી આવે? આહાહા..!

ભગવાન અનંત ચૈતન્ય રત્નાકરથી ભરેલો છે. અમૃતનો સાગર અંદરમાં ઉછળે છે. આહાહા..! પણ કોને? ઉછળે છે, એમ કહ્યું ને? પહેલા આવ્યું હતું. જ્ઞાનપર્યાય ઉછળે છે એમાં અનંતશક્તિ ઉછળે છે, પણ કોને? કે જેની દૃષ્ટિ દ્રવ્ય ઉપર ગઈ છે અને પર્યાયમાં આનંદનું વેદન આવ્યું છે તેને ભાવશક્તિની વિદ્યમાન આનંદની પર્યાય પ્રગટ થાય છે. ભાવશક્તિની પણ પર્યાય (થાય છે). ભવન, ભાવશક્તિનું ભવન. અહીં વિદ્યમાન કીધું ને? ભાવશક્તિ છે તેનું ભવન. વિદ્યમાન અવસ્થાયુક્તપણું. કોઈપણ સમયે આ ભાવશક્તિને કારણે વિદ્યમાન અવસ્થા થાય જ છે. કરવી પડતી નથી. હું આ કરું એમ પણ નથી.

જે અનંતશક્તિનો પિંડ પ્રભુ છે એની અંતરમાં વર્તમાન જ્ઞાનની પર્યાયમાં આખા દ્રવ્યને જ્ઞેય બનાવીને પ્રતીતિ થઈ, નિર્વિકલ્પ વેદન થયું, એ સમયે જ્ઞાનની પર્યાય પણ (પરિણમે છે). જ્ઞાનગુણમાં પણ ભાવશક્તિનું રૂપ છે તો જ્ઞાનગુણમાં પણ વર્તમાન અવસ્થાયુક્તપણું હોય છે. ઝીણી વાત છે. સમજાય છે કાંઈ?

જીવતરશક્તિ છે, પહેલી જીવતર લઈએ. જીવતરશક્તિમાં જ્ઞાન, દર્શન, આનંદ ને સત્તા પ્રાણ છે. એ જીવતરશક્તિનો જે ભાવ છે તેની વર્તમાન અવસ્થા વિદ્યમાન હોય જ છે. ભાવશક્તિને કારણે તો પોતાની પર્યાય થાય છે. પણ જીવતરશક્તિને કારણે ભાવરૂપ એમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



શક્તિ છે તે કારણે તેની વિદ્યમાન અવસ્થા (હોય જ છે). દર્શન, જ્ઞાન, ચારિત્ર અને સત્તાની પર્યાય વિદ્યમાન અવસ્થાયુક્ત હોય છે. આહાહા..!

બીજી રીતે કહીએ તો વર્તમાન ભાવશક્તિ અવસ્થાયુક્ત છે તો એ સમયે જે અવસ્થા થવાની છે તે ભાવશક્તિનું ભવન-પરિણમન (હોય છે). એમ લેવું છે ને? પરિણમન તો સ્વતંત્ર છે પણ અહીંયા ભાવશક્તિને કારણે પરિણમન છે એમ લેવું છે. સમજાય છે કાંઈ? એમ અનંતગુણ જે છે એમાં જીવતરશક્તિમાં ભાવશક્તિનું રૂપ છે. ભાવશક્તિ નથી. એક ગુણમાં બીજા ગુણનો અભાવ છે. નિરાશ્રયા ગુણા:. આવે છે ને? ગુણને આશ્રયે ગુણ નથી, દ્રવ્યને આશ્રયે ગુણ છે. અરે..! આહા..! ભગવાનઆત્માના આશ્રયે અનંતગુણ છે પણ એક ગુણના આશ્રયે બીજો ગુણ છે એમ નથી. જીવતરશક્તિ છે તેના આશ્રયે ભાવશક્તિ છે કે ભાવશક્તિને આશ્રયે જીવતરશક્તિ છે એમ નથી. છતાં જીવત્વશક્તિમાં ભાવશક્તિનું રૂપ છે તો જીવતરશક્તિનું વર્તમાન અવસ્થાયુક્તપણું હોવું તે એનો સ્વભાવ છે. આહાહા..!

અહીંયા તો જેણે આત્માને સમ્યગ્દર્શનમાં પ્રાપ્ત કર્યો, પૂર્ણાનંદનો નાથ ચૈતન્યરત્નાકર અમૃતનો સાગર અનંતશક્તિનો સાગર ભગવાન પોતાની પર્યાયમાં જ્યારે ઉત્પન્ન થાય છે તો વિદ્યમાન અવસ્થા હોય જ છે, તેને કરવી પડતી નથી, એમ કહે છે. અરે..! આવી ઝીણી વાતું છે. શક્તિનો અધિકાર બહુ સૂક્ષ્મ છે. કારણ કે દ્રવ્યદૃષ્ટિનો અધિકાર છે ને આ? આહાહા.!

અરે..! કદી કર્યું નથી. બહારની ક્રિયાની માથાકૂટ કરીને મરી ગયો. સંસારની ક્રિયાથી એક તો નવરાશ નહિ, ફૂરસદ લે તો વ્રત ને તપસ્યા ને ભક્તિ ને પૂજા (કરે). એ ક્રિયા છે, એ પણ રાગક્રિયા છે, બંધ છે, સંસાર છે. એ સંસાર છે અને સંસારનું કારણ છે. સમજાય છે કાંઈ? અને આ શક્તિઓ જે છે એમાં ભાવશક્તિનું રૂપ દરેકમાં છે તો જીવનશક્તિની પર્યાય વિદ્યમાન અવસ્થાયુક્ત જ હોય છે. આહા..! એ અબંધ પરિણામ છે. જીવતરશક્તિનું વર્તમાન અવસ્થા સહિતપણું એ અબંધ પરિણામ છે. એ મોક્ષનો માર્ગ છે અથવા એ મોક્ષ જ છે. આહાહા..! બંડીજી! આવી ઝીણી વાતું. શું થાય?

અરૂપી ભગવાન, એમાં તો રૂપ તો નહિ પણ પુણ્ય, પાપના વિકલ્પની જડતા એમાં નથી. એના મૂળમાં એ છે જ નહિ. આહાહા..! એના મૂળમાં તો અનંતઆનંદ, અનંત જ્ઞાન, અનંત શાંતિ એવી અનંતશક્તિઓનો સંગ્રહાલય (છે). સંગ્રહ-આલય. સંગ્રહનું ઘર. એકવાર કહ્યું હતું ને? ગયા વર્ષે 'મુંબઈ' ગયા હતા ને? ગયા વર્ષે ને? ભોજન કરવા ગયા હતા. ત્યાં એક તાતાનું મકાન છે. એમાં એક 'ગુના'નો 'વિજય' નામનો છોકરો હતો. બહુ પ્રેમવાળો. લગ્ન કર્યા પછી પણ અહીંયા પ્રેમથી આવતો હતો અને લગ્ન કર્યા બહુ નાની ઉંમરમાં. એની આ.. શું કહેવાય? કિડની. કિડનીનો દુઃખાવો થઈ ગયો. બહુ નરમ છોકરો હતો. એની પાસે દર્શન દેવા ગયા. બિચારો બહુ નરમ. પછી તો દાદરમાં દર્શન કરવા આવેલો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પણ અંદર શક્તિ નહોતી. કિડની એની માતાએ આપી. કિડની આપી છતાં દેહ છૂટી ગયો. એક વર્ષનું લગ્ન. ત્યાં આગળ ગયા હતા. એ પહેલા સાંજે ભોજન કરવાનું હતું. આહાહા..!

જ્ઞાનમાં પણ જે પર્યાય વિદ્યમાન અવસ્થાયુક્તપણું છે તે ભાવરૂપને કારણે છે. એમ શ્રદ્ધાગુણ જે ત્રિકાળી છે, એમાં પણ ભાવરૂપતા છે તો સમ્યગ્દર્શનની પર્યાયમાં પર્યાયસહિત વિદ્યમાનતા તેનામાં હોય છે. આહાહા..! આનંદગુણ છે તો આનંદગુણમાં પણ ભાવશક્તિનું રૂપ છે. તો આનંદગુણ પણ વર્તમાન આનંદની વિદ્યમાન પર્યાયસહિત છે. આહાહા..! સમ્યગ્દષ્ટિને અનંતગુણની પર્યાયની, તે તે ગુણની પર્યાય, તે તે વર્તમાન વિદ્યમાન અવસ્થાસહિત છે. આહાહા..! કરવી પડતી નથી.

એ તો કર્તાગુણથી કહેવામાં આવે તો એમ કહે કે, અનંતગુણની પર્યાય કર્તા છે. સમજ્યા? કર્તા, કર્મ આગળ આવશે. કર્તા નામની એક શક્તિ છે તો એ શક્તિમાં પણ ભાવશક્તિનું રૂપ છે. તો એ કર્તાશક્તિ પણ વર્તમાન અવસ્થા વિદ્યમાન સહિત છે. આહાહા..! સમજાય છે કાંઈ? થોડું ગંભીર છે, આ તો બહુ ઝીણી વાત છે. 'દીપચંદજી'એ એનો ઘણો વિસ્તાર કર્યો છે. 'અધ્યાત્મ પંચસંગ્રહ'માં, હોં! થોડું થોડું કર્યું છે પણ આમ ટૂંકામાં સંકેલ્યું છે. પણ શક્તિનું વર્ણન તો એક 'દીપચંદજી' સિવાય ક્યાંય આટલો વિસ્તાર આવ્યો નથી. થોડો સાધારણ 'સમયસાર નાટક'માં આવે છે. બાકી વિસ્તાર 'ચિદ્વિલાસ' માં અને 'અધ્યાત્મ પંચસંગ્રહ'માં છે.

અહીંયા કહે છે કે વિદ્યમાન અવસ્થા. વર્તમાન થવાવાળી અવસ્થા, વિદ્યમાન અવસ્થા. દ્રવ્ય જે છે એમાં અનંતશક્તિ છે. દરેક શક્તિની વર્તમાન વિદ્યમાન અવસ્થા હોય જ છે. એ અવસ્થા–પરિણમન એ શક્તિ જે છે તે દ્રવ્યમાં છે, ગુણમાં છે અને પર્યાયમાં વ્યાપ્ત થાય છે તો વર્તમાન વિદ્યમાન અવસ્થાસહિત છે. આહાહા..! ધર્મીને આનંદની અવસ્થા સહિત આનંદગુણ છે. જ્ઞાનગુણની અવસ્થા સહિત જ્ઞાનગુણ છે. સ્વચ્છતાશક્તિની પર્યાય સહિત સ્વચ્છતાશક્તિ છે. પ્રભુત્વશક્તિ, પ્રભુત્વની પર્યાય સહિત પ્રભુત્વશક્તિ છે. આહાહા..!

આ કરિયાવર નથી પાથરતા? શું કહે છે તમારે? દહેજ.. દહેજ. ગૃહસ્થ હોય તો બે, ચાર, પાંચ લાખનું આપે. પછી આખું કુટુંબ જોવા આવે. જુઓ! આટલા વીંઝણા, આ પાંચ પાંચ હજારનો એક સાડલો, સાડલો કહે છે ને? સાડી. કેટલાક પચીસ આપે છે, પાંચ હજાર તોલા સોનું આપે છે. એ પાથરે, બધા જોવા આવે. પાંચ પાંચ હજારની સાડી આવે છે ને? કોર હોય છે ને? કોર. છેડો.. છેડો. છેડામાં સોનું હોય. એક હાથમાં છેડો આમ દેખાવ માટે રાખે. આ બધા ઢોંગ જોયા છે ને! સમજાય છે કાંઈ? આહાહા..! એ સાડી વહુએ પહેરી હોય અને બહાર નીકળે ત્યારે લોકો નજર કરે, લોકોની નજર તો બીજી હોય છે, આ રૂપાળીને બહુ ઓલી છે, આ સાડલો આની વહુએ લીધો છે, એનો સાસરો એમ જોવે કે મેં સાડલો આપ્યો છે એની વાત બહાર પડે છે. તેથી આ લોકો જોવે છે. સમજાય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે કાંઈ? સાડી જોઈને એના સાસરાને એમ થાય છે કે મેં સાડી વહુને આપી છે એ સાડી લોકો જુએ છે તો હું ગૃહસ્થ છું એમ સાડી દ્વારા બહાર આવું છું. બીજા જોવાવાળા બીજી નજરે જોતા હોય છે. આ જગતના ઢોંગ બધા. આહાહા..!

અહીં કહે છે સમ્યગ્દૃષ્ટિની અંદરથી પાર થવાની વાત નીકળે છે. ભાવશક્તિને કારણે નિર્મળ પર્યાયની વિદ્યમાનતા સહિત એ શક્તિ હોય છે. તેને જ્ઞાની જાણે છે અને અનુભવે છે. આહાહા..! સમજાય છે કાંઈ? 'પોપટભાઈ'! આ જગતથી જુદી જાત આખી ઊંધી છે. આહાહા..! આ તો હજી અત્યારે એ તોફાન (છે કે), શુભજોગની ક્રિયા વ્રત ને તપ ને અપવાસ ને એ ધર્મ છે અને ધર્મનું કારણ છે. અરે..! પ્રભુ! 'મખ્ખનલાલજી'એ એ જ કહ્યું ને હમણા? છાપામાં આવ્યું છે. શુભજોગ ધર્મનું કારણ છે. ધર્મ છે, કારણ નથી લખ્યું. અને શુભજોગને હેય માને તે મિથ્યાદૃષ્ટિ છે. એવું લખ્યું છે. અર..ર..! પ્રભુ! આ શું કરે છે? ભાઈ!

અહીં તો શુભજોગનો અભાવ બતાવે છે. શુદ્ધ શક્તિ જે છે એ દરેક શક્તિની વર્તમાન નિર્મળ વિદ્યમાન અવસ્થા છે. એ અવસ્થામાં વિકારનો અભાવ છે તે સ્યાદ્વાદ છે, તે અનેકાંત છે. આહાહા..! વિકારથી થાય છે એમ નહિ. નિર્મળ શક્તિની શક્તિમાં ભાવ નામનું રૂપ છે તો દરેક શક્તિ નિર્મળપણે વિદ્યમાન પ્રગટ થાય છે. આવી વાત. સમજાય છે કાંઈ? અનંતશક્તિ જેટલી છે તેટલી શક્તિમાં પ્રત્યેકમાં ભાવશક્તિનું રૂપ છે તો અનંતજ્ઞાનગુણ જે છે તેની વર્તમાન જ્ઞાન અવસ્થા વિદ્યમાન સહિત જ હોય છે. એને ભણતર કરે ને શાસ્ત્ર ભણે તો એ અવસ્થા પ્રગટ થાય છે એમ નથી. સમજાય છે કાંઈ?

એમ શ્રદ્ધાગુણ ત્રિકાળ છે. સમકિત પર્યાય છે, શ્રદ્ધાગુણ ત્રિકાળ છે. એમાં ભાવશક્તિનું રૂપ છે. એ શ્રદ્ધાગુણ વર્તમાન વિદ્યમાન સમકિતની પર્યાય સહિત જ શ્રદ્ધાગુણ છે. આહાહા..! આવું છે. એ શક્તિ દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણેમાં વ્યાપે છે. સમજાય છે કાંઈ? અને એ શક્તિ વર્તમાન પર્યાય વિદ્યમાન અવસ્થા સહિત છે તો એ શક્તિ કોઈ રાગનું કાર્ય છે એમ નથી. તેમ એ અવસ્થા રાગનું કારણ છે, વ્યવહારનું કારણ એ અવસ્થા છે, એમ નથી. 'જિનેશ્વરદાસજી'! આવી વાતું છે, બાપુ! આહાહા..! અરે..! દુનિયા ક્યાં પડી છે ને ક્યાં જાય છે. ઊંધે રસ્તે (જાય છે), બાપુ! સંસારનો રસ્તો તો ઊંધો છે જ.. આહા..! વીસ-બાવીસ કલાક એકલા પાપના પોટલા. આહાહા..! છ-સાત કલાક ઊંઘે, છ-સાત કલાક સ્ત્રી ને છોકરાઓને રાજી રાખવા ને દાંત કઢાવવા ને ખુશી કરવા રહે. અર..ર..ર..! બાપુ! શું કર્યું તેં આ? આહાહા..! બાકી પાપના ધંધામાં છ-આઠ કલાક રહે. હીરાના ધંધા કે જેને જે ધંધા હોય ઇ. આહાહા..! એ તો બધા પાપના પરિણામ છે. એનો તો અહીંયા અભાવ બતાવવો છે. ધર્મીને એ પરિણામનો અભાવ છે. સમજાય છે કાંઈ? ધર્મી એવો જે આત્મા, એમાં અનંતશક્તિરૂપી ધર્મ છે. વસ્તુસહાવો ધર્મ. વસ્તુનો જે ત્રિકાળી સ્વભાવ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



તે ધર્મ છે. તેની વર્તમાન પર્યાય થાય છે તે પ્રગટ ધર્મ છે. આવું સમજવું કરવું એના કરતાં વ્રત કરીએ ને અપવાસ કરીએ (ઇ સહેલું હતું). એક જણો બિચારો કહેતો હતો, અમે વ્રત પાળીએ, બ્રહ્મચર્ય પાળીએ, મહાવ્રત પાળીએ, દયા પાળીએ, જૂઠું ન બોલીએ, સત્ય બોલીએ, કુટુંબ આદિ છોડીને તદ્દન નિવૃત્તિ લઈએ તોપણ ધર્મ નહિ? ધૂળ પણ ધર્મ નથી, સાંભળને હવે. આહાહા..!

મુમુક્ષુ :- કરવું શું?

ઉત્તર :- કરવું આ. કહે છે ને, આ શું કહે છે? બીડીઓનું ને એ કરવું, શેઠ એમ કહે છે. શેઠ! અરે..! ભગવાન! પરનું કરવું એમ માનવું એ મરણ છે. કરના સો મરના હૈ, આવે છે? શેઠ! 'સોગાની'માં આવે છે. 'ન્યાલચંદ સોગાની'. પુસ્તક નથી આપ્યું? ત્રીજો ભાગ આપ્યો છે ને? 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'માં છે. કરના સો મરના હૈ. અરે..! હું રાગ કરું એ રાગનું કરવું તે મરવું છે. આહાહા..! એ ચૈતન્યની શક્તિનો અનાદર કરે છે. અર્થાત્ ચૈતન્યશક્તિ જે અનંત છે તે છે જ નહિ. હું રાગનો કર્તા છું, એવો આત્મા ત્રિકાળી ભગવાનની હિંસા કરે છે. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..!

ભાવશક્તિમાં તો.. એક તો તેમાં વિદ્યમાન અવસ્થા સહિત ક્રમબદ્ધનો નિર્ણય થાય છે. ભાવશક્તિને કારણે પોતાની પર્યાય વિદ્યમાન કોઈપણ હોય જ છે, એ કરવી પડે એમ નથી. એ હોય જ છે. અને અનંતગુણમાં ભાવશક્તિનું રૂપ છે તે કારણે અનંતગુણની વર્તમાન પર્યાય વિદ્યમાન સહિત જ છે. આહાહા..! એવી વિકારરહિત નિર્મળ પર્યાયસહિત હોવું તેને અહીંયા ભાવશક્તિની વિદ્યમાન અવસ્થા કહેવામાં આવે છે. તેમાં રાગનો અભાવ છે, વ્યવહાર રત્નત્રયના વિકલ્પનો અભાવ છે તે અનેકાંત છે. એનાથી થાય છે એમ નથી. એને કારણે ભાવશક્તિને કારણે અવસ્થા નિર્મળ થાય છે, રાગથી અવસ્થા નિર્મળ થાય છે એમ નથી. એ રાગથી નથી થતી એનું નામ અનેકાંત છે. સમજાય છે કાંઈ? આવી વાતું છે. આહાહા..!

અરે..રે..! એણે જીવની દરકાર કરી નથી. પાંચ-પચાસ વર્ષ, સાંઈઠ, સીત્તેર વર્ષ મનુષ્યપણું ખોઈને ચાલ્યા જાય. અને જેની ત્રસમાં રહેવાની સ્થિતિ બે હજાર વર્ષ રહેવાની છે, એ પૂરી થશે અને જો આત્માનું કાર્ય નહિ કરે તો નિગોદમાં જશે. આહાહા..! સમજાય છે કાંઈ? ત્રસની સ્થિતિ બે હજાર સાગરની છે. પંચેન્દ્રિય મનુષ્યની સ્થિતિ એક હજાર સાગરની છે. પંચેન્દ્રિયના ભવ કરે તો એક હજાર સાગર (કરે), અને એ સ્થિતિ જો પૂરી થઈ અને આત્માનું કાર્ય ન કર્યું... પ્રભુ! અરે..! આહાહા..! તો એ ભવમાં રખડવાનો છે. ચોરાશીના અવતારમાં જઈને નિગોદમાં જશે. પંચેન્દ્રિયની સ્થિતિ પૂરી થઈ ગઈ તો એકેન્દ્રિયમાં જશે. 'ધન્નાલાલજી'! આહાહા..! એ તારા પાંચ, પચાસ લાખ, કરોડ, બે કરોડ, પાંચ-દસ કરોડ પૈસા ને ધૂળ ને બાયડી, છોકરા કોઈ સાથે નહિ આવે. આહાહા..! સાથે આવશે પાપના ભાવ. આહાહા..! અહીંયા તો કહે છે કે એ પણ છોડીને કદાચિત્ પુણ્યભાવ કર્યા તો એ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સાથે આવશે. પુણ્યના ભાવ સંસાર છે અને એનું ફળ પણ સંસાર છે. પુણ્યભાવ સંસાર અને એનું ફળ પણ સંસાર. આહાહા..!

અહીંયા તો ભગવાન એમ કહે છે કે પ્રભુ! તારી શક્તિમાં સંસાર નથી. સંસાર નહિ પણ એ શક્તિની અવસ્થા વિદ્યમાન અવસ્થા સહિત છે તે અવસ્થામાં સંસાર નથી. સંસારનો વિકલ્પ જે છે, શક્તિની વિદ્યમાન અવસ્થામાં એ અવસ્થાનો અભાવ છે. આહાહા..! આવી ચોખ્ખી વાત છે પણ રાડ્યું પાડે છે. અરે..! વ્યવહાર અમે કરીએ છીએ એ કારણ છે, સાધન છે. વ્રત ને તપ ને અપવાસ એ સાધન છે. ભાઈ! એ સાધન નથી, ભાઈ! એ કહ્યું છે એ નિમિત્તનું જ્ઞાન કરાવવા કહ્યું છે. સમજાય છે કાંઈ?

અહીંયા કહે છે, વિદ્યમાન અવસ્થા. ઓહોહો..! હયાતી. જેમ વિદ્યમાન તત્ત્વશક્તિ છે એમ શક્તિની અવસ્થા પણ વિદ્યમાન જ હોય છે. હયાતીવાળી અવસ્થા પ્રગટ છે જ. અવસ્થા વિદ્યમાન, દરેક ગુણની અવસ્થા વર્તમાન વિદ્યમાન હોય જ છે, કરવી પડે છે એમ નથી. આહાહા...! સમજાય છે કાંઈ? જ્ઞાન, દર્શન, આનંદ, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા, અરે..! આત્મામાં એક ઉત્પાદવ્યયધ્રુવશક્તિ છે. એ ચાલી ગઈ છે. આત્મામાં એક ઉત્પાદવ્યયધ્રુવ નામની શક્તિ છે. જેમ આ ભાવશક્તિ છે એમ ઉત્પાદવ્યય નામની શક્તિ છે. તે કારણે સમયે સમયે ઉત્પાદ વર્તમાન વિદ્યમાન થાય જ છે. આહાહા..! શું કહે છે?

ઉત્પાદવ્યયધ્રુવ નામની શક્તિ ગુણ આત્મામાં છે. એ ગુણને કારણે વર્તમાન ઉત્પાદ અને પૂર્વની પર્યાયનો વ્યય, એ અવસ્થાનું વિદ્યમાનપણું અને પૂર્વની અવસ્થાનું અવિદ્યમાનપણું હોવું, એ શક્તિનું કાર્ય જ એવું છે. આહાહા..! એ પરને કારણે નિર્મળ શક્તિ થાય છે એનો અહીં નિષેધ કરે છે. વર્તમાન અવસ્થાયુક્ત કહે છે, નિર્મળ અવસ્થાયુક્ત છે.

ધર્મીજીવ, જેની દૃષ્ટિ દ્રવ્ય ઉપર છે તેની અનંતશક્તિની નિર્મળ વર્તમાન અવસ્થાયુક્તપણું છે. 'બાબુભાઈ'! આહાહા..! આવું છે, પ્રભુ! લોકોને એવું લાગે કે આ બધું નિશ્ચય.. નિશ્ચય.. નિશ્ચય. પણ નિશ્ચય એટલે સત્ય અને વ્યવહાર એટલે ઉપચારિક આરોપિત કથન. આહાહા..! અરે..! ભાઈ! અનંત ભવનો છેદ કરી ભવભ્રમણ રહિત થવાની વાત અહીંયા છે, ભાઈ! આહાહા..! જેમાં ભવ મળે તો ભવ પછી કદાચિત્ સ્વર્ગ મળે, કહે છે ને કે 'એકવાર વંદે જો કોઈ (સમ્મેદશિખર) નરક પશુ ન હોઈ' નરક, પશુ ન હોઈ એમાં શું થયું? પછી નરક, પશુ થશે. વર્તમાન કોઈ એવા શુભભાવ ઘણા હોય તો સ્વર્ગમાં જશે, આઠમા સ્વર્ગમાં જવાવાળા તિર્યંચ આઠમા સ્વર્ગમાં જાય છે, મરીને પાછા કોઈક તિર્યંચમાં અવતરે છે. આહા..! સમજાય છે કાંઈ? આઠમા સ્વર્ગમાં જાય ત્યાંથી સ્વર્ગની સ્થિતિ પૂરી કરીને મરીને કોઈ તિર્યંચમાં ચાલ્યા જાય છે. આહાહા..! નરક, પશુ ન હોઈ, એમાં થયું શું? એક ભવ નરક કે પશુમાં નહિ જાય. પણ એ સમ્મેદશીખરની ભક્તિ ને જાત્રાથી ભવનો અભાવ થાય એમ ત્રણકાળમાં નથી. સમજાય છે કાંઈ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અહીંયા એ 'મહાવીરકીર્તિ' આવ્યા હતા ને? 'મહાવીરકીર્તિ' હતા ને? ગુજરી ગયા. અહીંયા આવ્યા હતા. ત્યાં પ્રવચન મંડપમાં ઉતર્યા હતા. અમે આહાર કરીને ફરતા હતા. આહાર કર્યા પછી થોડું ફરીએ છીએ ને? ત્યાં બેઠા, અમે તો પગે લાગતા નથી. બેઠા, એણે કહ્યું કે, સમ્મેદશીખરની જાત્રા કરે તો ૪૯ ભવે મોક્ષ જાય. એમ સમ્મેદશીખરના માહાત્મ્યમાં આવ્યું છે. કીધું, શ્વેતાંબરમાં શેત્રુંજયના માહાત્મ્યમાં એમ આવ્યું છે. શ્વેતાંબરમાં શેત્રુંજયનું માહાત્મ્ય છે. પાલીતાણા. એવું માહાત્મ્ય આવ્યું છે કે એકવાર ગમે તે સાધુને એક વાર આહાર-પાણી આપે તો એનો સંસાર નાશ પામે છે, પરિત થાય છે. એમ જ તમારે સમ્મેદશીખરની જાત્રામાં સંસાર પરિત થાય છે. એ બધી વાત ખોટી છે. સમ્મેદશીખરના માહાત્મ્યનું એની પાસે પુસ્તક હતું. એમાં એ લખ્યું છે? હા. સમ્મેદશીખરની જાત્રા કરે તો ૪૯ ભવે મોક્ષ જાય. કીધું, એ ભગવાનની વાણી નહિ, એ ભગવાનની વાણી નહિ.

મુમુક્ષુ :– એમણે શું કહ્યું?

ઉત્તર :– એમણે પહેલા તો કહ્યું, ૪૯ ભવે મોક્ષ જાય. એમ કહ્યું. મેં કહ્યું, એમ નથી. ત્યારે કહે, હા..હા.. શું કરે પછી? લાખ, કરોડ, અબજ કરે નહિ સમ્મેદશીખરની જાત્રા. એ તો શુભભાવ છે. એ તો સંસાર છે. આહાહા..!

મુમુક્ષુ :– એ તો મિથ્યાત્વ સહિતનો શુભભાવ છે.

ઉત્તર :– મિથ્યાત્વ છે. રાગથી મને લાભ થશે, સમ્મેદશીખરની જાત્રાથી મારો ભવછેદ થશે એ મિથ્યાત્વ છે. મહાસંસાર મહાપાપ છે. સમજાય છે કાંઈ? આહાહા..! આ લોકો શેત્રુંજયનું માહાત્મ્ય કહે છે. ચૈત્ર સુદ પુનમ, કારતક સુદ પૂનમ જાત્રા કરો તો કલ્યાણ થશે. ધૂળ પણ નથી.

અહીં તો કહે છે, કલ્યાણનું કારણ પોતાની જે નિર્મળ ભાવશક્તિ છે તેની વર્તમાન પર્યાય છે તે કલ્યાણનું કારણ છે. સમજાય છે કાંઈ? એ કલ્યાણનું કારણ કહો કે કલ્યાણરૂપ કહો. અહીંયા તો આ શક્તિ અનંતગુણમાં વ્યાપી છે. ભાવ નામની શક્તિ અનંતગુણમાં વ્યાપી છે અને અનંતગુણમાં એ ભાવશક્તિ નિમિત્ત છે. ભાવશક્તિ છે તે પારિણામિકભાવે છે. ભાવશક્તિ છે કે અનંતશક્તિ છે તે પારિણામિકભાવે છે અને તેનું પરિણમન છે તે ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિકભાવે છે. શું કહ્યું? ભાવશક્તિ જે કહી એ તો પારિણામિક ભાવે છે પણ એ વિદ્યમાન અવસ્થાયુક્ત છે એ અવસ્થાયુક્ત છે તે અવસ્થા ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિકરૂપ છે, ઉદયભાવ નથી. સમજાય છે કાંઈ? આહાહા..! 'રતનચંદજી'! શું છે? એમાં લખ્યું છે?

વિદ્યમાન અવસ્થા. અવસ્થા એટલે પર્યાય. વર્તમાન પર્યાયયુક્તરૂપ ભાવશક્તિ છે. **'(અમુક અવસ્થા જેમાં વિદ્યમાન હોય...)'** આહાહા..! નિર્મળ પર્યાયની હયાતી હોય એ ભાવશક્તિનું સ્વરૂપ છે. આહાહા..! સમજાય છે કાંઈ? એમાં તો એમ પણ કહ્યું કે જેણે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


દ્રવ્યસ્વભાવની દૃષ્ટિ કરી અને શક્તિની પ્રતીતિ કરી તેની વર્તમાન અવસ્થા નિર્મળ અવસ્થા શક્તિને કારણે છે. રાગને કારણે નિર્મળ અવસ્થા વિદ્યમાન છે એમ નથી. આહાહા..! આ તો કાંઈ પાંચ, પચીસ લાખ ખર્ચે, મંદિર-બંદિર બનાવે એટલે જાઓ.. તમારું કલ્યાણ થશે. ધૂળમાં પણ કલ્યાણ નથી. સમજાય છે કાંઈ?

કહ્યું હતું ને? અમે 'બેંગલોર' ગયા હતા. બે દિવસ પહેલા 'ભભૂતમલ' નહોતા આવ્યા? બે કરોડ રૂપિયા છે. એણે આઠ લાખ નાખ્યા. છે શ્વેતાંબર પણ બનાવ્યું દિગંબર મંદિર. આઠ લાખ. અને એક સ્થાનકવાસી છે, 'જુગરાજજી', 'મુંબઈ'. એની ઘરની 'મહાવીર માર્કેટ' છે. એક કરોડ રૂપિયા. ચાર લાખ એણે નાખ્યા છે. બાર લાખનું મંદિર બનાવ્યું. પણ એવું મંદિર બનાવ્યું છે કે જોવાલાયક છે. અમે કહ્યું, ભાઈ! તમારા આઠ લાખ ને ચાર લાખ ખર્ચવાથી ધર્મ થશે એમ નથી.

મુમુક્ષુ :– બની ગયા પછી કહ્યું, પહેલેથી કહ્યું હોત તો..

ઉત્તર :– ઇ અમારા 'રામજીભાઈ' કહે છે. મંદિર-બંદિર બની ગયા છે, હવે વાંધો નથી. પણ અહીં તો પહેલેથી અમે તો કહીએ છીએ. આહાહા..!

મુમુક્ષુ :– ૪૩ વર્ષથી...

ઉત્તર :– ૪૩ વર્ષ નહિ, અમે તો સંપ્રદાયમાં પણ કહેતા હતા. આહા..!

મુમુક્ષુ :– રાજકોટમાં કહ્યું'તું.

ઉત્તર :– હા, સાચી વાત. 'નાનાલાલ કાળીદાસ' કરોડપતિ. શ્વેતાંબર કરોડપતિ 'નાનાલાલ કાળીદાસ'. એણે મંદિર બનાવ્યું. મોટું મંદિર છે, 'રાજકોટ'માં મોટું મંદિર છે. 'મુન્નાલાલજી' પંડિત હતા. ક્યા ગામના? 'ઇન્દોર'ના. ઇ શેઠને કહે, આ મંદિર બનાવ્યું એટલે તમારી તો અલ્પકાળમાં અલ્પભવમાં મુક્તિ થશે. તો શેઠ કહે, અમે તો એમ નથી માનતા. અમારા મહારાજ તો એમ કહેતા નથી અને અમે પણ માનતા નથી. પૈસા ખર્ચ્યા માટે અમારું કલ્યાણ થશે એમ અમે તો માનતા નથી. સમજાય છે કાંઈ? 'નાનાલાલ કાળીદાસ' ગુજરી ગયા, હવે તો છોકરા છે. 'મુન્નાલાલજી'એ કીધું, કલ્યાણ થશે. ઓહોહો..! માથે સોનાના કળશ. મંદિર ઉપર સોનાના કળશ ચડાવ્યા. ઓહોહો..! તમારું તો કલ્યાણ થશે. અમે તો માનતા નથી. અમે માનતા નથી, શુભભાવ છે. અમારો શુભભાવ છે, પુણ્ય છે પણ એનાથી ધર્મ છે અને ધર્મનું કારણ છે એમ અમે માનતા નથી. આ તો કઈ સાલ? (સંવત) ૨૦૦૬ ની સાલ. કેટલા વર્ષ થયા? ૨૭ વર્ષ થયા. ૨૭ વર્ષ પહેલાની આ વાત છે. ગૃહસ્થે કહ્યું, 'નાનાલાલભાઈ' કરોડપતિ બહુ શાંત હતા. શ્વેતાંબર હતા. પછી શ્વેતાંબર પક્ષ છોડી દીધો હતો. માર્ગ આ છે. એને કહેવામાં આવ્યું હતું, તમે દિગંબર બનાવશો તો.. આ કહે, અમને તો મહારાજ કહે છે તે ધર્મ માન્ય છે. હું શ્વેતાંબર મંદિર નહિ બનાવું. અને બનાવું છું તો મારું કલ્યાણ થશે એમ હું માનતો નથી. 'ધન્નાલાલજી'! કરોડપતિએ પેલા 'મુન્નાલાલ'

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પંડિતને આવો જવાબ આપ્યો. 'મુન્નાલાલ' પંડિત કહે, તમારું કલ્યાણ થશે. ધૂળમાં પણ નથી. એ.. 'હીરાલાલજી'. 'કુચામણ', 'હીરાલાલજી'ને જાણો છો ને? હમણા એંસી હજાર કાઢ્યા છે. સત્ સાહિત્ય.

એક દિવસ ત્યાં ગયા હતા ત્યારે બહુ તાવ આવ્યો. નહિતર તો .. ત્રીસ હજાર કાઢ્યા છે. સત્ સાહિત્યમાં આપ્યા. હમણા ફાગણ માસમાં. પણ એ બધી રાગની મંદતા છે તો પુણ્ય છે, એનાથી જન્મ-મરણનો અંત આવી જાય એમ નથી. અહીંયા તો નિર્મળ શક્તિની નિર્મળ અવસ્થા સહિત થવું તે મોક્ષનું કારણ છે. સમજાય છે કાંઈ? આહાહા..!

**'વિદ્યમાન–અવસ્થાવાળાપણારૂપ...'** સહિતપણારૂપ. **'ભાવશક્તિ.'** છે. આહાહા..! **'(અમુક અવસ્થા જેમાં વિદ્યમાન..)'** વિદ્યમાન સમજ્યા? હયાતી, મોજૂદ. દરેક ગુણની વર્તમાન નિર્મળ પર્યાય મોજૂદ જ હોય છે, હોય જ છે. કરવી પડતી નથી. ક્રમબદ્ધમાં એ પર્યાય એવી જ આવે છે. આહાહા..!

મુમુક્ષુ :– અમુક શબ્દનો અર્થ?

ઉત્તર :– અમુક અવસ્થા. અમુક એટલે જે અવસ્થા થવાની છે તે. અમુક એટલે જે અવસ્થા થવાની છે તે અમુક અવસ્થા. એમ. બધી અવસ્થા નહિ. અમુક અવસ્થા જેમાં વિદ્યમાન હોય. જે વર્તમાન અવસ્થા છે તે અમુક. એ વર્તમાન (અવસ્થા) જેમાં વિદ્યમાન હયાતી ધારણ કરે, મોજૂદ હોય તે રૂપ ભાવશક્તિ. તેનું નામ ભાવશક્તિ કહેવામાં આવે છે. આહાહા..! ભાવમાં ભવન થવું. ભાવશક્તિનું ભવન (થવું), પર્યાયસહિત થવું એ ભાવશક્તિનું કાર્ય છે. એ અવસ્થા નિર્મળ થઈ તે વ્યવહાર રત્નત્રયનું કારણ છે કે કાર્ય છે એમ નથી. આહાહા..! આ ભારે કઠણ પડે. પંચમહાવ્રત લીધા ને આમ લીધું તેથી આ વિદ્યમાન નિર્મળ અવસ્થાની હયાતી થઈ એમ નથી. સમજાય છે કાંઈ? આહાહા..!

'અધ્યાત્મ પંચસંગ્રહ'માં તો એમ લીધું છે, અગ્નિના તાપથી.. અગ્નિતાપસ હોય છે ને? એમ જો એનાથી લાભ થતો હોય તો અગ્નિમાં તો પતંગિયા પણ પડે છે તો એને પણ લાભ થવો જોઈએ. અને જળમાં સ્નાન કરવાથી, જળમાં ડૂબકી મારવાથી (કલ્યાણ થતું હોય) તો જળમાં ડૂબકી મારો. જળમાં તો જળચર પણ રહે છે તો તેનું પણ કલ્યાણ થવું જોઈએ. સ્નાન કરવાથી કલ્યાણ થશે. ધૂળ પણ નહિ થાય, સાંભળને! સમજાય છે કાંઈ? બતાવ્યું હતું ને? નગ્ન રહેવાથી મુક્તિ થશે તો નગ્ન તો પશુ પણ રહે છે. એમાં તેં શું કર્યું? ઘેંટા પણ બાર મહિને વાળ (કઢાવે છે). અત્યારે તો કેશલોંચના બહુ મોટા મહોત્સવ થાય છે અને બધા વખાણ કરે છે.

મુમુક્ષુ :– કેશ હાથથી ખેંચે..

ઉત્તર :– હાથથી ખેંચતા નથી, એ તો ખેંચાવાની શક્તિને કારણે નીકળે છે. હાથથી પણ નથી નીકળતા.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મુમુક્ષુ :- હાથ લગાવ્યા વગર નીકળી જાય?

ઉત્તર :- હાથ લગાવ્યા વગર નીકળે છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યને કાઢે ક્યાંથી? આહાહા..! અહીંયા તો અનંતગુણ લેવા. જીવતર, ચિતિ, દશિ, જ્ઞાન, સુખ, વીર્ય.

વીર્યશક્તિમાં પણ ભાવશક્તિનું રૂપ છે. વીર્ય જે છે તે નિર્મળ અવસ્થાયુક્ત જ વીર્ય છે. વીર્યમાં નિર્મળ અવસ્થાસહિત જ વીર્ય છે. એ વીર્યશક્તિનું કાર્ય છે. સમજાય છે કાંઈ? બીજું લઈએ તો વીર્યશક્તિ સ્વરૂપની રચના કરે છે. વીર્યશક્તિ ૪૭ માં પહેલા આવી ગઈ. આત્મસ્વરૂપની રચના કરે છે તે વીર્યશક્તિનો ધરનાર દ્રવ્યસ્વભાવ ઉપર એકાગ્ર થવાથી જે અનુભવ થાય છે તે વીર્યશક્તિ નિર્મળ પર્યાયની રચના કરે છે. રાગની રચના કરે તે વીર્ય નહિ. અહીં કહ્યું ને? વીર્ય પોતાની અવસ્થાસહિત છે. નિર્મળ શક્તિ વીર્ય છે તો એની અવસ્થામાં નિર્મળ અવસ્થા સહિત છે. રાગને રચે એ વીર્યની વિદ્યમાન અવસ્થા નહિ. એ અવસ્થા જ આત્માની નથી.

મુમુક્ષુ :- તો પછી રાગને કોણ રચે છે?

ઉત્તર :- નપુંસક વીર્ય રચે છે. નપુંસકને વીર્ય નથી હોતું તો પ્રજા નથી થતી. એમ શુભભાવ નપુંસક છે તેનાથી ધર્મપ્રજા નથી થતી. આહાહા..! ઘણીવાર કહ્યું છે.

અહીંયા તો પ્રભુત્વશક્તિ આદિમાં ભાવરૂપતા છે તો પ્રભુત્વશક્તિ પણ વિદ્યમાન વર્તમાન અવસ્થાસહિત છે. એ શક્તિ અહીંયા તો પર્યાયના પરિણમન સહિત લેવી છે. કેમ કે અહીં સમ્યગ્દષ્ટિની વાત છે ને! અથવા જેણે આત્માનો અનુભવ કર્યો તેને શક્તિની પ્રતીત આવી તે શક્તિ વર્તમાન અવસ્થા સહિત જ હોય છે. કેમકે પરિણમનમાં એ દ્રવ્ય અને શક્તિનું ભાન થયું ત્યારે પર્યાયમાં પ્રતીતિ આવી. લક્ષમાં શક્તિ અને શક્તિવાન પર્યાયમાં ખ્યાલમાં ન આવ્યા તો ખ્યાલમાં આવ્યા વિના પ્રતીતિ કોની? તેથી અવસ્થા સહિત દશા ત્રિકાળી દ્રવ્ય અને ગુણની પ્રતીતિ કરે છે. સમજાય છે કાંઈ? આવી વાતું છે. ક્યાંય ક્યાંય નજરે પડ્યું નહિ, કોઈ દિ' કર્યું નહિ. આહાહા..! કરવાનું કર્યું નહિ ને માથે ખાંડી નાખ્યો આત્માને. આહાહા..! રાગમાં.. રાગમાં..

હમણા પ્રશ્ન કર્યો હતો. એકવાર નહોતો કર્યો? ઝવેરીનો. ભાઈએ પ્રશ્ન કર્યો હતો. ઝવેરીની દુકાને ઝવેરાત લેવા ચોર ગયો. મૂળ તો ચોર હતો. દસ હજાર રૂપિયા તો એની પાસે હતા. ઝવેરાત લાવો. પાંચ-પચાસ હીરા કાઢ્યા. એ સાથે મીણ લઈને ગયેલો. મીણ કહે છે ને? મોમ.. મોમ. ગુંજામાં મીણ લઈને ગયો હતો. ગુંજાને શું કહે છે? જેબમેં. પચીસ-પચાસ હીરા બહાર કાઢ્યા. એને કાંઈ ખબર નહિ કે આ ચોર છે. એક પચાસ હજાર, લાખનો હીરો લઈ લીધો. લઈને મકાનની પાટ હતી એમાં ચોડી દીધો. એટલે કોઈ તપાસે તો મારી પાસે નથી. આમ જોયું તો હીરો ગયો ક્યાં? હીરો ગયો ક્યાં? ઝવેરી જુએ છે, હીરો ક્યાં ગયો? ભાઈ! તમારી પાસે છે? જુઓ! ભાઈ મારી પાસે કાંઈ નથી. ચોડી દીધો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હતો. પછી જ્યારે બીજી વાર દસ હજાર રૂપિયા લઈને આવ્યો. લાવો હીરો. તમારી પાસે તે દિ' જોયો હતો. ત્યાં પેલો હીરો ચોડ્યો હતો એ લઈ લીધો. બીજીવાર લઈ લીધો. તે દિ' તો ક્યાંથી લઈ શકે?

એમ ભગવાનઆત્માએ રાગની સાથે આત્માને ચોડી દીધો છે અને ચોર થયો છે. રાગથી મને લાભ થશે. આહાહા..! શું છે? શું હતું? આહા..! આમાં ધ્યાન નહિ ને ન્યાં ધ્યાન ગયું.. એનું બધું ઠેકાણા વિનાનું છે. આહાહા..! શું કહ્યું? એક શક્તિમાં તો કલાક થઈ ગયો, પાંચ મિનિટ બાકી છે.

પ્રત્યેક શક્તિ અનંત સંખ્યામાં છે એ પ્રત્યેક શક્તિમાં ભાવશક્તિનું રૂપ છે તો પ્રત્યેક શક્તિ વર્તમાન વિદ્યમાન અવસ્થા વિના રહેતી નથી. દરેક શક્તિની વર્તમાન વિદ્યમાન અવસ્થા હોય છે. કેમ? કે એ શક્તિ પર્યાયમાં વ્યાપે છે. દ્રવ્ય, ગુણ, પર્યાય ત્રણેમાં વ્યાપે છે. દ્રવ્ય, ગુણમાં તો અનાદિથી છે જ પણ જ્યારે અનુભવ થયો ત્યારે શક્તિનું પર્યાયમાં નિર્મળ પરિણમન થયું. નહિતર તો એના ઉપર દૃષ્ટિ નહોતી ત્યાં સુધી તો મલિન પર્યાય ઉપર રુચિ હતી. મલિન પર્યાયની રુચી એ કંઈ આત્માની રુચિ નથી. એથી એને નિર્મળ પર્યાય વિદ્યમાન છે એમ નથી. આહાહા..! 'જ્ઞાનચંદજી'! થોડું સૂક્ષ્મ છે.

મુમુક્ષુ :- અપૂર્વ છે.

ઉત્તર :- અપૂર્વ છે, વાત તો એવી છે. આહાહા..!

જેને રાગની, પુણ્ય પરિણામની મીઠાશ છે તેને સ્વભાવ પ્રત્યે દ્વેષ છે. 'દ્વેષ અરોચક ભાવ'. અને જેને ભગવાનઆત્મા અને અનંતશક્તિ પ્રત્યે પ્રેમ છે તેને રાગ પ્રત્યે પ્રેમ નથી હોતો, જ્ઞાતા-દૃષ્ટા રહે છે. સમજાય છે કાંઈ? આ ભાવશક્તિમાં અનંતશક્તિ નિર્મળ જે છે તે દરેક શક્તિ વર્તમાન અવસ્થા સહિત હોય છે. નિર્મળ, હોં! એ અવસ્થામાં વ્યવહારનો અભાવ છે તેનું નામ અનેકાંત છે. એ રાગ આવે છે તેનું અહીંયા જ્ઞાન છે તે પોતાની પર્યાયમાં છે. એ પોતાની પર્યાય વિદ્યમાન છે, બસ! રાગ વિદ્યમાન છે એ અહીં નહિ. શું કહ્યું સમજાયું? આહાહા..!

ભાવશક્તિમાં તો દરેક શક્તિની નિર્મળ પર્યાય વિદ્યમાન હોય છે. તો વિદ્યમાન પર્યાયમાં જ્ઞાતાની નિર્મળ પર્યાય પ્રગટ છે. રાગ છે તેનું જ્ઞાન થયું તે પર્યાયમાં વિદ્યમાન છે, રાગ વિદ્યમાન છે એમ નથી. સમજાય છે કાંઈ? કઠણ પડે. વાત એવી છે. આહાહા..! વીતરાગસ્વરૂપી ભગવાન, દરેક શક્તિ વીતરાગરૂપે છે. અને જ્યારે શક્તિ અને શક્તિવાનનો અનુભવ થયો... આહાહા..! તો એ વીતરાગની પર્યાયપણે, વિદ્યમાન વીતરાગ પર્યાયપણે એ શક્તિ થાય છે. આહાહા..! રાગનું વિદ્યમાનપણું એમાં છે જ નહિ. આહાહા..! ધર્મીની અવસ્થા વિદ્યમાન નિર્મળ છે. મલિન અવસ્થા વિદ્યમાન છે એમ નથી. આહાહા..! હા, જે રાગાદિ અવસ્થા થઈ તે રાગ છે તો નહિ, પણ પોતાથી સ્વપરપ્રકાશક જ્ઞાનપર્યાય પ્રગટ થાય છે તેમાં રાગને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જાણે છે એમ કહેવું તે વ્યવહાર છે. એ તો પોતાની પર્યાય, રાગ છે તો રાગને જાણવાની પર્યાય થઈ એમ નથી. પોતાની પર્યાયમાં સ્વપરપ્રકાશકની તાકાત એ સમયે રાગ અને પોતાને જાણે એવી પર્યાય પોતાથી પ્રગટ થાય છે. તેમાં વ્યવહારનો (રાગનો) અભાવ છે. આહાહા..! સમજાય છે કાંઈ? તેને અહીંયા ભાવશક્તિનું સ્વરૂપ કહે છે. વિશેષ કહેશે..

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**પ્રવચન નં. ૨૯ શક્તિ-૩૪, ૩૫, ગુરુવાર, (દ્વિતીય) શ્રાવણ વદ ૧૧, તા. ૮-૦૯-૧૯૭૭**

---

'સમયસાર' શક્તિનો અધિકાર. શક્તિ અર્થાત્ આત્માનો ગુણ. આત્મા ગુણી છે-શક્તિવાન છે. એની શક્તિને ગુણ કહો કે શક્તિ કહો, એનું સામર્થ્ય છે. ગુણ એ દ્રવ્યનું સામર્થ્ય છે. ગુણ એ સત્નું સત્ત્વ છે. સત્ જે આત્મા ભગવાન સત્ અવિનાશી, તેનું સત્ત્વ, ગુણ, શક્તિ, સ્વભાવ તેને અહીંયા શક્તિ કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? આહાહા...! કાલે ભાવશક્તિ આવી ગઈ, એક કલાક ચાલી હતી. એ તો કાંઈ પાર આવે નહિ એટલી શક્તિ છે. આજે તો અભાવશક્તિ લઈએ છીએ. બહુ અલૌકિક વાત છે, ભગવાન!

**शून्यावस्थत्वरूपा अभावशक्तिः ३४.**

**શૂન્ય (-અવિદ્યમાન) અવસ્થાવાળાપણારૂપ અભાવશક્તિ. (અમુક અવસ્થા જેમાં અવિદ્યમાન હોય એવાપણારૂપ અભાવશક્તિ). ૩૪.**

**'શૂન્ય (-અવિદ્યમાન) અવસ્થાવાળાપણારૂપ...'** આહાહા..! આત્મામાં, એની પર્યાયમાં. આત્મા દ્રવ્ય છે, એની શક્તિ ત્રિકાળ ધ્રુવ છે તો તેની પર્યાયમાં આઠ કર્મથી એ શૂન્ય છે. આહાહા..! સમજાય છે કાંઈ? આ પંડિતજી રહ્યા મોટા. શૂન્ય છે. ભગવાનઆત્મા વસ્તુની જેને દૃષ્ટિ થઈ, હું નિર્વિકલ્પ ચૈતન્યસ્વરૂપ છું, એવી ભાવશક્તિમાં અનંતગુણની વર્તમાન નિર્મળ પર્યાય વિદ્યમાન છે. સમજાય છે કાંઈ? ભાવશક્તિમાં તો જ્ઞાનની પર્યાય નિર્મળ વિદ્યમાન છે, દર્શનની છે, ચારિત્રની છે, આનંદની છે, અસ્તિત્વની છે, વસ્તુત્વની છે, પ્રભુત્વની છે, વિભુત્વની છે આદિ જેટલી અનંતશક્તિઓ સંખ્યાએ છે તે બધાની ભાવશક્તિને કારણે, બીજી શક્તિમાં ભાવશક્તિનું રૂપ છે, ભાવશક્તિ પોતામાં છે અને બીજામાં ભાવશક્તિનું રૂપ છે તો દરેક શક્તિ વર્તમાન નિર્મળપણે વિદ્યમાન છે, તેનું નામ ભાવશક્તિ કહે છે. આહાહા..! અહીંયા મલિનતાની વાત છે જ નહિ. એ તો પછી લેશે. આહાહા..!

અભાવશક્તિનો અર્થ-આત્મામાં એક અભાવ નામનો ગુણ, શક્તિ, સત્ત્વ છે. તો એનું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કાર્ય શું? આઠ કર્મની અવસ્થાનું અવિદ્યમાનપણું. આહાહા..! સમજાય છે કાંઈ? ભગવાનઆત્મા આનંદની પર્યાયમાં અને અનંતગુણની પર્યાયમાં નિર્મળ વિદ્યમાન અવસ્થા છે પણ આઠ કર્મની અવસ્થાથી શૂન્ય છે. આહાહા..! સમજાય છે કાંઈ? આઠ કર્મ છે એ તો જડ છે પણ એનો જે ઉદય છે એમાં જે વિકાર થાય છે, આઠ કર્મથી શૂન્ય છે તો ભાવકર્મથી પણ શૂન્ય છે. સમજાય છે કાંઈ? આહાહા..!

**'શૂન્ય (–અવિદ્યમાન) અવસ્થાવાળાપણારૂપ...'** ભાવકર્મની અવસ્થાનું પણ અવિદ્યમાનપણું. આહાહા..! દયા, દાન, ભક્તિ, વ્રત, તપના વિકલ્પ જે છે તેનાથી તો આત્માની અવસ્થા શૂન્ય છે. આહાહા..!

મુમુક્ષુ :– ભાવકર્મ કહો એ તો બરાબર છે, પણ દયા, દાન કહો છો...

ઉત્તર :– દયા, દાન એ ભાવકર્મ છે. સ્પષ્ટીકરણ કરાવે છે. શુભજોગ, શુભજોગ. એમાં આવે છે, ક્યાં હશે ખબર નહિ. 'અધ્યાત્મ પંચસંગ્રહ'માં આવે છે. દાન, શીલ, તપ બધા શુભજોગ બંધનું કારણ છે. આ સમયસારનો નિચોડ.. એમ એમાં આવે છે. કે પુણ્ય-પાપથી ભિન્ન છે. ભાવ પુણ્ય-પાપ, હોં! જડ પુણ્ય-પાપ એ કર્મમાં ગયા. આહાહા..! અહીંયા હજી વાંધા લોકોને. મૂળ શક્તિની અને શક્તિવાનની ખબર નથી. તો કહે છે કે, રાગ દયા, દાન, વ્રતાદિ છે એને નહિ માનો તો તમે નરકમાં જશો. એમ કહે છે. અરે..! પ્રભુ! સાંભળ તો ખરો, નાથ! બાપુ! આહાહા.! સમજાય છે કાંઈ?

અહીંયા તો પરમાત્મા એમ કહે છે, પ્રભુ! તું વસ્તુ છો કે નહિ? તો વસ્તુમાં વસેલી, રહેલી શક્તિઓ છે કે નહિ? વસ્તુ એને કહીએ કે જેમાં શક્તિનો વસવાટ છે. ગામ એને કહીએ કે જેમાં પ્રજાનો વસવાટ હોય. તમે વસવાટ નથી કહેતા? શું શબ્દ છે? ક્યાં ગયા ભાઈ? ગયા? બહારગામ ગયા. હિન્દી છે, એ તો હિન્દી બોલે છે ને! 'શુકનલાલ' એને અભ્યાસ ઘણો છે. નાની ઉંમરમાં બ્રહ્મચર્ય લઈ લીધું છે. એક જ છોકરી છે, બીજું કાંઈ નથી. ઘણો અભ્યાસ. અહીં નથી બેસતા? 'શુકનલાલ' એને ઘણું યાદ રહે છે.

અહીંયા કહે છે કે, એ દાન, શીલ, તપ ભાવ આદિ તો વિકારી પર્યાય છે, ભાવકર્મ છે. ભગવાનઆત્મામાં અભાવ નામનો ગુણ–શક્તિ છે તે કારણે વિકારી પર્યાયથી આત્મા શૂન્ય છે, પર્યાયમાં શૂન્ય છે. અભાવ નામની શક્તિ છે તો દ્રવ્ય-ગુણમાં તો છે જ પણ પર્યાયમાં અભાવપણાનું પરિણમન થવાથી વિકારી પરિણામ–ભાવકર્મથી એ અવસ્થા શૂન્ય છે. આહાહા..! 'રતનચંદજી'! આવી વાતું છે. શું કરે? એને ખબર નથી એટલે.. 'જૈનદર્શન'માં આવે છે ને? 'કરુણાદીપ' બહુ વિરોધ કરે છે. પ્રભુ! વિરોધ ન કર, નાથ! તારા ઘરની વાત છે, પ્રભુ! તને ખબર નથી, ભાઈ!

મુમુક્ષુ :– એની ઉપર કરુણા કરો.

ઉત્તર :– હા, એ તો એમ જ કહે છે. એ તો 'શ્રીમદ્'માં આવે છે. 'કોઈ ક્રિયાજડ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



થઈ રહ્યા ને શુષ્કજ્ઞાનમાં કોઈ, માર્ગ માને મોક્ષનો કરુણા ઉપજે જોઈ' 'જિનેશ્વરદાસજી'! આ કરુણા કાઢી. કોઈ ક્રિયાજડ-શુભ ને અશુભભાવ.. મૂળ તો શુભભાવમાં (ધર્મ મનાઈ ગયો છે) એ ક્રિયાજડ છે. રાગની ક્રિયામાં રોકાઈને મને ધર્મ થશે એ ક્રિયાજડ છે. અને 'શુષ્કજ્ઞાનમાં કોઈ...' ચૈતન્યની વાતુ ક્ષયોપશમથી કરે પણ અંદરમાં રાગથી રહિત પરિણમન થવું એ નથી તો એ શુષ્કજ્ઞાની છે. આહાહા..! 'કોઈ ક્રિયાજડ થઈ રહ્યા..' ગુજરાતી ભાષા સહેલી છે. 'શુષ્કજ્ઞાનમાં કોઈ..' જ્ઞાનની વાત કરે પણ રાગની રુચિનો પ્રેમ ખસે નહિ. આહાહા..! શુભરાગનો અને અશુભરાગનો અંદરથી પ્રેમ દૂર થાય નહિ તેને શુષ્કજ્ઞાની કહેવામાં આવે છે. આહાહા..! કેમ કે આત્મામાં વિકારી પરિણામના અભાવસ્વભાવરૂપ ભાવ છે. વિકારી પરિણામની અવસ્થાનો ભાવ આત્માની પર્યાયમાં છે તેને અહીંયા આત્મા જ કહેતા નથી. સમજાય છે કાંઈ? આ તો આત્મદર્શનની વાત ચાલે છે ને?

આત્મા અને આત્માની શક્તિઓ અને એ શક્તિનું વર્તમાનમાં દ્રવ્ય, ગુણ, પર્યાયમાં વ્યાપવું. જે અભાવશક્તિ છે તેનું પર્યાયમાં અભાવપણે પરિણમન થાય છે. કોનો અભાવ? કે આઠ કર્મના ભાવથી અવસ્થા શૂન્ય છે. આહાહા..! જ્ઞાનાવરણીયકર્મથી આત્માની અવસ્થા શૂન્ય છે. દર્શનાવરણીયકર્મથી આત્માની અવસ્થા શૂન્ય છે. એમ વેદનીયકર્મથી આત્મા શૂન્ય છે. મોહકર્મથી શૂન્ય છે, દર્શનમોહથી શૂન્ય છે, ચારિત્રમોહથી શૂન્ય છે. આહાહા..! નામકર્મથી.. નામકર્મની ૯૩ પ્રકૃતિ છે એનાથી શૂન્ય છે. આહાહા..! ગોત્રકર્મ છે પણ એનાથી આત્મા શૂન્ય છે. આહાહા.! હવે અહીં કહે છે, કર્મ અમને નડે છે. નડેને શું કહે છે? હેરાન કરે છે, હેરાન કરે છે. કર્મ હેરાન કરે છે. અરે..! ભગવાન! 'કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ' આવે છે કે નહિ? સ્તુતિમાં આવે છે. 'ચંદ્રપ્રભુ' ભગવાનની સ્તુતિમાં. 'કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ'. કર્મ બિચારા જડ છે, એની અવસ્થાથી તો આત્મા શૂન્ય છે. એ તો પરની અવસ્થાથી શૂન્ય છે પણ તેના નિમિત્તે થયેલી વિકારી દશા... આહાહા..! તેનાથી પણ અભાવશક્તિને કારણે શૂન્ય છે. આહાહા..! પોતાના આનંદસ્વભાવથી અશૂન્ય છે અને રાગસ્વભાવથી શૂન્ય છે. આહાહા..! આ ભાવઅભાવ. ઓહોહો..! આચાર્યે કામ કર્યું છે! ગજબ! 'અમૃતચંદ્રાચાર્ય'. આહાહા..! ઘરમાં ભાઈના લગન હોય, ભાઈના લગન, અને નાના ભાઈનો છોકરો વર્ષ-દોઢ વર્ષનો હોય એને હિંચોળે નહિ તો રોવે. એને ખબર નહિ કે ભાઈના લગનમાં ન રોવાય. એને કંઈ ખબર છે? એમ અહીંયા આત્માના અંતરમાં લગન ચાલે છે. ભાઈ! તારા ભાઈના લગન ચાલે છે. આત્મા આનંદનો નાથ, એના લગન અંદરમાં એકાગ્ર થઈને ચાલે છે. પણ સમજે નહિ તો રોવે. આહાહા..! શું કહ્યું?

આઠે કર્મ જે ૧૪૮ પ્રકૃતિ.. આહાહા...! નામકર્મમાં જે તીર્થંકર પ્રકૃતિ જે છે તેની અવસ્થાથી આત્મા શૂન્ય છે. આહાહા...! કેમકે પોતાની અનંત પવિત્ર શક્તિઓથી વિદ્યમાન ભાવશક્તિને કારણે પવિત્ર શક્તિની મોજૂદગી છે ત્યાં અપવિત્ર કર્મ પ્રકૃતિ નામકર્મની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અવસ્થાથી પણ શૂન્ય છે. આહાહા..! બીજી વાત. ષોડશ કારણ ભાવના આવે છે ને? શું કહે છે? પંડિતજી! સોળહ તીર્થંકરપદ પાય. તો કહે છે કે, તીર્થંકરના કારણરૂપ જે ષોડશ ભાવના છે એ ભાવનાથી ભગવાન શૂન્ય છે. આહાહા..! સમજાય છે કાંઈ? આ વાત આકરી પડે. લોકોને કાને આવી નથી ને એટલે પરંપરા તૂટી ગઈ. ગુરુગમ રહ્યા નહિ. ભાઈએ લખ્યું છે નહિ? 'જયચંદજી' પંડિતે પાછળ (લખ્યું છે), 'સમયસાર'ની સત્ય વાતનો ગુરુગમ છૂટી ગયો. આહાહા..! 'સમયસાર'માં પાછળ છે. સમજાય છે કાંઈ? આ 'સમયસાર' છે ને? પાછળ છે ને? **'આ ગ્રંથના ગુરુસંપ્રદાયનો (–ગુરુપરંપરાગત ઉપદેશનો) વ્યુચ્છેદ થઈ ગયો છે.'** હિન્દીમાં ૬૦૪ પાનું છે. એની છેલ્લી લીટી. છેલ્લેને શું કહે છે? આખરી. **'આ ગ્રંથના ગુરુસંપ્રદાયનો (–ગુરુપરંપરાગત ઉપદેશનો) વ્યુચ્છેદ થઈ ગયો છે.'** આહાહા..! ગુરુ નહોતા. આહાહા..! સમજાય છે કાંઈ? તદ્દન છેલ્લે.

**'સમયસાર અવિકારકા, વર્ણન કર્ણ સુનંત**
**દ્રવ્ય-ભાવ-નોકર્મ તજિ, આત્મતત્ત્વ લખંત.'**

એની નીચે છે. એ કડીની નીચે છેલ્લે છે. પંડિતજીને મળ્યું? સમજાય છે કાંઈ? આ તો અલૌકિક વાતું છે, બાપુ! આહાહા...! લોકોને ખટકે છે. દયા, દાન, વ્રત ને ભક્તિ ને પૂજા એ ધર્મ નહિ? અરે..! ભગવાન! સાંભળ તો ખરો નાથ. તારામાં પવિત્રતા ભરી છે તો એની પર્યાય પવિત્ર થાય છે. સમજાય છે કાંઈ? અપવિત્રતાથી તો એ શૂન્ય છે. આહાહા..! સમજાય છે કાંઈ?

દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મ એ ત્રણેથી શૂન્ય છે. આઠકર્મથી અભાવરૂપ શૂન્ય છે અને ભાવકર્મથી અભાવરૂપ શૂન્ય છે અને નોકર્મ આ ઔદારિક આદિ પાંચ શરીર છે, ઔદારિ, વૈક્રિયક, આહારક, તૈજસ, કાર્મણ. કાર્મણમાં ૧૪૮ પ્રકૃતિ ઉત્કૃષ્ટ કોઈ જ્ઞાનીને હોય છે. સમજાય છે કાંઈ? કારણ કે તીર્થંકર પ્રકૃતિ તો જ્ઞાનીને હોય છે, અજ્ઞાનીને તો હોતી નથી. એમ આહારકનું બંધન પણ સમકિતીને થાય છે, અજ્ઞાનીને નથી થતું. એટલે કોઈ સમકિતીને સત્તામાં ૧૪૮ પ્રકૃતિ હોય છે. મિથ્યાદૃષ્ટિને ૧૪૮ નથી હોતી. થોડી ઓછી હોય છે. સમજાય છે કાંઈ? અહીં તો એટલું કહેવું છે કે જે પ્રકૃતિએ બંધન પડે એ ભાવ આત્મામાં અભાવશક્તિને કારણે તે ભાવની શૂન્યતા છે. આહાહા..! આવો માર્ગ ઝીણો, બાપુ! એને ન બેસે, હોં!

મહાપ્રભુ પવિત્રતાનો સાગર અંદર ઉછળે છે. આહાહા..! ચૈતન્ય રત્નાકર પવિત્રતાના પિંડનો નાથ પ્રભુ, પવિત્રતાનો રક્ષક છે–નાથ. નાથ કોને કહે છે? જે કોઈ વસ્તુ છે તેની રક્ષા કરે અને નહિ મળેલી વસ્તુને મેળવી દે. જોગક્ષેમના કરનારને નાથ કહે છે. યોગક્ષેમ વર્તમાન જે દશા છે તેની રક્ષા કરે. નિર્મળની, હોં! આહાહા..! અને પૂર્ણ કેવળજ્ઞાન નથી તેને મેળવી દે, લાવે. આહા..! એવો ભગવાન પોતાનો નાથ છે. સમજાય છે કાંઈ? આહા..!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કેટલી સ્પષ્ટ વાત છે! ૪૭ શક્તિમાં તો એટલું ભરી દીધું છે.. આહાહા..! 'અમૃતચંદ્રાચાર્યે' તો ગજબ કામ કર્યાં છે. 'કુંદકુંદાચાર્યે' પંચમઆરાના તીર્થંકર જેવું કામ કર્યું, આમણે ગણધર જેવું કામ કર્યું. આહાહા..!

કહે છે, આ શક્તિમાં શબ્દ તો આટલા છે, પાઠમાં તો આટલું છે. શૂન્ય. છે ને? '**शून्यावस्थत्वरूपा अभावशक्तिः**' લ્યો, આટલા અક્ષર, અક્ષર તો આટલા છે. કેટલા? એક, બે, ત્રણ, ચાર, પાંચ, છ, સાત, આઠ.. તેર-ચૌદ-પંદર અક્ષર છે. પણ એના અર્થમાં તો ઘણી ગંભીરતા છે. 'દીપચંદજી'એ શક્તિનું વર્ણન કર્યું છે. 'પરમાત્મ પુરાણ'. સમજાય છે કાંઈ? બીજા કોઈએ કર્યું નથી. એક 'અમૃતચંદ્રાચાર્યે' શક્તિનું વર્ણન કર્યું અને એ શક્તિનું સ્પષ્ટીકરણ 'દીપચંદજી'એ કર્યું. એવું બીજી કોઈ જગ્યાએ આવતું નથી. 'સમયસાર નાટક'માં થોડા નામ આવે છે. નટ, થટ એવું. વાત તો એવી હોવી જોઈએ ને!

ભગવાનઆત્મા મહાપ્રભુ છે, એ ચૈતન્ય ભગવાન છે. આહાહા..! તો એનું જેને અંતરમાં ભાન થયું, નિર્વિકલ્પ દૃષ્ટિ થઈને સમ્યગ્દર્શન થયું અને સમ્યગ્દર્શનની શક્તિ જે અંદર શ્રદ્ધા છે, તેના પરિણમનમાં સમ્યગ્દર્શનની પર્યાય થઈ તે પવિત્રતાની ભાવશક્તિની વિદ્યમાનતા છે. અને કર્મના નિમિત્તે રાગાદિ અને મિથ્યાત્વ આદિકની શૂન્યતા. આહાહા..! સમજાય છે કાંઈ? આવો માર્ગ છે, ભાઈ! સમજાય છે કાંઈ? શું કહ્યું?

'**શૂન્ય (–અવિદ્યમાન) અવસ્થાવાળાપણારૂપ...**' અવસ્થાયુક્ત નહિ, એમ. કોની? કર્મની, શરીરની, આ ઔદારિક આદિ. આ ઔદારિક શરીર છે. આ અવસ્થા છે. એ અવસ્થાથી ભગવાન શૂન્ય છે. સમજાય છે કાંઈ? આ અવસ્થા આમ કરે છે એ આત્મા નથી કરતો. સમજાણું કાંઈ? કેમ કે એ અવસ્થા આત્મામાં શૂન્ય છે. શરીરની અવસ્થા આત્મામાં શૂન્ય છે, અભાવશક્તિ છે. આહાહા..! સમજાય છે કાંઈ? એમ આહારક શરીર. મુનિને આહારક શરીર હોય છે ને? એ આહારક શરીરની અવસ્થાથી ચૈતન્ય તો શૂન્ય છે. આહાહા..! ગજબ વાત છે. વિકલ્પ આવે છે કે આહારક શરીર હોય તો હું ભગવાન પાસે જાઉં ને પ્રશ્ન (પૂછું). પણ કહે છે કે, એ વિકલ્પ અને આહારક શરીરની અવસ્થા બન્ને આત્મામાં નથી. અને ભગવાન પાસે જાય છે તો પૂછ્યા વિના એનું સમાધાન થઈ જાય છે. એવી અંદરમાં યોગ્યતા છે. આહાહા..! આહારક શરીર થયું તો મારી પાસે આવ્યું, એમ પણ નહિ. આહાહા..! અને મારી પાસે આવવાનો વિકલ્પ આવ્યો એ પણ તારામાં નથી. આહાહા..! આવો માર્ગ.

વિદ્યમાન અવસ્થાયુક્ત, એ ભાવશક્તિ. અને અવિદ્યમાન અવસ્થાયુક્ત એ અભાવશક્તિ. આહાહા..! સમજાય છે કાંઈ? '**શૂન્ય (–અવિદ્યમાન) અવસ્થાવાળાપણારૂપ...**' શૂન્ય અવસ્થાયુક્ત. શૂન્ય અવસ્થા સહિત. એમ શબ્દ છે ને? શૂન્ય અવસ્થા સહિત. એટલે કે આઠે કર્મના પર્યાયની અવસ્થાથી શૂન્ય આત્મા, એ અવસ્થા યુક્ત છે. આહાહા..! અહીં પોકાર કરે છે કે અરે..! અમને કર્મ હેરાન કરે છે, કર્મથી વિકાર થાય છે. અરે..! પ્રભુ! તારો ભાવ છે,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કર્મના નિમિત્તને આધીન થઈને તું ભાવ કરે છે. એ પણ સ્વભાવની દૃષ્ટિની અપેક્ષાએ એ ભાવનો પણ તારામાં અભાવ છે. આહાહા..! આહાહા..! અહીં સુધી ચૈતન્યતત્ત્વને જાવું, પહોંચવું કે આ ભગવાનઆત્મા (છે).

ભાવશક્તિને કારણે અનંતગુણની વિદ્યમાન પર્યાય નિર્મળ છે. અને અભાવશક્તિને કારણે કર્મ, શરીર, કાર્મણ શરીર પાંચ શરીરમાં આવે છે ને? કાર્મણ શરીર. કાર્મણ શરીરની અવસ્થાથી જીવ શૂન્ય છે. આહાહા..! સમજાય છે કાંઈ? અજ્ઞાનીને જે વિકાર થાય છે એ વિકાર સહિત છે તે અજ્ઞાની કર્તા-કર્મ માને છે પણ ધર્મીજીવ, જેને આત્માની દૃષ્ટિ થઈ એ તો રાગની અવસ્થાથી શૂન્ય મારી દશા છે, એમ માને છે. આહાહા..! સમજાય છે કાંઈ? રાગથી ભિન્ન થઈને ભેદજ્ઞાન થયું ત્યાં આગળ રાગની અવસ્થાથી ભગવાન ભેદજ્ઞાનમાં તો શૂન્ય છે. આહાહા..! રાગ સહિત છે એવું પર્યાયદૃષ્ટિમાં છે. પણ એ તો પર્યાયદૃષ્ટિમાં, જેને દ્રવ્યની દૃષ્ટિ નથી અને દ્રવ્યની ખબર નથી. આહાહા..! એક સમયની પર્યાયમાં–અવસ્થા સહિત જેને પોતાનું અસ્તિત્વ સ્વીકાર્ય છે તેને વિકારસહિત અવસ્થા છે. એ પરિભ્રમણ છે, દુઃખ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

જ્યાં ભગવાનઆત્મા અનંતશક્તિઓનો ભંડાર, ગોદામ... આહાહા..! એ શક્તિના ગોદામમાંથી, અભાવશક્તિ પણ અંદર ગોદામમાં પડી છે, એ દ્રવ્ય ઉપર, વસ્તુ ઉપર ધ્યેય લગાવવાથી જે દ્રવ્યનું ભાન થયું... આહાહા..! એ દશામાં કાર્મણની ૧૪૮ પ્રકૃતિની અવસ્થાથી પણ એ દશા શૂન્ય છે. આહાહા..! સમજાય છે કાંઈ? આવું ગળે ઉતારવું...? છે અને નથી? કઈ અપેક્ષાથી વાત છે? પ્રભુ! તારી ચીજ જે આત્મા પ્રભુ છે એની શક્તિઓ અનંત છે. એ અનંતશક્તિનું એકરૂપ આત્મા, તેનો જેને અનુભવ થયો, સમ્યગ્દર્શન થયું, રાગથી ભિન્ન ભાન થયું તેને અહીંયા કહે છે કે અભાવશક્તિ પરથી શૂન્ય છે. અજ્ઞાની તો પોતામાં છે એમ માને છે. વિકારી અવસ્થા અને કર્મનો મારે સંબંધ છે એમ અજ્ઞાની માને છે. આહાહા..! આવી વાત.

એક કોર 'ગોમ્મટસાર'માં એમ કહે, જ્ઞાનાવરણી કર્મ... જ્ઞાનાવરણીયકર્મ.. શું આવ્યું એમાં? જ્ઞાનને રોકે. જ્ઞાનને આવરણ કરે, ભાષા એવી છે. સમજાય છે કાંઈ? એ તો નિમિત્તના કથન છે. પોતાની પર્યાયમાં દ્રવ્ય સ્વભાવની દૃષ્ટિનો અભાવ છે તો હિણી અવસ્થારૂપે પોતાને કારણે પરિણમે છે તો જ્ઞાનાવરણીયકર્મ એમાં નિમિત્ત કહેવામાં આવે છે. એ નિમિત્ત કહેવામાં આવે છે એને એમ કહ્યું કે એણે આવરણ કર્યું. એ તો વ્યવહારનું કથન છે. ભાવઘાતિ કરનારા.. આહાહા..! ગજબ વાત છે. જ્ઞાનની હિણી દશા ભાવઘાત કરનારને જ્ઞાનાવરણીય દ્રવ્યઘાતિ નિમિત્ત કહેવામાં આવે છે. પણ જ્યાં ભાવઘાતિ પર્યાય જ મારામાં નથી... આહાહા..! દ્રવ્યઘાતિકર્મ તો મારામાં છે જ નહિ. એ દ્રવ્યકર્મમાં ગયા. પણ ભાવઘાતિ જે વિકૃત અવસ્થા છે.. આહાહા..! તેનો પણ મારી ચીજમાં અભાવ છે, શૂન્ય છે. સમજાય છે કાંઈ? ભાઈ!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


માર્ગ આવો છે, પ્રભુ! માર્ગ નહિ, એ તત્ત્વ જ એવું છે.

ચૈતન્યતત્ત્વ ભગવાનઆત્મા.. આહાહા..! આત્માનું જેને આત્મજ્ઞાન થયું.. આત્મજ્ઞાન કહે છે ને? ત્યાં એમ નથી કહેતા કે કર્મનું જ્ઞાન ને રાગનું જ્ઞાન ને પર્યાયનું જ્ઞાન. આહાહા..! આત્મજ્ઞાન એટલે આત્મામાં અનંતશક્તિનું એકરૂપ તેનું જેને સ્વસન્મુખ થઈને અંતર જ્ઞાન થયું તો કહે છે કે એ જ્ઞાનીને તો કર્મના નિમિત્તે જે અવસ્થા થઈ, તેનાથી શૂન્ય છે. આહાહા..! 'જ્ઞાનચંદજી'! આહાહા.! આવી વાતું સર્વજ્ઞ સિવાય આ ક્યાંય હોય નહિ. એક તો કર્મ છે એમ સ્વીકાર કરે છે અને કર્મના નિમિત્તે અવસ્થા છે એમ સ્વીકાર કરે છે પણ સ્વરૂપમાં નથી એમ અસ્વીકાર છે. આહાહા..!

જેને સ્વરૂપદૃષ્ટિ થઈ, સ્વરૂપદૃષ્ટિ-સ્વભાવદૃષ્ટિ થઈ તેને સ્વરૂપદૃષ્ટિમાં તો અનંતશક્તિરૂપ એનું સ્વરૂપ પર્યાયમાં પરિણમન નિર્મળ વિદ્યમાન છે. આહાહા..! આનંદની અવસ્થા વિદ્યમાન છે, ઈશ્વરની-પ્રભુતાની અવસ્થા વિદ્યમાન છે, સ્વચ્છતાની વિદ્યમાન છે, કર્તા, કર્મ આદિ શક્તિઓની વર્તમાન પર્યાય નિર્મળ છે, તેમાં કર્મના નિમિત્તે અને શરીરની અવસ્થા, પાંચે શરીર (તેનો અભાવ છે). આહાહા..! ૧૪૮ કર્મની પ્રકૃતિની અવસ્થાથી પ્રભુ શૂન્ય છે. આહાહા..!

'પ્રવનચસાર'માં એ લીધું છે, ભાઈ! શૂન્ય, અશૂન્ય. 'પ્રવચનસાર' અસ્તિ-નાસ્તિ લઈને સ્વપણે અસ્તિ છે, પરપણે નાસ્તિ છે. એમ અર્થ કરીને પછી એમ લીધું. સંસ્કૃત ટીકા-પોતાથી અશૂન્ય છે અને પરથી શૂન્ય છે. 'પ્રવચનસાર'માં છે. સમજાય છે કાંઈ? પહેલા એમ લીધું કે પોતાથી અસ્તિત્વ છે અને પરથી નાસ્તિત્વ છે. પછી એને સ્પષ્ટ કરતા (કહે છે), પોતાથી અશૂન્ય છે, અશૂન્ય છે અને પરથી શૂન્ય છે. 'પ્રવચનસાર'માં આવે છે ને? ભાઈ! સપ્તભંગી વળી એ યાદ આવી ગઈ. એ તો આવે. આ શૂન્ય શબ્દ આવ્યો ને? આહાહા..! પહેલામાં ભાવશક્તિમાં વિદ્યમાન શબ્દ હતો અને આ શૂન્ય (શબ્દ) છે. આહાહા..!

તારો સ્વભાવ, ચૈતન્યના નિધાનની નજરું.. આહાહા..! એ તો કહ્યું હતું ને? એમાં લીધું છે કે જેમ નરકમાં સ્વર્ગના સુખની ગંધ નથી, સ્વર્ગમાં નરકના દુઃખની હયાતી નથી. આહાહા..! સમજાય છે કાંઈ? સૂર્યના પ્રકાશમાં અંધકારનો અભાવ છે—શૂન્ય છે. એક પરમાણુમાં પીડાનો અભાવ છે. એમ ભગવાનઆત્મામાં વિકાર અને કર્મનો અભાવ છે. આહાહા..! અરે..! આવો નાથ એને બેસે નહિ અને હું પરાધીન. એ પરાધીન પણ એનામાં એક ઈશ્વરશક્તિ છે. એમાં એક ઈશ્વર નામની શક્તિ છે. 'પ્રવચનસાર'માં ૪૭ નયમાં (આવે છે). પરાધીન. જેમ બાળક ધાયમાતાને પરાધીન થઈને... શું કહેવાય? ધાવે છે ને? ધાવે છે એને શું કહે? ધવડાવે. બાળક પરાધીન તમારી ભાષા કઈ છે? ધાઈમાતા હોય ને? ધાઈમાતાને પરાધીન થઈને ધાવે છે.

મુમુક્ષુ :- દૂધ પીવડાવે છે.

ઉત્તર :- દૂધ પીવડાવે નહિ, .. પી લે છે. એમ ભગવાનઆત્મા.. એ દૃષ્ટાંત આપ્યું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. 'પ્રનચનસાર'માં દૃષ્ટાંત આપ્યું છે. સમજાણું કાંઈ? ૩૪મી નય છે, ૪૭ નયમાં ૩૪મી નય છે. **'આત્મદ્રવ્ય ઈશ્વરનયે...'** સંસ્કૃત ટીકા છે. **'પરતંત્રતા ભોગવનાર છે. ધાવની દુકાને ધવડાવવામાં આવતા મુસાફરના બાળકની માફક.'** મુસાફરનું બાળક હોય અને માતાને દૂધ ન હોય. ગામમાં આવ્યા હોય તો ધાવમાતા પાસે ધવડાવે. એમ ભગવાનઆત્મા પોતાની પર્યાયમાં નિમિત્તને આધીન થઈને વિકાર થાય છે તેનું નામ ઈશ્વરનય. આહાહા..! ૩૪મી. આ પણ ૩૪મી શક્તિ છે. સાચી વાત. આ પણ ૩૪મી શક્તિ ચાલે છે. આહાહા..!

અહીંયા તો કહે છે, એ નયજ્ઞાનનો અધિકાર હોય તો જ્ઞાનથી તો જણાય છે કે મારી પર્યાયમાં વિકૃતપણું છે એનાથી હું શૂન્ય નથી, અસ્તિ છે. એ તો જ્ઞાન જાણે છે પણ દૃષ્ટિનો વિષય અને દૃષ્ટિનું જ્યારે કથન ચાલે ત્યારે તો અશુદ્ધતાની વિદ્યમાનતા એનામાં છે જ નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? 'સમયસાર'તો શક્તિનું વર્ણન છે ને! તો શક્તિ તો દ્રવ્યની શક્તિ છે. દ્રવ્યદૃષ્ટિનું વર્ણન છે અને 'પ્રવનચસાર'માં જ્ઞાનપ્રધાન કથન છે તો ૪૭ નય ત્યાં એ રીતે લીધા છે. સમજાય છે કાંઈ? અહીંયા કર્તા આદિમાં એમ આવશે કે આત્મા રાગાદિનો કર્તા છે જ નહિ. એ કર્તા છે તે નિર્મળ પરિણમન છે તેનો કર્તા છે. સમજાય છે કાંઈ? દૃષ્ટિપ્રધાનના દ્રવ્ય સ્વભાવની અપેક્ષાના વર્ણનમાં એમ આવે છે પણ દૃષ્ટિની સાથે જે જ્ઞાન થયું તે જ્ઞાન પોતામાં રાગના કણરૂપે, જેટલા અંશરૂપે પરિણમન છે તેનો કર્તા છે એમ જ્ઞાન જાણે છે. આહાહા..! સમજાય છે કાંઈ?

મુનિ પણ એમ જાણે છે. 'અમૃતચંદ્રાચાર્ય' એમ આવ્યું ને? 'कल्माषितायाम्' અહીં ના પાડે છે એ કલ્માષિત અવસ્થા આત્મામાં છે જ નહિ. ત્યાં ત્રીજી ગાથામાં તો એમ કહ્યું, હું વસ્તુ તરીકે દ્રવ્ય તરીકે તો શુદ્ધ છું પણ મારી પર્યાયમાં અનાદિકાળથી કલ્માષિત–અશુદ્ધતા ચાલી આવે છે. આહાહા..! એ આ 'અમૃતચંદ્રાચાર્ય' શક્તિનું વર્ણન કરનારા (કહે છે). એ 'અમૃતચંદ્રાચાર્ય' એમ કહે છે કે મારી પર્યાયમાં અનાદિથી અશુદ્ધતા ચાલી આવે છે. 'कल्माषितायाम्'. આહાહા..! દુઃખનું વેદન મારી પર્યાયમાં છે. આહાહા..! અહીંયા કહે છે કે દુઃખના વેદનની અવસ્થાનો અભાવ છે.

મુમુક્ષુ :– બંને અપેક્ષા બરાબર છે?

ઉત્તર :– બન્ને. જે અપેક્ષાએ કહ્યું તે અપેક્ષાએ જાણવું જોઈએ ને! આહાહા..! સમજાય છે કાંઈ? આહા..! ભાઈ! તારી ચીજને સમજવી, જાણવી કોઈ અલૌકિક ચીજ છે. લૌકિકથી પ્રાપ્ત થતી નથી. આહાહા..!

'દ્રવ્યસંગ્રહ'માં વ્યવહારનયને લૌકિક કહ્યું છે. 'દ્રવ્યસંગ્રહ'માં લૌકિક–લૌકિક (કહ્યું છે). ટીકામાં વ્યવહારનયને કથનમાત્ર એમ કહ્યું છે. પાંચમો શ્લોક. કથનમાત્ર. આહાહા..! એને જ પકડી લે. વ્યવહારથી કહ્યું હોય. આહાહા..! એ આવ્યું ને? 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં અને એમાં પણ કે, સિંહને બતાવવો હોય, સિંહ ન હોય તો બિલાડીને સિંહ કહે. બિલાડીને સિંહ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કહે. સિંહ કહે તોપણ એ સિંહ નથી. ફક્ત એને ઓળખાવવા માટે કહે કે આવો સિંહ હોય છે. ક્રૂર ને આવો... ઉંદર ઉપર થપાટ મારે ને... પકડ પકડમાં ફેર છે. પોતાના બચ્ચાને પણ દાંતમાં પકડે અને ઉંદરને પકડે, બન્નેમાં ફેર છે. પકડ પકડમાં ફેર છે. ઉંદર.. ઉંદર કહે છે? ચૂહા. ઉંદરને દાંત ભીંસી દે, અને પોતાના બચ્ચાને પકડે છે.. સાત દિવસ રાખે છે ને? સાત દિવસ પછી બચ્ચાને બિલાડી ફેરવે છે ને? એ મોઢામાં લઈને ફેરવે છે પણ ત્યાં પોચુ પોચુ (પકડે). સમજાય છે કાંઈ? અમે તો બધું નજરે જોયું છે. 'દામનગર'માં ભાઈ અપાસરો છે ને? એની સામે દુકાન હતી. 'વિઠ્ઠલ શેઠ'. આ ભાઈ છે ને? પૈસાવાળા છે ને? 'મુંબઈ'. એના બાપ હતા, 'વિઠ્ઠલ શેઠ'. એની દુકાન હતી. દાણાની દુકાનમાં મીંદડી જાય. આટલા મોટા ઉંદરને થપાટ કરીને મારે. થપાટ મારીને પછી પાછળના ભાગમાં ખાવા જાય. આમ લટકતો નીકળે. આહાહા..! નજરે જોયું છે. સમજાય છે કાંઈ? એ તો ભીંસ દઈને (પકડે). મરી જ જાય એ તો. અને બિલાડી પોતાના બચ્ચાને મોઢામાં લઈને, બે-ચાર બચ્ચા હોય તો એકને મોઢામાં લઈને (પકડે). સમજાય છે કાંઈ?

એમ જ્ઞાની રાગની અવસ્થાથી શૂન્ય છે, એ રાગને પકડતા નથી. ઉંદરને જેમ પકડે છે એમ એ પકડતા નથી. આહાહા..! સમજાય છે કાંઈ? આવી વાતું છે. આ તો બધું જોયું છે ને! એક એક વાતનો વિચાર કરતા કરતા જોયું હોય એ કઈ રીતે ચાલે છે. મોટો ઉંદર. પાટિયામાં બેઠા હોય, અપાસરામાં નીકળે. પાછળ વાડામાં. વાડો સમજ્યા? વાડા કહે છે? ખાવા માટે અંદર જાય. ખાલી જગ્યા હોય ને! આહાહા..! અહીં કહે છે, ભગવાનઆત્મા, રાગની પકડ નથી, રાગથી તો શૂન્ય છે. રાગ થાય છે, વ્યવહાર આવે છે. શું કહ્યું? ધર્મીને પણ દયા, દાન, પૂજા, ભક્તિનો ભાવ આવે છે પણ એ ભાવથી પર્યાય શૂન્ય છે. આહાહા.! એવો દ્રવ્યનો સ્વભાવ છે. અહીંયા અભાવશક્તિનું વર્ણન છે ને! દ્રવ્યનો સ્વભાવ એ અભાવ સ્વભાવશક્તિ છે. આહાહા..! માર્ગ એવો છે, ભાઈ! લોકોને આ નવું લાગ્યું. નવો માર્ગ કાઢ્યો, એમ લોકોને લાગે છે. ભાઈ! નવો નથી, પ્રભુ! તને ખબર નથી, બાપા! તારી શક્તિના સ્વભાવનું વર્ણન જ આ છે. સમજાય છે કાંઈ? તું એમ કહે કે, દયા, દાન ને વ્રત નહિ કરે તો પછી પાપ કરશે. ભાઈ! એ પ્રશ્ન અહીં ક્યાં છે. અહીં તો દયા, દાન, વ્રતનો શુભભાવ છે એની રુચિ છોડ. કેમ કે એ અવસ્થા તારા દ્રવ્ય, ગુણ, પર્યાયમાં છે નહિ. સમ્યક્પર્યાયમાં એ અવસ્થા નથી. આહાહા..! 'પાટનીજી'! આહાહા..! બાપુ! આ તો વીતરાગ ત્રણલોકના નાથ 'સીમંધર' ભગવાન બિરાજે છે. આહાહા..! એમનાથી આવેલી આ વાત છે. સમજાય છે કાંઈ?

એમ કહે છે, પ્રભુ તો એમ કહે છે, ભાઈ! તારા દ્રવ્ય, ગુણમાં તો અશુદ્ધતા નથી પણ તારી પર્યાયમાં અભાવશક્તિને કારણે અશુદ્ધતાથી શૂન્ય છે. આહાહા..! સમજાય છે કાંઈ? સમ્યગ્દષ્ટિને આમ ભાસે છે, એમ કહે છે. મિથ્યાદષ્ટિને એમ ભાસતું નથી. રાગસહિત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ભાસે છે. શુદ્ધતા મારી છે અને શુદ્ધતાથી પરિણમન થયું એમાં અશુદ્ધતા શૂન્ય છે. એવી દૃષ્ટિનો જેને વિરહ છે તેને અશુદ્ધતા ભાસે છે. પણ સમ્યગ્દૃષ્ટિનો જેને સદ્‌ભાવ છે... આહાહા..! 'યશપાલજી'! આવો માર્ગ છે. કાલે 'યશપાલજી' આવ્યા હતા, ખુશી બતાવતા હતા. ઓહોહો..! માર્ગ.. બાપુ! આહાહા..! અહીંયા તો પ્રસન્નતાનો અંકુર ફૂટ્યો એ આત્માની વિદ્યમાનતા છે. આનંદની. દુઃખના વિકલ્પથી તો શૂન્ય છે, પ્રભુ! આહાહા..! સમજાય છે કાંઈ?

**'શૂન્ય (–અવિદ્યમાનતા) અવસ્થાવાળાપણારૂપ અભાવશક્તિ. (અમુક અવસ્થા..)'** અમુક એટલે વિકારી અવસ્થા **'(જેમાં અવિદ્યમાન હોય..)'** જેમાં નથી **'(એવાપણારૂપ અભાવશક્તિ).'** આહાહા..! ગજબ કામ કર્યા છે. સંતોએ જગતને શાંતિનો (માર્ગ બતાવ્યો છે). શાંતિમાર્ગ બતાવે તે સંત કહીએ. આહાહા..! અહીંયા તો શાંતિ.. શાંતિ.. શાંતિ.. પ્રભુ! તારામાં તો શાંતરસ પડ્યો છે ને! આહાહા..! તો પર્યાયમાં શાંતરસ આવે છે એનું નામ ધર્મ છે. એ રાગાદિ કષાય તો અશાંત છે, દુઃખ છે. આહાહા..! એ દયા, દાન, વ્રત, તપનો વિકલ્પ ઉઠે છે એ તો દુઃખ છે, પ્રભુ! તને ખબર નથી. આહાહા.! એ દુઃખની અવસ્થાથી પ્રભુની અવસ્થા શૂન્ય છે. પ્રભુ! ભગવાનઆત્મા પ્રભુત્વશક્તિને ધરનારો ઈશ્વર.. આહાહા..! પેલી ઈશ્વરનય જુદી, આ ઈશ્વરશક્તિ જુદી. જે આ શક્તિમાં પ્રભુત્વશક્તિ છે એ અસ્તિશક્તિ છે. એ દૃષ્ટિના વિષયમાં અસ્તિ પ્રભુતાશક્તિ છે. પ્રભુતાશક્તિથી પર્યાયમાં પ્રભુતા આવે છે. અને એ પર્યાયનું લક્ષ છે, જે ઈશ્વરનય હમણા કહી એ નય ગુણમાં નથી, દ્રવ્યમાં નથી. પર્યાયમાં નિમિત્ત આધીન થવાની પર્યાયમાં યોગ્યતા છે. વિકાર કરે એવી કોઈ શક્તિ નથી. અનંતશક્તિમાંથી કોઈ શક્તિ વિકારરૂપ થાય એવી કોઈ શક્તિ નથી. વિકાર થાય છે ને? તો કહે છે, એ પર્યાયની યોગ્યતાથી વિકાર થાય છે. એ જ્ઞાન કરાવવા માટે વાત કરી. આહાહા..! પણ જ્યાં દૃષ્ટિનો વિષય અને દ્રવ્યના સ્વભાવનું વર્ણન કરે ત્યાં એ અશુદ્ધ અવસ્થાથી પ્રભુ શૂન્ય છે ને તું. આહાહા..!

અનંતગુણની પવિત્ર પર્યાયની વિદ્યમાનતામાં અમુક ગુણની અશુદ્ધતા (છે). બધા ગુણ અશુદ્ધ નથી થયા. અસ્તિવગુણ, વસ્તુત્વગુણ કદી અશુદ્ધ થતા નથી. સમજાય છે કાંઈ? અનંતગુણની શુદ્ધતાની વિદ્યમાન અવસ્થાવાળી પ્રભુ તારી વસ્તુ છે અને અશુદ્ધતાથી તો તું શૂન્ય છો. આહા..! અશુદ્ધતા એ સર્વગુણની અશુદ્ધતા થતી નથી. અમુક ગુણની જ અશુદ્ધતા થાય છે. સમજાય છે કાંઈ?

એક ફેરી ઘણા વર્ષ પહેલા કાઢ્યું હતું. ૨૧ બોલ કાઢ્યા હતા, ૨૧ શક્તિ. અશુદ્ધ થવાની ૨૧ લાયકાત જોઈ હતી. ઘણા વર્ષ પહેલા. એ તો અમારે 'જીવણલાલજી' હતા એને ખબર છે. ત્યાં હતા, 'સાયલા.. સાયલા' બહાર. મકાનમાં રાત્રે ચર્ચા કરતા હતા. અનંતશક્તિ તો શુદ્ધ જ છે. શક્તિ નહિ શક્તિનું પરિણમન પણ શુદ્ધ છે. પણ કોઈ કોઈ શક્તિમાં જેમ અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વ આવીને? તો પ્રમેયત્વ, અસ્તિત્વ, વસ્તુત્વની પર્યાય નિર્મળ છે. ફક્ત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પ્રદેશત્વગુણની પર્યાય મલિન છે. છ સામાન્યગુણમાં.. છ સામાન્યગુણ છે ને? એક પ્રદેશત્વગુણની અશુદ્ધ છે. એ અશુદ્ધતા છે એ જ્ઞાન કરાવવા માટે કહ્યું. પણ દ્રવ્યના સ્વભાવની દૃષ્ટિમાં એ પ્રદેશની અશુદ્ધતાનો પણ અભાવ છે. આહાહા..! 'જ્ઞાનચંદજી'! આહાહા..! આ જ્ઞાનચંદ્ર છે. ભગવાન શીતળસ્વરૂપ, શીતળસ્વરૂપ, જ્ઞાનચંદ્ર શીતળસ્વરૂપ છે. રાત્રે ચંદ્રમામાં શીતળતા હોય છે ને? આહાહા..! ભગવાન શીતળસ્વરૂપ આત્મા છે. શાંત.. શાંત..

અરે.! પ્રભુ! તને તારી મહત્તા ને મોટપની ખબર નથી અને તને અશદ્ધતાથી ધર્મ થાય.. અરે..! પ્રભુ! તેં ખૂન કરી નાખ્યું. તારી ચીજની શુદ્ધતાનું તેં ખૂન કરી નાખ્યું. અશુદ્ધતાથી શુદ્ધતા થાય, શુદ્ધની તાકાતથી શુદ્ધ થાય છે એમ નહિ માનીને અશુદ્ધતાથી શુદ્ધતા થાય છે (એમ માન્યું). આહાહા..! વ્યવહાર કરતા કરતા શુદ્ધ થાય છે. આહાહા..! કહો, શેઠ! દરકાર પણ ક્યાં હતી? આ બધા શેઠિયા એમ ને એમ જય નારાયણ (કરતા હતા). રાત્રે ન કીધું, જેવું સાંભળીએ એવું અમે માનીએ. વાત તો સાચી પણ નિર્ણય કરવો જોઈએ ને! એ તો એને ટાણુ આવે ત્યારે શેઠ કહે ને? આહાહા..!

અહીં તો કહે છે, પ્રભુ! એકવાર સાંભળ તો ખરો, નાથ! તારો આત્મા પવિત્રતાનો ભંડાર છે. એમાંથી તો પવિત્રતાની પર્યાય આવે છે. દ્રવ્યમાં, શક્તિમાં કોઈ અશુદ્ધતા નથી. ફક્ત પર્યાયની યોગ્યતાથી એક સમય પૂરતી વિકૃત અવસ્થા થાય છે. એ અહીંયા દ્રવ્યદૃષ્ટિનો વિષય બતાવવામાં એ અશુદ્ધ અવસ્થાથી શૂન્ય છે એમ બતાવવું છે. અનંત શુદ્ધ શક્તિઓનું પરિણમન વિદ્યમાન શુદ્ધ છે એમાં થોડીક અશુદ્ધતા એકવીસ ગુણ આદિની છે.. સમજાય છે કાંઈ? એનાથી એ શૂન્ય છે. આહાહા..! એ ઉતાર્યું હશે. ૨૧ નામ આપ્યા હતા? આપ્યું છે કોઈ દિ'? ૨૧ ગુણની અશુદ્ધતા. તે દિ' એક ફેરી 'સાયલા'માં બહાર કર્યું હતું. પહેલા ચોમાસામાં 'રાજકોટ' જતા ને? એ વખતનું યાદ છે. (સંવત) ૧૯૯૫ની વાત છે. લખી નહિ હોય. 'જીવણલાલજી' પાસે હતું. 'જીવણલાલજી' ગુજરી ગયા ને? અમે બે જ હતા ત્યારે. અહીં (અમને) તો લખવાની કાંઈ ટેવ નહિ. ઉપરથી ચર્ચા કરીએ.

અહીંયા કહે છે કે અનંતગુણમાંથી કોઈ ગુણ, જેમ દર્શનગુણ છે એમાં અશુદ્ધતા થાય છે, ચારિત્રગુણમાં અશુદ્ધતા થાય છે, આનંદગુણમાં અશુદ્ધતા થાય છે પણ અસ્તિત્વ, વસ્તુત્વ આદિ ગુણમાં અશુદ્ધતા નથી થતી. અભવીને પણ એમાં અશુદ્ધતા નથી થતી. સમજાય છે કાંઈ? સમજાય છે? આહાહા..! બધા ગુણમાં અશુદ્ધતા નથી થતી, અમુક જ ગુણમાં અશુદ્ધતા થાય છે. બાકી અનંત અનંતગુણ તો શુદ્ધ છે અને એની પર્યાય પણ શુદ્ધ છે. આહાહા..!

અભાવશક્તિ આત્મામાં પડી છે તો એ અભાવશક્તિનો જ્યાં સ્વીકાર થયો અર્થાત્ અભાવશક્તિનો ધરનાર ભગવાનનો સ્વીકાર થયો તો પર્યાયમાં અભાવશક્તિને કારણે અશુદ્ધતાના શૂન્યપણાનું પરિણમન છે. આહાહા..! અશુદ્ધતા છે, એ જ્ઞાનમાં જ્ઞેય તરીકે, પરજ્ઞેય તરીકે જણાય છે. સમજાય છે કાંઈ? પોતાની પર્યાયમાં સ્વજ્ઞેયમાં અશુદ્ધતા છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એમ નથી. એ શું કહ્યું સમજાણું? ફરીથી. પોતાનું દ્રવ્ય છે. વસ્તુ શુદ્ધ છે, ગુણ શુદ્ધ છે અને પર્યાયમાં પણ શુદ્ધતા છે તેને જ અહીંયા પર્યાય કહે છે. હવે અશુદ્ધતા જે થોડા ગુણની છે તેનો પણ અહીંયા અભાવ છે, શૂન્ય છે. પણ એ છે ને? છે તો એને પરજ્ઞેય તરીકે જાણે છે. આહાહા..! નવરાશ ક્યાં? ફૂરસદ ક્યાં? આ 'માણેકચંદભાઈ' ગુજરી ગયા, લ્યો! 'મૂળચંદભાઈ તારાચંદ' મોટા ભાઈ હતા. 'સુરેન્દ્રભાઈ' છે ને અહીં? 'માણેકલાલ' નહિ? ગુજરી ગયા. 'માણેકલાલ' ને બહુ પ્રેમ હતો. 'માણેકલાલ'. 'સુરેન્દ્રભાઈ' નાના. સૌથી મોટા 'મૂળચંદભાઈ' હતા. ગુજરી ગયા. તાર આવ્યો. ૭૬ વર્ષની ઉંમર હતી. બહુ પ્રેમ હતો. એને આહાહા..! આવી વાત તો ક્યાંય સાંભળવા મળતી નથી. એમ કહેતા હતા. આહાહા..! બાપુ! માર્ગ તો પ્રભુનો આ છે, ભાઈ! આહાહા..!

અશુદ્ધતાના કર્તવ્યમાં લોકોને ચડાવી દીધા અને શુદ્ધતાનો ભંડાર પડ્યો રહ્યો. શું કહ્યું? અશુદ્ધ જે વ્યવહાર દયા, દાનના પરિણામમાં ચડાવી દીધા. શુદ્ધતાનો ભંડાર ભગવાન છે તેને છોડી દીધો. આહાહા..! સમજાય છે કાંઈ? એ અભાવશક્તિ થઈ, લ્યો! આજે પણ લગભગ ૫૫ મિનિટ તો થઈ ગઈ.

ભાવમાં પવિત્રતાની વિદ્યમાનતા (કહી). દરેક શક્તિની પર્યાય વિદ્યમાન પવિત્રતાની એમ ગણવામાં આવી. અભાવમાં કોઈપણ અશુદ્ધતા છે તેની શૂન્યતા ગણવામાં આવી છે. ભાવમાં અશૂન્યતા એટલે પવિત્ર વિદ્યમાન અવસ્થા ગણવામાં આવી. અને અભાવમાં અપવિત્રતાની શૂન્યતા ગણવામાં આવી. સમજાય છે કાંઈ? આ બે શક્તિનો પિંડ ભગવાન અથવા અનંતશક્તિનો પિંડ દ્રવ્ય છે એ તો શુદ્ધ છે. એની દૃષ્ટિ કરવાથી સમ્યગ્દર્શન થાય છે. સમજાય છે કાંઈ? એ વિના સમ્યગ્દર્શન, શરૂઆત ધર્મની પહેલી સીડી.. આહાહા..! વીતરાગ માર્ગ તો જુઓ! એ બે બોલ થયા. ત્રીજો શરૂ કરીએ, થોડું શરૂ તો કરીએ.

**भवत्पर्यायव्ययरूपा भावाभावशक्तिः ३५.**
**ભવતા (–વર્તતા, થતા, પરિણમતા) પર્યાયના વ્યયરૂપ ભાવાભાવશક્તિ. ૩૫.**

**'ભવતા (–વર્તતા, થતા, પરિણમતા) પર્યાયના વ્યયરૂપ ભાવાભાવશક્તિ.'** ૩૫મી.શું કહે છે? એવી એક શક્તિ આત્મામાં છે. ભાવઅભાવ. વર્તમાનમાં જે પર્યાય ભાવરૂપ છે તેને અભાવ કરે એવી એક શક્તિ છે. ભાવઅભાવ. વર્તમાન નિર્મળ પર્યાયની વાત છે, હોં! આહાહા..! ભગવાનઆત્મામાં એવી એક શક્તિ, ગુણ છે–ભાવઅભાવ. ભાવનો અર્થ વર્તમાન પવિત્ર વિદ્યમાન અવસ્થા જે છે તે ભાવઅભાવશક્તિને કારણે ભાવનો અભાવ થઈ જાય છે. એ પણ પોતાની શક્તિને કારણે છે. પર્યાયનો અભાવ થવો એ શક્તિને કારણે છે. આહાહા..! સમજાય છે કાંઈ? શાંતિથી સાંભળવું, બાપુ! આ તો માર્ગ.. ત્રણલોકના નાથ કેવળજ્ઞાનીએ નિધાન જોયા છે એવું સમ્યગ્જ્ઞાનમાં ભાસે એવી આ ચીજ છે. આહાહા..!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કહે છે, **'ભવતા...'** પ્રવર્તમાન પર્યાય. પર્યાય, હોં! વર્તમાન. વર્તમાન જે અનંતગુણની નિર્મળ પર્યાય છે તે ભવતા-થવાવાળી છે. ભવતા છે ને? **'ભવતા પર્યાયના વ્યયરૂપ...'** એના અભાવરૂપ. ભાવઅભાવ. વર્તમાન ભાવ છે તેનો અભાવ થાય એવી એક ભાવઅભાવ નામની શક્તિ છે. એ પર્યાયનો અભાવ હું કરું એમ નથી. એ શક્તિ જ એવી છે કે પર્યાયનો અભાવ થઈ જાય. વિદ્યમાન અવસ્થાનો અભાવ થઈ જાય, ભાવનો અભાવ થઈ જાય એવી એ શક્તિ છે. વિશેષ આવશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**પ્રવચન નં. ૩૦ શક્તિ-૩૫, ૩૬ શુક્રવાર, (દ્વિતીય) શ્રાવણ વદ ૧૧, તા. ૯-૦૯-૧૯૭૭**

---

આ અધિકાર અનેકાંતને વિશેષ ચર્ચે છે એ અધિકાર છે. આ અધિકાર અનેકાંતને વિશેષ ચર્ચે છે એ અધિકારમાં આવ્યું છે. કેમ? કે એમ કહ્યું હતું કે, જ્ઞાનમાત્ર પર્યાય તે આત્મા અને જ્ઞાનમાત્ર પર્યાય તે તેનો ધર્મ. તો શિષ્યે પ્રશ્ન કર્યો કે, એમાં એક જ ધર્મ આવે છે માટે એકાંત થઈ જાય છે. (તો કહે છે), એકાંત નથી. જ્ઞાનમાત્ર ચૈતન્યસ્વરૂપની પરિણતિમાં જ્ઞાનપર્યાય આવે છે એની સાથે અનંતગુણની પર્યાય સાથે ઉત્પન્ન થાય જ છે. જ્ઞાનમાત્ર કહેવાથી રાગ ને પુણ્ય આદિ નહિ પણ અનંતશક્તિ નહિ, એમ નહિ. સમજાય છે કાંઈ? પહેલા ચર્ચા આવી છે. પહેલા બે પાના છે. **'આચાર્યદેવ અનેકાંતને હજુ વિશેષ ચર્ચે છે :-'** બે પાના પહેલા છે.

પોતાની પર્યાયમાં જ્ઞાનની દશા ઉત્પન્ન થાય છે એ ભાવશક્તિમાં આવ્યું પણ એમાં રાગનો અભાવ છે, વ્યવહારનો અભાવ છે એ અનેકાંત છે. એમ કહે છે કે વ્યવહારથી પણ થાય અને નિશ્ચયથી પણ થાય એનું નામ અનેકાંત, એનો નિષેધ કરવા આ ચર્ચા લીધી છે. સમજાય છે કાંઈ? ઉપાદાનથી પણ થાય અને નિમિત્તથી પણ થાય, તેના નિષેધ માટે આ અનેકાંત લીધું છે. આહાહા..! પહેલા ભાવશક્તિ આવી ગઈ ને? પોતાની જેટલી શક્તિ છે એમાં ભાવશક્તિનું રૂપ છે. એ ભાવશક્તિને કારણે વર્તમાન શુદ્ધ નિર્મળ પર્યાય વિદ્યમાન રહે છે. સમજાય છે કાંઈ? અહીંયા તો જેને દૃષ્ટિ પ્રગટી છે એની વાત છે. જેને શક્તિ અને શક્તિવાનનું ભાન નથી તેને માટે આ અનેકાંતની ચર્ચા નથી. સમજાય છે કાંઈ? વ્યવહાર દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, તપસ્યા, મુનિપણું, બાહ્ય ક્રિયાકાંડ એ કરતા કરતા થશે એ તો એકાંત મિથ્યાદૃષ્ટિ છે.

અહીંયા તો અનેકાંત એટલે પોતાની જે પવિત્ર અનંતશક્તિઓ છે એમાં વર્તમાન ભાવશક્તિને કારણે અને શક્તિનું રૂપ પણ ભાવશક્તિમાં છે તેથી વર્તમાન નિર્મળ પર્યાય ઉત્પન્ન થાય છે તે વિદ્યમાન રહે છે, તેનો કદી અભાવ થતો નથી. વર્તમાન વિદ્યમાન છે તે. એમાં રાગાદિ વ્યવહારનો અભાવ છે તેનું નામ અનેકાંત અને સ્યાદ્વાદ છે. આહાહા..!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સમજાય છે કાંઈ? અત્યારે મોટી ચર્ચા આ ચાલે છે ને? 'બાબુભાઈ' ગયા? અત્યારે એ ચર્ચા મોટી આવે છે. નવી કમિટિ બનાવી. અમે તો કોઈ દિ' કહ્યું નથી કે કમિટિ બનાવો.

મુમુક્ષુ :– લોકો ગભરાય છે ને.

ઉત્તર :– ગભરાય છે? એ તો 'બાબુભાઈ'એ ઉભું કર્યું. આપણે તો કોઈ દિ' કોઈને કહ્યું નથી કે આ કમિટિ બનાવો કે આ કરો. આહા..! અહીં તો તત્ત્વની વાત ચાલે છે. એને સાંભળો, સમજો. એનો બહુ વિરોધ આવે છે, એકે એક પત્રમાં. ચાલતી કમિટીથી એનો મેળ ન કરવો, સહકાર નહિ આપવો. અરે..! પ્રભુ! શું થાય? હવે એ .. હાથમાં આવ્યું.

અહીં તો કહે છે, પ્રભુ! સાંભળ તો ખરો. પરનું કોણ કરે? કમિટી બનાવીને રક્ષા કરવાના પરિણામ થાય પણ એ પરિણામ શુભ છે. શુભથી કોઈ તીર્થની રક્ષા થાય છે એમ ત્રણકાળમાં બનતું નથી. હવે એને એકાંત કહે છે, કરી શકે છે, કરી શકે છે. સમજાય છે કાંઈ? એ તીર્થની રક્ષા તો એની થવાવાળી વસ્તુ છે તો એની પર્યાયથી થાય છે. બીજો કોઈ એની રક્ષા કરી શકે (એમ ત્રણકાળમાં નથી). આકરી વાત, ભાઈ! જૈનદર્શનની ચીજ, વસ્તુની સ્થિતિ છે. સમજાય છે કાંઈ? પોતાની વસ્તુ પરની પર્યાય કરે એમ ત્રણકાળ ત્રણલોકમાં નથી. એ તો પહેલા આવી ગયું છે. અકારણકાર્યશક્તિ. અકારણકાર્યશક્તિ આવી ગઈ ને? પોતાના દ્રવ્યમાં જેટલી શક્તિઓ છે એ બધાની વર્તમાન વિદ્યમાન અવસ્થા રહે છે. સમજાય છે કાંઈ? પણ એ અવસ્થા પરનું કારણ થાય કે પરનું કાર્ય થાય એમ નથી. આવું કામ. બહારની ધમાધમ કરે, આ કર્યા ને આ કર્યા. રથાયાત્રા વરઘોડા ને શું કહે છે? ગજરથ. ગજરથ કાઢે. કોણ કાઢે? ભાઈ! તને ખબર નથી. આહાહા..!

મુમુક્ષુ :– કોણ ચલાવે છે?

ઉત્તર :– એ જડની પર્યાય જડથી થાય છે. હાથીનું ચાલવું ને બેસવું એ હાથીના શરીરથી થાય છે. એના આત્માથી નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? આ બધા મંદિર બનાવ્યા તો કોણે બનાવ્યા?

મુમુક્ષુ :– આપે.

ઉત્તર :– મેં તો કદી કહ્યું જ નથી. પણ 'રામજીભાઈ' બનાવતા હતા, ધ્યાન રાખતા હતા. ધ્યાન રાખતા હતા. આહા..! ઘણા કહે છે કે, જુઓ! અહીંયા જંગલ હતું. તમારે કારણે આ કરોડો રૂપિયા ખર્ચાણા ને! અરે..! પ્રભુ! એ વાત જ નથી. એ સમયે આ પરમાણુની પર્યાય થવાનો સ્વકાળ હતો તેનાથી થઈ છે. આ ભારે આકરું કામ.

મુમુક્ષુ :– આપ કેમ વ્યાખ્યાન કરો છો? આખી દુનિયા કહે છે, કઈ રીતે ન માનીએ?

ઉત્તર :– આખી દુનિયા તો અજ્ઞાનમાં પડી છે. આહાહા..! અહીંયા તો વાત તો વસ્તુસ્થિતિ હોય એમ થાય ને! હું આ પરનું કરી દઉં, આ શાસ્ત્ર લખી દઉં, અનુવાદ કરું એ ક્રિયા આત્માની નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મુમુક્ષુ :- એ તો આપણા પંડિતજીએ કર્યો છે.

ઉત્તર :- પંડિતજીએ લખ્યું છે, મેં તો કર્યું નથી. આહાહા..! બહુ ઝીણી વાત, બાપુ! સત્ય વાત એવી છે. સત્ય વાત. 'અમૃતચંદ્રાચાર્ય' કહે છે, આ ટીકા મેં નથી બનાવી.

મુમુક્ષુ :- મેં બનાવી છું એમ માનીને મોહમાં ન પડો.

ઉત્તર :- મોહમાં ન પડો કે મેં કરી છે અને તમને એનાથી જ્ઞાન થાય છે. એમ ન કરો, ભાઈ! આહાહા..! શાસ્ત્ર કાને પડે છે તો અંદર જ્ઞાન થાય છે એમ ન કરો, મોહમાં ન નાચો. આહાહા..! સમજાય છે કાંઈ? આ શાસ્ત્ર સામે શબ્દ પડ્યા છે તો શબ્દને કારણે અહીંયા જ્ઞાન થાય છે એમ મોહમાં ન પડો. આહાહા..! કેમ કે શબ્દની પર્યાય તો જડની પર પર્યાય છે અને જ્ઞાનની પર્યાય તો ગુણને કારણે, ભાવશક્તિને કારણે પોતાની વિદ્યમાન નિર્મળ અવસ્થા ઉત્પન્ન થાય જ છે. એ કોઈ શબ્દથી થઈ નથી, વાણીથી થઈ નથી, ભગવાનની વાણીથી પણ નથી થઈ. આવી વાત છે. આકરું પડે માણસને, શું થાય? ભાઈ! આહાહા..! સિદ્ધ ભગવાન જોવે છે, શાસનને નુકસાન થાય, શાસનમાં કાંઈક (થાય) એમને કાંઈ વિકલ્પ આવે છે? એ તો જાણે છે, કે છે, થાય છે.

મુમુક્ષુ :- પુરુષાર્થથી જાણે છે..

ઉત્તર :- એ તો પહેલેથી જાણે છે, કેવળજ્ઞાન પહેલેથી જાણે છે. જ્યારે જે થવાનું તે થાય છે. 'જે જે દેખી વીતરાગને તે તે હોસી વીરા, અનહોની કબહૂ ન હોસે કાહે હોત અધીરા'. આહાહા..! અભિમાન છૂટવું ભારે કઠણ. સમજાય છે કાંઈ?

અહીંયા તો કહે છે કે ભાવશક્તિને કારણે અનંતગુણની વર્તમાન વિદ્યમાન અવસ્થા હોય જ છે. આહાહા..! બીજો આત્મા છે એ પણ સમ્યગ્દૃષ્ટિ છે તો એ સમ્યગ્દૃષ્ટિ પણ સાંભળવા તો આવે છે. ઇન્દ્ર આદિ સાંભળવા આવે છે. એકાવતારી ક્ષાયિક સમકિતી ભગવાનની વાણી (સાંભળે છે) પણ એને જે જ્ઞાનની પર્યાય ઉત્પન્ન થાય છે, એ જ્ઞાનગુણમાં ભાવશક્તિનું રૂપ છે તેથી વિદ્યમાન નિર્મળ પર્યાય ત્યાં ઉત્પન્ન થાય છે. આહાહા..! આવી વાત. એમ કહે છે કે બહાર હતા ત્યારે આ જ્ઞાન નહોતું. સાંભળવાથી નવું જ્ઞાન થયું. તો સાંભળવાથી થયું કે નહિ? ભાઈ! એમ નથી. એ તો તે સમયે જ્ઞાનની પર્યાય તે પ્રકારની વિદ્યમાન ઉત્પન્ન થવાને લાયક હતી તો ઉત્પન્ન થઈ છે, શબ્દથી નહિ, પરથી નહિ. આહાહા..! આવું માણસને કઠણ લાગે. જૈનદર્શન કોઈ અલૌકિક વસ્તુ છે. લૌકિક સાથે કાંઈ મેળ નથી.

ભાવમાં એ કહ્યું, પછી અભાવ(શક્તિ). આત્મામાં અભાવ નામની શક્તિ છે તો રાગના અભાવરૂપ પરિણમવું એ અભાવશક્તિનું કાર્ય છે. વ્યવહાર રત્નત્રયનો જે વિકલ્પ છે તેનાથી અભાવરૂપ પરિણમન થવું એ અભાવશક્તિનું કાર્ય છે. આહાહા..! સમજાય છે કાંઈ? પછી ભાવઅભાવ આવે છે, જે ચાલે છે.

ભાવઅભાવનો અર્થ-**'ભવતા (-વર્તતા, થતા, પરિણમતા) પર્યાય...'** અનંતગુણની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વર્તમાન પ્રવર્તમાન પર્યાય. જ્ઞાનની, દર્શનની, ચારિત્રની, જીવત્વ, ચિતિ, કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, પ્રભુત્વ આદિની જે વર્તમાન પર્યાય થાય છે તેના વ્યયરૂપ. તેનો બીજા સમયે વ્યય થાય છે. પણ એ વ્યય ભાવઅભાવશક્તિને કારણે થાય છે. આહાહા..! જ્ઞાન, દર્શન, આનંદ એ શક્તિઓ છે. એની શક્તિમાં વર્તમાન પર્યાય વિદ્યમાન છે, વિદ્યમાન છે. હવે એ પર્યાયનો અભાવ કેમ થાય છે? લોકો કહે છે ને કે પરિણમનમાં કાળ નિમિત્ત છે તો કાળથી આવું પરિણમન થાય છે. એ તો કાળની સિદ્ધિ કરવા માટે છે. પરિણમન તો પોતાથી પૂર્વની પર્યાય વિદ્યમાન છે તેનો અભાવ કરવાની ભાવઅભાવ નામની આત્મામાં શક્તિ છે. આહાહા..! સમજાય છે કાંઈ? નિશ્ચયમાં તો કેવળજ્ઞાનની જે વર્તમાન પર્યાય છે તેનો અભાવ થવો, છે તેનો અભાવ થવો એ ભાવઅભાવશક્તિને કારણે કેવળજ્ઞાનની પર્યાય પલટી જાય છે. આહાહા..!

મુમુક્ષુ :– અદ્દ્ભુત વાત છે.

ઉત્તર :– વાત તો એવી છે. આહાહા..! મૂળ તત્ત્વની સ્થિતિ મર્યાદા શું છે એ દૃષ્ટિમાં ન આવે ત્યાં સુધી વિપરીતતા ટળે નહિ. આહાહા..!

મુમુક્ષુ :– ભાવની પર્યાયનો અભાવ થાય છે? પણ તે તો નિર્મળ છે.

ઉત્તર :– અભાવ. ભાવઅભાવ. ભાવ જે છે તેનો અભાવ. એ આવ્યું ને? **‘ભવતા (–વર્તતા, થતા, પરિણમતા) પર્યાયના વ્યયરૂપ ભાવાભાવશક્તિ.’** એ ભાવઅભાવશક્તિનું કાર્ય, જે પર્યાય ઉત્પન્ન છે તેનો અભાવ થવો, એ ભાવઅભાવશક્તિ છે. આહાહા.! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :– બીજે સમયે અભાવ થાય છે તે આ શક્તિને કારણે.

ઉત્તર :– વર્તમાન પર્યાયનો અભાવ થાય છે એ ભાવઅભાવશક્તિને કારણે છે. નિર્મળની વાત ચાલે છે, હોં! અહીંયા વિકારની વાત નથી. આહાહા..!

બીજી રીતે કહીએ તો એ નિર્મળ પર્યાય ભવિષ્યની પર્યાયનું કારણ છે, એમ પણ નથી. આહાહા..! અને ભૂતકાળની પર્યાયનું વર્તમાન પર્યાય કાર્ય છે એમ પણ નથી. આહાહા..! આવી વાતું ઝીણી બહુ, બાપુ! કહે છે, ભવતા પ્રવર્તમાન પર્યાય. હજી પર્યાય સાંભળી ન હોય. દ્રવ્ય, ગુણ ને પર્યાય શું? આહાહા..! સમજાય છે કાંઈ?

દ્રવ્ય જે ત્રિકાળી શક્તિઓનો પિંડ તે દ્રવ્ય અને એમાં શક્તિ જે ગુણ છે તે શક્તિ અને એની અવસ્થા બદલે છે તે પર્યાય. પણ અહીં તો કહે છે, પર્યાયનો વ્યય થવો એ શેના કારણે? એ ભાવઅભાવશક્તિને કારણે. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! કર્મનો ઉદય આવ્યો ને નિર્મળ પર્યાય હતી તે મલિન થઈ ગઈ એમ અહીંયા છે જ નહિ. એ વાત તો અહીંયા છે જ નહિ. પણ પોતાની જે નિર્મળ પર્યાય છે તેનો બીજા સમયે વ્યય થાય છે એ વ્યય થવાનું કારણ શું? આ ભાવઅભાવશક્તિ. આહાહા..! સમજાય છે કાંઈ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ભાવઅભાવશક્તિનું પ્રત્યેક ગુણમાં રૂપ છે. અનંતગુણમાં ભાવઅભાવશક્તિનું રૂપ છે. સમજાય છે કાંઈ? આહાહા..! વ્યવહારનય.. એ આવ્યું છે ને? સાતમા અધ્યાયમાં આવી ગયું છે. વ્યવહારનય એકનું કારણ ભિન્નમાં કાર્ય બતાવે છે. બીજાના કારણે બીજું કાર્ય છે અને એક દ્રવ્યનું કાર્ય બીજા દ્રવ્યથી થાય છે, એમ બતાવે છે, એવા વ્યવહારની શ્રદ્ધા કરવી તે મિથ્યાત્વ છે એમ કહ્યું છે. આવ્યું છે? 'ધન્નાલાલજી'! આવ્યું છે? ક્યાં આવ્યું છે? 'મોક્ષમાર્ગ પ્રકાશક' નિશ્ચયાભાસ અને વ્યવહારાભાસ. એ કલાસમાં ચાલ્યું હતું. આહાહા..! શું કહે છે ત્યાં?

વર્તમાન જે પર્યાય છે એ કોઈ વિકારને કારણે નિર્મળ પર્યાય થઈ એમ નથી. સમજાય છે કાંઈ? અને વ્યવહારનયના જેટલા કથન છે એ બધા પ્રમાણે માને તો મિથ્યાત્વ છે એમ કહે છે. આવ્યું છે ત્યાં? વ્યવહાર એક દ્રવ્યને બીજા દ્રવ્યમાં, એક ગુણને બીજા ગુણમાં, એક પર્યાયને બીજી પર્યાયમાં, એક કારણને બીજા કાર્યમાં વ્યવહારનય ભેળવે છે. એ મિથ્યાત્વ છે. નિશ્ચયનય યથાસ્થિત જે પર્યાય થઈ તે પોતાથી થઈ એ નિર્ણય કરે છે તે સત્ય છે, સત્યાર્થ છે. આહાહા...! સૂક્ષ્મ વાત (છે). વસ્તુ તો આવી છે. આહાહા..! એમ એના જ્ઞાનમાં નિર્ધાર કરવો જોઈએ, નિર્ણય કરવો જોઈએ. અહીંયા તો નિર્ણય કર્યો છે એની પર્યાયની વાત ચાલે છે. સમજાય છે કાંઈ? આહાહા..!

સુખશક્તિમાં પણ વર્તમાન જે આનંદની પર્યાય વિદ્યમાન છે તેનો વ્યય કરે છે તે સુખશક્તિમાં ભાવઅભાવનું રૂપ છે તે કારણે થાય છે. આહાહા..! કેમ કે પર્યાયની સ્થિતિ એક સમયની છે. સમજાય છે કાંઈ? એ પર્યાયની સ્થિતિ એક સમયની છે તો વ્યય થાય છે. વ્યય થઈને જાય છે ક્યાં? જળના તરંગ જળમાં સમાય છે. જળ.. જળ તેના તરંગ. એક તરંગ ગયો અને બીજો તરંગ આવ્યો. એ ગયો ક્યાં? જળમાં. જળના તરંગ જળમાં સમાય છે. એ 'સમયસાર નાટક'માં આવે છે. અહીંયા પણ આવ્યું છે, 'પંચસંગ્રહ'માં પણ આવ્યું છે. આ ભાવઅભાવશક્તિનું વર્ણન આવ્યું છે ને ત્યાં. વર્તમાન જે જળનો તરંગ છે તેના ભાવનો અભાવ થાય છે. સમજાય છે? તો એ પર્યાય વ્યય થઈ તે ગઈ ક્યાં? પર્યાય વિદ્યમાન હતી તેનો અભાવ થયો. એ પર્યાય ગઈ ક્યાં? ક્યાં ગઈ સમજો છો? કહાં ગઈ. એ જળના તરંગ જળમાં અંદર સમાય છે. અહીં તો નિર્મળ પર્યાયની વાત ચાલે છે, હોં! અને અશુદ્ધ પર્યાય પણ જે છે એ બીજે સમયે અશુદ્ધ થાય છે તો પહેલા સમયની અશુદ્ધતાનો વ્યય થયો, તો એ વ્યય થઈ એ ક્યાં ગઈ? એ સત્ હતું. અંદરમાં ગઈ પણ અંદર અશુદ્ધતા ન રહી. શું કહે છે?

રાગનો પર્યાય છે, બીજે સમયે એ રાગનો પર્યાય વ્યય થયો. વ્યય થયો તો ગઈ ક્યાં? દ્રવ્યમાં ગઈ, અંદરમાં ગઈ. અંદરમાં ગઈ તો ત્યાં (અંદરમાં) અશુદ્ધતા રહી છે? ના. એ અશુદ્ધતા તો ઉદયભાવની પર્યાય છે. અને એમાં ગઈ ત્યારે પરિણામિકભાવ થઈ ગયો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સમજાય છે કાંઈ? જે રાગાદિ દયા, દાન, વિકલ્પ આદિ છે એ તો ઉદયભાવ છે અને બીજે સમયે તો તેનો વ્યય થાય છે. વ્યય થાય છે તો ક્યાં ગઈ? અંદર દ્રવ્યમાં. તો શું દ્રવ્યમાં અશુદ્ધતા ગઈ? એની યોગ્યતા અંદર રહી. આહાહા..! વર્તમાન અશુદ્ધતા જે છે એ તો ઉદયભાવ છે અને ઉદયભાવ અંદર ગયો તો પારિણામિકભાવમાં તો ઉદયભાવ છે નહિ.

મુમુક્ષુ :– શુદ્ધઅશુદ્ધ પર્યાયનો પિંડ કહે છે એ...

ઉત્તર :– એ તો જે અશુદ્ધતા માનતો નથી એને માટે. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં બે ઠેકાણે આવ્યું છે. શુદ્ધાશુદ્ધપર્યાયનો પિંડ. એ તો અશુદ્ધતા ભૂતકાળમાં ગઈ તેને માનતો જ નથી તેને બતાવવા માટે કહ્યું છે. શુદ્ધઅશુદ્ધ પર્યાય એટલે અંદરમાં અશુદ્ધતા છે એમ નથી. એની વાત તો અહીંયા છે જ નહિ. અહીંયા તો નિર્મળ પર્યાય જે વિદ્યમાન ભવતિ પ્રવર્તમાન (છે), સમ્યગ્દર્શનની પર્યાય, આનંદની પર્યાય, શાંતિની પર્યાય, શાંતિ એટલે ચારિત્ર, એ પર્યાય વિદ્યમાન છે તેનો વ્યય થાય છે, તો વ્યય થાય છે એ ભાવઅભાવશક્તિને કારણે વ્યય થાય છે. અને ગઈ ક્યાં? અંદરમાં ડૂબી. અહીંયા પર્યાય બહાર હતી તો એ ક્ષયોપશમ કે ક્ષાયિકભાવ આદિની હતી. નિર્મળની વાત ચાલે છે ને? કે ઉપશમભાવ. સમ્યગ્દર્શનની પર્યાય બહાર આવી એ ઉપશમભાવ, ક્ષયોપશમભાવ કે ક્ષાયિકભાવની હતી પણ એનો વ્યય થયો અને ગઈ ક્યાં? અંદરમાં ક્ષયોપશમ, ક્ષાયિકભાવ રહ્યો નહિ. આહા..! આવી વાતું છે. પારિણામિકભાવ થઈ ગયો. આહાહા..! સત્‌નું સ્વરૂપ તો દેખો પ્રભુનું! પ્રભુ એટલે તું હોં! આહાહા..!

અહીંયા તો ભવતા પરિણમતા. ભવતા એટલે પ્રવર્તમાન વર્તમાન. એનો વ્યય–અભાવ. એ ભાવપર્યાય વર્તમાન હતી તેનો વ્યય એ અભાવ. એ ભાવઅભાવશક્તિને કારણે છે. આહાહા..! આટલા શબ્દોમાં તો કેટલું ભર્યું છે! એકે એક શાંતિ.. અરે..! પ્રભુતા. પ્રભુતા નામની જે શક્તિ છે તેમાં પણ ભાવઅભાવ છે. તો એ પ્રભુતાની શક્તિની વર્તમાન વિદ્યમાન નિર્મળ પર્યાય જે છે તેનો વ્યય થઈને અંદરમાં જાય છે અને વ્યય થઈને ભાવનો અભાવ થાય છે. ભાવ છે તેનો અભાવ થાય છે. આહાહા..! આવું તત્ત્વનું સ્વરૂપ છે તેવી દૃષ્ટિ ન હોય અને વિપરીત દૃષ્ટિ હોય તો મિથ્યાદૃષ્ટિ છે. આહા..! સમજાય છે કાંઈ? આહાહા..!

એક ભાઈ કહેતા હતા, હોં! જુવાન કોઈ છે. શું કહેવાય? 'દમોહ'. 'દમોહ' પાસે અઘાના ભાઈ! છે કે નહિ? અઘાના. આજે બપોરે આવ્યા હતા. બહુ ખુશી બતાવતા હતા. પિતાજી ગયા પણ હું તો ટીકા સાંભળવા સમવસરણમાં બેઠો હોઉં એવું લાગે છે. લ્યો, જુવાન માણસને પણ પ્રેમ થઈ જાય છે. આ જુવાન અવસ્થા તો જડની છે. આત્માની જુવાન અવસ્થા તો સમ્યગ્દર્શન થયું એ જુવાન અવસ્થા છે. રાગને પોતાનો માનવો એ બાળ અવસ્થા છે, અજ્ઞાન અવસ્થા છે. શરીરની બાળ, યુવાન, વૃદ્ધ અવસ્થા એ તો જડમાં છે, આત્મામાં તો છે જ નહિ. આહા..!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મુમુક્ષુ :- તેર તારીખ સુધીમાં આ ૪૭ શક્તિ પૂરી થઈ જશે ને?

ઉત્તર :- એ થાય ન થાય એને કોણ કરે છે? ઇ ભાઈ તો કહે છે, મારે પર્યુષણ સુધી રહેવું છે. સમજાય છે કાંઈ? તમારા તો ચાર દિવસ કાલથી રહ્યા. બાર, તેર, ચૌદ અને પંદર. દસ દિવસ થયા. વીસ દિવસ એ થઈ ગયા. ક્લાસને એક મહિનો થયો. તમારે ચાર દિ' બાકી છે. આહાહા..!

અહીં કહે છે, ભવતા પ્રવર્તમાન વર્તમાન અનંતગુણની જે નિર્મળ પર્યાય છે તેનો અભાવ-વ્યય કોને કારણે થાય છે? કાળનું નિમિત્ત છે તો થાય છે એમ નથી, એમ કહે છે. આહાહા...! સમજાય છે કાંઈ? અહીંયા વ્યય થઈને બીજી મલિન પર્યાય થાય છે એની અહીંયા વાત નથી. અહીં તો વ્યય થઈને બીજી પર્યાય નિર્મળ જ થાય છે. એ પછી અભાવભાવમાં આવશે. અહીંયા તો ભાવઅભાવની વાત ચાલે છે. ભાઈ! આ તો મંત્રો છે. આ તો થોડા શબ્દોમાં મંત્ર છે. આહાહા..! ભગવાનની દિવ્યધ્વનિના આ મંત્ર છે. આહાહા..! ભગવાન! તારામાં તો પવિત્ર અનંતશક્તિઓ પડી છે એની દૃષ્ટિ થતાં દરેક ગુણની પવિત્ર પર્યાય પ્રગટ થાય છે. એકલી જ્ઞાનની જ થાય છે અને અનંતઆનંદની નથી થતી એમ નથી. કેમ? કે આનંદ નામની જે સુખશક્તિ છે એમાં પણ ભાવઅભાવ નામનું રૂપ છે. તો આનંદની વર્તમાન પર્યાય છે તેનો વ્યય થઈ જાય છે. ભાવઅભાવને કારણે આનંદની વર્તમાન પર્યાય છે તેનો અભાવ થઈ જાય છે. આહાહા..! ક્યા કારણે? ભાવઅભાવશક્તિને કારણે. અહીં શક્તિનું વર્ણન લીધું. 'રામજીભાઈ'એ કહ્યું, ક્લાસમાં શક્તિનું વર્ણન ચાલે. ક્લાસના વીસ દિવસ તો થઈ ગયા. તમારા દસ દિવસ તો આ થઈ ગયા. મહિનો થયો, ત્રીસ દિવસ થયા. આહાહા..! આ પાંત્રીસમી શક્તિ આવી. ત્રીસમે દિવસે પાંત્રીસમી આવી. આહાહા..! વસ્તુ જે માખણ છે એ ખ્યાલમાં આવી જાય તો બધી શક્તિ એમાં આવી ગઈ. સમજાય છે કાંઈ? આહાહા..! ભારે ગજબ કરી છે!

આ શક્તિનું વર્ણન થોડું વાંચીને શ્વેતાંબરમાં એક 'દેવચંદજી' થયા છે. એનું વાંચન ઘણું હતું. એના સંપ્રદાયનું પણ (હતું) અને થોડું આ પણ વાંચ્યું. તો એ કલ્પિત નવી શક્તિ બનાવતા હતા. આઠેક બનાવી પણ... એ આ નહિ. આ સ્થિતિની નહિ. અમે એ પણ જોઈ છે. છાપામાં આવી હતી. છાપામાં આઠ શક્તિ આવી હતી. આહા..! આ તો અલૌકિક વાતું, બાપુ! આહા..! દિગંબર ધર્મ એટલે સનાતન જૈન વસ્તુની સ્થિતિ. સનાતન વસ્તુની સ્થિતિ. એવી સ્થિતિ ક્યાંય નથી. સમજાય છે કાંઈ? પણ સંપ્રદાયવાળાને પણ ખબર નથી. દિગંબર વાડામાં જન્મ્યા (ને માની લીધું), અમે દિગંબર છીએ. 'જિનેશ્વરદાસજી'! આ દેવદર્શન કરવા ને વ્રત કરવા ને અપવાસ કરવા ને બ્રહ્મચર્ય પાળવું એ અમારો ધર્મ છે. વસ્તુસ્થિતિ ભગવાને સ્પષ્ટ કરી છે, આચાર્યોએ સ્પષ્ટ કરી નાખી છે. કેટલી કરી છે! જુઓ! ટીકા તો જુઓ! પાઠ છે, પાઠ છે ને? જુઓ! શું છે? આહાહા..!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'शून्यावस्थत्वरूपा अभावशक्तिः ३४' 'भवत्पर्यायव्ययरूपा भावाभावशक्तिः ३५.'** આ સંસ્કૃત છે. **'भवत्पर्यायव्ययरूपा भावाभावशक्तिः'** આહાહા..! આમાં તો અનંત પર્યાયનો ખુલાસો કરી નાખ્યો. જે કોઈ અનંતશક્તિ છે તેની વર્તમાન નિર્મળ પર્યાય સમ્યગ્દષ્ટિને થાય છે. તે પર્યાયનો વ્યય થવો, ભાવ છે તેનો અભાવ થવો એ ભાવઅભાવશક્તિનું કાર્ય છે. એને કરવું પડતું નથી કે હું પર્યાય વ્યય કરું. એ શક્તિનું કાર્ય જ એવું છે. સમજાય છે કાંઈ? શક્તિવાનને જ્યાં દૃષ્ટિમાં લીધો તો શક્તિનું કાર્ય જે વર્તમાન પર્યાય છે તેનો અભાવ કરું એવો વિકલ્પ પણ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? થોડું સમજાય એટલું સમજવું, બાપુ! આ તો ગંભીર ચીજ છે. પૂરી પૂરી તો સંતો કરી શકે.

એક એક શક્તિમાં અનંતશક્તિનું રૂપ પડ્યું છે. અનંતશક્તિમાં એક શક્તિનું રૂપ પડ્યું છે. ભાવઅભાવશક્તિ જ્ઞાનની પર્યાયમાં, પ્રભુત્વની પર્યાયમાં વર્તમાન વિદ્યમાન છે, ભવતી પ્રવર્તમાનનો વ્યય થવો એ (ભાવઅભાવશક્તિનું કાર્ય છે). આમ તો પહેલા કહી ગયા, ઉત્પાદવ્યયધ્રુવ નામની ૧૮મી શક્તિ પહેલા કહી ગયા છે. ઉત્પાદવ્યયધ્રુવત્વશક્તિને કારણે પર્યાય ઉત્પન્ન થાય છે, પૂર્વની વ્યય પામે છે અને ધ્રુવ રહે છે. એ તો પહેલા આવી ગયું છે. અહીં તો વર્તમાન પર્યાય વિદ્યમાન છે તેનો અભાવ (થાય). આહાહા..!

સ્વરૂપભાવ સંપન્ન પ્રભુ, એમાં ભાવઅભાવની શક્તિ પણ દ્રવ્યમાં છે અને ગુણમાં પણ એક એક ગુણમાં ભાવઅભાવનું રૂપ છે. આહાહા..! અને ભાવશક્તિ તો ભાવશક્તિમાં છે. આ ભાવની ભાવઅભાવશક્તિ તો ભાવઅભાવશક્તિમાં છે. એ શક્તિને કારણે.. આહાહા..! વર્તમાન વીતરાગી નિર્મળ પર્યાય ઉત્પન્ન થઈ છે તેનો વ્યય થાય છે તે ભાવઅભાવનું કાર્ય છે. હું વ્યય કરું એમ પણ ત્યાં નથી. આહાહા..! તેમ હું વર્તમાન નિર્મળ વિદ્યમાન પર્યાયને પ્રગટ કરું (એમ પણ નથી). વિદ્યમાન છે તેને પ્રગટ શું કરવું ? ભાવશક્તિને કારણે વિદ્યમાન તો હોય જ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

આ માર્ગ તો બાપુ! પુરુષાર્થીનો છે. આહાહા..! અને એ પણ સમજવામાં જેનું ઉલ્લસિત વીર્ય છે, એને માટે આ વાત છે. આહાહા..! ઉલ્લસિત વીર્યનો અર્થ–પોતાના સ્વરૂપની રચનામાં વીર્ય ઉલ્લસિત છે. વીર્યગુણનું એ કાર્ય આવ્યું ને? આત્મસ્વરૂપની રચના કરે તે વીર્ય. આહાહા..! અહીંયા પુણ્ય-પાપની રચનાની તો વાત જ નથી. અર..ર..ર...! પ્રભુ! એનું નામ અનેકાંતની ચર્ચામાં આ વાત આવે છે. શું કરે? એ મળ્યું નથી, સાંભળવા મળ્યું નથી. સત્‌ની સ્થિતિની મર્યાદા સાંભળવા મળે નહિ તો મર્યાદામાં ક્યાંથી આવે? આહાહા..!

અહીંયા કહે છે, સર્વદર્શિશક્તિમાં પણ ભાવઅભાવ છે. આહાહા..! સર્વદર્શિપણું પ્રગટ થયું તેમાં પણ ભાવઅભાવને કારણે સર્વદર્શિશક્તિની વિદ્યમાન પર્યાયનો અભાવ થાય છે. આહાહા..! એમ સર્વજ્ઞપર્યાય જે ઉત્પન્ન થઈ.. આહાહા..! એની પર્યાયમાં અગુરુલઘુગુણને કારણે ષટ્‌ગુણહાનિવૃદ્ધિ થાય છે એ બીજી વસ્તુ. કેવળજ્ઞાનની પર્યાયમાં પણ અગુરુલઘુ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એક સમયમાં ષટ્ગુણ હાનિ, ષટ્ગુણ વૃદ્ધિ (થાય છે). આહાહા.! એ તો કોઈ ગજબ વાત છે! એ તો કેવળી (જાણે). કેવળજ્ઞાનની એક સમયની પર્યાયમાં અનંતગુણ હાનિ, અસંખ્યગુણ હાનિ, સંખ્યગુણ હાનિ. અનંતભાગ હાનિ, અસંખ્યભાગ હાનિ, સંખ્યભાગ હાનિ. એ હિનના છ બોલ. અનંતગુણ વૃદ્ધિ, અસંખ્યગુણ વૃદ્ધિ, સંખ્યગુણ વૃદ્ધિ. અનંતભાગ વૃદ્ધિ, અસંખ્યભાગ વૃદ્ધિ, સંખ્યભાગ વૃદ્ધિ. એ છ બોલ વૃદ્ધિના. આહાહા..! એક જ સમયમાં છ પ્રકારની વૃદ્ધિ છે એ વીતરાગગમ્ય છે. આ તો ગમ્ય આત્માના જ્ઞાનમાં આવી શકે એવી ચીજ છે. સમજાય છે કાંઈ? આવ્યું ને?

પ્રવર્તમાન વર્તમાન વિદ્યમાન વસ્તુ, તેનો વ્યય. આહાહા..! સમ્યક્ ક્ષાયિક સમકિતની જે પર્યાય છે તેનો પણ બીજે સમયે તો વ્યય થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? તો એ કહે છે કે, ક્યા કારણે એમ થાય છે? ભાવઅભાવશક્તિને કારણે. આહાહા..! એણે નજરું દ્રવ્ય ઉપર કરવી પડશે. એણે ગુણ અને પર્યાયના ભેદ ઉપર દૃષ્ટિ નથી કરવાની. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! આ તો પોતાનું કાર્ય કરવું હોય એને માટે વાત છે. દુનિયાને સમજાવતા આવડે ન આવડે એની સાથે કાંઈ સંબંધ નથી. આહાહા..! એનો અર્થ વિશેષ કરતા આવડે, ન આવડે, અનુવાદ કરતા (આવડે, ન આવડે) એની સાથે કોઈ સંબંધ નથી. આહાહા..! આ તો શક્તિરૂપ જે વસ્તુ છે એને પર્યાયમાં પ્રસિદ્ધ કરવી એ કાર્ય છે અહીંયા તો. અને પ્રસિદ્ધ થયેલી પર્યાય બીજે સમયે વ્યય થાય છે તે પણ એની શક્તિને કારણે છે. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! આ નિર્મળની વાત ચાલે છે, હોં! મલિન પર્યાય છે અને વ્યય થાય છે એની અહીં વાત નથી. કેમ કે મલિન પર્યાય તો જ્ઞાતાની પર્યાયનું પરજ્ઞેય છે. પરજ્ઞેયની પર્યાયનો વ્યય થાય અને એ ભાવઅભાવ છે એ વાત અહીંયા નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

અનંતધર્મત્વશક્તિ આવી ને? અનંતધર્મત્વશક્તિ આવી. એક એક ધર્મ વિલક્ષણ છે. કોઈ બીજા ધર્મ સાથે લક્ષણ મળતું નથી. આહાહા..! અનંતધર્મત્વશક્તિમાં અનંતધર્મ એટલે ગુણ, દરેક ધર્મની વિલક્ષણતા છે. એક ધર્મનું લક્ષણ બીજા ધર્મમાં આવે છે એમ નથી. આહાહા..! એમ અનંતધર્મત્વશક્તિમાં પણ એક સમયમાં અનંતધર્મની પર્યાય વિદ્યમાન છે તેનો વ્યય થાય છે એ ભાવઅભાવશક્તિને કારણે. આહાહા..! શક્તિનો વ્યય નથી થતો, હોં! પ્રવર્તમાન પર્યાયની વાત છે. શક્તિનો વ્યય નથી થતો, ઉત્પાદ થતો નથી. આહાહા..! આવું હવે મગજ ન મળે ને ધંધા આડે, પાપ આડે નવરા ન મળે. આહાહા.! એમાં વળી બે, પાંચ કરોડ રૂપિયા થઈ જાય એટલે થઈ રહ્યું. હું પહોળો ને શેરી સાંકડી થઈ જાય એને. છોકરા માટે મકાન બનાવો ને આની માટે આ ધૂળ કરો ને આ કરો.. અરે..રે...! પ્રભુ! તારે ક્યાં જવું છે? સાંભળવા માટે નિવૃત્તિ ન મળે એને પુણ્ય પણ ન થાય, તો ધર્મ તો ક્યાંથી આવ્યો? પુણ્યને માટે બે-ચાર કલાક ગાળે, વાંચનમાં પુણ્ય શુભભાવ તો થાય. પણ એની અહીંયા વાત નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અહીં તો સમ્યગ્દષ્ટિના આત્માએ ત્રિકાળીનો આશ્રય કર્યો છે તો જેટલી શક્તિનો પિંડ છે તે દરેક શક્તિની વર્તમાન નિર્મળ પર્યાયની હયાતી છે. એ હયાતીનો વ્યય થાય છે, એની વાત છે. 'ઋષભચંદજી'! આવી વાત છે, ભાઈ! આહાહા..! આ એનો ગુણ છે, એમ કહે છે. ભાવઅભાવ નામની શક્તિનો અર્થ એનો ગુણ છે. આહાહા..! આત્મામાં ભાવઅભાવ નામનો એક ગુણ છે. શક્તિ કહો કે ગુણ કહો, એક જ છે. એ ગુણને કારણે વર્તમાન પર્યાયનો અભાવ થાય છે. આહાહા..! નિર્મળ, હોં! એકરૂપ ન રહે. કારણ કે પર્યાયની સ્થિતિ એક સમયની છે. પર્યાયની સ્થિતિ એક સમયની છે. દ્રવ્ય-ગુણની સ્થિતિ ત્રિકાળ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

દર્શન, જ્ઞાન, ચારિત્ર, પ્રભુત્વ, વિભુત્વ, સર્વદર્શિ, કર્તા, કર્મ, કરણ, અકર્તા, અભોક્તા નામની શક્તિ છે તો પર્યાયમાં અકર્તાપણાની નિર્મળ પર્યાય વિદ્યમાન છે પણ એ અકર્તાપણાની શક્તિમાં ભાવઅભાવશક્તિનું રૂપ છે તેથી તેની પણ વર્તમાન પર્યાયનો વ્યય થઈને ભાવઅભાવ થાય છે. છે તેનો અભાવ થાય છે. આહાહા..! હવે અભાવભાવશક્તિ. થોડું થોડું ચલાવીએ.

મુમુક્ષુ :– લંબાણથી પૂરૂં કલાક થાય તો...

ઉત્તર :– પૂરું તો ક્યાં થાય આમાં? આવે તો આવે એ કાંઈ તૈયાર કરી રાખીએ છીએ? આહા..!

જીવત્વશક્તિ આવી ને? જીવત્વ. જીવત્વશક્તિનું લક્ષણ ચિતિ છે. બીજી શક્તિ. એ એનું લક્ષણ છે. એ ચિતિશક્તિ અને જીવત્વશક્તિની બન્નેની સમ્યગ્દષ્ટિને વર્તમાન પર્યાયમાં નિર્મળતા શુદ્ધતાની વિદ્યમાનતા છે. એ શુદ્ધતાની વિદ્યમાનતાનો વ્યય થાય છે એ ભાવઅભાવને કારણે. આહાહા..! સમજાય છે કાંઈ? શક્તિ પર્યાયમાં નથી આવતી. શક્તિનું રૂપ છે તે જ્ઞાનપર્યાયમાં જણાય છે. ઇ શું કહ્યું? જ્ઞાનની પર્યાય વર્તમાન વિદ્યમાન છે એ શક્તિ અને દ્રવ્યનું જાણપણું પર્યાયમાં થાય છે પણ એ પર્યાયમાં દ્રવ્ય અને શક્તિ આવતા નથી. અને એ વર્તમાન વિદ્યમાન પર્યાયનો અભાવ થાય છે, એ અભાવમાં જ્ઞાનની પર્યાયમાં પણ અભાવ થયો, એ પર્યાયમાં અભાવ થયો, શક્તિમાં અભાવ નથી થયો. સમજાય છે કાંઈ? શક્તિ તો છે ઇ છે. આહાહા..! આવું છે. આવું માણસે સાંભળ્યું ન હોય એને એકાંત લાગે. આમાં તો નિશ્ચયની જ વાતું કરે છે. પણ નિશ્ચય એટલે સત્ય. વ્યવહાર એટલે ઉપચાર અને આરોપિત વાત. આહાહા..! એ તો કથનમાત્ર કહ્યું નહોતું? વ્યવહાર કથનમાત્ર. પાંચમો શ્લોક. લૌકિક કથન. આહાહા..! એ પાંત્રીસમી શક્તિ.

**अभवत्पर्यायोदयरूपा अभावभावशक्तिः ३६।**

**નહિ ભવતા (નહિ વર્તતા) પર્યાયના ઉદયરૂપ અભાવભાવશક્તિ. ૩૬.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



૩૬. **'નહિ ભવતા (નહિ વર્તતા)...'** નહિ થવાવાળી પર્યાય. મલિનતાની નહિ થવાવાળી પર્યાય. આહાહા..! **'(નહિ વર્તતા) પર્યાયના ઉદયરૂપ...'** આહાહા..! પહેલા ભાવઅભાવ આવ્યું. હવે આ અભાવભાવ. જે વર્તમાન પર્યાયમાં અભાવ છે તેનો ભાવ થવો. છે? **'નહિ ભવતા પર્યાયના ઉદયરૂપ...'** ઉદય છે ને? પ્રગટરૂપ. આહા..! આ તો બહુ શાંતિ અને ધીરજથી સમજવાની વાત છે, બાપુ! આ કાંઈ કથા નથી, વાર્તા નથી, આ તો ભાગવત કથા-ભગવાનની કથા છે, ભાઈ! આહા..! અરે..! ઉલ્લસિત વીર્યથી એણે કદી સાંભળી નથી. સમજાય છે કાંઈ? આહાહા..! અને ત્યાં કહ્યું હતું ને? **'तत्प्रतिप्रीतिचित्तेन येन वार्तापि हि श्रुता'** જેણે પ્રીતિચિત્તથી અધ્યાત્મની વાત સાંભળી છે... આહાહા..! એ અવશ્ય મોક્ષનું ભાજન છે. આહા..! શું કહેવાય ઇ? 'પદ્મનંદી પંચવિંશતિ:' છે તો છવીસ અધિકાર પણ (નામ પચીસ આપ્યું છે). આહાહા..!

એમાં તો એક છવીસમો બ્રહ્મચર્યનો અધિકાર લીધો છે. બ્રહ્મચર્યની ઘણી વાત કરી. આનંદસ્વરૂપમાં રમણતા તે બ્રહ્મચર્ય છે. શરીરથી શીલ પાળવું એ કંઈ બ્રહ્મચર્ય નથી, એ તો વિકલ્પ રાગ છે. આહાહા..! ભગવાનઆત્મા આનંદસ્વરૂપમાં બ્રહ્મ એટલે આનંદમાં લીન થવું એ બ્રહ્મચર્ય છે. પછી આચાર્ય કહે છે, અરે..! યુવકો! અરે..! યુવાનો! મારી આ બ્રહ્મચર્યની વાત સાંભળીને તમને ઠીક ન લાગે તો ક્ષમા કરજો, હું તો મુનિ છું, ક્ષમા કરજો. આહાહા..! 'પદ્મનંદી પંચવિંશતિ:'. કેમકે આ સ્ત્રીના વિષય ને ભોગમાં મશગુલ પડ્યા છે એને બ્રહ્મચર્ય એટલે આ (કહેવું)... આહાહા..! અરે..! ભાઈ! તને ખબર નથી, બાપુ! બ્રહ્મ એટલે આનંદસ્વરૂપ ભગવાનમાં લીન થવું એ બ્રહ્મચર્ય છે. કાયા વડે, મન વડે ન કરવું એ નહિ. અંદરમાં વિકલ્પથી ન કરવું. નિર્વિકલ્પ બ્રહ્મચર્યમાં લીન થવું એનું નામ બ્રહ્મચર્ય છે. તો આચાર્ય મહારાજે ફરમાવ્યું, હે યુવકો! એ ગાથામાં છે, હોં! એ ગાથા છે. હે યુવાનો! તમારી પચીસ, ત્રીસ, ચાલીસ વર્ષની જુવાની ફાટી રહી છે, ખાઈપીને લઠ જેવા લાગે અને મકાન-બકાન પાંચ-દસ લાખનું મકાન હોય ને એમાં પલંગમાં સ્ત્રી.. અરે..! પ્રભુ! તને ન રુચે તો કંટાળો કરીશ નહિ, ક્ષમા આપજે. કારણ કે અમે મુનિ છીએ, અમે શું કહીએ? બીજું શું કહીએ?

એમ અહીંયા આચાર્ય કહે છે, અમે તો સમકિતી છીએ, અમે શું કહીએ? તમને ન સમજાય અને કંટાળો આવે તો માફ કરજો. આહાહા..! આવો ઉપદેશ મળવો પણ મુશ્કેલ. આહાહા..! એવી વાત છે એટલે લોકોને બિચારાને એવું લાગે છે. અરે..રે...! એ અહીંની દયા ખાય છે, હોં! કે તમે આ...

મુમુક્ષુ :- એટલે તો લોકો મહિનો મહિનો આવતા રહે છે.

ઉત્તર :- આવે છે. વાત સાચી. આહા..! અરે..રે..! બાપુ! ભાઈ! એ કહે, વ્યવહારથી નથી માનતા તો નરક ને નિગોદમાં (જશો). પ્રભુ! સાંભળ તો ખરો. આહાહા..! એની સામે લ્યો કે સ્વર્ગ ને મુક્તિ છે. એ નરક ને નિગોદ તો તત્ત્વદૃષ્ટિથી વિરૂદ્ધ કહેનાર માટે લાગુ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પડે છે. સમજાય છે કાંઈ? કહ્યું ને ઇ? ચૌદ બોલ નથી આવ્યા? 'સમયસાર'. તત્-અતત્, એક-અનેક. ત્યાં પશુ જ કહ્યા છે. આહાહા..! જે એકાંત માને છે કે રાગથી લાભ માને છે, એ તો એકાંત છે. આહાહા..! તેને ત્યાં પશુ કહ્યા છે. પશુ છે. વર્તમાનમાં પણ તું પશ્યતિ ઇતિ પશુ, બધ્યતે ઇતિ પશુ. આહાહા..! ચૌદ બોલમાં સંસ્કૃતમાં છે–પશુ. એનો અર્થ શું? પશ્યતે ઇતિ પશુ. પશુનો અર્થ એ–મિથ્યાત્વથી બંધ થાય છે માટે પશુ. અને પશુનો એક અર્થ–વર્તમાનમાં પણ મિથ્યાત્વરૂપી પશુથી બંધાય છે અને એના ફળમાં પણ નિગોદગતિ છે, પ્રભુ! આહાહા..! એ પશુ છે. નિગોદ પશુ છે. સમજાય છે કાંઈ? આહાહા..!

આચાર્ય મહારાજ તો ત્યાં સુધી કહે છે, વસ્ત્રનો એક ટુકડો રાખીને અમે મુનિ છીએ એમ માને, મનાવે, માનતા હોય એને અનુમોદે એ નિગોદ ગચ્છઈ. આહાહા..! કાકડીના ચોરને ફાંસી(ની સજા)? ના, પ્રભુ! એણે બહુ મોટો ગુનો કર્યો છે. વસ્ત્રનો એક ટુકડો રાખીને મુનિપણું ત્રણકાળમાં હોતું જ નથી. વસ્ત્રને કારણે નહિ પણ મમતાને કારણે. સમજાય છે કાંઈ? આહાહા..! જ્યાં વસ્ત્ર રાખવાનો, ઓઢવાનો ભાવ છે ત્યાં મમત્વ છે અને મમત્વ છે ત્યાં ચારિત્ર છે જ નહિ. અને એને માનવા એ મિથ્યાત્વભાવ છે અને મિથ્યાત્વનું ફળ નિગોદ છે. કોઈ શુભ પરિણામ થાય ને સ્વર્ગ મળી જાય, અશુભ પરિણામ હોય તો નરક મળી જાય પણ ખરેખર તત્ત્વદૃષ્ટિથી વિરૂદ્ધ દૃષ્ટિનું ફળ યથાર્થપણે તો નિગોદ છે. અને તત્ત્વદૃષ્ટિના આરાધનનું ફળ મુક્તિ છે, બસ! સમજાય છે કાંઈ? આહાહા..! એ તો વચ્ચે જરી શુભભાવ હોય તો સ્વર્ગમાં જાય, અશુભ હોય તો નરકે જાય, એ કોઈ વસ્તુ નથી. મૂળ ચીજ તો મિથ્યાત્વનું ફળ નિગોદ છે અને સમ્યગ્દર્શનનું ફળ મુક્તિ છે. આહાહા..! શું કહ્યું?

**'નહિ ભવતા પર્યાયના ઉદયરૂપ...'** વર્તમાનમાં ભવિષ્યની જે પર્યાય થવાની છે વર્તમાનમાં નથી. બીજે સમયે જે પર્યાય થવાની છે તે વર્તમાનમાં નથી. નિર્મળની વાત ચાલે છે, હોં! આહાહા..! **'નહિ ભવતા પર્યાયના ઉદયરૂપ...'** વર્તમાન પ્રવર્તમાન નથી. ભવિષ્યની છે તે વર્તમાન થશે. અભાવ છે તેનો ભાવ થશે. અભાવ છે તેનો ભાવ થઈ જશે. આહાહા..! સમજાય છે કાંઈ? ભવિષ્યની કેવળજ્ઞાન આદિની પર્યાય વર્તમાનમાં નથી તો અભાવભાવ છે. સમજાય છે કાંઈ? આહાહા..! પણ નહિ પ્રવર્તમાન વર્તમાન પર્યાયમાં એ ભવિષ્યની પર્યાય પ્રગટ થશે. આહાહા..! ઇ શું કહ્યું?

વર્તમાનમાં ભવિષ્યની પર્યાયનો અભાવ છે. સમજાય છે કાંઈ? પણ એ અભાવનો ભાવ થઈ જશે. એવી અભાવભાવશક્તિ છે. પહેલા ભાવઅભાવશક્તિ કહી હતી. છે તેનો વ્યય થશે. હવે અહીં તો કહે છે, નથી તેનો ઉદય થશે. આહાહા..! એ શક્તિને કારણે એવું થશે જ. આહાહા..! ક્ષયોપશમ સમકિતમાં ક્ષાયિક સમકિતનો અભાવ છે. સમજાય છે કાંઈ? તો કહે છે, ભલે અભાવ હો પણ અભાવ ભાવ થઈ જશે. અભાવ નથી તેનો ભાવ થઈ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જશે. ભગવાનની સમીપે ક્ષાયિક સમકિત છે એ તો નિમિત્તનું કથન છે. ભગવાન તીર્થંકર કે શ્રુતકેવળીની સમીપમાં ક્ષાયિક સમકિત થાય, એમ આવે છે ને? તો અહીં તો બીજી રીત કહે છે કે ક્ષયોપશમ સમકિત છે, એમાં ક્ષાયિકનો અભાવ છે. તો જે ક્ષાયિકનો અભાવ છે તે ક્ષાયિક થઈ જશે. આહાહા..! અભાવનો ભાવ થઈ જશે. આહાહા..! એવી અભાવભાવ નામની શક્તિ છે. સમજાય છે કાંઈ?

શાસ્ત્રમાં એમ આવે છે કે, ક્ષાયિક સમકિત તો ભગવાનની સમીપે જ થાય છે. સમીપમાં થાય એ તો નિમિત્તનું કથન છે. એ વખતે ક્ષાયિક સમકિત પર્યાયમાં નથી, અભાવ છે તેનો ભાવ થઈ જશે. આહાહા..! એ પોતાની અભાવભાવશક્તિને કારણે એમ થાય છે. ભગવાનની સમીપમાં આવ્યો તો ક્ષાયિક સમકિત થયું એમ નથી, એમ કહે છે. સમજાય છે કાંઈ? અરે..! આવી વાતું, લ્યો! પછી માણસ કહે, વ્યવહાર ઉથાપે છે. વાત તો સાચી છે એની. આહાહા.!

હવે અહીં કહે છે, શ્રુતકેવળી અને તીર્થંકરની સમીપમાં ક્ષાયિક સમકિત થાય છે. અહીં કહે છે, ક્ષયોપશમ સમકિતમાં ક્ષાયિક સમકિતનો અભાવ છે, પણ અભાવ છે એ ભાવ થઈ જશે. અભાવનો ભાવ થઈ જશે. આહાહા..! પોતાની શક્તિને કારણે થઈ જશે. ભગવાનની સમીપ છે તો ક્ષાયિક થઈ જશે (એમ નથી). આહાહા..! સમજાય છે કાંઈ? આ તો ક્ષાયિક સમકિત એક લક્ષમાં આવી ગયું. એમ વર્તમાનમાં સ્વરૂપાચરણ ચારિત્રની પર્યાય છે એમાં વિશેષ સ્થિરતાની પર્યાયનો અભાવ છે પણ એ અભાવ છે તેનો ભાવ થઈ જશે. આહાહા..! અભાવનો ભાવ થઈ જશે, અભાવ છે તેનો ભાવ થશે. ઉદય શબ્દ વાપર્યો છે ને? ઉદય. 'શ્રીમદ્' પણ એમ વાપરે છે. 'ઉદય થાય ચારિત્રનો' 'આત્મસિદ્ધિ'માં એવો પાઠ છે. ઉદય નામ પ્રગટ. પ્રગટ થશે. વર્તમાનમાં ક્ષયોપશમ સમકિત છે તેમાં ક્ષાયિકનો અભાવ છે તો ભાવઅભાવ છે તો અભાવનો ભાવ થઈ જશે. આ બધા સાંભળવા બેઠા છે ને! વિશેષ કહેશે, લ્યો! (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**પ્રવચન નં. ૩૧ શક્તિ-૩૬ શનિવાર, (દ્વિતીય) શ્રાવણ વદ ૧૨, તા. ૧૦-૦૯-૧૯૭૭**

---

'સમયસાર' શક્તિનો અધિકાર ચાલે છે. શક્તિનો અર્થ-દ્રવ્યમાં જે સામર્થ્ય છે, ગુણ છે તેને અહીંયા શક્તિ કહે છે. દ્રવ્ય એક છે, શક્તિ અનંત છે. અનંતશક્તિનું એકરૂપ તે દ્રવ્ય છે. શક્તિ કહો કે ગુણ કહો. અનંતગુણનું એકરૂપ તે દ્રવ્ય છે. એમાં અહીંયા આપણે ૩૬મી (શક્તિ) ચાલે છે ને? જુઓ! આ શક્તિમાં ગંભીરતા છે. શું (કહે છે)?

**'નહિ ભવતા પર્યાયના ઉદયરૂપ...'** શું કહે છે? કે વર્તમાન ભાવમાં જ્ઞાનની ઓછપ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે અને પછીની પર્યાયમાં વૃદ્ધિ થાય છે, એ વર્તમાનમાં અભાવ છે તેનો ભાવ થાય છે તે અભાવભાવશક્તિને કારણે. શું કહ્યું સમજાણું? ચાર કર્મ નાશ થયા તો કેવળજ્ઞાન, કેવળદર્શન થયું એમ 'તત્ત્વાર્થસૂત્ર'માં છે. ચાર ઘાતિનો નાશ થાય છે, એ તો નિમિત્તનું કથન છે. આત્મામાં એવો ગુણ છે વર્તમાન પર્યાય નથી, અભાવ છે, તે પછીની પર્યાય ઉત્પન્ન થવાવાળી છે, તે ભાવનો અભાવ કરીને, ભાવનો તો અભાવ થાય છે પણ ભાવમાં એ અભાવ નથી, પણ અભાવનો ભાવ થશે. એ ભાવના અભાવમાં બીજો ભાવ થયો. અભાવભાવશક્તિ. છે?

વર્તમાન પર્યાયમાં કેવળજ્ઞાન નથી એનો અભાવ છે. પછી કેવળજ્ઞાન થાય છે તેનું શું કારણ? જ્ઞાનાવરણીયનો નાશ થયો તે કારણે? અભાવભાવ નામની શક્તિ છે તો વર્તમાનમાં ભાવ નથી તે ભાવ થશે જ. પછીની પર્યાયમાં (થશે જ). વર્તમાનમાં અભાવ છે, વર્તમાનમાં એ ભાવ નહિ હોવા છતાં, પછીની પર્યાય જે અત્યારે અભાવરૂપ છે તે આવશે. એ અહીંયા પ્રગટ થશે. એ અભાવભાવશક્તિને કારણે. સમજાય છે કાંઈ? એમાં નિમિત્ત-નૈમિત્તિકનો પણ નિષેધ છે.

એ તકરાર ચાલી છે. સામેવાળાએ ખાણિયા ચર્ચામાં લખ્યું છે. એમ કે, 'તત્ત્વાર્થ સૂત્ર'માં તો એમ ચાલ્યું છે કે ચાર ઘાતિનો નાશ થાય છે તો કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંત સુખ ને અનંતવીર્ય પ્રગટ થાય છે. 'ફૂલચંદજી'એ જવાબ આપ્યો છે, ચાર કર્મનો નાશ–વ્યય થાય તો એનો અર્થ એ કે અકર્મરૂપ પર્યાય થાય છે. કર્મરૂપ પર્યાયનો વ્યય થાય છે. વ્યય થયો તો શું થયું? એ અકર્મરૂપ પર્યાય થઈ. એનાથી કેવળજ્ઞાન થયું, એમ નથી. સમજાય છે કાંઈ? એ.. શેઠ! આ નિર્ણય કરવો પડશે. એમને એમ ગાડું ચાલ્યું છે. અમારે 'પોપટભાઈ' એમ કહે છે, એ માટે તો અહીં આવ્યા છીએ. આહાહા..!

અભાવભાવશક્તિનું કાર્ય શું? વર્તમાન પર્યાયમાં જેનો અભાવ છે તે પછીની પર્યાય ત્યાં થશે. એ પોતાની અભાવભાવશક્તિને કારણે થશે. કર્મના અભાવને કારણે થશે એમ નહિ. સમજાય છે કાંઈ? આહાહા..! કાલે એક દૃષ્ટાંત આપ્યો હતો. એ તો લક્ષમાં આવી ગયું હતું. ક્ષયોપશમ સમકિતનો. 'ગોમ્મટસાર' શાસ્ત્રમાં તો એવો લેખ છે કે તીર્થંકર અને શ્રુતકેવળીની સમીપમાં ક્ષાયિક સમકિત થાય છે. એ તો નિમિત્તનું કથન છે. અહીં તો કહે છે કે અભાવભાવશક્તિ એમાં છે તો ક્ષયોપશમમાં ક્ષાયિકનો અભાવ છે એ ક્ષાયિકનો અભાવ ક્ષાયિક કરશે. એ અભાવભાવશક્તિને કારણે ક્ષાયિક થશે. આવી વાતું છે, બાપુ! આહાહા..! સમજાય છે કાંઈ? અને ચાર જ્ઞાનની પર્યાયમાં જે ચાર જ્ઞાન છે અને તેનો અભાવ થઈને કેવળજ્ઞાન થાય છે તો કહે છે કે એ અભાવ થાય છે તો કેવળજ્ઞાન થાય છે, એમ નથી. એ ચાર જ્ઞાનમાં કેવળજ્ઞાનનો અભાવ છે તો અભાવભાવશક્તિને કારણે પછી કેવળજ્ઞાન થશે. એ શક્તિને કારણે થશે. સમજાય છે કાંઈ? આમાં નિમિત્ત-નૈમિત્તિક સંબંધ ઉડાડી દે છે. નિમિત્ત હો પણ એનાથી થાય છે એમ નથી. આહા..! સમજાય છે કાંઈ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એ પ્રશ્ન ચાલ્યો હતો. હમણા કહ્યું ને? અમે જ્યારે 'જમશેદપુર' ચાલ્યા ગયા તો ત્યાં 'ઇસરી'માં 'રતનચંદજી'એ 'વર્ણીજી' પાસે પ્રશ્ન ચલાવ્યો અને રેકોર્ડિંગ ઉતરી ગયું. હમણા બતાવ્યું ને? 'રતનચંદજી'એ કહ્યું, 'કાનજીસ્વામી' એમ કહે છે, તમારા ગામના.. 'સહરાનપુર'ના. 'રતનચંદજી મુખત્યાર' 'સહરાનપુર' 'વર્ણીજી'ને કહે છે, 'કાનજીસ્વામી' એમ કહે છે, મહારાજ! જ્ઞાનાવરણીયાદિ કર્મ કંઈ નથી કરતા. કર્મ આત્મામાં કંઈ કરતા નથી. પોતાની યોગ્યતાથી જ્ઞાનમાં વધઘટ થાય છે. જ્ઞાનની પર્યાયમાં વધઘટ. ... 'બાબુલાલે' કાઢી નાખ્યું છે. બીજા પુસ્તકમાં (નથી). અહીંના વિરોધ માટે. એણે લેખ જ કાઢી નાખ્યો છે. સમજાણું કાંઈ? અહીં તો બન્ને પ્રશ્ન એ જ હતા કે પોતાની જ્ઞાનની પર્યાયમાં ઓછપ થાય છે તો પોતાની યોગ્યતાથી. જ્ઞાનાવરણીય નિમિત્ત હો પણ નિમિત્ત આત્મામાં ઓછપ કરે છે, એમ નથી. અને વૃદ્ધિનો પ્રશ્ન તો અહીંયા છે. સમજાય છે કાંઈ?

જ્ઞાનગુણમાં અભાવભાવ નામનું રૂપ છે. અભાવભાવશક્તિ છે તેનું રૂપ જ્ઞાનગુણમાં પણ છે. જ્ઞાનગુણના પરિણમનમાં વર્તમાન જે અલ્પ જ્ઞાન છે તેના સ્થાનમાં કેવળજ્ઞાન નથી કે પછી જે વૃદ્ધિ થવાની છે તે વર્તમાનમાં નથી એ અભાવભાવશક્તિને કારણે જે ભાવ નથી તે ભાવ આવશે. કર્મના અભાવથી આવશે એ પ્રશ્ન અહીંયા નથી. આહાહા...! આવી વાત છે. એની શક્તિ તાકાત છે. 'કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ'. સમજાય છે કાંઈ? અહીંયા તો એ પણ લેવું નથી. અહીંયા તો આત્મામાં એક અભાવભાવ નામનો ગુણ છે. ભગવાનઆત્મા ગુણી છે. ગુણી તો અહીંયા ચોખાના, બાજરાના કોથળા હોય એને ગુણી કહે છે. અંદર ભર્યા હોય ને? તમારે બોરી કહે છે. અમારે અહીંયા કાઠિયાવાડમાં ગુણી કહે છે. ગુણી લાવો. એમ અહીંયા નથી. અહીં તો ગુણીનો અર્થ એમાં અનંતગુણ ભર્યા છે એવો ગુણી. અનંતગુણમાં એક એવો ગુણ છે કે વર્તમાન પર્યાયમાં વિશેષ જ્ઞાનનો અભાવ છે, વિશેષ જ્ઞાનનો, પછી વિશેષ જ્ઞાન થવાનો ભાવ થશે એ અભાવભાવશક્તિને કારણે વિશેષ જ્ઞાન થશે.

અભાવભાવ-વર્તમાનમાં વિશેષજ્ઞાનનો કેવળજ્ઞાનનો, અવધિજ્ઞાન વિગેરેનો અભાવ છે, જ્ઞાનગુણમાં અભાવભાવ નામનું રૂપ છે તે કારણે અભાવભાવશક્તિનું રૂપ છે તે કારણે વર્તમાનમાં જ્ઞાનની અલ્પતા છે, તેમાં વિશેષજ્ઞાનનો અભાવ છે, તો અભાવભાવશક્તિને કારણે વર્તમાન જે અલ્પજ્ઞાન છે એના સ્થાનમાં વિશેષજ્ઞાન થશે, એ અભાવભાવશક્તિને કારણે થશે. હવે પંડિતજી 'હુકમચંદજી' આવ્યા છે ને! 'જ્ઞાનચંદજી', 'પાટનીજી' બધા વ્યાખ્યાન કરવાવાળા (છે). આહાહા..! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- અમે તો બધા આપની પાછળ છીએ.

ઉત્તર :- પણ એમાં છે ને! જુઓ! આ તો સિદ્ધાંત છે. આગમથી, યુક્તિથી અને અનુભવથી ત્રણેથી એ વાત સિદ્ધ થાય છે. યુક્તિથી પણ પોતાની પર્યાય પરથી થાય છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એમ પણ નથી. કેમ કે નિમિત્ત છે તે પોતાની પર્યાય કરે છે તો પરની પર્યાય ક્યાંથી કરે?

મુમુક્ષુ :– અત્યંત અભાવ છે.

ઉત્તર :– અત્યંત અભાવ છે. અહીં તો બીજી વાત કહેવી છે કે વર્તમાનમાં આનંદ, જ્ઞાન.. અહીંયા પહેલા જ્ઞાન લેવું છે કે જ્ઞાનની અલ્પતામાં વિશેષજ્ઞાનનો અભાવ છે તો વિશેષજ્ઞાનનો અભાવ છે તો એ અભાવભાવ નામની શક્તિમાં અભાવના સ્થાને વિશેષજ્ઞાન થશે. વિશેષજ્ઞાન થશે તે શક્તિને કારણે થશે. કોઈ નિમિત્તને સાંભળ્યું કે ગુરુ મળ્યા છે એટલે વિશેષજ્ઞાન થશે, એમ નથી. ભાઈ! 'રતનચંદજી'! બરાબર છે? ઇ તમારા 'રતનચંદજી' અને આ અમારા 'રતનચંદજી' છે. સમજાય છે કાંઈ? એમ કહે છે કે 'હુકમચંદજી' સોનગઢના પંડિત છે, એમ લોકો કહે છે. અરે..! ભગવાન! આ તો સત્ય (છે). પછી કહ્યું કે, આ અમારા છે. આહાહા..! ભગવાન! અમારા-તમારા એમાં છે ક્યાં?

ભગવાનઆત્મામાં અનંતગુણમાંથી એક ગુણ એવો છે કે વર્તમાનમાં ગુણની વિશેષ વૃદ્ધિ નથી, અભાવ છે, તે અભાવભાવશક્તિની પર્યાયને કારણે પછીની જે વૃદ્ધિ છે તે અભાવમાં આવશે. પોતાને કારણે આવશે. આહાહા..! સમજાય છે કાંઈ? એ અભાવભાવશક્તિને કારણે વિશેષગુણ વર્તમાનમાં નથી, અલ્પ છે પછી વિશેષ આવશે એ અભાવભાવશક્તિને કારણે એ ભાવમાં આવશે તે અભાવભાવશક્તિને કારણે આવશે. આહાહા..! એણે કરવાનું તો શું છે? કે ચિદ્રૂપ જે ભગવાનઆત્મા છે એનો સ્વીકાર કરવો. એમાં એ અભાવભાવશક્તિનો સ્વીકાર પણ આવી ગયો. ગુણીનો સ્વીકાર થયો તો એમાં ગુણનો પણ સ્વીકાર થયો. સ્વીકાર થયો તો પર્યાયમાં જે અલ્પજ્ઞાન વર્તમાનમાં છે તો જ્ઞાનગુણમાં અભાવભાવનું રૂપ છે તો વિશેષશક્તિનો ભાવ એ અભાવભાવશક્તિને કારણે વિશેષજ્ઞાન થશે. નિમિત્તથી થશે, જ્ઞાનાવરણીયના અભાવથી થશે એ વાત નથી. બરાબર છે? આહાહા..!

એમ સમકિતમાં. ક્ષયોપશમ સમકિતના સ્થાનમાં ક્ષાયિક સમકિતનો અભાવ છે. ક્ષયોપશમ સમકિતમાં ક્ષાયિકનો અભાવ છે. તો અહીંયા અભાવભાવશક્તિને કારણે અંદર શ્રદ્ધાગુણમાં પણ અભાવભાવ નામનું રૂપ છે. શ્રદ્ધાગુણમાં. શ્રદ્ધાગુણ છે, સમકિત એ પર્યાય છે. પણ શ્રદ્ધાગુણમાં અભાવભાવ નામનું રૂપ પડ્યું છે તે કારણે એ શ્રદ્ધાગુણમાં અભાવભાવશક્તિને કારણે ક્ષયોપશમના સ્થાનમાં ક્ષાયિક આવશે. એ આ કારણે આવશે. ભગવાનની સમીપ ગયો તો આવશે એવી વાત નથી. આહાહા..! આવી વાત છે. વાત બેસે છે? કહો, 'સુરેન્દ્રજી'! આચાર્યનું છે. આહાહા..! અહીંયા તો ના પાડી હતી. પછી 'જમાદારે' કાઢી નાખ્યું છે. છાપવાની કોઈ ભૂલ પણ થઈ ગઈ હોય. પણ એટલું ઓછું નાખ્યું છે.

અહીંયા તો જ્ઞાનગુણમાં અભાવભાવ નામનો ગુણ અંદર નથી પણ એનું રૂપ છે. તે કારણે જ્ઞાનની પર્યાયમાં વર્તમાનમાં વિશેષનો અભાવ છે. તો વિશેષના અભાવમાં ભાવ થઈ જશે, એ અભાવભાવશક્તિને કારણે. આહાહા..! આ મોટો નિમિત્તનો ગોટો આમાં ઊડી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જાય છે. કહો, 'ચંદુભાઈ'! નિમિત્તથી થાય છે એ વાત ઉડી જાય છે. આહાહા..! ગુરુથી જ્ઞાન મળે છે, ભગવાનની વાણી સાંભળવાથી જ્ઞાનની વૃદ્ધિ થાય છે એ બધી વાત ઊડી જાય છે. આત્મામાં ગુણ જ એવો છે. અભાવભાવ નામની શક્તિ અને ગુણ એવો છે કે તે કારણે વર્તમાનમાં વિશેષ ન હોય તો વિશેષ આવશે. એવું અભાવભાવશક્તિને કારણે આવશે. સમજાય છે કાંઈ? આ એક બોલ પણ યથાર્થ સમજે તો બધું ઊડી જાય છે. ઉપાદાનથી થાય છે, નિમિત્તથી નહિ. સમજાય છે કાંઈ? મોટી ગડબડ છે.

એ તો પહેલા 'દેવકીનંદન' બિચારા કહેતા હતા, હોં! 'ઇન્દોર'વાળા 'દેવકીનંદન' હતાને? 'પંચાધ્યાયી'માં એની ભૂલ હતી. જ્યારે આવ્યા હતા ત્યારે મેં બતાવ્યું હતું. એ કહે, અમે પંડિત લોકો લખી નાખીએ. એણે એવો બોલ લીધો હતો કે છઠ્ઠે ગુણસ્થાને બુદ્ધિપૂર્વકનો રાગ છે અને અબુદ્ધિપૂર્વકનો સાતમે ગુણસ્થાને છે. એણે 'પંચાધ્યાયી'નું બનાવ્યું છે ને તેમાં લખ્યું. કીધું, એમ નથી. તો પછી શું છે? કે છઠ્ઠે ગુણસ્થાને બુદ્ધિપૂર્વક અને અબુદ્ધિપૂર્વક બન્ને પ્રકારનો રાગ છે. અને સાતમે અબુદ્ધિપૂર્વક એક છે. બુદ્ધિપૂર્વક છઠ્ઠે છે અને સાતમે અબુદ્ધિપૂર્વક છે એમ નથી. શું કહ્યું સમજાણું?

મુમુક્ષુ :- છઠ્ઠે અબુદ્ધિપૂર્વક પણ છે.

ઉત્તર :- અબુદ્ધિપૂર્વક છે.

મુમુક્ષુ :- ચોથે ગુણસ્થાને?

ઉત્તર :- ચોથે પણ છે, એની અહીંયા વાત નથી. ચોથે પણ ઉપયોગમાં જે રાગ બુદ્ધિપૂર્વકનો ખ્યાલમાં આવે છે તે છે. અને ઉપયોગ કામ નથી કરતો એવો અબુદ્ધિપૂર્વકનો ચોથે પણ છે. અહીં તો મુનિની વાત છે. ચારિત્રવંત છે, ત્રણ કષાયનો અભાવ છે. આહાહા..! ખ્યાલમાં નહિ આવનારા રાગને અબુદ્ધિપૂર્વક કહે છે અને નયથી કહો તો અસદ્ભૂત અનઉપચારથી કહેવામાં આવે છે. આવી ઝીણી વાતું.

ફરીને કહીએ, હોં! એકદમ જવા નહિ દઈએ. વાત સરખી સિદ્ધ થશે (તો સમજાશે). શું કહ્યું? કે આ આત્મામાં ચિદ્ઘનનું જ્ઞાન, ભાન થયું એને પણ રાગ તો છે. પણ રાગ જેટલો ખ્યાલમાં આવે છે તેને અસદ્ભૂત ઉપચાર કહેવામાં આવે છે. કેમ કે રાગ પોતામાં નથી માટે અસદ્ભૂત. અને ઉપચાર તો ખ્યાલમાં આવે છે એ રાગ કહેવો એ ઉપચાર. અને એ સમયે ઉપયોગ સૂક્ષ્મ નથી તો ત્યાં અબુદ્ધિપૂર્વક રાગ છે, ખ્યાલમાં રાગ આવ્યો પછી અબુદ્ધિપૂર્વક છે, અબુદ્ધિપૂર્વક રાગને અસદ્ભૂત અનુપચારનયનો વિષય કહેવામાં આવ્યો છે. આટલું બધું (સમજવું)... સમજાય છે કાંઈ? એ બુદ્ધિપૂર્વક અને અબુદ્ધિપૂર્વક ચોથે, પાંચમે, છઠ્ઠે સુધી હોય છે. સાતમે એકલો અબુદ્ધિપૂર્વકનો હોય છે. એમણે કહ્યું, અમને ભૂલ બતાવો. અમે પંડિત લોકો નિમિત્તાધીન દૃષ્ટિથી ભણ્યા છીએ. ચોખ્ખું કહ્યું, બધા પંડિતો.. બધા પંડિતો નિમિત્તાધીનથી ભણ્યા છીએ, અમારી બધી વૃત્તિ નિમિત્ત આધીનની છે. આ ભણતર જ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અમારી પાસે નહોતું, અમે લાવીએ ક્યાંથી? એમ બિચારા કહેતા હતા. એ ગુજરી ગયા. અમે અને 'રામજીભાઈ'એ વિચાર કર્યો હતો કે એ અહીંયા આવે, છ મહિના રહે. અને છ મહિના 'કૈલાસચંદજી' રહે. જેટલો પગાર ત્યાં મળતો હોય તેટલો પગાર સંસ્થા અહીંથી આપશે. છ મહિના અમારી વાત સાંભળે પછી એનો પ્રચાર કરવો હોય તો કરે. પહેલા છ મહિના સાંભળે કે શું છે. પણ પછી તો ગુજરી ગયા. 'દેવકીનંદનજી' ગુજરી ગયા હતા, 'કૈલાસચંદજી' એકલા તો આવી શકે નહિ. એની દૃષ્ટિમાં જરી ફેર છે. એ હજી સુધી કહેતા હતા કે અમારે અને એમનામાં મતભેદ છે. ક્રમબદ્ધનો નિર્ણય કર્યો તોપણ હજી કહે છે કે મતભેદ છે. જે ક્રમબદ્ધ એમની પાસે પહેલા નહોતું. સમજાય છે કાંઈ?

અહીંયા કહે છે કે ચોથે ગુણસ્થાને આત્મજ્ઞાન થયું છતાં કષાયભાવ છે. કષાય રાગ હો, દ્વેષ હો, ક્રોધ હો, માન હો.. ક્રોધ-માનને દ્વેષ કહે છે, માયા-લોભને રાગ કહે છે. એમાંથી કોઈ અંશે રાગ હોય પણ એ અંશ ખ્યાલમાં આવે છે તેટલા રાગને બુદ્ધિપૂર્વકનો કહે છે અને ખ્યાલમાં નથી આવતો તેને અબુદ્ધિપૂર્વકનો કહે છે. બન્ને રાગનો આત્મામાં અભાવ છે. અસદ્‌ભૂત કહેવાથી. અહીંયા એ વાત લેવી જ નથી. એને ક્રોધ છે અને ક્રોધનો અભાવ થશે એ પ્રશ્ન જ અહીંયા નથી. અહીંયા તો એનામાં ક્રોધ છે જ નથી. શક્તિનું વર્ણન છે તો શક્તિ ગુણરૂપ છે. ગુણરૂપ છે તો એનું પરિણમન નિર્મળ જ છે. નિર્મળ ક્રમવર્તી પર્યાય અને નિર્મળ અક્રમવર્તી ગુણ, એનો સમુદાય તે આત્મા છે. વિકારની વાત અહીંયા નથી. આહાહા..! સમજાય છે કાંઈ? કેટલું યાદ રાખવું? વાણિયાને ધંધા આડે નવરાશ ન મળે. શેઠ! આહાહા..!

અરે..! ભાઈ! અનંતકાળમાં કદી યથાર્થ નિર્ણય, અનુભવ નથી કર્યો. એ અનુભવ વિના જન્મ-મરણ નહિ મટે, ભાઈ! એ તારા વ્રત ને તપ ને ભક્તિ ને પૂજા લાખ, કરોડ, અનંત કર, એ તો રાગ છે, વિકાર છે, ક્લેશ છે, દુઃખ છે. સમજાય છે કાંઈ? કરોડની મૂડી હોય અને પાંચ-પચીસ લાખ ખર્ચી નાખે તો ધર્મ છે, એમ ત્રણકાળમાં નથી. સમજાય છે કાંઈ? આહાહા..!

દૃષ્ટાંત નહોતું આપ્યું? રાત્રે આપેલું. કોઈ ગૃહસ્થ માણસ કરોડપતિ હોય. એને સાંભળીને એમ થયું કે, હું જાઉં છું. મારી પાસે કરોડ છે તો દસ લાખ આપું છું. લવામાં ઓછપ થઈ ગઈ. (બોલી શકે નહિ). દસ લાખ... (બોલવા જાય) તો પેલો છોકરો સમજ્યો કે દસ લાખનું કહેવા માગે છે. એય..! શેઠ! એટલે છોકરો કહે, બાપુજી! અત્યારે પૈસાને યાદ ન કરીએ. છોકરાઓ પણ બધા એવા, હોં! ધુતારા છે. 'નિયમસાર'માં પાઠ છે, આજીવિકા માટે તને ધુતારાની ટોળી મળી છે. 'નિયમસાર'માં છે. સ્ત્રી ને દીકરા ને દીકરી ને દીકરાની વહુ બધા ધુતારાની ટોળી છે. તને લૂંટી ખાશે, મારી નાખશે. એ પરદ્રવ્ય છે તેને મારા માનવા, હું એનું રક્ષણ કરું... મરી જઈશ તું. 'નિયમસાર'માં છે. આજીવિકાની ટોળી (છે).

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અમને રાખો, અમને આપો, સાડલા લાવો, દીકરાને પરણાવો, દીકરી મોટી થઈ ગઈ છે, ઠેકાણે પાડી દો. લુંટારા છે બધા. એય...! શેઠ!

અહીં કહે છે કે આત્મામાં જે કષાય થાય છે તેની વાત તો અહીંયા લીધી જ નથી. કેમ કે અહીંયા તો આત્મા ને આત્માની શક્તિ બન્ને નિર્મળ છે. નિર્મળની દૃષ્ટિ કરવાથી પર્યાયમાં નિર્મળતા જ ઉત્પન્ન થાય છે. એ નિર્મળ ક્રમવર્તી પર્યાય અને નિર્મળ અક્રમવર્તી શક્તિ, તેનો સમૂહ તે આત્મા કહ્યો છે. અહીંયા રાગની વાત નથી. સમજાય છે કાંઈ? એટલે અહીંયા એમ કહે છે કે જ્ઞાનગુણમાં એક અભાવભાવ નામની શક્તિ છે.

એમ શ્રદ્ધાગુણમાં અભાવભાવ નામની શક્તિ છે, રૂપ છે. શક્તિ નહિ પણ એનું રૂપ. તો શ્રદ્ધા જ્યારે ક્ષયોપશમરૂપ છે તો એના સ્થાને ક્ષાયિક નથી. ક્ષયોપશમમાં ક્ષાયિકનો અભાવ છે પણ એ અભાવભાવશક્તિને કારણે ક્ષયોપશમનો અભાવ થઈને ક્ષાયિક થશે જ. એ ક્ષાયિક થશે તે અભાવભાવશક્તિને કારણે થશે. ભગવાનની સમીપ આવ્યો માટે થશે એમ નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

એમ ચારિત્રગુણમાં પણ અભાવભાવશક્તિનું રૂપ છે. તો ચારિત્રગુણ જે થોડો નિર્મળ થયો છે અને હજી વિશેષ નિર્મળ થયો નથી, વિશેષ નિર્મળતાનો વર્તમાન અલ્પ નિર્મળતામાં અભાવ છે. તો અભાવભાવશક્તિને કારણે, જે વિશેષ નિર્મળતા છે તે અલ્પ નિર્મળતા છૂટીને વિશેષ નિર્મળતા ચારિત્રની થશે જ. એ અભાવભાવશક્તિને કારણે છે. ચારિત્રમોહ છૂટી જશે તો અહીંયા વૃદ્ધિ થશે, એવી વાત નથી. આહાહા..! 'મણીભાઈ'! આવું સ્વરૂપ છે, ભાઈ!

લોકો તકરાર કરે છે. એ.. નિમિત્તને માનતા નથી, વ્યવહારને માનતા નથી. બાપુ! વ્યવહારને તો અહીં ગણવામાં આવ્યો જ નથી. અહીંયા શક્તિના વર્ણનમાં તો વ્યવહાર ને નિમિત્તને ગણવામાં આવ્યા જ નથી. કેમ કે વ્યવહારનું જ્ઞાન પોતામાં થાય છે તે પર્યાયને નિર્મળ તરીકે ગણવામાં આવી છે, વ્યવહાર નહિ. શું કહ્યું સમજાણું? રાગાદિ વ્યવહાર હોય છે પણ અહીંયા શક્તિના વર્ણનમાં બધી શક્તિઓ નિર્મળ છે તો એની દૃષ્ટિ કરવાથી નિર્મળ પરિણતિ જ થશે. મલિન પરિણતિની વાત અહીંયા છે જ નહિ. કોઈ કહે, થોડી મલિનતા છે ને? તો કહે છે કે, એ મલિનતાનું અહીંયા જ્ઞાન કરે છે એ જ્ઞાનની પર્યાય એની છે. તે પણ પોતાની અભાવભાવ (શક્તિ)ને કારણે પોતાની જ્ઞાનની પર્યાય થઈ છે. આકરું કામ બહુ, બાપુ! મોટો ફેર, ઉગમણો-આથમણો. ઉગમણો-આથમણાને શું કહે છે? પૂર્વ-પશ્ચિમ.

એમ આનંદગુણ છે એમાં અભાવભાવશક્તિનું રૂપ છે. શક્તિ છે તે કારણે અને તેમાં રૂપ છે તે કારણે, જે આનંદ અનુભવમાં-વેદનમાં અલ્પ છે, ચોથે ગુણસ્થાને આનંદના અનુભવનું વેદન અલ્પ છે. અને પાંચમે વિશેષ છે, છઠ્ઠે વિશેષ છે, સાતમે વિશેષ છે. તો કહે છે કે વર્તમાનમાં વિશેષ આનંદનો અભાવ છે તેના સ્થાને અભાવભાવશક્તિને કારણે વિશેષ આનંદ થશે જ. મોહકર્મનો નાશ થશે તો સુખની વૃદ્ધિ થશે, એમ નથી. આહાહા...! એક

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એક શક્તિએ કામ કર્યું છે, ગજબ કામ કર્યું છે! ઓહોહો..! દિગંબર સંતોની ધારાવાહી કથની! આહાહા..! વસ્તુની સ્થિતિ એવી છે. આ તો વસ્તુની મર્યાદા એવી છે.

ચોથે ગુણસ્થાને ચારિત્રની નિર્મળતા અહીંયા સ્વરૂપાચરણમાં અલ્પ છે અને પાંચમે વિશેષ ચારિત્ર થયું. કેમ કે બીજા કષાયનો અભાવ થયો ને? પોતાના મલિન પરિણામનો. પ્રકૃતિના અભાવની અહીંયા વાત નથી. બીજા કષાયની મલિનતાનો અભાવ થવાથી પંચમ ગુણસ્થાને શાંતિ અને આનંદ વિશેષ છે. તોપણ કહે છે કે એ આનંદ વિશેષ આવ્યો એ કષાય પ્રકૃતિ ગઈ માટે વિશેષ આનંદ આવ્યો, એમ નથી. આહાહા..! એમાં અભાવભાવશક્તિ છે તો તે આનંદમાં પણ અભાવભાવનો ભાવ છે. અભાવભાવનો ભાવ આનંદમાં પડ્યો છે તો આનંદનું વેદન જે અલ્પ છે, વિશેષ આનંદનો અભાવ છે તો અભાવભાવને કારણે વિશેષ આનંદ આવશે. સમજાય છે કાંઈ? આહાહા..! આવી વાત છે.

વીર્ય ઓછું છે, પુરુષાર્થ-વીર્ય ચોથે, પાંચમે આદિમાં ઓછો છે તે વીર્યની વૃદ્ધિ, સ્વરૂપ રચનાની વૃદ્ધિ... જે ચોથે ગુણસ્થાને સ્વરૂપ રચના છે તેનાથી પાંચમે, છટ્ઠે વિશેષ સ્વરૂપ રચના છે, તો વિશેષ સ્વરૂપ રચનાનો પહેલા અભાવ છે તેમાં અભાવભાવશક્તિને કારણે વિશેષ સ્વરૂપની રચના થશે જ. આહાહા..! એ વીર્યાંતરાયનો ક્ષય, ક્ષયોપશમ થયો માટે વૃદ્ધિ થઈ, એમ નથી. વીર્યાંતરાય છે ને? અંતરાયની પાંચ પ્રકૃતિ. વીર્યાંતરાયનો અભાવ થયો તો વીર્યની વૃદ્ધિ થઈ, એમ નથી. આહાહા..! ગજબ વાત છે. સંતોની શૈલી તો.. શાંતિ પમાડે તેને સંત કહીએ, આહાહા..! એના દાસાનુદાસ થઈને રહીએ. સમજાય છે કાંઈ? આહાહા..! સમકિત દાસ છે ને? સવારે કહ્યું હતું ને? જિનેશ્વર દાસ છે, ભગવાનનો દાસ આત્મા છે. એમાં જિનેશ્વરપણું આવશે. દાસમાં જિનેશ્વરપણું આવશે એ અભાવભાવશક્તિને કારણે આવશે. આહાહા..! સમજાય એવું છે. શેઠ! વાત સમજાય એવી છે. ભાષા તો સાદી છે. આ નિમિત્ત ને ઉપાદાનના ઝઘડા છે ને? અમારા સોનગઢને નામે નિમિત્ત, વ્યવહાર અને ક્રમબદ્ધ-આ ત્રણનો વિરોધ કરે છે. અરે..! ભગવાન! સાંભળ તો ખરો, નાથ!

તારામાં જે અલ્પ શાંતિ છે.. અહીં તો સમ્યગ્દર્શનથી ઉપાડ્યું છે ને? અહીંયા અજ્ઞાનીની વાત નથી. જે પોતાનો ચિદ્ઘન, અનંતગુણસંપન્ન, અનંતશક્તિસંપન્ન પ્રભુ...! એ તમારા ગાયનમાં આવ્યું છે. તમે ગાયન મૂક્યું છે ને? 'આત્મધર્મ'માં મોઢા આગળ (છે). 'જિહીં દેખ્યા હમ, અવર ન દેખ્યા' એ શબ્દ છે. અહીંયા છે, જુઓ! 'જિહીં દેખ્યો હમ અવર ન દેખ્યો' ભજનમાં કહે છે કે મેં મારો આત્મા જોયો. 'અવર ન દેખ્યા' મેં એ વખતે પરને ન જોયા. 'ઔર દેખ્યો સુ શ્રદ્ધાયો' જે જોવામાં આવ્યો એ પૂર્ણાનંદનો નાથ છે એમ જોવામાં આવ્યો, તેનું શ્રદ્ધાન કર્યું. ભજનમાં છે ને? આ તમારું ભજન છે. આહાહા.! 'જિહીં દેખ્યો હમ અવર ન દેખ્યો' ભગવાન આનંદ ને અનંતગુણસંપન્ન પ્રભુ, પોતાની પર્યાયમાં એને જોયો, 'અવર ન દેખ્યા' પરને જોવાનું બંધ થઈ ગયું અને પોતાને જોયો. આહાહા..!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



'ઔર દેખ્યો સુ શ્રદ્ધાન્યો' ભગવાન પૂર્ણાનંદનો નાથ જેવો જોયો એવું શ્રદ્ધાન થયું. જોયું તેવું શ્રદ્ધાન થયું. દર્શનમોહ ગયો માટે શ્રદ્ધાન થયું એમ નથી. સમજાય છે કાંઈ? મિથ્યાત્વના કાળમાં સમ્યગ્દર્શનનો અભાવ છે પણ જેણે આત્માને જોયો તો તેમાં સમ્યગ્દર્શનની પર્યાય નથી તો અભાવભાવશક્તિને કારણે સમ્યગ્દર્શન થશે. આહાહા..! સમજાય છે કાંઈ? આ શબ્દ જરી ખ્યાલમાં રહી ગયો. 'જિહીં દેખ્યો હમ અવર ન દેખ્યો, દેખ્યા સો શ્રદ્ધાના' જોયો તેનું મેં શ્રદ્ધાન કર્યું. આહાહા..! સમજાય છે કાંઈ? જોયા વિના શ્રદ્ધા (કઈ રીતે થાય)? જે વસ્તુ જ્ઞાનમાં આવી નથી તેની શ્રદ્ધા કેવી? ૧૭-૧૮ ગાથામાં એ દૃષ્ટાંત આવ્યું ને? સસલાને શીંગડા નથી તેની પ્રતીતિ કેવી? હોય એને જોવામાં આવે તો તેની પ્રતીતિ થાય. એમ ભગવાનઆત્મા જ્ઞાનની પર્યાયમાં જણાય છે, શ્રદ્ધાની પર્યાયમાં શ્રદ્ધાનમાં આવે છે. જોયો તેની શ્રદ્ધા છે. જાણ્યો તેની શ્રદ્ધા છે. આહાહા..! એ શ્રદ્ધાની પર્યાયમાં ક્ષયોપશમની જે નબળાઈ છે, ક્ષાયિકનો અભાવ છે પણ અભાવભાવશક્તિને કારણે (ક્ષાયિક થશે જ). આહાહા..! આ ગજબ કામ કરે છે!

બીજી એક વાત એવી પણ છે કે ૩૮ ગાથા, ૯૨ ગાથા, ૩૮ ગાથા 'સમયસાર'ની, ૯૨ ગાથા 'પ્રવચનસાર'ની, એમાં આચાર્ય એમ કહે છે, અમને આત્મજ્ઞાનથી મિથ્યાત્વનો નાશ થયો છે એ હવે ફરીને નહિ આવે. આહાહા..! કેમ કહ્યું? અમારા આત્મામાં અભાવભાવ નામનો ગુણ છે એ ગુણને કારણે અલ્પશ્રદ્ધા અથવા મિથ્યાત્વનો અભાવ થયો તે સમયે સમકિતની વૃદ્ધિ નહોતી, તે સમકિતની વૃદ્ધિ અભાવભાવશક્તિને કારણે આવશે જ. એ આવ્યું એ હવે નહિ ફરે. આહાહા..! અહીં તો એ કહ્યું ને? જેણે દ્રવ્યને દૃષ્ટિમાં લીધું એમાં શક્તિની પણ પ્રતીતિ આવી તો એમાં અભાવભાવ નામની શક્તિ છે તો એની પર્યાયમાં વર્તમાનમાં અલ્પતા છે અને વિશેષતા નથી એ વિશેષનો અભાવ ભાવરૂપ થશે જ. વિશેષનો અભાવ છે તો અભાવભાવશક્તિને કારણે વિશેષ આવશે જ. પડશે ને ફડશે એ વાત અહીંયા નથી. આહાહા..! ભાઈ! શું કહ્યું સમજાણું થોડું? સમ્યગ્દર્શન પામે ને પછી પડી જશે એ વાત જ અહીંયા નથી. આહાહા..! કેમ કે જેને દ્રવ્ય સ્વભાવ ભગવાનઆત્માની પ્રતીતિ અનુભવ અનુભૂતિમાં થયો. આહાહા..! પછી અભાવભાવગુણને પણ પકડી લીધો, આહાહા..! તે કારણે વર્તમાનમાં જે અભાવ છે તેનો ભાવ થશે જ. ભાવનો અભાવ થશે એમ નહિ. અભાવ છે તેનો ભાવ થશે. આહાહા..! સમજાય છે કાંઈ?

જે ભાવ પ્રગટ્યો છે તેનો અભાવ થશે એ કઈ અપેક્ષાએ? ભાવનો અભાવ કહ્યો તો એ પર્યાયનો અભાવ, એટલું. પર્યાયના અભાવમાં સમકિતનો અભાવ (થશે) એમ વાત નથી. પહેલા ભાવઅભાવ આવ્યું ને? ભાવઅભાવ ત્રીજી શક્તિ. પહેલી ભાવશક્તિ. વર્તમાનમાં અનંતગુણની નિર્મળ પર્યાય વિદ્યમાન હોય ને હોય જ. એ ભાવશક્તિને કારણે. અને પરના અભાવરૂપ પરિણમન પોતાની સહજ અભાવશક્તિને કારણે છે તો રાગરૂપે અને પરરૂપે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નહિ પરિણમવું તે અભાવશક્તિને કારણે છે.

હવે ભાવઅભાવ. વર્તમાન પર્યાય–ભાવ છે તેનો અભાવ થશે. અભાવ થશે એનો અર્થ, તે નિર્મળ પર્યાય છે તેનો અભાવ થઈને બીજી પર્યાય થશે. પણ અભાવ થઈને મિથ્યાત્વ થશે (એમ નહિ.) આહાહા..! સમજાય છે કાંઈ? બહુ ગજબ કામ કર્યું છે, પ્રભુ! આહાહા..! શક્તિનું વર્ણન.. પંડિતજી કહે કે, પૂરી થશે કે નહિ? આ પૂરી ક્યાં...? ચાલતા ચાલતા ક્યાં નીકળે છે...! આહાહા..! સમજાય છે કાંઈ?

ભાવના અભાવનો અર્થ એ નથી કે નિર્મળ પર્યાય ભાવરૂપ છે તેનો અભાવ થશે અને મિથ્યાત્વ થશે. એમ નથી. અહીં તો વર્તમાન નિર્મળ પર્યાય છે તે ભાવઅભાવને કારણે તેનો વ્યય થઈને બીજી પર્યાય થશે. બીજી થશે તે નિર્મળ જ થશે. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! ખજાના ખોલી નાખ્યા છે! આહાહા..!

ભગવાન! તારી પાસે એક અભાવભાવ નામની શક્તિ છે ને! એ ગુણ છે ને! એ ગુણમાં અનંતી તાકાત છે ને! એક ગુણની અનંતી પર્યાય છે ને! આહાહા..! સમજાય છે કાંઈ? તો અભાવભાવ નામની શક્તિ–ગુણ છે તો તેની અનંતી નિર્મળ પર્યાય (થાય છે). અહીંયા નિર્મળની વાત છે, હોં! મલિનની વાત નથી. એ નિર્મળ પર્યાય પણ અલ્પ છે અને વિશેષનો અભાવ છે તો અભાવભાવશક્તિને કારણે વિશેષ પર્યાય થશે ને થશે જ. આહાહા..! પડી જશે એ તો વાત જ નથી. આહાહા..! ચડવાની (વાત છે). આહાહા..! વસ્તુ આ છે. આહા..! ભગવાન જેણે દ્રવ્ય દૃષ્ટિમાં લીધું એ દ્રવ્ય પડે, દ્રવ્યનો અભાવ થાય તો સમકિતનો અભાવ થાય. આહાહા..! દ્રવ્યનો જો અભાવ થાય તો સમકિતનો અભાવ થાય. એમ અહીંયા લીધું છે. દ્રવ્ય અને દ્રવ્યની શક્તિનો અભાવ તો ત્રણકાળમાં થતો નથી. આહાહા..! એની જેણે અનુભવમાં પ્રતીતિ કરી તો એ વ્યય થશે પણ એ વ્યય થઈને બીજી નિર્મળ પર્યાય પ્રગટ થશે. એ વ્યય થઈને મિથ્યાત્વ આત્મામાં ઉત્પન્ન થશે એવો આત્મામાં કોઈ ગુણ નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

'આસ્રવ-અધિકાર'માં લીધું છે. 'नयपरिच्युता'. પછી અર્થ કર્યો છે શુદ્ધનય. મૂળ તો શુદ્ધનયને જ નય કીધી છે. 'नयपरिहीणा'. 'नयपरिच्युता' 'આસ્રવ-અધિકાર'માં છે. ત્યાં વ્યવહારનયને નય જ નથી ગણી. 'नयपरिहीणा'માં શુદ્ધનયને નય ગણવામાં આવી છે. આહાહા...! સમજાય છે કાંઈ? જેણે પોતાના દ્રવ્ય સ્વભાવની પ્રતીતિ દૃષ્ટિમાં લીધી તે જેણે છોડી એ નયથી પરિહીણા થઈ ગયો. અહીં તો છોડવાની વાત જ નથી. આહાહા..! ઓહોહો..! ગજબ વાત છે. અપ્રતિહત ભાવની વાત કરે છે. ચાહે તો ક્ષયોપશમ સમકિત હો, પણ કહે છે કે બીજા સમયે ક્ષાયિક થવાનું છે તો એ ભાવનો અભાવ થઈને, અભાવનો ભાવ થયો, જે નથી તે થયો તે અભાવભાવશક્તિને કારણે થયો. દ્રવ્યની શક્તિ એવી છે. આહા..! દ્રવ્યનું સામર્થ્ય એટલું છે કે વર્તમાનમાં નિર્મળ પર્યાય અલ્પ છે, વિશેષનો અભાવ છે તો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


વિશેષ થશે જ. આહાહા..! નિમિત્તની અપેક્ષા ત્યાં નથી કે કર્મનો અભાવ થાય છે તો ત્યાં નિર્મળતા થાય છે. આહાહા...! સમજાય છે કાંઈ? ગજબ કામ કર્યું છે.

વીર્ય, એમ સુખ. સમજાયું? આહાહા..! એમ કર્તા, કર્મ આદિ શક્તિઓ છે ને? કર્તા પછી આવશે. કર્તાશક્તિમાં પણ અભાવભાવ નામની શક્તિનું રૂપ છે તો જે નિર્મળ પરિણતિનો કર્તા થાય છે, તો એ કર્તાની નિર્મળ પરિણતિ અલ્પ છે તેનો વિશેષ ભાવ થશે એવું ત્યાં અભાવભાવશક્તિને કારણે કર્તાગુણની પરિણતિની અલ્પતા છે તે વિશેષ કર્તા થશે. એ કર્તાગુણમાં અભાવભાવશક્તિનું રૂપ છે. આહાહા...! ગજબ વાત છે. સમજાય છે કાંઈ? જેને ભગવાનઆત્માના દૃષ્ટિમાં ભેટા થયા... આહાહા..! તો દ્રવ્યમાં અભાવભાવ નામની શક્તિ પણ દ્રવ્યમાં છે, તો દ્રવ્યની જ્યાં પ્રતીતિ થઈ તો અભાવભાવ નામની શક્તિ અંદર છે તો એ પ્રતીતિ પાછી પડશે એ વાત અહીંયા નથી. વિશેષ વૃદ્ધિ થશે. સુખની, જ્ઞાનની, દર્શનની, ચારિત્રની, વીર્યની.. આહાહા..! અરે..! અનંતગુણની જે પર્યાય અલ્પ છે તે વિશેષનો વર્તમાનમાં અભાવ છે તો ભાવ થશે જ. આહાહા..! શું કહ્યું સમજાણું? આહાહા..! ભગવાનમાં એવો અભાવભાવ નામનો એક ગુણ છે. એક ગુણ અભાવભાવ નામનો ગુણ છે કે વર્તમાનમાં જે ભાવ નથી તે આવી જશે. આહાહા..! અહીંયા નિર્મળની વાત છે, હોં! આહાહા..!

નિમિત્તની ચર્ચામાં આ તકરાર લીધી છે. ચેતનજી! કે જ્ઞાન વાણીનો કર્તા છે. એવો શબ્દ આવે છે. નિમિત્તથી કથન છે. વાણીની પર્યાયનો કર્તા જ્ઞાન છે. આહાહા..! અહીં તો એ વાત છે જ નહિ. વાણીનો કર્તા તો નહિ પણ અલ્પજ્ઞાનનું કર્તાપણું છે એમાં વિશેષજ્ઞાનના કર્તાપણાનો વર્તમાનમાં અભાવ છે એ ભાવ આવશે. આહાહા..! અભાવભાવ. ગજબ કામ કર્યું છે ને! શબ્દ તો આટલા છે, **'નહિ ભવતા (નહિ વર્તતા) પર્યાયના ઉદયરૂપ...'** લ્યો! નહિ થવાવાળી પર્યાયમાં પ્રગટ પર્યાય થવારૂપ અભાવભાવશક્તિનું એ કાર્ય છે. આહાહા..! ગજબ કામ કર્યા છે! લોકો સ્વાધ્યાય કરતા નથી. શાસ્ત્ર-આગમનો શું અભિપ્રાય છે એ પોતાની દૃષ્ટિમાં લેતા નથી અને પોતાની દૃષ્ટિ આગમમાં લગાવી દે છે. આમાં આ કહ્યું છે, આમાં આ કહ્યું છે, જ્ઞાનાવરણીયકર્મથી જ્ઞાન રોકાય છે, ફલાણાથી થાય છે... આહાહા..! એ તો નિમિત્તના કથન છે. જ્ઞાનાવરણીયકર્મ જ્ઞાનને આવરે છે એ તો નિમિત્તનું કથન છે. અને આવરણ ટળે છે તો ક્ષયોપશમ થાય છે એ તો નિમિત્તનું કથન છે.

અહીંયા તો અભાવભાવશક્તિને કારણે ક્ષયોપશમ વધી જાય છે તે અલ્પમાં અભાવ છે તે વિશેષ થઈ જશે. કર્મના અભાવને કારણે નહિ. આહાહા..! અર્થાત્ લોકો એમ કહે છે કે અમને જે આ સાંભળવા મળ્યું એ જ્ઞાન પહેલા તો નહોતું. સાંભળવા મળ્યું તો સાંભળવાથી નવું જ્ઞાન થયું. તેનો નિષેધ કરે છે. આહાહા..! તારા જ્ઞાનના પરિણમનમાં પહેલા આ જાતનું નહોતું અને પછી આ જાતનું થયું એ તારા અભાવભાવશક્તિને કારણે નિર્મળતાની વૃદ્ધિ થઈ. સાંભળવાથી વૃદ્ધિ થઈ, એમ નથી. આહાહા..! ગજબ વાત છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મુમુક્ષુ :- તો પછી સાંભળવું શા માટે?

ઉત્તર :- એ તો વિકલ્પ આવે છે તો આવ્યા વિના રહે નહિ. પણ વિકલ્પ અને સાંભળવાનો બન્નેનો અંદર નિષેધ છે. સમજાણું કાંઈ? શું કહેવાય? 'પરમાત્મ પ્રકાશ' એમાં તો લીધું છે કે ભગવાનની દિવ્યધ્વનિથી પણ પોતાને જ્ઞાન થતું નથી. આહાહા..! હવે એનો વિરોધ કરે છે. અર..ર....! ભગવાન...? પણ ભાઈ! સાંભળ તો ખરો. આ 'પરમાત્મ પ્રકાશ' શું પોકાર કરે છે? દિવ્યધ્વનિ અને મુનિના કહેલા શાસ્ત્રોથી જ્ઞાન થતું નથી આહાહા..! તારી પર્યાયમાં જે જ્ઞાન નથી એ જ્ઞાન આવે છે તે અભાવભાવશક્તિને કારણે આવે છે. આહાહા..! આવી વાત! લ્યો, એ શક્તિ ખૂબ ચાલી, પોણો કલાક ચાલી. અનંતગુણમાં એમ લેવું. અભાવભાવશક્તિ આમ અનંતગુણમાં લેવી. જેટલા ગુણ છે એ બધામાં અભાવભાવશક્તિનું રૂપ છે. આહાહા..!

પોતાના આત્માના સ્વરૂપનો લાભ થાય છે તો લાભાંતરાયના ક્ષયોપશમમાં સ્વરૂપનો લાભ થાય છે એમ નથી. આહા..! પાંચ આવરણ છે ને? લાભાંતરાય, વીર્યાંતરાય,.. આહાહા..! અહીં તો કહે છે કે એ અંતરાય કર્મનો નાશ થાય છે તો તારા સ્વરૂપનો લાભ થાય છે એમ નથી. સ્વરૂપનો અલ્પ લાભ છે એમાં વિશેષ લાભ થાય છે એ અંતરાયમાંથી લાભાંતરાય ગયો માટે નહિ, પણ તારામાં એક અભાવભાવ નામનો ગુણ છે તે કારણે અલ્પ લાભમાં વિશેષ લાભ થાય છે તે અભાવભાવને કારણે. આહા..! આવી વાતું ક્યાં (છે)?

(સંવત) ૧૯૯૯માં એક 'ભીંડ'વાળા આવ્યા હતા, નહિ? પંડિત 'નંદલાલજી'. તને નથી જોયા. 'નંદલાલજી' હતા, આવ્યા હતા. 'સમયસાર'નું ઘણું વાંચન. એમ કે સમ્યગ્દર્શન થયા પછી પડે જ નહિ. કીધું, એમ નથી. એ અપેક્ષા જુદી છે. પડી જાય પછી પણ અંદર સમ્યગ્દર્શનનો રસ રહે છે. એમ કહેતા હતા. કીધું, એમ નથી. પડી જાય એનો અર્થ દ્રવ્યમાં જે શક્તિઓ છે તે દ્રવ્યની પ્રતીતિ ચાલી જાય તો પડે છે. દ્રવ્યની પ્રતીત રહે અને પડે એમ ત્રણકાળમાં થતું નથી. સમજાય છે કાંઈ? આહાહા..! લોકોને પોતાની કલ્પનાથી શાસ્ત્રના અર્થ કરવા છે અને પોતાની કલ્પનાથી ચલાવવું છે. એમ ચાલે નહિ. આ તો ત્રણલોકના નાથ વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરનો માર્ગ છે. આ ગજબ વાત છે, પ્રભુ!

તારામાં જેટલી શક્તિઓ છે, ગુણ કહો, શક્તિ કહો, એક એક ગુણમાં આ અભાવભાવશક્તિનું રૂપ પડ્યું છે. આહાહા..! સામાન્ય ગુણ પણ અનંત છે અને વિશેષ ગુણ પણ અનંત છે. આચાર્યોએ સામાન્ય ગુણ છ લીધા એ તો વિશેષ કથન ન કરી શકે માટે. બાકી જ્ઞાન, દર્શન, આનંદ એ વિશેષ ગુણ છે તે પણ અનંતગુણ આત્મામાં છે. અને અસ્તિત્વ, વસ્તુત્વ, દ્રવ્યત્વ, પ્રદેશત્વ એ પણ અનંતગુણ આત્મામાં છે. એવા અનંતગુણની સંખ્યા જે સામાન્ય-વિશેષ, તેનો વર્તમાનમાં દ્રવ્યની દૃષ્ટિમાં સ્વીકાર થાય છે અને જે નિર્મળ પર્યાય થાય છે તેમાં વિશેષ નિર્મળતાનો અભાવ છે, એ અભાવનો ભાવ થશે જ. આહાહા..!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સમજાય છે કાંઈ? આહાહા..! કહો, 'સુજાનમલજી'! આવી વાતું છે. આહા..! અરે..! પ્રભુ! વાદ કોની સાથે કરવા? આમાં વાદવિવાદ શી રીતે કરવો? આહાહા..!

ચિતિ, દર્શિ, જ્ઞાન, સુખ, વીર્ય, પ્રભુત્વ. પ્રભુત્વ નામની શક્તિ છે તેમાં પણ અભાવભાવ નામનું રૂપ છે. પર્યાયમાં જે અલ્પ ઈશ્વરતા પ્રગટ થઈ છે તે પ્રભુત્વશક્તિમાં અભાવભાવના રૂપને કારણે અલ્પ પ્રભુતામાં વિશેષ પ્રભુતા આવશે જ. આહાહા..! અલ્પ ઈશ્વર દશા જે સમ્યગ્દર્શનમાં પ્રગટી અને વિશેષ ઈશ્વરતાનો પર્યાયમાં વર્તમાનમાં અભાવ છે તો વિશેષમાં અભાવભાવને કારણે અલ્પતામાં વિશેષ પ્રભુતાની શક્તિની આવશે જ. તારી શક્તિને કારણે શક્તિ આવશે. ઈશ્વર નામ સામર્થ્યપણું. પ્રભુતાની પર્યાયમાં જે અલ્પ પ્રભુતા છે તેમાં વિશેષ પ્રભુતાનો અભાવ છે પણ અંદર અભાવભાવશક્તિને કારણે વિશેષ પ્રભુતા ભાવમાં આવશે જ. આહાહા..! એવી વાત છે. સમજાય છે કાંઈ?

સ્વચ્છત્વશક્તિ, લ્યો! સ્વચ્છ કરતાં પણ સ્વસંવેદન લઈએ. આત્મામાં પોતામાં જે વેદનનો અનુભવ થાય છે એ પ્રકાશશક્તિને કારણે, એ ગુણને કારણે (થાય છે). સ્વસંવેદન. સ્વ-પોતાનું, સં-પ્રત્યક્ષ વેદન. તો ચોથે ગુણસ્થાને જે સ્વસંવેદન છે તેના કરતાં મુનિને અથવા પાંચમે સ્વસંવેદન વૃદ્ધિ પામે છે તે કષાયના ભાવનો અભાવ થયો એ કારણે નહિ. પ્રકૃતિનો અભાવ થયો તે કારણે તો નહિ,.. આહાહા..! પણ પોતામાં મલિનતાનો અભાવ થયો માટે શાંતિ વધી ગઈ, સ્વસંવેદન વધ્યું એમ નથી. આહાહા..! એ સ્વસંવેદનશક્તિ-પ્રકાશશક્તિમાં પણ અભાવભાવનું રૂપ પડ્યું છે તો સ્વસંવેદન અલ્પ છે, તેમાં વિશેષનો અભાવ છે, તે વિશેષ સ્વસંવેદન આવશે જ. આહાહા..! ગજબ વાત કરે છે! 'પાટનીજી'! આ તો મુખ્ય મુખ્ય ગુણની વાત ચાલે છે. બાકી તો (અનંતગુણ છે).

સ્વસંવેદન. આહાહા..! પોતાનું-સ્વ, તેનું વેદન. આનંદનું શાંતિનું, અનંતગુણની વ્યક્ત પર્યાયનું વેદન. અને ચોથે ગુણસ્થાને પણ સર્વગુણાંશ તે સમકિત. જેટલી સંખ્યામાં ગુણ છે તે દરેકનો વ્યક્ત અંશ પ્રગટ થાય છે. પણ એ પ્રગટ થાય છે એમાં વિશેષ વ્યક્ત પર્યાયનો અભાવ છે. તો અભાવ હોવા છતાં અભાવભાવશક્તિને કારણે વિશેષ ભાવ થશે જ, સ્વસંવેદન વિશેષ થશે જ. આહાહા..! કહો, 'બાબુભાઈ'! આવી વાતું, આટલું બધું સ્પષ્ટીકરણ પહેલું વહેલું ચાલે છે હોં! 'રામજીભાઈ' કહે, પહેલા જે શક્તિનું વર્ણન કર્યું છે તે ન છપાવવું, હવે નવું આ થાય એ છપાવવું. એમ કીધું. વધારે સ્પષ્ટીકરણ થયું ને, એટલે. આહાહા..!

ભગવાન! તારું નિધાન તો જો! તારા નિધાનમાં એક અભાવભાવ નામનો ગુણ પડ્યો છે. તે કારણે પર્યાયમાં અલ્પતામાં વિશેષનો અભાવ છે તે વિશેષ થશે જ. આહાહા..! સમજાય છે કાંઈ? એમ બધા ગુણમાં લેવું.

અકારણકાર્યશક્તિમાં પણ અભાવભાવનું રૂપ છે. અકારણકાર્યશક્તિ છે ને? એ પણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



શક્તિ-ગુણ છે. એમાં પણ અભાવભાવ નામનું રૂપ છે. વિશેષ કારણ પોતાનું અને કાર્ય પોતાનું, એમાં પોતાનું અલ્પ કારણ અને કાર્ય છે તેમાં પરનું વિશેષ અકારણકાર્ય થશે એ પોતાની અભાવભાવશક્તિને કારણે થશે. આહાહા..! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ૪૭ માં ઘટાવો.

ઉત્તર :- ૪૭ માં શું, અનંતમાં લગાવવું. સમજાય છે કાંઈ? કહ્યું તેમાં લગાવવું, નથી કહ્યું તેમાં લગાવવું. 'ધન્નાલાલજી'! આહાહા..! 'અમદાવાદ' માં માણેકચોકમાં ઝવેરાતનો ધંધો છે. એમ આ માણેક ચોકમાં-આત્માના ચોકમાં ઝવેરાતનો ધંધો છે. આહાહા..! શું કહ્યું?

**'નહિ ભવતા..'** અમારે પંડિતજી કહે, આ શક્તિ ક્યારે પૂરી થશે? શી ખબર પડે આમાં. કારણ કે હવે એને ત્રણ દિવસ રહેવું છે. આ 'જ્ઞાનચંદજી' એક-બે દિવસ રહેવાના છે. આજે આવ્યા હતા. જાવાના છે ને? 'છિંદવાડા' જાય છે. આહાહા..! **'નહિ ભવતા...'** તેનું થવું, ઉદય થવો. આહાહા..! જેણે દ્રવ્યનો પત્તો લીધો.. આહાહા..! દૃષ્ટિમાં દ્રવ્યદૃષ્ટિ પ્રગટ થઈ એની પર્યાયમાં કમી છે અને વિશેષનો અભાવ છે તો ભાવ થશે જ. તે પોતાની અભાવભાવશક્તિને કારણે. સમજાય છે કાંઈ? આહાહા..! ગજબ વાત છે! થોડા શબ્દમાં બધું ગંભીર ભરી દીધું છે. સંતોની બલિહારી છે. આહાહા..! એને સંત કહેવાય. આહાહા..! જેમાં યથાર્થ ધારા નીકળે. આહાહા..! વિશેષ કહેશે, લ્યો! (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૩૨ શક્તિ-૩૭ રવિવાર, (દ્વિતીય) શ્રાવણ વદ ૧૩, તા. ૧૧-૦૯-૧૯૭૭

---

'સમયસાર' શક્તિનો અધિકાર છે. પ્રથમ તો એમાં એ લીધું છે કે જેને સમ્યગ્દર્શન થાય તો કઈ રીતે થાય? તો કહે છે કે વ્યવહારનો જે વિકલ્પ છે, પણ એ તરફની રુચિ છોડીને, રુચિ છોડીને, એ શુભભાવ ચાલ્યો નથી જતો, શુભભાવ તો જ્યારે શુદ્ધઉપયોગ પૂર્ણ થશે ત્યારે શુભ જશે, સમજાય છે કાંઈ? પણ શુભરાગ છે તેની રુચિ છોડી, એ ભૂલ છે એમ રુચિ છોડીને. એની રુચિ છોડી, એનો અર્થ એ ભૂલ છે. માટે તેની રુચિ છોડીને. જ્ઞાયકભાવ ચિદાનંદ અખંડ આનંદકંદ પ્રભુની દૃષ્ટિ કરવી, રુચિ કરવી ને અનુભૂતિ કરવી, એ જીવની પ્રથમ કાર્યસિદ્ધિ છે. સમજાય છે કાંઈ? આહાહા..! વ્યવહાર છે માટે મિથ્યાત્વ છે એમ નહિ. પણ વ્યવહારમાં ધર્મ માનવો તે મિથ્યાત્વ છે. તમારા દીકરાએ પ્રવચનસારનું થોડું લખ્યું છે તે કાલે સાંજે 'પરમાત્મપ્રકાશ' લાવ્યો હતો. ઠીક લખ્યું છે. આજે બપોરે વાંચ્યું હતું. સારું લખ્યું છે. શુભભાવ છૂટી જાય છે અને એકદમ શુદ્ધ થઈ જાય છે એમ નહિ. પણ શુભભાવની રુચિ છૂટીને સ્વભાવનો શુદ્ધઉપયોગ થાય છે તે સમ્યગ્દર્શન છે. શુભભાવ ત્યારે છૂટશે કે જ્યારે પૂર્ણ વીતરાગી શુદ્ધઉપયોગ થશે ત્યારે પણ પહેલા રુચિમાંથી છૂટે છે. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અશુભભાવ તો હેય છે જ. શુભ છોડીને અશુભમાં જવું એ વાત કંઈ નથી. એ પંડિતજીએ એમાં લખ્યું છે. વારંવાર અમે કહીએ છીએ. શુભ છોડીને અશુભમાં જવું એ પ્રશ્ન નથી. શુભભાવની રુચિ છોડીને શુદ્ધ આનંદકંદની દૃષ્ટિ કરવી, તેનો અનુભવ કરવો તે માટે શુભને રુચિમાંથી છોડવો. સમજાય છે કાંઈ? આશ્રય કરવો છોડવો. શુભભાવનો આશ્રય કરવો એ છોડવું. પણ ત્રિકાળી સ્વરૂપ આશ્રય કરવાલાયક છે તે તરફ ઝુકવાથી શુભનો આશ્રય છૂટી જાય છે. આહાહા..! આવી વાત.

આ વિચાર કેમ વિશેષ આવ્યો? કે આ છએ બોલમાં પર્યાય લીધી છે, ભાઈ! પર્યાય લીધી છે. શું કહ્યું? જુઓ! પહેલો બોલ છે ને? ભાવ. ભાવશક્તિ છે ને? પહેલા એણે અંતરમાં આત્માનો (આશ્રય કરવો). આહાહા..! રાગની રુચિ છોડીને ભગવાન આનંદસ્વરૂપ શુદ્ધ જ્ઞાનઘન દ્રવ્યની દૃષ્ટિ કરવી, એમાં નિર્વિકલ્પ અનુભવ થાય છે. સમજાય છે કાંઈ? પછી શુભરાગ તો આવે છે પણ એ હેયબુદ્ધિએ આવે છે. તેને છોડીને અશુભભાવ કરવો એમ નથી. સમજાય છે કાંઈ? આહાહા..! જ્યાં સુધી વીતરાગતા પૂર્ણ દશા ન થાય ત્યાં સુધી પર્યાયમાં શુદ્ધની દૃષ્ટિ અને અનુભવ હોવા છતાં પણ શુભભાવ આવે છે. ક્ષાયિક સમકિતી મુનિને પણ શુભભાવ આવે છે. ક્ષાયિક સમકિતી મુનિ હોય છે કે નહિ? આહાહા..!

'શ્રેણિક' રાજા ક્ષાયિક સમકિત. આહાહા..! છતાં શુભભાવ આવ્યો તો તીર્થંકર ગોત્ર બંધાઈ ગયું. ભાવ બંધનું કારણ છે. ભાવ, શુભભાવ પાપબંધનું કારણ છે એમ તો નહિ, તેમ અબંધનું કારણ છે તેમ પણ નથી. એ પુણ્યબંધનું કારણ છે. સમજાય છે કાંઈ? અહીંયા તો પ્રથમ જેની દૃષ્ટિ રાગ અને પર્યાય ઉપર છે તેને છોડાવીને, પ્રભુ! તારું નિધાન અંતર્મુખ જો તારો આત્મા પૂર્ણાનંદ અંદર છે. બહિર્મુખ જોવાથી તો તારી પર્યાય ને રાગ લક્ષમાં આવશે. અંતર્મુખ જોવાથી નિધાન ચિદાનંદ સચ્ચિદાનંદ પ્રભુ, એ તારી દૃષ્ટિમાં દેખાશે. એવી દૃષ્ટિ થઈ, સમ્યગ્દર્શન થયું પછી આ છ શક્તિનું વર્ણન લાગુ પડે છે. સમજાય છે કાંઈ? કેમ કે.. જુઓ! પહેલી ભાવશક્તિ લીધી.

**'વિદ્યમાન અવસ્થાવાળાપણારૂપ ભાવશક્તિ.'** પર્યાયથી વાત લીધી છે. છે ભાવશક્તિ? પહેલી શક્તિ. **'વિદ્યમાન અવસ્થાવાળાપણારૂપ ભાવશક્તિ.'** એનો અર્થ કે જ્યાં અંતર શુદ્ધ ચૈતન્યમૂર્તિની દૃષ્ટિ, અનુભવ થયો તો એની ભાવ એટલે શુદ્ધ પર્યાયની જ વિદ્યમાનતા હોય છે. ભાવશક્તિને કારણે તે સમયે શુદ્ધ પર્યાયની જ વિદ્યમાનતા હોય છે. અશુદ્ધતા તો છે નહિ, રુચિમાંથી છૂટી ગઈ એટલે. છે તો પણ તેનો જાણનાર રહ્યો. જાણવાની પર્યાય પોતામાં છે પણ અશુદ્ધતા પોતામાં છે એ વાત તો છૂટી ગઈ. સમજાય છે કાંઈ? શું શબ્દ છે? આ તો પર્યાય ઉપર લક્ષ (ગયું). ભાઈ! પંડિતજી! છએ બોલમાં પર્યાય ભાષા લીધી છે. છે શક્તિ, પણ પર્યાયની પ્રધાનતાથી શક્તિનું વર્ણન કર્યું છે. અર્થાત્..

મુમુક્ષુ :- અવસ્થાયી છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉત્તર :– અવસ્થા હોય છે, અવસ્થા હોય છે. ભાવશક્તિને કારણે નિર્મળ અવસ્થા હોય જ છે. શક્તિ તો ધ્રુવ છે પણ એ શક્તિનું કાર્ય વિદ્યમાન એક નિર્મળ અવસ્થા હોય જ છે. સમજાય છે કાંઈ? એક બોલ.

બીજો. '**શૂન્ય અવસ્થાવાળાપણારૂપ...**' એ અભાવશક્તિ આવી. અભાવશક્તિમાં પણ અભાવરૂપી અવસ્થા સહિત લેવું છે. રાગનો, પુણ્ય આદિના અભાવસ્વભાવરૂપ, એમાં રાગની શૂન્યતા છે. એવા અભાવની પર્યાય પ્રગટ થાય છે. એકલો અભાવ, હોં! એની રાગ વિનાની નિર્મળપર્યાય અભાવરૂપે (પ્રગટે છે). અસ્તિરૂપે વિદ્યમાન ભાવશક્તિમાં (આવ્યું). અને અભાવશક્તિમાં રાગના અભાવરૂપી પરિણમન. એ રાગનું મલિનપણારૂપનું પરિણમન નહિ એવી અવસ્થા થાય છે. આવી વાતું. બાપુ!

પહેલા તો માર્ગની સૂક્ષ્મતા ઘણી છે. આહાહા..! પછી તો રસ્તો ખુલી જાય છે. ખજાનો ખુલ્યો પછી અંદરથી કબાટ ખુલી ગયા. રાગની એકતાબુદ્ધિ છોડીને ત્રિકાળી સ્વભાવની એકતાબુદ્ધિ થઈ તો ખજાનો ખુલી ગયો. રાગની એકતાબુદ્ધિમાં ખજાનાને તાળા હતા. તાળા કહે છે? તાળા લગાવી દીધા. આહાહા..! સમજાય છે કાંઈ? રાગની એકતાબુદ્ધિ છૂટી ગઈ, સ્વભાવની એકતાબુદ્ધિ થઈ તો ચાવીથી ખજાના ખુલી ગયા. સમ્યગ્દર્શનની ચાવીથી ખજાના ખુલી ગયા. આહાહા..! એમાં ભાવશક્તિને કારણે નિર્મળ પર્યાય વિદ્યમાન છે અને મલિન પર્યાયનું શૂન્યપણું છે. સમજાય છે કાંઈ? આહાહા..! મલિન પર્યાય ત્યાં છે એને અહીંયા ગણવામાં આવી નથી. તેનો અભાવ ગણવામાં આવ્યો છે. સમજાય છે કાંઈ? અભાવમાં પર્યાય લીધી છે. ભાવમાં પર્યાય છે, અભાવમાં પર્યાય છે. છે?

ત્રીજી. '**ભવતા (–વર્તતા, થતા, પરિણમતા) પર્યાયના વ્યયરૂપ ભાવઅભાવશક્તિ.**' છે? વર્તમાન નિર્મળ પર્યાય જે વિદ્યમાન છે, ભાવને કારણે, એમાં ભાવઅભાવશક્તિ (અર્થાત્) વિદ્યમાન (પર્યાય છે) તેનો અભાવ થઈ જશે. કેમ કે એક સમયની એની મુદત છે. પર્યાયની શુદ્ધતાની વિદ્યમાનતાની એક સમયની મર્યાદા છે. એ ભાવનો વ્યય થઈને અભાવ થઈ જશે. પર્યાયનો ભાવ છે તેનો અભાવ થઈ જશે. એ ભાવઅભાવશક્તિને કારણે પર્યાય એવી થઈ. આહાહા..! સમજાય છે કાંઈ? પછી અભાવભાવ, એ આવી ને?

'**નહિ ભવતા (નહિ વર્તતા) પર્યાયના ઉદયરૂપ અભાવભાવશક્તિ.**' આહા..! છે? '**પર્યાયના વ્યયરૂપ ભાવઅભાવશક્તિ.**' છે? પછી '**નહિ ભવતા પર્યાયના ઉદયરૂપ...**' વર્તમાનમાં નથી પણ ભવિષ્યની પર્યાય પ્રગટ થશે જ એવું અભાવભાવશક્તિનું કાર્ય છે. સમજાય છે કાંઈ? વર્તમાનમાં અભાવ છે પણ અભાવભાવશક્તિને કારણે ભાવ છે તેનો અભાવ થઈ જશે અને જે અભાવરૂપ છે તેનો ભાવ થઈ જશે. પછીની નિર્મળ પર્યાયનો વર્તમાનમાં અભાવ છે તેનો ભાવ થશે. અને નિર્મળ પર્યાય છે તેનો અભાવ થઈ જશે. આહાહા..! સમજાય છે કાંઈ? સૂક્ષ્મ વાત છે, ભાઈ! છે? ઉદયરૂપ કહ્યું ને?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**भवत्पर्यायभवनरूपा भावभावशक्तिः ३७।**

**ભવતા (વર્તતા) પર્યાયના ભવનરૂપ (વર્તવારૂપ, પરિણમવારૂપ) ભાવભાવશક્તિ. ૩૭.**

**'ભવતા (વર્તતા) પર્યાયના ભવનરૂપ...'** હવે આજે ભાવભાવશક્તિ. કઈ રીતે લીધી? **'ભવતા (વર્તતા) પર્યાયના ભવનરૂપ ભાવભાવશક્તિ.'** વર્તમાન જ્ઞાનની પર્યાય ભવનરૂપ છે એવી ને એવી જ્ઞાનરૂપે પર્યાય ભવનરૂપ થશે, એ ભાવ છે તેવો જ ભાવ રહેશે. પર્યાયમાં જે જ્ઞાનભાવ, દ્રવ્ય અને ગુણમાં જે જ્ઞાનભાવ છે તે કારણે પણ ભાવભાવશક્તિ ગણવામાં આવે છે અને વર્તમાન પર્યાય જે ભાવ છે, એવી ને એવી એ જાતની જ્ઞાનની પર્યાય જ્ઞાનની રહેશે, દર્શનની દર્શનની રહેશે, ચારિત્રની ચારિત્રની રહેશે. પછી ભવિષ્યમાં, હોં! એ ભાવભાવશક્તિ. સમજાય છે કાંઈ? આહાહા..!

ફરીને, શું કહ્યું? જુઓ! **'ભવતા..'** છે? આ તો એકલા મંત્ર છે, ભાઈ! આ કાંઈ કથા વાર્તા નથી. આહાહા..! ભગવાનઆત્મામાં એક શક્તિ એવી છે કે ભાવભાવ. અભાવભાવની વાત તો ચાલી ગઈ. ભાવભાવ નામની એક શક્તિ છે. તો એ શક્તિમાં કાર્ય શું થયું? કે જે જ્ઞાન વિશેષપણે બધા પદાર્થને જાણતું હતું એવી જ પર્યાય પછી થશે. ભલે એ નહિ પણ એવી ને એવી જ્ઞાનપર્યાય થશે, એ ભાવભાવ છે. આહાહા..!

ફરીને, પાકું થવું જોઈએ ને! જે આત્મા જ્ઞાનભાવરૂપ દ્રવ્યમાં અને ગુણમાં છે, તો એ ભાવરૂપ છે તે દ્રવ્યમાં ભાવ છે, ગુણમાં ભાવ છે. તે કારણે ભાવભાવશક્તિ કહેવામાં આવી. બીજી વાત, જે જ્ઞાનની પર્યાય વર્તમાનમાં છે તેવી ને તેવી બીજે સમયે પણ જ્ઞાનની જ જાત રહેશે. જ્ઞાનની જાત.

મુમુક્ષુ :- પર્યાય બદલી જશે.

ઉત્તર :- પણ રહેશે જ્ઞાનની જાત. સમજાય છે કાંઈ? આહાહા..! ગજબ કામ કર્યું છે ને! આહાહા..!

**'ભવતા પર્યાયના...'** પર્યાયની ભાષા છે, હોં! વર્તમાન જ્ઞાનની પર્યાય, સમ્યગ્જ્ઞાનની, હોં! એ વાત ચાલે છે. મતિ-શ્રુત આદિની જે જ્ઞાન પર્યાય છે તો ભાવભાવશક્તિને કારણે એવો ને એવો ભાવ.. ભાવ.. ભાવ.. નિર્મળ જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન... જ્ઞાન રહેશે. દ્રવ્ય-ગુણમાં તો રહેશે જ પણ, જ્ઞાન દ્રવ્ય ને ગુણમાં તો ભાવ.. ભાવ.. ભાવ.. ભાવ.. એ જ્ઞાન.. એ જ્ઞાન.. એ જ્ઞાન.. એ જ્ઞાન.. ગુણમાં જ્ઞાન. જ્ઞાન, દ્રવ્યમાં જ્ઞાન.. જ્ઞાન તો રહેશે પણ પર્યાયમાં પણ જે જ્ઞાનની સમ્યક્ પર્યાય થઈ છે તે જ જાતની પછી જ્ઞાનની પર્યાય રહેશે. એ ભાવભાવશક્તિનું કાર્ય છે. આહાહા..! સૂક્ષ્મ છે. તમે ઘણા વર્ષે આવ્યા છો ને! આહાહા..! ધીમેથી કહીએ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છીએ, બાપુ! આ તો વિચાર કરીને ખ્યાલમાં લેવાની વસ્તુ છે. સમજ્યા? એના ભાવનું ભાસનું થવું જોઈએ કે આ શું છે? ભાષા ભાષામાં રહી.

**'ભવતા (વર્તતા) પર્યાયના...'** જ્ઞાનની પ્રવર્તમાન પર્યાયના **'ભવનરૂપ...'** એવી ને એવી બીજે સમયે, ત્રીજે સમયે જ્ઞાનની પર્યાય થશે. દ્રવ્ય-ગુણમાં તો ભાવભાવ, ભાવભાવ ધ્રુવરૂપે છે જ પણ પર્યાયમાં જે જ્ઞાનની જાત છે તે જાત જ બીજે સમયે રહેશે. એમ દર્શનની પર્યાય સમકિતની છે તે વર્તમાન પર્યાય છે એવી સમકિત પર્યાય સમકિત પર્યાયરૂપે રહેશે. ચારિત્રની પર્યાય છે એ દ્રવ્ય-ગુણમાં તો ચારિત્ર ત્રિકાળ છે તે છે, દ્રવ્ય-ગુણમાં તો ધ્રુવરૂપ છે. ભાવભાવ. દ્રવ્યમાં ભાવ અને ગુણમાં ભાવ. એ રીતે પણ ભાવભાવશક્તિ છે પણ પર્યાયમાં પણ એ જાતની પર્યાય પછી પણ રહેશે. સમજાય છે કાંઈ? આહાહા..! આવી ઝીણી વાત. તત્ત્વને સમજે નહિ ને ઓળખે નહિ ને એને ધર્મ જાય..! સમજાય છે કાંઈ? ત્રણલોકના નાથ સર્વજ્ઞદેવ પરમેશ્વર જિનેન્દ્ર.. આહાહા..!

મુમુક્ષુ :- તિર્યંચને ક્યાં આ બધું સમજાય છે?

ઉત્તર :- તિર્યંચને ભાવમાં ભાસન થઈ જાય છે. નામ આવડતા નથી. સમજાય છે કાંઈ? કે મારી જે જ્ઞાનની જાતની વર્તમાન પર્યાય વર્તે છે એવી ને એવી જ્ઞાનની પર્યાય થશે એવું ભાવભાસન છે. શબ્દ ન યાદ હોય. આહાહા..! ભાઈ! આવે છે, નહિ? કેવું? 'શિવભૂતિ'. 'શિવભૂતિ' મુનિને ગુરુએ કહ્યું, માતુષ, મારુષ. કોઈ પ્રત્યે દ્વેષ નહિ ને કોઈ પ્રત્યે રાગ નહિ. તુષનો અર્થ વીતરાગભાવરૂપ રહે, એમ કહ્યું. પણ એ મારુષ ને માતુષ પણ યાદ ન રહ્યું. પણ એક બાઈએ અડદની દાળ પલાળી હતી. તો છોતરા અને દાળ જુદી કરતી હતી. બીજી બેને કહે, શું કરો છો? બેન! શું કરો છો? તુષ-માષ ભિન્ન કરું છું. એ તુષ માષ શબ્દ સાંભળ્યો તો રાગ તુષ છે અને સ્વભાવ અંદરથી ભિન્ન દાળ છે. અમારે ત્યાં છડી દાળ કહે છે, તમારામાં શું કહે છે? ધોળી અડદની દાળ હોય છે ને? અમારે છડી દાળ કહે છે. આહાહા..! એ શબ્દ સાંભળ્યો ત્યાં, અંદરથી રાગાદિ વિકલ્પ તો તુષ છે અને મારી જ્ઞાનશક્તિ જે અખંડ આનંદકંદ પ્રભુ છે, એની અંદર દૃષ્ટિ ગઈ અને સ્થિર થયા તો કેવળજ્ઞાન થઈ ગયું. આહાહા..! મુનિ તો હતા, સાચા, હોં!

મુમુક્ષુ :- બહુ સસ્તુ થઈ જશે.

ઉત્તર :- સસ્તુ જ છે. પોતાના ઘરની વસ્તુ છે એમાં જાવું છે. પરઘરને પોતાનું કરવું હોય, પરમાણુને પોતાના કરવા હોય તો ત્રણકાળમાં બની શકે નહિ. ભગવાનઆત્માએ એક નાના પરમાણુને પોતાનો કરવો હોય તો ત્રણકાળમાં બને નહિ. સમજાય છે કાંઈ? અરે..! રાગને પણ પોતાના સ્વભાવમાં એક કરવો હોય તો એ પણ ત્રણકાળમાં બને નહિ. કેમ કે રાગ અને સ્વભાવ એ તો ભિન્ન વસ્તુ છે. બન્ને વચ્ચે સાંધ છે. પણ પોતામાં ને પોતામાં કરવું એ તો અંતરની વસ્તુ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



'શ્રીમદ્' પણ એક ઠેકાણે એક પત્રમાં કહે છે, સત્ સરળ છે, સત્ સર્વત્ર છે. સમજાય છે કાંઈ? સત્ સરળ છે, સત્ સર્વત્ર છે, એમ લખ્યું છે. એક પત્રમાં લખ્યું છે. સરળ એટલે વસ્તુ તો સત્ છે. આહાહા..! એની કબુલાતમાં લેવું કે હું સત્ છું એવી કબુલાત આવી નહિ. એના જ્ઞાનમાં એ વસ્તુ આવ્યા વિના એ કબુલાત આવી નહિ. સમજાય છે કાંઈ? આહાહા..! જ્ઞાનની વર્તમાન પર્યાયમાં સત્ ત્રિકાળી ભગવાન જ્ઞેયરૂપ થઈને જ્યાં જ્ઞાન થયું તો એ જ્ઞાનની પર્યાયમાં સત્ ત્રિકાળી આવતું નથી પણ ત્રિકાળી સંબંધીની તાકાત જેટલી છે તે સંબંધીનું જ્ઞાન પર્યાયમાં આવે છે.

અહીં કહે છે કે એ જ્ઞાનપર્યાય ભાવરૂપ છે તે જ ભાવરૂપ જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન પછી પણ રહેશે. એ જ્ઞાનનું કોઈ દિ' અજ્ઞાન થઈ જાય કે જ્ઞાનની પર્યાય શ્રદ્ધારૂપ થઈ જાય કે શ્રદ્ધાની પર્યાય જ્ઞાનરૂપ થઈ જાય (એમ બનશે નહિ). આવી વાત છે. ઓહોહો.! આચાર્યે તો ટૂંકા આટલા શબ્દો... આહાહા...! કેટલા? **'ભવતા (વર્તતા) પર્યાયના ભવનરૂપ...'** વર્તતા પર્યાયના. પછી પણ થવારૂપ. આહાહા..! એમાં કરવું પડતું નથી. વસ્તુની દૃષ્ટિ થઈ તો એમાં ભાવભાવ નામની શક્તિ છે તો જે જ્ઞાનની જાત છે તે જ્ઞાનની જાત જ જ્ઞાન.. જ્ઞાન.. ભાવ.. ભાવ.. ભાવ.. જ્ઞાનભાવ.. જ્ઞાનભાવ.. જ્ઞાનભાવ રહેશે. સમકિતની પર્યાય, શ્રદ્ધાની પર્યાય.. શ્રદ્ધાની પર્યાય.. શ્રદ્ધાની પર્યાય.. શ્રદ્ધાની પર્યાય... ભાવભાવ રહેશે. ચારિત્રની પર્યાય છે એ ચારિત્રની પર્યાય પણ ચારિત્રરૂપે શાંતિરૂપે, સ્થિરતારૂપે (રહેશે). શાંતિ.. શાંતિ.. શાંતિ.. શાંતિ.. શાંતિ.. શાંતિ.. એ ભાવભાવ રહેશે. આનંદરૂપી પર્યાય છે તે દ્રવ્ય-ગુણમાં તો ત્રિકાળ રહે છે. પણ આ આનંદની પર્યાય છે તે બીજે સમયે પણ આનંદ રહેશે. એ આનંદની જાત પ્રગટીને દુઃખરૂપ થઈ જાય, એમ નથી. આનંદની પર્યાય પલટીને શ્રદ્ધારૂપે થઈ જાય, એમ નથી. આહાહા..! ગજબ કર્યું છે ને! આહાહા..! શું કહે છે?

ભગવંત્! તારી વસ્તુનો જો તને પત્તો લાગી ગયો, અનુભવ સમ્યગ્દર્શન થયું તો પછી સમ્યગ્દર્શનની જે શ્રદ્ધારૂપ પર્યાય છે તો એ ભવિષ્યમાં શ્રદ્ધારૂપ.. શ્રદ્ધારૂપ.. શ્રદ્ધારૂપ.. ભાવભાવરૂપ રહેશે. એ શ્રદ્ધાની પર્યાય બદલીને આનંદરૂપ થઈ જાય કે શ્રદ્ધારૂપ પર્યાય બદલીને જ્ઞાનરૂપ થઈ જાય એમ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? સમજાય છે કાંઈ, એમ કહીએ છીએ ને? ખ્યાલમાં, ખ્યાલમાં-જ્ઞાનમાં ભાવ આ રીતે છે એમ અંદર આવવું જોઈએ ને! એમ ને એમ ગોખી લે.. ગોખેને શું કહે છે? રટ લેતા હૈ. એમાં શું છે? આહાહા..!

જેમ અનંતગુણમાં ભાવ છે અને એક ગુણમાં અનંતગુણનો ભાવ આવ્યો છે. આહાહા..! ભાવશક્તિને કારણે ભાવશક્તિનું રૂપ અનંતગુણમાં અને અનંતી પર્યાયમાં છે. સમજાય છે કાંઈ? એક ગુણમાં અનંતગુણનો ભાવ છે અને અનંતગુણમાં એક ભાવનો ભાવ છે. આહાહા..! સમજાય છે કાંઈ? અને જે અસ્તિત્વગુણ છે, એની વર્તમાન પર્યાય અસ્તિરૂપ છે તે ભવિષ્યમાં પણ અસ્તિરૂપ.. અસ્તિરૂપ.. અસ્તિરૂપ રહેશે. એ ભાવભાવ છે. અને વસ્તુત્વગુણ છે તે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સામાન્ય-વિશેષ જાણવાની વસ્તુ છે તે એ સામાન્ય-વિશેષરૂપે પર્યાય જાણે છે એ જ સામાન્ય-વિશેષરૂપે પર્યાય રહેશે. ભવિષ્યમાં પણ એ ભાવ.. ભાવ.. ભાવ.. ભાવ રહેશે. સમજાય છે કાંઈ? આહાહા..! અને પ્રમેયત્વગુણ છે એમાં પણ ભાવભાવશક્તિ છે. પ્રમેયત્વ. તો પ્રમેયત્વની પર્યાય વર્તમાન જે પ્રમેયત્વની પર્યાય વિદ્યમાન છે એમ જ ભવિષ્યમાં પ્રમેયત્વની પર્યાય પ્રમેયત્વરૂપે રહેશે. એ ભાવભાવશક્તિનું કાર્ય છે. આવું છે, 'જ્ઞાનચંદજી'! અરે..! ભગવાન! તારી ચીજ તો મોટી છે. એને પહેલા જાણવી તો જોઈએ ને! વિશેષ બુદ્ધિ ન હોય તોપણ સંક્ષેપમાં એનું ભાન તો હોવું જોઈએ ને? આહા..!

**'ભવતા પર્યાયના...'** ભાષા પર્યાય લીધી છે, હોં! વર્ણવવી છે શક્તિ. શક્તિ એટલે ત્રિકાળી ગુણ પણ એ ગુણનો ભાવ વર્તમાનમાં જે વર્તે છે એ જ ભાવ ભવિષ્યમાં એવો ને એવો રહેશે. એવો ને એવો ભાવ રહેશે. જ્ઞાનનો જ્ઞાનરૂપ ભાવ, દર્શનનો દર્શનરૂપ ભાવ, ચારિત્રનો ચારિત્રરૂપ ભાવ, આનંદનો આનંદરૂપ એમ અનંતગુણની પર્યાય, જે જે ગુણની છે તે જ ગુણરૂપે ભવિષ્યમાં પણ રહેશે. આહાહા..! કેટલા ભેદ કરી નાખ્યા છે! સમજાય છે કાંઈ?

**'ભવતા (વર્તતા) પર્યાયના ભવનરૂપ...'** એ પર્યાયના ભવનરૂપ. એવી ને એવી પર્યાય ભવનરૂપ. ભવિષ્યમાં પણ એવી ને એવી પર્યાય ભવનરૂપ. હોવારૂપ, છે એવી પર્યાય ભવનરૂપ. એવી થવાલાયક છે એનું નામ ભાવભાવશક્તિ કહેવામાં આવે છે. આહાહા..! સમજાય છે કાંઈ? વેદાંતમાં તો પર્યાયને માની જ નથી. એય...! અહીં તો છએ શબ્દમાં પર્યાય આવી છે. એ વસ્તુનું સ્વરૂપ સ્પષ્ટ કરે છે. વેદાંતે પર્યાયને માની જ નથી. એ તો આત્મા આનંદસ્વરૂપ અખંડ અભેદ એકરૂપ સર્વવ્યાપક, બસ! એની તો પર્યાયની પણ એને ખબર નથી. ખબર કરનારી તો પર્યાય છે. હું અખંડ અભેદ સર્વવ્યાપક છું, એવો નિર્ણય તો પર્યાયમાં છે. દ્રવ્ય-ગુણમાં કંઈ નિર્ણય નથી. પર્યાય માની નથી એનો નિર્ણય પણ ખોટો છે અને એનો વિષય આવું વ્યાપક દ્રવ્ય છે એ પણ ખોટું છે. સમજાય છે કાંઈ? આહાહા..! કેટલાકને એવું લાગે છે કે આ 'સમયસાર'ની શૈલી વેદાંતની હોય. એમ કહે છે.

'મુંબઈ' માં એક 'નથુરામ' હતા. 'નાથુરામ ...' એ એમ કહેતા હતા કે, 'સમયસાર' ને 'કુંદકુંદાચાર્યે' વેદાંતના ઢાળામાં ઢાળ્યું છે. અરે..! ભગવાન! 'નાથુરામ' હતા. ... એ તો ગુજરી ગયા. એ કહે, 'સમયસાર' વેદાંતના ઢાળામાં ઢાળ્યું છે. અરે..! પ્રભુ! વેદાંતના ઢાળામાં ઢાળ્યું (કહે છો તો) વેદાંતમાં પર્યાય છે? આહાહા..! તને ખબર નથી, ભગવાન! 'સમયસાર' તો આત્માનું સ્વરૂપ છે એવા ઢાળામાં ઢાળ્યું છે. સમજાય છે કાંઈ? નિશ્ચયની વાત, શુદ્ધની વાત આવે, અખંડ અભેદ આનંદકંદ (આવે એટલે) એ જાણે વેદાંત સાથે મળે છે. પણ કહ્યું હતું ને?

અહીંયા એક આવ્યા હતા. દીક્ષા લીધી હતી. 'મોતીલાલ' કરીને એક હતા. પહેલા અમારા વ્યાખ્યાનમાં આવતા. (સંવત) ૧૯૮૯-૯૦ ની સાલ. 'રાજકોટ'માં. વૈષ્ણવ હતા ને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



રેલના ઉપરી હતા. ૬૦૦-૭૦૦નો પગાર હતો. તે વખતની વાત છે, હોં! પછી દીક્ષા લઈ લીધી. પરમહંસ થઈ ગયા. પછી અમારી પાસે આવ્યા. વેદાંતની શ્રદ્ધા હતી. કીધું, જુઓ! તમે એમ કહો કે આત્મા સર્વવ્યાપક એક જ છે તો સર્વવ્યાપક એક છે એનો નિર્ણય કોણે કર્યો? એક વાત. બીજી વાત ઇ કે, ભૂલ જો અંદર ન હોય તો ઉપદેશ શા માટે આપ્યો? સર્વ દુઃખથી મુક્ત થવું. ભૂલ છે એ તો પર્યાય છે. સમજાય છે કાંઈ? ભૂલ પર્યાય છે એનો નાશ કરવો એ પણ પર્યાય છે. દ્રવ્ય-ગુણનો નાશ તો થતો નથી. સમજાય છે કાંઈ? 'રતનચંદજી'! આહાહા..! અમારા ઉપર પ્રેમ હતો પણ વૈષ્ણવ હતા... વ્યાખ્યાનમાં સાંભળતા હતા. 'રાજકોટ' માં સંવત ૧૯૮૯ ની સાલમાં ત્રણ-ત્રણ હજાર માણસ! ઘણા માણસો આવતા હતા. ૧૯૮૯. કેટલા વર્ષ થયા? ૪૪. તમારા જન્મ પહેલા. ૪૧ ચાલે છે? ત્રણ-ત્રણ હજાર માણસ. .. પહેલા તો મોટર જામી જાય. મોટા ગૃહસ્થની, ડૉક્ટરોની,.. વ્યાખ્યાન સાંભળવા. એમાં કોઈ વેદાંતવાળા પણ આવતા હશે. ત્યાં વાત તો એમ થઈ કે, આ આત્મામાં પર્યાય છે કે નથી? જો પર્યાય ન હોય તો નિર્ણય કરવો છે કે આ આમ નથી, અનેક નહિ ને એકરૂપ છે. એ કોણે નિર્ણય કર્યો? દ્રવ્ય-ગુણે કર્યો? દ્રવ્ય-ગુણ તો ધ્રુવ છે. સમજાય છે કાંઈ? અને દ્રવ્ય-ગુણનો સ્વીકાર પણ પર્યાયમાં થાય છે કે દ્રવ્ય-ગુણમાં થાય છે? આહાહા..! એય...! આ રહ્યા વૈષ્ણવ. 'શશીભાઈ' વૈષ્ણવ હતા ને? 'ભાવનગર'.

ભાઈ! પર્યાય... પર્યાય.. 'શ્રીમદ્દે' કહ્યું છે, વેદાંતે પર્યાય માની નથી એ નિશ્ચયાભાસી મિથ્યાદૃષ્ટિ છે. 'શ્રીમદ્'માં આવે છે. આ શબ્દ છે, હોં! અહીં તો છએ બોલમાં પર્યાય ઉપાડી છે. આહાહા..! કેમ કે કાર્ય તો પર્યાયમાં થાય છે. દ્રવ્ય-ગુણમાં તો કાર્ય (છે નહિ), એ તો ત્રિકાળી શક્તિ છે. કાર્ય છે અને કાર્યનો પલટો થાય છે, ભૂલ હતી અને ભૂલનો નાશ કર્યો એ બધું તો પર્યાયમાં થાય છે. વ્યયનો અભાવ થઈને ઉત્પાદ થાય છે એ તો પર્યાયમાં છે. ભાવની પર્યાય વિદ્યમાન પણ પર્યાયમાં છે. ભાવનો અભાવ, વર્તમાન પર્યાયનો વ્યય થઈને અભાવ થઈ જશે એ પણ પર્યાયમાં છે. અભાવનો ભાવ છે. સમજાય છે કાંઈ? વર્તમાનમાં અભાવ છે તે ભાવ થશે એ પણ પર્યાયમાં છે. ભાવ, અભાવ, ભાવઅભાવ, અભાવભાવ એ ચાર બોલ તો ચાલી ગયા છે. આજે તો પાંચમો બોલ ચાલે છે.

ભાવભાવ તો શબ્દ લીધો છે, પર્યાય. જુઓ! **'ભવતા (વર્તતા) પર્યાયના ભવનરૂપ...'** આહાહા..! અનંતગુણ જે ભગવાનઆત્મામાં છે, જે જાતના ગુણ છે તે જાતની પર્યાય એ સમયે અને પછી પણ એ ભાવભાવ એ જ જાત રહેશે. એ જાત પલટી જશે એમ ત્રણકાળમાં નથી. આહાહા..! સમજાય છે કાંઈ? ભાવભાવનો એક અર્થ તો એ છે કે દ્રવ્યમાં ભાવ છે, તે જ ગુણમાં ભાવ છે, ગુણમાં ભાવ છે તે જ દ્રવ્યમાં ભાવ છે. તો એ ભાવભાવ થયું. અહીંયા ભાવભાવ એટલે વર્તમાન પર્યાય છે તેનો વ્યય થઈને એવી ને એવી પર્યાય થશે. ભવનરૂપ એવી ને એવી. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. સમકિત.. સમકિત.. સમકિત..

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સમકિત.. આનંદ.. આનંદ... આનંદ.. આનંદ... સ્વચ્છતા.. સ્વચ્છતા.. સ્વચ્છતા.. સ્વચ્છતા.. સ્વચ્છતા (રહેશે). સમજાય છે કાંઈ? 'ધન્નાલાલજી'! શરાફ બજાર આ છે. આહાહા..! આ તો પરમાત્મા ત્રિલોકનાથની બજાર છે, બાપુ! આ તો કૉલેજ છે. પરમાત્માએ કહેલી કૉલેજ છે તો કેટલીક તૈયારી તો એની હોવી જોઈએ, પછી એને આ સમજાય. આહાહા..!

**'ભવતા પર્યાયના...'** જે ગુણની જે પર્યાય જે જાતની છે, એવી ને એવી જાતની ભવિષ્યમાં જે અનંતગુણ છે, તે તે ગુણની તે જ રૂપે ગુણની પર્યાય રહેશે. આહાહા..! જે જાતની પર્યાય છે એ બીજી જાતની પર્યાય થઈ જાય, એમ નથી. આહાહા..! જ્ઞાનની પર્યાય છે એ શ્રદ્ધારૂપી પર્યાય થઈ જાય અને શ્રદ્ધાની પર્યાય છે તે જ્ઞાનરૂપી પર્યાય ભવિષ્યમાં થઈ જાય, એમ નથી. સમજાય છે કાંઈ?

એમાં એ લીધું છે ને? ઉપાદાન-નિમિત્ત.. નહિ? 'મોક્ષમાર્ગ પ્રકાશક.' શુભભાવમાં શુદ્ધનો અંશ છે. લીધું છે? શુભભાવમાં શુદ્ધનો અંશ છે. સાંભળો! શું કહેવું છે? શુભભાવમાં શુદ્ધનો અંશ ન હોય તો જ્ઞાનની પર્યાય જ્ઞાનથી નિર્મળ થશે પણ આ અશુદ્ધ જ પર્યાય છે તો અશુદ્ધતામાંથી શુદ્ધતાની પર્યાય ક્યાંથી આવશે? શું કહ્યું? અંશ જો ન હોય તો, જ્ઞાન નિર્મળ થયું એ તો જ્ઞાનને કારણે થયું. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન... જ્ઞાન પણ હવે ચારિત્રની પર્યાય નિર્મળ થઈ તો જ્ઞાનની પર્યાય નિર્મળ થઈ તો ચારિત્રની પર્યાય નિર્મળ થઈ? શુભભાવમાં પણ શુદ્ધતાનો અંશ છે પણ એ અંશ કાર્ય ક્યારે કરે? ગ્રંથિભેદ થાય ત્યારે. છે એમાં? સમજાય છે કાંઈ? એનું કારણ છે. જે જ્ઞાનની પર્યાય જ્ઞાનરૂપ રહેશે, આનંદની પર્યાય આનંદરૂપ રહેશે. એમ યથાખ્યાત ચારિત્રની પર્યાય પણ વર્તમાન જે અંશ શુદ્ધ છે એ શુદ્ધ.. શુદ્ધ.. શુદ્ધ... શુદ્ધ સ્થિરતાની પર્યાય ચારિત્રમાં એમ ને એમ રહેશે. સમજાય છે કાંઈ? અશુદ્ધ છે એ શુદ્ધ થશે, એમ નથી. શું કહ્યું સમજાણું?

એક ગુણની પોતાની પર્યાયમાં પૂર્ણતા થઈ તો બીજા ગુણની પૂર્ણતાનું કારણ કોણ? જ્ઞાન પૂર્ણ થયું માટે? સમજાય છે કાંઈ? એમાં બહુ સરસ દૃષ્ટાંત આપ્યું છે. આહાહા..! અંદરમાં શુભભાવના અંશમાં પણ શુદ્ધતાનો અંશ છે. એ શુદ્ધતા વધતી.. શુદ્ધ છે.. શુદ્ધ છે.. શુદ્ધ છે.. ગ્રંથિભેદ થયા પછી, પછી શુદ્ધ છે, શુદ્ધ છે, શુદ્ધ છે, તો ભવિષ્યમાં શુદ્ધ શુદ્ધ શુદ્ધ શુદ્ધ થઈને ચારિત્રની શુદ્ધતા થઈ જશે. એ ચારિત્રની શુદ્ધતા વધીને શુદ્ધતા થઈ. એ જાતની શુદ્ધતા છે તો એ જાતનું પરિણમન થશે. આહાહા..! સમજાય છે કાંઈ?

જ્ઞાન પૂર્ણ થયું અને શુદ્ધતા બિલકુલ ન હોય અને ભવિષ્યમાં પૂર્ણ થશે, એ ક્યાંથી રહેશે? સમજાય છે કાંઈ? આહાહા..! શુભમાં શુદ્ધતાનો અંશ છે તો એ અંશ યથાખ્યાતનો અંકુરો છે. યથાખ્યાતચારિત્રનો અંકુર છે. પણ એ અંકુર ક્યારે કાર્ય કરે? જ્યારે પૂર્ણાનંદના નાથની અનુભવ દશા પ્રતીતિમાં આવી ત્યારે એ કાર્ય કરે. અને એ જ્ઞાન જેમ પોતાની પર્યાયથી નિર્મળ.. નિર્મળ.. નિર્મળ.. જ્ઞાન. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન... જ્ઞાન (રહે છે). તેમ શુદ્ધતાનો ચારિત્ર અંશ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પણ શુદ્ધતા.. શુદ્ધતા.. શુદ્ધતા.. શુદ્ધતા.. ભાવભાવ રહેશે. આહાહા..! 'બનારસીદાસે' એવું કાઢ્યું છે. આહાહા..! એ વખતના પંડિતોએ પણ ક્યાંથી કાઢ્યું છે, જુઓને! શુભમાં શુદ્ધનો અંશ ક્યાંથી કાઢ્યું? પાઠમાં ક્યાંય નથી. પણ ન્યાયથી કાઢ્યું કે જો શુભમાં શુદ્ધતાનો અંશ ન હોય તો અશુદ્ધતા વધીને યથાખ્યાત ચારિત્રની પર્યાય થશે? સમજાય છે કાંઈ? એની જાત જો નિર્મળ પર્યાય ન હોય તો એ જાત.. એ જાત.. એ જાત.. એ જાત ક્યાંથી રહેશે? 'પાટનીજી'! આહાહા..! 'બનારસીદાસ'. એને કહે છે કે, ભાંગ પી ને અધ્યાત્મ કહ્યું છે, (એમ લોકો કહે છે). અરે..! પ્રભુ! શું કરે છે? ભાઈ! સત્યને શરણે જાવું જોઈએ. ભગવાન! તું પરમાત્મા અને તું આવી આડમાં કેમ પડ્યો છો? આહાહા..!

અહીં તો પરમાત્મા એમ કહે છે, જે ભાવ ચારિત્રની શુદ્ધતાનો અંશ છે એ શુદ્ધ... શુદ્ધ.. શુદ્ધ એ ભાવ.. ભાવ.. ભાવ રહેશે. એ શુદ્ધ ભાવભાવ રહેશે. સમજાય છે કાંઈ? આહાહા..! બહુ સંકેલ્યું છે. આચાર્યે તો એટલું સંકેલ્યું છે કે પાર નથી.

મુમુક્ષુ :- આપે ક્યાંથી કાઢ્યું?

ઉત્તર :- એ તો એમાં છે. છે કે નહિ? જુઓને! ન્યાયથી છે. જો ચારિત્રનો શુદ્ધતાનો અંશ ન હોય તો શુદ્ધતા એ જાત.. એ જાત.. એ જાત.. ભાવભાવ ક્યાંથી રહેશે? આહાહા..! પંડિતજી! અમારા પંડિતજી (છે). ગજબ કામ કર્યું છે તેં પણ, હોં! ભલે સમકિતી ગૃહસ્થાશ્રમમાં હો. સમ્યગ્દર્શનમાં સિદ્ધનું સમ્યગ્દર્શન અને તિર્યંચના સમ્યગ્દર્શનમાં કાંઈ ફેર છે?

અહીંયા કહે છે કે, જે નિર્મળ પર્યાય થઈ છે, ચારિત્રની પર્યાય નિર્મળ છે. સ્વરૂપઆચરણ. એ સ્વરૂપઆચરણ ચારિત્રનો ભાવ છે એ જ ભાવ પછી પણ એ ભાવ રહેશે. સ્થિરતા... સ્થિરતા.. સ્થિરતા.. એ ભાવભાવ છે. આહાહા..! 'શશીભાઈ'! જરા કઠણ પડે પણ માર્ગ તો આવો છે. અંદરથી આવે એનું કરવું શું? એ કાંઈ ગોખીને તૈયાર રાખ્યું છે? આહાહા..! ગજબ વાત કરી, હોં! જો ચારિત્રની પર્યાયનો અંશ નિર્મળ વર્તમાનમાં ચોથે ન હોય તો એ ભાવ.. ભાવ.. ભાવ.. ભાવ.. ભાવ.. ભાવ એમાં લાગુ પડતું નથી. સમજાય છે કાંઈ? આહાહા..! જે શુદ્ધતા ચારિત્રનો અંશ છે, ભવતિ પર્યાય વર્તમાન છે તેનું ભવન. પછી પણ એ જાત એવી જ રહેશે. એ જાત કોઈ જ્ઞાનમાં ભળી જાય (એમ નથી). ચારિત્રની પર્યાય જ્ઞાનમાં ભળી જાય, આનંદમાં ભળી જાય, એમ નથી. આહાહા..!

સંપ્રદાયમાં અમારા ગુરુભાઈ હતા એ એમ કહેતા હતા, કંઈ ખબર નહિ એટલે એમ કહેતા હતા કે આપણે આ વ્રત ને ચારિત્ર જે પાળીએ છીએ, આ વ્રત ને ચારિત્ર બહારના, એનું ફળ એકલું જ્ઞાન ને દર્શન સિદ્ધમાં રહી જશે. સમ્યગ્દર્શન વિનાનું પણ.. એ તો કહેતા હતા કે આપણને સમ્યગ્દર્શન તો છે જ. ગૌતમની શ્રદ્ધા આપણને મળી છે, સ્થાનકવાસીમાં એમ કહે. અહિંસાની ... પણ અહિંસા કોને કહે? ભાઈ! રાગની અનુત્પત્તિ-ઉત્પત્તિ ન થવી એનું નામ અહિંસા છે. પરની દયાનો રાગભાવ એ તો હિંસા છે. આહાહા..! પરની દયા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અહિંસા અને એ અહિંસા આપણને મળી છે તો આપણી શ્રદ્ધા બરાબર યથાર્થ છે. આહા..! એમ કહેતા હતા. અને આપણે આ વ્રત ને નિયમ પાળીએ છીએ, તેનું ફળ પછી શું રહેશે? જ્ઞાન ને દર્શન બે રહેશે. પછી એમાં ચારિત્ર નહિ રહે.

હમણા 'કૈલાસચંદજી'નો એ પ્રશ્ન પણ આવ્યો હતો. 'જૈનસંદેશ'માં આવ્યું હતું. સિદ્ધમાં ચારિત્ર નથી. સંયમ નથી એ જુદી વાત છે. ચારિત્ર નથી (એમ કહે છે). ચારિત્ર તો અહીંયા થયું એ ચારિત્ર.. ચારિત્ર.. ચારિત્ર... ભાવભાવ તો કાયમ સિદ્ધમાં રહેશે. સમજાય છે કાંઈ? ખબર છે? યાદ છે કાંઈ? 'જૈનસંદેશ'માં આવ્યું હતું, ઘણા વર્ષ પહેલા આવ્યું હતું. સામે ચર્ચા થઈ હતી. ઘણા વર્ષ થઈ ગયા. અમને તો કાલ જેવું લાગે. ઇ કહે, ચારિત્ર સિદ્ધમાં નથી. અહીં કહે છે કે, ચારિત્ર જો સિદ્ધમાં નથી તો ચારિત્ર અહીંયા પણ નથી. અહીંયા ચારિત્ર નથી તો સિદ્ધમાં ચારિત્ર ક્યાંથી આવ્યું? ચારિત્ર અહીંયા છે, વીતરાગી વીતરાગ પર્યાય છે, ચોથે ગુણસ્થાને સ્વરૂપાચરણનો અંશ (છે), છઠ્ઠે ચારિત્રનો અંશ નિર્મળ વીતરાગ દશા (છે), એ વીતરાગ દશા ચારિત્ર છે, એ ભાવભાવ, ભાવભાવ. એ વીતરાગ વીતરાગ વીતરાગ પર્યાયરૂપે રહેશે. સમજાય છે કાંઈ? એ તો અંદરથી આવે એ પ્રમાણે થાય, એમાં બીજું શું થાય? આ કાંઈ ગોખ્યું નહોતું. આહાહા..! સૂક્ષ્મ પડે પણ એણે જાણવું જોઈએ. આહાહા..!

**'ભવતા પર્યાયના...'** આપણે અહીંયા ચારિત્રની પર્યાય લીધી, હોં! ચારિત્રની પર્યાય ભવતી વર્તમાન છે તો એ ચારિત્ર ચારિત્રરૂપ ભાવ.. ભાવ.. ભાવ... એ જાતનો ભાવભાવ કાયમ રહેશે. સિદ્ધમાં પણ એ ચારિત્ર પર્યાય રહેશે. સમજાણું કાંઈ? સંયમ કરવો કે ઇન્દ્રિયોથી દમન કરવું, અવ્રતનો ત્યાગ એ આવે ને? બાર પ્રકારે સંયમ, એ બીજી વસ્તુ છે. ચારિત્ર નામનો તો પોતાનો અંદરમાં ગુણ છે. આત્મામાં જેમ જ્ઞાનગુણ છે, દર્શનગુણ છે, આનંદગુણ છે એમ ચારિત્રગુણ છે. અકષાયભાવ ચારિત્રગુણ છે. એની પરિણતિમાં પણ પર્યાયમાં સ્થિરતારૂપ વીતરાગ પર્યાય આવે છે. અને એ વીતરાગ પર્યાય પણ ભાવ.. ભાવ.. ભાવ.. ભાવ.. ભાવ.. ભાવ.. એ વીતરાગ પર્યાયરૂપે ભાવ.. ભાવ.. ભાવ.. કાયમ રહેશે. આવું છે. શેઠ! આ કોઈ દિ' સાંભળ્યું નથી.

મુમુક્ષુ :–

ઉત્તર :– માર્ગ એ છે ને, ભગવાન! તમારું તો નામ પણ 'ભગવાન' છે. ભાવે ભગવાન થઈ જજો. આહાહા..!

અહીંયા તો કહે છે કે ભગવાનની પર્યાય પર્યાયમાં ન હોય તો ભાવ.. ભાવ.. ભાવ.. ભાવ... ક્યાંથી રહેશે? સમજાય છે કાંઈ? ચોથે ગુણસ્થાને પણ પ્રભુતાની પર્યાય છે એ ભગવાનની પર્યાય છે. એ પ્રભુતાની પર્યાય છે એ પ્રભુતા.. પ્રભુતા.. પ્રભુતા.. પ્રભુતાની જાત જ રહેશે. આહાહા..! ગજબ વાત છે. અરે..! આવી વાત ક્યાં છે? બાપુ! દિગંબર સંતો સિવાય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આ વાત ક્યાંય નથી. બીજાને દુઃખ લાગે પણ શું કરે? ભાઈ! સમજાય છે કાંઈ? એ સંતો પણ દિગંબર સંત એટલે નગ્નપણું એ નહિ. અંદર સમ્યગ્દર્શન, જ્ઞાન ને વીતરાગી પર્યાય તે સાધુપણું છે. અને તે વીતરાગી પર્યાય છઠ્ઠે પ્રગટ થઈ.. આહાહા..! પહેલા સ્વરૂપની સ્થિરતાનો ભાવ હતો, એ ભાવ.. ભાવ.. થઈને વૃદ્ધિગત થયો. એ વૃદ્ધિ થયો એ ભાવ છઠ્ઠે ગુણસ્થાને પણ ચારિત્રપર્યાય છે જ, પછી ચારિત્ર.. ચારિત્ર.. ચારિત્ર.. ચારિત્ર.. વીતરાગભાવ... વીતરાગભાવ રહેશે, એ ભાવભાવનું કાર્ય છે. 'શશીભાઈ'! આહાહા..! જુઓ તો ખરા! સત્યના ખજાનામાં જે જાતની જાત છે એ જાત જ ભવિષ્યમાં રહેશે, એમ કહે છે. ગુણમાં તો રહેશે એ જુદી વાત, ગુણમાં તો ચારિત્ર છે એ ચારિત્ર રહેશે, શ્રદ્ધા એ શ્રદ્ધા રહેશે, ત્રિકાળી, હોં! આનંદ આનંદ રહેશે. એ તો દ્રવ્ય ને ગુણમાં રહે છે એ પણ ભાવભાવશક્તિનું એક કાર્ય છે. પણ અહીં તો પર્યાયમાં પણ જે ભાવ વર્તમાન છે એ જ જાત ભવિષ્યમાં રહેશે એનું નામ ભાવભાવશક્તિ કહેવામાં આવે છે. 'જ્ઞાનચંદજી'! આહાહા..! પહેલા આટલું સ્પષ્ટીકરણ નહોતું કર્યું. એટલું સ્પષ્ટીકરણ આજે થયું છે. 'રામજીભાઈ' કહે, ક્લાસમાં તો શક્તિ વાંચવી. લોકો જુદા જુદા (ગામથી) આવે છે. શક્તિ આવી આ. આજે તો શક્તિ ચાલુ થયાને બત્રીસ દિવસ થયા. તમારે બે દિવસ બાકી રહ્યા. કાલે અને પરમ દિવસ. વીસ દિવસ પેલા અને બાર દિવસ આ. બત્રીસ થયા અને બત્રીસમાં હજી ૩૭ શક્તિ થઈ. હજી દસ શક્તિ બાકી છે, એય..! પંડિતજી!

મુમુક્ષુ :- પાંચ વધારે થઈ.

ઉત્તર :- પાંચ વધારે થઈ પણ કોઈમાં વિશેષ (સ્પષ્ટીકરણ) ન આવ્યું હોય. અહીં તો એક એક ભાવ ને એક એક ભાવમાં કલાકના કલાક જાય તોપણ ખુટે એવું નથી એવી વસ્તુ છે. આહાહા..! આખો ભંડાર ભર્યો છે. કહે છે કે, ચાંદીની પર્યાય છે એ તો ચાંદીની પર્યાય ચાંદીરૂપે જ રહેશે. એ લોઢારૂપ થાય એમ બને નહિ. આહાહા..! એ દૃષ્ટાંત કહ્યો. એમાં તો લોઢારૂપ થઈ જશે. ચાંદીના પરમાણુ લોઢારૂપ.. લોઢા સમજ્યા? લોહા. એ પર્યાય થશે. આ નહિ થાય. આહાહા..! અહીંયા તો ભગવાનઆત્મા ચિદાનંદ સ્વરૂપની દૃષ્ટિ થઈ, સમ્યગ્દર્શન થયું તો જે સમ્યગ્દર્શનની પર્યાય છે, ભલે ક્ષયોપશમમાંથી ક્ષાયિક થાય પણ જાત તો એ છે. એ ભાવભાવ છે. સમજાય છે કાંઈ? ક્ષયોપશમમાંથી ક્ષાયિક થાય, પહેલા કહ્યું હતું કે અભાવભાવ કે ક્ષયોપશમમાં ક્ષાયિકભાવનો અભાવ છે તો અભાવભાવ થઈ જશે, અભાવ છે તેમાં ભાવ આવી જશે. હવે અહીં તો કહે છે કે ક્ષયોપશમ સમકિત છે એ પર્યાય ભાવ છે અને એ જ પર્યાય ભાવ.. ભાવ.. ભાવ (રહીને) ક્ષાયિક વખતે પણ ભાવ તો સમકિતનો જ ભાવ છે. સમજાય છે કાંઈ? એ પોતાના ભાવભાવને કારણે એ ભાવભાવ રહી છે. વીતરાગ મળ્યા ને શ્રુતકેવળી મળ્યા માટે ભાવભાવની ક્ષાયિક સમકિત પર્યાય થઈ (એમ નથી.) આહાહા..! સમજાય છે કાંઈ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સમ્યગ્દર્શનની પર્યાય છે તે ભાવ છે. પછી ભલે ક્ષયોપશમ હોય, એ કંઈ પ્રશ્ન નથી. હવે એ ભાવ.. ભાવ.. ભાવ.. રહેશે. સમ્યગ્દર્શનની પર્યાય દર્શન.. દર્શન.. દર્શન.. દર્શન.. દર્શન રહેશે. ક્ષાયિકમાં દર્શન પ્રતીત છે કે નહિ? એ જાતની છે કે નહિ? આહાહા..! આવી વાત. 'કુંદકુંદાચાર્ય' 'અમૃતચંદ્રાચાર્ય' જગતને ન્યાલ કરી દીધા છે. આહાહા..! ન્યાલકરણ. 'સ્વામીનારાયણ'ના વખતમાં અન્યમતિઓને માંસ અને દારૂથી છોડાવતા હતા તો એને 'સ્વામીનારાયણ'ને ન્યાલકરણ કહેતા હતા. ન્યાલકરણ તો આ છે. આહાહા..! ન્યાલ કરી દીધા છે. તારી જાત તો જાત રહેશે જ. એ જાત કદી કજાત થાય કે પરના ભાવની જાત થઈ જાય એમ નથી. આહાહા..! અહીં તો એ કહ્યું, ભાવભાવમાં કદી ભાવનો અભાવ થઈને મિથ્યાત્વ થઈ જાય કે ચારિત્રની પર્યાય છે તે અચારિત્ર થઈ જાય એમ વસ્તુમાં નથી. આહાહા..! 'ધન્નાલાલજી'! સમજાય એટલું સમજો, આ તો ભગવાનની વાણી છે, પ્રભુ! આહાહા..!

ચોથે અલ્પ સ્વસંવેદન છે. સ્વસંવેદન છે એ સ્વસંવેદન-સ્વસંવેદન એ જાતનું જ રહેશે. સ્વસંવેદન મટીને અવ્રત થઈ જશે કે બીજુ કાંઈ થઈ જાય એવું વસ્તુનું સ્વરૂપ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? ઓહોહો..! આચાર્યોએ ગજબ કામ કર્યું, પ્રભુ! ખજાના ખોલી નાખ્યા છે. આહાહા..! સંખ્યાએ જેટલા ગુણ છે, એટલી સમયની પર્યાય છે અને જે પર્યાયની જાત છે તે ભાવ છે, એ ભાવ ભવિષ્યમાં પણ એ જ જાત રહેશે. આહાહા..! બીજી પર્યાયમાં ભળી જાય એમ નથી, એમ કહે છે. સમજાય છે કાંઈ?

જેમ પર્યાયે દ્રવ્યનો આશ્રય લીધો તો દ્રવ્યમાં તન્મય થઈ એમ કહેવામાં આવે છે. પણ પર્યાય દ્રવ્યમાં તન્મય થતી જ નથી. એ તો પરસન્મુખ હતી તે સ્વસન્મુખ થઈ તો દ્રવ્યમાં તન્મય થઈ એમ કહેવામાં આવે છે. પર્યાય તો પર્યાયમાં રહીને દ્રવ્યનું જ્ઞાન કરે છે. સમજાય છે કાંઈ? શ્રદ્ધાની પર્યાય શ્રદ્ધામાં રહીને દ્રવ્યની શ્રદ્ધા કરે છે. દ્રવ્યપણું શ્રદ્ધામાં આવી જાય છે એમ નથી. આહાહા..!

ચૈતન્યજાત છે તો ચૈતન્ય.. ચૈતન્ય.. ચૈતન્ય.. ચૈતન્ય.. ચૈતન્ય જાત રહેશે. કદી ચૈતન્ય જાતની અચેતન થઈ જાય, એમ બને નહિ. આહાહા..! એમ નિર્મળ પર્યાય જે ગુણની છે એ નિર્મળ પર્યાય એ ભાવ.. એ ભાવ.. એ ભાવ.. રહેશે. એમાં કદી મલિનતા આવી જાય એવું વસ્તુનું સ્વરૂપ નથી. સમજાય છે કાંઈ? આહાહા..! 'नयपरिहीणा' પંડિતજી! આસ્રવ અધિકારમાં આવ્યું ને? અહીંયા એ વાત નથી. શક્તિનો પિંડ પ્રભુ જેણે જ્ઞાનમાં જ્ઞેય બનાવીને પ્રતીત કર્યો તો એ પ્રતીતની પર્યાય પ્રતીત.. પ્રતીત.. પ્રતીત.. પ્રતીત.. પ્રતીતરૂપે રહેશે. મિથ્યારૂપે થઈ જાય એમ ત્રણકાળમાં બનતું નથી. આહાહા..! 'બાબુભાઈ'! આવી વાતું છે. આહાહા..! અરે..! બાપુ! કોનો વિરોધ કરે છે? ભાઈ! તને ખબર નથી. જિનેશ્વર પરમાત્મા એની આ વાણી છે, એનો ભાવ આ છે. સમજાય છે કાંઈ? વીતરાગનો માર્ગ આ છે. એને તમે રાગના માર્ગમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઠરાવી દો, પ્રભુ! રાગથી વ્યવહારથી લાભ થશે, ભાઈ! એ વીતરાગ માર્ગ નહિ. આહાહા..! તારી શ્રદ્ધામાં તો પહેલા એવું પાકું આવવું જોઈએ કે વીતરાગભાવથી જ આત્માનું કલ્યાણ થશે. રાગથી કલ્યાણ થશે નહિ. અને એ વીતરાગભાવ કાયમ રહેશે. કરતા.. કરતા.. કરતા.. કરતા.. પૂર્ણ વીતરાગ થઈ જશે. પણ એ જાત છે ત્યાં એ જાત જ રહેશે. સર્વજ્ઞ પરમાત્મા.. આહાહા..! અલ્પ મતિ-શ્રુતજ્ઞાન છે એ જ્ઞાનની જાત છે પણ એ જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. રહીને સર્વજ્ઞ થઈ જશે. આહાહા..!

મુમુક્ષુ :- .. જ્ઞાન, ચારિત્ર બધું પૂર્ણ થઈ જશે.

ઉત્તર :- બધું પૂર્ણ થઈ જશે. એ જાત પોતે પૂર્ણતા થઈ જશે. બીજી પર્યાયને કારણે નહિ, બીજા ગુણને કારણે નહિ. આહાહા..! એનું નામ ભાવભાવશક્તિ છે. લ્યો, કલાક તો થઈ ગયો. અમારા 'જ્ઞાનચંદજી' જાય છે તો થોડું ભાવનું આવી ગયું. વિશેષ કહેશે..

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૩૩ શક્તિ-૩૮ સોમવાર, (દ્વિતીય) શ્રાવણ વદ ૧૪, તા. ૧૨-૦૯-૧૯૭૭

---

'સમયસાર' શક્તિનો અધિકાર. ૩૭ થઈ. આ આત્મા જે વસ્તુ છે એમાં સંખ્યાએ અનંતશક્તિ છે. અનંતકાળ રહેશે એ કાળથી, પણ સંખ્યાએ અનંતશક્તિ છે. એકસાથે વ્યાપક અનંતશક્તિઓ એક સમયમાં છે. કથન ક્રમથી થાય છે. સમજાય છે કાંઈ? એવો ચૈતન્ય ભગવાન ગુણી જે સ્વભાવવાન એની અનંતીશક્તિ જેનો સ્વ-ભાવ-પોતાનો ભાવ છે, તેની જેને દૃષ્ટિ થઈ, હું ચૈતન્ય જ્ઞાયકભાવ છું, એવી દૃષ્ટિમાં અનંતશક્તિનો અંદર સંગ્રહ છે તેનો પણ આદર થઈ ગયો. સમજાય છે કાંઈ? એમાં અહીંયા છેલ્લી શક્તિ, ભાવ-અભાવમાંથી છેલ્લી, આમ તો હજી બાકી છે. આહાહા..!

પહેલા તો એ કહ્યું હતું કે ભાવશક્તિને કારણે વર્તમાન પર્યાયમાં નિર્મળતા વિદ્યમાન હોય જ છે. અભાવશક્તિને કારણે રાગના અભાવરૂપ પરિણમન હોય જ છે. આહાહા..! ભાવઅભાવશક્તિને કારણે વર્તમાન નિર્મળ પર્યાયનો ઉત્પાદ છે તેનો વ્યય થઈને ભાવનો અભાવ થઈ જશે. અભાવભાવને કારણે વર્તમાન પર્યાયમાં જે વિશેષ નિર્મળ પર્યાય નહોતી તેનો અભાવ છે, તેનો ભાવ થઈ જશે. આહાહા..! શક્તિ તો લગભગ એક એક કલાક ચાલી. આહાહા..! અરે..! ભાવભાવશક્તિને કારણે પ્રત્યેક ગુણની વર્તમાન પર્યાય જે ભાવરૂપ છે તે ભાવરૂપ ભાવરૂપ જ રહેશે. જે નિર્મળ સમ્યગ્દર્શન આદિ પર્યાય ઉત્પન્ન થઈ એવી ભાવભાવ, એવી સમ્યક્ પર્યાય, સમ્યગ્જ્ઞાન, આનંદની પર્યાય ભાવરૂપ ભાવ છે તે જ ભાવ રહેશે. સમજાય છે કાંઈ? એ પાંચ તો ચાલી છે. આજે તો છઠ્ઠી છે ને? અભાવઅભાવ. આહાહા..!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**अभवत्पर्यायाभावनरूपा अभावाभावशक्तिः ३८।**

**નહિ ભવતા (નહિ વર્તતા) પર્યાયના અભવનરૂપ (નહિ વર્તવારૂપ) અભાવાભાવશક્તિ. ૩૮.**

ભગવાન! તારામાં એક અભાવઅભાવ નામની શક્તિ છે. ગુણ છે, ગુણ કે જે ગુણને કારણે વર્તમાન વિકારના અભાવસ્વભાવરૂપ તારું પરિણમન છે, વ્યવહાર રત્નત્રય વિકાર છે તેના અભાવરૂપ તારું પરિણમન છે. આહાહા..! આ વ્યવહારની તકરાર મોટી. વ્યવહારથી થાય છે, શુભભાવથી થાય છે. અરે..! પ્રભુ! સાંભળ તો ખરો. એ શુભભાવના અભાવરૂપ પરિણમન વર્તમાનમાં છે એવું શુભના અભાવરૂપ પરિણમન અભાવઅભાવ (શક્તિને) કારણે અભાવરૂપ જ રહેશે. આહાહા..! શું કહ્યું?

વર્તમાન ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્યઘન છે એમાં અનંતી શક્તિઓમાંથી એક અભાવઅભાવ નામની શક્તિ એવી છે કે જેણે દ્રવ્ય સ્વભાવને દૃષ્ટિમાં લીધો તો એને વર્તમાનમાં જે વિકારના અભાવરૂપ પરિણમન છે.. આહાહા..! વ્યવહાર રત્નત્રય એ શુભરાગ છે તો અહીંયા શક્તિનો એવો ગુણ છે કે એ રાગના અભાવરૂપ પરિણમન અભાવભાવને કારણે છે. એ તો પહેલા અભાવને કારણે હતું. વ્યવહાર રત્નત્રયનું અભાવરૂપ પરિણમન એ અભાવશક્તિ. હવે વર્તમાનમાં વ્યવહાર રત્નત્રયના રાગના અભાવરૂપ પરિણમન છે એવું જ અભાવરૂપ રહેશે. આહાહા..!

મુમુક્ષુ :– પેલું વર્તમાનમાં હતું, આ ભવિષ્યમાં રહેશે.

ઉત્તર :– ભવિષ્યમાં એવું જ રહેશે. પુરુષાર્થ તો એ છે કે જેણે ભગવાનઆત્મા ચૈતન્યઘન, એનું અવલંબન આશ્રય લીધો એમાં અભાવઅભાવ નામની શક્તિનો આશ્રય પણ આવી ગયો. તો એ અભાવઅભાવશક્તિનું પરિણમન, રાગના અભાવરૂપે છે તે રાગના અભાવરૂપે જ હવે રહેશે. કદી રાગનો સદ્ભાવ થઈ જાય એ અભાવઅભાવશક્તિને કારણે કદી નહિ બને. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! બીજી ભાષાએ કહીએ તો ઉદયભાવનો વર્તમાન પર્યાયમાં અભાવ છે.

મુમુક્ષુ :– હોવા છતાં અભાવ છે.

ઉત્તર :– છે જ નહિ, પર્યાયમાં અભાવને કારણે નથી. એમાં હોય તો પરજ્ઞેય તરીકે થયું. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :– અત્યાર સુધી દ્રવ્ય-ગુણમાં નથી એમ કહેતા હતા, હવે પર્યાયમાં નથી?

ઉત્તર :– પર્યાયમાં નથી. દ્રવ્ય-ગુણમાં તો છે જ નહિ, પણ અહીંયા તો અભાવઅભાવશક્તિનું વર્ણન (ચાલે છે) તો એ અભાવઅભાવશક્તિ છે એ પ્રત્યેક ગુણમાં અભાવઅભાવનું રૂપ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે. કોઈ પણ ગુણ રાગરૂપે પરિણમે કે મિથ્યા શ્રદ્ધારૂપે પરિણમે એવી શક્તિ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? આ તો ભગવાનનો દરબાર છે. એમાં અનંતી અનંતી પ્રજા-શક્તિ પડી છે. આહાહા..!

મુમુક્ષુ :- ચારિત્રનું પરિણમન તો છે ને.

ઉત્તર :- ચારિત્રના પરિણમનમાં પણ નિર્મળ પરિણતિ જ છે. અચારિત્રના પરિણમનનો તો અભાવ છે. શાંતિથી સમજવાની વસ્તુ છે, ભાઈ! આહાહા..! આ તો ત્રણલોકના નાથને જગાડવાની વાત છે. અભાવઅભાવશક્તિથી ભગવાન ભરેલો છે. આહાહા..! ત્રણેકાળ. પૂર્વે હતી તો પર્યાયબુદ્ધિને લઈને રાગ હતો, પર્યાયબુદ્ધિને લઈને રાગ હતો એમ માન્યું હતું. પણ જ્યાં દ્રવ્યબુદ્ધિ થઈ તો રાગના અભાવરૂપ પરિણમન વર્તમાનમાં છે, એવા વિકારના અભાવરૂપ પરિણમન કાયમ રહેશે. આહાહા..! સમજાય છે કાંઈ? માર્ગ બાપા! ઝીણી વાત છે, ભાઈ! આ તો ત્રણલોકનો નાથ ભગવાનઆત્મા..! આહાહા..!

'સિદ્ધ સમાન સદા પદ મેરો'. આવે છે ને? 'ચેતનરૂપ અનૂપ અમૂરત,' 'ચેતનરૂપ અનૂપ અમૂરત, સિદ્ધ સમાન સદા પદ મેરો, મોહ મહાતમ આતમ અંગ કિયો પરસંગ મહાતમ ઘેરો' વસ્તુમાં નથી પણ મેં રાગનો સંગ કર્યો. મહાતમ ઘેરો કર્યો, એમ કહ્યું. મહાતમનો ઘેરો એણે બનાવ્યો છે, વસ્તુમાં નથી. સમજાય છે કાંઈ? આહાહા..!

અહીંયા તો પરમાત્મા પરમાત્માની શક્તિઓ જે છે તેનું વર્ણન કરે છે. આહાહા..! પ્રભુ! તારી શક્તિમાં અનંતશક્તિ સંખ્યાએ છે. એમાં એક અભાવઅભાવ નામની શક્તિ છે. આહાહા..! સમજાય છે કાંઈ? અહીંયા તો ૪૭ શક્તિનું વર્ણન છે. વિશેષ શક્તિનું વર્ણન લીધું છે. એ પાનું છે ને? પાનું શેમાં છે? કાલે જોયું નહોતું? ગુજરાતી જરી લઈ આવોને. બીજી ૩૭ શક્તિ ઉતારી છે.

મુમુક્ષુ :- રાત્રે કહી હતી.

ઉત્તર :- હા, કહી હતી એ. આહા..! બીજા શાસ્ત્રમાંથી. 'અનુભવ પ્રકાશ', 'તત્ત્વાર્થ રાજવાર્તિક', 'પદ્મનંદી પંચવિંશતિ:' બધું જોયું છે ને! બધું જોયું છે તો એમાંથી કાઢી છે. 'પરમાત્મ પુરાણ' 'અધ્યાત્મ પંચસંગ્રહ' છે ને? એમાં 'પરમાત્મ પુરાણ' છે ને? એમાં ઘણી શક્તિ છે. એમાંથી કાઢીને લગભગ ૩૭ બનાવી. બાકી તો અનંત છે, અમને બહુ ખબર નથી. સમજાય છે કાંઈ? જેટલી ખ્યાલમાં આવી એટલીનો તો કાગળ બનાવ્યો હતો. આહાહા..!

ભગવાનઆત્મા, જેને સમ્યગ્દર્શન છે અર્થાત્ જેને દ્રવ્ય સ્વભાવની દૃષ્ટિ છે... આહાહા..! જેને પર્યાયબુદ્ધિ છૂટી ગઈ છે આહાહા..! તેના દ્રવ્યમાં એક અભાવઅભાવ નામનો ગુણ છે. શક્તિ કહો, ગુણ કહો, દ્રવ્યનો સ્વભાવ કહો, સત્‌નું સત્ત્વ કહો, માલ—કસ, સત્ દ્રવ્ય છે તેનો એ કસ છે, માલ છે. આહાહા..! સમજાય છે કાંઈ? એવો અંદરમાં માલ પડ્યો છે. એક અભાવઅભાવ નામનો ગુણ છે. આહાહા..!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



રાત્રે થોડું બતાવ્યું હતું. આ તો ઘણા વખત પહેલા લખ્યું છે. એમાં સુખશક્તિ આવી છે. સમકિત અને ચારિત્ર નથી આવી તો પહેલા કહી દીધું છે. સમકિત, ચારિત્ર, સ્વયંસિદ્ધત્વ, અજ–જન્મવું નહિ, અખંડતા, વિમળ, ભેદ, અભેદ, નાસ્તિ, સાકાર–નિરાકાર જ્ઞાનદર્શનમાં આવી ગઈ છે. વસ્તુત્વ, અચળ, ઉર્ધ્વગમનત્વ, સત્, અસત્, સૂક્ષ્મ, સ્થૂળ, અપ્રમેયત્વ, અન્યત્વ, અનંતગુરુલઘુત્વ, એક શક્તિ, હોં! અગુરુલઘુશક્તિ આવી ગઈ છે પણ એના અવિભાગ પ્રતિચ્છેદ અનંત છે. અગુરુલઘુ અનંત કેમ? કે દરેક ગુણમાં અગુરુલઘુપણું છે. આહાહા..! ભવ્ય, અભવ્ય એ નથી લીધું. કેમ કે પર્યાય છે ને. બાકી ભવ્ય, અભવ્ય એક શક્તિ પર્યાયમાં, હોં! અંદર ગુણમાં નહિ. ભવ્ય, અભવ્ય પર્યાય. કેમ કે ગુણ હોય તો ભવ્યપણું સિદ્ધમાં પણ રહેવું જોઈએ. પણ ભવ્યપણું સિદ્ધમાં તો છે નહિ. કેમ કે ભવ્યની યોગ્યતાની પર્યાય હતી તે પર્યાયનો અભાવ થઈ ગયો, પૂર્ણ ભવ્યતા પ્રગટ થઈ ગઈ.

સર્વગતત્વ, દ્રવ્યત્વ, અવગાહન, અવ્યાબાધ. એ પ્રતિજીવી ગુણ. વિભાવ, યોગ, અવગાહન, ક્રિયાવર્તી, ભોક્તૃત્વ, અસર્વગત, અનાદિસંતતિ 'પ્રવચનસાર' પૃષ્ઠ-૧૫૦. 'અનુભવ પ્રકાશ' પૃષ્ઠ-૬, 'રાજવાર્તિક' પૃષ્ઠ-૫૫૯, 'પદ્મનંદી પંચવિંશતિઃ' પૃષ્ઠ-૧૧૧ ના આધારે, આ શાસ્ત્રના આધારે બનાવી છે. આહા..! 'પરમાત્મ પુરાણ' (પૃષ્ઠ-૩૫) છે એમાંથી (છે). નિત્ય, પરપ્રભાવ, નિજધર્મત્વભાવ, ધ્રુવભાવ, કેવળભાવ, શાશ્વતભાવ, અતુલભાવ, અછેદભાવ, અનિત્યભાવ, પ્રકાશભાવ, અપારમહિમાભાવ, અક્રમભાવ, અકલંકભાવ, અઘટભાવ, અખેદભાવ, નિઃસંસારભાવ, કલ્યાણભાવ (વિગેરે). આમાં ૫૪ થઈ ગઈ. પહેલા ૩૭ કીધી હતી. 'પરમાત્મ પુરાણ'માંથી લીધી.

મુમુક્ષુ :– ૧૦૦ પૂરી થઈ જશે.

ઉત્તર :– ૧૦૧ થઈ ગઈ. ૫૪ અને ૪૭ થઈ ને? ૧૦૧. ૧૦૧ નંબર. આહાહા..!

અહીંયા તો અભાવઅભાવશક્તિનું વર્ણન તો સંતોએ કહ્યું. બીજા સંતોએ ભિન્ન ભિન્ન શાસ્ત્રમાં હતું તેને મેળવીને લખી લીધું છે. આહાહા..!

જેને દ્રવ્યદૃષ્ટિ થઈ,.. સવારે નહોતું આવ્યું? સૂક્ષ્મ દ્રવ્યદૃષ્ટિ. આહાહા..! સવારે આવ્યું હતું. પુણ્ય-પાપ એ સ્થૂળ છે અને સ્થૂળનો વર્તમાન પરિણમનમાં અભાવ છે. દ્રવ્યશક્તિની સંભાળ કરવાથી, જે શુભભાવ છે તેનો પણ વર્તમાનમાં તો અભાવ છે. આહાહા..! પછી પણ અભાવ રહેશે તેનું નામ અભાવઅભાવશક્તિ કહેવામાં આવે છે. આહાહા..!

જેમકે સમકિતની પર્યાય છે તેમાં મિથ્યાપર્યાયનો અભાવ છે, અભાવરૂપ પરિણમન છે. પછી પણ સમકિતની પર્યાયમાં અભાવરૂપ પરિણમન રહેશે. મિથ્યાત્વનું પરિણમન કદી આવશે નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? એમ ચારિત્રના જે નિર્મળ પરિણામ થયા એમાં અચારિત્રના પરિણામનો વર્તમાનમાં અભાવ છે. એવા અચારિત્રના અભાવરૂપ પરિણમન કાયમ રહેશે. આહાહા..! સમજાય છે કાંઈ? આવી વાત છે. ભંડાર ખુલ્યો છે. ખજાનો ખોલી નાખ્યો. ઓહો..! એવી વસ્તુ છે. પરથી ઉદાસ છે, પરના અભાવસ્વભાવે છે, એમ કહે છે. આહાહા..!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પર શબ્દે શરીર, વાણી તો ક્યાંય દૂર રહી ગયા. એ તો અભાવશક્તિમાં આવ્યું હતું. પાંચ શરીર, આઠ કર્મ અને ભાવકર્મ, ત્રણેનો અભાવ છે. અભાવશક્તિમાં ત્રણેના અભાવરૂપ પરિણમન છે. આહાહા..! અભાવમાં આવ્યું હતું. અહીંયા એ ત્રણેનું અભાવરૂપ પરિણમન છે તે જ પર્યાય પોતાની છે. અને ત્રણેનું અભાવરૂપ પરિણમન છે તેવું ભવિષ્યમાં પણ સમયે સમયે (રહેશે). ત્રણ શરીર, આઠ કર્મ, શરીર એટલે નોકર્મ અને ભાવકર્મ-દયા, દાન, વ્રતાદિ, પુણ્ય-પાપ, શુભાશુભભાવ, તેનો અભાવશક્તિને કારણે વર્તમાનમાં અભાવ છે. એવો અભાવઅભાવ રહેશે, એ અભાવઅભાવશક્તિને કારણે. આહાહા..! અરે..! આવો મોટો ખજાનો પ્રભુનો પડ્યો છે. આહાહા..! એનો વિશ્વાસ નહિ, એની પ્રતીતિ નહિ ને રાગની પ્રતીતિ. હું રાગ કરું છું. શુભભાવનો વિશ્વાસ (છે). જે વિકાર છે, જે સ્વભાવમાં નથી તેનો વિશ્વાસ છે કે એ શુભભાવથી મારું કલ્યાણ થશે. આહાહા..! સમજાય છે કાંઈ? દૃષ્ટિમાં મોટી વિપરીતતા છે.

અહીંયા તો કહે છે, સ્વભાવના આશ્રયે દૃષ્ટિ ખીલી તો એમાં વર્તમાનમાં પણ મિથ્યાશ્રદ્ધાના અભાવરૂપ પરિણમન છે તો કાયમ એવું જ અભાવરૂપ પરિણમન કાયમ સાદિઅનંત રહેશે. આહાહા..! સમજાય છે કાંઈ? શું કહ્યું? **'નહિ ભવતા...'** વર્તમાનમાં નથી, અપ્રવર્તમાન. વર્તમાનમાં રાગાદિના પરિણામ નથી. રાગનું પ્રવર્તન નથી. આહાહા..! ધર્મીજીવને દ્રવ્યદૃષ્ટિ હોવાથી વર્તમાનમાં રાગનું પ્રવર્તન નથી. આહાહા..! અહીં તો વ્યવહાર રત્નત્રયનું પ્રવર્તન કરે તો નિશ્ચય રત્નત્રય થાય. અહીં તો પ્રભુ ના પાડે છે. સમકિતીને, ધર્મીને, દ્રવ્યદૃષ્ટિવાનને રાગનું અપ્રવર્તન છે. સમજાય છે કાંઈ? આહાહા..! આવી વાત બહારમાં આવી ત્યારે લોકોને (ગોઠી નહિ). ભાઈ! તારા ઘરની વાત છે ને, પ્રભુ! આહાહા..! ભજનમાં નથી આવતું? 'અબ હમ કબહુ ન નિજઘર આયે, પરઘર ભમત અનેક નામ ધરાયે'. એ વસ્તુનું સ્વરૂપ નહિ. આહાહા..! હું રાગી છું ને હું ક્રોધી છું ને હું માની છું, હું વ્યવહાર કરનારો છું, એ વસ્તુનું સ્વરૂપ નહિ. નિજઘરમાં આવ્યો તો એમાં વિકારનો અભાવ દેખાય છે. આહાહા..!

વિકારનો અભાવ એ એનો સ્વભાવ જ છે. દ્રવ્ય, ગુણ, પર્યાય ત્રણેમાં વ્યાપક છે. આહા..! અભાવ દ્રવ્ય-ગુણમાં તો છે જ, પર્યાયમાં રાગનો અભાવ છે. વિકાર દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ જ્ઞાનીને થાય છે છતાં એની પર્યાયમાં એના અભાવરૂપ પરિણમન છે. આહાહા..! છે તેને જાણનારી જ્ઞાનની પર્યાય તેમાં છે. રાગ છે તેને જાણવાની પર્યાય તેનામાં છે પણ રાગના સ્વભાવના અભાવરૂપ પરિણમન છે. આહાહા..! સમજાય છે કાંઈ? શું કહે છે? આહા..! ગજબ વાત! 'અમૃતચંદ્રાચાર્યે' ૯૬ ગાથામાં કહ્યું છે ને? અરે..! આ મૃતક કલેવર, આ મડદું... અમૃતનો સાગર મડદામાં મૂર્છાઈ ગયો. ત્રણે મ. 'સમયસાર' ૯૬ ગાથામાં છે. આ મડદું, મૃતક ક્લેવર, પરમાણુ છે. જેમાં ચૈતન્યનો તો અભાવ છે. જડ શરીરમાં તો ચૈતન્યનો અભાવ છે. એ તો મૃતક ક્લેવર છે. આહાહા..!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મુમુક્ષુ :- મડદાની સાથે સગાઈ કરી.

ઉત્તર :- મૂઢે સગાઈ માની છે. માન્યું છે કે મેં સગાઈ કરી છે, હવે લગ્ન કરીશ. અરે..! પ્રભુ! મડદા સાથે સગાઈ. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં એ દૃષ્ટાંત આવ્યું છે. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં લીધું છે. આહાહા..! રાગ સાથે સગાઈ કરી અને હવે રાગ સાથે એકાકાર થઈ જશે. આહાહા..! પ્રભુ! એ તારી ચીજ નહિ. સમજાય છે કાંઈ? અહીંયા તો કહે છે કે જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય એ ભાવના પણ અભાવસ્વભાવરૂપ પરિણમન છે. આહાહા..! એમાં તો રાજી રાજી થઈ જાય કે, આહાહા..! 'દર્શનવિશુદ્ધિ ભાવના ભાય, સોલહ તીર્થંકર પદ પાય'. આહાહા..! અહીંયા તો પ્રભુ એમ કહે છે અને એમ છે કે જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય એ ભાવનું તો ધર્મીને અભાવસ્વભાવરૂપ પરિણમન છે. આહાહા..! સમજાય છે કાંઈ?

એમ વીર્યમાં પણ અભાવઅભાવશક્તિનું રૂપ છે. તો વીર્ય જે સ્વરૂપની નિર્મળ રચના કરે છે એમાં મલિનતાની રચનાનો અભાવ છે. આહાહા..! આ જીવ પુરુષાર્થ કરે છે તો જીવનો પુરુષાર્થ તો નિર્મળ પરિણતિ થાય છે તે પુરુષાર્થ છે. મલિન પર્યાયનો તો તેમાં અભાવ છે. પુરુષાર્થથી મલિન પર્યાયની રચના આત્માના વીર્યથી ને બળથી થતી નથી. આહાહા..! ગજબ કામ કર્યું છે ને! 'રતનચંદજી'! દુનિયા તો કહે, પ્રભુ! આત્મા તો આમ છે તારી વસ્તુ, પ્રભુ! આહાહા..!

એમાં કહ્યું ને કે એક દ્રવ્યનો બીજા દ્રવ્યમાં અભાવ છે, અત્યંત અભાવ છે તો બીજું દ્રવ્ય શું કરે? એમ રાગનો તો સ્વભાવમાં અત્યંત અભાવ છે. એ અધ્યાત્મનો અત્યંત અભાવ છે. પેલા જે ચાર (અભાવ) છે, પ્રાગભાવ, પ્રધ્વંસાભાવ, અન્યોન્યાભાવ એમાં આ ન આવે. અહીંયા તો ૭૩ ગાથામાં કહ્યું કે જેટલા દયા, દાન, વ્રતાદિના વિકલ્પ જે છે... આહાહા..! સમજાય છે કાંઈ? તેનો આત્માની પર્યાયમાં અત્યંત અભાવ છે. 'કર્તા-કર્મ અધિકાર' ૭૩ ગાથા. સમજાય છે કાંઈ? આહાહા..!

એ તો કહ્યું પણ પર્યાયમાં પણ ષટ્કારકરૂપ નિર્મળ પરિણમન છે એ તો અહીંયા લેવાનું છે, અહીંયા લેવાનું છે. નિર્મળ પરિણમન ષટ્કારકથી થાય છે એ તો પર્યાયમાં છે પણ મલિન પરિણામના ષટ્કારકનો તો એમાં અભાવ છે. આહાહા..! ઓહોહો..! ગજબ કામ કર્યું છે ને! અહીંયા તો પર્યાયમાં પર્યાયબુદ્ધિવાળાને ષટ્કારકરૂપે વિકૃત પરિણમન પર્યાયમાં થાય છે. સમજાય છે કાંઈ? વિકૃત પર્યાય દ્રવ્ય-ગુણમાં તો છે નહિ. કારણ કે કોઈ શક્તિ વિકારરૂપ પરિણમે એવી કોઈ શક્તિ નથી. અહીંયા તો પર્યાયબુદ્ધિમાં પર્યાયમાં રાગ કર્તા, રાગ કર્મ, રાગ કરણ, રાગ અપાદાન, રાગ સંપ્રદાન, રાગ આધાર (છે). આહાહા..! એ પણ પર્યાયમાં છે. અહીંયા જ્યાં દ્રવ્યબુદ્ધિ થઈ તો એ ષટ્કારકના પરિણમનનો અભાવ છે. સમજાય છે કાંઈ? ઇ હમણા લેશે. આહા..! અહીં તો અભાવઅભાવ સિદ્ધ કરવું છે ને!

ધર્મીને અને દ્રવ્યદૃષ્ટિવાનને ષટ્કારકનું વિકૃત પરિણમન જે છે તે તો પર્યાયમાં અભાવરૂપ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે. આહાહા..! એ તો દૃષ્ટિ પર્યાય ઉપર હતી ત્યાં સુધી પર્યાયમાં ભાવ છે. સમજાય છે કાંઈ? મિથ્યાદૃષ્ટિને. આહાહા..! સમ્યગ્દૃષ્ટિને-ધર્મની પહેલી સીઢીવાળાને-પર્યાયમાં જે ષટ્કારકરૂપ વિકૃત અવસ્થા જે છે, તે કર્મથી નહિ, પોતાની પર્યાયથી વિકૃત અવસ્થા છે એ કોઈ શક્તિનું કાર્ય નથી. પર્યાયમાં અધ્ધરથી ઉઠાવગીર... ઉઠાવગીર સમજો છો? વિકૃત અવસ્થા ઉઠાવી છે, વસ્તુમાં નથી. આહાહા..! એ છ કારકનું પરિણમન દ્રવ્યદૃષ્ટિવંતને, ધર્મીને એ વિકારના પરિણમનથી અભાવરૂપ જ પરિણમન છે. આહાહા..!

પરિણમન છે ને? નયમાં તો એમ કહ્યું છે. એ તો એક જ્ઞાન કરાવ્યું છે. સમજાય છે કાંઈ? પણ અહીંયા તો દ્રવ્યદૃષ્ટિની પ્રધાનતાથી શક્તિનું કથન છે. એમાં તો એ ષટ્કારકથી વિકૃત પર્યાય છે તેનો તો પર્યાયમાં અભાવ છે. દ્રવ્ય-ગુણમાં તો અભાવ છે જ. આહાહા..! સમજાય છે કાંઈ? એમ અભાવરૂપ પરિણમન છે. આહાહા..! ધર્મીને વ્યવહાર રત્નત્રયના અભાવરૂપ પરિણમન છે. આહાહા..! અને વ્યવહાર રત્નત્રયના અભાવરૂપ પરિણમન કાયમ રહેશે, એ અભાવઅભાવશક્તિનું કાર્ય છે. આહાહા..! આવી ગજબ વાત છે! સમજાય છે કાંઈ? શક્તિનું વર્ણન તમારા ક્લાસ હતા અને આ શિક્ષણ શિબિરમાં ચાલ્યું. આહા..!

મુમુક્ષુ :- અપૂર્વ આવ્યું.

ઉત્તર :- વાત તો એવી છે. આહાહા..! ભાઈ! તારી ચીજ એવી છે, તારું સ્વરૂપ એવું છે કે વિકારરૂપે ન પરિણમવું એ તારી વસ્તુ છે. વિકારરૂપ પરિણમવું એ કોઈ તારી શક્તિ કે ગુણ નથી. આહાહા..! તારી શક્તિમાં તો અભાવઅભાવ નામનો ગુણ પડ્યો છે એ ગુણને કારણે વર્તમાનમાં જ્ઞાનની પર્યાયમાં વિપરીતતાનો તો અભાવ છે અને આવો વિપરીતતાનો અભાવ કાયમ વિપરીતતાના અભાવરૂપે જ રહેશે. આહાહા..! અને જ્ઞાનની પર્યાય ભાવરૂપ જે નિર્મળ છે તે એવો ને એવો જ ભાવ રહેશે. અને વિકારથી અભાવરૂપ છે તો કાયમ અભાવરૂપ જ રહેશે. આહાહા..!

અહીંયા તો એમ લીધું છે કે જેને દ્રવ્યદૃષ્ટિ થઈ તેને પડવું કે પાછા પડી જવું એ વાત જ નથી. એ દ્રવ્યદૃષ્ટિ છોડી દે તો પડે. સમજાય છે કાંઈ? વસ્તુ જે ભગવાન જ્ઞાયકભાવ અનંતશક્તિનો પિંડ પ્રભુ, એવા દ્રવ્યની પ્રતીતિ અને પર્યાયમાં દ્રવ્યનું જ્ઞાન થયું એ જ્ઞાન પાછું પડી જાય, એવી દ્રવ્ય-ગુણમાં કોઈ શક્તિ નથી. એ દ્રવ્યદૃષ્ટિની પ્રતીત છોડી દે તો પડી જાય. એ કંઈ દ્રવ્યમાં એવું કોઈ કારણ નથી. સમજાય છે કાંઈ? આહાહા..! આ તો ચાવી છે, ચાવી. તાળા ખોલવાની ચાવી આ છે.

હું તો ભગવાનઆત્મા, અભાવઅભાવશક્તિના ગુણથી ભરેલો છું. એ ગુણનું કાર્ય, આહાહા..! અનંત અનંતગુણની વિકૃત અવસ્થા થાય, જોકે ગુણ ૨૧ ગુણ કાઢ્યા છે, વિપરીત થાય એવા. શાસ્ત્રમાંથી બહુ કાઢ્યા નથી. વિચાર કરતા કરતા ૨૧ કાઢ્યા હતા. એક ફેરી બહારગામ હતા ત્યારે. વિપરીત તો ઘણા ગુણનું (પરિણમન) હશે પણ ૨૧ ખ્યાલમાં આવે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. વિપરીતનું પરિણમન ધર્મીને-દ્રવ્યદૃષ્ટિવંતને તેનો અભાવ છે. આહાહા..! સમજાય છે કાંઈ? નિર્મળ પરિણતિનો સદ્ભાવ છે, મલિન પરિણતિનો અભાવ છે. આ અસ્તિ-નાસ્તિ થઈ. નિર્મળ પરિણતિનો ભાવભાવ રહેશે એ ભાવભાવશક્તિને કારણે. અને મલિન પરિણતિનો અભાવ છે એ અભાવઅભાવ રહેશે એ અભાવઅભાવશક્તિને કારણે. આહાહા..! તારી સંપદા તો જો! આહાહા..! ભાઈ! તેં તારી ચીજને જોઈ નથી. આહાહા..!

જ્ઞાયકસ્વભાવમાં અભાવઅભાવ નામની શક્તિ છે તો અનંતગુણમાં અભાવઅભાવપણું છે. અનંતગુણમાં અભાવઅભાવનું રૂપ છે. કોઈ ગુણ વિપરીતરૂપે પરિણમતો નથી અને કોઈ ગુણ વિપરીતરૂપે પરિણમશે એમ વસ્તુમાં નથી. આહાહા..! સમજાય છે કાંઈ? આ તો અંતરની ચીજ છે, ભગવાન! એ કોઈ બહારથી મળે (એવું નથી). પવિત્રતા અંદર પડી છે અને એ પવિત્રતાના પરિણમનમાં અપવિત્રતાનું અભાવરૂપ પરિણમન છે. આહાહા..! સમ્યગ્દૃષ્ટિ થયો ત્યારથી, હોં! દ્રવ્યમાં તો (પવિત્રતા હતી), ગુણમાં તો હતી પણ દૃષ્ટિ થયા વિના (શું કામનું)? પર્યાયમાં દૃષ્ટિ છે તો તો રાગરૂપે, વિકારરૂપે, સંસારરૂપે પરિણમે છે. એ કોઈ દ્રવ્ય-ગુણમાં નથી અને પર્યાયમાં પરિણમે છે. સમજાય છે કાંઈ? આહાહા..!

અહીં તો હજી વાંધા એ ઉઠાવે છે કે કર્મથી વિકાર થાય છે. અરે..! ભગવાન! એ પછી કહેશે કે વિકાર પણ પર્યાયમાં ષટ્કારકરૂપે પરિણમે છે એ પોતાથી છે પણ એનું રહિતપણું આત્મામાં છે. ષટ્કારકનું પછી આવશે. સમજાય છે કાંઈ? ૩૯માં ઇ છે. ૩૮ પછી એ છે. છે? '**(કર્તા, કર્મ આદિ) છ કારકો અનુસાર...**' પણ કર્મ અનુસાર નહિ. પર્યાયમાં પણ વિકૃત અવસ્થા થાય છે એ કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન આદિ છ કારકથી વિકૃત અવસ્થા થાય છે. કર્મથી નહિ. એ પણ કર્તા આદિ ષટ્કારકનું જે પરિણમન છે તેનો સ્વભાવમાં અભાવ છે. ધર્મીને તેનો અભાવ છે, એમ કહે છે. આહાહા..! આવી વાતું. ઓહોહો..! આ વાત ક્યાંય નથી. આહાહા..!

ભાઈ! તું કોણ છો? શું છો? પ્રભુ! તારામાં એવી એક શક્તિ પડી છે ને, નાથ! તારી ચીજને સંભાળવાથી તારી ચીજમાં એક અભાવઅભાવ નામનો ગુણ પડ્યો છે, ગુણ છે, એ ગુણનું કાર્ય (શું)? વિકારરૂપે નહિ પરિણમવું અને એમ નહિ પરિણમવારૂપે કાયમ રહેવું. આહાહા..! આવી વાત છે. લુખી લાગે, બાપુ! આ તો વીતરાગી વાર્તા છે, વીતરાગી કથા છે. આહાહા..! ધર્મીને ઉપદેશનો વિકલ્પ આવે છે તો પણ આ તો કહે છે કે, વિકલ્પના અભાવરૂપ એનું પરિણમન છે. આહાહા..!

મુમુક્ષુ :- વિકલ્પના કાળે?

ઉત્તર :- વિકલ્પના કાળે. સમજાય છે કાંઈ? આહાહા..!

'**નહિ ભવતા (નહિ વર્તતા)...**' વર્તમાનમાં પર્યાયમાં વિકારનું પ્રવર્તન નથી. એ પહેલા અભાવમાં લીધું. છે? '**નહિ ભવતા (નહિ વર્તતા) પર્યાયના અભવનરૂપ...**' વર્તમાનમાં વિકાર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અપ્રવર્તમાન છે. (નાના છોકરાને) સમજાય નહિ એ શું કરે? આહાહા..! એમ આત્મા સમજાય નહિ ત્યાં અનાદિથી રાગમાં રમતું કરે. આહાહા..! (આખું જગત) બાળક છે. પોતાની વસ્તુ શું છે તેના ભાન વિના રાગમાં એણે રમતું કરી. આહા..! અહીં તો કહે છે, પ્રભુ! એકવાર તારી દૃષ્ટિ દ્રવ્ય ઉપર થાય અને દ્રવ્યનો સ્વીકાર થાય તો રાગરૂપે પરિણમવું એ તારી કોઈ શક્તિમાં, દ્રવ્યમાં અને પર્યાયમાં પણ નથી. કારણ કે અભાવઅભાવશક્તિ દ્રવ્યમાં, ગુણમાં અને પર્યાયમાં વ્યાપી છે. દ્રવ્ય, ગુણ, પર્યાય ત્રણેમાં વ્યાપી છે. આહાહા..! પર્યાયમાં પણ અભાવઅભાવપણું (વ્યાપ્યું છે). આહાહા..! ગજબ કામ કર્યું છે પ્રભુએ! આહાહા..!

'અમૃતચંદ્રાચાર્ય' હજાર વર્ષ પહેલા દિગંબર સંત (થયા), એમની વાણી તો જુઓ! કેવળજ્ઞાનના કબાટ ખોલી નાખ્યા છે. આહાહા..! કેવળજ્ઞાનીએ જે કહ્યું તેના કબાટ ખોલી નાખ્યા, ભાઈ! ભગવાન આમ કહે છે. તારા ભગવાનમાં પણ આવું છે. આહાહા..! તારા ભગવાનની તને ખબર નથી, પ્રભુ! તું રાગની પ્રભુતામાં રમી રહ્યો છો એ તારો ખેલ નહિ. એ તારા ખ્યાલની રમત નહિ. આહા..! તારા ખ્યાલની રમત તો રાગરૂપે નહિ પરિણમવું એ તારી રમત છે. આહાહા..! 'શાંતિભાઈ'! આવું ત્યાં રૂપિયામાં સૂઝ પણ પડતી નથી. 'મધુ' આવ્યો નથી? ગયો? રળવા 'હોંગકોંગ'. એના ભાઈ છે ને? ઇ 'હોંગકોંગ' રહે છે. શું કહેવાય? 'હોંગકોંગ'માં રહે છે. હમણા લાખ રૂપિયા આપ્યા ને? ભાવનગર. સત્ સાહિત્યમાં લાખ રૂપિયા આપ્યા. એના નાના ભાઈએ. હમણા વીસ હજાર આવ્યા ને? આપણે ૩૨૦ ગાથા ચાલતી હતી એમાં વીસ હજાર હમણા આપ્યા. ૩૨૦ ગાથા, 'જયસેનાચાર્ય'ની ટીકા છે ને? પછી આ તમે આવ્યા ત્યારે ચલાવી. ૩૨૦ ગાથા ચાલી હતી. એમાં એના ભાઈએ વીસ હજાર રૂપિયા આપ્યા છે. આ છપાવો. બહાર આવશે, ૩૨૦ ગાથા, શક્તિનું વર્ણન બહાર આવશે. હિન્દીમાં છે પછી ગુજરાતીમાં બન્નેમાં આવશે. આહાહા..!

શું કહે છે? **'નહિ ભવતા...'** એવા વિકારનો અભાવ. વર્તમાનમાં પણ ધર્મીને વિકારના અભાવરૂપ પ્રવર્તન છે. અપ્રવર્તન-વિકારમાં પ્રવર્તન છે જ નહિ. આહાહા..! સમ્યગ્દર્શન અને તેનો વિષય દ્રવ્ય, તેની શક્તિનું વર્ણન અલૌકિક છે. આહા..!

મુમુક્ષુ :- આપે ઉદ્ઘાટન કર્યું.

ઉત્તર :- એમાં ભર્યું છે ને! આહા..! અને જગતના ભાગ્ય હોય એ પ્રમાણે ભાષા આવે ને! કોણ બોલે? કોણ કરે? આહાહા..! બોલે ઇ બીજો, આત્મા નહિ. આહાહા..! ભાષામાં પણ સ્વપર કહેવાની તાકાત છે. આત્મામાં સ્વપર જાણવાની તાકાત છે. સ્વપર કરવાની તાકાત પરની નથી. સ્વને કરવું શું? સ્વ તો છે. ભાષામાં સ્વપર કહેવાની તાકાત છે. આહાહા..! પોતાના ઉપાદાનથી સ્વતંત્ર, હોં! આહાહા..!

અહીંયા કહે છે કે, ભાષા એમ કહે છે કે તારા ભાવમાં... આહાહા..! નિશ્ચયથી તો સંસાર ઉદયભાવ જે છે એનો તો તારી પર્યાયમાં અભાવ છે, ભગવાન! તારી ચીજ પર્યાય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એવી છે. દ્રવ્ય એવું છે, ગુણ એવા છે અને પર્યાય એવી છે. આવા દ્રવ્ય, ગુણ, પર્યાયની પ્રતીતિ યથાર્થ થાય તેનું નામ સમ્યગ્દર્શન છે. સમજાય છે કાંઈ? એ જ્ઞાનપ્રધાન કથન (પ્રવચનસાર ગાથા૨૪૨માં) આવ્યું છે. જ્ઞેય અને જ્ઞાયકની યથાર્થ પ્રતીતિ, એમ આવ્યું છે. દર્શનપ્રધાન (કથનમાં) એકલા ભૂતાર્થની શ્રદ્ધા. સમજાય છે કાંઈ? ત્રિકાળ જ્ઞાયકની શ્રદ્ધા. જ્ઞાનપ્રધાનમાં જ્ઞેય અને જ્ઞાયક, બન્નેની યથાર્થ પ્રતીતિ. આહાહા..! પોતાની પર્યાયમાં દ્રવ્યની દ્રષ્ટિવંતને વિકારના અભાવરૂપ પરિણમન છે તો ત્યાં વિકાર છે એનું પરજ્ઞેય તરીકે જ્ઞાન કરે છે અને જ્ઞાન કરે છે એ જ્ઞાનની પર્યાયમાં વિદ્યમાનતા છે, પણ વિકારની પર્યાયનો તો જ્ઞાનની પર્યાયમાં અભાવ છે. આહાહા..! એમ દરેક ગુણમાં લેવું. સમજાય છે કાંઈ?

વીર્યગુણ પહેલા કહ્યો ને? વીર્યાંતરાયનો નાશ થયો તો વીર્ય પ્રગટ થયું એમ અહીંયા નથી. એમાં વીર્યશક્તિ છે તેનો સ્વીકાર થયો, દ્રવ્યનો (સ્વીકાર થયો) તો વીર્યશક્તિનું પરિણમન નિર્મળ થાય છે. અંતરાય ગયો તો નિર્મળ થાય છે એમ નથી. પોતાના ગુણને કારણે નિર્મળ થાય છે એવો સ્વભાવ છે. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! શું કહ્યું ઇ? વીર્ય નામનો ગુણ છે એમાં અભાવઅભાવ નામનું રૂપ છે, તો વીર્ય સ્વરૂપની રચના કરે છે. પોતાની પર્યાયમાં પણ શક્તિ તો છે ને? વીર્ય જે ગુણ છે એ તો ગુણમાં છે પણ વીર્યનું રૂપ અનંતગુણમાં છે. વીર્યનું રૂપ શક્તિ અનંતગુણમાં છે. આહાહા..! એ અનંતશક્તિનું વીર્ય જે છે, તો એ વીર્યના પરિણમનમાં વિકારના અભાવરૂપ પરિણમન છે. આહાહા..! અને એ અભાવરૂપ પરિણમન છે, સ્વરૂપની રચનાનો ભાવભાવ છે અને પરની રચનાનો અભાવઅભાવ છે. આહાહા..!

અહીં તો કહે છે, પરદ્રવ્યની ક્રિયા કરે. એક ફેરી એવી વાત ચાલી. 'ઇન્દૌર'માં પચાસ પંડિત ભેગા થયા પછી બોલ્યા હતા. પરદ્રવ્યનો કર્તા ન માને તો દિગંબર જૈન નહિ. અરે..! પ્રભુ! શું કરે છે? ભાઈ! ભગવાન! તું જ્ઞાનસ્વરૂપ છે ને! તારામાં તો રાગનો અભાવસ્વભાવ છે ને! તો રાગનું કર્તાપણું તારા સ્વભાવમાં નથી ને! તારી પર્યાયમાં રાગનો કર્તા સ્વભાવ નથી.

મુમુક્ષુ :-...

ઉત્તર :- દ્રવ્ય-ગુણની વાત જ ક્યાં છે? આ તો પરદ્રવ્યની પર્યાય ન કરે એમ માને તો દિગંબર નહિ. અહીંનું દિગંબર ઉડાવવું છે ને? સાંભળ્યું હતું? પચાસ પંડિત. અરે..! પ્રભુ! શું કરે છે? ભાઈ! આહા..! પરદ્રવ્યની પર્યાય તો કરે નહિ...

મુમુક્ષુ :- પોતાને દિગંબરપણું...

ઉત્તર :- અરે..! પ્રભુ! દિગંબર કોને કહે! અરે..! બાપા! આહાહા..! ભગવાન! આત્માના વિકલ્પ રહિત સ્વરૂપ છે તે દિગંબર છે. દ્રષ્ટિમાં દિગંબરપણું થયું ક્યારે? કે વિકલ્પના અભાવરૂપ પરિણમન થયું અને સ્વભાવનું શુદ્ધરૂપે પરિણમન થયું ત્યારે દિગંબર-સમકિતી થયો. અને મુનિ એ તો દિગંબર-ત્રણ કષાયનો અભાવ અને બહારમાં કપડાનો અભાવ. આહાહા..!

મુમુક્ષુ :- કપડા તો પરદ્રવ્ય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉત્તર :– પરદ્રવ્યની કોણ ના પાડે છે? પરદ્રવ્યનો સ્વભાવમાં અભાવ છે. પરદ્રવ્ય નુકસાન નથી કરતા પણ એની મમતા કે આ કપડા હું રાખું, એ મમતા નુકસાન કરનાર છે. આહાહા..! શું કહ્યું? એ પ્રશ્ન બહુ ઉઠ્યો હતો. અહીંયા એક દેરાવાસી સાધુ રહ્યા હતા. એક ચોમાસુ રહ્યા હતા. તીથિની તકરાર છે ને એમાં? શ્વેતાંબરમાં બે પંથ છે. 'રામવિજય' એક ચોકો માને ને બીજો (બીજો માને). એવું છે. આ પર્યુષણમાં પણ એકે શુક્રવારે શરૂ કર્યા અને એકે શનિવારે શરૂ કર્યા. અત્યારે શ્વેતાંબરના પર્યુષણ ચાલે છે. તો તીથિની તકરાર હતી. એમાં એક બ્રાહ્મણ હતા. શું નામ એનું? આપણે અહીં હતા ને? બ્રાહ્મણ હતા. એ સાધુને માને. અહીં ચોમાસુ કર્યું હતું. કાયમ સાંભળવા આવતા હતા. સવાર, બપોર કાયમ. 'કુમુદવિજય'. કોણે કહ્યું? એ સાચી વાત. 'કુમુદવિજય' ચાર, સાડા ચાર મહિના રહ્યા હતા. કાયમ સવાર, બપોર સાંભળ્યું પછી અંદર આવીને કહ્યું, સ્વામીજી! માર્ગ તો તમે કહો છો તે સત્ય છે. અમારે શું કરવું? અમે તો કોઈને કહેતા નથી કે તમે સંપ્રદાયને છોડો, વાડો છોડો, અમે તો કહેતા નથી. તમે કહો તો અમે સંપ્રદાય છોડી દઈએ. પછી અમારા પોષણની જવાબદારી તમારી. સમજાય છે કાંઈ? અહીં કાંઈ છે નહિ, બાપા! પોતાને કારણે પોતે રહે છે, કોઈને કારણે કોઈ નથી. એણે કહ્યું, વાત તો સાચી છે. કીધું, જુઓ! કપડા નડતા નથી. કપડાનો રાગ છે તે નુકસાન કરે છે. કપડાનો રાગ છે ત્યાં સુધી મુનિપણું નથી હોતું. સમજાય છે કાંઈ? અહીં હતા ત્યારે તો કબુલ કર્યું. અમને પૂછ્યું, શું કરવું? મેં કીધું, અમે તો કોઈને કહેતા નથી કે શું કરવું, ન કરવું. અમે તો માર્ગ કહીએ છીએ. અમારી ઉપર કોઈ જવાબદારી નથી. સમજાય છે કાંઈ?

શ્વેતાંબરના બીજા ચાર સાધુ આવ્યા હતા. ... પરદ્રવ્ય નુકસાન કરે છે. અમે તો કદી કહ્યું નથી કે કપડા નુકસાન કરે છે. બહાર નીકળીને પછી એમ કહ્યું. અહી રાખ્યા નહિ ને. અમે કોઈને રાખતા નથી. જેની જવાબદારી હોય તે રહો, ન રહો. આવો, ન આવો અમે કોઈને કંઈ કહેતા નથી. અમે તો તત્ત્વની વાત કરીએ છીએ. જેને ઠીક પડે એને પડે. લ્યો, એક કોર નિર્વિકલ્પની વાત કરે અને એક બાજુ કહે કે કપડા હોય તો મુનિપણું નથી. કપડાને કારણે મુનિપણાનો ક્યાં પ્રશ્ન છે? કપડાનો વિકલ્પ જ્યારે છે ત્યારે કપડાનો સંયોગ થાય છે અને કપડાના સંયોગમાં ધર્મ માનવો, ચારિત્ર માનવું એ નવે તત્ત્વની ભૂલ છે. આહાહા..! સમજાય છે કાંઈ? કેમકે કપડાનો રાગ છે તો જીવનો એટલો આશ્રય નથી થયો કે રાગનો અભાવ, ત્રણ કષાયના અભાવમાં જીવનો તીવ્ર આશ્રય લેવો જોઈએ એ આશ્રય થયો નથી અને રાગનો ભાવ છે ત્યાં એ મુનિપણામાં રાગ હોતો નથી તો એટલો આસ્રવ હોતો નથી. મુનિપણાની દશામાં કપડાના રાગનો આસ્રવ હોતો નથી. તો આસ્રવની ભૂલ થઈ. જીવના આશ્રયની ભૂલ થઈ. જીવના આશ્રયની ભૂલ, રાગની ભૂલ અને સંવર, નિર્જરાની ભૂલ. જ્યાં કપડા આદિનો રાગ છે ત્યાં સંવર, નિર્જરા મુનિપણું હોતું નથી. કહે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે ને? 'કુંદકુંદાચાર્યે' એટલું કેમ લીધું? કપડાનો એક ટુકડો રાખે અને મુનિપણું માને તે નિગોદ ગચ્છઈ. 'સૂત્ર પાહુડ'માં આવે છે, નિગોદગચ્છઈ. એટલું કેમ કહ્યું? બાપુ! એ નવે તત્ત્વમાં ભૂલ છે માટે કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ?

અહીંયા તો છટ્ઠે ગુણસ્થાને વિકલ્પ તો છે નહિ, રાગના અભાવરૂપ પરિણમન છે, પંચમહાવ્રતનો વિકલ્પ છે તેના પણ અભાવરૂપ પરિણમન છે. આહાહા..! સમજાય છે કાંઈ? અને એવા અભાવઅભાવરૂપ પરિણમન કાયમ રહેશે. આહાહા..! એ અભાવઅભાવશક્તિને કારણે. એ ગુણ પોતાનો છે એ ગુણને કારણે. આહાહા..! એ ગુણ એવું કાર્ય કરે છે કે વિકારના અભાવરૂપ પરિણમન વર્તમાનમાં રહે અને એવું ને એવું ભવિષ્યમાં રહેશે એ ગુણનું કાર્ય છે. આહાહા..! 'ડાલચંદજી'! આવી વાત છે. શું કરે? પ્રભુ! આહા..! લગભગ પચાસ મિનિટ તો થઈ. એક એક ગુણમાં ઉતારવા જઈએ તો બહુ વાર લાગે.

બીજી રીતે કહીએ તો અભાવઅભાવશક્તિ જે છે એમાં બે ઉપાદાન છે. એક ધ્રુવ ઉપાદાન અને એક ક્ષણિક ઉપાદાન. કાયમી શક્તિ પડી છે એ ધ્રુવ ઉપાદાન છે અને વર્તમાનમાં ક્ષણિક રાગરહિત પરિણમન છે તે ક્ષણિક ઉપાદાન છે. પર્યાયમાં ક્ષણિક ઉપાદાન, ધ્રુવમાં નિત્ય ઉપાદાન. એ શક્તિના બે રૂપ છે. આહાહા..! સમજાય છે કાંઈ? અને એ શક્તિ અનંતગુણમાં વ્યાપી છે. એક શક્તિ અનંતગુણમાં નિમિત્ત છે. આહાહા..! એ ત્રિકાળી શક્તિ જે છે એ પારિણામિકભાવે છે. પણ રાગરૂપે નહિ પરિણમવું એવી જે નિર્મળ પર્યાય છે તે ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિકભાવે છે. ઉદયભાવ તો અહીંયા લીધો જ નથી. ઉદયભાવના તો અભાવરૂપ પરિણમન એનું છે. એનું નામ અભાવઅભાવશક્તિ કહેવાય છે, તેનું નામ દ્રવ્ય કહેવાય છે. આહા..! સમજાય છે કાંઈ? આહાહા..! અરે..! વસ્તુની ખબર નહિ, વસ્તુની શક્તિ–ગુણની તાકાત કેટલી છે? એમાં અભાવઅભાવ ગુણની એટલી તાકાત છે કે રાગ વ્યવહાર રત્નત્રયરૂપે નહિ પરિણમવું એવી તાકાત છે. આહાહા..! સમજાય છે કાંઈ? કહો, 'બાબુભાઈ'! આ બધું ક્યાં સાંભળ્યું છે? 'શેત્રુંજય'ની જાત્રા કરી આવીએ તો થઈ ગયું કલ્યાણ.

મુમુક્ષુ :– બીજા કામમાં..

ઉત્તર :– બીજા કામમાં રોકાઈ ગયા. પાપમાં. પછી થોડું કાંઈક કરવા જાય તો (કહે), ધર્મ થઈ ગયો, જાઓ! ચૈત્ર સુદ પુનમ ને કારતક સુદ પુનમ. આ તો દાખલો, એવું બધાને છે ને! ઘણા છે. અરે..! ભાઈ! એ પરની જાત્રામાં તો રાગ છે. સ્વરૂપમાં... આવ્યું ને? શું કહ્યું? અભાવઅભાવ. જાત્રાના રાગનો તો સ્વરૂપમાં પર્યાયમાં અભાવઅભાવરૂપ પરિણમન છે. આહાહા..! સમજાય છે કાંઈ? શું છે ઇ? બાવીસ બોલ. લખ્યા છે ને.

પર્યાયમાં જે પરિણતિ થઈ, રાગના અભાવઅભાવરૂપ પરિણતિ (થઈ) એ પરિણતિ ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિકભાવે છે. ઉપશમ તો અલ્પકાળ રહે છે બાકી તો ખરેખર તો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ક્ષયોપશમ અને ક્ષાયિકભાવે પરિણતિ છે અને પર્યાય જ્યારે અંદર જાય છે ત્યારે પારિણામિકભાવે થઈ જાય છે. આહાહા..! કારણ કે વર્તમાન તો એક સમયની અવસ્થા છે. એક સમયની અવસ્થાનો તો વ્યય થઈ જાય છે. એ તો આવી ગયું. ભાવઅભાવ. ભાવઅભાવ ભાવ છે તેનો અભાવ થાય છે. અભાવ થાય છે પણ પર્યાય જાય છે તો અંદરમાં ને? જળના તરંગ જળમાં ડૂબે છે. એમ પોતાની પર્યાય વ્યય થઈને અંદર જાય છે. અંદરમાં ગઈ તો પારિણામિકભાવ થઈ ગયો. બહારમાં હતી ત્યારે ક્ષયોપશમ અને ક્ષાયિકભાવની મુખ્યતા હતી. ઉપશમ તો અંતર્મુહૂર્ત છે. કહો, સમજાય છે કાંઈ? ઘણું લીધું છે.

જન્મક્ષણ તે જ નાશક્ષણ છે. અભાવઅભાવશક્તિની જે પર્યાય ઉત્પન્ન થઈ એ જન્મક્ષણ હતી, તે ઉત્પત્તિનો કાળ હતો. સમજાય છે કાંઈ? પોતાનો સ્વકાળ એવો હતો કે એ અભાવઅભાવશક્તિનું પરિણમન રાગ વિના થવું એ જન્મક્ષણ છે અને જે જન્મક્ષણ છે તે જ વ્યયની ક્ષણ છે અને એ જ સમયે નિર્મળ પર્યાયની કાળલબ્ધિ હતી તો થઈ છે. અને એ અવસર જે છે તે પોતાના અવસરે રાગરૂપ પરિણમન થયું તે પોતાના અવસરે થયું છે. એ ક્રમબદ્ધમાં આવ્યું છે. આહાહા..! છે?

પછી તો કહ્યું છે કે, ક્રમવર્તી અને શક્તિનો ભેદ પણ દૃષ્ટિનો વિષય નથી. શક્તિ અને શક્તિવાન એવો ભેદ દૃષ્ટિનો વિષય નથી. અભાવઅભાવશક્તિ અને અભાવઅભાવશક્તિને ધરનારું દ્રવ્ય, એવો દૃષ્ટિનો વિષય નથી. દૃષ્ટિનો વિષય તો અભેદ છે. આહાહા..! અભેદ દૃષ્ટિ થવાથી પર્યાયમાં અભાવઅભાવ નામની નિર્મળ પરિણતિ વિકારરહિત થાય છે. આહાહા..!

એ અકાર્યકારણમાં છે. આહાહા..! એ પરિણતિ રાગનું કાર્ય નથી અને અભાવઅભાવની પરિણતિ તે રાગનું કારણ નથી. આહાહા..! અહીં તો વિશેષ લીધું હતું, ક્રમવર્તી જ્ઞાનપર્યાય અભાવઅભાવરૂપે ક્રમે થઈ તે પરને જાણે તેને પણ વ્યવહાર કહ્યો. એ રાગને જાણે છે એમ કહેવું પણ વ્યવહાર છે. અભાવઅભાવને કારણે વ્યવહાર રાગ એમાં તો છે નહિ પણ રાગને જાણે છે એમ કહેવું એ વ્યવહાર છે. ખરેખર તો પોતાની પર્યાયને જાણે છે. રાગ સબંધી જ્ઞાન અને જ્ઞાનની પર્યાય જ્ઞાન પોતાને જાણે છે. 'રતનચંદજી'! થોડું લખી લેજો. આ તો પંડિતોના કામનું છે. ભાઈએ લખી લીધું છે. એના ગામના છે ને! આહાહા..!

જાણનાર જાણનારનો છે એ (સ્વ)સ્વામીઅંશથી પણ શું સાધ્ય છે? શું કહે છે? હું જાણનાર જાણનારનો છું. રાગનો જાણનારો, જાણનારો હું છું એવા ભેદથી પણ તને શું સાધ્ય છે? આહાહા..! રાગનું જાણવું તો છે નહિ પણ હું જાણનારો જાણનારનો છું, જાણનારનો હું જાણનાર છું. એવા ભેદનું તારે શું કામ છે? એમાં શું સાધ્ય થાય છે? આહાહા..! એ તો શક્તિના પિંડ ઉપર દૃષ્ટિ દેવાથી એ બધું કાર્ય થઈ જાય છે. ભેદ ઉપર દૃષ્ટિ દેવાથી તો દૃષ્ટિ સમ્યક્ નથી થતી. આહાહા..! વિશેષ કહેશે..

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**પ્રવચન નં. ૩૪ શક્તિ–૩૯, ૪૦ મંગળવાર, (દ્વિતીય) શ્રાવણ વદ ૦)), તા. ૧૩-૦૯-૧૯૭૭**

**कारकानुगतक्रियानिष्क्रान्तभवनमात्रमयी भावशक्तिः ३९।**
**(કર્તા, કર્મ આદિ) કારકો અનુસાર જે ક્રિયા તેનાથી રહિત ભવનમાત્રમયી (–હોવામાત્રમયી, થવામાત્રમયી) ભાવશક્તિ. ૩૯.**

'સમયસાર' શક્તિનો અધિકાર. ૩૮ થઈ ગઈ ને? અભાવઅભાવ. આહાહા..! જેની દૃષ્ટિ દ્રવ્ય ઉપર છે... આહાહા..! એના દ્રવ્યમાં અભાવઅભાવ નામનો એક ગુણ છે. આહાહા..! તેથી વર્તમાનમાં વિકારનો અભાવ છે, અભાવરૂપ પરિણમન છે, તેવું અભાવરૂપ ભવિષ્યમાં પણ રહેશે. એવું અભાવઅભાવગુણનું કાર્ય છે. કાલે એક કલાક ચાલ્યું ને? સમજાય છે કાંઈ? હવે આજે તો ૩૯મી લેવી છે. અહીંયા તો વાત એવી છે કે જેને દ્રવ્ય–વસ્તુ, જે જ્ઞાયકભાવ તરફની દૃષ્ટિ છે એમાં અનંતશક્તિ છે તેની પણ પ્રતીત છે. એવા ધર્મીજીવને અથવા સમ્યગ્દૃષ્ટિને અર્થાત્ દ્રવ્ય સ્વભાવની પ્રતીતવાળાને... આહાહા..!

'**(કર્તા, કર્મ આદિ)...**' શું કહે છે? જુઓ! ધર્મીને પર્યાયમાં એક સમયની પર્યાયમાં રાગાદિ વિકલ્પ આદિનું કર્તાપણું હોય છે, એ કર્મ–કાર્ય પણ પર્યાયમાં થાય છે. કર્તા, કર્મ ષટ્કારક પર્યાયમાં (હોય છે). આહાહા..! એક સમયની પર્યાયમાં શુભ-અશુભરાગ પર્યાયમાં કર્તા છે, પર્યાય કર્મ છે, પર્યાય કરણ–સાધન છે, પર્યાય વિકાર કરીને પોતે રાખ્યો, પર્યાયથી પર્યાય થઈ અને પર્યાયના આધારે પર્યાય થઈ. સમજવામાં જરી સૂક્ષ્મ વાત છે. એક સમયની પર્યાયમાં વિકૃત અવસ્થાનું ષટ્કારકરૂપ પરિણમન છે, તો અહીંયા કહે છે, '**કારકો અનુસાર જે ક્રિયા...**' આહાહા..! ષટ્કારક અનુસાર. પર્યાયમાં ષટ્કારક અનુસાર. વિકાર પુણ્ય, પાપ, દયા, દાન, વ્રતાદિના વિકલ્પ એની ષટ્કારકરૂપે પરિણમન ક્રિયા થાય છે. આહાહા..! છે?

'**તેનાથી રહિત...**' દ્રવ્યદૃષ્ટિવંતને–સમકિતીને–જ્ઞાનીને–ધર્મીને–પર્યાયમાં ષટ્કારકરૂપી વિકૃત અવસ્થા છે. એમાં તો એટલું પણ સિદ્ધ કર્યું કે પર્યાયમાં વિકૃતિ ષટ્કારકથી છે એ કર્મથી નથી અને પોતાના ગુણથી નથી. જે શક્તિ છે તેનાથી નથી. શક્તિ તો ભાવશક્તિ એવી છે કે જે ષટ્કારકરૂપ વિકૃત અવસ્થા પર્યાયમાં સ્વતંત્ર સ્વયં થાય છે તેનાથી રહિત ભાવશક્તિનું કાર્ય તેનાથી રહિત પરિણમવું એ તેનો સ્વભાવ છે. આહાહા..! સમજાય છે કાંઈ? ઓહોહો..! શક્તિનું વર્ણન ગજબ કર્યું છે. નિધાન ખોલ્યા છે, નિધાન. સંતોએ જગતને (નિધાન ખોલીને આપ્યા છે).

પ્રભુ! તારી ચીજ તો અંદર વસ્તુ છે ને? અખંડ... આહાહા..! એ અખંડ ઉપર દૃષ્ટિ દેવાથી, તારી પર્યાયમાં ષટ્કારકની વિકૃત અવસ્થા હોય પણ તેનાથી રહિતપણું તારો સ્વભાવ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે. આહાહા..! સમજાય છે કાંઈ? દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના વિકલ્પ તો જ્ઞાનીને પણ થાય છે. પર્યાયમાં ષટ્કારક એટલે કારક, કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન અને અધિકરણથી પર્યાયમાં થાય છે, પણ તેના ભાવસ્વભાવની શક્તિ-ગુણ એવો છે કે તેનાથી રહિત પરિણમવું એ ભાવશક્તિનું કાર્ય છે. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..!

દ્રવ્ય જે જ્ઞાયક ચૈતન્ય ભગવાન અનંતઆનંદકંદ પ્રભુ, એની પર્યાયમાં ષટ્કારકથી વિકૃત અવસ્થા થાય છે છતાં જ્ઞાનીને ધર્મીને એ ષટ્કારકની ક્રિયા જે વિકૃત અવસ્થા છે તેનાથી રહિત પોતાની દિશા છે એમ એ જાણે છે. 'જિનેશ્વરદાસજી'! ઝીણી વાતું, બાપુ! આહાહા..!

એમાં બે વાત સિદ્ધ થઈ. એક તો પર્યાયમાં પર્યાયદૃષ્ટિવંતને ષટ્કારકથી વિકૃત અવસ્થા થાય છે. અને દ્રવ્યદૃષ્ટિવંતને પણ પર્યાયમાં વિકૃત સ્વભાવની ષટ્કારકથી પર્યાય થાય છે. છતાં ભાવશક્તિને કારણે એનો ગુણ એવો છે, ભાવનો ગુણ એવો છે કે વિકારથી રહિત પરિણમવું એ એનો સ્વભાવ છે. આહાહા..! આવું છે.

મુમુક્ષુ :- થવા છતાં રહિત પરિણમે છે.

ઉત્તર :- પર્યાયદૃષ્ટિ છૂટી ગઈ છે ને! આહાહા..! દ્રવ્યદૃષ્ટિ થઈ, જ્ઞાયકભાવનું ભાન થયું તો જ્ઞાયકભાવમાં તો ભાવશક્તિ નામની એક શક્તિ-ગુણ પણ છે. બધી શક્તિ એકસાથે છે તો ક્રમથી વર્ણન ચાલે છે. આહાહા..! આવું જૈનદર્શન. આહાહા..!

કહે છે, પર્યાયમાં, એક સમયની અવસ્થામાં રાગ, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાની પર્યાય કર્તા, પર્યાય કાર્ય (આદિ કારકો) પર્યાયમાં છે, દ્રવ્ય-ગુણમાં નથી. પરમાં નહિ, પરને લઈને નહિ. સમજાય છે કાંઈ? એ વિકૃત અવસ્થા જે છે એમાં આત્માનો ગુણ એવો છે કે વિકૃત અવસ્થા રહિત પરિણમન કરવું એવો ગુણ છે. વિકૃતપણે પરિણમવું એવો એનો ગુણ નથી. આહાહા..! સૂક્ષ્મ વાત છે, ભાઈ! આહાહા..!

ચૈતન્ય જ્ઞાયકસ્વરૂપ ભગવાન પૂર્ણ અનંતશક્તિનો સંગ્રહાલય છે. તો એમાં સંગ્રહનું સ્થાન ભગવાનમાં ભાવ નામનો એક ગુણ છે. જેણે ગુણીની દૃષ્ટિ કરી તેને તે ગુણને કારણે વિકૃતના ભાવથી અભાવરૂપ પરિણમન થાય છે એ કાર્ય છે. આહાહા..! એ વિકૃત અવસ્થા પરજ્ઞેયમાં જાય છે. સમજાણું કાંઈ? આ અધિકાર તો સૂક્ષ્મ છે, ભાઈ! 'જ્ઞાનચંદજી' રહી ગયા. મોટી વાત છે, ભગવાન! સાંભળો તો ખરા! પ્રભુ! આહાહા..!

તારી પ્રભુતામાં ભાવ નામની એક પ્રભુતા પડી છે. પ્રભુત્વશક્તિ આવી ગઈ ને? તો પ્રભુત્વશક્તિમાં ભાવ નામનું રૂપ છે. ભાવશક્તિ છે એ ભિન્ન છે. પ્રભુત્વમાં એ ભાવનું રૂપ છે. પર્યાયમાં પામરતાપણે ષટ્કારકથી પરિણમે છે તેનાથી રહિત થવું એ તારો સ્વભાવ છે. આહાહા..! સમજાય છે કાંઈ? જેની પર્યાયદૃષ્ટિ છે તેને તો ષટ્કારકનું પરિણમન એના અસ્તિત્વમાં છે અને એ વિકૃત છે એમ એણે માન્યું છે. 'શશીભાઈ'! પણ જેની દ્રવ્યદૃષ્ટિ છે... ધર્મીની-સમ્યગ્દૃષ્ટિની દ્રવ્ય સામાન્ય સ્વરૂપ જે ત્રિકાળ છે (તેની ઉપર દૃષ્ટિ છે). એનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અર્થ કે વર્તમાન પર્યાયમાં વિકૃત અવસ્થા હોવા છતાં નિર્વિકલ્પ અવસ્થા એ સમયે છે તે દ્રવ્ય તરફ ઝુકેલી છે. આહાહા..! સમજાય છે કાંઈ? આવી વાત છે. લોકોને ધર્મ કેમ થાય છે એની વાત અહીંયા તો છે.

ધર્મીને ધર્મ કઈ રીતે થાય છે? ધર્મી દ્રવ્ય અને એનો ધર્મ વર્તમાનમાં પર્યાય છે. એ વર્તમાન ધર્મની પર્યાય, વીતરાગી પર્યાય કઈ રીતે થાય છે? 'બાબુભાઈ'! ઝીણી વાત છે, ભગવાન! અરે..રે...! અહીંયા તો હજી શુભભાવથી ધર્મ–મોક્ષમાર્ગ માને છે. અરે..! પ્રભુ! અહીં તો શુભભાવની વિકૃત અવસ્થા પર્યાયમાં ષટ્કારકથી થાય છે, એની પણ કબુલાત નથી. પરથી થાય છે એવી કબુલાત છે. એ પણ પર્યાયમાં વિકૃત પોતાથી થાય છે એમાં પણ ભૂલ. અને એ વિકૃત અવસ્થા છે તો એનો–દ્રવ્યનો ભાવ–ગુણ એવો છે કે વિકૃત રહિત પરિણમવું એ એનો ગુણ છે. આહા..! સમજાય છે કાંઈ? આ તો બહુ ધ્યાન રાખે તો પકડાય એવી વાત છે, બાપુ! આહાહા..!

ચૈતન્ય રત્નાકર ભગવાન પરમાત્મસ્વરૂપ, એવા પરમાત્મસ્વરૂપ ઉપર જેની દૃષ્ટિ થઈ તેને પર્યાયમાં વિકૃત અવસ્થા હોવા છતાં તેનાથી રહિત પરિણમવું તેનો સ્વભાવ છે. આ તો એમ કહ્યું કે, વ્યવહાર પર્યાયમાં હો, રાગાદિ વ્યવહાર રત્નત્રય, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ (હો).. આહાહા..! નવ તત્ત્વની ભેદની શ્રદ્ધાનો વિકલ્પ, શાસ્ત્રનું ભણવું, પર તરફના લક્ષવાળો વિકલ્પ, આહા..! અને પંચમહાવ્રતનો વિકલ્પ... આહાહા..! એ ત્રણે એક સમયમાં પર્યાયમાં વિકૃત અવસ્થારૂપે હોય છતાં આત્મામાં ગુણ એવો છે કે જેણે ગુણીની દૃષ્ટિ કરી તો એનો ગુણ એવો છે કે વિકારરૂપે (પરિણમન તેનાથી રહિત ભાવશક્તિ) આવ્યું? શું આવ્યું? જુઓ!

**'કારકોના અનુસાર જે ક્રિયા...'** વર્તમાન વિકૃત અવસ્થા. તેનાથી રહિત જે ક્રિયા. દયા, દાન, વ્રત, ભક્તિ આદિ પર્યાયની વિકૃત અવસ્થા–ક્રિયા. તેનાથી રહિત. આહાહા..! **'ભવનમાત્રમયી...'** તેનાથી રહિત થવારૂપ. રાગસહિત થવારૂપ નહિ. સમજાય છે કાંઈ? આવી વાતું છે. ઓહોહો..! સંતોએ ટૂંકા શબ્દોમાં રામબાણ માર્યા છે. આતમરામ નિજ સ્વરૂપમાં રમે, તો કહે છે કે વિકૃત અવસ્થાથી રહિત રમે છે. વિકૃત અવસ્થામાં રમતા નથી, એમ કહે છે. આહાહા..! પરનો તો એમાં અભાવ છે, પરમાં તો પોતાની પર્યાય પેસતી નથી પણ એ પર્યાયમાં જે વિકૃત અવસ્થા છે તે દ્રવ્ય-ગુણમાં પેસતી નથી, એમ કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? 'બાબુભાઈ'! આવું બધું છે. બીજી બધું સહેલું માનીને બેઠા ને જિંદગી ચાલી જાય છે. આ જાત્રા કરી એટલે જાણે થઈ ગયો ધર્મ.

'શેત્રુંજય' શાશ્વત તીર્થ છે? એમ કાલે કોઈ પૂછતું હતું ને? 'રિખવદાસ' ના આસપાસના. અરે..! ભગવાન! શેત્રુંજય તો આ ભગવાનઆત્મા છે. વિપરીત રાગ એ શત્રુ છે, અનિષ્ટ છે. તેની પરિણતિથી રહિત થવું એ આત્માનો ગુણ છે. આહાહા..! સમજાય છે કાંઈ? આટલી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વાત સમજવાની વસ્તુ હતી. 'શિખરચંદજી' ગયા? ગયા? અચ્છા.

તમારા 'જયપુર'ના ભણવાવાળા તેર જણા છે? બધા છે? વ્યાખ્યાન પછી ત્યાં આવવાનું છે. પ્રવચન પૂરું થયા પછી સ્વાધ્યાય મંદિરમાં આવજો. આજે ફોટા આવ્યા છે. કોઈએ ફોટા આપ્યા છે. એક એક ભેટ આપવાનો છે. નાનો ફોટો આવ્યો છે. આ પ્રવચન પૂરું થયા પછી સવા ચાર વાગે (આવજો). 'જ્ઞાનચંદજી' પણ સાથે આવજો. 'જયચંદભાઈ' ન આવે તો એના માટે લઈ જજો. કોઈ ભાઈ દઈ ગયા છે. 'હિંમતભાઈ'. ૧૮ છે, ૧૮. એ અઢાર એક એકને આપી દેજો, એમ કહ્યું. મેં તો કાંઈ જોયું પણ નથી. અહીંયા ઑફીસમાં મળે છે. પેલા 'ગોંડલ'વાળા છે ને? ફોટાવાળા. બનાવ્યો હશે. અમને તો ખબર પણ નથી, શું છે, કોણ છે? જોયું ત્યારે કીધું, આ લાવ્યા ક્યાંથી? ઑફીસમાં મળે છે, એમ 'ચંદુભાઈ' કહેતા હતા. આપણને તો કાંઈ ખબર નથી. એક ફોટો મારો અને એક ભગવાનનો છે. સાથે છે. એવા અઢાર ફોટા છે. 'જ્ઞાનચંદજી' ને એક, 'રતનચંદજી' ને એક, ભાઈ 'હુકમચંદજી'ને અને તેર છોકરાઓ. આહાહા..!

અહીંયા તો પરમાત્મા અંદર ચિદાનંદનો ફોટો પાડવાનો છે. પર્યાયમાં દ્રવ્યદૃષ્ટિ થવાથી પરમાત્માનો ફોટો પર્યાયમાં આવે છે. એ પરમાત્માની પર્યાયમાં વિકૃત અવસ્થાના અભાવપણે પરિણમવું એ ભાવ નામના ગુણનું કાર્ય, એ દ્રવ્યનો સ્વભાવ છે. આહાહા..! આકરું કામ બહુ. અહીં તો હજી વ્યવહારથી નિશ્ચય થાય (એમ લોકો કહે છે). વ્રત ને તપ ને ભક્તિ ને પૂજા ને શુભભાવ ખૂબ કરીએ તો નિશ્ચય થાય. અરે..! ભગવાન! અહીં તો વ્યવહારની ક્રિયા પર્યાયમાં હોય પણ જ્ઞાનીનું પરિણમન તો એનાથી રહિત પરિણમન છે. એ વિકાર પરિણામ તો પરજ્ઞેયમાં જાય છે. ભાઈ! આહાહા..! છે ખરું, પણ એ વિકૃત અવસ્થાનું જ્ઞાન થાય છે અને વિકૃતથી રહિત ભવન થવું એ એનો ગુણ છે. એમાં વિકૃતસહિત થવું એવો કોઈ આત્મામાં ગુણ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! પંડિતજીએ તો કહ્યું હતું કે આ શક્તિ (પૂરી થશે)? શક્તિ ચાલે એ રીતે ચાલે. આહાહા..!

ત્યાં કહ્યું કે આત્મામાં એક ગુણ એવો છે, ગુણ એવો છે, ગુણ કહો કે શક્તિ કહો કે જેણે આત્મદ્રવ્યની દૃષ્ટિ કરી તો આત્મામાં એક એવો ગુણ છે કે વિકૃત અવસ્થા પર્યાયમાં હોવા છતાં તેનાથી રહિત પરિણમવું એ ભાવગુણનું કાર્ય છે. વિકારસહિત પરિણમવું એ આત્માનો ગુણ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? આહા..! શું કહ્યું?

**'કારકો અનુસાર...'** કારક છ આવ્યા. (સંવત) ૨૦૧૩ ની સાલમાં 'વર્ણીજી' સાથે પર્યાયની ચર્ચા થઈ હતી. 'પંચાસ્તિકાય' ૬૨ ગાથા. વીસ વર્ષ થયા. ફાગણ મહિનો હતો. ચૈત્ર, વૈશાખ, જેઠ, અષાઢ, અને બે શ્રાવણ ગયા. સાડી વીસ વર્ષ થઈ ગયા. ત્યાં કહ્યું હતું કે પર્યાયમાં વિકૃત અવસ્થા સ્વતંત્ર પરના કારકની અપેક્ષા રાખ્યા વિના વિકૃત થાય છે. દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના ભાવ પર્યાયમાં ષટ્કારકથી પર નિમિત્તના કારકની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અપેક્ષા વિના પોતામાં થાય છે. એ વાત તો સિદ્ધ રાખી. હવે અહીંયા તો દ્રવ્યદૃષ્ટિ જ્યાં થઈ... પર્યાયમાં તો સિદ્ધ રાખી, ભાઈ! પર્યાયમાં ષટ્કારકરૂપી વિકૃત અવસ્થા તો સિદ્ધ રાખી પણ એ જ્ઞેયમાં ગયું. દ્રવ્યસ્વભાવનું જ્યાં ભાન થયું તો ભાવશક્તિનો એવો ગુણ છે કે એ વિકૃત અવસ્થાથી રહિત પરિણમવું. છે?

**'ક્રિયા તેનાથી રહિત ભવનમાત્રમયી...'** ભવન–પર્યાયમાં પરિણમન થવું, એમ કહે છે. એ રાગ જે વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ છે તેનાથી રહિત થવું એ એનો ગુણ છે. એ રાગસહિત થવું એવો કોઈ ગુણ આત્મામાં છે જ નહિ. આહાહા..! અરે..રે..! પ્રભુનો જૈનધર્મ અલૌકિક પંથ છે, બાપા! આહાહા..! ભગવાનઆત્મામાં, ગુણી જે ભગવાન આ ગુણને ધરનારો, ગુણનો આશ્રય દ્રવ્ય છે, ગુણનો આશ્રય ગુણ નથી. ભાવશક્તિનો આશ્રય તો દ્રવ્ય છે. આહાહા..! ભાવનો આશ્રય બીજો કોઈ ગુણ છે એમ નથી. આ ભાવ જે ગુણ છે તેનો આશ્રય તો દ્રવ્ય છે. તો દ્રવ્યનો આશ્રય જેણે લીધો, ગુણ ને દ્રવ્યના ભેદનો પણ નહિ,.. આહાહા..! જેને દ્રવ્યનું, ત્રિકાળી જ્ઞાયકભાવનું લક્ષ થઈ ગયું, લક્ષ કહો કે આશ્રય કહો કે સન્મુખતા કહો... આહાહા..! એવા સમ્યગ્દૃષ્ટિ જીવને પર્યાયમાં વિકૃત અવસ્થા થાય છે. છતાં એની પર્યાય ઉપર દૃષ્ટિ નથી. એની દૃષ્ટિ દ્રવ્ય સ્વભાવ ઉપર છે. તે કારણે ધર્મીને વિકૃત અવસ્થાથી રહિત ભવનમાત્ર, વિકૃત અવસ્થાથી રહિત ભવન, વિકૃત અવસ્થાથી રહિત થવું, વિકૃત અવસ્થાથી રહિત થવું એવો એનો ગુણ છે. આહાહા..! શેઠ! સમજાય છે ને? ભાષા જરી... આહાહા..!

સાંભળો! ભગવાન! આહાહા..! અહીંયા તો પર્યાયમાં ષટ્કારકથી વિકૃત અવસ્થા સ્વયંસિદ્ધ સ્વતંત્ર નિમિત્તની અપેક્ષા વિના પોતાથી થાય છે. થાઓ, પણ આત્માનો એક ગુણ એવો છે કે તેનાથી રહિત થવું એ એનો ગુણ છે. આહાહા..! આવી વાત ક્યાં (મળે છે)? આ બધા શેઠિયાઓ ને બધા પૈસા ને આ ધૂળધાણી... 'જિનેશ્વરદાસજી'! પૈસામાં ગુંચાઈ ગયા છે. એમાં પાંચ-પચીસ લાખ રૂપિયા હોય ને ધૂળ મળે.. આહાહા..! એમાં કાંઈ બે-પાંચ લાખ ખર્ચે.. તો ધર્મ થઈ ગયો. ધૂળમાં પણ ધર્મ નથી, સાંભળ તો ખરો.

અહીંયા તો પુણ્ય પરિણામનો જે વિકલ્પ છે, દાન આદિનો વિકલ્પ છે, એ વિકલ્પની પર્યાય ભલે હો પણ એનો–ભગવાનનો સ્વભાવ વિકૃત અવસ્થાથી રહિત થવું, વિકૃત અવસ્થાથી રહિત ભવન થવું, એ એનો ગુણ છે. આહાહા..! ગજબ વાત કરી છે ને! વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે, એ વાત પણ આ રીતે મળી જાય છે. આહાહા..! શૈલી તે શૈલી છે! અગિયારમી ગાથામાં કહ્યું હતું ને કે ભૂતાર્થને આશ્રયે સમ્યગ્દર્શન થાય છે. ત્રિકાળ જ્ઞાયકભાવ.. આહાહા..! તે સત્યાર્થને આશ્રયે સમ્યગ્દર્શન થાય છે. એ તો નિશ્ચય થયું. પછી એને વ્યવહાર છે કે નહિ? તો બારમી ગાથામાં કહ્યું કે રાગાદિ થાય છે તેને જાણવા એ વ્યવહારનયનો વિષય છે. જાણવું. રાગ મારો છે એમ કરવું એ કાંઈ સ્વરૂપમાં નથી. આહાહા..! ગજબ વાત છે,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પ્રભુ! 'સમયસાર' આહાહા..! કેવળજ્ઞાનીના વિરહ ભૂલાવે એવું છે. અરે..રે...! આહાહા..! શું કહે છે? જુઓ! આટલા શબ્દમાં બધું ભર્યું છે, હોં!

**'કારકો અનુસાર...'** કર્મ અનુસાર એમ નથી લીધું, ભાઈ! શું કહ્યું? કર્મ અનુસાર, એમ નથી લીધું. એક વાત તો ઇ. 'હિમતભાઈ'! આહાહા...! પ્રભુ! તારી પર્યાયમાં ષટ્કારક અનુસાર વિકૃત અવસ્થા થાય છે પણ પ્રભુ! તારો ગુણ એવો છે કે વિકૃત અવસ્થારહિત ભવન થવું એ તારો ગુણ છે. આહાહા..! સમજાય છે કાંઈ? થોડું લખ્યું ઘણું કરીને જાણજો, આ એ વાત છે. આહાહા..! થોડું કહ્યું ઘણું કરીને જાણજો. અરે..રે...! એણે આત્માની દરકાર કદી કરી નથી.

અહીં તો પ્રભુ કહે છે, પ્રભુ! તારા સ્વભાવમાં ગુણ એવો છે કે વિકૃત અવસ્થાથી રહિત થવું, ભવન થવું એ તારો ગુણ છે. વિકૃત સહિત થવું એવો કોઈ ગુણ તારામાં છે જ નહિ. એ તો પર્યાયમાં ઉભું કર્યું છે. પર્યાયમાં ષટ્કારકના પરિણમનથી વિકૃત અવસ્થા ઉભી થઈ છે. વ્યવહાર રત્નત્રય પણ પર્યાયમાં ઉભી કરી છે. આહાહા..! એ પણ કારકને અનુસાર, પરને અનુસાર નહિ. ભાઈ! સમજાય એટલું સમજવું, પ્રભુ! આ તો ભગવાન અંદર બિરાજે છે એ કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! પ્રભુ! તું એકવાર સાંભળ તો ખરો, નાથ!

તારી શક્તિમાં એક એવી પ્રભુતા છે અને પ્રભુત્વમાં ભાવ નામનું એક રૂપ એવું છે કે તારી પર્યાયમાં વિકૃત અવસ્થા હોવા છતાં તેનાથી રહિત ભવન થવું એ તારો સ્વભાવ છે. આહાહા..! 'મણિભાઈ'! શું કહે છે?

મુમુક્ષુ :- પ્રતિજ્ઞાને કઈ રીતે નિભાવવી?

ઉત્તર :- કોણે પ્રતિજ્ઞા કરી છે? રાગ કરવો એ પ્રતિજ્ઞા છે? રાગથી રહિત થવું એ પ્રતિજ્ઞા છે. આહાહા..! એમ કે આ પંચમહાવ્રતની પ્રતિજ્ઞા કરી હોય ને? એ તો સમજવા માટે પૂછે છે, હોં! આહાહા..! નિશ્ચય પ્રત્યાખ્યાન તો એ છે કે જ્ઞાન આનંદમાં રહે અને રાગરૂપ ન થાય એનું નામ પ્રત્યાખ્યાન છે. એ તો 'સમયસાર' ૩૪ ગાથામાં આવી ગયું છે. આહાહા..! ચારે બાજુ જુઓ તો એક ધારા વહે છે.

ચારી ચીજ પ્રભુ! વીતરાગ સ્વભાવથી ભરી છે ને, નાથ! અને એ સ્વભાવવાનની જો તને દૃષ્ટિ થઈ તો વિકારપણે પરિણમવું એ તારો સ્વભાવ નથી. પર્યાયનો સ્વભાવ છે, તારા ગુણ અને દ્રવ્યનો નહિ, એમ કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? 'જ્ઞાનચંદજી'!

મુમુક્ષુ :- બહુ પર્યાયમાં રાગ હોવા છતાં પરિણમતો નથી.

ઉત્તર :- સ્વભાવરૂપે પરિણમતો નથી. એનાથી રહિત પરિણમવું, સહિત પરિણમવું નહિ. આહાહા..! એનો એક ગુણ એવો છે, શક્તિ એવી છે, દ્રવ્યની એક શક્તિ એવી છે કે દરેક ગુણમાં એ શક્તિનું રૂપ છે. ચારિત્રગુણની વિપરીત પર્યાય પરિણમતી હોય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પણ ચારિત્રગુણમાં ભાવ નામનું રૂપ છે તે કારણે વિકારથી રહિત થવું એ તારો ગુણ છે. આહાહા..! કોઈ દિ' સાંભળ્યું ન હોય, શું કરે? જૈન નામ ધરાવે, અમે દિગંબર છીએ પેલો કહે, અમે શ્વેતાંબર છીએ. એય..! 'શાંતિભાઈ'! આહાહા..! ભાઈ! તારી ચીજ શું છે એ લે ને. દિગંબર, શ્વેતાંબરનું તારે ક્યાં નામ છે?

વસ્તુ ભગવાનઆત્મા, એક સમયમાં પૂર્ણાનંદનો નાથ પ્રભુ, ત્રિકાળ કહેવું એ તો હજી વ્યવહાર છે, અહીં તો વર્તમાનમાં ત્રિકાળી ચીજ જ પડી છે. સમજાય છે કાંઈ? અને એ ત્રિકાળી વસ્તુમાં ત્રિકાળી શક્તિઓ છે. એમાં આ ભાવ નામનો ગુણ કહો, શક્તિ કહો, તેને કારણે દરેક ગુણમાં વર્તમાનમાં કોઈ વિકૃત અવસ્થા હોય, છતાં દરેક ગુણનો ગુણ એવો છે કે વિકૃતરહિત ભવન થવું એ તારો ગુણ છે. આહાહા..! 'શશીભાઈ'! કેટલાકને તો કાને પહેલું પડ્યું હોય એવું લાગે. નહિ? 'જ્ઞાનચંદજી'! આહાહા..! મને ખ્યાલમાં હતું કે 'જ્ઞાનચંદજી' રહેશે તો છેલ્લું સાંભળી લે. એવો વિકલ્પ આવ્યો હતો અંદર. આહાહા..!

પ્રભુ! તું ક્યાં છો? શું તું શરીરમાં છો? પરમાં છો? શું તું રાગમાં છો? આહાહા..! રાગમાં પણ તું નથી. આહાહા..! તું તો પવિત્ર શક્તિનો પિંડ છે એમાં તું છો. એમાં રહેનારો પર્યાયમાં રાગરૂપી ષટ્કારકથી પરિણમન હોવા છતાં એ ગુણને કારણે તેનાથી રહિત થવું એ એનો ગુણ છે. રાગસહિત થવું એવો કોઈ ગુણ નથી. આહાહા..!

બીજી વાત, કે વ્યવહાર રત્નત્રયથી સહિત થવું એવો કોઈ ગુણ નથી. ભાઈ! આહાહા..! 'ચેતનજી'! એમાં છે ને? પર્યાયમાં ષટ્કારકથી વિકૃત પર્યાય કર્તા, પર્યાય વિકૃત કર્તા, હોં! ગુણ-દ્રવ્ય કર્તા નહિ, તેમ પર કર્તા નહિ. આહાહા..! એક સમયની દશામાં કેટલા ગુણની વિપરીત અવસ્થારૂપે પર્યાયમાં થવું એ એનું સ્વરૂપ નથી. એનાથી રહિત ભવન થવું એ તારું સ્વરૂપ છે. આહાહા..! સમજાય છે કાંઈ? અહીં તો હજી (એમ કહે છે કે) વ્યવહાર છે તો તેનાથી નિશ્ચય થશે અને વ્યવહાર પણ મોક્ષનો માર્ગ છે. પ્રભુ! બહુ ફેર છે, હોં! નાથ! તારી ચીજમાં અંદર ડૂબકી મારવી જોઈએ એને ઠેકાણે તેં રાગમાં ડૂબકી મારી. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! 'શશીભાઈ'! ઠીક આવ્યા તાકડે. આહાહા..! વાત એવી છે, ભગવાન!

પ્રભુ! તું પવિત્ર છો ને! તારું દ્રવ્ય પવિત્ર છે, તારા ગુણ પવિત્ર છે, પ્રભુ! આહાહા..! તો પરિણમનમાં પવિત્રતા આવે છે કે અપવિત્રતા આવે છે? એમ કહે છે. આહાહા..! એ અપવિત્રતા પર્યાયમાં હો પણ એનાથી રહિત પવિત્રતાનું પરિણમન થવું એ તારો ગુણ છે. આહાહા..! આહાહા...! અરે..! એક ભાવ પણ યથાર્થ સમજે તો સર્વ ભાવ સમજાય છે. એક ભાવ પણ, કોઈ પણ એક ભાવ યથાર્થ સમજાય તો આખી વસ્તુની સ્થિતિ યથાર્થ સમજાય જાય છે. આહાહા..! અરે..રે...! જગત અનાદિથી વિકલ્પની જાળમાં પોતાપણું માનીને ચાર ગતિમાં રખડે છે. જ્યાં દ્રવ્ય અને ગુણ પવિત્ર છે ત્યાં પોતાપણું માન્યું નહિ અને શરીર, વાણી, મન, બાયડી, છોકરા, કુટુંબ એ તો પર રહ્યા, એની તો વાત અહીંયા છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જ નહિ. એનું દ્રવ્ય એના કારણે પરિણમી રહ્યું છે, તારે કારણે નહિ. એની પર્યાય એને કારણે થાય છે, તારે કારણે નહિ. આહા..! એને કારણે રહ્યા છે, એને કારણે આવ્યા છે અને એને કારણે એ ચાલ્યા જશે. તારે કારણે આવ્યા છે અને તારે કારણે ચાલ્યા જશે, એમ નથી. આહાહા..! અહીંયા તારે કારણે પર્યાયબુદ્ધિમાં વિકૃત અવસ્થા થાય.. આહાહા..!

'**(કર્તા, કર્મ આદિ)...**' એટલે છ બોલ લેવા. '**કારકો...**' અહીંયા એ પર્યાયની વાત છે. છએ કારક પર્યાયમાં થાય છે, દ્રવ્ય-ગુણમાં ષટ્કારક તો ધ્રુવરૂપ છે. ગુણ ને દ્રવ્યમાં જે ષટ્કારક છે એ તો ધ્રુવરૂપ છે. પર્યાયમાં ષટ્કારક અનુસાર. આહાહા..! ગજબ વાત કરે છે. અરે..! 'અમૃતચંદ્રાચાર્ય' પ્રભુ! તેં તો કેવળજ્ઞાનનું કામ કર્યું છે!! આહાહા..! હજાર વર્ષ પહેલા મુનિ થયા, આ એમની વાત છે. પંચમઆરાના મુનિ. આહાહા..! પરમેશ્વરના પદમાં હતા. આચાર્ય ણમો લોએ સવ્વ આઈરિયાણં પંચ પરમેષ્ઠીમાં પદ છે ને? આહાહા..! ટીકા (કરવાનો) એવો વિકલ્પ આવ્યો. આ શબ્દોની રચના તો જડથી થઈ. પણ કહે છે કે એ વિકલ્પ જે આવ્યો તેનાથી રહિત મારું પરિણમન છે. આહાહા..! એ હું છું. રાગસહિત છું એ હું નહિ. આહાહા..! 'બાબુભાઈ'! ક્યાંય અમદાવાદમાં મળે એવું નથી ને ક્યાંય મળે એવું નથી.

હજી તો પેલા કહે, ચર્ચા કરો. પ્રભુ! શું કરવી છે? કે કર્મથી વિકાર થાય છે, કર્મથી વિકાર થાય છે. અરે..! પ્રભુ! તારી પર્યાયમાં પરલક્ષે ષટ્કારક અનુસાર તારામાં થાય છે એ પણ તારો કોઈ ગુણ એવો નથી કે વિકારસહિત પરિણમન કરવું. આહાહા..! પર્યાયની સ્વતંત્રતા વિકૃત અવસ્થારૂપ થઈ છતાં તારામાં એવી તાકાત છે, ગુણની તાકાત છે, ભાવ નામના ગુણની તાકાત છે, અરે..! અનંતગુણમાં ભાવ નામનું રૂપ છે તો અનંતગુણની તાકાત છે કે વિકારરૂપે નહિ પરિણમવું એવી તારી તાકાત છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- અંદર છે ને! જુઓ! આહાહા..! બહારની વાત બહુ અમને યાદ નથી રહેતી. અંતરની જ્ઞાયકની વિશેષ યાદ રહે છે. બહારમાં કોઈ વખતે ભૂલ પણ થઈ જાય. સમજાય છે કાંઈ? તમે કહ્યું હતું ને? એ મને ખ્યાલમાં આવ્યું હતું. કાગળમાં કાંઈક સમાચાર આવ્યા છે. એમ ખ્યાલમાં રહી ગયું. સમાચાર આવ્યા એ તો બરાબર છે કે નહિ? આહાહા..!

પાર નથી. એક શક્તિમાં એટલી ગંભીરતા છે. અને એ ભાવશક્તિનું પરિણમન ક્રમવર્તી જે રાગરહિત પરિણમન થાય છે, એ ક્રમવર્તી પર્યાય અને અક્રમવર્તી ગુણ ને દ્રવ્ય, એ ત્રણે મળીને આત્મા છે. રાગનું પરિણમન થવું એ સહિત આત્મા નહિ. આહાહા..! શું કહ્યું? 'વિમલચંદજી'! તમારા નાનાભાઈ બોલ્યા હતા. કીધું, ઠીક એના ઘરમાં થોડો થોડો રસ છોકરાવને છે. આહાહા..!

આત્મા આનંદસ્વરૂપ પ્રભુ પવિત્રતાનો પિંડ પ્રભુ એ તો છે. આહાહા..! એ તો વીતરાગ સ્વભાવથી ભરેલો ભગવાનઆત્મા છે. તો કહે છે કે, વીતરાગ સ્વભાવમાં ભાવ નામનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એક વીતરાગી ગુણ એવો છે.. આહાહા..! વીતરાગભાવરૂપે જ પરિણમવું, રાગરૂપે નહિ પરિણમવું એ તારો ગુણ છે, પ્રભુ! આહાહા..! સમજાય છે કાંઈ? અરે..! પ્રભુ! તું તકરાર શેની કરે છે? ભાઈ! અરે..! પ્રભુ! તારા હિતની વાત છે ને! આહા..! વિકારસહિત પરિણમવું એવી દૃષ્ટિ તો મિથ્યાદૃષ્ટિની છે, એમ કહે છે. 'રતનચંદજી'! આહાહા..!

વ્યવહાર રત્નત્રયનો રાગ પર્યાયમાં સ્વતંત્ર ષટ્કારકથી થાય છે. આહાહા..! તોપણ એનો ગુણ એવો છે અને દરેક ગુણમાં એ ભાવ નામનું રૂપ એટલે સ્વરૂપ પણ એવું છે કે વિકૃત અવસ્થારૂપે નહિ થવું, એનાથી રહિત થવું, સહિત ન થવું પણ રહિત થવું (એવો ગુણ છે). છે? **'કારકો અનુસાર...'** ભાષા એવી છે–કારકો અનુસાર. કર્મ અનુસાર એમ નથી લીધું. આહાહા..! પર્યાયમાં રાગની વિકૃત અવસ્થા.. આહાહા..! પરમાં સુખબુદ્ધિ એવી મિથ્યાત્વની બુદ્ધિ, એની તો અહીંયા વાત નથી. અહીંયા તો આસક્તિના પરિણામ જે જ્ઞાનીની પર્યાયમાં થાય છે.. સમજાય છે કાંઈ? વિકૃત અવસ્થા મિથ્યાત્વની પર્યાયમાં હોય તો તો એના અભાવરૂપ પરિણમન એને થતું જ નથી. કેમ કે ત્યાં દ્રવ્યદૃષ્ટિ નથી. સમજાય છે કાંઈ? આહાહા..! મુનિઓએ તો ગજબ કામ કર્યું છે! આમાંથી અર્થ કરતા કરતા બહાર નીકળવું (બનતું નથી). એટલી ગંભીરતા.. એટલી ગંભીરતા. આહા..! અમૃતના બાણ માર્યા છે.

પ્રભુ! તારામાં એવો ગુણ છે કે અમૃતપણે પરિણમવું એ તારો ગુણ છે. રાગરૂપે–ઝેરરૂપે પરિણમવું એ કોઈ તારો ગુણ નથી. આહાહા..! આ તો હજી પરનું હું કરી દઉં ને પરથી મારામાં કંઈક થાય છે, એ તો મોટી ભૂલ છે. આ તો પર્યાયમાં પોતાથી થાય છે, તે રૂપે નહિ પરિણમવું એ તારો ગુણ છે. આહાહા..! સમજાય છે કાંઈ? આમાં પુનરુક્તિ (દોષ) નથી લાગતો, હોં! આહાહા..!

કેમ કે તારામાં એક ચારિત્ર નામનો વીતરાગભાવ સ્વભાવ ગુણ છે અને એની સાથે આ ભાવ નામનો ગુણ છે. ૪૭ શક્તિમાં સુખશક્તિ આવી હતી ને? તો સુખશક્તિમાં સમકિત અને ચારિત્ર સમાવી દીધી છે. મેં પછી છૂટી પાડી છે. કાલે ૩૭ શક્તિ આવી હતી ને? ૫૪ બતાવી હતી. એમાં સમકિત, ચારિત્રને ભિન્ન પાડી હતી, આમાં નામ નહોતા આવ્યા એટલે ભિન્ન પાડી.

અહીં કહે છે, સમકિતી જીવને દ્રવ્ય અને ગુણની પ્રતીત થઈ છે. દ્રવ્ય અને ગુણના ભેદથી પણ નહિ. આહાહા..! દ્રવ્યની પ્રતીતિ જ્ઞાયકભાવ, આ ચૈતન્ય સ્વભાવ પવિત્રતાનો પિંડ પ્રભુ છે એમ જ્ઞાન કરીને પ્રતીતિ થઈ છે એ ધર્મીને પર્યાયમાં વિકૃત અવસ્થા હોવા છતાં.. પરના સંબંધની વાત અહીંયા છોડી દીધી છે. પોતાની પર્યાયમાં વિકૃત કારક અનુસાર, કર્તા, કર્મ અનુસાર પર્યાયમાં થવા છતાં તે રૂપે નહિ ભવન–નહિ થવું એ તારો ગુણ છે. આહાહા..! એનો અર્થ કે રાગ થાય છે તેના જાણનાર રહેવું એ તારો ગુણ છે. આહાહા..! આવો માર્ગ (છે). સમજાય છે કાંઈ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'કારકો અનુસાર જે ક્રિયા...'** વર્તમાન પર્યાયમાં વિકૃત ક્રિયા. આ ક્રિયા કહે છે કે નહિ? કે અમારી ક્રિયાકાંડ આ ઉથાપે છે. પણ એ ક્રિયા કારક અનુસાર પર્યાયમાં થાય છે એ વિકૃત છે. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! પરમાત્મસ્વરૂપ પ્રભુ તું છો ને! બાહ્ય પરમાત્માની હાજરી નથી. તારો પ્રભુ તો તારી પાસે છે ને! અરે..! તારો પ્રભુ તું જ છો. પાસે શું? એવી પ્રભુત્વશક્તિ એક એક શક્તિમાં પડી છે અને એક એક શક્તિમાં ભાવશક્તિ નામનું રૂપ પડ્યું છે. આહાહા..! પ્રભુતાની શક્તિને કારણે પર્યાયમાં પ્રભુતારૂપ પરિણમન થાય છે અને અહીંયા ભાવશક્તિને કારણે વિકારથી રહિત ભવનરૂપ પરિણમન થાય છે. એટલી વાત. સમજાય છે કાંઈ? ભાઈ! આમાં વ્યવહારથી નિશ્ચય થાય, વ્યવહાર નિમિત્ત છે તો નિશ્ચયમાં થાય, એ વાત ક્યાં રહી? ભાઈ! નિમિત્ત હો, પણ એ રૂપે નહિ થવું એ તારો ગુણ છે. આહાહા..! નિશ્ચયમાં વ્યવહાર રત્નત્રયનું નિમિત્ત હો પણ નિમિત્તથી પરિણમવું એમ નિશ્ચયમાં નથી, એનાથી રહિત પરિણમવું એ તારો ગુણ છે. આહાહા..! નિમિત્તથી નહિ પરિણમવું, નિમિત્તરૂપ ભાવથી નહિ પરિણમવું એવો તારો ગુણ છે. આહાહા..! સમજાય છે કાંઈ? આ તો ભગવાનની વાણી છે, પ્રભુ! એ તો મહાન ગંભીર છે. એનો પાર તો સંતો કરી શકે, કેવળી કરી શકે. આહાહા..! આ..હા..હા..!

ચૈતન્ય ભગવાન પરમાત્મસ્વરૂપ તું છો ને નાથ! તારા નાથનો અર્થ શું? જે પરિણતિ શુદ્ધ થઈ છે તેની તો રક્ષા કરે છે, વિશેષ નથી થઈ તેને પ્રાપ્ત કરે છે. રાગને પ્રાપ્ત કરે છે અને રાગ કરે છે એ વાત તો તારામાં છે જ નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? નાથ કોને કહે છે? આ પત્નીના પતિને નાથ કહે છે ને? તો પત્ની પાસે જે ચીજ હોય તેની રક્ષા કરે અને ન મળી હોય તેને મેળવી આપે. ઘરમાં પાંચ હજારની ઊંચી સાડી નથી ને આપણી પાસે પચીસ લાખ, પચાસ લાખ થઈ ગયા છે. તો આપણે પાંચ હજારની સાડી ત્રણ છોકરા છે તેને માટે જોઈએ. પહેલા તો જે છે તેની રક્ષા કરે છે અને નથી તેની પ્રાપ્તિ કરે છે. પાપ. અહીં પરમાત્મા કહે છે, પોતાની પર્યાયમાં જેટલી નિર્મળતા છે તેની તો ભાવશક્તિને કારણે રક્ષા કરે છે. આહાહા..! પણ ભાવભાવશક્તિને કારણે, એ ભાવશક્તિમાં ભાવભાવશક્તિનું રૂપ છે કે જે નિર્મળ પરિણતિ, રાગરહિત પરિણમન થવું એ તારો ગુણ છે અને એવો ભાવભાવ સદાય નિરંતર રહે એ તારો ગુણ છે. અને રાગના અભાવરૂપ પરિણમન છે તે એવું જ અભાવઅભાવ રહેશે એ તારો ગુણ છે. એ શક્તિ તો પહેલા આવી ગઈ. સમજાય છે કાંઈ? આહાહા..! એક પણ વાત યથાર્થપણે ભાવમાં ભાસન થાય તો બધા ભાવનું ભાસન યથાર્થ થઈ જાય છે. સમજાય છે કાંઈ? એને કોઈ વિશેષ જ્ઞાન કરવાની જરૂર પડતી નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

ટીકાકાર કહે છે, પર્યાયમાં વિકારનું ષટ્કારકનું પરિણમન હો પણ એનાથી મારું પરિણમન રહિત છે. આહાહા..! ટીકાના વિકલ્પના પરિણમન સહિત હું છું એમ નથી. આહા..! સમજાય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે કાંઈ? અને પંચમહાવ્રતનો વિકલ્પ ઉઠે છે. એ પર્યાયમાં પર્યાયના ષટ્કારક અનુસાર. છતાં મારો ગુણ એવો છે કે ષટ્કારકરૂપે નહિ ભવન, નહિ ભવન... છે? **'તેનાથી રહિત ભવનમાત્રમયી...'** ભવનમાત્રમયી. આહાહા..! અભેદ. સમજાય છે કાંઈ? આ તો એક એક અક્ષરમાં બહુ (ગંભીરતા છે).

**'ભવનમાત્રમયી...'** એ રાગ ને વ્યવહારના વિકલ્પની પર્યાય હો પણ એનાથી રહિતપણે થવું એવો ગુણ છે. આહાહા..! વ્યવહારપણે થવું એ એનો ગુણ નથી. આહાહા..! અહીં તો હજી વ્યવહારના ઠેકાણા ન મળે અને કહે છે, વ્યવહાર કરતા (કરતા) આગળ નિશ્ચય થશે, સમકિત થશે, ધર્મ થશે. અરે..! પ્રભુ! મોટું શલ્ય છે. તારા ગુણ અને દ્રવ્યની શક્તિની તને પ્રતીતિ નથી. તારા દ્રવ્ય અને ગુણમાં તાકાત કેટલી છે તેની તને પ્રતીતિ નથી. તો તને વ્યવહારથી નિશ્ચય થાય છે એવી પ્રતીતિ તને મિથ્યા શલ્ય થઈ ગયું છે. બરાબર છે? આહાહા..! આ 'અમૃતચંદ્રાચાર્ય'.

ભાવશક્તિ, ભાવશક્તિ. ભાવ તો દ્રવ્યને પણ ભાવ કહે છે, ગુણને પણ ભાવ કહે છે, પર્યાયને–નિર્મળ પર્યાયને પણ ભાવ કહે છે અને રાગને પણ ભાવ કહે છે. પણ રાગરૂપે નહિ થવું એ ભાવનો તારો સ્વભાવ છે. આહાહા..! 'મણિભાઈ'! આવી વાતું છે. આહા..! 'પ્રભુનો મારગ છે શુરાનો, કાયરના નહિ કામ.' આહાહા..! આવે છે ને તમારે? 'હરિનો મારગ છે શુરાનો, કાયરના નહિ કામ જોને, પ્રથમ પહેલા મસ્તક મુકી પછી લેવું હરિનું નામ જોને.' હરિ એટલે આ ભગવાનઆત્મા, હોં! વિકારને હરે ને અજ્ઞાનને હરે એવો ભગવાન હરિ. વિકાર કરે એ હરિ–આત્મા નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? વિકારને હરે એ પણ એક નિમિત્તનું કથન છે. બાકી વિકારનું જ્ઞાન કરે એ પણ વ્યવહારનું કથન છે. પોતામાં વિકારરહિતમાં જ્ઞાનની, શ્રદ્ધાની, આનંદની પરિણતિમાં તેનું જ્ઞાન આવી જાય છે. નિજ સ્વપરપ્રકાશક જ્ઞાનને કારણે તેનું જ્ઞાન આવી જાય છે. તેનું જ્ઞાન એમ કહેવું એ વ્યવહાર છે. આહાહા..! સમજાય છે કાંઈ?

આવો ધર્મ હવે, કઈ જાતનો? સાધારણ માણસને, નવા હોય એને તો પકડાય નહિ. શું કહે છે પણ આ? શું સાંભળી આવ્યા? ઘરેથી (એમ પૂછે). મહારાજ કંઈક કહેતા હતા, આમ છે ને તેમ છે ને તેમ છે.. કંઈ સમજાતું નહોતું. અરે..! ભગવાન! ન સમજાય એવી ચીજ છે? સમજવાળાને સમજાવે છે ને? કે રાગવાળાને સમજાવે છે? રાગને સમજાવે છે? શરીરને સમજાવે છે? આહાહા..!

અહીં તો ક્ષયોપશમજ્ઞાનની પર્યાય થઈ છે તેને કહે છે, પ્રભુ! તારા ક્ષયોપશમ જ્ઞાનમાં નિર્મળ પરિણતિ થાય છે એ તારા ગુણને કારણે છે. આહાહા..! જ્ઞાનની શુદ્ધિની વૃદ્ધિ થાય એ જ્ઞાનાવરણીય કર્મ ખસે છે તો શુદ્ધિની વૃદ્ધિ થાય છે, એમ નથી. આહાહા..! એ શુદ્ધિની વૃદ્ધિ થાય એ તારા ભાવભાવ નામના ગુણને કારણે છે. અને ભાવ નામના ગુણને કારણે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વર્તમાન રાગથી રહિત થવું એ તારા ગુણનું કાર્ય છે. સમજાય છે કાંઈ? લ્યો, એટલું થયું. આઠ મિનિટ બાકી છે.

**कारकानुगतभवत्तारूपभावमयी क्रियाशक्ति : ४०।**

**કારકો અનુસાર થવાપણારૂપ (-પરિણમવાપણારૂપ) જે ભાવ તે-મયી ક્રિયાશક્તિ. ૪૦.**

'**કારકો અનુસાર થવાપણારૂપ (-પરિણમવાપણારૂપ) જે ભાવ તે-મયી ક્રિયાશક્તિ.**' હવે જુઓ! પહેલા કારક અનુસાર રહિત થવાની (શક્તિ) હતી. હવે કારકો અનુસાર, નિર્મળ કારક અનુસાર (કહ્યું). સમજાય છે કાંઈ? પહેલા (એમ કહ્યું હતું), પર્યાયમાં વિકૃત કારકથી રહિત થવું (એમ હતું). અહીંયા નિર્મળ કારકસહિત થવું (એમ કહ્યું). આહાહા..! નિર્મળ પર્યાયના ષટ્કારક... અંદર નિર્મળ ષટ્કારક પડ્યા છે. એને અનુસાર નિર્મળ પરિણતિ થવી એ એનો ગુણ છે. પેલામાં રહિત થવું એટલો ગુણ કહ્યો હતો. હવે અહીં સહિતપણે થવું એ ગુણ છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :-

ઉત્તર :- ઇ તમારું કામ નહિ. કાંઈક કાંઈક બોલ્યા જ કરે, એનું ઠેકાણું નથી. કાંઈક નવું કર્યા જ કરે. ... છે ઇ. સમજાય છે કાંઈ? પથરણું પાથરીને ન્યાં બેસે ઇ. પાથર્યું હોય કો'ક માટે. એ ભાઈ કહેતા હતા, એના ઉપર બેસે. ઠેકાણા વિનાનું છે બધું ખાતું. આહાહા..! અહીં તો ઠેકાણાવાળી વાત કરે છે. આહાહા..!

'**કારકો અનુસાર..**' પહેલામાં પણ કારકો અનુસાર હતું, પણ એ વિકૃત અવસ્થાની ક્રિયા હતી. આ કારકો અનુસાર અવિકૃત જે કારક અંદર છે (તેની વાત છે). આહાહા..! કર્તા, કાર્ય, જેનું કાર્ય થાય, કર્તા થાય, કરણ થાય-સાધન થાય, સંપ્રદાન-રાખીને પોતામાં રહે, પોતાથી થાય, અને પોતાના આધારે થાય. સમજાય છે કાંઈ? આહાહા..! એ '**કારકો અનુસાર થવાપણારૂપ...**' આહાહા..! ભાવમયી.. છે? ભાવમયી ક્રિયાશક્તિ. આ ક્રિયાશક્તિ. છે? '**કારકો અનુસાર થવાપણારૂપ (-પરિણમવાપણારૂપ) જે ભાવ તે-મયી ક્રિયાશક્તિ.**' જુઓ! ક્રિયાશક્તિનો અર્થ આ. ક્રિયાશક્તિ અંદર છે એ ક્રિયાશક્તિ એને કહીએ, કે જે ષટ્કારક નિર્મળ છે તે અનુસાર પરિણતિ કરે તેને ક્રિયાશક્તિ કહે છે. આહાહા..! રાગની ક્રિયાની અહીંયા વાત નથી. આહા..! સમજાય છે કાંઈ? આહાહા..!

'**કારકો અનુસાર..**' નિર્મળ કારક, હોં! તેનાથી '**(-પરિણમવાપણારૂપ) જે ભાવ તે-મયી..**' એવી અવસ્થારૂપ ક્રિયાશક્તિ. તેની અવસ્થા પણ એવી થાય છે. ષટ્કારક જે નિર્મળ પડ્યા છે તેને અનુસાર નિર્મળ પરિણતિ થાય છે તેને અહીંયા ક્રિયાશક્તિ કહે છે. આહાહા..!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



રાગની ક્રિયાની અહીંયા વાત નથી. આહાહા..! પોતામાં એક ભાવમયી ક્રિયાશક્તિ એવી છે કે જે ભગવાનઆત્મામાં નિર્મળ ષટ્કારક પડ્યા છે તેને અનુસાર નિર્મળ પરિણતિ થાય તેનું નામ ક્રિયાશક્તિ કહેવામાં આવે છે. આહાહા..! પેલી રાગની ક્રિયા અને જ્ઞાનક્રિયા બે થઈને મોક્ષમાર્ગ, એમ નહિ. સમજાય છે કાંઈ?

એ તો પ્રશ્ન અમારે ત્યાં સંપ્રદાયમાં ઉઠ્યો હતો. 'રતનચંદજી' શતાવધાની હતા તેના ગુરુ હતા. 'ચોટીલા'માં મળ્યા. (સંવત) ૧૯૯૦ની સાલ. ૧૯૯૧ પહેલા. ૯૦ સમજ્યા ને? મળ્યા, તો અમે તો સાધુ સાથે નહોતા ઉતરતા. અમે તો પહેલેથી કોઈને સાધુ માનતા નહોતા. સંપ્રદાયમાં પણ. ઉતર્યા તો બહુ રાજી થયા, ખુશ થયા. પછી પ્રશ્ન ચાલ્યો કે શાસ્ત્રમાં જ્ઞાનક્રિયાભ્યામ મોક્ષ કહ્યું છે ને? 'રતનચંદજી'ના ગુરુ હતા. શ્વેતાંબર સ્થાનકવાસી લીંબડી સંપ્રદાય. બહુ જૂના. પંચાવન વર્ષની તો તે દિ' દીક્ષા હતી, તે દિ', હોં! પછી તો બોંતેર વર્ષ રહ્યા. કીધું, જ્ઞાનક્રિયાભ્યામ કહ્યું છે એ ક્યું જ્ઞાન? જ્ઞાન પોતાનું વેદન, અને રાગરહિત ક્રિયા એ ક્રિયા. એ જ્ઞાનક્રિયાભ્યામ મોક્ષ છે. પોતાનું જ્ઞાન અને રાગની ક્રિયા, બેથી મોક્ષ છે એવી વાત જ નથી. તો કહ્યું, વાત તો સાચી લાગે છે. વાત તો સાચી છે. અત્યારે તો વિપરીત ચાલે છે. ૫૫ વર્ષની દીક્ષા હતી. તે દિ' તો 'ગુલાબચંદજી' પોણોસો વર્ષના હશે. (સંવત) ૧૯૮૨ની સાલ. 'વઢવાણ' ચોમાસામાં આવવું હતું ત્યારે. માર્ગ તો આ છે, કીધું.

આ ભાવમયી નામ શુદ્ધ પરિણતિમયી શક્તિ એ મોક્ષનું કારણ છે. સમજાય છે કાંઈ? એ પરિણતિને અહીંયા ક્રિયાશક્તિ કહે છે. વિશેષ આવશે, લ્યો!

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૩૫ શક્તિ–૪૦, ૪૧ બુધવાર, ભાદરવા સુદ ૧, તા. ૧૪-૦૯-૧૯૭૭

---

'સમયસાર' શક્તિનો અધિકાર. શક્તિનો અર્થ આત્માનો ગુણ એવો છે. એક એક ગુણ એવો છે કે પ્રત્યેક ગુણ દ્રવ્યના આશ્રયે રહ્યા છે. એ ગુણનું સ્વરૂપ શું? એનું વર્ણન છે. પછી દૃષ્ટિ કરવી. ગુણ અને ગુણીના ભેદની દૃષ્ટિ નહિ. દૃષ્ટિ તો દ્રવ્ય સ્વભાવ ઉપર પડવાથી (ગુણનું પરિણમન થાય છે). ગુણનું પરિણમન સીધું સ્વતંત્ર નથી થતું. શું કહ્યું? 'ચિદ્વિલાસ'માં એ આવી ગયું છે. પહેલા વાત કરી હતી. આ શક્તિ છે તે ગુણ છે. એ ગુણનું એક એકનું પરિણમન છે એમ નથી. દ્રવ્ય પરિણમતા ગુણનું પરિણમન થઈ જાય છે. ન્યાય સમજાય છે? આ કાંઈ સમજાય એવું નથી, 'બાબુભાઈ'! માથા ફોડ્યા બહારમાં.

કેમ કે શક્તિનું એકરૂપ જે દ્રવ્ય છે એ દ્રવ્યના પરિણમનથી ગુણનું પરિણમન સાથે થાય છે. એ વાત પહેલા 'ચિદ્વિલાસ'માં કહી ગયા છે. 'ચિદ્વિલાસ'માં પહેલા આ વાત કહી ગયા છે. સમજાય છે કાંઈ? એમાં રહસ્ય છે. ગુણ ઉપર દૃષ્ટિ દેવાથી ગુણનું પરિણમન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


નહિ થાય. સમજાય છે કાંઈ? પણ ગુણનો આશ્રય જે દ્રવ્ય છે... આહાહા..! તેના આશ્રયથી દ્રવ્યનું પરિણમન થાય છે એમાં ગુણનું પરિણમન આવી જાય છે. ન્યાય સમજાય છે? 'ચિદ્‌વિલાસ' માં એમ છે. એક ફેરી કહ્યું હતું ને? ક્યાંક છે ખરું. 'ચિદ્‌વિલાસ' કેટલામું પાનું છે ખબર છે? પાના કંઈ યાદ રહે છે? ગુણનું પરિણમન સીધું નથી થતું, એમ કહ્યું છે. એનું કારણ છે કે વસ્તુ આખી જે છે એ પરિણમે છે ત્યારે ગુણનું પરિણમન સાથે થાય છે. પણ ગુણનું પરિણમન સ્વતંત્ર છે, દ્રવ્ય ન પરિણમે અને ગુણ પરિણમે એમ નથી. સમજાય છે કાંઈ? ન્યાય સમજાય છે? 'જિનેશ્વરદાસજી'! અને એનો આશય પણ એ છે કે ગુણના ભેદની દૃષ્ટિ કરવાની નથી. કેમ કે ગુણનું પરિણમન ગુણના લક્ષે નથી થતું. ભલે 'પ્રવચનસાર' માં એક ઠેકાણે આવ્યું છે, અસાધારણ જ્ઞાનના કારણથી. પણ જ્ઞાન શબ્દે આખો આત્મા. સમજાય છે કાંઈ? આહાહા..! આ તો શાંતિની વાત છે. ભગવાન! અંદરની વાતું છે.

શક્તિના વર્ણનમાં શક્તિ એ ગુણ છે, તો ગુણનું સીધું પરિણમન એમ નથી આવતું. દ્રવ્ય પરિણમતા અનંતગુણ સાથે છે તો અનંતગુણનું પરિણમન સાથે છે. આવી ઝીણી વાતું છે. આહાહા..! સમજાય છે કાંઈ? શક્તિના વર્ણનમાં આપણે તો અહીંયા ૩૯-૪૦ ફરીથી લેવી છે. થોડી ફરીથી (લેવી છે). આ બાજુના પાને ક્યાંક છે ખરું. તે દિ' બતાવ્યું હતું ને? 'હીરાભાઈ'! ભાવ યાદ હોય. સમજાય છે કાંઈ? આહા..!

અહીંયા આપણે ૩૯મી (શક્તિ) ફરીને લેવી છે. કેમ? કારણ છે. '**(કર્તા, કર્મ આદિ) કારકો અનુસાર જે ક્રિયા...**' અહીંયા મલિન પર્યાયની વાત છે. પર્યાયમાં મલિનતા થાય છે એને અહીંયા ક્રિયા કહે છે. સમજાય છે કાંઈ? '**કારકો અનુસાર જે ક્રિયા...**' એમ કરીન એમ સિદ્ધ કર્યું કે પર્યાયમાં ષટ્‌કારક અનુસાર જે મલિન ક્રિયા થાય છે, પર્યાયમાં, હોં! મળ્યું? પરિણમનશક્તિમાં આવ્યું છે, લ્યો! અહીંયા છે, જુઓ!

'**દ્રવ્યની પરિણતિ, ગુણની પરિણતિ-એમ તો કહીએ છીએ, પરંતુ આ પરિણમનશક્તિ દ્રવ્યમાંથી ઉઠે છે, ગુણમાંથી નહિ.**' 'ચિદ્‌વિલાસ' પાનું ૩૧. આધાર આપે ને? અમારે 'રામજીભાઈ' કોર્ટમાં કાયદાનો આધાર આપે. આ શાસ્ત્રનો આધાર છે. '**આ પરિણમનશક્તિ દ્રવ્યમાંથી ઉઠે છે,...**' આવું કામ તો ગૃહસ્થ સમકિતી કરે છે. આ પરિણમનશક્તિ દ્રવ્યમાં છે એમ બતાવવું છે. '**પરિણમનશક્તિ દ્રવ્યમાં છે**' આ મથાળુ છે. પરિણમનશક્તિ દ્રવ્યમાં છે તો પરિણમનશક્તિ સ્વતંત્ર પરિણમે છે એમ નહિ. આહાહા..! એવી તો અનંતશક્તિ છે. દ્રવ્ય પરિણમે છે તો ગુણ પરિણમે છે. આહાહા..! એનો અર્થ પણ એ છે કે દ્રવ્ય ઉપર દૃષ્ટિ દેવાથી આખું દ્રવ્ય શુદ્ધપણે પરિણમે છે. આહા.! આ વસ્તુ છે. આહાહા..!

'**એની સાક્ષી સૂત્રજીમાં (તત્ત્વાર્થ સૂત્રમાંઃ દીધી છે કે-**' '**દ્રવ્યાશ્રયા નિર્ગુણા ગુણાઃ**' '**દ્રવ્યાશ્રયા નિર્ગુણા ગુણાઃ**)' ગુણને આશ્રયે ગુણ નહિ, પણ દ્રવ્યને આશ્રયે ગુણ છે. સમજાય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે કાંઈ? 'મીઠાભાઈ'! થોડી આવી વાતું છે. આહાહા..! ગજબ વાત છે. કેટલું સિદ્ધ કર્યું છે. આ શક્તિઓનું વર્ણન કરીએ છીએ પણ એ શક્તિ–ગુણ છે એ ગુણ સ્વયં ઉઠે છે–પરિણમે છે એમ નહિ. આહાહા..! દ્રવ્યના પરિણમનમાં એ ગુણની પરિણતિ ઉઠે છે. સમજાય છે કાંઈ? એમ કહીને ગુણ અને ગુણીના ભેદની પણ દૃષ્ટિ છોડી દે એમ કહે છે. આહાહા..!

જેમાં અનંતશક્તિનો ભંડાર ભગવાન પરમાત્મા અનંતઆનંદ સાગર ઉછળે છે, અનંતજ્ઞાન, અનંતસ્વચ્છતા, અનંતપ્રભુતા, અનંતીઈશ્વરતા, એકએક શક્તિમાં અનંતઈશ્વરતા છે. એવી અનંત ઈશ્વરતા સ્વયં પરિણમતી નથી. એ અનંત ઈશ્વરતાનો ધરનારું દ્રવ્ય, અનંત ઈશ્વરનો આશ્રય દ્રવ્ય છે, એ દ્રવ્યના પરિણમનથી બધા ગુણોનું પરિણમન થાય છે, દશા થાય છે. આહાહા..!

એમ કહીને એમ પણ સિદ્ધ કર્યું કે તારે ગુણ ઉપર દૃષ્ટિ નથી કરવાની. ગુણનું જ્ઞાન કરવું. આહાહા..! જ્યાં બધા ગુણનો લઠ્ઠો પડ્યો છે. આહાહા..! અનંતશક્તિનો ગાંઠડો દ્રવ્ય પડ્યું છે. એના ઉપર દૃષ્ટિ દે. તને સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર આદિ થશે. આહાહા..! સમજાય છે કાંઈ?

પરિણમનશક્તિ દ્રવ્યમાં છે એ વાત જુદી અને પાછળ પરિણમનશક્તિનું વર્ણન છે એ જુદું. શક્તિ તો આ. બે વાર વર્ણન છે. અહીં પરિણમનશક્તિ દ્રવ્યમાં છે, એમ કહીને વિસ્તાર કર્યો. અને પાછળ આવે છે ને? પરિણમનશક્તિનું વર્ણન. પરિણમનશક્તિમાં આવશે. પ્રભુત્વશક્તિ, વીર્યશક્તિ. **'વસ્તુ વિષે પરિણામશક્તિનું વર્ણન...'** એ બીજી વાત. પહેલા એમ લીધું કે, પરિણમનશક્તિ દ્રવ્યમાં છે, ભાઈ! આહાહા..! દ્રવ્યમાં છે માટે દ્રવ્યના પરિણમનથી શક્તિનું પરિણમન થાય છે. અને પાછળ (કહ્યું), **'વસ્તુ વિષે પરિણામશક્તિનું વર્ણન...'** પછી તો આ વસ્તુની શક્તિ છે તેનું વર્ણન છે. 'ચિદ્‌વિલાસ' છે ને?

અહીંયા તો આજે બે વાત કહેવી છે કે જે ૩૯ શક્તિ છે એમાં ક્રિયા શબ્દ વાપર્યો છે. પર્યાયમાં. પર્યાયમાં.. દ્રવ્ય-ગુણમાં તો ષટ્‌કારક છે પણ પર્યાયમાં (ષટ્‌કારક છે). 'પંચાસ્તિકાય'ની ૬૨મી ગાથામાં કહ્યું, ભાઈ! ત્યાં 'ઇસરી'માં ચર્ચા ચાલી હતી કે પર્યાયમાં પર્યાયના ષટ્‌કારકના પરિણમનથી વિકાર થાય છે. પરની અપેક્ષા નહિ, દ્રવ્ય-ગુણની નહિ. અરે..! આવું ઝીણું, પ્રભુ! શું થાય?

એક સમયની પર્યાયમાં પર્યાય રાગનો કર્તા, પર્યાય કાર્ય, પર્યાય કરણ–સાધન, પર્યાય અપાદાન, પર્યાય સંપ્રદાન, પર્યાય અધિકરણ. એક જ પર્યાયમાં વિકૃત અવસ્થાના ષટ્‌કારક છે. અહીંયા એ સિદ્ધ કરવું છે કે પર્યાયમાં ષટ્‌કારકની વિકૃત અવસ્થા છે પણ વસ્તુનો ગુણ એવો છે કે એનાથી રહિત પરિણમન થવું એ એનો સ્વભાવ છે. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! શું કહ્યું સમજાણું?

**'કારકો અનુસાર જે ક્રિયા..'** પર્યાય. પર્યાયમાં પર્યાયના ષટ્‌કારકરૂપે કર્તા, કર્મ આદિ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પર્યાયમાં, હોં! કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન પર્યાયમાં ષટ્કારકની ક્રિયા. આહાહા..! એનાથી રહિત. આહાહા..! એ મલિન પર્યાય છે પણ એનાથી રહિત. એને તો જ્ઞેય બનાવી દીધી છે. આહાહા..! જેમ પરદ્રવ્ય જ્ઞેય છે એમ ષટ્કારક પર્યાયમાં વિકૃત અવસ્થા છે તેનાથી રહિત ભવનમાત્ર ભાવશક્તિ છે. આહાહા..! બહુ ઝીણું, બાપુ! 'પ્રભુનો મારગ છે શૂરાનો'. આહાહા..! સમજાય છે કાંઈ?

અહીં તો ક્રિયા અને ભાવ એવા શબ્દો કેમ કહ્યા? પહેલા પર્યાયમાં ષટ્કારકના પરિણમનને ક્રિયા કહ્યું. મલિન પર્યાયમાં ષટ્કારકરૂપી પરિણમનને ક્રિયા કહ્યું. ભાવશક્તિનું કાર્ય શું છે? ભાવ નામનો એમાં ગુણ છે. એ ભાવ નામનો ગુણ એવો હતો કે જે વિદ્યમાન નિર્મળ પર્યાય હોય એ ભાવશક્તિ. આ બીજી ભાવશક્તિ છે. આ ભાવશક્તિનો ગુણ એવો છે કે પર્યાયમાં ષટ્કારક વિકૃત અવસ્થા થાય તેનાથી રહિત થવું. સમજાય છે કાંઈ? આહાહા..! આ તો ઝીણી વાતું છે, ભાઈ! આ બહુ વિરોધ આવ્યો એટલે વધારે ખુલાસો (આવે છે).

અહીં તો પર્યાયમાં ષટ્કારકરૂપી રાગનું વ્યવહાર રત્નત્રયનું પરિણમન હો, લ્યો! વ્યવહાર રત્નત્રયનું. સમજાણું કાંઈ? પર્યાયમાં છે ને રાગ? તો ષટ્કારકરૂપે સ્વતંત્ર પરિણમે છે. કર્મની અપેક્ષા નથી, દ્રવ્ય-ગુણનું કારણ નથી. દ્રવ્ય-ગુણ તો પવિત્ર છે. અપવિત્રતા થાય એવી કોઈ શક્તિ નથી. તેમ અપવિત્રતામાં પર કારણ છે માટે અપવિત્રતા થાય છે એમ નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

એને અહીંયા કહ્યું કે, ષટ્કારક અનુસાર ક્રિયા. પર્યાયની, હોં! **'તેનાથી રહિત...'** મલિન પર્યાયને અહીંયા ક્રિયા કહી. **'તેનાથી રહિત ભવનમાત્ર...'** આહાહા..! વ્યવહાર રત્નત્રય રાગનું પરિણમન પર્યાયમાં ષટ્કારકરૂપે થાય પણ ભાવશક્તિને કારણે તેનાથી રહિત તેનું પરિણમન છે. આહાહા..! સમજાય છે કાંઈ? (તેનાથી રહિત પરિણમવું) એ એનો ગુણ છે, ગુણ એ છે. આહાહા..! કોઈ ગુણ એવો નથી કે વિકૃતરૂપે પરિણમે એવો કોઈ ગુણ નથી. ત્યારે (કોઈ કહે), વિકૃત તો થાય છે. વિકાર છે, નથી એમ નથી. આહાહા..! તો કહે છે કે એ વિકૃત અવસ્થા ષટ્કારકરૂપે સ્વતંત્ર પર્યાયમાં થવા છતાં ભાવ નામની શક્તિ એટલે ગુણને કારણે એ મલિન પર્યાયથી રહિત પરિણમન છે એ એનું છે. આહાહા..! એ શક્તિ છે. આહા..!

મુમુક્ષુ :- વિકાર કરવાની શક્તિ નથી?

ઉત્તર :- શક્તિ નથી. છતાં પર્યાયમાં થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? બાપુ! વીતરાગ માર્ગ ઘણો ગંભીર. એક એક શક્તિમાં પણ એનું વર્ણન એટલું.

પર્યાયમાં વિકૃત અવસ્થા ષટ્કારક સિદ્ધ કરવી છે પણ પર્યાયદૃષ્ટિવાળાને તેનું સહિતપણું છે. પણ દ્રવ્યદૃષ્ટિવાળાને દ્રવ્યમાં ભાવ નામનો એક ગુણ છે તે કારણે વ્યવહાર રત્નત્રયની વિકૃત અવસ્થા ષટ્કારકની છે તેનાથી રહિત ભાવગુણના સ્વભાવને કારણે (તેનાથી) રહિત પરિણમન થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? હવે બીજી વાત. ૩૯ તો થઈ ગઈ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પછી ૪૦ ચાલી હતી.

**'કારકો અનુસાર...'** હવે આ કારક નિર્મળ લેવા. પેલા પર્યાયના કારક હતા, હવે આ દ્રવ્યના ગુણના કારક છે, ભાઈ! શું કહે છે? સમજો. પહેલા પર્યાયમાં વિકૃત ષટ્કારકનું પરિણમન હતું. હવે આ છે એ ગુણના ષટ્કારક, જે પવિત્ર છે. આહાહા..! પછી એક એકને ભિન્ન પાડશે. પહેલા એકસાથે કર્તા, કર્મ, કરણ, અપાદાન આદિ જે શક્તિઓ છે તે શક્તિને ધરનારો ભગવાન, તેના આશ્રયે જે પરિણમન થાય છે.. જુઓ! આહાહા..!

**'કારકો અનુસાર...'** પેલામાં પણ કારકો અનુસાર ક્રિયા હતી. એ પર્યાયની વાત હતી અને આ કારકો અનુસાર કારકો ત્રિકાળી શુદ્ધ છે તેને અનુસાર. પર્યાયના કારકો પર્યાયમાં રહી ગયા. આહાહા..! સમજાય છે કાંઈ? એ કહ્યું. પરની સાથે તારે શું સંબંધ છે? પર છે એ તો એને કારણે છે. વિકૃત અવસ્થા તારી પર્યાયમાં તારી પર્યાયને કારણે ષટ્કારકનું વિકૃત પરિણમન હો, પણ એના ભાવ નામના ગુણને કારણે ગુણ એવો છે અને અનંતગુણ એવા છે કે કોઈ ગુણ વિકૃતરૂપે પરિણમે એવો ગુણ જ નથી. આહાહા..! ગજબ વાત કરે છે. ભાવ નામનો ગુણ છે, તો તે કારણે મલિન પર્યાયમાં જે ષટ્કારકની ક્રિયા થઈ તેનાથી રહિત પરિણમન થવું એ ભાવ નામનો ગુણ છે. આમાં ક્યાંય વાણિયાને નવરાશ ન મળે અને આ ધર્મ આવો ઝીણો. બાપુ! મારગડા જુદા, ભાઈ! સમ્યગ્દર્શનની શુદ્ધિ, દર્શનવિશુદ્ધિ, દર્શનશુદ્ધિની વાત અલૌકિક છે. સમજાય છે કાંઈ?

અહીંયા કહે છે કે પહેલા જે કારક અનુસાર કહ્યું એ પર્યાયના, એક સમયના કારક અનુસાર. હવે જે કહ્યા એ ત્રિકાળી પવિત્ર કારક અનુસાર. કારકનો આશ્રય છે દ્રવ્ય પણ કારક અનુસારમાં દ્રવ્યનો આશ્રય થયો. સમજાય છે કાંઈ? આહાહા..! હવે અહીં લોકો રાડેરાડ પાડે. એ.. વ્યવહાર મોક્ષનો માર્ગ, શુભભાવ મોક્ષનો માર્ગ. અરે..! પ્રભુ! સાંભળ તો ખરો, પ્રભુ! આહાહા..! દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા શુભભાવ એ મોક્ષનો માર્ગ છે અથવા શુભભાવ શુદ્ધતાનું કારણ છે, એમ કહે છે. અહીં તો ના પાડે છે. એ અશુદ્ધતા છે એનાથી અભાવરૂપ થવું તેનું નામ ભાવશક્તિ ગુણ કહેવામાં આવે છે. આહાહા..! કહો, 'શાંતિભાઈ'! સમજાય છે કાંઈ આમાં? પેલા પૈસામાં ઝટ સમજાય, આ ભારે કઠણ. આહાહા..!

ભારે વાત! 'અમૃતચંદ્રાચાર્યે' ઘણો ખજાનો ખોલી નાખ્યો છે. ઓહોહો..! એ તો મગજમાં આવ્યું છે અંદરમાં આવે છે. આ બે કારકોમાંથી બહુ વિચાર આવ્યા હતા. એક કારક અનુસાર અને આ પણ કારક અનુસાર, બે શું છે? એક સમયની પર્યાયમાં કારકો અનુસાર, પર્યાયના કારકો, હોં! આહાહા..! તેનાથી રહિતપણું ભાવ નામનો ગુણ છે તો તેનાથી રહિતપણું થવું, વિકારથી રહિતપણું થવું એ ભાવ નામનો ગુણ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

૪૦ માં એ કહ્યું કે, **'કારકો અનુસાર થવાપણારૂપ...'** એ નિર્મળ ત્રિકાળી દ્રવ્ય, ગુણમાં જે કારક છે એ. શક્તિ. પહેલામાં પર્યાયના ષટ્કારક લીધા હતા, એકલા સ્વતંત્ર, હોં! હવે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અહીંયા ત્રિકાળી દ્રવ્યમાં જે ષટ્કારક છે એ કારક અનુસાર. આહાહા..! કારક અનુસાર પેલામાં પણ હતું, કારકો અનુસાર. પણ એ કારક અનુસાર પર્યાયની ક્રિયાના. આ કારક અનુસાર દ્રવ્યના કારક અનુસાર. સમજાય છે કાંઈ? 'ચંદુભાઈ'! આ બધી ગડબડી બહુ ઉઠે છે એટલે (વધારે સ્પષ્ટીકરણ આવે છે). ભગવાન! માર્ગ આવો છે, ભાઈ!

સર્વજ્ઞની આજ્ઞા આ છે. જિનેન્દ્રદેવ ત્રિલોકનાથ, જિનેન્દ્રદેવનું આ ફરમાન છે. પ્રભુ! તારી પર્યાયમાં દ્રવ્ય, ગુણના આશ્રય વિના અને પરના આશ્રય વિના (વિકાર થાય છે). આહાહા..! એના પણ વાંધા. કર્મને લઈને વિકાર થાય છે. એનો અહીંયા નિષેધ કરે છે અને શુભભાવથી ધર્મ થાય છે એનો પણ અહીંયા તો નિષેધ છે. સમજાય છે કાંઈ? કર્મને લઈને વિકાર, એ નહિ. અહીં તો પર્યાયમાં પર્યાયના ષટ્કારકનું પરિણમન છે તેથી મલિન પર્યાય ઉત્પન્ન થાય છે. આહાહા..! કર્મથી નહિ અને દ્રવ્ય-ગુણથી નહિ. આહાહા..! આવું સ્વરૂપ, ભગવાન! આહા..!

આ ભાવ નામનો ગુણ એવો છે કે મલિન પરિણામથી રહિત થવું એવો ગુણ છે. મલિન પરિણામથી સહિત થવું એવો કોઈ ગુણ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? અહીંયા કહે છે કે જે દ્રવ્ય ઉપર દૃષ્ટિ આપે છે.. આહાહા..! તેને મલિન પરિણામથી રહિત પરિણમન થાય છે.

મુમુક્ષુ :- એનું નામ ભેદજ્ઞાન.

ઉત્તર :- એનું નામ ભાવશક્તિનું કાર્ય. ભાવ નામનો ગુણ છે એનું આ કાર્ય છે. આહાહા..! સમજાય છે કાંઈ?

ભગવાનઆત્મામાં ભાવ નામનો ગુણ-શક્તિ-સત્ત્વ-છે. તેનું પર્યાયમાં કાર્ય શું? કે પર્યાયના ષટ્કારક મલિન પરિણામ છે તેનાથી રહિત પરિણમવું તે ભાવગુણનું કાર્ય છે. આહાહા..! 'બાબુભાઈ'! ઝીણું બહુ આમાં કોઈ દિ' બાપ-દાદાએ સાંભળ્યું ન હોય ન્યાં. એ તો અમારે શેઠ કહે છે ને? જેવું અમે સાંભળ્યું હતું એવું માન્યું હતું. કેમ શેઠ? શેઠને જ્યારે એમ કહીએ કે અત્યાર સુધી તમે સાચો નિર્ણય જ ન કર્યો. તો કહે, જેવું સાંભળ્યું હતું એવું માન્યું હતું. કેમ શેઠ? આહાહા..!

મુમુક્ષુ :- પંડિતે કીધું એટલે માન્યું'તું.

ઉત્તર :- પણ પંડિત કહેવા કોને? આહાહા..! પંડ્યા પંડ્યા ફોતરા ખાંડ્યા. ફોતરા સમજ્યા? તુષ. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં આવે છે. આહાહા..! તું ષટ્કારકની વિકૃત અવસ્થા-પરિણમનથી ધર્મ માની લે એ તેં ફોતરા ખાંડ્યા છે. આહાહા..! સમજાય છે કાંઈ? એ કહ્યું ને? 'વિદ્વતજન ભૂતાર્થ તજી વ્યવહારમાં વર્તન કરે, પણ નિશ્ચનયાશ્રિત નિર્વાણને પામે છે.' આહા..! વિદ્વાનો નામ ધરાવીને એ ષટ્કારકનું પરિણમન વિકૃત અવસ્થા છે એ વ્યવહારમાં વર્તન કરે છે પણ નિશ્ચય જે દ્રવ્ય, ગુણ, પર્યાય છે તેનો તો આશ્રય કરતા નથી, વર્તન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કરતા નથી. આહાહા..! ચારે કોર જુઓ તો એક સત્ય સિદ્ધાંત ઉભો થાય છે. સમજાય છે કાંઈ?

હમણા કોઈ પૂછતું હતું કે આ 'આત્મસિદ્ધ'માં કેવળજ્ઞાની, ગુરુનો વિનય કરે એ લખ્યું છે ને? કીધું, એ વખતે શ્વેતાંબરની શૈલી રહી ગઈ હતી. કેવળી છદ્મસ્થનો વિનય કરે એ ત્રણકાળમાં નહિ. કેવળીને ક્યાં વિકલ્પ છે તે વિનય કરે? 'આત્મસિદ્ધિ'માં આવે છે. એ ભૂલ છે. એ વખતે શ્વેતાંબરની ઝલક રહી ગઈ હતી તો એમ કહ્યું. કેમ કે દશવૈકાલિકના નવમા અધ્યયનમાં એમ છે. '...' અનંતજ્ઞાન પામ્યો હોય તોપણ શિષ્ય ગુરુનો વિનય ન છોડે. એમ શ્વેતાંબરના દશવૈકાલિકમાં છે. એ બધું તો કંઠસ્થ છે ને! એવી વાત નથી, એ ખોટી વાત છે. સમજાય છે કાંઈ? ત્રણલોકનો નાથ કેવળજ્ઞાની પરમાત્મા, એનાથી મોટું કોણ છે કે વિનય કરે?

મુમુક્ષુ :– રાગ જ ક્યાં છે?

ઉત્તર :– પણ વિકલ્પ જ નથી. પોતાથી મોટા હોય તો એનો વિકલ્પ આવે. એ છઠ્ઠા ગુણસ્થાન સુધી વિકલ્પ આવે છે. સમજાય છે કાંઈ? એમાં પણ લોકો વાંધા ઉઠાવે છે, એ.. 'શ્રીમદ્'નું કહ્યું છે ને ખોટું? ભાઈ! 'શ્રીમદ્'નું શું, કોઈનું પણ કહેલું હોય, વસ્તુ જે છે ઇ છે. એનો અર્થ (સંવત) ૧૯૯૫ની સાલમાં અર્થ કર્યો હતો.

મુમુક્ષુ :– સમ્યક્ત્વમાં બાધા આવે છે.

ઉત્તર :– એ જરી જ્ઞાનની ભૂલ હતી. પણ પછી નીકળી ગઈ. સમજાય છે કાંઈ? અહીં તો ભાઈ માર્ગ તો સોળ આની કસોટી કરીને નક્કી કરવાનો છે. એમ ને એમ માનવું એ વસ્તુ નથી. આહાહા..! કેવળી વિનય કરે એ ત્રણકાળમાં હોય શકે નહિ. તેમ 'જાતિવેષનો ભેદ નહિ, કહ્યો માર્ગ જો હોય' એમ ત્યાં હતું. એનો અર્થ પણ ખોટો છે. જાતિવેષનો ભેદ છે. કહ્યો માર્ગ જો હોય તો જાતિવેષનો ભેદ.. એમ ગુલાંટ ખાયને અર્થ કર્યો હતો. (સંવત) ૧૯૯૫માં. 'જાતિવેષનો ભેદ નહિ કહ્યો માર્ગ જો હોય' ગમે તે જાતિવેષ હોય, ગમે તે જાતિવેષમાં મોક્ષમાર્ગ થાય, એમ એમાં છે. પણ અહીં એમ નથી. 'કહ્યો માર્ગ જો હોય તો જાતિવેષનો ભેદ નહિ' ૧૯૯૫ માં અર્થ કર્યો હતો. 'આત્મસિદ્ધિ'માં છે. આહા..! જે જાતિ બ્રાહ્મણ, ક્ષત્રિય આદિ એ જ હોય. અને વેષ નગ્નપણું એ જ વેષ હોય. આહાહા..! સમજાય છે કાંઈ? વાત તો એવી છે, ભાઈ! કોઈ મોટા વિદ્વાન ને પંડિતો થઈને સંપ્રદાય નવો કાઢ્યો માટે એમાં સત્ય છે, એમ નથી. સમજાય છે કાંઈ?

અહીંયા તો આપણે ૪૦ મી (શક્તિ) ચાલે છે. '**કારકો...**' પહેલા ૩૯ (શક્તિમાં) પર્યાયના કારક હતા અને આ કારક હવે દ્રવ્યના, ગુણના કારક છે. આહાહા..! સમજાય છે કાંઈ? ગજબ વાત કરી છે. એક એક શક્તિમાં કેટલું...! આહાહા..! અરે..! આવા શાસ્ત્રો માંડ લખાણ બહાર આવ્યા તો (કહે છે), કાઢી નાખો, એ જિનવાણી નથી. અરે..! પ્રભુ! શું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કરે છે? બાપુ! ભાઈ! અત્યારે કોઈ (કહેનાર) ન મળે. કેવળી નહિ, અવધિજ્ઞાની, મનઃપર્યયજ્ઞાની ન મળે અને આ અન્યાય કરે છે, ભાઈ! 'કરુણા ઊપજે જોઈ'. બાપુ! તને-તારું શું થશે? ભાઈ! બાપુ! તને દુઃખ થશે, પ્રભુ! નહિ સહન થાય એવા દુઃખ થશે, ભાઈ! તું સત્યનો અનાદર કરે છે. એટલે પર દુઃખી થાય એ કાંઈ પ્રશંસવા લાયક છે? આહાહા..!

અહીં ૪૦ માં કહે છે, આહાહા..! કાલે તો ૩૯ થઈને થોડું આ લઈ લેવું હતું. કાલે તો 'જ્ઞાનચંદજી' જાવાના હતા ને! એટલે કારક અનુસાર કારણ ન ચાલે એટલે પાંચ મિનિટમાં છોડી દીધું. નહિતર પાંચ મિનિટમાં એમાંથી ને એમાંથી બીજું ચાલે. છોડી દીધું એનો ખ્યાલ હતો. કારણ કે 'જ્ઞાનચંદજી' હતા, બીજા પણ પંડિત હતા ને! 'રતનચંદજી' હતા. બન્નેમાં કારક અનુસાર આવ્યું તો આ છે શું? પહેલા કારક અનુસારમાં પર્યાયમાં સ્વતંત્ર વિકાર અવસ્થા થાય છે પણ એનો ભાવ નામનો ગુણ છે એ ગુણને કારણે વિકૃતથી રહિત પરિણમન થવું એ ગુણનું કાર્ય છે. ધર્મીને વિકારથી રહિત પરિણમન થાય છે એ આત્માનું કાર્ય છે, એમ કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? 'મફાભાઈ' રોકાણા છે. આ રસ લ્યો, બાપુ! સંપ્રદાયમાં તો અત્યારે મોટો ગોટો છે. પંડિતને નામે.. બાપા! શું કહીએ? ભાઈ! આહાહા..!

પહેલા કારક અનુસાર હતું એ પર્યાયના હતા. આ કારક અનુસાર છે એ ગુણના છે. ભલે કારક અનુસાર કહ્યું પણ ખરેખર તો એ કારક જેના આશ્રયે પડ્યા છે તે દ્રવ્યનો આશ્રય લેવાથી કારક અનુસાર પવિત્ર (પરિણમન) થાય છે. સમજાય છે કાંઈ? સમ્યગ્દર્શન, જ્ઞાનની પર્યાયનું પરિણમન, જે ષટ્કારક શક્તિ પવિત્ર છે તેને દ્રવ્યનો આશ્રય છે તો એ દ્રવ્યની દૃષ્ટિથી એ ષટ્કારકનું પરિણમન નિર્મળ થાય છે. સમજાય છે કાંઈ? સીધું ગુણનું પરિણમન થતું નથી પણ દ્રવ્યના પરિણમનથી ગુણનું પરિણમન સાથે પવિત્ર થાય છે. આહાહા..!

આવી વાતું હવે. પેલું તો દયા પાળવી, વ્રત કરવા, અપવાસ કરવા, બે લાખનું, પાંચ લાખનું મંદિર સ્થાપી દેવું. લ્યો, આ 'બેંગલોર' નું બાર લાખનું મંદિર. શેઠનું કહ્યું હતું. 'જિનેશ્વરદાસજી' બપોરે કહ્યું હતું. 'બેંગલોર' નું બાર લાખનું (મંદિર). પ્રતિષ્ઠા કરી ને? એ વખતે કાચુ હતું. હવે તો કહે છે, એવું બનાવ્યું છે.. આમ લોકો જોવા આવે છે. બન્ને શ્વેતાંબરે (બનાવ્યું છે). એક સ્થાનકવાસી ને એક દેરાવાસી. બન્નેએ બાર લાખનું મંદિર બનાવ્યું. 'બેંગલોર', જોયું છે? બહુ સરસ કહે છે. તે દિ' તો પ્રતિષ્ઠા વખતે બહુ તૈયાર નહોતું. હવે તો નીચે ભોંયરું, ઉપર ભગવાન, માથે સમવસરણ. બાર લાખનું. પણ એ મંદિર બનાવવાનો ભાવ છે એ ભાવ શુભ છે. અને શુભના પરિણમનથી ધર્મીની દૃષ્ટિ રહિત છે. આ ગજબ વાત. સમજાય છે કાંઈ? એ શુભભાવનું પરિણમન પર્યાયમાં ષટ્કારકથી થાય છે. મંદિર, પૂજા, ભક્તિ આદિ, મોટી રથયાત્રા આદિ. શુભભાવ હોય તો. એકલા પાપ માટે, બહારના દેખાવ માટે, દુનિયા મને માન આપે ને દુનિયા મારી ગણતરી કરે, તો તો એ અશુભભાવ છે. આહાહા..! પણ શુભભાવ હોય તો અહીંયા પરમાત્મા એમ ફરમાવે છે,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એ શુભભાવની જે વિકૃત ક્રિયા છે, તેનાથી રહિત તારો ગુણ એવો છે કે એનાથી રહિત પરિણમન થવું એ તારો ગુણ છે. મલિનપણે પરિણમવું એવો તારો કોઈ ગુણ છે જ નહિ. આહાહા..! સમજાય છે કાંઈ?

આ ૪૦ માં એમ આવ્યું, કારક અનુસાર. પેલામાં પણ કારક અનુસાર હતું એ પર્યાયના કારક. આ કારક અનુસાર એ દ્રવ્યના કારક. સમજાય છે કાંઈ? આહા..! શક્તિનું વર્ણન કરીને 'અમૃતચંદ્રાચાર્યે'તો ગજબ કામ કર્યું છે, ગજબ કામ કર્યું છે. આહાહા..! આખો નિર્મળ માર્ગ કેમ થાય છે એની સિદ્ધિ કરી નાખી છે. મલિન પરિણામ હોય છતાં જ્ઞાનીની પરિણતિમાં મલિનતાથી રહિત પરિણતિ એ જ્ઞાનીની પરિણતિ છે. આહાહા..! ધર્મીજીવની પરિણતિ સમ્યગ્દષ્ટિ જીવની પરિણતિ એટલે પર્યાય, એ વિકૃત અવસ્થા હોય છે પણ એનું પરિણમન તો ભાવશક્તિને કારણે, ગુણને કારણે (તેનાથી રહિત જ હોય છે).

ભાવશક્તિ ગુણ છે તો એ દરેક ગુણમાં એ ભાવનું રૂપ છે, તો દરેક ગુણ પવિત્રપણે પરિણમે એવો એનો ગુણ છે. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! ઝીણું પડે, પ્રભુ! શું થાય? માર્ગ આવો છે. કદી પરિચય કર્યો નથી, સાંભળવા મળ્યું નથી, બહારમાં ને બહારમાં ગોથા ખાધા. આહાહા...! ચીજ બહાર નથી. એ પુણ્ય શુભભાવમાં વસ્તુ આવી નથી.

મુમુક્ષુ :- બહારની વસ્તુ આકર્ષક લાગે છે.

ઉત્તર :- ધૂળમાં પણ આકર્ષક નથી, માને છે અજ્ઞાની. આહાહા..! પર્યાયમાં વિકૃત થવું એ બહારને કારણે નહીં એમ પહેલા અહીંયા સિદ્ધ કરવું છે. સમજાય છે કાંઈ? બાહ્યને કારણે નહિ, ભગવાનને કારણે શુભભાવ થયો એમ નથી. આહાહા..! એ શુભભાવની પર્યાયમાં પરિણતિ થઈ છતાં દ્રવ્યની દૃષ્ટિવંત ગુણીને દરેક ગુણમાં એવી શક્તિ છે કે વિકારથી રહિત થવું એ તારી શક્તિનું કાર્ય છે. આહાહા..! સમજાય છે કાંઈ? પુનર્યુક્તિ નથી, હોં! વારંવાર આવે એમાં વધારે સ્પષ્ટ (થાય છે).

મુમુક્ષુ :- મીઠા મધુરા..

ઉત્તર :- મીઠા મધુરા, વાત એવી છે, ભાઈ!

ષટ્કારક અનુસાર આનંદની પર્યાય પ્રગટ થાય, શાંતિની પર્યાય પ્રગટ થાય, વીતરાગતાની પર્યાય પ્રગટ થાય, પ્રભુતાની રાગથી રહિત પ્રભુતાની પર્યાય પ્રગટ થાય.. આહાહા..! ચોથે ગુણસ્થાને, હોં! આહાહા..! સર્વગુણાંશ તે સમકિત, કહ્યું ને? એનો આ અર્થ છે કે કારક જે નિર્મળ દ્રવ્યમાં પડ્યા છે તો એ ગુણનો આશ્રય તો દ્રવ્ય છે. તો દ્રવ્યની દૃષ્ટિથી દ્રવ્યના પરિણમનમાં નિર્મળ પરિણામ જે કારક અનુસાર થાય છે તે.

**'કારકો અનુસાર...'** ક્રિયા. જુઓ! સમજાણું કાંઈ? આ કારકો અનુસાર પરિણમિત થવારૂપ ભાવમયી. પહેલામાં પર્યાયની વાતમાં ક્રિયા હતી. હવે અહીંયા લીધું, **'કારકો અનુસાર થવાપણારૂપ (પરિણમવાપણારૂપ) જે ભાવ તે-મયી ક્રિયાશક્તિ.'** ભાવમયી ક્રિયાશક્તિ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આહાહા..! સમજાય છે કાંઈ? કારકો અનુસાર પરિણમવાપણારૂપ ભાવમયી ક્રિયાશક્તિ. પહેલા ક્રિયા શબ્દ હતો તે મલિન પર્યાયની પરિણતિને ક્રિયા કહ્યું હતું. એનાથી રહિત થવું એ એનો ગુણ છે. અહીંયા કહે છે, કારકો અનુસાર પરિણમવાપણારૂપ ભાવમયી ક્રિયાશક્તિ. આહા..! પેલામાં પણ ભાવશક્તિ લીધી અને અહીં ભાવમયી ક્રિયાશક્તિ લીધી. બેમાં ફેર છે. એમાં તો ક્રિયાશક્તિ લીધી હતી. પર્યાયમાં વિકૃત અવસ્થાથી રહિત ભાવ. હવે અહીં તો ભાવમયી ક્રિયાશક્તિ. આહાહા..! અનંતગુણનો ભંડાર ભગવાન, તેના ષટ્કારકનો આશ્રય દ્રવ્ય છે તો દ્રવ્યના આશ્રયે તેની શુદ્ધ પરિણતિ થાય છે તે ભાવમયી... આહાહા..! ક્રિયાશક્તિ છે. શક્તિનું નામ ક્રિયા છે. શક્તિનું નામ ક્રિયા છે તો પરિણતિમાં જે નિર્મળ છે તે ક્રિયાશક્તિનું એ કાર્ય છે. આહાહા..! શું કહ્યું?

પહેલા જે કહ્યું હતું એ પર્યાયની ક્રિયા, એક સમયની પર્યાયમાં મલિન ક્રિયા, તેનાથી રહિત, એમ કહ્યું હતું. અને આ જે કહ્યું કે ક્રિયાશક્તિ ત્રિકાળી જે છે, ત્રિકાળગુણમાં એક ક્રિયા નામની શક્તિ છે. આહાહા..! કે જે શક્તિને કારણે.. સમજાય છે કાંઈ? શું કહે છે? જુઓ! ભાવમયી ક્રિયાશક્તિ. કારકો અનુસાર થવાપણારૂપ ભાવમયી ક્રિયાશક્તિ. આહાહા..! દ્રવ્યના અનુસાર થવાવાળી ક્રિયાશક્તિ એટલે નિર્મળ પરિણમે તે ક્રિયાશક્તિનું કાર્ય છે. સમજાય છે કાંઈ? આવું હવે. આ ૪૭ શક્તિ છે (એમ કોઈ સાધારણ લઈ લે).

બાપુ! શક્તિનો અર્થ પ્રભુ છે, પ્રભુતા છે. એક એક શક્તિ પ્રભુતાથી ભરેલી છે. આહાહા..! એ ક્રિયાશક્તિ.. પહેલા જે ક્રિયા કહ્યું એ તો મલિનપર્યાયને ક્રિયા કહીને તેનાથી રહિતપણામયી ભાવમયીશક્તિ. અને આ કારક અનુસાર ભાવમયી ક્રિયાશક્તિ છે. ત્રિકાળમાં ગુણ છે. પહેલી પર્યાયની ક્રિયા હતી, આ ક્રિયા ગુણ છે. સમજાય છે કાંઈ? આહાહા..! એને કેટલી ધીરજ જોઈએ, બાપુ! આહાહા..!

ભગવાનઆત્મામાં એક ક્રિયાશક્તિ છે. એ ક્રિયાશક્તિનું રૂપ દરેક ગુણમાં છે. આહા..! તો ગુણને અનુસાર અથવા દ્રવ્યને આશ્રયે ગુણ છે તે દ્રવ્યને અનુસાર ક્રિયાશક્તિનું કાર્ય શું છે? કે નિર્મળ પરિણમન થવું. ભાવમયી નિર્મળ (પરિણમન) થવું, એ ક્રિયાશક્તિનું કાર્ય છે. આહાહા..! પેલી ક્રિયા મલિન હતી, આ ક્રિયાશક્તિનું પરિણમન નિર્મળ છે. સમજાય છે કાંઈ? ભાષા ક્રિયાશક્તિ રાખી, ભાવમયી ક્રિયાશક્તિ, હોં! મૂળ તો ક્રિયાશક્તિ છે. અંદર સ્વભાવમયી ક્રિયાશક્તિ. ભાવશક્તિ તો પહેલા ૩૯મી આવી ગઈ. આ તો ભાવમયી ક્રિયાશક્તિ, ગુણમયી ક્રિયાશક્તિ. આહા..! સમજાય છે કાંઈ?

**'કારકો અનુસાર થવાપણારૂપ (પરિણમવાપણારૂપ)...'** જુઓ! અહીં તો કારકો અનુસાર પરિણમવાપણારૂપ. એટલે તો કહ્યું કે એક એક ગુણ પરિણમતો નથી. કારક અનુસારમાં દ્રવ્યનો આશ્રય છે. સમજાય છે કાંઈ? જેની ખાણમાં ષટ્કારક પડ્યા છે, ભગવાન દ્રવ્યની ખાણમાં છ કારક પડ્યા છે. આહાહા..! એ દ્રવ્યના આશ્રયે પરિણમન થવારૂપ ભાવમયી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ક્રિયાશક્તિ. આહાહા..! એવી અંદરમાં ભાવમયી ક્રિયાશક્તિ ગુણ છે. એ ગુણને કારણે ષટ્કારકને અનુસરીને પર્યાય નિર્મળ થાય એ ગુણનું કાર્ય છે. આહાહા..! એ ક્રિયાશક્તિ તો પ્રત્યેક ગુણમાં છે. સમજાય છે કાંઈ? એ તો લાંબુ લાંબુ (થઈ જાય). વીસ બોલને એક એકમાં ઉતારે તો પાર ન મળે. આહાહા..!

ક્રિયાશક્તિ, ભાવમયી ક્રિયાશક્તિ દ્રવ્ય, ગુણ, પર્યાય ત્રણેમાં વ્યાપે છે. ક્રિયાશક્તિનું પરિણમન નિર્મળ છે. આહાહા..! એ નિર્મળ પરિણમન એ જ પોતાનું છે, મલિન પરિણામ પોતાના નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? એ છેલ્લે લેશે, સ્વસ્વામીસંબંધશક્તિ. એનો અર્થ એ છે કે ભગવાનઆત્મા, અંતર પવિત્ર શક્તિઓનો પિંડ છે, તેનો આશ્રય કરવાથી દ્રવ્યનું જે પરિણમન થાય છે એ તદ્દન શુદ્ધ થાય છે. તો શુદ્ધ પરિણમન, શુદ્ધ શક્તિ અને શુદ્ધ દ્રવ્ય. એ પોતાનું સ્વ અને તેનો આત્મા સ્વામી છે એવી સ્વસ્વામીસંબંધશક્તિ એમાં છે. રાગનો સ્વામી આત્મા નહિ. આહાહા..! ગજબ વાત છે. વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ ઉઠે છે તે ક્રિયાથી રહિત તો કહ્યું પણ તેના સ્વામીપણાથી રહિત છે. આહાહા..! એ છેલ્લી શક્તિ લેશે. ૪૭માં છેલ્લી. સમજ્યા?

**'કારકો અનુસાર થવાપણારૂપ (–પરિણમવાપણારૂપ)...'** જોયું? આહાહા..! પહેલામાં કારકો અનુસાર ક્રિયા, તેનાથી રહિત એમ કહ્યું હતું. ૩૯ માં. અને આ કારકો અનુસાર પરિણમવાપણારૂપ. નિર્મળ કારક જે છ ગુણ પડ્યા છે એ ગુણનો આશ્રય જે દ્રવ્ય, તેના આશ્રયે થવાવાળું પરિણમવાપણારૂપ ભાવમયી ક્રિયાશક્તિ. એ ભાવમયી ક્રિયાશક્તિ. આહાહા..! સ્વભાવમયી ક્રિયાશક્તિ. કેમ ભાવમયી સાથે લીધું? પેલી ક્રિયા પર્યાયમાં તો કહી હતી. ત્યાં ભાવમયી ક્રિયા નહિ, એ તો મલિન પરિણામરૂપ ક્રિયા હતી. આહાહા..! સમજાય છે કાંઈ? સંતોની વાણી એ વીતરાગી વાણી છે. આહા..! મુનિ બાપુ! કોને કહીએ? બાપા! હજી જેને પ્રચુર સ્વસંવેદન હોય. હજી જેને દૃષ્ટિ જ પ્રગટી નથી ત્યાં મુનિપણું તો પ્રચુર સ્વસંવેદન છે. કેમ કે કારક અનુસાર જે ભાવ–ગુણ છે તેને અનુસાર સમ્યગ્દર્શન થાય છે અને તેને અનુસાર ચારિત્ર થાય છે. પંચમહાવ્રત ને રાગને આશ્રયે ચારિત્ર થાય છે એમ છે નહિ. આહાહા..! ભારે આકરું. એટલે કહે છે કે, એ... નિશ્ચય.. નિશ્ચય... નિશ્ચય. બાપુ! નિશ્ચય એટલે સત્ય, સત્ય. આહાહા..!

સત્‌નો સાહેબો ભગવાનઆત્મા, એનું સત્ય સ્વરૂપ એવું છે કે સત્યના આશ્રયે જે પરિણમન થાય છે એ ભાવમયી ક્રિયા, એ એનો ગુણ છે. નિર્મળપણે પરિણમવું એ એનો ગુણ છે. મલિનપણે પરિણમવું એવી કોઈ શક્તિ–ગુણ નથી. આહાહા..! આવી વાત હવે. પેલું તો બિચારા સામાયિક કરે, પોષા કરે, સવાર-સાંજ પડિકમણા કરે.. જય નારાયણ! મિચ્છામી દુક્કડમ્. થઈ ગયો ધર્મ, લ્યો! એ.. 'પહાડીયાજી'! સામાયિક, પોષા, પડિકમણા.. અરે..! બાપુ! એ શું છે? ભાઈ! એ તો વિકલ્પ, રાગ છે. પર્યાયમાં ષટ્કારકનું પરિણમન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે એનું, પણ ધર્મીજીવનું પરિણમન એનાથી રહિત છે. આહાહા..! સમજાય છે કાંઈ? આવો માર્ગ સાંભળવા મળે નહિ એ ક્યારે (નિર્ણય કરે)? આ તો પરમસત્ય સર્વજ્ઞની શ્રીવાણી– દિવ્યધ્વનિ, એનાથી આવેલો માર્ગ આ છે. આહાહા..! બહુ ભર્યું છે!

એક એક શક્તિમાં એ ભાવમયી ક્રિયાશક્તિ છે. સમજાય છે કાંઈ? અને ભાવમયી શક્તિ અનંતગુણમાં નિમિત્ત છે. આ ભાવમયી. પેલી ભાવમયી જે હતી એ પણ અનંતગુણમાં નિમિત્ત છે. આ ભાવમયી ક્રિયા પવિત્ર છે તે પણ અનંતગુણમાં નિમિત્ત છે. પેલી પણ પવિત્ર હતી. ભાવમયી શક્તિ પણ પરિણમનથી રહિત થવું એ ભાવમયી પણ નિર્મળ હતી. એ નિર્મળ શક્તિની પરિણમન દશા અનંતગુણમાં નિમિત્ત છે અને જે પર્યાય નિર્મળ થઈ એમાં આ શક્તિનું પરિણમન પણ નિમિત્ત છે. આહાહા..! સમજાય છે કાંઈ?

**'કારકો અનુસાર થવાપણારૂપ (–પરિણમવાપણારૂપ)...'** જોયું? આહાહા..! રાગથી સહિત થવારૂપ પરિણમન એ વાત ધર્મીને નથી. દ્રવ્યદૃષ્ટિવંતને નથી, એમ કહે છે. દ્રવ્યદૃષ્ટિવંતનો અર્થ જેને સમ્યગ્દૃષ્ટિ થઈ, વસ્તુ અખંડ અભેદ ત્રિકાળ આનંદકંદ પ્રભુ, એવી દૃષ્ટિમાં સમ્યગ્દર્શનમાં આખા દ્રવ્યનો આશ્રય આવ્યો, તો એ સમ્યગ્દૃષ્ટિમાં અંદર ભાવમયી ક્રિયાશક્તિ ગુણ છે તેનું રૂપ શ્રદ્ધાગુણમાં પણ છે. શ્રદ્ધાગુણ સમકિતરૂપે પરિણમે છે એ ભાવમયી ક્રિયાશક્તિનું જ કાર્ય છે. આહાહા..! સમજાય છે કાંઈ? સમકિતની પર્યાય... કહે છે ને કે? ચાર કર્મનો નાશ થવાથી કેવળજ્ઞાન થાય છે. 'તત્ત્વાર્થસૂત્ર'માં છે. એ ચર્ચા બહુ ચાલી છે. ખાણિયા ચર્ચા. 'જિનેશ્વરદાસજી'! ખાણિયા ચર્ચા છે ને? એમાં આ છે.

ચાર કર્મનો નાશ થવાથી કેવળજ્ઞાન પર્યાય થાય છે. 'તત્ત્વાર્થસૂત્ર'માં છે. અહીંયા કહ્યું કે, સાંભળ તો ખરો, નાથ! તારામાં એક ભાવમયી ક્રિયાશક્તિ છે તેથી કેવળજ્ઞાનની પરિણતિ થાય છે. સમજાય છે કાંઈ? વિકૃત અવસ્થા છે તેનાથી પણ નહિ અને પૂર્વે જે મોક્ષનો માર્ગ જે કેવળજ્ઞાન પહેલા હતો તેનાથી પણ આ પરિણમન નથી, એમ કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? પૂર્વે મોક્ષમાર્ગ હતો તો તેનાથી મોક્ષ નામ કેવળપર્યાય થઈ એમ નથી. ત્રિકાળી શુદ્ધ કારકો છે એને અનુસાર કેવળજ્ઞાનની પર્યાય ઉત્પન્ન થઈ છે. આહાહા..! પરથી તો નહિ પણ પોતાની પૂર્વ પર્યાયથી નહિ. તેનાથી તો નહિ પણ પોતાના ગુણની બીજી પર્યાયથી પણ એ પર્યાય નથી થઈ. આહા..! સમજાય છે કાંઈ? આહા..! દરેક ગુણમાં એનું રૂપ છે. દ્રવ્યનો આશ્રય કરવાથી દરેક ગુણની પર્યાય સ્વતંત્ર પોતાથી નિર્મળ પરિણમે છે. આહાહા..! બીજી પર્યાયથી નહિ.. આહાહા..! સમજાય છે કાંઈ? અને કર્મનો અભાવ થયો તો થઈ એમ પણ નહિ.. આહા..! મોક્ષમાર્ગ થયો તો કેવળજ્ઞાન થયું એમ પણ નહિ. આહાહા..! આવું સાંભળવા મળવું કઠણ પડે લોકોને. બીજે રસ્તે ચડાવી દીધા. ઊંધે (રસ્તે).

મુમુક્ષુ :– ઉંધે રસ્તે ચડાવનારને પણ ભાન નથી.

ઉત્તર :– પછી સાંભળનારને તો ક્યાંથી ભાન હોય? આહા..! એ ચાલીસ થઈ. પાંચ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મિનિટ બાકી રહી. હવે ૪૧, ૪૧મી શક્તિ. 'પાટનીજી' પછી જવાના છે ને! તો થોડું સાંભળી તો લ્યે. ઓહોહો..! સત્‌ના પોકાર છે. સત્ પોકાર કરીને અંદરથી સત્ ઊભું થયું છે. આહા..! એને અસત્ય વિકારના કોઈ શરણની જરૂર નથી. વ્યવહાર રત્નત્રયના કારણની જેને જરૂર નથી. આહાહા..! એને તો પોતામાં ભાવમયીશક્તિ અથવા ભાવમયીક્રિયાશક્તિ છે તેના કારણે કેવળજ્ઞાનની નિર્મળ પરિણતિ, સમ્યગ્દર્શનની, સમ્યગ્જ્ઞાનની, સમ્યક્ચારિત્રની (થાય છે). આહાહા..! પંચમહાવ્રતના પરિણામ દ્રવ્યચારિત્ર છે તો એનાથી ભાવચારિત્ર થાય છે, એમ અહીંયા નથી, વસ્તુમાં એમ નથી. સમજાય છે કાંઈ? એમાં પણ ફેર, મોટો ફેર. પ્રભુ! શું કરે? આહાહા..!

મુમુક્ષુ :–

ઉત્તર :– બધે ફેર. આહાહા..!

**प्राप्यमाणसिद्धरूपभावमयी कर्मशक्तिः ४१।**

**પ્રાપ્ત કરાતો એવો જે સિદ્ધરૂપ ભાવ તે-મયી કર્મશક્તિ. ૪૧.**

**'પ્રાપ્ત કરાતો એવો જે સિદ્ધરૂપ ભાવ...'** શું કહે છે? કર્મ લેવું છે ને? કર્મ. પ્રાપ્ત કરાતો જે સિદ્ધ. સિદ્ધ એટલે પવિત્ર પર્યાય. સિદ્ધ પર્યાય એમ અહીંયા ન લેવું. અહીંયા સિદ્ધ એટલે નિર્મળ પર્યાયરૂપી જે ભાવ પ્રગટ થાય છે તે. સમજાય છે કાંઈ? પ્રાપ્ત, એમ કહ્યું ને? પ્રાપ્ત કરાય છે. સમ્યગ્દર્શનની પર્યાય, સમ્યગ્જ્ઞાનની પર્યાય, સમ્યક્ચારિત્રની પર્યાય, કેવળજ્ઞાનની પર્યાય એમ દરેક પર્યાય લેવી. **'પ્રાપ્ત કરાતો એવો જે સિદ્ધરૂપ ભાવ...'** જે સમયે ઉત્પન્ન થવાની છે એ પર્યાય સિદ્ધ–ચોક્કસ છે. એ સિદ્ધરૂપ ભાવ, સિદ્ધરૂપ શબ્દે સિદ્ધપર્યાય, સિદ્ધ ભગવાનની વાત નથી. એ સમયે જે પર્યાય ઉત્પન્ન થાય છે તેને સિદ્ધરૂપ ભાવ કહે છે. એ જ પર્યાય ચોક્કસપણે ઉત્પન્ન થવાની છે તેને સિદ્ધભાવ કહે છે. આહાહા..!

ભાષા પાછી શું છે? **'પ્રાપ્ત કરાતો...'** પુરુષાર્થથી. આહાહા..! અનંતગુણ–શક્તિનો આશ્રય દ્રવ્ય અને દ્રવ્યના આશ્રયે પુરુષાર્થથી. આહાહા..! **'પ્રાપ્ત કરાતો...'** એ સમ્યગ્દર્શનરૂપી પર્યાય, એ કાર્ય. એ કર્મનું આ કાર્ય છે. કર્મશક્તિનું આ કાર્ય છે. કર્મ એટલે કાર્ય. કર્મશક્તિ છે ને? એ કર્મ નામની શક્તિ છે, કાર્યશક્તિ, તેનું કાર્ય વર્તમાન નિર્મળ પર્યાયની પ્રાપ્તિ તે કર્મનું કાર્ય છે. આહાહા..! સમજાય છે કાંઈ? એ કાર્ય વ્યવહાર રત્નત્રયનું નહિ, એ કાર્ય પૂર્વની પર્યાયનું કાર્ય નહિ. આહાહા..! કેટલું સિદ્ધ કર્યું છે!

**'પ્રાપ્ત કરાતો...'** પ્રાપ્ત એટલે વર્તમાન પર્યાયમાં કાર્યરૂપ પ્રાપ્ત કરાય છે એવો જે ચોક્કસરૂપ ભાવ, **'તે-મયી કર્મશક્તિ.'** એ કર્મ નામની શક્તિ અંદર છે જેમાં કાર્ય પ્રાપ્ત થાય છે. નિર્મળ પર્યાયની પ્રાપ્તિ થાય છે. એ કાર્યનું કારણ કર્મશક્તિ છે. વિશેષ કહેશે..

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## પ્રવચન નં. ૩૬ શક્તિ-૪૧ ગુરુવાર, ભાદરવા સુદ ૨, તા. ૧૫-૦૯-૧૯૭૭

આ 'સમયસાર'. શક્તિનો અધિકાર છે. ૪૦ તો થઈ ગઈ ને? ૪૧. શક્તિનો અર્થ શું છે? કે આત્મા જે ગુણી-વસ્તુ છે એમાં આ ગુણ છે. આ ગુણનું પરિણમન થવું એ પર્યાય છે. પર્યાયમાં અહીં નિર્મળ પર્યાયની વાત છે, મલિન પર્યાયની વાત નથી. જે ગુણ છે એ પવિત્ર છે અને દ્રવ્ય પવિત્ર છે. શુદ્ધ કહો, પવિત્ર કહો. તો એની પર્યાય પણ શુદ્ધ છે. એ શુદ્ધ પર્યાયની ક્રમવર્તી પર્યાય અને ગુણનું અક્રમરૂપ રહેવું એ બેનો સમુદાય તે આત્મા છે. રાગની પર્યાય સહિત આત્માને અહીંયા આત્મા ગણવામાં જ નથી આવ્યો. આહાહા..! સમજાય છે કાંઈ? શરીર સહિત તો નહિ, આ તો જડ માટી-ધૂળ છે, પણ અંદરમાં દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ એ રાગ સહિત આત્માને અહીંયા ગણવામાં આવ્યો જ નથી. ફક્ત રાગ થાય છે, વિકૃત અવસ્થા પર્યાયમાં ષટ્કારકથી એક સમયની દશામાં વિકૃત અવસ્થા છે પણ અહીંયા તો વિકૃત અવસ્થાથી રહિત.. એ તો આપણે આવી ગયું ને? ભાવશક્તિ, ભાવશક્તિ. ૩૯.

**'કારકો અનુસાર જે ક્રિયા તેનાથી રહિત ભવનમાત્રમયી (-હોવામાત્રમયી, થવામાત્રમયી) ભાવશક્તિ.'** છે. આહાહા..! એક ભાવશક્તિ-ગુણ એને કહે છે કે વર્તમાનમાં જેને કારણે વર્તમાન નિર્મળ પર્યાયની વિદ્યમાનતા હોય, એક ભાવશક્તિ-ગુણનું એ સ્વરૂપ છે. અને એક ભાવશક્તિ એ છે કે મલિન પર્યાય એક સમયમાં દ્રવ્ય-ગુણમાં નહિ, દ્રવ્ય-ગુણને કારણ નહિ અને પરને કારણે નહિ, એક સમયની પર્યાયમાં વિકૃત અવસ્થા, ચાહે તો શુભભાવ હો કે અશુભ, એમ વર્તમાનમાં ષટ્કારકથી પરિણમન થઈને તેનાથી રહિતપણું થવું, એ આત્માની પર્યાય છે. સમજાય છે કાંઈ? હવે આપણે તો અહીંયા ૪૧મી ચાલે છે.

**'પ્રાપ્ત કરાતો..'** વર્તમાન પર્યાયમાં પ્રાપ્ત કરાતો. પ્રાપ્ત કરતો. વર્તમાન પર્યાયમાં પ્રાપ્ત કરાતો. નિર્મળ પર્યાય. સમ્યગ્દર્શનની, સમ્યગ્જ્ઞાનની, સમ્યક્ચારિત્રની, આનંદની, વીતરાગતાની એ પર્યાયને પ્રાપ્ત કરાતો. **'જે સિદ્ધરૂપ...'** ચોક્કસરૂપ **'ભાવ તે-મયી કર્મશક્તિ.'** આહા..! અહીંયા કર્મ તો ચાર પ્રકારે કહેવામાં આવે છે. એક જડની કર્મ અવસ્થા પણ કર્મ કહેવામાં આવે છે. એ તો ભિન્ન (છે). એક ભાવકર્મને કર્મ કહેવાય છે. તેનાથી પણ ભિન્ન (છે). એક નિર્મળ પરિણતિને પણ કર્મ કહેવામાં આવે છે. અને અહીંયા જે આ કર્મશક્તિ છે એ તો ગુણરૂપ કર્મશક્તિ છે. આહા..! ભારે ઝીણું, ભાઈ!

જડકર્મની અવસ્થા કર્મ એ ચીજ તો ભિન્ન રહી. દયા, દાન, વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ જે રાગ એ પણ ભિન્ન રહ્યા, નિર્મળ પર્યાયમાં કર્મ એટલે કાર્ય થાય છે એ નિર્મળ કર્મશક્તિનું કાર્ય છે. કર્મશક્તિનું કર્મ છે. શાંતિથી વિચારવું. સમજાય છે કાંઈ? આ કર્મ નામનો, કાર્ય નામનો એક ગુણ આત્મામાં છે. કર્મ નામનો એટલે કાર્ય નામનો એક ગુણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. જે ગુણને કારણે વર્તમાન પર્યાયમાં પ્રાપ્ત જે પર્યાય થાય છે તે કર્મનું કાર્ય છે. એ કર્મગુણનું કાર્ય છે. આહા..! ગજબ! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :– આ બધું સમજીને કરવું શું?

ઉત્તર :– આ સમજીને દ્રવ્ય ઉપર દૃષ્ટિ દઈને જ્યારે ગુણની પર્યાયમાં ગુણને કારણે વર્તમાનમાં સમ્યગ્દર્શન આદિ પર્યાયનું કાર્ય થાય છે, એમ નિર્ણય કરવો. કોઈ વ્યવહાર રત્નત્રય રાગથી સમ્યગ્દર્શનની પર્યાયનું કાર્ય થાય છે, એમ નથી. અને દેવ-ગુરુ-શાસ્ત્રના નિમિત્તથી અહીંયા કાર્ય થાય છે, એમ નથી. અહીંયા તો નિર્મળ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર વીતરાગી મોક્ષમાર્ગની પર્યાય એ પ્રાપ્ત કરાતી. એ કાર્યનું કારણ કર્મશક્તિ છે. આવી વાત કોઈ દિ' સાંભળી ન હોય.

મુમુક્ષુ :–

ઉત્તર :– ધ્રુવમાં શક્તિ એવી છે. ધ્રુવમાં કર્મ નામની એક શક્તિ છે કે જેનાથી વર્તમાન કાર્ય સુધરે છે. ધીમેથી સાંભળો. 'હીરાલાલજી' ! આ તો પૈસા-બૈસાથી જુદી જાત છે. એ બધા પૈસાવાળા બેઠા. આહાહા..!

સાંભળ તો ખરો, પ્રભુ! તારામાં આત્મદ્રવ્ય જે ગુણી છે એમાં કર્મ નામનો ગુણ છે. કર્મ એટલે કાર્ય થવાનો એક ગુણ છે. એ કર્મગુણને કારણે વીતરાગી પર્યાય કે જ્ઞાનની પર્યાય, દર્શનની પર્યાય, ચારિત્રની પર્યાય, સ્વચ્છતાની પર્યાય, વીતરાગી પર્યાય, એ કર્મને કારણે શુદ્ધ કાર્ય થાય છે. શેઠ!

મુમુક્ષુ :– કર્મનું કાર્ય આવ્યું ને!

ઉત્તર :– કર્મ આવ્યું. આ કર્મ. જડકર્મ નહિ, ભાવકર્મ નહિ, નિર્મળ પરિણતિમાં કાર્ય જે થાય છે એ કર્મ નામના ગુણને કારણે કાર્ય સુધરે છે. આહાહા..! 'બાબુભાઈ'! બાપદાદાએ ત્યાં કોઈ દિ' સાંભળ્યું પણ નથી. બીજું શું, એ તો ભાઈ કહે છે. આહાહા..! શેઠ પણ કહે છે ને કે અમે સાંભળ્યું હતું એવું માન્યું હતું. વાત તો સાચી છે. આહાહા..! આવો માર્ગ દ્રવ્યનો.

ભગવાનઆત્મા દ્રવ્ય જે વસ્તુ છે એમાં ગુણ જે ભાવ છે, એ કર્મ નામનો ગુણ એમાં છે. જેમ આત્મદ્રવ્યમાં જ્ઞાન નામનો ગુણ છે, શ્રદ્ધા નામનો ગુણ છે, આનંદ નામનો ગુણ છે એમ કર્મ નામનો એક ગુણ છે. આહાહા..! કર્મ એટલે કાર્ય સુધરવાના કારણરૂપ કાર્ય. અંદરમાં કાર્ય થવાની એક શક્તિ છે. આહાહા..! આવી વાતું.

આત્મામાં એક એવી શક્તિ છે, ગુણ છે, જેનું સામર્થ્ય છે, એ દ્રવ્યમાં ગુણનું એટલું સામર્થ્ય છે કે કર્મ નામના ગુણને કારણે નિર્મળ પર્યાયરૂપી કાર્ય થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? જ્ઞાનગુણ છે. દ્રવ્ય ગુણી છે, જ્ઞાન ગુણ છે. તો એમાં પણ કર્મનું રૂપ છે. એ કારણે અંદર જ્ઞાનની નિર્મળ પર્યાયરૂપી કાર્ય, જ્ઞાનરૂપી ગુણમાં કર્મરૂપી ભાવ છે, તેની નિર્મળ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પર્યાયનું કાર્ય એનું છે. આહાહા..! જ્ઞાનાવરણીયકર્મ ખસ્યું તો જ્ઞાનની પર્યાય થઈ, એમ નથી. તેમ પૂર્વની પર્યાય નિર્મળ હતી માટે વર્તમાન નિર્મળ થઈ, એમ પણ નથી. આહાહા..! આવી વાત કોઈ દિ' સાંભળવા મળે નહિ. આહા..! સમજાય છે કાંઈ?

ભગવાનઆત્મા પરમાત્મસ્વરૂપે બિરાજમાન છે એમાં જીવત્વશક્તિથી માંડીને આપણે અહીંયા કર્મશક્તિ સુધી આવ્યા છીએ. તો કહે છે કે, પહેલા એક શક્તિ આવી ગઈ– અકાર્યકારણ. આત્મામાં એવો એક ગુણ છે–અકાર્યકારણ. જેને કારણે વર્તમાન નિર્મળપર્યાય રાગનું કાર્ય નહિ અને નિર્મળપર્યાય રાગનું કારણ નહિ. સમજાય છે કાંઈ? અહીંયા તો હવે ફક્ત કાર્ય થાય છે, એ પ્રાપ્ત કાર્ય થાય છે એ શું? એ તો રાગનું કાર્ય નહિ ને રાગનું કારણ નહિ. સમજાય છે કાંઈ? આહાહા..! વસ્તુ જે ભગવાનઆત્મા, એમાં એ અકાર્યકારણ નામની શક્તિ છે, ગુણ છે, સત્ત્વ છે, ભાવ છે, સ્વભાવ છે. આહાહા..! અરે..! ભગવાનઆત્મામાં અનંત અનંતશક્તિઓનો ભંડાર છે. સમજાય છે કાંઈ? કહે છે કે જીવત્વશક્તિમાં પણ જે જ્ઞાન, દર્શન, આનંદ અને સત્તાની પર્યાય પ્રાપ્ત થાય છે એ અંદર જીવત્વશક્તિમાં કર્મ નામનું રૂપ છે, તે કારણે પર્યાયની પ્રાપ્તિ થાય છે. આહાહા..! એ જીવનું જીવન છે. શરીરથી જીવનું જીવન એ જીવન નથી. અંદર ભાવઇન્દ્રિય, મન-વચન-કાયા, દસભાવપ્રાણ, એનાથી જીવન એ જીવનું જીવન નહિ. આહાહા..!

જીવનું જીવન તો એને કહે છે કે જડકર્મના જીવનથી ભિન્ન, અંદરમાં ભાવઇન્દ્રિય આદિનું કાર્ય એનાથી ભિન્ન.. આહાહા..! ગજબ છે ને પ્રભુ! તારા જીવનું જીવન એ છે કે ખંડ ખંડ ઇન્દ્રિયથી રહિત જે ભાવઇન્દ્રિય આદિથી રહિત એવું જ્ઞાનનું પરિણમન થવું, અતીન્દ્રિયજ્ઞાનનું પરિણમન થવું એ જીવનું જીવન છે. આહાહા..! ભારે વાતું. 'શાંતિભાઈ'! ન્યાં ક્યાંય પૈસામાં, ઝવેરાતમાં કોઈ દિ' સાંભળ્યું ન હોય. ન્યાં હોંગકોંગમાં ને.. શું કીધું? 'મધુ' ન્યાં ગયો છે. આજે 'જીતુભાઈ' કહેતા હતા, મધુભાઈએ કીધું છે, સાડી સોળ, સાડી સોળસો રેકોર્ડિંગ એને માટે ઉતારજો. ભાઈ! મધુભાઈ કહી ગયા હશે. જે રેકોર્ડિંગ ઉતરે છે ને? એમાંથી સાડી સોળસો મધુભાઈ માટે (ઉતારવી). શાંતિભાઈ માટે અને મધુ માટે બન્ને ભાઈઓ જ છે ને. સાડી સોળસો. જીતુભાઈ કહેતા હતા. સંસ્થા તરફથી એક રૂપિયો રાખ્યો છે ને? ઉતારવાનો એક રૂપિયો. સાડી સોળસો. આ જે ઉતરે છે ને? એ ઉતારી આપવાના. આહાહા..!

અહીં તો કહે છે કે તારા કાર્યમાં ઉતારવું એ શું છે? તારા કાર્યમાં જે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર અતીન્દ્રિય આનંદની પર્યાયરૂપી કાર્યનું કારણ કોણ? તારામાં એક કર્મ નામનો ગુણ છે. આહાહા..! ક્યાં જડકર્મ, ક્યાં પુણ્ય-પાપ, દયા, દાન ભાવકર્મ, ક્યાં નિર્મળ પરિણતિ વર્તમાન પર્યાયરૂપી કર્મ અને આ કર્મ ગુણરૂપી કર્મ. આહાહા..! સમજાય છે કાંઈ? પણ એ ગુણરૂપી (કર્મનું) કાર્યનું કાર્ય શું? કે નિર્મળ શુદ્ધ પર્યાયરૂપી સુધરવું એ કર્મ નામના ગુણનું તે કાર્ય છે. 'હીરાભાઈ'! કોઈ દિ' સાંભળવા મળે નહિ એવું આ બધું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. બાપદાદાએ તો સાંભળ્યું પણ નહોતું. તમે વળી ભાગ્યશાળી કે આ (સાંભળવા મળ્યું). આહાહા..!

ચૈતન્ય ખજાનામાં એક કર્મ નામનો ગુણ પડ્યો છે ને! એમ કહે છે. આહાહા.! કર્મ નામની શક્તિ પડી છે ને! જડકર્મ નહિ, ભાવકર્મ નહિ, પર્યાયરૂપી કાર્ય આવે છે એમાં કર્મ નામની શક્તિને કારણે. આહાહા..! સમજાય છે કાંઈ? અહીંયા તો એમ કહે છે કે વ્યવહાર રત્નત્રય કારણ અને નિશ્ચય કાર્ય, એ વાત ઊડી જાય છે, એમ છે નહિ. સમજાય છે કાંઈ? ભાઈ! ભાષા તો બહુ સાદી છે. આહાહા..! શું કહ્યું?

સમ્યગ્દર્શનરૂપી પર્યાયરૂપી કાર્ય થયું. પર્યાય એ કાર્ય છે, પર્યાય એ કાર્ય છે. દ્રવ્ય-ગુણ એ વ્યવહારથી કારણ છે. હવે એ પર્યાય જે સમ્યગ્દર્શનની પર્યાય–નિશ્ચય વીતરાગી શ્રદ્ધા,.. સમજાય છે કાંઈ? એ શ્રદ્ધાને પ્રાપ્ત કરવી એનું કારણ કોણ? કહે છે કે, કર્મ નામનો ગુણ છે. આહાહા...! એ કારણે સમકિતરૂપી કાર્ય સુધરે છે. આહાહા..! ગજબ વાત છે. સમજાય છે કાંઈ? એક એક શક્તિમાં કેટલો સંગ્રહ છે!

એ કર્મશક્તિ ધ્રુવરૂપ ઉપાદાન છે અને એનું નિર્મળ પરિણતિરૂપી કાર્ય એ ક્ષણિક ઉપાદાન છે. આહાહા..! ધ્રુવ જે કર્મશક્તિ ત્રિકાળ છે એ પારિણામિકભાવે છે અને એનું સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રના પરિણામની પ્રાપ્તિ થાય એ ઉપશમ, ક્ષયોપશમ ને ક્ષાયિકભાવે છે. આહાહા..! કહે છે કે, કર્મનો ઉપશમ થયો તો અહીંયા ઉપશમભાવ થયો, એમ નથી. એ કર્મ નામનો ગુણ છે એ કારણે ઉપશમભાવરૂપી કાર્ય સુધર્યું. 'બાબુભાઈ'! કોઈ દિ' સાંભળ્યું નથી, ન્યાં ક્યાંય. આ જૈનદર્શન. આહાહા..! વીતરાગમાર્ગ.

અત્યારે તો એકદમ બસ! દયા પાળો, વ્રત કરો, ભક્તિ કરો, પૂજા કરો. આ શેઠિયાને નવરાશ મળે નહિ ને બે ઘડી, ચાર ઘડી એવું કરી આવે એટલે થઈ જાય ધર્મ. અરે..! ભગવાન! એમ કહે છે નિર્વિકલ્પ સમ્યગ્દર્શન એ તો સાતમા (ગુણસ્થાનની) વાત છે. અહીં તો ચોથાની વીતરાગ દશાની વાત છે. એ ચર્ચા એમને થઈ હતી, ભાઈ! 'ધર્મસાગર' છે ને? 'શાંતિસાગર'ની પાટ ઉપર છે. એની સાથે ચર્ચા થઈ હતી. સમકિત કોને કહેવાય? તો કહે, દેવ, ગુરુ, શાસ્ત્રની શ્રદ્ધા, નવતત્ત્વની શ્રદ્ધા એ સમકિત. બસ! વ્યવહાર સમકિત એ સમકિત. ચોથે ગુણસ્થાને વ્યવહાર સમકિત હોય છે. આહાહા! પ્રભુ! સાંભળ તો ખરો, નાથ!

મુમુક્ષુ :–

ઉત્તર :– હા, (એ લોકો કહે છે) ચોથે ગુણસ્થાને વ્યવહાર સમકિત. આગળ વીતરાગ સમકિત થાય છે. અર..ર..ર..!

અહીં તો કહે છે, એકવાર સાંભળ તો ખરો, નાથ! તારામાં એક વીતરાગ ભાવસ્વરૂપ કર્મ નામનો ગુણ છે. એ વીતરાગ ભાવસ્વરૂપ છે. કર્મગુણ એ વીતરાગ ભાવસ્વરૂપ છે. એનું કાર્ય સમ્યગ્દર્શનની પર્યાય વીતરાગી થઈ તે વીતરાગસ્વરૂપ કર્મગુણનું કાર્ય છે. ચોથે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ગુણસ્થાનથી એનું એ કાર્ય છે. આહાહા..! સમજાય છે કાંઈ? 'અમૃતચંદ્રાચાર્યે' શક્તિનું વર્ણન કરીને.. ઓહોહો..! ખજાનો ખોલી નાખ્યો છે.

ભગવાનઆત્મામાં, કર્મ શબ્દ ભલે હો પણ કર્મ શબ્દે ત્યાં કાર્ય થવાની શક્તિ છે. પર્યાયમાં જે કાર્ય થાય છે, સમ્યગ્દર્શનનું, સમ્યગ્જ્ઞાનનું, સમ્યક્ચારિત્રનું, આનંદની પર્યાયનું, વીર્યની પર્યાયમાં સ્વરૂપરચનાનું કાર્ય, એ દરેક ગુણમાં કર્મનું રૂપ છે તો તે કારણે એમાં નિર્મળ કાર્ય થાય છે. આહાહા..! અહીં તો કહે છે કે, ભગવાનની જાત્રા કરવાથી નિર્મળ કાર્ય નથી થતું, એમ કહે છે.

મુમુક્ષુ :- અંદરના ભગવાનની જાત્રા કરવાથી થાય.

ઉત્તર :- અંદર આ ભગવાન (બિરાજે છે). કહો, 'ઝાંઝરીજી'! એ તો ત્યાંના મંત્રી છે. નહિ? આહાહા..! ક્યાં ગયા ભાઈ? 'વિમલચંદજી'. ગયા? હા, એ તો 'જયપુર' ગયા. કાલે કહેતા હતા. 'જયપુર' બે જણા જવાના. 'અભયકુમાર' ને ઇ. આહાહા..! સમજાય છે કાંઈ? આ તો શાંતિથી સમજવાની વસ્તુ છે. આ માર્ગનો વર્તમાનમાં તો વિચ્છેદ થઈ ગયો છે. સમજાય છે કાંઈ? સંપ્રદાયમાં તો એ વાત વિચ્છેદ થઈ ગઈ છે. આ તો વાત આવી, બાપુ! પ્રભુ! તું ભગવાન છો ને! તો ભગ એટલે જ્ઞાન, આનંદની લક્ષ્મી, આ કર્મશક્તિનો પણ લક્ષ્મીવાન તું છો. આહાહા..! તારી પર્યાયમાં સમ્યગ્દર્શન ને ધર્મની પર્યાય કાર્ય, એની લક્ષ્મી તારામાં કર્મ નામનો ગુણ છે તેનાથી આ કાર્ય થાય છે. આહાહા..! આ ધૂળની લક્ષ્મી. કહો! 'રામજીભાઈ'એ પાંત્રીસ હજાર ખર્ચીને આ છોકરાને ભણાવ્યો હતો. પાપ કરીને પાંત્રીસ હજાર ભેગા કર્યા હતા.

મુમુક્ષુ :- તો ઠેકાણે પડ્યો.

ઉત્તર :- ક્યાં ઠેકાણે પડ્યો? એમ કહે છે, હવે છ, સાત, આઠ હજારનો પગાર થયો. એટલું બધું ભણાવ્યો તો. એ તો પુણ્યને લઈને બહારના પગાર હોય છે. આહાહા..! 'નૌતમભાઈ'! આવો માર્ગ ઝીણો બહુ, બાપુ! આહાહા..!

એક એક શક્તિમાં આ કર્મ નામનું રૂપ છે. જેમ જ્ઞાનસ્વભાવ છે, જ્ઞાનગુણ છે ને? તો એક અસ્તિત્વ પણ ગુણ છે. એ અસ્તિત્વગુણ જ્ઞાનગુણમાં નથી. પણ ગુણ જે છે, ગુણ જે પોતાથી છે, એવું અસ્તિત્વનું રૂપ પોતાથી છે. ન્યાય સમજાણો? આહા..! ભગવાનઆત્મામાં જ્ઞાનગુણ છે, અસ્તિત્વગુણ છે, કર્મગુણ છે, શ્રદ્ધાગુણ છે, આનંદગુણ છે. તો અહીંયા કહે છે, જ્ઞાનમાં એ અસ્તિત્વગુણ હો પણ એ જ્ઞાનમાં અસ્તિત્વગુણ ન આવ્યો. પણ જ્ઞાન છે, એવું અસ્તિત્વગુણનું રૂપ આવ્યું. જ્ઞાન છે. એ પોતાથી છે. અસ્તિત્વગુણને કારણે નહિ. આહાહા..! આવી વાતું. સમજાય છે કાંઈ?

એમ અંદરમાં શ્રદ્ધાગુણ ત્રિકાળી છે તો એ કંઈ અસ્તિત્વગુણને કારણે શ્રદ્ધાગુણ છે એમ નથી. આહાહા..! આવો માર્ગ ને બહારમાં (કાંઈક મનાવી દીધો). 'ચેતનજી'! આ શક્તિનું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વર્ણન.

મુમુક્ષુ :– શક્તિના વર્ણનની જરૂર હતી.

ઉત્તર :– એની જ જરૂર (હતી). 'રામજીભાઈ' એ એ જ કહ્યું હતું ને? શું કીધું તમારું આ? શિક્ષણ શિબિર. વીસ દિવસમાં ચૌદ દિવસ મહાવિદ્યાલયનું આવ્યું. મને વિચાર આવ્યો હતો ખરો, કીધું, ચાલતો વિષય સાધારણ છે. આ લોકો બહારથી આવે એને માટે કાંઈક વિશેષતા જોઈએ. શક્તિ આદિનું લક્ષમાં આવ્યું હતું. ભાઈએ કહ્યું કે શક્તિનું વર્ણન (લેવું). પેલું મુકીને આ શક્તિનું વર્ણન લીધું છે. વાંચન શૈલીનો 'સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર'નો પાઠ હતો એને મુકીને આ લીધું છે. આહા..! શક્તિને માટે આજે તો ૩૬ મો દિવસ છે. હિન્દુસ્તાનની ભાષા તો વીસ દિવસ પહેલા બે દિવસ થઈ હતી. બાવીસ અને આ પંદર, એટલા દિવસ થયા. વર્ગ ચાલ્યા એમાં બે દિવસ પહેલાથી હિન્દી ચાલ્યું હતું. કેમ કે હિન્દી લોકો આવ્યા હતા. ગુજરાતી સમજે નહિ અને ગુજરાતી લોકો તો હિન્દી સમજી શકે. હિન્દી ભાષા સાદી છે. આહાહા..!

અહીંયા કહે છે કે, પ્રભુ! તું એક વસ્તુ તો ઇ કર કે હું તો દ્રવ્ય છું અને હું જ્ઞાયક છું. આહાહા..! હું પર્યાય પણ નહિ, ગુણભેદ પણ નહિ, રાગ પણ નહિ ને નિમિત્ત પણ નહિ. એમ જ્ઞાયકભાવનો જ્યારે તને નિર્ણય થાય તો એ નિર્ણયનું કાર્ય જ્ઞાનગુણમાં કર્મ નામનું રૂપ છે તેને કારણે જ્ઞાનની પર્યાય નિર્મળ જ્ઞાયકની થઈ છે. આહાહા..! અહીં તો એ કહે કે, કર્મનો ક્ષયોપશમ થાય તો જ્ઞાનની નિર્મળ પર્યાય થાય. મોટી ચર્ચા થઈ હતી ને? આ વાત હતી નહિ, હિન્દુસ્તાનમાં નહોતી.

મુમુક્ષુ :– નિમિત્તથી થાય એ વાત હતી.

ઉત્તર :– નિમિત્તથી થાય એ હતી. પંડિતે કબુલ કર્યું છે. 'દેવકીનંદને'. અમે બધા પંડિતોનું ભણતર નિમિત્તાધીન છે. તમે કહો છો કે નિમિત્તથી કંઈ થતું નથી, અમારું એ ભણતર નથી. 'દેવકીનંદન' હતા, જાણો છો? 'ઇન્દૌર'માં. ગુજરી ગયા, પહેલા અહીંયા આવ્યા હતા. આહા..!

અહીંયા કહે છે, સાંભળ નાથ! આહાહા..! વ્યવહાર સમકિત એ સમકિત જ નથી. વ્યવહાર સમકિત એ તો વિકલ્પ, રાગ છે. એ તો નિશ્ચય સમ્યગ્દર્શન, પોતાના કાર્યમાં કર્મશક્તિને કારણે અથવા શ્રદ્ધાગુણમાં પણ કર્મનું રૂપ છે તે કારણે જ્યાં દ્રવ્યદૃષ્ટિ થઈ તો શ્રદ્ધાગુણનું કાર્ય સમકિત પર્યાય થાય છે. કેટલી શરતું આમાં! સમજાય છે કાંઈ? એ સમકિતની પર્યાય જ્યારે રાગ સાથે છે તો આરોપથી કથન કરવામાં આવે છે કે આ વ્યવહાર સમકિત છે. છે તો રાગ, એ સમકિતની પર્યાય છે જ નહિ. અહીં તો એ રાગની પર્યાય જે છે એ પોતાનું કાર્ય તો નથી પણ રાગથી નિર્મળ પર્યાય થઈ એ એનું કાર્ય નથી. આહાહા..! 'મીઠાલાલજી'! આહાહા..!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સમ્યગ્દર્શનની પર્યાયનું કાર્ય શ્રદ્ધા નામની આત્મામાં ત્રિકાળી શક્તિ છે, ગુણ છે એમાં કર્મશક્તિનું રૂપ છે એ કારણે શ્રદ્ધાનું કાર્ય, શ્રદ્ધાગુણમાં કર્મ નામનું રૂપ છે તો એ કારણે શ્રદ્ધાની સમકિત પર્યાય સુધરે છે, એ શ્રદ્ધાગુણમાં કર્મરૂપ કાર્ય એને કારણે સુધરે છે. મિથ્યાત્વ ટળ્યું તો શુદ્ધ થઈ, વ્યય થયું તો શુદ્ધ થઈ એમ પણ અહીં તો નહિ. આહાહા..! ગજબ વાત છે. કર્મનો અભાવ થયો તો સુધરી એમ તો છે નહિ પણ મિથ્યાત્વનો વ્યય થયો તો કામ સુધર્યું, એમ પણ નથી. અહીં તો સમ્યગ્દર્શનનો ઉત્પાદ જે થયો.. આહાહા..! એ જ્યાં ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદની દૃષ્ટિ થઈ, તો એમાં એ ગુણ છે, જ્ઞાનમાં, શ્રદ્ધાગુણમાં, ચારિત્રગુણમાં, આનંદગુણમાં કર્મશક્તિનું રૂપ છે તો એ કારણે અંદર જ્ઞાનની પર્યાયનું કાર્ય, કર્મને કારણે સમ્યગ્જ્ઞાન સુધરે છે. આહાહા..! એ વાણીથી સુધરતું નથી, એમ કહે છે. શાસ્ત્રવાંચનથી એ કાર્ય સુધરતું નથી, એમ કહે છે. શેઠ! આ બધું નવું છે.

મુમુક્ષુ :– સ્વાધ્યાય કરવો તે.

ઉત્તર :– સ્વાધ્યાય કરે એ વિકલ્પ છે. માર્ગ એવો છે, ભાઈ! ચૈત્યાલયમાં બધા શાસ્ત્ર છે ને? જય નારાયણ. ઢોલ વગાડે પછી આમ. એનાથી જ્ઞાન સુધરતું નથી, એમ કહે છે. જ્ઞાનનું સુધરવું, સમ્યગ્જ્ઞાનનું થવું એ જ્ઞાનગુણમાં કર્મશક્તિ–ગુણનું રૂપ છે તો સમ્યગ્જ્ઞાન સુધરે છે. આહાહા..! 'ચંદુભાઈ'! આવું સ્વરૂપ છે.

હવે આત્મામાં એક ચારિત્રગુણ છે. વીતરાગભાવરૂપી ચારિત્રગુણ અનાદિથી આત્મામાં છે તો એ ગુણમાં પણ કર્મનું રૂપ છે એ કારણે ચારિત્રગુણની નિર્મળ પર્યાયનું કાર્ય એ ચારિત્રગુણને કારણે થાય છે. આહાહા..! એ ચારિત્રગુણનું કાર્ય પંચમહાવ્રતનો વિકલ્પ છે એનાથી ચારિત્રગુણનું કાર્ય થાય છે એમ નથી. આહાહા..! હજી સત્યની ખબર ન મળે. અહીં તો કહે, પંચમહાવ્રત પાળો, દયા પાળો તો એનાથી નિશ્ચય થઈ જશે. એ તો એમ કહે છે, ચોથે ગુણસ્થાને નિશ્ચય ન હોય, વ્યવહાર જ હોય. આહાહા..! વ્યવહાર સમકિત.

મુમુક્ષુ :– સાતમે અને આઠમે નિશ્ચય હોય.

ઉત્તર :– ન્યાં નિશ્ચય હોય. આહા..! 'શાંતિસાગર' એમ લખી ગયા છે. વીતરાગ સમકિત નિશ્ચય સમકિત તો સાતમે નિર્વિકલ્પમાં હોય. અરે..! ભગવાન! શ્રદ્ધાગુણની શક્તિ તારામાં ત્રિકાળ છે કે નહિ? તો શ્રદ્ધાગુણમાં એ કર્મગુણ છે કે નહિ? કર્મશક્તિ–ગુણનું રૂપ છે કે નહિ? તો શ્રદ્ધાગુણને કારણે વીતરાગી પર્યાય પ્રગટ થાય છે એ શ્રદ્ધાગુણનું કાર્ય છે. આહાહા..! નિશ્ચય સમ્યગ્દર્શન વીતરાગી પર્યાયનું કાર્ય શ્રદ્ધાગુણમાં કર્મનું રૂપ છે એ કારણે વીતરાગી પર્યાયનું કાર્ય સુધરે છે. આહાહા..! વ્યવહાર સમકિતમાં શમ, સંવેગ, નિર્વેદ ને અનુકંપા એમ કહે છે ને? આઠ કારણે. એ બધા વિકલ્પથી રહિત કર્મગુણને કારણે પોતામાં કાર્ય થાય છે. આહાહા..! એ કાર્યની સિદ્ધિ એ પોતાનું કાર્ય છે. બાકી રાગની સિદ્ધિ ને પુણ્યના શુભભાવ અને બાહ્યની અનુકૂળતા, પૈસા, સ્ત્રી, કુટુંબ-પરિવારનું કાર્ય થઈ ગયું. ધૂળમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પણ તારી કાર્યસિદ્ધિ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? પાંચ-પચીસ લાખ મળ્યા તો આપણી કાર્યસિદ્ધિ થઈ ગઈ. ધૂળમાં પણ નથી. એય...! 'શાંતિભાઈ'!

મુમુક્ષુ :– ભગવાનની દયા છે.

ઉત્તર :– ભગવાનની દયા ક્યાં આવી ન્યાં? એમ કે પ્રભુની કૃપા હતી તો પૈસા મળ્યા તો આપણે ખર્ચીએ. ધૂળ પણ નથી, સાંભળને! કેટલાક એમ કહે છે કે, મહારાજની આ લાકડી ફરી (એટલે પૈસા થયા). એક લાકડી ચોરાઈ ગઈ. એક લાકડી પાછી હમણા ચોરાઈ ગઈ, બે ચોરાઈ ગઈ. એક 'સનાવદ' કે શું કહેવાય? 'સોનાસણ'માં એક ખોવાઈ ગઈ. હમણા એક પ્લાસ્ટીકની ધોળી હતી એ કો'ક લઈ ગયું. લાકડીમાં ધૂળ પણ નથી. આ તો હાથમાં પરસેવો થાય તો પરસેવો શાસ્ત્રને અડે તો અશાતના થાય છે. તેથી હાથમાં લાકડી રાખીએ છીએ. લાકડીમાં કાંઈ નથી, આ તો જડ છે. શું કહે છે?

મુમુક્ષુ :– લોકો ક્યાં માને છે?

ઉત્તર :– આહાહા..! ત્યાં પણ ચાલ્યું હતું, 'બેંગલોર'માં. 'બેંગલોર'માં 'ભભૂતમલ' પાસે બે કરોડ રૂપિયા છે ને? આ 'તખતમલ'ના ગામના. બે કરોડ રૂપિયામાંથી આઠ લાખ ખર્ચ્યા. 'બેંગલોર'માં મોટું દિગંબર મંદિર બનાવ્યું. લોકો જોવા આવે એવું. બાર લાખ રૂપિયાનું. અમે તો પ્રતિષ્ઠા વખતે હતા ત્યારે કામ કાચુ હતું, હવે સુધરી ગયું. એમાં એણે આઠ લાખ ખર્ચ્યા અને હું આઠ દિવસ રહ્યો. આઠ દિવસ તો શિક્ષણ શિબિર હતી. એમાં એણે રાકાવું પડ્યું. એની પાસે બે કરોડનું સ્ટીલ હતું. ધંધો બંધ થઈ ગયો. એમાં આઠ લાખ ખર્ચ્યા અને ચાલીસ લાખ આવ્યા. ચાલીસ લાખની પેદાશ થઈ. લોકો એમ કહે, જુઓ! ભાઈ! આહાહા..! એ તો પૂર્વના પુણ્યને કારણે ધૂળ મળે એમાં આત્માને શું?

મુમુક્ષુ :– લાકડીનો પ્રતાપ છે.

ઉત્તર :– લાકડીનો પ્રતાપ છે? આઠ લાખ ખર્ચ્યા એનો પણ પ્રતાપ નહિ. એ તો પરમાણુ એ જાતના પૂર્વના પુણ્ય હોય એમાં આવી જાય. તારામાં ક્યાં (આવે છે)? એ તારું કાર્ય ક્યાં છે? અહીંયા તો એમાં રાગ થાય એ પણ તારું કાર્ય નથી. આહાહા..! ભગવાન તારું કાર્ય તો નિર્મળ પર્યાય, વીતરાગી કાર્ય થવું એ તારું કાર્ય છે. આહાહા..! હવે અહીં પૂજા ને ભક્તિ.. ધમાલ દસ દિવસ કરે. એ રાગના કાર્ય તારા નહિ, એમ કહે છે. સમજાય છે કાંઈ? આહાહા..!

જ્ઞાનગુણમાં, દર્શનગુણમાં, ચારિત્રગુણમાં, આનંદમાં. આનંદગુણ આત્મામાં છે. અતીન્દ્રિય આનંદસ્વરૂપ પ્રભુ, અતીન્દ્રિય આનંદનો પ્રભુ આત્મા સાગર છે તો એમાં પણ કર્મ નામના ગુણનું રૂપ છે તે કારણે અતીન્દ્રિય આનંદનું પર્યાયમાં પ્રગટ થવું, આનંદની પર્યાય સુધરવી એ અતીન્દ્રિય આનંદમાં કર્મ નામના રૂપને કારણે સુધરે છે. બીજા ગુણને કારણે નહિ. આહાહા..! શું કહ્યું? જુઓ! શું આવ્યું? એમ કહે છે કે આત્મામાં આનંદની પર્યાય પ્રગટ થાય છે એ આનંદગુણમાં કર્મ નામનું રૂપ છે તે કારણે આનંદપર્યાય સુધરે છે, બીજા ગુણને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કારણે નહિ, બીજી પર્યાયને કારણે નહિ, રાગથી નહિ ને નિમિત્તથી નહિ. આહાહા..! આવો માર્ગ છે. 'રતનલાલજી'! આવો માર્ગ છે. વીતરાગમાર્ગ. આહાહા..! સમજાય છે કાંઈ? શું ચાલે છે? ૪૧ શક્તિ ચાલે છે.

શક્તિનો અર્થ ગુણ. આત્મામાં કર્મ નામનો એક ગુણ છે. એ ગુણને કર્મ કહ્યું. પણ કર્મનો અર્થ અરૂપી ગુણ છે. અરૂપી કર્મ નામનો એક ગુણ છે કે જે ગુણને કારણે વર્તમાનમાં નિર્મળ પર્યાય સુધરવી, નિર્મળ પર્યાયનું કાર્ય થવું, એ કર્મગુણનું કાર્ય છે. ક્રમવર્તી નિર્મળ.. નિર્મળ.. નિર્મળ.. નિર્મળ... નિર્મળ... નિર્મળ એ ક્રમવર્તી પર્યાયનું કારણ કર્મ નામનો ગુણ છે. આહાહા..! સમજાય છે કાંઈ? પહેલી પર્યાય અલ્પ હતી અને પછી શુદ્ધિ થઈ. પછી શુદ્ધિની વૃદ્ધિ થઈ. સંવરમાંથી નિર્જરાની વિશેષ શુદ્ધિ થઈ. નિર્જરાના ત્રણ પ્રકાર છે. એક, કર્મનું ખરી જવું એ તો જડ થયું. એક અશુદ્ધિનું ખરવું એ તો વ્યય થઈ ગયો. પણ શુદ્ધિની વૃદ્ધિ થઈ એને પણ નિર્જરા કહે છે. તો કહે છે કે એ શુદ્ધિની વૃદ્ધિનું કાર્ય આ કર્મ નામની શક્તિ છે તો (થાય છે). રાગની નિર્જરા, અશુદ્ધતાની નિર્જરા, એમાં જે શુદ્ધિની વૃદ્ધિ થઈ એ આ કર્મ નામના ગુણને કારણે છે. આહાહા..! પૂર્વે પર્યાય નિર્મળ હતી માટે બીજે સમયે વૃદ્ધિ થઈ એમ પણ નહિ. આહાહા..! સમજાય છે કાંઈ?

પૂર્વે મોક્ષમાર્ગની પર્યાય હતી તો ત્યાં મોક્ષ એટલે કેવળજ્ઞાનની પર્યાય થઈ એમ પણ નથી. ફક્ત એ કેવળજ્ઞાનની પર્યાય, જ્ઞાનગુણમાં કર્મનું રૂપ છે તે કારણે કેવળજ્ઞાનની પર્યાય, સ્વતંત્ર કાર્ય સુધરતા કેવળજ્ઞાનનું કાર્ય સુધરે છે. આહાહા..! પોતાની પર્યાય સુધરે છે તો એ કારણ છે. 'સુજાનમલજી'! ક્યાંય છે જ નહિ, શ્વેતાંબરમાં તો નામ પણ ન મળે.

મુમુક્ષુ :- મગજ કામ કરતું નથી, કાંઈ યાદ રહેતું નથી.

ઉત્તર :- હળવે હળવે તો કહીએ છીએ, ભાઈ!

મુમુક્ષુ :- આપ તો ઊંડે ઊંડે ઉતરો છો.

ઉત્તર :- આ માર્ગ ઊંડો છે ને! ઊંડે. ભગવાન! ધ્રુવ સ્વરૂપ એમાં આ કર્મ નામનો ગુણ છે એ પણ ધ્રુવ સ્વરૂપ છે. પણ તે કર્મ નામના ગુણનું કાર્ય શું? એ કર્મ એટલે કાર્યનો ગુણ છે એનું કાર્ય શું? પર્યાયમાં, હોં! આહાહા..! નિર્મળ સમ્યગ્દર્શન, નિર્મળ સમ્યગ્જ્ઞાન, અતીન્દ્રિય આનંદનું વેદન એ બધું નિર્મળ કર્મ નામની શક્તિને કારણે કાર્ય છે. આહાહા..! વાત તો એટલી સમાવી છે! ઘણી.

કર્મ નામની શક્તિ અનંતગુણમાં વ્યાપક છે. અને કર્મ નામની શક્તિ અનંતગુણમાં નિમિત્ત છે. કર્મ નામની શક્તિ, એની ક્રમવર્તી નિર્મળ પર્યાય અને એ સર્વ શક્તિનો સમુદાય બન્ને મળીને આત્મા છે. આહાહા...! અહીં તો પર્યાયસહિત-નિર્મળ પર્યાયસહિતને આત્મા ગણવામાં આવ્યો છે. 'નિયમસાર' ૩૮ ગાથામાં લીધું છે, ત્યાં તો પર્યાય વિનાના ત્રિકાળી આત્માને આત્મા કહ્યો છે. પણ ત્રિકાળી આત્માને આત્મા કહ્યો એ ત્રિકાળી જેને જાણવામાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આવ્યો તેને ત્રિકાળી આત્મા છે. એ પરિણમન સાથે લેવો છે. આહાહા..! ઇ શું કહ્યું? ત્યાં તો ત્રિકાળી દ્રવ્ય સ્વભાવને ત્રિકાળી આત્મા કહ્યો. 'નિયમસાર' ૩૮ ગાથા. અહીંયા તો એ ત્રિકાળી સ્વરૂપ છે એ સ્વરૂપની અસ્તિનો સ્વીકાર નિર્મળ પર્યાયમાં થયો તો એ નિર્મળ પર્યાય સહિત અને ગુણ સહિતને આત્મા કહે છે. એકલું છે.. છે (એમ નહિ), આ તો પર્યાયમાં તેની કબુલાત આવી અને પર્યાયમાં નિર્મળતા થઈ, એ નિર્મળતાની ક્રમવર્તી પર્યાય અને ગુણ અક્રમ એકસાથે, બેનો સમુદાય તે આત્મા છે. આવી વાતું હવે ઉપદેશમાં ક્યાંય (સાંભળવા મળે નહિ). પેલા કહે, વ્રત કરો, અપવાસ કરો, તપસ્યા કરો ને દયા પાળો. આહા..! મરી ગયો કરીને, સાંભળને હવે. એ તો રાગની ક્રિયા છે. જે એના ગુણમાં પણ નથી અને એની પર્યાયમાં પણ નથી. રાગની ક્રિયા તો એની પર્યાયમાં પણ નથી. દ્રવ્યની પર્યાય એને કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? પછી લોકો એમ કહે કે, સોનગઢવાળાએ નવો ધર્મ કાઢ્યો. પણ આ શું કહે છે? આ સોનગઢનું પુસ્તક છે? એક એક શક્તિમાં કેટલું ભર્યું છે! આહાહા..! સમજાય છે કાંઈ?

**'પ્રાપ્ત કરાતો..'** પ્રાપ્ત કરતો, કાર્યને પ્રાપ્ત કરાતો **'જે સિદ્ધરૂપ ભાવ...'** જે ચોક્કસરૂપ ભાવ **'તે-મયી કર્મશક્તિ.'** આહાહા..! હવે એની મેળાએ વાંચે તો કાંઈ ખબર પડે એવું નથી. 'નૌતમભાઈ'! આટલા શબ્દોમાં આટલું બધું ભર્યું છે. કેટલું ભર્યું છે! બધું ખોલવા જઈએ તો કલાકના કલાક જાય. આહાહા..! સમજાય છે કાંઈ? એકએક શક્તિ પારિણામિકભાવે છે અને એનું કાર્ય જે છે તે ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિકભાવે છે. આહાહા..! અને જે ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિકભાવે કાર્ય છે, ઉદયભાવે નથી. આહાહા..! દ્રવ્ય અને દ્રવ્યના ગુણ, એનું જે કાર્ય છે, તો નિર્મળ છે. ઉદયભાવ એનું કાર્ય છે જ નહિ. આહાહા..! એ તો પર્યાયની યોગ્યતાથી ઉદય છે.

અહીં તો દ્રવ્યદૃષ્ટિમાં કર્મ નામના ગુણને કારણે અથવા ષટ્કારકની નિર્મળ પર્યાયના અભાવરૂપ ભાવમયી શક્તિને કારણે નિર્મળ પર્યાય એનું કાર્ય છે. આહાહા..! એ વ્યવહાર રત્નત્રયનું કાર્ય નહિ, કેમ કે વ્યવહાર રત્નત્રયમાં આ કર્મ નામનો ગુણ નથી. સમજાય છે કાંઈ? અને પૂર્વની પર્યાયમાં પણ આ રત્નત્રયગુણ નથી. આહાહા..! પૂર્વ પર્યાય નિર્મળ હતી તો વિશેષ શુદ્ધિની વૃદ્ધિ થઈ એમ પણ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? અજાણ્યાને તો એમ લાગે, આ શું કહે છે? કાંઈ ધર્મની ખબર ન મળે. સંસારની મજૂરી કરી કરીને મરી ગયા. એમાં બે-પાંચ કરોડ રૂપિયા મળે એટલે જાણે.. ઓહોહો..! ધૂળમાં પણ કાંઈ નથી, સાંભળને! તારી બાદશાહી અંદર પડી છે એ બાદશાહીની ખબર નથી. ભિખારી આનંદને ન જોતા અહીંથી મળશે, અહીંથી મળશે. ચક્રવર્તી ભિખારી થઈને ફરે છે. આહા..! ચૈતન્ય ચક્રવર્તી, જેમાં અનંતગુણના ચક્ર પડ્યા છે. આહાહા..!

મુમુક્ષુ :– નિર્વિકારી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉત્તર :– નિર્વિકારી. વિકારી પર્યાયનો ભિખારી થયો. ભિક્ષા માગે છે, મને પૈસામાંથી સુખ મળે, ધૂળમાંથી મળે, સ્ત્રીમાંથી મળે, સારો છોકરો પેદા કરનાર હોંશિયારમાંથી મળે. ધૂળ પણ નથી, ભિખારી! ભિખારો છે, રાંકો રાંક છે. આહાહા..!

બાદશાહ તો ભગવાન અંદર બિરાજે છે એમાં બાદશાહી શક્તિ પડી છે. એ શક્તિનું પરિણમન થાય એ બાદશાહી છે. સમજાય છે કાંઈ? છે એમાંથી પ્રાપ્ત થાય એ બાદશાહી છે. રાગમાં એ કોઈ ચીજ છે? સુખની પર્યાય, જ્ઞાનની પર્યાય, આનંદની પર્યાય રાગમાં છે તો ત્યાંથી પ્રાપ્ત થાય? આહાહા..! આકુળતા, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના ભાવ આકુળતા છે. ભાઈ! આકુળતામાં આ કર્મ નામનો ગુણ નથી અને કર્મ નામની પર્યાય પણ નથી. આહાહા..! એ તો પર્યાયમાં અધ્ધરથી ઉત્પન્ન થયેલો વિકૃત ભાવ છે. અને એનાથી રહિત થવું એ ભાવમયીશક્તિ છે. એનો ગુણ એવો છે, આત્માનો ગુણ એવો છે કે વિકારના ભાવથી રહિત થવું એ એનો ગુણ છે. વિકાર કરવો એવો કોઈ ગુણ આત્મામાં ત્રિકાળમાં નથી. સમજાય છે કાંઈ? આહાહા..! જુઓ! આ વાત. આહા..!

સમયસાર–આત્માનો સાર. સમયસારનો અર્થ ઇ–દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મથી રહિત એ સમયસાર. આહાહા..! એ સમયસાર કઈ રીતે પ્રગટે? આહાહા..! કે પોતામાં સાર–કસ–શક્તિ પડી છે. એ શક્તિનો ધરનાર આત્મા, એની દૃષ્ટિ કરવાથી એ શક્તિનું કાર્ય સુધરે છે. અનાદિકાળથી પર્યાયમાં બગાડતો આવ્યો છે. આહાહા..! રાગ ને વિકલ્પ ને શુભ ને.. આહાહા..! એ કાર્ય તારું નહિ, પ્રભુ! એ દ્રવ્ય-ગુણનું કાર્ય નહિ. આહાહા..! રાગાદિ શુભભાવ એ કોઈ તારા ગુણનું કે દ્રવ્યનું કાર્ય નહિ. આ ગજબ વાત છે!

જેમ આઠ કર્મની પર્યાય પુદ્‌ગલમાં થાય છે તો પુદ્‌ગલમાં કોઈ ગુણ નથી કે જે આઠ કર્મની પર્યાયરૂપે પુદ્‌ગલ પરિણમે. કોઈ ગુણ નથી. સમજાય છે કાંઈ? પુદ્‌ગલમાં એવો કોઈ ગુણ નથી કે એ પર્યાય થઈ માટે કોઈ ગુણની પર્યાય છે. આહાહા..! પરમાણુમાં પણ કર્મરૂપી પર્યાય થવાનો કોઈ ગુણ નથી. કર્મરૂપી પર્યાય અદ્ધરથી વિભાવ મલિનતા ઉત્પન્ન થાય છે. આહાહા..!

એમ ભગવાનમાં–ભગવાનઆત્મામાં વિકાર થવો, વિકાર કરવો એવી કોઈ શક્તિ–ગુણ નથી. આહાહા..! એનો ગુણ તો વિભાવરૂપે નહિ પરિણમવો એવો ગુણ છે. આહાહા..! અરે..! હજી તો તત્ત્વ શું છે? તત્ત્વની શક્તિ શું છે? અને શક્તિની પર્યાય–કાર્ય કઈ રીતે થાય છે, એની ખબર નથી અને એને ધર્મ થઈ જાય! પૈસા-બૈસાથી ધર્મ થતો નથી, 'હીરાલાલજી'! એણે લાખ રૂપિયા આપ્યા છે, લ્યો! સત્ સાહિત્યમાં. 'શાંતિભાઈ'ના ભાઈએ લાખ આપ્યા અને એણે એંસી હજાર આપ્યા છે. બન્ને સાથે બેઠા છે. 'ભાવનગર'. સત્ સાહિત્ય. સત્ સાહિત્ય છે ને? તો એંસી હજાર આ ભાઈએ આપ્યા છે, આણે એક લાખ આપ્યા છે. એમાં કોઈ ધર્મ છે કે નહિ? એમાં શ્રદ્ધા છે, એ રૂપ નહિ પરિણમવું એવો એનો ગુણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. આહાહા..! શુભભાવ થયો.. આહાહા..! વ્રતનો, તપનો, ભક્તિનો, પૂજાનો.. આ શું કહેવાય? પડિમાનો. એ જે વિકલ્પ છે એ વિકાર છે, એ રૂપ નહિ પરિણમવું એ એનો ગુણ છે. વિકારરૂપે પરિણમવું એવો કોઈ ગુણ તારામાં નથી, પ્રભુ! આહાહા..! અરે..રે..! ઘરની ખબરું ન મળે. અને પરઘરના આચરણમાં સ્વઘરના આચરણ છે એમ માની લે છે. આહાહા..!

વીર્ય નામનો આત્મામાં ગુણ છે. એમાં પણ કર્મગુણનું રૂપ છે. તો વીર્યની પર્યાય નિર્મળ થાય, નિર્મળ પુરુષાર્થ થાય એ વીર્યનું કાર્ય છે. બીજી રીતે કહીએ તો વીર્યનું કાર્ય સ્વરૂપની રચના કરવી. મૂળમાં એ આવ્યું હતું. આત્મામાં બળ છે, બળ છે. વીર્ય–બળ છે. એનું કાર્ય સ્વરૂપની રચના કરવી. વીતરાગી આનંદ ને જ્ઞાનાદિની રચના કરવી એ વીર્યનું કાર્ય છે. રાગની, વ્યવહારની રચના કરવી એ વીર્યનું કાર્ય છે જ નહિ. આહાહા..! મોટો માર્ગ છે, ભાઈ! હજી ખબરું ન મળે કે કઈ શ્રદ્ધાને શ્રદ્ધા કહેવી, ક્યા જ્ઞાનને જ્ઞાન કહેવું એની એને ખબરું ન મળે. આહાહા..! સમજાય છે કાંઈ? 'વિદ્યાનંદજી' અને 'ધર્મસાગરજી' સાથે 'જિનેશ્વરદાસજી'ને ચર્ચા થઈ હતી. એ કહે, વ્યવહાર સમકિત એ સમકિત છે. બસ! આહાહા..! 'ધર્મસાગર'. એ હવે 'શાંતિસાગર' ની પાટે આવ્યા છે. મૂળ ખબર નથી. અત્યારે એ વાત (ચાલતી નથી).

ભગવાન ત્રણલોકનો નાથ આનંદકંદ પ્રભુ, એમાં એવી શક્તિ છે કે વિકારરૂપ ન થવું પણ વિકાર છે એનાથી રહિત થવું એવો ગુણ એમાં છે. એને ઠેકાણે એકલા વ્રત ને તપ ને ભક્તિ ને પડિમા લઈને અમને ધર્મ થઈ ગયો માન્યું તો એ મિથ્યાશલ્ય છે, મિથ્યાદૃષ્ટિ છે, જૂઠી દૃષ્ટિ છે. આહાહા..!

મુમુક્ષુ :– જૂઠી કહો ત્યાં સુધી વાંધો નહિ પણ મિથ્યા કહો છો.

ઉત્તર :– મિથ્યા કહો કે જૂઠી કહો (એક જ છે). સમ્યગ્દર્શન કહો કે સત્ય કહો, સત્યદૃષ્ટિ કહો. મિથ્યાદૃષ્ટિ કહો કે જૂઠી દૃષ્ટિ કહો. આહાહા..! સમજાય છે કાંઈ? લ્યો, આ 'સુમનભાઈ'ને માસિક આઠ હજારનો પગાર છે. બુદ્ધિને લઈને હશે? અને એ આઠ હજાર મળતા એને લઈને એ સુખી છે? ધૂળને લઈને સુખી નથી. એ આઠ હજાર મળ્યા એવો વિકલ્પ ઉઠ્યો એ દુઃખરૂપ છે.

મુમુક્ષુ :–

ઉત્તર :– બધી આકુળતા છે. આનું આમ કરવું, આનું આમ કરવું, આમ કરવું. વડીલો કહે એ પ્રમાણે કામ કરવું. આહાહા..! આકુળતાની પીંજણી છે. પીંજણી સમજો છો? રૂને પીંજે છે ને? એક પુણી પૂરી થાય તો બીજી પુણી સાંધી દે. પુણી હોય ને રૂની? પૂરી થાય તો બીજી પુણી સાંધી દે. એમ એક આકુળતા પૂરી થાય ત્યાં બીજી આકુળતા, બીજી પૂરી થાય ત્યાં ત્રીજી આકુળતા. આકુળતાની પીંજણ કરે છે. એ કોઈ આત્માનો ગુણ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? ઓહો..! બહુ છે, ઘણું ભર્યું છે.

એક તો એ કે કર્મ નામના ગુણને કારણે પોતાનું નિર્મળ કાર્ય સુધરે છે તે પણ એની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સમયની ઉત્પત્તિનો જન્મકાળ છે. આહાહા..! એ શુદ્ધ સમકિતદર્શન, જ્ઞાનાદિ ઉત્પન્ન થયા એ એનો જન્મક્ષણ હતો. ઉત્પત્તિનો કાળ હતો. એ ગુણને કારણે કહેવું એ પણ વ્યવહાર છે. આહાહા..! ગુણ કારણ અને પર્યાય કાર્ય એ પણ ઉપચાર કથન વ્યવહારનું છે. આહાહા..! આવી વાત. એને હજી વ્યવહાર કહીએ ત્યાં પેલા રાગને વ્યવહાર કહીને નિશ્ચય થાય, ક્યાં પ્રભુ, બાપુ! તારા રખડવાના રસ્તા નહિ મટે. આહાહા..! અરે..! નરક ને નિગોદ જઈને વસ્યો. આહાહા..!

મુમુક્ષુ :- આ રહસ્ય આપની સિવાય કોણ ખોલે?

ઉત્તર :- વસ્તુસ્થિતિ એવી છે. ભાઈ! નિગોદમાં જઈ એક શરીરમાં અનંત આત્મા, આયુષ્ય ભેગું. આહાહા..! વસ્તુ જુદી. પર્યાય એની જુદી. આહાહા..! અરે..! ત્યાં રહેતા તારો અનંતકાળ ગયો, પ્રભુ! આહાહા..! માતાના ઉદરમાં પણ પ્રભુ તો એમ કહે છે, પ્રભુ! માતાના ઉદરમાં બાર બાર વર્ષ રહ્યો. સવા મહિને સાધારણ જન્મ છે. પણ શાસ્ત્ર તો એમ કહે છે, કોઈને સ્ત્રીના પેટમાં રહી જાય છોડ તો બાર વર્ષ સુધી રહે. બાર વર્ષ પછી જન્મે. આહાહા..! એ ઊંધે માથે શ્વાસ લે નહિ, ચારે કોર કફ.. આહાહા..! અહીં શ્વાસમાં જરીક હવા બગડે તો, બારી ખુલ્લી ન હોય તો કહે, ખુલ્લી બારી કરો, ખુલ્લી કરો. હવે ન્યાં ખુલ્લું શું કરે? આહાહા..! ભાઈ! તેં બાર બાર વર્ષ માતાના પેટમાં એકવાર (કાઢ્યા), અને બીજી વાત તો પ્રભુ એમ કહે છે, કદાચિત્ બાર વર્ષે જન્મ્યો, ફરીને બાર વર્ષ ત્યાં રહે. એની માતાના પેટમાં કાં બીજી માતાના પેટમાં. એકસાથે ચોવીસ વર્ષની કાયસ્થિતિ છે. ગર્ભની ચોવીસ વર્ષ કાયસ્થિતિ છે. આહાહા..! એવી ચોવીસ વર્ષની કાયસ્થિતિ એકસાથે ગાળી, એમ અનંતવાર ગાળી છે, નાથ! આહાહા..! એ દુઃખની મુક્ત થવું હોય તો તારા દ્રવ્યસ્વભાવમાં શક્તિ પડી છે તેની સંભાળ કર. સમજાય છે કાંઈ? બીજી સંભાળ રાખે છે એ કરતાં શક્તિની સંભાળ કર. એ શક્તિ મારી છે, એની રક્ષા કર. આહાહા..! દ્રવ્યની રક્ષા કર. મારું દ્રવ્ય શુદ્ધ ચિદાનંદ જ્ઞાયક છે. આહાહા..! હું તો અતીન્દ્રિય આનંદનો સાગર છું. એમ છે, એવી પ્રતીતિ કર એ રક્ષા કરી. છે એમ નહિ માનવું એણે હિંસા કરી. આહાહા..! સમજાય છે કાંઈ? આહા..! બહુ ભર્યું છે આમાં તો. આહા..!

**'પ્રાપ્ત કરાતો...'** આહાહા..! નિર્મળ ભાવ પ્રાપ્ત થાય છે એ સિદ્ધરૂપ-ચોક્કસરૂપ ભાવ તે-મયી કર્મશક્તિ છે. હવે ક્યાં કર્મ જડ અને ક્યાં કર્મશક્તિ ગુણ!

મુમુક્ષુ :- આવો ગુણ તો છએ દ્રવ્યમાં છે.

ઉત્તર :- છએ દ્રવ્યમાં છે, દરેકમાં છે. આહાહા.! એ કારણે નિર્મળ પર્યાયરૂપી કાર્ય (થાય છે). તારો સુધાર ને સુધારનું થવું હોય તો એ દ્રવ્ય ઉપર દૃષ્ટિ દેવાથી દ્રવ્યમાં આ કર્મ નામનો ગુણ છે એ કારણે તારી પર્યાય સુધરશે. ત્યારે તું સુધારક થયો, નહિતર બગાડનાર છો. આહાહા..! વિશેષ કહેશે.. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## પ્રવચન નં. ૩૭ શક્તિ–૪૨, ૪૩ શુક્રવાર, ભાદરવા સુદ ૪, તા. ૧૬-૦૯-૧૯૭૭

છે ને? **'પ્રાપ્ત કરાતો...'** આ તો ગંભીર મંત્ર છે. વર્તમાન પર્યાયમાં નિર્મળ પર્યાય પ્રાપ્ત થાય છે, પ્રાપ્ત કરાય છે તે સિદ્ધરૂપ ભાવ. વર્તમાન જે નિર્મળ પરિણતિ છે તે રૂપ ભાવ. સિદ્ધરૂપ ભાવ એટલે એ પરિણતિરૂપ ભાવ. ઝીણો વિષય છે. સિદ્ધ એટલે સિદ્ધ (ભગવાન) નહિ. સિદ્ધ એટલે થનારો. એને અહીંયા સિદ્ધ કહે છે. થવાવાળો જે વર્તમાન ભાવ તેનું નામ સિદ્ધ. સિદ્ધ એટલે સિદ્ધપર્યાય નહિ. આહાહા..! સમજાય છે કાંઈ?

**'પ્રાપ્ત કરાતો એવો જે સિદ્ધરૂપ...'** ચોક્કસરૂપ ભાવ. નિર્વિકારી સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર, આનંદ આદિ અનેકગુણની નિર્મળ પર્યાય પ્રાપ્ત કરાય છે એવો જે ભાવ **'તે-મયી કર્મશક્તિ.'** એ કર્મશક્તિને કારણે અને કર્મશક્તિનું અનંતગુણમાં રૂપને કારણે. એક એક ગુણ પોતાના નિર્મળ પર્યાયને પ્રાપ્ત કરે એ કર્મના રૂપનું સ્વરૂપ છે. અને કર્મશક્તિનું સ્વરૂપ પણ નિર્મળ પર્યાય પ્રાપ્ત કરે એ કર્મશક્તિનું સ્વયં કાર્ય છે. આહાહા..! આવી વાત છે. આમાં વાંચે તો કાંઈ સમજાય એવું નથી. કાલે તો એક કલાક ચાલી ગઈ. આજે તો હવે આપણે કર્તૃત્વ લેવી છે. સમજાય છે કાંઈ?

**भवत्तारूपसिद्धरूपभावभावकत्वमयी कर्तृशक्तिः ४२।**
**થવાપણારૂપ અને સિદ્ધરૂપ ભાવના ભાવકપણામયી કર્તૃશક્તિ. ૪૨.**

જ્ઞાયકરૂપભાવ તેમાં કર્તૃત્વ નામનો એક ગુણ–શક્તિ છે. આહા..! એ કર્તૃત્વગુણને કારણે વર્તમાનમાં ભાવકપણામયી ભાવ–જે ભાવ... આવ્યું? **'થવાપણારૂપ અને સિદ્ધરૂપ ભાવ...'** સિદ્ધ એટલે વર્તમાન ચોક્કસ ભાવ. એ ભાવના **'ભાવકપણામયી...'** ભાવના કરવાપણામયી. ભાવના કર્તા, ક એટલે કરવાપણામયી કર્તૃત્વશક્તિ. આટલો તો શબ્દાર્થ થયો. સમજાય છે કાંઈ? આ શક્તિ દ્રવ્યસ્વભાવમાં પડી છે. તો દ્રવ્ય સ્વભાવને જેણે દૃષ્ટિમાં લીધો તેને આ કર્તૃત્વશક્તિને કારણે.. સીધી કર્તૃત્વશક્તિ પરિણમતી નથી. પણ કર્તૃત્વશક્તિ જેના આશ્રયે છે એવું દ્રવ્ય, એ દ્રવ્યનું પરિણમન થાય છે તો વર્તમાન જે સિદ્ધ–ચોક્કસરૂપ નિર્મળ પર્યાયભાવ, તે તે સમયની નિર્મળ પર્યાય, વીતરાગી સમ્યગ્દર્શન, જ્ઞાન આદિ. જ્ઞાનના પરિણામરૂપી ભાવ. એ કર્તૃત્વમાં પણ કર્તૃત્વનું રૂપ હોવાથી જ્ઞાનની વર્તમાન નિર્મળ પર્યાયના ભાવનું કર્તૃત્વ, એવી શક્તિ જ્ઞાનગુણમાં કર્તૃત્વ એટલે રૂપ છે. સવાર કરતાં ઝીણું પડે. સમજાય છે કાંઈ? ગમે તેટલી ભાષા સાદી કરે પણ જે વસ્તુ હોય એ આવે. આહાહા..!

**'થવાપણારૂપ...'** વર્તમાનમાં વીતરાગી પર્યાય, ગુણની નિર્મળ પર્યાય થવાપણારૂપ **'અને**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**સિદ્ધરૂપ...**' જે થવાવાળી છે તે ચોક્કસ છે. એ પર્યાય એ સમયે થવાની સિદ્ધરૂપ. '**ભાવના ભાવકપણામયી...**' એવો જે વર્તમાન ભાવ, તેના ભાવકમયી, એ ભાવના કર્તૃત્વમયી, એ ભાવના કર્તાપણામયી, કર્તૃત્વશક્તિ છે.

મુમુક્ષુ :–

ઉત્તર :– વર્તમાન પર્યાયરૂપ. થવાપણારૂપમાં વર્તમાન પર્યાય નિર્મળ થવારૂપ. એ ભાવના ભાવકમયી, એ ભાવની કરવાવાળી કર્તૃત્વશક્તિ છે.

મુમુક્ષુ :–

ઉત્તર :– અહીંયા સિદ્ધની વાત નથી. પહેલું કીધું ને? સિદ્ધ શબ્દ અહીંયા ન લેવો, સિદ્ધ પર્યાય ન લેવી. સિદ્ધ–ચોક્કસ પર્યાય એનું નામ સિદ્ધ. એ તો પહેલા કહ્યું હતું, કાલે પણ કહ્યું હતું. ધ્યાન રાખે તો (સમજાય એવું છે). કાલે પણ કહ્યું હતું. પ્રાપ્ત કરાતો સિદ્ધરૂપ ભાવ. કર્મશક્તિમાં. સિદ્ધ એટલે સિદ્ધ પર્યાય નહિ. સિદ્ધ પર્યાય પણ આવી જાય છે પણ એકલી સિદ્ધ પર્યાય નહિ. આહાહા..! વર્તમાનમાં થવાપણારૂપ સિદ્ધરૂપ, વર્તમાન જે પર્યાય તે કાળે નિર્મળ થવાની છે તે ચોક્કસરૂપ, તે ભાવના ભાવકપણામયી, એ ભાવના ભાવનું કરવાપણામયી. આહાહા..! આવી વાત છે. કર્તૃત્વશક્તિ આત્મામાં છે. સમજાય છે કાંઈ? આહાહા..!

એક સહેલી ભાષા બેનના (પુસ્તકમાં) જોઈએ. સોમું પાનું છે. બહુ સાદી દેશી ભાષા. ગુજરાતી છે, તમે હિન્દી સમજી લેજો. '**જાગતો જીવ ઉભો છે.**' એમ કહ્યું છે. જરૂર પ્રાપ્ત થશે. શું કહ્યું? જાગતો એટલે જ્ઞાયકભાવ.. જ્ઞાયકભાવ ત્રિકાળી જાગતો એટલે જ્ઞાયકભાવ, એ જાગતો જીવ ઉભો છે ને! ધ્રુવ છે ને! આ ભાષા. આહાહા..! શું કહ્યું? સમજાય છે કાંઈ? આમ જ્ઞાયકભાવ છે એમ કહેવું. જ્ઞાયક જ્ઞાયક જાગૃત સ્વભાવભાવ. ત્રિકાળી જ્ઞાયક જાગૃત સ્વભાવભાવ. એવા જાગૃતસ્વભાવમયી જીવ ઉભો છે ને! ઉભો એટલે છે ને! ત્રિકાળ છે કે નહિ? સમજાય છે કાંઈ? બહુ સાદી ભાષા. આ પુસ્તકના તો ઘણી જાતના પુસ્તકો થાશે એમ લાગે છે. મરાઠી થાશે, કન્નડી થાશે, હિન્દી થાય છે. પેલા ભાઈ હતા ને? 'ગુણુભાઈ' હતા એ આજે ગયા. એ કહેતા હતા, કન્નડીમાં આનું કરવું પડશે. અરે..! સાંભળે તો ખરા. શું કહ્યું? છે? સોમે પાને છે. તમારી હિન્દી ભાષા પછી, પહેલા ગુજરાતી.

'**જાગતો જીવ ઊભો છે...**' અર્થાત્ જ્ઞાયકભાવ ટકતો છે ને! આહાહા..! સમજાય છે કાંઈ? જાણકસ્વભાવભાવ ઉભો છે ને! ઉભો એટલે ધ્રુવ છે ને! આહાહા..! તે તરફ નજર કરતાં જરૂર પ્રાપ્ત થશે. સમજાય છે કાંઈ? ભાષા સમજાણી કે નહિ? જાગૃત સ્વભાવ જ્ઞાયકભાવ. હિન્દી તો સાથે આવે છે. જાગૃતભાવ નામ જ્ઞાનભાવ, જ્ઞાયકભાવ, સ્વભાવભાવ, ત્રિકાળી જ્ઞાયકભાવ એ જાગતો ભાવ. એ જીવ, જાગૃત ભાવરૂપી જીવ ઉભો છે ને! ત્રિકાળી ટકતું તત્ત્વ છે ને! સમજાય છે કાંઈ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જાગૃત સ્વભાવમયી એટલે જ્ઞાયક સ્વભાવમયી. આહાહા..! જેને છઠ્ઠી ગાથામાં જ્ઞાયક કહ્યો. **'ण वि होदि अप्पमत्तो ण पमत्तो जाणगो दु जो भावो।'** જ્ઞાયકભાવ પ્રજ્ઞાબ્રહ્મ સ્વરૂપ ભગવાન, જાગૃત સ્વભાવનો શક્તિવાન. છે. ઉભો એટલે છે. આહાહા..! છે, જાગૃત સ્વભાવરૂપી ભાવ કાયમી છે. તેના ઉપર દૃષ્ટિ દેવાથી જરૂર પ્રાપ્ત થશે. એ આ સિદ્ધરૂપ ભાવ. જે વસ્તુમાં શક્તિ છે. કર્તૃત્વશક્તિ જાગૃતભાવરૂપી જ્ઞાયકભાવ. એમાં કર્તૃત્વશક્તિ છે એ પણ ધ્રુવ છે. જ્ઞાયકભાવ જાગૃતસ્વભાવ એવો જીવ જે ધ્રુવ છે એમાં કર્તૃત્વશક્તિ પણ ધ્રુવ પડી છે. સમજાય છે કાંઈ? એ જ્ઞાયકભાવની દૃષ્ટિ કરવાથી કર્તૃત્વશક્તિનું પણ દરેક ગુણમાં રૂપ છે તો વર્તમાનમાં નિર્મળ પર્યાય ભાવને કરવાવાળી કર્તૃત્વશક્તિને કારણે વર્તમાન નિર્મળ ભાવ થશે. જ્ઞાનના નિર્મળ ભાવમાં જ્ઞાન કર્તા છે.

કર્તૃત્વશક્તિ છે તો જ્ઞાનગુણમાં પણ (એનું રૂપ છે). જ્ઞાયક તો ત્રિકાળ, પણ એમાં જે જ્ઞાનગુણ છે એમાં એક કર્તૃત્વનું રૂપ છે. જ્ઞાનગુણને કારણે કર્તૃત્વ ગુણ સહિત હોવાથી કર્તૃત્વગુણનું સીધું પરિણમન નહિ, પણ એ કર્તૃત્વને ધરનાર જ્ઞાયકભાવ છે એવા જ્ઞાયકભાવનું પરિણમન થવાથી કર્તૃત્વશક્તિનું પરિણમન પણ સાથે થાય છે. તો શું થાય છે? કે નિર્મળ આત્મધર્મની શાંતિ, વીતરાગતા, સ્વચ્છતા, જ્ઞાનમાં જ્ઞાનના નિર્મળ પરિણામનું કર્તૃત્વશક્તિને કારણે નિર્મળ પરિણામનું કાર્ય થાય છે. આહાહા..! 'શાંતિભાઈ'! બહુ ધ્યાન રાખવા જેવું છે, બાપા! ગંભીર શક્તિ. ઓહોહો..! ગજબ કામ કર્યું છે.

જ્ઞાયકભાવ જાગૃત સ્વભાવભાવ, એવો જીવ પ્રભુ, એમાં કર્તૃત્વ નામની શક્તિ એટલે ગુણ છે. એ પણ જ્ઞાયકભાવમાં કર્તૃત્વગુણ ધ્રુવ છે પણ એ કર્તૃત્વગુણ અને જ્ઞાયકભાવની જ્યાં પ્રતીતિ થઈ તો પર્યાયમાં જ્ઞાનગુણની નિર્મળતાના ભાવની કર્તા કર્તૃત્વશક્તિ છે. એ કારણે નિર્મળ પર્યાય પ્રગટ થાય છે. કોઈ કર્મનો અભાવ થયો માટે નિર્મળ પર્યાય થાય છે કે પૂર્વ પર્યાય હતી તો નિર્મળ પર્યાય વર્તમાનમાં સિદ્ધ થઈ (એમ નથી), માટે સિદ્ધ કહ્યું. વર્તમાનમાં નિર્મળ પર્યાયરૂપી પ્રાપ્તિ થઈ તે અંદર કર્તૃત્વશક્તિને કારણે જ્ઞાનના વર્તમાન નિર્મળ પરિણામની પ્રાપ્તિ (થાય છે). મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય, કેવળ. એ પ્રાપ્તિનું કારણ કર્તૃત્વશક્તિ છે. આવી વાતું હવે કોઈ દિ' સાંભળી ન હોય, ધ્યાન આપે નહિ. બીડી માટે તો બહુ જાતા હતા. સાયકલ ફરે ગામે ગામ. તો આ પણ જ્યાં હોય ત્યાં જાવું જોઈએ ને! હોય ત્યાં જાવું એટલે શું? આ આત્મા જે છે..

જ્ઞાયકભાવથી ભરેલો જાગતી જ્યોત જે ભગવાનઆત્મા, આહાહા..! પુણ્ય ને પાપ આદિ તો અંધારા છે. એ અંધારું સ્વભાવમાં નથી. એ સ્વભાવમાં કર્તૃત્વ નામની શક્તિ એટલે કર્તૃત્વ ગુણ છે. જે ગુણને કારણે જ્ઞાનની વર્તમાન નિર્મળ પર્યાય જે સિદ્ધ એટલે જે થવાવાળી છે, તેનો કર્તા આ કર્તૃત્વશક્તિ છે. સમજાય છે કાંઈ? નિશ્ચયથી તો કર્તૃત્વશક્તિ ન લો તો એ દ્રવ્ય એ નિર્મળ પર્યાયનો કર્તા છે. આહાહા..! આ બધા ઝઘડા છે ને! વ્યવહારથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



થાય ને નિમિત્તથી થાય ને.. આહાહા..! અને પૂર્વે નિર્મળ પર્યાય હતી તો પછી નિર્મળ પર્યાય થશે, એ અહીં કાઢી નાખે છે.

અહીંયા તો વર્તમાન જ્ઞાનની, જે સમ્યગ્જ્ઞાનની પર્યાય, મતિ-શ્રુતની પર્યાય કે કેવળજ્ઞાનની પર્યાય, તે તે કાળે થવાની જે પર્યાય છે.. આહાહા..! તે તે પર્યાયરૂપી ભાવ, તેના ભાવકપણામયી, તે ભાવનો ભાવકર્તાપણામયી આત્મામાં કર્તૃત્વશક્તિ છે. થોડા શબ્દમાં આટલું ભર્યું છે. આહાહા..! પ્રભુ! તારી ઋદ્ધિ તો જો! તારી સમૃદ્ધિની સંપદા તો જો! આહાહા..! તારામાં એક કર્તૃત્વ નામની શક્તિ સંપદા પડી છે. આહાહા..! એ કારણે જ્ઞાનગુણની નિર્મળ પર્યાય વર્તમાન શ્રુતજ્ઞાન છે તો એની પ્રાપ્તિ પણ આ ભાવની ભાવકમયી કર્તૃત્વશક્તિને કારણે છે. પછી કેવળજ્ઞાન થાય છે.. આહાહા..! એ પણ કર્તૃત્વશક્તિને કારણે વર્તમાન કેવળજ્ઞાનની પર્યાય સિદ્ધરૂપ ચોક્કસ થવાની છે તેનું કારણ કર્તૃત્વશક્તિ છે. આહાહા..! આવી વાતું. વાણિયાને બહુ કેળવણી ન હોય, એના એ શબ્દો આખો દિ' શીખવાના. બહુ તર્ક ન હોય. વકીલોને તર્ક વિશેષ હોય. આ તો આખો દિ' આટલા ભાવે આ લીધું ને અઢી રૂપિયે લીધું ને પોણા ત્રણે આપ્યું. એનું એ. 'ઇન્દુભાઈ'!

આ તો ત્રણલોકનો નાથ અંદર જાગૃત સ્વભાવથી ભરેલો.. આહાહા..! ધ્રુવપણે પરમાત્મા બિરાજે છે. આહાહા..! એમાં કર્તૃત્વ નામનો એક ગુણ છે. એ ગુણીમાં ગુણ છે. પણ દૃષ્ટિમાં ગુણી અને ગુણનો ભેદ પણ નથી. આહાહા..! દૃષ્ટિમાં તો ગુણી ત્રિકાળી જ્ઞાયક જાગતી જ્યોત ચૈતન્યપ્રકાશની મૂર્તિ (છે). સમજાય છે કાંઈ? એની ઉપર દૃષ્ટિ કરવાથી કર્તૃત્વશક્તિને કારણે, એ દ્રવ્યના ગુણને કારણે વર્તમાન જ્ઞાનની નિર્મળ પર્યાયનો કર્તા એ ગુણ છે અથવા એ દ્રવ્ય છે. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..!

એમ દર્શનગુણ. દર્શનગુણ જે વર્તમાનમાં છે. ચક્ષુ, અચક્ષુ, અવધિદર્શન. નિર્મળ પર્યાય જે સિદ્ધરૂપ વર્તમાન એ જ થવાની છે એવા ભાવના ભાવકમયી, એ ભાવનો કર્તામયી કર્તૃત્વશક્તિ છે. આહાહા..! સમજાય છે કાંઈ? એમાં એટલું સમાવી દીધું છે કે કોઈ કર્મનો ક્ષયોપશમ થયો તો અહીંયા જ્ઞાનની પર્યાય પ્રાપ્ત થઈ એમ નથી. દર્શનની પર્યાય પ્રાપ્ત થઈ, ચક્ષુદર્શન કે અવધિદર્શનાવરણીયના અભાવથી (પ્રાપ્ત થઈ) એમ પણ નહિ. કેવળદર્શનાવરણીયના અભાવને કારણે કેવળદર્શન પ્રાપ્ત થયું એમ પણ નથી. આહાહા..!

એ મોટી તકરાર હતી ને? ખાણિયા ચર્ચામાં. 'તત્ત્વાર્થ સૂત્ર'માં લખ્યું છે, ચાર કર્મના નાશથી કેવળજ્ઞાન થાય છે. પણ એનો અર્થ શું? એ વખતે કર્મનો ક્ષય એને કારણે થાય છે પણ એના કારણે અહીંયા કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે એમ નથી. કેવળજ્ઞાનની પર્યાય સિદ્ધરૂપ એ વખતે થવાવાળી પર્યાયના, ભાવના, એ કેવળજ્ઞાનરૂપી ભાવના ભાવકમયી, એ ભાવના કર્તામયી કર્તૃત્વશક્તિ છે. આહાહા..! આવી વાતું હવે. એ.. 'શાંતિભાઈ'!

ભગવાન! તારામાં... એ તો આવી ગયું ને? દશિશક્તિ છે. પહેલી જ્ઞાનશક્તિ હતી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ચિતિશક્તિમાં દર્શન અને જ્ઞાનશક્તિ બન્ને છે. એ દશિશક્તિમાં પણ કર્તૃત્વ નામનું રૂપ છે તો દશિશક્તિમાં જે વર્તમાન દર્શનપર્યાયની પ્રાપ્તિ છે એ કર્તૃત્વનું રૂપ છે. એ એનો કર્તા છે. અને કર્મશક્તિ પણ... નિર્મળ પર્યાય જે કર્મશક્તિની થાય છે તે ભાવકના ભાવમયીમાં કર્તૃત્વશક્તિ કારણ છે. આહાહા..! દરેક ગુણની વર્તમાન પર્યાય પ્રાપ્ત થાય છે એ ગુણમાં કર્તૃત્વ નામનું રૂપ છે તે કારણે તે કર્તાપણે ઉત્પન્ન થાય છે. આહાહા..! સત્યની સ્થિતિ જ એવી છે. સમજાય છે કાંઈ?

એમ ચારિત્રગુણ. આત્મામાં એક અકષાયભાવ નામનો-ચારિત્ર નામનો ગુણ છે. એ ગુણમાં પણ કર્તાપણાનું એક રૂપ છે. કર્તૃત્વગુણ ભિન્ન છે પણ એમાં કર્તૃત્વનું રૂપ છે. તે કારણે વર્તમાનમાં નિર્મળ વીતરાગી પર્યાય સિદ્ધરૂપ-ચોક્કસ જે પ્રાપ્ત થવાની છે તેનો કર્તા એ કર્તૃત્વનું રૂપ છે. ચારિત્રમાં કર્તૃત્વનું રૂપ છે તે તેનો કર્તા છે. આહાહા..! ચારિત્રગુણની વીતરાગી પર્યાય પ્રાપ્ત થાય એમાં ગુણરૂપ કર્તૃત્વ છે એ કામ નથી કરતું, એમ કહે છે. એ તો ચારિત્રમાં કર્તૃત્વ નામનું રૂપ છે એ કારણે ચારિત્રની પર્યાય પ્રાપ્ત થાય છે. આહાહા..! આવું ઝીણું છે, બાપુ! આ ફેરી શક્તિનું વર્ણન જરી...

આત્મામાં આનંદ નામની શક્તિ છે. સુખ... ભગવાનઆત્મામાં સ્વભાવસિદ્ધ એક સ્વભાવ છે. એ સ્વભાવને ધરનાર દ્રવ્ય છે. એ સુખશક્તિમાં કર્તૃત્વશક્તિનું રૂપ છે તે કારણે વર્તમાનમાં સુખની, આનંદની પ્રાપ્તિ થાય છે અને સુખગુણમાં કર્તૃત્વનું રૂપ છે તે કારણે થાય છે. કેટલું યાદ રાખવું આમાં? સંસારની બધી વાતું યાદ રાખવી. જેમાં રૂપિયા હોય એ યાદ રહે. આહાહા..! વીતરાગ માર્ગ અલૌકિક છે, બાપુ! એને સમજવો એ કંઈ સાધારણ વાત નથી. આહાહા..! અનંત અનંત ત્યાં પુરુષાર્થ (છે).

અંદર પુરુષાર્થ-વીર્ય નામની એક શક્તિ છે. વીર્ય નામના ગુણમાં પણ કર્તૃત્વનું રૂપ છે. અનંતવીર્ય જે ભગવાનને પ્રગટ થાય છે તે પર્યાય-ભાવને કરનાર કર્તૃત્વનું રૂપ છે તે કર્તા છે. આહાહા..!

મુમુક્ષુ :- વીર્યશક્તિમાં કર્તૃત્વનુંરૂપ છે તે કર્તા છે.

ઉત્તર :- રૂપ છે તે કર્તૃત્વશક્તિ છે. સમજાય એટલું સમજો, પ્રભુ! કહી શકાય નહિ એટલી બધી વાતું છે એમાં. આહા..! એક એક ગુણમાં અનંતગુણનું રૂપ અને અનંતગુણમાં એક એક ગુણનું રૂપ. સમજાય છે કાંઈ?

અહીંયા તો દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણ (લીધા છે). એ પણ અહીંયા તો નિર્મળ પર્યાયની વાત છે. મલિનતાની વાત અહીંયા નથી. મલિનતાનો અભાવ અને નિર્મળ વીતરાગી ધર્મરૂપી પર્યાયનો સદ્‌ભાવ, તેનો કર્તા કોણ? પૂર્વ પર્યાય પણ નહિ.. સમજાય છે કાંઈ? કર્મનો અભાવ પણ કારણ નહિ.. આહાહા..! ચારિત્રમાં સમ્યગ્દર્શનની પર્યાયરૂપી ભાવનો ભાવક, એ ભાવનો ભાવ કરનાર અંદર જે ભાવરૂપી રૂપ છે, શ્રદ્ધા અને ચારિત્રમાં, એ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કારણે સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્ર પ્રાપ્ત થાય છે. આહાહા..!

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણી મોક્ષમાર્ગઃ. એ તો સૂત્ર છે. 'તત્ત્વાર્થસૂત્ર'. તો કહે છે કે, સમ્યગ્દર્શનની પર્યાય જે સમયે પ્રાપ્ત થવાનો કાળ છે. એ સિદ્ધરૂપે ચોક્કસ એ જ ભાવ છે. એ ભાવનો કર્તા કોણ? શ્રદ્ધાગુણમાં કર્તૃત્વનું રૂપ છે એ કારણે એ ભાવમાં કર્તૃત્વ ઉત્પન્ન થાય છે. આહાહા..! ઘણી ગંભીરતા. ઓહોહો..! સંતોની વાણી, દિગંબર સંતોની વાણી.. એક એક શક્તિમાં બાર અંગનો સાર ભરી દીધો છે. આહાહા..!

તું જાગૃતસ્વરૂપ પ્રભુ નિત્ય છો. એમાં કર્તૃત્વશક્તિ પણ નિત્ય છે. એક એક ગુણમાં કર્તૃત્વનું રૂપ પણ તેનું નિત્ય છે. આહાહા.! સમજાય છે કાંઈ? સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની જે નિર્મળ પર્યાય જે સમયે એ ભાવ થવાનો છે તે ભાવના ભાવકપણામયી, એ ભાવના કર્તાપણામયી.. ભાવક શબ્દ છે ને? ભાવના ભાવકપણામયી, એ ભાવની ભાવના કર્તાપણામયી. તે તે ગુણમાં તેનું રૂપ છે તે કર્તા છે. આહાહા..! બીજા ગુણનું કર્તૃત્વ બીજા ગુણમાં કારણ છે એમ પણ અહીંયા નથી. સમજાય છે કાંઈ? અરે..! આવો માર્ગ હવે. લોકોને બહારથી મનાવી દીધો. આ વ્રત કરો ને અપવાસ કરો ને તપસ્યા કરો ને આ દસલક્ષણી પર્વમાં દસ અપવાસ કરે તો જાણે.. ઓહો..હો..! શું કર્યું પણ? એ તો અપવાસ છે–માઠો વાસ છે. ઉપવાસ તો એને કહીએ જે જ્ઞાયકભાવની ઉપ નામ સમીપ જઈને તેની પરિણતિ વર્તમાનમાં થાય તેનું નામ ઉપવાસ છે. સમજાય છે કાંઈ? વાતે વાતે ફેર. આમાં મેળ ક્યાં કરવો? આહાહા..!

એમ અંદરમાં સ્વચ્છત્વ નામની શક્તિ છે. આહાહા..! એની વર્તમાન પર્યાયમાં સ્વચ્છતા પ્રગટ થાય છે એ ભાવમાં ભાવકપણામયી કર્તૃત્વ રૂપ એનું છે. અહીં કર્તૃત્વશક્તિ લીધી છે તો એ કર્તૃત્વશક્તિનું રૂપ દરેક ગુણમાં છે. આહાહા..! સમજાય છે કાંઈ? જુદી જાતની વાત છે, 'ચંદુભાઈ'! આહાહા..!

એમ પ્રભુત્વ નામની શક્તિ આત્મામાં છે. ભગવાનઆત્માના આશ્રયે પ્રભુત્વશક્તિ છે. પ્રભુત્વશક્તિનો આશ્રય દ્રવ્ય છે પણ એ પ્રભુત્વશક્તિમાં વર્તમાનમાં પ્રભુતાની પર્યાય પ્રગટ કાર્ય થવાવાળી એ ભાવની કર્તા એ પ્રભુત્વશક્તિમાં કર્તૃત્વ નામનું રૂપ છે એ કારણે પ્રભુતાની પર્યાય વર્તમાનમાં ભાવના ભાવકપણામયી થાય છે. આહાહા..! 'સુજાનમલજી'! આવી વાત છે. આહા..! એના દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણની વાત છે. આહાહા..!

આત્મામાં એક અકાર્યકારણ નામનો ગુણ છે કે જે કારણે વર્તમાન નિર્મળ પર્યાય થાય છે તે નિર્મળ પર્યાય રાગનું કાર્ય નહિ, તેમ નિર્મળ પર્યાય રાગનું કારણ નથી. એ તો ઠીક. પણ હવે અકાર્યકારણની જે પરિણતિ થાય, તે સમયે થવાવાળી પર્યાય રાગનું કારણ નહિ અને રાગનું કાર્ય નહિ. એવી નિર્મળ પર્યાય ભાવરૂપ એ ભાવકપણામયી એના કર્તાપણામયી શક્તિથી એ પર્યાય ઉત્પન્ન થઈ છે. આહાહા..! સમજાય છે કાંઈ? સર્વે ગુણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અસહાય. કોઈ ગુણને કોઈની સહાય નથી. એક ગુણમાં બીજા ગુણનું નિમિત્તપણું છે. અથવા એક ગુણ વ્યાપક છે ત્યાં વ્યાપક છે પણ એ ગુણમાં બીજા ગુણની સહાયથી એ ગુણ રહે છે અને એ ગુણની પર્યાયમાં બીજા ગુણની પર્યાયની સહાયથી પર્યાય થાય છે એમ નથી. આહા..! એક ભાવ પણ યથાર્થ સમજે તો બધો ખુલાસો થઈ જાય. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..!

એમ પ્રમાણપ્રમેયત્વ નામનો એક ગુણ આત્મામાં છે. પોતાના ગુણનું પ્રમાણ કરવું અને બીજાના પ્રમાણમાં પોતે પ્રમેય થવું. આહાહા..! એ પરિણમ્યપરિણામકત્વ આવી ગયું છે. પોતાના જ્ઞાનમાં પ્રમાણરૂપ થવું અને બીજાના જ્ઞાનમાં પ્રમેયરૂપ થવું. આહાહા..! એ ગુણની વર્તમાન પર્યાય જે સિદ્ધ નામ જે થવાવાળી છે એમાં એ ભાવના ભાવકપણામયી, એ પરિણમ્યપરિણામકત્વશક્તિમાં કર્તૃત્વનું રૂપ છે તે કારણે થાય છે. આહાહા..! ભાષા નવી. આ તો ગંભીર ભાવ ભર્યા છે.

એક એક ગુણમાં અનંતગુણનું રૂપ અને એક ગુણમાં અનંતનું રૂપ. અને એક ગુણમાં અનંતીશક્તિ અને એક એક ગુણની અનંતી પર્યાય. નિર્મળ, હોં! અહીંયા મલિનની વાત નથી. આહાહા..! એ પ્રત્યેક ગુણની નિર્મળ પર્યાય ભાવરૂપ, તે રૂપ, તે સમયે થવાવાળી છે તે સિદ્ધરૂપ એટલે ચોક્કસ ભાવ.. આહાહા..! ક્રમબદ્ધ પણ સિદ્ધ કર્યું. એ વખતે થવાવાળી છે એટલે એ. અને એનું કર્તાપણું પણ સિદ્ધ કર્યું. સમજાય છે કાંઈ? થોડું સૂક્ષ્મ છે પણ એને સમજવું તો પડશે કે નહિ? ભાઈ! આહાહા..! અરે..! બાપુ! આવું ક્યારે આવે? ભાઈ! આહા..! કાલે જોયું, ભાઈ! એમાં તો એટલું થયું મગજમાં... ઓહોહો..!

આ તો બેનની પોતાની ભાષા છે. સાદી, સાદી. આહાહા..! 'જાગતો જીવ ઉભો છે' ને પ્રભુ! આમ છે ને! સમજાય છે કાંઈ? એવી આ શક્તિની ગંભીરતા છે, ભગવાન! આહાહા..! સાદી ભાષા. જીવનમાં નિવૃત્તિ ઘણી. બહુ ટૂંકી ભાષામાં પુસ્તકમાં સાર આવ્યો છે. અને એ પુસ્તક મારા હિસાબે તો બધે વાંચનમાં ચાલશે. સમજાય છે કાંઈ? આ તો ભાઈ ગયા ને પેલા? 'મણિભાઈ' વાંકાનેરવાળા. 'બોટાદ' ગયા. ઇ કહે, આ પુસ્તક હું વાંચીશ દસલક્ષણી પર્વમાં. વાંચન કરવા જેવું છે. બહુ લાંબુ લાંબુ ન સમજાય તો ટૂંકામાં સમજાય (એવું છે). 'મણિભાઈ' નહિ? 'વાંકાનેર'વાળા 'બેંગલોર' રહે છે. અને 'શાંતિભાઈ' જાય છે. આ ફેરી 'શાંતિભાઈ' લીંબડી જશે, એમ કહ્યું. કાલે સાંજે તો કીધું, બોટાદ જાય છે. કોઈ કહે, લીંબડી જશે. આહાહા..! અહીંયા તો ભાષા ગમે એ જાતની હોય પણ વસ્તુની સ્થિતિ સિદ્ધ કરે છે તો ભાષા ગમે તે હો. સમજાય છે કાંઈ? હિન્દીમાં સિદ્ધ થાય છે અને ગુજરાતીમાં નહિ એમ નથી. આહા..!

પ્રભુ! તું જાગતી જ્યોત ઉભો છે ને! ઉભો એટલે ખડો. જાગતી ચૈતન્યજ્યોતમય ધ્રુવ તું છો. જ્ઞાન જાગતી જ્યોતનો કંદ છે. ધ્રુવ કંદ છે. એના ઉપર નજર કરવી એ તારું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કાર્ય છે. મોટો માણસ આવે ત્યારે એની સાથે વાતચીત કરે કે નહિ? વાતચીત બાળક સાથે કરે અને એની સાથે ન કરે તો આ અહીં આવ્યા ન આવ્યા બધું મફતનું ગયું. કોઈ કરોડપતિ, અબજપતિ માણસ આવ્યો હોય, એ પા કલાક બેસવાનો હોય એમાં બાળક સાથે રમત કરવા મંડી પડે તો પેલો ઉઠીને ચાલ્યો જાય. એમ ભગવાન મહાપ્રભુ ધ્રુવ ઉભો છે ને તારી પાસે. આહાહા.! એની ઉપર નજર ન કરતા, રાગ ને પુણ્ય બાળક છે તેની ઉપર તારી નજર છે. તારી માટે એ નથી એમ થઈ ગયું. સમજાય છે કાંઈ? આહાહા..! પુણ્ય-પાપના વિકલ્પમાં રોકાવું એ તો બાળબુદ્ધિ છે, એમ કહે છે. આહાહા..! ભગવાન અંદર આખો પડ્યો છે ને! ચૈતન્યજ્યોત. એમાં એક કર્તૃત્વ નામનો એનો ગુણ છે ને! કહો, અહીં તો શું કહ્યું?

જીવનો કોઈ ઈશ્વર કર્તા નહિ, જીવના ગુણનો કોઈ ઈશ્વર કર્તા નહિ, જીવની પર્યાયનો કોઈ ઈશ્વર કર્તા નહિ, જીવના જે ગુણની પર્યાય થાય એ બીજો ગુણ ને બીજી પર્યાય કર્તા નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? આવું કર્તૃત્વ અને કર્મશક્તિનું વર્ણન વીતરાગી સંતો સિવાય ક્યાંય નથી. કઠણ લાગે, બાપુ! માર્ગ તેં જોયો નથી ને! આહા..! ભગવાન પાસેથી આ તો આવ્યું છે ને! આહાહા..!

કહે છે કે તું આ શરીર, વાણી, મન ને પુણ્ય-પાપના ભાવનું લક્ષ છોડી દે. એમાં આત્મા નથી. અને એક સમયની પર્યાયનું લક્ષ છોડી દે એમાં આખો આત્મા નથી. ભગવાન આખો આત્મા તો ધ્રુવસ્વરૂપ આખો જાગૃતભાવ ઉભો છે. એમાં અકર્તૃત્વ નામની શક્તિ પડી છે તો એ ધ્રુવ ઉપર ધ્યેય કરવાથી, એ ધ્રુવનું ધ્યાન કરવાથી, ધ્રુવનો આશ્રય લેવાથી જે પર્યાય પ્રગટ થાય છે તે સમયે તે જ થવાવાળી છે તેનો ગુણ છે તે તેનો કર્તા છે. એક એક ગુણમાં ષટ્કારકનું પરિણમન પોતાથી છે, એમ કહે છે. આ તો કર્મશક્તિ છે. બાકી જ્ઞાનગુણની પર્યાય કર્તા પોતે જ્ઞાન, કર્મ જ્ઞાનનો પર્યાય, કરણ જ્ઞાનની પર્યાય, સંપ્રદાન એ પર્યાય પોતે રાખી, પોતાની જ્ઞાનની પર્યાયથી જ્ઞાન પર્યાય થઈ, જ્ઞાનની પર્યાયનો આધાર જ્ઞાનપર્યાય છે. આવી વાતું હવે. નવરાશ ન મળે, ફૂરસદ ન મળે. આહાહા..! પોતાની સંપદા કેટલી છે!

જ્ઞાનગુણની એક પર્યાયમાં ષટ્કારકનું પરિણમન, નિર્મળ, હોં! આહાહા..! એનો કર્તા.. ખરેખર તો એ પર્યાય જ પર્યાયની કર્તા છે. પણ અહીંયા ગુણ છે એને લેવો છે તો એ ગુણ કર્તૃત્વશક્તિમાં દ્રવ્ય, ગુણ, પર્યાય ત્રણેમાં વ્યાપ્ત થાય છે. કર્તૃત્વશક્તિ છે તે દ્રવ્યમાં છે અને ગુણમાં છે પણ જ્યાં એનો સ્વીકાર થયો, ધર્મીની દૃષ્ટિ થઈ, તો એ કર્તૃત્વશક્તિનું પરિણમન એ નિર્મળ પર્યાયનો કર્તા એ પર્યાયમાં આવી ગયું. આહાહા..! આવી ઝીણી વાતું. માર્ગ તો આવો છે, ભાઈ! ગંભીર માર્ગ, વીતરાગ માર્ગ. આહાહા..! હવે અહીં તો કહે છે, ચોથે ગુણસ્થાને વ્યવહાર સમકિત હોય. અરે..! પ્રભુ! શું કરે છે તું? સમ્યગ્દર્શનમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



તો આખો પ્રતીતિમાં આવ્યો. સમ્યક્ સત્ય દર્શન, સત્યનું દર્શન થયું. આહાહા..! દેખવાવાળાને દેખ્યો, જાણનારને જાણ્યો. આહાહા..! એવી પ્રતીત છે એ તો વીતરાગી પ્રતીત છે. એ સરાગ-ફરાગ ત્યાં નથી. આહાહા..! સરાગપણાનો એમાં અભાવ છે એ અનેકાંત છે. સરાગ સમકિતનો વીતરાગી પર્યાયના કાર્યમાં સરાગ કર્તાનો અભાવ છે. એનું નામ અનેકાંત અને સ્યાદ્વાદ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

આ કર્તૃત્વશક્તિ જે છે, કર્મશક્તિમાં પણ કર્તૃત્વનું રૂપ છે. શું કહ્યું? બહુ ગંભીર. આ શબ્દોમાં એટલો સંગ્રહ છે, ભાવનો એટલો સંગ્રહ છે.. અનંત અનંત ભાવ સમાડી દીધા છે. એક એક વાક્યમાં અનંત અનંત ભાવનો સમાવેશ કરી દીધો છે. આહા..! જે કર્મ નામની શક્તિ છે તેમાં પણ કર્તા નામનું રૂપ છે. આહાહા..! અને કર્તા નામની શક્તિ છે તેમાં કર્મ નામનું રૂપ છે. આહાહા..! 'સુમનભાઈ'! એની મેળાએ કાંઈ હાથ આવે એવું નથી. આહાહા..! કૉલેજમાં ભણવા જવું પડે ને. તમે ગયા હતા ને 'અમેરિકા'? એમ જ્યાં હોય ત્યાં એણે જાવું પડે.

મુમુક્ષુ :– ..

ઉત્તર :– હોય પોતાની અંદરમાં. શું કહ્યું? આહા..! આ તો જીવના જીવનની વાતું છે, ભાઈ! જીવના જીવન. જ્ઞાન, દર્શન, આનંદની પર્યાયથી જીવે એ જીવનું જીવન છે. શરીરથી જીવે એ જીવનું જીવન છે જ નહિ અને દયા, દાનના વિકલ્પથી જીવે એ જીવનું જીવન નહિ. આહાહા..! સમજાય છે કાંઈ?

ભગવાનઆત્મા જીવ એમાં જે અનંતશક્તિઓ છે અને એ જીવપણું છે અને એની પર્યાય છે એ પણ જીવપણું છે. નિર્મળ પર્યાય એ જીવપણું છે. આહાહા..! દયા, દાન, વ્રત એ જીવપણું છે જ નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? કહો, 'મફાભાઈ'! સંભળાય છે ને? આ ફેરી રોકાણા છે. પછી જ્યાં 'ભાવનગર' માં શેઠિયા મોઢા આગળ હોય એટલે જી.. હા કરે. શું કરે પણ સમજાય નહિ તો? આહાહા..! આ તો ભગવાનની પેઢી છે. આહા..!

ભગવાન પરમાત્મા પોતાના સ્વરૂપમાં અનંતશક્તિ અર્થાત્ અનંતગુણ વસ્યા છે. એ ગુણનું કાર્ય શું? આહાહા..! જ્ઞાનગુણનું કાર્ય નિર્મળ પર્યાય થવી તે. શ્રદ્ધાગુણની પર્યાય સમકિત પર્યાય થવી તે. ચારિત્રગુણના પર્યાયમાં વીતરાગી દશા ઉત્પન્ન થાય તે. આહાહા..! સુખગુણમાં આનંદનું વેદન આવવું એ. આહા..! અને કર્મગુણમાં.. વર્તમાનમાં જે કાર્ય છે એ કર્મનું કાર્ય છે. અને કર્તાપણું કર્તાગુણ એ એનો કર્તા છે. આહાહા..! સમ્યગ્દર્શનની ધર્મપર્યાયમાં પણ કર્મનું રૂપ છે. તે કારણે સમ્યગ્દર્શનની સિદ્ધ પર્યાય તે સમયે થવાવાળી થઈ. એ ભાવનો કર્તા એ કર્મ છે. અને એમાં કર્તૃત્વનું રૂપ પણ છે તો એ કારણે સમ્યગ્દર્શનની પર્યાય એ ભાવ છે, તેના ભાવકપણામયી કર્તૃત્વશક્તિ છે, તેમાં કર્તૃત્વનું રૂપ છે. આહાહા..! ઘણું સમાવ્યું છે. 'દીપચંદજી'એ 'સવૈયા'માં 'અધ્યાત્મપંચસંગ્રહ'માં સમાવ્યું છે. છેલ્લે 'સવૈયા'

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે. એટલું લખાણ છે કે ઝટ કંઈ પકડાય નહિ. એટલું સત્‌નો વિસ્તાર કર્યો છે. સમજાય છે કાંઈ? આહાહા..! એ વસ્તુની સ્થિતિનું એમાં વર્ણન કર્યું છે, હોં!

**'થવાપણારૂપ..'** થવાપણારૂપ એટલે વર્તમાન અવસ્થા. **'અને સિદ્ધરૂપ...'** એટલે જે થવાની છે તે. તેના ભાવના ભાવક, એ ભાવના ભાવકપણામયી. આહાહા..! કેટલું સમાડ્યું છે! સંતોએ ગજબ કામ કર્યા છે. આહાહા..! દિગંબર સંતોએ જૈનધર્મના કેવળજ્ઞાનના કક્કા ઘુંટ્યા છે. કક્કા કેવળજ્ઞાન લે. ખખા.. તારી ખબરું લે. આહા..! ગગ્ગા તારા ગમ્યમાં જા. આહા..! તું તારી ગમ્યતા કર, પ્રભુ! આહાહા..! એવા બધા આવે છે. કક્કાવારી આવે છે. ક, ખ, ગ, ઘ, ચ, છ, જ દરેકનો અર્થ આવે છે. ક્યાંક વાંચ્યું છે. સમજાય છે કાંઈ? આહાહા..! થોડું પણ સત્ય સમજવું જોઈએ. સત્ય હોય ત્યાં સત્યનું સ્વરૂપ કેવું છે તે થોડું પણ એ સમજવું જોઈએ. બીજાનું વિશેષ જ્ઞાન ન હોય પણ સત્યનું જેવી રીતે છે તેવી રીતે જ્ઞાન થવું જોઈએ. અને ભાવના ભાસનમાં એ ચીજ હોવી જોઈએ. આહાહા..! સમજાય છે કાંઈ?

**'થવાપણારૂપ અને સિદ્ધરૂપ...'** ઓહોહો..! ગજબ કામ કર્યું છે. સિદ્ધ એટલે તે સમયની અવસ્થા પ્રાપ્ત છે. પેલામાં આવે છે ને? પ્રાપ્ય, વિકાર્ય, નિવર્ત્ય. પ્રાપ્ય, વિકાર્ય, નિવર્ત્ય નથી આવતું? ૭૬, ૭૭, ૭૮, ૭૯ (ગાથા). પ્રાપ્ય એટલે તે સમયે તે પર્યાય થવાવાળીને પ્રાપ્ત કરે છે તે પ્રાપ્ય. આહાહા..! સમજાય છે કાંઈ? ધીમે ધીમે વિચારવું. ભગવાન! તારી સંપદા બહોળી છે. અનંતગુણમાં એક એક ગુણમાં અનંત રૂપ, એક એક ગુણમાં અનંત રૂપ તો અનંતગુણમાં અનંત રૂપ. એવી અનંતી પર્યાયમાં અનંતુ રૂપ. અનંતી પર્યાયમાં અનંતી પર્યાય જે ભિન્ન છે તેનું રૂપ. આહાહા..!

એક સમ્યગ્દર્શન પર્યાય થઈ તેમાં સમ્યગ્જ્ઞાનનું રૂપ છે. સમ્યગ્જ્ઞાનની પર્યાય નહિ. આહા..! પર્યાયની પ્રાપ્તિ થઈ તેના ભાવકપણામયી કર્તૃત્વગુણને કારણે છે. એ ભાવનું ભાવકપણું કર્તૃત્વગુણને કારણે છે. પરના કારણે (નથી). આ વ્યવહાર કર્યા ને વ્યવહારથી સમકિત થયું એ વસ્તુના સ્વરૂપમાં નથી. આહાહા..! અત્યારે તો આ કામ ચાલે છે, બાપુ! ભગવાન! એક બાજુ પડ્યો રહ્યો. જેમાં વિભાવભાવ છે નહિ એ રસ્તે ચડાવી દીધા. આહા..! અરે..! પ્રભુ! વીતરાગના વિરહે રાગના રસ્તે ચડાવી દીધા.

એક એક ગુણમાં કર્તૃત્વ નામનું રૂપ છે. આહાહા..! અને એ કારણે તે ગુણની જે સમયે પર્યાય થવાની છે તેનો કર્તા તે ગુણ છે. બીજો ગુણ પણ કર્તા નહિ અને આનંદની પર્યાયમાં જે કર્તૃત્વની પર્યાય થઈ તો એ કર્તૃત્વની પર્યાય પણ આનંદગુણની પર્યાય નથી કરતી. આહાહા..! આવી વાત છે. યાદ રહેવું મુશ્કેલ છે. આહાહા..! કહો, 'શાંતિભાઈ'! આવો માર્ગ છે. કોઈ દિ' સાંભળ્યો પણ નથી. અને એમ કરીને માન્યું કે અમે આ સ્થાનકવાસી છીએ ને અમે શ્વેતાંબર છીએ ને અમે દિગંબર છીએ. બાપા! જૈનપણું... આહાહા..! એક

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એક પર્યાયમાં પર્યાયનો ગુણ કર્તા, એક એક પર્યાયમાં પોતે પર્યાય કર્તા. આહાહા..! એક સમકિતની પર્યાયમાં સમકિતની કર્તા પર્યાય, કર્મ પર્યાય, સાધન–કરણ–કારણ પર્યાય, એ પર્યાય થઈ તેને રાખી એ સંપ્રદાન, પર્યાયમાંથી પર્યાય થઈ અને પર્યાયને આધારે પર્યાય થઈ. આહાહા..! એમ એક એક ગુણની એક એક પર્યાયમાં ષટ્કારક લગાવવા. આહાહા..! સમજાય છે કાંઈ? એક એક પર્યાયમાં પરની પર્યાય નથી એવી અનંતી પર્યાયની સપ્તભંગી લગાવવી. પોતાની પર્યાયથી પર્યાય છે, બીજી અનંતી પર્યાયથી નથી. એમ સપ્તભંગી લગાવવી. આહાહા..! સમજાય છે કાંઈ? આવો માર્ગ હવે. વિરોધ કરે. પ્રભુ! એકવાર સાંભળ તો ખરો, નાથ! તારી વાત તો એકવાર સાંભળ. પછી વિરોધ કરવાનું તને રહેશે નહિ, ભાઈ! પ્રભુ! તારી ઘરની વાત છે ને! આહાહા..!

અહીંયા ભાવકમયી લીધું ને? **'ભાવના ભાવકપણામયી...'** ભાવ કોણ? કે વર્તમાન નિર્મળ પર્યાય તે. તેના ભાવકપણામયી. તે ભાવના કરવાપણામયી કર્તૃત્વશક્તિ. આહાહા..! ભાવ વર્તમાન જે જે ગુણની પર્યાય છે તે ભાવ તે વખતનો સિદ્ધ, તે ભાવના ભાવકપણામયી, તે ભાવનું કર્તાપણામયી. તે તે ગુણ તે તેનો કર્તા છે. આહાહા..! જીવની પર્યાય સ્વતંત્ર, ગુણ સ્વતંત્ર અને જેમાં વિકારનો અભાવ. આહાહા..! અત્યારે તો રાડ નાખે કે એ.. સોનગઢવાળા નિશ્ચયથી થાય છે એમ વાત કરે છે, વ્યવહારથી કરતા નથી તો એકાંત છે. અરે..! પ્રભુ! સાંભળ તો ખરો, બાપુ! ભગવાન! એ સમ્યક્ એકાંત છે. એકાંત પણ સમ્યક્ એકાંત અને મિથ્યા એકાંત બે છે. અનેકાંત પણ બે. સમ્યક્ અનેકાંત, મિથ્યા અનેકાંત બે પ્રકારના છે. પોતાની પર્યાય પોતાથી થાય અને રાગથી પણ થાય એ મિથ્યા અનેકાંત છે અને પોતાની પર્યાય પોતાથી છે અને પરથી નથી, એ સમ્યક્ અનેકાંત છે. આહાહા..! ભાઈ! જિંદગી ચાલી જાય છે, બાપા! એમાં જે સમયમાં કાર્ય કરવા હોય એ ન કરે, કરવાયોગ્ય કર્તૃત્વ છે એ તો ન કરે અને નહિ કરવાયોગ્યમાં રોકાઈ જાય. આહાહા..! અને આખી દુનિયા એ રસ્તે છે તો એને દેખીને પોતે પણ એ રસ્તે ચાલ્યો જાય છે. પણ દુનિયા દુઃખી થાય છે ત્યારે તું દુઃખમાં જાય છે અંદરમાં? તારા દુઃખમાં તું અને એના દુઃખમાં ઇ. આહાહા..! એકલો દુઃખી થઈને વેદન કરે. મારાથી સહન થતું નથી.

એક શ્વેતાંબર સાધુ હતો. (સંવત) ૧૯૮૮ની સાલની વાત છે. 'જામનગર.' એ લોકો બિચારા આવતા. બધા સાધુઓ અમારી પાસે આવે. અમારું નામ હતું. એક માંદો હતો તો હું ત્યાં ગયો. એ સાધુ હતો રૂપાળો. આમ.. આમ થયા કરે. સૂવે તોપણ (આમ આમ થાય). પછી કહે, મહારાજ! મારાથી સહન થતું નથી. એમ કરીને બિચારો (બોલ્યો). ૫૫-૬૦ વર્ષની દેહની ઉંમર હશે. સૂવે તો પણ આખો ઘસાય. બાપા! જડની પર્યાય છે, ભાઈ! બેસે તો આમ આમ થાય, સૂવે તો આમ આમ થાય. એક માણસ નોકર રાખ્યો હતો. એ બિચારાનું કામ કરે. સાધુ-બાધુ તો કોઈ હતા નહિ. આહાર-પાણી લઈ આવે ને... પછી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હું ત્યાં ગયો હતો. બીજા સાધુ હતા. નરમ હતા, એ અમારી પાસે આવ્યા હતા. ત્યાં પછી એક દિવસ એના માટે ગયો હતો. ત્યાં આ બેઠા હતા. મારાથી સહન થતું નથી. હવે આ જિંદગી કેમ કાઢવી? કીધું, ભાઈ! શું થાય? બાપુ! આત્માને સહન કરવું પડે. આહાહા..! એ થાય છે એને જ્ઞાતા-દૃષ્ટાપણે જાણવું, એ આત્માનું કાર્ય છે. સમજાય છે કાંઈ? આહાહા..! પોતા ઉપર આવે ત્યારે એને કઠણ લાગે. બીજાની વાત માટે ત્યારે કાંઈ નહિ.

અહીં તો કહે છે, પણ સાંભળ તો ખરો, નાથ! તારામાં એક કર્તૃત્વ નામનો ગુણ છે કે નિર્મળ પર્યાય કરે. મલિન પર્યાયને કરે નહિ એવો તારામાં ગુણ છે. .. એવા વિકારભાવને કરવાવાળો આત્મા નહિ. સમજાય છે કાંઈ? આહાહા..! આવી વાત ને ધર્મનું રૂપ આવું. આમાં કરવું શું પણ? એ કરવું એ કે દ્રવ્યસ્વભાવ છે એમાં શક્તિ અનંત છે તો એ શક્તિના ધરનાર ભગવાનની દૃષ્ટિ કરવી અને એનું જ્ઞાન કરવું. જાગૃત જ્ઞાયકભાવ છે એનું જ્ઞાન, એની શ્રદ્ધા અને એમાં લીનતા, એ કરવાનું છે. લીનતામાં તો અનંતગુણની પર્યાય એમાં લીન થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? લ્યો, એ ૪૨ (શક્તિ પૂરી) થઈ. ચાર મિનિટ બાકી છે. હવે ૪૩. થોડી શરૂ કરીએ પછી કાલે.

મુમુક્ષુ :- ચાર મિનિટમાં થઈ જશે?

ઉત્તર :— એ તો થવાની હશે તો થશે.

**भवद्भावभवनसाधकतमत्वमयी करणशक्तिः ४३।**

**ભવતા (–વર્તતા, થતા), ભાવના ભવનના (–થવાના) સાધકતમપણામયી (–ઉત્કૃષ્ટ સાધકપણામયી, ઉગ્ર સાધનપણામયી) કરણશક્તિ. ૪૩.**

૪૩. ૪૦ + ૩. '**ભવતા (–વર્તતા, થતા) ભાવના ભવનના (–થવાના)...**' ભારે. 'અમૃતચંદ્રાચાર્યે' 'સમયસાર'ની શિરોમણી શક્તિઓ કાઢી. આહા..! કરણશક્તિનું વર્ણન. કરણ એટલે કારણ શક્તિ અંદર છે. વર્તમાન પર્યાયમાં કારણશક્તિને કારણે એ કાર્ય થાય છે. આહાહા..! શું કહ્યું? જુઓ! '**ભવતા...**' એટલે થવાવાળી પ્રવર્તમાન વર્તમાન ભાવ. એના '**ભવનના (–થવાના)...**' એના હોવાના, થવાના '**સાધકતમપણામયી...**' સાધકતમપણામયી. સાધકતમ–ઉત્કૃષ્ટ સાધકપણું. આહાહા..! જે કરણ નામની શક્તિ છે એ નિર્મળ પર્યાયની સાધકતમ કારણ છે. એ કારણ છે, રાગાદિ કારણ નથી, નિમિત્ત કારણ નથી, એમ અહીં તો કહે છે. આહાહા..!સમજાય છે કાંઈ? વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## પ્રવચન નં. ૩૮ શક્તિ-૪૩ શનિવાર, ભાદરવા સુદ ૫, તા. ૧૭-૦૯-૧૯૭૭

'સમયસાર' શક્તિનો અધિકાર. શક્તિ અર્થાત્ આત્મામાં ગુણ જે છે, આત્મા ગુણી છે, સ્વભાવવાન છે તેના ગુણને અહીંયા શક્તિ કહે છે. એ શક્તિ કહો કે ગુણ કહો. એમાં અનંતશક્તિ છે. વસ્તુ આત્મા એક, દૃષ્ટિ કરવાલાયક એક. આહા..! પણ એમાં અનંતશક્તિ છે એ ભેદરૂપ છે. શક્તિ ઉપર લક્ષ કરવું એમ નહિ. શક્તિવાન જે અભેદ એકરૂપ આત્મા છે તેની ઉપર દૃષ્ટિ કરવાથી સમ્યગ્દર્શન થાય છે. ધર્મની શરૂઆત ત્યાંથી થાય છે. આહાહા..! કોઈ દયા, દાન ને વ્રત ને ભક્તિ ને અપવાસ ને બે, પાંચ, પચીસ લાખના મંદિર બનાવે એનાથી ધર્મ થતો નથી. આહાહા..! આવી વાત છે. ધર્મની શરૂઆતનું એ કારણ નથી. ધર્મની શરૂઆતનું કારણ.. આજે કારણશક્તિ આવશે ને? કરણશક્તિ કહો કે કારણશક્તિ કહો. આહાહા..!

ભગવાનઆત્મામાં એક કારણ નામની શક્તિ છે. અહીંયા કરણ કહેશે. કરણ કહો, કારણ કહો. આત્મામાં સાધન, સાધક નામની એક શક્તિ છે. આહાહા..! ક્યાંય સાંભળ્યું ન હોય એટલે માણસને મુશ્કેલી પડે. આ વળી કેવો ધર્મ કાઢ્યો? અમે તો ભાઈ! આ વ્રત પાળવા, ભક્તિ કરવી, પૂજા કરવી, જાત્રા કરવી એ બધો ધર્મ (માન્યો હતો). અરે..! ભગવાન! ભાઈ! તને ખબર નથી, બાપુ! વીતરાગ ધર્મ તો એને કહીએ કે જેને રાગથી રહિત પોતાની વસ્તુ છે તેની શક્તિઓનો ભેદ પણ લક્ષમાં ન લેવો. આહાહા..! એ શક્તિવાન જે ભગવાનઆત્મા છે, અખંડ અભેદ એકરૂપની દૃષ્ટિ કરવાથી ધર્મની પ્રથમ શરૂઆત સમ્યગ્દર્શનની ઉત્પત્તિ થાય છે. બાકી બધા થોથા છે. આહાહા..! સમજાય છે કાંઈ?

અહીંયા આજે તો એ શક્તિનું વર્ણન છે. કેટલામી છે ઇ? ૪૩. ૪૭ શક્તિના વર્ણનમાં ૪૩ મી આજે આવી છે. ચાર અને ત્રણ. આહાહા..! શું કહે છે? **'ભવતા..'** ૪૩ મી શક્તિ. થોડી સૂક્ષ્મ છે. બહુ ધ્યાન રાખે તો સમજાય એવી ચીજ છે, આ કોઈ વાર્તા, કથા નથી. આ તો ભગવાનઆત્માની ભગવત્ સ્વરૂપ કથા છે. સર્વજ્ઞ જિનેન્દ્રદેવ પરમેશ્વર વીતરાગ ત્રિલોકનાથ આ આત્માની કથા કરે છે. દિવ્યધ્વનિમાં આવ્યું કે, પ્રભુ! એકવાર સાંભળ તો ખરો. આહાહા..! તારી ચીજમાં જે વર્તમાન ભવતા પ્રવર્તમાન વર્તમાન જે પરિણામ, સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર આદિના નિર્મળ પ્રવર્તમાન વર્તમાન પરિણામ. દરેકમાં ધ્યાન રાખે તો સમજાય એવું છે. એક શબ્દ જો આડોઅવળો થાય તો કાંઈ સમજાય એવું નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

અહીંયા કહે છે કે આત્મા જે વસ્તુ-પદાર્થ છે એમાં એક શક્તિ એવી છે કે વર્તમાન નિર્મળ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર આદિ નિર્મળ પરિણામના, ભવતા ભાવના, થવાવાળા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ભાવના.. આહાહા..! છે? ભવતાનો અર્થ (કર્યો). એવા **'ભવતા ભાવના ભવનના (–થવાના)...'** કારણ. ધર્મની વીતરાગી પર્યાય સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર, પ્રભુતા, સ્વચ્છતા આદિ અનંતગુણની વર્તમાન નિર્મળ પ્રવર્તમાન પર્યાયનો ભાવ, તેના થવામાં કારણ અંદર કરણશક્તિ છે તે કારણ છે. આહાહા..! સમજાય છે કાંઈ? દુનિયા એમ કહે છે કે વ્રત કરો ને અપવાસ કરો ને ભક્તિ કરો ને પૂજા કરો એ બધા સાધન છે. ભગવાન તો ના પાડે છે. સમજાય છે કાંઈ? ત્યારે સાધન કહ્યું છે ને? ભિન્ન સાધ્ય-સાધન શાસ્ત્રમાં આવે છે. એ ભિન્ન સાધ્ય-સાધન કહ્યું એ તો નિમિત્તનું જ્ઞાન કરાવવા કહ્યું છે.

'પંચાસ્તિકાય'માં છે. ભિન્ન સાધન અને ભિન્ન સાધ્ય. રાગની ક્રિયાની મંદતા એ ભિન્ન સાધન અને નિશ્ચય સમ્યગ્દર્શન, જ્ઞાન આદિ સાધ્ય. એ તો વ્યવહારનું જ્ઞાન કરાવવા કહ્યું છે અને એ આરોપિત કથન છે. આહાહા..! નિશ્ચયમાં, વાસ્તવિકતામાં, યથાર્થતામાં ભગવાનઆત્મામાં એક કરણ નામનો ગુણ છે. ગુણી ભગવાનઆત્મા અને એમાં એક કરણ નામનો ગુણ છે. કરણ કહો કે કારણ કહો. આહાહા..! જે કરણ નામના ગુણને કારણે વર્તમાન નિર્મળ પર્યાયના સાધનરૂપી કરણ પ્રાપ્ત થાય છે. આહાહા..! આ તો વીતરાગમાર્ગ. ભાઈ! અનંતકાળમાં એને સમજ્યો નથી. અનંતવાર જૈન સંપ્રદાયમાં જન્મ થયો અને સાક્ષાત્ ત્રણલોકના નાથ તીર્થંકર મહાવિદેહમાં બિરાજે છે ત્યાં પણ અનંતવાર જન્મ થયો છે અને સમવસરણમાં પણ અનંતવાર ગયો છે અને ભગવાનની વાણી પણ સાંભળી છે. આહાહા..! પણ એમણે કહ્યું કે તારી વસ્તુમાં એક કારણ નામનો ગુણ છે એનાથી તારી પર્યાયમાં કાર્ય થાય છે. મોક્ષનો માર્ગ–સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણી મોક્ષમાર્ગઃ, એ કાર્યનું કારણ તારામાં કરણ નામની શક્તિ છે એ કારણથી એ કાર્ય થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? છતાં એ કરણશક્તિ ઉપર લક્ષ નથી કરવાનું. લક્ષ તો કરણનું ધરનાર દ્રવ્ય જે છે... આહાહા..! તેની ઉપર દૃષ્ટિ દેવાથી પર્યાયમાં કાર્ય થાય છે. પર્યાય કહો કે કાર્ય કહો. ભવતા કહ્યું ને? **'ભવતા (–વર્તતા, થતા)..'** પ્રવર્તમાન ભાવ. વર્તમાન ભાવ. આહાહા..! અહીં તો કહે કે દયા પાળો ને વ્રત કરો ને ચોવિહાર કરો ને કંદમૂળ ન ખાવો, ભગવાનના બે-પાંચ મંદિર બનાવો, પૂજા કરો તો ધર્મ થશે. અરે..! પ્રભુ! સાંભળ તો ખરો, ભાઈ! એ તો શુભભાવ કર્યા હોય તો કદાચિત્ પુણ્ય છે, ધર્મ નહિ. આહાહા..!

ધર્મ તો વીતરાગીસ્વરૂપ ભગવાન, એમાં ધર્મ–કરણ નામનો એક ધર્મ પડ્યો છે, ગુણ પડ્યો છે, શક્તિ પડી છે એ કારણે ધર્મી એવા આત્મા ઉપર દૃષ્ટિ કરવાથી એ સાધક નામની એક શક્તિ છે એના નિર્મળ પરિણામનું કારણ એ સાધકપણું છે. સમ્યગ્દર્શનની પર્યાયનું કારણ સાધક નામની શક્તિ છે તેને કારણે એ પરિણામ થાય છે. આહાહા..! 'સુમનભાઈ'! આહાહા..! હળવે હળવે આવે છે. અંદરથી આવે એમ થાય ને!

કહે છે કે જે ચીજ પડી છે, ધ્રુવ ભગવાનઆત્મા ધ્રુવ, વર્તમાન પર્યાયમાં ઉત્પાદ-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વ્યય છે પણ એ એક સમયની મુદતવાળી ચીજ છે અને જે ધ્રુવ ચીજ છે એ તો ત્રિકાળી મુદતવાળી વસ્તુ છે. આહાહા..! ત્રિકાળી જેની મુદત–કાળ છે એવા ધ્રુવ ઉપર દૃષ્ટિ કરવાથી એની પર્યાયમાં સમ્યગ્દર્શન, જ્ઞાન આદિના પરિણામ થાય એનું કારણ દ્રવ્ય છે અથવા દ્રવ્યમાં રહેલી સાધક નામની ગુણ–શક્તિ છે તે નિર્મળ પર્યાયનું કારણ છે. આહાહા..! 'શાંતિભાઈ'! કોઈ દિ' સાંભળ્યું નથી, એમ ને એમ માથાકૂટ કરીને જિંદગી ચાલી જશે. આહાહા..! અમે જૈન છીએ ને અમે ધર્મ કરીએ (છીએ) એમ કરીને બફમમાં જિંદગી ચાલી જાય છે, બાપા! આહાહા..!

ભવના અભાવના કારણરૂપ જે નિર્મળ પર્યાય–સમ્યગ્દર્શન, જ્ઞાન, એ સાધક નામની શક્તિ છે તેને કારણે પર્યાયમાં એ કાર્ય થાય છે. આહાહા..! વ્યવહાર રત્નત્રય વચ્ચે આવે છે પણ એ કારણ નહિ. આહાહા..! એ તો હેય છે. સમજાય છે કાંઈ? ઉપાદેય તો ભગવાનઆત્મા, જેમાં સાધક નામનો–કરણ નામનો ગુણ પડ્યો છે, એ ગુણને ધરનારો ગુણી.. આહાહા..! પંચમ પારિણામિક સ્વભાવભાવ, નિત્યાનંદ નાથ પ્રભુ, એનો આશ્રય કરવાથી તેમાં સાધક નામની શક્તિ–ગુણ છે તે કારણે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રના પરિણામ પ્રવર્તમાન ભાવ પ્રગટ થાય છે. આહાહા..! હવે આવું સાંભળવું મુશ્કેલ પડે.

મુમુક્ષુ :– સાધક અને કરણ એક જ છે ને.

ઉત્તર :– કરણ એટલે સાધક કહો, કરણ કહો, કારણ કહો. ત્રણ શબ્દ લીધા ને? સમજાય છે કાંઈ? આહાહા..! ધીમેથી સમજવું, પ્રભુ! અહીંયા તો સર્વજ્ઞ ત્રિલોકનાથ જિનેન્દ્રદેવ પરમેશ્વરનો હુકમ, આજ્ઞામાં આ આવ્યું છે. આહાહા..!

પ્રભુ! તારું જે ધર્મનું કાર્ય છે એ ધર્મનું કાર્ય તો વીતરાગી પર્યાય છે. દયા, દાન, વ્રત એ કોઈ ધર્મનું કાર્ય જ નથી. એ તો બંધનું કારણ છે. આહાહા..! આકરી વાત. ચૈતન્ય ભગવાન અંદર મહા માહાત્મ્યવાળી વસ્તુ છે, જેની મહિમા પૂર્ણ સર્વજ્ઞ પરમેશ્વર પણ વાણી દ્વારા કહી શકે નહિ, એવી ચીજ અંદર ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ આત્મા છે. સર્વજ્ઞ પરમેશ્વરે જોયો એ, હોં! અજ્ઞાની આત્મા આત્મા કરે છે એ નહિ. આહાહા..! એ સર્વજ્ઞ પરમેશ્વરે પોતાના આત્માને એવો જોયો, 'પ્રભુ તુમ જાણગ રીતિ સૌ જગ દેખતા હો લાલ..' હે નાથ! આપ સર્વજ્ઞ પરમેશ્વર ત્રણકાળ ત્રણલોકના દ્રવ્ય, ગુણ, પર્યાયને એક સમયમાં જાણો છે. 'પ્રભુ તુમ જાણગ રીતિ સૌ જગ દેખતા હો લાલ, નિજ સત્તાએ શુદ્ધ અમને પેખતા હો લાલ.' પ્રભુ! આપના સર્વજ્ઞપણામાં અમારી નિજ સત્તા, નિજ હોવાપણું પવિત્ર છે તેને આપ આત્મા દેખો છો. પુણ્ય-પાપ ને શરીરને તમે પર જુઓ છો. આહાહા..! શરીર, વાણી, મન, કર્મ તો અજીવરૂપે ભગવાન જુએ છે. હિંસા, જૂઠ, ચોરી, વિષયભોગ વાસના તો ભગવાન પાપરૂપ જુએ છે. અને દયા, દાન, વ્રત, શીલ, બ્રહ્મચર્યઆદિના ભાવને ભગવાન પુણ્યરૂપ જુએ છે. આહાહા..!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



'નિજ સત્તાએ..' નિજ હોવાપણું. પોતાનું હોવાપણું. એ તો પ્રભુ! આપ શુદ્ધ છે એમ જુઓ છો. તો શુદ્ધ એટલે તારા દ્રવ્ય, ગુણ બન્ને શુદ્ધ છે, એને આત્મા કહે છે. એ આત્મામાં કરણ નામની એક શક્તિ છે, એક ગુણ છે, સાધકપણાનો એક ગુણ છે. સાધકપણું જે અંદર પ્રગટે છે તેની સાધક નામની શક્તિ છે. આહાહા..! 'શાંતિભાઈ'! ઝવેરાતમાં કોઈ દિ' સાંભળ્યું પણ ન હોય, ન્યાં માથાકૂટ કરીને જિંદગી ચાલી ગઈ. આહાહા..! સમજાય છે કાંઈ? આહા..! 'મલૂપચંદભાઈ' એ એમના દીકરાનું થોડું સંભળાવ્યું હતું. ધૂળધાણીને વાપાણી. આહાહા..! 'મલૂપચંદભાઈ' છે ને આ? એના બે દીકરા છે. એક પાસે ચાર કરોડ અને એક પાસે પાંચ કરોડ. એથી વધારે હશે. પણ આપણને તો કો'કે વાત કરી છે. આ એમના દીકરા છે. આ 'મલૂપચંદભાઈ' બેઠા છે ને? સવારમાં વાત કરતા હતા કે બે ભાઈઓને તકરાર હતી. પેલો ઘડીયાળ-બડિયાળ 'સ્વીટઝરલેંડ'થી મોકલે ને. એની પાસે ચાર કરોડ રૂપિયા. દીકરો એકે નથી, એક દીકરી. બે ભાઈઓને તકરાર (ચાલે છે). પેલો ઘડિયાળ અહીંયા મોકલતો હશે ને અહીં? તો પેલો બરાબર પૈસા નહિ આપતો હોય. પછી બેની વહેંચણી કરી કે મહિને સાત હજાર તમને આપવા. નાના ભાઈએ મોટા ભાઈને એક મહિનામાં સાત હજાર રૂપિયા આપવાના. એમ સમાધાન થયું. કારણ કે વેપાર ત્યાં કરે. અહીંયા ઘડિયાળ મોકલે. કર્તા-હર્તા તો પૂનમ હશે અથવા એની વહુ હશે. ઘડિયાળની દુકાનમાં એની વહુ (હતી). એક ફેરી અમે ગયા હતા. હવે આ સમાધાન, ધૂળમાં. મહિને સાત હજાર. નાનો ભાઈ મોટા ભાઈને સાત હજાર મોકલે. એક દિવસની બે હજારની પેદાશના. તો એની પેદાશ તો કેટલી હશે? 'પૂનમચંદ'. બે હજાર તો એક દિવસના મોટા ભાઈને મોકલે પેદાશના. અને એને ત્યાં મોટી પેદાશ છે. પણ ધર્મ શું કંઈ ખબર ન મળે. આખી જિંદગી પૈસા.. પૈસા.. પૈસા.. ધૂળ.. ધૂળ.. ધૂળ.

મુમુક્ષુ :- પૈસામાં આકર્ષણ બહુ છે.

ઉત્તર :- ધૂળમાં પણ આકર્ષણ નથી, અજ્ઞાની માને છે. આહા..! એય..! આહાહા..!

અહીં તો પરમાત્મા તો કહે છે, જે કોઈ પર ચીજને માગે છે તે મોટો રાંકો, ભિખારી છે. પોતાની ચીજમાં આનંદનો નાથ ભગવાન અનંતશક્તિ સંપન્ન પડી છે તેની પાસે માંગણી નથી કરતો અને પર પાસેથી માંગણી કરે છે. આમાંથી લાવ, આ લાવ.. પૈસામાં સુખ છે, સ્ત્રીમાં સુખ છે, ધૂળમાં સુખ છે, મકાન બે-પાંચ-પચીસ લાખનું, કરોડનું બનાવીને વાસ્તુ લે કે પાંચ-પચાસ હજાર, લાખ-બે લાખ ખર્ચ કરે તો સુખી છે. ધૂળમાં પણ નથી, સાંભળને! દુઃખી આકુળતાના ભંડારમાં પડ્યો છો.

સુખ તો ભગવાનઆત્મામાં પડ્યું છે. આહા..! સુખશક્તિ આત્મામાં છે અને એની સાથે સાધનશક્તિ પણ સાથે છે. તો સુખનું સાધન કરીને આત્મામાં સુખની પ્રાપ્તિ કરવી, એ સુખની પ્રાપ્તિના કાર્યનું કારણ આ સાધક નામની શક્તિ છે. આહાહા..! એ સુખ નામનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ગુણ છે એમાં આ સાધક નામના ગુણનું રૂપ છે. રૂપ એટલે સ્વરૂપ.

ફરીને, જે આત્મા છે એમાં આનંદ નામની શક્તિ-ગુણ છે. એક સાધક નામની, કરણ નામની શક્તિ છે એ શક્તિ છે તે આનંદમાં શક્તિ નથી પણ આનંદગુણમાં શક્તિનું સ્વરૂપ છે. આનંદમાં સાધકપણાની શક્તિનું સ્વરૂપ છે. શું કહે છે આ? કાંઈ મેળ ખાતો નથી. આહાહા..! આનંદ નામનો ગુણ આત્મામાં છે. એમાં સાધક નામની શક્તિનું સ્વરૂપ છે. સાધક નામની શક્તિ આનંદગુણમાં નથી. આહાહા..! ભારે વાતું, બાપુ! એને નિજઘરમાં શું છે એની ખબરું ન મળે અને પરઘરમાં શોધવા જાય છે. આહા.! મોટો મૂરખ છે. અબજોપતિ બધા પરમાં ગોતે છે તો મૂરખ છે, એમ અહીં તો કહે છે. સમજાય છે કાંઈ?

અહીં કહે છે, આત્મામાં જ્ઞાનગુણ છે તો એની સાથે કારણ નામની, સાધક નામની એક શક્તિ છે. એ શક્તિ જ્ઞાનગુણમાં નથી. પણ જ્ઞાનગુણમાં એ શક્તિનું સ્વરૂપ છે. અરે! આ શું? રૂપને બદલે હમણા સ્વરૂપ કહ્યું. સમજાય છે કાંઈ? બીજી રીતે કહીએ તો જ્ઞાનગુણમાં આ સાધક નામની શક્તિનો અંદર ભાવ છે. આ શક્તિ ત્યાં નથી. અરે.! આવી વાતું છે. અરે..! એનું ઘર કદી સાંભળ્યું નથી. મારા ઘરમાં શું છે અને હું ક્યાં રખડું છું, રઝળું છું. આહાહા..! ચોરાશીના અવતારમાં અનંતવાર તો નિગોદમાં અવતાર લીધા. અનંતવાર અબજોપતિ રાજા થયો, એક દિવસની અબજની પેદાશ, એવો રાજા અનંતવાર થયો. ધૂળનો ધણી મરીને નરકે ગયો. આહાહા..! સમજાય છે કાંઈ? પણ આત્માની શક્તિ અને આત્મા શું છે, કદી શોધ જ નથી કરી. આહાહા..! સમજાય છે કાંઈ? 'શાંતિભાઈ'! 'દિલ્હી'માં ક્યાંય સાંભળવા મળે એવું નથી. આહાહા..! અરે..! એ વાત, બાપુ! શું કહીએ? અત્યારે આ વાત બહુ લોપ થઈ ગઈ છે. સાધુ નામ ધરાવનારા પણ વ્રત કરો ને અપવાસ કરો ને મંદિર કરો ને જાત્રા કરો, એનાથી તને ધર્મ છે. એ પ્રરૂપણા જ મિથ્યાદૃષ્ટિની છે. સમજાય છે કાંઈ? એ મિથ્યાદૃષ્ટિ છે, એ સાધુ નથી. આહાહા..!

અહીંયા તો કહે છે, પ્રભુ! એકવાર સાંભળ તો ખરો. તારી વસ્તુમાં અનંતશક્તિઓ આમ વિસ્તારથી એકસાથે પડી છે. અને એની પર્યાય છે તે ક્રમસર આયત થાય છે. એક પછી એક. આ નિર્મળની વાત છે, હોં! અહીંયા મલિનતાની વાત નથી. શક્તિઓ જે અનંત છે, ભગવાનઆત્મા વસ્તુ છે એમાં શક્તિ એટલે ગુણ અનંત છે. એકસાથે આમ વિસ્તાર પ્રાપ્ત છે. આમ વિસ્તાર પ્રાપ્ત છે. અને એની જે નિર્મળ પર્યાય છે એ ક્રમસર આયત પ્રાપ્ત છે. આમ. એક પછી એક, એક પછી એક. ગુણ એક પછી એક એમ નથી. ગુણ તો એકસાથે અનંત છે. પણ પર્યાય છે એ એક સમયે અનંતગુણની એક જ પર્યાય હોય.

હવે અહીંયા તો કહે છે કે પર્યાયમાં જે નિર્મળ કાર્ય (થાય છે).. આહાહા..! ધર્મ સ્વભાવ જે પર્યાયમાં પ્રગટ થાય છે, વીતરાગી ભાવ જે પ્રગટ થાય છે, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણી મોક્ષમાર્ગ જે પર્યાયમાં પ્રગટ થાય છે, તેનું કારણ કોણ? તેનું કરણ કોણ? તેનું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સાધન કોણ? આહાહા..! 'શાંતિભાઈ'! એમ ને એમ મરી ગયો. બહારમાં મોટી પંડિતાઈ કરી, લાખો માણસમાં મોટા ભાષણ આપ્યા ને રાજી રાજી (થઈ ગયો). લોકો પણ એવા હોય. આહા..! વ્યવહાર કરતા કરતા નિશ્ચય થશે. દયા, દાન, વ્રતના શુભભાવથી શુદ્ધતા થશે. એવી પ્રરૂપણા મિથ્યાદૃષ્ટિની છે. આહાહા..! શેઠ! શું કહ્યું?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ધર્મનું ભાન પણ કે દિ' છે? 'ભગવાનદાસ' નામ ધરાવ્યું પણ ભગવાનદાસ થયો છે ક્યાં? રાગનો દાસ થયો છે. નહિ શેઠ?

મુમુક્ષુ :– આપની મહેરબાની થશે...

ઉત્તર :– મહેરબાની તો ભગવાનઆત્માની થશે ત્યારે થશે. ત્રણલોકનો નાથ જાગૃતસ્વભાવથી ભરેલો છે. આહાહા..! અરે..! ભાઈ! તને ખબર નથી. તારા ઘરમાં તારે વાસ્તુ લેવું હોય, પરઘરમાં વાસ્તુ લેવું હોય તો મોટો મહોત્સવ કરે છે. પાંચ-પચીસ હજાર ખર્ચે ને આમ કરે ને આમ કરે. આહાહા..! અહીંયા તારે વાસ્તુ લેવું હોય તો ભગવાનમાં એટલી શક્તિ છે કે સાધક નામનો એક ગુણ પડ્યો છે અને ગુણનો ધરનાર ભગવાનઆત્મામાં તારે વાસ્તુ લેવું હોય તો દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરવી પડશે. આહાહા..! પર્યાય ઉપર નહિ, રાગ ઉપર નહિ, ગુણ-ગુણીના ભેદ ઉપર નહિ. આહાહા..! આવું ક્યાં સાંભળવા મળે નહિ. બિચારા જિંદગી રળવામાં આખો દિ' પૈસો.. પૈસો.. રળવું. બાયડી, છોકરાને રાજી રાખવામાં પાપમાં જિંદગી વીસ, બાવીસ કલાક જાય. આહા..! એકાદ, બે કલાક સાંભળવા મળે તો એને કુગુરુ લુંટી લે. તમને વ્રત કરતા ધર્મ થશે. અપવાસ કરતા ધર્મ થશે. લુંટી નાખે કુગુરુ એને. આહાહા..!

મુમુક્ષુ :– વાણિયા છેતરાય?

ઉત્તર :– વાણિયા તો કેવા છેતરાણા છે. એ.. 'કાંતિભાઈ'! વાણિયા બીજામાં ન છેતરાય, અહીં ધર્મમાં છેતરાય, ભારે છેતરાય. બીજે ન છેતરાય. અહીં તો કોઈ કહે, દયા પાળો, વ્રત કરો, અપવાસ કરો, આઠ અપવાસ કરો, બે, ચાર, પાંચ પચીસ, પચાસ લાખ ખર્ચીને મંદિર બનાવો. વાણિયા માને કે હા, ધર્મ છે. છેતરાઈ ગયો. એ શુભભાવમાં ધર્મ નથી.

મુમુક્ષુ :– વાણિયાને બધી વસ્તુ સસ્તી જોઈએ.

ઉત્તર :– સસ્તુ જોઈએ. આ સસ્તુ લેવા ગયા ત્યાં મોંઘું પડી ગયું. એ તો દૃષ્ટાંત નહોતો આપ્યો? પહેલા અમારે ત્યાં ગુજરાતમાં કાઠિયા થાય છે. એ શાક વેચે. કાઠિયા હોય છે. એક નાત છે. ત્યાં 'પાલેજ'માં કાઠિયા છે. જોડે માલ લેવા આવે. મણ-બે મણ શાક ઉપાડી જાય પછી વેંચવા આવે. વેચતા વેચતા, સવા-દોઢ મણ વેંચાઈ ગયું હોય, દસ શેર રહ્યું હોય, છિદ્રવાળા, ડંખવાળા રહી ગયા હોય, ઘિસોડા હોય, દૂધી હોય. પહેલા તો ચાર પૈસાનો શેર હતો ને, હવે આઠ આના શેર થઈ ગયા. આઠ આના શેર સવા મણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


વેંચી નાખ્યું હોય, દસ શેર રહ્યું હોય. વાણિયો કંજૂસ લોભી આવે. ભાઈ! આ દસ શેર પડ્યું છે. હું ઉપાડીનું ગામડામાં ક્યાં લઈ જઉં. અત્યાર સુધી આઠ આના શેર આપ્યું. તમને ચાર આના શેર આપશું. થોડો ડંખ છે. ડંખ સમજ્યા? કીડાનો ડંખ, કાણું. થોડા ડંખ છે. તમને ચાર આના શેર આપશું. અત્યાર સુધી આઠ આના શેર વેંચ્યું. ઘરે લઈ જાય ત્યાં આખી દૂધીમાં ડંખ. એક કટકો પણ કામ ન કરે. આ લોભિયા વાણિયા.

એમ ધર્મને નામે છેતરાઈ ગયો. કોઈ એમ બતાવી દે કે તમને ધર્મ આમ થશે. ભગવાનની શેત્રુંજયની જાત્રા કરો, વર્ષમાં બે, ચાર કારતક સુદ પૂનમની, ચૈત્રસુદ પૂનમની કરો તો જાઓ કલ્યાણ થઈ જશે. મરી જઈશ છેતરાઈને, ન્યાં કલ્યાણ નથી. સાંભળ તો ખરો. સમજાય છે કાંઈ? સમેદશીખરનું નથી આવતું? 'એકવાર વંદે જો કોઈ, નરક પશુ ન હોઈ'. પણ નરક, પશુ ન હોઈ એમાં ડાળિયા શું થયા? પછી પશુ થઈને પછી નરકમાં જશે. આહાહા..! ભાઈ! એ તો એકાદ એવો શુભભાવ થયો હોય તો નરક કે તિર્યંચમાં ન જાય. પણ મનુષ્ય થઈને પછી તિર્યંચ થઈને નિગોદમાં જશે. જ્યાં સુધી આત્માનું જ્ઞાન નથી, આત્મા શું ચીજ છે, એની પ્રતીતિના વિશ્વાસનું ભાન નથી. જે ચીજનો વિશ્વાસ કરવો છે તેનું તો ભાન નથી. આહાહા..! આવા ભાન વિના એ ક્રિયાકાંડથી તો પુણ્યબંધ થશે. એકવાર સ્વર્ગ મળે પછી ન્યાંથી તિર્યંચ થઈને નરક ને નિગોદમાં જશે. એને ભવનો અભાવ થશે નહિ. સમજાય છે કાંઈ? કડક પડે, પ્રભુ! શું કરે? વીતરાગનો માર્ગ તો આ છે. આહાહા..!

અહીંયા એ કહે છે, **'ભવતા..'** વર્તમાન થવાવાળા પર્યાયના કાર્યરૂપ ભાવ. તેના ભાવના ભવનના. એ નિર્મળ વીતરાગી પર્યાયના ભાવના થવાના કારણરૂપ સાધકતમપણામયી. આહાહા..! **'ઉત્કૃષ્ટ સાધકપણામયી,..'** એમાંથી કોઈ કાઢે કે, જુઓ! કોઈ જઘન્ય સાધક છે કે નહિ? એ તો જઘન્ય સાધનનો આરોપ છે. ઉત્કૃષ્ટ સાધનમયી. ખરું સાધન તો અંદરમાં સાધક નામની શક્તિનો ગુણ છે તે કારણે નિર્મળ પર્યાયનું એ સાધકપણું છે. નિર્મળ સમ્યગ્દર્શન, જ્ઞાન ધર્મનો ભાવ અને ભવના છેદનો ભાવ. આહાહા..!

અહીંયા મોટો અબજોપતિ ગૃહસ્થ હોય અને મરીને નરકે જાય. આહાહા..! એ નરકની પહેલી સ્થિતિ, પહેલી નરક છે, એની દસ હજાર વર્ષની નાનામાં નાની સ્થિતિ છે. નારકીની નાનામાં નાની દસ હજાર વર્ષની સ્થિતિ છે. વિશેષ સ્થિતિ એક સાગરોપમ. પાપ કરીને દસ હજાર વર્ષમાં જાય.. આહાહા..! તો એની એટલી વેદના છે કે અબજોપતિનો છોકરો, લગ્નનો દિવસ હોય, કરોડો રૂપિયા લગ્નમાં ખર્ચ્યા હોય, પચીસ વર્ષની જુવાન અવસ્થા હોય અને રાજની દીકરી આવી હોય અને કરોડો રૂપિયા દહેજમાં લાવી હોય અને એ છોકરાને રાત્રે જમશેદપુરની ભઠ્ઠીમાં સીધો નાખે અને એને જે વેદન છે તેનાથી અનંતગણુ વેદન નરકની પહેલી સ્થિતિમાં છે. આહાહા..! અરે..! ભાઈ! તેં સાંભળ્યું નથી, બાપુ! ભાઈ! તેં અનંતકાળ મિથ્યાદષ્ટિપણે ગાળ્યો તો કોઈવાર શુભથી સ્વર્ગાદિ મળ્યા કે આ ધૂળનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


શેઠિયો થયો. પણ મરીને પછી ચાર ગતિમાં જશે, રખડશે. આહાહા..! સમજાય છે કાંઈ?

અહીંયા તો કહે છે, તારું પરિભ્રમણ મટાડવું હોય અર્થાત્ એ દુઃખ મટાડવું હોય તો સુખના સાધનરૂપી કાર્ય, તેનું સાધન શું? આહાહા..! ભગવાનમાં કરણ નામની શક્તિ પડી છે એ સુખનું સાધન છે. સુખનું સાધન કોઈ દયા, દાન ને વ્રત એ સુખનું સાધન નથી. આહાહા..! આવી વાતું છે. પર્યુષણના દિવસે લોકોને હાંકી મુકશે. બસ! અપવાસ કરો, આમ કરો, તેમ કરો, વર્ષીતપ કરો. વર્ષીતપ કરે છે ને? એક દિ' ખાવું ને એક દિ' લાંઘણ. ભાન ન મળે આત્માનું, તારા અપવાસ ક્યાંથી આવ્યા? એ અપ-વાસ છે. અપવાસ એટલે માઠો વાસ. રાગની મંદતામાં તારો વાસ એને અપવાસ કહે છે. સાચા અપવાસ તો ઉપ નામ આનંદના નાથની ઉપ નામ સમીપ જઈ વસવું એનું નામ ઉપવાસ છે. એ તો સાંભળ્યું પણ નથી, ભાન પણ ન મળે. આહાહા..! સમજાય છે કાંઈ?

અહીં કહે છે, બહુ થોડા શબ્દોમાં તો કેટલું નાખ્યું છે! આત્મામાં એક ચારિત્ર નામનો અંદર ગુણ છે. આત્મા ગુણી, સ્વભાવવાન છે અને ચારિત્ર સ્વભાવ છે. તો ચારિત્ર સ્વભાવમાં પણ કરણ નામની શક્તિનું સ્વરૂપ છે. કરણ નામની શક્તિ ચારિત્રગુણમાં નથી પણ કરણ નામની શક્તિ, સાધક નામની શક્તિ, એનું ચારિત્રગુણમાં સ્વરૂપ છે. અને એ સ્વરૂપને કારણે વીતરાગી પર્યાયનું કારણ એ ચારિત્રગુણ થાય છે. વર્તમાન ચારિત્ર વીતરાગી પર્યાય જે મુનિને હોય છે, આહાહા..! સંતો સાચા જેને મુનિ કહીએ, આહાહા..! એની દશામાં તો પ્રચુર આનંદનું વેદન હોય છે. પ્રચુર કેમ કહ્યું? સમ્યગ્દર્શનમાં આનંદનું વેદન છે પણ પ્રચુર નથી. અને મુનિ જે સાચા છે, સાચા મુનિ, હોં! નગ્ન થઈને ફરે, લુગડા છોડીને ફરે માટે સાધુ થઈ ગયા, એ કોઈ સાધુ-ફાધુ છે નહિ. સમજાય છે કાંઈ? કેમકે સાધક નામની શક્તિનું સાધન કર્યું નહિ તો એ સાધુ નથી. આહાહા..! એ તો રાગની શક્તિ, દયા, દાન ને વ્રતનું સાધન કર્યું. એ તો બંધનું કારણ છે. એ સાધન નહિ. એ સાધુ નહિ. સમજાય છે કાંઈ? આહાહા..! આવી વાતું આકરી પડે. શું થાય?

ત્રણલોકનો નાથ અહીં વર્ણન કરે છે. સંતો કેવળી પરમાત્માએ કહેલી વાત આડતિયા તરીકે જાહેર કરે છે. 'શાંતિભાઈ'! આ 'શાંતિભાઈ' જેવા ભાષણ કરે. આનું આમ ન હોય ને આનું આમ હોય. મારે ગપ્પા આડાઅવળા. આને ભાષણ કરતા આવડે છે. આમ ભગવાનની ભક્તિ કરે ને વ્રત પાળે તો ધર્મ થાય. એય..! 'શાંતિભાઈ'! આ તો દાખલો. ઘણા બધા એમ જ કરે છે ને?

મુમુક્ષુ :- એ છોડીને આવ્યા છે.

ઉત્તર :- એ છોડીને આવ્યા છે. બેનને લઈને વધારે આવે છે. આહાહા..! પ્રભુ! વાત આકરી, ભાઈ! બાપુ! જન્મ-મરણ મટવાની સમ્યગ્દર્શન ચીજ, એની મહિમા અપાર છે. અને સમ્યગ્દર્શનનો આશ્રય જે છે એ ચીજની તો અપાર મહિમા છે. આહાહા..! એવી ચીજમાં...

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ચારિત્રની પર્યાય જેને થાય છે તેને બહારમાં નગ્નદશા થઈ જાય છે. અને એને અંતરમાં કોઈ પંચમહાવ્રતનો વિકલ્પ આવે છે એ ચારિત્ર નથી. ચારિત્ર તો અંદરમાં વીતરાગી આનંદની રમણતા (થવી) એનું નામ ચારિત્ર છે. આહાહા..! એ ચારિત્રનું કારણ કોણ? પંચમહાવ્રત આદિ કારણ છે? ના. કારણ કોણ? ચારિત્રગુણમાં કારણશક્તિનું રૂપ સ્વરૂપ પડ્યું છે, એ કારણે ચારિત્રની વીતરાગી પર્યાયનું ભવન, થવું એનું સાધકતમ કારણશક્તિ છે. આહાહા..! સમજાય છે કાંઈ? વાતમાં બહુ ફેર.

આત્માના ભોગનો, આનંદનો ભોક્તા પ્રભુ,.. આહાહા..! શરીર ને સ્ત્રીનું શરીર ને માંસ ને ચૂરમાનો ભોક્તા આત્મા નહિ. એ વખતે એને રાગ થાય છે કે હું સ્ત્રીનો ભોગ લઉં છું અને એ રાજી થાય છે ને હું પણ રાજી થાઉં છું, એ રાગનો ભોગ છે. દુઃખનો ભોગ છે, આકુળતાનો ભોગ છે. આહાહા..! પણ જેને અનાકુળતાનો ભોગ લેવો હોય તો સાધક કારણ કોણ? અંતરાય ઉપર દૃષ્ટિ ગઈ. સમજાય છે કાંઈ? અનાકુળ આનંદનો ભોગ લેવો હોય, ધર્મનો અનુભવ કરવો હોય તો તેનું કારણ કોણ? એનું કારણ શોધવાથી એ કાર્ય થશે. આહાહા..!

ભગવાનઆત્મામાં એક સાધક નામની શક્તિ પડી છે. એ શક્તિવાનને શોધવાથી એ શક્તિને કારણે અનાકુળ આનંદનો ભોગ થાય છે. સમજાય છે કાંઈ? એ અનાકુળ આનંદનું વેદન એ ધર્મ છે. આવી વાતું ભારે આકરી. સમજાય છે કાંઈ? આ એક એક ગુણ અનંતશક્તિમાં વ્યાપક છે. આત્મામાં અપરિમિત અનંતશક્તિઓ છે. અનંતશક્તિ કહો કે ગુણ કહો, પ્રત્યેક ગુણમાં આ સાધક નામની શક્તિ વ્યાપી છે. અથવા સાધક નામની શક્તિનું પ્રત્યેક ગુણમાં તેનું સ્વરૂપ છે. અથવા સાધક નામની શક્તિ, પોતાના દ્રવ્ય સ્વભાવનો આશ્રય કર્યો તો જે નિર્મળ કાર્ય થયું તેનું એ કારણ છે. સમજાય છે કાંઈ? એ સાધકતમ કારણથી એ નિર્મળ કાર્ય થાય છે. આહાહા..!

બીજી રીતે (કહીએ તો), સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર, આનંદનો ભોગ, વારંવાર એનો ભોગ, આનંદનો, હોં! એ ધર્મ. એનું કારણ કોણ? આહાહા..! આનંદ સ્વરૂપ ભગવાનમાં કરણ નામની શક્તિનું રૂપ છે. તે કારણે પર્યાયમાં આનંદનો ભોગ થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? અરે..! આ શું? શબ્દો પણ સાંભળ્યા ન હોય અને કહે, અમે જૈન છીએ. ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં, ણમો આઈરિયાણં.. બોલે. એમાં ધૂળમાં એવા ણમો અરિહંતાણં અનંતવાર કર્યા. પંચ પરમેષ્ઠીની ભક્તિ ને નમસ્કાર અનંતવાર કર્યા. એ તો શુભરાગ છે. ન્યાં ક્યાં ધર્મ આવ્યો? સમજાય છે કાંઈ?

પોતાની ધર્મદશામાં કારણરૂપે કારણ નામની શક્તિ છે તે કારણરૂપે કાર્યમાં આવે છે. આહાહા..! અરે..! આવી ભાષા કોઈ દિ' સાંભળ્યું પણ ન હોય. કહો, 'ફૂલચંદભાઈ'! વાણિયા પાસે સાંભળ્યું હોય અને આ પણ સાંભળ્યું ન હોય. ધંધા કરો, આ કરો આખો દિ'. આહાહા..!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ધંધામાં તો જે રોકાય છે એ તો એકલા પાપ છે. પણ હવે અહીં તો કહે છે, ધર્મશ્રવણમાં આવ્યો અને બે-ચાર કલાક શ્રવણ કર્યું તો એ પણ વિકલ્પ અને શુભરાગ છે. એ પણ ધર્મ નહિ. ધર્મ તો રાગરહિત ભગવાનઆત્મા, એમાં સાધક નામનો ગુણ પડ્યો છે તો ગુણીના અવલંબનથી એ ગુણને કારણે,.. ગુણ (એકલો) પરિણમતો નથી, દ્રવ્ય સાથે પરિણમે છે. આખું દ્રવ્ય એકસાથે પરિણમે છે. સાધક નામની શક્તિ એકલી ભિન્ન થઈને પરિણમે છે, એમ નથી. શું કહે છે આમાં? એક એક વાતમાં ફેર. આહાહા..!

પહેલા એ કહી ગયા હતા. 'ચિદ્‌વિલાસ' ની વાત. ગુણ પરિણમતા નથી. દ્રવ્ય પરિણમે છે એમાં ગુણ સાથે પરિણમી જાય છે. એકવાર એ કહ્યું હતું. સમજાય છે કાંઈ? ગુણ પરિણમન ને દ્રવ્ય પરિણમન શું ભાષા આપી છે? વાણિયાના ચોપડામાં આવે નહિ. મંદિરમાં ને અપાસરામાં સાંભળવામાં આવે નહિ. આહાહા..!

અહીં કહે છે, એકવાર સાંભળ તો ખરો! આહાહા..! તારા સ્વભાવમાં, તારો સ્વભાવ જ એવો છે એટલે તારો ગુણ એવો છે કે ધર્મની પર્યાયનું કાર્ય જ્યારે થયું, પર્યાય કહો કે કાર્ય કહો, એ કાર્યના પ્રવર્તનમાં કારણરૂપ તો અંદર સાધક નામનો ગુણ છે. તો પ્રત્યેક ગુણમાં સાધક નામનું રૂપ છે. તો પ્રત્યેક ગુણ પોતાની પર્યાયનું કાર્ય છે. પ્રત્યેક ગુણના કાર્યનું કારણ પ્રત્યેક ગુણ છે. બીજા ગુણના કાર્યનું કારણ બીજો ગુણ છે એમ નથી. આહાહા...! સમજાય છે કાંઈ? એકે એક વાત કેટલી યાદ રાખવી? પહેલેથી બીજી જાત. આહાહા..! ભાઈ! વાત તો વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર...

મુમુક્ષુ :–

ઉત્તર :– ન્યાય યાદ રહે, ગાથા કાંઈ યાદ રહે? ભાવ અંદર. આહાહા..!

અનંતગુણ છે એ પ્રત્યેક ગુણમાં સાધક નામની શક્તિનું સ્વરૂપ છે તો પ્રત્યેક ગુણમાં કાર્યરૂપમાં તે સાધક નામનું સ્વરૂપ છે તે કારણ થાય છે. આહાહા..! સમ્યગ્દર્શનમાં, અંદર શ્રદ્ધા નામનો ગુણ છે એમાં કરણ નામનું સ્વરૂપ છે તે કારણે સમ્યગ્દર્શનની પર્યાય કાર્ય થાય છે. સમ્યગ્દર્શનની પર્યાયનું કારણ અંદર શ્રદ્ધામાં કરણનું રૂપ છે. એમ સમ્યગ્જ્ઞાનમાં અને સમ્યગ્દર્શનનું રૂપ છે તે કાર્ય નથી કરતું. સમ્યગ્જ્ઞાનમાં જ્ઞાનગુણ જે છે તેમાં કરણ નામનું સ્વરૂપ છે એ કારણે ત્યાં સમ્યગ્જ્ઞાનની પર્યાયના કાર્યનું કારણ એ થાય છે. આહાહા..! ભારે ઝીણું, બાપુ! આહા..!

આ તો વીતરાગ જિનેન્દ્રદેવ ત્રણલોકનો નાથ એક સમયમાં જેણે ત્રણકાળ ત્રણલોક જોયા, એ પર્યાયને જોઈ એમાં ત્રણલોકને જોયા એમ કહેવામાં આવે છે. એ ભગવાનની વાણી આમ કહે છે. ભાઈ! તેં સાંભળ્યું નથી. તારા ઘરમાં શું મૂડી છે, શું લક્ષ્મી છે તેં સાંભળી નથી, નાથ! તારી લક્ષ્મીમાં, તારી મૂડીમાં એક કરણ નામનો ગુણ છે તો અનંતગુણમાં એ કરણગુણનું સ્વરૂપ છે. આહાહા..! પ્રત્યેક ગુણનું જે નિર્મળ કાર્ય છે એનું કારણ એનું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સ્વરૂપ છે એ કારણ છે. આહાહા..! બીજા ગુણનું સ્વરૂપ એ ગુણના કાર્યનું કારણ નથી. આહાહા..! તો પછી દયા, દાન ને વ્રત એનું કારણ છે (એમ તો ક્યાંથી હોય)? અહીં તો એનો અભાવ છે એ સ્યાદ્વાદ છે. વ્યવહારનો અભાવ કારણ છે, વ્યવહારનો સદ્ભાવ કારણ નથી. પોતાનો સદ્ભાવ કારણ છે અને એનો અભાવ કારણ છે. આહાહા..! એનું નામ અનેકાંત એટલે સ્યાદ્વાદ કહે છે.

આ તો અનેકાંત શું કહે? પોતાથી પણ થાય અને વ્યવહારથી પણ થાય એ અનેકાંત કરો. એ અનેકાંત નથી, એ તો ફૂદડીવાદ છે. ફૂદડીવાદ આડીઅવળી ફર્યા કરે એ ફૂદડીવાદ છે. ભગવાનનો અનેકાંત માર્ગ તો એ છે, પોતાના ગુણની શક્તિમાં કરણ નામની શક્તિ છે તો પ્રત્યેક ગુણનું ભવન એટલે પ્રવર્તમાન જે કાર્ય તેનું કારણ એ સ્વરૂપ છે. આહાહા..! સમજાય છે કાંઈ? આહા...! એક એક શબ્દમાં દરેકમાં ફેર છે. એના એ શબ્દ નથી. શબ્દમાં વાચ્ય છે તે ભિન્ન ભિન્ન છે. પ્રત્યેક શબ્દમાં વાચ્ય ભિન્ન છે. આહાહા..! સમજાય છે કાંઈ?

અહીંયા કહ્યું, ભિન્ન સાધ્ય-સાધન કહ્યું છે ને? એ વળગે છે બધા. આહાહા..! એ તો આરોપિત કથન છે. નિમિત્તનું જ્ઞાન કરાવવા વ્યવહારથી એ વાત કરી છે. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં એ વાત આવે છે. સાતમા અધ્યાયમાં નિશ્ચયાભાસ અને વ્યવહારાભાસમાં (આવે છે). વ્યવહાર હેય છે. ગ્રહણ કરવાલાયક છે એમ કહ્યું છે ને? ગ્રહણ કરવાલાયકનો અર્થ કે છે એને જાણવું. એનું નામ ગ્રહણ છે. છે, વ્યવહાર છે તેને જાણવું અને નિશ્ચય છે તેને ઉપાદેય કરવું. આહા..! તેનું નામ નિશ્ચય-વ્યવહારનું સાચું જ્ઞાન છે. ભારે વાંધા. કેટલાક એમ કહે છે, સોનગઢે આ નવું કાઢ્યું. આ સોનગઢનું છે? અત્યાર સુધી તો સંપ્રદાયમાં વાત હતી નહિ. આ નવું કાઢ્યું. અમે અત્યાર સુધી ભક્તિ કરતા હતા, શેત્રુંજયની જાત્રા કરતા હતા, કારતક સુદ પૂનમ જઈએ. દસ-દસ હજાર, પંદર-પંદર હજાર માણસ.

મુમુક્ષુ :-

ઉત્તર :- કોણ કરાવે? એ શુભભાવ આવે છે તો થશે પણ એ ધર્મ નથી. એ તો અશુભથી બચવા વચ્ચે શુભભાવ આવે છે, પણ ધર્મી એને હેય જાણે છે. અજ્ઞાની તેને ઉપાદેય માને છે, એટલો ફેર છે. આવી વાતું. ઘણું ભર્યું છે. ઓહોહો..!

અનંતગુણમાં એ કારણ નામનું રૂપ છે તો એ નિર્મળ કાર્યનું કારણ છે. અને જે સમ્યગ્દર્શન આદિની પર્યાય ઉત્પન્ન થાય છે તો એ સમ્યગ્દર્શનની પર્યાયમાં પણ ષટ્કારકની પર્યાયનો અંશ છે. આહાહા..! કારકનો અંશ એ સમ્યગ્દર્શનમાં પણ છે. ષટ્કારક છે ને? તો સમ્યગ્દર્શનની પર્યાયનો કર્તા સમ્યગ્દર્શન, સમ્યગ્દર્શનની પર્યાયનું કર્મ સમ્યગ્દર્શન, સમ્યગ્દર્શનનું સાધન એ પર્યાય સાધન, પર્યાય સાધન, હોં! ગુણ સાધન તો પહેલા કહ્યું. સમ્યગ્દર્શનની પર્યાયનો આધાર એ પર્યાય, સમ્યગ્દર્શનનું અપાદાન ક્ષણિક ઉપાદાન એ પોતે પોતાથી થયું એ અને જે સમકિત થયું તે થઈને રાખ્યું એ સંપ્રદાન. એ પોતાની પર્યાયથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સંપ્રદાન છે. ગુણને કારણે પણ નહિ. આહાહા..! અરે..રે...! ભાઈ! તેં ભગવાનનો માર્ગ સાંભળ્યો નથી. ભાઈ! મરી ગયો અનંતકાળથી. આહાહા..! સાધુ અનંતવાર થયો. 'મુનિવ્રત ધાર અનંત બાર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' એનો શું અર્થ થયો? પંચમહાવ્રત, સમિતિ, ગુપ્તિ એ રાગ ને દુઃખ છે, આકુળતા છે. આહાહા..! 'આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો' એનો અર્થ શું થયો? પંચમહાવ્રત લીધા એ સુખ નથી, એ તો દુઃખ છે. આ ગજબ વાત છે. દુઃખને ચારિત્રનું સાધન બનાવવું? ચારિત્ર તો આનંદની લહેર છે અંદર. આનંદની લહેર ઉઠે છે તેનું નામ ચારિત્ર છે. એ ચારિત્રનું કારણ આ દુઃખને બનાવવું? મહાવ્રત કારણ છે અને ચારિત્ર કાર્ય છે? આહાહા..!

અહીંયા તો એ ચારિત્ર જે વીતરાગી પર્યાય... આહાહા..! એના ચારિત્રગુણમાં કરણ નામનું સ્વરૂપ છે, રૂપ છે, ભાવ છે. એ ભાવ કારણ થાય છે. વીતરાગી પર્યાયનું કારણ ચારિત્રગુણમાં કરણ નામનો ભાવ છે તે કારણ થાય છે. 'શાંતિભાઈ'! કોઈ દિ' બાપદાદાએ સાંભળ્યું ન હોય.

મુમુક્ષુ :–

ઉત્તર :– સાંભળ્યું નથી, એવી વાત છે, વસ્તુ એવી છે. આહાહા..! શું કહે છે?

મુમુક્ષુ :– કોઈ બતાવનારું ન મળ્યું.

ઉત્તર :– પણ પાત્ર હોય તો બતાવનાર મળ્યા વિના રહે નહિ. પાત્રની ખામી છે. પોતાની યોગ્યતાથી ખામીને કારણે નથી મળ્યા એમ લ્યો. મળ્યું તો અનંતવાર, પ્રભુ પાસે સાંભળ્યું છે. કેમ પામ્યો નહિ? પોતાની પાત્રતા નથી. સમજાય છે કાંઈ? એ પાત્રતા પોતાથી પ્રગટ થાય છે, પરને કારણે નહિ. આહાહા..! 'શ્રીમદ્દે' તો સમ્યગ્દર્શનને જ પાત્રતા કહી છે. એમાં સિદ્ધપદ રહે છે. સિદ્ધપદ પ્રાપ્ત થાય છે. સમ્યગ્દર્શન જ પાત્રતા છે. આહાહા..! કે જે સમ્યગ્દર્શનને કારણે કેવળજ્ઞાન પ્રાપ્ત થશે જ. બીજ ઊગી એ પૂનમ થશે જ. એમ સમ્યગ્દર્શન આત્માના આનંદનો અનુભવ થયો એને કેવળજ્ઞાન પ્રાપ્ત થશે જ. એ કેવળજ્ઞાન લેવાને માટે પાત્ર થયો. આહાહા..! સમજાય છે કાંઈ?

આ તો ભિન્ન કારણ અને ભિન્ન કાર્ય, શાસ્ત્રમાં આવે છે તો ત્યાં વળગાડે છે. જુઓ! અહીંયા સાધન-સાધ્ય ભિન્ન કહ્યા છે. બાપુ! એ સાધન ભિન્ન કહ્યું છે તે સાધનનો આરોપ દઈને કહ્યું છે. બાકી ખરેખર સાધન તો અંતર નિર્મળ વીતરાગી દશા થાય તે સાધન છે. પણ એનું કારણ આ સાધક નામની શક્તિ છે. સમજાય છે કાંઈ? અને એનું મૂળ કારણ તો દ્રવ્ય છે. શક્તિનો ધરનાર ભગવાનઆત્મા, એનો આશ્રય કરવાથી ધર્મની વીતરાગી પર્યાય ઉત્પન્ન થાય છે. આવું છે, ભાઈ! હજી જેને સત્ય જ્ઞાન પણ નથી, સમજવાની સાચી જ્ઞાનબુદ્ધિ નહિ એને તો અંદર સમ્યગ્દર્શનનો પ્રયોગ કઈ રીતે થશે? આહાહા..! અરે..! દુઃખી છે, ભાઈ! આહા..! આજનો શેઠિયો કરોડપતિ, અબજપતિ હોય. દેહ છૂટીને નરકમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જાય. આહાહા..! બાપુ! એવા ભવ તેં અનંતવાર કર્યા છે. ભાઈ! તારા દુઃખને દેખનારાને રૂદન આવ્યા છે. આહાહા..! તેં એટલા દુઃખ વેઠ્યા છે. આહાહા..!

મુમુક્ષુ :– આસુંના પાણીના દરિયા ભરાય.

ઉત્તર :– અરે..! દરિયા ભરાય. દીકરો મરી જાય.. આહાહા..! અને માતાને આંસુ આવે એ આંસુના મેરુ જેટલા, .. જેટલા દરિયા ભરાય એટલા તો આંસુ. એટલી વાર તારા મરણથી તારી માતાને દુઃખ થયું. આહાહા..! અહીંયા તો એમ કહે છે કે, માતા! જ્યારે સમ્યગ્દર્શન થાય છે, પોતાના સ્વરૂપના અનુભવમાં સમ્યગ્દર્શન થયું આહાહા..! પછી જ્યારે સ્વરૂપની રમણતા (કરવા) જંગલમાં જવાનું ચારિત્ર પ્રગટ કરે છે.. આહાહા..! એકલો જંગલમાં જાય. કોઈ સાથ નહિ, કોઈ આહાર દેનાર નહિ, શરીરની રક્ષા કરનાર નહિ. આહાહા..! કોઈ વૈદ્ય નહિ. પોતાના આનંદની લહેર કરવા મુનિ જંગલમાં ચાલ્યા જાય. આહાહા..! માતાની પાસે રજા લે, માતા રજા ન આપે, રોવે. માતા! એકવાર રૂદન કરવું હોય તો કરી લે, પણ મારા આત્માનું સાધન કરવા હું જંગલમાં ચાલ્યો જાઉં છું. આહાહા..! અને માતા! હું કોલકરાર કરું છું બીજી માતા નહિ કરું, બા! હું તો મારા ચારિત્રનું સાધન કરવા જાઉં છું. આહાહા..! બીજી માતા હું નહિ કરું. આહાહા..!

ચૌદમા અધ્યયનમાં છે. ઉત્તરાધ્યયનનું ચૌદમું અધ્યયન છે ને? 'અજૈવ ધમ્મમ પડિ વજજયામો' માતા! હું આજે જ ચારિત્રને, આનંદની દશાને અંગીકાર કરવા માગું છું. 'અજૈવ ધમ્મમ્ પડિ વજજયામો, જહિં પવનામ પુનમ ભવામો' માતા! જે ચારિત્રને અંગીકાર કરવા, આનંદમાં રમણતા કરવા હું જાઉં છું. જેથી ફરીને બીજો ભવ નહિ કરું. હું આ ભવમાં શરીરરહિત સિદ્ધ થઈશ. એવી ચારિત્રની દશા..! આહાહા..! અરે..! એને અત્યારે સાંભળવા મળે નહિ. એ વસ્તુ તો છે નહિ. સમજાય છે કાંઈ?

'.....' માતા! જગતમાં અણપામેલ કઈ ચીજ રહી ગઈ છે? બધું પ્રાપ્ત કર્યું છે. અનંતવાર લક્ષ્મી મળી, સ્ત્રી, કુટુંબ મળ્યા, ધૂળ મળી, બંગલા મળ્યા.. માતા! અણપામેલ ચીજ તો આનંદનો નાથ રહી ગયો છે. સમજાય છે કાંઈ? કહો, શેઠ! શેઠને છ લાખનું રહેવાનું મકાન છે. પછી ન્યાં દબાવવું પડે ને આ કરે ને.. એમ કહે છે, દવા કરાવવા અહીંયા આવ્યા છે. એનું એક મકાન છ લાખનું છે. શેઠનું વળી બીજું મકાન છે. એ પાંચ, દસ લાખનું છે. નાના ભાઈનું, નાના શેઠનું. એકવાર અમે આહાર કરીને ફરતા હતા. ત્યાં ઘણી બધી દવાઓ પડી હતી. કીધું, અહીં શેઠ સૂતા લાગે છે. 'ભગવાનદાસ'. આહાહા..! અરે..! રોગ મટાડવાની દવા એ. આ જન્મ-મરણનો રોગ મટાડવાની દવા આત્માના આનંદનો આશ્રય લેવો એ છે.

'આત્મભ્રાંતિ સમ રોગ નહિ,' આત્મભ્રાંતિ સમ રોગ નહિ. આ રોગ નહિ, નાથ! એ રાગથી મને ધર્મ થશે, એ રાગ મારી ચીજ છે, એ ભ્રાંતિ છે. એના જેવો કોઈ રોગ નહિ. 'આત્મભ્રાંતિ સમ રોગ નહિ, સદ્‌ગુરુ વૈદ્ય સુજાણ, ગુરુઆજ્ઞા સમ પથ્ય નહિ,' પથ્ય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પાળે છે ને? 'ઔષધ વિચાર ધ્યાન.' ભ્રાંતિસમ રોગ નહિ. નાથ! પુણ્યમાં ધર્મ છે, રાગની ક્રિયા કરતા કરતા ધર્મ થશે, ભ્રાંતિ છે, પ્રભુ! તને મોટો રોગ થઈ ગયો છે. મિથ્યાત્વનો મોટો રોગ થઈ ગયો. તને ક્ષયરોગ લાગુ પડ્યો છે. આહાહા..! સમજાય છે કાંઈ? 'સદ્‌ગુરુ વૈદ્ય સુજાણ' ધર્માત્મા સત્યને જાણનારા એ સદ્‌ગુરુ. એમની આજ્ઞા છે કે આત્માનો આશ્રય કરવાથી તને ધર્મ થશે. એ આજ્ઞા છે. આહાહા..! 'ઔષધ વિચાર ધ્યાન.' વિચાર કરવો અને ધ્યાન લગાવવું એ ઔષધ છે. સ્વરૂપનું ધ્યાન લગાવવું અને સ્વરૂપ તરફ ઝુકવું એ ઔષધ છે. આ ઔષધ તો ધૂળધાણી અનંતવાર કરી. કહો, એ ૪૩ થઈ. ૪૩ શક્તિ. ૪૭ શક્તિમાંથી ૪૩ થઈ. ૪૪ વિશેષ આવશે.. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**પ્રવચન નં. ૩૯ શક્તિ-૪૪ રવિવાર, ભાદરવા સુદ ૬, તા. ૧૮-૦૯-૧૯૭૭**

---

**स्वयं दीयमानभावोपेयत्वमयी सम्प्रदानशक्तिः ४४।**

**પોતાથી દેવામાં આવતો જે ભાવ તેના ઉપેયપણામયી (-તેને મેળવવાના યોગ્યપણામય, તેને લેવાના પાત્રપણામય) સંપ્રદાનશક્તિ. ૪૪.**

શક્તિઓના રત્નનો ભંડાર ભર્યો છે. એ બહાર શુભમાં જાય છે ત્યાં આત્મા નથી. દયામાં, દાનમાં, ભક્તિમાં, કામમાં, કામ વિષયવાસનામાં શોધવા જાય છે તો ત્યાં તો આત્મા છે નહિ. આહાહા..! ત્યાં તો દુઃખ છે. શુભભાવમાં પણ ગોતવા જોયા તો શુભભાવ પણ દુઃખ છે. ન્યાં ક્યાં આત્મા છે એમાં? આહા..! અહીંયા તો આત્મા જ્ઞાયક સ્વભાવ એ સામાન્ય સ્થિતિએ વર્ણન કર્યું. એ જ્ઞાયકભાવમાં અનંતગુણરૂપી શક્તિ પડી છે. ૪૩ ચાલીને? શું કહે છે?

આત્મામાં એક સંપ્રદાન નામનો ગુણ છે. એ ગુણનું કાર્ય શું? રાગ ને પુણ્ય દયા-દાનના વિકલ્પથી રહિત ભગવાન નિર્વિકલ્પ ચૈતન્યમૂર્તિ પ્રભુ, એનો દૃષ્ટિમાં સ્વીકાર કરવાથી જે અનુભવ થાય છે, એ અનુભવમાં પ્રતીતિ અને જ્ઞાન બન્ને આવે છે. આહાહા..! એ અનુભવમાં જે આત્મા જણાયો એ રાગથી કે દયા, દાન કે વ્યવહારથી જણાતો નથી. કેમ કે વિકલ્પ રાગ છે. સ્વરૂપમાં રાગ નથી. આહા..! ઝીણી વાત બહુ. તેથી માણસને આકરું પડે છે ને! ભગવાન અનંતઆનંદ અને અનંતસંપ્રદાન નામનો ગુણ છે. જેમ જ્ઞાનગુણ છે. તો જ્ઞાનગુણ તો અનંતીશક્તિનો પટારો છે. કેમ કે કેવળજ્ઞાનાદિ પર્યાય પ્રગટ થાય છે. એક એક એક એવી અનંત, છતાં જ્ઞાનગુણમાં ખુટે નહિ. આહાહા..!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કહે છે, અનંતશક્તિમાં એક સંપ્રદાન નામની શક્તિ છે. એનું કાર્ય શું? જેણે દ્રવ્ય સ્વભાવની દૃષ્ટિ કરી હોય... નિમિત્ત પરથી દૃષ્ટિ ઉઠાવીને શુભરાગના વિકલ્પ છે તેના પરથી પણ દૃષ્ટિ ઉઠાવીને, એક સમયની વર્તમાન પ્રગટ પર્યાય છે તેની ઉપરથી પણ દૃષ્ટિ હઠાવીને, અખંડાનંદ પ્રભુ આત્મા ઉપર દૃષ્ટિ લગાવવી. આહાહા..! જ્યાં પ્રભુ બિરાજે છે ત્યાં ભેટો કરવો, આહાહા..! એનું નામ સમ્યગ્દર્શન છે. આહાહા..! ધર્મની પહેલી સીઢી એ છે. આહાહા..!

હવે અહીં તો સંપ્રદાનમાં શું છે? જ્યારે સ્વરૂપ ચિદાનંદ આનંદકંદનો અનુભવ થયો તો રાગથી વ્યવહાર રત્નત્રયથી પણ ભિન્ન, આહાહા..! એ તો કહ્યું, સાધકતમમાં. વ્યવહાર રત્નત્રય સાધક નથી. માણસને આ આકરું પડે છે. અંતરમાં સાધક નામની શક્તિ છે, કરણ નામની શક્તિ છે, કારણ નામની શક્તિ કહો, કરણ કહો, સાધક કહો. એવો આત્મામાં ગુણ છે. એ ગુણ અને ગુણીના ભેદનું લક્ષ છોડી, એક ગુણી ઉપર દૃષ્ટિ દેવાથી જ્ઞાનની પર્યાય જે પ્રગટ થાય છે, એ ધર્મ સમ્યગ્જ્ઞાન છે. એ જ્ઞાનની પર્યાયમાં સંપ્રદાનનું સ્વરૂપ છે. આ સંપ્રદાન જે શક્તિ છે તેનું જ્ઞાનગુણમાં સ્વરૂપ છે. એ કારણે વર્તમાન નિર્મળ પર્યાયની પાત્રતા પોતાની અને નિર્મળ પર્યાયને લેનાર પણ પોતે. આત્મા દાતા અને આત્મા પાત્ર. લક્ષ્મી દેનાર દાતા અને લેનાર ગરીબ, એ ચીજ આત્માની નહિ. આહાહા..!

આત્માની ચીજમાં તો પોતાનું જ્ઞાન સ્વરૂપ.. પ્રથમ તો જ્ઞાયકભાવ ગણવામાં આવ્યો ને? તો એ જ્ઞાયકભાવમાં સંપ્રદાન નામનું રૂપ છે. સંપ્રદાન શક્તિ એનાથી ભિન્ન છે. પણ એ જ્ઞાયકભાવમાં–જ્ઞાનભાવમાં સંપ્રદાનનું સ્વરૂપ છે. એ સ્વરૂપને કારણે... આ તો અજાયબ ઘરની વાતું છે, બાપા!

મુમુક્ષુ :– અજાયબઘરમાં તો અજાયબની વાતું હોય.

ઉત્તર :– એવી વાત છે, ભાઈ! આહાહા..! સમજાય છે કાંઈ?

ધર્મીને ધર્મ કરવામાં શું થાય છે? કહે છે. સ્વરૂપની દૃષ્ટિ હોવાથી જ્ઞાનની એક સમયની પર્યાય જે નિર્મળ છે, એ સંપ્રદાન સ્વરૂપને કારણે નિર્મળ આત્મા પોતાનો દાતા અને પોતાની પર્યાય દે એટલે પાત્રતા એક સમયમાં છે. સમ્યગ્જ્ઞાનનો દાતા પોતાની પર્યાય છે. આહાહા..! વીતરાગ ને વાણી સમ્યગ્જ્ઞાનની દાતા નહિ. આહાહા..! 'શાંતિભાઈ'! આવી વાતું બહુ આકરી, બાપા! આહા..!

સમ્યગ્જ્ઞાનની પર્યાયની દાતા કોણ? અને લેવાની પાત્રતા કોની? એ સમ્યગ્જ્ઞાનમયી ભગવાનમાં એક સંપ્રદાનનું સ્વરૂપ છે, તે કારણે જે નિર્મળ પર્યાય થઈ એ નિર્મળ દાતા અને એ જ સમયે લેવાની યોગ્યતા તે પાત્રતા. સમજાય છે કાંઈ? આ દાન. તીર્થંકર ત્રણલોકના નાથ છદ્મસ્થ હોય અને આહાર લેવાનો ભાવ (આવે) એ સ્વભાવ નહિ. એ તો શુભભાવ છે. એ શુભભાવની કોઈ શક્તિ અંદર ગુણ નથી કે એ શુભભાવ લે અને દે. પૈસા લેવા-દેવા એવી તો આત્મામાં કોઈ શક્તિ છે નહિ, પણ શુભભાવ થાય ને શુભભાવ લે ને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



શુભભાવ રાખે એવી કોઈ આત્મામાં શક્તિ નથી. આહાહા..! પણ જે જ્ઞાનની પર્યાયમાં જે નિર્મળ જ્ઞાનની પર્યાય, શાંતિની સાથે ઉત્પન્ન થાય છે એ દાન દેનારી પર્યાય અને લેનારી પણ એ જ પર્યાય. આહાહા..! પાત્ર પણ એ, દાતા પણ એ અને દે પણ એ. આહાહા..! સમજાય છે કાંઈ? પોતાનો ભગવાનઆત્મા.. સંપ્રદાન છે ને? શું કહે છે? જુઓ!

**'પોતાથી દેવામાં આવતો...'** સૂક્ષ્મ છે, ભાઈ! આ નામું ઝીણું બહુ. નામા માટે જાય છે ને? શેઠ. કાનપુર જાય પૈસા લેવા માટે. આ નામું ઝીણું. શેઠ! આહાહા..! કહે છે, **'પોતાથી દેવામાં આવતો...'** કોણ? વર્તમાન જ્ઞાનની પર્યાય, આનંદની પર્યાય, શાંતિની પર્યાય, વીર્ય-સમ્યક્ વીર્યની પર્યાય,.. આહાહા..! એ નિર્મળ પર્યાય પોતાથી દેવામાં આવે છે. છે? પોતાથી દેવામાં આવે છે. આહાહા..! આ વાત પકડવી જગતને કઠણ (પડે). **'પોતાથી દેવામાં આવતો જે ભાવ...'** વર્તમાન નિર્મળ ભાવ, વર્તમાન વીતરાગી પર્યાય, આનંદની પર્યાય, જ્ઞાનની પર્યાય, સમકિતની પર્યાય, અકાર્યકારણ નામના ગુણની પર્યાય. આહાહા..! એ પોતાથી દેવામાં આવે છે. એ આત્મા પોતાને પોતાની પર્યાય દે છે. આહાહા..! અને પોતાની પર્યાય એ સમયે લે છે. એક જ સમયમાં દાતા અને દાન બન્ને એક છે. આહાહા..! સમજાય છે કાંઈ?

સમ્યગ્દૃષ્ટિ અને સમ્યગ્દર્શનનો વિષય અનંતશક્તિનો ભંડાર ભગવાન, તો એ વિષય જ્યાં દૃષ્ટિમાં આવ્યો.. આહાહા..! ધ્યેય જે આત્મા પૂર્ણાનંદનો નાથ જ્યારે જ્ઞાનમાં આવ્યો તો કહે છે કે નિર્મળ સમ્યગ્જ્ઞાનની જે પર્યાય પ્રગટ થઈ તે કોણે આપી? એ પોતાથી આપી. આહાહા..! અને સમ્યગ્દર્શનની પર્યાય પ્રગટ થઈ તો શ્રદ્ધાગુણ ત્રિકાળી છે એમાં સંપ્રદાનનું સ્વરૂપ છે. સંપ્રદાનશક્તિ ભિન્ન છે. આહાહા..! સંપ્રદાનનું સ્વરૂપ છે તે કારણે શ્રદ્ધાશક્તિ વર્તમાન સમ્યગ્દર્શનરૂપી પર્યાયનું પરિણમન કરીને દાતાએ પર્યાય આપી અને એ પર્યાય પોતે લીધી. આહાહા..! અહીં કહે છે કે, ગુરુ સમકિતને આપે છે. અહીં ના પાડે છે. આહાહા..!

ભાઈ! તારી ચીજમાં શું ખામી છે કે તારે બીજા પાસેથી લેવું છે. આહા..! તારામાં ક્યાં અપૂર્ણતા છે કે પરથી પૂર્ણતા લેવી છે. આહાહા..! એ કેવળજ્ઞાનની પર્યાય પણ... સંપ્રદાનનું જ્ઞાનમાં રૂપ હોવાથી કેવળજ્ઞાનની પર્યાય દેનાર આત્માએ પોતાથી આપી છે. રાગ દ્વારા નહિ, નિમિત્ત દ્વારા નહિ, શ્રવણ દ્વારા નહિ. આહાહા..! હવે આવું ચોટવું ને આ ઠેકાણે નવરાશ ફૂરસદ ન મળે. રખડવાની ફૂરસદ છે. અરે..રે...!

અનંતકાળમાં શુભભાવ અને અશુભભાવ અનંતવાર કર્યા. એ વિભાવ છે. એ વિભાવ થવાની કોઈ શક્તિ નથી. આહાહા..! કોઈ ગુણ નથી કે વિભાવ થયો. આહાહા..! એ વિભાવની પર્યાય પર્યાયદૃષ્ટિ કરવાથી પોતાથી ષટ્કારકથી વિકારની પરિણતિ ઉત્પન્ન થાય છે. પણ એ પર્યાયમાં ષટ્કારકથી વિકૃત અવસ્થા ઉઠે છે. ગુણ વિના, દ્રવ્ય વિના, પરના સંયોગ વિના. આહાહા..! પરના કારક અને કારણ વિના. અહીં તો કહે છે એ ષટ્કારકરૂપી વિભાવનું પરિણમન લેવું ને દેવું એવો કોઈ તારો ગુણ જ નથી. આહાહા..! ગજબ વાત કરે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સમજાય છે કાંઈ? શુભભાવ થવો અને શુભભાવ રાખવો એવો કોઈ તારામાં ગુણ નથી. આહાહા..! આવી વાતું છે. તારે ખજાને ખોટ નથી, નાથ! તારા ખજાનામાં તો અનંતશક્તિઓ પડી છે ને, નાથ! તું ક્યાં શોધવા જાય છે? જ્યાં બહારમાં ભટકવું છે ત્યાં તો સંસાર છે. ચાહે તો શુભ હો કે અશુભ હો. આહાહા..! અહીં ભાઈ આવ્યા હતા ને? 'કાકુભાઈ' આવ્યા હતા. ગયા? છે? 'રમેશભાઈ' આવ્યા હતા, 'ભાવનગરથી'. ગયા હશે. પાંચ મિનિટ ત્યાં ઉભા હતા. 'મફાભાઈ' 'ભાવનગર' થી તમારા 'કાકુભાઈ' ને 'રમેશ' ને પાંચ-છ જણ હમણાં આવ્યા હતા. ગયા હશે. આહાહા..! અરે..! આ ચીજ શું છે? ભાઈ! આહાહા..!

એ સ્ફટિકમણિ ચૈતન્યરત્ન ભગવાન, એમાં સંપ્રદાન નામનો એક ગુણ છે. એ ગુણ પણ ભંડાર છે. આહાહા..! એ ગુણનું સ્વરૂપ તો પોતામાં છે અને આનંદગુણમાં પણ એનું સ્વરૂપ છે. આ શક્તિ એમાં નથી પણ આનંદ નામના ગુણમાં સંપ્રદાનનું સ્વરૂપ છે. એ કારણે આનંદની પર્યાય પ્રગટ થાય છે એ પોતા દ્વારા આનંદની પર્યાય પ્રગટ થઈ છે. અને આનંદની પર્યાય પોતાની પાત્રતાથી લઈ લીધી છે. આહાહા..! પોતાની યોગ્યતાથી લઈ લીધી છે. આહાહા..! 'પોપટભાઈ'! આ તમારા પૈસાના દાન-ફાનની વાતું અહીં તો ઉડી ગઈ બધી. પૈસા તો ઠીક પણ શુભભાવની વાત પણ ઉડી ગઈ અહીં તો. એ તારામાં કોઈ ગુણ નથી. તારામાં ગુણ તો પવિત્રતા આનંદની પર્યાય પ્રગટ થાય અને આનંદની પર્યાય લેવાની પાત્રતા તારામાં એક સમયમાં છે. આહાહા..! દાતા તું અને પાત્ર પણ તું. આહાહા..! 'માંગીલાલજી'! આવી વાતું છે, ભાઈ! લોકોને કઠણ પડે, શું થાય?

અરે..! અંદર ચીજ પડી છે ને! મહાપ્રભુ! સમજાય છે કાંઈ? ભગવાન થઈને ભીખ માગે છે. એ.. 'ભગવાનદાસજી'! ભગવાન થઈને ભીખ માગે પૈસા માટે. આહાહા..! નાથ! તું ભગવાન છો ને, પ્રભુ! તું ભગવાન થઈને રાગની ભીખ માગે છે કે મને પુણ્ય હોય તો ઠીક. મારી આબરૂ, મને સુખ આપે તો ઠીક, સ્ત્રીથી સુખ મળે, પૈસાથી મળે. ભિખારી! ભિખારા.. બાદશાહીની ભૂલમાં તેં ભિખારીપણું લીધું છે. આહા..! 'હીરાભાઈ'!

વાત એ છે કે સંપ્રદાનને કારણે પોતામાં પોતા દ્વારા લેવામાં આવી અને પોતા દ્વારા દેવામાં આવી. આહાહા..! સમજાય છે કાંઈ? માર્ગ ઝીણો, ભગવાન! અરૂપી આનંદનો નાથ પરમાત્મા પોતે. આહાહા..! અરે..! મને ક્યાંયથી સુખ મળે, ક્યાંયથી સુખ મળે. રાંકો ભિખારી થઈને (ફરે છે). ચક્રવર્તીને ઘરે વાઘરણ હોય, વાઘરણ સમજો છો? વાઘરી. દાંતણ વેંચે ને? દાંતણ. શું કહે છે? વાઘરણ ચક્રવર્તીને ઘરે રહી હોય તો એ ટેવ ન મુકે. બે-ચાર થોડી રોટલી લઈ અને ગોખલો હોય.. ગોખલો સમજ્યા? ગોખલાને શું કહે છે? એમાં મુકે. પછી દાંતણ (કાઢે). એ... મહારાજ! દાંતણ લ્યો ને રોટલી આપો. પણ.. પછી દાંતણ ત્યાં મુકે ને પછી રોટલી લે. ત્યારે એને હખ આવે. આ ચક્રવર્તીના ઘરની વાઘરણ. એમ તારો નાથ ચક્રવર્તી–ચૈતન્ય ચક્રવર્તી તું છો. એમાં આ શુભ-અશુભભાવ કરીને વાઘરણની પેઠે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મને સુખ મળે, આહાહા..! શુભ કરવાથી, અશુભ કરવાથી મને લાભ મળે, ભિખારી, રાંકા તારી બાદશાહીને તેં ગુલામ બનાવી દીધી. સમજાય છે કાંઈ? આહાહા..! પોતાની મહત્તાની મહિમા એને આવી નહિ અને શુભભાવની મહત્તા અને મહિમા આવી એ ભિખારી છે. આહાહા..!

અહીંયા તો પરમાત્મા જિનેન્દ્રદેવ ત્રિલોકનાથ એમ ફરમાવે છે એને સંતો આડતિયા થઈને વાત કરે છે. માલ તો સર્વજ્ઞના ઘરનો છે. જિનેન્દ્રદેવનો પૂર્ણ માલ તો ત્યાં છે ને! મુનિ આદિ પણ સાધક છે. પર્યાયમાં પૂર્ણતા પ્રગટ થઈ નથી. આહાહા..! પૂર્ણાનંદના નાથને નિહાળ્યો પણ નિધાનમાંથી પર્યાયમાં પૂર્ણતા હજી આવી નથી. આહાહા..! એવા મુનિરાજ એમ કહે છે કે સર્વજ્ઞ તો આમ કહે છે ને પ્રભુ! તું મતિજ્ઞાનમાં સર્વજ્ઞની પર્યાય બહારથી આવશે, વાંચન કરવાથી આવશે, રાગ કરવાથી આવશે, એમ માને છો આહા..! એ મિથ્યાભ્રમ છે. એ મતિજ્ઞાનના કાળે પણ નિર્મળ મતિજ્ઞાનની જે પર્યાય પ્રગટ થાય છે એ પોતાથી પ્રગટ થઈ છે. છે?

**'પોતાથી દેવામાં આવતો...'** પોતા દ્વારા દેવામાં આવે છે. શું? **'જે ભાવ...'** છે ને? **'પોતાથી દેવામાં આવતો જે ભાવ...'** પોતાની વીતરાગી નિર્મળ પર્યાય પોતા દ્વારા આપવામાં આવે છે એ નિર્મળ પર્યાય ભાવ. આહાહા..! ઘણું મુનિરાજે 'અમૃતચંદ્રાચાર્યે' તો ગજબ કામ કર્યું છે. આહાહા..! શ્વેતાંબરના ૪૫ વાંચી વાંચીને વાંચો તો એક લીટી આવી ન નીકળે. કાંઈ હાથ ન આવે. આહાહા..! બીજાને દુઃખ લાગે, શું થાય? ભાઈ! તું ભગવાન છો. તને દુઃખ થાય (એમ કોણ ઇચ્છે)? તમે પરમાત્મા છો, પ્રભુ! તને દુઃખ નથી (પહોંચાડવું) પણ તારી ચીજની વિપરીત દૃષ્ટિ.. આહાહા..! એમાંથી આત્માનો લાભ થશે, એમ નથી.

જેણે પોતાના સ્વભાવની સમ્યગ્દષ્ટિ કરી તો કહે છે કે એને સુખનો ગુણ છે એમાં પોતા દ્વારા દેવામાં આવી, એ સુખની પર્યાય પોતા દ્વારા આવી. અંતરમાંથી સુખરૂપી ભંડારમાંથી... આહાહા..! સંપ્રદાનના સ્વરૂપને કારણે એ આનંદની પર્યાય ઝલક જે આત્મામાં ઉઠી છે.. આહાહા..! એ દાતા પોતા દ્વારા દીધી અને પોતા દ્વારા લીધી. 'શાંતિભાઈ'! કોઈ દિ' સાંભળ્યું નથી. વળી બેનને લઈને હળવે હળવે આવ્યા. બધી બહુ ગડબડ છે, બાપુ! શું કહીએ? આહાહા..! ભગવાનની પેઢીની દુકાન કોઈ જુદી જાતની છે. આહાહા..!

ત્રણલોકના નાથ જિનેન્દ્રદેવ સર્વજ્ઞ પરમાત્મા, એની પેઢીએ મુનિમ થઈને કહેવું એ બહુ અલૌકિક વાતું છે. સંતો મુનિમ થઈને પેઢીને ચલાવે છે. આહાહા..! ભગવાન! ભગવાન તરીકે જ બોલાવે છે. ૭૨ ગાથામાં આવી ગયું ને? ભગવાનઆત્મા..! આહાહા..! અરે..! સંતો તમે ક્યાં છો? તમારી આનંદની દશામાં લીન થનારા, અરે..! પામરને તમે ભગવાન તરીકે સંબોધો છો. નાથ! પામર પર્યાયમાં છે. વસ્તુમાં પામરતા નથી, વસ્તુમાં પ્રભુતાથી ભરેલી બધી શક્તિ છે. એક એક શક્તિ પ્રભુતાથી પૂર્ણ ભરેલી શક્તિ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જ્ઞાનશક્તિમાં પૂર્ણ પ્રભુતા પડી છે એ પોતા દ્વારા જ્ઞાનપર્યાય પોતાથી ઉત્પન્ન થાય, એ પોતા દ્વારા દીધી અને પોતા દ્વારા લીધી. આહાહા..! સમજાય છે કાંઈ? સમય એક, પાત્ર પોતે, લેનારો પોતે અને દેનારો પોતે. પોતે છે ને? સ્વયં. સ્વયં કહે છે ને? સમજાય છે કાંઈ? આહા..! એ કહ્યું ને? જુઓને!

**'પોતાથી દેવામાં આવતો...'** આહાહા..! ગજબ વાત છે. **'જે ભાવ...'** નિર્મળ પર્યાયરૂપી ભાવ એ પોતાથી દેવામાં આવે છે. આહાહા..! સમજાય છે કાંઈ? ગુરુ, શાસ્ત્ર, ભગવાન તો નિમિત્ત છે. આહાહા..! એમણે કહ્યું કે પ્રભુ! તારી શક્તિમાં તો ભંડાર ભર્યા છે ને! ત્યાં નજર કર. તારી નિર્મળ પર્યાયનો દાતા તું છો. પોતાથી પ્રગટ થાય છે, ગુરુ દ્વારા, શાસ્ત્ર દ્વારા એ નિર્મળ પર્યાય પ્રગટ નથી થતી. આહાહા..! સમજાય છે કાંઈ? **'પોતાથી દેવામાં આવતો જે ભાવ...'** નિર્મળ વીતરાગી પર્યાય, ધર્મપર્યાય. દર્શન, જ્ઞાન, ચારિત્ર, આનંદની પર્યાય. આહાહા..! પર્યાય એટલે અવસ્થા, એ ભાવ. એ ભાવ પોતાથી દેવામાં આવતો. આહાહા..! એ વ્યવહાર દ્વારા દેવામાં આવે છે એમ નથી. અરે..રે...! એક એક શક્તિના વર્ણનમાં વ્યવહારથી દેવામાં આવતું નથી એમ અનેકાંત સિદ્ધ કર્યું છે. પોતાથી દેવામાં આવતી વીતરાગી દશા... આહાહા..! સમજાય છે કાંઈ?

શક્તિના ભંડારને રાગની એકતાબુદ્ધિમાં તાળા દઈ દીધા છે. દયા, દાન વિકલ્પ જે શુભરાગ છે એ મારી ચીજ છે એવી એકતાબુદ્ધિમાં આખા ખજાનાને તાળા દીધી છે. એ રાગની એકતા તોડીને ભેદજ્ઞાન થયું એ ચાવી લાગી ગઈ, ખુલી ગયો, ખજાનો ખુલી ગયો. સમજાય છે કાંઈ? એ ખજાનામાં એક સંપ્રદાન નામનો ગુણ છે, રત્ન છે. આહાહા..! સમજાય છે કાંઈ? સંપ્રદાન નામનો ગુણરૂપી રત્ન, અંદર ઓરડો છે. સમજાય છે કાંઈ? આહાહા..! તે કારણે વર્તમાન જ્ઞાનની, દર્શનની, આનંદની, વીર્યની, પ્રભુતાની, સ્વચ્છતાની જે પર્યાય નિર્મળ ભાવ, એ પોતાથી દેવામાં આવી છે. આહાહા..! પૂર્વની પર્યાય દ્વારા પણ નહિ, નિમિત્ત દ્વારા પણ નહિ, પૂર્વની પર્યાય દ્વારા નહિ. આહાહા..! ગજબ વાતું છે. અંદર વિચાર ઊંડો કરે તો ખબર પડે કે આ શું છે? પૂર્વની પર્યાય હતી, નિર્મળ પર્યાય હતી તો પછીની નિર્મળ પર્યાય આવી. એ પૂર્વની પર્યાય દાતા અને લેનારી (ઉત્તર પર્યાય) એમ નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

**'પોતાથી દેવામાં આવતો...'** ગુજરાતી શબ્દ છે ને? પોતાથી દેવામાં આવતો, આપણી ગુજરાતી ભાષા છે. **'પોતાથી દેવામાં આવતો...'** પોતા દ્વારા દેવામાં આવી. આહાહા..! આત્મ દ્વારા, આત્માની શક્તિ દ્વારા નિર્મળ પર્યાય દેવામાં આવી, એવો જે નિર્મળ ભાવ, ધર્મભાવ, એ ધર્મભાવ પોતાથી દેવામાં આવતો ધર્મભાવ છે. આહાહા..! કેટલી વાત કરે છે! વ્યવહાર રત્નત્રયથી ધર્મપર્યાય થાય છે એનો તો નકાર કર્યો છે. આ તકરાર બહુ, ભગવાન! આહાહા..!

તારી ચીજની તને ખબર નથી, પ્રભુ! અનંતશક્તિઓનો ભંડાર છે ને! એક એક શક્તિમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પ્રભુતાની અનંતી તાકાત છે. એ પ્રભુતાની શક્તિને કારણે પોતાની પર્યાયમાં જે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની પ્રભુતા પ્રગટી એ પોતાથી થઈ છે. ગુરુ દ્વારા નહિ, શાસ્ત્ર દ્વારા નહિ, વ્યવહાર દ્વારા નહિ, અરે..! પૂર્વની પર્યાય દ્વારા નહિ. અને એક એક ગુણની પર્યાય બીજા ગુણ દ્વારા નહિ. આહાહા..! આવી વાતું છે. સત્ય તો આવું છે.

**'પોતાથી દેવામાં આવતો જે ભાવ...'** વર્તમાન નિર્મળ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની પર્યાય. અથવા અનંતગુણની નિર્મળ પ્રગટ-વ્યક્ત પર્યાય. અનંતગુણની વ્યક્ત નિર્મળ પર્યાય. તેને અહીંયા ભાવ કહ્યું. પોતા દ્વારા દેવામાં આવતો જે ભાવ. **'તેના ઉપેયપણામયી...'** છે? **'(– તેને મેળવવાના યોગ્યપણામય,...)'** પર્યાયમાં પ્રાપ્ત કરવાની પોતાની યોગ્યતા છે. આહાહા..! સમજાય છે કાંઈ? યોગ્યતામય, બીજો અર્થ શું કર્યો? **'(તેને લેવાના પાત્રપણામય)...'** આહાહા..! જે પોતામાં પોતાથી નિર્મળ પર્યાય દીધી, દીધી એ દાતા, અને પોતાની યોગ્યતાથી-પાત્રતાથી લીધી, એ એને એ સમયે બે ભાવ છે. આહાહા..! કહે છે ને, દાતા, દેય ને દાન. દાન નિર્દોષ હોવો જોઈએ, દાતા પણ નિર્દોષ ભાવથી શુભભાવથી દે છે અને લેનાર પાત્ર હોય, તીર્થંકર જેવા, મુનિ જેવા પાત્ર (હોય). સમકિતી પણ છે.. પણ એ તો બહારના પાત્ર શુભભાવની વાત છે. આહાહા..! જે આત્મામાં કોઈ ગુણ નથી એવી વિકૃત અવસ્થાનું એ કાર્ય છે. અહીં તો ગુણનું કાર્ય એ કે નિર્મળ અવસ્થા પોતાથી પોતામાં દીધી અને પોતામાં લીધી. એક સમયમાં આ સ્થિતિ. છે ને 'શાંતિભાઈ'?

સંસ્કૃત છે, જુઓ! આહાહા..! **'स्वयं दीयमानभावोपेयत्वमयी सम्प्रदानशक्तिः'** એ સંસ્કૃત છે. એ.. પંડિતજી! આ તમારું સંસ્કૃત. છે સંસ્કૃત? **'स्वयं दीयमानभाव'** પોતાથી દેવામાં આવતો ભાવ-નિર્મળ પર્યાય. આહાહા..! આ તકરાર કરે છે, વ્યવહારથી થાય છે, એ વાત ઊડી જાય છે. આહાહા..! વ્રત ને તપ ને ભક્તિ ને પૂજા ખુબ કરો, મંદિર બનાવો ને રથયાત્રા કાઢો ને.. શું કહેવાય? ગજરથ. ગજરથ કાઢો. પાંચ-દસ લાખ ખર્ચ કરો, તમને ધર્મ થશે. ત્રણકાળમાં નહિ થાય, અહીં તો કહે છે. આહાહા..! એ ભાવ શુભ છે, પોતાના ગુણની વિપરીત અવસ્થા છે. ગુણની અવિપરીત અવસ્થા તો નિર્મળ પોતામાં લે છે અને દે છે, એ એની અવસ્થા છે. આહાહા...! સમજાય છે કાંઈ? શુભભાવ દેવો અને લેવો એ કુપાત્ર છે. અરર..ર..! 'હીરાભાઈ'! આહાહા..! શુભભાવ કરવો અને લેવો, રાખવો એ તો કુપાત્રની વાત છે. આહાહા..! પ્રભુ! તારી શક્તિના ભંડારમાંથી મોક્ષના માર્ગરૂપી ધર્મની પર્યાય, એ પર્યાયનો ભાવ, એ પર્યાયને અહીંયા ભાવ કહ્યો છે, પોતાથી દીધો છે, કોઈથી નહિ. પર્યાયથી નહિ, નિમિત્તથી નહિ, રાગથી નહિ. આહાહા..! અરે..! વિચારે તો ખરો કે આ ચીજ શું છે?

અરે..! સાંભળવામાં આવે નહિ. ગુરુની ભક્તિ કરતા કરતા કલ્યાણ થઈ જશે. ગુરુની કૃપાથી સમકિત થઈ જશે. પણ ગુરુની કૃપા શેની હોય? સાંભળને! તારી શક્તિની કૃપા થઈ જાય, એનાથી નિર્મળ પર્યાય પ્રગટ થાય છે. આહાહા..! માર્ગ આવો. સવારની વાત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જરી સમજાય એવી જાડી છે. આ ઝીણી છે. આ તો એક એકશક્તિમાં અનંત અનંતશક્તિનું રૂપ પડ્યું છે. અથવા અનંતશક્તિનું એક શક્તિમાં સ્વરૂપ અને એક શક્તિમાં અનંતશક્તિનું સ્વરૂપ પડ્યું છે. આહાહા..! સમજાય છે કાંઈ?

અકારણકાર્ય નામની શક્તિ છે તો એ ગુણની પર્યાય રાગનું કારણ નહિ અને રાગનું કાર્ય નહિ. વ્યવહાર છે તો સમ્યગ્દર્શન ઉત્પન્ન થયું એવું કોઈ કાર્ય નથી. આહાહા..! એ પરનું કારણ ને કાર્ય નહિ એવી અકાર્યકારણશક્તિમાં સંપ્રદાનનું રૂપ છે. તો એ પોતામાં વીતરાગી પર્યાય, પરનું કારણ નહિ અને પરનું કાર્ય નહિ એવી (પર્યાયની) ઉત્પત્તિ તે દેવાવાળો આત્મા છે અને લેવાવાળો આત્મા છે. એક સમયમાં એ બે. આહાહા..! અરે..! એક સમયમાં છ. સંપ્રદાનની પર્યાયનો કર્તા આત્મા, કાર્ય તેનું, સંપ્રદાન પર્યાયનું સાધકપણું (એ), આહાહા..! અપાદાન-ધ્રુવ ઉપાદાનથી થાય એ પણ વ્યવહાર છે. ક્ષણિક ઉપાદાનથી ઉત્પન્ન થયેલી નિર્મળ પર્યાય. આહાહા..! અને પોતામાં પોતાની પર્યાયનો પર્યાય આધાર. આહાહા..! એમ અનંતગુણમાં લગાવવું. એક એક ગુણમાં ષટ્કારક, પર્યાયના, હોં! બહુ ઝીણી વાતું, બાપુ! અહીં તો હજી પોતાથી દેવામાં આવતો, એમ ભેદથી વાત કરે છે. પણ પર્યાય જે સમ્યગ્દર્શન, જ્ઞાનની નિર્મળ પર્યાય થાય છે એ ષટ્કારકથી પોતાથી ઉત્પન્ન થાય છે. આહાહા..! કેમ કે ગુણના ષટ્કારક તો ધ્રુવ છે. અને આ તો પરિણતિના ષટ્કારક છે. સમજાય છે કાંઈ? આહાહા..! આવી વાતું હવે.

ભગવાન! તારો પ્રભુ પડ્યો છે અંદર. ભગ એટલે અનંતજ્ઞાનાદિ લક્ષ્મી. એનો વાન એમાં છે. એનું સ્વરૂપ એ છે. ભગવાન તારું સ્વરૂપ છે ને, નાથ! આહાહા..! આ સ્ત્રી ને પુરુષ ને નપુંસકના શરીર તારી વસ્તુ નહિ. એ તો પરચીજ જડની વસ્તુ છે. શરીરના આકાર ઇન્દ્રિયના ને સ્ત્રીના ને પુરુષના.. પ્રભુ! એ તો જડ માટી-ધૂળના આકાર છે. એ તારી પર્યાય નહિ, તારામાં છે નહિ, તારાથી થઈ નથી. આહાહા..!

અહીંયા તો તને શુભભાવ પણ તને થયા નથી. એ તો પર્યાયબુદ્ધિથી વિકાર થાય છે. નબળાઈથી ઉત્પન્ન થાય છે. આ તો ગુણનું જે કાર્ય છે એ વિકાર એના ગુણનું કાર્ય થતું નથી. જેની ગુણ અને ગુણીની અભેદ દૃષ્ટિ થઈ એમાં વિકારનું કાર્ય થતું જ નથી. આહાહા..! શુદ્ધ પરિણતિનું કાર્ય એનું છે, એ પોતાથી પરિણતિ ઉત્પન્ન થઈ છે. આહાહા..! હવે આમાં તકરાર કરે છે. એ.. એકાંત છે, એકાંત છે. પ્રભુ! સાંભળ તો ખરો, નાથ! તારા ઘરની સ્વતંત્રતાની વાત છે, પ્રભુ! એને એકાંત કહીને (ક્યાં જાવું છે)? કોનો વિરોધ કરવો? આહાહા..!

જેની શક્તિમાં એક એકમાં અનંત સ્વરૂપ, એક એક શક્તિમાં અનંતશક્તિ. આહાહા..! એ શક્તિ પ્રભુત્વશક્તિથી ભરેલી છે. પોતાની પ્રભુત્વશક્તિમાં પણ સંપ્રદાનનું રૂપ છે અને સંપ્રદાનશક્તિમાં પ્રભુતાનું રૂપ છે. સમજાય છે કાંઈ? પ્રભુત્વ નામની ઈશ્વર થવાની એક

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


શક્તિ છે. એમાં સંપ્રદાનનું સ્વરૂપ છે અને સંપ્રદાનમાં પ્રભુત્વશક્તિનું સ્વરૂપ છે. આહાહા..! પ્રભુત્વશક્તિ સંપ્રદાનશક્તિમાં ભલે ન હો. પણ સંપ્રદાનશક્તિમાં પ્રભુત્વશક્તિ ભરી છે. એનું સ્વરૂપ. આહાહા..! કેટલો વિસ્તાર! ગજબ વાત, ભાઈ! અરે..! નિવૃત્તિ વિના.. નિભૃતપુરુષો ચિંતા છોડ્યા વિના આ પ્રાપ્ત નહિ થાય. આહાહા..! સમજાય છે કાંઈ? અરે..! આલોચના વર્તમાનમાં કરવી એ કંઈ નથી પણ માર્ગ એવો છે. શુભભાવથી મોક્ષમાર્ગ છે, પ્રભુ! ગજબ વાત, નાથ! જૈનદર્શનમાં એ વસ્તુ નથી. જૈનદર્શન વીતરાગ દર્શન છે. એમાં રાગથી લાભ થાય એ જૈનદર્શન જ નહિ. એ જૈનધર્મ નહિ. આહાહા..! જૈનદર્શન અને જૈનધર્મ જે વીતરાગી પર્યાય એ પોતાથી પ્રગટ થાય છે, પોતાથી દીધી છે. આહાહા..!

રાગની બહુ મંદતા, શુક્લલેશ્યા જેવી મંદતા (કરી), નવમી ગ્રૈવેયક ગયો શુક્લલેશ્યાથી ગયો. શુભભાવ શુક્લલેશ્યા. લેશ્યા, હોં! શુક્લધ્યાન નહિ. શુક્લધ્યાન બીજી વસ્તુ છે, શુક્લલેશ્યા બીજી વસ્તુ છે. શુક્લલેશ્યા અભવીને પણ હોય છે. અને શુક્લધ્યાન તો આઠમા ગુણસ્થાનથી ચડે ત્યારે શુક્લધ્યાન થાય છે. શુક્લલેશ્યા તો અભવીને પણ હોય છે. આહાહા..! અને એવી શુક્લલેશ્યા અનંત વાર થઈ ગઈ. આહાહા..! કેમ કે શાસ્ત્રમાં, ભગવાનના આગમમાં એમ લખ્યું છે કે તેં મનુષ્યના જે અનંતાભવ કર્યા તેનાથી અસંખ્યગણા અનંતા તો નરકના ભવ કર્યા. એક મનુષ્યભવ અને અસંખ્ય નરક (ભવ). એક મનુષ્ય અને અસંખ્ય નરકભવ. અનંત અનંત અસંખ્યગણા અનંત. અને એક નારકી ને અસંખ્ય દેવ. અસંખ્યગણા અનંતા ભવ સ્વર્ગના કર્યા. તો સ્વર્ગના ભવ શુભભાવથી થાય છે કે પાપથી થાય છે? સમજાય છે કાંઈ? નરકના અનંત ભવ મનુષ્ય કરતાં અને સ્વર્ગના ભવ નરકના ભવ કરતાં અનંતગણા, અસંખ્યગણા અનંતા. આહાહા..! એ બધા તિર્યંચમાંથી જાય છે. પંચેન્દ્રિય તિર્યંચની સંખ્યા ઘણી છે. કારણ કે મનુષ્ય અલ્પ છે. એનાથી અસંખ્યગણા નરક અને અસંખ્યગણા દેવ. તો અસંખ્યગુણામાં ક્યાં ગયા? કેમ ગયા? સમજાય છે કાંઈ? પશુ-તિર્યંચની સંખ્યા ઘણી છે. આહાહા..! એમાં પણ એવી કોઈ શુક્લલેશ્યા આવી જાય તો આઠમા સ્વર્ગે જાય. સમજાય છે કાંઈ? એવા સ્વર્ગના નરકના ભવ કરતા અસંખ્યગણા અનંતાભવ કર્યા. તો અનંતાભવ કર્યા તો શુભભાવ કેટલી વાર કર્યા? આહાહા..! અશુભભાવ કરતા શુભભાવ અસંખ્યગણા અનંતા કર્યા. આહા..! અરે..રે..! સમજાય છે કાંઈ? એ કંઈ તારી ચીજ નહિ. આહાહા..! અને જે શુભભાવ થયા હોય તો શુભભાવ તો ચાલ્યો જાય છે. જડ પરમાણુ બંધાય છે. એમાં તને .. ક્યાં આવ્યું? પરમાણુ બંધાય, તારી પર્યાયમાં ક્યાં આવ્યું? તારી પર્યાયમાં મલિનતા છૂટીને નિર્મળતા ક્યાં આવી? આહાહા..! સમજાય છે કાંઈ?

કહે છે કે, નિર્મળતાની ધર્મની પર્યાયનો દાતા પોતાથી દાતા આપે છે. આહાહા..! પોતાના ગુણમાં ગુણી દ્વારા નિર્મળ પર્યાયનો એ દાતા છે. નિશ્ચયથી તો પર્યાય દાતા અને પર્યાય પાત્ર. સમજાય છે કાંઈ? પણ વ્યવહારથી એમાં સંપ્રદાન નામનો ગુણ છે તો ગુણના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પરિણમન દ્વારા (આપી). પરિણમન તો પર્યાયમાં થયું. ગુણ પરિણમતો નથી. આહાહા..! સમજાય છે કાંઈ? સંપ્રદાન ગુણ તો ધ્રુવ છે. એની પરિણતિ પર્યાય થઈ એમાં પર્યાય આવે છે. તો ખરેખર તો નિશ્ચયથી તો એ પરિણતિ પોતાની દાતા, નિર્મળ, હોં! અને દેવા–લેવાવાળી પરિણતિ એક જ સમયે છે. આહાહા..! જેને દ્રવ્યદૃષ્ટિ થઈ તેને. જેને પર્યાયદૃષ્ટિ હોય તેને તો આ સંપ્રદાનશક્તિની પ્રતીતિ નથી. આહાહા..! અરે..! આમાં વાદવિવાદ કરે ક્યાં પાર આવે?

'સમયસાર' અગિયારમી ગાથામાં ભાવાર્થમાં કહ્યું છે, ભગવાને હસ્તાવલંબ તુલ્ય જાણીને નિમિત્તનું ઘણું કથન કર્યું છે. વ્યવહારનું કથન. એ વ્યવહાર નિમિત્ત છે ને? એક તો અનાદિનો તને વ્યવહારનો પક્ષ છે અને માહોંમાહે તું વ્યવહારની ચર્ચા કરે છે, અને વ્યવહારના કથન પણ જૈનદર્શનમાં ઘણા આવ્યા છે પણ ત્રણેનું ફળ સંસાર છે. અગિયાર. (ગાથાનો ભાવાર્થ)

**'પ્રાણીઓને ભેદરૂપ વ્યવહારનો પક્ષ તો અનાદિ કાળથી છે જ...'** હિન્દીમાં પાનું–૨૪. છે? **'પ્રાણીઓને ભેદરૂપ વ્યવહારનો પક્ષ તો અનાદિ કાળથી છે જ...'** એક વાત. **'એનો ઉપદેશ પણ બહુધા સર્વ પ્રાણીઓ પરસ્પર કરે છે.'** અહીં એ જ કહે છે, વ્યવહારથી થાય છે, વ્યવહારથી થાય છે, વ્યવહારથી થાય છે એમ પરસ્પર પ્રાણી કરે છે તો સાંભળવાવાળા રાજી થાય છે. સમજાય છે કાંઈ? બે વાત. **'જિનવાણીમાં વ્યવહારનો ઉપદેશ શુદ્ધનયનો હસ્તાવલંબ (સહાયક) જાણી બહુ કર્યો છે;...'** લખ્યું તો છે. એ તો નિમિત્તને જોઈને કહ્યું છે. **'જિનવાણીમાં વ્યવહારનો...'** છે? 'જિનેશ્વરદાસજી'! **'જિનવાણીમાં વ્યવહારનો ઉપદેશ હસ્તાવલંબ જાણી..'** આહાહા..! અને ભેદનું, નિમિત્તનું લક્ષ હસ્તાવલંબ જાણીને જિનવાણીમાં કથન ઘણા આવ્યા છે. **'પણ એનું ફળ સંસાર જ છે.'** આહાહા..! સમજાય છે કાંઈ? અહીં તો એ કાઢી નાખવું છે. એ વ્યવહારભાવ લેવો અને દેવો એવો સ્વરૂપમાં કોઈ ગુણ જ નથી. આહાહા..! તારા ગુણમાં એ ગુણ નથી. તારા ગુણમાં તો એવું છે કે નિર્મળ પર્યાય દેવી ને લેવી. દાતા પણ તું અને પાત્ર પણ તું. યોગ્યતા તારી અને લેવાવાળો પણ તું. આહાહા...!

અહીં તો સમ્યગ્દર્શન, જ્ઞાનની પર્યાયવાળાને પાત્ર કહ્યા. પેલી પાત્રતા સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરવાને પાત્ર કોણ? એ વાત અહીંયા લીધી જ નથી. સમજાય છે કાંઈ? શું કહ્યું? કે પોતામાં જે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની પર્યાય ઉત્પન્ન થાય છે એ પોતાથી દેવામાં આવે છે અને પોતાની યોગ્યતાથી લેવામાં આવે છે. તેનું નામ યોગ્યતા, એનું નામ પાત્રતા. આહાહા..! 'શ્રીમદ્' એકવાર કહે છે, સમ્યગ્દૃષ્ટિ ધર્મનો પાત્ર છે. એમ લખ્યું છે. પાત્રમાં આગળ વધ્યો, કેવળજ્ઞાન થશે એ પાત્રમાં થશે. આહાહા..! સમજાય છે કાંઈ? 'પાત્ર વિના વસ્તુ ન રહે' એ બીજી વાત. આ વસ્તુ બીજી છે. એ નહિ, એ વાત નહિ. આ તો બીજે ઠેકાણે એમણે સમકિતીને પાત્ર કહ્યા છે. જુઓ! આમાં આવ્યું ને? ભાઈ! આહાહા..!

જેણે ભગવાનઆત્મા પૂર્ણાનંદનો નાથ અનંતશક્તિનો સાગર, એની જેણે દૃષ્ટિ કરી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એ સમ્યગ્દષ્ટિ યોગ્ય-પાત્ર છે અને લેવાની અવસ્થા દાતા પણ એ છે. આહાહા..! અરે..રે..! આવી વાત સાંભળવા ન મળે. બહારમાં અથડાઈ અથડાઈને મરી ગયો છે. પ્રભુ! તારી મહત્તા તને ખબર નથી. આહાહા..! કેટલું ભર્યું છે! એનો કાંઈ પાર નથી.

એક સંપ્રદાનશક્તિ અનંતગુણમાં વ્યાપી છે અને એ સંપ્રદાનશક્તિ અનંતગુણમાં નિમિત્ત છે. અને એ સંપ્રદાનશક્તિ ધ્રુવ અને ક્ષણિક ઉપાદાનથી પડી છે. સંપ્રદાનશક્તિ એ ધ્રુવ છે અને નિર્મળ પર્યાય પોતામાં દીધી, લીધી એ ક્ષણિક ઉપાદાન છે. આહાહા..! અરે..રે..! આવી વાત સર્વજ્ઞ ત્રિલોકનાથ જિનેન્દ્રદેવના શ્રીમુખે દિવ્યધ્વનિમાં તો આ આવ્યું છે. સમજાય છે કાંઈ? આહાહા....! કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન. અથવા અકર્તાગુણ છે. આત્મામાં અકર્તાગુણ છે. આવી ગયો ને? અકર્તાગુણ છે. એ અકર્તાગુણમાં પણ સંપ્રદાનનું સ્વરૂપ છે. એ કારણે અકર્તાગુણની જે પર્યાય છે એ અકર્તાગુણ દાતા અને અકર્તાગુણની જે પર્યાય છે તે લેવાવાળો પાત્ર. આહાહા..! પાત્ર સમયની પર્યાય અને પાત્ર દેવાનું દાન. આહાહા..! એક સમયમાં છે. આહાહા..! આવો માર્ગ. ઉજળો વીતરાગી માર્ગ. આહાહા..!

મુમુક્ષુ :- ભાગ્ય હોય એને સાંભળવા મળે.

ઉત્તર :- ભાગ્ય હોય એને કાને પડે, ભાઈ! લોકોને એવું લાગે કે.. આહાહા..! એકાંત છે, એકાંત છે. સોનગઢવાળા એકાંત કહે છે. અરે..! પ્રભુ! એમ આલોચના ન કર, નાથ! તને આ ન શોભે. તારા ગુણમાં કોઈ એવો ગુણ નથી કે વ્યવહારથી લાભ થાય, એવો કોઈ ગુણ નથી. એ તો પર્યાયદષ્ટિ માનવાવાળાને છે. બે શબ્દ લીધા.

'**પોતાથી દેવામાં આવતો...**' પર્યાય. '**તેના ઉપેયમયપણામયી..**' તેને લેનાર. તેને પ્રાપ્ત કરવાને યોગ્ય, લેવાને યોગ્ય અથવા લેવાના પાત્રપણામયી. આહાહા..! યોગ્યતા કહો કે પાત્રતા કહો. અહીં તો બન્ને લેવા છે. નિર્મળ પર્યાયની યોગ્યતા લેવાવાળી સમ્યગ્દર્શનની પર્યાય. આહાહા..! ધર્મની પર્યાય એ જ યોગ્યતાથી લેવાવાળી છે અને એ જ પર્યાય દેવાવાળી પર્યાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? બીજા ગુણની પર્યાય યોગ્યતા અને એ લેવાવાળી, એ અહીં નહિ. એતો એક એક ગુણની પર્યાય જે પોતામાં નિર્મળ થાય છે એ દાતા અને એ જ પર્યાય યોગ્યતાવાળી પાત્રતા છે. આહાહા..! સમજાય છે કાંઈ? પેલામાં આવે છે ને? 'શ્રીમદ્'માં પાછળ. અપાત્ર યોગ. જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ ત્રણ આવે છે. 'ઇચ્છે છે જે જોગીજન' માં (આવે છે). અહીં પાત્રતા આ જાતની લીધી છે. સમજાય છે કાંઈ? એમાં છે, અંદર છે. બધું યાદ કાંઈ રહે છે? 'મધ્યપાત્ર મહાભાગ્ય' અને પછી ઉત્કૃષ્ટ પાત્ર... એ આ નથી.

આ તો નિર્મળ સમ્યગ્દર્શનની પર્યાયને યોગ્ય અને એ જ સમ્યગ્દર્શનની પર્યાય લેનાર દાતા. આહાહા..! સમ્યગ્દર્શન થવાને લાયક કોણ એ અહીંયા વાત નથી સમજાય છે કાંઈ? જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ ત્રણ બોલ લીધા છે. છે ને? એમાં છે ક્યાંક? 'ઇચ્છે છે જે જોગીજન'માં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. છેલ્લું છે. ક્યાંક છે ખરું. જડ ને ચૈતન્ય બંને, એ બીજું છે. આમાં ક્યાં છે? હાથ આવવું જોઈએ ને. આ બીજું છે. આ રહ્યું, લ્યો!

**''જિન પ્રવચન દુર્ગમ્યતા, થાકે અતિ મતિમાન,**
**અવલંબન શ્રી સદ્‌ગુરુ, સુગમ ઔર સુખખાણ**
**પરિણામની વિષમતા, તેને યોગ અયોગ,**
**મંદ વિષય ને સરળતા, સહ આજ્ઞા સુવિચાર**
**કરુણા કોમળતાદિ ગુણ, પ્રથમ ભૂમિકા ધાર,**
**રોક્યા શબ્દાદિક વિષય, સંયમ સાધન રાગ**
**જગત ઈષ્ટ નહિ આત્મથી, મધ્યપાત્ર મહાભાગ્ય,**
**નહિ તૃષ્ણા જીવ્યા તણી, મરણ યોગ નહીં ક્ષોભ,**
**મહાપાત્ર તે માર્ગના, પરમ યોગ જિતલોભ.''**

અહીં તો કહે છે, સમ્યગ્દૃષ્ટિ જીવ પોતાના દ્રવ્ય સ્વભાવનો આશ્રય લીધો છે એ સમ્યગ્દર્શનની પર્યાય છે તે લેવાયોગ્ય છે અને એ જ દેવાયોગ્ય છે. પાત્રતા જ એ છે. આહાહા..! સમજાય છે કાંઈ? વિશેષ કહેશે... (શ્રોતા :)- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૪૦ શક્તિ-૪૫ સોમવાર, ભાદરવા સુદ ૭, તા. ૧૯-૦૯-૧૯૭૭

---

**उत्पादव्ययालिंगितभावापायनिरपायध्रुवत्वमयी अपादानशक्तिः ४५।**

**ઉત્પાદવ્યયથી આલિંગિત ભાવનો અપાય (-હાનિ, નાશ) થવાથી હાનિ નહિ પામતા એવા ધ્રુવપણામયી અપાદાનશક્તિ. ૪૫.**

'સમયસાર' શક્તિનો અધિકાર ચાલે છે. શક્તિ એટલે ગુણ. ગુણી એવો જે આત્મા, એમાં ગુણની સંખ્યા અનંત છે. દ્રવ્ય એક પણ એની શક્તિઓ-ગુણ અનંત છે. અહીંયા તો ૪૭નું વર્ણન કર્યું છે. એ શક્તિનો ગુણ જે છે એનું કાર્ય શું? તો કહે છે કે, વ્યવહાર જે રાગની ઉત્પત્તિ થાય એ વ્યવહાર નિશ્ચય શક્તિનું કાર્ય જ નથી. આહાહા..! એટલા સમ્યગ્દર્શન સહિત પોતાની શક્તિમાંથી નિર્મળ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની પર્યાય ઉત્પન્ન થાય છે. એનાથી વ્યવહાર ઉત્પન્ન નથી થતો. એમાં તો વ્યવહારનો અભાવ ઉત્પન્ન થાય છે. આહાહા..! તમારે 'દિલ્હી' છે ને? 'જ્ઞાનમતિ', જેણે જંબુદ્વિપ બનાવ્યું છે.

મુમુક્ષુ :- હસ્તિનાપુર.

ઉત્તર :- હસ્તિનાપુર તો મેરુ પર્વત બને છે. જંબુદ્વિપ અહીં 'દિલ્હી'. છાપામાં આવ્યું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે, ખબર છે. બને છે કે બન્યું, એ ખબર નથી. અરે..! એમાં શું હતું? પહેલા એમ કહેતા હતા કે વર્તમાન સાધુ છે એ બધા ભાવલિંગી છે. ભાવલિંગીનો હમણા અર્થ કર્યો કે વર્તમાન છે તે બધા સરાગ ચારિત્રી છે, એ ભાવ. આહાહા..! અરે..! બાપુ! ભાવલિંગ કોને કહેવા! ભાઈ! આહા..! અહીંયા આજે ૪૫ શક્તિ ચાલે છે. ૪૪ થઈ ગઈ.

**'ઉત્પાદવ્યયથી આલિંગિત ભાવ..'** આ શક્તિ પ્રધાન છે. 'દીપચંદજી'એ આ શક્તિના બહુ વખાણ કર્યા છે. 'અધ્યાત્મ પંચસંગ્રહ'માં 'જ્ઞાનદર્પણ'માં. આ અપાદાનશક્તિ મુખ્ય છે, પ્રધાન છે. એમ કહ્યું છે. કેમકે એમાં ધ્રુવ ઉપાદાન અને ક્ષણિક ઉપાદાન બે એમાંથી ઉત્પન્ન થાય છે, એનાથી સિદ્ધિ થાય છે. શું (કહ્યું)? ધ્રુવ ઉપાદાન જે ત્રિકાળી ગુણ છે એ ધ્રુવ ઉપાદાન છે અને વર્તમાન જે આ કહ્યું, **'ઉત્પાદવ્યયથી આલિંગિત...'** વર્તમાન પર્યાય એ ક્ષણિક ઉપાદાન છે. આહાહા..! અરે..! ક્ષણિક ઉપાદાન ને ધ્રુવ ઉપાદાન, કોઈ દિ' તમારા ચોપડામાં પણ ન મળે.

'ચિદ્ વિલાસ'માં તો કહ્યું છે, 'અષ્ટસહસ્ત્રી'નો દાખલો આપ્યો છે ને? ભાઈ! 'ચિદ્ વિલાસ' માં ત્યક્ત, અત્યક્તં. જે વર્તમાન નિર્મળ પરિણામ છે તેને ત્યક્ત (કહે છે). એ પરિણામ છૂટી જશે અને નવા પરિણામ થશે. એ ક્ષણિક ઉપાદાન છે. એ પોતાથી નિર્મળ પરિણામ આલિંગિત સ્પર્શ કરવાવાળી પર્યાય એ ક્ષણિક રહે છે અને બીજા પરિણામ ભિન્ન થાય છે. એ ક્ષણિક ઉપાદાનમાં ત્યક્ત, વર્તમાન પરિણામ નિર્મળ, હોં! મલિનતાની અહીંયા વાત નથી. મલિનતા કોઈ ચારિત્ર નહિ, મલિનતા કોઈ સુખશક્તિનું કાર્ય નહિ. આહાહા..! એ હેય છે.

મુમુક્ષુ :- મલિનતા કાર્ય કોનું છે ?

ઉત્તર :- મલિનતા છે તે હેયમાં જાય છે. ક્ષણિક ઉપાદાનમાં પણ નથી આવતી. આહાહા..! ઝીણી વાત છે બહુ, ભાઈ! દિગંબર સંતોની શૈલી અંતરમાં જવાની અલૌકિક છે. આહા..! જ્યાં ભગવાન આનંદનો નાથ બિરાજે છે ત્યાં સમીપમાં જા. સમીપમાં જવાની પર્યાય વર્તમાન છે. સમજાય છે કાંઈ? એ ત્યક્ત છે, એ પરિણામ છૂટી જાય છે, નવા પરિણામ આવે છે અને ધ્રુવ છે એ અત્યક્ત છે. ધ્રુવ ઉપાદાન છે એ છૂટતું નથી. બદલતું નથી, એ તો જે છે ઇ છે. આહાહા..! ઉપાદાન-નિમિત્તના પણ અત્યારે મોટા ઝઘડા છે ને? નિમિત્તથી થાય છે, નિમિત્તથી થાય છે. પણ અહીં તો ના પાડે છે. સાંભળ તો ખરો.

તારા **'ઉત્પાદવ્યયથી આલિંગિત...'** કોણ? વર્તમાન પર્યાય. વર્તમાન સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર આદિ અનંતગુણની વર્તમાન પરિણતિરૂપ ભાવ. એ ઉત્પાદવ્યયથી સ્પર્શિત ભાવ. આ તો મંત્રો છે મોટા. સમ્યગ્દષ્ટિના જે વર્તમાન નિર્મળ પરિણામ ઉત્પાદ-વ્યય થાય છે એવો જે ભાવ. તેનાથી આલિંગિત પર્યાય છે. ઉત્પાદવ્યયની પર્યાય આલિંગિત છે, પર્યાય આલિંગિત છે. ઉત્પાદવ્યયથી આલિંગિત ભાવ. આહાહા..! બહુ ટૂંકામાં (સમાડી દીધું છે).

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જે વર્તમાન સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર આદિ વીતરાગી પર્યાય જે ઉત્પાદવ્યયરૂપ થાય છે તેનાથી સ્પર્શિત ભાવ વર્તમાન પર્યાય, ઉત્પાદવ્યયને સ્પર્શિત વર્તમાન પર્યાય. ધ્રુવ નહિ. આહાહા..! ઉત્પાદવ્યયથી આલિંગિત–સ્પર્શિતભાવ. ભાવ એટલે વર્તમાન પર્યાય. અપાય. આહાહા..! એ પર્યાયનો નાશ થવા છતાં ક્ષણિક નિર્મળ સમ્યગ્દર્શન, જ્ઞાન આદિ અનંતગુણની (પર્યાય નાશ થવા છતાં). સમ્યગ્દર્શન અર્થાત સર્વ ગુણાંશ તે સમકિત. સર્વ ગુણાંશ તે સમકિત. જેટલા સંખ્યાએ ગુણ છે તેટલી અનંતગુણની નિર્મળ વ્યક્ત પર્યાય સમ્યગ્દર્શનમાં થાય છે. સમ્યગ્દર્શનની પર્યાય ઉત્પાદવ્યયવાળી છે અને અનંતગુણની વ્યક્ત પર્યાય થાય છે એ પણ ઉત્પાદવ્યયવાળી છે. સમજાય છે કાંઈ? થોડું ધ્યાન રાખે તો પકડાય એવું છે. બાપુ! આ કાંઈ વાર્તા નથી. આ તો વીતરાગના પેટ ખોલીને સંતોએ વાત કરી છે. આહાહા..! સમજાય છે કાંઈ?

કહે છે કે ઉત્પાદવ્યયથી સ્પર્શિત. અનંતગુણ જે છે એમાં આ એક શક્તિ એવી છે કે અનંતગુણમાં આ શક્તિનું સ્વરૂપ છે. જ્ઞાન, દર્શન, આનંદ, અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વ, અનંતધર્મત્વ.. સમજાય છે કાંઈ? અત્યારે સાંભળવાનું હોય. લખવાનું હોય તો ગડબડ નહિ. આહાહા..! અહીંયા કહે છે કે આત્મામાં જેટલી સંખ્યાએ અનંતગુણ–શક્તિ છે તે પ્રત્યેક ગુણમાં આ અપાદાન નામની શક્તિનું સ્વરૂપ છે. આહાહા..! કે જે કારણે જે જ્ઞાનગુણ છે તે ધ્રુવ છે અને તેની પર્યાય ઉત્પાદવ્યયથી આલિંગિત ક્ષણિક છે. એ ધ્રુવ ઉપાદાન અને ક્ષણિક ઉપાદાન એ અહીંયા અપાદાનના બે ભેદ છે. ત્રિકાળી ધ્રુવ ઉપાદાન અને ક્ષણિક પર્યાય, અપાદાનમાંથી બે ઉપાદાન નિકળે છે. સમ્યગ્જ્ઞાનની પર્યાય, જ્ઞાન ત્રિકાળ છે એ ધ્રુવ ઉપાદાન છે અને એમાં અપાય નામની શક્તિને કારણે એ ધ્રુવ ઉપાદાન કાયમ રહીને વર્તમાન સમ્યગ્દર્શન, જ્ઞાન આદિ જ્ઞાનની સમ્યક્ પર્યાય ઉત્પન્ન થાય, એ પર્યાય ઉત્પાદવ્યયથી સ્પર્શિત છે. ધ્રુવને સ્પર્શિત નહિ. આવી વાતું છે. ભાઈ! આ તો બહુ ભર્યું છે. શક્તિમાં તો એટલો ભંડાર, એટલો ભર્યો છે..! ઓહોહો..! આખું 'સમયસાર' કરીને પછી માથે શું કહેવાય આ? કળશ.. કળશ. કળશ ચડાવ્યો છે, કળશ ચડાવ્યો છે. મંદિરમાં જેમ ઉપર કળશ હોય છે ને? આહાહા..! ઓહોહો..! એવી વાત, અંદર એનું વાચ્ય. આ શબ્દ વાચક છે.

ઉત્પાદવ્યયથી સ્પર્શિત. જ્ઞાનની વર્તમાન નિર્મળ પર્યાય ઉત્પાદવ્યયથી સ્પર્શિત છે. છતાં એ ઉત્પાદવ્યયનો નાશ થવા છતાં ધ્રુવ ઉપાદાન કાયમ રહે છે. આવી વાતું છે. અરે..! ઉપાદાન-નિમિત્તના ઝઘડા, વ્યવહાર-નિશ્ચયના ઝઘડા અને ક્રમબદ્ધના ઝઘડા. આ પાંચ ઝઘડા સોનગઢની સામે આવે છે. અરે..! ભગવાન! બાપુ! સાંભળ તો ખરો, નાથ! આહાહા..! તારી પર્યાયમાં જ્ઞાનની પર્યાય ઉત્પન્ન થાય છે એમાં અપાદાન નામની શક્તિનું રૂપ છે. એ કારણે જ્ઞાનની પર્યાય નિર્મળ ઉત્પન્ન થાય એ ઉત્પાદવ્યયથી આલિંગિત છે. અને એ પર્યાયનો અભાવ થવા છતાં ધ્રુવ ઉપાદાન કાયમ રહે છે. સમજાય છે કાંઈ? આ એક ગુણ ઉપર લગાવ્યું.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉત્પાદવ્યયથી આલિંગિત-સ્પર્શિત જ્ઞાનગુણની પર્યાય. ઉત્પાદવ્યયથી પરિણત પર્યાય છે એવા ભાવની હાનિ-અપાય થવા છતાં, એ પર્યાયનો અભાવ થવા છતાં, પર્યાયનો નાશ થવા છતાં, **'હાનિ નહિ પામતા એવા...'** **'અપાય થવાથી હાનિ નહિ પામતા...'** આહાહા..! કેમ કે **'ધ્રુવપણામયી અપાદાનશક્તિ.'** અંદર પર્યાયની હાનિ થઈ છતાં ધ્રુવમાં હાનિ નથી થઈ. આહાહા..! સમજાય છે કાંઈ? એ પર્યાય જે છે વર્તમાન નિર્મળ પર્યાય ઉત્પન્ન થઈ એ વ્યવહારથી નહિ, નિમિત્તથી નહિ, એ ધ્રુવ ઉપાદાનથી ઉત્પન્ન થઈ. અને એ ઉત્પન્ન થઈ છતાં એનો નાશ થવા છતાં ધ્રુવ ઉપાદાન કાયમ છે. આવી વાતું હવે. સમજાય છે કાંઈ? આ તત્ત્વની સ્થિતિ એવી છે. વસ્તુની શક્તિ અને પરિણતિ વસ્તુની મર્યાદા છે. આહાહા..! તત્ત્વજ્ઞાનની જેને ખબર નથી એને ધર્મ કઈ રીતે થાય? આહાહા..! સમજાય છે કાંઈ?

કહે છે કે જ્ઞાનગુણમાં પણ અપાદાન નામનું રૂપ હોવાથી જ્ઞાનગુણની વર્તમાન પર્યાય ઉત્પાદવ્યયથી આલિંગિત છે અને એ પર્યાયનો અભાવ થાય છે, નાશ થાય છે. નાશ થવા છતાં.... છે? **'હાનિ નહિ પામતા...'** પર્યાય નાશ થઈ પણ હાનિને પ્રાપ્ત નથી થઈ. અંદર ત્રિકાળ ધ્રુવત્મયી છે. બીજી રીતે કહીએ તો એ પર્યાયના અભાવ થયો અને પર્યાયનો ઉત્પાદ થયો પણ ધ્રુવમાં કોઈ ફેરફાર નથી, એમ કહે છે. સમ્યગ્દર્શન, જ્ઞાન આદિની પર્યાય, અહીંયા પહેલા જ્ઞાનની પર્યાય લીધી, એનો અભાવ થવા છતાં ધ્રુવ તો ધ્રુવ એકસરખો પડ્યો છે. પર્યાય ઉત્પન્ન થઈ તો પણ ધ્રુવ તો જે છે એ છે. ઉત્પન્નનો અભાવ થયો તો પણ ધ્રુવ તો ધ્રુવ જ છે. આહાહા..! સમજાય છે કાંઈ? આવી ઝીણી વાતું પકડવી કઠણ. તત્ત્વજ્ઞાનીને તો આ વસ્તુ જાણવી જોશે. સમજાય છે કાંઈ? એ દૃષ્ટિ વિના, આ જ્ઞાન વિનાની દૃષ્ટિ નિર્મળ નહિ થાય. આહાહા..! સમજાય છે કાંઈ?

બીજી રીતે કહીએ તો વર્તમાન જ્ઞાનની પર્યાયની હાનિ થવા છતાં દૃષ્ટિ તો ધ્રુવ ઉપર છે. ધ્રુવમાં હાનિ નથી થતી. આહાહા...! સમજાય છે કાંઈ? દૃષ્ટિ તો શાશ્વત ઉપાદાન જે ધ્રુવ છે તેની ઉપર છે. આહાહા..! સમજાય છે કાંઈ? અધિકાર ઝીણો છે. પર્યુષણમાં તાકડે શક્તિનું વર્ણન આવી ગયું છે. આહાહા..! ભગવાન! તારી સમ્યગ્જ્ઞાનની પર્યાય ઉત્પન્ન થાય એ ક્ષણિક ઉપાદાન કારણથી પોતાથી છે. જ્ઞાનાવરણીયનો અભાવ થયો કે શુભ વિકલ્પથી શાસ્ત્ર ભણ્યો તો એ વિકલ્પને કારણે અહીંયા નિર્મળ પર્યાય ઉત્પન્ન થાય છે, એમ નથી. આહાહા..! શાસ્ત્ર ભણ્યો હોય, અગિયાર અંગ નવ પૂર્વ, તો એ પર્યાય તો પરસત્તાવલંબી છે. આહાહા..! આ તો પોતાની સત્તાનું અવલંબન થઈને ઉત્પાદવ્યય પર્યાય જે આલિંગિત થાય છે તેનો ભાવ શાસ્ત્રજ્ઞાનની પર્યાયથી નથી થતો. આહાહા..! એની અપાદાન નામની શક્તિથી એનાથી ઉત્પન્ન થાય છે. અરે..! આ વાત. નિમિત્તથી થાય છે, નિમિત્તથી થાય છે, વ્યવહારથી નિશ્ચય થાય છે, બધો મિથ્યા ભ્રમ છે. સમજાય છે કાંઈ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જેણે ભગવાનઆત્મા અનંતશક્તિ-ગુણનો ભંડાર એવા સ્વભાવનો ધરનાર સ્વભાવી ચીજ ઉપર જેની દૃષ્ટિ ગઈ અને એનો સ્વીકાર અનુભવમાં આવ્યો, પર્યાયમાં આનંદની વેદનદશા થઈ તો અહીંયા કહે છે એ આનંદની દશા એક સમય રહે છે. એ ઉત્પાદવ્યયથી આલિંગિત એ દશા છે. એનો અભાવ થવા છતાં આનંદ નામનો ગુણ તો ધ્રુવ કાયમ એકસરખો રહે છે. સમજાય છે કાંઈ? પર્યાય નાશ થઈ તો ધ્રુવમાં કોઈ ફેરફાર થયો છે (એમ નથી). આહાહા..! સમજાય છે કાંઈ? આવું નવરા માણસને ક્યાં સમજવું? ફૂરસદ ન મળે. ધંધા.. ધંધા આખો દિ' પાપ. ચોવીસ કલાક પાપ. એકલું પાપ. ધર્મ તો નહિ પણ પુણ્ય પણ નહિ. આહાહા..!

મુમુક્ષુ :- ધંધામાં...

ઉત્તર :- કોણ ધંધો કરે? કરી કોણ શકે? ભાવ કરે. પાપના રાગના ભાવ કરે. ધંધો કરી કોણ શકે? પરની ક્રિયા કોણ કરી શકે છે?

અહીં તો પોતાની પર્યાયમાં વિકૃત અવસ્થા ઉત્પન્ન થાય છે એનો પણ અહીંયા નિષેધ કર્યો છે. છે વિકૃત એનું જ્ઞાન કરે છે એ જ્ઞાનની પર્યાય જે ઉત્પન્ન થઈ એ ઉત્પાદવ્યયથી આલિંગિત પર્યાય છે, એનો અભાવ થતાં ધ્રુવમાં કોઈ અભાવ થતો નથી. ધ્રુવમાં કોઈ હાનિ થતી નથી. આહાહા...! અરે..! આવી વાતું હવે.

એમ સમ્યગ્દર્શન. શ્રદ્ધાગુણ જે અંદરમાં ત્રિકાળ છે એમાં અપાદાનશક્તિનું સ્વરૂપ, રૂપ છે, સ્વરૂપ છે. એ કારણે સમ્યગ્દર્શનની જે પર્યાય ઉત્પન્ન થઈ એ ઉત્પાદવ્યવાળી પર્યાય પર્યાયને સ્પર્શે છે, ધ્રુવને નહિ. અને એ પર્યાયને સ્પર્શિત એવી નિર્મળ પર્યાયનો બીજે સમયે અભાવ થાય છે, હાનિ થાય છે. હાનિ થવા છતાં વસ્તુમાં હાનિ થતી નથી. પરિણામ ત્યક્ત થયા, ધ્રુવ અત્યક્ત કાયમ રહે છે. ક્ષણિક ઉપાદાન સમયે સમયે પલટે છે. અહીંયા નિર્મળની વાત છે, હોં! છતાં ધ્રુવ ઉપાદાન શાશ્વત ઉપાદાન કાયમ છે. આહાહા..! સમજાય છે કાંઈ? એ.. 'શાંતિભાઈ'! 'શાંતિભાઈ' તો કહે છે, શું કહે છે? અભૂતપૂર્વ. વાત સાચી છે. વાત તો એવી છે. આહા..! એવો માર્ગ છે, ભાઈ આહાહા..!

તારી ચીજ જે ધ્રુવ અને ક્ષણિક. એ ક્ષણિક પર્યાયમાં નિર્મળતા થાય છે એ પણ પોતાના ઉપાદાનથી. અપાદાનશક્તિનો બીજો અર્થ ઉપાદાન છે. ભાઈ 'દીપચંદજી' એ 'અધ્યાત્મ પંચસંગ્રહ'માં બહુ વર્ણન કર્યું છે. એ પ્રધાન શક્તિ છે, બધામાં મુખ્ય-પ્રધાન શક્તિ છે. કેમ કે ધ્રુવ અને ક્ષણિક ઉપાદાનની સર્વ ગુણની આખી વસ્તુ એમાં છે. સમજાય છે કાંઈ? છે અહીંયા? પંચસંગ્રહ. જ્ઞાનદર્પણ ૫૬ પાનું છે. 'જિનેશ્વરદાસજી'એ વાંચ્યું છે.

**'અપનો અખંડ પદ સહજ સુથિર મહા'** આ અપાદાનશક્તિનું વર્ણન છે. આહાહા..! અપાદાન શું? વ્યાકરણમાં એ છ બોલ આવે છે. કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ. **'અપનો અખંડ પદ સહજ સુથિર મહા, કરૈ આપ આપ હી તૈં યહૈ અપાદાન હૈ.'** શાશ્વત ઉપાદાન છે એમાં ક્ષણિક ઉપાદાન. **'કરૈ આપ આપહિતૈ યહી અપાદાન હૈ.'**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નિર્મળ સમ્યગ્દર્શન આદિની પર્યાય, નિર્મળ આનંદની પર્યાય પોતાથી થાય છે. આહાહા..! **'સાસતો ખિણક ઉપાદાન કરે આપ હી તૈં.'** શાશ્વત અને ક્ષણિક ઉપાદાન આપ હી તૈ. પરથી નહિ, વ્યવહારથી નહિ, નિમિત્તથી નહિ. આહાહા..! એ શક્તિના ગુણનું સ્વરૂપ છે. **'સાસતો ખિણક ઉપાદાન કરે આપ હી તૈં, આપ હૈ અનંત અવિનાસી સુખથાન હૈ.'** આહાહા..! **'યાહી તૈં અનૂપ ચિદ્રૂપ રૂપ પાઈયતુ,'** આહાહા..! અપાદાનશક્તિને કારણે ચિદ્રૂપની પ્રાપ્તિ અંદર પર્યાયમાં થાય છે, કહે છે. નિર્મળ ધર્મની પર્યાય અપાદાનશક્તિને કારણે વર્તમાનમાં પ્રાપ્ત થાય છે. કોઈ વ્યવહારને કારણે કે નિમિત્તને કારણે કે કર્મના અભાવને કારણે પ્રાપ્તિ નથી થતી. આહાહા..!

પછી કહે છે, **'યાહી તૈં અનૂપ ચિદ્રૂપ રૂપ પાઇયતુ,'** એનાથી ચિદ્રૂપ જ્ઞાનસ્વરૂપની પર્યાયમાં પ્રાપ્તિ થાય છે. **'યાહી તૈં અનૂપ ચિદ્રૂપ રૂપ પાઈયતુ, યાતૈં સબ સકતિ મેં પરમ પ્રધાન હૈ.'** પરમ પ્રધાન છે. અપાદાનશક્તિ. કેમકે એમાં ઉપાદાન આવ્યું ને? ધ્રુવ ઉપાદાન અને ક્ષણિક નિર્મળ ઉપાદાન, હોં! આહાહા..! અને દરેક ગુણમાં એનું સ્વરૂપ છે. બધી શક્તિમાં પરમ પ્રધાન છે. આહા..! લોકોને અંદર...

'ચિદ્‌વિલાસ'માં તો એમ લખ્યું છે કે જે જેમ જેમ ગુણના ભેદ અને પર્યાયના ભેદ નિર્મળ સમજાય છે તેમ તેમ શિષ્યને આનંદ આવે છે. ભાઈ! એમ આવ્યું છે. 'ચિદ્ વિલાસ' માં છે. જેમ જેમ એક એક ગુણ અને એની પર્યાયનું વર્ણન જેમ ભેદ કરીને સમજાવે છે ત્યારે ત્યારે શિષ્યને સાંભળવાથી આનંદ આવે છે. સમજાય છે કાંઈ? આહાહા..! એ 'ચિદ્‌વિલાસ'માં છે. 'દીપચંદજી'નું છે. જોયું છે? આ બાજુ છે. આ જ નીકળ્યું તમારું. 'અષ્ટસહસ્ત્રી' **'દ્રવ્યનો ત્યક્ત સ્વભાવ તો પરિણામ(રૂપ) વ્યતિરેક સ્વભાવ છે.'** 'ચિદ્‌વિલાસ' પાનું-૩૬. એ 'અષ્ટસહસ્ત્રી'નો દૃષ્ટાંત આપ્યો છે. 'અષ્ટસહસ્ત્રી'નું હિન્દી કર્યું છે પણ ઠેકાણા વિનાની દૃષ્ટિ. દૃષ્ટિ ખોટી-મિથ્યા. વ્યવહાર સરાગ ક્રિયાથી નિશ્ચય ચારિત્ર થાય છે. અરે..રે...! મિથ્યાત્વનું મહાશલ્ય છે. સમજાય છે કાંઈ? તારા ગુણ અને તારી પર્યાયની શક્તિની તાકાત પરને કારણે ઉત્પન્ન ન થાય, એવી છે. એને ઠેકાણે પરને કારણે ઉત્પન્ન થાય એ મોટું શલ્ય છે. એ કારણે અહીંયા કહ્યું, **'અવ્યક્ત સ્વભાવ ગુણરૂપ-અન્વય-સ્વભાવ છે.'** જોયું? અત્યક્ત ભાવ ગુણરૂપ છે. ત્યક્તરૂપ ભાવ પર્યાય છે. અન્વય સ્વભાવ છે. ગુણ અન્વય સ્વભાવ છે અને પર્યાય વ્યતિરેક અભાવસ્વભાવ છે. ક્ષણે ક્ષણે અભાવ થાય છે. **'તે ગુણ તો પૂર્વ હતા તે જ રહે છે. પરિણામ અપૂર્વ અપૂર્વ થાય છે. આ દ્રવ્યનું ઉપાદાન છે તે પરિણામને તો તજે છે પણ ગુણને સર્વથા તજતું નથી.'** આહાહા..! 'દીપચંદજી'એ કામ કર્યું છે..! પેલા કહે કે, નહિ આચાર્યોનું લાવો. પંડિતો નહિ. પંડિતોએ સ્પષ્ટ કર્યું છે. સમજાણું કાંઈ? આહાહા..! **'તેથી પરિણામ ક્ષણિક ઉપાદાન છે અને ગુણ શાશ્વત ઉપાદાન છે. વસ્તુ ઉપાદાનથી સિદ્ધ છે.'** નિર્મળ પર્યાય પોતાના ઉપાદાનથી પ્રગટ થાય છે. એ રાગ, દયા,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



દાન, વ્રત ને વ્યવહાર રત્નત્રય કર્યા તો ઉપાદાન થાય, એવી ત્રણકાળમાં શક્તિ નથી. સમજાય છે કાંઈ? ઘણો અધિકાર છે. પણ પેલું છે એ એમાં ક્યાંક છે. જેમ જેમ ધર્માત્મા દ્રવ્ય, ગુણ અને પર્યાયના ભેદ, એક એક શક્તિનું ભિન્ન ભિન્ન વર્ણન કરે છે તેમ તેમ શિષ્યને આનંદની પર્યાય પ્રાપ્ત થાય છે. એમ ત્યાં કહે છે. આ બાજુ ક્યાંક છે. સમજાણું કાંઈ? આહાહા..!

'દીપચંદજી'એ શક્તિનું વર્ણન કર્યું છે એવું કોઈએ કર્યું નથી. આચાર્યે શક્તિના નામ આપ્યા. કામ કર્યા આમણે. શક્તિની વિશેષતા 'દીપચંદજી' સિવાય કોઈએ કરી નથી. એક 'સમયસાર નાટક'માં થોડા બોલ છે પણ આ 'દીપચંદજી'માં અહીંયા 'પંચસંગ્રહ'માં અને 'ચિદ્વિલાસ'માં જે સ્પષ્ટીકરણ છે એવું કોઈ આચાર્યે કર્યું નથી, કોઈ ગૃહસ્થે કર્યું નથી. એણે તો સ્વતંત્ર પોતે કર્યું છે. નિવૃત્તિ બહુ. પંડિતે કરી છે. ત્યાં ચર્ચા થઈ ને? ખાણિયા. સામેવાળા 'રતનચંદજી' કહે, પંડિતનું ન લેવું. આચાર્યનું લેવું. 'ફૂલચંદજી' કહે, પંડિત, આચાર્ય, મુનિ બધાનું લેવું. સમજાય છે કાંઈ?

અહીં તો મારે એમ કહેવું છે, **'યાતૈં સબ સકતિ મેં પરમ પ્રધાન હૈ.'** આ પરમ પ્રધાન અપાદાનશક્તિ. આહાહા..! ભગવાન ધ્રુવમાં દૃષ્ટિ દેવાથી શક્તિનો સ્વીકાર કરવાથી અપાદાનને કારણે ક્ષણિક પર્યાયમાં સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની, આનંદની નિર્મળતા ઉત્પન્ન થાય છે. આહાહા..! વ્યવહારથી ને નિમિત્તથી ને બહુ શાસ્ત્ર ભણ્યો ને બહુ જાણપણું આવ્યું ને લોકોને બહુ સમજાવે છે માટે ગુણની પરિણતિ એને વિશેષ પ્રગટે છે, એમ નથી. શેઠ!

મુમુક્ષુ :–

ઉત્તર :– આ દેખાડ્યું ને? પહેલાના પંડિત અને તમારા વર્તમાનના પંડિત. શેઠ! શેઠ કહેતા હતા ને, જેવું સાંભળવા મળ્યું એવું માન્યું. વાત તો સાચી, વાત તો સાચી. આહાહા..! અહીં તો પંડિત 'દીપચંદજી' એમ કહે છે કે આ અપાદાનશક્તિ સર્વ શક્તિમાં પ્રધાન છે. કેમ કે પરિણતિમાં ઉત્પાદવ્યયની પર્યાય થાય છે એ ધ્રુવ ઉપાદાનથી ઉત્પન્ન થાય છે. એમ કહેવું એ પણ વ્યવહાર છે. એ પરિણતિ પોતાને કારણે ઉત્પાદવ્યય ઉત્પન્ન થાય છે. આહાહા..! નિર્મળ, હોં! સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર આદિ. એ પરિણતિ ઉત્પન્ન થાય છે તે પોતાના સ્વતંત્ર (ઉપાદાનથી થાય છે). વ્યવહારનું કારણ નહિ ને દ્રવ્ય-ગુણનું પણ કારણ નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? એ 'ચિદ્વિલાસ'માં છે. 'ચિદ્વિલાસ'માં ૮૯ પાને છે. પર્યાયનું કારણ પર્યાય છે, પર્યાયનું વીર્ય પર્યાય છે, પર્યાયનું ક્ષેત્ર પર્યાય છે. દ્રવ્ય-ગુણ વિના પર્યાય પોતાથી થાય છે. સમજાય છે કાંઈ? એ ૮૯ પાને. આ આ બાજુ છે. નામ કાંઈ બધા આવડે છે? ભાવ ખ્યાલમાં હોય. આહાહા..! આ બાજુ છે. ગુરુ જેમ જેમ દ્રવ્ય, ગુણ, પર્યાયની ભેદતા સમજાવે છે તેમ તેમ શ્રોતાને આનંદ આવે છે. એમ નહિ કે આ ભેદને સમજાવે છે માટે એને દુઃખ થાય છે. આહાહા..!

અહીંયા કહે છે, ચારિત્રગુણ આત્મામાં છે. સાંભળો! આત્મામાં ધ્રુવરૂપે ચારિત્રગુણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. એ ધ્રુવરૂપ જે છે એની વર્તમાન ચારિત્રની વીતરાગી પર્યાય ઉત્પન્ન થઈ એ ઉત્પાદવ્યયથી આલિંગિત છે. એ ઉત્પાદવ્યયથી આલિંગિત છે, રાગથી આલિંગિત નથી, નિમિત્તથી આલિંગિત નથી. આહાહા..! અહીં કહે છે ને? જુઓ! પાનું-૩૪, 'ચિદ્દ્વિલાસ'માં પાનું-૩૪. જુઓ! **'સામાન્યતાથી નિર્વિકલ્પ છે, વિશેષતાથી શિષ્યને પ્રતિબોધ કરવામાં આવે ત્યારે ત્યારે જેમ જેમ શિષ્ય, ગુરુના પ્રતિબોધવાથી ગુણનું સ્વરૂપ જાણી જાણીને વિશેષ ભેદી થતો જાય..'** વિશેષ ભેદજ્ઞાન થાય છે. **'તેમ તેમ તે શિષ્યને આનંદના તરંગ ઉઠે,..'** પાનું-૩૪. સમજાય છે કાંઈ? એમ નહિ કે આટલો બધો ભેદ સમજાવે છે માટે (દુઃખ થાય છે).

મુમુક્ષુ :- ખજાનો ખુલતો જાય છે.

ઉત્તર :- ખજાનો ખુલે છે. 'કાનપુર'માં જાય છે ને! ત્યાં પૈસા બહુ આવે છે. ઉઘરાણીએ આ શેઠ જાય છે. એમ આ કાનપુર ભગવાનઆત્મા છે. સમજાય છે કાંઈ? એને બરાબર કાન દઈને ગુણભેદને સાંભળે તો ત્યાં પર્યાયમાં ધનના ઢગલા થાય છે. એ લીધું? ૮૯ પાનું છે ને? જુઓ! **'ગુણ વિના જ (અર્થાત્ ગુણની અપેક્ષા વગર જ) પર્યાયની સત્તા પર્યાયનું કારણ છે.'** શું કહે છે? પર્યાયની સત્તા.. આ કહ્યું ને? **'ઉત્પાદવ્યયથી આલિંગિત ભાવ..'** ભાવ એટલે પર્યાય. એ સ્વતંત્ર પર્યાય ગુણ વિના પર્યાય પર્યાયનું કારણ છે. ધ્રુવ ગુણ વિના પર્યાય પર્યાયનું કારણ છે. આહાહા..! જુઓ! **'ગુણ વિના જ પર્યાયની સત્તા પર્યાયનું કારણ છે.'** ગુણ વિના જ પર્યાયને પર્યાય કારણ છે. પર્યાયની સત્તા, વર્તમાન સમ્યગ્દર્શન, જ્ઞાન આદિ નિર્મળ પર્યાયની સત્તા, ગુણ વિના જ પોતાથી સત્તા સિદ્ધ થાય છે. આહાહા...! સમજાય છે કાંઈ? આ તો ઘણી વાર વ્યાખ્યાનમાં બતાવ્યું છે. પછી જુઓ!

**'પર્યાયનું સૂક્ષ્મત્વ પર્યાયનું કારણ છે,...'** ગુણ-દ્રવ્ય નહિ. પર્યાયનું સૂક્ષ્મત્વ પર્યાયનું કારણ છે. આહાહા..! **'પર્યાયનું વીર્ય પર્યાયનું કારણ છે,...'** પર્યાયમાં જે વીર્ય-શક્તિ પડી છે એ પર્યાયનું કારણ છે. દ્રવ્ય-ગુણ નહિ ને વ્યવહાર કારણ નહિ. આહાહા..! અરે..! આવી ચીજ, ભગવાન! દિગંબર સંતો... આ તો ગૃહસ્થો, સમકિતી ગૃહસ્થ છે એમણે આટલું સ્પષ્ટ કરી નાખ્યું છે. વાંચવું નહિ ને પોતાનો કક્કો છોડવો નહિ. પેલો વળી એમ કહે, સોનગઢની વાત તો સાચી છે પણ અમે જો કબુલ કરવા જઈએ તો સોનગઢની પ્રસિદ્ધિ થઈ જાય અને લોકો ત્યાં જાય ને અમને કોઈ માને નહિ. અરે..! ભગવાન! માનવા નહિ માનવાની વાત અહીંયા નથી. જેવી ભગવાને ફરમાવી છે એવી વસ્તુ છે. સવારે આવ્યું નહોતું? અનાદિ પરંપરાનો ઉપદેશ છે. આવ્યું હતું ને? આહાહા..!

નિર્મળ પર્યાય પોતાથી ઉત્પન્ન થાય છે. રાગ અને પરથી નહિ. એ અનાદિ વ્યવહાર, રાગથી નિશ્ચય ચારિત્ર કે નિશ્ચય સમકિત થાય છે, એમ કદી નથી. એવો અનાદિ પરંપરા આ ઉપદેશ ચાલ્યો આવ્યો છે. સમજાય છે કાંઈ? આહાહા..! આ સોનગઢનું નવું નથી. આહાહા..! લખ્યું છે, અત્યારે તો કોઈની આગમ પ્રમાણે શ્રદ્ધા દેખાતી નથી અને યથાર્થ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



શ્રદ્ધાવાળા વક્તા પણ દેખાતા નથી. આ તો બસ્સો વર્ષ પહેલા લખ્યું છે. અને અમે મોઢેથી કહીએ છીએ તો સાંભળતા નથી. એય...! અત્યારે તો સાંભળવાવાળા નીકળ્યા છે. મોઢેથી કહીએ તો સાંભળતા નથી તો અમે લખી જઈએ છીએ કે માર્ગ આવો છે, બીજા કહે છે તેવો માર્ગ નથી. 'ભાવદીપિકા'માં છે. આહા..!

**'પર્યાયનું પ્રદેશત્વ પર્યાયનું કારણ છે.'** આહાહા..! નિર્મળ પર્યાય સમ્યગ્દર્શન આદિ ધર્મની પર્યાય ઉત્પન્ન થઈ તેના પ્રદેશ છે ને? પ્રદેશ ભિન્ન છે. અસંખ્ય પ્રદેશમાં ધ્રુવના પ્રદેશ ભિન્ન છે, પર્યાયના પ્રદેશ ભિન્ન છે. આહાહા..! જેટલા ક્ષેત્રમાંથી નિર્મળ પર્યાય ઉત્પન્ન થાય છે તેટલા પ્રદેશ ભિન્ન ગણવામાં આવ્યા છે. એ પર્યાયનું કારણ એ પ્રદેશ છે, એમ કહે છે. ધ્રુવના પ્રદેશ નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? ધ્રુવના પ્રદેશ છે એ પર્યાયની ઉત્પત્તિમાં ધ્રુવનું ક્ષેત્ર કારણ નથી, પર્યાયનું ક્ષેત્ર પર્યાયનું કારણ છે. આહાહા..! ગજબ વાત કરે છે ને! આ ગૃહસ્થનું પંડિતનું લખાણ છે. આહાહા..!

અથવા **'ઉત્પાદ-વ્યય કારણ છે (ને પર્યાય કાર્ય છે). કેમ કે ઉત્પાદ-વ્યય વડે પર્યાય જાણવામાં આવે છે...'** ઉત્પાદ-વ્યયથી પર્યાય જાણવામાં આવે છે માટે ઉત્પાદ-વ્યય કારણ છે. ધ્રુવ કારણ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? ઘણી ગંભીરતા, ઘણી ગંભીરતા. આહાહા..! તને સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર જે મોક્ષમાર્ગ છે એ પર્યાયનો ઉત્પાદ-વ્યય થાય છે. એ ઉત્પાદ-વ્યય પણ પોતાના સ્વતંત્ર કારણે ઉત્પન્ન થાય છે. ક્ષણિક ઉપાદાનમાં. ધ્રુવ ઉપાદાન છે તો તેનાથી ઉત્પન્ન થયું એમ પણ નથી. આહાહા...! કેમ કે ધ્રુવ ઉપાદાન તો એકરૂપ ત્રિકાળ રહે છે. પર્યાયમાં કેવળજ્ઞાન થાય તો પણ જ્ઞાનની ધ્રુવતામાં કોઈ કમી થઈ ગઈ (એમ નથી). સમજાય છે કાંઈ? ઘણી પર્યાય બહાર આવી માટે ઓછપ થઈ ગઈ એમ નથી. અને નિગોદના શરીરમાં એક જીવને પર્યાયમાં અક્ષરના અનંતમે ભાગે વિકાસ છે તો અંદર ગુણમાં વધારો થયો છે, બહાર થોડો વિકાસ છે તો અંદર ઘણો ગુણ છે, એમ નથી. આહાહા..! એ અહીં કહે છે, ધ્રુવ ઉપાદાન તો કાયમ જેમ છે તેમ છે. સમજાય છે કાંઈ? ચાહે તો સમ્યગ્દર્શનની પર્યાય ઉત્પન્ન હો, ચાહે તો કેવળજ્ઞાનની પર્યાય ઉત્પન્ન હો, ધ્રુવ તો ધ્રુવ છે તે છે, છે એવો છે. આહાહા..! અકબંધ છે. બહુ લખ્યું છે, હોં!

**'માટે તે પર્યાયનું કારણ છે અને પર્યાય (તેનું) કાર્ય છે.'** એ પર્યાય કારણ અને પર્યાય કાર્ય છે. નિમિત્તથી તો નહિ પણ દ્રવ્ય-ગુણથી પણ નહિ. આહાહા..! બસો વર્ષ પહેલા દિગંબર પંડિતો પણ બહુ કામ કરી ગયા છે. 'ભાગચંદજી', 'બનારસીદાસ', 'ટોડરમલજી'. લોકોને એમ કે અમે પંડિત છીએ તો એ પણ પંડિત હતા. પણ બાપુ! અમે પણ પંડિત છીએ. અમે બધા પંડિતને જાણીએ છીએ. અને પંડિત તો એ એકલાને જાણતા હતા. આહાહા..!

અહીંયા કહે છે, આનંદ, વસ્તુત્વ, અસ્તિત્વ, પ્રભુતા. આત્મામાં પ્રભુત્વ નામની શક્તિ છે. એમાં આ અપાદાનની શક્તિનું સ્વરૂપ છે. તે કારણે પ્રભુતાની ઉત્પાદ-વ્યય પર્યાય ઉત્પન્ન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


થાય છે તે ઉત્પાદ-વ્યયને સ્પર્શિત થાય છે. અને એનો અભાવ થવા છતાં ધ્રુવમાં હાનિ થતી નથી. ધ્રુવ તો એવો ને એવો રહે છે. આહાહા..! સમજાય છે કાંઈ?

અહીંયા તો એ બતાવવું છે કે પર્યાય ક્ષણિક પલટતી છે છતાં ધ્રુવ તો એવો ને એવો રહે છે. એમ કહેવું છે કે જેણે દ્રવ્યશક્તિ દૃષ્ટિમાં લીધી અને અનંતશક્તિનો ભેદ પણ લક્ષમાં લીધો, એની પર્યાય પાછી પડે છે અને પડી જાય, એ પર્યાયથી પડી જાય અને મિથ્યાત્વ થઈ જાય એવી વાત છે નહિ. આહા..! કેમ? કે એ નિર્મળ પર્યાય સ્વતંત્ર ઉત્પન્ન થઈ છે પણ એનું વ્યવહાર કારણ જે ધ્રુવ છે, એ ધ્રુવ ઉપર જેની દૃષ્ટિ છે એની પર્યાય નિર્મળ ઉત્પન્ન થાય જ કરે છે. એને નિર્મળ પર્યાયથી હઠીને મિથ્યાત્વ થઈ જાય એવો કોઈ ગુણ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? આવે એટલું આવે. આવે એટલું સમજવું. બાકી શું થાય? ઘણું ભર્યું છે. એક એક શક્તિમાં તો એટલું (ભર્યું છે). આ તો પરમ પ્રધાન શક્તિ છે, એમ 'દીપચંદજી'એ કહ્યું છે. કેમ કે દરેક શક્તિમાં ઉપાદાન ક્ષણિક અને ધ્રુવ. ક્ષણિક ઉપાદાન પલટવા છતાં ધ્રુવ ઉપાદાન તો એવું ને એવું રહે છે, હાનિ પામતું નથી. આહાહા..!

બીજી વાત, એ નિર્મળ પર્યાય જે છે એ અલ્પ હોય, સમ્યગ્દર્શન આદિની, એની હાનિ–નાશ થવા છતાં એ પર્યાય ગઈ છે દ્રવ્યમાં. ગઈ છે દ્રવ્યમાં–ધ્રુવમાં. તો ત્યાં આગળ અલ્પજ્ઞતા રહે છે એમ નહિ, એ તો પારિણામિકભાવ થઈ ગયો. આહાહા..! આ ધ્રુવ કહે છે ને એવો ને એવો રહ્યો. પર્યાયમાં સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર છે એ પર્યાયનો અભાવ થયો. અભાવ થયો પણ ગઈ ક્યાં? જળના તરંગ જળમાં સમાય છે. જળના તરંગ જળમાં જાય છે. એમ સમ્યગ્દર્શન આદિની નિર્મળ પર્યાયનો અભાવ થયો, ગઈ ક્યાં? અને વર્તમાન પર્યાયમાં ક્ષાયિક, ક્ષયોપશમભાવ હતો એ ગઈ, ધ્રુવમાં ગઈ, પારિણામિકભાવ થઈ ગયો. આહાહા..! ઘરમાં ગઈ તો પારિણામિકભાવ થઈ ગઈ. આહાહા..! 'શાંતિભાઈ'! અત્યાર સુધી જિંદગી નકામી ગઈ. એ તો તમે કહેતા હતા. આહાહા..! બાપુ! માર્ગ આવા છે, ભાઈ!

જેને હજી રાગથી ભિન્ન મારી વસ્તુ શક્તિ ધ્રુવ ઉપાદાન, ક્ષણિક સ્વતંત્ર છે એવી એકતાબુદ્ધિ તોડીને ભાન ન થયું તો પ્રભુ! મરણ ટાણે ભીંસાઈ જઈશ. પ્રભુ! આહાહા..! રાગથી નિશ્ચય થાય છે એવી એકતાબુદ્ધિવાળા મૃત્યુ કાળે એક તો મૃત્યુનો કાળ, એક કોર વેદન... આહાહા..! અને શરીર મારું છે એવી બુદ્ધિ આખી જિંદગી રાખી હોય. મારો ભગવાન મારો છે એવું તો ભાન થયું નથી. આહાહા..! એ મરણ વખતે ઘાણીમાં પિલાઈ તેમ પિલાઈને દેહ છૂટશે. આહાહા..! અને દેહ છોડીને ક્યાંય ચાર ગતિમાં ચાલ્યો જશે. આહાહા..! સમજાય છે કાંઈ?

અહીં તો પવિત્રતાની પર્યાય અને પવિત્રતા ગુણની જ વાત છે. આહાહા..! આ અપાદાન નામની શક્તિ છે એમાં જે નિર્મળ પર્યાય થઈ એ ક્રમસર થાય છે. ક્રમવર્તી, પર્યાય ક્રમવર્તી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



થાય છે. અને ગુણ અક્રમ–એકસાથે છે. તો એ ક્રમવર્તી પર્યાય અને અક્રમ ગુણનો સમુદાય તે આત્મા છે. રાગ ભેગો છે તો રાગસહિત આત્મા છે એમ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં તો બે ઠેકાણે એમ કહ્યું છે, શુદ્ધાશુદ્ધ પર્યાયનો પિંડ તે દ્રવ્ય છે. એમ કહ્યું છે. એ બીજી વાત છે. ત્યાં તો પૂર્વે અશુદ્ધતા હતી તેને નથી માનતો તેને એ કહ્યું છે. સમજાય છે કાંઈ? પણ અશુદ્ધતા હતી તેને માને છે તો એ પર્યાય ગઈ ક્યાં? એ અંદરમાં ગઈ તો અંદર અશુદ્ધતા નથી ગઈ. આહાહા..! અંદરમાં તો યોગ્યતા રહી ગઈ છે અને તે પારિણામિકભાવે થઈ ગઈ છે. આહાહા..! ભગવાનમાં ભળી એ ભગવાનરૂપ થઈ ગઈ. પરમપારિણામિકભાવ છે ને? આહાહા...! આવો માર્ગ. આવો ધર્મનો ઉપદેશ. અમારે આમાં કરવું શું? પણ આ કરવું નથી?

વસ્તુનો સ્વભાવ છે એ તરફ તારો ઝુકાવ કર, પ્રભુ! આહાહા..! ધ્રુવને ધ્યાનમાં લે. ધ્રુવને ધ્યેય–શ્રેષ્ઠ બનાવ. પર્યાયનો શેઠ ધ્રુવને બનાવ. પ્રજા છે ને? પ્રજા. એનો પિતા ધ્રુવ છે. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..!

**'ઉત્પાદવ્યયથી...'** એમ અનંતગુણમાં લેવું. આ અપાદાનશક્તિનું અનંતશક્તિમાં સ્વરૂપ છે. અને એક શક્તિમાં અનંતગુણનું સ્વરૂપ આ બાજુ છે. આહાહા..! અપાદાનશક્તિમાં પણ.. આહાહા..! જ્ઞાન, આનંદશક્તિનું રૂપ અપાદાનમાં પણ છે. બહુ ઝીણું, બહુ ઝીણું. ઓહોહો..! સમજાય છે કાંઈ? વ્યવહાર ને નિમિત્તને ઉડાડીને વાત કરે છે. પોતાનું નિત્ય ધ્રુવ ઉપાદાન અને પર્યાયનું ક્ષણિક ઉપાદાન એ સ્વતંત્ર છે. આહાહા..! એ સરાગ ચારિત્ર પાળે છે તો પછી નિશ્ચય ચારિત્ર થાય છે એ વસ્તુની શક્તિમાં–ગુણમાં નથી. એ તો અજ્ઞાનીએ અધ્ધરથી ઉત્પન્ન કર્યું છે. સમજાય છે કાંઈ? આહા..! 'ચંદુભાઈ'! આવી વાત છે. ભગવાનનો દરબાર ખુલે છે. આહાહા..!

પ્રભુ! તારી શક્તિમાં એટલી સંપદા છે કે અનંતશક્તિમાં પોતાની ધ્રુવતા અને પર્યાય જે છે તે ક્ષણિક ઉપાદાન પોતાથી ઉત્પન્ન થાય છે. આહાહા..! નાશ પણ પોતાને કારણે અને ઉત્પાદ પણ પોતાને કારણે. આહાહા..! બીજી રીતે લઈએ તો એ ઉત્પાદ-વ્યયમાં ઉત્પાદવાળી જે પર્યાય છે એ ઉત્પાદની ક્ષણ છે, એ ક્ષણે એ સમયની સ્થિતિ છે માટે ઉત્પન્ન થાય છે. આહાહા...! અને એ ઉત્પાદવ્યયની પર્યાય નિર્મળ છે, ધ્રુવ કાયમ છે, એમાં ભાવ નામની શક્તિ છે, ભાવ.. ભાવ નામની એક શક્તિ છે. પહેલા આવી ગઈ છે. ભાવ, અભાવ, ભાવઅભાવ, અભાવભાવ, ભાવભાવ, અભાવઅભાવ.

ભાવશક્તિનું એ રૂપ છે કે વર્તમાન નિર્મળ પર્યાય વિદ્યમાન હોય જ. આહાહા..! એ ગુણનું કારણ છે. આવી વાત છે. ભાવ આવી ગયો ને? છઠ્ઠો બોલ. ભાવ, અભાવ. ભાવ નામની શક્તિ છે, જેને કારણે પ્રત્યેક ગુણની પર્યાયમાં નિર્મળપણે ઉત્પન્ન રહેવું એ ભાવની શક્તિનું કારણ છે. આહાહા..! સમજાય છે કાંઈ? વ્યવહારનો અભાવ થાય છે માટે ભાવશક્તિ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નિર્મળ થાય છે એમ પણ નથી. સમજાય છે કાંઈ? એ ભાવશક્તિને કારણે વર્તમાન નિર્મળ અવસ્થાની હયાતી હોય છે. દરેક ગુણની, ભાવશક્તિને કારણે અને એ ગુણમાં ભાવશક્તિનું રૂપ હોવાને લીધે વર્તમાન નિર્મળ અવસ્થાની હયાતી હોય છે એ ઉત્પાદ-વ્યયવાળી ક્ષણિક પર્યાય છે. આહાહા..! હવે, આમાં શું સમજવું? પેલું કાંઈક કરવાનું હોય, વ્રત કરો, અપવાસ કરો, જાત્રા કરો, ભક્તિ કરો, બે-પાંચ લાખના દાન કરો.. દસ લાખ શું, આખા કરોડ આપી દે નહિ, ન્યાં ક્યાં ધર્મ હતો. એ તો પહેલા સંપ્રદાન આવી ગયું. સંપ્રદાન કાલે આવી ગયું ને? પોતામાં પોતાની પર્યાયને દાતા આપે છે અને લેનાર પણ આત્મા અને દાતા પણ આત્મા. આહાહા..! એ સંપ્રદાન નામની શક્તિમાં આવું કાર્ય છે.

નિર્મળ પર્યાય દાતા અને નિર્મળ પર્યાય પાત્ર. એક સમયમાં પાત્ર અને દાતા એ પર્યાય છે. આહાહા..! પરને દાન-ફાન દેવું એ ક્રિયા આત્મામાં છે જ નહિ. અને દાનમાં શુભરાગ થાય છે એ પણ આત્મામાં નથી. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! શુભભાવથી તીર્થંકર ગોત્ર બંધાય. કહે છે કે એ શુભભાવ અને બંધન તારી વસ્તુમાં છે જ નહિ ને. આહાહા..! તારી એવી કોઈ શક્તિ નથી કે તીર્થંકર ગોત્રનું કારણ એવો ભાવ ઉત્પન્ન કરે. આ ગજબ વાત છે! તારી કોઈ શક્તિ અને ગુણ અને તારી નિર્મળ ઉત્પાદ-વ્યયવાળી પર્યાય એવી કોઈ નથી કે જે શુભને ઉત્પન્ન કરે. આહાહા..! તો તીર્થંકર ગોત્ર બંધાય એમાં રાજી થવું (એ તો ક્યાંય રહી ગયું). આહાહા..! સમજાય છે કાંઈ?

પાંડવો. શેત્રુંજય, પાંચ પાંડવ ભાવલિંગી વીતરાગી સંત હતા. પાંચેએ ધ્યાન લગાવી દીધું હતું. અને ત્રણ તો અંતરના ધ્યાનને કારણે કેવળજ્ઞાન પામીને મુક્તિ પામ્યા. આ શેત્રુંજય. અને સહદેવ અને નિકુલ, છે ભાવલિંગી મુનિ સંત છે. સહોદર મોટા ભાઈ અને સંત સાધર્મી, એનો વિકલ્પ આવ્યો. આહા..! લોઢાના મુગટ, લોઢાના કડા. ઓહોહો..! આ સુકોમળ શરીર, સંતને કેમ હશે? એવો વિકલ્પ આવ્યો. એ વિકલ્પ તો શુભ છે. સમજાય છે કાંઈ? એ શુભમાં કેવળજ્ઞાન અટકી ગયું.

સર્વાર્થસિદ્ધિમાં તેંત્રીસ સાગરમાં જવું પડ્યું. ત્યાંથી મનુષ્ય થઈને તરત મોક્ષ નહિ જાય. હજી આઠ વર્ષ પછી કેવળજ્ઞાન થશે. આહાહા..! એ વખતે ક્યારે થશે એની ખબર નથી પણ આઠ વર્ષ પહેલા તો થશે જ નહિ. એવા વિકલ્પમાં આ બંધ પડી ગયો. સમજાય છે કાંઈ? એ શુભ વિકલ્પ. સંતોને કેમ હશે? શરીર સુંદર, રાજકુમાર, ભીમ જેવા રાજકુમાર, આહાહા..! ... ઊભા છે. છે ને અહીં? પ્રવચન મંડપમાં છે. .... ભાઈને કેમ હશે? આહાહા..! એવો વિકલ્પ આવ્યો એ કોઈ શક્તિનું કાર્ય નથી. સમજાય છે કાંઈ? એ તો અધ્ધરથી ઉત્પન્ન થયો. આહાહા..! જ્ઞાની એ રાગને પોતામાં ખતવતા નથી. પણ ફળ એવું આવી ગયું, બંધન થઈ ગયું. એ બંધન ને રાગને જ્ઞાની પોતામાં ખતવતા નથી. એ તો નિર્મળ પર્યાય અને નિર્મળ ગુણને પોતામાં ખતવે છે. સમજાય છે કાંઈ? કહો, શેઠ! 'સાગર'માં આ કદી સાંભળ્યું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નથી. તમે તો મોટા શેઠ છો. આવી વાત ભાગ્યશાળીને કાને પડે. આહાહા..! ભગવાનનો પ્રવાહ છે. ભગવાનના શ્રીમુખે નીકળેલો આ પ્રવાહ છે. આહાહા..!

**'ઉત્પાદવ્યયથી આલિંગિત...'** પર્યાય પર્યાયથી સ્પર્શિત, એમ. ગુણને સ્પર્શિત નહિ. આહાહા..! **'ઉત્પાદવ્યયથી આલિંગિત ભાવ...'** એટલે વર્તમાન પર્યાય. **'અપાય (-હાનિ, નાશ) થવાથી હાનિ નહિ પામતા...'** ધ્રુવ છે તો અંદર બીજી પર્યાય તૈયાર છે. આહાહા..! સમજાય છે કાંઈ? પર્યાય ગઈ એટલે હાનિ થઈ ગઈ (એમ નથી). આહાહા..! ધ્રુવ ઉપાદાન છે તો ક્ષણિક ઉપાદાનની બીજી નિર્મળ પર્યાય થશે, થશે ને થશે જ. એ ભાવશક્તિને કારણે અને અપાદાન-ક્ષણિક ઉપાદાનને કારણે. સમજાય છે કાંઈ? એ નિર્મળ પર્યાય ગઈ, નાશ પામી, તો બીજી નિર્મળ પર્યાયની વિદ્યમાનતા પ્રગટ થશે. અભાવમાં અભાવ રહેશે એમ નથી. આહાહા..! આવી શું વાત છે? 'બાબુભાઈ'! આહા..! નિશ્ચય છે, નિશ્ચય છે એમ કરીને કાઢી નાખ્યું. નિશ્ચય છે એટલે સાચું છે એમ કહે. એ સત્ય છે. વ્યવહારથી નિશ્ચયમાં કદી થતું નથી. નિમિત્તથી ઉપાદાનમાં કાર્ય થતું નથી અને ક્રમબદ્ધપર્યાય પોતાને કાળે થાય છે, એમાં ફેરફાર થતો નથી. સમજાય છે કાંઈ?

**'હાનિ નહિ પામતા એવા ધ્રુવપણામયી...'** કાયમ રહેવાવાળી અપાદાનશક્તિ છે. આહાહા..! બીજું એમ કહેવું છે કે કેવળજ્ઞાનની પર્યાય છે એ તો એક સમયની છે તો એ પર્યાયને આલિંગિત છે. એક સમયની પર્યાયનો તો અભાવ થશે. અભાવ થવા છતાં ધ્રુવત્વ છે તો બીજી કેવળજ્ઞાનની પર્યાય વિદ્યમાન ઉત્પન્ન થશે, થશે ને થશે જ. અભાવ થયો તો વ્યય થઈ ગયો અને હવે ઉત્પાદ નથી, એમ નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

ક્ષયોપશમ સમકિતમાંથી ક્ષાયિક સમકિત થાય છે, ક્ષયોપશમ સમકિતથી ક્ષાયિક, તો એ કંઈ ભગવાનની સમીપ હતો માટે થયું એમ નથી. પણ એની ધ્રુવ શક્તિમાં એવી તાકાત પડી છે કે ક્ષયોપશમ પર્યાય જ્ઞાનની હતી તેનો વ્યય થયો, તો ક્ષાયિકનો ઉત્પાદ થયો એવી પર્યાય ઉત્પન્ન થાય છે. ભગવાનની સમીપ છે માટે ક્ષાયિક સમકિત ઉત્પન્ન થયું એમ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? ક્ષયોપશમનો વ્યય થાય તો ધ્રુવ પડ્યો છે એના આશ્રયે એમાં ભાવ નામનો એક ગુણ છે તો વર્તમાન વિદ્યમાન અવસ્થા વિના એ રહે નહિ. આહાહા..! નવી અવસ્થા વિદ્યમાન નિર્મળ થશે, થશે ને થશે જ. એવો અપાદાનશક્તિનો ગુણ છે. વિશેષ કહેશે.. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પ્રવચન નં. ૪૧ શક્તિ-૪૬ મંગળવાર, ભાદરવા સુદ ૮, તા. ૨૦-૦૯-૧૯૭૭

भाव्यमानभावाधारत्वमयी अधिकरणशक्तिः ४६।

ભાવ્યમાન (અર્થાત્ ભાવવામાં આવતા) ભાવના આધારપણામયી અધિકરણશક્તિ. ૪૬.

'સમયસાર' ગુણનો અધિકાર ચાલે છે. ગુણ કહો કે શક્તિ કહો. આત્મપદાર્થ દ્રવ્ય તરીકે એક છે પણ ગુણ તરીકે એમાં અનંતગુણ છે. એ ગુણમાં એક આધાર નામની શક્તિ છે. આજે હવે એ લેવી છે. ૪૬. અનંતશક્તિઓ છે એમાં જ્યારે દ્રવ્યસ્વભાવનો આશ્રય લે છે તો જ્ઞાનની પર્યાય-સમ્યગ્જ્ઞાન ઉત્પન્ન થાય છે. એની સાથે અનંતશક્તિની પર્યાય ઉત્પન્ન થાય છે. ઉછળે છે એવો પાઠ છે. પાતાળમાં પાણી હોય ને? પાતાળમાં. ઉપરના પત્થરનો પડ તુટી જાય તો અંદરથી પાણીની શેળ નીકળે. અંદર પાણી એકદમ ભર્યું છે તો ઉપરનું પડ તૂટે (તો પાણીની શેળ નીકળે). એ બન્યું હતું. 'બોટાદ' પાસે. શું નામ? ભૂલી ગયા. 'બોટાદ' જતાં રસ્તામાં આવે છે. એ ગામમાં કૂવો ખોદ્યો પણ પાણી જ ન નીકળ્યું. બહુ ખોદ્યું પછી પત્થરનું એક પડ રહી ગયું. કોઈએ મોટો પત્થર અંદર નાખ્યો. પત્થર તુટી ગયો. કયું ગામ? નામ ભૂલી ગયો. 'બોટાદ' પાસે છે. એ રસ્તે નીકળ્યા છીએ. એક શીલા રહી ગઈ. એમાં જ્યારે મોટો પત્થર નાખ્યો તો એકદમ પાણી નીકળ્યું.

એમ ભગવાનઆત્મા.. આહાહા..! રાગની એકતાબુદ્ધિ છે ત્યાં સુધી પાણી નીકળતું નથી. પાતાળમાં પાણી છે. અનંતઆનંદ, અનંતજ્ઞાન, અનંત શાંતિ પડી છે. આહાહા..! રાગની એકતા તોડીને પોતાના શુદ્ધ સ્વભાવનો અનુભવ કરે ત્યારે પર્યાયમાં પાતાળમાં અંદર દ્રવ્યની શક્તિ છે એ બહાર આવે છે. પરિણતિરૂપે, હોં! શક્તિ તો શક્તિ છે. આહાહા..!

'સંવર અધિકાર'માં તો એવું લીધું છે, 'સંવર અધિકાર'. એ યાદ આવ્યું. જે આત્મા જ્ઞાનસ્વરૂપ છે એમાં જે જાણનક્રિયા થાય છે, પર્યાયમાં જાણનક્રિયા (થાય છે), સર્વને જાણવાની જાણનક્રિયા, એ જાણનક્રિયાને આધારે આત્મા છે. આ શક્તિનું વર્ણન ઝીણું છે, એ થોડું બીજી રીતે છે. આત્મામાં અનંતશક્તિનો પિંડ પડ્યો છે. આહા..! એનું જે જ્ઞાન થાય છે, સ્વસન્મુખ થઈને જ્ઞાનની પર્યાય પ્રગટ થાય છે તો એ જાણનક્રિયાને આધારે આત્મા જણાય છે. 'સંવર અધિકાર'ની વાત છે. સંવર.. સંવર. સંવર કઈ રીતે થાય છે? ધર્મની પર્યાય સંવર કઈ રીતે થાય છે?

ઉપયોગમાં ઉપયોગ છે. આહાહા..! એ સંવરની ગાથા છે. ઉપયોગમાં ઉપયોગ છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એનો અર્થ શું? કે પોતાનો ભગવાન જે ઉપયોગ જે ત્રિકાળી શુદ્ધ સ્વરૂપ છે એ ઉપયોગમાં ઉપયોગ છે. વર્તમાન જાણનક્રિયાનો સ્વસન્મુખનો ઉપયોગ થયો એમાં આત્મા જણાયો. તેથી ઉપયોગમાં ઉપયોગ છે. જાણનક્રિયાના ભાવમાં આત્મા જણાય છે. આહાહા..! 'સંવર અધિકાર' બહુ ચાલ્યો છે. વસ્તુ તો છે, અનંતશક્તિઓ પડી છે. ગુણરૂપે સ્વભાવરૂપે ધ્રુવરૂપે નિત્યરૂપે, સત્‌ના સત્ત્વરૂપે, કસરૂપે, સત્‌નો કસ, માલ છે. પણ એનું જ્ઞાન ક્યારે થાય છે? આહાહા..! સંવર કઈ રીતે થાય છે? ધર્મની શરૂઆત. રાગથી ભિન્ન કરીને પોતાની જાણનક્રિયારૂપી પરિણતિ-પર્યાય, એ ઉપયોગમાં ઉપયોગ આવે છે. જાણનક્રિયામાં આત્મા જણાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? ઝીણી વાત છે.

અહીંયા અધિકરણશક્તિ લેશે. એ અધિકરણનો આશ્રય આત્મા છે. આ શક્તિનો આશ્રય-આધાર આત્મા છે. આહા..! અને ત્યાં એમ લેવું છે, જ્યારે રાગથી ભિન્ન ભેદજ્ઞાન થયું, પોતાનો શક્તિવંત પરમાત્માનો અંતરમાં સ્વસન્મુખ થઈને ઉપયોગમાં જાણનક્રિયા થઈ, વર્તમાન ઉપયોગમાં, હોં! એ જાણનક્રિયાના આધારે ઉપયોગ એટલે આત્મા છે. કેમ કે જાણનક્રિયાના આધારે જાણવામાં આવ્યો. આહાહા..! ઝીણી વાત છે.

એ વળી હમણા યાદ આવ્યું. ત્યાં બીજું લીધું છે. સમજાય છે કાંઈ? ત્યાં તો હમણા વાંચન કરતા વિચાર એવો આવ્યો હતો. આવે છે ને? કર્તા, કરણ અને અધિકરણ. 'પ્રવચનસાર'. ભાઈ! ત્રણ બોલ આવે છે. ૧૨૬ ગાથામાં કર્તા, કરણ, કર્મનું ફળ એ જુદી ચીજ. ત્યાં તો એમ લીધું છે, બહુ સૂક્ષ્મ વાત છે, કે પોતાનો આત્મા જે શુદ્ધ ચૈતન્યઘન છે એના ગુણ ને પર્યાયને આધારે દ્રવ્ય સિદ્ધ થાય છે. ગુણ અને પર્યાય, નિર્મળ હોં! એના આધારે દ્રવ્ય સિદ્ધ થાય છે અને દ્રવ્યને આધારે ગુણ-પર્યાય સિદ્ધ થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ?

દ્રવ્યમાં અધિકરણ નામની શક્તિ પડી છે તો એ દ્રવ્યના આધારે ગુણ-પર્યાય પ્રગટ થાય છે. આહાહા..! અને ગુણ-પર્યાયને આધારે દ્રવ્ય પ્રગટ થાય છે. ગુણ-પર્યાયને આધારે દ્રવ્ય ખ્યાલમાં આવે છે. આહાહા..! ઝીણી વાત, ભાઈ! તત્ત્વજ્ઞાન સૂક્ષ્મ છે. વર્તમાનમાં બધો ફેરફાર થઈ ગયો. આહા..! આ તો આવો પ્રભુ છે ને! કહે છે કે, દ્રવ્ય શક્તિવાન છે, શક્તિ ગુણ છે અને પર્યાય નિર્મળ. ત્યાં તો સાધારણ વાત લીધી છે. જે ગુણ ત્રિકાળી છે, આ અધિકરણ આદિ શક્તિ કીધી ને? એ ગુણ અને ગુણનું પરિણમન, એ પરિણમનમાં તો ત્યાં નિર્મળ અને અનિર્મળ બન્ને લીધા છે. ભાઈ! જરી શાંતિથી સમજવા જેવી વસ્તુ છે. કેમ કે ત્યાં તો વિકારી પર્યાયને આધારે દ્રવ્ય છે એમ લેવું છે. કેમ કે એનાથી સિદ્ધ થાય છે. આ વિકાર અવસ્થા છે એ કોની? દ્રવ્યની. વિકારી પર્યાયને આધારે દ્રવ્યની સિદ્ધિ થાય છે, સાબિત થાય છે. આહાહા..! અને દ્રવ્યને આધારે ગુણ-પર્યાય સાબિત થાય છે. ત્યાં તો વિકારી પર્યાય દ્રવ્યને આધારે સાબિત થાય છે, એમ કહ્યું છે. આહાહા..! સમજાય છે કાંઈ?

ભગવાનઆત્મા અનંતગુણ અને અનંતી પર્યાય વર્તમાન એક સમયની એક એક ગુણની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પર્યાય એવી અનંતી પર્યાય. એ પર્યાય ને ગુણને આધારે દ્રવ્યની સિદ્ધિ–સાબિતી થાય છે. અને દ્રવ્યને આધારે ગુણ અને પર્યાય સાબિત થાય છે. ત્યાં તો મલિન પર્યાયનું લક્ષણ લીધું છે. 'પંચાસ્તિકાય'માં લીધું ને? ઉત્પાદ, વ્યય, ધ્રુવ. મલિન પર્યાય છે તોપણ એ દ્રવ્યનું લક્ષણ છે. આમ જ્ઞાન લક્ષણ આત્મા કહ્યો, એ તો સ્વભાવનું ભાન કરાવવા, પણ પર્યાયમાં વિકૃત અવસ્થા છે એ પણ એની છે, એ લક્ષે આ આત્મા છે, એમ સિદ્ધ થાય છે. તે કારણે વિકૃત અવસ્થાને પણ આત્માનું ઉત્પાદ લક્ષણ બનાવીને (દ્રવ્ય તેને આધારે જણાય છે એમ સિદ્ધ કર્યું છે). અરે..! આવી વાતું. વિકારી પર્યાયનું લક્ષણ બનાવીને આ દ્રવ્ય છે એમ સિદ્ધ કરે છે. અને સંવર અધિકારમાં તો જાણનક્રિયામાં નિર્મળ પરિણતિ છે તેના આધારે આત્મા જણાય છે તો પર્યાયને આધારે દ્રવ્ય છે. દ્રવ્યનો આધાર પર્યાય છે. આહાહા..! આમાં ક્યાં...? 'પોપટભાઈ'! આમાં ક્યાં સમજવાની નવરાશ ન મળે. આહા..! અરે..! ભાઈ! તું રખડે છે કેમ એની સિદ્ધિ કરે છે. આહાહા..!

'પ્રવચનસાર'ની દસમી ગાથામાં તો એ લીધું છે ને? અશુદ્ધ પરિણામને આશ્રયે પણ દ્રવ્ય છે. ભાઈ! દસમી ગાથા છે. વાત ઘણી બધી થઈ ગઈ છે. વિકારી પર્યાયનો આશ્રય પણ દ્રવ્ય છે. કેમ કે દ્રવ્ય છે તો દ્રવ્યને આશ્રયે થઈ છે એનો અર્થ દ્રવ્યમાં થઈ છે તો દ્રવ્યને આશ્રયે થઈ એમ કહેવામાં આવ્યું છે. આહાહા..!

અહીં ત્રીજી રીત છે. સંવર, ગુણ-પર્યાય આધાર અને દ્રવ્ય આધેય. દ્રવ્ય આધેય અને ગુણ-પર્યાય આધાર. એ તો જ્ઞાન કરાવવા વાત કરી. અહીંયા જે આધાર છે એ આત્મામાં એક આધાર નામની શક્તિ છે. આહાહા..! સમજાય છે કાંઈ? છે?

**'ભાવ્યમાન...'** પોતામાં ભાવવામાં આવતા. ભાવવામાં આવતા અને ભાવ જે નિર્મળ પર્યાય થાય છે, સમ્યગ્દર્શનની, સમ્યગ્જ્ઞાનની, સમ્યક્ચારિત્રની, આનંદની એવા જે ભાવવામાં આવે છે ભાવ એ નિર્મળ પર્યાય, એ ભાવના આધારમયી. નિર્મળ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર જે ભાવમયી પર્યાય, તેનો આધાર. આધારમયી.. આધારમયી. આધારવાળી એમ પણ નહિ. આહાહા..! **'આધારપણામયી અધિકરણશક્તિ.'** શું કહે છે? સમ્યગ્દર્શનની પર્યાય પ્રગટ થઈ એ ભાવ લીધો. ભાવ્યમાન ભાવ. ભાવવાલાયક ભાવ. એ ભાવ સમ્યગ્દર્શનની પર્યાયમાં... આહાહા..! **'ભાવના આધારપણામયી...'** એ ભાવનો આધાર કોણ? અંદર અધિકરણશક્તિ છે એ ભાવના આધારે સમ્યગ્દર્શનની પર્યાય ઉત્પન્ન થઈ છે. આહાહા..! સમજાય છે કાંઈ? સૂક્ષ્મ વાત છે, બાપુ! આ શક્તિનું વર્ણન.

સમ્યગ્દર્શનની પર્યાય એ ભાવ્યમાન ભાવ. ભાવ્યમાન ભાવ. સમ્યક્ચારિત્રની પર્યાય ભાવ્યમાન ભાવ. વર્તમાન અતીન્દ્રિય આનંદની પર્યાય ભાવ્યમાન ભાવ. આ તો તમારુ સંસ્કૃત છે. એના **'આધારપણામયી..'** એ સમ્યગ્દર્શનની પર્યાયના આધારપણામયી અધિકરણશક્તિ છે. એના આધારે સમ્યગ્દર્શનની પર્યાય ઉત્પન્ન થઈ છે. આ મોટો ઝઘડો અત્યારે, વ્યવહારથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નિશ્ચય થાય છે. અરે..! ભાઈ! પ્રભુ! સાંભળ તો ખરો. તેં તત્ત્વ સાંભળ્યું જ નથી. વ્યવહારની તો વાત પણ અહીંયા નથી. અહીં તો વ્યવહારનું લક્ષ છોડીને દ્રવ્યનું લક્ષ કર્યું ત્યારે જે સમ્યગ્દર્શનની પર્યાય થઈ તેના આધારમયી શક્તિ છે તેનાથી થઈ છે. આહાહા..! ઝીણી વાત, બાપુ! સમજાય એવું છે. ભાષા તો સાદી છે. ભાવ તો ઘણા ઊંચા ભરેલા છે શક્તિઓના આહા..! ગજબ છે.

**'ભાવ્યમાન...'** વર્તમાન સમ્યગ્જ્ઞાનની મતિ-શ્રુત આદિની પર્યાય એ ભાવ્યમાન ભાવ છે. એ મતિ-શ્રુતજ્ઞાનની સમ્યક્ પર્યાય એ ભાવ્યમાન ભાવ છે. એનો આધાર જ્ઞાનગુણમાં અધિકરણશક્તિનું સ્વરૂપ છે તે કારણે ભાવ્યમાન ભાવનો આધાર જ્ઞાનમાં અધિકરણ નામનું રૂપ છે એ એનો આધાર છે. આવી વાત. શાસ્ત્રના આધારે જ્ઞાનપર્યાય ઉત્પન્ન થઈ છે એમ નથી. સાંભળવાથી ઉત્પન્ન થયું એ જ્ઞાન નહિ. આહાહા..! જ્ઞાનની સમ્યક્ પર્યાય છે એ ભાવ્યમાન ભાવનો આધાર જ્ઞાનગુણમાં અધિકરણ નામનું સ્વરૂપ છે, જ્ઞાનમાં અધિકરણ નામનો એક ભાવ છે, અધિકરણશક્તિ ભિન્ન છે, સમજાય છે કાંઈ? પણ જ્ઞાનગુણમાં અધિકરણ નામનું એક સ્વરૂપ છે. અધિકરણશક્તિ ભિન્ન છે પણ અધિકરણશક્તિનો જ્ઞાનગુણમાં ભાવ છે. એ ભાવને કારણે ભાવ્યમાન પર્યાય એના આધારે ઉત્પન્ન થાય છે. આહાહા..!

અહીંયા તો એ કહેવું છે કે સમ્યગ્જ્ઞાનની પર્યાય દર્શનને આધારે ઉત્પન્ન (થઈ છે એમ નથી). અંદર સમ્યક્ શ્રદ્ધા છે તો શ્રદ્ધામાં પણ અધિકરણ નામનું સ્વરૂપ છે. એ સમ્યગ્દર્શનની પર્યાયમાં, શ્રદ્ધામાં અધિકરણનું રૂપ છે તેનાથી ઉત્પન્ન થાય છે. પણ સમ્યગ્દર્શનની પર્યાય, સમ્યગ્જ્ઞાનગુણમાં અધિકરણનું રૂપ છે તો તેને કારણે સમ્યગ્દર્શનની પર્યાય ઉત્પન્ન થાય છે, એમ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? બહુ ભંડાર ભર્યો છે. આહા..! આટલા શબ્દોમાં તો.. તમે તો સંસ્કૃતના જાણનાર છો. આ અમારા મોટા પ્રોફેસર રહ્યા.

ભગવાનઆત્મામાં શ્રદ્ધાગુણમાં શ્રદ્ધાશક્તિ ત્રિકાળ છે. આમાં ૪૭માં નથી આવી પણ સુખશક્તિમાં સમ્યગ્દર્શન અને ચારિત્ર સમાવી દીધા છે. સુખશક્તિ પહેલા આવી ને? એ સુખશક્તિમાં સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્ર સમાવી દીધા છે. તો કહે છે કે સમ્યગ્દર્શનની જે પર્યાય ઉત્પન્ન થઈ એનો આધાર કોણ? કોના આધારે ઉત્પન્ન થઈ? કે શ્રદ્ધાગુણમાં અધિકરણ નામનું સ્વરૂપ છે તેને આધારે સમ્યક્ પર્યાય ઉત્પન્ન થઈ. આહાહા..! ગજબ વાત છે. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાથી પણ સમ્યગ્દર્શનની પર્યાય ઉત્પન્ન થતી નથી, એમ કહે છે. નવતત્ત્વની ભેદરૂપ શ્રદ્ધાથી નિશ્ચય સમ્યગ્દર્શનની પર્યાય ઉત્પન્ન થતી નથી. આહાહા..! એ સમ્યગ્દર્શનની પર્યાય, શ્રદ્ધાગુણમાં અધિકરણ નામનું સ્વરૂપ છે તે કારણે સમ્યગ્દર્શનની પર્યાય ઉત્પન્ન થાય છે. આહાહા..! આચાર્યોએ ગજબ કામ કર્યા છે. દિગંબર મુનિઓએ તો જગતને કેવળજ્ઞાન બતાવ્યું છે. આહાહા..! સમજાય છે કાંઈ? આ અતિશયોક્તિ નથી,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


હોં! આ વસ્તુનું સ્વરૂપ છે.

ભગવાન! તારામાં તો જ્ઞાન, આનંદ આદિ અનંતલક્ષ્મી પડી છે. જે સમ્યગ્દર્શનની પર્યાય ઉત્પન્ન થાય છે એ ક્યા કારણે? એનો આધાર કોણ? વ્યવહાર રત્નત્રય આધાર છે? દેવ-ગુરુ-શાસ્ત્ર આધાર છે? આહાહા..! ગજબ વાત પ્રભુ તારી! એ અત્યારે ગડબડ મોટી.

હવે ચારિત્રગુણ લઈએ. આત્મામાં વીતરાગી પર્યાય, આસ્રવરહિત સંવરની વીતરાગી પર્યાય ઉત્પન્ન થાય છે એમાં કારણ કોણ? વ્યવહાર પંચમહાવ્રતના પરિણામ સરાગ એ કારણ છે? આહાહા..! એ વીતરાગી ચારિત્રપર્યાય જે મોક્ષનું કારણ છે એ ચારિત્ર નામનો અંદર ગુણ છે એમાં આ અધિકરણ નામનું સ્વરૂપ છે, એ સ્વરૂપને આધારે ચારિત્રની પર્યાય ઉત્પન્ન થાય છે. આહાહા..! ગજબ કામ કર્યું છે ને! આહાહા..! શક્તિઓનું વર્ણન આ વખતે સારું આવ્યું છે. એક એક શબ્દમાં વાતમાં ફેર છે, હોં! આહાહા..!

વીતરાગી દશા સાથે આનંદ છે એ પછી. પણ વીતરાગી ચારિત્રપર્યાય, જે મોક્ષનો માર્ગ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર, એ ચારિત્રની વીતરાગી પર્યાયનો આધાર કોણ? અંદર ચારિત્રગુણ ત્રિકાળી શક્તિ છે એમાં એક અધિકરણ નામનું સ્વરૂપ છે. અધિકરણશક્તિ એમાં નથી. એ સ્વરૂપને કારણે ચારિત્રની પર્યાય એના આધારે ઉત્પન્ન થાય છે. આહાહા..! વ્યવહાર ક્રિયાકાંડથી, સરાગથી ઉત્પન્ન થાય છે (એમ નથી). આહાહા..! ગજબ કામ કર્યું, પ્રભુ! ચારિત્રદશામાં નિરપેક્ષપણે ... આહાહા.! અરે..! એ પળ કેમ ગઈ? એ પળમાં તો પલ્યોપમ ગયા. પલ્યમાં અનંતકાળ ગયો. આહાહા..! પ્રભુ ! એ દુઃખનો મટાડવાનો ઉપાય તો આ એક છે.

જેને વીતરાગી પર્યાય મોક્ષનો માર્ગ પ્રગટ કરવો હોય, તેને આધાર નામની અંદર શક્તિ છે એના આધારે ઉત્પન્ન થશે. આહાહા..! એનો અર્થ. એણે દ્રવ્ય ઉપર દૃષ્ટિ દેવી જોઈએ. આ દ્રવ્યદૃષ્ટિ. આહાહા..! સમજાય છે કાંઈ? વીતરાગમાર્ગ પ્રભુ! બહુ અલૌકિક છે. જેના ફળ પણ અલૌકિક છે. અનંતઆનંદ અને અનંતકેવળજ્ઞાન પ્રગટે અને સાદિઅનંત રહે. આહાહા..! સિદ્ધ પર્યાય પ્રગટ થઈ એ સાદિઅનંત છે. એકલો અતીન્દ્રિય આનંદનો અનુભવ અને ભોગવટો. આહાહા..! એનું કારણ જે મોક્ષનો માર્ગ, એ કેવો હોય? ભાઈ! એ કારણનો આધાર પણ અંદર શક્તિ છે એના આધારે થાય છે. આહાહા..! એ શક્તિનું કેટલું માહાત્મ્ય! અને એ શક્તિ જેને આશ્રયે છે એ દ્રવ્યનું માહાત્મ્ય તો અલૌકિક છે!! સમજાય છે કાંઈ? આહાહા..!

ભગવાન! તું અનંત લક્ષ્મીનો ભંડાર (છો). આહાહા..! આ ગોદામ નથી હોતા? 'મુંબઈ'માં એકવાર ગોદામ જોયું હતું. કેસર.. કેસર. કેસર હોય ને? કેસરના ડબ્બા. કેસરના ડબ્બા હોય ને? કેસર લેવા ગયેલા. 'પાલેજ' દુકાનેથી 'મુંબઈ' માલ લેવા ગયા હતા. આ તો નાની ઉમરની વાત છે. ૧૭-૧૮-૧૯-૨૦ વર્ષની. આખું ગોદામ કેસરના ડબ્બાથી ભરેલું. મોટું ગોદામ. કરોડપતિ માણસ. કેસરના ડબ્બાની થપ્પીઓ. અને ઘરાક પણ એવા અસલ આવે ૨૫-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



૨૫, ૧૦૦-૧૦૦ લઈ જાય. આમ કેસરના ડબ્બા.

એમ ભગવાન એ ગોદામ છે, અનંતગુણનું ગોદામ ભગવાન છે. એ આત્મા વખાર જુદી જાતની છે. જેમાં અધિકરણ નામની શક્તિ ગુણરૂપ પડી છે. આહાહા..! વર્તમાન વીતરાગી ધર્મદશા, સમ્યગ્દર્શનની, સમ્યગ્જ્ઞાનની, સમ્યક્ચારિત્રની એ અંતર અધિકરણ નામની શક્તિના આધારે ઉત્પન્ન થાય છે. આહાહા..! અને એ અધિકરણશક્તિ રહે છે, દ્રવ્યના આશ્રયે. આહાહા..! સમજાય છે કાંઈ? આવો ઉપદેશ. લોકોને એવું લાગે. નિવૃત્તિ નહિ ને આખો દિ' જિંદગી એવી કાઢી. ઉપદેશકો એવા મળ્યા. સમજાણું? એય...! આહાહા..! 'જહલો જોગીને માગી મકવાણી' અમારે ગુજરાતીમાં કહે છે. 'જહલોજોગી' એટલે એને કોઈ સ્ત્રી દેતું નહિ. અને મકવાણાની કોઈ લેતું નહિ. એવી ખોટવાળી બાઈ હતી. બેનો થઈ ગયો મેળ. એમ અજ્ઞાનીને રાગની રુચિ અને રાગથી ધર્મ થાય એવા ઉપદેશકો મળ્યા. મેળ થઈ ગયો. આહાહા..! બન્નેનો મેળ થઈ ગયો. આહા..! ભગવાન! આ તો વીતરાગ માર્ગ છે, પ્રભુ! આહાહા..! અશુભરાગની વાત તો શું કરવી એ તો મહાપાપ, અહીંયા શુભરાગને પણ અનુભવી તો પાપ કહે છે. આહાહા..! પાપથી આત્માની નિર્મળ પર્યાય–મોક્ષમાર્ગ ઉત્પન્ન થાય, પ્રભુ! એ મિથ્યાત્વનું મોટું શલ્ય છે.

અહીંયા તો પરમાત્મા એમ કહે છે, **'ભાવ્યમાન...'** પોતાને ભાવવામાં આવતા.. છે? **'(ભાવવામાં આવતા) ભાવ...'** વર્તમાનમાં ભાવવામાં આવતો ભાવ. વીતરાગી સમ્યગ્દર્શન, જ્ઞાન અને આનંદ, એ ભાવ. એ **'ભાવના આધારપણામયી...'** આહાહા..! તેનો આધાર.. આહાહા..! આધારત્વમયી શક્તિ છે. આધારત્વમયી કહ્યું. દ્રવ્યની સાથે એ શક્તિ તન્મય છે. આહાહા...! સમજાય છે કાંઈ? એમ પોતાની આનંદની પર્યાય પ્રગટ થાય, અતીન્દ્રિય આનંદનો સ્વાદ, આસ્વાદ.. સવારે આવ્યું હતું ને? સવારે આવ્યું હતું. ધર્મીજીવ અતીન્દ્રિય આનંદના સ્વાદને કરવાવાળો છે. આસ્વાદક. આવ્યું હતું ને સવારે? આહાહા..!

સમ્યગ્દષ્ટિ–ધર્મી એને કહીએ કે પોતાના આનંદના સ્વાદને કરવાવાળો હોય. આહાહા..! પ્રભુ! તારી બલિહારી છે નાથ! એ આનંદના સ્વાદને કરવાવાળો જીવ, એ આનંદના સ્વાદનો આધાર કોણ? રાગની મંદતા, દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ એના આધારે ઉત્પન્ન થાય છે? આહાહા..! એમાં અધિકરણ નામની શક્તિ છે તો અનંતગુણનો આધાર અધિકરણશક્તિ છે. આહાહા..! અને અંદર એક એક ગુણમાં અધિકરણનું રૂપ છે એ ગુણનો આધાર છે. અને પર્યાય નિર્મળ થાય છે એ પણ એ ગુણને આધારે ઉત્પન્ન થાય છે. આહાહા..!

મુમુક્ષુ :– શ્રદ્ધાગુણમાં પણ રૂપ પડ્યું છે?

ઉત્તર :– રૂપ પડ્યું છે. કહ્યું ને? રૂપ પડ્યું છે તો શ્રદ્ધાગુણના રૂપથી ઉત્પન્ન થાય છે.

મુમુક્ષુ :– એ જ રીતે જ્ઞાનગુણમાં?

ઉત્તર :– એ જ રીતે જ્ઞાનગુણમાં. પહેલા કહી ગયા, બધું કહી ગયા. બધી વાત આવી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ગઈ. જ્ઞાનમાં પણ એવું અધિકરણ નામનું સ્વરૂપ પડ્યું છે એના આધારે સમ્યગ્જ્ઞાન ઉત્પન્ન થાય છે. આહાહા..! કેવળજ્ઞાન પણ ઉત્પન્ન થાય છે, કઈ રીતે? પૂર્વે ચાર જ્ઞાન હતા તેનો વ્યય થયો તેને કારણે કેવળજ્ઞાન ઉત્પન્ન થયું? કે, ના. એ જ્ઞાનગુણમાં તો અધિકરણ નામનું સ્વરૂપ છે તે કારણે કેવળજ્ઞાન ઉત્પન્ન થયું, એ ભાવ્યમાન ભાવ. ભાવ્યમાન ભાવ. ભાવવામાં આવ્યો એવો ભાવ. આહાહા..! વીતરાગ કથા તો જુઓ! આહાહા..! અરે..! એની મશ્કરી કરે, હોં! અરે..! પ્રભુ! તું રહેવા દે, નાથ! તું ભગવાનસ્વરૂપ છો ને, પ્રભુ! આહા..! તારી વિકારની દશાને આધારે ગુણ ઉત્પન્ન થાય, તો તને ગુણ અને ગુણના સ્વરૂપની શક્તિની પ્રતીત નથી. સમજાય છે કાંઈ? આહાહા..! જેણે વ્યવહાર રત્નત્રયના રાગથી નિશ્ચય રત્નત્રય થશે, એમ માનવાવાળાને દ્રવ્ય અને ગુણની શ્રદ્ધાનો વિશ્વાસ નથી. બરાબર છે? લોજીકથી તો (કહે છે). આહાહા..! ન્યાયથી-લોજીકથી તો વાત છે. ત્રણલોકના નાથનો માર્ગ નિરાવયમ ન્યાયથી સિદ્ધ છે. નિ-ધાતુ. નિ નામ જ્ઞાનને અંતરમાં લઈ જવું. આહાહા..! એનું નામ ન્યાય કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? આહાહા..! ધન્ય ભાગ્ય! વીતરાગની વાણી આવી. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા...!

આજે તો બેનનું પુસ્તક વાંચીને 'શાંતિભાઈ' એવા ખુશી થઈ ગયા. 'શાંતિભાઈ' કહે, આ જૈનની ગીતા થશે. વાત તો એવી આવી છે. આ 'બહેનશ્રીનાં વચનામૃત' માલ માલ આવ્યો છે. જૈનની ગીતા. અથવા જૈનના ગાણા, વીતરાગપણાના ગાણા, એને વીતરાગ કહીએ. વીતરાગના ગાણા તેને ગીતા કહીએ. ગીતાનો અર્થ એ છે. આત્માના ગુણના ગાણા કરવા એનું નામ ગીતા છે. આહાહા..! ભગવાનઆત્મા અનંતગુણનું ગોદામ, સાગર પડ્યો છે. એને આધારે પર્યાય ઉત્પન્ન થાય. એ ગુણના ગાણા છે. એ પર્યાયના નહિ ને રાગના નહિ. આહાહા..! રાગના તો નહિ પણ પર્યાયના પણ નહિ. જેમાં નિર્વિકલ્પગુણ પડ્યા છે, વીતરાગી સ્વભાવ પડ્યા છે, આહાહા..! એના આધારે પર્યાય પ્રગટ થાય છે. પ્રભુ! તું બીજાને આધાર માને છો એ વસ્તુની સ્થિતિ, તારા ગુણના સ્વભાવનો અનાદર કરે છે. સમજાય છે કાંઈ? વ્યવહાર કરતા કરતા નિશ્ચય થશે એ તારા ગુણનો, પ્રભુ! તું ગુણી અને ગુણનો અનાદર કરે છે. તારામાં ગુણ છે, નિર્મળ પર્યાય પોતાના આધારે ઉત્પન્ન થાય એ ગુણનો તું અનાદર કરે છો. 'મીઠાલાલભાઈ'! આહાહા..!

અહીંયા શક્તિમાં તો કેટલું ભર્યું છે! અધિકરણ. અનંતગુણમાં અધિકરણનું રૂપ છે. અને અધિકરણના રૂપમાં અનંતગુણનું સ્વરૂપ છે, રૂપ છે. આહાહા..! અધિકરણ નામની શક્તિ છે એમાં અનંતગુણનું સ્વરૂપ-રૂપ પડ્યું છે અને અધિકરણશક્તિનું સ્વરૂપ-રૂપ અનંતગુણમાં પડ્યું છે. આહાહા..! મોટો દરિયો છે. 'છોટાભાઈ'! આવી વાતું છે. આહાહા..! લોકોને વ્યવહારના રસિયાને આ વાત એકાંત લાગે. શું કરે? પ્રભુ! એ મહાદરિયો પડ્યો છે ને, પ્રભુ! જળના તરંગ જળમાંથી ઉત્પન્ન થાય છે. શાસ્ત્રમાં સમુદ્રનું દૃષ્ટાંત છે ને?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



૮૩મી ગાથા. હતું. દરિયામાં જે તરંગ ઉઠે છે એ પવનને કારણે નહિ. પવન આવ્યો તો તરંગ ઉઠ્યા એમ નહિ, દરિયાની પર્યાયનો સ્વભાવ એવો છે તો પોતાને કારણે તરંગ ઉઠે છે. અને એ તરંગ સમાઈ દરિયામાં ઘુસી જાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? કપડાની જે ધજા છે એ પવનને કારણે હલે છે એમ નથી, એમ કહે છે. આહાહા..! એમાં પરિણમન કરવાની શક્તિ છે એ ક્રિયાવતી શક્તિને કારણે એનું પરિણમન આમ આમ થાય છે, પવનને કારણે નહિ. આવી વાતું છે. પ્રત્યક્ષ દેખાય ને તમે ના પાડો છો. એમ કહે છે.

એક પંડિત એમ કહેતા હતા. આહા..! (સંવત) ૨૦૦૯ની સાલ. પાણીમાં ઉષ્ણતા અગ્નિથી આવે છે. અને તમે કહો છો કે પોતાથી થાય છે. પ્રત્યક્ષ દેખાય છે. શું પ્રત્યક્ષ દેખાય છે? કીધું. એ ઉષ્ણ નામની શક્તિ એમાં છે, તેની ઠંડી પર્યાય છે તે બદલીને ઉષ્ણ થાય છે એ તો ઉષ્ણગુણને કારણે, સ્પર્શગુણને કારણે એમાં ઉષ્ણતા થઈ છે. અગ્નિને કારણે પાણી ઉષ્ણ થયું એમ ત્રણકાળમાં નથી. આ વાત. એ આવ્યા હતા. ... એમ બોલતા હતા. દેખાય છે અને ... છે એને તમે ના પાડો. બાપુ! તને શું દેખાય છે? ભાઈ! આહાહા..!

૩૭૨ ગાથામાં તો 'કુંદકુંદાચાર્યે' એમ કહ્યું, અમે તો માટીથી ઘડો ઉત્પન્ન થાય છે એમ જોઈએ છીએ. કુંભારથી ઘડો ઉત્પન્ન થાય છે એમ અમે તો જોતા નથી. આહાહા..! કેમ કે ઘડાની પર્યાયની કર્તા તો માટી છે. માટીમાં કરણ નામની શક્તિ છે.. આહાહા..! માટીમાં એક અધિકરણ નામની શક્તિ છે.. આહાહા..! એને આધારે એ ઘડાની પર્યાય ઉત્પન્ન થાય છે. કુંભારના હાથથી ઘડો આમ ટીપે છે માટે નહિ. આહાહા..! દ્રવ્યની પર્યાયની સ્વતંત્રતા તો જુઓ! આહાહા..! સમજાય છે કાંઈ?

અહીં કહે છે, અનંતગુણમાં અધિકરણ નામનું રૂપ છે, પ્રભુત્વ નામનું રૂપ–ગુણ અંદરમાં છે. આહાહા..! પ્રભુત્વ નામની શક્તિ છે, એ આવી ગઈ છે. અખંડપણે શોભાયમાન, સ્વતંત્રતાથી શોભાયમાન. આગળ આવી ગઈ ને? પહેલા આવી ગઈ. પ્રભુત્વશક્તિ. સાતમી છે ને? સાતમી. જેનો પ્રતાપ અખંડિત છે, કોઈથી ખંડિત નથી કરી શકાતો એવા સ્વતંત્રતાથી શોભાયમાનપણું જેનું લક્ષણ છે, એવી પ્રભુત્વશક્તિ. સાતમી (શક્તિ) આહાહા..! પ્રભુત્વશક્તિમાં પણ અધિકરણશક્તિનું સ્વરૂપ છે. એ પ્રભુત્વશક્તિના પરિણામ અખંડપણે સ્વતંત્રપણે શોભાયમાન પર્યાય થાય છે. એ પર્યાયને ખંડ કરવાની જગતમાં કોઈની તાકાત નથી. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! કે કર્મનો ઉદય થયો તો આ પ્રભુતાની પર્યાયમાં ખંડ થઈ ગયો, પ્રભુ! તને ખબર નથી. આહાહા..! પ્રભુત્વશક્તિ છે, ઈશ્વર થવાની શક્તિ છે એ પ્રભુતાની શક્તિ જે પડી છે એની પર્યાયમાં પ્રભુતા પ્રગટ થાય છે એનો આધાર એ પ્રભુત્વશક્તિમાં અધિકરણનું સ્વરૂપ છે એના આધારે પ્રભુતા પ્રગટ થાય છે. આહાહા..!

પામરપણામાંથી પ્રભુતા આવતી નથી, એમ કહે છે. પ્રભુત્વમાંથી પ્રભુતા આવે છે. એનો અર્થ શું કર્યો? કે પ્રથમ પર્યાય હિણી છે, પામર છે તો એનો વ્યય થઈને થઈ એમ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પણ નથી. આહાહા..! પ્રભુત્વ નામની શક્તિ પ્રત્યેક ગુણમાં છે. જ્ઞાનમાં પ્રભુત્વશક્તિનું રૂપ, દર્શનમાં રૂપ, અનંતગુણમાં રૂપ. શ્રદ્ધાગુણમાં પણ પ્રભુત્વ નામનું, અધિકરણ સ્વરૂપ-રૂપ છે. આહાહા..! અને સમ્યક્‌શ્રદ્ધામાં પ્રભુત્વ નામની શક્તિનું સ્વરૂપ છે. એ કારણે સમ્યક્‌ની પર્યાય પ્રભુત્વ સ્વરૂપના કારણે એ પ્રભુત્વની પર્યાયની પ્રાપ્તિ થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? આવું સ્વરૂપ હવે. આહાહા..!

એક વખત 'મોરબી' ગયા હતા ને? એક 'દલીચંદભાઈ' છે. 'નાનાલાલભાઈ' છે એનું મકાન છે ત્યાં. શું નામ કીધું? 'શનાળા'. 'મોરબી'થી 'શનાળા'. વ્યાખ્યાન થઈ ગયું પછી સાંજે આહાર લઈને ફરતા હતા. ત્યાં એક શક્તિનું દેવળ હતું. દેવીશક્તિ, એનું દેવળ હતું. અમે ફરતા હતા, ત્યાં ગયા તો એક બાવો બેઠો હતો. એ કહે, આ શક્તિ વિના ઈશ્વર ન ચાલે. શક્તિ વિના ઈશ્વર પણ ચાલી ન શકે. મેં કીધું, પણ એ કઈ શક્તિ? આ શક્તિ વિના ઈશ્વર આત્મા રહી શકે નહિ. આ શક્તિ. એ કહે, દૈવીશક્તિ. દૈવીશક્તિ. ઈશ્વરને પણ દૈવી શક્તિની જરૂર પડે. ત્યાં શક્તિનું મંદિર છે. 'શનાળા', 'મોરબી' પાસે છે. આહાહા..!

આ પ્રભુને શક્તિ વિના એક ક્ષણ ન ચાલે. ગુણ વિના ગુણી કઈ રીતે રહે? શક્તિ વિના શક્તિવાન કઈ રીતે રહે? અને એની પર્યાય પણ શક્તિવાન વિના કઈ રીતે રહે? આહાહા..! ... આ સ્વભાવથી ભરેલો ભગવાન, એના શરણે જા, એનો આશ્રય લે. તને શાંતિ થશે, સમ્યગ્દર્શન થશે, આનંદ થશે, ચારિત્રની પર્યાય પણ તારા દ્રવ્યને આશ્રયે થશે. લાખ, કરોડ તારા વ્યવહાર ચારિત્ર કર, રાગ છે અને એને કારણે ચારિત્ર થાય છે. વીતરાગ ચારિત્ર સરાગ ક્રિયાથી થાય છે, એમ ત્રણકાળમાં નથી. સમજાય છે કાંઈ?

અહીંયા તો વીતરાગ ચારિત્ર જે ઉત્પન્ન થાય છે... (પેલા લોકો) એમ કહે છે, છઠ્ઠે ગુણસ્થાને સરાગ ચારિત્ર પછી સાતમે એને કારણે વીતરાગ ચારિત્ર થાય છે. પણ હજી છઠ્ઠે ગુણસ્થાને સરાગ ચારિત્ર કોન કહેવું એની તને ખબર નથી. એને તો સ્વરૂપનો આશ્રય થઈન અનુભવ થયો છે, અનુભવમાં વિશેષ લીનતા થઈ છે પણ તદ્દન વીતરાગતા નિર્વિકલ્પતા સાતમે છે એવી ન હોય, ત્યાં સુધી પેલા રાગને વ્યવહાર કહે છે. એનો અભાવ થઈને સ્વરૂપનો ઉગ્ર આશ્રય લેવાથી અંદર શક્તિના આધારે વીતરાગતા (પ્રગટ) ઉત્પન્ન થાય છે. રાગનો વ્યય થયો તો વીતરાગતા ઉત્પન્ન થઈ (એમ નથી). આહાહા..! લોજીકથી-ન્યાયથી તો વાત છે. પ્રભુ! તને તારા ન્યાયની ખબર નથી. આહાહા..! લ્યો, પ્રભુત્વશક્તિ આવી.

એમ જીવત્વશક્તિ. પહેલી જીવત્વશક્તિ. બીજી ગાથાથી ઉપાડ્યું ને? **'जीवो चरित्तदंसणणाणठिदो'** 'સમયસાર'ની બીજી ગાથા. ત્યાંથી જીવત્વશક્તિ કાઢી છે. **'जीवो चरित्तदंसणणाणठिदो'** જીવ પોતાના સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રમાં સ્થિત છે. જીવમાં દર્શન, જ્ઞાન, ચારિત્ર સ્થિત છે એમ ન લીધું. જીવ પોતાના દર્શન, જ્ઞાન, ચારિત્રમાં સ્થિત છે. આહાહા..! રાગમાં સ્થિત હતો એ સમ્યગ્દર્શન, જ્ઞાનમાં સ્થિત થયો. આહાહા..! સમજાય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે કાંઈ? એ સ્થિત થવાની શક્તિ અંદરમાં હતી. આહાહા..! અધિકરણ નામનો, અંદર આધાર નામનો ગુણ છે, સ્વરૂપ છે. આહાહા..! એના આધારે ભગવાન પોતાના સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની પર્યાયમાં આવે છે, તેને જીવ કહીએ.

**'पोग्गलकम्मपदेसट्ठिदं'** અને કર્મના નિમિત્તે ઉત્પન્ન થયેલો રાગ, એ તો કર્મ છે. એ કર્મ નામના પ્રદેશના અંશમાં સ્થિત છે તે અનાત્મા છે. **'पोग्गलकम्मपदेसट्ठिदं च तं जाण परसमयं'** એને પરસમય જાણ, અનાત્મા જાણ, એ આત્મા નહિ. આહાહા..! આત્માના સમ્યગ્દર્શનના આશ્રય વિના અથવા સ્વભાવના આશ્રય વિના એકલા વ્યવહાર રત્નત્રયના રાગાદિ છે એ બધું બંધના કારણ છે. એ બંધને કારણે અબંધ શક્તિ ઉત્પન્ન થાય, બંધથી ઉત્પન્ન થાય એમ છે નહિ.

આ અધિકરણશક્તિ અબંધસ્વરૂપ છે. અધિકરણશક્તિ પારિણામિકભાવે છે. શું કહ્યું? અધિકરણશક્તિ પારિણામિકભાવે સહજ સ્વભાવે છે. એના આશ્રયે ભાવ્યમાન ભાવ એ ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિકભાવે છે. ઉદયભાવ નથી. સમજાય છે કાંઈ? આહાહા..! ભગવાનઆત્મા અનંતગુણમાં અધિકરણનું સ્વરૂપ અને અધિકરણશક્તિ છે. આહાહા..! ચૈતન્ય રત્નાકર પર્વત, એમાં ભાવ એટલે વર્તમાન દશા, મોક્ષમાર્ગની દશા, જીવત્વશક્તિની દશા.. જીવત્વશક્તિ છે ત્રિકાળી, પણ એનું કાર્ય શું? જ્ઞાન, દર્શન, આનંદ ને સત્તા એવા ભાવપ્રાણરૂપી કાર્ય એમાં થાય છે. ભાવપ્રાણથી આત્મા જીવે છે એ જીવન છે. શરીરથી જીવવું એ નહિ. લોકો કહે છે ને? અહીંનો વિરોધ કરે છે, જીવો અને જીવવા દ્યો. કોણ જીવાડે? એ ભગવાનનું વાક્ય જ નથી. એ તો અંગ્રેજીનું વાક્ય છે, બાઈબલનું વાક્ય છે. મહાવીરનો સંદેશ, જીવો અને જીવવા દ્યો, એમ બોલે. અરે..રે...! ખબર ન મળે, પ્રભુ! એ જીવો અને જીવવા દ્યો, એ તો **'जीवो चरित्तदंसणणाणठिदो'** એ જીવો. એ જીવે જીવન જીવાય અને બીજાનું પણ એવું જીવન બનાવી દે. એ બનાવી દે તો એ જીવન જીવે છે. રાગથી જીવવું અને શરીરથી જીવવું ને ભાવઇન્દ્રિય અથવા ભાવપ્રાણ અશુદ્ધ, ભાવપ્રાણ અશુદ્ધ, એનાથી જીવવું એ જીવનું જીવન નહિ. આહાહા..! આ જડના દસ પ્રાણ, એનાથી જીવન એ તો આત્માનું જીવન છે જ નહિ. એ જીવો અને જીવવા દ્યો એ ભગવાનની વાણી જ નથી. એની પણ ટીકા કરે છે. એ તો જીવો અને જીવવા દ્યોને અજ્ઞાન કહે છે. અરે..! લાખ વાર અજ્ઞાન, સાંભળ ને!

જીવતર પ્રભુ, જીવત્વ નામની શક્તિ અંદર છે, એમાં અધિકરણ નામનું સ્વરૂપ છે તો વર્તમાનમાં જીવન જે જ્ઞાન, દર્શન ને આનંદની પર્યાય ઉત્પન્ન થઈ એ જીવનથી જીવવું એનું નામ જીવ છે. એ જીવન જીવે એનું નામ જીવ છે. રાગ ને પુણ્ય-પાપથી જીવે એ જીવ નહિ. આહાહા..! આરે.. આરે...! આવી વાતું. વાતે વાતે ફેર. કહે છે ને? 'આણંદ કહે પરમાનંદા, માણસે માણસે ફેર, એક લાખે તો ન મળે ને એક તાંબિયાના તેર.' લાખોમાં મળે એવા મનુષ્ય હોય છે ને? અને એક તાંબિયાના તેર. એમ પ્રભુ કહે છે, તારે ને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મારે વાતે વાતે ફેર. તારી ઊંધી દૃષ્ટિને લઈને મેળ ખાતો નથી, નાથ! આહાહા..!

અહીંયા કહે છે, જીવત્વશક્તિમાં પણ અધિકરણનું રૂપ છે અને ચિતિશક્તિ, દશિશક્તિ, જ્ઞાનશક્તિમાં પણ (અધિકરણનું રૂપ છે). આહાહા..! સર્વજ્ઞશક્તિમાં પણ આ અધિકરણ નામનું સ્વરૂપ છે. એના આધારે કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે. કેવળજ્ઞાન, મોક્ષના માર્ગની પર્યાય હતી એ વ્યય થઈ અને એનાથી ઉત્પન્ન થઈ છે, એમ નથી. આહાહા..! ગજબ વાત છે. મોક્ષમાર્ગનો વ્યય થયો અને મોક્ષની પર્યાય ઉત્પન્ન થઈ, એમ નથી. મોક્ષની પર્યાય અંદર અધિકરણ સ્વરૂપને કારણે મોક્ષની પર્યાય ઉત્પન્ન થઈ છે. ગજબ વાતું છે. સમજાય છે કાંઈ? અંદરમાં ચિતિશક્તિ, દશિશક્તિ, સર્વજ્ઞશક્તિ. સર્વજ્ઞશક્તિ છે એ ગુણ છે એમાં અધિકરણ નામનું સ્વરૂપ છે, એને કારણે કેવળજ્ઞાનની પર્યાય ઉત્પન્ન થઈ એ ભાવ્યમાન ભાવ. ભાવનાર ભાવનો આધાર સર્વજ્ઞશક્તિનું અધિકરણ સ્વરૂપ છે.

એમ સર્વદર્શિ. સર્વજ્ઞ થયો માટે સર્વદર્શિ નહિ. આહાહા..! સર્વદર્શિશક્તિ અંદરમાં પડી છે એમાં આ અધિકરણનું સ્વરૂપ છે તે કારણે સર્વદર્શિપણું પર્યાયમાં પ્રગટ થાય છે. એ ભાવ્યમાન ભાવ. સમજાય છે કાંઈ? અત્યારે તો હિન્દી ચાલે છે, આ શેઠ આવ્યા છે એટલે. નહિતર તો અમે ગુજરાતીમાં કરીએ છીએ પણ આ 'જિનેશ્વરદાસ' બહુ દૂરથી આવ્યા છે. અને પર્યુષણના દિવસ (ચાલે છે). આહાહા..! ગુજરાતીમાં જેટલું સ્પષ્ટ આવે એ હિન્દીમાં ન આવે. ભાષા ગોતવી પડે ને! આહાહા..!

અહીંયા કહે છે કે જે સર્વજ્ઞ, સર્વદર્શિપણું પ્રગટ થયું એનો આધાર કોણ? પેલા એમ કહે છે, વજનારાચ સંહનન હોય તો કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે. વજનારાચ સંહનનનો અભાવ.. અરે..! સાંભળને પ્રભુ! વજનારાચ સંહનન તો ક્યાંય દૂર રહ્યું પણ પહેલા મોક્ષનો માર્ગ છે એનો વ્યય થઈને એને કારણે ઉત્પન્ન થયું, એમ પણ નથી. અંદરમાં સર્વજ્ઞ અને સર્વદર્શિશક્તિ પડી છે, એમાં અધિકરણ નામનું સ્વરૂપ છે તેને કારણે સર્વજ્ઞ, સર્વદર્શિશક્તિમાં પડ્યું છે તે વર્તમાન પ્રગટ થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ?

એક એક પર્યાયમાં ષટ્કારક છે. આ અધિકરણશક્તિ છે એ ષટ્કારકથી ઉત્પન્ન થાય છે. એમાં લીધું છે, ભાઈ! યાદ આવી ગયું. 'અધ્યાત્મ પંચસંગ્રહ'માં. 'જ્ઞાનદર્પણ' ૧૬૬ શ્લોક છે. **'કિરિયા કરમ સબ સંપ્રદાન આદિક કો,'** **'કિરિયા..'** ક્રિયાશક્તિ આવી છે ને? ભાઈ! ક્રિયાશક્તિ પહેલી આવી હતી. એમાં છે, જુઓ! **'કારકો અનુસાર થવાપણારૂપ જે ભાવ તે-મયી ક્રિયાશક્તિ.'** છે ને? ૪૦. કારકો અનુસાર, જુઓ! છ કારક અનુસાર પરિણમવાપણારૂપ જે ભાવ. એ શુદ્ધ.. શુદ્ધ. એ પહેલા (૩૯માં) **'(કર્તા, કર્મ આદિ) કારકો અનુસાર જે ક્રિયા...'** મલિન પર્યાય, **'તેનાથી રહિત ભવનમાત્રમયી ભાવશક્તિ.'** છે. આહાહા..! સમજાય છે કાંઈ? એ અહીં કહ્યું, જુઓ!

**'કિરિયા કરમ સબ સંપ્રદાન આદિક કો'** ક્રિયાશક્તિ, કર્મશક્તિ, સંપ્રદાનશક્તિ આદિકકો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'પરમ આધાર અધિકરણ કહીજિયે.'** પરમ આધાર અધિકરણ કહીએ. બધાનો પરમ આધાર અધિકરણશક્તિ છે. આહા..! **'દરસન જ્ઞાન આદિ વીરજ અનંતગુણ, વાહી કે આધાર યાતૈં વામેં થિર હુજિયે.'** દર્શન, જ્ઞાનનો આધાર આ અધિકરણશક્તિ છે. આહાહા..! આ વાત તો શ્વેતાંબર ને સ્થાનકવાસીમાં તો છે નહિ, અન્યમતમાં તો છે જ નહિ, પણ દિગંબરમાં છે એના અર્થ કરવામાં બધા ગોટા ઉઠાવે છે. આહા..! આ તો સર્વજ્ઞ પરમેશ્વરનું કહેલું, સંતો વીતરાગી મુનિઓએ અંદર રામબાણ માર્યા છે. આહા..!

એ અહીં કહે છે, પહેલા કહ્યું, ક્રિયા, કર્મ ભાવ. **'સબ સંપ્રદાન આદિક કો, પરમ આધાર અધિકરણ કહીજિયે, દરસન જ્ઞાન આદિ વીરજ અનંતગુણ, વાહી કે અધાર યાતૈં વામેં થિર હૂજિયે, યાહી કી મહતતાઈ ગાઈ સબ ગ્રંથનિ મેં,' 'યાહી કી મહતાઈ ગાઈ સબ ગ્રંથનિ મેં, સદા ઉપાદેય સુદ્ધ આતમ ગહીજિયે.'** અધિકરણશક્તિનું વર્ણન છે. અધિકરણશક્તિ ગુણ છે તો ગુણીને ઉપાદેય કર, તો શક્તિનું પરિણમન તને થશે. આહાહા..! ગુણનું પરિણમન ભિન્ન નહિ રહે. અનંતશક્તિનો સમુદાય એવું દ્રવ્ય.. આહાહા..! રાગને હેય કરીને, સ્વભાવને ઉપાદેય કરીને જે ઉત્પન્ન થાય છે તો વીતરાગતા ઉત્પન્ન થાય છે. એ અધિકરણશક્તિને કારણે, બધાનો આધાર અધિકરણ છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૪૨ શક્તિ-૪૭ બુધવાર, ભાદરવા સુદ ૯, તા. ૨૧-૦૯-૧૯૭૭

---

'સમયસાર' શક્તિનો અધિકાર છે. શક્તિ શબ્દે ગુણ છે. આત્મામાં અનંતગુણ છે અને આત્મામાં અનંતગુણ હોવા છતાં એક એક ગુણનું સ્વરૂપ બીજા ગુણમાં છે. જેમ કે સ્વસંવેદન આત્માનું થાય છે, ધર્મદશા, સ્વસંવેદન નામની એક શક્તિ છે ને? બારમી પ્રકાશ નામની શક્તિ છે. એ પ્રકાશશક્તિનું કાર્ય શું? પર્યાયમાં સ્વ-પોતાનું, સં-પ્રત્યક્ષ વેદન થવું. આહાહા..! સમ્યગ્દર્શનના કાળમાં પોતાના સ્વભાવનો આશ્રય હોવા છતાં પોતામાં એક પ્રકાશ નામનો ગુણ છે એ કારણે સ્વસંવેદન.. આહાહા..! પોતાના આનંદનું સ્વ, સં-પ્રત્યક્ષ વેદન, એમાં આ અધિકરણ નામની શક્તિનું રૂપ છે. આહાહા..! કે જે સ્વસંવેદન પ્રત્યક્ષ સમ્યગ્દર્શનમાં, સમ્યગ્જ્ઞાનમાં થવું એમાં કોઈ પરનો આધાર નથી. વ્યવહાર રત્નત્રયના વિકલ્પનો એમાં આધાર નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

શુદ્ધ ચૈતન્ય સ્વરૂપમાં અનંતશક્તિ છે, એમાં એક શક્તિ એવી છે કે સ્વસંવેદન પ્રત્યક્ષ થવું. આહાહા..! પોતાનો આનંદ અને પોતાની જ્ઞાનપર્યાયમાં પ્રત્યક્ષ થવું. આહાહા..! એમાં અધિકરણશક્તિનું સ્વરૂપ છે. એ કારણે એ શક્તિ પરના આધાર વિના પોતાના સ્વસંવેદનપણે વેદન કરે છે, એ પોતાની સ્વયંસિદ્ધ દશા છે. વ્યવહાર રત્નત્રયને કારણે સ્વસંવેદન દશા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


થાય છે, એમ નથી.

આવી વાત છે પણ લોકોએ ગડબડ કરી નાખી. અત્યારે એ જોર આપે છે કે ચારિત્ર જોઈએ, ચારિત્ર જોઈએ. એમ કહે છે. પણ ચારિત્ર કોને કહીએ? ચોથે ગુણસ્થાને પણ સર્વગુણાંશ તે સમકિત. શું કહે છે? જેટલી શક્તિની સંખ્યા છે એનો એક અંશ ચોથે વ્યક્ત થાય છે. તો ચારિત્રગુણનો પણ એક અંશ વ્યક્ત થાય છે. સમજાય છે કાંઈ? સ્વરૂપઆચરણ ચારિત્ર જે છે એ સમ્યગ્દર્શનમાં સ્વરૂપાચરણ ચારિત્રનો અંશ પ્રગટ થાય છે. એ ચારિત્રનું અંગ ત્યાંથી શરૂ થાય છે. આ ચારિત્ર, જે પાંચમે અને છઠ્ઠે કહે છે એ ચારિત્ર નહિ. પણ સમ્યગ્દર્શનમાં જ્યારે એમ કહીએ કે, સર્વ ગુણાંશ તે સમકિત. એ 'શ્રીમદ્'નું વાક્ય છે. આપણે અહીંયા 'રહસ્યપૂર્ણ ચિઠ્ઠી'માં લઈએ તો જ્ઞાનાદિ એકદેશ સર્વની વ્યક્તતા પ્રગટ થવી એ ચોથે ગુણસ્થાને થાય છે. આહાહા..!

જેટલી સંખ્યાએ ગુણ છે, એટલી સંખ્યાએ વર્તમાન પર્યાયમાં વ્યક્તરૂપ અંશ પ્રગટ થાય છે. સમજાય છે કાંઈ? જેમ શ્રદ્ધા નામનો ગુણ છે તો એની સમ્યગ્દર્શનની પર્યાય વ્યક્ત થાય છે. સમ્યગ્જ્ઞાનનો ગુણ જે છે એમાં સમ્યગ્જ્ઞાનની વર્તમાન મતિ-શ્રુત આદિની પર્યાય વ્યક્ત થાય છે. એમ ચારિત્રગુણ છે તો એમાં સ્વરૂપાચરણના ચારિત્રનો અંશ પણ સાથે પ્રગટ થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? આવી સ્થિતિ છે એનું પહેલા જ્ઞાન તો કરે. જ્ઞાન કર્યા વિના પ્રયોગ શી રીતે કરશે? અંતર્મુખ કરવાનો પ્રયોગ તો પહેલા યથાર્થ જ્ઞાન હોય, વ્યવહારુ (જ્ઞાન), સમજાય છે કાંઈ? આહાહા..! તો પછી અંતરમાં અનંતશક્તિથી ભરપુર ભરેલો ભગવાન,.. આહાહા..! અનંતગુણથી ભરપુર, ગુણીમાં અનંતગુણનું ભરપુરપણું ભર્યું છે. આહાહા..! ભરપુર સમજો છો? હિન્દી આવડે છે? પૂરા. આહાહા..! પૂરા કા પૂરા.

ભગવાન અનંતગુણથી ભરપુર ભરેલો છે. એનો જ્યાં આશ્રય લે છે તો એમાંથી જેટલા ભરપુર ગુણ છે એનો એક અંશ તો વ્યક્ત ચોથે ગુણસ્થાને પ્રગટ થાય છે. આહાહા..! અનંતગુણનો એક અંશ વ્યક્ત. અનંતગુણોમાં બધાનો. આહાહા..! કહ્યું ને? શ્રદ્ધાગુણે જ્યારે દ્રવ્યને પકડ્યો, અંખડ જ્ઞાયકસ્વરૂપ, જેમાં ગુણ અને ગુણીનો ભેદ પણ દૃષ્ટિનો વિષય નથી. આ શક્તિ છે અને આ શક્તિવાન છે, એવો ભેદ પણ સમ્યગ્દર્શનનો વિષય નથી. આહાહા..! સમ્યગ્દર્શનનું ધ્યેય અને વિષય અભેદ અખંડ જ્ઞાયકભાવ એ એનો વિષય અને ધ્યેય છે. એ ધ્યેયમાં એક શ્રદ્ધા નામની શક્તિ પડી છે, તો ધ્યેયના લક્ષે એ શ્રદ્ધા નામની શક્તિનું પણ સમ્યગ્દર્શનરૂપી પર્યાયની વ્યક્તતા શ્રદ્ધામાંથી થાય છે. આહાહા..! અરે..! આવી વાતું. હવે આ સંયમ લ્યો, સંયમ લ્યો, બસ! આજે છાપામાં બહુ આવ્યું છે. આ લોકો સંયમની ના પાડે છે. પણ કોને સંયમ, ચારિત્ર કહીએ? હજી સમ્યગ્દર્શન શું છે એની ખબર વિના ચારિત્ર આવ્યું ક્યાંથી? સમજાય છે કાંઈ? અને સમ્યગ્દર્શનમાં તો સર્વ ગુણાંશ પ્રગટ થાય છે. તો એમાં આનંદની પર્યાય વ્યક્ત થાય છે. વીર્ય નામનો ગુણ છે એમાં પણ અનંતગુણની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વ્યક્ત પર્યાયની રચના કરવાવાળા વીર્યનો અંશ પણ પ્રગટ થાય છે. આહાહા..! માર્ગ બહુ જુદો, બાપુ! આહાહા..! સમજાય છે કાંઈ? આમાં ઝવેરાતમાંથી કાંઈ હાથે આવે એવું નથી. આહાહા..! અરે..! આ ચીજ બહાર આવતા લોકોને વિરોધ થઈ ગયો. બાપુ! સત્ય તો આ છે, ભાઈ!

તારી શક્તિ અનંત અને એ શક્તિવાન દ્રવ્ય એક, એના ઉપર દૃષ્ટિ દેવાથી અનંતશક્તિમાંથી વ્યક્તતા અંશ અનંતનો પ્રગટ થાય છે. ચોથે ગુણસ્થાને પ્રગટ થાય છે. આહાહા..! અરે..! અજોગપણાની શક્તિ છે ને? નિષ્ક્રિય પણ એક શક્તિ છે. એનો અંશ પણ ચોથે ગુણસ્થાને નિષ્ક્રિયપણું, અકંપપણાનો અંશ ચોથે ગુણસ્થાને પ્રગટ થાય છે. આહાહા..! 'શાંતિભાઈ'! ઝીણી વાત છે, ભાઈ! એક વસ્તુ દ્રવ્ય, એમાં અનંતી શક્તિથી પૂરો ભરેલો છે. એની દૃષ્ટિ કરવાથી એ છલકે છે. પાણીનો ઘડો ભર્યો હોય એ છલકાય. છલકાય છે, કહે છે? ઉછળે છે. આહાહા..! એ અહીંયા પહેલા આવી ગયું છે. પહેલી શક્તિમાં આવી ગયું છે. કે જ્ઞાનમયીશક્તિની પર્યાય પ્રગટ થતાં બીજી અનંતશક્તિ સાથે ઉછળે છે. પહેલા આવી ગયું છે. જુઓ! પહેલા આવ્યું છે.

**'આત્મદ્રવ્યને કારણભૂત...'** પહેલી શક્તિ, પહેલી શક્તિ. આહાહા..! **'આત્મદ્રવ્યને કારણભૂત...'** છે? **'એવા ચૈતન્યમાત્ર ભાવનું ધારણ જેનું લક્ષણ અર્થાત્ સ્વરૂપ છે એવી જીવત્વશક્તિ. (આત્મદ્રવ્યને કારણભૂત એવા ચૈતન્યમાત્રભાવરૂપી ભાવપ્રાણનું ધારણ કરું જેનું લક્ષણ છે એવી જીવત્વ નામની શક્તિ જ્ઞાનમાત્ર ભાવમાં–આત્મામાં–ઉછળે છે).'** સમજાય છે કાંઈ? જેમ પાણી હોય ને? આ નળ, નળ. નળનું પાણી. નળ ખોલે તો પાણીનો દરેડો થાય છે. નળનું પાણી. એમ ભગવાનઆત્મા... આહાહા..! અનંતગુણનો ભંડાર ઉપર દૃષ્ટિ દેવાથી, નળમાંથી જેમ પાણી ઝરે છે, એમ આનંદ ને જ્ઞાન ને શાંતિની પર્યાય ઝરે છે. આહાહા..! ભારે ધર્મ, બાપુ! ધર્મ બહુ અલૌકિક વસ્તુ છે. લોકોએ બહારથી ચારિત્ર લ્યો, ચારિત્ર લ્યો, પણ બાપા! હજી ચારિત્ર કોને કહેવું, પ્રભુ! તને (ખબર નથી). તારા આત્માના હિતની વાત છે, પ્રભુ! સમ્યગ્દર્શન વિના વ્રત આદિ અહિતકર છે, નુકસાનકારી છે. આહાહા..! એને લાભદાયક માને છે તો એ તો (નુકસાનકારક છે).

સ્વરૂપની દૃષ્ટિ થાય ત્યારે એમાં ચારિત્રનો અંશ પણ આવે છે. વીર્યનો અંશ આવે છે. સ્વરૂપની અનંતગુણની રચના, વીર્યનું કાર્ય, બળ, બળ આત્મામાં બળ નામની એક શક્તિ છે, એ કારણે અનંતગુણની સ્વરૂપની પર્યાયની રચના થવી, એ વીર્યનું કાર્ય છે. અને એ વીર્યના કાર્યમાં અધિકરણ નામનું રૂપ છે. તો એ વીર્યશક્તિ પોતાથી સ્વરૂપની રચના કરે છે. એનો કોઈ આધાર નથી. આહાહા..! સમજાય છે કાંઈ? આવો માર્ગ છે પણ માણસને.. આહાહા..!

ઉછળે છે, આવ્યું ને? ઉછળે છે. પાઠમાં એમ છે, હોં! જુઓ! આહાહા..! જીવત્વશક્તિ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'अत एवास्य ज्ञानमात्रैकभावान्तःपातिन्योऽनन्ताः शक्तयः उत्प्लवन्ते।'** સંસ્કૃતમાં છે. છે? **'उत्प्लवन्ते'**. સમજાય છે કાંઈ? ભગવાનઆત્મા.. આહાહા..! ભગવાન તરીકે જ બોલાવ્યો છે. એમાં અનંતશક્તિનો-ગુણનો ભંડાર ભરપુર ભર્યો છે. એની દૃષ્ટિ કરવાથી સમ્યગ્જ્ઞાનની જે પર્યાય ઉત્પન્ન થાય છે,... આ અનેકાંતની ચર્ચા છે. સમ્યગ્જ્ઞાનની પર્યાય ઉત્પન્ન થાય છે એ શાસ્ત્રથી જ્ઞાન નથી થતું, અંતરમાંથી ઉછળીને આવે છે. એની સાથે અનંતગુણનીશક્તિ એક સમયમાં ઉછળે છે અથવા પ્રગટ થાય છે. 'શાંતિભાઈ'! આવું કોઈ દિ' ક્યાંય સાંભળ્યું નથી. આહાહા..!

એમાં એક સ્વસંવેદન નામની પ્રકાશશક્તિ છે. આહાહા..! એમાં સ્વસંવેદનમાં સ્વપ્રકાશનું વેદન, પોતાના સ્વનું પ્રત્યક્ષ વેદન થવું, એનો અંશ પ્રગટ થાય છે. એ પ્રગટ થાય છે એમાં કોઈ પરનો આધાર નથી. વ્યવહાર રત્નત્રય આદિ, વિકલ્પનો, નિમિત્તનો આધાર નથી. આહા..! કેમ કે એ સ્વસંવેદન પ્રકાશશક્તિમાં અધિકરણ નામનું, આધાર નામનું સ્વરૂપ-રૂપ છે. તે કારણે પ્રકાશશક્તિ પોતાથી પોતાને કારણે વેદન કરે છે. વ્યવહારને કારણે નહિ. આહાહા..! સમજાય છે કાંઈ?

એમ સમ્યગ્દર્શન થતાં, દ્રવ્યની દૃષ્ટિ થતાં અનંતગુણની પર્યાય ઉછળે છે એમાં ચારિત્રની પર્યાય પણ ચોથે ગુણસ્થાને અંશે પ્રગટ થાય છે. એ ચારિત્રની વ્યાખ્યા-સ્વરૂપમાં આચરણ કરવું એ ચારિત્ર છે. આહાહા..! આવી વાત. સમજાય છે કાંઈ? સવારે આવ્યું હતું. સ્વરૂપાચરણ, નહિ? અહીંયા શક્તિના વર્ણનમાં છેલ્લે અધિકરણશક્તિ આપણે આવી ગઈ. ૪૬મી. આજે થોડું અધિકરણ લીધું. પ્રત્યેક ગુણમાં પોતાના આધારે પોતાની નિર્મળ વીતરાગી પર્યાય ઉત્પન્ન થાય છે. આહાહા..!

ચૌદમે ગુણસ્થાને જે અકંપપણું પ્રગટ થાય છે એ તો અકંપપણું પોતાની શક્તિ છે. તો એમાંથી અકંપપણું પૂર્ણ પ્રગટ થયું. પણ સમ્યગ્દર્શનના કાળમાં પણ અકંપશક્તિનો એક અંશ-કંપન ન થવું, એવી શક્તિની વ્યક્તતા થાય છે. આહાહા..! અજોગપણાનો અંશ શરૂ થાય છે. એવી વાત છે. સમજાય છે કાંઈ? ઝીણી વાત. શક્તિનું વર્ણન. બહુ (સૂક્ષ્મ છે). આહાહા..! એ ૪૬ થઈ. હવે છેલ્લી. ૪૭. પહેલા દિવસે કહ્યું હતું કે ૪૭ શક્તિનું વર્ણન છે, 'સમયસાર', 'પ્રવચનસાર'માં ૪૭ નયનો અધિકાર છે. આ દૃષ્ટિપ્રધાન અધિકાર છે એટલે શક્તિ લીધી. જ્ઞાનપ્રધાન અધિકારમાં વર્તમાનમાં જે પર્યાય થાય છે, રાગનું કર્તાપણું, એ પણ એક નય જાણવી. જ્ઞાનીને રાગની પર્યાયનું પરિણમન છે તો જ્ઞાની જ્ઞાનમાં જાણે છે કે મારું પરિણમન રાગનું છે. એ જ્ઞાનની પ્રધાનતાથી કથન છે. ૪૭ નય છે. અને 'ઉપાદાન-નિમિત્ત'ના ૪૭ દોહા આવ્યા છે. 'ભૈયા ભગવતીદાસ'. અને ૪૭ ચાર કર્મની પ્રકૃતિ છે. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય. ચાર ઘાતિની ૪૭ પ્રકૃતિ છે. આહાહા..! આ ૪૭ શક્તિથી ૪૭ પ્રકૃતિનો નાશ થાય છે. નાશ થાય છે એમ કહેવું એ પણ ઉપચાર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વ્યવહાર છે. આહાહા..! સમજાય છે કાંઈ?

પોતાની ૪૭ શક્તિથી અનંતશક્તિ... આહાહા..! ગજબ વાત કરી છે! 'અમૃતચંદ્રાચાર્યે' આ શક્તિનું વર્ણન (કર્યું છે એવું) ક્યાંય નથી. એક શ્વેતાંબરમાં 'દેવચંદજી' થઈ ગયા છે, એને શાસ્ત્રનું વાંચન (હશે), એણે આ શક્તિનું વર્ણન વાંચ્યું ખરું, વાંચીને શક્તિનું વર્ણન શ્વેતાંબરની શૈલીથી સ્વતંત્ર કરવા લાગ્યા. આઠ શક્તિ કરી પણ આ નહિ. સમજાય છે કાંઈ? આ જીવત્વશક્તિથી ઉપાડી છે, એમણે બીજેથી ઉપાડ્યું છે. અહીં તો જીવની જીવત્વશક્તિ જે છે ત્યાંથી ઉપાડ્યું છે. આહાહા..! આઠ શક્તિ કરી પછી કરી શક્યા નહિ. હમણા છાપામાં આવ્યું હતું. આ વાંચન કરેલું. આપણામાં નથી, તો આપણે થોડી બનાવો. બનાવવા ગયા પણ આ નહિ, બીજી જાતની.

આ સંતો તો વીતરાગના કેડાયતો, કેવળને કેડે ચાલનારા, આહાહા..! અને કેવળજ્ઞાન અલ્પકાળમાં લેનારા. ચાલનારા અને લેનારા. આહાહા..! એ સંતોની વાણી એ કેવળજ્ઞાનની દિવ્યધ્વનિનો આ સાર છે. સમજાય છે કાંઈ?

**स्वभावमात्रस्वस्वामित्वमयी सम्बन्धशक्तिः ४७.**

**સ્વભાવમાત્ર સ્વ-સ્વામિત્વમયી સંબંધશક્તિ. (પોતાનો ભાવ પોતાનું સ્વ અને પોતે તેનો સ્વામી-એવા સંબંધમયી સંબંધશક્તિ.) ૪૭.**

૪૭. કહે છે, '**સ્વભાવમાત્ર...**' સ્વભાવમાત્ર. પોતાનો આનંદ, જ્ઞાન આદિ સ્વભાવ અને એ સ્વભાવમાત્ર સ્વ. તો એનું પરિણમન પણ સ્વભાવમાત્રમાં આવી જાય છે. કેમ કે સ્વભાવ, સ્વસ્વભાવ છે તેનું પરિણતિમાં ભાન થયા વિના સ્વસ્વભાવ છે એમ આવ્યું ક્યાંથી? સમજાય છે કાંઈ? શું કહેવું છે? અહીં તો '**સ્વભાવમાત્ર સ્વ...**' એમ લીધું છે. અને પછી સ્વામીત્વ. સ્વનું સ્વામીત્વ. ભગવાનઆત્મા અનંતગુણરૂપી સ્વભાવ, તેનું સ્વ, તેનું સ્વામીત્વ, ક્યારે થાય છે? કે પર્યાયમાં જ્યારે પરિણમન થાય છે, પર્યાયમાં પરિણમન થાય છે ત્યારે આ સ્વસ્વભાવ પૂર્ણ છે એમ ભાન થયું. તો એ પર્યાયમાં પણ સ્વસ્વામીસંબંધની પર્યાયનો અંશ પ્રગટ થાય છે. તો પછી દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણેમાં સ્વભાવશક્તિનું વ્યાપકપણું છે. આહાહા..!

અહીં સ્વભાવમાત્ર સ્વ કહ્યું. તો સ્વભાવમાત્રમાં એકલા ત્રિકાળીને લેવો નહિ. કેમ કે સ્વભાવમાત્રનું પર્યાયમાં ભાન થયું ત્યારે આ સ્વભાવમાત્ર સ્વ એવું ભાન થયું. તો નિર્મળ પર્યાય, નિર્મળ ગુણ અને નિર્મળ ત્રિકાળી દ્રવ્ય, એ ત્રણેમાં સ્વસ્વામીસંબંધશક્તિનું વ્યાપકપણું છે. આહાહા..! આવો ધર્મ. કહો, શેઠ! શું કહે છે?

મુમુક્ષુ :- સમયસાર ગૃહસ્થ માટે છે?

ઉત્તર :- વાત સાચી. એ ના પાડે છે. આ મિથ્યાદૃષ્ટિને માટે, અપ્રતિબુદ્ધને માટે તો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સમયસાર કહ્યું છે. પહેલા આવ્યું છે. અપ્રતિબુદ્ધને માટે હું સમયસાર કહું છું. આહાહા..! અરે..! પ્રભુ! શું કરે છે તું? પોતાનો બચાવ કરવા? ભાઈ! એમ બચાવ વીતરાગ માર્ગમાં ન થાય. સમજાય છે કાંઈ? ચોથે ગુણસ્થાને સિદ્ધપદની દશાનો અંશ પ્રગટ થઈ ગયો. આહાહા..!

જેટલી સિદ્ધની નિર્મળ પર્યાયની સંખ્યા છે તે નિર્મળ પર્યાય પૂર્ણ છે અને ચોથે ગુણસ્થાને તેના અંશની શરૂઆત થઈ ગઈ. 'સિદ્ધ સમાન સદા પદ મેરો'. આહાહા..! એવા સિદ્ધપદનું વસ્તુનું સ્વરૂપ, દ્રવ્યનું સ્વરૂપ સિદ્ધસમાન સદા પદ મેરો, એ પર્યાયની અપેક્ષાએ નથી, શક્તિની અપેક્ષાએ છે. શક્તિનો સિદ્ધપદ સ્વભાવ છે એવું જ્યાં ભાન થયું ત્યારે સ્વભાવ છે એવી પ્રતીતિ આવી. છે તો ખરો. છે પણ જેને પ્રતીતિમાં ન આવે એને છે ક્યાં? સમજાય છે કાંઈ? જેની જ્ઞાનની પર્યાયમાં એ જ્ઞેય ન થાય તો જ્ઞાન થયું એ (આવ્યું ક્યાંથી)? એનું જ્ઞાન ક્યાં થયું છે? એ તો પર્યાયનું થયું. એનું જ્ઞાન નહિ. આહાહા..! સમજાય છે કાંઈ?

ભગવાનઆત્મા ચૈતન્ય લક્ષણે લક્ષિત ચૈતન્ય સ્વભાવથી ચેતન, એમાં વર્તમાનમાં જ્ઞાનની પર્યાય જ્ઞેય-સ્વજ્ઞેયને જાણીને વર્તમાનમાં પ્રગટ થઈ એમાં આ જ્ઞેય આત્મા છે એમ જાણવામાં આવ્યું. એને વર્તમાન પર્યાયમાં સ્વસ્વામીસંબંધશક્તિનો અંશ આવ્યો એના દ્વારા સ્વસ્વામીશક્તિની પ્રતીતિ થઈ. આહાહા..! સમજાય છે કાંઈ? કહ્યું હતું ને? એકવાર કહ્યું હતું.

એ પ્રશ્ન થયો હતો. 'રાજકોટ'વાળા 'ત્રિભોવનભાઈ' છે ને? કેવા કહેવાય ઇ? વારિયા. 'વીરજીભાઈ વારિયા' હતા. ૯૧-૯૨ વર્ષે ગુજરી ગયા. કાઠિયાવાડમાં દિગંબરનો અભ્યાસ પહેલો એને હતો. 'વીરજીભાઈ' હતા, 'વીરજી વકીલ'. એ તો ગુજરી ગયા. એમનો દીકરો છે. 'ત્રિભોવન.' એણે પ્રશ્ન કર્યો, મહારાજ! આ કારણપરમાત્મા, કારણપરમાત્મા.. ત્રિકાળી વસ્તુને તમે કારણપરમાત્મા કહો છો, તો કારણપરમાત્મા હોય તો કારણનું કાર્ય તો આવવું જોઈએ. કારણપરમાત્મા ત્રિકાળી આનંદકંદ, અનંતગુણનો કંદ કારણજીવ કહો કે કારણપરમાત્મા કહો, આહાહા..! કારણ હો તો કાર્ય તો આવવું જ જોઈએ. એવો પ્રશ્ન કર્યો. કાં તો કારણપરમાત્મા છે નહિ. કારણપરમાત્મા અનાદિ છે અને સમ્યગ્દર્શનનું કાર્ય તો છે નહિ. તો એને કારણપરમાત્મા કેમ કહેવાય? કહ્યું, ભાઈ! કારણપરમાત્મા જેની પ્રતીતિમાં આવ્યો એને કારણપરમાત્મા છે. જેની પ્રતીતિમાં આવ્યો નથી એને કારણપરમાત્મા ક્યાં છે? સમજાય છે કાંઈ? આહાહા..!

કારણપરમાત્મા ત્રિકાળી અનંતગુણસ્વરૂપ ભગવાન (છે), એ કારણપરમાત્મા તો અનાદિ છે, પણ એ અનાદિ છે એમ એની પર્યાયમાં ભાસ ન થયો, પર્યાયમાં ભાન ન થયું ત્યાં સુધી કારણપરમાત્મા એને ક્યાં છે? મિથ્યાશ્રદ્ધાવાળાને કારણપરમાત્માની શ્રદ્ધા છે નહિ તો એને કારણપરમાત્મા ક્યાં છે? આહાહા..! મિથ્યાશ્રદ્ધાવાળાને તો રાગ અને પર્યાયની શ્રદ્ધા છે. એનો હેતુ તો એની પર્યાય અને રાગ છે. સમ્યગ્દષ્ટિને કારણપરમાત્માની શ્રદ્ધા છે. આહાહા..! સમજાય છે કાંઈ? આ છે, સત્તાનો સ્વીકાર (છે)..

પહેલા એ કહ્યું હતું, ૧૭-૧૮ ગાથામાં એમ આવ્યું છે, ૧૭-૧૮ 'સમયસાર'. દરેક

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અજ્ઞાનીની જ્ઞાનની પર્યાયમાં પણ પર્યાયનો સ્વભાવ સ્વપરપ્રકાશક હોવાથી અજ્ઞાનીની જ્ઞાનની પર્યાયમાં પણ સ્વજ્ઞેય જ જાણવામાં આવે છે. આહાહા..! શું કહ્યું? ૧૭-૧૮ ગાથામાં આવ્યું છે. જીવરાજા જ્ઞાનની એક સમયની પર્યાયમાં, અજ્ઞાનીની પર્યાયમાં પણ જીવરાજા જ જ્ઞાનમાં આવે છે, જીવરાજા જ જ્ઞાનની પર્યાયમાં જણાય છે. પણ અજ્ઞાનીની દૃષ્ટિ એ દ્રવ્ય ઉપર નથી માટે એને જ્ઞાનમાં જણાવા છતાં એની પર્યાયમાં કારણપરમાત્મા આવ્યો નહિ. દ્રવ્ય જ્ઞાનમાં આવવા છતાં દૃષ્ટિ દ્રવ્ય ઉપર આપી નહિ તો પર્યાયમાં દ્રવ્ય આવ્યું નહિ. સમજાય છે કાંઈ? આહાહા..! માર્ગ બહુ અલૌકિક, બાપુ! આહાહા..! વીતરાગ માર્ગ.. આ તો સમ્યગ્દર્શનની ખબર નહિ. સમ્યગ્દર્શનનો વિષય અભેદ છે અને અનંતીશક્તિનો એક અંશ સમ્યગ્દર્શનમાં પ્રગટ થાય છે તેની તો ખબર નથી અને વ્રત ને તપ ને સંયમને લો. આહા..! એકડા વિનાના મીંડા છે. શું કહે છે? એક વિનાના શૂન્ય છે. આહાહા..!

અહીં કહે છે.. આહાહા..! ગજબ કામ કર્યા છે. 'ગ્રંથાધિરાજ તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા'. અહીં એક એક શક્તિમાં બ્રહ્માંડના ભાવ ભર્યા છે. આહાહા..! લોકોને બિચારાને બહારમાં દોરી દીધા. અંતરઆત્મા.. અંતરઆત્મા રાગને અને પર્યાય જેવડો પોતાને માનવો એ તો બહિરાત્મા છે. કેમ કે પર્યાય બહિર્તત્ત્વ છે, વસ્તુ છે એ અંતર્તત્ત્વ છે અને એક સમયની પર્યાય પણ બહિર્તત્ત્વ છે. એક સમયની પર્યાય ઉપર દૃષ્ટિ છે અને ત્યાં રહ્યો છે એ તો બહિર્આત્મા છે. આહાહા..! બહિર્ તત્ત્વને પોતાના માન્યા એ બહિરઆત્મા છે. આહાહા...! સમજાય છે કાંઈ?

અંતઃઆત્મા-અંતરઆત્મા, અંતઃતત્ત્વ જે જ્ઞાયકમૂર્તિ પ્રભુ અનંતશક્તિનો પિંડ છે એનો જ્યાં અંતરમાં સ્વીકાર કર્યો ત્યારે એ અંતરઆત્મા થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? બહિરઆત્મા અને અંતરઆત્માની આ વ્યાખ્યા છે. એક સમયની પર્યાયમાં અંતર આખી વસ્તુ જણાય છે એ દૃષ્ટિ તો છે નહિ અને એક સમયની પર્યાયમાં રહ્યો અને એની રમતમાં રમ્યો એ પર્યાય બહિરતત્ત્વ છે, અંતરતત્ત્વથી એ બહિરતત્ત્વ છે. 'નિયમસાર'માં આવે છે ને? ભાઈ! 'નિયમસાર'માં 'શુદ્ધભાવ અધિકાર'ની પહેલી ગાથા. **'जीवादिबहित्तच्चं'**. ૩૮ ગાથા છે. છે? 'નિયમસાર' છે. ૩૮ ગાથા છે.

**'जीवादिबहित्तच्चं'** જીવાદિ એટલે જીવની પર્યાય અહીં જીવ લેવો. **'जीवादिबहित्तच्चं हेयम्'** એ હેય છે. **'उवादेयमप्पणो अप्पा'** આત્મા જે ત્રિકાળી જ્ઞાયકભાવ તે આત્મા, તે ઉપાદેય છે. સમજાય છે કાંઈ? આહાહા..! નિર્મળ પર્યાય થાય એને પણ અહીંયા બહિરતત્ત્વ કહેવામાં આવી છે. સંવર, નિર્જરાની પર્યાય છે એ પણ બહિરતત્ત્વ છે. પર્યાય છે ને? આહાહા..! **'जीवादिबहित्तच्चं हेयम्'** એ હેય છે. છપાઈ ગયું છે એમાં. આ બાજુ 'નિયમસાર' છે, 'નિયમસાર'. ૩૮ ગાથા પેલી બાજુ છે. સમજાય છે કાંઈ? આહાહા..!

જીવની પર્યાયને અહીં જીવ કહ્યો અને સંવર, નિર્જરાને પણ પર્યાય કહી અને પુણ્ય-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પાપ ને આસ્રવને પણ પર્યાય કહી. એ નવે તત્ત્વની પર્યાય હેય છે. આહાહા..! **'हेयमुवादेयमप्पणो अप्पा'** લ્યો, **'જીવાદિ સાતત્ત્વોનો સમૂહ પરદ્રવ્ય..'** છે. ગજબ છે. સંવર, નિર્જરાની પર્યાયને પણ અહીં પરદ્રવ્ય કહી છે. અંતરતત્ત્વ નહિ. એ તો પરદ્રવ્ય છે, અંતરતત્ત્વ સ્વદ્રવ્ય છે અને પર્યાયને પરદ્રવ્ય કહી. આહાહા..! સમજાણું કાંઈ? આમાં ક્યાં શીખવા જાય? નવરાશ ન મળે, પચાસ, સાંઈઠ વર્ષે કલાક-બે કલાક સાંભળવા નવરો થાય. આહાહા..! આવું સ્વરૂપ ભગવાનનું.. અરે..! એને કાને ન પડે, એને સાંભળવા ન મળે એને કે દિ' જ્ઞાન થાય અને કઈ રીતે અંદર ઉતરે? આહાહા..! આ વિના બધું થોથેથાથા છે.

રાગ તો હેય છે, દયા, દાનના વિકલ્પ છે એ તો હેય છે પણ સ્વભાવના આશ્રયે સંવર, નિર્જરા પ્રગટ થઈ એ પણ હેય છે. આ 'નિયમસાર' ભગવાન 'કુંદકુંદાચાર્ય'નો ગ્રંથ, આ બધા કોતરાયેલા છે. 'સમયસાર', 'પ્રવચનસાર', 'નિયમસાર', 'પંચાસ્તિકાય' અને 'અષ્ટપાહુડ' પાંચ શાસ્ત્ર કોતરાયેલા છે અને પાંચ શાસ્ત્રની પ્રતિષ્ઠા છે. પાંચ છે ને? પાંચ. 'સમયસાર', 'પ્રવચનસાર', 'પંચાસ્તિકાય', 'અષ્ટપાહુડ' અને 'નિયમસાર'. આહાહા..! એ પાંચના થઈ ગયા છે. શું કહેવાય ઇ? પાંચ.. પાંચ.. પંચ પરમાગમ. એ પુસ્તક આવ્યું છે? હા, ઇ પુસ્તક આવ્યું છે. પુસ્તક છે ને? પંચ પરમાગમ. છે આપણે પુસ્તક? પંચ પરમાગમ પુસ્તક છે, તમારા તરફથી. એના તરફથી નીકળ્યું છે. થોડા હશે આપણે. ભાઈને એક આપો. 'જિનેશ્વરદાસજી'. પાઠ છે. અર્થ નથી. પંચ પરમાગમના પાઠ છે, એનું પુસ્તક બનાવ્યું છે. આહાહા..!

અહીંયા કહે છે.. આહા..! ગજબ વાત છે. જ્યાં દયા, દાન, વ્રતના વિકલ્પ છે એ તો હેય છે પણ જ્યાં દ્રવ્યદૃષ્ટિ કરવી છે ત્યાં સંવર, નિર્જરાની પર્યાય પણ હેય છે. આહાહા..! અરે..! ચારિત્રની પર્યાય પણ હેય છે. સંવર કહો કે ચારિત્ર કહો. આહાહા..! સમ્યક્ચારિત્ર, હોં! જે ભગવાન આનંદકંદમાં રમણતા કરે છે એ રમણતા કરવાની ચારિત્રદશા. પંચમહાવ્રત એ કોઈ ચારિત્ર-ફારિત્ર છે નહિ. એ ચારિત્રદશા પણ હેય છે. કેમ કે પર્યાયના લક્ષે તો રાગ ઉત્પન્ન થાય છે. એને ચારિત્રની દશાને પણ સત્ય સમ્યક્ ચારિત્રદશા, સમ્યગ્દર્શન સહિત સ્વરૂપની રમણતાની દશાને અહીંયા પરદ્રવ્ય કહ્યું છે. ત્રિકાળી સ્વદ્રવ્યની અપેક્ષાએ પર્યાયને પરદ્રવ્ય કહી છે. આહાહા..! અરે..! કોણ આપે?

એક વખત 'શ્રીમદ્' કહેતા હતા. 'શ્રીમદ્ રાજચંદ્ર' ગૃહસ્થાશ્રમમાં હતા અને તત્ત્વદૃષ્ટિ થઈ હતી તો એ વાત કરતા હતા કે મારો આ નાદ કોણ સાંભળશે? કોણ હા પાડશે? પરમાત્મા ત્રિકાળીનો આ નાદ છે. સમજાય છે કાંઈ? આહાહા..!

અહીં તો (કહે છે), **'પરદ્રવ્ય હોવાને લીધે ખરેખર ઉપાદેય નથી.'** સંસ્કૃત છે. સંસ્કૃત જુઓ! **'हेयोपादेयतत्त्वस्वरूपाख्यानमेतत्। जीवादिसप्ततत्त्वजातं परद्रव्यत्वान्न ह्युपादेयम्।'** હેય છે. અરે..! તત્ત્વની દૃષ્ટિની ખબર નહિ. તત્ત્વજ્ઞાન શું ચીજ છે એની ખબર નહિ અને આ વ્રત લીધા ને ફલાણા કર્યા ને આ કર્યા.. આહાહા..! એ સંસારનો નાશ કરવાનો ઉપાય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નથી. આહાહા..!

અહીં કહે છે, **'સ્વભાવમાત્ર...'** જેમ એ કારણપરમાત્મા છે પણ એની પ્રતીત અને જ્ઞાનમાં આવ્યો એને માટે છે. એમ સ્વભાવ ત્રિકાળી છે, ત્રિકાળી જ્ઞાયકસ્વભાવ ચિદાનંદ છે એ સ્વ છે. પણ કોને? આહાહા..! એનો આશ્રય કરીને જાણે એને. આહાહા..! **'સ્વભાવમાત્ર સ્વ-સ્વામિત્વમયી...'** એ સ્વનું સમ્યગ્દર્શન, જ્ઞાનમાં ભાન થયું ત્યારે એ સ્વભાવ છે, સ્વભાવમાત્ર શક્તિ છે એની પ્રતીતિ આવી. તો એ સ્વભાવમાત્ર શક્તિને ધરનાર દ્રવ્યની પ્રતીતિ સાથે આવી. એ પ્રતીતિની પર્યાયમાં સ્વપણું આવ્યું. જે સ્વભાવમાત્ર સ્વ હતું એ સમ્યગ્દર્શન, જ્ઞાનની પર્યાયમાં પણ એ સ્વસ્વભાવ આવ્યો. કારણ કે એ સ્વભાવમાત્ર સ્વ. તો એ સ્વભાવમાત્રશક્તિ દ્રવ્ય, ગુણ, પર્યાય ત્રણેમાં વ્યાપી. દ્રવ્ય-ગુણમાં તો હતી પણ પર્યાયમાં એનો આશ્રય લીધો અને પર્યાય જ્યારે પ્રગટ થઈ તો સ્વસ્વામિ અંશ પર્યાયમાં પણ આવ્યો. સમજાય છે કાંઈ? આહાહા..!

જે ત્રિકાળી જ્ઞાયક સ્વભાવ ભગવાનઆત્મા એ સ્વ, પણ સ્વના પરિણમનનું ભાન થયું એમાં સ્વ આવ્યું. તો સ્વસ્વામીસંબંધશક્તિ.. આહાહા..! ઘણું સમાડ્યું છે. તો કહે છે કે, અંદર શુદ્ધ ચૈતન્યદ્રવ્ય, શુદ્ધગુણ અને એની પરિણતિ શુદ્ધ થઈ એ પોતાનું સ્વ અને એની સાથે સ્વામિત્વ. એ સ્વનો સ્વામી ધર્મી છે. રાગનો, પુણ્યનો, વ્યવહાર રત્નત્રયનો, વિકલ્પનો એ સ્વ અને એનો સ્વામી જ્ઞાની નથી. આહાહા..!

બીજી રીતે કહીએ.. આ તો અલૌકિક વાતું છે. એ.. 'હસમુખ'! ન્યાં દુકાનમાં ક્યાંય મળે એવી નથી. આખો દિ' પાપમાં ને પાપમાં. એને તો જુદો થયો છે તો હવે શું કરવું, વધારે પેદા થાય એવું કરવું છે. આ 'મનસુખ' રળે છે, 'નટુ' રળે છે. એ... 'મનહરભાઈ'! મારે પણ એના પ્રમાણે કેવી રીતે રહું? દવાનું કરું? આની સાથે દુકાન રાખવી? ફલાણું કરું? આહાહા.! અરે..રે...! જિંદગી ચાલી જાય છે. પોતાનું શું કરવાનું છે એની ખબર ન મળે. અરે..રે..! આહાહા..!

અહીં કહે છે, ભગવાન! સાંભળ તો ખરો, પ્રભુ! તારી સ્વભાવમાત્ર જે ચીજ છે એ તારું સ્વ, એના પરિણમનમાં પણ સ્વભાવ આદિ આવ્યા, તો એ દ્રવ્ય, ગુણ ને પર્યાય.. શુદ્ધ દ્રવ્ય, ગુણ, પર્યાય એ પોતાનું સ્વ અને એનો સ્વામી. સ્વસ્વામીત્વસંબંધ એની સાથે છે. રાગ સ્વ નથી તો સ્વામીત્વપણું પણ નથી. આહાહા..! ભાષા કેવી છે, જુઓ! **'સ્વભાવમાત્ર સ્વ-સ્વામિત્વમયી સંબંધશક્તિ.'** એમ લીધું છે. સ્વ-સ્વામિત્વમયી સંબંધશક્તિ. પોતાનો જ્ઞાયકભાવ જે અનંતશક્તિથી ભરપુર ભરેલો છે એવો જ્યાં અનુભવ થયો, સમ્યગ્દર્શન થયું તો સ્વ એ આત્મા સ્વભાવ, તો એના પરિણમનમાં પણ સ્વભાવ આવ્યો તો એ સ્વભાવ શક્તિ ત્રણેમાં વ્યાપી. દ્રવ્યમાં, ગુણમાં તો હતી, દ્રવ્ય-ગુણમાં તો સ્વભાવ શક્તિ અનાદિની હતી પણ ભાન થયું તો ત્યારે પર્યાયમાં એનો અંશ આવ્યો. આહાહા..! આવી વાતું ક્યાં છે? ભાઈ! દિગંબર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સંતો સિવાય આવું વસ્તુનું સ્વરૂપ ક્યાંય છે નહિ. આહાહા..! દિગંબર સંતોએ કરુણા કરીને જગત પાસે આખા તત્ત્વને જાહેર કર્યું, પ્રભુ! વારસો મુકી ગયા પણ વારસો લેનારા રહ્યા નહિ. બહારનો વારસો. રાગ ને દયા ને વ્રત ને પાળવા ને એ વારસો ભગવાનનો નહિ. આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- પણ દરકાર કે દિ' કરી કે સમજાય? વસ્તુ નહોતી, વાત સાચી છે. વાત તો સાચી, બાપુ! શું થાય? ભાઈ! આહાહા..! એને એમ લાગે કે તમારી દુકાન સાચી, અમારી દુકાન બધી ખોટી? અરે..! પ્રભુ! વસ્તુનું સ્વરૂપ આવું છે. સમજાય છે કાંઈ?

શું કહે છે? 'સ્વ-સ્વામિસંબંધ' શબ્દ પડ્યો છે. પોતાનું દ્રવ્ય શુદ્ધ છે, ગુણ શુદ્ધ છે, ગુણમાં સ્વસ્વામીશક્તિ પણ શુદ્ધ છે અને જ્યારે શક્તિના ધરનાર દ્રવ્યનો પર્યાયમાં અનુભવ થયો તો સ્વ-સ્વામીશક્તિનો પરિણમનમાં અંશ આવ્યો. એ દ્રવ્ય, ગુણ ને પર્યાય ત્રણે સ્વભાવ છે અને એનું સ્વ પોતે છે અને એનો સ્વામી આત્મા છે. એવો સ્વ-સ્વામી સંબંધ એની સાથે છે. પત્નીનો પતિ છું એવો સ્વામી સંબંધ આત્મામાં નથી. કહે છે ને આ? પત્નીનો પતિ છું. ધૂળમાં પણ નથી. સાંભળ ને! આહાહા..! આ નૃપતિ કહે છે ને? રાજા. નરપતિ-રાજા. નર-મનુષ્ય. નર એટલે મનુષ્યનો પતિ. ધૂળમાં પણ નરનો પતિ નથી. આહાહા..! એ... 'શાંતિભાઈ'! આ કરોડપતિ, લાખપતિ આ બધા બિરાજે છે ને! જુઓને આ! આ શેઠ, આ શેઠ.. ધૂળ પણ સાચા નથી. આહાહા..!

સ્વસ્વામી સંબંધ નામનો ગુણ તારામાં છે ને, પ્રભુ! એ ગુણનું કાર્ય શું? જે નિર્મળ પરિણતિ થઈ એ સ્વસ્વામીસંબંધમાં અધિકરણશક્તિનું પણ રૂપ છે. અને એમાં જ્ઞાન, દર્શન, આનંદનું પણ રૂપ છે. આહાહા..! ગજબ કામ કર્યું છે, શક્તિએ તો ગજબ કામ કર્યું છે. આહાહા..!

એકવાર કહ્યું હતું. રાવણે લક્ષ્મણને શક્તિ મારી. આવે છે ન કથામાં? રામચંદ્રજી, લક્ષ્મણ અને સીતા વનવાસમાં ગયા. પિતાજીની આજ્ઞા થઈ. પિતાજી કહે, તારી માતાએ- ઓરમાન માતા-આજ્ઞા એવી કરી છે કે મારા આ પુત્રને રાજ મળવું જોઈએ. સવારે તો હજી રાજ દેવાનો દિવસ ગુરુએ નક્કી કર્યો હતો. વસિષ્ઠ ગુરુ. રામચંદ્રજીને સવારમાં ગાદી. એ પણ ખોટું પડ્યું. એટલે રામ, લક્ષ્મણ અને સીતા ત્રણે ચાલી નીકળ્યા. દુનિયાની દરકાર વિના, હોં! એની ઓરમાન માતાએ એમ કહ્યું. એના ઉપર દ્વેષ નહિ. આહાહા..! 'રઘુકુળ ઐસી રીતિ ચલી આઈ, પ્રાણ જાયે પર વચન ન જાયે'. 'રઘુકુળ રીતિ ઐસી ચલી આયી, પ્રાણ જાયે પર વચન ન જાયે'. આહાહા..! એ માતાનું વચન હતું. પિતાજીએ વચન આપેલું. પિતાજીએ બરાબર કર્યું છે. અમે તો વનવાસમાં જશું. આહાહા..!

એમ કરતા કરતા લક્ષ્મણ રાવણ પાસે લંકામાં ગયો. બહારની વિદ્યાની શક્તિ મારી. મોટો પંડાલ.. પંડાલ સમજ્યા? તંબુ. તંબુમાં દસ-દસ, વીસ-વીસ હજાર માણસ. લક્ષ્મણ પડ્યા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. આહાહા..! પડ્યા એટલે કહ્યું.. અરે...! આવ્યા હતા ત્યારે... અમે દુકાન ઉપર ગાતા. (સંવત) ૧૯૬૫-૬૬ ની વાત છે. દુકાનમાં આ ગાતા, 'આવ્યા હતા ત્યારે ત્રણ જણા ને જાશું એકાએક, માતાજી ખબરું પૂછશે તેને શું શું જવાબ દઈશ લક્ષ્મણ, એ બંધવ એકવાર બોલ ને' આહાહા..! 'બંધવ બોલને એકવાર, એકવાર ભાઈ બોલને' ત્રણ જણા આવ્યા ને હું એકલો જઈશ, માતા પૂછશે કે શું થયું? સીતાજી લઈ ગયા, લક્ષ્મણ અહીં પડ્યા. આહાહા..!

કોઈએ કહ્યું કે.. શલ્યા કેવી કીધી? એક વિશલ્યા નામની કન્યા છે. એ બાળબ્રહ્મચારી છે, હજી પરણી નથી. એની પાસે એક શક્તિ, લબ્ધિ છે પણ એ તમારા 'ભરત'ના રાજમાં રહેલ રાજા છે. 'ભરત'ને હુકમ કરો કે એ રાજાની કન્યાને અહીં મોકલે. આહાહા..! એ વિશલ્યા આવે છે,.. આહાહા..! વિશલ્યા છે ને? વિશલ્યા જ્યાં.. શું કહેવાય ઇ? તંબુમાં આવે છે ત્યાં ઘાયલ સારા થઈ જાય છે. એમ જ્યાં અંદર લક્ષ્મણ પાસે જાય છે ત્યાં લક્ષ્મણની શક્તિ ઉડી જાય છે. જાગે છે, રાવણ ક્યાં ગયો? એ ભાવે સૂતો હતો ને! રાવણ ક્યાં છે? શક્તિ ઉડી ગઈ. આહાહા..!

અહીં કહે છે, વિશલ્યા–આત્માની શલ્ય વિનાની પર્યાય જાગે છે. આહાહા..! શલ્ય, મિથ્યાદર્શનના શલ્ય વિનાની પરિણતિ.. આહાહા..! એ શલ્યથી જ્યાં જાગે છે ત્યાં આત્મા જાગીને ઉઠે છે કે હું તો આત્મા આનંદનો કંદ છું. આહાહા..! સમજાય છે કાંઈ? બેને લખ્યું છે ને? બહુ સાદા શબ્દો. મને તો ઘા વાગી ગયો. એ શબ્દથી. જાગતો જીવ ઊભો છે ને, ક્યાં જાય? આહાહા..! સાદી ભાષા, તદ્દન બાળક જેવી. જાગતો જીવ ઊભો છે ને અંદર. એટલે? જ્ઞાયકભાવ તત્ત્વ ધ્રુવ તરીકે ઉભું છે ને! એ ધ્રુવ ક્યાં જાય? ધ્રુવ ક્યાં જાય? પર્યાયમાં આવે? રાગમાં આવે? ક્યાં જાય? તારી દૃષ્ટિ કર તો તને જરૂર પ્રાપ્ત થશે. સમજાણું કાંઈ? બહુ સાદી બાળક જેવી ભાષા. સંસ્કૃત ને વ્યાકરણ મોટા (કંઈ નહિ). એ.. સંસ્કૃતના પ્રોફેસર છે. નરમ માણસ છે. નરમ છે ને! પ્રોફેસરનું અભિમાન છોડીને અહીંયા આવ્યા છે. આહાહા..! બાપુ! આ પ્રોફેસર તો જુદી વસ્તુ છે.

એ વિશલ્યા નામની પરિણતિ જ્યાં આત્મામાં શક્તિ જાગી... આહાહા..! એ જાગી તો આખા આત્માને જગાડી દીધો. રાગની એકતામાં આત્મા મૂર્ચ્છા ખાઈ ગયો હતો. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! રાગના વિકલ્પની, દયા, દાન આદિના વિકલ્પની એકતામાં મૂર્છાઈ ગયો હતો. હવે એને શક્તિને જગાડી દેવી છે. એનો વ્યય કરીને.. સ્વસ્વામીસબંધ શક્તિની પર્યાય પ્રગટી એ નિર્મળ પર્યાય, નિર્મળ ગુણ ને નિર્મળ દ્રવ્ય. એ સ્વ અને એનો સ્વામી. સ્વ સાથે સ્વામીનો સંબંધ છે. રાગ સાથે સ્વસ્વામીનો સંબંધ નથી. રાગ સાથે વ્યવહાર રત્નત્રય સાથે જ્ઞેયજ્ઞાયકનો સંબંધ વ્યવહાર માત્ર છે. આહાહા..! શું કહ્યું?

આ તો સંબંધ શબ્દ આવ્યો ને? આત્મામાં અંદર સ્વસ્વામી સબંધ નામનો ગુણ છે. એ ગુણની પરિણતિ ક્યારે થાય છે? દ્રવ્ય ઉપર દૃષ્ટિ થવાથી સ્વસ્વામી સંબંધની પરિણતિમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


વિકાર રહિત નિર્મળ દશા ઉત્પન્ન થાય. એમાં આ આત્મા સ્વ છે એવી પરિણતિ આવી. તો ગુણ પણ સ્વ છે અને પરિણતિ પણ સ્વ છે. એનો સ્વામી થયો. સ્વસ્વામીસબંધ એની સાથે છે. લક્ષ્મી સાથે, પૈસા સાથે, દીકરા સાથે, મકાન સાથે, આ સ્વ ને મારું છે.. આહાહા..! અરે..! અહીં તો કહે છે, વ્યવહાર રત્નત્રય જે દેવ, ગુરુ, શાસ્ત્રની શ્રદ્ધા અને પંચમહાવ્રતના પરિણામ રાગ, એની સાથે સ્વસ્વામીસંબંધ નથી. એની સાથે જ્ઞેયજ્ઞાયક સંબંધ છે. 'જિનેશ્વરદાસજી'! આહાહા..! શું આ તમારા પૈસા-બૈસાનું બધું.. હોંગકોંગમાં પેલો રળે છે ને ખુબ? એ પૈસા પ્રભુ! તારા ક્યાં છે? એ તો જડના છે. અરે..! અંદર દયા, દાન, વ્રતનો વિકલ્પ ઉઠે, પ્રભુ! એ તારી ચીજમાં ક્યાં છે? એ તો વિકૃત દશા છે, પર છે. આહાહા..! જ્યાં અહીંયા નિર્મળ પર્યાયને પરદ્રવ્ય કહી, હેય કહી તો મલિન પર્યાય છે એ તો હેય, હેય, હેય, લાખ વાર હેય છે. હેય ત્રણ વાર કહ્યું. દર્શનમાં હેય, જ્ઞાનમાં હેય અને ચારિત્રમાં હેય. ત્રણમાં હેય છે. આહાહા..! સમજાય છે કાંઈ? શક્તિ વર્ણન બહુ ગજબ છે! આહાહા...!

અરે..રે..! સત્ય વાત સાંભળવા મળે નહિ અને જિંદગી મજૂરી કરીને ચાલી જાય. આહાહા..! રાગ-દ્વેષની મજૂરી, હોં! ક્રિયાકાંડની નહિ, બહારની નહિ. એ પુણ્ય ને પાપના વિકલ્પો કરીને મજૂરી કરે છે. આહાહા..! ભગવાન! એકવાર સાંભળ તો ખરો, નાથ! તારા સ્વરૂપમાં અનંતશક્તિની સંપદા પડી છે. એમાં સ્વસ્વામીસંબંધ નામનો ગુણ છે, એ ગુણનું ગોદામ ભગવાન છે. આહાહા..! અરેરે..! એ શક્તિનું કાર્ય, એના આધારે એની અંદર આધાર સ્વરૂપ છે તો વર્તમાન સ્વસંવેદન પરિણતિ ઉત્પન્ન થાય છે, એ જ સ્વસ્વામી સબંધ પરિણતિ થઈ તે પોતાના આધારે થઈ છે. એ સ્વસ્વામીસબંધ પોતાના આધારમાં છે. રાગ, વ્યવહાર રત્નત્રય સ્વ નહિ એ તો પર છે અને એની સાથે સંબંધ સ્વસ્વામીપણું છે નહિ. ધર્મીને રાગનું સ્વામીપણું કદી થતું નથી. જેને ધર્મી કહીએ, સમકિતી કહીએ એ દયા, દાન, વ્રત, વ્યવહાર રત્નત્રયનો સ્વામી ત્રણકાળમાં નથી. સમજાય છે કાંઈ? આહાહા..! આવી વાત.

**'સ્વભાવમાત્ર સ્વ-સ્વામિત્વમયી...'** સ્વનું ધણીપતું. પોતાના સ્વનો ધણી આત્મા છે. પોતાના શુદ્ધ દ્રવ્ય, ગુણ, પર્યાય સ્વ એનો એ સ્વામિ છે. રાગનો સ્વામી નહિ. એ રાગનો સ્વામિ થાય એ મિથ્યાદષ્ટિ છે. આહાહા..! અહીં તો (કહે), એ વ્યવહારની ક્રિયા કરો, કરતા કરતા નિશ્ચય થશે. અરે..! ભગવાન! શું કરે છે તું? પ્રભુ! અરે..! દુનિયામાં ભગવાનનો વિરહ પડ્યો. કેવળજ્ઞાની રહ્યા નહિ અને કેવળજ્ઞાનની ઉત્પત્તિના પણ વિરહ પડી ગયા. આહાહા..! સમજાય છે કાંઈ? એવા કાળમાં તું શું કરે છે? પ્રભુ! એ રાગની ક્રિયા, વ્યવહાર રત્નત્રયથી નિશ્ચય થશે. એ સરાગ સંયમ છે. એનાથી વીતરાગ સંયમ થશે. અરર.ર..! આવી પ્રરૂપણા. આહાહા..! સ્વરૂપનો ઘાત કરવાની વાત છે. સમજાણું કાંઈ? એ.. 'શાંતિભાઈ'! અભૂતપૂર્વ કહે છે ને? આહાહા..! ભગવાનની વાણી તો આવી છે, પ્રભુ!

જિનેન્દ્રદેવ ત્રિલોકનાથ વીતરાગ..! વીતરાગની પરિણતિથી ધર્મ ઉત્પન્ન થાય છે, રાગથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નહિ. આહાહા..! વીતરાગની પરિણતિ સ્વદ્રવ્યનો આશ્રય કરે છે તો ઉત્પન્ન થાય છે. એ વ્યવહાર રત્નત્રયનો આશ્રય કરે છે તો વીતરાગી પરિણતિ ઉત્પન્ન થાય છે, એમ ત્રણકાળ ત્રણલોકમાં નથી. સમજાય છે કાંઈ?

સ્વ-સ્વામીસંબંધ શક્તિ. પોતાનો ભાવ પોતાનું સ્વ. દ્રવ્ય, ગુણ, પર્યાય ત્રણે લેવા. પોતાનો ભાવ પોતાનું સ્વ અને સ્વયં એનો સ્વામી. સ્વયં પોતાનો સ્વામી. પોતે સ્વયં સ્વામી. પોતે પોતાનો સ્વામી છે. આહાહા..! રાગની સાથે સ્વસ્વામીસંબંધ ત્રણકાળમાં નથી. સમ્યગ્દષ્ટિને સ્વસ્વામીસબંધ પોતાના સ્વરૂપમાં છે. સમ્યગ્દષ્ટિ જીવ ધર્મની પહેલી સીડીવાળો, મોક્ષમહેલની પહેલી સીડી–સમ્યગ્દર્શન. આહાહા..! એ સમ્યગ્દર્શનમાં જીવ રાગનું સ્વામીપણું અને રાગ પોતાનો એમ છે નહિ. વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ ઉઠે છે, આવે છે એ જ્ઞેયજ્ઞાયક સંબંધમાં જાય છે. એ પરજ્ઞેય. રાગ પરજ્ઞેય. સ્વજ્ઞેય તો દ્રવ્ય, ગુણ, પર્યાય પોતાનું સ્વજ્ઞેય ભિન્ન. આહાહા..! રાગ પરજ્ઞેય, ભગવાન સ્વજ્ઞેય. એમાં પરજ્ઞેયનો જ્ઞાતા અને જ્ઞેય, એટલો વ્યવહાર સંબંધ છે. સમજાય છે કાંઈ? એની સાથે બીજો સબંધ છે જ નહિ, એમ કહે છે. વ્યવહાર રત્નત્રય સાથે ધર્મીને બીજો સબંધ છે જ નહિ. આહાહા..! આવું 'મીઠાભાઈ'! આહાહા..! મીઠો મહેરામણ અંદર ઝુલે છે ને! આહાહા..! એમાં આ રાગનો ઝેરનો અભાવ છે. એનું સ્વામીપણું એને નથી. વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates




Please inform us of any errors on rajesh@AtmaDharma.com